૧૯૬૨ - 1962
૧

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪
'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧, ૧૯૬૨, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮
શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા
તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## ફાંસીની સજા રદ થવી જોઈએ

"જે ચોરી કરે તેના હાથ કાપવા." એક સમયે દુનિયાના અનેક દેશોમાં આવો નિમય હતો. નાક, કાન કાપવાના પ્રસંગો તો જાણીતા છે. કોઈ સ્ત્રીનું રૂપલાવણ્ય જોઇને કોઇ સજ્જનની નજર બગડી—તેનું મન વિકારી થયું અને તેણે પોતાના હાથે પોતાની આંખો ખેંચી કાઢી. રાજા કે સમાજે આ સજા તેને નહોતી કરી. પશ્ચાતાપથી તપ્ત થયેલા તેના મન અને હૃદયે સજા વહોરી લીધી. બૌદ્ધ સાહિત્યમાં વર્ણન આવે છે કે એક કામી પુરુષે એક સાધ્વીને કહ્યું, "તમારી આંખો ઉપર હું મોહિત થયો છું." અને તે સાધ્વીએ નખેથી આંખો કાઢી લઈને તે પુરુષના હાથમાં મૂકી. તે બિચારો સ્તંભિત થઈ ગયો. તેના વિકાર અને મોહ બન્ને ઉતરી ગયા.

આવા અનેક ઉદાહરણો આપણે સાંભળીએ છીએ. મનુષ્યને વિકલાંગ કરવાની સજા રાજાઓ કરતા અને લોકમાનસ તેને યોગ્ય માનતું. આનાથી વધારે ભયાનક સજા હતી શૂળી ઉપર ચઢાવવાની. એવી રાક્ષસી સજા આજે કયાંય નહિ અપાતી હોય. ઈસા-મસીહને કરવામાં આવેલી સજા પણ ઓછી રાક્ષસી નહોતી. બીજી એક સજા પણ સાંભળવામાં આવી છે. ગુનેહગારને લોખંડના પતરાંનો પાયજામો, ખમીસ અને ટોપી પહેરાવી ગામબહાર કોઇ એક ઝાડ ઉપર લટકાવી દેવામાં આવતો અને તે ભૂખ તરસથી રીબાઈને મરી જતો.

ઘણા વરસ પહેલાં એક ચોપડી મારા વાંચવામાં આવી હતી. તેમાં ચીન દેશમાં કેવા કેવા પ્રકારની સજા કરવામાં આવતી તેનું સચિત્ર વર્ણન હતું.

રાજા કે રાજ્ય તરફથી કાયદેસરની જે સજાઓ થતી તેની આ વાત થઈ. તોહમતદારને ગુન્હો કબૂલ કરાવવા માટે કે દુશ્મનનો માણસ હાથમાં આવી જાય તો પોતાની વૈરવૃતિના શમન માટે તેના ઉપર જે જુલમ ગુજારવામાં આવતો તે તો હું યાદ કરવા પણ ઈચ્છતો નથી. તેમ જ પોતાને હાથે થયેલા પાપનું પ્રાયશ્ચિત કરવાવાળાઓ શું શું કરે છે તે પણ હું અહિ યાદ કરવા માગતો નથી.

આજની દુનિયાની સુધરેલી સરકારો કોઇના હાથ-પગ, નાક-કાન કે આંગળાં કાપવાની સજા કરતી નથી. ગુનેહગારને સજા કરવાની જરૂર નથી, અથવા તો સ્ત્રીનું રૂપ દેખી જેની નજર બગડી—જે વિકારી બન્યો અને અત્યાચાર કરવા તૈયાર થયો તેની આંખો ઉતારી લેવી એ અન્યાયી છે એમ નહિ કહી શકાય. ગુનેહગાર સંપૂર્ણ રીતે એવી સજાને પાત્ર છે. પણ આપણું કંઈક આગળ વધેલું મન અને આપણી સંસ્કારિતા કહે છે કે આવી સજા કરવી યોગ્ય નથી; એ આપણા માટે શોભાસ્પદ નથી. કોઈએ મને ગાળ આપી. જવાબમાં હું સામી ગાળ આપું તો તે માટે તે ફરિયાદ નહિ કરી શકે. ગાળ સાંભળવાને પાત્ર તે થઈ ચૂકયો, પણ તેની ગાળનો જવાબ હું ગાળથી આપું શા માટે? ગાળનો જવાબ ગાળથી આપવામાં કદાચ ન્યાય હશે, પણ હું ગાળ આપીને મારું મોં શા માટે ખરાબ કરું! ગુનેહગાર ફલાણી સજાને પાત્ર છે યા નથી એ સવાલ અહિં નથી. કઈ સજા કરવાની આપણી તૈયારી છે, કેવા પ્રકારની સજા કરતાં આપણને શરમ આવે છે, આપણી સજ્જનતાને બટ્ટો કયાં લાગે છે યા તો આપણી સંસ્કારિતા કલંકિત કયારે થાય છે તેનો વિચાર આપણે પહેલો કરવાનો છે. જ્યારે કોઇ બે જૂથ વચ્ચે વૈમનસ્ય વધી જાય છે ત્યારે સામાન્ય રીતે સ્ત્રીઓ ઉપર અત્યાચાર ગુજરે છે. આવે પ્રસંગે જે જૂથમાં સજ્જન પુરુષો હશે તેઓ તો એમ કહેશે કે "તેઓએ ભલે અમારી સ્ત્રીઓ ઉપર અત્યાચાર ગુજાર્યો, અમે તેમને બીજી ગમે તે પ્રકારની સજા કરીશું, પણ બદલો વાળવાને તેમની સ્ત્રીઓ ઉપર અમે અત્યાચાર નહિ કરી શકીએ. સજા કરવાના બહાને કે બદલો લેવાના નિમિત્તે પણ અમે અસંસ્કારિતા કયારે પણ નહિં દાખવીએ." આફ્રિકન લોકો ઉપર ધાક બેસાડવા માટે ગોરાઓએ આફ્રિકનોના બાળકોને ઊંચે હવામાં ફેંકયા અને પછી ભાલાની અણી ઉપર ઝીલી વિંધી નાંખ્યાં. થોડા ગોરાઓના આવા અત્યાચારોનું વર્ણન પુસ્તકોમાં વાંચવા મળે છે. પણ આપણું સંસ્કારી મન કહે છે કે "જેઓ તદ્દન જંગલી દશામાં છે એવા વિરોધી જૂથના બાળકો ઉપર—ભલે તેઓએ ગમે તેવો જુલમ કર્યો હશે તોયે—અમારાથી એવા અત્યાચાર ન કરાય. આવો બદલો લેવાની વૃત્તિ ભલે કદાચ ન્યાયી ગણાતી હશે, પણ આપણા હાથે એ થવું અશકય જ હોવું જોઈએ.

પરમ દિવસે અમારી આગળ પ્રશ્ન આવ્યો કે આપણા ભારતીય દંડવિધાનના ઈન્ડિયન પીનલ કોડમાં ફાંસીની સજાની જોગવાઈ છે તે રાખવી કે કાઢી નાંખવી? કોઈ દલીલ કરવા લાગ્યા કે "જ્યારે માનવી હીનતાની પરાકાષ્ટાએ પહોંચે, તરેહ તરેહના અત્યાચારો કરે એવા મનુષ્યને અંતિમ સજા જ યોગ્ય છે." મેં કહ્યું, કે "સવાલ એ નથી કે ગુનેગાર પ્રાણદંડની સજાને યોગ્ય છે કે નહિ! મારું કહેવું એમ છે કે આપણા જેવા સમાજમાં, દેશમાં કે રાજ્યમાં ફાંસી જેવી જંગલી રાક્ષસી પૈશાચી સજા જ ન હોવી જોઈએ. કોઈએ એક અનાથ નિર્દોશ બાળકનું ખૂન કર્યું, કોઈ સતી સાધ્વી સ્ત્રી ઉપર અત્યાચાર કર્યો, કોઈ મહાત્મા યા રાષ્ટ્રપુરૂષનું ખુન કર્યું, અથવા તો પૈસાની લાલચે ખૂન કરવાનો ધંધો લઈને કોઈ બેઠો હોય તોયે તે મનુષ્યના એવા ઘૃણાસ્પદ કામો જોઈને તેના પ્રત્યે તિરસ્કાર પેદા થાય, તેના કામોથી અને તેની વાતો સાંભળીને લોહી ઉકળી ઊઠે ત્યારે આપણે કહીશું કે તેને બીજી ચાહે તે સજા કરો, પણ તેને મોતની સજા કરવી એ અમને બીલકુલ માન્ય નથી.

જેને આપણે મોતની સજા કરીએ છીએ તે તો મૃત્યુ પામીને આપણા હાથમાંથી છૂટી જાય છે, અને મોતની સજાથી મનુષ્ય ડરે છે, ગુન્હો કરતાં અટકે છે એવી માન્યતાને એણે ખૂન કે તેનાથી પણ વધારે ઘૃણાસ્પદ કામ કરીને ખોટી સાબીત કરી બતાવી એમ ઠરે છે. કેમકે, પકડાઇશ તો મોતની સજા થશે તે તો તે જાણતો જ હતો. પકડાઇશ નહિ એવી ઉમેદ તેણે કદાચ રાખી હશે, પણ ખાત્રી તો નહોતી જ. ખૂન કર્યા પહેલાં તેણે વિચાર્યું હશે કે જો પકડાઇશ તો મોતની સજા થશે તે મારે મંજૂર છે, પણ જે કામ મારે કરવું છે તે તો કરીશ જ.

વળી એમ કહેવાય છે કે કોઇને ફાંસી અપાતી જોઇને બીજાઓ ખૂન કરવાથી ડરશે. કોઇ ડરતા હશે, કોઈ નહિ પણ ડરતા હોય, પણ હત્યારાને મૃત્યુદંડ આપવો એ જરૂરી છે એટલો બોધ તો તે લે જ છે.

જો કોઈએ કોઈના એક નાના બાળકનું ખૂન કર્યું તો તે બાળકના પિતા માટે બે માર્ગ છે. તે સમાજને કહે છે " અમુક હત્યારાએ મારા બાળકનું ખુન કર્યું, હું એનો બદલો લેવા ચાહું છું, સમાજ તેમાં મને મદદ કરે. એટલે કે પોલીસ એને પકડે, ન્યાયાધીશ એ ગુન્હાની તપાસ કરે અને તેનો ગુન્હો સાબીત થાય તો જેલનો સરકારી અધિકારી એને ફાંસી આપે એટલે કે એને પ્રાણદંડ આપે. સીધી ભાષામાં કહીએ તો સામું એનું ખૂન કરે, ત્યારે મને સંતોષ થાય. " બીજો માર્ગ એ છે કે પોતાના બાળકનું ખૂન થયેલું જોઇને તે પિતા સમાજ પાસે ન જાય, પણ બદલો લેવા પોતે જ બહાર પડે અને હત્યારાને મારી નાખે. એટલે કાયદેસર ખૂન કરવાનો જે સમાજને અધિકાર હતો તે તેણે છીનવી લઇને સમાજનું અપમાન કર્યું, અથવા તો બદલો લેવાની પોતાની વૃત્તિ તૃપ્ત કરવામાં તેણે સમાજનો સાથ ન લીધો.

હું જાણું છું કે ઉપરનું પૃથક્કરણ સંતોષકારક નથી. કોઇ પણ માનવી ન્યાય પોતાના હાથમાં લઇ લે—પોતે જ ફરિયાદી બને, પોતે જ ન્યાયાધીશ થાય અને પોતે જ દંડાધિકારી થાય તે સમાજધર્મની વિરૂદ્ધ છે. સમાજની સંમતિ વિના સરકારી કાયદાની વિરૂદ્ધ જઈને, અથવા ન્યાયાધીશના હુકમ વિના જો કોઈ મનુષ્યને મારે તો તે ખૂની જ ગણાય એ ભેદ સ્પષ્ટ છે.

પરંતુ નમ્રતાપૂર્વક મારૂં કહેવું એ છે કે મનુષ્યને પ્રાણદંડ આપવો એ કોઈ સજા નથી, એ કેવળ અત્યાચાર છે. જે સરકાર મનુષ્યને ફાંસી આપે છે, ગોળીથી ઠાર કરે છે કે વિજળીપ્રવાહની ખુરશી ઉપર બેસાડી પ્રાણ હરે છે તે સરકાર કોઈ મનુષ્યને ભૂખથી રીબાવીને કે પાણીમાં ડુબાડીને મારવાની સજા નથી કરતી. કેમ નથી કરતી ? કેમકે આજનું સમાજમાનસ એમ કહે છે કે ભૂખે મારવું, પાણીમાં ડુબાડવું કે ઝેરથી મારવું એ અમારી સંસ્કારિતાની વિરૂદ્ધ છે. મનુષ્યને તરેહતરેહની સહ્ય કે અસહ્ય વેદના આપવી, તેમાં આનંદ માનવો અને એ રીતે બદલો લેવાની વૃતિ સંતોષવી એ સમાજને અસહ્ય લાગે છે. (કતલખાનામાં જાનવરને મારવાની સારી ખોટી રીત ઉપર જીવદયાવાળાઓ ચર્ચા કરે છે. સમાજ માંસાહારી હોવાથી જાનવરોની કતલ અટકાવી શકાતી નથી, પરંતુ જાનવરને હલાલપદ્ધતિથી મારવું એ પોતાના હૃદય ઉપર અત્યાચાર કરવા બરાબર છે—એમ આજનું સમાજમાનસ કહે છે. આ જ પ્રકારની સંસ્કારી વૃતિ પ્રાણદંડ આપવાના પ્રકારોના નિર્ણય કરવા પાછળ જોવા મળે છે.)

મારું કહેવું છે કે મોતની જંગાલિયતભરી સજા બંધ કરી દો તો આપને બીજી સંસ્કારી સજાઓ સૂઝી આવશે.

મહાત્મા ટૉલ્સ્ટોયે એક દાખલો આપ્યો છે. રશિયામાં જુના વખતમાં કોઇ ખૂનીને ન્યાયાધીશે સજા કરી, પણ સરકાર પાસે ફાંસી દેનારો કોઈ કર્મચારી જ નહોતો. મહેનતાણું કે બક્ષીસ આપવાની જાહેરાત છતાંયે કોઇ જલ્લાદ ન મળ્યો. કેદીને બીજે ગામ લઇ ગયા ત્યાં પણ કોઇ જલ્લાદ બનવા તૈયાર ન થયું. આ પ્રમાણે કેદીને ઘણા ગામોમાં ફેરવવા છતાંયે પ્રયત્ન સફળ ન થયો અને અંતે ફાંસીની સજા રદ કરવામાં આવી. (અથવા તો સમાજમાનસની ઉચ્ચ ભૂમિકા જોઇને સરકાર શરમાઇ એવો આ દાખલા ઉપરથી અર્થ નીકળે છે.)

મોતની સજા રદ કરાવવાનાં આંદોલનમાં આ પ્રકારની વિચારસરણી કામ કરી રહી છે.

જગતમાં જો મોટા પાયા ઉપર માનવહત્યા થતી હોય તો તે યુદ્ધ દ્વારા થાય છે. મનુષ્યજાતિએ યુદ્ધને એક અનિવાર્ય પરિસ્થિતિ તરીકે સ્વીકારી લીધું હતું. એટલી હદ સુધી કે અહિંસાપરાયણ ધર્મોએ પણ સ્વરક્ષાને ખાતર થતા યુદ્ધને ધર્મયુદ્ધ કહીને તેને મંજૂર કર્યું છે. પણ અનેક ભયંકર યુદ્ધોના અનુભવ પછી આજે માનવજાતિ યુદ્ધની ઉપયોગિતાની બાબતમાં સાશંક બની છે. આજે હવે જે લોકો યુદ્ધની તરફેણમાં છે તેઓ પણ કહેવા લાગ્યા છે કે દરેક યુદ્ધમાં જેના પક્ષે ન્યાય હોય તેને જ વિજય મળશે એમ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી. આજના યુદ્ધમાં માત્ર શસ્ત્રો ધારણ કરનારની જ કતલ થાય છે તેવું નથી. નિરપરાધી અને શાંત નાગરિકો પણ તેમાં હોમાઈ જાય છે, શહેરો અને કારખાનાંઓનો નાશ થાય છે અને છળકપટ તથા દ્વેષનું સામ્રાજ્ય વ્યાપી જાય છે—તેનો પારો એકદમ ઊંચો ચઢી જાય છે. સંસ્કૃતિનો નાશ થાય છે, માનવતામાં વિકૃતિ આવી જાય છે. આ બધું અનુભવ્યા પછી યુદ્ધના પક્ષમાં જે દલીલો રજુ કરવામાં આવતી હતી તે અસ્વીકાર્ય બની ગઈ છે. આજે આપણે કહેવા લાગ્યા છીએ કે કોઇ પણ સંયોગોમાં યુદ્ધ ત્યાજ્ય જ છે.

યુદ્ધની તરફેણમાં થતી દલીલોનો ઈન્કાર કરવાવાળા આપણે ભારતીયજનો અને યુદ્ધનો નિરપવાદ વિરોધ કરતી ભારત સરકાર મોતની સજાનું સમર્થન કરે તો તે યુકિતયુકત નથી. યુદ્ધ આખરે તો આંતરરાષ્ટ્રીય પંચાયતના ન્યાયને દૂર ફેંકી દઈને કાયદો હાથમાં લેવાનો જ એક પ્રકાર છે. જ્યારે આન્તરરાષ્ટ્રીય કાયદો અસમર્થ નીવડે છે ત્યારે રાષ્ટ્ર યુદ્ધમાં ઊતરે છે. અતિશય લોભ, અભિમાન અને અહંકારના કારણે પણ યુદ્ધ લડાય છે. પણ તેનું સમર્થન આજે કોઈ નહિ કરે.

જ્યારે આપણે મોતની—પ્રાણદંડની—સજા કરવાનું છોડી દઈને એ સજાને નાબૂદ કરશું ત્યારે જ યુદ્ધ ટાળવા માટેનું સમાજમાનસ તૈયાર થઈ શકશે.

ઘણા વર્ષો પહેલાં એક વાકય મારા વાંચવામાં આવ્યું હતું. "Capital punishment, that is legal murder, is the mother of illegal murder" એટલે કે સરકારની પ્રાણદંડ દેવાની નીતિ દ્વારા જ ખૂની ખૂન કરતાં શીખે છે. આ વાંચ્યું ત્યારે મેં માન્યું નહોતું અને આજે પણ માનતો નથી કે આ વાકય સંપૂર્ણ સત્ય છે. (એબલ અને કેન—એ બે ભાઇઓની કથા બાઇબલમાં છે. તેમાં એમ કહેવામાં આવ્યું છે કે સૌથી પ્રથમ ખૂન તેઓ વચ્ચે થયું હતું અને એમને જોયા પછી દુનિયામાં ખૂનો થવા લાગ્યાં) આમ છતાં—હું એટલું જરૂર કહીશ કે જ્યાં સુધી આપણે મોતની સજા ચાલુ રાખશું ત્યાં સુધી ખૂની માણસને ખૂન કરવા માટે કંઇ ને કંઇ સમર્થન મળી રહે જ છે.

આથી હું એમ કહેવા નથી માગતો કે ખૂની માણસ માટે કંઇ ઈલાજ જ કરવો ન જોઇએ. ખૂન કરવાની હદ સુધી જઈને જે માણસ સામાજિક મર્યાદા વટાવી ગયો, તેની સ્વતંત્રતા જરૂર ખુંચવી લેવી જોઇએ, પરંતુ તેને દેહાંતદંડ આપવો તે માનવસમાજે પોતાની બુદ્ધિનું દિવાળું કાઢયા બરાબર છે.

એક વખત મૈસુર રાજ્યમાં કલાપ્રદર્શનનું ઉદ્ઘાટન કરવા હું ગયો હતો. ત્યાં ચંદન ઉપર કોતરેલી કારીગીરીનો એક ઉત્કૃષ્ટ નમૂનો મારા જોવામાં આવ્યો. મને ખબર મળી કે એક ખૂનીના હાથની એ કારીગીરી હતી. એ ખૂનીને ફાંસીની સજા થઈ હતી, પણ મહારાજાએ એને માફી બક્ષી હતી. જેલમાં બેઠે બેઠે એ ચંદનની કારીગીરી શીખ્યો. બહાર આવ્યા બાદ એક સારા નાગરિક તરીકે રહીને એણે એ ધંધો શરૂ કર્યો અને એમાં તેણે અસાધારણ પ્રાવીણ્ય મેળવ્યું.

જ્યાં સુધી કુદરત માણસને જીવવાની તક આપે છે ત્યાં સુધી તેને સુધરવાની તક આપવી એ માનવસમાજનું કર્તવ્ય છે.

આજકાલ મોતની સજાનું સમર્થન કરનારા કેટલાક લોકો સંત વિનોબાજીના એક પ્રયોગનું ઉદાહરણ વારંવાર આપે છે. વિનોબાજીના પ્રયોગનો પ્રથમ વિરોધ કર્યો પોલીસખાતાંએ. પછી બીજા લોકો પણ એવી વાતો કરી રહ્યા છે. એ લોકોનું કહેવું છે કે, વિનોબાજીની દરમિયાનગીરીનો એ ડાકુઓએ કેવળ લાભ ઉઠાવ્યો છે, સુધર્યા કોઈ નથી. મારૂં કહેવું છે કે, વિનોબાજીએ ડાકુઓને સુધારવાનું કામ પોતાના હાથ ઉપર લીધું જ નહોતું. ભૂદાન અને ગ્રામદાનનું કામ કરતાં કરતાં વચમાં ડાકુઓનો સવાલ એની સામે આવ્યો. એમણે પોતાને ઠીક લાગે તે એક માર્ગ સૂઝાડયો. એ માર્ગે પ્રયત્ન અને પ્રયોગ કરી જોવાની જેમનામાં શ્રદ્ધા જાગી તેમણે થોડો પ્રયત્ન કરી જોયો. એનાથી કંઈ પણ લાભ નથી થયો તેમ કોઈ કહી શકે તેમ નથી. એક ક્ષણમાત્ર પણ જો દુર્જનમાં સજ્જનતા પ્રગટી તો તે લાભ જ છે. કદાચ કોઈ એમ કહે કે ભૂદાન જેવા કામને માટે પોતાનું જીવન અપર્ણ કરનારા વિનોબાજીએ આ સવાલ છેડયો જ ન હોત તો સારૂં હતું. એક પ્રયોગ હાથમાં લીધો અને પછી તેની અજમાયેશ પૂરેપૂરી ન કરી તેનું પરિણામ સારૂં ન આવે. એક વાત હાથમાં લીધી તો તેનો નીવેડો લાવ્યા બાદ તેમણે એ પ્રદેશ છોડવો જોઈતો હતો. આ ટીકા સાંભળી લેવા માટે હું તૈયાર છું. કાયદો, સજા અને પોલીસ બંદોબસ્તમાં માનવાવાળાઓને હું પૂછું છું કે આપને આપના પ્રયોગોનો અખતરો કરી જોવાની હજારો વર્ષોથી તક મળતી આવી છે. આપને કેટલીક સફળતા મળી? ડાકુઓ સમાજને રંજાડે છે તેમ એમને રંજાડી સામા દબાવો છો અને આમ આ ખેલ ચાલ્યા કરે છે. ધીમે ધીમે ડાકુઓ પોતાની રીતભાત બદલે છે. સુધરેલા જમાનાને અનુસરીને તેઓ પણ સુધરેલા માર્ગો અજમાવે છે. પણ ડાકુગીરીનું માનસ કયાંય ઓછું થયું નથી. શ્રી. વિનોબાજીએ બહુ જ અલ્પ પ્રયાસ કરી જોયો. એમનો એ પ્રયાસ ભલે અતિ અલ્પ હોય, પણ કંઈક ફળ દેખાયું, અને ગીતાનું વચન સફળ થયું. 'स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्।' કલ્યાણમાર્ગે જનારાની દુર્દશા ન જ થાય. આ માર્ગે જતાં જેટલું આગળ વધ્યા તેટલું આપણું. તેમ તેમાં પાછા ફરવાપણું પણ નથી. આવા પુણ્યકાર્યમાં અભિક્રમનો નાશ નથી થતો, પ્રત્યાય પણ નથી થતો. સરકારનું કર્તવ્ય હતું કે વિનોબાજીએ જે બારીને થોડી પણ ખુલ્લી કરી તેને વધારે ખુલ્લી કરવી. એક ઉચ્ચ લશ્કરી અધિકારીના દિલમાં સૌથી પહેલી શ્રદ્ધા જાગી અને વિનોબાજીનું કામ પોતે ઉપાડી લીધું એ એક ધ્યાન ખેંચનારી હકીકત છે.

જ્યારે બધા જ રાષ્ટ્રનેતાઓ, સમાજસુધારકો અને સમાજસેવકો રાજય ચલાવવાના કામમાં પડી જાય ત્યારે લોકજાગૃતિનું કામ મન્દ પડી જાય છે. નીતિમાન લોક રાજકર્તા બને તો રાજકાજ થોડું સુધરે ખરૂં, પણ તેથી સમાજની નીતિમત્તા પણ સુધરી જાય એમ નહિ કહી શકાય. સત્તાધારી થતાં જ નીતિમાન લોકોમાં પણ કંઈક મર્યાદા આવી જાય છે.

જે હો તે ખરૂં, પણ જે સરકાર આંતરરાષ્ટ્રીય ધોરણે અહિંસાનો પ્રયોગ અજમાવવા લાગી છે તેનું એ કર્તવ્ય થઈ પડે છે કે, તેણે મોતની સજા રદ કરીને વીસ કે પચીસ વર્ષનો અનુભવ લેવો જોઈએ. એ પ્રયોગથી જો ઓછામાં ઓછું એટલું પણ સિદ્ધ થાય કે પરિસ્થિતિ બગડી તો નથી જ, તો એ પ્રયોગ આગળ ચલાવવાની તેણે હિંમત કરવી જોઈએ. આખરે માનવી જેવાં માનવીઓમાંથી કેટલાક ગુનેગારોને મોતની સજા ન કરવાથી કંઈ આભ તૂટી પડવાનું નથી કે સમાજવ્યવસ્થા નષ્ટ થવાની નથી. જો થશે તો કંઈક પણ લાભ જ થશે અને આપણે ઉજળે મોઢે કહી શકીશું કે ગાંધીયુગમાં અમને એક નવો પ્રયોગ કરવાનું સૂઝયું અને તે સારૂં થયું.

મૂળ હિંદી; **કાકાસાહેબ કાલેલકર**

'મંગલ પ્રભાત' માંથી સાભાર ઉદ્ધૃત

અનુવાદક: મેનાબહેન નરોત્તમદાસ

# શ્રી કૃષ્ણમેનન વિરૂદ્ધ આચાર્ય કિરપલાણી

## દ્વિધા અનુભવતા કોંગ્રેસતરફી મતદારોએ મત કોને આપવો?

મુંબઈના ઉત્તર વિભાગની લોકસભાની બેઠકની ચૂંટણી ઉપર સારા દેશનું અને વિદેશમાં પણ ધ્યાન ખેંચાયું છે. બન્ને ઉમેદવારો પ્રખ્યાત વ્યકિતઓ છે. પણ એટલા જ કારણથી આ ચૂંટણી ઉપર બધાનું લક્ષ્ય કેન્દ્રિત થયું છે એમ નથી. આ ચૂંટણીના પરિણામો દૂરગામી થવા સંભવ છે.

શ્રી. કૃષ્ણમેનન સામે કૉંગ્રેસવિરોધી બધાં બળોએ એક મોરચો જમાવ્યો છે. સ્વતંત્ર પક્ષ, જનસંઘ, પ્રજાસમાજવાદી પક્ષ—બધા પક્ષો શ્રી. કૃષ્ણમેનનને હરાવવા સંગઠિત થયા છે. અને કોંગ્રેસની અંદરના કેટલાંક તત્વો પણ શ્રી. કૃષ્ણમેનનની વિરૂદ્ધ કામ કરી રહ્યાં છે. આચાર્ય કિરપલાણી સ્વતંત્ર ઉમેદવાર તરીકે ઊભા રહ્યા છે અને કોંગ્રેસનો વિરોધ કરવા સિવાય બીજી કોઈ નીતિ તેમની પાસે હોય તેમ જાણ્યું નથી. તેમની સેવાઓ લક્ષ્યમાં લઈ છેલ્લી બે ચૂંટણીઓમાં કોંગ્રેસે લોકસભામાં તેઓ ચૂંટાઈ આવે તે માટે તેમનો માર્ગ સરળ બનાવ્યો હતો અને ઈરાદાપૂર્વક કોંગ્રેસને પડકાર કરવાની તેમની વૃત્તિ ન હોત તો આ વખતે પણ કદાચ તેઓ લોકસભામાં ચૂંટાઈ આવે તે માટે કોંગ્રેસ અનુકૂળતા કરી આપત. પણ બીજો માર્ગ લેવાનું તેમને યોગ્ય લાગ્યું છે. તો કોંગ્રેસે તે પડકાર ઝીલવો જ રહ્યો. શ્રી. કૃષ્ણમેનન એક વિવાદસ્પદ વ્યકિત—Controversial Personality છે. તેમની બુદ્ધિ પ્રતિભા, પ્રભાવશાળી વ્યકિતત્વ અને આન્તરરાષ્ટ્રિય ક્ષેત્રે તેમનું અદ્વિતીય સ્થાન વિષે બે મત નથી. પણ He does not suffer fools easily; તેમને જેટલા મિત્રો છે તે કરતાં કદાચ દુશ્મનો વધારે હશે. પણ આ બધા કરતાં તેમની સામેના વિરોધનું મુખ્ય કારણ તેઓ સામ્યવાદી છે એ માન્યતા છે. કેટલાક લોકો એમ માને છે કે, તેઓ દેશને માટે ભયરૂપ છે અને આ દેશના રાજકારણમાંથી તેમને સદાને માટે ખસેડવા એમાં દેશનું હિત છે. એ સુવિદિત હકીકત છે કે, વર્ષો સુધી મૌલાના આઝાદ અને સરદાર પટેલના વિરોધના કારણે પંડિત જવાહરલાલની ઈચ્છા હોવા છતાં કેબીનેટમાં તેમને સ્થાન મળ્યું ન હતું. અત્યારે પણ લોકો એમ માને છે કે, સંરક્ષણખાતું તેમને સોંપીને પંડિત નહેરૂએ મોટી ભૂલ કરી છે.

આ બધા વિરોધથી પંડિત નહેરૂ અપરિચિત નથી. ઉચ્ચ

સ્થાનેથી ભારપૂર્વક આ બધી હકીકતો તેમના લક્ષ પર લાવવામાં આવી છે. સંયુકત રાષ્ટ્ર સંસ્થામાં શ્રી. મેનન હિન્દી પ્રતિનિધિમંડળના નેતા તરીકે કામ કરે છે તે સામે પણ ઉગ્ર વિરોધ જાહેર થતો રહ્યો છે. શ્રી. મેનનને કારણે અમેરિકા સાથેના આપણા સંબંધો તંગ રહે છે એમ પણ પંડિત નહેરૂને કહેવામાં આવ્યું છે. લોકોને આશ્ચર્ય થાય છે કે, આ બધું હોવા છતાં શ્રી. નહેરૂ મેનનને છોડતાં કેમ નથી? એટલું જ નહિ પણ, શ્રી. મેનન સામે વિરોધ જેમ વધતો જાય છે તેમ શ્રી. નહેરૂ તેમનો ભારપૂર્વક બચાવ કરે છે. એક એવી માન્યતા છે કે, સામ્યવાદી દેશો પ્રત્યે શ્રી. મેનનનું મૈત્રીભર્યું વલણ છે. અને ચીનની આક્રમક નીતિ માટે તેઓ જવાબદાર છે. એમ કહેવાય છે કે, ચીનના આક્રમણ પ્રત્યે સંરક્ષણ મંત્રી તરીકે શ્રી. મેનન બેદરકાર રહ્યા છે અથવા ઈરાદાપૂર્વક તેનો સામનો કરવા માટે પગલાં લીધાં નથી.

હવે આ બધી માન્યતાઓમાં કેટલું તથ્ય છે તે કહેવું સહેલું નથી. એક હકીકત સ્પષ્ટ છે કે શ્રી. નહેરૂની વિદેશ-નીતિનો શ્રી. મેનન અમલ કરે છે. શ્રી. નહેરૂ એમ માનતા જણાય છે કે તેમની વિદેશનીતિનો અમલ કરવામાં શ્રી. મેનન યોગ્ય વ્યકિત છે. શ્રી. નહેરૂએ ભારપૂર્વક જાહેર કર્યું છે કે શ્રી. મેનન સામ્યવાદી નથી. સામ્યવાદી દેશો પ્રત્યેનું શ્રી. મેનનનું વલણ શ્રી. નહેરૂના વલણથી જુદું નથી. હકીકત એમ છે કે આ દેશના કેટલાક બળો (Rightist elements) શ્રી. નહેરૂનો જાહેર રીતે વિરોધ કરી શકતા નથી અથવા અત્યારના સંજોગોમાં એવો વિરોધ સફળ થવાનો સંભવ નથી એમ માની શ્રી. નહેરૂને નિર્બળ કરવાના બીજા માર્ગો લે છે. એમાં શ્રી. મેનનનો વિરોધ કરવો એ એક માર્ગ છે. શ્રી. નહેરૂની લોકપ્રિયતા, તેમનું પ્રભાવ-શાળી વ્યકિતત્વ, આંતરરાષ્ટ્રિય સ્થાન, વિશાળ દર્શન--આ બધાં કારણે તેમનો જાહેર વિરોધ કરવો મુશ્કેલ છે. પણ આ તત્વો માને છે કે શ્રી. નહેરૂ પોતે સામ્યવાદી છે અથવા સામ્યવાદની ઘણાં નજીક છે. તેઓ માને છે કે શ્રી. મેનનની હાર કરવાથી શ્રી. નહેરૂની કેટલેક દરજ્જે હાર થશે. કેટલાક એમ માને છે કે શ્રી. નહેરૂની સાન ઠેકાણે લાવવાનો આ એક જ માર્ગ છે.

આ બધા સંજોગોમાં મતદારોએ શું કરવું, ખાસ કરી કોંગ્રેસજનોએ શું કરવું?

આચાર્ય કિરપલાણીને કોંગ્રેસનો વિરોધ કરવા સિવાય કોઈ નીતિ નથી. જે પક્ષો તેમને ટેકો આપે છે તે કોઇ પક્ષની નીતિ તેમને સ્વીકાર્ય નથી. આ બધા પક્ષો કોંગ્રેસ સામે તેમનો ઉપયોગ કરવા તેમને હથિયાર બનાવે છે. આચાર્ય પોતે સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટાઈ આવે તો પણ કોઇ અસરકારક રીતે કામ કરી શકે તેમ નથી. ( He is a spent force. ) તેમની ભૂતકાળની સેવાઓ જોતાં દેશમાં તેમનું એક માનભર્યું સ્થાન છે.

શ્રી. નહેરૂ આ દેશના નેતા તરીકે ન જોઇએ અને કોંગ્રેસને સત્તાસ્થાનેથી દૂર કરવી જોઇએ એવી જેમની માન્યતા હોય તેમના માટે માર્ગ સ્પષ્ટ છે - શ્રી. મેનનનો વિરોધ કરવાનો--પણ કોંગ્રેસ સત્તાસ્થાને રહે અને શ્રી. નહેરૂના નેતૃત્વનો આ દેશને લાભ મળે તેમાં દેશનું હિત છે એમ જેઓ માનતા હોય તેમને માટે માર્ગ એટલો જ સ્પષ્ટ છે કે શ્રી. નહેરૂએ જેમને ઈરાદાપૂર્વક પોતાના પ્રતિનિધિ અને ઉમેદવાર તરીકે મૂકયા છે અને કોંગ્રેસવિરોધી બળોનો પડકાર ઉપાડી લેવાની હાકલ કરી છે તેમને ચૂંટી મોકલવા અને કોંગ્રેસ અને શ્રી. નહેરૂમાં પોતાનો વિશ્વાસ દૃઢપણે જાહેર કરવો.

લોકશાહીમાં પણ નેતૃત્વને સ્પષ્ટ સ્થાન છે. લોકશાહી અને સરમુખત્યારનો બુનિયાદી ફેર એ છે કે, લોકશાહી નેતા પ્રજાએ ચૂંટેલ વ્યકિત હોય છે અને પ્રજાનો વિશ્વાસ ગુમાવી બેસે ત્યારે તેને દૂર કરવાનો પ્રજાનો અધિકાર છે. સરમુખત્યારશાહીમાં નેતા જબરજસ્તીથી પોતાનું સ્થાન મેળવે છે અને પ્રજાની ઇચ્છા વિરૂદ્ધ પણ જબરજસ્તીથી જાળવી રાખે છે. લોકશાહીમાં પણ એક વખત કોઇ વ્યકિતને નેતા તરીકે સ્વીકાર્યા પછી તેની દોરવણી અને માર્ગદર્શન સ્વીકારવાની પ્રજાની ફરજ છે. પોતાને જે લાગતું હોય તે બધું નિર્ભયપણે નેતા સમક્ષ રજૂ કરવાનો હકક છે પણ એ બધું જાણ્યા પછી, બધો વિચાર કર્યા પછી, નેતા જે નિર્ણય કરે તેને સ્વીકારવાની ફરજ છે. સામાન્ય પ્રજાજનો જાણતા હોય તેના કરતાં નેતા ઘણું વિશેષ જાણે છે. તેને ભવિષ્યની સ્પષ્ટ ઝાંખી હોય છે. તેથી તે નેતા થવાને લાયક છે. લોકશાહીમાં પણ દરેક વ્યકિત પોતાની મરજી પ્રમાણે વર્તી શકે નહિ. તેમાં પણ શિસ્ત છે. આવા પ્રસંગે વ્યકિત--પછી તે શ્રી. મેનન હોય કે બીજું કોઈ--નો પ્રશ્ન રહેતો નથી.

કોંગ્રેસજન માટે માર્ગ એથી પણ સ્પષ્ટ છે. કોંગ્રેસમાં રહી તેનો લાભ ઉઠાવવો છતાં તેની વિરૂદ્ધ કામ કરવું તેમાં પ્રમાણિકતા નથી. જાહેર રીતે બહાર આવવાની હીંમત હોવી જાઇએ.

આવા પ્રસંગે પ્રજાને વિચારોના વમળમાં નાખવા કરતાં સ્પષ્ટ માર્ગદર્શનની જરૂર રહે છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

(શ્રી. કૃષ્ણમેનન અને આચાર્ય કિરપલાણી સંબંધમાં ચાલી રહેલા ઉગ્ર વિવાદ અંગે મારા મિત્ર શ્રી. ચીમનભાઈએ પોતાની દૃષ્ટિ રજૂ કરી છે. તેમનાથી હું થોડો જુદો પડતો હોઇને નીચે મારૂં દૃષ્ટિ-બિંદુ રજૂ કરૂં છું.)

અંગ્રેજીમાં એક કહેવત જેવી ઉકિત છે કે, "Caesar's wife must be above suspicion" 'સીઝરની પત્નીનું વર્તન શંકાતીત હોવું જોઇએ.' આ સંબંધમાં એવી—કિંવદન્તી પ્રચલિત છે કે, ઈતિહાસપ્રસિદ્ધ રોમના સરમુખત્યાર જ્યુલિયસ સીઝરે પોતાની પત્નીના ચારિત્ર્ય વિષે પ્રચલિત બનેલી પ્રતિકૂળ અફવાઓ સાંભળીને તેનું ખુન કરેલું. આ વિષે કોઇએ તેને પૂછેલું કે, "કેવળ લોકોની વાતો ઉપરથી આ બિચારી નિર્દોષ સ્ત્રીની તમે શા માટે પ્રાણહત્યા કરી?" તેના ઉત્તરમાં સીઝરે ઉપર મુજબ ઉત્તર આપેલો, જેની મતલબ એ મુજબ હતી કે સીઝરની પત્નીનું ચારિત્ર્ય એવું અણીશુદ્ધ પવિત્ર હોવું જોઇએ કે તેના વિષે નાનો સરખો પણ કુતર્ક કરવાની કોઇ હિંમત ન કરે. ધોબીની વાત ઉપરથી—અહિં ધોબીને આમજનતાનો એક પ્રતિનિધિ સમજવાનો છે—સીતાને નિર્વાસિત કરનાર રાજા રામચંદ્રનો દાખલો આને મળતો છે. રાજકારણમાં કેન્દ્ર સત્તાધીશ પુરૂષો મોટા ભાગે આવું ધોરણ ધ્યાનમાં રાખીને વર્તે છે. કારણ કે, તેમાં રાજા અને પ્રજાનું શાસક અને શાસિતનું—શ્રેય અને રાજ્યની સહીસલામતી રહેલ છે. ઈંગ્લાંડના એક રાજાને થોડાં વર્ષો ઉપર પોતાની પ્રેયસી ખાતર રાજ્ય છોડવાની ફરજ પડેલી, અથવા તો ત્યાંની પાર્લા-મેન્ટે તેમ કરવાની તેને ફરજ પાડેલી. તે પાછળ રાજાના આચરણનું ધોરણ આ પ્રકારનું હોવું જોઇએ એ સૂચિત હતું. થોડા સમય પહેલાં નહેરૂએ ટી. ટી. કૃષ્ણમાચારીને પ્રધાનમંડળમાંથી છૂટા કરેલા તેની ભૂમિકા પણ લગભગ આવી જ હતી. રાજકારણના આવા સતત અનુભવ ઉપરથી (राजा मित्रं केन द्रष्टं श्रुतं वा !) આવી એક સંસ્કૃત ઉકિત પ્રચલિત થઇ છે. આનો અર્થ એ નથી કે, શાસક કોઇનો મિત્ર હોઈ ન શકે, પણ એ ઉકિત દ્વારા એમ સૂચ-વવાનો આશય છે કે, રાજા હંમેશા રાજધર્મને મુખ્યતા આપે છે, મિત્રધર્મ રાજધર્મ પાસે હંમેશા ગૌણ બને છે.

આવી જ પરિસ્થિતિ શ્રી. કૃષ્ણમેનન અંગે શ્રી. નહેરૂ સામે ઉપસ્થિત થઇ છે. વિશેષમાં શ્રી. કૃષ્ણમેનનનો ભૂતકાળ તેમના

વિષે અનેકના દિલમાં તર્ક વિતર્ક પેદા કરે એવો રહ્યો છે. આ ભૂતકાળ સામ્યવાદીઓ સાથેના તેમના ગાઢ સંપર્કનો છે. વર્ષો પહેલાં એક વખત તેઓ સામ્યવાદી પક્ષના સભ્ય હતા. ૧૯૪૨ ની 'કવીટ ઈન્ડિયા'ની—'હિન્દ છોડો' ની લડતનો—અન્ય સામ્યવાદીઓ માફક તેમણે જાહેર વિરોધ કર્યો હતો. આ હકીકતોનું પણ અમુક મહત્વ છે. વળી એ પણ જાણીતી વાત છે કે, મૌલાના અબુલ કલામ આઝાદ અને સરદાર વલ્લભભાઈ પટેલને તેમના સામે સખ્ત વિરોધ હતો. ભારતની સરહદ ઉપર ચાલી રહેલા ચીની આક્રમણની ખબરો સાંભળીને આપણું લોહી ઉકળી ઉઠે છે. શ્રી. કૃષ્ણમેનન આ આક્રમણને અનુમત કરે છે એમ તો કહી ન જ શકાય, પણ આ આક્રમણ જાણે કે ચાલુ સામાન્ય ઘટનાઓ જેવું હોય એવો ભાવ તેમનાં જાહેર નિવેદનો વ્યક્ત કરતાં હોય છે. તેમાં આપણા ઉકળાટ કે તીવ્રતાનું કોઈ પ્રતિબિંબ આપણને જોવા મળતું નથી, તે વાંચી સાંભળીને આપણે કાંઈક નિરાશા, કાંઈક આશ્ચર્ય, કાંઈક વિતર્ક અનુભવતા રહીએ છીએ. સામ્યવાદીના બે પ્રકાર હોવાનું જણાવવામાં આવે છે: એક પ્રગટ સામ્યવાદી અને બીજા પ્રચ્છન્ન સામ્યવાદી. મેનનના નિકટ મિત્ર ડૉ. બાલીગા જેઓ તાજેતરમાં કોંગ્રેસમાં જોડાયા છે તેમના વિષે જેમ ધારવામાં આવે છે તેમ કૃષ્ણમેનન પણ પ્રચ્છન્ન સામ્યવાદી છે—આવી એક માન્યતા અહિં તેમજ અન્યત્ર સારા પ્રમાણમાં પ્રસરેલી છે. આવી વ્યકિત ગમે તેટલી બુદ્ધિશાળી હોય, આંતરરાષ્ટ્રિય પ્રશ્નો અંગે તેનો અનુભવ ગમે તેટલો વ્યાપક અને મર્મગ્રાહી હોય, આમ છતાં પણ જેની કોંગ્રેસનિષ્ટા વિષે પ્રજાજનોમાં જ માત્ર નહિ પણ દેશના અનેક આગેવાન રાજકારણી પુરૂષોમાં એક પ્રકારનો અવિશ્વાસ પ્રવર્તતો હોય, જેના સત્તાસ્થાન ઉપર હોવાના કારણે દેશ પરદેશમાં અનેક ગેરસમજુતીઓ પેદા થયા જ કરતી હોય એવી વ્યકિતને રાષ્ટ્રરક્ષણ જેવી અસાધારણ મહત્ત્વની જવાબદારીવાળા ખાતા ઉપર ચાલુ રાખવામાં દેશ માટે તેમ જ—આપણી સમજણ મુજબ—નહેરૂ માટે પણ ભારે જોખમ રહેલું છે. સાધારણ રીતે એમ બનતું હોય છે કે, નહેરૂ જેવી શિખરસ્થ વ્યકિત જેને ભાષણો કરવાના પાર વિનાના પ્રસંગો પ્રાપ્ત થતા હોય છે—આવી વ્યકિત બોલતાં બોલતાં કદિ કંઈક અણસરખું લાગે તેવું બોલી નાખે અને તેને લીધે ગેરસમજુતી પેદા થાય ત્યારે તેની નીચેનો પદાધિકારી તે વિષે ખુલાસો કરતો રહે છે અને ઊભી થયેલી ગેરસમજુતી કદાચ સાવ નિર્મૂળ થઈ ન શકે તો બને તેટલી હળવી કરવા પ્રયત્ન કરે છે. નહેરૂ-મેનન બાબતમાં આથી ઉલટો ક્રમ ચાલી રહેલો જોવામાં આવે છે. આ એક વિચિત્ર અને અસ્વાભાવિક પરિસ્થિતિ છે. આજના ભારતીય પ્રધાનમંડળમાં આ એક જ વ્યકિત એવી છે કે, જેના વિષે એક પ્રકારનો પ્રતિકૂળ ભાવ ચોતરફ સેવાઈ રહ્યો છે. શ્રી. કૃષ્ણમેનન વિષે લોકમાનસમાં પેદા થયેલા અને જામતા જતા આવા વિરોધી વલણનો નહેરૂએ ગંભીરપણે વિચાર કરવો ઘટે છે અને તેમના દિલમાં મેનન માટે ગમે તેટલો આદર અને મહોબત હોય તો પણ પ્રજાકલ્યાણ ખાતર, રાજાપ્રજા વચ્ચે સંવાદિતા જળવાઈ રહે તે ખાતર—ખાસ કરીને ચીની આક્રમણના કારણે ઉત્તરોત્તર તંગ બનતી જતી દેશની પરિસ્થિતિ દરમિયાન—નહેરૂએ કૃષ્ણમેનનને સોંપાયલી જવાબદારીથી સત્વર મુકત કરવા ઘટે છે.

આમ છતાં ઉપર દર્શાવેલ રાજ્યધર્મને અનુસરીને શ્રી કૃષ્ણમેનનનો પરિત્યાગ કરવાને બદલે નહેરૂ તેમને મક્કમપણે વળગી રહ્યા છે જેનું રહસ્ય કોઈની સમજણમાં ઉતરતું નથી. અને એ તો જાણીતું છે કે તેમની એટલે કે નહેરૂની ઈચ્છાને માન આપીને મોટા ભાગની સ્થાનિક મંડળ સમિતિઓએ સૂચવેલા અમુક ઉમેદવારનો અસ્વીકાર કરવામાં આવ્યો છે અને મુંબઈના ઉત્તર વિભાગમાંથી સંસદ્‌ના સભ્યપદના કોંગ્રેસી ઉમેદવાર તરીકે પ્રાદેશિક તેમ જ સેન્ટ્રલ સિલેકશન બોર્ડે શ્રી કૃષ્ણમેનનને પસંદ કર્યા છે. એમની સામે—આજના કૃષ્ણમેનન વિરોધી વાતાવરણનો લાભ ઉઠાવવાના હેતુથી—આચાર્ય કિરપલાણીજી ઊભા રહ્યા છે. તેમને ગાંધીયુગનું પીઠબળ છે અને આજના ચૂંટણીજંગમાં સ્વતંત્ર પક્ષ, પ્રજાસમાજવાદી પક્ષ, જનસંઘ રાજકીય આદિ પક્ષો ટેકો આપી રહ્યા છે. બીજી બાજુએ શ્રી કૃષ્ણમેનનને સામ્યવાદી પક્ષનો પૂરો ટેકો છે જે હકીકત આજના સંદર્ભમાં અમુક રીતે સૂચક બને છે.

કિરપલાણીજી કેવળ કોંગ્રેસનો વિરોધ કરવા માટે ઊભા છે. એ સિવાય તેમની પાસે બીજુ કોઈ નક્કર, વિધાયક ધ્યેય નથી. તેમણે કોંગ્રેસ વિરોધી—નહેરૂ વિરોધી—ઝુંબેશ શરૂ કરી દીધી છે. તેમની ઝુંબેશમાં કોઈ સંયમ યા વિવેકને અવકાશ નથી. તેમની વાણી કોંગ્રેસ સામે તીણા કટાક્ષો વરસાવી રહી છે. ભારતની સરહદ ઉપર ચાલી રહેલા ચીની આક્રમણનો તત્કાળ લશ્કરી સામનો કરવાનું શકય નથી—આ પ્રકારની આજની વાસ્તવિકતાથી તેઓ પૂરેપૂરા સભાન હોવા છતાં એને લગતી ભારતની નિષ્ક્રિયતાની તેઓ જે સતત ઝાટકણી કાઢી રહ્યા છે અને ભારત સરકારને—નહેરૂને—જે રીતે વગોવી રહ્યા છે તે બાબત પ્રચારલક્ષી અને જવાબદારી વિનાનું માનસ પ્રતિપક્ષ સામે કેટલી નીચી સપાટી ઉપર જઈ શકે છે તેનો દુઃખદ પુરાવો છે. આમ છતાં પણ કોંગ્રેસ માટે આવી કઢંગી પરિસ્થિતિ ઊભી કરવાની જવાબદારી મુંબઈના ઉત્તર વિભાગના કોંગ્રેસી ઉમેદવાર તરીકે શ્રી કૃષ્ણમેનનની પસંદગી કરનાર કોંગ્રેસના સેન્ટ્રલ ઈલેકશન બોર્ડની છે. જો આ વિભાગ માટે કૃષ્ણમેનનની પસંદગી કરવામાં આવી ન હોત તો કિરપલાણીજીએ આજના કોંગ્રેસને અનુકૂળ વાતાવરણમાં કોઈ સામાન્ય કક્ષાના કોંગ્રેસી પ્રતિનિધિ સામે પણ ઊભા રહેવાની હિંમત કરી ન હોત.

શ્રી કૃષ્ણમેનનની કરવામાં આવેલી પસંદગીએ કોંગ્રેસતરફી અનેક મતદારોના દિલમાં એક પ્રકારની દ્વિધા પેદા કરી છે. આજે આખા મુંબઈમાં આ બાબતની ખૂબ ચર્ચા થઈ રહી છે. જ્યાં કૃષ્ણમેનન વિષે સારા પ્રમાણમાં મતભેદ પ્રવર્તે છે તેવા મતદાર વિભાગ ઉપર કૃષ્ણમેનનને કોંગ્રેસે લાદવા નહોતા જોઈતા. મળેલી માહિતી મુજબ કેરલ કોંગ્રેસે તેમના માટે જગ્યા કરી આપવાની તૈયારી દાખવી હતી, પણ કોંગ્રેસે કૃષ્ણમેનનના પ્રશ્નને prestige-નો-વટનો-સવાલ બનાવ્યો. જ્યાંથી તેઓ ગઈ ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને ફતેહમંદ થયા હતા ત્યાંથી જ તેમને આ વખતે ઊભા રાખવા જોઈએ એવો કોંગ્રેસ તરફથી આગ્રહ સેવવામાં આવ્યો. પરિણામે આ ચૂંટણી એટલી બધી રસાકસીવાળી બનશે, અને કોંગ્રેસ વિરોધી પ્રચારને એટલો બધો અવકાશ મળશે કે કૃષ્ણમેનન જીતશે તો પણ કોંગ્રેસની પ્રતિષ્ઠાને અમુક નુકસાન થવાનું જ છે અને હારશે તો તો આ નુકસાનની માત્રા ખૂબ મોટા પ્રમાણમાં વધી જવા સંભવ છે.

આ હરીફાઈએ ઉપર જણાવ્યું તેમ મત કોને આપવો તે સંબંધે કોંગ્રેસતરફી સામાન્ય મતદારોના દિલમાં જે એક પ્રકારની ગડમથલ ઊભી કરી છે તે આ પ્રકારની છે: તેમની નિષ્ઠા કોંગ્રેસતરફી છે, તેઓ નહેરૂને અત્યંત ચાહે છે, પણ કૃષ્ણમેનન વિષે તેમનામાંના ઘણા ખરાના દિલમાં તીવ્ર વિરોધની લાગણી પ્રવર્તે છે. તેઓ કૃષ્ણમેનનના સત્તાસ્થાન ઉપર ચાલુ રહેવામાં કોંગ્રેસનું, દેશનું અને નહેરૂનું ભારે અહિત જુએ છે. આવા મતદારોએ મત કોને અપવો ? તેમના માટે આ એક નૈતિક પ્રશ્ન બને છે. તેમની કોંગ્રેસનિષ્ઠા એમ કહે છે કે કોંગ્રેસને જ મત અપાય; કૃષ્ણમેનન સામેનો અન્તરનો વિરોધ એમ કહે છે કે કૃષ્ણમેનનને મત ન જ અપાય. આ સંબંધમાં જે એમ કહેવામાં આવે છે કે આપણા સર્વોત્તમ નેતા નહેરૂ છે, તે કૃષ્ણમેનન વિષે લોકો અનુકળ પ્રતિકૂળ શું શું ધારે છે તે બધું જાણે છે, અને આમ છતાં તેમનો અને કોંગ્રેસનો આદેશ છે કે કૃષ્ણમેનનને મત આપો, એટલે પછી કોંગ્રેસતરફી મતદારો માટે કૃષ્ણમેનનને મત આપવા સિવાય બીજો

વિકલ્પ હોઈ જ ન શકે—આ પ્રકારની વિચારણા સજાગ અને સહૃય મતદારના ગળે ઉતરે તેવી નથી. નહેરૂ આપણને જોઈએ છીએ એટલે તેની દરેક વાત આપણે સ્વીકારવી જોઈએ એ વધારેપડતી અપેક્ષા છે. શિસ્તશાહીની પણ એક મર્યાદા છે. આવા અતિ મહત્વના પ્રશ્ન ઉપર અન્તઃકરણના અવાજને આમ તદ્દન દાબીને—રૂંધીને—ચાલવાનું વિવેકશીલ વ્યકિત માટે શકય બનતું નથી. તો પછી શું કરવું? આચાર્ય કિરપલાણીને મત આપવો? કોંગ્રેસતરફી મતદાર આમ પણ કરી ન શકે. આવી આન્તરિક અથડામણમાં 'પોતાને મળેલા મતાધિકારનો ઉપયોગ ન કરવો'—આવો તટસ્થતાનો માર્ગ સૂચવવાનું પ્રાપ્ત થાય છે. લોકશાહીમાં મતાધિકારનું ઘણું મહત્ત્વ છે. સામાન્ય સંયોગોમાં આ અધિકારનો મતાધિકારીએ ઉપયોગ કરવો જોઈએ એ જેમ તેનો ધર્મ બને છે તેમ ઉપર જણાવ્યા તેવા અપવાદજનક સંયોગોમાં આ અધિકારનો ઉપયોગ ન કરવો એવો ધર્મવિવેક તેને પ્રાપ્ત થાય છે. ઉપર જણાવેલી પરિસ્થિતિમાં દ્વિધા અનુભવતા મતદારે કોંગ્રેસને છોડવાની કે નહેરૂને ઈનકારવાની કશી જરૂર નથી. તટસ્થ રહેવાનો માર્ગ ગ્રહણ કરવાથી તેનો કોંગ્રેસ સાથેનો સંબંધ સુસંગત રહેશે અને કોંગ્રેસવિરોધી ઉમેદવારને—પછી તે કિરપલાણી હોય કે અન્ય કોઈ—ટેકો નહિ આપ્યાનો સંતોષ તેને પ્રાપ્ત થશે. આગામી ચૂંટણીમાં જ્યાં જ્યાં મત આપવા સંબંધમાં મતદારના દિલમાં દ્વિધા પેદા થાય ત્યાં શું કરવું તેનો કાંઈક આ ધોરણે જ મતદારે વિચાર કરવાનો રહેશે.

દુઃખની વાત એ છે કે મુંબઈનો ઉત્તર વિભાગ જ્યાં કોંગ્રેસે પસંદ કરેલો ઉમેદવાર ચૂંટાવાનો પૂરો સંભવ હતો ત્યાં તેના ચૂંટાવાની શકયતા શંકાસ્પદ બની છે. કૃષ્ણમેનન એટલે નહેરુ—આવી પરિભાષમાં ચોતરફ વિરોધી પ્રચાર કરવામાં આવશે, જેનું પરિણામ નહેરૂની પ્રતિષ્ઠાને નુકસાન પહોચાડવામાં આવશે, જે આપણામાંથી કોઈ ઈચ્છતું નથી. આ રીતે કૃષ્ણમેનનને પસંદ કરીને કોંગ્રેસે સુતેલા શત્રુઓને સક્રિય બનાવ્યા છે અને 'પડ પાણા પગ ઉપર' એવી બેવકુફીભરી નીતિને અખત્યાર કરી છે, જેનાં દૂરગામી પરિણામો કોંગ્રેસે તેમ જ આપણે ભોગવવા પડશે. **પરમાનંદ**

**પૂરક નોંધ:** ગોવાની મુકિતએ શ્રી કૃષ્ણમેનન માટે અમુક રીતે અનુકૂળ વાતાવરણ પેદા કર્યું છે, એમ છતાં મતદારોના દિલમાં ઊભી થયેલી દ્વિધામાં કોઈ મહત્ત્વનો ફરક પડયો છે એમ માનવાને કોઈ કારણ નથી. **પરમાનંદ**

# અમારો કાશ્મીરનો પ્રવાસ—૫

## અમરનાથ (ચાલુ)

અમે જે સ્થળ ઉપર રાત્રી પસાર કરી તે સ્થળ આશરે ૧૩૦૦૦ ફીટ ઊંચું હતું. આટલી ઊંચાઈએ વિશાળ મેદાન જેવા આ સ્થળ ઉપર સાધારણ રીતે હવા ખૂબ જોરથી ચાલતી હોય છે. તેથી આ સ્થળને 'વાયુજન' ના નામથી ઓળખવામાં આવે છે. કડકડતી ઠંડી હોવા છતાં પહેરવા ઓઢવાના પૂરતાં સાધનો વડે અમે સુરક્ષિત હતાં. આખા દિવસનો થાક હતો, એટલે ગાઢ નિદ્રામાં રાત્રી જોતજોતામાં પસાર થઈ ગઈ, સવાર પડી અને આકાશમાં અજવાળાં પથરાયાં. બીછાનું છોડી અમે બહાર આવ્યાં. રાત્રીના પ્રમાણમાં સવારના ભાગમાં ઠંડી ઓછી હતી. નિત્યકર્મ પતાવીને હું સરોવર બાજુ ગયો અને એક ઊંચી ભેખડ ઉપર ઊભા રહીને આસપાસના ભવ્ય દ્રષ્યને હું ભારે કુતૂહલપૂર્વક નિહાળી રહ્યો. રાત્રે આ બાજુ આવ્યા ત્યારે ફેલાતા જતા અંધકારને લીધે જે પહાડો અને આસપાસના પ્રદેશો અસ્પષ્ટ દેખાતા હતા તે હવે પૂરા સ્પષ્ટ દેખાવા લાગ્યા અને શેષનાગનું પણ હવે ચારે બાજુએથી સમગ્રપણે દર્શન થવા લાગ્યું. આ સરોવરનું ક્ષેત્રફળ બેથી અઢી ચોરસ માઈલ હશે એવું અનુમાન થતું હતું. આ વિશાળ જળરાશિની આસપાસ આવેલા પહાડો ઉપર પથરાયલા બરફમાંથી દૂધની સેર માફક સ્રવી રહેલાં ઝરણાંઓ શેષનાગના વિશાળ ઉદરમાં સંલીન થતાં હતાં અને દૂર એક છેડે શેષનાગમાંથી છલકાતો નદીપ્રવાહ નિમ્ન પ્રદેશો તરફ ખળખળ અવાજ કરતો વહી રહ્યો હતો. આમ પાણીની આયાત-નિકાસ સતત ચાલી રહેલી હોવા છતાં મધ્યવર્તી સરોવરનાં જળ એકદમ શાન્ત, સ્થિર, નિર્મળ, નિસ્તરંગ હતાં અને આછા લીલા રંગના આરીસા જેવી સ્તબ્ધ લાગતી અને પ્રભાતના તડકામાં પ્રકાશોજ્જવળ બનેલી તેની જળસપાટી નેત્રોનું અભિનન્દન કરતી હતી. સમાધિસ્થ મુનિ જેવું અદ્દભૂત અને સ્વસ્થ છતાં ગૂઢ એવું તેનું સ્વરૂપ હતું. ભસ્માર્ચિત દેહધારી, જટાવિભૂષિત ધૂર્જટિના ખોળામાં લપાઈને સૂતેલાં કૃશકાય ગૌરવર્ણી પાર્વતી જેવું વિશાળકાય પહાડોના ખોળામાં અલ્પકાય સમું લાગતું અને રમણીયતાને મૂર્તિમંત કરતું આ સરોવર આંખોને તેમ જ અંતરને પ્રસન્નતા વડે પુલકિત બનાવતું હતું. બાણભટ્ટની કાંદબરીમાં જેનું ભવ્ય વર્ણન આવે છે. તે એકાંત નિર્જન પ્રદેશમાં અવસ્થિત અચ્છોદ સરોવરનું અહિં સહેજે સ્મરણ થઈ આવતું હતું. માથે આકાશ સુપ્રસન્ન, સ્વચ્છ, નિરભ્ર હતું. તેનો આછો નીલરંગ આંખોને આલ્હાદ આપતો હતો. હવે રવિનો ઉદય થઈ ચૂકયો હતો અને તેનાં સોનેરી કિરણો ચોતરફ પ્રસન્નતા વેરી રહ્યાં હતાં. તેનો મધુર આતપ શરીરને આવકારદાયક ઉષ્મા આપતો હતો. આસપાસનાં ગગનસ્પર્શી પર્વતો ભવ્યતા તેમ જ ગહનતાનો અનુભવ કરાવતા હતા. અમરનાથના માર્ગે ભાગ્યે જ એવું બીજું કોઈ સ્થળ આવે છે કે જેને શેષનાગની સૌન્દર્યપ્રતિભા સાથે સરખાવી શકાય.

અહિંથી કેમે કરીને ખસવું ગમે તેમ નહોતું. જાણે આંખો વડે મન ભરી ભરીને આ સ્થળના સૌન્દર્યનું પાન કર્યા કરીએ એવો ઉન્માદ મન અનુભવતું હતું. આમ છતાં પણ અહિં લાંબો સમય અમને ખોટી થવું પાલવે તેમ નહોતું. આજનો કાર્યક્રમ અહિંથી આઠ માઈલ દૂર આવેલ પંચતરણી, ત્યાંથી ચાર માઈલ દૂર આવેલ અમરનાથ અને ત્યાંથી ચાર માઈલ પાછા પંચતરણી આવીને રાત્રીના રોકાવું—આ પ્રમાણે અમે નકકી કર્યો હતો. એટલે સત્વર સજ્જ થઈને આગળ વધ્યા સિવાય છૂટકો જ નહોતો. તેથી કચવાતા મને હું ઘોડાના તબેલા જેવા અમારા નિવાસસ્થાન ઉપર પાછો ફર્યો, ચા નાસ્તો પતાવ્યો, અને અન્ય સાથીઓ સાથે મારા ઘોડા ઉપર અસવાર થઈને આગળ ચાલવા લાગ્યો.

ઝાડપાન સાથેનો અમારો સંબંધ કયારનો છૂટી ગયો હતો. ઉત્તુંગ કોરા ધાકોર પહાડો વચ્ચે થઈને અમારે આગળ વધ્યે જવાનું હતું. શેષનાગ નદી તો હવે તદ્દન અલોપ થઈ ગઈ હતી. રસ્તામાં આવતા નાના મોટા જળપ્રવાહો અમે ઓળંગ્યે જતા હતા. કોઈ ઉપર પૂલ બાંધેલાં હતાં. કોઈના વેગથી વહેતા પાણીને વીંધીને અમારે આગળ જવાનું હતું. પર્વતો ઝાડપાન વિનાનાં હોવા છતાં દરેક પહાડનો રંગ અન્યથી જાુદો પડતો હોઈને સમગ્ર દ્રષ્ય ભારે ચિત્તાકર્ષક લાગતું હતું. કોઈ પહાડનો રંગ સુકા થડ જેવો તો કોઈ પહાડનો રંગ બળેલા કોલસા જેવો, કોઈનો મટોડિયો તો કોઈનો કથ્થાઈ, કોઈનો બદામી તો કોઈનો આછો લીલો યા રતુંમડો—આવું વર્ણવૈવિધ્ય આંખોનું રંજન કરતું હતું. વળી પહાડોનો નીચેનો ભાગ બહુધા આછા લીલા પીળા ઘાસથી છવાયેલો હતો અને અવારનવાર નજરે પડતાં સમુદાયમાં ઉગેલાં કાં તો સફેદ, કાં તો પીળાં અથવા તો જાંબલી રંગના ઝીણાં ઝીણાં

જંગલી ફૂલો નાના મોટાં ગાલીચાનો આભાસ પેદા કરતા હતા. વળી પર્વતોના શિરોભાગમાં જ્યાં ત્યાં શ્વેત અથવા ધુલિધુસર હિમની અર્ચના આંખોને એકદમ આકર્ષતી હતી. આવા અલૌકિક પ્રદેશમાં એક પછી એક પહાડ ઓળંગીને અમે આગળ વધી રહ્યા હતા. હવે આ માર્ગે જેની સૌથી વધારે ઊંચાઈ છે. આશરે ૧૫૦૦૦ ફીટ—તે મહાગુનસ પર્વતની ચઢાઇ આવી. અમારી વણઝારમાંનાં કેટલાંક સૌથી આગળ, બીજા કેટલાંક તેમની પાછળ. વળી બીજાં કેટલાંક તેમની પણ પાછળ—એમ છુટી છુટી મંડળીઓમાં વહેંચાયેલા અને વીખરાયલા અમે સૌ આ ઉત્તુંગ ગિરિરાજનું આરોહણ કરી રહ્યાં હતાં. આ પહાડનું ચઢાણ એકદમ સીધું નહોતું. થોડું ચઢવાનું, થોડું સીધું ચાલવાનું એમ લાંબા ગાળામાં વિભાજિત એવી આ પર્વતની ચઢાઇ હતી. એટલે આગળ વધતી અને ઊંચે ચઢતી જતી યાત્રિકોની હારમાળા દૂરદૂર સુધી દેખાતી હતી. અને અમારા માટે એક મનોહર દૃષ્ય નિર્માણ કરતી હતી. આ ઊંચામાં ઊંચી ચઢાઇ પણ અમે ધીમે ધીમે પાર કરી અને પછી ઉતરાણ શરૂ થયું. આ રીતે પંચતરણી પહોંચવાનો લગભગ અડધો રસ્તો અમે પસાર કર્યો.

શેષનાગથી સવારના સાડા સાત વાગ્યા લગભગ નીકળ્યા ત્યારથી અત્યાર સુધી હવામાન અનુકૂળ રહ્યું હતું. પણ આકાશે હવે રૂપ બદલવા માંડયું. નિર્મળ આકાશમાં વાદળાંઓ ઉભરાવા લાગ્યાં. તેમાંથી છૂટાછવાયાં પાણીનાં ટીપાં ટપકવા લાગ્યાં અને આગળ જતાં વરસાદ હેરાન કરશે એવી ભીતિ અમે અનુભવવા લાગ્યા. વાદળોને લીધે હવે તડકાનું નામનિશાન દેખાતું નહોતું. ચારે બાજુએ પહાડો ઉપર જ્યાં ત્યાં બરફ નજરે પડતો હતો. કોઈ કોઈ ઠેકાણે ઉપરથી નીચે સુધી પથરાયલી બરફની લકીરો જાણે કે ઉપરથી વહેતી દૂધની ધારાઓ એકાએક સ્થગિત બની ગઈ હોય એવો ભ્રમ પેદા કરતી હતી. કોઇ ઠેકાણે શિખર ભાગ આખો બરફથી ઢંકાયેલો હોઈને જાણે કે શ્વેત રત્નજડિત મુગટથી તેને વિભૂષિત કરવામાં આવ્યો હોય એવો ભાસ મનમાં ઉત્પન્ન થતો હતો.

વળી જેમ ઝાડપાન કયારનાં અગોચર બની ગયાં હતાં તેમ પક્ષીઓ પણ હવે ભાગ્યે જ નજરે પડતાં હતાં. શેષનાગ ઉપર ટીટોડી જેવા પક્ષીનો કોઇ અવાજ સંભળાયો હતો. પણ એવું કોઈ પક્ષી નજરે પડયું નહોતું. આજ સુધીમાં અનેક પહાડો જોયા છે, પણ આટલું દુર્ગમ અને આટલું નિર્જન સ્થાન મેં ભાગ્યે જ આગળ ઉપર જોયું હશે. પ્રકૃતિનું રૂપ અહિં જેટલું અલૌકિક લાગતું હતું તેટલું જ બિહામણું લાગતું હતું. ચારે બાજુ વૃક્ષહીન, હરિયાળી પણ બહુ જ આછી અને બધું જ સુમસામ ભાસતું હતું. જાણે કે હૃદયના ધબકારા સંભળાઈ રહ્યા હોય એવી ભ્રાન્તિ પેદા કરતી પ્રગાઢ નિરવ શાંતિ ચોતરફ પથરાયલી હતી.

પર્વતો પ્રત્યે મારા મનમાં હંમેશાં આકર્ષણ રહ્યું છે. પર્વતોને જોઈને હું બધું ભૂલી જાઉં છું. અને તેની વિરાટતા પાસે મારૂં માથું નમી પડે છે. આ પર્વતરાજનું દર્શન કરીને એવી ધન્યતા હું અનુભવતો હતો કે જેવી ધન્યતા કદાચ મેં પહેલાં કદિ અનુભવી નહિ હોય. ઝાડનું અહિં નામનિશાન નહિ, ન કોઈ વસ્તી, ન કોઈ માનવી, ન કોઇ માનવજાત. લાગતું હતું કે સૃષ્ટિના આદિકાળમાં અમે પહોંચી ગયા છીએ, જ્યારે માણસ એકલો હતો, નિતાંત એકલો અને નિરૂદ્દેશ્ય અહિં તહિં ભટકતો હતો. આમ કંઈ કંઈ વિચારો આ વખતે મનમાં આવતા જતા રહ્યા અને ગાંભીર્યયુક્ત પ્રસન્નતા મારા ચિત્ત ઉપર છવાઈ રહી.

મહાગુનસથી અમારે આશરે ત્રણથી સાડાત્રણ હજાર ફીટ નીચે ઉતરાણ કરવાનું હતું. આ ઉતરણ દરમિયાન અવનવાં દૃષ્યો સરજાયે જતાં હતાં અને ચિત્તને પુલકિત કરતાં હતાં. જેવી રીતે ચિત્રપટમાં એકની પછી બીજું એમ અવનવાં દૃષ્યો આવ્યાં કરે છે એમ આ પ્રવાસમાં દૃષ્યપરિવર્તન સતત ચાલ્યા જ કરતું હતું. કોઈ પણ એક દૃષ્ય બીજા સાથે મળતું આવતું નહોતું. હવે શું આવી રહ્યું છે તેની આગળથી કોઇ કલ્પના થઇ શકતી નહોતી.

આ ઉતરાણના રસ્તાને 'પોષપથ' કહે છે. તે પાર કર્યા બાદ ત્રણ નાળાં ઓળંગવા પડે છે. તે ત્રણેને 'કેલનાડ' ના નામેથી ઓળખવામાં આવે છે. આ ઓળંગ્યા બાદ અમે પંચતરણી સમીપ આવી પહોંચ્યા. ત્યાંના છૂટાછવાયાં પાકાં મકાનો નજરે પડવા લાગ્યાં. આ પંચતરણી 'સીન્ધ' નામની નદીના કિનારે આવેલું યાત્રાળુઓનું પડાવસ્થાન છે. આ સિન્ધ નદી અમરનાથ બાજુએથી આવે છે અને અહિંના વિશાળ પટમાં પાંચ ધારામાં વહેંચાઈ જાય છે. આને લીધે આ સ્થળને પંચતરણીના નામથી ઓળખવામાં આવે છે. લગભગ અડધો માઈલ પહોળા નદીપટમાં પથરાયલી આ પાંચે ધારાઓ અમે એક પછી એક પસાર કરી. છેલ્લી ધારા ઠીક ઠીક પહોળી અને પાણીનું વહેણ પણ ભારે તેજીલું હતું. તે ઉપર લાકડાનો પુલ હતો. તે ઓળંગીને પંચતરણી સ્થાનમાં અમે પ્રવેશ કર્યો.

પંચતરણીનું સમગ્ર દૃશ્ય ભારે મોહક હતું. શેષનાગમાં નીચે ઊંડાણમાં સરોવર હતું અને ઊંચી ભેખડ ઉપરથી એ સરોવરને નિહાળી સંતોષ માનવાનો હતો. પંચતરણી ચારે બાજુએ આવેલા પહાડો વચ્ચે એક વિશાળ જળસભર મેદાન જેવું હતું. બે ચાર એરોડ્રોમ ઊભાં કરી શકાય એવો મોટો, દૂરથી સરોવરસદશ દેખાતો આ પ્રવાહપ્લાવિત પટવિસ્તાર હતો.


અહિં પહોંચ્યા અને વાદળોએ આકાશમાં ઠીક ઠીક ઘેરો ઘાલ્યો, અને પાણી પણ ઠીક ઠીક ટપકવા લાગ્યું. શેષનાગથી અમે સવારના સાડાસાતે લગભગ ઉપડેલાં, અહિં પહોંચતાં સાડાદશ લગભગ થયા હતા. અમારી મંડળીનું લક્ષ બને તેટલા જલ્દિથી અમરનાથ પહોંચી, શિવલિંગના દર્શન કરીને, પાછા પંચતરણી આવી જવાનું હતું. આ કારણે અમારામાંના કેટલાંક આગળ ચાલી ગયાં હતાં. શરૂ થયેલા આછા આછા વરસાદને કારણે અમે બધાં એકમેકથી છુટા પડી ગયાં હતાં. અમારી મંડળીમાંથી અમે અત્યારે માત્ર ચાર જણાં સાથે હતાં. હું, મારી પત્ની, મારા એક સાથી રમણલાલ લાકડાવાળા અને તેમની પુત્રી ચિ. સુધા. બીજા કેટલાક પાછળ પણ હતા. સવારના કરેલો નાસ્તો કયારનો હજમ થઇ ગયો હતો. એટલે પેટમાં કાંઇક નાખ્યા સિવાય આગળ ચલાય તેમ નહોતું. અમારી ખાણીપીણીની સામગ્રી અને સામાન ઉપાડતા ટટ્ટુઓ પાછળ હતા. એટલે તેની રાહ જોવી પાલવે તેમ નહોતું. દૂર નદીના કિનારે બે તંબુઓ નાંખીને એક પંજાબીએ નાની કામચલાઉ હોટેલ જેવું કાંઈક ઊભું કર્યું હતું. ત્યાં અમે ગયા અને ગરમ ગરમ પરોંઠા તથા શાક મળ્યાં તે આરોગીને ઠીકઠીક તાજાં થયાં. સાથે ચા તો હોવી જ જોઇએ. વર્ષોની ટેવના કારણે તે વિના પુરી સ્ફૂર્તિ ન જ આવે. આમ પૂરાં સ્વસ્થ બનીને આગળ જવા અમે તૈયાર થયાં. વરસાદથી બચવા માટે વરસાદી એટલે કે પ્લાસ્ટીકનો લાંબો ઓવરકોટ બધાંએ ચડાવ્યો, અને ટટ્ટુઓ ઉપર સવાર થઇને અમારી સવારી આગળ ચાલી.

જે ધ્યેયને લક્ષમાં રાખીને આ અમારૂં પર્વતારોહણ ચાલી રહ્યું હતું તે હવે સમીપ આવી રહેલ હોવાથી મનનો ઉત્સાહ તેમ જ આતુરતા ઉત્કટ બનતાં જતાં હતાં. હવે ચાર માઇલનો પંથ કાપવાનો હતો. શરૂઆતમાં સિન્ધ નદીની બાજુએ બાજુએ થઈને અમારો રસ્તો આગળ જતો હતો. પછી તો ચઢાણ શરૂ થયું. આ ચઢાણ ભૈરવ ઘાટીનું હતું. આગળનાં ચઢાણો કરતાં આ ચઢાણ જુદા પ્રકારનું હતું. પગથિયા જેવી ચડાઇનો, તેમજ ખાડાખડિયાનો અમને પિસ્સુ-

ઘાટી કે કુટ્ટાઘાટીમાં ઠીક ઠીક અનુભવ થયો હતો. ઊંચાઈની ટોચ મહાગુનસ પાર કરીને અમે સર કરી હતી. પણ જોખમીપણામાં આ ચઢાઈ સૌથી ચડી જાય તેવી હતી. ભૈરવ ઘાટીની ઊંચાઈ મહાગુનસથી ઓછી હતી. પણ માત્ર એક ટટ્ટુ ચાલી શકે તેથી ભાગ્યે જ વધારે પહોળી આવી સાંકડી કેડી ઉપર થઈને અમારે ઊંચે ને ઊંચે આગળ વધવાનું હતું. પર્વતનો ઢોળાવ ભારે તીવ્ર હતો. એક બાજુ ઊંચો સીધો પહાડ, બીજી બાજુ નીચે જોતાં તમ્મર આવે એવી ઊંડી ખીણ, જેમાં થઈને સિન્ધ નદી પંચતરણીની દિશાએ વહી રહી હતી. જેમ જેમ ઊંચે જઈએ તેમ તેમ માર્ગ વધારે ને વધારે જોખમી બનતો જતો હતો. ઘોડો જરાક ચુકે કે ઉપરનો બેસનાર જરા અસાવધ બને, એટલે બન્નેએ ઊંડી ખીણમાં સિન્ધનદીના પ્રવાહમાં ગરક થઈ જવાનું અને આ દુનિયાને છેલ્લી સલામ કરી લેવાની. પછી ઉગરવાની કોઈ આશા જ ન રહે. પર્વતના ભીષણ ચઢાણ ઉપર એક બાજુથી બીજી દિશાએ વળાંકો લેતી અને 'ળ' આકારની લહેરિયાની ભાત પાડતી કેડી ઉપર એક ઉપર બીજી એમ ચાલી રહેલી યાત્રિકોની પંકિતઓ ધીમે ધીમે સરકતા સાપોલિયા જેવી દેખાતી હતી. આ બધું એટલું બધું વિલક્ષણ લાગતું હતું કે જે દેખાય છે તે વાસ્તવિક છે કે સ્વપ્ન એવો ભ્રમ મનમાં પેદા થતો હતો. કયા આધારે ઉપરના યાત્રિકો ટકી રહ્યા છે તે વિષે મન આશ્ચર્ય અનુભવતું હતું. સામેથી આવતા ટટ્ટુઓની લંગાર બાજુએથી પસાર થવાની હોય ત્યારે બન્ને બાજુના અશ્વારોહકોએ અતિ સાવધ બનવું પડતું હતું. જાણે કે માથે કાલની તલવાર લટકતી હોય એવી અંશત: પ્રક્ષુબ્ધ મનોદશામાં અમારૂં આરોહણ ચાલી રહ્યું હતું.

આ બાજુના ટટ્ટુઓ આવી કેડીઓ ઉપર ચાલવાને એટલા બધા ટેવાયલા હોય છે, તેમના પગની પકડ એટલી બધી મજબુત હોય છે, વાંક વળાંક અને ખાડાખડિયા વાળી અને પડેલા વરસાદને લીધે જ્યાં ત્યાં કીચડથી લપસણી બનેલી કેડી ઉપર પગ કયાં મૂકવો અને કયાં ન મૂકવો તેની આ ટટ્ટુઓને એટલી સૂઝ હોય છે, કે આવા વિકટ ચઢાણમાં ભાગ્યે જ આ ટટ્ટુઓની ગફલતીના કારણે કોઈ અકસ્માત નીપજે છે. વળી ટટ્ટુના રખેવાળો પણ 'ઓશ, બખબરદાર', એમ વારંવાર બોલતા રહીને ટટ્ટુઓને સતત ચેતવતા રહે છે અને ઉપર બેઠેલાઓને પણ જરૂરી સૂચનાઓ આપતા હોય છે. વળી અકસ્માતો પણ મોટા ભાગે જ્યાં ખરેખર જોખમ હોય છે ત્યાં પ્રમાણમાં બહુ ઓછા થાય છે, કારણ કે પ્રત્યેક વ્યકિત પુરી સાવધ હોય છે. અહિં ખરી મુશ્કેલી જ્યારે હવામાન પ્રતિકૂળ હોય, ગાઢ ધુમ્મસ દષ્ટિપથને આવરી રહ્યું હોય, બરફ યા જોરદાર વરસાદનો સામનો કરવાનો હોય ત્યારે ઊભી થાય છે. કારણ કે આ વિકટ માર્ગમાં ઊભા રહેવાનું કોઈ ઠેકાણું હોતું નથી, આરામ વિરામનું કોઈ સ્થાન હોતું નથી, બહારની મદદ મળવાની કોઈ શકયતા હોતી નથી. સદ્‌ભાગ્યે પંચતરણીથી ઉપડયા ત્યારે શરૂ થયેલો વરસાદ હવે અટકી ગયો હતો. આકાશમાં વાદળાનો ઘેરાવો ચાલુ હતો, પણ હાલ તુરત બરફ કે વરસાદ પડવાનો સંભવ લાગતો નહોતો. હવામાન પણ સ્થિર હતું. આ હવામાનની અનુકૂળતાએ ભૈરવઘાટીનું આરોહણ અમારા માટે સરળ બન્યું અને તેને પાર કરીને અમે બીજી બાજુએ આવ્યા અને જાણે કે કોઈ સ્વર્ગ સૃષ્ટિમાં દાખલ થયા હોઈએ એવું દ્રષ્ય અમારી નજરે ખડું થયું.

હવે ઉતરાણ શરૂ થયું અને અમે અમરનાથની ઘાટીમાં પ્રવેશ કર્યો. નીચે ખીણમાં અમરગંગા વહી રહી હતી. પણ તેનો પ્રવાહ જ્યાં ત્યાં બરફના ગાઢ પડોથી ઢંકાયેલો હતો. હવે ડાબી બાજુએ, જમણી બાજુએ તેમજ સામે આવેલા બધા પર્વતો ઉપર છુટોછવાયો બરફ પડેલો દેખાતો હતો. બે પર્વતોના સાંધતા ભાગો ઉપરથી નીચે સુધી હિમપ્રપાતથી—Glacierથી—આચ્છાદિત થયેલા નજરે પડતા હતા. સામેની પર્વતમાળાના લાંબા વિસ્તાર ઉપર લગભગ છેડાના એક ભાગમાં અમરનાથની ગુફા એક નાની બખોલ જેવી હવે દેખાવા લાગી, એટલે કે ઘોડાના રખેવાળે અમને દેખાડી અને અમારા આનંદનો પાર ન રહ્યો. ચઢાણ જેટલું વિકટ હતું તેટલું ઉતારણ વિકટ નહોતું. એટલે સરળપણે અને વધારે ઝડપથી અમે હવે આગળ વધવા લાગ્યા. ઉતરાણ પૂરું થતાં અમે અમરગંગા સમીપ આવી પહોંચ્યા. અહિં અમારા કેટલાક સાથીઓ તેમ જ અન્ય યાત્રિકો અમરનાથના દર્શન કરીને પણ પાછા ફરેલા અમને સામે મળ્યા. 'જય અમરનાથ'ના પોકારથી અમે એકમેકનું સ્વાગત કર્યું. થોડું આગળ ચાલ્યા અને અમરગંગાને ઢાંકી રહેલ હિમરાશિ ઉપર થઈને અમે તેને ઓળંગી. આગળથી ચાલી આવતો જળપ્રવાહ બરફના અવરોધના કારણે ભૂગર્ભમાં લુપ્ત થઈ જતો અને વળી પાછો બહાર આવતો, ફરીથી ઢંકાતો અને આગળ જતાં વળી પાછો બહાર નીકળી આવતો જોઈને અમે ભારે વિસ્મિત બન્યા. આગળ ચાલતાં વળી પાછા પ્રવાહ ઉપર છવાયલા બરફ ઉપર થઈને અમે અમરગંગાની બીજી બાજુએ આવ્યા.



અમરનાથની ગુફામાંનું હિમનિર્મિત શિવલિંગ જ્યારે પૂર્ણરૂપ ધારણ કરે છે ત્યારનું દૃષ્ય.

હવે તો અમરનાથની ગુફાનું ભવ્ય દ્વાર અમને બરોબર દેખાવા લાગ્યું. થોડુંક આગળ વધ્યા અને અમરગંગાનો વહેતો પ્રવાહ અમે ઓળંગ્યો અને ગુફાના નીચાણના ભાગમાં આવીને ઊભા રહ્યા. શ્રદ્ધાળુ યાત્રાળુઓ આ હિમશિતળ અમરગંગામાં નાહીને—ડૂબકી મારીને—પછી ઉપર આવેલી ગુફામાં પ્રવેશ કરે છે. આવી નદીઓના સ્નાનનું તેમને મન બહુ મોટું માહાત્મ્ય હોય છે. અમારામાંના કોઈમાં આવી શરીરને જોખમાવનારી શ્રદ્ધા નહોતી. ગુફામાં પહોંચવા માટે થોડુંક ચઢાણ ચઢવું પડે છે. ઘોડા ઉપરથી ઉતરીને અમે આ ચઢાણ ચઢી ગયા અને ગુફાના દરવાજા આગળ આવીને ઊભા. ગુફાનું આ વિશાળ દ્વાર અમને ક્યારનું આવકાર આપી રહ્યું હતું. આ ગુફા અને તેનું ભવ્ય પ્રવેશદ્વાર કેવળ કુદરતની કરામત હતી. અને એમ છતાં માણસે આ બધું કોરી કાઢ્યું હોય એવો ભ્રમ આ ગુફાની રચના જોતાં પેદા થતો હતો. અમે આખરે ભગવાન શંકરના આ પવિત્ર નિવાસસ્થાનમાં ભક્તિસભરહૃદયે દાખલ થયાં.

આ ગુફાના અલૌકિક શિવલિંગ વિષે મેં કંઈ કંઈ સાંભળ્યું હતું. માણસની ઊંચાઈ જેટલું ઊંચું, અંગ્રેજી અક્ષર U ને ઊંધો કરીએ તેવા ઘાટનું, સારા ઘેરાવાવાળું, કેવળ કુદરતે નિર્માણ કરેલું આ બરફનું શિવલિંગ એક દૈવી ચમત્કાર છે, અને તેનું દળ પૂર્ણિમા નજીક આવે છે તેમ વધે છે, પૂર્ણિમાના દિવસે પૂર્ણ રૂપે દેખાય છે, અમાસ નજીક આવે છે તેમ ઘટે છે, અમાસે સારા પ્રમાણમાં ક્ષીણ થઈ જાય છે—આવી માન્યતા આ શિવલિંગ વિષે ચોતરફ પ્રચલિત છે. અમે અહિં જે દિવસે આવ્યા તે દિવસ શ્રાવણ શુદ છઠનો હતો. તેથી અમે વિપુલ કેદ-વાળું શિવલિંગ જોવાની આશા રાખેલી. તેના બદલે ગુફાની અંદરના ભાગમાં નજર કરતાં તેના ઊંડા ખુણામાં પાછળની દિવાલને અડીને જાણે કે બરફની મોટી પાટ પડી ન હોય એવો બરફનો જામેલો ઢગ અમારી નજરે પડયો. આ જ યાત્રાળુઓનું પૂજાપાત્ર બનેલું શિવલિંગ હતું. જ્યારે ગુફામાં બીજે બધે તેમ બહારના ભાગમાં પણ બરફનું કાંઈ નામનિશાન નહોતું અને ગુફા ૩૦૦—૪૦૦ યાત્રાળુઓને સહેજે સમાવે એટલી મોટી હતી અને એલોરા અજન્ટાની ગુફાઓ ને યાદ કરાવે તેવી તેના પ્રવેશદ્વારની ઊંચાઈ હતી-ત્યારે અહિં આ ખુણામાં આ બરફ શી રીતે એકઠો થયો હશે અને જામી ગયો હશે—તે જરૂર એક આશ્ચર્ય હતું. એમ છતાં પણ જે ભવ્ય શિવલિંગનાં અમે ચિત્રો જોયેલાં - આવું એક ચિત્ર આ અંકમાં આપવામાં પણ આવ્યું છે - અને અમે જે કલ્પના કરીને અહિં આવેલાં તેમાંનું જાણે કે અહિં કશું જ નહોતું. આ જોઈને અમારામાંના કેટલાંક ખૂબ નિરાશ થયાં. ઉપર વર્ણવ્યું તેવું શિવલિંગ હંમેશાં દેખાતું નથી, મોટા ભાગે અમે જોયું તેવું જ શિવલિંગ જોવા મળે છે-આવો ખ્યાલ કેટલાક મિત્રો સાથેની વાતચીત ઉપરથી મને પહેલાંથી હતો, તેથી મેં અન્ય મિત્રો જેટલી નિષ્ફળતા ન અનુભવી. જરૂર, જે કલ્પના મનમાં રમી રહી હતી તે જોવા મળ્યું હોત—અને અહિં જૂન જુલાઈમાં આવેલાં અમુક મિત્રોએ ઉપર વર્ણવ્યું તેવું શિવલિંગ જોયું પણ છે અને તેથી તેના ભવ્ય આકાર વિષે પ્રચલિત માન્યતાને વાસ્તવિકતાનો જરૂર આધાર પણ છે—એવું જ દર્શન મને પ્રાપ્ત થયું હોત તો મને જરૂર ખૂબ આનંદ થયો હોત, અને સારી આ અનુપમ યાત્રાને મેં સવિશેષ સાર્થક લેખી હોત. આમ છતાં પણ આ સ્થળ અને આસ-પાસના પ્રદેશની જે લોકોત્તર ભવ્યતા મેં અનુભવી અને મારા અન્તસ્તત્વના મૂળને તે જે રીતે સ્પર્શી તેથી મારા માટે કૃતકૃત્યતાનો—આત્મસંતોષનો—કોઈ પાર નહોતો અને અંદરથી ચિત્તને આનંદ—પુલકિત બનાવી રહેલી ધન્યતાની કોઈ સીમા નહોતી.

અપૂર્ણ

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

**ગોવાની મુકિત : ભારત સરકારને અભિનંદન**

દીવ, દમણ અને ગોવાની મુકિતની ઐતિહાસિક ઘટનાએ ભારતભરમાં અસાધારણ આનંદની લાગણી પેદા કરી છે. આ ઘટના સવિશેષ આનંદકર એટલા માટે છે કે, આપણ સર્વને કલ્પના હતી તે કરતાં ઘણાં જ ટૂંકા સમયમાં—દોઢ દિવસના ગાળામાં આ કાર્ય સધાયું છે અને એથી પણ વિશેષ આલ્હાદકર બીના એ છે કે આ લશ્કરી પગલામાં માણસોની ખુવારી બહુજ નજીવી થવા પામી છે. જે સમાચારો મળે છે તે ઉપરથી દશથી વધારે માણસોનાં જાન ગયા લાગતા નથી. આનું કારણ એ છે કે પોર્ચુગીઝ સૈન્યે લગભગ કશો પણ સામનો કર્યા સિવાય શરણાગતિ સ્વીકારી લીધી છે. આપણે આ પ્રશ્ન વાટાઘાટો દ્વારા પતાવવા ચૌદ ચૌદ વર્ષ સુધી મથામણ કરી, પોર્ચુગીઝ ઉપર દબાણ લાવવા અનેક દિશાએથી પ્રયત્ન કર્યો, એમ છતાં પણ પોર્ચુગલે આ બાબતમાં જરા પણ નમતું આપવાની તૈયારી દેખાડી નહિ. વસાહતોની અંદરના ભાગમાં વસતા સ્વાતંત્ર્યપ્રેમી પ્રજાજનો ઉપર પોર્ચુગીઝ સત્તાના દમનનો ત્રાસ ઉત્તરોત્તર વધતો જ ચાલ્યો. વળી ભારતના પશ્ચિમ કિનારા ઉપર આ વસાહતોનું ચાલું રહેવું, તે ભારતના ચીન તથા પાકિસ્તાન સાથેના બગડેલા સંબંધોને કારણે વધારે ને વધારે જોખમી બનતું ગયું. પાકિસ્તાન અને પોર્ચુગલ વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોએ અને પોર્ચુગલપક્ષી પાકિસ્તાનના વલણે દીવ, દમણ અને ખાસ કરીને ગોવાના મથકને જેની ઉપેક્ષા થઈ ન શકે એવું એક મોટું ભયસ્થાન બનાવી દીધું. ગોવાને કબજે કરવા માટે જરૂરી લશ્કરી સર્વ તૈયારી કર્યા બાદ પણ, દશ બાર દિવસ કશું પણ પગલું ભર્યા સિવાય આપણે પસાર થવા દીધા—એ આશાએ કે પશ્ચિમની કોઈ પણ પ્રમુખ સત્તા વચ્ચે પડીને સુલેહ શાન્તિપૂર્વક આ પોર્ચુગીઝ મથકોનો કબજો ભારતને અપાવે. આવી કોઈ આશાને જ્યારે સ્થાન ન રહ્યું ત્યારે અંતિમ પગલું ભરવામાં આવ્યું. ડીસેંબરની ૧૭ મી તારીખ રવિવારની મધ્યરાત્રીએ ભારતીય સૈન્યે ગોવા તરફ કુચ કરી અને ૧૯ મીની સવારે પોર્ચુગીઝ સૈન્યે શરણાગતિ સ્વીકારી અને એ રીતે ગોવા મુકત બન્યું. તે દરમિયાન દીવ તથા દમણ તો મુકત બની ચૂકયાં હતાં.

ગોવા ઉપર કરવામાં આવેલા આક્રમણ અંગે પશ્ચિમી દેશોમાં ભારે ચર્ચા શરૂ થઈ. વાટાઘાટથી આવા ઝગડાઓની પતાવટ કરવાની હિમાયત કરનાર ભારત સરકાર અને તેના મુખી મહા-અમાત્ય નહેરૂ સામે ટીકાની ઝડીઓ વરસવા લાગી અને આપણે વાત એક કરીએ છીએ અને વખત આવ્યે વર્તન બીજું ચલાવીએ છીએ—આવા આક્ષેપો અને કટાક્ષો ભારત સામે થવા લાગ્યા. આ પ્રશ્ન સીકયોરીટી કાઉન્સીલ સમક્ષ પોર્ચુગલે ઉપસ્થિત કર્યો. ત્યાં યુનાઈટેડસ્ટેટ્સના પ્રતિનિધિ અડાલી સ્ટીવન્સને ભારતની અત્યંત કડક ટીકા કરી અને ભારતનું આ પગલું યુનોની—સંયુકત રાષ્ટ્રસંસ્થાની ઘોર ખોદનારૂં નીવડશે એવી આગાહી કરી. સશસ્ત્ર પ્રતિકારમાં નહિ માનતા દેશો આવું વલણ દાખવે તો તે કાંઈક સમજી શકાય, પણ જેમનો આજ સુધીનો ઈતિહાસ માત્ર સશસ્ત્ર પ્રતિકાર નહિ પણ સશસ્ત્ર આક્રમણનાં અનેક પ્રકરણોથી ભરેલો છે તે દેશોને આવી કોઈ ટીકા કરવાનો અધિકાર છે જ નહિ. વળી આ બધી ટીકાઓ બળના ઉપયોગ—અનુપયોગને લગતા તત્વજ્ઞાનનું કેવળ અજ્ઞાન સૂચવે છે. માનવી જીવનની વાસ્તવિકતા બળના ઉપયોગને અવારનવાર અનિવાર્ય બનાવે છે. એવા પ્રસંગે બળના ઉપયોગથી દૂર રહેવું તે અધર્મમય બની જાય છે. જ્યારે બળનો ઉપયોગ ન કરતાં સુલેહ સંપથી,

વાટાઘાટથી બે રાષ્ટ્રો વચ્ચે ઘર્ષણ પેદા કરતી સમસ્યાનો ઉકેલ લાવવાનું કહેવામાં આવે છે ત્યારે તેનો અર્થ એ છે કે, આવા સંઘર્ષોનો ઉકેલ લાવવા માટે બળના ઉપયોગ તરફ દોડી જવાને બદલે બને ત્યાં સુધી વાટાઘાટથી એ ઝઘડાઓ પતાવવાનો આગ્રહ રાખો અને જ્યારે બીજો કોઇ ઉપાય ન રહે ત્યારે અને ત્યારેજ માત્ર દંડનો—સશસ્ત્ર ઉપાયનો—વિચાર કરો. પણ કોઇ પણ સમયે, કોઇ પણ સંયોગમાં બળનો ઉપયોગ થઇ ન જ શકે—આ વિચાર વાસ્તવિક દુનિયામાં—ખાસ કરીને રાજકીય ક્ષેત્રમાં—ચાલી શકતો જ નથી. સશસ્ત્ર પ્રતિકારનું વિરોધી હોવા છતાં આપણું રાજ્ય કેમ ચાલે છે? સુલેહ શાંતિનો ભંગ થઇ રહ્યો હોય અને લોકો તોફાને ચઢયા હોય ત્યારે શું કરવામાં આવે છે? આવા બધા પ્રસંગોએ અંતિમ ઉપાય તરીકે બળનું - દંડનું - શરણ લેવું જ પડે છે. જેમ અહિંસાને સન્મુખ રાખીને અનિવાર્ય હિંસાને સ્વીકાર્યા સિવાય—અપનાવ્યા સિવાય બીજો કોઇ વિકલ્પ વ્યવહારલક્ષી જીવનમાં રહેતો નથી, એવી જ રીતે બળ વડે પ્રતિકાર ન કરીએ આદર્શ સ્વીકારવા છતાં અનિવાર્ય પરિસ્થિતિ હોય ત્યાં બળનો ઉપયોગ કર્યે જ છૂટકો છે. ભારતના કિનારા ઉપર પોર્ચુગીઝ મથકોને નાબૂદ કરવાની સમસ્યા આ પ્રકારની હતી. વાટાઘાટ કરતાં કરતાં ધીરજની હદ આવી ગઈ અને હવે આ નિરાકરણનો બીજો કોઇ ઉપાય નથી એ સ્પષ્ટપણે—સચોટપણે—ભારતને ભાસ્યું એટલે તેણે લશ્કરી પગલું—પોલીસ પગલું—જે કહો તે પગલું—ભર્યું અને તેના સદ્ભાગ્યે અણધાર્યા ટુંક સંમયમાં અને જાનમાલની અતિ-અલ્પ ખુવારી પૂર્વક, જે ઐતિહાસિક સંયોગોના કારણે આપણાથી આજ સુધી છુટું હતું અને પરાધીન હતું તે સ્વાધીન બન્યું અને આપણામાં વિલીન થઇ ગયું.

**ગોવાની મુકિત સંબંધે સીલોનનો પ્રતિનિધિ શું કહે છે?**

આ આખા પ્રશ્નને લગતી સમજણ વિશદ બને તે હેતુથી બે અવતરણો ઉદ્ધૃત કરવા જરૂરી લાગે છે. એક છે સીક્યોરીટી કાઉન્સીલમાં ગોવાના પ્રશ્ન ઉપર ચાલેલી ચર્ચા દરમિયાન સીલોનના પ્રતિનિધિ ડૉ. જી. પી. મહાલસેકરે ગોવાની મુકિતની જાહેરાત થઈ એ પહેલાં કરેલું વિવેચન. તેમણે પોતાના ભાષણમાં જણાવ્યું છે કે: "ભારતે ભરેલું આ પગલું આક્રમણ સમાન છે કે અમુક પ્રજાની મુકિત અર્થે લેવાયેલું છે તે પ્રશ્ન અહીં મુખ્યપણે વિચારવાનો છે. સીલોનનો એવો અભિપ્રાય છે કે આ નાનાં મથકો એક પ્રકારની પરદેશી વસાહતો જ હતી. આ વસાહતોને, ભારત સ્વતંત્ર થયા બાદ, ચાલુ રહેવા દેવા માટે કોઇ પાયાનું ખાસ કારણ જોવામાં આવતું નહોતું. ભારત સ્વતંત્ર થયા બાદ આ મથકોનું અસ્તિત્વ ગેરકાયદેસર હતું. આ મથકો ઉપરના ભારતના હક્કનો કોઇ ઇનકાર કરી શકે તેમ છે જ નહિ. આ પ્રશ્ન પોર્ચુગીઝ સાર્વભૌમત્વનો નહિ પણ ભારતમા પોતાના મુલકની મુકિતનો હતો. જ્યાં સુધી પોતાના મુલકના સર્વ વિભાગો ઉપર ભારતનું સાર્વભૌમત્વ સ્થપાય નહિ ત્યાં સુધી ભારતની આઝાદી પૂર્ણ અર્થમાં સિદ્ધ થઇ ન જ કહેવાય. આ વસાહતી સત્તાઓને આવાં મથકો ઊભાં કરીને એક દેશના ટુકડા કરવામાં અને 'કટંગા' જેવાં રાજ્યો ઊભાં કરવામાં હંમેશાં રસ રહેલો હોય છે. ઐતિહાસિક અને નૈતિક મૂલ્યોનાં નામે અહિં પોર્ચુગલ તરફથી વિનંતિઓ—અપીલો—કરવામાં આવી હતી. પણ જે દેશોએ એંગોલાના લોકો ઉપર પારવિનાનો સીતમ ગુજરતો જોવા છતાં માનવીમૂલ્યોની આટલી બધી અવગણના કરી હતી તે દેશોના મોઢે આવી અપીલો શોભતી નથી. એંગોલામાં માનવતાને લજાવે એવો જુલમ કરનાર જ્યારે આવી અપીલો કરે છે ત્યારે તે સાંભળીને મગજ ભમી જાય છે.

"આંતરરાષ્ટ્રીય જીવનમાં બળનો ઉપયોગ એ એક સ્વીકૃત હકીકત છે. પોર્ચુગલ કાંઇક ડહાપણપૂર્વક આ બાબતનો વિચાર કરશે અને આજની વાસ્તવિકતાને સ્વીકારી લેશે એ આશાએ ચૌદ વર્ષ સુધી રાહ જોઇને ભારતે પોતાના મુલકનો એક ભાગ કબજે કરવા માટે—તેને પારકી સત્તાની પકડમાંથી મુકત કરવા માટે—ઓછામાં ઓછા બળનો ઉપયોગ કર્યો છે. પોર્ચુગલનો ૪૦૦ વર્ષનો કબજો અન્યાયી હતો અને એ અન્યાયનો કોઇ છેડો દેખાતો નહોતો. વળી ગોવામાં પોર્ચુગલ સૈન્યની જે મોટા પાયા ઉપર ભરતી કરવામાં આવી છે તે ભારત પ્રત્યે તેના કોઇ શુભ અને શાન્તિભર્યા ઈરાદાઓ સાથે બંધબેસતી નહોતી અને સુલેહભર્યા પાયા ઉપર સમાધાન શોધવાની વૃતિ સાથે કોઇ તેનો મેળ મળે તેમ નહોતું.

"અહિં નહેરૂને ઉતારી પાડવા માટે જે દલીલો વાપરવામાં આવી છે તે સાથે સીલોન સંમત થઇ શકે તેમ નથી. ભારતના એ મહાઅત્માયની મહત્તા મહત્મા ગાંધીના અહિંસાના-અપ્રતિકારના-આદર્શ સાથે વ્યવહારુ પગલાનો મેળ મેળવવામાં રહેલી છે. ગોવા ઉપર જે કૂચ કરવામાં આવી છે તે મુકિતની પ્રક્રિયાનો એક ભાગ છે અને નહેરૂનું આ પગલું કદાચ એક સંત સાધુનું નહિ પણ એક પોલીસમેનનું હોય તો તેમાં નહેરૂનો કોઇ દોષ નથી.

"આ સંયોગોમાં પોર્ચુગલના મિત્રો જૂનવાણી અને કાળની પરખવિહોણું વલણ હવે બદલવું ઘટે છે એટલું પોર્ચુગલને ભાર મૂકીને જણાવે એવો મારો તેમને અનુરોધ છે. ભારતને તત્કાળ યુદ્ધતહકૂબી સ્વીકારવાનું કહેવા પહેલાં પોર્ચુગલ પાસેથી તેમણે પાકા પાયે ખાત્રી મેળવવી જોઇએ કે તે પોતાનાં ભારતીય મથકો વિનાવિલંબે છોડી દેવાને તૈયાર છે. હું આપનું એ હકીકત તરફ ધ્યાન ખેંચું છું કે ભારત સદા શાંતિને ચાહનારી પ્રજા છે અને કોઇ પણ સત્તાજૂથો સાથે તેણે પોતાનું જોડાણ કર્યું નથી અને તેથી ગોવા અને કટંગામાં યુદ્ધતહકુબીની અપેક્ષા રાખતી કેટલીક રાજકીય સત્તાઓનાં વલણ સાથે અમે બીલકુલ સહમત થઇ શકતા નથી. એક વખત તદ્દન વ્યાજબી એવું લશ્કરી પગલું ભરાઈ ચુકાયા બાદ, રખેને તેને તરત સફળતા મળી જશે એવી કલ્પનાથી આંતરરાષ્ટ્રીય નૈતિકતાનું ધોરણ આગળ કરીને, આ રાજયસત્તાઓ લશ્કરી પગલાંને અટકાવી દેવા ઈચ્છે છે. લશ્કરી જોડાણો નીચે શસ્ત્રોના ગંજના ગંજ ખડકવા સાથે આવા તેમના વલણને કોઇ સંગતિ હોઈ ન શકે એ તદ્દન દેખીતું છે.

"ભારતે ભરેલું આ પગલું આક્રમક—aggressive—છે એવા અભિપ્રાયને સીલોન ટેકો આપી શકે તેમ નથી. આ પોર્ચુગીઝ મથકોમાં વ્યાપારીઓ અને અન્ય સામાન્ય પ્રજાજનો ઉપરાંત ૧૨૦૦૦ ફિરંગીઓ વસે છે. આજના ભારતમાં આ એક 'કેન્સર' સમાન છે.આવતી કાલે ત્યાં અણુમથક ઊભું થવાનું જોખમ ઊભું જ છે. ભારતને વાટાઘાટ ચલાવવાનું હવે આવ્હાહન કરવા સીલોન ઈચ્છતું નથી, કારણ કે વાટાઘાટ દ્વારા આ પ્રશ્ન પતાવવા માટે ભારત વર્ષોથી પ્રયત્ન કરી રહ્યું જ હતું. ભારતને તેના પોતાના મુલકમાંથી પાછા હઠાવવાનું અમે કહી શકીએ તેમ નથી અને પોતાના મુલકનો કબજો લેવા માટે અમે ભારતને વખોડી કાઢવા માટે તૈયાર નથી. આમ હોવાથી આવું વલણ દાખવતા કોઈ પણ ઠરાવનો અમારે વિરોધ કરવો જ રહ્યો અને તેવા ઠરાવની વિરૂદ્ધમાં જ અમારે અમારો મત આપવો રહ્યો."

**ગોવાની મુકિત સંબંધે કાકાસાહેબ કાલેલકર શું કહે છે?**

આ ઉપરાંત બીજું અવતરણ કાકાસાહેબ કાલેલકરે 'જન્મ-ભૂમિના પ્રતિનિધિને ગોવાની મુકિત અંગે આપેલી મુલાકાતમાંથી ઉદ્ધૃત કરેલું છે. જે નીચે મુજબ છે:

"સરોવરનું ટીપુ આખરે સરોવરમાં મળી ગયું છે." એવા આનંદપ્રદર્શક ઉદ્‌ગાર સાથે આ મુલાકાતનો પ્રારંભ થાય છે. ગોવાને મુકત કરવા માટે ભારત સરકારે લીધેલા પગલાથી અમેરિકાએ ટીકા કરી છે કે ભારતનું પગલું ગાંધીજીની સત્યાગ્રહની નીતિ સાથે કોઈ રીતે સુસંગત નથી. આપનું એ સંબંધમાં શું માનવું છે," આ પ્રશ્ન કાકાસાહેબને પૂછતાં તેમણે જરાક વિચાર કરીને નીચે પ્રમાણે જવાબ આપ્યો:

"મારા પૂર્વજો ગોવા તરફના, અમારા કુળદેવનાં મંદિરો ગોવા-માં જ છે. એટલે અમે અવારનવાર ગોવા જવાના જ. લગ્ન સંબંધથી પણ ગોવાના સમાજ સાથે અમે પૂરેપૂરાં સંકળાયેલા એટલે હું પોતાને ગોમાંતકનિવાસી ગણું છું.

"ભારતનો એક નાનકડો હિસ્સો પરતંત્ર રહે એ શલ્ય અસહ્ય હતું જ. પણ ગોવાનિવાસી તરીકે પણ ગોવાની આઝાદી માટે મન અસ્વસ્થ હતું. ગોવાની પુણ્યભૂમિ મુકત થયેલી જોવા માટે હું તલ-સતો હતો. એટલે મારે માટે આજનો દિવસ અપાર આનંદનો છે, શુભ દિવસ છે."

"ગોવાની આઝાદી માટે આઝાદીને કારણે આખી દુનિયા પ્રસન્ન થઈ છે એ વિષે શંકા નથી. સવાલ એટલો જ છે કે અહીં અહિંસામાં માનનાર અને ગાંધીજીને રસ્તે ચાલનાર ભારતે શસ્ત્રોનો પ્રયોગ કર્યો એ કયાં સુધી ઠીક થયું? મહાત્માજી સાથે ત્રીસેક વર્ષ ગાળ્યાં. એમની પ્રેરણાથી અને એમની દેખરેખ હેઠળ અનેકાનેક કામો કર્યાં. મહાત્માજીના સત્યાગ્રહના સિદ્ધાન્તો દેશપરદેશના લોકોને સમજાવવાનું કામ કર્યું. એનો કાંઈ પણ અધિકાર ગણાતો હોય તો હું કહું છું કે જવાહરલાલજીએ જે પગલું ભર્યું તે યથાયોગ્ય હતું. અહિંસા અને સત્યાગ્રહનો એ અર્થ કોઈ કાળે ન થઈ શકે કે અહિં-સામાં માનનાર પક્ષ પોતાની વાત સોએ સો ટકા ન્યાયની હોય તો યે સદાકાળ હાથ જોડીને બેસી રહે અને અહિંસા એટલે નિર્વીર્યતા એમ સાબિત કરે. અહિંસા અને સત્યાગ્રહ આત્મ-બલિદાનમાં માને છે, આત્મહત્યામાં નહિ. આત્મબલિદાન દ્વારા સત્ય, સ્વતંત્રતા, ન્યાય, સમતા અને બંધુતાનો વિજય મેળવવા માગીએ છીએ. અન્યાય, અત્યાચાર અને ઘાતકીપણું સતત ચાલતું હોય અને જવાબદાર રાષ્ટ્રો પોતાની ધર્મબુદ્ધિ વેચી નાખી ફકત જોયા કરે ત્યારે અન્યાયના ભોગ થયેલા આપણા દેશવાસીઓને તુરત મુકત કરવા એ આપણી ફરજ થઈ બેસે છે.

"પોર્ટુગલની શકિત તે કેટલી? અને પોર્ટુગલની અક્કલ વિષે તો, અક્કલની જવાબદારી વિષે તો આખી દુનિયા જાણે છે. પોર્ટુગલ પાછળ ઈંગ્લાંડ, ફ્રાન્સ અને અમેરિકા જેવા દેશોનું પીઠબળ હતું, તેથી આપણે એ રાષ્ટ્રોને અનેક રીતે વિનવ્યા, આપણો સત્પક્ષ છે એ આપણે એમને પુરવાર કરી આપ્યું, છતાં એમણે પોતાનો પ્રભાવ વાપર્યો નહિ. પોતાની લાગવગ ભારત સામે વાપરી ત્યારે અક્કલ વગ-રની, સમજ વગરની, અને ન્યાય વગરની પોર્ટુગલ સરકારને સમ-જાવવાનો ઈલાજ શો રહ્યો?

"અને આપણે બળ વાપર્યું છે કયાં? સાપ અહિંસક થઈ જાય તો યે એણે ફૂંફાડો ન છોડવો જોઈએ એમ રામકૃષ્ણ પરમ-હંસે કહ્યું છે. આપણે જો શસ્ત્રબળથી ગોવાને સ્વતંત્ર કરવા માગતા હોત તો એની સાથે છળકપટ પણ આચર્યું હોત. આપણે એને આટલી બધી તૈયારી કરવાની તક પણ ન આપી હોત. આપણે આખી દુનિયાને વચમાં પડવાની તક આપી અને જ્યારે ઈંગ્લાંડ, ફ્રાન્સ, અમેરિકા જેવાં ગોરાં રાષ્ટ્રો પોર્ટુગલ જેવાને રોકવા તૈયાર નથી એમ જોયું ત્યારે એ નિર્વીર્ય પ્રેક્ષકો જે ભાષા સમજી શકે તે ફૂંફાડાની ભાષા જ આપણે વાપરી છે.

"કાશ્મીરનો સવાલ જાગ્યો ત્યારે આપણે રાષ્ટ્રસમૂહ આગળ ફરિયાદ કરવા ગયા. એમણે કેવી નીતિ ચલાવી તે આપણે જાણીએ છીએ છતાં, તેમની સામે આપણે તકરાર કરી નથી, કરવાના નથી. માણસ જાતની મોળી ધર્મબુદ્ધિના પ્રતિનિધિઓની એ જમાત છે. તકરાર કરીએ તો માણસજાત હજી અપૂર્ણ છે એનીજ તકરાર કરવા જેવી વાત છે.

યુદ્ધો અને કૂટ નીતિમાં તૈયાર થયેલાં રાષ્ટ્રો સાથે કામ છે, એટલે આપણો ભવિષ્યનો જીવનક્રમ સહેલો નથી. ભગવાનને ભરોસે સત્યનારાયણ ઉપરની શ્રદ્ધાને જોરે આપણે ચાલીએ છીએ. તિબેટ પ્રત્યે આપણે નૈતિક સહાનૂભૂતિ બતાવી અને ચીનનું વૈમનસ્ય વહોરી લીધું. જ્યાં જ્યાં સ્વતંત્રતા અને શાંતિની તરફેણમાં આપણે આપણો અવાજ ઉઠાવ્યો છે ત્યાં ત્યાં આપણે મુશ્કેલીમાં આવ્યા છીએ; પણ એમાં જ આપણી કસોટી છે. પશ્ચિમનાં રાષ્ટ્રો જાણે કહે છે કે અમારા જેવા તમે નથી થતાં એ જ તમારો ગુનો. અનુભવે તેઓ જોશે કે એમનું પણ આપણે હિત જ ઈચ્છયું છે.

"મને લગીરે શંકા નથી કે ગોવાની બાબતમાં આપણી અત્યાર સુધીની ધીરજ અને આજનું પગલું બંને યોગ્ય છે અને એમાં આપણે મહાત્માજીની શીખામણથી ચળ્યા નથી".

**માનસશાસ્ત્ર અને રાગદ્વેષમુકિત વિચાર**

આજે માનસશાસ્ત્ર એક વિશાળ સંશોધનનો વિષય બની રહેલ છે. માનવીચિત્તના ધર્મોનું સંશોધન એ તેનું મુખ્ય ધ્યેય છે. ઈન્દ્રિયો દ્વારા મન જ્ઞાનને ગ્રહણ કરે છે અને એ રીતે પ્રાપ્ત થયેલા જ્ઞાનને મનન ચિન્તન દ્વારા વિકસાવવામાં આવે છે. વિશદ વિચારણાની પ્રાપ્તિ અર્થે જેટલી જરૂર સુક્ષ્મ માનસિક વિશ્લેષણની છે, તેટલીજ જરૂર માનસિક શુદ્ધિની—ચિત્તશુદ્ધિની છે. પહેલી બાબત તો સૌ કોઇ સ્વીકારે છે, પણ વિશદ વિચારણાના કાર્યમાં ચિત્તશુદ્ધિ શું ભાગ ભજવે છે તેનું મહત્વ બહુ ઓછા લોકોના ધ્યાનમાં છે.

કોઇ પણ વસ્તુને યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે સુક્ષ્મ તત્વ-ગ્રાહી ચિત્ત અતિ આવશ્યક છે પણ એટલું પૂરતું નથી. આ ચિત્ત રાગ-દ્વેષ અને તજ્જન્ય વિકારોથી-અભિનિવેશોથી.-પણ બને તેટલું મુકત હોવું જોઇએ. જેમ આંખો ગમે તેટલી સારી, સપ્રમાણ અને સુયોગ્ય રચનાવાળી હોય તો પણ તે આંખો ઉપર કમળાની અસર હોય તો તે ભિન્નભિન્ન વર્ણોને યથાસ્વરૂપે પારખી શકતી નથી, દરેક પદાર્થ ઉપર પીતવર્ણની છાયા તેને માલુમ પડે છે, તેવી જ રીતે ચિત્ત જો રાગ-દ્વેષજન્ય માનસિક વિકારોથી કલુષિત હોય તો તેનું દર્શન પણ અમુક અંશે અસમ્યક્ હોવાનું. જેના વિષે આપણને રાગ હોય છે તેના વિષે તેનામાં હોય તે કરતાં વધારે ગુણોનું અને ઓછા દોષોનું આપણે આરોપણ કરીએ છીએ. જેના વિષે આપણને દ્વેષ હોય તેના વિષે આથી ઊલટો ક્રમ પ્રવર્તે છે. જ્યાં પ્રેમ ત્યાં પક્ષપાત, જ્યાં દ્વેષ ત્યાં વિપક્ષભાવ—એ ચિત્તનો સાધારણ સ્વભાવ છે. જ્યાં સુધી વસ્તુ, વ્યકિત કે વિષય પરત્વે આપણામાં તટસ્થતા ઊભી ન થાય ત્યાં સુધી તે વસ્તુ, વ્યકિત કે વિષયને આપણે યથાસ્વરૂપે ગ્રહણ કરી શકતા નથી.

આ ઉપરથી એ ફલિત થયું કે કોઇ પણ ઝીણી વાત કે વિશાળ વિચારને પકડી શકે એવી માનસિક તાકાત કેળવવી, વિશ્લેષણશકિત પ્રાપ્ત કરવી એ વસ્તુતત્વના સમ્યક્ જ્ઞાનને માટે જેટલું આવશ્યક છે, તેટલી જ આવશ્યકતા પોતાના જ્ઞાનને નિર્મળ, અભિનિવેશરહિત, વિશુધ્ધ, સમદર્શી બનાવવા માટે ચિત્તશુદ્ધિની—ચિત્તને રાગદ્વેષથી મુકત કરવાની—છે. આજના માનસશાસ્ત્રીઓ પહેલી બાબતનો જ વિચાર કરતા હોય છે. બીજી બાબત જેને માનવીના દૈનિક જીવન સાથે, આચાર વિચાર સાથે, યમનિયમના પાલન સાથે એટલે કે ધર્માચાર

સાથે જે સીધો સંબંધ છે તે માનસશાસ્ત્રનો જ વિષય હોવા છતાં આજના માનસશાસ્ત્રીઓ તેનો ભાગ્યે જ વિચાર કરતા હોય છે.

વિજ્ઞાનનો સાધારણ રીતે દ્રષ્ટ અથવા ઇંદ્રિયસ્પૃષ્ટ પદાર્થો સાથે સંબંધ હોય છે. માનવીનું માનસ અદષ્ટ પદાર્થ છે. આમ છતાં માનસશાસ્ત્રને વિજ્ઞાનના એક વિષય તરીકે લેખવામાં—વિચારવામાં આવે છે. આમ વિજ્ઞાન પણ દ્રષ્ટમાંથી અદ્રષ્ટ તરફ આગેકૂચ કરી રહ્યું હોય એમ લાગે છે. આ માનસશાસ્ત્રમાં મનની વિચારશકિત, પૃથક્કરણ શકિત, તર્કશકિત, અવધારણશકિત વગેરે અનેક બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. જ્ઞાનની પ્રક્રિયા એટલે શું? કોઇ પણ જ્ઞાન પ્રમાણભૂત બનવા માટે કયા કયા તત્વોની અપેક્ષા છે? વગેરે બાબતોની વિચારણા પણ આ સાથે સંકળાયેલી હોય છે. આ મુજબ ચિત્તને રાગદ્વેષથી, ભય, કામ, ક્રોધ, માન, માયા અને લોભથી મુકત કેમ કરવું કે જેથી ચિત્તમાં સ્ફુરતું જ્ઞાન વિશુદ્ધ, નિર્મળ બને—આવી, આચારવિચાર-વિષયક વિચારણા પણ માનસશાસ્ત્રનો જ એક અંગભૂત વિષય બનવો ઘટે છે.

આમ જ્યારે વિચારીએ છીએ ત્યારે માનસશાસ્ત્ર એક બાજુએથી વિજ્ઞાનને સ્પર્શે છે, બીજી બાજુએથી ધર્મને—ઉર્ધ્વલક્ષી આચાર વિચારને-સ્પર્શે છે. આ રીતે માનસશાસ્ત્ર દ્વારા વિજ્ઞાન અને ધર્મ એકમેકની નજીક આવે છે, પરસ્પર સંલગ્ન બને છે.

**સ્વ. ખુશાલદાસ કુરજી પારેખ**

ગયા ડીસેંબર માસની ૨૦ મી તારીખે જાણીતા સમાજ સેવક શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનું લાંબા સમયની માંદગી ભોગવ્યા બાદ ૭૬ વર્ષની ઉમ્મરે અવસાન થયું. તેમનું જીવન એક અખંડ સેવાયોગથી સભર અને સાર્થક બન્યું હતું. તેમનો જન્મ અમરેલીમાં કપોળ જ્ઞાતિમાં થયો હતો. પણ અભ્યાસાર્થે મુંબઈ આવીને વસ્યા બાદ, આખું જીવન તેમણે મુંબઈમાં જ વ્યતીત કર્યું હતું. બી. એ; એલએલ. બી. સુધી તેમણે અભ્યાસ કર્યો હતો. ત્યાર બાદ વીમાના વ્યવસાયમાં તેઓ પડયા હતા અને સારૂં કમાયા હતા. તેમની સેવાપ્રવૃતિનો વિદ્યાર્થીજીવનથી જ પ્રારંભ થયો હતો. શરૂઆતમાં કપોળ જ્ઞાતિ તેમની સેવાપ્રવૃતિનું ક્ષેત્ર બન્યું હતું. ૧૯૨૧ માં તેઓ ૩૬ વર્ષની ઉમ્મરે વિધુર થયા. તેમનાં પત્ની બે પુત્ર અને એક પુત્રી મૂકી ગયેલાં. આથી સંતોષ માનીને તેમણે ફરી લગ્ન કરવાનો વિચાર ન જ કર્યો. તેમનાં પુત્રો ધંધામાં દાખલ થવા બાદ તેમણે સંપૂર્ણપણે ધંધાનિવૃત્તિ સ્વીકારેલી અને તેમની બધી શકિતઓનો યોગ તેમણે સમાજના ચરણે સમર્પિત કરેલો. સૌરાષ્ટ્રમાં જ્યાં જ્યાં કપોળ કોમનો સમુદાય વસતો હોય ત્યાં ત્યાં છાત્રાલયો, શિક્ષણસંસ્થાઓ, ચિકિત્સાલયો ઊભા કરવા પાછળ અને તેને લગતાં ફંડફાળાઓ એકઠા કરવા પાછળ તેઓ દિવસ—રાત રોકાયેલા રહેતા. આને માટે મુંબઈથી સૌરાષ્ટ્રમાં તેમનું ચાલુ પરિભ્રમણ થયા કરતું. થાક શું તે તેમણે કદિ જાણ્યું નહોતું. શ્રીમાનો પાસેથી દાન મેળવવાની તેમણે અપૂર્વ કલા સાધી હતી. તેમની શકિત સમયાન્તરે વિશાળ સમાજનાં સેવાકાર્યો તરફ સારા પ્રમાણમાં ઢળી હતી. સૌરાષ્ટ્રમાં સોનગઢ પાસે આવેલા ઝીંથરી ખાતે ક્ષયરોગના નિવારણ અર્થે ઊભું કરવામાં આવેલ હોસ્પિટલ તેમના ભગીરથ શ્રમને આભારી છે. મુંબઈની સર હરકીસનદાસ નરોત્તમદાસ હોસ્પિટલના આજ સુધીના વિકાસમાં શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનો ઘણો મોટો ફાળો છે.

તેમની સેવાની કદરરૂપે તેમના જીવન દરમ્યાન અનેક સંસ્થાઓમાં તેમનાં તૈલચિત્રો મૂકવામાં આવ્યાં છે; જાફરાબાદ હાઈસ્કૂલમાં તેમની આરસપ્રતિમા પ્રતિષ્ટિત કરવામાં આવી છે. તેમના પ્રશંસકોએ રૂા. ૩૦૦૦૦૦ નું ફંડ એકઠું કરીને તેમાંથી અમરેલી ખાતે ૧૯૪૫ માં એક મોટી શિક્ષણસંસ્થા ઊભી કરી છે. અને તે સાથે શ્રી. ખુશાલદાસ કુરજી પારેખનું તથા મહેતા રુગનાથ પૂંજાભાઈનું નામ જોડવામાં આવ્યું છે. ૧૯૪૮ કે ૪૯ માં તેમને રૂપિયા અઢી લાખની થેલી અર્પણ કરીને મુંબઈ ખાતે તેમનું બહુ મોટા પાયા ઉપર સન્માન કરવામાં આવ્યું છે.

આ દુનિયામાં અનેક માનવીઓ આવે છે અને જાય છે; અનેકના હાથે અનેક સેવાકાર્યો નિર્માણ થાય છે. પણ શ્રી ખુશાલદાસભાઈની તોલે આવે એવા સમાજસેવકો અતિ વિરલ જોવામાં આવે છે. આવો નિષ્ઠાવાન, સતત કાર્યરત, પરોપકારી, કશી પણ આર્થિક કે રાજકારણી મહત્ત્વાકાંક્ષા વિનાનો, સેવા, સેવા અને સેવાનું જ સતત રટણ કરનારો, અનેક સેવાસંસ્થાઓનો અને સમાજસેવકોનો જન્મદાતા મેં બીજો કોઇ જોયો નથી. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાન્તિ પ્રાપ્ત થાઓ એવી અન્તરની પ્રાર્થના છે.

પરમાનંદ

★

## સુવિખ્યાત કેળવણીકાર શ્રી નાનાભાઇ ભટ્ટનું અવસાન

આ પત્ર છપાઈ રહ્યું છે એ દરમિયાન સમાચાર મળે છે કે તા. ૩૧ મી ડીસેમ્બર રવીવાર સવારના ૧૦ વાગે સુવિખ્યાત કેળવણીકાર અને લોકભારતી (સણોસરા)ના નિર્માતા નાનાભાઈ ભટ્ટનું આઠ કે દસ દિવસ પહેલાં શરૂ થયેલ હૃદયરોગના આક્રમણના પરિણામે ૭૯ વર્ષની ઉંમરે અવસાન થયું છે. તેમના સંબંધે વિશેષ નોંધ આવતા અંકમાં આવશે.

## પં. સુખલાલજી ઉપર કરવામાં આવેલું ઑપરેશન

મુંબઇ ખાતે સર હરસનદાસ હોસ્પિટલમાં પં. સુખલાલજીની પ્રોસ્ટેટ ગ્લેન્ડ-મૂત્ર-ગ્રંથિ-નું જાણીતા સર્જન શ્રી મુકુંદરાય પરીખે ૩૦મી ડીસેમ્બર શનિવારના રોજ સફળ ઑપરેશન કર્યું છે અને તેમની તબિયત સારી રહી છે, અને આજ સુધીની પ્રગતિ સંતોષકારક છે.

## મુદ્રણશુદ્ધિ

તા. ૧૬-૧૨-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'પરમાણુ અને તેની રચના' એ મથાળાના લેખમાં પાનું ૧૬૨, પહેલું કોલમ, છેલ્લેથી ઉપર ૧૩મી લીંટીમાં 'આનું વજન બરોબર છે' એમ છપાયું છે તેના બદલે 'આનું વજન પ્રોટોન બરોબર છે' એમ વાંચવું.

તંત્રી: પ્રબુદ્ધ જીવન


| વિષયસૂચિ | | પૃષ્ઠ |
|---|---|---|
| ફાંસીની સજા રદ થવી જોઈએ. | કાકા કાલેલકર | ૧૬૭ |
| શ્રી કૃષ્ણમેનન વિરુદ્ધ—આચાર્ય કિરપલાણી ... | ચીમનલાલ ચકુભાઇ શાહ, પરમાનંદ | ૧૬૯ |
| અમારો કાશ્મીરનો પ્રવાસ ... | પરમાનંદ | ૧૭૨ |
| પ્રકીર્ણ નોંધ: ગોવાની મુકિત: ભારત સરકારને અભિનંદન, ગોવાની મુકિત સંબંધે સીલોનનો પ્રતિનિધિ શું કહે છે? ગોવાની મુકિત સંબંધે કાકાસાહેબ કાલેલકર શું કહે છે?, માનસશાસ્ત્ર અને રાગદ્વેષમુકિત વિચાર, સ્વ. ખુશાલદાસ કુરજી પારેખ | પરમાનંદ | ૧૭૫ |


મુંબઇ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જીવન

પ્રબુદ્ધ જૈન 'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૧૮

મુંબઇ, જાન્યુઆરી ૧૬, ૧૯૬૨, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

# પુણ્યમૂર્તિ નાનાભાઈ ભટ્ટ: એક વિરલ માનવવિભૂતિ

તા. ૩૧મી ડીસેંબર રવિવારના રોજ આપણ સર્વને સુવિદિત એવા શ્રી નાનાભાઈ ભટ્ટનો સણોસરા ખાતે દેહવિલય થયો. તેમની સાથે મારો પચાસથી વધારે વર્ષનો સંબંધ હતો. ૧૯૦૯ના ડીસેંબર માસમાં મેં મેટ્રિકની પરીક્ષા પસાર કરી અને કૉલેજના પહેલા વર્ષનું પહેલું સત્ર મેં સામળદાસ કૉલેજમાં પસાર કર્યું તે વખતે તેઓ અમારા ઈતિહાસના ઉપાધ્યાપક—લેકચરર—હતા. તેમની પાસે હું રોમનો ઈતિહાસ શિખેલો. વળી હું મેટ્રિકમાં હતો તે દરમિયાન તેમના ઘેર કોઈ મિત્રો સાથે અવારનવાર જતો અને અમને તેઓ સંસ્કૃત સાહિત્યનું વાંચન કરાવતા. ત્યાર પછી ૧૯૧૦ની સાલમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની સ્થાપના ભાવનગર સ્ટેશન પાસેની એક જૂની સાર્વજનિક ધર્મશાળામાં કરવામાં આવેલી ત્યારે હાજર રહેવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. એ વખતે તો આ કેવળ છાત્રાલય હતું. તેમાંથી તેનો વિકાસ થયો અને સમયાન્તરે સ્વતંત્ર શિક્ષણ-સંસ્થાનું રૂપ તેણે ધારણ કર્યું. તેમાં ગિજુભાઈ તથા હરભાઈ જોડાયા. શિક્ષણના ક્ષેત્રે નવાં પ્રસ્થાનો એક પછી એક શરૂ થયાં. બાલશિક્ષણના ક્ષેત્રે મૉન્ટીસરી પદ્ધતિનું અવતરણ થયું. માધ્યમિક શિક્ષણ ડાલ્ટન પ્લાનના ધોરણે અપાવા લાગ્યું. બાળ અધ્યાપન મંદિરની સ્થાપના થઈ. તારાબહેન મોડક એ અરસામાં બાલશિક્ષણના કાર્યમાં જોડાયેલાં. એક અને અજોડ શિક્ષણસંસ્થા તરીકે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની ચોતરફ ખ્યાતિ ફેલાઈ. ૧૯૨૦ અને ૩૦ના ગાળામાં નાનાભાઈ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક થયા. ૧૯૩૦—૩૨ની સવિનય સત્યાગ્રહની લડતમાં નાનાભાઈએ ઝંપલાવ્યું. ગાંધીજીએ દેશ આગળ નયી તાલીમનો વિચાર રજુ કર્યો. તે વિચારને નાનાભાઈએ પુરા આદરથી ઝીલ્યો—અપનાવી લીધો. તેમની દષ્ટિ શહેર છોડીને ગામડા તરફ ઢળી. ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનને સંકેલીને આંબલા નામના ગામડામાં ગ્રામ દક્ષિણામૂર્તિની તેમણે સ્થાપના કરી. ૧૯૪૦માં સણોસરા ખાતે 'લોકભારતી'નું નિર્માણ થયું. ૧૯૪૨ની લડત દરમિયાન તેઓ વળી જેલવાસી બન્યા. ૧૯૪૮માં તેઓ સૌરાષ્ટ્રના પ્રથમ પ્રધાન મંડળમાં શિક્ષણ મંત્રિના સ્થાને નિમાયા. ૧૯૫૦મા તેઓ એ સ્થાનનું રાજીનામું આપી લોકભારતીમાં પાછા ફર્યા. પછી દિલ્હીની રાજસભામાં નિમાયા. બે અઢી વર્ષ પહેલાં તેઓ અપંગ બન્યા. ૧૯૬૦માં તેમને ભારત સરકારે 'પદ્મશ્રી'નો ઈલ્કાબ આપી નવાજ્યા. તે જ વર્ષમાં તેમણે પોતાનો એક યુવાન પુત્ર ગુમાવ્યો. ૧૯૬૧ના જાન્યુઆરી માસમાં જ્યારે ભાવનગર ખાતે કૉંગ્રેસ અધિવેશન ભરાયું ત્યારે, સણોસરા ખાતે તેમનું માનનીય મોરારજીભાઇના અધ્યક્ષસ્થાને બહુ મોટા પાયા ઉપર સન્માન કરવામાં આવ્યું અને અઢી લાખની થેલી તેમને અર્પણ કરવામાં આવી. ૧૯૬૧ના ડીસેંબર માસની ૩૧મી તારીખે આ અત્યન્ત ઉજ્જવલ તેજોમય કારકીર્દીનો દશેક દિવસના હૃદયરોગના આક્રમણના પરિણામે અન્ત આવ્યો.

નાનાભાઈના જીવનના આ સર્વ તબક્કાઓનો હું સાક્ષી છું. તેમની સાથે મારો અતૂટ સંબંધ અને એ પણ ઉત્તરોત્તર ગાઢ બનતો રહ્યો છે. એક વખત હું તેમનો એક સામાન્ય વિદ્યાર્થી હતો. પછી મારા માટે તેઓ મુરબ્બી અને પ્રેરણાદાતા બન્યા અને તેમના વાત્સલ્યના પાત્ર બનેલા અનેક મિત્રોમાંનો એક હોવાનું ભાગ્ય મને સાંપડયું. ધીમે ધીમે અમારો સબંધ અત્યન્ત નિકટવર્તી મિત્ર જેવો બની ગયો. ભાવનગર જાઉં ત્યારે તેમની પાસે, તેઓ જ્યાં હોય ત્યાં, ગયા વિના અને તેમની સાથે એક બે દિવસ ગાળ્યા વિના રહું જ નહિ. જ્યારથી તેમની નજીક આવવાનું બન્યું ત્યારથી તેમના દરેક મનોમન્થનનો હું સાક્ષી બનતો રહ્યો છું. તેમની અને મારી વચ્ચે કોઇ અન્તર રહ્યું નહોતું એમ કહું તો તેને કોઇ અત્યુકિત ન માને. આમ તેમના વિષે મારા મનમાં પારવિનાનાં સ્મરણો સંગ્રહાયેલાં છે. તેમાંથી શું રજુ કરૂં અને શું રજુ ન કરૂં? તેમના બહુલક્ષી અને સતત ઉર્ધ્વાભિમુખ જીવનના અનેક પાસાંઓ મારા મનમાં કોતરાયેલા પડયા છે. તેમાંથી કયુ પાસું આગળ ધરૂં અને કયું પાસું પાછળ રાખું? આમ તેમના વિષે શું કહેવું અને શું ન કહેવું તેની મથામણમાંથી જે બે ચાર બાબતો ચિત્ત ઉપર એકદમ ઉપસી આવે છે તેને શબ્દોમાં ઉતારવા પ્રયત્ન કરૂં છું.

નાનાભાઈનો ઉછેર કેવળ જૂનવાણી અને સ્થિતિચુસ્ત વાતાવરણમાં થયો હતો. આ હકીકત આપણા ધ્યાનમાં ન આવે ત્યાં સુધી સ્થિતિચુસ્તતાના દુર્ગો એક પછી એક વટાવવામાં તેમને કેટલો પુરુષાર્થ કરવો પડયો હશે તેની ખરી કલ્પના આવવી મુશ્કેલ છે. તેઓ અનેક આર્થિક મુશ્કેલીઓ વટાવીને બી. એ. થયા, એમ. એ. થયા, કૉલેજના અધ્યાપક બન્યા—આ બાબતનું મારે મન એટલું બધું મહત્વ નથી અને તે એટલા માટે કે નવી કેળવણીના ઉગમના એ દિવસોમાં જે કોઈ સામાન્ય સ્થિતિના વિદ્યાર્થીઓ આગળ વધ્યા, ઉપર આવ્યા તેમાંના ઘણાખરાને આ કસોટીમાંથી પસાર થવાનું જ હતું. પણ પછી તેમણે કૉલેજની નોકરી છોડી દીધી અને શરૂઆતનું દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન એટલે પાંચ પંદર વિદ્યાર્થીઓની એક નાની સરખી બોર્ડિંગના તેઓ નિયામક બન્યા—આ પુરુષાર્થ, આ સાહસ એ સમયની પરિસ્થિતિ માટે નાનો સુનો નહોતો. પછી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન છાત્રાલયમાંથી આગળ જતાં એક સંપૂર્ણ શિક્ષણસંસ્થામાં વિકસ્યું, પણ તે સંસ્થા શ્રીમન્નથુરામ શર્માની પ્રેરણા અને આર્થિક મદદથી ઊભી થઈ હતી અને તે વિષેની કલ્પના પ્રાચીનકાળના એક ગુરુકુળની હતી. નાનાભાઇ નથ્થુરામ શર્માના પટ્ટશિષ્ય હતા અને તેમના વિષે નાનાભાઈની અથાક ભકિત અને શ્રદ્ધા હતી. આ બધું છતાં નાનાભાઈનું પ્રેરક બળ હંમેશાં તેમની સત્યનિષ્ઠા અને ચારિત્ર્યનિષ્ઠા રહી હતી. સમય જતાં પોતાના ગુરુના ચારિત્ર્યમાં શંકા પેદા થાય એવી ઘટનાઓ નાનાભાઇની નજર સામે

આવવા લાગી. આનું પરિણામ તેમની સાથેના ગુરુશિષ્યના સંબંધનો એકાએક અન્ત લાવવામાં આવ્યું. વળી એ જ અરસામાં સંસ્થામાં અસ્પૃશ્યોને પ્રવેશ આપવો કે નહિ એ પ્રશ્ન ઉપસ્થિત થયો. નાનાભાઈ બ્રાહ્મણધર્મના ગાઢ સંસ્કારોમાં ઉછરેલા હતા. એમ છતાં એ દિવસોમાં એટલે કે ૧૯૨૦ આસપાસનાં વર્ષોમાં ગાંધીયુગની આપણા દેશમાં શરૂઆત થઈ ચૂકી હતી અને નાનાભાઈ જેવી સાત્ત્વિક અને સત્યપરાયણ વ્યકિત એ વાતાવરણથી અસ્પૃષ્ટ કેમ રહી શકે? અને તેથી અસ્પૃશ્યપ્રવેશ સંબંધમાં નાનાભાઈ માટે બીજું વલણ હોઈ ન જ શકે. આ પ્રવેશને તેમણે ભારે પ્રતિકૂળ વાતાવરણ વચ્ચે અનુમત કર્યો અને શ્રીમન્નથુરામ શર્મા તરફથી દર વર્ષે દક્ષિણામૂર્તિને મળતી રૂા. ૧૦૦૦૦ની રકમ બંધ થઈ. નાનાભાઈના જીવનમાં આ દિવસો અપાર મનોમન્થનના હતા. આજે જ્યારે અસ્પૃશ્યતા લગભગ ભૂતકાળની વસ્તુ બની ગઈ છે, અને આપણે ઉછેર ઉદાર વાતાવરણ નીચે થઈ રહ્યો છે ત્યારે નાનાભાઈની કુટુંબીજનો સાથેની, ગુરુના પરિવાર સાથેની, બ્રાહ્મણ સમાજ સાથેની, ભાવનગર શહેરના વાતાવરણ સાથેની આ અથડામણ કેવી વ્યથાપૂર્ણ બની હશે તેનો ખ્યાલ આવવો અશકય છે.

શિક્ષણના ક્ષેત્રમાં તેઓ એક મોટા પ્રયોગવીર હતા. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનમાં વસતા વિદ્યાર્થીઓના શિક્ષણનો પ્રબંધ સંસ્થામાં જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યાર બાદ શિક્ષણના ક્ષેત્રમાં અનેક નવા પ્રયોગો કરવાની શરૂઆત થઈ. તેમના વિચારને ઝીલે એવા તેમને બે સાથીઓ મળી ગયા—હરભાઈ અને ગિજુભાઈ. તે બન્નેને આ બાબતમાં તેમણે છૂટો દોર આપ્યો. અને પરિણામે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન શિક્ષણની એક મહાન પ્રયોગશાળા બની ગયું. વળી શિક્ષણને લગતું ક્રાંતિકારી સાહિત્ય વિપુલ પ્રમાણમાં નિર્માણ થવા લાગ્યું, જેના લીધે શિક્ષણ કેળવણીને લગતી લોકમાનસમાં જડ ઘાલીને બેઠેલી અનેક રૂઢ વિચારગ્રંથિઓ છૂટવા માંડી અને નવા વિચારોનો ચોતરફ ફેલાવો થવા લાગ્યો. 'સોટી વાગે ચમચમ, વિદ્યા આવે રમઝમ'- આ પુરાણી પદ્ધતિ અપ્રતિષ્ઠત થઈ ગઈ. મોન્ટેસરી પદ્ધતિના પ્રચાર દ્વારા બાલશિક્ષણને લગતી વિચારસરણીમાં પાયાનું પરિવર્તન થયું.

કોઈ પણ સંસ્થા ઊભી કર્યા બાદ તેના વિષે સંસ્થાના ઉત્પાદકનું મમત્વ એટલું બધું જામે છે કે તેમાં શિથિલતા આવે, સડો પેદા થાય, તેના અસ્તિત્વની કોઇ ખાસ ઉપયોગીતા ન લાગે તો પણ, તે સંસ્થાને કોઈ પણ હિસાબે ચાલુ રાખવાનો—તેની ઈમારતને થીગડાં મારીને પણ ઊભી રાખવાનો—આગ્રહ સાધારણ રીતે દરેક સંસ્થાના નિર્માતાને રહે છે. ભાવનગરના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનને ૨૫—૨૭ વર્ષ સુધી ચલાવ્યા બાદ નાનાભાઈને માલુમ પડયું કે શહેરના વિદ્યાર્થીઓને શહેરી ઢબનું શિક્ષણ આપ્યા કરવાનો કોઈ અર્થ જ નથી. આવું શિક્ષણ એક યા બીજા આકારે બીજી અનેક સંસ્થાઓ આપે છે. તેમાં દક્ષિણામૂર્તિએ હવે કશું નવું આપવાનું રહ્યું નથી. પ્રમુખ કાર્યકર્તાઓમાં પણ બેદિલી અને અવિશ્વાસે પ્રવેશ કર્યો હતો. ગાંધીજીની નયી તાલીમના વિચારોથી નાનાભાઈ ખૂબ પ્રભાવિત બન્યા હતા અને નયી તાલીમની અજમાયશ માટે તો ગામડાને જ કાર્યક્ષેત્ર તરીકે પસંદ કરવું જોઈએ એમ તેમને લાગ્યું. આ બધા મનોમન્થનના પરિણામે તેઓ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનને એકાએક વિસર્જન કરવા તરફ પ્રેરાયા. ૧૯૩૭માં તેમણે ભાવનગર છોડયું અને આંબલા જઈને વસ્યા અને ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. અહિં પણ તેમને પારવિનાની મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. આવું સાહસ તેનામાં જ સંભવે કે જેનામાં અપૂર્વ શિક્ષણનિષ્ઠા હોય અને 'મારૂં એ સારૂં' એના સ્થાને 'સારૂં એ જ મારૂં હોઈ શકે' એવી સમ્યક્ જીવનદષ્ટિ પ્રાપ્ત થઈ હોય, એટલું જ નહિ પણ, તે દષ્ટિને અમલી બનાવવાનું જેનામાં સમર્પણ અને ધૈર્ય હોય. આંબલાના ગ્રામદક્ષિણામૂર્તિમાંથી લોકભારતીનો જન્મ એ નવા સાહસનું સ્વાભાવિક પરિણામ છે. આ લોકભારતીનો સણોસરા ખાતે ૧૯૪૦માં જન્મ થયો. છેલ્લાં વીશ વર્ષના ગાળામાં આ લોકભારતી નાનાભાઈના માર્ગદર્શન નીચે ફાલી ફૂલીને સુપ્રતિષ્ઠિત થયેલી છે. આવું જીવન્ત સ્મારક મૂકીને નાનાભાઈ આપણી વચ્ચેથી વિદાય થયા છે. શિક્ષણના ક્ષેત્ર માફક સાહિત્યના ક્ષેત્રે તેમણે એટલી જ મોટી સેવા બજાવી છે. તેમના જીવનની ભાત પ્રારંભથી તે આજ સુધી એક સરખી સાધુસદશ રહી છે. કોઇ વૈભવે તેમના જીવનમાં—તેઓ શિક્ષણમંત્રી હતા ત્યારે પણ—પ્રવેશ કર્યો નથી. એક ખડતલ, સાદું, તપસ્વીનું કલ્યાણમય જીવન, સતત જાગૃતિપૂર્વકનું, દષ્ટિ પૂતંન્યસેત્ પાદં" એ ધોરણ મુજબ પૂરા વિચારપૂર્વક નવું પગલું ભરતું અને એ પગલાને દઢતાપૂર્વક વળગી રહેતું અને આગળના નવા પગલાનું વિચાર કરતું-એમ સતત વિકસતું, બાહ્ય સિદ્ધિ અને આન્તરિક ઉત્કર્ષનાં એક પછી એક સીમાચિહ્નો સર કરતું, સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોને મૂર્તિમંત કરતું જીવન પૂરી કૃતાર્થતા સાધીને વિરામ પામ્યું છે. સ્થૂળ દેહે તેઓ આપણી વચ્ચેથી સદાને માટે ગયા છે. સ્મરણપટ ઉપર કદિ ન ભૂંસાય એવી છાપ તેઓ મુકી ગયા છે. માનવવિભૂતિનું તેમણે આપણને અપૂર્વ દર્શન કરાવ્યું છે. તેમના પવિત્ર સ્મરણમાંથી આપણે પ્રેરણા મેળવતા રહીએ અને એ રીતે આપણા જીવનને સતત ઉજાળતા રહીએ—એ જ પ્રાર્થના, એ જ શુભેચ્છા ! !

પરમાનંદ

× × ×

# અમારો કાશ્મીરનો પ્રવાસ—૬

## અમરનાથ (ચાલુ)

અમરનાથની આ ગુફા સમુદ્ર સપાટીથી ૧૨૭૨૯ ફીટની ઊંચાઈએ આવેલ છે. ગુફાની લંબાઈ ૫૦ ફીટ, પહોળાઈ ૫૫ ફીટ અને ઊંચાઈ ૪૫ ફીટ છે. પહેલગામથી અહીં સુધી આવતાં નાની કે મોટી એક પણ ગુફા જોવામાં આવી ન હતી. તો પછી કઈ અદશ્ય શકિતએ અહીં આટલી મોટી ગુફા નિર્માણ કરીને તેને દેશવિદેશના અનેક યાત્રીઓ માટે એક મહાન આકર્ષણ કેન્દ્ર બનાવી દીધું હશે?—આવો પ્રશ્ન આ ગુફાને નિહાળતાં મનમાં ઊઠયા વિના રહેતો નથી. મોટામાં મોટો કારીગર પણ આશ્ચર્યચકિત બની જાય તેવું તેનું ગોળાકાર વિશાળ પ્રવેશદ્વાર છે. ગુફાની અંદર ઊંડાણમાં જમણી બાજુએ એક ગોળાકાર જેવો ખુણો છે. અહીં બારે માસ ઓછા વધતાં દળવાળો હિમપુંજ જામેલો રહે છે, જેને શિવલિંગ તરીકે ઓળખવામાં આવે છે. અહીં બરફ શી રીતે જામે છે અને તેનું દળ વધીને પાણી ભરવાના મોટા પવાલાનો આકાર શી રીતે ધારણ કરે છે? આવો પ્રશ્ન કોઈને પણ થયા વિના ન રહે. આનો ખુલાસો એમ કરવામાં આવે છે છે કે આ પહાડના ઉપરના ભાગમાં, જ્યારે બરફની સારા પ્રમાણમાં જમાવટ થાય છે ત્યારે, ગુફાના આ ખુણામાં ઉપરથી પાણી ટપકે છે અને અંદરના અતિ ઠંડા હવામાનના કારણે ઉપરથી ટપકતું પાણી થીજીને આ ઠેકાણે હિમ બનતું જાય છે. પહાડ ઉપરનો બરફ જ્યારે ઓગળી જાય છે ત્યારે ઉપરથી પાણી ટપકતું બંધ થાય છે અને વિપુલ દળવાળું શિવલિંગ ધીમે ધીમે ઓગળવા માંડે છે અને તેનું કદ સંકોચાવા લાગે છે. અમે અહીં આવ્યા ત્યારે પહાડ ઉપરનો ભાગ બિલકુલ સાફ હતો, અને પાણી નીતરતું બંધ થઈ ગયું હતું. આને લીધે અમે જેવું મોટું ભરાવદાર શિવલિંગ જોવાની આશા રાખેલી તે જોવા ન મળ્યું. જ્યારે પહાડ ઉપર તેમ જ આસપાસ બરફની ખૂબ જમાવટ થયેલી હોય છે ત્યારે ગુફાના આ ખુણામાં જ માત્ર બરફ જામીને શિવલિંગનો આકાર ધારણ કરે છે એમ નથી, તેની નજીકમાં પણ અલગ અલગ બરફના બીજા બે ઢગ નિર્માણ થાય છે, જેમાંથી એકને પાર્વતી તરીકે અને અન્યને ગણપતિ તરીકે ઓળખવામાં આવે છે અને તેની એ પ્રકારની શ્રદ્ધાથી પૂજા કરવામાં આવે છે.

આ ખુલાસા ઉપરથી માલુમ પડશે કે આ પ્રકારના શિવલિંગ નિર્માણને એક દૈવી ચમત્કાર તરીકે લેખવામાં આવે છે—આવો કશો કોઈ દૈવી ચમત્કાર છે જ નહિ. વસ્તુત: માત્ર આ હિમપુંજ જ નહિ, પણ આ ગુફા, આ પહાડ, આ પ્રદેશ, આ પૃથ્વી તેને અજવાળી રહેલ સૂર્ય, ચંદ્ર; આકાશના તારાઓ અને આખી વિશ્વરચના—આ બધું એક રીતે વિચારીએ તો કેવળ દૈવી ચમત્કાર જ છે. તેની ગૂઢતા અને ગહનતાને કોઈ ભેદી શક્યું જ નથી. આ બધું કેમ બન્યું છે અને કેમ ચાલી રહ્યું છે તેની કોઈને ખબર નથી. કીડી પણ ચમત્કાર છે, અને કુંજર પણ ચમત્કાર છે. પુષ્પ પણ ચમત્કાર છે, અને ફલ પણ ચમત્કાર છે. પણ જે જોવાને આપણે હંમેશાને માટે ટેવાયેલા હોઈએ છીએ તેના વિષે આપણને ચમત્કારનું સંવેદન થતું નથી. વળી આ સર્વ કાંઈ કાર્યકારણના શાશ્વત નિયમને આધીન છે, પણ જે એકાએક, અણધાર્યું ને અસામાન્ય આપણા જોવામાં આવે છે અને જે ઘટનાને, પરિણામને આપણે તેના ઘટક-પરિણામજનક-કારણ યા કારણો સાથે બુદ્ધિપૂર્વક સાંકળી શકતા નથી તેને આપણે ચમત્કાર તરીકે અનુભવીએ છીએ, વર્ણવીએ છીએ. આ રીતે ઊંડી શ્રદ્ધાથી પ્રેરાઈને આવતા ધર્મપરાયણ યાત્રિકો આ ગુફામાં દાખલ થતાં પોતાની નજર સામે જામેલો હિમપૂંજ જુએ છે અને તે હિમપૂંજે જ્યારે એક ભવ્ય શિવલિંગનો આકાર ધારણ કરેલો હોય છે ત્યારે, તે દિગ્મૂઢ બની જાય છે, ઊંડા આશ્ચર્યમાં લીન બની જાય છે, ઘર્વાપર કારણો તેની નજરમાં આવતાં નથી અને સ્વાભાવિક રીતે આ અપૂર્વ દૃશ્યને તેઓ એક દૈવી ચમત્કાર એટલે કે કોઈ અવિદિત કારણના ભૂમિકા વિનાની દૈવી ઘટના લેખવા પ્રેરાય છે.

આ શિવલિંગની ક્ષયવૃદ્ધિને અમાસ—પૂર્ણિમા સાથે જોડવામાં આવે છે તે કેવળ શ્રદ્ધાળુ લોકોની કલ્પના છે. આપણે ઉપર જોયું તે પ્રમાણે આ શિવલિંગની ક્ષયવૃદ્ધિનો સંબંધ ઉપરના ભાગમાં હિમની વિપુલ પ્રમાણમાં જમાવટ થવા ન થવા સાથે છે. દરિયાની ભરતી ઓટ માફક અમાસ—પૂર્ણિમા સાથે તેને કોઈ સંબંધ છે જ નહિ.

આ સ્થળને લગતી બીજી એક માન્યતા પ્રચલિત છે. અમને કહેવામાં આવ્યું હતું કે આ ગુફાની એક બાજુએ ઊંચેના ભાગમાં ધોળા કબૂતરની એક જોડી બેઠેલી હંમેશા જોવામાં આવે છે અને ભગવાન શંકર અને પાર્વતી આ કબૂતરયુગલના રૂપમાં યાત્રિકોને દર્શન દે છે. આ બાબત યાદ રાખીને અમે ચોતરફ બધે નજર ફેરવી, પણ આવું કોઈ કબૂતરયુગલ અમારી નજરે ન પડયું. આને બદલે કાગડા જેવા મોટા કદના અને કાળા રંગના પક્ષીઓ દીવાલની બખોલમાં બેઠેલાં અને આમતેમ ઉડતાં અમારા જોવામાં આવ્યાં. પણ ધારો કે આ કબૂતરયુગલ અમને દેખાયું હોત તો પણ તેને શંકર-પાર્વતી માની લેવાનું કોઈ કારણ નહોતું. આમ છતાં આ કબૂતરને લગતી કિંવદંતી અને તે પાછળ શંકર-પાર્વતીની કલ્પના વર્ષોથી ચાલ્યા જ કરે છે અને ભોળા યાત્રાળુઓ તેને માન્યા જ કરે છે.

આ ગુફાની કોણે પહેલી શોધ કરી અને તેની એક તીર્થ તરીકે પ્રતિષ્ઠા શી રીતે થઈ તે વિષે કોઈ પ્રમાણભૂત હકીકત અમને જાણવા ન મળી. માત્ર ટટ્ટુવાળાઓ મારફત એટલી માહિતી મળી કે મલિક નામનો કોઈ ભરવાડ, બકરવાળ વર્ષો પહેલાં ફરતો ફરતો અહીં આવી ચઢેલો અને તેણે આ ગુફા અને તેમાંનું હિમનિર્મિત શિવલિંગ જોયું અને તે વિસ્મયાભિભૂત બન્યો. તેણે તે સમયના કાશ્મીરના મહારાજાને આ બાબતની ખબર કરી અને મહારાજાએ માણસોને મોકલીને એ વિષે ખાતરી કરાવી. ત્યારથી આ સ્થળને ભગવાન શંકરના સ્થાનક તરીકે—અમરનાથ તીર્થ તરીકે—પ્રસિદ્ધિ મળવાની શરૂઆત થઈ છે અને હિમાલયમાંના જેમ અન્ય તીર્થોના યાત્રાએ સંખ્યાબંધ હિન્દુઓ દર વર્ષે જાય છે તેમ આ તીર્થની યાત્રાએ પણ ઉત્તરોત્તર વધારે ને વધારે યાત્રાળુઓ આવતા થયા છે. એમ જણાવવામાં આવે છે કે આ કારણને લીધે અહીંના શિવલિંગ ઉપર જે નાણું વગેરે ધરવામાં આવે છે તેનો એક હિસ્સો મુસલમાનોને આપવામાં આવે છે.

આવાં તીર્થોમાં સાધારણ રીતે પંડયા પૂજારીઓની ખૂબ કનડગત હોય છે. યાત્રાળુઓ આગળથી દ્રવ્ય મેળવવા માટે જાતજાતના ક્રિયાકાંડો ઊભા કરવામાં આવે છે, અને આ કારણે આસપાસ મંદિર મૂર્તિઓનું પણ નિર્માણ થવા લાગે છે. અહીં એવું કશું નથી. માત્ર શિવલિંગવાળા ગુફાવિભાગને સુરક્ષિત રાખવા માટે લોખંડની એક જાળી કરવામાં આવી છે. તે વટાવીને અમે અંદર દાખલ થયા અને સામે દેખાતા હિમસંચયરૂપ શિવલિંગ સમક્ષ વિનત ભાવે કેટલોક સમય ઊભા રહ્યા. અહીં એક પંડયો બેઠો હતો. તે ભાવુક યાત્રીઓને પૂજા કરાવતો હતો. ભાવુક યાત્રીઓ ફળફૂલ અને રૂપાનાણું શિવલિંગ સામે ધરતા હતા. પંડયો આ બધું એકઠું કરતો હતો. અને પૂજા કરાવનાર યાત્રાળુને સફળ યાત્રાના સ્મરણચિહ્ન તરીકે લાલ કે કેસરી રંગના કપડાનો ટુકડો આપતો હતો. આ સિવાય અહીં બીજી કશી ધાંધલ-ધમાલ નહોતી. અહિં નહોતા કોઈ પથ્થરનાં નાના મોટાં શિવલિંગો કે કોઈ દેવદેવીની મૂર્તિઓ અને નહોતી કોઈ પંડયા પૂજારીની કનડગત.

સાધારણ રીતે અહિં કોઈ રાત્રીના રહેતું નથી એમ કહેવામાં આવે છે, પણ ગુફાના છેડાના એક ખૂણે કોઈ બાવો ધૂણી ધખાવીને બેઠો હતો, તેની પાછળ એક નાની ઓરડી જેવું કાંઈક હતું અને તે અહિં ચાલુ એટલે કે યાત્રાળુઓના અવરજવરના મહિનાઓ દરમિયાન રહેતો હોય એમ લાગતું હતું.

આ રીતે આ ગુફામાં આમ તેમ ફરીને હું, મારી પત્ની, હીરાબહેન પાઠક અને અન્ય ત્રણ ચાર મિત્રો બાંધેલી પગથાર ઉપર જરા નિરાંત કરીને બેઠાં. અમારી સાથેના બીજા ભાઈબહેનો અહીંથી રવાના થઈ ચુકયા હતાં. અહીં બેઠાં બેઠાં રસ્તાના અનુભવોની અમે વાતો કરવા લાગ્યા. આ સ્થળથી અમે બધાં અત્યન્ત પ્રભાવિત બન્યા હતા. હીરાબહેન પોતાના સંવેદનને તત્સદશ ભાવ રજૂ કરતી કાવ્યપંક્તિઓ યાદ કરીને વ્યક્ત કરતાં હતાં. હું કેદારનાથના અનુભવને યાદ કરતો હતો અને તેની વાતો સાથીઓને સંભળાવતો હતો. આમ અડધો પોણો કલાક પસાર થયો. સૂર્ય મધ્યાહ્‌ન વટાવી ચુકયો હતો અને પશ્ચિમાકાશ તરફ ઢળવા લાગ્યો હતો. આકાશમાં શ્વેતશ્યામ વાદળો આમ તેમ સરી રહ્યાં હતાં. ઘોડાવાળાઓ પાછા ફરવાની ઉતાવળ કરી રહ્યા હતા, અને વરસાદ આવવાની બીક બતાવતા હતા. આમ છતાં અહિંથી ખસવાનું કેમે ય મન થતું નહોતું. કશું બોલ્યા ચાલ્યા વિના બેસાય તેટલું બેસવા અને અંદર ચાલી રહેલા ઘેરી પ્રસન્નતાના સંવેદનમાં—ન સમજાય એવી ઊંડી અનુભૂતિમાં—લીન બની જવા મન ચાહતું હતું. જાણે કે દુર્લભ એવા કોઈ ફળની પ્રાપ્તિ થઈ ન હોય એવી તૃપ્તિ ચિત્ત અનુભવતું હતું. જાણે કે પહેલાં કદી જોયું નહોતું એવું કાંઈક જોયાનો આલ્હાદ આંખો અનુભવતી હતી. આમ છતાં પણ બધા સાથીઓ ઉપડવા તૈયાર થયા અને ટટ્ટુવાળા અકળાવા લાગ્યા, કારણ કે તેઓ ભૂખ્યા થયા હતા. પંચતરણી પહોંચે, રસોઈ પકાવે પછી તેઓ કાંઈક ખાવા પામે તેમ હતું. અને આખરે અહીં બહુ સમય રોકાવાનું તો શકય જ નહોતું. એટલે પછી હું પણ આનંદસમાધિના આવેગને શમાવીને ઊભો થયો અને સૌ સાથે પાછા ફરવા તૈયાર થયો. અમરનાથને મનથી વંદન કર્યું અને ગુફાને વટાવી હું નીચે ઊતરવા લાગ્યો. અમરગંગા વહેતી હતી તે આગળ અમારી રાહ જોતા ઘોડાઓ ઊભા હતા.

અમે તે ઉપર સવાર થયા અને નદીપ્રવાહને વટાવી આગળ ચાલ્યા. આગળ ચાલતા ગયા તેમ ગુફા અને અમારી વચ્ચે અંતર વધવા લાગ્યું. આમ છતાં ગુફા અને તેના અલૌકિક વાતાવરણથી મારું ચિત્ત એટલું બધું અભિભૂત બન્યું હતું કે અમારા માર્ગે આગળ ને આગળ જતાં અમરગંગા બે વાર વટાવીને ભૈરવ-ઘાટીનું ચઢાણ ચઢવા માંડયા ત્યાં સુધી અવારનવાર મોઢું પાછળ ફેરવી ફેરવીને અમરનાથની ગુફાને હું નિહાળતો રહ્યો. આખરે ભૈરવ ઘાટીની બીજી બાજુએ અમે આવ્યા અને અમરનાથની ઘાટી દેખાતી બંધ થઈ. આમથી તેમ વળ ખાતી સાંકડી કેડી ઉપર અમે ભૈરવ ઘાટી ધીમે ધીમે ઊતરવા લાગ્યા. સદ્‌ભાગ્યે આકાશ સ્વચ્છ થતું જતું હતું. વરસાદનો હવે કોઈ ભય નહોતો. અહીંથી પસાર થયા ત્યારે મનમાં આતુરતા ઉછળતી હતી. આ બાજુ હવે જ્યારે પાછા ફર્યા ત્યારે અમરનાથ દર્શનની કૃતાર્થતા મનને ભરી રહી હતી. ધીમે ધીમે આખી ઘાટી અમે પાર કરી અને સાંજના ચાર—સાડા ચાર વાગ્યે અમે પંચતરણી પહોંચી ગયા.

અહિં મીલીટરી બેરેકસ જેવાં અર્ધગોળાકાર પાકાં નળીયા-ઘાટના બે મકાનો હતાં. એક બેરેકમાં અમારો સામાન ક્યારનો ગોઠ-વાઈ ગયો હતો અને બીજી બેરેકમાં એક ખુણે અમારા માટે રસોઈ તૈયાર થતી હતી. અમારા પ્રવાસસંચાલકે અહિં અમને સંપૂર્ણ કરાવવાનો પ્રબંધ વિચાર્યો હતો. સૌ સાથીઓનાં દિલ અમરનાથનાં દર્શન વડે આનંદભર બન્યાં હતાં. આકાશે પારદર્શક નિર્મળતા ધારણ કરી હતી. સૂર્ય પશ્ચિમ ક્ષિતિજ તરફ અવતરણ કરી રહ્યો હતો. વાતાવરણ ભારે ખુશનુમા હતું. સર્વત્ર પ્રસન્નતા વ્યાપી રહી હતી. પશ્ચિમ દિશા ખુલ્લી હતી. પૂર્વ દિશાએ આવેલા વિશાળકાય પહાડો ઉપર જ્યાં ત્યાં પથરાયેલો બરફ જાણે કે રૂપેરી પતરાં જડયાં ન હોય એમ ચળકી રહ્યો હતો. કૌતુક અને કુતુહલથી પ્રેરાયલ આંખો આસપાસનું દૃષ્ય નિહાળી ઊંડી તૃપ્તિ અનુભવતી હતી.

જે બેરેકમાં રસોઈ થતી હતી ત્યાં અમરનાથથી પાછા ફરેલા તેમ જ મોટા ભાગે પહેલગામ બાજુએથી આવેલા યાત્રિકોની ભરતી થઈ રહી હતી. તેથી તે બેરેકમાં જમવા બેસવાનું શકય રહ્યું નહોતું. બીજી બાજુએ ઠંડી એટલી આકરી નહોતી અને હવા પડી ગઈ હતી. તેથી ખુલ્લામાં જ સૌએ સાથે બેસીને જમવાનું નક્કી કર્યું. આ પણ એક નવલ અનુભવ હતો. કારણ કે પંચતરણીમાં સાધારણ રીતે એટલી બધી ટાઢ હોય છે કે અમે અહિં ખુલ્લામાં બેસીને ભોજન કર્યું હતું એમ કોઈને કહેવામાં આવે તો તે જલ્દી માનવાનો નહિં. વિવિધ વાનીઓથી ભરેલું ભોજન પત્યું. ક્ષુધાશાન્તિથી મન તેમ જ શરીર તાજગી અનુભવવા લાગ્યાં.

સૂર્ય હવે આથમી ચુકયો હતો. એમ છતાં સંધ્યાનો સુરમ્ય પ્રકાશ ચોતરફ પથરાઈ રહ્યો હતો. શ્રાવણ શુદ છઠ્ઠની ચંદ્રપાંદડી પશ્ચિમ આકાશમાં ચળકી રહી હતી. સાંજના અજવાળાં સંકેલાવા લાગ્યા અને અંધકારના વધવા સાથે ચંદ્રનો ચળકાટ વધવા લાગ્યો અને તેના સૌમ્ય નીતરતા પ્રકાશ વડે ચિત્ત મધુર પ્રસન્નતા અનુ-ભવવા લાગ્યું. થોડો સમય આમ તેમ ફર્યો. અપરિચિત યાત્રિકો સાથે કાંઈક પરિચય સાધવા પ્રયત્ન કર્યો. આવી યાત્રાઓના અનુ-ભવોનો પરસ્પર વિનિમય કર્યો. પણ હવે રાત વધતી ચાલી હતી. ઠંડી પણ વધવા લાગી હતી. આખા દિવસનો થાક પણ ઠીક ઠીક લાગેલો. એટલે આખરે બહાર ફરવાનો, વાતો કરવાનો કે એકલાં બેસીને કુદરતી દૃષ્ય માણવાનો મોહ મનમાં જ શમાવી દેવો પડયો. રાત્રીના આઠ વાગ્યા ન વાગ્યા. સૌ કોઈ થાકયા પાકયા પોતપોતાના બીછાનામાં લાંબાં થઈને પડયા. થોડો વખત ભજનો ચાલ્યાં. થાક અને નિદ્રાથી અમારી આંખો ઘેરાઈ ગઈ અને જોતજોતામાં સૌ નિદ્રાધીન બની ગયા.

પંચતરણીમાં શેષનાગ કરતા ઠંડી ઓછી હતી. વળી આરામ કરવા માટે પાકાં મકાનો હતાં અને એ રીતે અમે બહાર વહેતી ઠંડી હવાથી સુરક્ષિત હતાં. શેષનાગની રાત કાંઈક અસુખ-અસુ-વિધાવાળી હતી. અહીં તો આખી રાત અમે સુખનિદ્રામાં અને જે અપૂર્વ દર્શન કર્યું હતું તેના જ મધુર સ્વપ્નોમાં વ્યતીત કરી. સવાર પડી. નિત્યકર્મ તેમ જ ચા-નાસ્તો પતાવ્યા અને પ્રયાણ માટે સૌ સજ્જ થયા. આજે એક સાથે ૨૪ માઈલનો પંથ કાપીને પહેલગામ પહોંચ-વાનું હતું. સૌ પોતપોતાના ટટુઓ ઉપર આરૂઢ થયા અને અમારી વણજાર ચાલતી થઈ. અમરનાથ તરફ જતી વખતે જે દૃષ્યોને પાછળ છોડતા ગયા હતા તે હવે સામે આવીને ઉભાં રહેવા લાગ્યાં. જે જોયું હતું તેની પુનરાવૃત્તિ થવા લાગી. ભવ્ય દર્શનની આ પુનરા-વૃત્તિ અત્યન્ત મધુર લાગતી હતી. જે જોયું હતું તે બીજી વાર નિહા-ળતાં તેની મન ઉપરની છાપ પાકી થતી હતી. નદી નાળાં ઓળંગતાં મહાગુનસની ચઢાઈ શરૂ થઈ. ચઢાઈ પુરી થતાં ઉતરાણ શરૂ થયું. જોત-જોતામાં શેષનાગ આવી પહોંચ્યા. અહિ અડધો કલાક આરામ કર્યો, પંજાબીની હોટેલમાંથી ચા-પાણી પીધાં. ત્યાર બાદ શેષનાગના કિનારે કિનારે આગળ ચાલ્યા. સવારના સાડા દશ આસપાસનો સમય હતો. આકાશ લગભગ નિરભ્ર અને પ્રસન્ન હતું. સૂર્યનો તડકો વાતા-વરણની ઠંડક સામે અમને સારી હુંફ આપતો હતો. શેષનાગ નિરખી નિરખીને જોઈ લીધું. શેષનાગ અલોપ થાય તે પહેલાં પાછળ નજર કરી કરીને બે—પાંચ વાર નિહાળી લીધું.

શેષનાગનું સરોવર એનું એ જ હતું. તેની ચારે બાજુ હિમા-ચ્છાદિત પર્વતો એના એ જ હતા. શેષનાગ નદી એની એ ગતિથી વહી રહી હતી. એમ છતાં તેનું સૌન્દર્ય જેટલું જતી વખતે આકર્ષક લાગતું હતું તેટલું આકર્ષક હવે નહોતું લાગતું. કારણ કે, અમર-નાથનું અદ્‌ભુત દશ્ય આંખોમાં ભર્યું હતું. બરફ ઉપર પણ ચાલી ચૂકયા હતા. તો પછી દૂરનો બરફ જોઈને રોમાંચ કેમ થાય?

હવે તો રસ્તો મોટા ભાગે ઉતરાણનો હતો. તેથી ઘોડાઓનો વેગ વધવા લાગ્યો હતો. પંચતરણીથી આગળ વધ્યા ત્યારથી હું, મારી પત્ની, હીરાબહેન પાઠક, રમણભાઈ લાકડાવાળા અને તેમની પુત્રી ચિ. સુધા અમે લગભગ સાથે એકમેકની આગળ પાછળ ચાલી રહ્યાં હતાં. ઘોડાવાળાઓ 'ઓશ ખબરદાર' કહીને ટટુઓને ખતરાથી ચેતવતા હતા અને વધારે ઝડપથી ચાલવા પ્રેરતા હતા. ઘોડા ઉપર બેસવાને અમે ટેવાયેલા નહિં, તેથી બન્ને પગ પેગડામાં સતત ભરાવી રાખવા પડતા હોઈને અમારાં ગોઠણ ઠીક ઠીક દુખતાં હતાં. અને તેમાંથી રાહત મેળવવા માટે દોડતા ઘોડાઓનો વેગ અમારે વારે વારે અટકાવવો પડતો હતો. ખાડાખડીયા અને કીચડવાળા માર્ગે પૂરી સુઝપૂર્વક ટટુઓ પગ મૂકતા હતા અને અમારી સલામતીને જરા પણ વાંધો ન આવે એ રીતે અમારું વહન કરતા હતા. સાધારણ રીતે મારી પત્ની આગળ અને હું પાછળ એ ક્રમમાં અમે આગળ વધી રહ્યાં હતાં. પણ કદિ કદિ મારો ઘોડો તેના ઘોડાને વટાવીને આગળ ચાલી જતો હતો. આ તેના તેજીલા ઘોડાથી સહન થતું નહોતું અને મારા ઘોડા સાથે અથડાઈને પણ તે આગળ ને આગળ રહેવાને આગ્રહ રાખતો હતો. આ જોઈને પાછળ રહેલા હીરાબહેનને ભારે રમુજ પડતી હતી અને મને વિનોદમાં કહેતા હતાં કે "પરમાનંદભાઈ, આજ સુધી વિજયા-બહેનને પાછળ રાખીને તમે જ આગળ ચાલી રહ્યાં હતા. આજે વિજયાબહેન તેનો બદલો લે છે અને તમને જરા પણ આગળ ટકવા દેતા નથી."

આમ વાર્તાવિનોદ કરતી અમારી મંડળી એક પછી એક પ્રદેશ વટાવી રહી હતી. શેષનાગ કયાંય પાછળ રહી ગયું હતું. તેમાંથી પ્રસરેલી શેષનાગ નદી અમને સાથ આપી રહી હતી. આનંદપ્રફુલ્લિત એવા અમે કુટ્ટાઘાટી પસાર કરી. જોજપાલ પણ વટાવ્યું. પિસ્સુઘાટીના ઉતરાણ

સમીપ અમે આવી પહોચ્યાં. અહિં અમારે ઘોડા ઉપરથી નીચે ઉતરવું પડયું. આખી ઘાટી અમે પગે ચાલીને ઉતરી ગયા, અને થોડીવારમાં લીડર નદીની બાજૂએ આવી પહોંચ્યા. તેના ખળખળ વહેતા પ્રવાહનો અવાજ અત્યન્ત કર્ણપ્રિય લાગતો હતો. હવે તો વૃક્ષોથી છવાયલા ઘીચ જંગલમાં અમારો રસ્તો આગળ વધી રહ્યો હતો. થોડી વારમાં ચંદનવાડી આવી પહોંચ્યું.

પીસ્સુઘાટી અમે ઉતરવા માંડયા અને ગરમ કપડાં ખુંચવા લાગ્યાં હતાં. ઠંડી ગઈ હતી; ગરમી લાગવા માંડી હતી. ચંદનવાડી પહોંચ્યા એટલે ગરમ કપડાનો ભાર હળવો કર્યો. મધ્યાહ્નનો સમય હતો, બપોરનો દોઢેક વાગ્યો હશે. અમારી સાથેના કેટલાક તો પહેલગામ ભણી કયારના રવાના થઈ ચુકયાં હતાં. અમારે પહેલગામ પહોંચવાની ઉતાવળ ન હતી. અહિં બે કલાક આડા પડીને આરામ કર્યો. ત્યાંના પંજાબી હોટેલવાળાને ખટાવ્યો. પરોંઠા, શાક, વગેરે નાસ્તો કરીને તાજા થયાં. દુખતા ગોઠણને ઠીક ઠીક આરામ મળ્યો. બપોરના ત્રણ સાડા ત્રણ થવા આવ્યા. સૂર્ય પશ્ચિમાભિમુખ બનીને નીચે ઉતરવા લાગ્યો. નમતો પહોર થયો અને બાકી રહેલા અમે સાત આઠ યાત્રિકો અશ્વારૂઢ બનીને આગળ ચાલ્યા. હવે રસ્તો એકદમ રળિયામણો હતો અને સડક પહોળી અને પાકી હતી. કાશ્મીરની લાક્ષણિક વનશ્રી, વૃક્ષોથી છવાયલા ઉત્તુંગ ગિરિવરો, ડાબી બાજુએ નીચે વેગપૂર્વક વહી રહેલી અને માર્ગમાં મોટા ખડકો આવે ત્યાં વિભાજિત બનતી અને પછી સંધાઈ જતી લીડર નદી-જાણે કે ગોપ ગોપીઓની રાસલીલા રમાઇ રહી હોય એવો મનમાં આભાસ ઉભી કરતી, સોળે શણગારમાં શોભી રહેલી આ અપૂર્વ નિસર્ગલીલા માણતા માણતા અમે પહેલગામ સમીપ આવી પહોંચ્યા. હજુ પહેલગામ ત્રણેક માઈલ દૂર હતું. પણ અમો બન્નેનાં શરીર અને ગોઠણ ઘોડા ઉપર બેસી બેસીને એટલા બધા દુખવા લાગ્યાં કે અમે આખરે ઘોડાઓનો ત્યાગ કર્યો અને ચાલતા ચાલતા અને ત્યાં વસતા વિચરતા પુરૂષો, નમણી સ્ત્રીઓ અને ગુલાબના ગોટા જેવા લાગતાં બાળકોને નિહાળતાં નિહાળતાં પહેલગામની ભાગોળે પહોંચ્યા. જાણે કે અજેય એવું કાંઈક જીતીને આવ્યા હોઈએ એવા રૂવાંબપૂર્વક, ગણવેશધારી સૈનિકો માફક, પહેલગામની બજાર વટાવીને આખરે અમે પાઈન વ્યુ હોટેલ ઉપર આવી પહોંચ્યા અને અમારી પહેલાં કયારના આવી પહોંચેલા મિત્રોને, સાથીઓને, સહપ્રવાસીઓને મળ્યાં, ભેટયાં, એકમેકનું સપ્રેમ અભિનન્દન કર્યું. આ રીતે બે રાત અને ત્રણ દિવસના ગાળામાં અમે અમરનાથની યાત્રા પૂરી કરી અને અમારા જીવનને કૃતાર્થ કર્યું.

આ ચિરસ્મરણીય યાત્રાને અનુલક્ષીને ઉપસંહાર રૂપે કેટલુંક ચિન્તનાત્મક વિવેચન કરવાનું છે જેનું નિરૂપણ હવે પછી.

અપૂર્ણ

**પરમાનંદ**

# જિનમૂર્તિ અને મંદિરનું અપેક્ષિત નવસંસ્કરણ

[ તા. ૧૫-૧૨-૬૧ ના રોજ સવારના સમયે વીલે પારલેના પશ્ચિમ વિભાગમાં સરોજ નિવાસની બાજુએ ત્યાંના જૈન શ્વે. મૂ. સંઘ તરફથી શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટીએ સંઘને અપર્ણ કરેલ જમીનના એક પ્લૉટમાં સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના હાથે શિલારોપણવિધિ કરવામાં આવી હતી. ત્યાર બાદ 'સરલા સર્જન' માં આચાર્ય શ્રી. વિજયલક્ષ્મણસૂરિ તથા અન્ય મુનિવરોની હાજરીમાં વીલેપારલે જૈન શ્વે. મૂ. સંઘનું એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વીલેપારલે જૈન સંઘના આગેવાનોએ તેમ જ અનેક ભાઈબહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી અને મુંબઈ—અંધેરીથી પણ કેટલાક જૈન અગ્રણીઓ ઉપસ્થિત થયા હતા. તે પ્રસંગે મેં જે વિવેચન કર્યું હતું તેની સંકલિત કરેલી નોંધ નીચે આપવામાં આવે છે. **પરમાનંદ** ]

મારી પહેલાના બે વકતાઓએ (શ્રી. રમણલાલ દલસુખભાઈએ તથા શ્રી. કાન્તિલાલ ઈશ્વરલાલે) જે આનંદ અને પ્રશંસા-સૂચક વકતવ્યો રજુ કર્યાં છે તેનાથી મારા વકતવ્યનો સુર કંઈક જુદો માલુમ પડે તો તેની પ્રારંભથી જ હું ક્ષમા માગી લઉં. આ સમારંભને લગતું નિમંત્રણ મળ્યું ત્યારે અહિં આવવું કે ન આવવું તે વિષે મારૂં મન દ્વિધા અનુભવતું હતું, કારણ કે આજે છે તેટલાં જૈન મંદિરો આપણે સાચવી કે સંભાળી શકતા નથી તેવી પરિસ્થિતિમાં નવાં જૈન મંદિરો બાંધવા એમાં મને રસ નથી, સિવાય કે અમુક સ્થળે નવું મંદિર ઉભું કરવાની અનિવાર્ય આવશ્યકતા હોય. આમ મનમાં ગડમથલ ચાલતી હતી તે દરમિયાન ભાઈ રતિલાલભાઈને બે દિવસ પહેલાં મળવાનું બન્યું અને એમની સાથેની વાતમાં મેં જણાવ્યું કે, "તમે જ્યારે નવું મંદિર બંધાવવા માંગો જ છો તો તેમાં ચાલુ પ્રણાલિથી કાંઈક નવું પ્રસ્થાન થવું જોઈશે." તેમણે ઉત્તરમાં કહ્યું કે, "તમે આ પ્રસંગ ઉપર જરૂર આવો અને તમારા વિચારો સંઘ સમક્ષ રજૂ કરો." તેઓ મારા જુના મિત્ર, મારી ઉપર તેમનો ખૂબ સ્નેહ. તેમના આગ્રહને વશ થઈને હું અહિં આવ્યો છું અને આ પ્રસંગે જે વિચારો મનમાં ઘોળાઈ રહ્યા છે તે આપની સમક્ષ નમ્રતાભાવે રજુ કરૂં છૂં.

વીલે પારલમાં હું વર્ષો સુધી રહ્યો છું. અને અનેક ભાઈ-બહેનોના નિકટ પરિચયમાં આવ્યો છું. એમાંનાં કેટલાંકને અહિં મારી સામે બેઠેલાં જોઈને હૂં ખૂબ આનંદ અનુભવું છું અને જાણે કે હું મારા પોતાનાં ગામમાં આવ્યો હોઉં એવી ઉર્મિલતા અત્યારે હું અનુભવું છું.

વીલે પારલેમાં અનેક સામાજિક તેમ જ ધાર્મિક પ્રવૃતિઓ ચાલી રહી છે. શિક્ષણના ક્ષેત્રમાં બધાં પરાંઓમાં વીલે પારલે મોખરે છે. અનેક નવાં પ્રસ્થાનોની વીલે પારલે જન્મભૂમિ છે. ૧૯૩૦ - ૩૨ માં સવિનય સત્યાગ્રહની લડતમાં વીલે પારલેમાં બહુ મોટા પાયા ઉપર મંડાણ મંડાયલા અને ત્યારથી વીલે-પારલે ભારતભરમાં સુવિખ્યાત બન્યું છે. આવા વીલે પારલેનો જૈન શ્વે. મૂ. સંઘ જ્યારે શિખરબંધી ભવ્ય મંદિર નિર્માણ કરવા ઉદ્યુકત થયો છે ત્યારે તે જુની પરંપરાની કેવળ નકલ નહિ હોય, પણ તેમાં નવી પરંપરાનાં પ્રસ્થાન હશે એવી આશા વ્યકત કરૂં તો તે અસ્થાને નહિ લેખાય, અને એ આશાથી પ્રેરાઈને આજના દેશકાળને અનુરૂપ એવી કેટલીક સૂચનાઓ આપ સમક્ષ વિનીતભાવે રજુ કરૂં છું:

(૧) દિગંબર મંદિરમાં પ્રતિષ્ટિત કરવામાં આવેલી અને શ્વેતાંબર મંદિરમાં પ્રતિષ્ટિત કરવામાં આવેલી મૂર્તિઓમાં મુખ્ય ફરક આ છે: દિગંબર મૂર્તિઓ નગ્ન હોય છે. એટલે કે, તેમાં યથાસ્થાને પુરૂષચિહ્નસૂચક આકાર કોરેલો હોય છે; શ્વેતાંબર મૂર્તિઓમાં તે સ્થાને કંદોરા - કચ્છનો આકાર કરેલો હોય છે. આ ઉપરાંત દિગંબર મૂર્તિઓમાં આંખો કોરેલી હોય છે, શ્વેતાંબર મૂર્તિઓની મુખાકૃતિઓમાં આંખોનો ભાગ સપાટ હોય છે, જેની ઉપર લાખ વડે સોનાના ઘરામાં જડેલાં સ્ફટિકનાં નેત્રો ચોડવામાં આવે છે. આ મૂર્તિનું સ્વરૂપ પદ્માસ્થાનસ્થ એટલે કે ધ્યાનસ્થ યોગીનું હોય છે. મૂર્તિના આ મૂળ સ્વરૂપ સાથે ઉપરથી ચક્ષુઓ ચોડવાની પ્રથા બીલકુલ બંધબેસતી નથી. હાથ—પગ વગેરેની ગોઠવણ કેવળ ધ્યાન-સૂચક હોય છે, જ્યારે ચોડેલી આંખોના કારણે મૂર્તિ જાણે કે

આપણી સામે ટગર ટગર જોઈ રહી હોય એમ લાગે છે. મૂર્તિને જોનાર—દર્શન કરનાર—આથી એક પ્રકારની વિસંવાદિતાનો અનુભવ કરે છે. શ્વે. જૈન મૂર્તિના અદ્યતન સ્વરૂપમાં રહેલી આ વિસંવાદિતા કળાભિજ્ઞ લોકોને ખૂબ ખુંચે છે. ધ્યાનસ્થ મૂર્તિની આંખો અર્ધ નિમીલિત હોવી ઘટે છે. નહિ તદ્દન બંધ, નહિ તદ્દન ઉઘાડી. ભગવાન બુદ્ધની મૂર્તિ તરફ આજે જગતના લોકો ખૂબ આકર્ષાય છે તેનું કારણ એ છે કે, તે મૂર્તિ કળાની દષ્ટિએ, ભાવની દષ્ટિએ પૂર્ણ હોય છે. તેનું સમગ્ર રૂપ, તેની મુખમુદ્રા અને તેમાં પણ તેની આંખો દર્શન કરનારને અત્યન્ત ભાવમુગ્ધ બનાવે છે અને તેની પાસેથી એકાએક ખસવાનું મન થતું નથી. સારનાથ બુદ્ધની મૂર્તિ, દિલ્હીના બિરલા મંદિરમાં રહેલી ભગવાન બુદ્ધની મૂર્તિ—અને દૂર શું કામ જવું?—નજીકમાં વર્લી ઉપર ઉભા કરવામાં આવેલ બુદ્ધમંદિરમાં જે મૂર્તિ મુખ્ય સ્થાને બિરાજે છે—તે જુઓ અને મારા કહેવાનો આશય આપના ધ્યાનમાં બરોબર આવશે. કેટલાંક જૈન મંદિરો ભારતીય શિલ્પના અનુપમ નમુનાઓ છે; તેણે વિશ્વભરના કલાકારોને આકર્ષ્યા છે. જે શાન્તિ, પ્રસન્નતા, સુવાસ, પ્રકાશ જૈન મંદિરમાં દાખલ થતાં અનુભવવા મળે છે તેવો અનુભવ અન્ય ધર્મોનાં મંદિરોમાં ભાગ્યે જ થાય છે. પણ આપણે આપણાં મંદિરો માટે જે ગૌરવ લઈ શકીએ તેમ છે તેવું ગૌરવ શ્વે. જૈન—મૂર્તિઓ વિષે લઈ શકીએ તેમ નથી. ચક્ષુ, ટીલાં, ટપકાં ચોડીને આપણે તે મૂર્તિઓની ખૂબ વિડંબના કરી છે. શ્રવણ બેલગોડા કે કારકલના બાહુબલીની ઉભી મૂર્તિઓ અદ્દભૂત શિલ્પના નમુના છે. પણ તે મૂર્તિઓ દિગંબર સંપ્રદાયની છે. અહિંના નવા મંદિર માટે મારી એ સૂચના છે કે, જુની પુરાણી મૂર્તિઓ અહિં પ્રતિષ્ટિત કરવાને બદલે એવી નવી મૂર્તિઓ બનાવરાવો કે જેમાં ધ્યાનનો ભાવ સૂચવે અને અધ્યાત્મિક અનુભૂતિને પ્રેરે એવી નમણી, નીચે ઢળેલી આંખો કોરેલી હોય. ભગવાનની મુખમુદ્રા કેવી હોય? કવિએ-શાસ્ત્રકારોએ-સૂચવ્યું છે કે प्रशमरसनिमग्नं दृष्टियुग्म प्रसन्नं—પ્રશમરસમાં નિમગ્ન અને દષ્ટિયુગલ વડે પ્રસન્ન. પ્રશમરસનો અનુભવ કરવો હોય તો જિન મૂર્તિનું—તેની મુખમુદ્રાનું—ઉપર સુચવેલા ધોરણે હવે નવસંસ્કરણ થવું ઘટે છે. શ્વેતાંબર તથા દિગંબર મૂર્તિ વચ્ચેનો ભેદ બતાવવા માટે લિંગ યા કચ્છનો આલેખ ભલે રાખો, પણ ચક્ષુઓ કોરાવવાના ઠેકાણે ચોડવાની પ્રથા ચાલુ રાખવી તે મૂર્તિની વિડંબના—વિરૂપતા—ચાલુ રાખવા બરોબર છે.

(૨) જૈન મૂર્તિનું જે સ્વરૂપ આપણે વર્ણવ્યું—વિચાર્યું તે સાથે તેની ઉપર જે ટીલાં ટપકાં ચોડવામાં આવે છે, મૂર્તિના શરીર ભાગને ઢાંકતા જે સોનાચાંદીના ધરાંઓ (જેને આંગી કહેવામાં આવે છે) પહેરાવવામાં આવે છે, કુંડળ, મુગટ, બાજુબંધ—તે પણ સોના ચાંદીના જ માત્ર નહિ, પણ પાના, માણેક, હીરાના જડતરવાળા—ચડાવવામાં આવે છે, મોતી તથા હીરાનાં આભૂષણો વડે મૂર્તિને શણગારવામાં આવે છે, આંગીના નામે કબજા—જાકીટના આકારો મૂર્તિ ઉપર રચવામાં આવે છે—આ બધું સંગત નથી. જિનમૂર્તિ સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ધ્યાનના પ્રતીકરૂપ છે. તેનો જે મૂળ આકાર છે તે આ ભાવો સૂચવવા માટે પૂરતો છે. તેની ઉપર જે શોભા, શણગાર, ઠાઠ કરવામાં આવે છે તે મૂળ સ્વરૂપનું, ત્યાગ, વૈરાગ્ય અને ધ્યાનની દશાનું વિરોધી છે. ઈશુખ્રિસ્તની મૂર્તિ જુઓ! ભગવાન બુદ્ધની મૂર્તિ જુઓ! તે તે મહાપુરૂષોની આપણા મનમાં જે કલ્પના છે તેનું તેની—આભૂષણ, શોભા શણગાર વિનાની-સાદી મૂર્તિઓમાં આપણને સહજ દર્શન થાય છે. શણગારેલી—ચાંદી સોનું હીરા, મોતીથી લદાયલી જિનમૂર્તિ જૈનોની જાહોજલાલી જરૂર પ્રદર્શિત કરે છે, પણ ત્યાગ, વૈરાગ્ય, અને સંયમના જૈન આદર્શને તે કોઈ રીતે વ્યક્ત કરી શકતી નથી.

આ બધા વૈભવથી જૈન મંદિરને મુકત રાખવાની બીજી રીતે વિચારતાં પણ ખાસ જરૂર છે. આપણે જાણીએ છીએ કે આજકાલ મંદિરોમાં અવારનવાર ચોરીઓ થાય છે. વળી આ દરદાગીના રાખવા માટે તીજોરીઓ અને ચોકીદારોની વ્યવસ્થા કરવી પડે છે. અને એમ છતાં પણ ચોરીનું જોખમ રહે જ છે. આ ભય અને જોખમથી જૈન મંદિરોને મુકત બનાવવા જોઈએ અને એ તો આપણે આપણે જાણીએ છીએ કે મંદિરમાં ભારેમાં ભારે કોતરકામ કર્યું હોય, એમ છતાં તેના પથ્થરને કે આરસની મૂર્તિને ઉપાડી જવાનો—લઈ જવાનો—કોઈ વિચાર કરતું નથી. પણ જેવું ત્યાં આંગી કે આભૂષણના રૂપમાં સોનું, ચાંદી, હીરા, મોતી, માણેક વસાવવામાં આવે છે કે તરત જ ચોરના દિલમાં ચોરીની વૃત્તિ પેદા થાય છે. આવા પરિગ્રહથી નવા જૈન મંદિરને મુકત રાખવા તેના નિર્માતાઓને મારી વિનંતિ છે.

(૩) જૈન મંદિર બને તેટલું સાદું બનાવો. તેમાં આંખોને આંજી નાખે તેવો ભપકો, રંગરોગાન, વધારે પડતો શોભા-શણગાર અસ્થાને લાગે છે. જૈન મંદિરની રચના, તેનું પ્રશોભન અત્યન્ત સૌમ્ય પ્રકારનું હોવું ઘટે છે. વળી આ પ્રશોભનો એવાં પ્રમાણપૂર્વકનાં હોવાં જોઈએ કે તેમાં પ્રવેશ કરનાર શાન્તિ, સ્વસ્થતા, પ્રસન્નતા અનુભવે અને તેની દષ્ટિને આડે અવળે ન આકર્ષતાં મધ્યસ્થાને પ્રતિષ્ઠિત ઈષ્ટદેવ પ્રત્યે અભિમુખ કરે.

(૪) આપ જાણો છો કે આપણે ત્યાં દેવમંદિરમાં બોલીઓ વગેરે દ્વારા દ્રવ્યની ખૂબ આવક થાય છે, જેને 'દેવદ્રવ્ય' તરીકે ઓળખવામાં આવે છે અને તેનો ઉપયોગ મંદિર અને મૂર્તિ પાછળ જ થઈ શકે એવી આપણામાં કાળજુની માન્યતા પ્રવર્તે છે. બીજી બાજુએ દરેક મંદિરમાં એક સાધારણ ખાતું હોય છે, જેની આવકનો ઉપયોગ શ્રાવક-શ્રાવિકાઓના લાભમાં કરવામાં આવે છે. દેવમંદિરના ખાતામાં શ્રદ્ધાને વશ થઈને લોકો ખૂબ નાણું આપે છે, જ્યારે સાધારણ ખાતું મોટા ભાગે ખોટમાં જ કામ કરતું હોય છે. જે સમાજ આ મંદિર ઉભું કરે છે તેના શ્રેયસ્વાસ્થ્યની ઉપેક્ષા થઈ ન જ શકે. આ સમાજ મધ્યમવર્ગનો બનેલો છે અને તેની જીવવાની ભીંસ દિન પ્રતિ દિન વધતી જ જાય છે. વળી દેવમંદિરને જરૂર હોય તે કરતાં અનેકગણી આવક થતી જોવામાં આવે છે. આ આજની વાસ્તવિકતા છે. તો મારૂં એ સૂચન છે કે મૂર્તિ અને મંદિરને ચાલુ પ્રણાલિ અને પરંપરા મુજબ નભાવવા માટે—ચાલુ રાખવા માટે—જરૂરી હોય તેટલો દેવદ્રવ્યની આવકમાંથી જરૂર ખર્ચ કરો, પણ વધારાની આવકનો શ્રાવકસમાજના હિતાર્થે ઉપયોગ કરવાનું વિચારો. આ કેવળ સાદી સમજની વાત છે; જમાનાની આ માંગ છે, ભાવી એ દિશા તરફ આંગળી ચીંધી રહેલ છે. આમ છતાં પણ દેવદ્રવ્યના મર્યાદિત ઉપયોગને લગતી માન્યતાની જડ એટલી ઊંડી છે કે તેના સામાજિક ઉપયોગનો વિચાર આપને કદાચ સત્વર સ્વીકાર્ય ન લાગે. તો પછી તેના વિકલ્પ રૂપે એવો પ્રતિબંધ કરવાની સૂચના કરૂં છું કે, શ્વે. મંદિરમાં દેવદ્રવ્યની જે ઘણી મોટી આવક થાય છે તેની અમુક ટકા આવક સાધારણ ખાતામાં લઈ જવાનો પ્રબંધ કરો. દા. ત. મુંબઈમાં કચ્છી વીશા ઓશવાલના આદીશ્વર ભગવાનના મંદિરના બંધારણમાં દેરાસરના આવકના છ ટકા સાધારણ ખાતામાં લઈ જવાનો ઠરાવ કરવામાં આવ્યો છે અને આ મુજબ પચ્ચીશ વર્ષથી તેનો વહીવટ ચાલે છે. અથવા તો બીજો માર્ગ એ છે કે, જૈન શ્વે. મંદિરોમાં પૂજા—પ્રક્ષાલન માટે અમુક ઘીની પરિભાષામાં બોલી—ઉછાણી—બોલવાની જે પ્રથા છે અને જે દ્વારા દેવદ્રવ્યની ઘણી મોટી આવક થાય છે તે પ્રથામાં

એટલો સુધારો - કરો કે મણ ઘીનો જે દર હોય તેના ઉપર પચાસથી સો ટકાનો ચડાવો કરો અને એ રીતે જે વધારાની આવક થાય તે સાધારણ ખાતામાં લઇ જાઓ. માલેગામમાં આ પ્રકારના સરચાર્જની પદ્ધતિ ઘણાં વર્ષોથી સ્વીકારાયલી છે. મારી જાણ પ્રમાણે આજે પૂજા માટે જરૂરી કેસર, સુખડ, વગેરે અત્યારે ખૂબ મોંઘી બની ગયેલી વસ્તુઓ ખરીદવા માટે પણ સાધારણખાતાઓમાં પૂરતી આવક થતી નથી, અને આ વસ્તુઓની ખરીદી સાધારણ ખાતાની આવકમાંથી જ થઇ શકે છે એવી માન્યતા છે. તેથી મુંબઈના અમુક મંદિરોમાં મેં સૂચવ્યો તેવો સરચાર્જ લેવાની પ્રથા અખત્યાર કરવામાં આવી છે. તો આટલું કદમ તો આ નવા મંદિરની આવક સંબંધમાં અહિંનો જૈન સંઘ જરૂર ઉઠાવશે એવી મારી ખાત્રી છે.

આથી અત્યારે મારે વિશેષ કશું કહેવાનું કે સુચવવાનું નથી. જે મંદિરના પુરસ્કર્તા મારા મિત્ર રતિલાલ નાણાવટી છે જે આજના વિચારપ્રવાહોથી પૂરા પરિચિત છે, અને જે મંદિરનો પાયો પુણ્યપુરુષ સર મણિલાલ બાલાભાઈ નાણાવટીએ નાંખ્યો છે તે મંદિર અને તેની પરંપરા કેવળ જુનવાણીને ચીલે ચાલનારાં નહિ હોય, પણ આજના વિચારવલણને અનુરૂપ એવા નવાં પ્રસ્થાનોની સર્જક હશે. આવી અન્તરની સદિચ્છા અને શુભ ભાવના સાથે મારું વકતવ્ય પુરું કરું છું.

પરમાનંદ

**વિશેષ નોંધ:** ઉપરના ભાષણ બાદ બીજા ચાર વકતાઓએ નવા મંદિરને આવકાર આપતા વકતવ્યો રજુ કર્યાં હતાં અને ત્યાર બાદ એ સભામાં ઉપસ્થિત થયેલા આચાર્ય શ્રી વિજયલક્ષ્મણ સૂરિએ મેં રજુ કરેલા વિચારોને પડકારતું લગભગ પોણા કલાક સુધી લાંબું પ્રવચન કર્યું હતું, તેમાં જુનવાણી વિચાર વલણોનું જોરદાર સમર્થન હતું. જેનો કશો જવાબની આપવાની જરૂર જણાતી નથી. પણ એ સમર્થન દરમિયાન જૈન શ્વે. મૂર્તિઓ ઉપર ચોડવામાં આવતા ચક્ષુઓ સંબંધમાં તેમણે એક વિલક્ષણ વિધાન કર્યું હતું જેની નોંધ લેવી ઘટે છે. તેમણે જણાવ્યું હતું કે, "મૂર્તિમાં કોરાયલા ચક્ષુઓ સામાન્ય દષ્ટિનું સૂચન કરે છે, જ્યારે ઉપરથી ચોડવામાં આવતાં ચક્ષુઓ ભગવાનને પ્રાપ્ત થયેલ કૈવળજ્ઞાનનું સુચન કરે છે." વસ્તુત: જૈન શ્વે. મૂર્તિઓની મુખાકૃતિ ઉપર બનાવટી ચક્ષુઓ ચોડવાના હોઇને મૂળ આરસમાં આંખો કોરવામાં આવતી જ નથી અને બીજું ઉપર ચોડવામાં આવતા ચક્ષુઓ કેવળજ્ઞાનના દ્યોતક છે—આ શોધ તેમની પોતાની મૌલિક લાગે છે. ચક્ષુઓ ચોડવા સંબંધમાં આવું વિધાન આજ પહેલાં કદિ સાંભળવામાં કે જાણવામાં આવ્યું નથી. એ વિષે બેમત છે જ નહિ કે, શ્વેતાંબર જિન મૂર્તિને દિગંબર જિન મૂર્તિથી જુદી પાડવા માટે જ ચક્ષુઓ ઉપરથી ચોડવાની પ્રથા પ્રચલિત થઇ છે. એમ ન હોત તો મક્ષીજી, અન્તરિક્ષજી અને કેશરીયાજીનાં તીર્થોમાં ચક્ષુ ચોડવા ન ચોડવાના ઝગડા ઉભા થયા જ ન હોત.

પરમાનંદ

## વિષયસૂચિ

પૃષ્ઠ


| | | |
|---|---|---|
| પૂણ્યમૂર્તિ નાનાભાઈ ભટ્ટ | પરમાનંદ | ૧૭૯ |
| અમારો કાશમીરનો પ્રવાસ | પરમાનંદ | ૧૮૦ |
| જિનમૂર્તિ અને મંદિરનું અપેક્ષિત નવસંસ્કરણ | પરમાનંદ | ૧૮૩ |
| મુનિ સન્તબાલજી આયોજિત સાધુ—સાધ્વિ શિબિરની ફ્લશ્રુતિ | પરમાનંદ | ૧૮૫ |
| જ્યોતિષમાં અંધશ્રદ્ધા | ગગુભાઈ મુનશી | ૧૮૭ |
| "શાન્તિસેનાનો વિચાર આકર્ષક છે, પણ..." | જવાહરલાલ નહેરુ | ૧૮૮ |


## મુનિ સન્તબાલજી—આયોજિત સાધુ—સાધ્વી શિબિરની ફ્લશ્રુતિ

મુનિ સન્તબાલજીએ મુંબઇ માટુંગા ખાતે તા. ૧૪—૭—૬૧ ના રોજ ઊભી કરેલી સાધુ—સાધ્વી શિબિરની તા. ૨૨—૧૧—૬૧ કાર્તકી પૂર્ણિમાને રોજ પૂર્ણાહુતિ થઈ. આ શિબિરનું ઉદ્ઘાટન પૂજ્ય રવિશંકર મહારાજના હાથે કરવામાં આવ્યું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે અતિથિવિશેષ તરીકે માન્યવર વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતાને બોલાવવામાં આવ્યા હતા. આ શિબિરની શરૂઆત થવાની હતી એ દિવસોમાં આ શિબિરની કલ્પના અને યોજના વિષે એક લાંબી નોંધ પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી હતી, તો તેની જ્યારે હવે ચાર સાડાચાર મહિને પૂર્ણાહુતિ કરવામાં આવી છે ત્યારે તે સંબંધમાં આલોચના રૂપે કાંઈક લખવું જરૂરી લાગે છે.

લગભગ બાર મહિના પહેલાં મુંબઇ ખાતે આગામી ચાતુર્માસ દરમિયાન એક સાધુ—સાધ્વી શિબિર યોજવાનો વિચાર મુનિશ્રી સન્તબાલજીએ 'વિશ્વવાત્સલ્ય'માં પ્રગટ કર્યો હતો અને ત્યાર પછી તેનું પ્રચારકાર્ય મહિનાઓ સુધી તેઓ જોશભેર ચલાવી રહ્યા હતા. શરૂઆતનાં લખાણો વાંચતા હું જે સમજ્યો હતો તે મુજબ પંદરથી વીશ—વધારે આવે તો વધારે—જૈન સાધુસાધ્વીઓને મુંબઈમાં કોઇ સ્થળે ચાતુર્માસ માટે એકઠા કરવાં અને તેમને ભૂતકાળના આદર્શો અને વિચારશ્રેણીઓ સાથે અનુસંધિત કરીને આજના પ્રશ્નો વિષે સ્પષ્ટ માર્ગદર્શન આપવું, એટલું જ નહિ પણ, આજની સમસ્યાઓને પહોંચી વળવા માટે આજ સુધીની રૂઢ વિચારણાઓને જે નવો વળાંક આપવાની, નવી દષ્ટિથી રંગવાની જરૂર છે તે માટે આ સાધુ—સાધ્વીઓ સાથે ચર્ચા-વિચારણા કરી તેમને નવી દિશા તરફ વાળવાં, તેમને નવી વિચારદીક્ષા આપવી અને એ રીતે જૈન સાધુ—સાધ્વીઓનું એક ક્રાંતિકારી દળ ઊભું કરવું આવું સ્વપ્ન—આવી કલ્પના—આ સાધુ—સાધ્વી શિબિર યોજવા પાછળ રહી હતી. આ માટે જૈનોના બધા સંપ્રદાયના સાધુઓને તેમ જ સાધ્વીઓને આકર્ષવા તેમણે તેમ જ તેમના સાથી નેમિ મુનિએ છેલ્લા બાર મહિના દરમિયાન પાર વિનાના પ્રયત્નો કર્યા હતા, એમ છતાં, શિબિર માટે નક્કી કરેલો સમય નજીક આવવા ટાણે કોઈ જૈન સાધુ—સાધ્વી તરફથી તેમના શિબિરમાં જોડાવાની ખાતરી મળી નહોતી. પાછળના દિવસોમાં જેમ જેમ આ બાબતમાં તેમની આશા નિરાધાર બનતી ગઈ તેમ તેમ તેમણે આ શિબિર અન્ય સાધુ—સંન્યાસીઓ માટે તેમ જ સાધક—સાધિકાઓ એટલે સંસારી ભાઈ-બહેનો માટે પણ ખુલ્લી કરી હતી. આખરે જેમનો ખ્યાલ કરીને આ શિબિર યોજવામાં આવી હતી તેમાંથી એક પણ સાધુ કે સાધ્વી ઉપસ્થિત ન થયાં. એમ છતાં શિબિરનો સંકલ્પ કર્યો એટલે એ શિબિર તો ચાલુ કરવી જ જોઇએ—આમ વિચારીને આ શિબિર બરોબર નિયત દિવસે શરૂ કરવામાં આવી હતી.

આ શિબિરમાં સન્તબાલજી અને નેમિ મુનિ તો સંચાલકસ્થાને હતા. એ સિવાય બે વેદાન્તી સંન્યાસીઓ, આઠ ભાઈઓ અને ત્રણ બહેનો એમ તેર વ્યકિતઓ જોડાઇ હતી. આ વ્યકિતઓ ભિન્ન ભિન્ન કોટિની, જુદી જુદી કક્ષાની અને અલ્પાધિક શિક્ષણ પામેલી હતી. તેમાં કાંઇક જાણીતી વ્યકિત કહી શકાય એવા એક શ્રી દુલેરાય માટલિયા હતા, જેઓ માલપરા (સૌરાષ્ટ્ર) ખાતે વર્ષોથી રચનાત્મક કાર્યમાં રચ્યા પચ્યા રહે છે.

આ શિબિર માટે માટુંગામાં આવેલી ગુર્જરવાડી સાડાચાર કે પાંચ મહિના માટે ભાડે રાખવામાં આવેલી હતી અને તેમાં ખાવા પીવા તથા રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તે માટે શિબિરમાં જોડાનાર ભાઈ-બહેનોએ કશું આપવાનું ન હતું. હંમેશાં સવારના ભાગમાં ત્રણ કલાક અને બપોરના ભાગમાં ત્રણ કલાક

શિબિર સભ્યો વ્યાખ્યાનશાળામાં એકઠાં થતાં હતાં અને આ ચર્ચાસભામાં આજના આપણા જીવનને સ્પર્શતા અનેક વિષયોની ચર્ચાઓ ચાલતી હતી. આજે શેની ચર્ચા કરવી છે તે વિષયનાં મથાળાં સવારના ભાગમાં પાટિયા ઉપર લખવામાં આવતાં હતાં અને તે વિષયો ઉપર શિબિરવાસીઓ પોતપોતાના વિચારો રજૂ કરતાં હતાં, પરસ્પર ચર્ચા કરતાં હતાં અને છેવટે સન્તબાલજી આખી ચર્ચાનો ઉપસંહાર કરતા હતા.

અહીં જે ચર્ચાઓ ચાલતી હતી તે લગભગ અક્ષરશઃ સન્તબાલજી તથા નેમિમુનિ લખી લેતા હતા. ચર્ચાસભાઓ પૂરી થયા બાદ બન્ને મુનિઓ તેને સરખાવીને સરખી કરતા હતા. અને પછી તેને સાઈક્લોસ્ટાઈલ કરતા યા કરાવતા હતા અને સારી સંખ્યામાં તેની નકલો કાઢીને અનેક સાધુ—સાધ્વીઓને, સાધક—સાધિકાઓને, જિજ્ઞાસુઓને તેમ જ વિચારકોને ટપાલ દ્વારા અનેક સ્થળોએ રવાના કરવામાં આવતી હતી. ભિન્ન ભિન્ન કોટિની, યુવાનથી માંડીને આધેડ વય સુધીની વ્યકિતઓનો આ શંભુમેળો હતો. શિબિરમાં પ્રવેશ આપવા માટે વય, શિક્ષણ કે અન્ય પ્રકારનું કોઈ ચોકકસ ધોરણ વિચારવામાં આવ્યું ન હતું અને આટલી લાંબી મુદતની આ શિબિર હતી તેથી, શિબિર સભ્ય ભાઈ દુલેરાય માટલિયાએ પૂર્ણાહુતિની સભામાં જણાવ્યું હતું તેમ, આ ચર્ચાઓ સારા પ્રમાણમાં ચવર્તિચર્વણ જેવી બની ગઈ હતી. આ ચર્ચાઓ કઈ કક્ષાની હતી તેનો ખરો ખ્યાલ તો આ આખી ચર્ચા ૧૦૦૦ થી ૧૫૦૦ પાનાનાં પુસ્તક રૂપે પ્રગટ થવાની છે એ ઉપરથી આપણને આવશે. અહીં સાથે સાથે એ જણાવવું જોઈએ કે, મુનિ સન્તબાલજી પોતાની એક નોંધમાં જણાવે છે તે મુજબ, તેમની કલ્પના મુજબની ચર્ચા માટે આ સાડાચાર મહિનાની શિબિર તેમને ટૂંકી માલૂમ પડી હતી.

સાધારણ રીતે ગાંધીવિચારપ્રેરિત આવી શિબિરોમાં અને તેમાં પણ આટલી લાંબી મુદતની શિબિરમાં દૈનિક કાર્યક્રમમાં શિબિરસભ્યો માટે કાંતવું, સાફસૂફી કરવી,--આવા શારીરિક શ્રમના પ્રબંધને અનિવાર્ય ગણવામાં આવે છે. પ્રસ્તુત શિબિરમાં દૈનિક કાર્યક્રમમાં આવો કોઈ પ્રબંધ વિચારવામાં જ આવ્યો નહોતો, જે કાંઈક આશ્ચર્યજનક લાગતું હતું.

પ્રસ્તુત સાધુ—સાધ્વી શિબિરની કાર્યવાહીની ઉપર જણાવી તે મુજબની રૂપરેખા હતી. જિજ્ઞાસા ખાતર હું બે ત્રણ વાર આ શિબિરની ચર્ચા—સભાઓમાં ગયો હતો અને એ વખતે મારા મન ઉપર પડેલી છાપ ઉપરથી એટલું મારે જરૂર જણાવવું જોઈએ કે, આ શિબિરમાં ચર્ચાઓ પૂરા ગંભીરપણે કરવામાં આવતી હતી અને શિબિરસભ્યો તેમાં પૂરા રસથી ભાગ લેતા હતા. એમ છતાં વિશ્વવાત્સલ્ય જેઓ ચાલુ વાંચે છે તેમને આ ચર્ચામાંથી કોઈ નવું નવનીત નીકળે છે એમ ન લાગે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. અહીં મોટે ભાગે વિશ્વવાત્સલ્યની વિચારણાની વિસ્તૃત આવૃતિઓ રચાઈ રહી હોય એમ મને લાગ્યું હતું.

અહીં મુખ્ય પ્રશ્ન એ થાય છે કે, આ શિબિરમાં કોઈ જૈન સાધુ—સાધ્વીઓ કેમ ન જોડાયાં? તેમની ઉપર નિમંત્રણ ઉપર નિમંત્રણો અને પ્રેરક પરિપત્રો મોકલવામાં આવ્યાં હતાં. કેટલાકને સન્તબાલજી અથવા નેમિમુનિ જાતે મળીને શિબિરમાં જોડાવા પ્રેરી રહ્યા હતા. તેમના આચાર પાળવા માટે બધી સગવડ વિચારવામાં આવી હતી. આમ છતાં આ બાબતમાં તેમને આવી નિરાશા કેમ સાંપડી? તેનાં ઘણાં કારણો કલ્પી શકાય છે. આવવા ઈચ્છતાં સાધુ—સાધ્વીઓના ગુરુઓ તેમને રજા આપે નહિ. તેમને છોડીને શિષ્યો આવવાને તૈયાર ન હોય. સન્તબાલજી પ્રત્યે જૈન સાધુઓને કોઈ ખાસ આકર્ષણ ન હોય, અહીં આવીને ખરેખર કાંઈ નવું શીખવા-જાણવાનું મળવાનું છે એ વિષે તેમને સંદેહ હોય. 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને' એ ભજનપંકિત મુજબ, મુનિ સન્તબાલજી અવારનવાર જણાવે છે તે પ્રમાણે, આવી શિબિરમાં જોડાવું એટલે તેનાં કોઈ પ્રતિકૂળ પરિણામ માટે પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો ભોગ આપવાને તૈયાર રહેવું—આ કસોટીમાં તેઓ નબળા નીવડયા હોય. તેમને તબીયતની અથવા તો લાંબા અન્તરેથી મુંબઈ સુધી આવી પહોંચવાની પ્રતિકૂળતા હોય. આવાં અનેક કારણો હોઈ શકે છે. પણ મને ખાતરી છે કે, ચાતુર્માસને બદલે અન્ય દિવસોમાં મુંબઈ જેવા મોટા સ્થળે પાંચ પંદર દિવસની ટૂંકી મુદતની શિબિર યોજવામાં આવી હોત તો કલ્યાણભાવનાથી પ્રેરાયલી આ શિબિરયોજનામાં જરૂર અમુક સાધુ—સાધ્વીઓએ ભાગ લીધાં હોત. તેમને નવું જાણવા—સમજવાની આજે ભૂખ જાગી છે. તેમની મર્યાદાઓનો ખ્યાલ રાખીને પ્રસ્તુત શિબિરને માટે આવો મર્યાદિત વ્યવહારૂ આકાર વિચારાવો જોઈતો હતો.

ઉપર જેની કાર્યવાહીનો ખ્યાલ આપવામાં આવ્યો તે સાધુ—સાધ્વી શિબિરને સફળ કહેવી કે નિષ્ફળ? જે ભદ્ર વ્યકિતઓ તેમાં જોડાઈ તેમને જરૂર કાંઈક લાભ થયો હશે. તેમના વિચારોમાં પરસ્પરની ચર્ચાથી જરૂર કાંઈક વધારે સ્પષ્ટતા આવી હશે. તેમની દષ્ટિ જરૂર વધારે વિશાળ બની હશે. વળી આમ ચાર સાડાચાર મહિના સતત ચિન્તનમાં અને તાત્ત્વિક ચર્ચામાં આ ભાઈ—બહેનોએ ગાળ્યા તેનું કાંઈક સુફળ તેમના જીવન ઉપર બેસવું જ જોઈએ એવી આપણે જરૂર આશા રાખી શકીએ. આવું જે કાંઈ પરિણામ આવ્યું હોય તેને શિબિરની સફળતાની બાજુ કહી શકાય.

પણ જે મુખ્ય હેતુ જૈન સાધુ—સાધ્વીને એકત્ર કરીને ચાર મહિના સાથે વસવાટ કરીને નવવિચારની તેમને દીક્ષા આપવાનો અને ક્રાન્તિકારી બનાવવાનો હતો તે તો બિલકુલ સિદ્ધ થયો જ નહિ અને એવા કોઈ જૈન સાધુ—સાધ્વી હવે જોડાવાના જ નથી એવી પાકી ખાતરી થઈ ચૂકી હતી, એમ છતાં પણ, આવી સાડાચાર માસની શિબિર પાછળ જે મોટું ભાડું, રસોડું, પ્રચારકાર્ય, તાર ટપાલ, જાહેરાતો વગેરે અંગે આશરે ત્રીશ હજાર કે તેથી વધારે ખર્ચ થયાનું કહેવામાં આવે છે તેવી શિબિર ઊભી કરવાનો કે ચાલુ રાખવાનો ખરેખર કંઈ અર્થ હતો ખરો? આ પાછળ સન્તબાલજીએ કાયા ઘસી નાંખી હતી, તેમણે સારા પ્રમાણમાં વજન ગુમાવ્યું હતું, જે તરફ શિબિર ચાલતી હતી તે દરમિયાન મેં તેમનું ધ્યાન ખેંચ્યું હતું. શિબિરમાં જે કંઈ બોલાય, ચર્ચા થાય તે બધું લખ્યા જ કરવું, તેની સરખી નકલો કરવી, તેને સાઈકલોસ્ટાઈલ કરવું કરાવવું, નકલો કઢાવવી અને ટપાલમાં રવાના કરવી, વળી તદર્થે ઢગલાબંધ ટપાલ લખ્યા કરવી—આટલો બધો શ્રમ લેવાની, શકિત ખરચવાની શું ખરેખર જરૂર હતી? તેમણે તો તા. ૧૬-૧૨-૬૧ ના વિશ્વવાત્સલ્ય ના અગ્રલેખ દ્વારા શિબિરની સમગ્ર કાર્યવાહી અંગે પૂરો સંતોષ દર્શાવ્યો છે અને તેને સારી સફળતા પ્રાપ્ત થયાનું જણાવ્યું છે, એમ છતાં પણ એક બાજુએ આટલો બધો દ્રવ્યવ્યય તથા શકિતવ્યય અને બીજી બાજુએ ગણ્યાગાંઠયાં ભદ્રજનોને તેમની આગવી વિચારણા વડે રંગવામાં આવ્યા—આટલું નજીવું પરિણામ—આ જોતાં મને તો આ બધું 'ખોદ્યો ડુંગર અને કાઢયો ઊંદર' એના જેવું કાંઈક લાગ્યું.

પરમાનંદ

* * *

### પંડિત સુખલાલજીનું સુધરતું જતું સ્વાસ્થ્ય

પંડિત સુખલાલજી ઉપર ગઈ તા. ૩૦—૧૨—'૬૧ ના રોજ પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડ કાઢી નાખવાનું ઑપરેશન—શસ્ત્રક્રિયા કરવામાં આવેલી. તેમનું સ્વાસ્થ્ય ઉત્તરોત્તર સુધરતું રહ્યું છે અને ઑપરેશનના કારણે હવે કોઈ ખાસ તકલીફ રહી નથી.

### દિલ્હીનિવાસી શ્રી ભીખાભાઈ કપાસી સાથે સંઘના સભ્યોનું મિલન

તા. ૧૮મી જાન્યુઆરી ગુરૂવારના રોજ સાંજના છ વાગ્યે દિલ્હીનિવાસી આગેવાન જૈન પત્રકાર શ્રી ભીખાભાઈ બી. કપાસી સાથે સંઘના કાર્યાલયમાં સંઘના સભ્યોનું મિલન ગોઠવવામાં આવ્યું છે. સંઘના સભ્યોને આ પ્રસંગે ઉપસ્થિત થવા અનુરોધ કરવામાં આવે છે.

મંત્રીઓ: મુંબઈ જૈન યુવક સંઘ.

# જ્યોતિષમાં અંધશ્રદ્ધા

**"આગામી ફેબ્રુઆરી માસના પહેલા અઠવાડિયામાં એકઠા થતા આઠ ગ્રહોની મારી ઉપર કશી અસર પડવાની નથી. આની માઠી અસર વિષે જ્યોતિષીઓ જે આગાહીઓ કરી રહ્યા છે તેથી જરા પણ ગભરાઓ નહિ, ગ્રહો આપણા ભાગ્યને બગાડી કે સુધારી શકતા નથી. આપણા ભાગ્યના આપણે પોતે જ વિધાતા છીએ." જવાહરલાલ નહેરૂ**

આપણા દેશમાં મોટા ભાગના માણસો જ્યોતિષશાસ્ત્ર અને તેના ફળ ઉપર ઘણી શ્રદ્ધા રાખે છે, વળી જ્યોતિષીઓ તેને એમ સમજાવે છે કે એક યા બીજી શાંતિ કરવાથી તેના દુ:ખમાં ઘટાડો અને સુખમાં વધારો થશે.

ગ્રહો ઉપરની શ્રદ્ધા અને જ્યોતિષીઓની અવળી દોરવણીથી આજે હિન્દુસ્તાનમાં પૂજા અને મંત્રોની પાછળ બેસુમાર વખત અને નાણાંનો ભોગ અપાઈ રહ્યો છે. જ્યારે ખરી વસ્તુસ્થિતિ તદ્દન જુદી જ છે. આપણે આમાં જરા ઊંડા ઉતરીએ.

આપણાં શાસ્ત્રો મુજબ નવ ગ્રહો એ દેવતાઓ છે. મહાન અને અનંત શકિત ધરાવનારા એ દેવો છે. આપણા શાસ્ત્રકારોએ નવ ગ્રહોની શોધ કીધી છે. પરંતુ વિજ્ઞાને ત્યાર પછી બીજા કેટલાક ગ્રહ શોધી કાઢયા છે જેવા કે યુરેનસ, નેપ્ચ્યુન, પ્લુટો વિગેરે.

આપણાં શાસ્ત્રો મુજબ પૃથ્વી સપાટ છે અને સૂર્ય સમેત નવ ગ્રહો પૃથ્વીની આસપાસ ફર્યા કરે છે, પરંતુ આધુનિક વિજ્ઞાને એ સાબિત કરી બતાવ્યું છે કે પૃથ્વી સપાટ નથી પણ ગોળ છે. પૃથ્વી સમેત બધા ગૃહો સૂર્ય કુટુંબનાં બાળકો છે અને તે બધા સૂર્યની આસપાસ ફર્યા કરે છે.

હવે આ ગ્રહો શેના બનેલા છે તે આપણે જોઈએ. વિજ્ઞાનની શોધ મુજબ બધા ગ્રહો પૃથ્વી જેવી જડ વસ્તુઓના બનેલા ગોળા છે. કેટલાક પૃથ્વીથી મોટા છે અને કેટલાક પૃથ્વીથી નાના છે. કોઈ ગ્રહો ઉપર હવા છે, કોઈ ઉપર વનસ્પતિ અને જીવસૃષ્ટિ છે અને કોઈ ગ્રહો સળગતા જ્વાળામુખીના ગોળા જેવા છે. આમ આ ગ્રહો બીજું ગમે તે હોય પણ તેમાં જીવ નથી, આત્મા નથી. તેઓ જડ છે, દેવતાઓ નથી એ ચોક્કસ છે.

જે વસ્તુમાં જીવ કે આત્મા હોય તે જ સ્વતંત્ર રીતે હરી-ફરી શકે અને તે જ બીજાઓનું ભલું કરી શકે અને નુકસાન પણ કરી શકે. જીવ વગરની જડ વસ્તુ આવું કંઈ જ કરી શકે નહીં.

આ ગ્રહો સૂર્યની આસપાસ પોતાના પરિઘમાં ફર્યા કરે છે. પરંતુ પોતાની મરજી મુજબ ફરવાની શકિત તેમનામાં નથી. તેઓ ઉતાવળા કે ધીમા જઈ શકતા નથી. તેઓ ઈચ્છે તો પણ થોડો વિસામો લઈ શકતા નથી. તેઓ સ્વતંત્ર નથી, પરતંત્ર છે.

હિમાલય પર્વત અને કીડીનો દાખલો લ્યો. કીડી નાની છતાં તેમાં જીવ છે અને તેથી તે પોતાની મરજી મુજબ હરીફરી શકે છે. તે હિમાલયના માથા ઉપર પગ મૂકી શકે છે, પણ હિમાલય કીડીના માથા ઉપર પગ મૂકી શકતો નથી. કારણ કે તે જડ છે.

એક ઘડિયાળ લ્યો. વરસોના વરસો સુધી તે નિયમિત ચાલે છે. માણસ જાતિની તે ઉત્તમ સેવા બજાવે છે. પણ તે જડ છે. તેને એમ ખબર નથી કે હું સેવા બજાવું છું. મારું નામ ઘડિયાળ છે તેની પણ એને ખબર નથી.

આવી જ રીતે ગ્રહો બધા જડ છે. તેમાં જીવ નથી. શનીના ગ્રહને આપણે વખોડીએ છીએ, પણ એ બિચારાને તેની કાંઈ જ ખબર નથી. અરે, એનું નામ શની છે તેની પણ એને ખબર નથી. આવા આ નિર્દોષ ગ્રહો અમુક માણસો સાથે મૈત્રી કરી એમને સુખી કરે અને અમુક સાથે દુશ્મનાવટ કરી તેમને દુ:ખી કરે એવું કદી બને જ નહીં. આવી કોઈ શકિત આ ગ્રહોમાં છે જ નહીં.

ગુરુત્વાકર્ષણના ગુણ થકી ગ્રહો બધા પોતાના પરીઘમાં ફરી રહ્યા છે. પરંતુ કોઈ માણસનું ભલું યા બુરુ કરવાની શકિત તેમનામાં નથી.

ગ્રહો અને જન્મોત્રીઓ જોઈને જ્યોતિષીઓ જે કાંઈ કહે છે તે બધું પોતાની હુંશિયારી, તર્કબુદ્ધિ અને વેપાર કળા વડે કહે છે. વળી તેઓ જે કાંઈ કહે છે તે ઘણે ભાગે દ્વિઅર્થી હોય છે, એટલે આમાંથી અમુક સાચું પડે એ સ્વાભાવિક છે. પણ ખરી રીતે એ પેટ ભરવાના ધંધા સિવાય બીજું કાંઈ જ નથી.

૨૨-૨૪ વર્ષની બે ત્રણ બાળકોની માતા હોય એવી કોઈ પણ સ્ત્રીની જન્મોત્રી લ્યો. તે એકસો જ્યોતિષિઓને બતાવો અને એમને પૂછો કે આ છોકરીના લગ્ન હજી થયા નથી. એનો લગ્ન-યોગ કેવો છે? દરેક જ્યોતિષી પોતપોતાની રીતે લગ્ન યોગની ભવિષ્ય વાણી કહેશે. પણ એક પણ જ્યોતિષી એમ નહીં કહી શકે કે આ સ્ત્રી તો પરણી ગઈ છે અને તે બે ત્રણ બાળકોની માતા છે. જેવું આ બાબતમાં તેવું દરેક બાબતમાં સમજવું.

**ઘણા જ્યોતિષીઓ રાશિઓ ઉપરથી ભવિષ્યફળ કહે છે. ઘણાં વર્તમાનપત્રો પણ રાશિઓનાં ફળ પોતાના પત્રોમાં છાપે છે. પરંતુ રામ અને રાવણની રાશિ એક જ હતી. કંસ અને કૃષ્ણની રાશિ એક જ હતી. છતાં એમના અંજામ જુદા કેમ આવ્યા તે આપણે વિચારવાનું છે.**

જ્યોતિષ શાસ્ત્રનાં ગણિતનાં હિસાબો ૧૦૦ ટકા સાચા છે પણ તેના રૂખ શાસ્ત્ર સંબંધી જે કાંઈ કહેવામાં આવે છે તે ૧૦૦ ટકા ખોટું છે.

શ્રી અરવિંદના એક સાધક શ્રી ગીરધરલાલભાઈ હાલ પોંડીચેરી ખાતે રહે છે. તેમણે શ્રી અરવિન્દને પૂછ્યું: "આપ રજા આપો તો આપના ઉપર આપના ગ્રહોની શું અસર છે તે હું આપને કહું." શ્રી અરવિંદે કહ્યું: "ગીરધર, આ પ્રશ્ન તું ઉથલાવીને પૂછે તો હજી તેની કંઈક કિંમત ગણાય. ગ્રહો ઉપર મારી શું અસર છે એમ તું પૂછે તો હું તેનો જવાબ આપું." શ્રી અરવિંદની કહેવાની મતલબ એ હતી કે માણસ ધારે તો ગ્રહો ઉપર કાંઈક અસર પાડી શકે, પણ ગ્રહો માણસ ઉપર કંઈ અસર પાડી શકે નહિ.

આજ સુધી ચંદ્ર આપાણું નસીબ ચલાવતો હતો, પરંતુ હવે ચંદ્રનું નસીબ માણસના હાથમાં આવી ગયું છે. નજીકના ભવિષ્યમાં માણસ ચંદ્ર ઉપર સવારી કરશે એ વાત તદ્દન ચોક્કસ છે.

બીજાઓનું ભવિષ્ય કહેનારા અને ભાખનારા કોઈ પણ જ્યોતિષીઓએ પોતાના બાળકોનું આખું ભવિષ્ય તેમના જન્મ વખતે ભાખ્યું હોય અને તે સાચું પડયું હોય એવો એક પણ દાખલો હજી સુધી નોંધાયો નથી. આ ઉપરથી સાબીત થાય છે કે જ્યોતિષિઓના ભવિષ્ય કથન એ પેટ ભરવાના ધંધા સિવાય બીજું કાંઈ જ નથી.

કેટલાક મિત્રો મને કહે છે કે યુરોપ અને અમેરિકાના માણસો પણ જ્યોતિષ અને તેની રૂખમાં માને છે. આ મિત્રને મારે એટલું જ કહેવાનું છે કે યુરોપ અને અમેરિકામાં કોઈ મુરખાઓ નથી એમ ધારી લેવાની જરૂર નથી.

કેટલાક માણસો કહે છે કે જ્યોતિષીઓ ભવિષ્ય વિષે ખરું કહી શકે નહિ. પરંતુ ભૂતકાળ બરોબર કહી શકે છે. આ વાત પણ તદ્દન ખોટી છે. કોઈ પણ જ્યોતિષી ભૂતકાળ વિષે પણ કંઈ કહી શકે નહિ, સિવાય કે એણે તે અગાઉથી જાણી લીધું હોય. આપની ઓળખાણનાં ગમે તે સારા જ્યોતિશિષને મારે ત્યાં તેડી આવો. હું મારા ટેબલ પર રૂા. ૧૦૦)ની નોટ મુકીશ. અને ભૂતકાળના કોઈ પણ ચાર પ્રશ્નો તેને પૂછીશ. એ ચાર પ્રશ્નોના ખરા જવાબ આપી તે રૂા. ૧૦૦) લઈ જઈ શકે છે. પણ મારી ખાત્રી છે કે કોઈ પણ જ્યોતિષિ આ રૂપિયા લઈ જઈ શકશે નહિ.

જ્યોતિષશાસ્ત્ર અને તેની રૂખમાં ઊંડી શ્રદ્ધા ધરાવનાર ભાઈઓની લાગણી આ લેખથી દુભાશે તે માટે હું દિલગીર છું અને તેમની ક્ષમા માગું છું, સાથે તેમને વિનતિ પણ કરું છું કે સત્ય શું છે તે જાણવા તેઓ પ્રયત્ન કરે.

ગગુભાઈ પુનશી.

**તંત્રીનોંધ:** આ લેખમાં લેખકની પોતાની દ્રષ્ટિ રજૂ કરવામાં આવી છે. તેમાં કેટલાંક વિધાનો એવાં છે કે જે સાથે સંમત થવું કેટલાકને મુશ્કેલ લાગે. આ સંબંધમાં મારી દષ્ટિ તેમ જ વલણ તા. ૧૫-૧૨-'૬૧ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ 'આગાહીઓની પોકળતા—અવિશ્વસનીયતા' એ મથાળાના મારા લેખમાં વિસ્તારથી રજૂ કરવામાં આવેલ છે, જેને વધારે સ્પષ્ટ કરવાની જરૂર નથી.

**પરમાનંદ**

# "શાંતિસેનાનો વિચાર આકર્ષક છે, પણ...."

(તા. ૩-૧૨-'૬૧ ના રોજ દિલ્હી ખાતે શાન્તિસૈનિકોની એક મંડળી ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરુ સમક્ષ તેમના આશીર્વાદ મેળવવા માટે ગયેલી. તેમને ઉદ્દેશીને પંડિતજીએ શાંતિસેનાના અદ્યતન સ્વરૂપ વિષે એક ટીકાત્મક પ્રવચન કરેલું જે નીચે આપવામાં આવે છે. શાંતિસેનાના પુરસ્કર્તા વિનોબાજીએ તેમ જ અન્ય સૂત્રધારોએ પંડિતજીના કથનનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે અને તેને કેવું વ્યવહારુ રૂપ આપવાથી આપણા ચાલુ પ્રજાજીવનમાં તે ખરેખર ઉપયોગી થઈ શકે તે બાબત જરૂરી સંશોધન કરીને પ્રજાજનોને માર્ગદર્શન આપવાની આવશ્યકતા છે. પરમાનંદ)

શાંતિ-સેનાનો વિચાર મને આકર્ષે છે. મારું દિલ એને પસંદ કરે છે. પણ માનસિક રીતે વિચારું છું તો ઘણી મુશ્કેલીઓ સામે આવે છે. કોઈ કામ માટે બીજાની પીઠ થાબડવી અને એ વિશે પોતે કશું ન કરવું એનો કંઈ અર્થ નથી. એ તો નરી ધૂર્તતા છે અને આ શાંતિ-સેનાની વાત ઘણી ગંભીર છે. એમાં મનુષ્યનાં દિલ અને દિમાગની વાત છે. એને માટે દિલ અને દિમાગ કાબૂમાં આવે એ જરૂરી છે.

મારું દિલ શાંતિ-સેનાના વિચારથી આકર્ષાય છે પણ દિમાગમાં રકઝક ચાલ્યા કરે છે. એ પૂરી નથી થતી. હું માત્ર એટલું સમજ્યો છું કે શાંતિ-સેના ઊભી કરવી એ સારી ચીજ છે. એની કંઈ ને કંઈ સારી અસર પડશે. જો કે હું નથી માનતો કે આજે શાંતિ-સેના દ્વારા સવાલ ઉકલી શકશે. પરંતુ તેની થોડીયે અસર પડે તો તે ઠીક જ છે.

આજકાલ દુનિયામાં મોટા મોટા સવાલો ઊભા થાય છે, જેમાંથી યુદ્ધ ફાટી નીકળવાનોય ભય છે. હવે કૉંગો, અંગોલા, ગોવા કે બર્લિનના પ્રશ્નમાં શાંતિ-સેના દ્વારા શું થઈ શકે એ મારા મગજમાં બિલકુલ નથી આવતું. પાંચ-દસ હજાર શાંતિ-સૈનિકો ત્યાં જાય તો શું અસર પાડે? થોડી ઘણી અસર જરૂર પાડે, પણ તેઓ કેટલી હદે અસર પાડી શકે એ વિશે મારા મગજમાં સ્પષ્ટતા નથી.

તમે જો હિન્દુસ્તાનના આંતરિક સવાલો નથી ઉકેલી શકતા—પછી તે ધર્મના હોય કે ભાષાના હોય કે પ્રાંતના હોય —તો કઈ હેસિયતથી તમે દુનિયાને માર્ગ બતાવશો? જ્યારે મહોલ્લાના ઝઘડા નથી રોકી શકતા તો સરહદનું રક્ષણ શું કરશો? કાલે આપણી સરહદ પર આક્રમણ થયું તો શાંતિ-સેના શું કરશે? પહેલાં તો શાંતિ-સેના ત્યાં પહોંચશે કે કેમ એ સવાલ છે. જ્યાં સુધી અમે તમને ખભા પર ન ઊંચકીએ ત્યાં સુધી તમે ત્યાં પહોંચી જ નહીં શકો અને જ્યાં સુધી અમે તમારા ખાવા-પીવાનો બંદોબસ્ત ન કરીએ ત્યાં સુધી ત્યાં પહોંચો તોયે કાંઈ કરી નહીં શકો. ત્યાં એટલી ઊંચાઈએ શ્વાસ લેવામાંયે મુશ્કેલી નડે છે. આમ તમે ત્યાં પહોંચો તોયે તમારી શાંતિ-સેનાની દેખભાળ રાખવા એક બીજી સેના જોઈએ. આ તો એક અજબ તમાશો થાય!

હું કોઈ મજાક નથી કરી રહ્યો, બલ્કે તમને મુશ્કેલીઓ બતાવી રહ્યો છું. આજે પુરાણી વીરતાની વાત ખતમ થઈ છે. આજે તો દુશ્મન દેખાતો જ નથી. એ માઈલો દૂર રહે છે. ત્યાંથી બોમ્બ ગોળા આવ્યો તો ત્યાં શાંતિ-સેના શું કરવાની? એ બોમ્બ તમારા પીળા રૂમાલોને નથી ઓળખવાનો. (શાંતિ—સૈનિકો માથે પીળો રૂમાલ બાંધે છે.—સં.)

હું તમારી સમક્ષ મુશ્કેલીઓ રજૂ કરી રહ્યો છું. અલબત્ત હું માનું છું કે શાંતિ-સેનાના વિચારમાં એક સબળું તથ્ય છે. આપણે એની ફીકર ન કરવી જોઈએ કે એમાં થોડા માણસો છે. દુનિયામાં મોટી વાતો થોડા માણસોએ જ કરી છે અને પછી એ ફેલાઈ છે. અહીં અંધારું હોય અને આપણે એક નાનો અમથો દિવો પ્રગટાવીએ તો આ આખું યે અંધારું એ દિવાના પ્રકાશને ઓછો નથી કરી શકતું. અને છતાં આખી દુનિયામાં અંધારું હશે તો યે આ પ્રકાશ તો રહેશે. એક વ્યકિત પણ જો પાકે પાયે સાચા માર્ગ પર હિંમતની સાથે ચાલે છે અને એનું દિલ જો શુદ્ધ છે તો એની અસર થાય છે. ગાંધીજીની ઘણી બધી અસર થઈ. આપણે નાના છીએ તો આપણી ઓછી અસર થશે, પરંતુ અસર થશે જરૂર. હું માનું છું કે અહિંસામાં શકિત છે. એ કેવળ કહેવાની વાત નથી. અહિંસા એક Positive—વિધાયક ચીજ છે. અહિંસા ને શાંતિને નામે ડર હોય તો તે અહિંસા ને શાંતિ નહીં ચાલે. ગાંધીજીએ કહેલું કે ભયભીત સત્યાગ્રહી એમને ન ખપે. એ સત્યાગ્રહ જ નથી. આપણે ઇચ્છીએ છીએ કે દરેક વ્યકિત અને સમૂહ બહાદુર ને હિંમતવાન બને. એ અઘરી વાત છે, પણ દુનિયાનું અસ્તિત્વ રહેવાનું હશે તો આ જરૂર થશે. આ પલટાતી દુનિયામાં અજબ શકિતઓ પેદા થાય છે.

હું જો પૂરેપૂરી રીતે શાંતિ-સેનાની વાત માનતો હોત તો વડા પ્રધાનપદે રહી જ ન શકત. અને જો રહેત તો મારે તુરત મારી સેના, નૌકાદળ, હવાઈદળ અને પોલીસ—બધાને વિખેરી નાખવા પડત. આ એક કોયડો છે. એટલે મુશ્કેલી ઊભી થાય છે કે હું તમને કેમ આશીર્વાદ આપું કે આ કામ સારું છે. હું માનું છું કે આ કામ સારું છે, પરંતુ બધા જાણે છે કે હું એ પગલું નથી ભરી શકતો. એટલા વાસ્તે નહીં કે મને વડા પ્રધાનપદનો મોહ છે. બલ્કે હું વડો પ્રધાન ન રહું તોયે મારો દિમાગ સાફ નથી. મારી સામે પચાસ તરીકા છે. હું એમ નથી કહી શકતો કે હું કેવળ શાંતિના જ તરીકાથી કામ કરીશ. જે જવાબદારી મારા પર છે, કેવળ વડા પ્રધાનને નાતે જ નહિ, બલ્કે એક નાગરિકને નાતે, એ જોતાં હું મારી જાતને બાંધી નથી શકતો કે હું શાંતિ—સેનાનો જ માર્ગ અખત્યાર કરીશ. હું નથી માનતો કે આ માર્ગે આપણે હિંદુસ્તાનનો સવાલ ઉકેલી શકીશું. પછી બહારના સવાલ તો દૂર જ રહ્યા.

પરંતુ આ બધી મુશ્કેલીઓ છતાંયે હું માનું છું કે ગાંધીજીએ કહ્યું હતું અને જે વિનોબાજી કહી રહ્યા છે, એમાં પાયાનું તથ્ય છે, અને એનાથી દેશનું અને દુનિયાનું ભલું થશે. ગાંધીજીએ આંતરિક ઝઘડાઓ સારું જે કહ્યું હતું, એનેયે આપણે પુરું નથી કરી શકયા તો દુનિયામાં લડાઈ ન થાય, આ ન થાય, પેલું ન થાય, એમ કહેવું નાને મોઢે મોટી વાત થશે. એ વાત સાચી છે. પણ જ્યાં સુધી આપણે દેશમાં કંઈ કરી નથી શકતા ત્યાં સુધી કંઈ કહેવું ઠીક નહીં ગણાય. ગાંધીજી બીજા દેશોમાં નહોતા જતા. તેઓ કહેતા કે જ્યાં સુધી આપણે દેશમાં નથી કરતાં ત્યાં સુધી બહાર કેમ જઈએ? અને આપણે નાના માણસો દેશ-દેશમાં ઘૂમીએ છીએ.

દરેક માણસે પોતપોતાનો માર્ગ ખોળવો પડે છે. આપણે ઊઠીને કહીએ કે અમે ગાંધીજી જેવું જ કરીશું, તો એ નહીં કરી શકીએ અને પોતાનું કર્તવ્ય પણ ચૂકીશું. દરેક માણસે પોતાનું કર્તવ્ય ખોળવું પડે છે. બીજાઓ પાસેથી શીખવાનું હોય છે, અનુકરણ પણ કરવું પડે છે. પરંતુ પોતાનો માર્ગ શોધી લેવો પડે છે. એક માણસ ચિત્રકાર હોય તો તે શાંતિની સેવા ચિત્રકામ દ્વારા જ કરી શકે છે. એ દ્વારા જ એ મોટું કામ કરી શકે છે. એને કહીએ કે ચિત્રકામ છોડીને બીજું કામ કર તો તે નથી કરી શકતો. પ્રત્યેક વ્યકિતની શકિત અલગ અલગ હોય છે.

આ બધી મુશ્કેલીઓ મેં બતાવી. મનમાં સવાલ ઊઠતો રહે છે. આ બધી વાતો છતાંયે શાંતિ-સેના તરફ તમે જે રીતે જુઓ છો તે મને સારું લાગે છે. હું કહું છું કે તે યોગ્ય છે, તેથી એની અસર થશે. તેથી સ્તો હું તમને મારી સહાનુભૂતિ અને શુભેચ્છા ઘણી ખુશીની સાથે આપું છું.

જવાહરલાલ નહેરુ

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧, ૧૯૬૨, ગુરુવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## પ્રકીર્ણ નોંધ

### "આમ કહેનારા જહન્નમ્‌માં જાઓ !"

તા. ૧૫—૧—૬૨ના રોજ ભારતના મહાઅમાત્ય જવાહરલાલ નહેરૂ ચૂંટણી પ્રચારનું મંગળાચરણ કરવા માટે મુંબઇ ખાતે પધારેલા અને તે દિવસે સાંજના શિવાજી પાર્કમાં યોજાયેલી જાહેર સભામાં ઘણી મોટી લોકમેદની સમક્ષ કોંગ્રેસ—સમર્થક પ્રવચન કર્યું હતું. મુંબઇના ઉત્તર વિભાગમાં લોકસભા માટે કોંગ્રેસ તરફથી નિયુકત કરવામાં આવેલા ઉમેદવાર શ્રી કૃષ્ણ મેનનને અનુલક્ષીને બોલતાં તેમણે જણાવ્યું હતું કે "કેટલાક વળી એમ કહે છે કે અમને પંડિત નહેરૂની નીતિ સામે કંઇ વાંધો નથી, પણ શ્રી કૃષ્ણ મેનન એ નીતિનો જે રીતે અમલ કરે છે, અર્થઘટન કરે છે તેની સામે વાંધો છે. કેટલાક છોકરાઓ મને આવીને કહે છે કે 'અમે મેનનનો વિરોધ કરીએ છીએ.' મારો તેમને જવાબ છે, કે "Go to hell" —'તમે જહન્નમમાં જાઓ.' આગળ વધતાં પંડિતજીએ જણાવેલું કે "આ લોકો, આ છોકરાઓ શું મારૂં અપમાન કરવા માગે છે? મારામાં કંઇ અક્કલ કે સમજણ નથી? જુઓ તો તેઓ કેવી વાતો કરે છે? 'અમે જવાહરલાલની નીતિમાં માનીએ છીએ; એ અમને મંજુર છે, પણ જવાહરલાલે પસંદ કરેલો માણસ મેનન અમને મંજુર નથી.' આવા માણસો વળી કોંગ્રેસમાંથી ચાલી જવાની વાતો કરે છે. હું તો કહું છું કે આવા માણસો કોંગ્રેસમાંથી હજારો માઇલ દૂર ચાલ્યા જાય તો સારૂં. તમે મને નેતા તરીકે ચૂંટયો છે. તો પછી મારા પ્રધાનમંડળમાં કોને લેવા તેનો મને સંપૂર્ણ અધિકાર છે. મેં મેનનને સંરક્ષણપ્રધાન બનાવ્યા છે, મેં એમને સંયુકત રાષ્ટ્રસંસ્થામાં મોકલ્યા છે, ત્યાં જે શબ્દે શબ્દ બોલે તે માટે મારી અને તમારી મંજુરી જોઇએ કે? જેને જવાબદારી સોંપી છે તેની જવાબદારી ઉપર વિશ્વાસ રાખી ન શકાય?

"એમ તો પ્રધાન મંડળમાં ચૌદ પંદર માણસો છે. એ બધાં ઘણે ઠેકાણે ભાષણો કરવા જાય છે. તે બધા મને ભાષણો વંચાવીને મારી મંજુરી મેળવીને રોજ ભાષણો કરે કે? સામાન્ય નીતિ, મૂળભૂત મુદ્દાઓમાં એકમતી થાય તે પછી તેમને તેમની અક્કલ હુશિયારી વાપરવાનો અધિકાર આપવો જોઇએ.

"તમને ખબર છે? મેનન સંરક્ષણ પ્રધાન બન્યા પછી પહેલી જ વાર આપણી ફોજો ખૂબ ખૂબ મજબૂત થઇ છે, આપણું લશ્કરી ઉત્પાદન, લશ્કરી તાકાત વધેલ છે અને આઝાદી પહેલા બ્રિટનની એક શાખા માફક જે કામ કરતી હતી તેના બદલે હવે સ્વતંત્ર દેશની શાન વધારે તેમ એ કામ કરતી થઇ છે." (ઉપરનો અહેવાલ તા. ૧૬—૧—૬૨ના જન્મભૂમિમાંથી લેવામાં આવ્યો છે.)

મેનનવિરોધી કોંગ્રેસી યુવાનો સામે નહેરૂના ઉગ્ર ઉદ્‌ગારો સંબંધમાં તા. ૧૯—૧—૬૨ના ટાઇમ્સ ઓફ ઈન્ડિયામાં એક પત્ર પ્રગટ થયો છે. તેમાં 'આમ કહેનારા જહન્નમમાં જાય' એ ઉદ્‌ગારનો ઉલ્લેખ કરીને પત્રલેખક જણાવે છે કે "જે જુવાનોને આપણા મહાઅમાત્ય જહન્નમમાં મોકલવા માગે છે તે જુવાનોએ છેલ્લાં કેટલાંક વર્ષથી કોંગ્રેસની સતત સેવા બજાવી છે. તેમાંના કેટલાક સમાજમાં જવાબદારીભર્યા સ્થાનો ઉપર પ્રતિષ્ઠિત થયેલા છે. વળી તેમણે રાજીનામાં આપ્યા તે પહેલાં તેમની વફાદાર અને સક્રિય કોંગ્રેસી તરીકે ગણના કરવામાં આવતી હતી. આજે તેમને મુખ્ય પ્રધાને એકાએક ઉધડા લીધા છે, કારણ કે રાષ્ટ્રના હિત સાથે જેનો ગાઢ સંબંધ રહેલો છે એવા એક મુદ્દા ઉપર પોતાના નેતાથી તેમણે જુદા પડવાની હિંમત દાખવી છે અને એ સંબંધમાં પોતાનો સ્વતંત્ર અભિપ્રાય તેમણે પ્રગટ કર્યો છે. તેમણે પોતાના અન્તઃકરણના અવાજ સાથે બાંધછોડ કરવાનો ઈનકાર કર્યો તે કારણે પોતાના એ નેતાની ખફગી તેમણે વહોરી લીધી છે, કે જે નેતા આખી દુનિયાને સહિષ્ણુતાના અને સદ્‌ભાવની ઉણપ અંગે વખતે અને કવખતે ટોકતા રહ્યા છે—આ ખરેખર દુઃખદ છે. આપણા મહાઅમાત્ય હંમેશાં અભિમાનપૂર્વક જુવાનોના મિત્ર તરીકે પોતાને ઓળખાવતા આવ્યા છે અને પોતાની કોંગ્રેસસંસ્થાઓમાં નવી બુદ્ધિશકિત અને નવા લોહીને આમેજ કરવાની આતુરતા દાખવી રહ્યાં છે. પણ લોકશાહીની ભાવનાને સંવર્ધિત કરવા માટે જેની જરૂર છે એવા વિચારસ્વાતંત્ર્યને ઉત્તેજિત કરવા માટે કે નવી શકિતઓને કોંગ્રેસ તરફ ખેંચવા માટે આવો ધુતકારી નાખવાનો માર્ગ કોઇ ભાગ્યે જ ગ્રહણ કરે. આ માર્ગ તો લોકોને ધમકાવીને પોતાની વાત કબુલ કરાવવા જેવો છે.

"કોંગ્રેસને ગાંધીજીનો વારસો મળ્યાનું કહેવામાં આવે છે અને આપણા મુખ્ય પ્રધાન મહાત્મા ગાંધીના રાજકારણી વારસ છે એમ કહેવામાં આપણે ગૌરવ અનુભવીએ છીએ. પણ જેઓ પોતાની સાથે મળતા ન થાય તેમની તરફ નહેરૂ જે વલણ દાખવે છે તે વલણને ગાંધીજીની પરંપરા સાથે બંધ બેસતું કરવાનું મુશ્કેલ છે. જેઓ ગાંધીજીથી જુદા પડતા તેમને ગાંધીજી હંમેશાં પ્રેમપૂર્વક નભાવી લેતા અને તેમના પ્રત્યે પૂરો આદર અને સદ્‌ભાવ દાખવતા. નહેરૂ પોતે ગાંધીજીથી અનેકવાર જુદા પડતા પણ તે કારણે નહેરૂ પ્રત્યેના ગાંધીજીના વિશ્વાસ કે પ્રેમમાં કદી પણ અંશમાત્ર ફરક પડયો નહોતો. ૧૯૨૦—૩૦ના દશકા દરમિયાન કોંગ્રેસ સમાજવાદી પક્ષના યુવાન આગેવાનો ગાંધીજીને મુડીવાદ અને શાહીવાદના મિત્ર તરીકે અનેક વાર ઓળખાવતા. આમ છતાં પણ ગાંધીજી તેમનામાં વિશ્વાસ દાખવતા અને તેમની અનેકવાર પ્રસંસા પણ કરતા. ગાંધીજીની સલાહ ઉપરથી અને મતભેદો હોવા છતાં તેમાંના કેટલાકને કોંગ્રેસની કારોબારીમાં લેવામાં આવતા. વળી તેમાંના કેટલાકની જ્યારે હિંસક કૃત્યો માટે ધરપકડ કરવામાં આવતી ત્યારે પણ ગાંધીજી અંગ્રેજ સરકાર સાથે તેમનો પક્ષ લઇને તેમને મુકત કરવા મથતા. આ રીતે

ગાંધીજી દેશના યુવાનોનો વિશ્વાસ કરતા અને રાષ્ટ્રીય જીવનના ઘડતરમાં ભાગ ભજવવાની તેમને તક આપતા.

"એમ લાગે છે કે વર્ષો જેમ જેમ જતા જાય છે તેમ તેમ મહાઅમાત્ય નહેરૂ વિરોધીઓ વિષે વધારે ને વધારે અસહિષ્ણુ બનતા જાય છે. અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠકમાં તેમની નીતિ સામે જો કોઈ અવાજ ઉઠાવે છે તો તેઓ એકાએક ઉશ્કેરાઈ જાય છે અને તે અવાજ ઉઠાવનારને હાંસીપાત્ર બનાવી દે છે. કોંગ્રેસને વધારે ક્રિયાશીલ અને પ્રાણવાન બનાવવાનો આ રસ્તો નથી, અને લોકશાહી માટે આ સારૂં ચિહ્‌ન નથી. આપણા યુવાનો નહેરૂના અભિપ્રાયથી જુદા પડે છે તે કારણે તેઓ જો જહન્નમમાં જવાને યોગ્ય બને છે તો કહેવું પડે છે કે આપણો દેશ કોઈ ખતરાના માર્ગે જઈ રહ્યો છે."

આ પત્રની પુરવણી રૂપે એટલું જ કહેવાનું છે કે માન્યવર નહેરૂએ આ પ્રકારના ઉદ્‌ગાર કાઢીને શ્રી કૃષ્ણમેનનને જ નુકસાન કર્યું છે, અને કોને મત આપવો તે વિષે ડગુમગુ એવા અનેક લોકોને 'જ્યારે નહેરૂ આમ કહે છે ત્યારે અમે જહન્નમમાં જઈશું પણ કૃષ્ણમેનનને તો હરગીજ મત નહિ આપીએ' એવા ઉદ્‌ગારો વ્યકત કરતા કર્યા છે. સાધારણ રીતે ભારતના મહાઅમાત્ય તરીકેની જવાબદારી સ્વીકાર્યા બાદ અહિં તેમ જ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે નહેરૂ પહેલાં કરતાં ઘણો વધારે વાણીસંયમ દાખવી રહ્યા છે. તે જે કાંઈ બોલે છે તે જવાબદારીના પૂરા ભાનપૂર્વક બોલે છે—આવો તેમના વિષેનો આપણો અનુભવ છે. પણ રાજકારણમાં કે અન્ય કોઈ ક્ષેત્રમાં કોઈ બાબત વધારે પડતી મન પર લેવામાં આવે છે ત્યારે ચિત ઉપરથી સંયમની પકડ ઢીલી પડે છે અને વાણી બેલગામ વહેવા લાગે છે. શ્રી કૃષ્ણમેનન વિષે નહેરૂનું માનસ આ રીતે આજ કાલ કામ કરી રહ્યું છે. મેનન વિરૂદ્ધના ભણકારા અનેક દિશાએથી સંભળાઈ રહ્યાં હતા. તેમાં વળી તે દિવસે સવારના પહોરના છાપામાં કૃષ્ણમેનનના પ્રશ્ન ઉપર યુથ કોંગ્રેસના આગેવાન રામકૃષ્ણ બજાજ અને તેનાં અનેક સાથીઓના કોંગ્રેસ સંસ્થામાંથી અપાયલા રાજીનામાના સમાચાર પ્રગટ થયા હતા અને તેથી આપણા નહેરૂનું દિલ ઉકળી ઉઠયું હતું. એટલે સાંજની સભામાં શ્રી કૃષ્ણમેનનની વાત ઉપર આવતાં ઉકળાટના દબાણ નીચે તેમણે મેનન વિરોધીઓને જહન્નમમાં જવાનો આદેશ કર્યો. આનું પરિણામ મેનન વિરોધીઓના જહન્નમમાં જવામાં આવે કે ન આવે, પણ કૃષ્ણમેનના જહન્નમમાં જવામાં એટલે કે ચૂંટણીમાં પરાજય પામવામાં ન આવે તો સારૂં! શિખરસ્થ માનવીનું સમ્યક્ વચન માનવીને તારી શકે છે, અસમ્યક્ વચન માનવીને ડુબાડી શકે છે. તેથી જેના માથે આપણા રાષ્ટ્રની જવાબદારી છે તેણે લેશ માત્ર વચનપ્રમાદ કરવો ન ઘટે.

**અષ્ટગ્રહયોગ અને જૈનો**

આ અષ્ટગ્રહ યોગ એટલે જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે શું એ આપણે સૌથી પ્રથમ સમજી લેવું જોઈએ. વિશ્વાકાશને બાર રાશિઓમાં વિભાજિત કરવામાં આવેલ છે. જે પૃથ્વી ઉપર આપણે વાસ કરીએ છીએ તેની આસપાસ, ભારતીય જ્યોતિષશાસ્ત્રની માન્યતા મુજબ, રવિ, સોમ (ચંદ્ર), મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવ ગ્રહો છુટા છુટા ફર્યા કરે છે. આ ગ્રહો એક યા બીજા કાળે એક યા અન્ય રાશિમાં પ્રવેશ કરે છે અને સમયાન્તરે એ રાશિ છોડીને અન્ય રાશિમાં પ્રવેશ કરે છે. આમાંના કેટલાક ગ્રહો કોઈ કોઈ વાર એક જ રાશિમાં એકઠા થાય છે. આ પ્રમાણે એકઠા થતા ગ્રહો ઉપરથી જોષીઓ ભિન્ન ભિન્ન પ્રકારની શુભ યા અશુભ આગાહીઓ કરે છે. આકાશમાં સાત ગ્રહો તો અનેક વાર એકઠા થાય છે. સાત ગ્રહનો આવો યોગ વિ. સં. ૧૯૬૭માં તેમ જ ૧૯૯૦માં થયો હતો અને તે ગ્રહયોગ દરમિયાન દુનિયા ઉપર કોઈ અસાધારણ અનિષ્ટ ઘટના બની જાણવામાં આવી નથી. પણ આઠ ગ્રહનો એક સાથે યોગ જવલ્લે જ થાય છે. આવો એક યોગ વિ. સં. ૧૨૪૩ના આસો મહિનામાં વદ તેરસના સંધ્યાકાળથી લઈને આસો વદ અમાસની સવાર સુધી કન્યા રાશિમાં થયો હતો. વળી તે આસો વદ અમાસના રોજ ખગ્રાસ સૂર્ય ગ્રહણ થયું હતું અને તે ભારતમાં પણ દેખાયું હતું. તે દિવસો દરમિયાન આ દુનિયા ઉપર કોઈ વિનાશકારી ઘટના બની હોવાનું કોઈના જાણવામાં આવ્યું નથી, તેમ જ તેવી કોઈ નોંધ કરવામાં આવી નથી.

હવે જે અષ્ટગ્રહયોગ તત્કાળ વર્તમાનમાં થવાનો છે તેનો વિચાર કરીએ: પોષ શુદ ૧૧ (તા. ૧૬મી જાન્યુઆરી)ના સંધ્યાકાળથી મકર રાશિમાં શુક્ર, રવિ, બુધ, કેતુ, ગુરુ અને શનિ એમ છ ગ્રહો એકઠા થઈ ચૂકયા છે. ત્યાર બાદ પોષ વદ ૪ (તા. ૨૪મી જાન્યુઆરી) ના મધ્યાહ્‌ન કાળથી મંગળના ગ્રહે મકર રાશિમાં પ્રવેશ કર્યો છે. હવે પોષ વદ ૧૩ (તા. ૩ ફેબ્રુઆરી)ના સંધ્યાકાળથી પોષ વદ અમાસ (તા. ૫મી ફેબ્રુઆરી)ના સંધ્યાકાળ સુધી ચંદ્ર પણ મકર રાશિમાં રહેવાનો છે. આ પ્રમાણે તા. ૩ ફેબ્રુઆરીથી તા. ૫ ફેબ્રુઆરી સુધી મકર રાશિમાં આઠ ગ્રહોની યુતિ થવાની છે. વળી પોષ વદ અમાસના રોજ આપણી પૃથ્વી ઉપર ખગ્રાસ સૂર્યગ્રહણ પણ થવાનું છે પણ આપણને ભારતમાં તે દેખાવાનું નથી. જેની આજે ચોતરફ ચર્ચા અને ચિંતા થઈ રહી છે અને જેના અનુસંધાનમાં જોતિષીઓએ—ભવિષ્યવેતાઓએ—ભારે ભયંકર પ્રલયકારી ઘટનાઓની આગાહી કરી છે તે અષ્ટગ્રહયોગનું ખગોળ સંબંધી સ્વરૂપ આ પ્રકારનું છે. આજ સુધીનો દુનિયાનો ઈતિહાસ જોતાં આવો છ, સાત કે આઠ ગ્રહોનો એક રાશિમાં એકત્ર યોગ થવા છતાં દુનિયાની કાયાપલટ કરે એવો કોઈ બનાવ બન્યો જાણવામાં આવ્યો નથી અને આવા ગ્રહયોગ વિના દુનિયા ઉપર અનેક વિનાશકારી આફતો ઉતરી છે. વળી કાકતાલીય ન્યાય માફક આમ ગ્રહોનું એકઠા થવું અને દુનિયા ઉપર કોઈ અણધારી મહાન દુર્ઘટનાનું બનવું—આવા કોઈ સહયોગની આપણને જાણ પણ ન હોય એમ બનવા જોગ છે. આમ છતાં અનેક ગ્રહોનો એક સાથે યોગ અને અસાધારણ દુર્ઘટના અવિનાભાય સંબંધથી જોડાયેલા છે એમ માની લેવા માટે આપણી પાસે કોઈ પણ કારણ કે બળવાન પુરાવો નથી.

આપણા ગુજરાતમાં અખા ભગત નામના એક બહુ જાણીતા ફિલસુફ કવિ અને વેદાન્તી થઈ ગયા છે. તેમણે તો આ ગ્રહો વિષેના વહેમોને કેવળ પાયા વિનાના હોવાનું જાહેર કરતાં પોતાની લાક્ષણિક ભાષામાં આ રીતે જણાવ્યું છે કે:—

"હરિજનને કહો, ગ્રહો શું કરે?
ગ્રહો બાપડા પરવશ ફરે;
રવિ ભમંતો, શશિનો ખેય,
રાહુ તો ધડવોણો વહેય;
કાણો શુક્ર ને લૂલો શનિ,
બૃહસ્પતિએ સ્ત્રી ખોઈ આપણી;
ગ્રહોના ગ્રહ હરિ તે મુજ હૃદે,
અખા દીન વચન તે કોણ વદે?"

**ભાવાર્થ:** અખા ભગતે ગ્રહોના નામ સાથે જોડાયેલી પુરાણ કથાને સાંકળીને જણાવ્યું છે કે ઈશ્વરભકતોને જણાવો કે જે ગ્રહો બાપડા પરવશ બનીને આમ તેમ ફરી રહ્યા છે તે તમને તે શું કરવાના હતા? રવિ એટલે સૂર્યને તો સતત ભમ્યા કરવું પડે છે અને ચંદ્રને ક્ષયરોગ લાગુ પડયો છે. વળી, રાહુ ધડ વિનાનો આમતેમ ઘુમ્યા કરે છે અને શુક્ર એટલે શુક્રાચાર્ય કાણા છે અને શનિશ્વર દેવ લૂલા છે. અખો કહે છે કે ગ્રહોના ગ્રહ એવા હરિ

જેના હૃદયમાં વસે છે તે શા માટે દીન વાણીનો ઉચ્ચાર કરે?

આમ છતાં એક રાશિમાં થતો આ પ્રકારનો અષ્ટગ્રહયોગ એક અસાધારણ વિરલ ઘટના છે. ખગોળની દૃષ્ટિએ તેનું ઘણું મોટું મહત્ત્વ છે અને જ્યારે વિશ્વાકાશમાં આવી વિરલ ઘટના નિર્માણ થાય છે ત્યારે લોકમાનસ કંઈ કંઈ કલ્પનાઓ કરવા લાગે છે. દા. ત. જ્યારે આકાશમાં ધૂમકેતુ દેખાય છે ત્યારે કોઈ ને કોઈ દુર્ઘટના બનવી જ જોઈએ એમ માનીને લોકો એકમેકના ભયને પોષે છે અને ધૂમકેતુ સામે ભયાકૂળ નજરે જોયા કરે છે અને એ દરમિયાન કાંઈક અસાધારણ બનાવ બને છે, નાનો સરખો ધરતીકંપ થાય છે, અતિવૃષ્ટિ થાય છે, મોટી આગ ફાટી નીકળે છે અને આવા બનાવને ધૂમકેતુના ઉદય સાથે સાંકળે છે અને એમ તો આ દુનિયામાં સારા માઠા બનાવો બન્યા જ કરે છે, અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિ, દુકાળ અને સુકાળની પરંપરા ચાલ્યા જ કરે છે. બાકી અનેક ધૂમકેતુ દેખાયા અને અલોપ થયા પણ દુનિયા હતી તેવી ને તેવી જ ચાલતી રહી છે, અને તેના ચાલુ વ્યવહારમાં કશી અડચણ પેદા થઈ નથી.

આમ છતાં પણ ઉપર જણાવ્યું તે મુજબ બીવું એ જેનો સ્વભાવ છે એવા લોકો સામે જ્યારે પણ વિશ્વાકાશમાં અષ્ટગ્રહયોગ જેવી અસામાન્ય ઘટના નિર્માણ થાય છે ત્યારે જોષીઓ અને ભવિષ્યવેત્તાઓ જાતજાતની ભૂતાવળો ઊભી કરે છે અને યુદ્ધથી માંડીને પ્રલય સુધીની આગાહીઓ બહાર પાડે છે, અને ગ્રહોની ઉપશાંતિ અર્થે તરેહતરેહનાં યજ્ઞયાગો અને ધાર્મિક અનુષ્ટાનો તેમજ શાંતિ સમારંભો યોજવાનું સૂચવે છે. ભોળા ભયભીત બનેલા લોકો આવા અનુષ્ટાનો અને જપ તપના સમારંભો ઊભા કરે છે અને હજારો બલકે લાખો રૂપિયાનું પાણી કરે છે. આજે આખા ભારતમાં આવું જ કાંઈક ચાલી રહ્યું છે, અને ધન અને શક્તિની બરબાદી થઈ રહી છે અને એમ છતાં ભયવ્યાકુળતા તો વધતી જ જાય છે.

કમનસીબે આ ભયવ્યાકુળતામાંથી મુંબઈનો જૈન સમાજ બચી શકયો નથી. ધર્માચાર્યોએ જૈન આગેવાનોને એકઠા કર્યા, અષ્ટગ્રહયોગનું સંકટ માથે ઝઝુમી રહ્યું છે તે સંકટથી બચવા શું કરવું તેની ચર્ચાવિચારણા કરી અને વિશ્વશાંતિ માટે એક આરાધના—સત્રની ગોઠવણ કરી. પરિણામે સામુદાયિક આયંબિલ તપની, નવકાર મંત્રના સામુદાયિક જાપની, તરેહ તરેહનાં સામુદાયિક પૂજનની અને સામુદાયિક સ્નાત્ર પૂજાઓની યોજના કરવામાં આવી અને તા. ૧૨-૧-'૬૨થી તા. ૨૦-૧-૬૨ સુધી બહુ મોટા પાયા ઉપર ધાર્મિક સમારંભ ઉજવવામાં આવ્યો, અને એ પાછળ ૫૦,૦૦૦ થી ૭૫,૦૦૦ રૂપિયાનો વ્યય કરવામાં આવ્યો. આ સત્ર સાથે જૈન ચિત્રકળાનું એક ઉદ્‌બોધક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું અને હંમેશા રાત્રીના મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવતો હતો. આ બંને પ્રબંધે લોકોમાં સારું આકર્ષણ પેદા કર્યું હતું.

આમ કોઈ સામુદાયિક ધાર્મિક આરાધના કરવાનો પ્રમાણસરનો પ્રબંધ ગોઠવવામાં આવે તે સામે વાંધો લેવાને કોઈ કારણ હોઈ ન શકે, પણ આ સમારંભ પાછળ અષ્ટગ્રહયોગ અંગે ભયવ્યાકુળતા રહેલી હતી અને આવી આરાધના વડે માથા ઉપર ઝઝુમી રહેલા ભયંકર અનિષ્ટોનું ઉપશમન થવાની આશા ઊભી કરવામાં આવી હતી—આ બંને વહેમ અને અજ્ઞાનમૂલક હતી અને જૈનદૃષ્ટિ અને વિચારસરણી સાથે બંધબેસતી નહોતી. આ રીતે આ બાબત વિશેષ વિચાર અને આલોચના માગી લે છે.

જૈન ધર્મ આ વિશ્વને અનાદિ અનન્ત માને છે, ઈશ્વરકર્તૃત્વ કે નિયંત્રત્વને સ્વીકારતું નથી. કુદરતના નિયમ મુજબ આ વિશ્વ ચાલી રહ્યું છે. આ કુદરત એ પ્રકારની અંધ શક્તિ—blind force—છે. જેને પૂજા, પ્રાર્થના, તપ, જપ વડે સ્પર્શી શકાય એવી તેનામાં કોઈ ચેતના નથી. ગમે એટલી પ્રાર્થના કે તપ કરો, સમુદ્રની ભરતી ઓટને અટકાવી શકાતી નથી, સૂર્યને ઊગતો આથમતો રોકી શકાતો નથી, ચંદ્રની ક્ષયવૃદ્ધિ અમુક ક્રમમાં થયા જ કરે છે, નિયમ મુજબ રૂતુચક્ર ચાલ્યા કરે છે, ગ્રહનક્ષત્રો ફર્યા કરે છે અને આકાશ-નિહારિકામાં અનેક નવા સૂર્યો નિર્માણ થયા કરે છે. અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિને કોઈ નિયંત્રિત કરી શકતું નથી, ધરતીકંપ થતો કે જ્વાળામુખી પર્વત ફાટતો અટકાવી શકાતો નથી. આ રીતે અષ્ટગ્રહયોગના અનુસંધાનમાં કોઈ પણ મહાઅનિષ્ટ નિર્માણ થવાનું હોય તો તેને કોઈ પણ ધાર્મિક અનુષ્ટાનો અટકાવી શકે કે હળવું બનાવી શકે એમ માનવું એ જૈન વિચારણા સાથે સુસંગત નથી અને એ રીતે વિચારતા ગ્રહોપશાંતિને લક્ષમાં રાખીને ગોઠવવામાં આવેલ આરાધના—સત્રનો કોઈ અર્થ સમજાતો નથી.

દુનિયા ઉપર ઊતરતી આફત બે પ્રકારની છે. એક કુદરતે સરજેલી અને બીજી માનવીએ ઊભી કરેલી. કુદરતે સરજેલી આફત સામે માનવી અસહાય છે, સિવાય કે વિજ્ઞાન આ દિશાએ અમુક અંશમાં મદદરૂપ થાય. માનવીથી સરજાતી આફત દા. ત. આજે દુનિયા ઉપર ઝઝુમતું વિશ્વયુદ્ધ—તેના નિવારણ અર્થે ઉચિત પ્રયત્નો કરવા એ માનવીના હાથની વાત છે. આ માટે વિશ્વયુદ્ધની ભૂમિકા શું છે તે આપણે સમજવું રહ્યું. આ ભૂમિકા ઊભી કરવામાં માનવીએ વ્યક્તિગત રીતે તેમ જ સામુદાયિક રીતે કેવો અને કેટલો ફાળો આપ્યો છે તેનું વિશ્લેષણ કરવું રહ્યું. આજની આખી પરિસ્થિતિનું પૃથક્કરણ કરતાં આજની નૈતિક અધોગતિ અને આધ્યાત્મિક અવનતિ, ઉર્ધ્વલક્ષી જીવનમૂલ્યોનો અભાવ અને માનવતાનો હ્રાસ આજની વિષમ પરિસ્થિતિનું મૂળ છે એમ સ્વીકાર્યા સિવાય નહિ ચાલે. આ પરિસ્થિતિ સુધારવા માટે વ્યક્તિગત તેમ જ સામુદાયિક જીવનશુદ્ધિ અત્યંત જરૂરી છે અને નહિ કે ધાર્મિક અનુષ્ટાનો અને મોટા પાયા ઉપરના યજ્ઞયાગો. આજે જે મોટા પાયા ઉપરના ધાર્મિક સમારંભો ચાલી રહ્યા છે તેમાં બાહ્ય ક્રિયાકાંડો ઉપર જ ખૂબ ભાર મૂકવામાં આવે છે. જીવનશુદ્ધિનો કોઈ ઠેકાણે ઉલ્લેખ થતો સાંભળવામાં આવતો નથી. મુંબઈના જૈન સમાજે જે મોટું વિશ્વશાંતિ આરાધના સત્ર ઉજવ્યું તેમાં પણ બહિર્મુખભાવનું, ક્રિયાકાંડના મહત્ત્વનું, આંગી પૂજા અને વરઘોડાનું મહત્ત્વ ગવાતું હતું. અંતરખોજનો કોઈ વિચાર કરતું દેખાતું નહોતું. આજે જોખમાયેલી વિશ્વશાંતિ સ્થિર અને સહીલામત બનાવવા માટે જરૂર છે વ્યક્તિગત જીવનશુદ્ધિની અને સામુદાયિક સહિષ્ણુતાની તેમજ ઉદારતાની અને સહઅસ્તિત્ત્વની ભાવનાને વિકસાવવાની—બને તેટલો વેગ આપવાની. આ બાબત ઉપર આપણે સર્વ વ્યક્તિગત રીતે તેમ જ સામુદાયિક રીતે પોતપોતાના ચિત્તને કેન્દ્રિત કરીશું અને તદ્‌નુસાર આપણા જીવનવ્યવહારને સંસ્કારીશું તો વિશ્વયુદ્ધને આપણે જરૂર ટાળી શકીશું અને વિશ્વશાંતિનો—સ્થાયી વિશ્વશાંતિનો—આપણા સામુદાયિક જીવનમાં જરૂર સાક્ષાત્કાર કરી શકીશું.

**૨૧ દિવસના ઉપવાસ પર ઉતરેલા મુનિ સંતબાલજી**

તા. ૨૭—૧—૬૨ના જન્મભૂમિ—પ્રવાસીમાં થાણા જીલ્લામાં આવેલા ચીંચણ મુકામે મુનિશ્રી સંતબાલજીએ શરૂ કરેલા ઉપવાસ સંબંધે નીચે મુજબ સમાચાર પ્રગટ કરવામાં આવ્યા છે:—

**ચીંચણ તા. ૨૫**: માટુંગામાં ચાતુર્માસ દરમિયાન યોજાયેલી શિબિરમાં ઉદ્‌ભવેલાં મુનિશ્રી સંતબાલજી સોમવાર તા. ૨૨—૧—'૬૨ થી એકવીસ દિવસના ઉપવાસ ઉપર ઉતર્યા છે અને ફકત ગરમ પાણી પીને આ ઉપવાસો કરનાર છે. હાલમાં તેમને બદલે મુનિશ્રી

નેમિ મહારાજ સવાર સાંજ પ્રાર્થના પછી પ્રવચનો કરે છે. ઉપવાસ પર ઉતરવાનું કારણ ચાતુર્માસિક સાધુ—સાધ્વી શિબિરમાં બે સાધ્વીજીએ સમર્પણ સાથે હાજર રહેવાનો નિર્ણય જાહેર કર્યો હતો છતાં તેઓ હાજર ન રહી શકયાં અને ક્રાંતિનું કાર્ય આગળ વધતું અટકી પડયું તે છે.”

આ ઉપવાસનું પૂર્વસૂચન તા. ૧૬—૧—૬૨ના વિશ્વ વાત્સલ્યમાં પ્રગટ થયેલા મુનિ સંતબાલજીના અગ્રલેખમાં કરવામાં આવ્યું છે. આજે જ્યારે આ ઉપવાસ ચાલી રહ્યા છે ત્યારે જે બાબત ઉપર આ ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે તેની ચર્ચા—આલોચના કરવી યોગ્ય લાગતી નથી. આજે તો પ્રસ્તુત ઉપવાસ નિર્વિઘ્ને પાર પડે અને મુનિશ્રીનું સ્વાસ્થ્ય જળવાઈ રહે એવી પ્રાર્થના કરવી ઘટે.

મુનિ સંતબાલજી સમાજસેવાને અર્પિત થયેલા એક જૈન સાધુ છે. એ રીતે તેમના સ્વાસ્થ્યની સુરક્ષા આપણી સર્વની ચિંતાનો વિષય બને છે.

**અત્યુક્તિ માટે ક્ષમાયાચના**

પ્રબુદ્ધજીવનના છેલ્લા અંકમાં ‘સાધુ-સાધ્વી શિબિરની ફલશ્રુતિ’ શિર્ષક લેખમાં પ્રસ્તુત શિબિરના આયોજન પાછળ ત્રીસ હજાર કે તેથી વધારે ખર્ચ થયાનું કહેવામાં આવે છે એ મુજબનું વિધાન કર્ણોપકર્ણ સાંભળેલી વાતો ઉપરથી કરેલું. આ સંબંધમાં શિબિરના આયોજકો જણાવે છે કે શિબિર પાછળ કુલ રૂા. ૧૧,૦૦૦નું ખર્ચ થયું છે. આ હું સ્વીકારું છું અને શિબિરના આયોજકોને ઉપર જણાવેલી અત્યુકિતથી થયેલા અન્યાય બદલ હું ક્ષમા યાચું છું.

**હકીકત શુદ્ધિ**

સ્વ. નાનાભાઈ ભટ્ટ વિષેની પ્રબુદ્ધજીવનના ગતાંકમાં પ્રગટ થયેલી અવસાનનોંધમાં સણોસરામાં ઊભી કરવામાં આવેલ લોકભારતીનો જન્મ ૧૯૪૦માં થયાનું જણાવ્યું છે તેમાં ૧૯૪૦ના સ્થાને ૧૯૫૪ એમ સુધારીને વાંચવું. **પરમાનંદ**

# અમારો કાશ્મીરનો પ્રવાસ—૭

## અમરનાથ (ચાલુ)

આજથી અઢી વર્ષ પહેલાં અમે ‘કેદારનાથ તેમ જ બદ્રિનાથની યાત્રા કરેલી અને વચમાં તુંગનાથનાં દર્શન પણ કરેલાં. તે યાત્રા દરમ્યાન હિમાલયના હાર્દ સુધી એટલે કે સ્થાયી હિમશિખરોની ભાગોળ સુધી અમે પહોંચેલાં. પણ એ યાત્રા પૂરી કરતાં સવા મહિનો થયેલો, જ્યારે આ અમરનાથની યાત્રા અમે ત્રણ દિવસમાં પૂરી કરી અને એ ટૂંકા ગાળા દરમ્યાન હિમાલયની દરેક બાજુનું એટલે કે ઘીચ ઝાડીથી ભરેલા પહાડોથી માંડીને આછી વનસ્પતિવાળા તદન સુકા અને કોરા અને આગળ જતાં છૂટાછવાયા બરફથી ઢંકાયલા પહાડોનું અમને ક્રમવાર દર્શન થયું. કોઈ એમ પૂછે કે મારે હિમાલયનું ત્રણ ચાર દિવસમાં સમગ્ર દર્શન કરવું છે તો તેને હું કહું કે અમરનાથની યાત્રા કરી આવો. અમરનાથની યાત્રા એટલે હિમાલયની સંક્ષિપ્ત આવૃત્તિનું પારાયણ.

પહેલગામથી અમરનાથ પહોંચતા રસ્તામાં ત્રણ પડાવ આવેછે. પહેલો પડાવ ચંદનવાડી, બીજો પડાવ શેષનાગ, ત્રીજો પડાવ પંચતરણી, અને છેવટે અમરનાથની ઘાટી. પડાવે પડાવે દૃશ્યની ભાત બદલાતી ચાલે છે. ચંદનવાડી સુધી ભરચક વનશ્રીથી છવાયેલી પર્વતોની હારમાળામાંથી પસાર થવાનું રહે છે. ચંદનવાડીથી આગળ ચાલો એટલે વનશ્રીની ઘટ્ટતા ધીમે ધીમે આછી બનવા લાગે છે અને વૃક્ષોનું સ્થાન લીલી હરિયાળીવાળા પહાડો લેવા માંડે છે. શેષનાગથી આગળ ચાલતાં વૃક્ષો તદન અદૃષ્ય થઈ જાય છે અને કોરા ધાકોર હિમાચ્છાદિત પહાડો ભવ્યતા અને ભીષણતાનો એક સાથે પરિચય કરાવે છે. પંચતરણી પહોંચીને આગળ ચાલો અને ભૈરવઘાટીનું રૂદ્ર સ્વરૂપ નિહાળવા મળે છે અને તે ઓળંગતાં અમરનાથના ઘાટી તરીકે જે ઓળખાય છે તે ચોતરફ આવેલા હિમાચ્છાદિત પર્વતોનું—કોઈ અન્ય અદભૂત સૃષ્ટિનું—દૃષ્ય આપણી આંખો આગળ ખડું થાય છે. જાણે કે ત્રણ દિવસ સુધી આપણે કોઈ ચલચિત્ર જોઈ રહ્યા હોઈએ એવો ભાસ આ સતત પરિવર્તન પામતાં નૈસર્ગિક દૃષ્યોની પરંપરા આપણા ચિત્ત ઉપર પેદા કરે છે. એક રીતે આ ત્રણ દિવસમાં ઘણું જોયું એવી ભરચકતા મન અનુભવે છે. બીજી રીતે વિચારતાં એક મનોહર અલ્પજીવી સ્વપ્ન આંખો સમક્ષ સરી ગયા જેવું લાગે છે, જાણે કે નાટક શરૂ થયું ત્યાં તો પૂરું થયા જેવું આ કાંઈક ભાસે છે.

કેદારનાથ બદ્રિનાથ બાજૂ ગયા ત્યારે હિમાલયમાં અમારો પ્રવેશ ધીમે ધીમે થઈ રહ્યો હતો. પાંચ પાંચ, સાત સાત અને કદિ કદિ એથી પણ વધારે માઈલના અન્તરે કોઈ પણ એક સ્થળે અમારો પડાવ પડતો અને અમે અમારાં બિસ્તરાં છોડતાં અને રસોઈપાણી વગેરેની વ્યવસ્થામાં નિમગ્ન બનતાં. રાત્રિના આરામ લેતા અને સવાર પડતાં બિસ્તરાં બાંધીને આગળ કૂચ કરતાં. આમ અમારી યાત્રા દિવસાનુદિવસ આગળ વધતી અને અમારૂં ચિત્ત હિમાલયના વાતાવરણથી વધારે ને વધારે સભર બન્યે જતું અને નિશ્ચિત તીર્થસ્થળે પહોંચતા ત્યારે આ આનંદસભરતાની પરાકાષ્ટાએ પહોંચ્યાનો અનુભવ થતો. અમરનાથની યાત્રામાં તો પહેલી રાત શેષનાગમાં અને બીજી રાત અમરનાથનાં દર્શન કરીને પંચતરણીમાં અને પછીની સાંજે પાછા પહેલગામમાં—આમ કોઈ દેવવિમાનમાં બેસીને નિકળ્યાં હોઈએ અને ભિન્ન ભિન્ન સ્વર્ગો ઉડતી નજરે નિહાળીને પાછા હતા ત્યાંના ત્યાં આવી પડયા હોઈએ—એવી કોઈ વિલક્ષણ અનુભૂતિ મન સંવેદતું હતું. અમૃતકુંભમાંથી અમૃતનો આસ્વાદ લીધો ન લીધો અને એ કુંભ જાણે કે કોઈએ ઝુંટવી લીધો ન હોય એવી વિસ્મયસ્તબ્ધતા પહેલગામ પાછા ફર્યા ત્યારે ચિત્ત અનુભવતું હતું.

અમરનાથની યાત્રા દરમ્યાન અનુભવવી પડતી હાડમારીઓ વિષે અમે ખૂબ ખૂબ સાંભળ્યું હતું. કેટલાકને હાડમારીથી તંગ બનીને પાછા ફરવું પડે છે એ પણ અમે જાણતા હતા. અમરનાથના પહાડી માર્ગનું હવામાન એટલું બધું અવિશ્વસનીય છે અને રસ્તામાં જે બે ત્રણ આશ્રયસ્થાન આવે છે ત્યાં એટલી બધી ઓછી—માત્ર નામની—સગવડ છે કે હવામાન પ્રતિકૂળ બને, વાવાઝોડું થાય, વરસાદ બરફ કે કરા પડવા લાગે તો જાતનું રક્ષણ કરવું અત્યંત મુશ્કેલ બની જાય. ગમે તેટલાં રક્ષાનાં સાધનો સાથે લીધાં હોય પણ કુદરત વિફરે તો તમને કયાંના કયાં ફેંકી દે અને કોઈ તમને બચાવી ન શકે. આવું વૈષમ્ય આ યાત્રા સાથે સંકળાયલું છે. આ બધું અમે જાણતા હતા અને તેનો શકય તેટલો સામનો કરવા અમે અમારા મનને તૈયાર કર્યું હતું. આમ છતાં અમને આ અમરનાથની યાત્રા દરમિયાન કુદરતનિર્મિત કોઈ પ્રતિકૂળતા નડી નહિ. રસ્તો સાફ રહ્યો. આકાશ લગભગ ચોખ્ખું

---

**માયા**

—: ગાન :—

રે આ શી મનની માયા!
પાણીમાં રહીને શેં રાખું કોરી મારી કાયા? — રે૦
ઊંચે પાય જવા ચાહે પણ છૂટે ના ધરતીથી,
તરવા ચાહું પણ બચવું શેં ઓટ અને ભરતીથી?
તાણેવાણે વણાયલાંને માનું કેમ પરાયાં? — રે૦

‘કુમાર’માંથી સાભાર ઉધ્ધૃત. **ગીતા પરીખ**

---

રહ્યું. અલબત્ત, પિસ્સુઘાટી ચડતાં એક સાથી થોડો સમય બેશુદ્ધ બની ગયા હતા. શેષનાગ પહોંચ્યા બાદ એક બહેનની નાડી જાણે કે થંભી ગઈ હોય એવી સ્થિતિ બે પાંચ મિનિટ ચાલી હતી. પણ યોગ્ય ઉપચાર કરતાં એ બન્નેને સારૂં થઈ ગયું હતું અને પછી તેમને કે અન્ય કોઈને કશી જ તકલીફ નડી નહોતી. અમારી યાત્રા પૂરી સુખરૂપ—કશા પણ વિઘ્ન વિના—પાર પડી અને એ બાબતનો એ દિવસોમાં અમે ખૂબ સંતોષ અને ધન્યતા અનુભવી હતી. પણ આજે મનમાં અંદરથી કંઈક એમ થાય છે કે રસ્તામાં ન કાંઈ બરફ પડયો, ન સખત વરસાદ આવ્યો, ન કોઈ પ્રચંડ વાયુ વાયા, કલ્પેલી એવી કોઈ અગવડનો અમારે સામનો કરવો ન પડયો. વળી આગળ ઉપર અહિ આવી ગયેલા મિત્રો પાસેથી સાંભળેલું તે મુજબ પંચતરણી વગેરે ઊંચાણના પ્રદેશોમાં ન કોઈ બરફની અતિઘટ્ટ જમાવટ જોઈ. તદુપરાંત ધાર્યા મુજબનું હિમનિર્મિત વિપુલદલધારી શિવલિંગ પણ જોવા ન મળ્યું. આમ ધારી રાખેલી કોઈ વિષમતાનો અનુભવ ન થયો તો પછી આ યાત્રાને સંપૂર્ણ સફળ કેમ ગણવી? આ રીતે આ યાત્રામાં કાંઈક અધુરાપણું લાગે છે અને આ અધુરાપણાની પરિપૂર્તિ અર્થે અમરનાથ બીજી વાર અને તે ઑગસ્ટ માસને બદલે જુલાઈના પ્રારંભમાં જવા મન તલસે છે.

આ અમરનાથના તથા હિમાલયમાં અન્યત્ર આવેલ કેદારનાથના અધિષ્ઠાતા દેવ મહાદેવ છે. કેદારનાથની યાત્રા દરમિયાન શંકર પાર્વતીની કંઈ કંઈ કથાઓ મારા કાન સાથે અથડાતી રહી હતી. મારા વિદ્યાર્થી જીવન દરમિયાન સંસ્કૃત સાહિત્યના અનુશીલનને લીધે મહાદેવ પાર્વતીની અમુક કલ્પના તો મન ઉપર મુદ્રિત થઈ ચૂકી હતી. કવિ કાલિદાસનું 'કુમાર સંભવ' નામનું મહાકાવ્ય શિવ-પાર્વતીના સહજીવનની જ અપૂર્વ યશોગાથા છે. તેમાં શંકર પાર્વતીનાં અનેક ભવ્ય રેખાચિત્રો એટલી જ રોમાંચક ઉદાત્ત વાણીમાં આલેખાયલાં છે. વળી એ જ અભ્યાસકાળ દરમ્યાન જાણીતા સંસ્કૃત સ્કૉલર અને પૂનાના ડેક્કન કૉલેજના પ્રિન્સીપાલ બેઈનની લખેલી નાની નાની ૧૫ નવલિકાઓ મારા વાંચવામાં આવેલી. જાણે કે કોઈ બ્રાહ્મણ પાસેથી પોતાને એક જૂનો હસ્તલિખિત સંસ્કૃત કથાગ્રન્થ મળ્યો હોય અને તેનું તેમણે માત્ર અંગ્રેજી ભાષાંતર કર્યું હોય એવી કાલ્પનિક ભૂમિકા ઉપર આ નવલિકાઓ લખાયલી છે. આ બધી નવલિકાઓ શંકર પાર્વતીની સ્તુતિ કરતાં મંગળાચરણથી શરૂ થાય છે અને જાણે કે શંકર તેમ જ પાર્વતીનો તેમણે પ્રત્યક્ષ પરિચય કર્યો ન હોય એવી સ્વાભાવિકતાથી શરૂ થતા શંકર પાર્વતીનાં વર્ણન અને વિનોદપૂર્ણ વાર્તાલાપથી આ દરેક કથાનો આરંભ થાય છે. આ વર્ણનોએ અને વાર્તાલાપોએ શંકર પાર્વતી વિષેની મારી કલ્પનાને વધારે સમૃદ્ધ બનાવી હતી.

શંકર પાર્વતીની અર્ધનારીશ્વર તરીકેની કલ્પનાનો હિંદુ પુરાણોમાં આપણને પરિચય થાય છે. આમાં એક એવા દિવ્ય દેહની કલ્પના કરવામાં આવી છે કે જેનો અડધો ભાગ પુરુષ શરીરને મળતો છે અને બાકીનો અરધો ભાગ સ્રીશરીરને મળતો છે. એલિફન્ટાની ગુફામાં આ અર્ધનારીશ્વરની વિશાળ કદની પ્રતિમા છે. આ કલ્પનામાં પુરુષ અને પ્રકૃતિના અદ્વૈતનું એક પ્રતીકરૂપે સૂચન કરવામાં આવેલું છે. કવિ કાલીદાસે રઘુવંશનો પ્રારંભ નીચે મુજબના મંગળાચરણથી કરેલો છે:—

वागर्थौ इव संपृक्तौ, वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ॥

**અર્થ:** વાણી અને અર્થની પ્રતિપત્તિ અર્થે વાણી અને અર્થ માફક એકમેકથી જોડાયલાં એવા જગતના માતપિતા પાર્વતી અને પરમેશ્વરને હું વન્દન કરું છું.

બાણભટ્ટે કાંદબરીની કથા શરૂ કરી. અડધે આવ્યા અને તેમનું અવસાન થયું. તેમના પુત્રે અધુરી કથા પૂરી કરવાનું માથે લીધું. તેના પ્રારંભમાં તેઓ એવી પ્રાર્થના કરે છે કે જેવી રીતે મહાદેવ—પાર્વતીના સંયુકત શરીર વચ્ચેની રેખા કળી શકાતી નથી તેમ તેમની કૃપાથી મારા પિતાએ અધુરી મૂકેલી કથાનું મારા હાથે એવું અનુસંધાન થાઓ કે આગળ પાછળના ભાગનું સંધાણ કોઈની નજરે ન પડે.

આ મહાદેવનું દક્ષિણ ભારતમાં ફરતાં નટરાજના રૂપે દર્શન થાય છે. તે બાજુની કિંવદન્તી મુજબ કોઈ અસુરનો સંહાર કરીને આનંદમાં આવી જઈને ભગવાન શંકરે એ પ્રદેશમાં તાંડવનૃત્ય કરેલું. આ ઘટનાને દક્ષિણ ભારતનાં અનેક શિવાલયોમાં સુપ્રસિદ્ધ નટરાજની મૂર્તિ દ્વારા મૂર્તિમન્ત કરવામાં આવેલ છે. મદુરાના મિનાક્ષી-મંદિરના દરવાજા ઉપર શંકર અને મિનાક્ષી એટલે કે પાર્વતીનું લગ્ન કરતા વિષ્ણુનું કોતરકામ કોઈ પણ કળારસિકનું ધ્યાન ખેંચે છે. શંકરને ત્રિલોચન કલ્પવામાં આવેલ છે જ્યારે પાર્વતીના અવતારરૂપ મિનાક્ષીને ત્રિસ્તની કલ્પવામાં આવેલ છે. અહિ શંકરનું ત્રીજું લોચન જ્ઞાનસૂચક—પ્રજ્ઞાની પારમિતા સૂચક છે, જ્યારે મિનાક્ષીનું ત્રીજું સ્તન વિશ્વવ્યાપી વાત્સલ્યનું દ્યોતક છે. આ બન્નેનું લગ્ન એટલે અનન્ત જ્ઞાન અને અસીમ પ્રેમનો સમુદય.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય—જૈન પરિભાષા મુજબ ઉત્પાદ, ધ્રુવ અને વ્યય—સર્જન, સંવર્ધન અને વિસર્જન—આવું જે સમગ્ર વિશ્વનું સતત પરિવર્તનશીલ રૂપ છે તેના પ્રતીકરૂપ—અધિષ્ઠાન રૂપ—બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની કલ્પના કરવામાં આવી છે. એલિફન્ટાની ગુફામાં આ ત્રિમૂર્તિનું ભવ્ય સ્વરૂપ આપણને જોવા મળે છે. આ ત્રણ દેવોમાં પંચાનન બ્રહ્મા અપરિણીત છે અને તેની પૂજા આપણા દેશમાં બહુ ઓછી થતી જોવામાં આવે છે. લક્ષ્મી સાથે જોડાયલા વિષ્ણુની અને તેના અવતાર સ્વરૂપ સીતા સાથે જોડાયલા રામની અને રાધા સાથે જોડાયલા કૃષ્ણની પૂજા આપણા દેશમાં ખૂબ જ પ્રચલિત છે. એટલી જ પ્રચલિત પૂજા પાર્વતી સાથે જોડાલયા મહેશ્વરની આપણા દેશમાં જોવામાં આવે છે. પણ આ ત્રણે દેવોમાં મહેશ્વરના સ્વરૂપનું જે વર્ણન પુરાણોમાં કરવામાં આવ્યું છે તે ભારે અદ્ભૂત, વિલક્ષણ અને અન્ય દેવદેવીઓથી ખૂબ નિરાળું છે.

મહાદેવ એટલે હિમાલયની ગિરિકંદરાઓમાં યત્ર તત્ર વિચરતા જટાજૂટધારી અલગારી કોઈ યોગી. તેમના શિરોભાગમાં બીજનો ચંદ્રમાં શોભી રહ્યો છે, મસ્તકમાંથી જ્ઞાનગંગા વહી રહી છે. ગળામાં રુંઢ માળા પહેરી છે. આખા શરીરે ભસ્મ લગાવી છે. વ્યાઘ્રચર્મ ઉપર આસન લગાવીને બેઠા છે. દિગંબર અવસ્થામાં તેમનો કાન્તિમાન દેહ શોભી રહ્યો છે. ડમરૂ વગાડતા, નૃત્ય કરતા, એક શિખર ઉપરથી અન્ય શિખર ઉપર જાણે તેઓ ઉડ્ડયન કરી રહ્યા છે. કૈલાસ તેમનું નિવાસસ્થાન છે. સ્મશાનમાં તેમનો વાસ હોય છે. ભોગી છતાં યોગી છે. ત્રણલોકના સ્વામી છતાં અકિંચન સંન્યાસી છે. ત્રીજા લોચન વડે એટલે કે જ્ઞાનચક્ષુ વડે કામદેવને તેમણે ભસ્મીભૂત કરેલ છે. યોગીઓને અગમ્ય છતાં ભકતોને સદા સુલભ તેમનાં દર્શન છે.

અને તેમની સાથે અનાદિકાળથી જોડાયલાં પાર્વતી એટલે સૌન્દર્યની, પવિત્રતાની, ઓજસ્વિતાની પરમ સીમા. તેમનામાં કોઈ અસદ્ અંશની કલ્પના જ થઈ ન શકે. દિવ્યતાની સાક્ષાત મૂર્તિસમાં, સતી, ગૌરી, ઉમા, અપર્ણા એવાં વિવિધ નામાભિધાનથી શોભતાં. તેમની કાંચનવર્ણી કાયા છે અને મૃદુતાને, શીલને, સૌમ્યતાને સાકાર કરતી તેજોમયી, અર્ધનિમીલિત નેત્રોવાળી તેમની મુખમુદ્રા છે. કોઈ ઉત્તુંગ ગિરિરાજને નિમ્ન ભાગમાં વિંટળાઈ વળેલી જળ-

વાહિની સમાં, શ્યામવર્ણા વાદળમાં ચમકતી ધવલવર્ણી વીજળી સમાં, મહાસાગરમાં સમાતી શુભ્રસરિતા સમાં ભગવાન શંકર સાથે સદા સંકળાયલાં, તેમના સાન્નિધ્યમાં લપાઈને બેઠેલાં પાર્વતી—આ દિવ્ય યુગલને દરેક વરવધૂ લગ્ન સમયે વંદન કરે છે અને ચિર સૌભાગ્ય માટે, પરમ ઐશ્વર્ય માટે પ્રાર્થના કરે છે. અનેક દેવ દેવીઓની હારમાળામાં શંકર પાર્વતીનું સ્થાન અજોડ છે, અનુપમેય છે. તેમનામાં માનવતા અને લોકોત્તરતાનું, કોમળતા અને ભવ્યતાનું, પ્રેમ અને વૈરાગ્યનું અજબ સંમીશ્રણ છે.

કેદારનાથ બાજુ વિચરતાં શંકર પાર્વતીની કથાઓ જેમ જેમ સાંભળતો ગયો તેમ તેમ મારા ચિત્ત ઉપર તેમનું આ ભવ્ય સ્વરૂપ સુદૃઢપણે અંકાતું ગયું. આંખો વડે—અલબત્ત કલ્પનાની આંખો વડે—આવા શંકર પાર્વતીને હું જ્યાં ત્યાં નિહાળતો રહ્યો અને ઊંડી ધન્યતા અનુભવતો રહ્યો. ત્યારથી હું જાણે કે શંકર-પાર્વતીનો—મહાદેવ—ઉમાનો—ઉપાસક બન્યો હોઉં, જાણે કે તેઓ મારા માટે આરાધ્ય દેવતા બની ચૂક્યા હોય—આવું સંવેદન મારા વિષે હું અનુભવતો થયો છું. પરિણામે જ્યારે જ્યારે હું એક યા બીજા કારણે ગમગીન બનું છું, ઉદાસીન બનું છું, ત્યારે ત્યારે તેમના પાર્થિવ છતાં અપાર્થિવસમા સ્વરૂપનું સ્મરણ—ચિન્તન કરું છું, તેમાં લીન બનું છું અને મારી ગ્લાનિ—ઉદાસીનતા—જોતજોતામાં ઓસરી જાય છે.

અમરનાથ પણ મહાદેવને સમર્પિત તીર્થભૂમિ છે. અહીં આવતાં અને વિચરતાં મારા ચિત્ત ઉપર શંકર-પાર્વતીનું આ સ્વરૂપ આરૂઢ થયું હતું અને અવર્ણનીય આનંદઅનુભૂતિમાં મને લીન કરતું હતું. દૂર ખીણમાં અને ઊંચા શિખર ઉપર, નીચે વહી જતા નદી-પ્રવાહમાં અને ઊંચેથી નીચે ધસી આવતા જળપ્રપાતમાં પુરુષ અને પ્રકૃતિના, શિવ અને શકિતના, પ્રજ્ઞા અને કરુણાના પ્રતીકરૂપ શંકર પાર્વતીનાં દર્શન થતાં હતાં અને અંતરાત્મા આહ્લાદ—ઉર્મિ વડે પુલકિત બનતો હતો. આમ આ ત્રણ દિવસની યાત્રા મારા ચિત્તના ઉર્ધ્વીકરણમાં જાણે કે એક સીમાચિહ્ન જેવી બની ગઈ હોય એવી કૃતાર્થતા, આનંદ પર્યાપ્તતા હું અનુભવું છું. આ કારણે આ તીર્થનો મહિમા ગાતાં મન થાકતું નથી.

આ અમરનાથ તીર્થની વિશેષતા રહેલી છે તેની નરી સાદાઈમાં, તેના અણીશુદ્ધ નિરાડંબરપણામાં, તેની કેવળ કુદરતી નિર્માણ રચનામાં. દુનિયાના એક અગોચર ખૂણે, હિમાલયના ગહનતમ વિભાગમાં, તેર તેર હજાર ફિટની ઊંચાઈએ કુદરતે કંડારેલું આ અનુપમ દેવમંદિર છે. જેમાં કુદરતે નિર્માણ કરેલું સુચારુ શ્વેત શિવલિંગ પ્રતિષ્ઠિત થયું છે, જેનાં દ્વાર કદિ બંધ થતાં નથી, અને જેનાં દર્શન સામે કોઈને જાકારો નથી. અને એમ છતાં જેનાં દર્શન વર્ષનો મોટો ભાગ અલભ્ય બની જાય છે અને જેનાં દર્શન સુલભ ગણાતા સમય દરમ્યાન પણ કુદરતની કૃપા હોય તો જ તમે પામી શકો છો અને કુદરતની કૃપા ન હોય તો તેના દ્વારે પહોંચતાં પહોંચતાં પણ કયાંક ફેંકાઈ જાઓ છો. અહીં પ્રતિષ્ઠિત થયેલા દેવને ધરવા માટે તમારી પાસે બે ચાર પુષ્પો હોય તો ઠીક. ન હોય તો તેની પણ અપેક્ષા નથી. "આવો, નમ્ર બનીને, દીન બનીને, શરણભાવ સ્વીકારીને માથું નમાવો અને આ શિવલિંગ જેનું પ્રતીક છે તે—પ્રત્યેકના અન્તર્તમ પ્રદેશમાં રહેલ —પરમ ચૈતન્યની અનુભૂતિ કરો અને કૃતાર્થ બનો" —આવો આ તીર્થની યાત્રાએ આવનાર સર્વ કોઈ યાત્રાળુઓને સંદેશ છે. દુનિયાનું બીજું કોઈ તીર્થ ભવ્યતા અને અદ્ભુતતા, પવિત્રતા અને નિરાડંબરતાના અદ્ભુત સંમીશ્રણમાં આની તોલે આવે તેમ નથી.

આગળ ઉપર જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે કેદાર-નાથની ઊંચાઈ પણ આશરે ૧૨,૦૦૦ ફીટ છે. તે પણ હિમાલયના હિમપ્રદેશના ખોળામાં આવેલું છે. સ્વર્ગના કોઈ વિમાન જેવું કેદારનાથનું ભવ્ય મંદિર ભારતભરના યાત્રિકોને આકર્ષી રહેલ છે. આમ છતાં અહિં માણસોની વસ્તી છે, તાર—ટપાલના વ્યવહાર સાથે આ સ્થળ સંકળાયલું છે. અહિં નાની સરખી બજાર છે. ધર્મશાળાઓ અને પંડયાઓનાં નિવાસસ્થાનો છે. મંદિરમાં અનેક મૂર્તિઓ છે. અહિં પૂજાપાઠ અને જાત જાતના ક્રિયાકાંડો ચાલે છે, તેના ચોક્કસ કરવેરા હોય છે અને તે માટે પંડયાની કે પૂજારીની દરમ્યાનગીરી તમારે સ્વીકારવી પડે છે.

પણ આ અમરનાથમાં આમાનું કશું જ નથી. આ તીર્થને કોઈ પરિગ્રહ નથી, અહિં કોઈનો હક્ક કે લાગો નથી. ઈશ્વરને જાણે કે તેના શુદ્ધ સ્વરૂપમાં ભેટો, નિહાળો, પ્રત્યક્ષ કરો—આવી પ્રેરણા અમરનાથ આપણને આપે છે.

કોઈ પૂછે કે ત્યાં એવું તે શું છે કે તમે જાનનું જોખમ ખેડીને પણ ત્યાં જવાની આટલી બધી ઉત્કટતા દાખવો છો? તેનો જવાબ એમ પણ અપાય કે ત્યાં પહાડ, પથ્થર, પાણી અને હિમ સિવાય બીજું કશું નથી. ત્યાં જવું તે કેવળ આંધળું સાહસ અને બેવકૂફી છે. અને એમ પણ જવાબ આપી શકાય કે ત્યાં છે તેવું અન્ય કશે નથી. ત્યાં પહોંચતાં જે રોમાંચની, ચિત્તના વિલક્ષણ ઉર્ધ્વીકરણની, સહજ કલ્પનામાં ન આવે એવી ગૂઢતાની—ગહનતાની—અનુભૂતિ થાય છે—આવો વિરલ અનુભવ ભાગ્યે જ અન્યત્ર સંભવે છે. આખરે 'દૃષ્ટિ એવી સૃષ્ટિ' એ ન્યાયે વ્યકિતગત વિકાસની જે ભૂમિકા ઉપર જે વ્યકિત સ્થિત હોય તે ભૂમિકાને અનુરૂપ સંવેદન તે વ્યકિત આવા સ્થળે આવતાં અનુભવે છે.

આ સ્થાન ઉપર આવેલી વિશિષ્ટ વ્યકિતઓનાં સંવેદનોની અહિં થોડીક નોંધ કરવામાં આવે તો તે અસ્થાને નહિ લેખાય. સ્વામી વિવેકાનંદનો અમરનાથના વર્ણનના પ્રારંભમાં જ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમના ચરિત્રમાં અમરનાથની યાત્રાના સંબંધમાં કરવામાં આવેલ ઉલ્લેખ આ મુજબ છે. "આખરે સ્વામીજી અમરનાથની એ મહત્વ-પૂર્ણ કંદરા સમીપ આવી પહોંચ્યા અને તેમને ભગવાન શંકરના સાન્નિ-ધ્યનો અનુભવ થવા લાગ્યો. ભાવુકતાથી તેમનું શરીર પુલકિત બનવા લાગ્યું. એક ભવ્ય મંદિર નિર્માણ કરી શકાય એટલી વિશાળ આ કંદરા હતી. અહિં જાણે કે મહાદેવ પોતાના સિંહાસન ઉપર વિરાજમાન થઈ રહ્યા હોય એવી ઝાંખી તેમને થવા લાગી. તેમની મુખાકૃતિ ઉપર ભગવાન શંકર પ્રત્યેનો ભકિતભાવ વિલસી રહ્યો. નીચે વહેતી અમર-ગંગામાં સ્નાન કરીને, શરીરે ભસ્મ લગાવીને, મોટો ટુવાલ કડ ઉપર વીંટાળીને તેમણે આ ગુફામાં પ્રવેશ કર્યો, અને ઘુંટણભર બનીને, શરીર નમાવીને તેમણે પ્રણામ કર્યા. એ વખતના ગાંભીર્યે તથા અનેક ભકત-કંઠોમાંથી નીકળી રહેલા મંત્રોચ્ચારોએ તેમજ ભજનકીર્તને તથા હિમ-લિંગની ધવલ પવિત્રતાએ સ્વામીજીને મુગ્ધ બનાવી દીધા. તેઓ જોત-જોતામાં મૂર્છિત બની ગયા. તેમના અન્તરમાં કોઈ ગુપ્ત પ્રકાશનો-અગમ્ય જ્યોતિનો—ઉદય થયો, ઝળહળાટ થયો. આ બાબત વિષે તેમણે કદિ કોઈ સાથે ચર્ચા કરી નથી. કેવળ એટલું જ તેમણે કહેલું કે શિવજીએ સ્વયં દર્શન દઈને મારી ઈચ્છા સિવાય મારૂં મૃત્યુ નહિ થાય એ પ્રકારનું મને વરદાન આપ્યું હતું." ત્યાર બાદ તેમણે પોતાની યુરોપિયન શિષ્યા ભગિની નિવેદિતાને કહેલું કે 'લિંગમાં મને સ્વયં શિવજીનો જ સાક્ષાત્કાર થયો હતો. મારૂં દિલ ભકિતથી કેવળ ઉભરાતું હતું. મેં આજે સુધીમાં કદિ પણ આટલું ભવ્ય—આટલું પ્રેરણાદાયક-દશ્ય જોયું નથી, આવું રોમાંચક સંવેદન અનુભવ્યું નથી."

સ્વામી રામતીર્થના સંબંધમાં 'રામ - વર્ષા' એ નામના પુસ્તકમાં લખ્યું છે કે, "સ્વામીજી આ યાત્રાથી પાછા ફર્યા બાદ તેમણે પ્રાપ્ત કરેલી હૃદયની શાંતિ તથા પવિત્રતાની પ્રસિદ્ધિ સર્વત્ર ફેલાઈ ગઈ હતી."

ભારત સિવાયના અન્ય દેશોમાંથી અનેક પર્યટકો અહિં આવ્યા છે અને આવતા જતા રહ્યા છે. એક અમેરિકન યાત્રિકે લખ્યું છે કે "લિંગ આશ્ચર્યજનક તેમજ અદ્ભુત હતું. હિન્દુ ન હોય એવી વ્યકિતને પણ લિંગની વૃદ્ધિ ક્ષયના કારણે આ પ્રાકૃતિક વાસ્તવિકતાના સર્-

જનહાર સન્મુખ પોતાનું માથું નમાવવું પડે છે." એક પોર્ટુગલની મહિલા તો અમરનાથના દર્શન કરીને એટલી બધી અભિભૂત બની ગઈ હતી કે "હું ધારૂં છું કે, મારા જીવનમાં અમરનાથ જેવા પવિત્ર, શાન્તિમય અને ચિરસ્મરણીય સ્થાનનું હું અન્ય કોઈ ઠેકાણે કદિ દર્શન કરવા પામીશ જ નહિ." આ શબ્દોમાં તેણે પોતાનું સંવેદન વ્યક્ત કર્યું હતું."

એક અંગ્રેજ યાત્રીનું કથન પણ આ મુજબ હતું. "એ અનુભવ કે જેમાં યાત્રી એકાગ્ર ચિત્ત બનીને પોતાના સામાન્ય દુન્યવી વ્યવસાયને સાવ વિસરી જાય છે અને બરફના આ આકર્ષક દ્રશ્યમાં લીન બની જાય છે. આ અનુભવ યાત્રીઓના હૃદયને પ્રભાવિત કરવામાં અને આત્માને ઉન્નતિના શૃંગ ઉપર લઈ જવામાં કદિ અસફળ બની શકતો નથી."

એક બીજા અંગ્રેજે લખ્યું છે કે, "આનું કણ કણ સૃષ્ટિકર્તા ઈશ્વરના અસ્તિત્વની સાક્ષી પૂરે છે." એક જાપાનીઝ પર્યટકે લખ્યું છે કે, "મેં સારી દુનિયાની સફર કરી છે, પર્વતો તેમ જ જંગલોમાં વિચરણ કર્યું છે, પણ કાશ્મીરમાં આવેલ અમરનાથની ગુફામાં પ્રવેશ કરતાં જે અદ્ભૂત શાન્તિનો અનુભવ થયો હતો તેવો અનુભવ અન્યત્ર કોઈ જગ્યાએ મને થયો નથી."

ભારતીય સંસ્કૃતિમાં તીર્થયાત્રાની પ્રવૃત્તિ એક અનોખું સ્થાન ધરાવે છે. તેમાં જીવનશુદ્ધિ અને જીવનસમૃદ્ધિનો અપૂર્વ સમન્વય રહેલો છે. માનવીની કેટલીક પ્રવૃત્તિઓનો હેતુ પોતાના જીવનને આનંદ સમૃદ્ધ તેમજ સંસ્કાર સમૃદ્ધ કરવાનો હોય છે. દા. ત. લલિત કલાની ઉપાસના, સંગીત, નૃત્ય, નાટક, વગેરે સમારંભો, ચિત્રપ્રદર્શનો, ચલચિત્રો, દેશ—પરદેશનો પ્રવાસ વગેરે. આવી પ્રવૃત્તિઓથી આપણું જીવન આનંદસભર તેમ જ સંસ્કારસમૃદ્ધ બને છે, માનવીની બીજી કેટલીક એવી પ્રવૃત્તિઓ હોય છે જે જીવનને શુદ્ધ બનાવે છે. દા.ત. તપ, જપ, વ્રત, ધ્યાન, ધાર્મિક, અનુષ્ટાન—આ પ્રવૃત્તિઓ પાછળ ભૌતિક આનંદ પ્રાપ્ત કરવાનો કોઈ આશય હોતો નથી. તીર્થયાત્રા એક એવી પ્રવૃતિ છે કે જે જીવનને ઉભયથા સમૃદ્ધ તેમ જ શુદ્ધ બનાવે છે. તીર્થયાત્રામાં રહેલું પ્રવાસનું તત્ત્વ આનંદવર્ધક છે તેમ જ જીવન સમૃદ્ધિને પોષક છે. તેમાં રહેલી ધાર્મિકતાનું તત્વ જીવનશુદ્ધિનું પરિપોષક છે. તીર્થયાત્રાના કારણે અનેક અપરિચિત પ્રદેશોમાં ફરવાનું બને છે. તેથી આપણો અનુભવ તેમ જ જાણકારી ખૂબ વધે છે. સાથે સાથે યાત્રાનો ખ્યાલ જ યાત્રિકને તેની રહેણી કરણીની બાબતમાં સંયમી બનાવવાની ફરજ પાડે છે. આપણે યાત્રાએ આવ્યા છીએ તો સ્વચ્છન્દ ન સેવાય, મોજમજા ન કરાય, ટોળટપ્પામાં સમય ન ગુમાવાય, અમિતાહારી ન બનાય, ઈશ્વરાનુંસંધાન સિવાય બીજા દુન્યવી સાંસારિક વિષયોમાં ચિત્તને ન રોકાય, બહિર્મુખતાને હળવી કરીને વધારે ને વધારે અન્તર્મુખ બનવાનો, જીવનનું સંશોધન કરવાનો, ચિત્તને પરમાત્માભિમુખ બનાવવાનો પ્રયત્ન કરવો ઘટે, તપ, જપ, તેમ જ વ્રત તરફ મનને વાળવું ઘટે, સન્તસાધુની સેવા કરવી ઘટે, ગરીબગુરબાંને દાન આપવું ઘટે—આવી ભાવના યાત્રાની પ્રક્રિયા સાથે સ્વાભાવિક રીતે જોડાયલી રહે છે. આ જ વિચારણાને કાકા સાહેબ કાલેલકરે બહુ મનોહર રીતે યશપાલ જૈનની 'જય અમરનાથ' પુસ્તકના ઉપોદ્ઘાતમાં રજુ કરી છે. તેઓ એ ઉપોદ્ઘાતના પ્રારંભમાં જણાવે છે કે, "તપસ્યા અને કાવ્ય પરસ્પર-વિરોધી તત્વ માલુમ પડે છે. સૂર્યોદય અને સૂર્યાસ્ત, ઉપવન અને પુષ્પવાટિકા, આકાશનાં પક્ષીઓ અને તેમનાં ગાન, ભવ્યતા અને લાલિત્ય - આ સર્વ જીવનના આનંદના વિષયો છે. તેનો આસ્વાદ લેવાનો અવસર જ્યારે મળે છે ત્યારે આપણે આનન્દવિભોરબની જઈએ છીએ અને એક પ્રકારની જીવન - સમૃદ્ધિનો અનુભવ પણ કરીએ છીએ.

"આથી ઉલટું જ્યારે આપણે તપસ્યાનો સંકલ્પ કરીએ છીએ ત્યારે આપણે ઉપવાસ, જાગરણ વગેરે દેહદંડનો પ્રકાર અજમાવીએ છીએ. ઈન્દ્રિયાનંદને ભુલીને ઈન્દ્રિય-નિગ્રહ કરીએ છીએ. આંખો બંધ કરીને અન્તર્મુખ બનીએ છીએ અને વિશ્વભરમાં ભમવાના સ્વભાવવાળા મનને એકાગ્ર કરીને ધ્યાનમગ્ન બનીએ છીએ. જેમ જેમ આપણી સાધના ઉત્કટ બનતી જાય છે અને આપણે તિતિક્ષાવીર બનીએ છીએ તેમ તેમ આપણે જીવન શુદ્ધિનો અનુભવ કરીએ છીએ. કાવ્યાનુભવથી આનન્દ-વૃદ્ધિ થાય છે, તપસ્યા કરવાથી સર્વ પ્રકારની શક્તિ વધતી જાય છે.

"આપણા ભારતીય પૂર્વજોએ જીવન—સાધનાની કોઈ સુભગ ક્ષણમાં જીવન—શુદ્ધિ અને જીવન—સમૃદ્ધિનો સમન્વય કરવાનું વિચાર્યું અને તેઓ પવિત્ર સ્થાનોની યાત્રા કરવા નીકળી પડયા."

મુંબઈથી અમે પહેલગામ સુધી આવ્યા તે કેવળ અમારો આનંદલક્ષી પ્રવાસ હતો. અમરનાથ બાજુનું પરિભ્રમણ જીવનની સમૃદ્ધિ અને શુદ્ધિ - ઉભયને પરિતોષક એવી અમારી તીર્થયાત્રા હતી. સમય જતાં અને વર્ષો વહેતાં અમરનાથ કદાચ ભૂલી જવાશે, પણ તે યાત્રાની અમારા ચિત્ત ઉપર પડેલી ઊંડી આધ્યાત્મિક છાપ કદિ ભુંસાશે નહિ.

-જય અમરનાથ ! પરમાનંદ

અપૂર્ણ

# ગોવા-મુકિત અંગે બે વિશિષ્ટ સંવેદનો

(કોઈ પણ બે રાષ્ટ્રો વચ્ચેના સંઘર્ષનો ઉકેલ શસ્ત્ર અને સૈનિકોના ઉપયોગ વડે નહિ પણ સુલેહ—શાન્તિભર્યા ઉપાયો વડે લાવવો જોઈએ—આવી નીતિને છેલ્લાં ચૌદ વર્ષથી આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે સતત આગળ ધરનાર ભારત સરકારે પોર્ટુગલશાસિત ગોવાની લશ્કરી બળના ઉપયોગ વડે તાજેતરમાં મુકિત સાધી. આ ઘટનાએ દેશની અંદર તેમ જ દેશની બહાર તરેહતરેહના પ્રત્યાઘાતો પેદા કર્યા છે. આ બાબત અંગે શાન્તિસેનાના વિચારનો કેટલાય સમયથી ચાલુ પ્રચાર કરનાર આગેવાન સર્વોદય કાર્યકરો શ્રી જયપ્રકાશ નારાયણ અને શ્રી નારાયણ દેસાઈએ પોતપોતાનાં સંવેદનો પ્રગટ કર્યા છે. તે ચિન્તનપ્રેરક હોવાથી પ્રબુદ્ધ જીવનના વાચકો માટે 'ભૂમિપૂત્ર'માંથી નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

## "દોષિત અમે છીએ"

દરેક ભારતીય નાગરિક ગોવાની મુકિત દ્વારા સ્વાતંત્ર્ય—આંદોલનની પૂર્ણતા અને ભારત ભૂમિપર સંસ્થાનવાદના અંતિમ અવશેષની પરિસમાપ્તિ પર આનંદ વ્યક્ત કરશે. સંસ્થાનવાદમાંથી મુકિત મેળવેલાઓ (આશા છે કે પાકિસ્તાનના લોકો પણ) તેમ જ સંસ્થાનવાદથી મુક્ત થવા માટે લડનારા સર્વ લોકો આ આનંદમાં ભાગ પડાવશે. સ્વતંત્રતાને સાચું મહત્વ આપવું હોય અને સંસ્થાનવાદ પ્રત્યે ઘૃણા બતાવવી હોય તો દુનિયાનાં બધાં રાષ્ટ્રોએ ભારતની ખુશીમાં સામેલ થવું જોઈએ. બ્રિટન અને અમેરિકાની સરકારોએ ભારતે લીધેલ લશ્કરી પગલાં અંગે જે ખેદ પ્રગટ કર્યો છે એ એમની સંસ્થાનવાદ પ્રત્યેની વળગેલી મમતાની અભિવ્યકિત છે. દુનિયામાં એવી કોઈ સરકાર નથી, જેણે ગાંધીજીની અહિંસાને માની હોય અને સેનાનો ઉપયોગ ક્યારે ય ન કરવાની પ્રતિજ્ઞા કરી હોય. બધા દેશોએ સ્વીકારેલ રાજનૈતિક નીતિશાસ્ત્ર અનુસાર બળપ્રયોગ આનાથી અધિક ઈચ્છનીય પણ નથી, જેટલો ભારતે ગોવામાં કર્યો છે. ભારત ૧૪ વર્ષ સુધી ધીરજપૂર્વક પ્રતીક્ષા કરતું રહ્યું અને છેવટે એને બળ—પ્રયોગ કરવો પડયો એનું મુખ્ય કારણ ખાસ કરીને એ કે જે સ્વતંત્રતાની ઘોષણા, ખૂબ જોરથી 'મુકત સંસાર'ના નેતાઓને નામે કરતી હતી તેવી બ્રિટન અને 'નાટો'ની શકિતઓએ એ સ્વતંત્રતાના આદર્શની પ્રાપ્તિ અંગેની પોતાની જવાબદારી તરફ ઉપેક્ષા બતાવી.

આટલું કહ્યા બાદ સારાં કામો માટે પણ હિંસાને અનૈતિક અને માનવતા માટે ઘાતક માનનાર મારા જેવી વ્યકિતને એ વાતનો ખેદ છે કે એના પોતાના જ દેશને હિંસાનો આશરો લેવો પડયો. માત્ર ૧૪ વર્ષ પહેલાં જ ઐતિહાસિક પરિસ્થિતિઓની મદદથી આપણે

આપણા દેશનો અધિકાંશ ભાગ વિદેશી શાસકો સામે શસ્ત્રો ઉગામ્યા વિના મુકત કર્યો હતો અને હવે જ્યારે આપણે ખૂબ વધુ મજબૂત છીએ તથા ઐતિહાસિક પરિસ્થિતિ પણ વધુ અનુકૂળ છે, ત્યારે આપણે માતૃભૂમિના એક નાના સરખા ભાગને અહિંસક સાધનો દ્વારા મુકત કરવામાં અસફળ રહ્યાં. હું ભારતના-વડા પ્રધાન અથવા ભારતની સરકાર પર કોઈ આરોપ નથી મૂકી રહ્યો. તેઓ બેશક સચ્ચાઈપૂર્વક શાન્તિના સિદ્ધાંતોમાં માને છે, પરંતુ એમણે કયારેય હિંસાનો ઉપયોગ ન કરવાના સોગન નથી લીધા. ભારતીય સેનાનું અસ્તિત્વ જ આ વાતની વારંવાર યાદ દેવડાવે છે. એ સાચું છે કે ભારતે સ્પષ્ટ રૂપે અને વારંવાર આંતરરાષ્ટ્રીય ઝઘડાઓમાં હિંસાથી અળગા રહેવા પર ભાર મૂકયો છે અને હંમેશાં શાંતિપૂર્ણ પદ્ધતિની વકીલાત કરી છે, એટલે ગોવાના પગલાથી એના પર અસંગતતાનો આરોપ આવે છે અને એની પ્રતિષ્ઠામાં ઊણપ આવવાની આશંકા પેદા થાય છે. પરંતુ વાસ્તિવિક રાજનીતિની આ દુનિયામાં આ એક એવી ક્ષતિ નથી, જે સ્પષ્ટત: પોર્તુગલ અને એના બંધારણીય હિતો પ્રત્યે યોગ્ય અને કરૂણાપૂર્ણ વ્યવહારથી પૂરી ન થઈ શકે.

આ મામલામાં અગર જો કોઈ દોષિત હોય તો તે અમે છીએ, જેઓ પ્રેમને આધારે એક અહિંસક સમાજ અને એક વિશ્વવ્યવસ્થા કાયમ કરવાનો દાવો કરીએ છીએ. એનો દોષ મુખ્યત: શાંતિ—સેનાના સેનાપતિ વિનોબા પર અને અમો શાંતિ—સૈનિકો પર છે. અમે જાણી જોઈને આપણા દેશ સાથે સીધો સંબંધ ધરાવતી આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ પ્રત્યેથી એવી દલીલ કરીને અમારું મોં ફેરવી લીધું છે કે અમારામાં અહિંસક ઉકેલ રજૂ કરવાનું પર્યાપ્ત સામર્થ્ય નથી.

આ પ્રકારની સમસ્યાઓનો ઉકેલ ઈશ્વરીય શકિતની ગોદમાં છુપાયેલો છે એમ વિચારવું હું ભૂલભરેલું માનું છું! જરૂર એ વાતની છે કે જે ઉચિત સમજવામાં આવે, એનો અમલ કરાય. ઘટનાઓ શાંતિ—પાત્ર અને ભૂદાન—ગ્રામદાનના લક્ષ્યની પૂર્તિની પ્રતીક્ષા નથી કરી શકતી. જો એક પણ સત્યાગ્રહી હોત તો એણે ગોવા જેવી સ્થિતિમાં સક્રિય થવું જોઈતું હતું. સક્રિયતા જ આપણને મજબૂત બનાવી શકે છે, નહિ કે નિષ્ક્રિયતા. એમ માનવાને કોઈ કારણ નથી કે એમને સમયસર આવાહન કરવામાં આવત તો હજારો—લાખો લોકો અહિંસક સત્યાગ્રહ સારું તૈયાર ન થાત. ખોટ છે નેતૃત્વની. હું આશા રાખું છું કે આ અંગે આપણે આપણા હૃદયને ખંખોળીશું અને આ સમસ્યા પર પુનર્વિચાર કરીશું. યુદ્ધ અને શાંતિનો મામલો કેવળ સરકાર પર ન છોડી દઈ શકાય. કોઈ પણ સરકાર પાસે અહિંસાને માનવાની અપેક્ષા ન રાખી શકાય. જો*કોઈ અહિંસક પગલું ભરવું હોય તો તે કેવળ જનતા જ ભરી શકે છે, અને દુનિયામાં આ કામ માટે ભારતીય જનતાથી વધુ યોગ્ય કોઈ બીજા દેથની જનતા નથી.

**જયપ્રકાશ નારાયણ**

## યુધિષ્ઠિરનો રથ

પ્રજાના અહિંસક પુરુષાર્થથી ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થઈ. વિશ્વના ઈતિહાસમાં એ એક અભૂતપૂર્વ ઘટના હતી. ત્યાગ અને બલિદાનના કાર્યક્રમથી જાગતી અદમ્ય લોકશકિતનો એ એક અનોખો નમૂનો હતો. ગોવાની અંદર મુકિત—આંદોલન ચાલ્યું, પરંતુ તેની ભૂગર્ભ—પ્રવૃત્તિમાં રાષ્ટ્રીય સંપત્તિનો નાશ કરવાની પ્રવૃત્તિ પણ આવતી હતી. ભારતની પ્રજાએ ગોવાની મુકિત માટે અહિંસક પુરુષાર્થ કર્યો ખરો, પણ તેનો મુખ્ય હેતુ ગોવાની મુકિત કરતાં ભારત સરકારને ગોવામાં લશ્કરી પગલાં લેવા સારુ દબાણ કરવાનો હતો. મુકિત માટે લોકશકિતનો ઉપયોગ અત્યાર સુધીમાં થયો એના કરતાં ઘણો વધારે વ્યાપક અને વ્યવસ્થિત થઈ શકયો હોત. વિરોધ પક્ષની માફક કોંગ્રેસે પણ આ કામ ઉપાડી લીધું હોત તો? અને ગાંધીની અહિંસાની દુહાઈ દેનારા અમારા જેવા સર્વોદય કાર્યકરોએ એમાં આગળ પડતો હિસ્સો લીધો હોત તો? પણ તેને બદલે આપણાં મોં શાસન તરફ હતાં. જ્યાં મોં શાસનાભિમુખ હોય ત્યાં લોકનીતિ અદ્રશ્ય થાય છે. ગોવામાં લોકનીતિનો એક બીજો નમૂનો પૂરો પાડવાની તક આપણે ગુમાવી બેઠા છીએ.

ગાંધી એટલે અહિંસા—રાજ્ય એટલે અહિંસા નહીં, એ વાત સાચી. પણ ભારતના રાજ્યે સાચી (કે ખોટી ?) રીતે શાંતિમય હોવાની પ્રતિષ્ઠા મેળવી છે. ભારતમાં સેના છે એ સાચું, એ સેના કોંગોમાં યુદ્ધ કરે છે એ સાચું, એ સેના પડતી આખડતી પણ ચીનની સરહદ આગળ ઊભી છે એય સાચું, પણ ગોવામાં લેવાયેલું લશ્કરી પગલું એ અન્ય સ્થાનોમાં ભારતના લશ્કરે લીધેલા પગલાં કરતાં જુદા પ્રકારનું નથી? તે સંરક્ષણ કરતાં કબજો મેળવવા માટે વધારે ભરાયું હતું.

ભારતની આઝાદી પછી દુનિયાના અનેક દેશોમાં આઝાદીના આન્દોલનને વેગ મળ્યો હતો. પ્રજા પોતાના બળે, અહિંસાના નવા સાધન વડે આઝાદી મેળવી શકે એવી હવા ઊભી થઈ હતી. હમણાં દુનિયાને ખૂણે ખૂણે પડેલાં ઝીણાં ઝીણાં કે કયાંક કયાંક મોટા સંસ્થાનોમાં મુકિત આંદોલનના અગ્નિ પર રાખ વળી રહી હતી, ત્યારે ગોવાની મુકિતથી તેને ફૂંક લાગશે. પરંતુ તેની સાથે દુનિયા એમ પણ માનશે કે અહિંસાનો પ્રયોગ એ તો ગાંધીના કાળ પૂરતો જ મર્યાદિત હતો, જે આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિની અમુક અનુકૂળતાને લીધે સફળ થઈ ગયો, પણ હવે એ તો ઈતિહાસની વાત થઈ ગઈ, હવે આજના જમાનામાં અહિંસાને સ્થાન રહેતું નથી. છેવટના સાધન તરીકે હિંસાને માન્યતા આપવામાં દુનિયાના ઈતિહાસમાં અહિંસાના સ્થાનને—અહિંસાની માન્યતાને—આપણે જબરો આઘાત પહોંચાડયો છે, અને એ રીતે મહાભારતનું યુદ્ધ જીતાયું છે, પણ યુધિષ્ઠિરનો રથ ધરતીને અડી ગયો છે.

**નારાયણ દેસાઈ**

# સાભાર સ્વીકાર

**વાડીલાલ મોતીલાલ શાહનું રાજકારણ (પ્રથમ ખંડ)** સંપાદક : શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણી, પ્રકાશક : દેવચંદ્રજી પ્રકાશન મંદિર, લીંબડી ( સૌરાષ્ટ્ર ) કિંમત રૂા. ૫.

Paths of Planned Economy in India, લેખક: શ્રી વૈકુંઠલાલ લલ્લુભાઈ મહેતા, પ્રકાશક : અખિલ ભારત સર્વ સેવા સંઘ પ્રકાશન, રાજઘાટ, કાશી, કિંમત : રૂા. ૧.

**માનવમૂત્ર** ( પાંચમી આવૃત્તિ ) લેખક : શ્રી રાવજીભાઈ મણિભાઈ પટેલ, પ્રકાશક : ભારત સેવક સમાજ, પાનકોર નાકા, અમદાવાદ, કિંમત રૂા. ૩.

The Doctrenies of Jainism : પ્રકાશક : શ્રી વલ્લભસૂરી સ્મારક નિધિ, ગોડીજી જૈન ઉપાશ્રય, પાયધુની, મુંબઈ ૩, કિંમત રૂા. ૧.

**સ્વાનુભવના જીવનપ્રસંગો :** લેખક : શ્રી ગોપાળદાસ પ્ર. મોદી. પ્રકાશક: વોરા એન્ડ કંપની પબ્લીશર્સ પ્રાઈવેટ લિ. ૩ રાઉન્ડ બીલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨, કિંમત રૂા. ૨.

**પદ્મપરાગ :** લેખક : રતિલાલ દીપચંદ દેસાઈ. પ્રકાશક : રસિકલાલ ડાહ્યાભાઈ કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ, ૨૬, કિંમત રૂા. ૧–૫૦.

**તત્વાનુશાસન :** (શ્રીમન્નાગસેનાચાર્યપ્રણીત) અનુવાદક મુનિશ્રી તત્વાનંદવિજય. પ્રકાશક : જૈન સાહિત્ય વિકાસ મંડળ, ૧૧૨ ઘોડબંદર રોડ, ઇરલા બ્રોજ, વીલેપારલે, મુંબઇ ૫૭. કિંમત રૂા. ૧.

**ઉપનિષદોનો અભ્યાસ :** લેખક વિનોબા, પ્રકાશક : યજ્ઞપ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા. કિંમત રૂા. ૧.

**વિશ્લેષણ :** લેખક : દાદા ધર્માધિકારી, પ્રકાશક : યજ્ઞપ્રકાશન ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા કિંમત રૂા. ૧–૨૫.

**રાષ્ટ્રીય એકતા :** લેખક : દાદા ધર્માધિકારી અને વિનોબા, પ્રકાશક : યજ્ઞપ્રકાશન ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા કિંમત ૧૫ નયા પૈસા.

**જંબુ સ્વામીનો રાસ :** સંપાદક : ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ, પ્રકાશક : શેઠ નગીનભાઈ મંછુભાઈ, જૈન સાહિત્યોદ્ધાર ફંડ, ગોપીપુરા ગેટ સામે, સૂરત કિંમત રૂા. ૨.

**પ્રેમપન્થ :** યોજક : શ્રી વાલજી ગોવિંદજી દેસાઈ, પ્રકાશક : નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૧૪, કિંમત ૪૦ નયા પૈસા.

**ખાદી પ્રદર્શિની કી કહાની :** લેખક : શ્રી. વિઠ્ઠલદાસ જેરાજાણી : પ્રકાશક : ખાદી ઔર ગ્રામોદ્યોગ કમીશન, પોસ્ટ બોકસ નં. ૪૮૨, મુંબઈ ૧. મૂલ્ય રૂા. ૨.૫૦.

**આધ્યાત્મિક પ્રવચનો :** પ્રવચનકાર : પંડિતરત્ન શ્રી કેશવલાલજી મહારાજશ્રી: પ્રકાશક શ્રી સૌરાષ્ટ્ર સ્થાનકવાસી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, રાજકોટ.

# ખુશબોની પકડમાં હૈયાને બાંધતા કવિ પ્રહ્લાદ પારેખ

એક નાનકી મારી વાત સાંભળજો, બન્ને ઓ હાથ!
હૈયાને જે ગમિયું તેને નહીં ભરતા જઈને બાથ.
એવી અજબ પકડ છે ઉરની, છૂટવાની બારી કો રે’ નહિ;
પકડ તમારી પાંખડીઓની, ને એની છે ખુશબોની.
('બારી બહાર')

સ્થૂળ ઉપર સૂક્ષ્મનો આ વિજય જેવી રીતે પ્રહ્લાદ પારેખની કવિતાનું અંગભૂત તત્ત્વ છે તેવી રીતે તેમના જીવનનું પણ એ અવિભાજ્ય અંગ હતું.

જાન્યુઆરીની બીજી તારીખે પચાસ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી અકાળ અવસાન પામેલા શ્રી. પ્રહ્લાદ પારેખે વાચકોનાં, મિત્રોસંબંધીઓનાં અને વિદ્યાર્થીઓનાં હૈયાંને બાંધ્યાં હોય તો તે તેમની મુલાયમ કવિતાથી, દિલની કોમળતાથી અને શિક્ષણ પ્રત્યેનાં ઊંડાં પ્રેમ અને ભકિતથી. એમની જેવા વહાલાસોયા શિક્ષકો બહુ થોડા હશે.

### આજીવન શિક્ષક

પ્રહ્લાદ પારેખ મૂળ ભાવનગરના વતની. ત્યાં દક્ષિણામૂર્તિમાં અને પછી ગુજરાત વિદ્યાપીઠ તથા શાંતિનિકેતનમાં એમણે અભ્યાસ કરેલો. વ્યવસાયે આજીવન શિક્ષક. છેલ્લે મુંબઈમાં મૉડર્ન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરતા હતા.

ચારેક વર્ષ પૂર્વે હૃદયરોગનો એક હુમલો આવેલો અને લાંબો વખત પથારીવશ રહેવું પડેલું. તે પછી તબિયત કામ કરવા જેવી સારી થઈ. પણ હૃદયરોગના દર્દીને પૂરતો આરામ મળવો જોઈએ. વધારે પડતી મહેનત, મોટો આઘાત કે મોટી ચિંતા પણ એના સ્વાસ્થ્ય માટે જોખમકારક નીવડે.

પણ શાળાનો શિક્ષક પૂરતો આરામ ક્યાંથી મેળવી શકે? કાંદિવલીથી રોજ સવારે સિક્કાનગર સુધી શાળામાં આવવું અને સાંજે ખાનગી ટ્યૂશનનું કામ પતાવી રાતે ઘેર જવું એ ક્રમ તોડવો આર્થિક દ્રષ્ટિએ ન જ પાલવે.

### જીવલેણ હુમલો

હૃદયરોગના હુમલાની બીક એમને ચિંતા તો ઉપજાવતી જ હતી. ગયા જાન્યુઆરીની બીજીએ નાતાલની રજાઓ પછી શાળા ખૂલતી હતી એટલે દસેક વાગ્યે તેઓ ઘેરથી નીકળ્યા. પણ કાંદિવલી સ્ટેશને પહોંચતા પહેલાં રસ્તામાં જ રોગનો હુમલો થયો અને રસ્તે આવેલા કોઈક ઘરમાં જ એમનું અવસાન થયું.

કવિના અવસાન પછી તેમની કવિતાને જે લાગણીભરી અંજલિઓ ઠેર ઠેર અપાઈ તે પરથી એક વસ્તુ દેખાઈ આવી કે તેમની યશઃકાયાને પણ જરા-મરણનો ભય નથી.

### 'બારી બહાર' અને 'સરવાણી'

પ્રહ્લાદ પારેખના બે કાવ્યસંગ્રહો 'બારી બહાર' અને 'સરવાણી' માટે ગુજરાત એમને કાયમ યાદ કરશે. 'બારી બહાર' ની પ્રસ્તાવનામાં શ્રી. ઉમાશંકર જોશીએ હૃદયના જેટલા ઉમળકાથી આ કવિની કવિતાની સમીક્ષા કરી છે તેટલા ઉમળકાથી ભાગ્યે જ બીજા કોઈ વિવેચકે અન્ય કોઈ કવિની કૃતિની સમીક્ષા કરી હશે. અને બાળકોની વેદનાને વ્યકત કરતી શ્રી. પ્રહ્લાદ પારેખની કથા 'ગુલાબ અને શિવલી' પ્રત્યેક શિક્ષક અને માબાપ માટે દીવાદાંડી સમાન બની રહેશે.

કવિ તરીકે પ્રહ્લાદ પારેખની વિશેષતાઓ એટલી બધી છે કે એમને ગુજરાતીના કોઈ પણ એક કવિની સાથે સરખાવી શકાય નહિ. હમણાં શ્રી. ઉમાશંકર જોશીએ એમને અંગ્રેજ કવિ વૉલ્ટર દ લા મેરની સાથે સરખાવ્યા. એમણે કહ્યું કે બન્ને સ્વપ્નોને શબ્દમાં ઉતારનારા હતા, અને બન્નેમાં બાળક જેવી સરળતા હતી.

### પ્રકૃતિનાં વિવિધ રૂપરંગ

એમની કવિતાના મુખ્ય વિષયો પ્રકૃતિ અને માનવ-હૃદય. પ્રકૃતિને એમણે વિવિધ રૂપરંગે જોઈ છે અને અતિશય સરળ ભાષામાં એને કાવ્યબદ્ધ કરી છે. આધુનિક ગુજરાતી સાહિત્યમાં પ્રકૃતિનાં આટઆટલાં સુંદર રૂપ આટલી સરળ ભાષામાં બીજા કોઈ કવિએ બતાવ્યાં નથી.

### વર્ષામંગળનાં ગીતો

એમના કાવ્યસંગ્રહ 'સરવાણી' નો વર્ષામંગળ નામનો ત્રેવીસ ગીતોનો એક વિભાગ ગુજરાતી સાહિત્યની મોંઘી મૂડી છે. આ ગીતમાલામાં વર્ષાઋતુની અસંખ્ય સૌન્દર્યછટાઓ અને માનવહૃદયના એટલા જ વિવિધ ભાવો કવિએ એકાકાર કર્યાં છે. આ ગીતોનું બીજું આકર્ષણ તેનું સૂરવૈવિધ્ય અને સૂરસૌન્દર્ય છે.

ગુજરાતમાં અને મુંબઈમાં રેડિયો અને રંજન કાર્યક્રમોને પ્રતાપે ગીતો તો ઘણાં લખાયાં છે અને ગવાયાં છે. પણ શબ્દ, ભાવ અને સૂર એ ત્રણેનું આટલું ઉત્કૃષ્ટ સૌન્દર્ય સિદ્ધ કરનાર બીજો કોઈ કવિ નજરે પડતો નથી.

### "મને નાની શી ધરતી કરી ગઈ"

વર્ષાગીતોનો એક નખશિખ સંપૂર્ણ નમૂનો 'ધરતીનાં તપ' માં મળે છે. તેમાં ધરતીને તપ કરતી 'પારવતી સતી' સાથે સરખાવી પ્રકૃતિના તત્ત્વેતત્ત્વને પુછાતી પ્રશ્નમાળા વડે એના ઉરની વિકળતા કવિ આપણા ઉરમાં સંક્રાન્ત કરી શકયા છે. 'આજ મારું મન પાગલ થાયે રે' એ ગીતના શબ્દો અને સૂર જડમાં જડ હૃદયને પણ થનગનાવ્યા સિવાય રહે નહિ તેવા છે. 'આવી'તી એક તારી વાદળી' માં એક નારીમુખે મૂકેલી નીચેની પંકિતઓ ધરતીના આનંદને નારીદેહમાં ઓતપ્રોત થતો કેવી સરળતાથી બતાવે છે!

મારા રકતે આનંદ એવો દઈ ગઈ,
મને નાની શી ધરતી કરી ગઈ, મેહુલિયા
આવી'તી એક તારી વાદળી.
(સરવાણી)

---

## એક છોરી

એક છોરી
કોરી ગઈ અંતરમાંહી દેરી:

આંખો તણાં બે નિજ ટાંકણાંથી,
ને હાસ્ય કેરી લઘુ લૈ હથોડી,
કોરી ગઈ અંતર માંહી દે'રી
એ એક છોરી.

બની ગઈ દેવ સ્વયં પધારી;
ત્યાં ઘંટડી કંઠ તણી બજાવી;
ને બોલ એના પ્રગટી ઊઠે છે
દીવા બનીને.

અંગાંગમાં પુષ્પ અનેક ફૂટતાં
પળે પળે, ને સહુ એ ખરી જતાં
દેરી મહીં; સૌરભ છાઈ ત્યાં જતી
કોઈ અનેરી.

ને ઊડતી જે લટ કેશ કેરી,
એ ધૂપની સેર સમી જણાતી!
માન્યું હતું, પથ્થર શું બન્યું છે
હૈયું હવે, કોઈ પ્રવેશ પામી
શકે નહીં ત્યાં.

પણ એક છોરી
આવી, અને અંતર કોરી કોરી,
દેરી બનાવી,
બની ગઈ દેવ સ્વયં પધારી.

પ્રહ્લાદ પારેખ
('બારી બહાર' માંથી)

### ગંધ અને સ્પર્શનો અનુભવ

કવિતામાં રૂપ અને નાદનો અનુભવ કરાવવાની શકિત ઘણા કવિઓએ સિદ્ધ કરી હોય છે. દ્રશ્ય અને શ્રાવ્ય અનુભવોને કવિતામાં ઉતારવા કંઈક સહેલા છે. પણ પ્રહ્લાદ પારેખની વિશેષતા એ છે કે તેમણે આ બે ઉપરાંત ગંધ અને સ્પર્શનો અત્યંત આહ્લાદક અનુભવ વાચકોને કરાવ્યો છે.

આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી
પમરતી પાંથરી દે પથારી.
આજ ઓ પારથી ગંધમે લાવતી
દિવ્ય કો સિન્ધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
મહેકતી આવતી શી સુગંધી!
કયાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
મઘમઘાટે નિશા આજ ભારી?

(બારી બહાર)

રાત્રીના અંધકારમાં અનેક પુષ્પોની મઘમઘતી સુગંધથી વાચકના ચિત્તને તર કરી દેતી આ પંકિતઓ કવિની પોતાની પણ પ્રિય પંકિતઓ હતી.

### સ્પર્શની નજાકત

વાચકને સ્પર્શાનુભવ કરાવવાની શકિતનો એક મનોરમ નમૂનો 'ઘાસ અને હું' નામના તાજેતરમાં લખાયેલા એક કાવ્યમાં મળે છે:

પૃથ્વીના આનંદનાં સ્પંદન સમાં
તરણાં હલે છે વારવાર;
એ હલે છે આવતાં ધીમો પવન;
થાય છે એવું જ મારા ચિત્તમાંહીયે ચલન.

થાય છે મારી નજર જાણે હરણ,
ને રહે છે ઠેકતી એ ઘાસમાં;
ના છબે છે એક પળ એના ચરણ.
સ્પર્શતા એને નહીં
ને નજાકત તોય એની
અનુભવું છું મન મહીં,

(બારી બહાર)

### પકડમાં ન આવે તેવા ભાવો

પ્રહ્લાદ પારેખની કવિતા માનવચિત્તના પકડયા ન પકડાય એવા સૂક્ષ્મ ભાવોને શબ્દબદ્ધ કરી શકી છે. કવિ પોતે એ માટે જે મથામણ કરતા હતા તેનો ભાવ 'દિલડાંની વાત'માં કેવો સરસ ઉતર્યો છે! દિલની એ વાત

ફૂલડાં સમી જો હોયે, માળા ગૂંથી તો તો લઈએ;
હે જી આ તો ફૂલડાં નહીં ને કેવળ ભમતો પરાગ.
માછલાં સમી જો હોયે, શબ્દજાળે ગૂંથી લઈએ;
હે જી આ તો કલકલ જળરવ: એને કેમ રે ઝલાય?
અમને ન આવડે કંઈ દિલડાંની વાત.

(સંરવાણી)

અંધકારનો આનંદ આ કવિ જેટલો બીજા કોઈએ વ્યકત કરેલો જોવામાં આવ્યો નથી. 'આવશે' કાવ્યની પહેલી ત્રણ પંકિતઓ અંધકારને કેટલો સ્પર્શક્ષમ બનાવી દે છે તે જોવા જેવું છે:

ઊંચે ઊંચે તારકના પલકાર,
નીચે મારા હૈયાના થડકાર,
તેની વચ્ચે મૂંગો મૂંગો વહે છે અંધાર.

(બારી બહાર)

### નિસાસા નહિ પણ વજ્રનિશ્ચય

પ્રહ્લાદ પારેખે દુ:ખ, વેદના, ગરીબી નહોતાં જોયાં એમ નથી. પણ એ બધાં પ્રત્યેનો તેમનો પ્રત્યાઘાત કવિનો અને શિક્ષકનો હતો. 'બીજું એકે ખમીસ ના' આપણા સાહિત્યનું એક સારું વેદનાકાવ્ય છે. મેલું ખમીસ પહેરીને આવેલા વિદ્યાર્થીને શિક્ષક કહે છે: 'ઘેર જઈને ધોયેલું ખમીસ પહેરી આવ.' પણ એની પાસે બીજું ખમીસ જ કયાં હતું? અને કાશમીરથી કન્યાકુમારી સુધી હજારો બાળકો શિક્ષકને આ જ વાત કહી રહ્યાં. કવિનો પ્રત્યાઘાત મિથ્યા રુદનનો નથી.

નેન ભીનાં નહીં થાતાં, નિસાસા નવ નીસરો,
બનો પાષાણ શાં હૈયાં, વજ્ર નિશ્ચય એ કરો:
મિટાવું દેશથી મારા જોઈ જે આજની દશા.

(સંરવાણી)

પંચવર્ષીય યોજનાઓને લોકપ્રિય બનાવવા ચાહતી હજારો સરકારી જાહેરખબરોને બદલે અનુષ્ટુપની ૩૧ પંકિતઓનું આ કાવ્ય પ્રજાને વધુ પુરુષાર્થ પ્રેરનારું છે. મારું ચાલે તો પંચવર્ષીય યોજનાના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવનારૂપે આ કાવ્ય જ મુકાવું.

યશવંત દોશી

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી યોજાયલાં સંમેલનો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી નીચે મુજબ સંમેલનો ગોઠવવામાં આવ્યા છે:

(૧) તા. ૫-૨-'૬૨ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી કાન્તિલાલ બરોડિયા 'ત્રીજી યોજનાના કેટલાક પાસાઓ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

(૨) તા. ૧૦-૨-૬૨ શનીવારના રોજ સંઘના કાર્યાલયમાં સાંજના ૬-૧૫ વાગે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિનું અવલોકન કરશે.

(૩) તા. ૧૧-૨-૬૨ રવિવારના રોજ સાંજના પાંચ વાગ્યે ન્યુ મરીન લાઈન્સ ઉપર આવેલા 'મનોહર'માં પંડિત સુખલાલજી ઉપર કુશળ શસ્ત્રક્રિયા કરવા બદલ તેમ જ તેમની ઊંડી કાળજીભરી સંભાળ લેવા બદલ જાણીતા સર્જન ડૉ. મુકુંદ પરીખનું સંઘ તરફથી જાહેર સન્માન કરવામાં આવશે.

આ ત્રણે પ્રસંગો ઉપર સમયસર હાજર રહેવા સંઘના સભ્યોને વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩ મંત્રીઓ: મુંબઈ જૈન યુવકસંઘ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકીર્ણ નોંધ: "આમ કહેનારા જહન્નમમાં જાઓ!" અષ્ટગ્રહયોગ અને જૈનો, ૨૧ દિવસના ઉપવાસ પર ઉતરેલા મુનિ સન્તબાલજી | પરમાનંદ | ૧૮૯ |
| માયા | ગીતા પરીખ | ૧૯૨ |
| અમારો કાશમીરનો પ્રવાસ | પરમાનંદ | ૧૯૨ |
| ગોવામુકિત અંગે બે વિશિષ્ટ સંવેદનો | જયપ્રકાશ નારાયણ, નારાયણ દેસાઈ | ૧૯૫ |
| ખુશબોની પકડમાં હૈયાને વિંધતાં કવિ પ્રહ્લાદ પારેખ | યશવન્ત દોશી | ૧૯૭ |


મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬, ૧૯૬૨, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## અમારો કાશ્મીરનો પ્રવાસ ૮ : અમરનાથ (પરિશિષ્ટ)

(અમરનાથના છેલ્લા હફતામાં અમરનાથ અંગેના કેટલીક વિશિષ્ટ વ્યકિતઓનાં સંવેદનો રજુ કરવામાં આવ્યાં છે. પ્રબુદ્ધ જીવનના વાચકોના ખ્યાલમાં હશે કે અમારા કાશ્મીરના પ્રવાસમાં અને તેમાં પણ અમરનાથની યાત્રામાં શ્રી હીરાબહેન પાઠક અમારાં સહપ્રવાસી–સહયાત્રિક હતાં. તેઓ શ્વાસે શ્વાસે ગુજરાતી સાહિત્યની ઉપાસનાને વરેલાં છે. વળી તેમનો આત્મા એક જીવતા-જાગતા કવિનો છે. પહેલગામથી અમરનાથની દિશાએ અમે ચાલવા માંડયું તે સમયથી તેમનો કવિ આત્મા ઊંડા સંવેદનમાંથી પસાર થઇ રહ્યો હતો અને તેમના અન્તરમનમાં કાવ્ય રચાઇ રહ્યું હતું તે સતત્ સંવેદનના પરિપાક રૂપે તૈયાર થયેલું અને અમરનાથને સંબોધન કરતું કાવ્ય નીચે આપવામાં આવે છે. છેલ્લા ચાર અંકથી અમરનાથ તીર્થનું વર્ણન માણી રહેલા પ્રબુદ્ધ જીવનના વાચકો હવે આ સંવેદન–કાવ્યને અથવા કાવ્ય–સંવેદનને ઝીલવા–સમજવાની યોગ્યતા પ્રાપ્ત કરી ચૂકયા છે. શ્રી હીરાબહેન આ કાવ્ય અંગે જણાવે છે કે "અમરનાથની વિકટ ચઢાઇ, એનું દુર્લભ દર્શન આ કાવ્યનો વાચ્યાર્થ છે. મર્ત્યનું અમરત્વભણી આરોહણ્ તે વ્યંગ્યાર્થ અન્તે સ્પષ્ટોક્ત છે. અહિં યાત્રા–પ્રસંગે અશ્વની ગતિની અચૂકતા માફક અમરત્વઅર્થી મનુષ્યની આધ્યાત્મિક અચૂકતા આવશ્યક લેખી છે." પરમાનંદ)

### દેવ અમરનાથ !

દેવ અમરનાથ! કહો કયાં તમે બિરાજયા ?
મર્ત્યને તમારી આણ ના કદી ઉલ્લંઘ્યા ? *
દેવ અમરનાથ! સુણો આપ કયાં બિરાજયા ?
હૈમછાજ છાયું ભવ્ય, આપ છો સુરક્ષિત,
અચલ આસને વિભુ ! તમે પ્રતિષ્ઠિત.
પંગુ, અનુલ્લંઘ્યની — તમારી અમને માયા.
કંદરામહીં હો દેવ ! કયહીં જૈ લપાયા ?
શિખર પરે શિખર તો છવાયાં.
સેતુ તોડી, જલજલ ઊભરાઈ જાય ચાલ્યાં,
શેષનાગ નાગણીસમી ફુંફાડતી,
જયહાં અમે ત્યહાં જ તે !
અમારી સાથસાથ થઈ જતી,
સર્વ અંગ થીજવી, ઠરી જતી.
ઠેરઠેર કરા, વળી જલજલ હિમધારા,
કોરડા વીંઝાતા સખ્ત વાયુના અકારા
સર્વે એ કૈં કૈં કહીને છે અમોને ડાર્યાં.
ન, તોય દેવ! લેશ અમે હાર્યાં.
દર્શનાર્થ સજજ સર્વ યાત્રિકો અસવાર થયાં
દુર્ગમ તમ માર્ગ ભેદી, ભય ભૂલી પલાણ્યાં
અશ્વ, શ્વાસ અદ્ધર અસવાર સૌ ન હાલ્યાં.
વિકટ ઘાટી કષ્ટથી વળોટયાં,
કારમી કરાડ માર્ગ કુટિલ ઊતરી ચાલ્યાં
ઉપત્યકાની ઘાતકી જે ધાર પરે ધાયાં,
ચૂકે પાય અશ્વ,
જાણે ગરક થાય વિશ્વ.
પડે અશ્વ ને અસવાર,
કરે ખીણ સર્વ ભક્ષ.
રહે નામ ના નિશાન, જો ચૂકીએ અમે ધ્યાન !
જાન જોખમને માર્ગ, અમે એમ કરી ચાલ્યાં,
આપની એ રુદ્રતાથી એવું તો અંજાયાં !
પ્રભો અંજનનું ઘેન !
પડે નવ દર્શનવણ ચેન.
હે દેવ ! આજ અમને ઊવેખી અમો ચાલ્યાં.
અંતર દુર્દમ્ય વેગ, અનંતરાય ચાલ્યાં.
ગૌરવભરપૂર દેવ ! છે પ્રભાવ આપનો.
હિમ જટા, ભભૂતિ હૈમ, કર્પૂરગૌર કાયા.
દેવદાર છડીદાર ચીડ અન્ય વૃક્ષો.
ઊગેલ પાદપાસ ઊભાં પ્હાડતણાં વૃક્ષો.
સ્તવતાં વિભુ! આપ તે તે, સર્વ તેને રક્ષો.
વૈભવો વર આપી આપી બક્ષો.
અઢળક ઐશ્વર્યથી નવાજી દઈ બક્ષો.
આપ મહાશકિતની અમોઘ તે જ માયા.
દેવ અમરનાથ ! ઊર્ધ્વલોકવાસી દેવથી સવાયા !
આપની,—શું વર્ણવું ?—
ભવ્ય ને ભયાવના છે શાનદાર કાયા.
આપ આસપાસ દિસે, પર્ણપ્રાણ કંઇ વિનાની
સ્તબ્ધ શુષ્ક આ નિસર્ગ,
ઘાતકી કરાડ વળી કારમી 'છે કંદરા,
કદા શકે શું હોય આવી ભવ્ય ભીષણા વસુંધરા !
રૌદ્ર વળી ડારનારી છે વિરાટ છાયા !
દિસે જલે, દિસે નભે, દિસે તમારી આણ જયાં
સર્વત્ર ત્યાં !
ઘડીક તાપ, ઘડીક છાંય,
તલકછાંયડીની ના શું હોય જાણે રમત તો રમાય ?
ઘડીક વૃષ્ટિ, અનિલ ઝાપટો ઝીંકાય.
આવન_જાવન_ અસંખ્ય, હરપળ સુખભાવ થાય,
તો ય નિશ્ચલ, નિષ્કંપ, સખ્ત વદનરેખ ના ભુંસાય.
ધારધાર,
સકીર્ણ માર્ગની કિનાર,
અચૂક અશ્વ મૂકે પાય,
જીવહાણ કૈં ન થાય,
બકૅત, પળત, સહજ જાય.
એમ અમે તમભણી જ ધાયા.
હે કૈલાસરાયા !
દેવાધિદેવરાયા !
ને તોય દિસે કયાં તમારી કરુણાકૃપાની છાયા?
કૈલાસવાસી, પાર્વતીના નાથતણી માયા ? -
કૈલાસપતિ દેવ ! કહો કયાં તમે બિરાજયા ?
દેવદુર્લભ ! જગાડી તમે આરત,
જી ! ધન્યતા ' છે દર્શને.
સૂઝાડી દિયો દેવ, દિયો કીમિયો,
કે દેવ! તમે કેમ જાવ સાધ્યા.
જે અચૂક, જે અડોલ, જે સદાય પ્રાણવાન,
આત્મના પુરુષાર્થવડે, ધૈર્યવડે, ધર્મવાન,
એક પે વળોટી એક વૃત્તિ, હો ચૈતન્યવાન,
વિષમતાને વામી, સેવે સમતા, જીવ્યું પ્રમાણ.
તેહ પામે પાર પ્રભો, આપકેરું ધારી ધ્યાન,
ત્યાં જ તમે ત્યાં જઇને છાજયા.
હિમઘન ! હિમરાશિ ! હિમપુંજ !
હિમાકાર સંગ છો જ નિરાકાર !
હે દેવ અમરનાથ !
શુભ્ર છો સમુજજવલ !
શ્વેત સદોદિત અનંત !
ભવન્ ઊર્ધ્વઉન્નતે સદાવસન્ત !
દેવ, મહાદેવ, અમરેશ, સર્વછાયા !
આપ માર્ગ દુર્ગમના છો અનન્ય રાયા !
સંતત છો દેવ! તમે ત્યાં જ ત્યાં બિરાજયા !

૧૬—૮—'૬૧ હીરાબહેન રા. પાઠક.

* ઉલ્લંઘ્યા=ઉલ્લંઘન કરવા યોગ્ય. એ પંકિતનો ભાવ એવો છે કે અમો મર્ત્ય માનવી તમારી આણનો પ્રદેશ શું કદિ નહિ ઓળંગી શકીએ?

# રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો

## ❊ 'એક વિહંગાવલોકન' ❊

(સંઘના સભ્યો તથા જાહેર જનતાને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહોના સ્વરૂપ વિષે જરૂરી સમજુતી મળે તે હેતુથી પાંચ છ મહિનાના ગાળે આ વિષયના ખાસ અભ્યાસી શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું સંઘ તરફથી જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવે છે. એ મુજબ તેમનું છેલ્લું વ્યાખ્યાન તા. ૧૦-૬-'૬૨ ના રોજ સંઘના કાર્યાલયમાં ગોઠવવામાં આવ્યું હતું. ત્યાર પછીના ગાળામાં રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે બનેલી ઘટનાઓ અને તાજેતરમાં આવી રહેલી ભારતવ્યાપી ચૂંટણી—આ બન્ને બાબતોના વિશાળ ફલકને સ્પર્શતું એક વ્યાખ્યાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૧૦—૨—'૬૨ ના રોજ સંઘના કાર્યાલયમાં આપ્યું હતું. એ વ્યાખ્યાનનો સંક્ષિપ્ત સાર નીચે આપવામાં આવે છે. તંત્રી)

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે

### સંયુકત રાષ્ટ્રસંઘ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સૌથી મહત્ત્વનો બનાવ યુનાઈટેડ નેશન્સ--સંયુકત રાષ્ટ્રસંઘ--ના માળખામાં થયેલા મહત્ત્વના ફેરફારને લગતો છે. આ સંયુકત રાષ્ટ્ર સંઘની પહેલી બેઠક ૧૯૪૬ ના જાન્યુઆરી માસની દશમી તારીખે સાન ફ્રાન્સીસ્કોમાં મળી હતી. ત્યાર પછી જે બંધારણ ઘડાયું તેના પરિણામે આ સંયુકત રાષ્ટ્ર સંઘમાં અમુક દેશો જોડાયા હતા અને તેની કાર્યવાહક સમિતિ જેવી ૧૧ સભ્યોની સિકયોરિટી કાઉન્સિલ ઊભી કરવામાં આવી હતી, જેમાં પાંચ દેશો—યુનાઈટેડ સ્ટેઈટ્સ, રશિયા, ચિન, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સને કાયમી સ્થાન મળ્યું હતું અને બાકીના છ સભ્યોની ચૂંટણી કરવાનો પ્રબંધ સ્વીકારવામાં આવ્યો હતો. ત્યાર બાદ ભારત, બર્મા, સિલોન, પાકિસ્તાન, ઈન્ડોનેશિઆ વગેરે દેશો સ્વતંત્ર થતા ગયા અને આ રાષ્ટ્રસંઘમાં જોડાતા ગયા. હું જ્યારે ૧૯૫૩ માં રાષ્ટ્રસંઘમાં ગયો ત્યારે આ સંઘના સભ્યોની સંખ્યા ૬૦ ની હતી. ત્યાર બાદ આફ્રિકાના તેમ જ અન્ય ખંડના દેશો સ્વતંત્ર થવા લાગ્યા. આજે રાષ્ટ્ર સંઘમાં જોડાયલા દેશોની સંખ્યા લગભગ ૧૦૪ ની થઈ છે. આમાં આફ્રિકા તેમ જ એશિયાના ૪૮ પ્રતિનિધિઓ એકત્ર થયા છે, જેનું એક સ્વતંત્ર મંડળ— Afro-Asian group — ઊભું થયું છે. આ રાષ્ટ્રસંઘના પ્રારંભના વર્ષોમાં યુનાઈટેડ સ્ટેટ્સનું અને યુરોપના દેશોનું ભારે મોટું વર્ચસ્ હતું. પછીનાં વર્ષો દરમિયાન આ સંઘમાં જોડાયલા એશિયા અને આફ્રિકાના દેશો જે મોટા ભાગે તટસ્થતાની નીતિને વરેલા છે તેમણે આ વર્ચસ્માં ઘણો ઘટાડો કર્યો છે. પરિણામે સંયુકત રાષ્ટ્ર સંઘમાં યુરોપ—અમેરિકાનું હવે જે તે બાબતમાં ધાર્યું થતું નથી. સિકયોરિટી કાઉન્સિલનું સ્વરૂપ હજુ હતું તેવું ને તેવું જ રહ્યું છે. આ સ્વરૂપ સંયુકત રાષ્ટ્ર સંઘના નવા માળખા સાથે બંધબેસતું નથી અને ૧૯૪૬ ની સાલ સાથે સરખાવતાં આજે આખી દુનિયાની બદલાયલી રાજકારણી પરિસ્થિતિને લક્ષમાં લઈને આ સિકયુરિટી કાઉન્સિલનું બંધારણ બદલવાની હવે અનિવાર્ય જરૂર ઊભી થઈ છે.

સ્વીડનના દાગ હેમરશિલ્ડના અવસાન બાદ તેમની જગ્યાએ બર્માના પ્રતિનિધિ યુ થાન્ટની પસંદગી કરવામાં આવી છે તે ભારે સૂચક છે. પશ્ચિમી રાજ્યોને આ ગમતી વાત છે એમ નથી. સંયુકત રાષ્ટ્ર સંઘમાં દરેક સભ્યને મત આપવાનો એક સરખો હક છે. જ્યાં સુધી યૂરોપ અમેરિકાનું આ સંઘમાં જોડાયલા દેશો ઉપર પ્રભુત્વ હતું ત્યાં સુધી તેમની બહુમતિ સુનિશ્ચિત હતી. આ અને તેથી મતસમાનતા સામે કોઈને વાંધો નહોતો. પણ હવે પશ્ચિમી હકુમતમાંથી તાજેતરમાં મુકત થયેલા નાના નાના દેશોના પ્રતિનિધિઓ એ હકુમત સ્વતંત્ર રીતે ભોગવે છે અને એક યા બીજા પ્રશ્ન ઉપર પોતાની અસર પાડે છે. આ પરિસ્થિતિએ યુનાઈટેડ સ્ટેઈટ્સ અને યૂરોપના પ્રતિનિધિઓમાં એક મોટો ઉકળાટ પેદા કર્યો છે અને સંયુકત રાષ્ટ્રસંઘ માટે કેટલેક દરજજે પ્રતિકુળ વાતાવરણ નિર્માણ થયું છે.

### ગોવાના પ્રશ્ન ઉપર આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાતો

ગોવાને મુકત કરવા માટે ભારત સરકારે જે પગલાં લીધાં તે સામે અમેરિકાના પ્રતિનિધિ અડાલી સ્ટિવન્સને અને બ્રિટનના વિદેશ ખાતાના મંત્રી લોર્ડ હોમે જે અત્યન્ત રોષભર્યાં પ્રવચનો કર્યાં છે તે યથાસ્વરૂપે સમજવા માટે સંયુકત રાષ્ટ્રસંઘની આજની જે બદલાયલી પરિસ્થિતિ મેં રજૂ કરી તે ખ્યાલમાં હોવી જરૂરી છે. તેમના કહેવાનો સાર એ હતો કે સંયુકત રાષ્ટ્રસંઘના ચાર્ટરમાં બે બાબતો પાયાની છે: એક તો જ્યારે પણ બે રાષ્ટ્રો વચ્ચે કોઈ ઝઘડો ઊભો થાય ત્યારે પહેલા પગલા તરીકે તેનો શાંતિભર્યા ઉપાયો અને વાટાઘાટો વડે—અને નહિ કે સશસ્ત્ર મુકાબલા વડે--નિકાલ લાવવાનો દરેક રાષ્ટ્રે પ્રયત્ન કરવાનો રહેશે. બીજી બાબત એ હતી કે દરેક રાષ્ટ્રની ભૌગોલિક એકતા ('Territorial Integrity) અબાધિત અને અનુલ્લંઘનીય ગણવામાં આવશે. ગોવા ઉપરના આક્રમણ વડે આ બન્ને બાબતનો ભંગ કરીને ભારતે સંયુકત રાષ્ટ્રસંઘની ઘોર ખોદવા જેવું કાર્ય કર્યું છે એવો તેમનો આક્ષેપ છે. આ બન્ને દલીલો વજૂદ વિનાની છે. ભારતે ગોવા સંબંધેની તકરારનો શાંતિભર્યા ઉપાયો અને વાટાઘાટો વડે નિકાલ લાવવા માટે શકય તેટલા પ્રયત્ન કર્યા જ હતા અને તે બાબત ઉપર સંયુકત રાષ્ટ્રસંઘનું અવારનવાર ધ્યાન ખેંચ્યું હતું. વળી સંયુકત રાષ્ટ્ર સંઘે હજુ થોડા સમય પહેલાં પરદેશી હકુમતો નીચેના વસાહતી દેશોને જેમ બને તેમ જલદીથી મુકત કરવા જોઈએ એ મતલબનો ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો. આમ છતાં ગોવા પૂરતો તે ઠરાવને અમલી બનાવવા માટે અને એ દિશાએ પોર્ટુગલ ઉપર જરૂરી દબાણ લાવવા માટે અમેરિકાએ, ઈંગ્લાંડે કે અન્ય રાષ્ટ્રોએ કશો જ પ્રયત્ન કર્યો નહોતો. આમ ચૌદ ચૌદ વર્ષ સુધી રાહ જોવાં છતાં, જ્યારે પોર્ટુગાલને વ્યાજબી રાહ ઉપર લાવવાનું બીજી રીતે શકય જ નથી અને આ ને આ પરિસ્થિતિ ચાલુ રહેવા દેવામાં ભારત માટે બીજાં પણ ભયસ્થાનો ઊભાં થવાનો ઘણો સંભવ છે એમ સ્પષ્ટ અને સચોટપણે લાગવાથી ભારતે પ્રસ્તુત સંયોગોમાં અનિવાર્ય એવું પગલું ભર્યું છે. અને બીજી દલીલ કે કોઈ પણ રાષ્ટ્રની ભૌગોલિક સીમાને પવિત્ર અને અનુલ્લંઘનીય ગણવી જોઈએ—તેની Territoria Integrity—ને સુમાન્ય ગણવી જોઈએ—આના જવાબમાં જણાવવાનું કે દીવ, દમણ અને ગોવા એ કોઈ પોર્ટુગલની રાષ્ટ્રસીમાનો ભાગ નહોતો. એ તો તેની બહારનો—વસ્તુત: ભારતનો—વિભાગ હતો, જેના ઉપર પોર્ટુગલનું વર્ષોથી અન્યાયી શાસન ચાલી રહ્યું હતું અને તેથી આ ત્રણે નગરો કબજે કરવામાં ભારતે કોઈનું કશું પડાવી લીધું નથી, પણ પોતાનું અન્યના કબજામાં હતું તે પાછું મેળવ્યું છે. ગોવાના પ્રશ્નનું આ સ્વરૂપ છે.

આમ છતાં આ પ્રશ્ન પરત્વે પશ્ચિમની પ્રજાનો ભારત સામેનો આટલો બધો રોષ—ઉકળાટ—એનું ખરૂં કારણ તો એ છે કે જો ભારતના આ પગલાને તેઓ સંમત કરે તો આફ્રિકાના જુદા જુદા દેશો ઉપર યૂરોપના જુદા જુદા રાષ્ટ્રોની આજે જે હકુમત પ્રવર્તમાન છે તેને ચાલુ રાખવાના પક્ષમાં તેમને કશું જ કહેવાપણું ન રહે. આ તો ઘર ઊઠી આગ જેવું થાય—એમ વિચારીને તેઓ ગોવા સંબંધમાં ભારત સામે આટલો બધો વિરોધ દાખવી રહ્યા છે.

તમે જાણો છો કે ગોવામાં આપણે પ્રવેશ કર્યો ન કર્યો અને ઈન્ડોનેશિયાએ ડચ હકુમત નીચેના ઈરિયન ટાપુઓ પાછા મેળવવા

માટે જેહાદ શરૂ કરી છે અને ત્યાંથી ડચ સત્તાએ પણ ઉઠાંતરી કર્યા સિવાય છૂટકો જ નથી.

**કોંગોનો પ્રશ્ન**

આઠ મહિના પહેલાં કોંગોનો પ્રશ્ન ભારે ઉકળતો હતો અને કોંગો અનેક વિભાગોમાં વહેંચાઈ જાય અને રાજકારણી અવસ્થાનો ભોગ થઈ પડે એવી દહેશત હતી. તે પરિસ્થિતિને ઠેકાણે લાવવા માટે સંયુકત રાષ્ટ્રસંસ્થા વચ્ચે પડી, અને તેની એકતા જાળવવા માટે સૈન્ય મોકલ્યું, ભારતે તેમાં પુરવણી કરી અંને તે ખાતર સંયુકત રાષ્ટ્રસંસ્થાને ઘણો ભોગ આપવો પડયો. પણ જણાવતાં આનંદ થાય છે કે કોંગોનો પ્રશ્ન હવે ઉકેલાવાની અણી ઉપર છે અને કોંગોની એકતા જળવાઈ રહે એવી આશા બંધાવા લાગી છે. સંયુકત રાષ્ટ્ર સંઘની આ સફળ કામગીરી આપણને સંતોષ આપે તેવી છે અને તે સફળતા નિર્માણ કરવામાં ભારતનો ફાળો નાનોસૂનો નથી.

**લાઓસ અને વિયેટનામ**

લાઓસ અને વિયેટનામમાં સામ્યવાદી અને બિનસામ્યવાદી બળો વચ્ચેનું ઘર્ષણ ચાલુ જ છે. લાઓસને બચાવી લેવા અને તે તટસ્થ રહે તેમ કરવા—રશિયા અને અમેરિકા સહમત હોવા છતાં ત્યાંની પરિસ્થિતિ હજી સુધરી નથી. વિયેટનામ ઉપર સામ્યવાદી દબાણ ચાલુ જ છે. પૂર્વ દક્ષિણ એશિયામાં લાઓસ અને વિયેટનામ સામ્યવાદના ભોગ ન બને તે માટે અમેરિકા ભગીરથ પ્રયત્ન કરી રહ્યું છે. વિયેટનામ સામ્યવાદી દબાણને અટકાવી ન શકે તો સમસ્ત પૂર્વ-દક્ષિણ એશિયા સામ્યવાદના પૂરને રોકી શકશે નહિ. સામ્યવાદનો વિરોધ કરવામાં અમેરિકાએ અઢળક દોલત રેડી છે. પણ આ બાબતમાં કેનેડી પ્રમુખ થયા પછી એક મહત્ત્વનો ફેરફાર થયો છે. આટલો સમય સામ્યવાદ—વિરોધી બળો પ્રત્યાઘાતી હોય તો પણ અમેરિકાનો તેને ટેકો હતો. પણ આવા પ્રત્યાઘાતી બળોને સ્થાનિક આમજનતાનો સાથ ન હોવાથી સામ્યવાદી બળો જોર કરતા હતા. છેવટ તો પ્રશ્ન ગરીબાઈ અને બેકારી—નિવારણનો જ છે. કેનેડીના આવ્યા પછી સામ્યવાદી-વિરોધી એમ છતાં પ્રગતિશીલ એવાં બળોને ટેકો આપવાની નીતિ સ્વીકારાઈ છે, જેથી તેને આમ જનતાનો પણ સાથ મળે.

**બર્લિનનો પ્રશ્ન તથા નિ:શસ્ત્રીકરણનો પ્રશ્ન**

બર્લિનનો પ્રશ્ન આજે પણ એટલો જ ઉત્કટ અને જીવતો છે અને તેનું કોઈ સંતોષકારક સમાધાન દેખાતું નથી. આમ છતાં આજે આ પ્રશ્ન અંગે છ આઠ મહિના પહેલાં જેટલું—tension—જેટલી તાણ—અનુભવાતી હતી, તેમાં કંઈક હળવાપણું દેખાય છે. આનું કારણ રશિઆના ચીન સાથેના બગડતા જતા સંબંધો પણ હોઈ શકે અને ક્રુશ્ચેવની સમાધાનપરક નીતિ પણ હોઈ શકે. આવી જ રીતે નિ:શસ્ત્રીકરણ અને અણુશસ્ત્રોના ઉપયોગના પ્રતિબંધ સંબધે પણ કોઈ સમજુતીની આશા અનુભવાતી નથી. ઉલટું યુનાઈટેડ સ્ટેઈટ્સનાં પ્રમુખ કેનેડીના છેલ્લા બજેટમાં સંરક્ષણ અને ઉભય પ્રકારના યુદ્ધશસ્ત્રો પાછળ ઘણા વધારે ખર્ચની જોગવાઈ કરવામાં આવેલી માલુમ પડે છે.

**અલ્જીરિયા, સિરિયા, રોડેશિયા, અને ટાંગાનાયકા**

અલ્જીરિયાનો પ્રશ્ન પણ હજુ એટલો જ વિકટ રહ્યો છે. ફ્રાન્સના પ્રમુખ દ'ગોલ આ બાબતનો નિકાલ લાવવા માટે નિડરતા-પૂર્વક ભગીરથ પ્રયત્ન કરી રહેલ છે અને અલ્જીરિયાના રાષ્ટ્રિય આગેવાનો પણ સમાધાનવૃત્તિથી કામ લેવા તત્પર દેખાય છે. પણ ત્યાં ફ્રેન્ચોની દશ લાખની વસ્તી છે અને તેનાં અનેક સ્થાપિત હિતો છે. આ હિતોનો રાષ્ટ્રની ખરી આઝાદી સાથે હજુ કોઈ મેળ બેસતો નથી. આનું કોઈ સમાધાન શકય બને તો એક જ દેશમાં વસતી વિવિધ જાતિઓની સમસ્યા કેમ હલ કરવી તેનું આજની દુનિયાને એક નવું માર્ગદર્શન મળે.

સિરિયા ઈજિપ્તથી છૂટું પડયું એમ છતાં ઈજિપ્તે તેની સાથે બહુ ડહાપણભર્યો વર્તાવ રાખ્યો છે અને પરિણામે તે રશિયાની અથવા તો સામ્યવાદની પકડમાં આવતું બચી ગયું છે.

રોડેશિયામાં વેલેન્સ્કીની વિઘાતક નીતિથી પરિસ્થિતિ તંગ છે. તેની નીતિ કેટલેક દરજ્જે દક્ષિણ આફ્રિકાની નીતિને મળતી છે. પણ બ્રિટન શાણપણથી કામ લઈ રહ્યું છે.

ટાંગાનાયકામાં ત્યાંના વડા પ્રધાન ન્યારેએ સ્વેચ્છાએ રાજીનામું આપી આમજનતામાં કામ કરવાનું તથા પોતાના પક્ષને સબળ બનાવવાનું સ્વીકાર્યું છે તે એક અતિ દૂરદેશીભર્યું પગલું છે અને ભારતે તેનો દાખલો લેવા જેવું છે.

આજે આખું આફ્રિકા સળવળી રહ્યું છે અને પારકી હકુમતની ધુંસરીમાંથી મુકત થવા ઝંખી રહ્યું છે. આ ઝંખનાને મૂર્ત રૂપ મળતાં વખત લાગશે, ઘણો મોટો ભોગ પણ માગશે, પણ આખરે આ દુનિયામાં કોઈ પરદેશી હકુમત અન્ય કોઈ રાષ્ટ્ર ઉપર લાંબો વખત શાસન ચલાવે એ શકય જ રહેવાનું નથી. સંસ્થાનવાદનો, વસાહત-વાદનો અન્ત આવ્યે જ છૂટકો છે અને કાળા ગોરા વચ્ચે પણ સમભાવ સ્વીકાર્યા સિવાય ચાલવાનું નથી.

**રશિયા**

રશિયામાં ક્રુશ્ચેવનું સ્થાન ભયમાં છે એ વાતમાં મને વજૂદ દેખાતું નથી. રશિયા દિવસે દિવસે વધારે સબળ અને સમૃદ્ધ બનતું જાય છે. ખેતીવાડી અંગેની તેની કુશળ નીતિને લીધે આમસમુદાય તેની સાથે છે. સહઅસ્તિત્વના સિદ્ધાંતને સ્વીકારીને તેણે રશિયાની પ્રતિષ્ઠા વધારી છે. ચીન સાથેનો અણબનાવ તેને વધારે શાણો બનાવશે અને દુનિયાની સુલેહશાંતિ પરિણામે વધારે સ્થિર બનશે એવી હું આશા સેવું છું. આમ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે સમસ્યાઓ જેવી હતી તેવી ને તેવી જ ઊભી છે. એમ છતાં આજની પરિસ્થિતિ પહેલાં જેટલી સ્ફોટક લાગતી નથી. કેનેડીની નીતિ પ્રગતિશીલ અને સમાધાનશોધક છે અને ક્રુશ્ચેવનું વલણ પણ અમેરિકા સાથેના સંબંધો સુધારવા તરફ દેખાય છે.

## હવે ઘર આંગણે

**પાકિસ્તાન**

હવે આપણે ઘરના આંગણા ઉપર આવીએ અને આજે માથા ઉપર ઊભેલી ચૂંટણીના પ્રશ્ન ઉપર આવું તે પહેલાં આજુબાજુના દેશો સાથેના આપણા સંબંધોનો વિચાર કરી લઈએ. પાકિસ્તાનમાં સરમુખત્યાર સ્થાન ઉપર આવી અયુબખાને શરૂઆતમાં ખૂબ સાફસૂફી કરી, પણ હવે પોતાની સત્તાને કેમ ટકાવી રાખવી એ તરફ તેનું ધ્યાન વધારે કેન્દ્રિત હોય એમ લાગે છે. પાકિસ્તાનમાં બીજી પ્રગતિનું પ્રમાણ બહુ ઓછું દેખાય છે અને લોકોમાં અસંતોષ વધતો જાય છે અને તે અસંતોષને ઉગ્ર બનતો અટકાવવા માટે કાશ્મીરની બાબતને તે અવારનવાર ઉગ્ર ભાષામાં લોકો સમક્ષ રજૂ કરે છે અને લોકોમાં આ બાબતનો ઉશ્કેરાટ ચાલુ રહે એવા પ્રયત્નો તે હાથ ધરતો રહે છે. આમ છતાં અમેરિકા અને ઈંગ્લાંડના ટેકા વિના તે કોઈ પણ યુદ્ધલક્ષી પગલું ભરે તે શકય નથી અને આવો ટેકો તેને મળવાનો કોઈ સંભવ નથી.

**નેપાળ**

નેપાળ સાથે આપણો સંબંધ જોઈએ તેટલો સારો નથી, અને આના મૂળમાં જ્યારે કોઈરાલાના પ્રધાનમંડળને રૂખસદ આપીને ત્યાંના રાજા મહેન્દ્રે બધી સત્તા પોતાના હાથમાં લીધી તે વખતે લોકશાહીવિરોધી આ ઘટનાને વખોડી નાખતા જે ઉદ્‌ગારો આપણે ત્યાં ઉચ્ચ સ્થાને વિરાજતી વ્યકિતઓએ કાઢયા અને ત્યાંના કેટલાક આગેવાનોને ભારતમાં આશ્રય મળ્યો-આવાં કેટલાંક કારણો કલ્પી શકાય તેમ છે. આપણે જેમ ટિબેટના દલાઈ લામાને અહિં

આશ્રય આપ્યો, પણ તેને ચીનવિરોધી પ્રવૃત્તિ કરવા ન દીધી.-આવી તકેદારી નેપાલના રાજકારણી આગેવાનો પ્રત્યે દાખવીને નેપાળની રાજ્યસત્તાની અનુકૂળતા સાધવી ઘટે છે. ચીન સાથે જેનો રાજકારણી સંબંધ ઘટ્ટ થતો દેખાય છે તે નેપાળ જરૂર આપણા માટે ચિન્તાનું કારણ બને જ છે. ચીનના સંબંધમાં છ-આઠ મહિના પહેલાં જે પરિસ્થિતિ હતી તેમાં મહત્ત્વનો કશો ફેરફાર થયો નથી, તેથી તે વિષે કાંઈ નવું કહેવાનું પ્રાપ્ત થતું નથી.

### આગામી ચૂંટણી

હવે આપણે દેશભરમાં બહુ થોડા દિવસો બાદ થનાર ચૂંટણીના પ્રશ્ન ઉપર આવીએ, કારણ કે આ પ્રશ્ન જ આજે સૌ કોઈના મનને આવરી રહેલો છે. એમાં પણ મુંબઈના ઘર આંગણે કિરપલાણી વિરુદ્ધ કૃષ્ણમેનન એક અત્યન્ત વિવાદાસ્પદ પ્રશ્ન બની ગયો છે. આ સંબંધે મેં અગાઉ પ્રબુદ્ધ જીવનમાં લખ્યું છે. હું જોઉં છું કે કોંગ્રેસની નીતિ પ્રત્યે નહિ પણ કોંગ્રેસી રાજ્ય વહીવટ અને સ્થાનિક કોંગ્રેસ કાર્યકરો પ્રત્યે લોકોનો ઘણો અસંતોષ છે અને એમ છતાં પણ બધા જ રાજ્યોમાં કોંગ્રેસ સત્તાસ્થાન ઉપર ચાલુ રહેશે એમાં મને કોઈ શંકા નથી. ૧૯૫૭ ની ચૂંટણી વખતે વિરોધી બળોનું જે જોર હતું તેના કરતાં આજે ઓછું છે અને વિરોધી તત્ત્વો વેરવિખેર બની ગયાં છે, કારણ કે બીજો કોઈ રાજકારણી પક્ષ પ્રજાના દિલમાં પ્રતિષ્ઠા જમાવી શકયો નથી. નથી કોઈ પક્ષ પાસે કોઈ વિશિષ્ટ નીતિ કે નથી કોઈ વિશિષ્ટ નેતાગીરી. પ્રજા-સમાજવાદી પક્ષ વિષે એક વખત મને બહુ આશા હતી. પણ છેલ્લાં પાંચ વર્ષો દરમ્યાન તેણે જે વલણો એક યા બીજા રાષ્ટ્રિય મહત્ત્વના પ્રશ્નો ઉપર દાખવ્યાં છે તે જોતાં તેની નીતિ કેવળ એક તકવાદીની નીતિ હોવાનું માલુમ પડયું છે. પરિણામે આમજનતાનું હૃદય પકડી શકે એવી કોઈ તેની નીતિ રહી નથી. આજે દેશમાં એક જ સંગઠિત પક્ષ છે-સામ્યવાદી પક્ષ-કે જેને ચોક્કસ નીતિ છે અને જે પૂરો શિસ્તબદ્ધ છે. પણ તેના ચીન-તરફી વલણના કારણે તેણે પોતાની પ્રતિષ્ઠામાં અને લોકો ઉપરનાં પ્રભુત્વમાં ઘણો ઘટાડો કર્યો છે. પ્રમાણમાં જન સંઘ પક્ષની જમાવટ સારી છે. ઉત્તર હિન્દુસ્તાનમાં અને દિલ્હીમાં પણ સારૂં એવું અનુયાયી દળ જમાવ્યું છે. એમ છતાં તેની પાસે પણ કોઈ ખાસ નીતિ કે વિશિષ્ટ નેતાગીરી નથી. સ્વતંત્ર પક્ષ વિષે વધારે કહેવાની જરૂર નથી. તે સ્થાપિત હિતો અને પ્રત્યાઘાતી તત્ત્વોનો પ્રતિનિધિ પક્ષ છે. આમપ્રજાનો તે પક્ષને કોઈ દિવસે ટેકો ન જ મળે. આ બધું જોતાં નીતિની દૃષ્ટિએ કોંગ્રેસ બીજા બધા પક્ષોથી બે ડગલાં આગળ છે. લોકોને કોંગ્રેસની નીતિ સામે કોઈ વિરોધ નથી. સમાજવાદ સિવાય આમપ્રજાની આર્થિક ઉન્નતિ નથી એ નિ:સંદેહ હકીકત છે વિરોધ છે, અને રોષ છે તેમાં આગેવાન સ્થાન ધરાવતી એક યા બીજી વ્યકિત પરત્વે: આનો લાભ આ ચૂંટણીમાં બીજા પક્ષોને થોડે અંશે મળવાનો સંભવ છે. આ રોષ કેટલા પ્રમાણમાં બીજા પક્ષોને લાભદાયી બને છે તે તો હવે જોવાનું રહે છે.

આ સંબંધમાં બીજી પણ એક બાબત ધ્યાનમાં લેવાની રહે છે. ભારતના આજના સંયોગોમાં નહેરુનું નેતૃત્વ ચાલુ રહે તેમાં જ દેશનું કલ્યાણ છે. તેની કાર્યપદ્ધતિ, તથા તેના કોઈ અમુક વિચારો સામે મતભેદ હોઈ શકે છે, રંજ હોઈ શકે છે, પણ આજના તબક્કે અન્ય કોઈ વ્યકિતને દેશનું નેતૃત્વ આપી શકાય તેમ નથી.

લોકશાહીનું હાર્દ એમાં રહેલું છે કે તમે તમારો નેતા પસંદ કરી શકો છો. સરમુખત્યારશાહીમાં નેતા તમારા માથે આવી પડે છે. તેને પસંદ કરવાનો અવકાશ રહેતો નથી. આ રીતે જેને તમારા નેતા તરીકે પસંદ કરવો હોય તેને પસંદ કરો. પણ એ પસંદગી કર્યા પછી તેને જે માણસો મારફત કામ લેવું હોય તે માણસો તેને પસંદ કરવા દ્યો અને તે જેને પસંદ કરે તેને તમે સ્વીકારો. લોકશાહી આવા શિસ્તની અપેક્ષા રાખે છે. લોકશાહી અને ટોળાશાહીમાં આ જ મોટો ફરક છે. ટોળાશાહીમાં શિસ્ત હોતી નથી. બિનજવાબદારી એ તેનું મોટું લક્ષણ છે. લોકશાહીમાં નેતાને ચૂંટવાનો તેમ જ તે ન ગમે તો તેને ફગાવી દેવાનો લોકોને પૂર્ણ અધિકાર હોય છે. કોઈ એમ જરૂર કહી શકે છે કે અમારે નહેરૂ જોઈતા નથી. આમ કહે તેને હું ધન્યવાદ આપું તેની હિંમત માટે, અને નહિ કે તેની દીર્ઘદૃષ્ટિ કે શાણપણ માટે. નહેરૂ નથી જોઈતા એમ માત્ર રાજાજી કહે છે. બીજા પક્ષના લોકો પણ નહેરૂ જોઈતા નથી એમ તો કહેતા જ નથી.

હું જરૂર માનું છું કે રાજ્યકર્તા પક્ષ સામે સાચો સંગીન વિરોધપક્ષ હોય તેમાં જ લોકશાહીની સાચી સફળતા રહેલી છે. ૧૪ વર્ષ પછી પણ આપણે ત્યાં આવો વિરોધપક્ષ ઊભો થઈ શકયો નથી એ ભારે દુ:ખદ છે. પણ આજે વિરોધપક્ષ નથી એટલા માટે ગમે તેવા માણસોને વિરોધ કરવા માટે લોકસભામાં કે વિધાનસભામાં મોકલવા તે પણ યોગ્ય નથી. તેમાં લોકશાહી નથી.

આપણા દેશમાં વિરોધપક્ષ ઊભો થઈ શકતો નથી તેનાં બે કારણ છે. એક તો દેશને આઝાદ બનાવનાર કોંગ્રેસ આજે પણ એટલી જ સક્રિય અને પ્રગતિશીલ રહી છે અને તેનો લોકો ઉપર અત્યન્ત વ્યાપક પ્રભાવ છે. આની બરોબરી બીજો કોઈ પક્ષ હજુ કરી શકતો નથી. બીજું નહેરૂની ઊંચાઈનો, તેમની ગમે તેટલી ત્રુટિઓ હોવા છતાં, આજે ભારતના ક્ષિતિજ ઉપર બીજો કોઈ માણસ દેખાતો નથી. તે નહિ હોય ત્યારે દેશમાં જરૂર વિરોધપક્ષ ઊભો થવાનો જ છે એમાં મને કોઈ શંકા નથી. પણ આજે તો નહેરૂનું અજોડ દર્શન, શકિત તથા પ્રતિભાનો દેશને બીજા પાંચ વર્ષ લાભ મળે તેમાં જ હું દેશનું મોટું સદભાગ્ય સમજું છું. આ વાસ્તવિકતાના અનુસંધાનમાં માથા સામે ઊભેલી ચૂંટણીનો આપણે વિચાર કરવાનો છે.

હવે કૃષ્ણમેનન અને કિરપલાણીજીનો વિચાર કરીએ. કૃષ્ણમેનન સામ્યવાદી છે અથવા તેમનું વલણ સામ્યવાદી પક્ષ તરફ છે--આવી એક માન્યતા તેમની વિરુદ્ધમાં છે. વળી સામ્યવાદી પક્ષ આ ચૂંટણીમાં પોતા તરફથી બીજો કોઈ ઉમેદવાર ઊભો નહિ કરતાં કૃષ્ણમેનનને મદદ કરી રહેલ છે. આ હકીકત પણ તેમની વિરૂદ્ધમાં વિચાર કરવાને લોકોને પ્રેરે છે, પણ શ્રી નહેરૂ કે જેમને કૃષ્ણમેનનનો સૌથી વિશેષ પરિચય છે, તેઓ સાફ જાહેર કરે છે કે શ્રી મેનન સામ્યવાદી નથી અને મારી નીતિને પૂરી રીતે રજૂ કરે છે. શ્રી નહેરૂની રાષ્ટ્રનિષ્ટા વિષે બેમત હોવા સંભવ નથી. તેની સંમતિ વિના, તેમની ઈચ્છા વિના કૃષ્ણમેનન એક ડગલું પણ આમ કે તેમ જઈ શકે તેમ નથી. નહેરૂને તેનામાં વિશ્વાસ છે, તેનો ખપ છે તો પછી કિરપલાણીની વિરૂદ્ધમાં કૃષ્ણમેનનને ટેકો આપવો એ આપણી અનિવાર્ય ફરજ બને છે.

આ બે વ્યકિત વચ્ચેની હરિફાઈ એ ખરી રીતે અમુક બે વ્યકિત વચ્ચેનો સંઘર્ષ નથી, પણ દેશના Rigntists અને Leftists-નો જમણી પાંખ અને ડાબી પાંખનાં બળોનો—સંઘર્ષ છે. આ જમણી પાંખવાળા લોકોને એક એવી વ્યકિત મળી ગઈ છે જેનો ભૂતકાળ ઉજજવળ છે અને જે ગાંધીવાદના હિમાયતી હોવાનો દાવો કરી શકે તેમ છે, જેના વિષે લોકોના દિલમાં એક પ્રકારનો આદર રહેલો છે. આમ છતાં એ ભૂલવું ન જોઈએ કે ગાંધીજીએ પોતે જ શ્રી. નેહરૂને પોતાના રાજકીય વારસદાર માન્યા છે. આ ચૂંટણીમાં આ કે તે વ્યકિત સામે જ જોયા કરવું તે બરોબર નથી. તે તે વ્યકિત કઈ વિચારસરણીને ટેકો આપે છે તે આપણે સૌએ જોવાનું રહે છે.

મારી દૃઢ માન્યતા છે કે દેશને ઊંચે લાવવા માટે, ગરીબની ગરીબી અને બેકારની બેકારી દૂર કરવા માટે સમાજવાદી ઢબની સમાજરચના સ્વીકાર્યા સિવાય, અપનાવ્યા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી અને આ માટે તેમ જ દેશને બધી બાબતમાં સ્વાવલંબી બનાવવા માટે મુદતી આયોજન અનિવાર્ય છે અને આ બે વિધાન બરોબર હોય તો તેની પરિપૂર્તિ—corolary—તરીકે જ્યાં

સુધી આપણે પગભર અને સદ્ધર ન બનીએ ત્યાં સુધી કેટલાક અંકુશો પણ અનિવાર્ય છે. આ કેટલા પ્રમાણમાં જોઈએ તે પ્રશ્ન જુદો છે. આનું પ્રમાણ દેશની જરૂરિયાત અને લોકોની નીતિમત્તા ઉપર આધાર રાખે છે. આની જગ્યાએ ટ્રસ્ટીશીપની વાતો કરવી એ કેવળ આકાશી, અર્થવિનાની અને અવ્યવહારૂ વાત છે.

તો પછી આપણે કઈ વિચારસરણીને ટેકો આપવા માગીએ છીએ? સમાજવાદ અને આયોજનપૂર્વકની આર્થિક રચનાને આગળ વધારવી છે કે સ્થાપિતહિતોને જોર મળે તેવી રચના કરી પિછેહઠ કરવી છે? આ બાબતનો નિર્ણય કરીને કોને મત આપવો આ પ્રશ્નનો આપણે નિર્ણય કરવાનો રહે છે.

એમાં શક નથી કે છેલ્લાં પંદર વર્ષ દરમ્યાન દેશે અનેક ક્ષેત્રોમાં કોંગ્રેસી રાજ્ય વહીવટ દરમ્યાન ખૂબ પ્રગતિ સાધી છે. અન્નનું ઉત્પાદન વધ્યું છે. ઔદ્યોગિક ઉત્પાદન વધ્યું છે. પાયાના ઉદ્યોગો ઊભા થયા છે. national wealth માં--રાષ્ટ્રિય સંપત્તિમાં--વધારો થયો છે. જણ દીઠ આવક પણ વધી છે. આપણી સાથે અને ત્યાર બાદ સ્વતંત્ર થયેલા કોઈ પણ રાષ્ટ્રે આટલી પ્રગતી સાધી નથી. આ સાથે લોકોની ભૂખ વધી છે, આકાંક્ષાઓ વધી છે, જાગૃતિ વધી છે. આ ભૂખ અને આકાંક્ષાઓ સંતોષાવી જોઈએ. તે સંતોષાશે નહિ તો સામ્યવાદ આવશે. લોકશાહી ધોરણે સમાજવાદ બનતી ત્વરાએ અમલી નહિ બને તો સામ્યવાદનું આકર્ષણ વધશે. મૂડીવાદ ટકવાનો નથી. આર્થિક અને સામાજિક અસમાનતા પ્રજા સહન કરવાની નથી. આ કારણે તબક્કાપૂર્વકના જરૂરી આયોજનપૂર્વક દેશમાં વહેલી તકે સમાજવાદી ઢબની સમાજરચના ઊભી કરવાની જરૂર છે. આ રચના નિર્માણ કરવાની કોનામાં તાકાત છે એનો પૂરો વિચાર કરીને લોકોએ પોતાનો મત આપવો જોઈએ.

કેટલાક એમ માને છે કે મેનનને હરાવીને નહેરૂની આગેકૂચ ઉપર જરૂરી અંકુશ મૂકી શકાશે. અલબત્ત મેનન હારશે તો નહેરૂ તે અંગે ખૂબ દુ:ખ અનુભવશે, પણ એ ઉપરથી કોઈ એમ માને કે નહેરૂ પિછેહઠ કરશે તો એમ માનનારા ભૂલ કરે છે. મેનનના પરાજયથી નહેરૂનું કાર્ય કદાચ કઠીન બને, પણ એ પરાજયને પડકાર રૂપ લેખીને નહેરૂ આજે છે તેથી વધારે પોતાના વિચારોમાં મક્કમ થશે. કારણ કે દેશના નવનિર્માણ અંગે જેણે અનેક સ્વપ્નાં સેવ્યાં છે, જેણે પાર વિનાની યાતના વેઠી છે એવા નહેરૂ, મેનન સાથે હોય કે ન હોય, દેશને નિરધારિત માર્ગે આગળ લઈ જવામાં અને તે પણ બને તેટલી ટુંકી મુદતમાં આગળ લઈ જવામાં, જ્યાં સુધી તેઓ દેશના અગ્ર-સ્થાન ઉપર છે ત્યાં સુધી, શકય તેટલો સર્વ પુરૂષાર્થ કરી છૂટશે. પિછેહઠ કરે, પાછી પાની કરે, સ્થાપિત હિતો સાથે બાંધછોડ કરે—એ નહેરૂ નહિ. આ નહેરૂ માટે જેના દિલમાં આદર હોય તેણે તેને પોતાનું ધ્યેય સિદ્ધ કરવા અર્થે જે માણસોની તેમને જરૂર હોય તે સોંપવા જોઈએ. આ રીતે જે વિચારશે તેને આગામી ચૂંટણીમાં કોને મત આપવો, કયા પક્ષને મત આપવો તે વિષે દ્વિધા સેવવાનું કોઈ કારણ રહેશે નહિ.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| દેવ અમરનાથા | હીરાબહેન પાઠક, | ૧૯૯ |
| રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો | ચીમનલાલ ચકુભાઈ શાહ, | ૨૦૦ |
| પ્રકીર્ણ નોંધ: જોષીઓના વર્તારાથી ભ્રમિત થતા અટકીએ અને વિશ્વાકાશના ભવ્ય સૌન્દર્યને પિછાણીએ, ઈશ્વરભકત ડૉ. માયાદાસ, સાધુ—સાધ્વી શિબિર અંગે સ્પષ્ટીકરણ, અંધેરી ખાતે ઊભી કરવામાં આવેલી વસાહત, ચૂંટણી અંગે સર્વપક્ષી સ્વીકૃત આચારમર્યાદા. | પરમાનંદ | ૨૦૩ |
| શ્રીમદ્ રાજચંદ્રનો પરિચય | રતીલાલ દીપચંદ દેસાઈ, | ૨૦૭ |


# પ્રકીર્ણ નોંધ

**જોષીઓના વર્તારાથી ભ્રમિત થતા અટકીએ,**
**અને વિશ્વાકાશના ભવ્ય સૌંદર્યને પિછાણીએ.**

ફેબ્રુઆરી માસની ત્રીજી, ચોથી અને પાંચમી તારીખ આવી અને ગઈ અને એમ છતાં જે વિષે પારવિનાનો ભય સેવવામાં આવ્યો હતો તેવું કશું જ બન્યું નહિ. આ હકીકતે જ્યોતિષીઓની અતિ નિશ્ચિત એવી આગાહીને પોકળ અને પાયા વિનાની પુરવાર કરી છે અને અનેક લોકોની આંખ ઉઘાડનારી બની છે. આ આપણા સર્વ માટે આનંદનો વિષય છે.

આ અષ્ટગ્રહયોગ સંબંધમાં તા. ૨૮મી જાન્યુઆરીના ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં પ્રગટ થયેલો લેખ, ફેબ્રુઆરીની પાંચમી તારીખ વટાવ્યા બાદ, અમુક રીતે સમય બહારનો ગણાય. એમ છતાં આવા ગ્રહયોગો આગળ ઉપર થવાના જ છે અને તે અંગે જોષીઓ કંઈ કંઈ પ્રકારના ભયંકર વર્તારા બહાર પાડવાના જ છે અને લોકોને ભડકાવવાના છે—આવી આપણા દેશની વાસ્તવિક પરિસ્થિતિ ધ્યાનમાં લઈને ભવિષ્યમાં પણ માર્ગદર્શક બને એ હેતુથી એ સૂચક અગ્રલેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે.

આ અગ્રલેખ ખગોળને લગતા પશ્ચિમી ખ્યાલ ઉપર આધાર રાખીને લખાયો છે. આપણે જેને નવગ્રહ કહીએ છીએ તેને અંગ્રેજી ભાષામાં 'પ્લેનેટ' શબ્દથી ઓળખવામાં આવે છે. તે બેના અર્થમાં અને સૂચનમાં ફરક છે. આપણા જ્યોતિષમાં પૃથ્વીને મધ્યમાં માનીને તે આસપાસ ફરતા દેખાતા સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ અને શુક્રને ગ્રહ ગણવામાં આવ્યા છે અને એ ઉપરાંત સૂર્યના પરિભ્રમણ માર્ગને ચંદ્રનો પરિભ્રમણ માર્ગ દર મહિને જે એ બિન્દુ ઉપર સ્પર્શે છે, છેદે છે એ બે સતત બદલાતા જતા બિન્દુને રાહુ અને કેતુના નામથી ગ્રહ તરીકે ઓળખવામાં આવ્યા છે.

પશ્ચિમી એટલે કે અદ્યતન ખગોળ મુજબ સૂર્યને સ્થિર માનવામાં આવ્યો છે અને તેની આસપાસ કંઈ કાળથી શોધાયેલા અનુક્રમે બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ અને શનિ અને પાછળથી શોધાયલા યુરેનસ, નેપ્ચ્યુન અને પ્લુટો એમ નવ ગ્રહો એટલે કે પ્લેનેટ ફરતા માનવામાં આવે છે અને ચંદ્ર પૃથ્વી આસપાસ ફરતો હોઈને તેને ઉપગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. રાહુ તથા કેતુને પશ્ચિમી ખગોળ ગ્રહ એટલે કે પ્લેનેટ તરીકે સ્વીકારતું નથી અને પ્લેનેટ છે પણ નહિ. યુરેનસ, નેપ્ચ્યુન અને પ્લુટોના અસ્તિત્વ વિષે આપણા પૂર્વકાળના જ્યોતિષીઓ કશું જ જાણતા નહોતા. આ ભૂમિકા ઉપર હવે આપણે નીચેનો અનુવાદ વાંચવા સમજવા પ્રયત્ન કરીએ.

"કોઈ પણ દેશ સભ્યતાની કઈ કક્ષાએ પહોંચ્યો છે તે સૂચવવા માટે પ્રાચીનકાળથી આજ સુધીમાં જુદા જુદા યુગે જે નવાં નવાં વાહનો શોધાતા ગયા છે તે તે વાહનોને તે તે યુગના પ્રતીક તરીકે વર્ણવવામાં આવે છે. દા. ત. પુરાણા કાળનું વાહન બળદગાડી અને પછી ઘોડાગાડી હતી. પછી બાઈસીકલ આવી, પછી મોટર આવી અને પછી વિમાન આવ્યું. માનવીના વિકાસનો આ ઐતિહાસિક ક્રમ લક્ષમાં લેતાં આપણો દેશ હજુ બાઈસીકલ યુગ સુધી પણ પહોંચ્યો છે કે કેમ તે નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી. ફેબ્રુઆરીના પહેલાં અઠવાડિયામાં જે અનેક ગ્રહોનો યોગ થવાનો છે તેના અનુસંધાનમાં કરવામાં આવેલ ફળાદેશસૂચક ભયંકર આગાહીઓના કારણે હજારો બલકે લાખો માનવીઓ જે ગભરાટ અનુભવી રહેલ છે અને આ ગ્રહોના કાવતરાના જે અનિષ્ટ પરિણામોથી બચવા માટે વલખાં મારતા લોકોએ હોમ હવન અને ધાર્મિક અનુષ્ઠાનો પાછળ, જાણે કે દ્રવ્યનો બીજો કોઈ ઉપયોગ જ ન હોય તેમ, જે નાણાંની નદીઓ વહેવડાવી છે તે

જોતાં બળદગાડીનો યુગ હજુ આપણે ત્યાં ચાલી રહ્યો હોય એમ લાગે છે. અને જો આવી પ્રવૃત્તિઓ વિનારોકટોક ચાલ્યા જ કરે અને બુદ્ધિવિહીનતા દાખવતાં અને પુરાણકાળને વળગી રહેવાની ઘેલછા સૂચવતાં બળો લોકમાનસને આમ મુકતપણે પ્રભાવિત કરતા જ રહે તો આપણો દેશ સ્કૂટર યુગ, મોટર યુગ અને એ પછીના યુગનાં દર્શન કરી શકે જ નહિ એમ આપણે વિચારવું રહ્યું. ચંદ્રગ્રહણને જોતાં વેંત આકુળવ્યાકુળ બનતા અને ભયભીતતા અનુભવતા અત્યંત પુરાણા કાળનો ગુફાવાસી માનવીને પ્રકાશિત કરે એવું કોઈ જ્ઞાન સુલભ નહોતું. તેનો ભય અજ્ઞાનના ભોગ બનેલા આજના માનવીના ભય કરતાં વધારે સકારણ અને સમજી શકાય એવો હતો, કારણ કે આજના આ ભયવ્યાકુળ માનવીઓને પોતાની બુદ્ધિને કસવા માટે અને પોતાની માન્યતાની ચકાસણી કરવા માટે પૂરો અવકાશ છે અને જરૂરી સાધનસામગ્રી સુલભ છે, જ્યારે પેલા ગુફાવાસી આદમીને માટે આવો કોઈ અવકાશ કે શકયતા જ નહોતી. આજે સૌ કોઈ જાણે છે કે ખગ્રાસ સૂર્યગ્રહણ કોઈ અજાણી કે અણધારી ઘટના નથી, અને દર વર્ષ આવું ગ્રહણ એક વાર થયા જ કરે છે. આ કેમ અને કયારે બને છે એ પણ હવે સુવિદિત છે. આ રીતે જોતાં આ સ્વાભાવિક અને સહજ સમજી શકાય એવા કુદરતી દશ્યથી ગભરાવું અને તે અંગે માની લેવાયલી અનિષ્ટ અસરોને દૂર કરવા માટે જંતર-મંતર કે હોમ હવન કરવા એ કેવળ બેવકુફીભર્યું અને હાસ્યાસ્પદ વર્તન લેખાવું ઘટે.

"જ્યોતિષીઓ એક કોઈ વિચિત્ર પ્રકારનો સમુદાય છે. એમ કહેવામાં આવે છે કે ફેબ્રુઆરીની પાંચમી તારીખે સવારમાં આઠ ગ્રહો 'Planets'—એકઠા થવાના છે. આ તદ્દન જુઠ્ઠાણું છે. (ખગોળશાસ્ત્રીઓ કહે છે તે મુજબ) માત્ર બે ગ્રહો મકર રાશિમાં રહેલા સૂર્ય અને ચંદ્ર (જેને આપણે ભાગ્યે જ ગ્રહો planets કહી શકીએ) તેની બહુ નજીક દેખાવાના છે, જ્યારે બીજા ત્રણ ગ્રહો આકાશની એ મકર રાશિમાં કેટલેક દૂર ઉપ-સ્થિત થયેલા નજરે પડવાના છે. જ્યાતિષીઓએ પોતે અમુક ગ્રહો Planets—શોધી કાઢયા છે જે માત્ર તેઓ જ જોઈ શકે છે (અને જે ગમે તેટલા મોટા દૂરબીનથી દેખાતા નથી). આ ગ્રહ-યોગ ઉપરથી જેને કોઈ તર્ક કે પ્રત્યક્ષ પ્રમાણનો લેશમાત્ર આધાર નથી એવા નિર્ણય ઉપર તેઓ આવી ચૂકયા છે કે આ ગ્રહયોગ એક અતિ ભયંકર આફત નિર્માણ થવાની આગાહી આપે છે. (આમાં નવાઈ જેવું તો એ છે કે આ મહત્ત્વના મુદ્દા ઉપર આ બધા જ્યાતિષીઓ એકમત નથી). આ સામે એક જાણીતા જ્યોતિષી અને સિલોન એસ્ટ્રોનોમિકલ એસોસીએશનના પ્રમુખ શ્રી આર્થર સી. કલાર્ક નમ્રતાપૂર્વક જણાવે છે કે "બહુ સારૂ, અનિષ્ટ-સૂચક લેખાતા દરેક ગ્રહની સામે હું બીજા દશ કાલ્પનિક અને શુભસૂચક ગ્રહોની શોધ કરી આપીશ."

"ગ્રહોનું આ કાવતરૂં અને તેને લગતી અતિ વ્યાપક બનેલી માન્યતા અંગે અતિ શોચનીય બાજુ એ છે કે આને લીધે રાત્રીના સમયે વિશ્વાકાશમાં જેને આંખ હોય એ જોઈ તેમ જ અનુભવી શકે એવી જે તારા—નક્ષત્ર અને આકાશગંગાની ભવ્ય શોભા નિર્માણ થાય છે, તે તરફ કોઈનું ધ્યાન સરખું પણ જતું નથી. અર્ધદગ્ધ જ્ઞાન, ભયવ્યાકુળતા, પૂર્વગ્રહોનો પ્રભાવ, પ્રારબ્ધવાદ અને શાબ્દિક વાદવિવાદ—આ બધી ભ્રમજાળના કારણે તારકવૃંદોની હારમાળાના દર્શન દ્વારા અનુભવાતી ભવ્યતાની અનુભૂતિ વડે સભર બનેલા ચિત્તના સંવેદનથી માનવી વંચિત બને છે, આવું સંવેદન તેના અનુભવનો વિષય બની શકતું નથી. અનેક વહેમોથી વીંટળાયલો એવો આ માનવી તારાઓને નીરખતો છતાં સૃષ્ટિના સૌંદર્યને સમજવા અને માણવાની અદ્ભૂત તક ગુમાવે છે. અને નિસર્ગની જે ભવ્યતાએ કંઈ કાળથી કવિઓને, તત્ત્વવેત્તાઓને અને વૈજ્ઞાનિકોને પુલકિત બનાવ્યા છે, પ્રભાવિત કર્યા છે તે ભવ્યતા સાથે આવા માનવીનો અનુબંધ તૂટી જાય છે. જાણે કે અસંતોષ અનુભવતો કોઈ ભગ્નાશ આદમી ઈરાદાપૂર્વક પોતાના ઘરની બારીમાંથી દેખાતા કોઈ ભવ્ય દર્શન સામે પીઠ ફેરવતો ન હોય, જાણે કે તેની બંધ આંખોને કોઈ રીતે ઉઘાડી શકાય તેમ જ ન હોય—આવું કાંઈક આવા માનવી વિષે લાગે છે.

"પણ આ દેશના લોકોએ પોતાની આંખો ઉઘાડયે જ છૂટકો છે. કારણ કે સામેનું દશ્ય અસીમ સૌંદર્યથી ભરેલું છે. તેમણે હવે ભરચક અજ્ઞાનથી ભરેલા ભૂતકાળ સામે બળવો કરવાનો અને આ વિશ્વને યથાસ્વરૂપે ગ્રહણ કરવા માટે નવાં સાહસો ખેડવાનો નિશ્ચય કરવાનો રહે છે. તેમણે આજે ને અત્યારે એવો નિર્ણય લેવાનો રહે છે કે આ ફેબ્રુઆરીની પાંચમી તારીખે સૂર્યનું જે ખગ્રાસ ગ્રહણ થવાનું છે એ ગ્રહણ જૂનવાણી અને જે તે માની લેવાના ભોળપણનું પણ ગ્રહણ બનવું જ જોઈએ."

**ઈશ્વરભકત સ્વ. ડૉ. માયાદાસ**

નૈનીતાલવાળા ડૉ. માયાદાસ ગયા જાન્યુઆરી માસની ૧૩મી તારીખે લુધીયાણા ખાતે ૭૫ વર્ષની ઉમ્મરે અવસાન પામ્યા છે. આ ડૉ. માયાદાસનો 'કૂર્માચળની પરિક્મ્મા' એ મથાળા નીચે આજથી ચાર વર્ષ પહેલાં પ્રગટ થયેલા નૈનીતાલ બાજુના પ્રવાસવર્ણનમાં વિગતવાર પરિચય આપવામાં આવ્યો છે. તેઓ સ્વામી આનંદના નિકટના મિત્ર થાય. તેમની સાથેના સંબંધના કારણે હું ૧૯૫૮ના મે માસમાં એ બાજુ પ્રવાસે ગયેલો ત્યારે મને ડૉ. માયાદાસનો પહેલી વાર પરિચય થયેલો. તેઓ અત્યંત ધર્મપરાયણ ખ્રિસ્તી હતા અને માનવતાની મૂર્તિસમા હતા. તેઓ 'પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડ'ની ઉપાધીથી લાંબા સમયથી પીડાતા હતા. ગયા ઓકટોબર માસની ૧૮મી તારીખે તેમના ઉપર લખનૌ ખાતે ઑપરેશન કરવામાં આવેલું. ઑપરેશન કરતાં એ જ સ્થળે તેમને કેન્સર હોવાનું માલૂમ પડેલું. લખનૌમાં તેમને સારું ન થતાં લુધિયાણા ખાતે ખસેડવામાં આવેલા અને ત્યાં પણ સારા પ્રમાણમાં યાતના ભોગવીને ઉપર જણાવ્યા મુજબ જાન્યુઆરી માસની ૧૩મી તારીખે તેમણે દેહ છોડયો.

આ રહેમદિલ ઈશ્વરપરાયણ ભકતજનનો પરિચય આપતાં સ્વામી આનંદ તા. ૨૬-૧-૬૨ના પત્રમાં તેમને નીચે પ્રમાણે અંજલિ આપે છે:—

"ડૉ. માયાદાસ જોડેની મારી ઓળખાણ ફકત ૧૨ વરસની હતી, પણ કપરા પહાડોની આડેધડ મુસાફરીમાં અને જીવલેણ સંકટો વચ્ચે દરવરસે વરસો વરસ અમે hiking કરતા તેથી અમે એકબીજાની નજીક આવી ગયા હતા. ખરું જોતાં પુત્રનિધનનો શોક અને ગાંડી પત્નીની ગમગીનીમાંથી થોડા દિવસ મનબદલો કરાવવાની ગણતરીએ જ દર વરસે હું ૧૫-૨૦ દિવસ એમને નૈનીતાલથી કાઢીને ઊંડાણેના બરફાની પહાડોમાં લઈ જતો. એથી વધુ સમય ફરવા એ કદિ તૈયાર ન થતા. કૌસાની આવીને મારી પાસે વરસમાં એકાદ વાર રહેતા ત્યારે પણ અઠવાડિયું દસ દિવસથી વધુ કદિ ન રોકાતા. ઘેર ડોસીનો ખ્યાલ એમને રાતદિવસ રહેતો ને જ્યારે જુઓ ત્યારે એ ગાંડીના હક્કમાં પ્રભુની દુઆ જ દિવસમાં અનેક વેળા માગતા હોય. આપણને પણ કહે, જે કોઈ મિત્ર કે સ્વજન એમના નિકટ સંપર્કમાં આવે તેમને વીનવે 'મેરી બીબી બેચારી કે હક્ક મેં દુઆ કરના.' ઘેર એક બહુ વફાદાર વર્ષોજૂનો નોકર હતો તે ડોશીને બહુ સંભાળતો તેથી જ આટલું પણ ડોસીને છોડીને તેઓ વરસમાં ૧-૨ વાર બહાર નીકળતા.

"હું મારી હવે લાંબી થતી જતી જીંદગીમાં ખાસી એવી સંખ્યાના ખ્રિસ્તીઓના સંપર્કમાં આવ્યો છું. ખ્રિસ્તીઓમાં મિત્રોને પણ ગણાવી શકું, પણ ડૉ. માયાદાસ જેવો પાક ખ્રિસ્તી મેં ભાગ્યે-મિશનરીઓમાં પણ—બીજો જોયો હોય. રામકૃષ્ણ પરમહંસના જમાનાના

નાગમહાશય કરીને એક ભકતનો ઉલ્લેખ રામકૃષ્ણ કથામૃતમાં અને બીજે ઘણીવાર આવે છે. મેં એમને જોયેલા નહિ જ. પણ એમની જોડે કોઈને સરખાવવા હોય તો ડૉ. માયાદાસને જ એકલાને હું સરખાવી શકું. ખ્રિસ્તી ધર્મ મૂળે વૈષ્ણવોના જેવો જ એક ભકિત-સંપ્રદાય છે અને સાચા ખ્રિસ્તી અને સાચા વૈષ્ણવ વચ્ચે સાચે જ કશો તફાવત નથી એનું યથાર્થ દર્શન મને ડૉ. માયાદાસના નિકટ સંપર્ક પછી જ થયું અને મારી જીસસ ઉપરની આસ્થા ઉજજવળ થઈ. ડૉ. માયાદાસને સાચે જ શ્રેષ્ઠ વૈષ્ણવ તરીકે ઓળખાવીએ તો તે શોભે એવા હતા.

" આખા નૈનીતાલ શહેરમાં તે ઓળખીતાં વર્તુળોમાં 'દેવતા આદમી' ગણાતા. સેવાનિવૃત્ત થયા પછી પણ એમણે ઈસ્પિતાલનું કામ ન છોડયું. માનદ સેવા કરતા. એમના અસીલોમાં ૯૦ ટકા શહેરનાં ભંગી, કુલી, ચોકીદાર, બબરચી, ભિસ્તી, માળી, આયાઓ કે ચપરાસીનાં કુટુંબો હતાં. નેપાળી ડોટીઆલો જેઓ બોજા ઊંચકવાનું જ કામ પહાડોમાં કરતા હોય છે તેમના એઓ પરમ મિત્ર દાકતર હતા. એવાં અસંખ્ય કુટુંબો આજે એમના જવાથી અનાથ અને હાર્યા લૂંટાયાં જેવાં બની ગયાં હશે."

**સાધુ-સાધ્વી શિબિર અંગે સ્પષ્ટીકરણ**

તા. ૧૬-૧-૬૨ના પ્રબુદ્ધ જીવનમાં 'મુનિ સંતબાલજી-આયોજિત સાધુ-સાધ્વી શિબિરની ફલશ્રુતિ' એ મથાળા નીચે પ્રગટ થયેલા લેખમાંનાં કેટલાંક વિધાનોનાં તથ્યાતથ્ય સંબંધમાં એ શિબિર સાથે જોડાયલા શ્રી નેમિમુનિનો તા. ૨૫-૧-૬૨નો મારી ઉપર એક લાંબો પત્ર આવ્યો છે. આટલા લાંબા પત્રને પ્રબુદ્ધ જીવનમાં સ્થાન આપવું મને જરૂરી લાગતુ નથી. તેમાંના મહત્ત્વના મુદ્દાઓ તારવીને નીચે રજૂ કરૂં છું.

મારા નિરુપણ મુજબ પ્રારંભમાં જૈન સાધુ-સાધ્વીઓને ઉદ્દેશીને આ શિબિર યોજવામાં આવી હતી, પણ પાછળથી જૈન સાધુ-સાધ્વીઓ જોડાવાની આશા પાતળી પડતી જતાં જૈનેતર સાધુ-સાધ્વીઓને તેમજ સાધક સાધિકાઓને પ્રસ્તુત શિબિરમાં જોડવાનું વિચારાયું હતું. શ્રી નેમિમુનિના લખવા મુજબ આ શિબિર સર્વ સંપ્રદાયના સાધુ-સાધ્વી સંન્યાસીઓ અને સાધક-સાધિકાઓ માટે પ્રારંભથી જ ખુલ્લી રાખવામાં આવી હતી. અને તે બાબતમાં તેઓ પ્રસ્તુત શિબિર અંગે પ્રગટ કરવામાં આવેલી 'શિબિર સંયોજના' નામની પુસ્તિકાનો મને હવાલો આપે છે. અલબત્ત, આ 'શિબિર સંયોજના'માં સૌ કોઈ માટે શિબિરના દ્વાર ખુલ્લાં હોવાનું જણાવવામાં આવ્યું છે, પણ સાધુ-સાધ્વી શિબિરને લગતો વિચાર તે પુસ્તિકા પ્રગટ થઈ તેના ઘણા સમય પહેલાંથી વિશ્વવાત્સલ્યમાં મુનિ સંતબાલજી ચર્ચી તેમ જ વિકસાવી રહ્યા હતા અને તે ચર્ચાવિચારણા જૈન સાધુ-સાધ્વીઓને જ કેન્દ્રમાં રાખીને કરવામાં આવી હતી—આવી વિશ્વવાત્સલ્યના ચાલુ વાંચનના પરિણામરૂપ મારા મન ઉપર છાપ પડી હતી અને એ તો મારી જાણનો વિષય છે કે તેમનો તેમ જ નેમિ મુનિ ગુજરાતમાંથી વિહાર કરતા મુંબઈ આવ્યા તે દરમિયાન તેમ જ શિબિર શરૂ થઈ તે પહેલાના તેમના મુંબઈના વાસ દરમિયાન નેમિ મુનિનો પણ જૈન સાધુ-સાધ્વીઓને શિબિર તરફ આકર્ષવાનો જોસભેર પ્રયત્ન ચાલી રહ્યો હતો. વળી, મુનિ સંતબાલજીના અભિપ્રાય મુજબ જૈન સાધુ-સાધ્વીઓ ક્રાંતિના અગ્રસર દૂત બનવાને સરજાયેલા છે અને તેમને આવી શિબિરની યોજના મારફતે ક્રાંતિના સાચા અગ્રસર દૂત બનાવવા છે આવો મનોરથ તેમણે વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થતા લખાણો દ્વારા અનેક વાર પ્રગટ કર્યાની મારા મન ઉપર છાપ રહી છે. આના વિશેષ સમર્થનમાં એ જણાવવું અસ્થાને નહિ ગણાય કે શ્રી દુલેરાય માટલિયા જેઓ આ શિબિરમાં પોતાનાં પત્ની સાથે જોડાયેલા હતા તેમની સાથે શિબિર દરમિયાન થયેલી વાતોમાં તેમણે મને એ મતલબનું જણાવ્યાનું સ્પષ્ટ યાદ છે કે આટલો બધો પ્રયત્ન કરવા છતાં આ શિબિરમાં કોઈ જૈન સાધુ-સાધ્વી ન જોડાયાં અને તેમાં પણ જેમના જોડાવા ઉપર મહારાજશ્રીએ પાકો મદાર બાંધ્યો હતો એ સાધ્વી સદ્‌ગુણાશ્રી અને તેમની શિષ્યા પણ ન જોડાયાં—તેનું મહારાજશ્રીને પારાવાર દુઃખ અને નિરાશા છે. આ હકીકત સાધુ-સાધ્વી શિબિરની વિચારણાના મૂળ પાયામાં કોણ હતું એ વિષે સ્પષ્ટતા કરવા માટે પૂરતી છે. આ શિબિરને 'સાધુ-સાધ્વી શિબિર' નામ આપવામાં આવ્યું તે જૈન સાધુ-સાધ્વીને જ લક્ષમાં રાખીને આપવામાં આવ્યું હતું એ બાબત સાધુ-સાધ્વી શિબિર અંગેના પ્રગટ થયેલા પ્રારંભના લેખો જોવાથી કોઈને પણ સ્પષ્ટ થાય તેમ છે.

મારા લેખમાં મેં એમ જણાવ્યું છે કે આ શિબિરમાં કોઈ જૈન સાધુ-સાધ્વી જોડાયાં નહોતાં. આ વિધાન સામે વાંધો લેતાં શ્રી નેમિ મુનિ જણાવે છે કે તેઓ આ શિબિરમાં એક જૈન સાધુ તરીકે જ પ્રવેશપત્ર ભરીને જોડાયા હતા. શ્રી નેમિ મુનિને જૈન સાધુ તરીકે સ્વીકારવામાં મને કશો વાંધો નથી. પણ તેઓ જે રીતે મહિનાઓથી શિબિરનો પ્રચાર કરી રહ્યા હતા અને તેના આયોજનની વિગતો નક્કી કરવામાં મુનિ સંતબાલજીને તેઓ જે રીતે સક્રિય સાથ આપી રહ્યા હતા તે ઉપરથી તેમને મેં મુનિ સંતબાલજીના સહસંચાલકના સ્થાને કલ્પ્યા હતા અને તેથી શિબિરના સમયે બહારથી આવીને કોઈ જૈન સાધુ સાધ્વી જોડાયા નહોતા એવી મતલબનું મેં વિધાન કર્યું હતું. આમ કરવામાં શ્રી નેમિ મુનિને અથવા શિબિરને અન્યાય થયો હોય તો તે માટે દિલગીર છું.

મેં મારા લેખમાં પ્રસ્તુત શિબિરની ચર્ચાવિચારણા વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થઈ રહેલી વિચારણાની વિસ્તૃત આવૃત્તિઓ હોવાનું જણાવ્યું છે. શ્રી નેમિ મુનિના જણાવવા પ્રમાણે આ શિબિરમાં વિશ્વવાત્સલ્યમાં કદિ નહિ ચર્ચાયેલા એવા વિષયોની પણ ચર્ચા થઈ હતી. હું શિબિરમાં ચાલતી ચર્ચાઓ દરમિયાન એક બે વાર ગયેલો અને શિબિરની કાર્યવાહીની મારી ઉપર મોકલવામાં આવતી સાઈકલોસ્ટાઈલ કોપીઓમાંથી અમુક મેં વાંચેલી તે ઉપરથી મારા મન ઉપર ઉપર મુજબની છાપ પડેલી. શ્રી નેમિ મુનિએ પૂરી પાડેલી વિગત ઉપરથી આ મારી છાપ બરોબર નહોતી એમ મારે કબૂલ કરવું રહ્યું.

શ્રી નેમિ મુનિના પત્ર ઉપરથી માલૂમ પડે છે કે શિબિરના દૈનિક કાર્યક્રમની મારા લેખમાં આપવામાં આવેલી વિગતમાં થોડોક ફેર છે. વળી મારા લેખમાં મેં એમ જણાવ્યું છે કે ગાંધી-વિચાર—પ્રેરિત આવી શિબિરોમાં કાંતવાને અથવા તો એ કોટિના કોઈ પણ પરિશ્રમને ચોક્કસ સ્થાન આપવામાં આવે છે—આવો કોઈ પ્રબંધ આ શિબિરમાં જોવામાં આવતો નહોતો. આ સંબંધમાં શ્રી નેમિ મુનિ જણાવે છે કે મકાન સફાઈ, રસોડાના કાર્યમાં મદદ, વાસણ માંજવાં, પીરસવું, ડુપ્લીકેટ મારફત પ્રવચનો તથા ચર્ચાની કોપીઓ કાઢવી—આવો પરિશ્રમ આ શિબિર સાથે જોડાયેલો હતો. આ વિષે તપાસ કરતાં માલૂમ પડે છે કે આ શિબિરના કામકાજ માટે રસોયા-ઘાટી વગેરે રોકવામાં આવ્યા હતા. એમ છતાં શિબિરવાસીઓના ભાગે ઉપર જણાવ્યા મુજબનું થોડુંઘણું કામકાજ આવ્યું હોય એ સમજી શકાય છે. આમ છતાં આવું કામ અને કાંતવા જેવી રચનાત્મક ઔદ્યોગિક પ્રવૃત્તિને પ્રાધાન્ય આપીને શિબિરના દૈનિક કાર્યક્રમમાં તેને ચોક્કસ સ્થાન આપવું-એ બેમાં કાંઈક ફરક છે એ શ્રી નેમિ મુનિ જરૂર કબૂલ કરશે એવી હું આશા રાખું છું. પ્રસ્તુત શિબિરમાં થયેલા ખર્ચ અંગે પ્રબુદ્ધ જીવનના આગળના અંકમાં ઉલ્લેખ થઈ ચૂકયો છે.

આ બધું છતાં, શિબિરની સાડાચાર માસની પ્રવૃત્તિ સાથે હું સતતપણે જોડાયલો નહોતો. આને લીધે શિબિર અંગેની મારી માહિતી અપૂર્ણ હોય અને તેની કોઈ છાયા મારા લખાણ ઉપર પડી હોય અને તેને લીધે શિબિરસંચાલકોને મારાથી અજાણપણે કાંઈ અન્યાય

થયો હોય તો તે માટે હું દિલગીરી જાહેર કરું છું. સાથે સાથે અહીં એટલું સ્પષ્ટકરવાની જરૂર છે કે શ્રી નેમિ મુનિને જે કહેવાનું છે તે ધ્યાનમાં લેવા છતાં પણ પ્રસ્તુત સાધુ સાધ્વી શિબિર પરત્વેના મારામૂલ્યાંકનમાં કશો ફેરફાર કરવાની મને જરૂર લાગતી નથી.

**અંધેરી ખાતે ઊભી કરવામાં આવેલી જૈન વસાહત**

જ્યારે અન્નનો દુકાળ પડે છે અને લોકોની હાડમારી બધી સીમા વટાવે છે ત્યારે જે કોઈ વ્યક્તિ કે સમુદાય એક યા બીજી રીતે, એક યા બીજા સમુદાયને જે કાંઈ રાહત પહોંચાડે તે તેટલા પ્રમાણમાં સાર્વજનિક ભીંસને હળવી કરે છે એમ સમજીને તેણે એ કાર્ય પોતાની કોમ માટે કર્યું કે પોતાના ગામ માટે કર્યું, પોતાના સાધર્મી માટે કર્યું કે પોતાની પોળ માટે કર્યું-આવો ભેદ નહિ વિચારતાં આપણે આવી દરેક રાહતના પ્રયત્નને આવકારીએ છીએ. અલબત્ત, આવો પ્રયત્ન જેટલો વધારે સાર્વજનિક હોય તેટલું વધારે સારું. એમ છતાં અમુક પ્રયત્ન સાર્વજનિક ન હોય તો તેને આપણે વખોડી નાખતા નથી. કારણ કે આજની વાસ્તવિકતા જોતાં અને લોકોનું એક યા અન્ય વર્તુળથી ગ્રસ્ત માનસ જોતાં વર્તમાન વ્યાપક ભીંસને હળવી કરવાનું કાર્ય એક યા અન્ય પ્રકારના વર્તુળની મર્યાદામાં ઘણી વાર વધારે શકય અને સુકર બને છે એવો આપણો અનુભવ છે.

આ રીતે વિચારીને મુંબઈની ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાએ તાજેતરમાં પોતાના સમાજના ૧૦૬ કુટુંબોને એક સાથે વસાવી શકાય એવી અંધેરી ખાતે, સ્ટેશનની બહુ નજીકમાં જુહુ રોડ ઉપર એક મોટી વસાહત ઊભી કરી છે તેને આવકારવાનું મન થાય છે. મુંબઈ જેવા મોટા શહેરોમાં આજે એવી વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ છે કે સાધારણ સ્થિતિનાં કુટુંબોને પોષાય—અને ન પોષાય તો પણ બહુ ભારે ન પડે.—તે પ્રકારના રહેઠાણનાં મકાન મળવાં અશકય થઈ પડયાં છે. પાઘડી અને ઓનરશીપના નામે ગરજવાળા અને રહેઠાણ માટે જગ્યા શોધતા કુટુંબો પાસેથી કલ્પનામાં ન આવે એવી મોટી રકમો પડાવવામાં આવે છે. ગરીબ કે મધ્યમ વર્ગનાં કુટુંબોને તો ઊભા રહેવાની મુંબઈમાં જગ્યા જ નથી. આજે મુંબઈમાં માણસને ખાવાને રોટલો મળે છે, સુવાને ઓટલો મળતો નથી. આવી વિષમ કઢંગી ભીંસવાળી સ્થિતિ મુંબઈમાં વસતા અને બહારથી મુંબઈમાં આવતા લોકો માટે ઊભી થઈ છે. આવી પરિસ્થિતિમાં મુંબઈ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાનું આ સાહસ અભિનન્દનને પાત્ર લાગે છે.

આ વસાહતમાં ૩૬ ડબલ રૂમ વાળા અને ૬ ચાર રૂમવાળા એમ ૪૨ ઓનરશીપનું એક મકાન અને ૩૨ ડબલ રૂમનું લોન પદ્ધતિ ઉપર ભાડે આપવાનું એક મકાન એમ ૭૪ કુટુંબો માટે બે મકાનો તૈયાર કરવામાં આવ્યા છે અને ૩૨ ડબલ રૂમનું લોન પદ્ધતિવાળું એક મકાન બાંધવાનું હજુ બાકી છે. તે ઉપરાંત અહિં એક ઉપાશ્રય તથા વ્યાખ્યાનશાળા—લેકચર હૉલ—પણ બાંધવાનું વિચારાઈ રહ્યું છે. આ વસાહતમાં કોઈ નફાના ખ્યાલ વિના પડતર કિંમતને લગભગ અનુરૂપ એવી ઓનરશીપની અને ભાડાની રકમ અહિં રહેવા આવનાર કુટુંબો પાસેથી લેવામાં આવનાર છે, અને એ રીતે ૧૦૬ કુટુંબોને ઓનરશીપ કે ભાડાની દૃષ્ટિએ આજના ચાલુ હિસાબ અને ધોરણે ઘણી મોટી રાહત મળવા સંભવ છે. આ તૈયાર થયેલાં બે મકાનોનું તા. ૨૮-૧-૬૨ રવિવારના રોજ જૈન સ્થાનકવાસી સમાજના આગેવાન શ્રી દુર્લભજી ખેતાણીના શુભ હસ્તે અંધેરી ખાતે સ્થાનકવાસી સમાજના એકત્ર થયેલા બહુ મોટા સમુદાય વચ્ચે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આવી વસાહતો મુંબઈમાં વસતા અન્ય સમુદાયો ઊભી કરવા પ્રેરાય અને એ રીતે નિવાસસ્થાન મેળવવાની અસાધારણ તકલીફને હળવી કરવામાં આવે એ અત્યન્ત ઈચ્છવાયોગ્ય છે.

**ચૂંટણી અંગે સર્વપક્ષસ્વીકૃત આચારમર્યાદા**

૧. રાજનૈતિક વિચારના પ્રવાહનો અન્ય પક્ષોની ટીકા—ટિપ્પણ કરવી હોય, તો તેના નીતિ—નિયમ અને કાર્યક્રમ પર મુખ્યત્વે વિચારવું જોઈએ. એ પ્રમાણે અન્ય પક્ષોના નેતાઓ કે કાર્યકર્તાઓની ટીકા—ટિપ્પણી કરતાં કાર્યકર્તાઓના સાર્વજનિક જીવન સાથે સંબંધ ન હોય તેવી વ્યકિતગત બાબતોનો અસત્ય કે મિથ્યા પ્રચાર ન થવો જોઈએ.

૨. એવી કોઈ વાત ન કહેવામાં આવે, જેથી જાતિ—જાતિ, ધર્મ—ધર્મ, અથવા વર્ગ—વર્ગ વચ્ચે દ્વેષ પેદા થાય, અથવા કડવાશ વધે.

૩. રાજનૈતિક પક્ષોએ અન્ય પક્ષોની સભાઓ, સરઘસો વિગેરે કાર્યક્રમોમાં અડચણો ઊભી ન કરવી જોઈએ, તેમ જ ઉત્તેજના દ્વારા તેને વેરવિખેર ન કરવાં જોઈએ.

૪. કોઈ વ્યકિતને એક પક્ષ દ્વારા ટિકિટ ન આપવામાં આવી હોય, તે વ્યકિતને બીજો પક્ષ એ જ ચૂંટણી માટે પોતાની ટિકિટ ન આપે.

૫. ચૂંટણી પછી એક પક્ષની ટિકિટ પર ચૂંટાયેલી વ્યકિતને પોતાના પદનું રાજીનામું આપ્યા સિવાય બીજો પક્ષ પોતાનામાં પ્રવેશ આપી શકે નહિ.

૬. ચૂંટણી પ્રચારનાં કોઈ પણ કામમાં ૧૮ વર્ષથી ઓછી ઉમરનાં કિશોરોનો ઉપયોગ ન થાય તેનું ધ્યાન રાખવામાં આવે.

૭. ચૂંટણી પ્રસંગે પાળવા યોગ્ય કોઈ આચાર—મર્યાદાનો ભંગ થઈ જાય, તો તે જ પક્ષે તે જાતે જ પ્રકટ કરી દેવો જોઈએ, તથા ફરીથી તેવું ન બને તેનું ધ્યાન રાખવું જોઈએ.

**પરમાનંદ**

## સંઘ સમાચાર

**શ્રી. કાન્તિલાલ બરોડિયાનું વ્યાખ્યાન**

તા. ૩—૨—૬૨ સોમવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં શ્રી. કાન્તિલાલ બરોડિયાએ ત્રીજી યોજનાનાં વિવિધ પાસાંઓ એક માહિતીબદ્ધ વ્યાખ્યાનદ્વારા રજુ કર્યા હતાં.

**સ્નેહસંમેલન**

પંડિત સુખલાલજી ઉપર તા. ૩૦—૧૨—૬૧ શનિવારના રોજ ડૉ. મુકુંદરાય પરીખે 'પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડ' દૂર કરવાને લગતું ઑપરેશન કરેલું તેમાંથી તદ્ ન સ્વસ્થ થઈને તા. ૧૨—૨—૬૨ ના રોજ તેઓ અમદાવાદ તરફ વિદાય થયા છે. તેમનું સ્નેહાભિનન્દન કરવા માટે તેમ જ ડૉ. મુકુંદરાય પરીખનું સન્માન કરવા માટે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૧-૨-૬૨ના રોજ ડૉ. કીર્તિલાલ ભણશાળીના પ્રમુખપણા નીચે ન્યુ મરીનલાઈન્સ ઉપર આવેલા 'મનોહર'માં એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલનનો વૃત્તાન્ત પ્રબુદ્ધ જીવનના આગામી અંકમાં રજુ કરવામાં આવશે.

**સંઘ તરફથી યોજાયલો નૌકાવિહાર**

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૧—૩—૬૨ ફાગણ શુદ પુનમ બુધવારના રોજ સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે એક નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ માટે નક્કી કરવામાં આવેલી **"શોભના"** સ્ટીમર ઍપોલો બંદરથી ઉપર જણાવેલ દિવસે રાત્રીના બરોબર આઠ વાગ્યે ઉપડશે અને અગિયાર વાગ્યે ઍપોલો બંદર ઉપર જ નૌકા વિહારમાં જોડાયલાં ભાઈબહેનોને ઉતારશે. આ નૌકાવિહારમાં જોડાવા ઈચ્છનાર સભ્યોએ વ્યકિત દીઠ રૂા. ૨—૫૦ આપવાના રહેશે. સભ્યો સાથેનાં અઢી વર્ષ નીચેનાં બાળકો માટે કશું આપવાનું નહિ રહે. **'શોભના'**માં વધારેમાં વધારે ૩૦૦ પ્રવાસીઓ લેવાના હોઈને નૌકાવિહારમાં જોડાવા ઈચ્છનાર સભ્યોને જરૂરી વિધિ માટે સંઘના કાર્યાલયનો સત્ત્વર સંપર્ક સાધવા વિનંતિ છે.

**મંત્રીઓ—મુંબઈ જૈન યુવક સંઘ**

# શ્રીમદ્ રાજચંદ્રનો પરિચય

**" તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી; માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભકિત, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે. "**

-શ્રીમદ્ રાજચંદ્ર

(તાજેતરમાં પ્રગટ થયેલ 'રાજપ્રશ્ન' ની બીજી આવૃત્તિ જેનું સંપાદન શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ કરેલું છે તેના સંપાદકીય નિવેદનમાંથી શ્રીમદ્ રાજચંદ્રના પરિચય માટે જરૂરી એટલો વિભાગ તારવીને નીચે આપવામાં આવે છે. **તંત્રી**)

શ્રીમદ્ રાજચંદ્રના જીવન અને કવનનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે કે ન તો એમનું જ્ઞાન કેવળ શુષ્ક જ્ઞાનીના જેવું પોપટિયું કે અકિંચિત્કર હતું કે ન તો એમનું આચંરણ પોતાને મન ફાવે એ રીતે ઘડાયું હતું. એમનું જ્ઞાન આચરણની સરાણે ચડીને વધુ તેજસ્વી બનેલું હતું; અને એમનું આચરણ સદ્‌બોધ અને સદ્-વિચારની ભાગીરથીમાં નિમજ્જન કરીને પરિપૂત થયેલું હતું. અને તેથી જ તેઓ, આજીવન ગૃહસ્થ તરીકે હોવા છતાં, આત્મમાર્ગના અતિ ઉત્કટ અને પરમ પુરુષાર્થી સાધક બની શકયા હતા; એમના વિચાર, વાણી અને વર્તનમાં એકરૂપતા આવી શકી હતી; અને એમના જીવનમાં સમતા, સહનશીલતા અને નિષ્કામવૃત્તિરૂપ ત્રિવેણીનો સુભગ સંગમ થઈ શકયો હતો.

* * * *

શ્રીમદ્ (જન્મ-વિ. સં. ૧૯૨૪માં; સ્વર્ગવાસ-વિ. સં. ૧૯૫૭માં) કેવળ તેત્રીસ વર્ષની ટૂંકી ઉંમરે જ વિદેહ થયા હતા. પણ આટલી ટૂંકી જિંદગીમાં, અને તેમાંય એક ગૃહસ્થ તરીકે વેપાર અને વ્યવહારની અનેક સાંસારિક ઉપાધિઓ વચ્ચે રહેવા છતાં, એમણે એક સત્યશોધક આત્માર્થી પુરુષને છાજે એવી ઉદાર, વ્યાપક, તલસ્પર્શી, સહૃદય અને ગુણગ્રાહક દષ્ટિએ ધર્મ અને તત્ત્વજ્ઞાનને લગતા જૈન-જૈનેતર વિપુલ સાહિત્યનું જે અવગાહન કર્યું હતું તે સાચે જ નવાઈ ઉપજાવે એવું તેમ જ પૂર્વ જન્મના સંસ્કારોના અસ્તિત્ત્વની શાખ પૂરે એવું છે. વળી તેઓ જન્મજાત કવિ અને સિદ્ધહસ્ત લેખક પણ હતા.

એમનું આટલું ગંભીર શાસ્ત્રઅધ્યયન અને એમની કવિ અને લેખક તરીકેની આટલી શકિત હોવા છતાં ભલે એમની હયાતી દરમિયાન એમણે રચેલ 'ભાવનાબોધ' અને મોક્ષમાળા' એ બે પુસ્તકો જ છપાયાં હોય, પણ એમણે આ સિવાય બીજું પણ ઘણું ઘણું લખ્યું હતું. આત્માર્થી ભાવિક જનોને તેમ જ જિજ્ઞાસુઓને એમના હાથે લખાયેલા પત્રોની સંખ્યા તો હજારોની છે; અને એ પત્રો પણ કંઈ ખબરઅંતર કે કુશળવાદ પૂછવા જેવા સામાન્ય નહિ પણ ધર્મ અને તત્વજ્ઞાનને સ્પર્શતા વિવિધ અને ગહન વિષયોને લગતા હતા. એમનાં બીજાં લખાણો અને આ બધાં પત્રો જ આગળ જતાં જનસમાજની અને ગુજરાતી સાહિત્યની પણ બહુમૂલ્ય સંપત્તિરૂપ બની ગયા, અને અનેક ધર્માર્થી જીવોને માટે પ્રેરણા અને માર્ગ-દર્શનના નિમિત્તરૂપ નીવડયા.

* * * *

### શ્રીમદ્‌ની મહત્તા અને મહાનુભાવતા

શ્રીમદ્‌ના જીવન અને સાહિત્યને સમજવું એ ઊંડા અભ્યાસ અને ચિંતનનું કામ છે; અને એમની મહત્તા અને મહાનુભાંવતાને વર્ણવવા માટે તો એકાદ મોટા નિબંધની જરૂર પડે. વળી, આ વિષયનો મારો એ જાતનો અભ્યાસ પણ નથી. આમ છતાં એમની તીવ્ર જિજ્ઞાસા, સહૃદયતા, સતત જાગૃતિ, સત્યશોધનમૂલક ઉદાર અને વ્યાપક ગુણગ્રાહકદષ્ટિ અને સરળતા-નમ્રતા વગેરે સદ્‌ગુણો એવા છે કે જેની ઊંડી છાપ, એમનું થોડું પણ જીવન કે સાહિત્ય વાંચતાં, મન ઉપર પડયા વગર રહેતી નથી. માનવીના પોતાના તેમ જ સમાજના ભલાને ખાતર આવા બધા સદ્‌ગુણોની ઉપયોગીતા શાશ્વત છે. આ પુસ્તકનું સંપાદન કરતાં શ્રીમદ્ અંગે જે કંઈ અતિ અલ્પસ્વલ્પ જાણવા- મળ્યું છે, એને આધારે, એવા એવા સદ્‌ગુણોની કેળવણી તરફ પોતાના મનને વાળવાની તેમ જ એ માટે પુરુષાર્થ કરવાની વાચકને કંઈક પણ પ્રેરણા મળે એ દષ્ટિએ આ સ્થાને થોડુંક લખવું ઉચિત લાગે છે.

શ્રીમદ્‌નું વાચન બહુ વિશાળ અને ઊંડું હતું અને એની પાછળની એમની દષ્ટિ પોતાની જિજ્ઞાસાને સંતોષવાની તેમ જ સત્યની શોધ કરવાની સાથે જીવનશુદ્ધિની સાધના કરવાની હતી; એટલે એમને વિદ્વાન કે પંડિત કહેવા માત્રથી મનને સંતોષ થતો નથી; તેઓ તો સાચા આત્મસાધક જ્ઞાની પુરુષ હતા.

અને આત્મસાધના માટે તો, પ્રમાદજન્ય સર્વ કષાયો અને કલેશોને દૂર કરીને તેમ જ પાંથિક કે સાંપ્રદાયિક અંધશ્રદ્ધા તેમ જ વાડાબંધી અને સંકુચિતતાથી મુકત બનીને અપ્રમત્તપણે સત્યની શોધ માટે તેમ જ સર્વ સદ્‌ગુણોની કેળવણી માટે સતત જાગૃતિ રાખવી અને અવિરત પુરુષાર્થ કરવો એ અનિવાર્ય છે. શ્રીમદે પોતાના જીવનને આ દિશામાં જ દોર્યું હતું; એ જ એમની મહત્તા અને મહા-નુભાવતા.

એમની એ મહત્તા અને મહાનુભાવતાનાં થોડાંક દર્શન, એમના પોતાના જ શબ્દોને આધારે કરીએ :-

એમની ઉદાર અને ગુણગ્રાહકદષ્ટિ જુઓ—

યોગવાસિષ્ઠ પુસ્તક અંગે તેઓ કહે છે: "યોગવાસિષ્ઠનું પુસ્તક ઉપાધિનો તાપ શમાવવાને માટે શીતળ ચંદન છે." (પ્રશ્નોત્તર ૪૮૧)

કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં માર્ગ પામેલા પુરુષો થયા છે કે કેમ એનો ખુલાસો કરતા શ્રીમદ્ કેવો સરસ જવાબ આપે છે! તેઓ વિના સંકોચે કહે છે: "કણબી અને કોળી જેવી જ્ઞાતિમાં પણ માર્ગને પામેલા થોડાં વર્ષમાં ઘણા પુરુષો થઈ ગયા છે......એઓ સર્વ કંઈ છેવટના જ્ઞાનને પ્રાપ્ત થયા નહોતા; પરંતુ તે મળવું તેમને બહુ સમીપમાં હતું. એવા ઘણા પુરુષોના પદ વિગેરે અહીં જોયાં. એવા પુરુષો પ્રત્યે રોમાંચ બહુ ઉલ્લસે છે, અને જાણે નિરંતર તેવાની ચરણસેવા જ કરીએ, એ આકાંક્ષા રહે છે. જ્ઞાની કરતાં એવા મુમુક્ષુ પર અતિશય ઉલ્લાસ આવે છે; તેનું કારણ એ જ છે કે તેઓ જ્ઞાનીના ચરણને નિરંતર સેવે છે; અને એ જ એમનું દાસત્વ, અમારું એમના પ્રત્યે દાસત્વ થાય છે. તેનું કારણ છે. ભોજો ભગત, નિરાંત કોળી ઈત્યાદિ પુરુષો યોગી (પરમયોગ્યતાવાળા) હતા. (પ્રશ્નોત્તર ૫૦૦—૫૦૧)

સુંદરદાસ વગેરેને માર્ગાનુસારી કહી એમના ગ્રંથોનો પરિચય રાખવા અંગે શ્રીમદ્ કહે છે: "સત્પુરુષનાં ચરિત્રો અને માર્ગાનુસારી (સુંદરદાસ, પ્રીતમ, અખો, કબીર આદિ) જીવોનાં વચનો અને જેનો ઉદ્દેશ આત્માને મુખ્ય કહેવા વિષે છે, એવા (વિચારસાગર, સુંદરદાસના ગ્રંથ આનંદઘનજી, બનારસીદાસ, કબીર, અખા વગેરેનાં પદ) ગ્રંથોનો પરિચય રાખવો." (પ્રશ્નોત્તર ૭૬૧)

જુઓ શ્રીમદ્‌ની વેધક દષ્ટિ—

મહાત્મા ગાંધીજીના ઉત્તરોનો જવાબ આપતાં આર્ય ધર્મ અંગે તેઓ કહે છે કે—"આર્ય ધર્મની વ્યાખ્યા કરવામાં સૌ પોતાના પક્ષને 'આર્ય ધર્મ' કહેવા ઈચ્છે છે. જૈન જૈનને, બૌદ્ધ બૌદ્ધને, વેદાંતી વેદાંતને 'આર્ય ધર્મ' કહે, એમ સાધારણ છે. તથાપિ જ્ઞાની પુરુષો તો, જેથી આત્માને નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય, એવો જે આર્ય (ઉત્તમ) માર્ગ, તેને જ 'આર્ય ધર્મ' કહે છે અને એમ જ યોગ્ય છે." (પ્રશ્નોત્તર ૧૦૮૪)

વેદની ઉત્પતિ અંગે ગાંધીજીને લખતાં તેઓ કહે છે: "(૧) ઘણા કાળ પહેલાં વેદ થયા સંભવે છે. (૨) પુસ્તકપણે કોઈ પણ શાસ્ત્ર અનાદિ નથી; તેમાં કહેલ અર્થ પ્રમાણે તો સૌ શાસ્ત્ર અનાદિ છે." (પ્રશ્નોત્તર ૧૦૮૫)

એ જ રીતે ગીતા ઈશ્વરકૃત છે કે નહિ એ પ્રશ્નનો ઉત્તર આપતાં તેઓ ગાંધીજીને લખે છે કે "(૧) ઈશ્વરકૃતનો અર્થ જ્ઞાની

(સંપૂર્ણ જ્ઞાની) એવો કરવાથી તે ઈશ્વરકૃત થઈ શકે; પણ નિત્ય અક્રિય એવા આકાશની પેઠે વ્યાપક ઈશ્વરને સ્વીકાર્યે તેવાં પુસ્તકાદિની ઉત્પત્તિ થવી સંભવે નહિ; કેમ કે તે તો સાધારણ કાર્ય છે, કે જેનું કર્તાપણું આરંભપૂર્વક હોય છે, અનાદિ હોતું નથી. (૨) ગીતા વેદવ્યાસજીનું કરેલું પુસ્તક ગણાય છે, અને મહાત્મા શ્રીકૃષ્ણે અર્જુનને તેવો બોધ કર્યો હતો, માટે મુખ્યપણે કર્તા શ્રીકૃષ્ણ કહેવાય છે, જે વાત સંભવિત છે. ગ્રંથ શ્રેષ્ઠ છે. " (પ્રશ્નોત્તર ૧૦૮૬)

એમની સભાન મનોવૃત્તિ આર્દ્રા નક્ષત્ર પછી કેરી ખવાય કે નહિ એના સમધારણ ઉત્તરમાં જોવા મળે છે. તેઓ કહે છે: "સામાન્ય રીતે કેરીના રસસ્પર્શનું વિપરિણામ આર્દ્રા નક્ષત્રમાં થાય છે. આર્દ્રા નક્ષત્ર પછી જે કેરી ઉત્પન્ન થાય છે, તેનો વિપરિણામકાળ આર્દ્રા નક્ષત્ર છે, એમ નથી; પણ સામાન્યપણે ચૈત્ર-વૈશાખાદિ માસમાં ઉત્પન્ન થતી કેરી પરત્વે આર્દ્રા નક્ષત્રે વિપરિણામીપણું સંભવે છે." (પ્રશ્નોત્તર ૧૨૭૭)

જુઓ એમની વ્યવહારુ વિચક્ષણતા. પરમાર્થ માર્ગને ઈચ્છનારે પોતાની આજીવિકા માટે નોકરી કરવી કે કેમ એનો હકારમાં જવાબ આપતાં તેઓ કહે છે: "આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે." (પ્રશ્નોત્તર ૧૩૫૪)

અને જ્યારે શ્રીમદ્ પોતે બીજાને એમ લખે કે "અત્રે જે આડત તથા મોતી સંબંધી વેપાર છે, તેમાંથી મારાથી છૂટવાનું બને અથવા તેનો ઘણો પ્રસંગ ઓછો થવાનું થાય, તેવો કોઈ રસ્તો ધ્યાનમાં આવે તો લખશો; ગમે તો આ વિશે સમાગમમાં વિશેષતાથી જણાવી શકાય તો જણાવશો. આ વાત લક્ષમાં રાખશો." (પ્રશ્નોત્તર ૧૪૦૭) ત્યારે એમની સરળતા અને વૈરાગ્યવૃત્તિનું કેવું સ્પષ્ટ અને પાવન દર્શન થાય છે!

શ્રીમદ્‌નું ચોખ્ખું, ઉદાર અને ગુણગ્રાહી દૃષ્ટિબિંદુ કબીરપંથીઓ અંગેના અભિપ્રાયમાં પણ જાણવા મળે છે. તેઓ કહે છે: "કબીરપંથી ત્યાં આવ્યા છે; તેમનો સમાગમ કરવામાં બાધ સંભવતો નથી; તેમ જ કોઈ તેમની પ્રવૃત્તિ યથાયોગ્ય ન લાગતી હોય તો તે વાત પર વધારે લક્ષ ન દેતાં કંઈ તેમના વિચારનું અનુકરણ કરવા યોગ્ય લાગે તે વિચારવું." (પ્રશ્નોત્તર ૧૪૧૫)

શ્રીમદ્‌ની આત્મજાગૃતિ તો ખરેખર, આદર્શ છે:—

એક સ્થળે તેઓ પોતાને માટે કહે છે: "ચિત્તની વ્યવસ્થા યથાયોગ્ય નહિ હોવાથી ઉદયપ્રારબ્ધ વિના બીજા સર્વ પ્રકારમાં અસંગપણું રાખવું યોગ્ય લાગે છે. તે એટલે સુધી કે જેમનો ઓળખાણ પ્રસંગ છે, તેઓ પણ હાલ ભૂલી જાય તો સારું, કેમ કે સંગથી ઉપાધિ નિષ્કારણ વધ્યા કરે છે, અને તેવી ઉપાધિ સહન કરવા યોગ્ય એવું હાલ મારું ચિત્ત નથી. નિરુપાયતા સિવાય કંઈ પણ વ્યવહાર કરવાનું હાલ ચિત્ત હોય એમ જણાતું નથી. જે વ્યાપાર-વ્યવહારની નિરુપાયતા છે, તેથી પણ નિવૃત્ત થવાની ચિંતના રહ્યા કરે છે. ચિત્તમાં બીજાને બોધ કરવા યોગ્ય એટલી મારી યોગ્યતા હાલ મને લાગતી નથી. " (પ્રશ્નોત્તર ૧૫૨૬ થી ૧૫૩૦)

એક ભાઈને તેઓ સલાહ આપે છે: "આ તરફ આવવા વિશેની ઈચ્છામાં તમારા વડીલાદિ તરફથી જે નિરોધ છે, તે નિરોધથી હાલ ઉપરવટ થવાની ઈચ્છા કરવી યોગ્ય નથી. " (પ્રશ્નોત્તર ૧૪૪૦)

એક મુનિ શ્રીમદ્‌ને એ મતલબનું પૂછે છે કે આપ ગૃહસ્થ-દશામાં છો, છતાં આપને વંદન કરવાનું મન થાય છે, તો મારે શું કરવું? એનો શ્રીમદ્ ભારે વિવેકપૂર્ણ જવાબ આપે છે કે "તમારો મુનિપણાનો સામાન્ય વ્યવહાર એવો છે કે બાહ્ય અવિરતિ પુરુષ પ્રત્યે વંદનાદિ વ્યવહાર કર્તવ્ય નહિ. તે વ્યવહાર તમારે પણ સાચવવો." (પ્રશ્નોત્તર ૧૫૭૮)

એ જ પ્રમાણે શ્રીમદ્ દીક્ષા સંબંધી (પ્રશ્નોત્તર ૭૧૧ વગેરે), તેમ જ સાધુઓએ પુસ્તક રાખવાં કે કેમ (પ્રશ્નોત્તર ૭૧૬), અથવા સાધુઓએ પત્રવ્યવહાર કરવો કે કેમ (પ્રશ્નોત્તર ૯૪૮) એ અંગે પણ સ્પષ્ટ અભિપ્રાયો આપ્યા છે.

અને પોતાને જિનપ્રતિમામાં શ્રદ્ધા હોવા છતાં પોતાનો અભિપ્રાય બીજાના ઉપર પરાણે લાદવાને બદલે જ્યારે શ્રીમદ્ એમ કહે છે કે "મારી પ્રતિમામાં શ્રદ્ધા છે, માટે તમો સઘળા કરો એ માટે મારું કહેવું નથી, પણ વીર ભગવાનની આજ્ઞાનું આરાધન તેથી થતું જણાય તો તેમ કરવું." (પ્રશ્નોત્તર ૨૩૦), ત્યારે ભગવાન બુદ્ધનું પેલું યાદગાર વચન સહેજે સાંભરી આવે છે કે—"હે કાલામ, હું જે કાંઈ કહું છું તે પરંપરાથી સાંભળ્યા કરો છો માટે તેને ખરું માનશો નહિ, કે આપણી પૂર્વ પરંપરા એવી છે માટે ખરું માની લેશો નહિ, 'એ એમ જ હશે' એમ પણ ઉતાવળથી માની લેશો નહિ... તમારા ગુરુએ કહેલું છે, એટલા માટે જ તેના ઉપર વિશ્વાસ મૂકશો નહીં." (અંગુત્તરનિકાય ૩-૬૫-૩)

શ્રીમદે જિનપ્રતિમાને માનવા અંગે આપેલ આ ખુલાસો જ એમ બતાવવાને બસ છે કે એમના અંતરમાં કેટલી ધીરજ, કેટલો અનેકાંતવાદ અને કેટલી અહિંસા પ્રત્યેની જાગરુકતા ભરી હતી.

એમ કહી શકાય કે સમ્યગ્દૃષ્ટિ આત્માનું સાચું દર્શન શ્રીમદ્‌ના જીવનમાં અને સાહિત્યમાં થાય છે. એમની ભાષા પ્રૌઢ છતાં સુગમ અને રોચક છે; શુદ્ધ પણ એટલી જ છે. વિચાર અને વર્તન સુનિશ્ચિત હોય તો વાણી આપમેળે જ એને અનુસરવા લાગે છે. એ હકીકત શ્રીમદ્‌નું સાહિત્ય પુરવાર કરે છે. મહાત્મા ગાંધીજી જેવા ઉપર શ્રીમદ્‌નો જે કંઈ પ્રભાવ પડયો હતો એ એમના નિર્મળ જીવન, નિખાલસ વાણી અને સત્યગામી વિચારસરણીને લીધે જ પડયો હોવો જોઈએ.

આપણે ત્યાં સમ્યક્શ્રુત અને મિથ્યાશ્રુતના સ્થૂળ અર્થને વળગી રહીને એના તાત્ત્વિક અર્થ તરફ ઉપેક્ષાવૃત્તિ દાખવીને, ઈતર સાહિત્ય વાંચવા જતાં મિથ્યાત્વનું પોષણ થઈ જવાનો જે મોટો હાઉ ઊભો કરવામાં આવ્યો છે, અને અન્ય સાહિત્ય વાંચવા પ્રત્યે એક પ્રકારની તાળાબંધી જેવી શોચનીય સ્થિતિ ઊભી કરી દેવામાં આવી છે, એથી શ્રીમદ્ સર્વથા મુક્ત હતા, અને તેથી તેઓ સત્યશોધક અને ગુણગ્રાહક દૃષ્ટિથી વિપુલ સાહિત્યનું સહૃદયતા-પૂર્વક વાચન-મનન કરી શકયા હતા. આ પણ એમનું સમ્યગ્દૃષ્ટિ-પણું જ લેખી શકાય.

ખરી રીતે જેમ શસ્ત્રનો લાભાલાભ એનો ઉપયોગ કરનારની આવડત ઉપર આધાર રાખે છે, એ જ રીતે શાસ્ત્ર પણ એનો ઉપયોગ કરનારની શકિત, યોગ્યતા અને દૃષ્ટિ પ્રમાણે જ સમ્યક્ કે મિથ્યા બની જાય છે. શ્રીમદ્‌નું સાહિત્ય વાંચતાં એમની આવી સમ્યગ્દૃષ્ટિ અનેક સ્થળે જોવા મળે છે.

**શ્રીમદ્‌ને જાણ્યાનું ફળ**

શ્રીમદ્‌ના જીવનનું અને સાહિત્યનું અધ્યયન કર્યાનું પહેલું ફળ તો એ મળવું જોઈએ કે એવા અભ્યાસીના અંતરમાંથી પાંથિક કે સાંપ્રદાયિક સંકુચિતતા કે "મારું તે જ સારું" એવી હઠાગ્રહ યા કદાગ્રહની ગાંઠો ગળી જવી જોઈએ; અને "સારું તે મારું" એવી ગુણગ્રાહક દૃષ્ટિ ઊઘડવી જોઈએ. મિથ્યાત્વને ગાળી નાખવાનો અને સમ્યગ્દર્શનને મેળવવાનો આ જ માર્ગ છે. જેઓ પોતાને શ્રીમદ્‌ના અનુયાયીઓ માનતા હોય એમના મનમાંથી પણ આવી ગાંઠો નિર્મૂળ થવી જોઈએ. એમનો બધો પ્રયત્ન અને પુરુષાર્થ પહેલાં તો એવી ગાંઠોને નિર્મૂળ કરવાની દિશામાં જ આગળ વધવો જોઈએ.

વળી, આત્મસાધના કે જીવનશુદ્ધિને માટે સત્સંગ અને સદ્વાચન એ બે મુખ્ય સાધન લેખવામાં આવ્યાં છે. અને શ્રીમદે પોતે પણ એનું ઠેર ઠેર ઉદ્‌બોધન કર્યું છે એટલે વય કે વેષના વિચારથી મુક્ત બનીને જ્યાંથી પણ સત્સંગનો લાભ મળવાની સંભાવના હોય ત્યાં પહોંચી જવામાં સંકોચ રાખવો ન જોઈએ; અને વાચન પણ સત્યમૂલક ગુણગ્રાહક દૃષ્ટિથી સહૃદયતા-પૂર્વક બહોળા પ્રમાણમાં કરવું જોઈએ. સત્સંગને અમુક વ્યકિતઓ પૂરતો જ મર્યાદિત રાખવો કે વાચનને અમુક ગ્રંથો પૂરતું જ સીમિત રાખવું, એ આત્માના વિકાસને રુંધવા બરાબર છે.

અને જીવનમાંથી દંભ, આડંબર, વગેરે દુર્ગુણો ઓછા થાય અને જીવનશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ જેવા સદ્‌ગુણો પ્રત્યે અભિરુચિ જાગે એ જ શ્રીમદ્ કે એમના જેવા અન્ય સાધક પુરુષોના સમાગમનું કે એમને જાણ્યાનું ફળ સમજવું જોઈએ.

("રાજપ્રશ્ન" આવૃત્તિ બીજીની પ્રસ્તાવનામાંથી ઉદ્ધૃત) — રતિલાલ દીપચંદ દેસાઈ

★

મુંબઈ જૈન યુવક સંઘ માટે મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૬૨, ગુરુવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ, જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## પંડિત સુખલાલજી તથા ડૉ. મુકુંદ પરીખને અનુલક્ષીને

## 卐 આયોજિત સ્નેહસંમેલન 卐

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સાથે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો વર્ષોજુનો સંબંધ છે. સંઘદ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રારંભથી આજ સુધી લગભગ તેમના પ્રમુખપણા નીચે સંચાલન થઈ રહ્યું છે. તાજેતરમાં તેમના ઉપર કરવામાં આવેલ ઑપરેશનદ્વારા તેમણે પૂર્વવત્ સ્વાસ્થ્ય પ્રાપ્ત કર્યું એ સંઘ માટે એક વિશિષ્ટ આનંદનો અવસર હતો. આ આનંદને વ્યકત કરવા માટે તા. ૧૧-૨-૬૨ ના રોજ યોજાયલું સ્નેહસંમેલન પણ સંઘની આજ સુધીની કારકીર્દીમાં એક વિશિષ્ટ કોટિનો પ્રસંગ બન્યો હતો. તેમાં કરવામાં આવેલાં વિવેચનો પણ પ્રસંગોચિત અને હૃદયસ્પર્શી હતાં. આ કારણે તેની વિગતો વિસ્તારથી આપવાનું ઉચિત ધાર્યું છે. તંત્રી)

### પ્રાસ્તાવિક

ગયા જાન્યુઆરી માસની 30 મી તારીખે ડૉ મુકુંદરાય પરીખે સર હરકીસનદાસ હૉસ્પીટલમાં પંડિત સુખલાલજી ઉપર પ્રોસ્ટ્રેટ ગ્લેન્ડ - મૂત્રગ્રંથિ - કાઢી નાખવાને લગતું ઑરેશન કરેલું, તેમાંથી તેઓ, પૂરા સ્વસ્થ થયા તે બદલ પંડિત સુખલાલજીનું સ્નેહાભિનન્દન કરવા માટે તથા કેવળ સેવાભાવથી આવું કુશળ ઑરેશન કરવા માટે ડૉકટર મુકુન્દરાય પરીખનું સન્માન કરવા માટે તા. ૧૧-૨-૬૨ રવિવારના રોજ સાંજના પાંચ વાગ્યે ન્યુ મરીન લાઈન્સના રસ્તા ઉપર આવેલા 'મનોહર'માં ડૉ. કીર્તિલાલ એમ. ભણશાળીના પ્રમુખપણા નીચે શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સ્નેહસંમેલનમાં સર હરકિસનદાસ હૉસ્પીટલના રેસીડન્ટ ચીફ મેડીકલ ઑફીસર ડૉ. સાંગાણી, ડૉ. કેશવલાલ એમ. શાહ, ડૉ. નન્દુ વગેરે નિમંત્રિક કેટલાક ડોકટરો, પંડિતજીના સ્વજનો, મિત્રો તથા પ્રશંસકો - આશરે ૨૦૦ ભાઈ - બહેનો ઉપસ્થિત થયાં હતાં. શરૂઆતમાં બહેન નિર્મળાબહેન સુબોધભાઈ શાહે પ્રાર્થના ગાઈ સંભળાવી. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી. ખીમજીભાઈ માંડણ ભુજપુરીઆએ જરૂરી પ્રસ્તાવનાપૂર્વક ડૉ. કીર્તિલાલ ભણશાલીને પ્રમુખસ્થાનને શોભાવીને સંમેલનની કાર્યવાહી શરૂ કરવા વિનંતિ કરી. ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે નિમંત્રિત છતાં અનિવાર્ય કારણસર નહિ આવી શકેલા મિત્રો તરફથી મળેલા શુભેચ્છાસૂચક સંદેશાઓનો ઉલ્લેખ કર્યો, અને શેઠ લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યા—મંદિરના ડીરેકટર અધ્યાપક દલસુખભાઈ માલવણિયા અને જ્ઞાનોદય ટ્રસ્ટના સંચાલક શ્રી. રતિલાલ દીપચંદ દેસાઇ તરફથી આવેલા પ્રસ્તુત પ્રસંગ અંગે આનંદ અને શુભેચ્છા દાખવતા પત્રો વાંચી સંભળાવ્યા. આ બન્ને વ્યકિતઓ પંડિતજીના બહુ નિકટવર્તી સાથીઓ છે.



પં. સુખલાલજી

### શ્રી દલસુખભાઇ માલવણિયાનો પત્ર

શ્રી. દલસુખભાઈ પોતાના પત્રમાં જણાવે છે કે, "પંડિત શ્રી. સુખલાલજીનું દીર્ઘ જીવન એ એમના માટે જ નહિ પણ આપણા સર્વ માટે એક પ્રેરણાના સ્ત્રોત જેવું છે. એ સ્ત્રોત સુકાઈ ન જાય એમાં જેમનો પણ હાથ હોય એમને અભિનન્દન આપવા એ આપણું કર્તવ્ય બને છે. અને તે તમે સૌ ત્યાં બજાવી રહ્યા છો તે અહોભાગ્ય જ છે. ડૉ. મુકુંદભાઈ પરીખનો બહુ જ ટુંકો પરિચય ઑપરેશન દરમ્યાન અને પછી પણ થયો. તેમાં તેમની ભવ્યતા જ નિહાળી છે. જલ્દિ જલ્દિ કામ પતાવવું એમ નહિ, પણ ધીરજથી બધી વસ્તુનો વિચાર કરી સ્વસ્થ મને કાર્ય કરવું એ તેમની વૃત્તિ જણાઈ છે, જે બહુ જ ઓછા ડૉકટરોમાં જોવા મળે છે. તેમની જે ઉકત પ્રકૃતિ છે તેમાં જયારે મમતાનો ઉમેરો થાય ત્યારે વળી તે ઓર દીપી ઉઠે છે. પંડિતજી પ્રત્યે તેમની મમતા અને આદર એ બન્ને ભાવો એકત્ર થયા હતા, અને પરિણામે તેમણે પંડિતજીની જે કાળજી લીધી હતી તે માત્ર વ્યવસાયી ડૉકટરની નહોતી પણ એક ભકત ડૉકટરની હતી એમ જ મેં અનુભવ્યું છે." શુદ્ધ સેવાભાવે કરાયલા પંડિતજીનું આ ઑરેશનનો નિર્દેશ કરીને શ્રી. દલસુખભાઈ પોતતાના પત્રમાં આગળ લખતાં જણાવે છે કે, "ડૉકટરોનો ધંધો જયારે અર્થલક્ષી બન્યો છે. ત્યારે "जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ" જેમ જેમ લાભ થાય છે તેમ લોભ વધે છે એ ઉકિત ચરિતાર્થ થાય છે. આજના આવા જમાનામાં ડૉ. મુકુંદભાઈ જેવા ડૉકટરો આવા ટાણે આદર્શ પ્રત્યે આંગળી ચીંધે છે. આ ઘટના આપણા માટે સુન્દર ભાવીનું સૂચક છે."

### શ્રી રતિલાલ દીપચંદ દેસાઇનો પત્ર


શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ પોતાના પત્રમાં જણાવે છે કે, "પૂજય પંડિતજીએ પોતાની વિશિષ્ઠ વિદ્યાસાધના, કળામય જીવન-

સાધના અને સર્વાંગીણ જીવનદષ્ટિથી ગુજરાત - સૌરાષ્ટ્ર તેમ જ દેશના જુદા જુદા ભાગોમાં રહેતા વિદ્વાનો, શ્રીમાનો, સમાજસેવકો, રાષ્ટ્રીય કાર્યકરો અને બીજાં અનેક ભાઈ - બહેનો સાથે આત્મીયતાભર્યો સંબંધ બાંધ્યો છે. તેથી તેમનું એક વિશાળ કુટુંબ રચાઈ ગયું છે. એટલે ખરી રીતે તો આ એક કુટુંબમિલન થઈ રહ્યું છે અને આપણ સૌ કુટુંબીજનો ડૉ. શ્રી. મુકુંદભાઈ પરીખ અને બીજાઓ પ્રત્યે આપણી ઊંડી કૃતજ્ઞતાની લાગણી વ્યકત કરવા મળ્યા છીએ એમ જ કહેવું જોઈએ.

"આપણે સૌ જાણીએ છીએ કે, પૂજ્ય પંડિતજીનું જીવન એ એકલું એમના પોતાનું કે એમના સ્નેહી - મિત્રો - કુટુંબીઓનું જ નથી; એ તો આખા દેશની અમૂલ્ય દોલત છે. એટલે હવે પછીનાં વર્ષોમાં તેઓ પોતાની અસાધારણ વિદ્વત્તા દ્વારા કે બીજી રીતે દેશની જે કાંઈ સેવા કરી શકશે તે માટે એમને આવા દર્દથી નિરાકુલ બનાવનાર ડૉ. શ્રી. મુકુંદભાઈ પરીખ અને બીજા મહાનુભાવો ગૌરવ અને યશના ભાગીદાર બની શકે એવી અમૂલ્ય અને ઉત્તમ એમની સેવાઓ છે."

## શ્રી પરમાનંદ કાપડિયાનું વકતવ્ય

ત્યાર બાદ શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયાએ પ્રસંગોચિત વિવેચન કરતાં જણાવ્યું હતું કે, "છેલ્લાં બારેક માસથી પંડિતજીને આ મૂત્રવિષયક ઉપાધિ શરૂ થઈ હતી અને આ સંબંધમાં આજના પ્રમુખ ડૉ. કીર્તિલાલ ભણશાલીની ચાલુ સલાહ અનુસાર ઔષધોપચાર ચાલી રહ્યો હતો. તેમનું તેમ જ અન્ય સર્વનું લક્ષ ઑપરેશનનો સહારો લીધા સિવાય પંડિતજી આ ઉપાધિથી મુકત થાય તો સારૂં — આ પ્રકારનું હતું. પણ સમય જતાં માલુમ પડયું કે, ઑપરેશન સિવાય આ ઉપાધિનો અન્ત આવે તેમ નથી અને તેથી આ હેતુસર તેઓ ગયા ડીસેંબર માસની ૧૯ મી તારીખે મુંબઈ આવ્યા અને અમારા મિત્ર શ્રી. દીપચંદ લક્ષ્મીચંદ સંઘવીને ત્યાં ઉતર્યા. સદ્‌ભાગ્યે ઑપરેશન કોની પાસે કારવવું એ વિષે અમારા મનમાં કોઈ દ્વિધા હતી જ નહિ, કારણ કે એ માટે તો અમારા મનમાં ડૉ. મુકુંદ પરીખ નિશ્ચિત જ હતા. પંડિતજી મુંબઈ આવ્યા એટલે ડૉ. મુકુંદ પરીખ અને ડૉ. ભણશાળીએ સાથે મળીને પંડિતજીને તપાસ્યા અને તેમની સૂચના અનુસાર બધી શારીરિક ચિકિત્સાઓ કરાવી લીધી. ત્યાર બાદ ડિસેંબર માસની ૨૯ મી તારીખે પંડિતજીને સર હરકિસનદાસ હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા, અને તા. ૩૦ મીએ તેમની ઉપર પ્રોસ્ટ્રેટ ગ્લૅન્ડ - મૂત્રગંથિ- કાઢી નાખવાને લગતું ઑરેશન કરવામાં આવ્યું. પંડિતજીની ૮૨ વર્ષની ઉંમર, શરીર આમેય તે ખૂબ નબળું અને અતિ ગંભીર લેખાતું આ ઑપરેશન એટલે સ્વાભાવિક રીતે તેમના વિષે અમારા દિલમાં ખૂબ ચિન્તા હોય જ. સંસ્કૃતમાં કહેવત છે કે, अतिस्नेहः पापशंकी। ઉત્કટ સ્નેહનો સ્વભાવ જ છે કે આવા પ્રસંગે કંઈ ને કંઈ અનર્થ નિપજવાની શંકા કર્યા કરે. આ કારણે ઑપરેશન વખતે તેમ જ પછીનું અઠવાડિયું મોઢું અમે હસતું રાખતા, પણ જીવ અમારો અદ્ધર રહેતો. ઑપરેશન પછી બે ત્રણ દિવસે હેડકી ચાલુ થઈ. આ હેડકી ઓછી વધતી લગભગ એક પખવાડિયું ચાલુ રહી અને તેથી પણ અમારી ચિંતા વધતી રહી. પણ બીજી ઉપાધિઓ માફક તે ઉપાધિ પણ ધીમે ધીમે શમી ગઈ અને તેમને લગભગ સારા કરીને જાન્યુઆરી માસની ૨૦મી તારીખે અમે ઘેર લાવી શકયા. ઑપરેશનની કુશળતા અંગે તો વિશેષ કહેવાનું રહેતું નથી. પછીના દિવસો દરમિયાન ડૉ. મુકુંદ પરીખે પંડિતજીની સંભાળ લેવામાં બાકી રાખી નહિ, પણ શરૂઆતમાં દિવસ દરમ્યાન પાંચ છ વખત ખબર લઈ જતા. પછી પણ બે થી ત્રણ વાર આવી જતા. ડૉ. ભણશાળી. તેમજ મારા મિત્ર ડૉ. કેશવલાલ એમ. શાહ પણ પંડિતજીની અવારનવાર ખબર કાઢી જતા. ડૉ. પરીખના મદદનીશ - આસીસ્ટન્ટ ડૉ. નન્દુએ પંડિતજીના હૉસ્પીટલનિવાસ દરમિયાન ઉભાપગે તેમની પરિચર્યા કરી. ચીફ રેસીડન્ટ મેડીકલ ઑફીસર ડૉ. સાંગાણીએ પંડિતજી પ્રત્યે એટલી જ આત્મીયતા દાખવી. હેડ નર્સ સીસ્ટર વાલીદ તથા બીજી નર્સોએ પંડિતજી અંગે જરૂરી એવી બધી સંભાળ લીધી. અને હૉસ્પીટલના મુખ્ય સંચાલક શ્રી. ગોરધનદાસભાઈના સૌજન્ય અને માયાળુપણાને શબ્દોમાં વર્ણવી શકાય તેમ છે જ નહિ. અને પંડિતજીના યજમાન અને અમારા મિત્ર શ્રી. દીપચંદભાઈએ મુંબઈ ખાતેના પંડિતજીના લગભગ બે માસના નિવાસને પૂરો સુખરૂપ બનાવવા માટે પારવિ-



ખુણે ઉભેલા: શ્રી ચામનલાન ચકુભાઈ શાહ, બેકેલા: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પંડિત સુખલાલજી, ડો. ભણશાળી, ડો. મુકુંદ પરીખ, શ્રી મોહનલાલ મહેતા 'સોપાન'.

વિનાની જહેમત ઉઠાવી હતી. વળી પંડિતજી મુંબઈમાં રહ્યા તે દરમિયાન પ્રારંભથી અન્ત સુધી તેમની અખંડ પરિચર્યા કરનાર ભાઈ ગણેશજીની મૂક સેવા તો કેમે કરીને ભૂલાય તેમ છે જ નહિ. આ બધાનાં ખરેખર અમે ખૂબ ઋણી છીએ.

"છેવટે એક જ વાત કહેવાની રહે છે. ડૉ. મુકુંદભાઈ પરીખ મુંબઈના એક અગ્રગણ્ય સર્જન છે. તેમની કોટિના અહિં તેમ જ અન્યત્ર બીજા પણ સર્જનો છે, તેમાં કોઈ તેમનાથી ચડિયાતા પણ હોય એ બનવાજોગ છે. પણ ડૉ. મુકુંદ પરીખમાં કુશળતા અને કોમળતાનો જે સમન્વય આપણને જોવા મળે છે, જે હુંશિયારી સાથે માનવતાનો, મૃદુતાનો, પ્રકૃતિમાધુર્યનો સુમેળ જોવા મળે છે તે બહુ જ ઓછા સર્જનોમાં આપણને અનુભવગોચર થાય છે. સાધારણ રીતે જ્યાં કુશળતા હોય છે ત્યાં કુમાશ - સુંવાળાપણું—નથી હોતું; જ્યાં કુમાશ- સુંવાળાપણું હોય છે ત્યાં કુશળતા હોતી નથી. બહુ હુંશિયાર લેખાતો સર્જન મોટા ભાગે અતડો અને ઓછાબોલો હોય છે. દર્દી આસપાસનાં સ્વજનો જે તે સવાલો પૂછીને તેને પજવે, હેરાન કર્યા કરે તે તેને ગમતું હોતું નથી. તે એમ માનતો હોય છે કે, ઑપરેશન - સર્જરીને લગતું મેં મારૂં કાર્ય બરોબર બજાવ્યું છે અને તે અંગે જે કાંઈ કરવા જેવું હશે તે કરવાનો છું, પણ અણસમજુ સગાંવહાલાં સાથે સવાલજવાબમાં પડવાનો મને સમય નથી. દર્દી સાથે પણ તેનો બોલવાનો વ્યવહાર અત્યન્ત પરિમિત હોય છે. આના પરિણામે દર્દી સારો થઈને ઘેર જાય છે, પણ એક બાજુ દર્દી અને તેના સ્વજનો અને બીજી બાજુએ ખ્યાતનામ સર્જન—એ બે વચ્ચે માનવીય સંબંધની કોઈ ભૂમિકા રચાતી નથી. આનું ખરૂં કારણ એ છે કે, પ્રસ્તુત ડૉકટર પોતાની શસ્ત્રવિદ્યામાં - સર્જરીમાં પારંગત હોય છે, પણ તેના ઘડતરમાં કરુણાનો—કોમળતાનો - ગુણ વિકાસ પામ્યો હોતો નથી. પરિણામે દર્દી અને તેના કુટુંબીઓ સાથેના વ્યવહારમાં કરુણાર્દ્રતાનો આપણને પરિચય થતો નથી. ડૉ. મુકુંદ પરીખના ઘડતરમાં કરુણાનો - કોમળતાનો - જન્મજાત સંસ્કાર સારા પ્રમાણમાં સંવર્ધિત થયેલો માલુમ પડે છે, આને લીધે ડૉ. મુકુંદ પરીખમાં તેમની શસ્ત્રવિદ્યા—વિષયક કુશળતા સાથે સાધારણ રીતે વિરલ એવી મૃદુતાનો આપણને સુખદ અનુભવ થતો રહે છે અને તેથી તેમના હાથે થયેલું આવું કોઈ ઑપરેશન અને તે પછીના દિવસો તેમના સૌજન્યનું આપણા ચિત્ત ઉપર બહુ મીઠું અને ચિરકાલીન સ્મરણ મુકી જાય છે. આ જ તેમની સાચી કમાણી છે."

## શ્રી ચીમનલાલ ચકુભાઇનું વકતવ્ય

ત્યાર બાદ શ્રી. ચીમનલાલ ચચકુભાઈ શાહે જણાવ્યું કે, "આજે આપણે આનંદ વ્યકત કરવાનું નિમિત્ત ઊભું કરવામાં જેમણે સાથ આપ્યો છે તેમના વિષે આપણે આભારની લાગણી વ્યકત કરવા માટે અહિં એકઠાં થયા છીએ. આવા પ્રસંગે કોઈ એક વ્યકિતને અભિનન્દન મળે તે બહારની વસ્તુ છે, પણ પંડિતજી જેવી મહાન વ્યકિતને પુનર્જીવન આપવાનું સદ્દભાગ્ય તેને મળે તે જ ખરી મોટી વાત છે. આ સદ્દભાગ્ય આજના અભિનન્દન અને સન્માનને પાત્ર બનતા ડૉ. મુકુંદ પરીખને પ્રાપ્ત થયું છે. પંડિતજી પ્રત્યે આજે હજારો ભાઈ બહેનો પૂજ્યભાવ ધરાવે છે. તેમની હાજરી જ તેઓ બોલે ન બોલે તો પણ આજે અનેકને પ્રેરણારૂપ છે, જે એક પ્રકારની આધ્યાત્મિક ઉન્નતિનું વાતાવરણ તેમના સાન્નિધ્યમાં આપણને પ્રાપ્ત થાય છે તેવું સુભગ વાતાવરણ ભાગ્યે જ આપણને અન્યત્ર અનુભવવા મળે છે. જે થોડી વ્યકિતઓએ મારા જીવન પર ઉંડી છાપ પાડી છે તેમાંના એક પંડિતજી છે.

"મેં તેમનામાં સૌથી મોટો ગુણ જોયો છે જીવનના માંગલ્ય ઉપરની ઉંડી અને ઉજજવલ શ્રદ્ધાનો. તેમનામાં મેં કદિ નિરાશા, અકળામણ, મુંઝવણ જોઈ નથી. તેઓ હંમેશાં પ્રસન્ન જ હોય છે. તેમની સાથેના પરિચયથી જગતમાં જે સારાં તત્ત્વો કામ કરે છે તે વિષેની મારી શ્રદ્ધા વધી છે. તેમનું જીવન ખૂબ લંબાય એમ આપણે ઈચ્છીએ છીએ કારણ કે તેમનું ચિર સામિપ્ય આપણા માટે પરમ કલ્યાણકારી અને સતત પ્રેરણાદાયી છે.

"ડૉ. મુકુંદ પરીખને ડાકટરી કુશળતા સાથે કરુણાનો, મુલાયમતાનો જે કૌટુંબિક વારસો મળ્યો છે તે નાનો સુનો નથી. હમણાં હમણાં ડૉકટરો



સ્નેહસંમેલનમાં એકઠાં થયેલાં ભાઇ-બહેનો

વિષેનું સાહિત્ય મારા વાંચવામાં આવ્યું છે અને તે ઉપરથી ડોકટરો જે જે ઉપચાર કરે છે તેની સાથે જો આત્મીયતા કેળવતો રહે તો તે જગતનું કેટલું મોટું કલ્યાણ કરી શકે તેમ છે તેનું મને સચોટ ભાન થયું છે. લૉઈડ સી. ડગલાસનું 'Magnificent Obsession' મેં હમણાં જ વાંચ્યું. તેમાં આ બાબત ઉપર જ ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

"આજે એકત્ર થયેલો આટલો મોટો સમુદાય પંડિતજી પ્રત્યે લોકોની કેટલી શ્રદ્ધા છે, પ્રેમ છે તેના પુરાવા રૂપ છે. પંડિતજી આટલી ઉમ્મરે પણ સતત જાગૃત છે અને નવું નવું જાણવાના જિજ્ઞાસુ છે. તેઓ હજુ પણ તેમના ચિન્તનમનનના પરિપાક રૂપ નવું નવું લખાવતા રહે અને દીર્ઘકાળ સુધી તેઓ આપણી વચ્ચે રહે એવી મારી પ્રાર્થના છે."

## શ્રી હીરાબહેન પાઠક

ત્યાર બાદ શ્રી. હીરાબહેન પાઠકે જણાવ્યું કે, "હું તો એટલા માટે ઉભી થઈ છું કે, પરમાનંદભાઈએ પૂજ્ય પંડિતજીની સ્વાસ્થ્યપ્રાપ્તિ સાથે સંબંધ ધરાવતી અનેક વ્યકિતઓનો ઉલ્લેખ કર્યો છે, પણ શ્રી. દીપચંદભાઈનાં પત્ની શ્રી. હીરાબહેનનો ઉલ્લેખ કરવો ભૂલી ગયા છે તે તરફ આપ સર્વનું ધ્યાન ખેંચવું મને જરૂરી લાગે છે. દીપચંદભાઈને પંડિતજીની આટલી બધી સાર સંભાળ લેવા માટે જે યશ આપવામાં આવ્યો છે તે યશના પાયામાં તેમનાં પત્ની અને સહધર્મચારિણી હીરાબહેન છે. પંડિતજીને સંભાળવાની જવાબદારીનો ખરો ભાર હીરાબહેને ઉઠાવ્યો છે અને તેથી દીપચંદભાઈના યશમાં હીરાબહેન ખરા ભાગીદાર છે. વળી આવી જ રીતે પંડિતજીના અમદાવાદ ખાતેના વર્ષોના યજમાન શ્રી. રસિકભાઈ તથા નિર્મળાબહેન જેઓ આજે અહિં હાજર છે, તેઓ પણ આપણા ધન્યવાદ અને અભિનન્દનનાં અધિકારી બને છે."

## શ્રી વાડીલાલ ડગલી

શ્રી વાડીલાલ ડગલીએ પંડિતજીના ઑરેશન પૂર્વે ડા. કીર્તિલાલ ભણશાળીએ તેમના ઔષધોપચાર અંગે જે ચિન્તાપૂર્વકતી કાળજી દાખવી હતી અને ઑરેશન દરમિયાન પણ તેમની જે સંભાળ લીધી હતી. તેનો વિગતથી ખ્યાલ આપ્યો અને જણાવ્યું કે, "ડૉ. ભણશાલી અને ડૉ. મુકુંદ પરીખે આવી લાગણીપૂર્વકની સેવા કરીને વિદ્યાનું કામ આગળ વધાર્યું છે. આ સત્કાર પણ પંડિતજીની વિદ્યાનો થઈ રહ્યો છે એમ હું માનું છું. જેમ કિશોરલાલ મશરૂવાળા તેમ પંડિતજી આપણા ગુજરાતના સજાગ વિદ્વાન છે, ક્રાન્તિકારી વિચારક છે. તેમના વિષે આપણે જેટલું અભિમાન ચિન્તવીએ, ગૌરવ લઈએ તેટલું ઓછું છે."

## પંડિત સુખલાલજીનું પ્રાસંગિક પ્રેરક પ્રવચન


ત્યાર બાદ પંડિત સુખલાલજીએ નીચે મુજબ એક વેધક પ્રવચન કર્યું.

"આજે જ્યારે મકાનની સંકડાશ, આર્થિક ભીંસ વગેરે કારણો વિચારીને ઘરડા માણસો આ દુનિયામાંથી વિદાય લે તો તે પણ સુખી થાય અને પાછળનાં પણ સુખી થાય, એવી વિચારણા ચોમેર ચાલતી સંભળાય છે ત્યારે મને હવે ૮૨ થયાં છે, અને જાતે અસહાય હોઈને મારો ભાર અનેકને ઉપાડવો પડે છે, એમ છતાં પણ મારા માટે દીર્ઘ જીવન ઈચ્છવામાં આવે છે, ત્યારે મને ભારે નવાઈ લાગે છે.

### દરદી અને યજ્ઞનો બળદ

"હવે ઑપરેશનના અનુસંધાનમાં મારે જે કંઈ કહેવાનું છે, તે ઈશારારૂપે રજૂ કરૂં, : ઑપરેશન વખતે હું આમતેમ હલુંચલું નહીં તે માટે મને ચારે તરફથી જકડવામાં આવ્યો હતો. અને પછી પણ ગ્લુકોઝ તથા સેલાઈન લોશન. શરીરમાં દાખલ કરવા માટે નસોમાં દાખલ કરવામાં આવેલી ઈન્જેકશન પીનો, કેથેડર, પેટમાંથી સીધો પેશાબ કાઢવા માટે મૂકેલી બીજી નળી - આમ મારા શરીરનાં હલનચલન ઉપર અનેક બાજુએથી અંકુશ મૂકવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઋગ્વેદમાં જેનું વર્ણન આવે છે, તેવો યજ્ઞ માટે પકડવામાં અને જકડવામાં આવેલો, સ્તૂપ સાથે બાંધવામાં આવેલો, અને એ કારણે

(આ ત્રણે છબીઓ માટે અમે શ્રી નરેન્દ્રભાઈ ગુપ્તાના આભારી છીએ. તંત્રી)



પંડિત સુખલાલજી પ્રવચન કરે છે

ગાંગરતો બળદ (त्रिधा बद्धो वृषमो होरवीति) મને યાદ આવતો હતો: બાહ્યદૃષ્ટિએ મારામાં અને તેનામાં કશો ફરક ન હતો; એટલું જ કે, યજ્ઞપુરોહિત તેનાં અંગ-ઉપાંગ કાપીને અને યજ્ઞમાં હોમીને તેને સ્વર્ગપ્રાપ્તિ કરાવવા ઇચ્છતો હતો, જ્યારે મારા સર્જન મારા ઉપર શસ્ત્રક્રિયા કરીને મને વ્યાધિમુકત કરવા - એટલે કે મને આ જીવનમાં જ સ્વર્ગ પ્રાપ્ત કરાવવા ઈચ્છતા હતા.

### હૉસ્પિટલ: સંકટવિમોચન તીર્થ

આ હૉસ્પીટલમાં લોકો શા માટે દાખલ થાય છે અને કેમ ક્યારે પાછા ઘેર જાય છે - અને આ હૉસ્પિટલમાં જ નહીં પણ દુનિયામાં બધાં હૉસ્પિટલોમાં લોકોનું ગમનાગમન શા હેતુથી થાય છે - તેનો સમગ્રપણે વિચાર કરતાં, તેના સ્વરૂપને યથાર્થપણે સૂચવવા માટે 'સંકટ વિમોચન તીર્થ' એવું નામાભિધાન મને સૂઝ્યું છે. હૉસ્પિટલ, એ તીર્થ જ છે, અને શરીરમાં પ્રગટેલી આફતને તરી જવા માટે લોકો ત્યાં જાય છે. હૅસ્પિટલોનો મુખ્ય હેતુ જ લોકોનું સંકટ દૂર કરવાનો છે. કાશીમાં એક યાત્રાસ્થાન છે, તેનું નામ સંકટવિમોચન તીર્થ છે. ત્યાં લોકો સંકટ-મોચનની આશાએ જાય છે તો ખરા, પણ એ બધાનું સંકટ દૂર થાય છે કે નહીં, અને થાય છે તો કેટલું થાય છે, એનું કાંઈ લેખું રહેતું નથી, જ્યારે હૉસ્પિટલમાંથી તો ૧૦૦ માંથી ૯૯ માણસો સાચોસાચ સંકટથી મુકત થઈને ઘેર જાય છે.

### હેડકીની અવર્ણનીય વ્યથા

ઑપરેશન બાદ બીજે કે ત્રીજે દિવસે મને હેડકીની ઉપાધિ શરૂ થઈ. આ ઉપાધિ કેટલી વ્યથાજનક હતી તે તમને શી રીતે સમજાવું? મારા માટે તો પ્રત્યેક હેડકી આકાશ અને ભૂમિ વચ્ચેનું અંતર ઘટાડનાર બનતી હતી. હેડકી ઉપડતી ત્યારે આકાશ - પૃથ્વી મારા માટે વારંવાર એક બની જતાં હોય એમ લાગતું.

### ડૉકટર પરીખની કુશળતા

"ઑરેશન વખતે શરીરમાં બે ટ્યૂબો દાખલ કરવામાં આવેલી: એક પેશાબનો સ્વતંત્ર માર્ગ કરવા માટે પેડુ ચીરીને અંદર નાંખવામાં આવેલી અને બીજી મૂત્રાશયમાં નાખવામાં આવેલી, જેને કેથેડર કહે છે. મને કહેવામાં આવેલું કે જ્યારે એ કાઢવામાં આવે છે ત્યારે પારાવાર દુ:ખ થાય છે. તેથી આ પ્રક્રિયા માટે જ્યારે મને ઑપરેશન થિયેટરમાં લઈ જઈને સુવાડયો ત્યારે હું नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।— એ ગીતાની પંકિતનો પાઠ કરતો હતો. પણ ડૉ. મુકુંદ પરીખે એ બન્ને ટ્યૂબો (પેડુમાંની ઑપરેશન થિયેટરમાં, અને બીજી થોડાક દિવસ બાદ મારી પથારીમાં) એવી કુશળતાથી કાઢી નાખી કે મને તો કશી ખબર જ ન પડી. ઊલટું હું તો પૂછતો જ રહ્યો કે હવે ટ્યૂબ કાઢવાને કેટલી વાર છે?

### પુત્ર વૃદ્ધ અને તરુણી માતા

"મારી બિમારી દરમ્યાન રાત અને દિવસ માટે રોકેલી બન્ને નર્સોએ મારી જે સેવા કરી છે, તેનો ખ્યાલ તમને શી રીતે આપું? કોઈ એમ કહે કે આ માટે તેમને પૂરતા પૈસા મળે છે ને? પછી તેમાં તે વધારે શું કરે છે? અલબત્ત, આજીવિકા માટે દરેકને પૈસા રળવા પડે જ છે, આમ છતાં પણ જે મુલાયમપણે, સ્વાભાવિકતાથી, એક પ્રકારના મમત્વથી અને ડૉકટર પ્રત્યેની પૂરી જવાબદારી સાથે તે બન્ને નર્સોએ મિસિસ ગુપ્તાએ અને મિસિસ માલતી વૈદ્યે - મારી સંભાળ લીધી છે, અને મારી કોઈ પણ પ્રકારની અગવડને દૂર કરવામાં સદા જે તત્પરતા અને જાગૃતિ દાખવી છે, તેને પૈસાના માપે માપવી, એ બિલકુલ યોગ્ય નથી.

"વળી, મારા ઉપર જે પ્રકારનું ઑપરેશન કરવામાં આવ્યું હતું, તેના લીધે મારા સર્વ અવયવો તેમને સ્વાધીન હતા. અને મા જે મમતા અને સમતાથી બાળકને સંભાળે, સાફસૂફ રાખે, તેમ આ બન્નેએ મને સંભાળ્યો અને સાફસૂફ રાખ્યો હતો. જો કે, હું કવિ નથી, તો પણ મને આ અનુભવમાંથી એક પંકિત વારંવાર સ્ફુર્યા કરતી: 'પુત્ર વૃદ્ધ અને તરુણી માતા!' હું બ્યાશી વર્ષનો બુઢ્ઢો, જાણે કે, તેમનો પુત્ર હોઉં, અને મારી ઉપચર્યા કરતી આ નર્સો જાણે કે મારી તરુણી માતાઓ હોય - આવી વિલક્ષણ અનુભૂતિ મને સતત થયા કરતી હતી. એમની ઉપચર્યામાં મને આવી પવિત્રતાનું, આવા માતૃત્વનું દર્શન થયું હતું.

### પ્રત્યેક મોટા કુટુંબમાં એક બહેન નર્સ બને

"આ ઉપરથી, હૉસ્પિટલોના અનુસંધાનમાં, નર્સોના વ્યવસાયનું ખરું મહત્વ મને સમજાયું છે, આજે બીમારીઓ ચોતરફ વધી રહી છે, અને હૉસ્પિટલો પણ વધી રહી છે. પણ તેની જરૂરિયાત પ્રમાણે નર્સો વધતી નથી. કેટલાક લોકો નર્સોના ધંધાને ઉતરતો - અપ્રતિષ્ઠિત માને છે. કોઈ પણ વ્યવસાયમાં ઉતરતાપણું કે અપ્રતિષ્ઠા જેવું હોતું નથી. ઉતરતાપણું કે અપ્રતિષ્ઠા જો હોય તો તે વ્યવસાયમાં જોડાયેલ એક યા બીજી વ્યકિતમાં હોય છે. હું નર્સના વ્યવસાયને બીજા કોઈ પણ વ્યવસાય કરતાં જરા પણ ઓછી પ્રતિષ્ઠાવાળો માનતો નથી; ઉલટું એ વ્યવસાય તો અતિઉપયોગી અને માનવજાતની સેવા સાથે સીધો, જોડાયેલો વ્યવસાય છે એમ હું માનું છું. અને તેથી મારો તો અભિપ્રાય બંધાયો છે કે, જે કુટુંબમાં બે—પાંચ કન્યાઓ હોય, તેમાંથી એકને નર્સનો વ્યવસાય શીખવવો જ જોઈએ. આ રીતે તૈયાર થયેલી નર્સ કમાણી કરવાના માર્ગે જાય કે ન જાય તે જુદી વાત છે, પણ દરેક મોટા કુટુંબમાં નર્સીંગમાં કુશળ એવી એક બહેન તો હોવી જ જોઈએ. આ બાબત હું આપણા આજના સમાજના ધ્યાન ઉપર લાવવા ઈચ્છું છું."

### દુ:ખમાં શ્રી હરિ સાંભળે

"આપણે દુ:ખમાં ઈશ્વરને - ભગવાનને યાદ કરીએ છીએ. આ આપણો ચાલુ અનુભવ છે. હું પણ આ દિવસોમાં જ્યારે તીવ્ર વ્યથા-વેદના અનુભવતો હતો ત્યારે 'હે ભગવાન!' 'હે પ્રભુ' એવા ઉદ્‌ગાર કાઢતો હતો. પછી વેદના હળવી થતી ચાલી ત્યારે પણ એ ઉદ્‌ગાર અવાર-નવાર નીકળતા હતા. પણ પહેલાંના ઉદ્‌ગારમાં અંતરનું જે ઉંડાણ હતું, લાગણીની જે તીવ્રતા હતી. એટલું ઉંડાણ અને એટલી તીવ્રતા પછીના ઉદ્‌ગારોમાં ન હતી—આ ઉપરથી હું એમ સૂચવવા માગું છું કે માણસના ચિત્તમાં ઈશ્વરસાન્નિધ્ય જાગૃત રહેવા માટે દુ:ખની—વ્યથાની—સંકટની જરૂર છે, એની ઉપયોગીતા છે. મહાભારતમાં એક સુપ્રસિદ્ધ સંસ્કૃત ઉકિત છે. કે, "विपदः सन्तु नः शश्वत् ।" (અમારા ઉપર હંમેશાં મુસીબતો આવી પડો), એમાં ખરેખર, એક ભવ્ય અર્થ રહેલો છે. આનો અર્થ માણસ ઉપર નિરંતર આપત્તિઓ આવ્યા જ કરે એવો નથી; પણ ચિત્તના ઉર્ધ્વીકરણને માટે અવારનવાર આપત્તિનું આવવું આવકારદાયક લેખાવું જોઈએ. કવિશ્રી દલપતરામે પણ આ મતલબનું કહ્યું છે કે:—

> દુ:ખમાં હરિ સંભારતા સુખમાં સંભારે ન કોઈ;
> જો સુખમાં સંભારીએ, તો દુ:ખ શેનું હોય?

તુલસીદાસજીએ પણ કહ્યું છે કે:—

> **दुःखमें सुमिरन सब करे, सुखमें करे न कोई;**
> **सुखमें जो सुमिरन करे, दुःख काहेको होय?**

### મારી પંકજકથા

"આ બિમારી દરમ્યાન મેં મારા આખા જીવનનો ચોપડો વાંચ્યો. મારી જાણે કે એક પંકજકથા છે એમ મને લાગ્યું છે. મારું જન્મસ્થાન એ તદ્દન નાનું ગામડું છે, જેમાં ઉકરડા અને ગંદવાડનું રાજ્ય બધી મોસમમાં દેખાય. એ ગામડું તે પંક. એટલે કાદવ. ત્યાં મારો જન્મ હોવાથી હું મારી પોતાની જાતને પંકજ કહી શકું. પંકજનો અર્થ છે કમળ. કમળનાં મૂળ તો કાદવમાં હોય, પણ તે પંકથી ઊંચે-દૂર રહે છે. મને વિચાર આવતો

કે, હું મારા જન્મસ્થાન પંકથી અત્યારે ક્યાં છું ?- તો જણાતું કે અમદાવાદ, મુંબઈ, આદિ શહેરોમાં જ્યાં જ્યાં હું રહ્યો અને રહું છું, અને અત્યારે હરકિસનદાસ હૉસ્પિટલમાં છું, તે બધાં ય સ્થાનો તો પંકથી એટલે કે ગંદવાડથી તદ્દન મુકત છે. હૉસ્પિટલ તો અત્યંત સ્વચ્છ છે. આ ફેરફાર શાથી? આ પ્રશ્નનો ઉત્તર પંક અને પંકજ વચ્ચે રહેતા પાણીના ખ્યાલે આપી દીધો. પાણી પંક ઉપર હોય છે, તેને લીધે જ પંકજ પંકથી છુટું પડી ઉંચે સ્થાન લે છે. પંકજને પંકથી અલિપ્ત રાખનાર તો પાણી જ છે; પાણી ન હોય તો પંકજ ઉર્ધ્વગામી ન બને. આ વિચાર બીમારી વખતે મને મારી જાત પરત્વે આવતો; અને તેથી ત્યારની વ્યથામાં પણ હું કંઈક રાહત અનુભવતો. મારા માટે પાણીનું સ્થાન લેનાર વિદ્યોપાસના કહેવાય. જો મેં એ દિશામાં મોઢું ફેરવ્યું ન હોત તો હું કદી એ ગામડાથી વિખૂટો પડી આજના સ્થાને ન હોત. એ તો હું જાણું છું કે, મારી વિદ્યોપાસના કેટલી અલ્પ છે. એ ઉપાસના અતિ અલ્પ હોવા છતાં જો એ મને પંકજ જેવી સ્થિતિમાં આણી શકે, તો સાચી અને ગંભીર એવી વિદ્યોપાસના વિશે તો કહેવું જ શું? એટલે આ અભિનન્દન અને આ બહુમાન ખરી રીતે મારૂં નહીં. પણ મેં જેની અત્યલ્પ ઉપાસના કરી છે, તે વિદ્યાનું છે, એમ હું માનું છું. મને ભર્તૃહરિનું એ વાકય તો હંમેશાં યાદ આવ્યા જ કરે છે કે: —

**यदा किञ्चित् किञ्चिद् बुधजनसकाशादवगतं,**
**तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः।**

### હું અનાથ નથી.

"જૈન ધર્મશાસ્ત્રોમાં આવતી અનાથી મુનિની કથા મને અત્યારે યાદ આવે છે. અનાથી મુનિ નામના એક મહાતપસ્વી જૈન સાધુ હતા. એક દિવસ રાજગૃહીના મહારાજા શ્રેણિકનું તેમને મળવાનું બન્યું. તેમણે આ મુનિને પૂછ્યું કે, "આપનું નામ અનાથી મુનિ કેમ છે?" જવાબ મળ્યો કે, "હું નાથની શોધમાં છું; મારો કોઈ નાથ નથી." શ્રેણીકે કહ્યું, કે, "હું મગધનો મહારાજા જેમ અનેકનો તેમ આપનો પણ નાથ છું." મુનિએ જવાબ આપ્યો કે, "રાજન, તું પણ અનાથ છે. અનાથને નાથ બનાવીને હું શું કરૂં?"

"આ કથા હું મારી જાતને લાગુ પાડું છું. તમે બધાં જાણો છો કે, હું દેખવાની શક્તિ ગુમાવવાને લીધે કેટલો બધો પરાધીન અનાથ છું? આમ છતાં મારી સંભાળ લેનારા આટલા બધા લોકોને જોઉં છું ત્યારે હું અનાથ નથી પણ સનાથ છું, એવી મને દઢ પ્રતીતિ થાય છે.

### ડૉ. પરીખની અને બીજાઓની લાગણીભરી સેવાઓ

"મારી સેવા કરનાર ડૉ. ભણશાલીને તો હું કેટલાક સમયથી જાણતો હતો, પણ ડૉ. મુકુંદભાઈને તો હું અહીં આવ્યો ત્યાં સુધી જાણતો જ ન હતો. મિત્રોએ નક્કી કર્યું કે, મારે મુકુંદભાઈ પાસે ઑપરેશન કરાવવાનું છે. ડૉ. ભણશાળીએ પણ એ મુજબ સલાહ આપી. પછી મારે એ બાબતમાં બીજું કશું વિચારવાનું રહ્યું જ ન હોતું. "મારૂં નાવ તમારે હાથ, પ્રભુ! સંભાળજો રે!' એ રીતે મેં મારૂં શરીર સમર્પિત કર્યું; અને તેમણે મને વ્યાધિમુકત કર્યો. ઑપરેશન પછીના દિવસો દરમ્યાન, શરૂઆતના દિવસોમાં તો ચાર-ચાર પાંચ-પાંચ વાર આવીને તેમણે મારી સંભાળ લીધી છે, અને પાર વિનાની ચિંતા કરી છે. "પંડિતજી, કેમ છે?" એ તેમનો સવાલ હોય, અને ઊંડી વ્યથામાં પણ "ઠીક છે." એ મારો જવાબ હોય. કારણ કે તેમનો મમતાભર્યો પ્રશ્ન એ ક્ષણે મારી વ્યથાને એકદમ હળવી કરી નાખતો, તેઓ જે કાંઈ કહે તે એટલી બધી મૃદુતાથી, કૂમાશથી કહેતાં કે મારૂં ચિત્ત ઊંડી પ્રસન્નતા અનુભવતું, અને પચાસ ટકા દર્દ તો એમજ હળવું બની જતું. તેમને પૂરો સહકાર આપી રહેલા ડૉ. સાંગાણી, ડૉ. નન્દૂ, ડૉ. દેસાઈ, હેડનર્સ સિસ્ટર વલીદ, અને હૉસ્પિટલ સ્ટાફનાં અન્ય ભાઈ-બહેનોએ મારી સંભાળ લેવામાં કશી બાકી રાખી નથી; અને એ રીતે તેમણે મારા હૉસ્પિટલનિવાસને શકય તેટલો સુખદ બનાવ્યો છે.

### શેઠ શ્રી ગોરધનદાસભાઈની લાગણી

"અને સૌથી વિશેષ એવા સર હરકિસનદાસ હૉસ્પિટલના રખેવાળ શ્રી. ગોરધનદાસભાઈ. એમના વિશે હું શું કહું અને શું ન કહું? દિવસના ભાગમાં તેઓ મારી પાસે અચૂક આવે, ખબર પૂછે, એકાદ ટુચકો સંભળાવે અને એક સ્વજનની જેમ હૂંફ અને ઉત્સાહ આપીને વિદાય થાય. મારી પાછળ તેમણે પણ મારી જેવું જ ઑપરેશન કરાવ્યું છે. તેમને જલ્દી આરામ થાય અને દર્દીઓની વ્યકિતગત સંભાળ લેવાનું તેમનું ચાલુ કાર્ય, જે આજે અટકી પડયું છે, તે શરૂ થાય એવી મારી પ્રાર્થના છે."

### આર્દ્ર હૃદય

"આમ અનેક દિશાએથી માયા - મમતાનો અનુભવ કરી રહેલો એવો હું જ આ બધું શું છે?" તેનો વિચાર કરી રહ્યો છું. મુકુંદભાઈ પોતાના કાર્યના વળતર રૂપે કશું લેવાની ના કહે; રસિકભાઈ જેવા 'તમારા ઉપર મારો અધિકાર છે' એમ કહીને તેમના ઉપકાર નીચે મને દાબી દે; — આ બધું કેમ બને છે? વળી, ગમે તેટલી વ્યથામાં - શારીરિક અકળામણમાં - પણ જેનું જેને લીધે બળ મળે છે, ઉંડી રાહતનો અનુભવ થાય છે, તે પણ શું છે? આ બુદ્ધિ નથી, પણ તેની ઉપરના સ્તરમાં રહેલું કોઈ સત્વ છે. આ જ જીવનનું માંગલ્ય છે. આજ સત્વ રાંક માણસને સનાથ કરે છે.

"આમ હું બોલી રહ્યો છું ત્યારે આવી કોઈ અનુભૂતિમાંથી - તેને આધ્યાત્મિક કહો કે જે કહેવું હોય તે કહો - હું પસાર થઈ રહ્યો છું. વળી અત્યારે જ્યારે મારી ઉપર ચારે બાજુએથી પ્રેમનો - સદ્ભાવનો વરસાદ વરસી રહ્યો છે, ત્યારે જો મારું હૃદય આર્દ્ર ન બને, દ્રવીભૂત ન થાય, તો તે પથ્થરનું બનેલું છે એમ જ સમજવું."

આમ તેમનું હૃદયસ્પર્શી વકતવ્ય પૂરૂં થતાં પંડિતજી એકાએક આર્દ્ર બની ગયાં, તેમની આંખો ભીની થઈ, સાંભળનાર સૌ કોઈનાં દિલ હલી ઉઠયાં.

## ડૉ. મુકુન્દ પરીખ

ત્યાર બાદ ડૉ. મુકુન્દ પરીખે તેમનું આ રીતે સન્માન યોજવા માટે મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં જણાવ્યું કે "આ પ્રોસ્ટેટ ગ્લેન્ડ કાઢી નાખવાને લગતી સર્જરીની આપણા દેશમાં પંજાબમાં પ્રેકટીસ કરતા ડૉ. ફ્રેઅર નામના સર્જને વર્ષો અગાઉ સૌથી પહેલી શોધ કરી હતી. તે સર્જરીને ડૉ. કેનેથવૉક નામના સર્જને આગળ વધારી હતી અને તેમની પાસેથી મુંબઈના જાણીતા સર્જન અને મારા ગુરૂ સ્વ. ડૉ. મુલગાંવકરે આ વિદ્યાને પકડી લીધી હતી અને તેમની પાસેથી આ સર્જરીની તાલીમ મને મળી હતી. આમ સર્જરી પણ સંગીત માફક ગુરુ—શિષ્યની પરંપરામાં ચાલી આવે છે. વળી, આ સર્જરીની વિદ્યા માત્ર ભણતરથી પ્રાપ્ત થતી નથી. તે અંગે ચિન્તન અને અનુભવ હોવો જોઈએ. મારૂં આ સદ્ભાગ્ય છે કે આ મારો અનુભવ દિન પ્રતિ દિન વધતો જાય છે અને તેને લીધે મારા કામમાં વધારે ને વધારે સફળતા મળતી જાય છે.

"પંડિતજીની આ નિમિત્તે સેવા કરવાની મને તક મળી તેને હું મારું મોટું સદ્ભાગ્ય સમજું છું. પંડિતજીએ પણ એક આદર્શ દર્દીની માફક મને પૂરો સહકાર આપ્યો છે. દર્દ મટાડવામાં ડાકટર સાથે દર્દીનો સહકાર ખૂબ જરૂરી છે. આ પ્રસંગે મારા આ કાર્યમાં હું ખૂબ આગળ વધતો જાઉં અને અનેક ભાઈ બહેનોની જ માત્ર નહિ પણ પંડિતજી જેવા સંત—સાધુ પુરુષોની આ રીતે સેવા કરવાની મને તકો મળ્યા કરે એવા હું આશીર્વાદ માંગું છું."

## પ્રમુખસ્થાનેથી ડૉ. ભણશાળીનું વકતવ્ય

ત્યાર બાદ ડૉ. કિર્તિલાલ ભણશાળીએ પ્રમુખસ્થાનેથી બોલતાં જણાવ્યું કે "આ પ્રસંગે પ્રમુખસ્થાન સ્વીકારતાં મને જરા સંકોચ થયો હતો અને તે એટલા માટે કે બહારના લોકો રખેને એમ માને કે એક ડોકટરનું સન્માન અને બીજા ડોકટર પ્રમુખ-આ જાણે કે બે ડોકટરોએ મળીને એકમેકનું સન્માન કરવાની ગોઠવણ કરી છે. બાકી તો આ રીતે પંડિતજીની સેવા કરવાની મને કે ડૉ. પરીખને જે તક મળી છે તે માટે અમે બન્ને અમારી જાતને ભાગ્યશાળી માનીએ છીએ. ડૉ. પરીખનું આ રીતે સન્માન થતું જોઈને હું ખૂબ આનંદ અનુભવું છું. તેમની સર્જરીને લગતી કુશળતાનાં હવે વખાણ કરવાની જરૂર નથી. કારણ કે આજે મુંબઈમાં ભાગ્યે જ એવું ગુજરાતી કુટુંબ હશે કે જેના એક યા અન્ય કુટુંબીજનો ઉપર તેમનો હાથ નહિ ફર્યો હોય. અમારે ત્યાં પાલણપુરમાં એક ઓલિયો હતો. આના વિષે અમારા વડીલો અમને કહેતા કે "જાઓ, ઓલિયાનો હાથ માથે મુકાઈ આવો, તમારું કલ્યાણ થશે." અને અમારા મુકુન્દભાઈનો હાથ પણ આવા એક ઓલિયાનો છે. તેમનો હાથ જેના ઉપર ફરે છે તેનું કલ્યાણ જ થાય છે.

"શ્રી પરમાનંદભાઈએ મુકુન્દભાઈ વિષે બોલતાં કુશળતા અને કોમળતાના સમન્વયની વાત કરી અને તે અક્ષરશઃ બરોબર છે. આજના પ્રસંગના અનુસંધાનમાં મને એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે પંડિતજી શાસ્ત્રોમાં કુશળતા ધરાવે છે; મુકુન્દભાઈ શસ્ત્રક્રિયાના ઉપયોગમાં કુશળતા ધરાવે છે. આ રીતે આ ઘટનામાં આ શસ્ત્ર અને શાસ્ત્રનો સુયોગ થયો છે. વિશ્વના અદ્યતન પરિસ્થિતિના સંદર્ભમાં આ વાતને વિચારીએ તો આજે શસ્ત્ર છે ત્યાં શાસ્ત્ર નથી; શાસ્ત્ર છે ત્યાં શસ્ત્ર નથી. એ કારણે જ આજની દુનિયાના માથે ત્રીજા વિશ્વયુદ્ધની આફત તોળાઈ રહી છે. આ શસ્ત્ર અને શાસ્ત્રનો, શકિત અને સદ્ધર્મનો યોગ થાય તો માથા ઉપરની આફત ટળી જાય અને વિશ્વમાં શાંતિ સદ્ભાવ અને પ્રેમનું સામ્રાજ્ય સ્થપાય. આજના પ્રસંગે આવી પ્રાર્થના બધી રીતે યથોચિત ગણાશે. છેવટે અમારો વ્યવસાય તો ચાલે છે અને ચાલ્યા જ કરવાનો છે, પણ અમારો વ્યવસાય આવા સંત પુરુષોની સેવા કરવાની અવારનવાર તક આપતો રહે એવી અમારા મનની કામના છે. સાથે સાથે પંડિતજી વર્ષો સુધી સુદૃઢ આરોગ્યપૂર્વક જીવે એવી મારી અંતરની પ્રાર્થના છે."

## આભારનિવેદન

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસે ડૉ. કીર્તિલાલ ભણશાળીનો આજના સ્નેહસંમેલનનું પ્રમુખસ્થાન શોભાવવા માટે, ડૉ. મુકુન્દ પરીખનો, ડૉ. સાંગાણીનો, ડૉ. કેશવલાલ એમ. શાહનો તથા ડૉ. નંદુનો પંડિતજીને સ્વસ્થ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવામાં એક યા બીજી રીતે મદદ રૂપ બનવા માટે, તથા અન્ય ઉપસ્થિત ડોકટરો તથા સન્નારીઓ અને સદ્ગૃહસ્થોનો સંઘના નિમંત્રણને માન આપી સંમેલનમાં ભાગ લેવા માટે આભાર માન્યો હતો. ત્યાર બાદ પંડિતજી, ડૉ. મુકુંદ પરીખ, ડૉ. ભણશાળી, ડૉ. કેશવલાલ એમ શાહ તથા ડૉ. નંદુનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. મુકુંદ પરીખને જ્ઞાનોદય ટ્રસ્ટ તરફથી 'દર્શન અને ચિન્તન'ના ત્રણ ભાગ, અને 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' તથા મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સત્યં શિવં સુન્દરમ્ તથા બોધિસત્વ—આટલાં પુસ્તકો ભેટ આપવામાં આવ્યા હતા અને ડૉ. ભણશાળી, ડૉ. કેશવલાલ એમ શાહ તથા ડૉ. નન્દુને ઉપર જણાવેલ સમદર્શી આચાર્ય હરિભદ્ર, સત્યં, શિવં, સુદરમ્ તથા બોધિસત્ત્વ—એમ ત્રણ ત્રણ પુસ્તકો ભેટ આપવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ અલ્પાહારને ઉચિત ન્યાય આપી સ્નેહસંમેલનમાં ઉપસ્થિત ભાઈ બહેનો આનંદપૂર્વક છૂટા પડયાં હતાં.

## વ્યકિત ને સમાજની પારસ્પરિક પ્રભુતા

વ્યકિત મોટી કે સમાજ—એ બેમાંથી ગૌણ કોણ? એ સનાતન ઝઘડાનો વિષય છતાં દેશ-કાળ બળે તેમાં સમન્વય સધાતો આવ્યો છે—એ પણ સનાતન સત્ય છે. વ્યકિતનું પ્રબળ વ્યકિતત્વ ખીલે તો સમાજ તેને ગાડરીઆ પ્રવાહની જેમ અનુસરે છે અને એકવાર એ પ્રવાહ સ્થિર થયો એટલે સમાજનો પ્રભાવ વ્યકિતએ સ્વીકાર્યા વિના ચાલતું નથી, વ્યકિત ગૌણ બની જાય છે. વળી પાછું એ સ્થિર અને પ્રગતિહીન સમાજને પ્રગતિનું બળ કોઈ વ્યકિત આપે છે એટલે તે સમાજની નાયક બને છે અને તેની સામે સમાજ ગૌણ બની જાય છે. આમ જો વ્યકિત અને સમાજનું પરસ્પર પ્રભુત્વ મેળવવાની જે ભાવના છે તેનો અંત આવે તો બન્ને, તળાવના ગંદા પાણીની જેમ, છેવટે સોસાઈ જાય અને માનવની પ્રગતિ અટકી પડે. એટલે સમાજ અને વ્યકિતનો પ્રયત્ન પરસ્પર પ્રભુત્વ મેળવવાનો ચાલુ રહે એમાં જ માનવનું હિત છે. સમાજનું એકલાનું જ પ્રભુત્વ વ્યકિત ઉપર કાયમ થઈ જાય તો વ્યકિતના વિકાસની એક મર્યાદા આવી જાય, અને વ્યકિતનું જ પ્રભુત્વ સ્થપાઈ જાય તો તે નિરંકુશ અને અમર્યાદ બની જાય—આમ બન્ને પક્ષે દોષ છે. આથી વ્યકિતત્વના સ્વસ્થ વિકાસમાં સમાજે બાધક ન બનવું અને સમાજકલ્યાણમાં વ્યકિતએ પાછળ ન રહેવું એવી સમન્વયાત્મક ભાવના સહજભાવે અપનાવાઈ જાય છે. અને તેથી જ આજ લગી વ્યકિત અને સમાજ અનેક રીતે પ્રગતિના પંથે નવા નવા પ્રયોગો કરી શકયા છે—એ પ્રયોગો આધ્યાત્મિક અને ભૌતિક બન્ને ક્ષેત્રે થયા છે.

આધ્યાત્મિક ક્ષેત્રનો વિચાર કરીએ તો બ્રહ્મજ્ઞાની, તત્ત્વજ્ઞ, તીર્થંકર કે બુદ્ધનો પ્રાદુર્ભાવ સમાજની ગૂંગળામણના બળવારૂપે જ છે. જયારે સમાજના નિયમો એટલા બધા સ્થિર થઈ જાય છે કે તેમાં પરિવર્તન કરવામાં પાપ મનાવા લાગે, ત્યારે જ કોઈ વ્યકિત પોતાના આધ્યાત્મિક વિકાસના બળે બ્રહ્મજ્ઞ કે બુદ્ધ, તત્ત્વજ્ઞ કે તીર્થંકર બની એ સ્થિર નિયમોનો વિરોધ કરે છે અને સમાજને નવે માર્ગે લઈ જાય છે. સમાજને નવે માર્ગે દોરવાનું સામર્થ્ય જેમાં ન હોય તે સમાજનો નેતા ન બને. વ્યવસ્થાપક બનવું અને નેતા બનવું એમાં ભેદ છે. સ્થિર થયેલી વ્યવસ્થા પ્રમાણે સમાજમાં વર્તનની જવાબદારી વ્યવસ્થાપકની હોય છે, જેવી આજના અમલદારોની છે. પણ નેતા એ વ્યવસ્થાપક નથી. એ તો ચાલુ વ્યવસ્થામાં ભંગાણ પાડીને નવી વ્યવસ્થા ઊભી કરે છે અને એ તરફ સમાજને દોરે છે. આ જ કારણે તે તીર્થંકર કે એવા બીજા નામે ઓળખાય છે. આપણે ભારતના જુદા જુદા આધ્યાત્મિક સમાજો કે ધર્મોના ઈતિહાસનો વિચાર કરીશું તો એ સત્ય સ્પષ્ટ થઈ જશે.

વૈદિક ધર્મમાં એટલે કે જયાં સુધી યજ્ઞપ્રધાન ધર્મ થઈ રહ્યો ત્યાં સુધી તે તે અનુષ્ઠાનોનું નિયન્ત્રણ સામાજિક હતું. મૂળે દેવસ્તુતિરૂપ યજ્ઞનું રૂપ વ્યકિતપ્રધાન હતું—એટલે દેવ અને સ્તોતાની વચ્ચે કોઈ હતું નહિ. પણ સ્તુતિઓએ જ્યારે યજ્ઞવ્યવસ્થાનું રૂપ ધારણ કર્યું ત્યારે તે વૈદિકધર્મ બન્યો અને વ્યકિતએ સામાજિક નિયંત્રણ સ્વીકારવું પડયું. સ્થિર થયેલા નિયમો અનુસાર જ પુરોહિતને વચ્ચે રાખીને મોટા મોટા યજ્ઞો થવા લાગ્યા. આ થયો વૈદિક યજ્ઞધર્મ.

વૈયકિતક સાધના જ્યારે સામાજિક બને છે ત્યારે તે કોઈ એક ધર્મનું નામ સ્વીકારે છે અને તેમાં વ્યકિત ગૌણ બની જાય છે. તેના ઉપર સામાજિક બંધનો લાદવામાં આવે છે. વૈયકિતકભાવે સાધના કરવાનું તેનું સ્વાતંત્ર્ય મર્યાદિત બની જાય છે. તે એક ધાર્મિક સમાજનો સભ્ય બનીને તેને અનુસરતો થઈ જાય છે. ઘડાએલા નિયમોથી બહાર જઈને તેનું કોઈ પણ ધાર્મિક અનુષ્ઠાન સંભવતું જ નથી. તે એક ધાર્મિક પરંપરાનો દાસ બની જાય છે. તેથી સ્વતંત્ર થવાનું તેનું સામર્થ્ય હણાઈ જાય છે. આમ વૈદિક યજ્ઞપ્રધાન ધર્મમાં પણ બન્યું અને તે વૈદિક યજ્ઞ પરંપરા વૈદિક યજ્ઞધર્મમાં પરિણમી. તેમાં વ્યકિતને અનુષ્ઠાનનું સ્વાતંત્ર્ય રહ્યું નહિ.

પણ આપણે જોયું તેમ સમાજ કે વ્યકિતનું પ્રભુત્વ કાયમી નથી. પ્રભુત્વ મેળવવાની સતત હોડ ચાલ્યા જ કરે છે અને ચાલવી

જ જોઈએ. એ ન્યાયે આ યજ્ઞધર્મનો વિરોધ બ્રહ્મવાદીઓએ કર્યો. અને સમાજના બંધનોથી વ્યકિતને સ્વતંત્ર બનાવી. વ્યકિતએ પોતાની આધ્યાત્મિક ઉન્નત્તિ કે ભૌતિક ઉન્નતિ માટે સ્થિર થયેલા યજ્ઞના નિયમોમાં જ શા માટે બંધાઈ રહેવું ? એનું વ્યકિતત્વ તો એટલું વિશાળ છે, એટલું ભૂમા છે કે તેને કોઈ બંધન નડી જ ન શકે. સાધનામાં તેને કોઈની પણ જરૂર શા માટે રહે? તે તો એકલો એકાંતમાં બેસી તત્ત્વચિંતન કરી બ્રહ્મજ્ઞ થઈ, મુકત કેમ ન થઈ શકે? આ બધી પશુહત્યા કરી પોતાની ઉન્નતિ સાધવાનો માર્ગ — એ તો ફૂટેલી નૌકા જેવો છે, એથી કાંઈ તરાય નહિં, ડૂબી જરૂર જવાય— આવા આવા તર્કો—સમાજધર્મવિરોધી તર્કો—અનેક ઋષિઓના મનમાં થવા લાગ્યા અને યજ્ઞધર્મનો વિરોધ થયો, સમાજધર્મનો વિરોધ થયો, વ્યકિતધર્મ આગળ આવ્યો. એ વ્યકિતધર્મ સામે સમાજ-ધર્મ ગૌણ બની ગયો. વ્યકિતનું પ્રભુત્વ સ્થપાયું.

પરંતુ સમાજ વિના વ્યકિતને કદી ચાલ્યું છે? એવી ઋષિ-વ્યકિતઓએ પણ આશ્રમો ઊભા કર્યા. પોતાના શિષ્યપરિવારને વધાર્યો. પોતાને જે નવું જ્ઞાન થયું હતું તેનો પ્રચાર કર્યો અને પરિણામે વેદાન્તિઓનો નવો ધર્મ શરૂ થયો, જે આજે અનેક શંકારા-ચાર્યોના મઠો દ્વારા વેદાન્તિઓ ઉપર શાસન કરે છે . આમ વ્યકિતએ જમાવેલ સમાજ ઉપરનું પ્રભુત્વ પણ પાછું શિથિલ થઈ ગયું અને સમાજ પ્રભુ બની ગયો. શંકરાચાર્યના મઠોને પડકારનારા પણ અનેક મતવાદીઓ થયા—જેનાં સમાજ પર તે તે મતવાદીઓએ પ્રભુત્વ મેળવ્યું. પણ પાછું તે તે વ્યકિતઓના નામે સમાજો ઊભા થયા અને વ્યકિતઓનું હીર હણાયું. આ લાંબી પરંપરા મધ્વ—વલ્લભ—ચૈતન્ય સ્વામીનારાયણ—રામકૃષ્ણ અને છેવટે અરવિંદ સુધી જોઈ શકાય છે. આમાં વ્યકિત અને સમાજના પરસ્પર પ્રભુત્વ મેળવવાના પ્રયત્નો છે અને તેથી એકંદર સમાજ અને વ્યકિત બન્નેની ઉત્તરોત્તર પ્રગતિ જ થઈ છે.

આ જ વસ્તુને બીજી રીતે વિચારીએ તો હિન્દુધર્મના અનેક અવતારો એ પણ વ્યકિત અને સમાજની એકબીજા ઉપર પ્રભાવ જમાવવાની હોડનો જ ઈતિહાસ પૂરો પાડશે. અવતાર એટલે સમાજમાં નવા નેતૃત્વનો જન્મ. સમાજ જ્યારે જડ બની જાય છે અને ધર્મ ઉપર અધર્મનું સામ્રાજ્ય વ્યાપી જાય છેં એટલે કે અધર્મનું જ ધર્મને નામે આચરણ વધી જાય છે ત્યારે જે વ્યકિત સમાજને એ અંધકારમાંથી અજવાળામાં લઈ જાય છે તે જ તે અવતાર તરીકે પ્રસિદ્ધ થાય છે. પ્રથમ લોકોની આકાંક્ષા એ રહે છે કે જે પ્રકારનું આચરણ એ અવતારે કર્યું તે પ્રકારનું આચરણ કરી પોતે પણ પોતાના વ્યકિતત્વનો વિકાસ કરે, પણ ધીરે ધીરે અવતાર પૂજાવા માંડે છે અને તેની આસપાસ ભકત-મંડળ જામે છે, એટલે ભાગવત સંપ્રદાય જેવા સંપ્રદાયો શરૂ થાય છે. આમ જે વ્યકિતનો પ્રશ્ન હતો તે સમાજગત બની જાય છે અને અંતે તે તે સંપ્રદાયના સંગઠનની અને વિધિ નિયમોની બહાર વ્યકિત જઈ શકતી નથી, પરતંત્ર બની જાય છે. એટલે વળી તે તે સંપ્રદાયોમાંથી ઊંચી ઉઠનારી સંતો—ભકતો જેવી વ્યકિતઓ જન્મ લે છે અને તે પણ અવતારી ગણાવા લાગે છે. આમ વ્યકિત અને સમાજના પારસ્પરિક પ્રભુત્વનું ચક્ર ચાલ્યા જ કરે છે, અને વ્યકિત અને સમાજનો વિકાસ થયા જ કરે છે.

શ્રમણોના ધર્મનો ઈતિહાસ પણ એ જ પ્રકારના વ્યકિત અને સમાજના પરસ્પરના પ્રભાવની હોડનો જ ઈતિહાસ છે. મૂળે યોગમાર્ગ એ વૈયકિતક સાધના છે, પણ એ વૈયકિતક સાધના પૂર્ણ છતાં ત્યાં સુધી શ્રેષ્ઠ નથી ગણાતી જ્યાં સુધી સાધક તીર્થંકર કે બુદ્ધ નથી બનતો. સાધનાની પૂર્ણતા મુકિતમાં છે, પણ એ મુકિત જો કેવળ પોતાની જ હોય અને એવી મુકિતથી બીજાને કશો જ લાભ થવાનો ન હોય તો એવા મુંડકેવલીનું સમાજની દ્રષ્ટિએ વિશેષ મહત્ત્વ નથી. જેમ સંસારમાં અનેક જન્મે છે અને મરે છે, પણ જેના જન્મને કે મૃત્યુને સમાજ સાથે લેવા-દેવા છે તેના જન્મ કે મૃત્યનો મહોત્સવ સમાજમાં થાય છે, તે જ રીતે મુકત પણ ઘણા થઈ શકે, તેમાં સમાજને કશી લેવાદેવા નથી. પણ તીર્થંકરનો જન્મ અને મુકિત એ બન્ને સાથે સમાજને સંબંધ છે એટલે તેની ઉજવણી સમાજ કરે છે. આ રીતે મુકિતમાં વ્યકિતની પૂર્ણતા છતાં શ્રેષ્ઠતા તો સમાજના સંબંધને કારણે છે. આથી કરીને શ્રમણધર્મ વૈયકિતક છતાં સામાજિક બની જાય છે. એથી જે લોકો શ્રમણધર્મ એ તો કેવળ વ્યકિતનો છે સમાજનો નથી એવી સંકુચિત વ્યાખ્યા કરે છે તે ઉચિત નથી. તીર્થંકર કે બુદ્ધ સમાજના નેતા છે. જ્યારે સમાજમાં નિયમનોમાં જડતા આવી જાય છે અને વ્યકિતના વિકાસને અવસર મળતો નથી ત્યારે એ નિયમનોને તોડીને નવા માર્ગનું સર્જન તીર્થંકર કરે છે. એ માર્ગની શોધ એ એની આગવી સાધના ખરી, વૈયકિતક સાધના ખરી, પણ એનો લાભ કેવળ તેના પોતાને માટે નથી. એ સમાજનો નેતા બને છે અને વ્યકિત ઉપરથી સમાજનું પ્રભુત્વ દૂર કરી નવે માર્ગે તેને દોરે છે. પણ કાળે કરી એ માર્ગ ધર્મનું રૂપ લે છે —જૈન ધર્મ કે બૌદ્ધિક ધર્મ કે બીજો કોઈ શ્રમણધર્મ—તેનો સંઘ બને છે, સમાજ બને છે, નિયમોપનિયમ બને છે અને છેવટે પાછી વ્યકિત એ નિયમોપનિયમના ચક્રમાં પીસાઈ આગવી સાધના ભૂલી જાય છે, સંઘબદ્ધ જીવન જીવે છે અને સંઘની વિરુદ્ધ માથું ઊંચકી શકતી નથી, એટલે વળી નવા તીર્થંકર, નવા નેતા, નવી વ્યકિત જન્મીને સમાજનું પ્રભુત્વ દૂર કરે છે. આમ સંઘ અને તીર્થંકર—વ્યકિતનું પરસ્પર પ્રભુત્વ જામીને ઉત્તરોત્તર માનવવિકાસ સધાય છે.

જેમ ધર્મમાં તેમ ભૌતિક જીવનમાં પણ વ્યકિત અને સમાજનું નિયંત્રણ પારસ્પરિક છે. પ્રાચીનકાળની કૌટુંબિક માતૃપ્રધાન સંસ્થા કે પિતૃપ્રધાન સંસ્થા લ્યો કે રાજનીતિમાં ગણરાજ્ય કે એક રાજ્ય અને આજના લોકસત્તા કે એકપક્ષસત્તા કે તાંનાશાહી લ્યો— એ બધામાં વ્યકિત અને સમાજનું પારસ્પરિક પ્રભુત્વ મેળવવાની હોડનો જ ઈતિહાસ સમાયેલ છે. અને સમયપ્રમાણે તે તે વ્યકિતએ અને સમાજે માનવકલ્યાણમાં પોતાનો ફાળો આપ્યો છે. જ્યારે વ્યકિત કે સમાજ જીર્ણ થઈ જાય છે, તેનું મૂલ્ય આપોઆપ ઘટી જાય છે અથવા વ્યકિત કે સમાજ પરસ્પરથી નિરપેક્ષ થઈ વર્તવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનો એ પ્રયત્ન લાંબા કાળ ટકતો નથી અને નવી વ્યવસ્થાને—સમાજપ્રધાન કે વ્યકિતપ્રધાન વ્યવસ્થાને— સ્થાન આપવું જ પડે છે.. આના પરિણામ રૂપે આપણે જોઈએ છીએ કે સમાજક્ષેત્રે સ્ત્રી અને પુરુષના સમાન હક્કોની વાત આજે સ્વીકારાતી થઈ છે. લોકસત્તા હોય, રાજસત્તા કે સામ્યવાદી સત્તા હોય તે બધામાં પ્રધાન વ્યકિત ત્યાં સુધી જ પોતાનું પ્રભુત્વ ટકાવી શકે છે જ્યાં સુધી લોકસમાજનું પીઠબળ હોય છે અને લોકસમાજે પણ બધી સત્તા તેની હોવા છતાં પણ છેવટે અમુક વ્યકિતના હાથમાં સત્તાનાં સૂત્રો સોંપવા પડે છે. આમ સમાજ કે વ્યકિત એ બન્નેનો જ્યાં સુધી સમન્વય રહે ત્યાં સુધી વ્યવસ્થા સુંદર બને છે અને જ્યાં સમતુલા ગુમાવી ત્યાં અવ્યવસ્થા ઊભી થાય છે. એટલે નથી વ્યકિત પ્રધાન કે નથી સમાજ પ્રધાન, પણ બન્નેની સમતુલા જ કાર્યકારી છે. એટલે બેમાં પ્રાધાન્ય કોનું એ વિચાર નિરર્થક છે. મનુષ્યનો આધ્યાત્મિક વિકાસ પણ કેવળ તે એકલો જ કરી શકતો નથી. કેટકેટલા પારંપરિક અનુભવોને ખભે ચડીને તે આગળ વધતો હોય છે. એટલે સામાજિક ઋણ કાંઈ નગણ્ય નથી. જ્યારે આધ્યાત્મિક સાધનાની આ સ્થિતિ છે તો ભૌતિક ઉન્નતિમાં તો એકલી વ્યકિત કશું જ કરી શકે નહિ એ દીવા જેવું સ્પષ્ટ છે. એટલે આધ્યાત્મિક લાભ કે ભૌતિક લાભ એ કેવળ એકલી વ્યકિતએ કરેલી કમાણીનો લાભ નથી. આથી તેનો ઉપભોગ કેવળ તે જ કરે તે કેમ બને? આથી જ દેખીતી રીતે સમાજ છોડીને એકાંતમાં સાધના કરનાર પણ છેવટે તેને જે લાભ થયો હોય છે તેનું વિતરણ કરવા પુન: સંસારમાં—લોકોની વચ્ચે— સમાજની વચ્ચે આવે છે અને તીર્થંકર કે અવતારી બની લોકોમાં લાભનું વિતરણ કરી કૃતાર્થ થાય છે. જો આધ્યાત્મિક ક્ષેત્રે પણ આવું લાભનું વિતરણ આવશ્યક મનાયું હોય તો ભૌતિક ક્ષેત્રમાં તો તેમ મનાય તેમાં આશ્ચર્ય શું? આ પ્રકારે લાભનું વિતરણ આવશ્યક હોય તો નથી વ્યકિત પ્રધાન રહેતી કે નથી સમાજ પ્રધાન રહેતો, પણ બન્ને પરસ્પર આશ્રિત છે, પરસ્પર ઋણી છે અને પરસ્પર પ્રભુ પણ છે.

**દલસુખ માલવણિયા**

# મુનિ સન્તબાલજીનો આલોચિત શુદ્ધિપ્રયોગ

તા. ૨૭-૧-૧૯૬૨ ના 'મુંબઈ સમાચાર' તથા 'જન્મભૂમિ'માં કલ્યાણ નજીક આવેલા ચિંચણ મુકામે મુનિ સંતબાલજી ૨૧ ઉપવાસ ઉપર ઉતર્યાની જાહેરાત પ્રગટ થઈ હતી અને તેના કારણ રૂપે, "ચાતુર્માસિક સાધુ સાધ્વી શિબિરમાં બે સાધ્વીજીએ સમર્પણ સાથે હાજર રહેવાનો નિર્ણય જાહેર કર્યો હતો, છતાં તેમાં તેઓ હાજર રહી ન શકયા અને ક્રાંતિનું કાર્ય આગળ વધતું અટકી પડ્યું." એમ જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તા. ૧-૨-'૬૨ ના દૈનિક છાપાઓમાં "સંતબાલજીની ધારણા પ્રમાણે સમાજ અને ગૌણ નિમિત્તો જાગ્યા છે એટલે તેઓશ્રીએ તા. ૩૧-૧-'૬૨ ના રોજ સાંજે ૫-૩૦ વાગ્યે ઉપવાસનાં પારણાં કર્યાં છે." એવી જાહેરાત પણ મુંબઈના દૈનિક છાપાઓમાં થઈ ચૂકી છે. આ સાધુ—સાધ્વી શિબિરને સમર્પિત થયેલાં બે સાધ્વીઓ તે કોણ અને તેમનો આ શિબિર સાથે શું સંબંધ અને તેમના આ શિબિરમાં નહિ જોડાવાથી કઈ ક્રાંતિ અટકી પડી—એ બધું શું તે જાણવાનું કોઈને પણ કુતૂહલ થયા વિના ન રહે. તેમના ઉપવાસ દરમ્યાન આ બાબતોની ચર્ચા આલોચના કરવી યોગ્ય નહિ એમ વિચારીને તા. ૧-૨-૬૨ના પ્રબુદ્ધ જીવનમાં આ ઉપવાસનો માત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હવે જ્યારે પ્રસ્તુત ઉપવાસ ધારી મુદતથી વહેલાં સંકેલાઈ લેવાયા છે અને મુનિશ્રીની તબિયત એકંદરે બહુ સારી છે એમ જાણવા મળે છે ત્યારે જે ઉપવાસો સાથે મારી જેવા અનેકનાં મનનું સમાધાન થતું નથી તેની ભૂમિકા, મારી પાસે આ આખા પ્રકરણ અંગે જે સામગ્રી એકઠી થઈ છે તેમાંથી જરૂર પૂરતી જ વિગતો તારવીને 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સમક્ષ રજૂ કરવાનું હું ઉચિત ધારૂં છું.

આ ઉપવાસનું પ્રયોજન જણાવતાં બે સાધ્વીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમાંના એક સદ્‌ગુણાશ્રી જેઓ તેમના સાંસારિક જીવનમાં કમળાબહેન શેઠના નામે ઓળખાતાં હતાં, તેઓ સાવરકુંડલાના મૂળ વતની છે અને દિક્ષા લીધા પહેલાં સામાજિક ક્ષેત્રે એક સારાં કાર્યકર હતાં. તેમને દિક્ષા લીધાને ૧૦ વર્ષ થયાં છે. તેઓ બાળબ્રહ્મચારિણી છે, તેમની સાથે બીજાં એક સાધ્વી કીર્તિલતાશ્રી તેમનાં શિષ્યા છે. તેઓ મૂળ અમદાવાદનાં છે. શ્રી સદ્‌ગુણાશ્રીની વય ૪૫ વર્ષની છે, જ્યારે કિર્તિલતાશ્રી ઉંમરે ૩૦ વર્ષનાં છે અને તેમની શરીરસ્થિતિ હાલમાં બહુ નબળી રહે છે. આ બન્ને સાધ્વીઓ શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયનાં છે.

૧૯૬૦ની સાલના ઉનાળા દરમ્યાન આ બન્ને સાધ્વીઓ મુંબઈમાં તબિયત દેખાડવાના હેતુથી ગુજરાતમાંથી મુંબઈ તરફ વિહાર કરી રહ્યાં હતાં અને મુનિ સંતબાલજી પણ ચાતુર્માસના હેતુથી મુંબઈ તરફ આવી રહ્યા હતા. સંતબાલજી સાથે સદ્‌ગુણાશ્રીને દિક્ષા ગ્રહણ કર્યા પહેલા સાધારણ પરિચય હતો. મુંબઈ તરફ આવતાં આ બન્નેનો દહેણુ સ્ટેશન પાસે આવેલા ઉપાશ્રય ખાતે પ્રથમ મેળાપ થયો હતો અને વિરાર સુધી સંતબાલજીની મંડળીએ અને આ બન્ને સાધ્વીઓએ સાથે વિહાર કર્યો હતો. આ વિહાર દરમ્યાન સંતબાલજીએ મુંબઈ ખાતે પછીના વર્ષના ચાતુર્માસમાં સાધુ-સાધ્વી શિબિર યોજવાનો પોતાનો વિચાર આ બન્ને સાધ્વીઓ સમક્ષ રજૂ કર્યો હતો અને તેમાં તેમને જોડાવા—સાથ આપવા—અનુરોધ કર્યો હતો. ત્યારબાદ આ બન્ને સાધ્વીઓએ મુંબઈ નજીક આવેલ બોરીવલીમાં ચોમાસું કર્યું હતું અને મુનિ સંતબાલજીએ મુંબઈ ખાતે કપોળવાડીમાં ચોમાસું કર્યું હતું. એ દરમિયાન મુનિ સંતબાલજી પત્રો લખીને તેમ જ પોતાના પ્રતિનિધિઓને મોકલીને ઉપર જણાવેલ શિબિરમાં જોડાવા માટે તેમને સતત આગ્રહ કરી રહ્યા હતા. આ વાટાઘાટો દરમ્યાન અગમચેતી વાપરીને થોડા સમય પહેલાં સાણંદ મુકામે મણિબહેન પટેલ સામે શુદ્ધિપ્રયોગના નામે જેવો હઠાગ્રહ કરવામાં આવ્યો હતો તે પ્રકારનો હઠાગ્રહ, આ સાધ્વીઓ સાથે કોઈ પણ બાબતમાં મતભેદ ઊભો થતાં, મુનિશ્રી નહિ કરે એવી સદ્‌ગુણાશ્રી તરફથી મુનિશ્રી પાસે ખાત્રી માગવામાં આવી હતી અને તે મુજબની મુનિ સંતબાલજીએ ખાત્રી આપી હતી. પરિણામે આ શિબિર તરફ તેમના મનની અનુકુળતા વધી રહી હતી.

ચાતુર્માસ પૂરા થયા બાદ તેમની શિષ્યાને વૈદ્યકીય ઉપચાર માટે સર હરકિસનદાસ હૉસ્પિટલમાં પ્રવેશ મળી શકે તેમ છે એ મુજબના સમાચાર મળતાં સદ્‌ગુણાશ્રી પોતાની શિષ્યા સાથે મુંબઈ તરફ આવવા નીકળ્યાં. એ દિવસો દરમ્યાન મુંબઈ ખાતે કોલભાટ લેનમાં આવેલ ભાટિયા મહાજનવાડીમાં ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના કાર્યકરોની, મુનિ સંતબાલજીની નિશ્રા નીચે, સભા ગોઠવવામાં આવી હતી. વિહાર કરતાં કરતાં યોગાનુયોગ આ સાધ્વીઓ આ સભામાં આવી પહોચ્યાં અને વિચારવામાં આવેલી સાધુ સાધ્વી શિબિર અંગે કંઈક કહેવા સદ્‌ગુણાશ્રીને આગ્રહ કરવામાં આવ્યો. તે આગ્રહને વશ થઈને સદ્‌ગુણાશ્રીએ એ મતલબનું જણાવ્યું હતું કે "આ શિબિરનું કામ તેમને સારૂં લાગે છે, પણ અત્યારે તો તેમની શિષ્યા કિર્તિલતાશ્રીની દવા અને નિદાનનો પ્રશ્ન છે. તેમને સારૂં થયા બાદ આ શિબિરમાં બીજાં સાધ્વીઓ અને મહાસતીઓ જોડાશે તો તેઓ પણ સહયોગ આપશે." મુનિ સંતબાલજી જે પ્રસંગને અનુલક્ષીને આ સાધ્વીઓ સાધુ-સાધ્વી શિબિરને સમર્પિત થયાનું અથવા તો એ શિબિરમાં જોડાવાનો સંકલ્પ જાહેર કર્યાનું જણાવે છે તે વસ્તુત: ઉપર જણાવેલ કોલભાટ લેનની સભાનો પ્રસંગ છે.

ત્યાર બાદ પછીના જ દિવસે સદ્‌ગુણાશ્રી પોતાની શિષ્યાના વૈદ્યકીય ઉપચાર માટે સર હરકિસનદાસ હૉસ્પિટલમાં દાખલ થયાં હતાં અને તરતમાં જ પછી મુનિ સંતબાલજી પણ દાંત કઢાવવાના હેતુથી તથા છાતીનું સ્ક્રિનિંગ કરાવવા માટે એ જ હૉસ્પિટલમાં દાખલ થયા હતા અને ત્યાં થોડા દિવસ બન્ને એકમેકના સહવાસમાં રહ્યાં હતાં. ત્યારબાદ આ સાધ્વીઓએ પરેલ, માટુંગા, શિવ બાજુ સંતબાલજીના સાન્નિધ્યમાં એક યા બીજે સ્થળે કેટલાક દિવસ પસાર કર્યા હતા. આ દિવસો દરમ્યાન મુનિ સંતબાલજી સાથે વર્ષોથી કામ કરતાં મીરાંબહેન સાથે સદ્‌ગુણાશ્રીને એક યા બીજે કારણે અથડામણ થતી રહી હતી. પ્રસ્તુત શિબિરમાં સામેલ થવા અંગે આ બાબત તેમને મૂંઝવતી હતી. વળી આ શિબિરમાં સાધ્વીઓ અને મહાસતીઓ જોડાય તો તે પૂરી થયા બાદ તેમનો સંઘ તેમને ફેંકી દે તો તેમનું શું થાય—એ બાબત પણ તેમની મૂંઝવણમાં વધારો કરી રહી હતી. મુનિ સંતબાલજી આ બન્ને બાબતો અંગે આ સાધ્વીઓનું કાંઈ સમાધાન કરી શકયા નહોતા. તદુપરાંત આ રીતના કેટલાક દિવસના સહવાસના પરિણામે પરસ્પર વિચાર વલણોમાં પણ આ સાધ્વીઓને ઠીક ઠીક તફાવત હોવાનું માલુમ પડ્યું હતું અને બન્ને વચ્ચે અંતર વધતું ચાલ્યું હતું. આખરે નિર્ધારિત શિબિરમાં પોતે જોડાવા માગતા નથી એમ સ્પષ્ટ જણાવીને સાયન (શિવ) ખાતેથી આ સાધ્વીઓ મુનિ સંતબાલથી છૂટાં પડયાં હતાં. ત્યારબાદ સદ્‌ગુણાશ્રીને પોતાની શિષ્યાનો વૈદ્યકીય ઉપચાર કરવાનો હોવાથી તે બન્ને પાયધૂની બાજુ આવ્યાં, પણ સંતબાલજી સાથે તેઓ આટલા દિવસ રહ્યા તે કારણે તેમને એ બાજુના શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયના કોઈ ઉપાશ્રયમાં સ્થિર થઈને રહેવાની સગવડ મળી ન શકી. આ વાસ્તવિકતાએ તેમને સચેત બનાવ્યાં. કયાં જઈને ઠરવું એ વિષે બન્ને સાધ્વીઓ ભારે મોટી મૂંઝવણમાં પડયા. સદ્‌ભાગ્યે એક સહૃદયી ગૃહસ્થે તેમના પ્રત્યે સહાનુભૂતિ દાખવીને શ્રી લીલાવતીબહેન દેવીદાસ મારફત જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઉદ્યોગ-ગૃહમાં તેમને રહેવાની સગવડ કરી આપી. અહિં દોઢ મહિનો રહ્યા બાદ તેઓ ઘાટકોપર બાજુ ગયા અને એક માસ ત્યાંના સર્વોદય હૉસ્પિટલમાં રહ્યા. ત્યાં કીર્તિલતાશ્રીને બે વખત લોહી આપવામાં આવ્યું. ઠીક થતાં ઘાટકોપર કચ્છી જૈન ઉપાશ્રયમાં તેમ જ

ગુરુકુળ હાઈસ્કૂલમાં તેમણે કેટલોક સમય પસાર કર્યો અને આગામી ચોમાસુ બોરડી મુકામે કરવાનું વિચારી તેમણે દિશા તરફ વિહાર શરૂ કર્યો. આ બધા સમય દરમ્યાન આ સાધ્વીઓ ઉપર સુનિશ્ચિત બનેલી સાધુ-સાધ્વી શિબિરમાં જોડાવા માટેનાં દબાણભર્યાં કહેણો સતત આવ્યાં જ કરતાં હતાં. એટલાથી સંતોષ ન માનતાં, જ્યારે સદ્‌ગુણાશ્રી વસઈ હતાં ત્યારે એ દિવસોમાં બોરીવલીમાં મુકામ કરી રહેલા સંતબાલજીએ આ સાધ્વીજીને મળવા કહેવરાવ્યું અને આખરે વસઈ અને બોરીવલી વચ્ચે આવેલા ભાયંદર મુકામે શ્રી. જ્યંતીલાલ-ભાઈના ચષ્માના કારખાનાના મેડા ઉપર મુલાકાત થઈ. શિબિરમાં જોડાવાનું સમજાવવા માટે સંતબાલજીએ પારવિનાનો આગ્રહ કર્યો, પણ સદ્‌ગુણાશ્રીને તેઓ સમજાવી ન શકયા, અને પરિણામે મુનિ સંતબાલજી મુંબઈ તરફ પાછા ફર્યા અને બન્ને સાધ્વીઓ મે માસમાં બોરડી જઈને સ્થિર થયાં. આમ છતાં શ્રી સન્તબાલજી તરફથી તેમ જ તેમના ભકતો તરફથી શિબિરમાં જોડાવા માટેના પત્રો આ સાધ્વીજી ઉપર આવતા જ રહ્યા હતા.

શિબિરમાં નહિ જોડાવાના સાધ્વીઓના આ મક્કમ નિરાધારથી મુનિશ્રી અત્યંત ખિન્ન થયા અને ચોમાસાના અથવા તો શિબિરના સાડાચાર મહિના આ સાધ્વીઓ સામે મુનિશ્રીએ અસહકાર જાહેર કર્યો, એટલે કે તેમની સાથેનો પત્ર-વ્યવહાર વગેરે બંધ કર્યો અને શિબિરની સાઈકલોસ્ટાઈલ થતી કાર્યવાહીઓ નહિ મોકલવામાં આવે એમ તેમને જણાવવામાં આવ્યું.

આખું ચોમાસું મુનિ સંતબાલજી મુંબઈ ખાતે સાધુ-સાધ્વી શિબિરમાં રોકાયેલા રહ્યા અને આ બન્ને સાધ્વીઓએ બોરડીના જૈન ઉપાશ્રયમાં ચાર્તુર્માસ સુખરૂપ વ્યતીત કર્યા.

શિબિર પૂરી થવા સાથે આ અસહકાર પાછો ખેંચી લેવાયો અને શિબિરમાં જોડાવાની સંમતિ જાહેર કરવા છતાં આ સાધ્વીઓ શિબિરમાં ન જોડાયાં—એ તેમના સાધ્વીધર્મમાં ઘણી મોટી ક્ષતિ થઈ છે અને તેના પ્રાયશ્ચિત રૂપે તેમણે કંઈક તપશ્ચર્યા કરવી જોઈએ. અને નહિ તો પોતાને ૨૧ ઉપવાસ ઉપર ઉતરવું પડશે—એ મતલબનાં કહેણો મુનિશ્રી તરફથી પત્રો દ્વારા તેમ જ ભકતો દ્વારા વહેતાં થયાં. આ દિવસોમાં આ બન્ને સાધ્વીઓ બોરડીથી વિહાર કરીને ઉંમરગામ આવી વસ્યા હતા અને મુનિ સંતબાલજી બોઈસર પાસે આવેલા ચિંચણ મુકામે સ્થિર થયા હતા.

ઉપર જણાવેલા ૨૧ ઉપવાસ કરવાના મુનિ સંતબાલજીના ઈરાદાની મને ખબર પડતાં આવા માસુલી કારણ ઉપર ઉપવાસ ઉપર નહીં ઉતરવા મેં બહુ કડક ભાષામાં સંતબાલજી ઉપર એક પત્ર લખ્યો. તેનો લાંબો જવાબ આવ્યો. આથી બિલકુલ સમાધાન ન થતાં મે બીજો પણ એટલો જ સખત પત્ર લખ્યો અને તેમાં એ મતલબનું જણાવ્યું કે 'આપની શિબિરમાં જોડાવાની એક યા અન્ય કારણે અનુકુળતા નહિ લાગવાથી આ સાધ્વીઓ તેમાં ન જોડાયાં તેમાં તેમની કશી જ ભૂલ કે ક્ષતિ જણાતી નથી, તેથી આવા નિમિત્ત ઉપર થતા ઉપવાસો લોકોમાં હાંસીપાત્ર તેમ જ અવગણનાપાત્ર બનશે. વળી જેમને નિમિત્ત બનાવીને આ ઉપવાસ વિચારાઈ રહ્યો છે તેમના ચિત્તની કેવી દશા થશે? માટે આ બધું વિચારીને કૃપા કરીને આ ઉપવાસ ઉપર ઉતરવાની વાત છોડી દ્યો." પણ આ મારા પત્રોની તેમના ઉપર કોઈ અસર ન થઈ. તે પછી પણ મેં એક પત્ર લખ્યો. તે પણ એળે ગયો. બીજા પણ અનેક હિતસ્વી મિત્રોએ તેમને વારવા પ્રયત્નો કર્યા. તે પણ નિષ્ફળ ગયા.

બીજી બાજુએ આ સાધ્વીઓને શિબિરમાં નહિ જોડાવા બદલ કાંઈક ને કાંઈક પ્રાયશ્ચિત કરવાનું કહેવામાં આવ્યું. છેવટે તમે "શિબિરમાં ન આવ્યા તેનું તમને દુ:ખ છે એટલું લખી આપો તો મુનિશ્રી ઉપવાસ ન કરે" એમ તેમની પાસે લખાવી લેવા માટે ઘાટકોપર-વાળા તેમ જ મુંબઈવાળા ભકત ભાઈ-બહેનોને મોકલીને તેમનાથી થાય તેટલો પ્રયત્ન કર્યો. વળી આવેલા ભકતો આ સાધ્વીઓને ધમકી આપતા રહ્યા કે "તમે જો આટલું પણ નહિ લખી આપો તો તમારી આબરૂ ને પ્રતિષ્ઠાને ભારે ધક્કો લાગશે, આબરૂ ધૂળમાં રગદોળાઈ જશે." આ સામે સદ્‌ગુણાશ્રી એટલો જ જવાબ આપતાં રહ્યાં "કે આ શિબિરમાં અમે ન જોડાયાં એમાં અમે કશી ભૂલ કરી હોય એમ અમને લાગતું નથી. તે બાબતનું અમને કશું દુ:ખ નથી અને તેથી અમારે કશું લખી આપવાપણું નથી." આ ઉપરાંત આ સાધ્વીઓને મુંબઈ બાજુ આવતી વખતે માર્ગમાં સંતબાલજી મળેલા અને સાણંદવાળા મણિબહેન પટેલ સામે કરવામાં આવ્યો હતો એવો મુનિશ્રી તરફથી આ સાધ્વીઓ સામે કદી પણ મુનિશ્રી તરફથી હઠાગ્રહ કરવામાં નહિ આવે એવું તેમણે વચન આપેલું તેની મુનિશ્રીને યાદ આપવાનું પણ આ ભાઈ બહેનોને કહેવામાં આવેલું. આમ આ સાધ્વીઓને સમજાવવા માટે આવી રહેલી મંડળીઓ સામે આ બન્ને પોતાના વલણમાં મક્કમ રહ્યાં. પરિણામે મુનિ સંતબાલજી તા. ૨૨-૧-'૬૨ ના રોજ ૨૧ ઉપવાસ ઉપર ઉતર્યા. ત્યારબાદ 'સંતબાલજીની ધારણા પ્રમાણે સમાજ અને ગૌણ નિમિત્તો જાગ્યાં છે' એમ જાહેરાત કરીને તા. ૩૧-૧-'૬૨ ના રોજ સાંજના ૫-૩૦ વાગ્યે તેમણે દશમા ઉપવાસે પારણા કર્યાં. સમાજ શું જાગ્યો અને કયા ગૌણ નિમિત્તોનો યોગ ઉભો થયો —તે સંબંધમાં હજુ કશી વિગત જાણવામાં આવી નથી. આ છે મુનિ સંતબાલજીના તાજેતરના ઉપવાસની કથા.

કીડી ઉપર કટક ચલાવવા જેવા આ ૨૧ ઉપવાસનું ઔચિત્ય—અનૌચિત્ય સમજવા કે સમજાવવા માટે કોઈ ટીકા —ટીપ્પણની જરૂર છે ખરી? મુનિ સંતબાલજીએ તા. ૧૬-૧-'૬૨ ના વિશ્વ-વાત્સલ્યમાં 'ક્રાંતિની પ્રક્રિયા—રૂકાવટનું નિરાકરણ 'એ મથાળા નીચે એક અગ્રલેખ લખ્યો છે. સામાન્યત: મુનિશ્રી સંતબાલજીના વિચારોમાં તેમ જ નિરૂપણમાં એક પ્રકારનું ધૂંધળાપણું રહેલું હોય છે. આ અગ્રલેખ આ ધૂંધળાપણાનો એક અદ્‌ભુત નમૂનો છે. એ લેખ અને એનાં મથાળા ઉપરથી મુનિ સંતબાલજી એમ સૂચવવા માંગે છે કે પ્રસ્તુત શિબિરમાં આ ક્રાંતિના સાધુમાધ્યમ તરીકે તેમને સદ્‌ભાગ્યે નેમિમુનિ મળી ગયા હતા, પણ આ ક્રાંતિના સાધ્વી-માધ્યમ તરીકે શિબિરને સમર્પિત થઈ ચૂકેલા સદ્‌ગુણાશ્રી અને તેમની શિષ્યા આ શિબિરમાં નહિ જોડાવાથી તેમણે ચિન્તવેલી ક્રાંતિની પ્રક્રિયામાં ભારે રૂકાવટ આવી ગઈ હતી. તે રૂકાવટના નિરાકરણ અર્થે તેમણે ૨૧ ઉપવાસનો સંકલ્પ કર્યો હતો. આ તે કઈ ક્રાંતિ થઈ રહી હતી, અને તેમાં આ વળી સાધુ—સાધ્વીનું માધ્યમ શું અને તેમાં આ બે સાધ્વીઓ સમર્પિત થયા તેનો અર્થ શું અને તેઓ ન જોડાયાં તેથી ક્રાંતિની પ્રક્રિયામાં શી રૂકાવટ આવી ગઈ, અને તેનું ૨૧ ઉપવાસથી કયું નિરાકરણ થયું, અને દશ ઉપવાસનાં પારણાના પરિણામે કયું સૂતેલું જગત્ જાગી ગયું—એ અગમનિગમના પ્રશ્નો છે, જેનો મારી જેવા અનેકને કોઈ શોધ્યો ઉત્તર જડતો નથી. **પરમાનંદ**

## પૂરક નોંધ

ઉપરનો લેખ તા. ૧૬-૨-૧૯૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થવો જોઈતો હતો. પણ તે અંકમાં જગ્યાના અભાવે એમ બની ન શકયું. આથી એક લાભ પણ થયો. કારણ કે બે અંક વચ્ચેના ગાળામાં તા. ૧૬-૨-'૬૨ નું 'વિશ્વવાત્સલ્ય' હાથ ઉપર આવ્યું અને તેમાં પ્રસ્તુત ૨૧ દિવસના કલ્પાયેલા ઉપવાસ અને દશમા ઉપવાસે તેમણે કરેલું પારણું આ સંબંધે મુનિ સંતબાલજીને શું કહેવાનું છે તે જાણવાની અને તે જાણ્યા બાદ ઉપરના લેખ સાથે જરૂરી એવી નોંધ ઉમેરવાની મને તક મળી.

'વિશ્વવાત્સલ્ય'ની પ્રસ્તુત અંકમાં 'ઉપવાસો અને પારણાના પ્રત્યાઘાતો' એ મથાળા નીચે લગભગ ચાર કોલમનો મુનિશ્રીનો લેખ પ્રગટ થયો છે. જો કે પ્રસ્તુત ઉપવાસના દબાણ નીચે સાધ્વી સદ્‌ગુણાશ્રીના વલણમાં જરા પણ ફેરફાર થયો નહોતો કે મુનિશ્રીનાં ચરણનું તેમણે કોઈ શરણ શોધ્યું નહોતું. આમ છતાં પ્રસ્તુત લેખનો અડધો ભાગ તેમના ઉપવાસ અને પારણાનું અનુમોદન કરતા પત્રોના ઉતારાઓથી ભરેલો છે અને આ બધું વાંચતાં જાણે કે તેમણે

કલ્પેલી 'ક્રાંતિની પ્રક્રિયાની રૂકાવટનું નિરાકરણ' થઈ ગયું હોય એવો ભાસ ઉત્પન્ન થાય છે. જેવી રીતે કર્મવીર નેપોલિયનના શબ્દકોષમાં 'અશક્ય' એવો શબ્દ નહોતો તેમ મુનિ સંતબાલજીના શબ્દકોષમાં 'અસફલતા' કે 'નિષ્ફળતા' —એવો કોઈ શબ્દ જ નથી. તેમના લખાણનો ધ્વનિ જોતાં આગળના સંપૂર્ણ અસફળ છતાં તેમના લખવા મુજબ સંપૂર્ણ સફળ બનેલા સાણંદના શુદ્ધિપ્રયોગની માફક આ કેવળ નિષ્ફળ બનેલો શુદ્ધિપ્રયોગ પણ સંપૂર્ણ રીતે સફળ બન્યાનો આભાસ ઉત્પન્ન કરે છે.

તેમણે રજૂ કરેલા મિત્ર—પ્રશંસકોના અનુમોદક ઉદ્ગારો વિષે મારે કશું કહેવાનું નથી, પણ આટલી વાત હું જાણું છું કે પ્રસ્તુત ઉપવાસ ઉપર જવાના તેમના વિચારનો તેમના લગભગ બધા સાથીઓએ વિરોધ કર્યો હતો અને તેમાંના કોઈના ગળે આ ઉપવાસનું વ્યાજબીપણું તેઓ ઉતારી શકયા નહોતા.

બીજું આ લેખની શરૂઆતમાં પોતાને મળેલા પત્રોમાંના ઉતારા રજૂ કરતા મુનિ સંતબાલજી જણાવે છે કે "(૧) 'એક કેવળ અણસમજ ભર્યા શુદ્ધિપ્રયોગનો આથી (દશમા ઉપવાસે કરાયલા પારણાથી) અંત આવે છે તેથી આનંદ થયો. મૂળમાં ધારેલા એકવીસ ઉપવાસ આ રીતે સંકેલવા માટે શું નિમિત્તો ઊભાં કર્યા એની કશી સમજ ન પડી.' (૨) આ પ્રાયશ્ચિતનો વિચાર જ પ્રાયશ્ચિત યોગ્ય છે.' સદ્ભાગ્યે આ બન્ને શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ઉછરેલા સમાજના સભ્યોના ઉદ્ગારો છે. પણ જેઓ એ સંપ્રદાયના હોવા છતાં જૂના પરિચિત અને સાધ્વીજીની નજીકનાં છે, તેઓને સાધ્વીજીના શિબિરમાં નહિ આવવાના કારણે ક્રાંતિની પ્રક્રિયામાં રૂકાવટ થઈ છે એ વાત ગળે ઉતરી ન હતી. તેથી આ ક્ષતિ બદલ લાંબા ઉપવાસો ન હોઈ શકે એમ તેઓ માનતા હતા, પણ તેઓ જ છેલ્લા પત્રમાં જણાવે છે 'સ્તુત્ય પગલું છે, આનંદ થયો," આ ઉપરથી મુનિ સંતબાલજી એમ સૂચવવા માંગે છે કે શરૂઆતમાં વિરોધ કરનારા બે ભાઈઓએ આખરે પ્રસ્તુત ઉપવાસનું અનુમોદન કર્યું છે. આ બન્ને ભાઈઓને હું બરોબર જાણું છું અને તેમના વતી અધિકારપૂર્વક જણાવું છું કે આ બે ભાઈઓએ મુનિ સંતબાલજીના આ ઉપવાસનું અનુમોદનસૂચક કશું પણ લખાણ તેમના આગળ પાછાળના કોઈ પણ પત્રમાં કર્યું જ નથી. સંભવિત છે કે કોઈના વિરોધ સાથે કોઈનું અનુમોદન જોડાઈ ગયું હોય !

મૂળમાં કલ્પાયલા ૨૧ ઉપવાસને ૧૦ ઉપવાસ ઉપર તેમણે કેમ સંકેલી લીધા આ પ્રશ્નનો તેમના લખાણમાંથી એ મતલબનો જવાબ મળે છે કે ઉપવાસ ઉપર ઉતરતી વખતે તેમણે તેમના એક સહકાર્યકર્તા બહેનને અમુક લખાણ લખી બીડીને એક બંધ કવર આપેલું હતું અને તેમાં કયા સંજોગોમાં આ ઉપવાસો સદન્તર બંધ થાય અને કયા સંજોગો અથવા નિમિત્તો પૂરાં પડયે આ ઉપવાસો ઉત્તરોત્તર કમી થાય તેનો મુનિશ્રીએ ચોક્કસ નિર્દેશ કરેલો હતો અને તે મુજબનાં નિર્દિષ્ટ અમુક નિમિત્તો પૂરાં પડતાં અથવા તો ઉભાં થતાં તેમણે મૂળ ધારેલા ૨૧ ઉપવાસમાંથી ૧૧ ઉપવાસ કમી કરવાનું ઉચિત ધાર્યું હતું. તેમના લખાણમાં આપેલું આને લગતું ગણિત કાંઈક અટપટું છે, પણ તેની વિગતો અહિં આપવાની હું કોઈ જરૂર જોતો નથી.

મુનિશ્રી સંતબાલજીની વિચારણા તેમ જ લખાણમાં એક પ્રકારનું ધૂંધળાપણું હોવાનો ઉલ્લેખ ઉપરના મારા લેખમાં કરવામાં આવ્યો છે. મુનિશ્રીના પ્રસ્તુત લેખમાંથી આ ધૂંધળાપણાના નમૂના રૂપે એક પારીગ્રાફ નીચે ઉદ્ધૃત કરવામાં આવે છે:—

"એટલે જ આ પારણામાં મુખ્ય કામ કરી શકય ગૌણ નિમિત્તો અને સમાજ. એક પત્રમાં તો (બંધ કવર ખોલાય તે પહેલાં જ) એકરાર આવ્યો :— "અમે સાધ્વીજીને ઢીલાં પાડવામાં નિમિત્ત થયા છીએ." જો કે ખરેખર તો સાધ્વીજી એવા સંજોગોમાં અને એવી સભાનતાપૂર્વક આવ્યાં છે કે તેમાં મક્કમતા રાખવાનો સવાલ જ ન ઊઠી શકે. પણ અનુબંધ વિચારધારાની ક્રાંતિનો આ સવાલ જેમ સરળસૂથરો હતો તેમ આળો પણ હતો. સ્ત્રી અને પુરુષ જેમ પરસ્પર પૂરક થઈને એ સરળસૂથરો બને છે, તેમ નિર્દોષ પણ સ્થૂળ સ્પર્શ વર્જ્ય હોય તેવાં સાધુ-સાધ્વીઓને પરસ્પર પૂરકતા હૃદયસ્પર્શ માટે આળાપણું પણ ધરે છે, આમ તો સ્થૂલિભદ્ર અને કોશ્યા, સતી સુભદ્રા અને જૈન શ્રમણ તેમ જ વ્યવહારસૂચક આગમોનાં અને ઈતિહાસનાં પ્રમાણો છે જ, છતાં શ્વેતાંબર જૈન સાધુ-સાધ્વીઓની ચાલુ પ્રથા જોતાં જાગૃતપણે સહનિવાસ અને સહપ્રવાસ પણ નવો મુદ્દો લાગે તેમ છે. ભાલ નળકાંઠા પ્રયોગ જૂથ માટે એ સાવ નવો નથી, પણ જે તપ, ત્યાગ અને આક્ષેપ—સહિષ્ણુતાથી તે જૂથ ટેવાયલું છે તે દૃષ્ટિએ આ પાત્રો તેમને સારૂં ડુંગરશી મુનિની જોડીની દૃષ્ટિએ નવાં લાગ્યાં. જો સાધ્વીજી બીજી બધી બાબતોને ગૌણ ગણી જેને કેન્દ્રમાં રાખી સમર્પાયાં છે તેને જ મુખ્ય ગણત તો બધું થાળે પડી જાત અને આ કોઈ પ્રશ્ન ઉઠત નહિ, પણ પ્રશ્ન ઉઠયો. આ રીતે બધું તપાસતાં આ પ્રશ્નમાં મુખ્ય નિમિત્તની સાથોસાથ ગૌણ નિમિત્તો અને સમાજની ફાળવણી હતી."

આ એકાએક ન સમજાય તેવા લખાણમાં જે અનેક ચિત્રવિચિત્ર અને કાંઈક ચોંકાવનારાં સૂચનો રહેલાં છે, તેના વિવેચનમાં અહિં હું ઉતરવા માંગતો નથી. આમ છતાં પણ બે બાબતની સ્પષ્ટતા કરવાની જરૂર ભાસે છે. (૧) મારી જાણ મુજબ જેમને લક્ષમાં રાખીને આ ઉપવાસો આદરવામાં આવ્યા હતા તે સાધ્વી શ્રી સદ્ગુણાશ્રી આ ઉપવાસો દરમિયાત કોઈ પણ ઘડિએ ઢીલાં પડયાં જ નહોતાં. તેઓ ઢીલાં પડયાં એવી મુનિશ્રીને ખબર આપનાર વ્યકિતનો મનનો કેવળ આ ભ્રમ લાગે છે. (૨) "સાધ્વીજી બીજી બધી બાબતોને ગૌણ ગણી જેને કેન્દ્રમાં રાખી સમર્પાયા છે." આ શબ્દો દ્વારા સદ્ગુણાશ્રી મુનીશ્રી સંતબાલજીને કેન્દ્રમાં રાખીને સમર્પાયાં હતાં એવું જે સૂચન કરવામાં આવ્યું છે તે સંબંધમાં જણાવવાનું કે ખરી રીતે આવું કોઈ સમર્પણ પ્રસ્તુત સાધ્વીની કલ્પનામાં કદિ હતું જ નહિ, આ માત્ર મહારાજશ્રીની કલ્પનાની વાતો છે એ મતલબનું સદ્ગુણાશ્રીએ મારી ઉપરના તેમના પત્રમાં સ્પષ્ટપણે જણાવેલ છે. આવા સમર્પણનો ઉલ્લેખ કે ઈસારો કરીને મુનિશ્રી દોષમાં પડે છે અને આ બિચારાં સાધ્વીજીને દોષમાં સંડોવે છે. જૈન સાધુ-સાધ્વીના વિહિત આચારમાં એક સાધ્વીના અન્ય સાધુ પ્રતિ આવા સમર્પણને કોઈ સ્થાન કે અવકાશ હોય એમ હું માનતો નથી.

પરમાનંદ

## સંઘ તરફથી યોજાયેલો નૌકાવિહાર

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૧—૩—૬૨ ફાગણ શુદ પુનમ બુધવારના રોજ સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે એક નૌકાવિહાર ગોઠવવામાં આવ્યો છે. આ માટે નક્કી કરવામાં આવેલી "શોભના" સ્ટીમર ઍપોલો બંદરથી ઉપર જણાવેલ દિવસે રાત્રીના બરોબર આઠ વાગ્યે ઉપડશે અને અગિયાર વાગ્યે ઍપોલો બંદર ઉપર જ નૌકાવિહારમાં જોડાયલાં ભાઈબહેનોને ઉતારશે. આ નૌકાવિહારમાં જોડાવા ઈચ્છનાર સભ્યોએ વ્યકિત દીઠ રૂા. ૨—૫૦ આપવાના રહેશે. સભ્યો સાથેનાં અઢી વર્ષ નીચેનાં બાળકો માટે કશું આપવાનું નહિ રહે. '**શોભના**'માં વધારેમાં વધારે ૩૦૦ પ્રવાસીઓ લેવાના હોઈને નૌકાવિહારમાં જોડાવા ઈચ્છનાર સભ્યોને જરૂરી વિધિ માટે સંઘનાં કાર્યાલયનો સત્ત્વર સંપર્ક સાધવા વિનંતિ છે. આ નૌકાવિહારમાં જોડાવા ઈચ્છતા સભ્યે સંઘનું વાર્ષિક લવાજમ ભરવું જરૂરી છે.

મંત્રીઓ—મુંબઈ જૈન યુવક સંઘ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પંડિત સુખલાલજી તથા ડૉ. પરીખને અનુલક્ષીને આયોજિત સ્નેહસંમેલન | | ૨૦૯ |
| વ્યકિત અને સમાજની પારસ્પરિક પ્રભુતા | દલસુખ માલવણિયા | ૨૧૫ |
| મુનિ સન્તબાલજીનો બાલોચિત શુદ્ધિ પ્રયોગ | પરમાનંદ | ૨૧૭ |

# ચૂંટણીના સંદર્ભમાં વિનોબાજીના પત્રનો અક્ષમ્ય દુરૂપયોગ

ફેબ્રુઆરી માસ દરમ્યાન થયેલા અષ્ટગ્રહયોગે આ દુનિયામાં તો કોઈ નોંધવાયોગ્ય અસાધારણ માઠું પરિણામ નિપજાવ્યું નહિ, પણ આ ગ્રહયુતિએ મુંબઈના ઉત્તર વિભાગમાં ચૂંટણીના અવસર ઉપર ભારે મોટો ઉલ્કાપાત સરજ્યો હોય એમ લાગે છે, કારણ કે સાધારણ રીતે આવી ચૂંટણી-હરીફાઈ વિષે ઉદાસીનતા સેવતી અને આ પ્રકારના ઝુંબેશી રાજકારણથી નિવૃત્ત જેવી લેખાતી અને રાજકારણી રાગદ્વેષથી મુકત એવા સ્વર્ગમાં વસતી વિચરતી વિશિષ્ટ વ્યકિતઓ આ ચૂંટણી જંગ પ્રસંગે, જેવી રીતે વૈકુંઠવાસ છોડીને બાંકે બિહારીલાલજી સતી દ્રૌપદીની વ્હારે ધાયેલા તેવી રીતે, કલેશમય રાજકારણની ધરતી ઉપર એકાએક ઉતરી આવી અને પોતપોતાની માની લીધેલી દ્રૌપદીને મતભીડમાંથી ઉગારી લેવા પ્રયત્નશીલ બની ગઈ. સર્વોદયને વરેલા અને નિષ્પક્ષ લોકશાહીના પુરસ્કર્તા શ્રી જયપ્રકાશ નારાયણે દેશમાં આધ્યાત્મિક મૂલ્યોની રક્ષા કરવી હોય અને ભૌતિક મૂલ્યોને હઠાવવા હોય તો આચાર્ય ક્રિપલાણીને જ મત આપો એવી બુલંદ સ્વરે ઉદ્‌ઘોષણા કરી. વર્ષોથી રાજકારણી નિવૃત્તિને વરેલા સ્વામી આનંદે કોસબાડની શીતળ ટેકરી ઉપરથી ક્રિપલાનીજીને મત આપવાનો સંદેશો પાઠવ્યો. ભાગ્યે જ રાજકારણી બાબતોમાં અભિપ્રાય ઉચ્ચારતા મૂકસેવક શ્રી. વૈકુંઠભાઈ લલ્લુભાઈ મહેતાએ એક જાહેર નિવેદન દ્વારા જયપ્રકાશ નારાયણના સૂરમાં સૂર પૂરાવ્યો. આવી બાબતોમાં સાધારણ રીતે ઉદાસીનતા દાખવતા ધર્મપુરુષ કાકાસાહેબ કાલેકલકર પણ બીજી બાજુએ શ્રી કૃષ્ણમેનનની વહારે ધાયા. આ બધું ઓછું હોય તેમ આખરે દેવાધિદેવ વિનોબા ભાવેને પણ આ વિવાદમાં ઘસડી લાવવામાં આવ્યા.

તા. ૨૨-૨-'૬૨ ના ટાઈમ્સમાં પ્રગટ કરવામાં આવેલા સમાચાર મુજબ શ્રી રામકૃષ્ણ બજાજ એ મતલબનું નિવેદન કરે છે કે મુંબઈના ઉત્તર વિભાગ તરફથી કોંગ્રેસી ઉમેદવાર તરીકે નિયુકત કરવામાં આવેલા શ્રી કૃષ્ણ મેનનના પ્રશ્ન અંગે તેમણે લીધેલા મક્કમ પગલાનું આચાર્ય વિનોબા ભાવેએ અનુમોદન કર્યું છે. યુથ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યાની વિનોબાજીને ખબર આપ્યા બાદ વિનોબાજી તરફથી તેમને મળેલ જવાબને શ્રી રામકૃષ્ણ બજાજે દૈનિક પત્રો દ્વારા પ્રસિદ્ધ કર્યો છે. આ પત્રમાં વિનોબાજી જણાવે છે કે, "તમારો પત્ર મળ્યો, તમારા રાજીનામાના સમાચાર દૈનિક પત્રોમાં મારા જોવામાં આવ્યા નહોતા. અલબત્ત, ભાઈ કમલનયન મને મળી ગયા હતા. પણ તેમણે આ બાબતમાં મને કશી વાત કરી નહોતી. આ બાબતની તો તમારા પત્ર ઉપરથી અને તે સાથે તમે કોંગ્રેસ પ્રમુખ ઉપર મોકલેલા પત્રની નકલ ઉપરથી જ મને ખબર પડી છે. તમારી માન્યતાને હિંમતપૂર્વક વળગી રહીને તમે આ મક્કમતાભર્યું વળણ અખત્યાર કર્યું છે તે જાણીને હું રાજી થયો છું."

એ જ નિવેદનમાં આગળ ચાલતાં શ્રી રામકૃષ્ણ બજાજ જણાવે છે કે, "આ પ્રકારનું મક્કમ વલણ અખત્યાર કરવા બદલ ધન્યવાદ આપતા તેમની ઉપર અને તેમના સાથીઓ ઉપર સંખ્યાબંધ તારો તથા પત્રો આવ્યા હતા, પણ આ સંદેશાઓ અંગત ઉલ્લેખવાળા હોઈને આજ સુધી તેમનો કોઈ પ્રસિદ્ધિ આપવામાં આવી નહોતી. પણ તેમની અને તેમના સાથીઓ વિરૂદ્ધ અમુક હિત ધરાવતાં મંડળો તરફથી એક વ્યવસ્થાપૂર્વકનું આંદોલન ચલાવાઈ રહ્યું હતું અને તેમના શુભ ઈરાદાઓ વિષે શંકાઓ ઉઠાવાવામાં આવી હતી. આ પરિસ્થિતિએ વિનોબાજીનો આ પત્ર પ્રસિદ્ધ કરવાની તેમને ફરજ પાડી છે."

વિનોબાજીના ઉપર આપેલા પત્રની કોઈ તારીખ આપવામાં આવી નથી. પણ શ્રી રામકૃષ્ણ બજાજે આજથી દોઢ મહિના પહેલાં કોંગ્રેસી સભ્ય તરીકે રાજીનામું આપ્યું હતું તેના સંદર્ભમાં વિચારતાં વિનોબાજીનો પત્ર જાન્યુઆરી માસની આખરમાં તેમને મળેલો હોવો જોઈએ. એમ છતાં જ્યારે માથા ઉપર ચૂંટણી આવીને ઊભી રહી હતી, અને પ્રસ્તુત ચૂંટણીના પ્રશ્ને અખિલ ભારતીય સંક્ષોભ—સંઘર્ષનું રૂપ ધારણ કર્યું હતું, અને તેના પ્રત્યાઘાતો પરદેશમાં પણ પડી રહ્યા હતા, અને મુંબઈમાં આ ચૂંટણી જ્યારે ઘર ઘરનો પ્રશ્ન બની બેઠો હતો, ત્યારે આ પત્ર પ્રગટ કરવામાં આવે તેનો આશય આચાર્ય ક્રિપલાણીના પક્ષે વિનોબાજીના નામનું વજન ઢાળવા સિવાય બીજો કોઈ હોઈ ન શકે એ દેખીતું છે. વિનોબાજીના પત્રનો વસ્તુત: એટલો જ અર્થ નીકળી શકે છે કે, પોતાના અંત:કરણના અવાજ પ્રત્યે શ્રી રામકૃષ્ણ બજાજે ચોક્કસ મક્કમતાભર્યું પગલું ભરીને જે વફાદારી દાખવી છે તે જાણીને વિનોબાજી રાજી થયા છે. તેમના રાજી થવાની ક્રિપલાણીજીને કે કૃષ્ણ મેનનને ટેકો આપવા સાથે કશો જ સંબંધ હોય તેવું વિનોબાજીના આ પત્રમાં લેશમાત્ર સૂચિત થતું નથી. આમ છતાં પણ સામાન્ય લોકો આ સૂક્ષ્મ ભેદરેખા સમજી શકવાના નથી અને આવો પત્ર લખીને વિનોબાજી આચાર્ય ક્રિપલાણીજીને ટેકો આપવાનું સૂચવી રહ્યા છે એ અર્થ જ લોકો તારવવાના છે—આમ બરોબર સમજીને શ્રી રામકૃષ્ણ બજાજે વિનોબાજીનો ઉપર જણાવેલ પત્ર ચૂંટણીની કટોકટીના ટાણે ઈરાદાપૂર્વક પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. વિનોબાજીનો પત્ર પ્રગટ કરવા અંગે અંગે શ્રી રામકૃષ્ણ બજાજ પોતાના નિવેદનમાં જે કારણ આગળ ધરે છે તે આપણા ગળે ઉતરે તેવું નથી. આ રીતે વિનોબાજીને—તેમના નામને—આ ચૂંટણીજંગમાં ઘસડી લાવવામાં શ્રી. રામકૃષ્ણ બજાજે એક ભારે અઘટિત કાર્ય કર્યું છે.

પણ શ્રી રામકૃષ્ણ બજાજ આજે એક પક્ષવાદી બન્યા છે અને આજની તુમુલ ચૂંટણી-ઝુંબેશમાં તેમને આ અવિવેકનો ખ્યાલ ન આવ્યો હોય એ બનવા જોગ છે. સાથે સાથે વિનોબાજીની સંમતિ લીધા વિના તેમનો પત્ર પ્રગટ કરવામાં આવ્યો હોય એમ પણ બનવા જોગ છે. પણ જો આ પત્રની પ્રસિદ્ધિ વિનોબાજીની સંમતિ પૂર્વકની હોય તો આ બાબતમાં વિનોબાજી પણ અમુક રીતે દોષપાત્ર બને છે આમ કહ્યા સિવાય ચાલતું નથી. કારણ કે, તેમના આ પત્રની પ્રસિદ્ધિનો કેવો દુરૂપયોગ થવાનો સંભવ છે તેનો વિનોબાજીએ પૂરો ખ્યાલ કરવો જોઈતો હતો.

ભારતના મહા અમાત્ય નહેરુ જેમણે આ પ્રશ્નને વધારે પડતો પોતાનો બનાવી દીધો છે અને જેઓ વિનોબાજી વિષે ઉંડો આદર ધરાવી છે અને વિનોબાજીની નિષ્પક્ષ નીતિ વિષે પૂરી શ્રદ્ધા ધરાવે છે તેઓ વિનોબાજીના આ પત્રની વિગત અને તેનો કૃષ્ણમેનન વિરુદ્ધ પડનારો પ્રત્યાઘાત જાણીને એમ જરૂર બોલી ઉઠશે કે, "બીજા બધા તો ઠીક, પણ વિનોબાજી, આપ પણ મારી સામે?" નહેરુનો આવો કલ્પાયેલો ઉદ્‌ગાર 'You too Brutus!'— તું પણ બ્રુટસ?' એ સુપ્રસિદ્ધ અંગ્રેજી ઉકિતની યાદ આપે છે.

**પરમાનંદ**

## 'રજિસ્ટ્રેશન ઓફ ન્યુસપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬'ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિ સ્થળ : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ.
૩. મુદ્રકનું નામ : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.
કયા દેશના : ભારતીય.
ઠેકાણું : ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.
૪. પ્રકાશકનું નામ, કયા દેશના, ઠેકાણું : ઉપર મુજબ.
૫. તંત્રીનું નામ, કયા દેશના, ઠેકાણું : ઉપર મુજબ.
૬. સામયિકના માલિકનું નામ : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ-૩.

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા. ૧-૩-'૬૨. પરમાનંદ કુંવરજી કાપડિયા—તંત્રી.

માલિક: મુંબઇ જૈન યુવક સંઘ વતી મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૬૨, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## મારી જીવન—સાધના

(શ્રી દુલેરાય માટલિયા સૌરાષ્ટ્રના એક જૂના અને જાણીતા કાર્યકર્તા છે. માલપરા તેમનું મુખ્ય કાર્યક્ષેત્ર છે. તેઓ ગઈ વર્ષાઋતુ દરમિયાન મુનિ સંતબાલજી દ્વારા મુંબઈ-માટુંગા ખાતે યોજવામાં આવેલી સાધુસાધ્વી શિબિરમાં પોતાનાં ધર્મપત્ની સાથે જોડાયા હતા. તેમને ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે નિમંત્રણ આપવામાં આવેલું. વિષય અંગે તેમની આજ સુધીની જીવનસાધનાની વિગતો અને ઘટનાઓમાંથી તારવીને યોગ્ય લાગે તે રજૂ કરવાનું સૂચવવામાં આવ્યું હતું. તે પ્રસંગે તેમણે પોતાના કેટલાક જીવનપ્રસંગો સંભળાવીને શ્રોતાજનોને અત્યંત મુગ્ધ કરેલા. ત્યાર બાદ આ જીવનપ્રસંગો અને અનુભવોને જરૂરી સુધારા વધારા સાથે વ્યવસ્થિત રીતે લખી મોકલવા મેં તેમને વિનંતિ કરી હતી. જણાવતાં આનંદ થાય છે કે મારી વિનંતીનો આદર કરીને તેમણે પોતાના આજ સુધીના અનુભવોને યોગ્ય તારવણીપૂર્વક શબ્દબદ્ધ કરીને મોકલ્યા છે. આ લખાણમાં તેમની જીવનસાધનાનું આપણને પ્રેરક દર્શન થાય છે. તેમાં પણ નિર્ભયતાની તેમણે કરેલી સાધનાની વિગતો ભારે રોચક અને ઉદ્બોધક છે. એક સહૃદય સંસ્કારશીલ વ્યકિત એક ગામડાના ખૂણે બેસીને કેટલી મોટી સામાજિક તપસ્યા કરે છે અને પોતાના ગામને કેટલું ઊંચું લાવે છે તેનું આ લખાણ દ્વારા આપણને એક સુંદર આલેખન પ્રાપ્ત થાય છે. આ લખાણનો પહેલો હપ્તો નીચે આપવામાં આવે છે અને બાકીનો ભાગ હવે પછીના અંકોમાં ક્રમશ: પ્રગટ કરવામાં આવશે. **પરમાનંદ**)

પંડિતજીએ, ગામડાંમાં જવાનું કારણ અને મારા અનુભવો આપની સમક્ષ રજૂ કરવાની આજ્ઞા કરી છે. એટલે થોડા સંકોચ છતાં, આપની પાસે હું તે અંગે કહીશ.

### ધર્મસંસ્કાર

માલપરા જવા પાછળનો આશય ન્યાયપૂર્વકની આજીવિકા-પ્રાપ્તિ અને ધર્મમય જીવન જીવવાનો હતો. આજીવિકાશુદ્ધિનો અને વ્રતમય જીવન જીવવાનો વિચાર મને જૈન ધર્મમાંથી મળ્યો છે. મારા કુટુંબે મને જૈન ધર્મના સંસ્કાર આપ્યા. મારા કુટુંબમાં દેરાસરમાં દર્શન કરવા જવાનો, સાધુ-સાધ્વીના વ્યાખ્યાનમાં જવાનો અને રાત્રે સદ્વાચનનો રીવાજ હતો. નાની ઉમ્મરમાં સ્થાનકવાસી સાધુઓએ વ્રત-ઉપવાસ, પ્રતિક્રમણ અને જીવવિચાર વગેરે દ્વારા દીક્ષા લેવા સુધીનો ભાવ ઊભો કર્યો હતો. તત્વ પાઠ અને પચ્ચખાણ દ્વારા મોક્ષની અભિલાષા નાનપણથી પોષાણી. કિશોર વયે મોરબી જવાનું થયું. ત્યાં દેરાવાસી સાધુઓનો સત્સંગ થયો. પૂજા-પાઠ, ઉત્સવો વગેરે તરફ વળ્યો અને નવતત્ત્વ, અધ્યાત્મ કલ્પદ્રુમ અને યશોવિજયજીનાં પુસ્તકોના વાંચને આધ્યાત્મિક જીવનની ઝંખના મારામાં ઊભી કરી. પૂજાપાઠ અને પ્રતિક્રમણ નિત્ય કરતો. ગાંધીજી તરફ ઘણો પૂજ્યભાવ હતો, પણ જૈન સાધુઓએ મને એમ સમજાવેલ કે તે વાછરડા મારે છે, વાંદરા મારે છે, ઢેઢ સાથે જમે છે, એટલે ગાંધીજીનો માર્ગ મોક્ષનો માર્ગ નથી. તે સમયે મારે મન ગાંધીજી દેશનેતા હતા, પણ ધર્મપુરુષ તરીકે મેં તેમને પીછાણ્યા ન હતા. જૈન તત્ત્વજ્ઞાન, પૂજાપાઠ અને ક્રિયાકાંડમાં તેમ જ નાની મોટી તપશ્ચર્યામાં મારું ધાર્મિક જીવન સીમિત હતું.

### અસમાધાન

મેં નાની સરખી દુકાન માંડી હતી અને હું કાપડનો વેપાર કરતો હતો. રોજ સવારે પૂજાપાઠ અને સાંજે પ્રતિક્રમણ કરતો. પૂજામાં દ્રવ્યાદિનો મોહ છોડી વીતરાગ થવાનો ભાવ ભાવતો અને પ્રતિક્રમણમાં દિવસ દરમિયાન થયેલા દોષનું પ્રાયશ્ચિત કરતો. એ વખતે નાના વેપારીની સ્થિતિ એવી હતી કે ઘરાકોને સાચા-ખોટા ભાવ કહેવા પડે. નંબરી વસ્તુનો ઓછો ભાવ કહેવાય, અને બીજા માલનો વધારે ભાવ કહેવાય. ટૂંકી મૂડીના વેપારીઓ વચ્ચે ગળાકાપ હરીફાઈ હતી. તેમાં ટકવા એકને બદલે બીજો એટલે કે ઘેટાં છાપ જીનને બદલે દરજી છાપ જીન (હલકો માલ) પણ આપતો. જૂઠું ન બોલવાના અને નહીં છેતરવાના પ્રાયશ્ચિત મોઢેથી બોલવા અને રોજના વહેવારમાં આવું આચરણ કરવું તે વસ્તુ મને ખૂંચતી હતી અને ઘણી વખત આંખમાં આંસુ આવી જતાં. સાધુઓ આ સંબંધી મૌન રહેતા, અને "વ્રત લીધુ નથી, ત્યાં સુધી દોષ ઓછો લાગે" એવું મને મનાવતા. અને શ્રાવકો "વહેવારમાં તો આમ જ ચાલે" તેવી લાચારી બતાવતા. ધર્મ અને વહેવાર વચ્ચેના આ દુર્મેળે મારા મનમાં અસમાધાન ઊભું કર્યું અને દુકાન છોડવાનો તેમ જ સમાધાન ન થાય ત્યાં સુધી અભ્યાસ ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. દુકાન છોડવાથી મારા પિતાશ્રીની મુશ્કેલી વધતી હતી. મારા કુટુંબીઓ અને પૂજાપાઠ તથા વ્રત પચ્ચખાણના સાથીદારોને પણ મારા વિચારમાં વેદિયાપણું લાગતું હતું. આમ છતાં મારે માટે તે સિવાય બીજો ઉપાય નહોતો. મારા પિતાશ્રીનું મન દુભવીને જતો હતો, તે કારણે કૉલેજના ખર્ચની રકમ તેમની પાસેથી ન લેવાનો મેં નિશ્ચય કર્યો. માત્ર સ્નેહના પ્રતીક તરીકે મેં તેમની પાસેથી પચાસ રૂપિયા લીધા અને છેલ્લા વર્ષમાં તેમની ઈચ્છા પ્રમાણે આયુર્વેદની પરીક્ષા આપીને સો રૂપિયા લીધા હતા. આમ છતાં મારા અને કુટુંબ વચ્ચેના પ્રેમ સંબંધમાં કયારેય વિક્ષેપ આવ્યો નહોતો. ૧૯૪૨માં વડિલોપાર્જિત મિલ્કત અને દાગીનાનો મેં ત્યાગ કર્યો ત્યારે કુટુંબના સભ્યો ખૂબ રડયા હતા.

કૉલેજમાં અભ્યાસ કરતો હતો ત્યારે કાનજીસ્વામીના પ્રવ-ચનોથી આકર્ષાયો હતો. દોઢ વર્ષ સુધી તેમના સાહિત્ય અને

સત્સંગથી પરિચિત રહ્યો. નિશ્ચયનયના તેમના તર્કબદ્ધ વ્યાખ્યાનોએ જૈનદર્શન સમજવામાં મને ઘણી મદદ કરી. પણ જિજ્ઞાસુના જીવનવહેવાર અને તત્ત્વજ્ઞાન વચ્ચે તેમ જ સ્વપુરુષાર્થ અને પરચા પછવાડે દોડવાની વૃત્તિ વચ્ચે મને સુમેળ ન દેખાયો. એટલે મારું અસમાધાન તો ત્યાં પણ જેમનું તેમ રહ્યું. એ રીતે સ્થાનકવાસી, મૂર્તિપૂજક શ્વેતાંબર અને મૂર્તિપૂજક દિગંબર ત્રણેય સંપ્રદાયના સાધુ પુરુષોએ, ધર્મ ગ્રંથોએ અને ક્રિયાકાંડે મારામાં જૈન સંસ્કારોનું સીંચન કર્યું. પણ તત્ત્વ અને વહેવાર વચ્ચેનો સુમેળ તૂટેલો લાગતો હતો, તે કેમ સંધાય તે બાબતનું સમાધાન મને તે આપી શક્યા નહીં.

### સમાધાનના માર્ગે

આ સમય દરમિયાન ગાંધીજીનું કેટલુંક સાહિત્ય મારા વાંચવામાં આવ્યું. ધર્મ મંથન, વ્યાપક ધર્મભાવના, અહિંસા, ધર્મ-સંસ્થાપન, મંગલ પ્રભાત, ગીતાબોધ, વગેરે વાંચતા હું ગાંધી-વિચારમાં તરબોળ બન્યો. કિશોરભાઈના 'ગાંધી વિચારદોહન' અને 'ગીતા મંથને' તેમ જ વિનોબાજીના 'મધુકરે' ગાંધીવિચારનો આધ્યાત્મભાવ મને સમજાવ્યો. વજુભાઈ શાહના સૌજન્યે તથા સ્નેહભરી હૂંફે મને ગાંધીસાહિત્યનો અને ગાંધીવિચારથી ચાલતી સંસ્થાઓનો પરિચય આપ્યો અને હું ચલાળા ગયો. ચલાળામાં નાગરદાસ-ભાઈનું જીવન, તેમની દિનચર્યા, કાર્યકર્તાનો પ્રયત્ન જોયા. તેમની સાથે દોઢ માસ રહ્યો. આચાર અને વિચારની એકતાનો, વ્રતમયી જીવનનો અને વહેવાર માત્રમાં સત્ય, અહિંસાને લક્ષમાં રાખી ચાલવાનો તેમનો પ્રામાણિક પ્રયત્ન હતો. વ્રત અને વ્યવહારના સુયોગ્ય મેળ અંગે ચલાળામાં જ મને પહેલું સમાધાન થયું. ચલાળામાં મૌન સેવાકાર્ય ચાલતું હતું. પણ મારા મનમાં આ બધા સેવાકાર્ય પાછળ પણ શું?—આ કાર્ય અને અધ્યાત્મલક્ષ કેવી રીતે સાથે વણાઈને રહે?—તે સંબંધી જિજ્ઞાસા હતી. ચલાળામાં આજીવિકાશુદ્ધિનો યજ્ઞ ચાલતો હતો. પણ મારી ભૂખ આ યજ્ઞને વ્યાપક કરનારા તત્ત્વજ્ઞાનની હતી. સુયોગે કાઠિયાવાડ રાજકીય પરિષદની એક બેઠકમાં મનુભાઈ પંચોળીનું પ્રવચન મને સાંભળવા મળ્યું. મારા મનમાં ચાલતા વિચારોનું તેમાં પ્રતિબિંબ હતું, એટલું જ નહિ પણ તેને દોરનારું દર્શન પણ તેમાં દેખાતું હતું. મનુભાઈ પાસે થોડા દિવસ રહેવાની ઈચ્છા મેં મૂકી. ને આંબલાની એક ગ્રીષ્મ શિબિરમાં હું વિદ્યાર્થી તરીકે દાખલ થયો. પૂજ્ય નાનાભાઈએ અને ગ્રામદક્ષિણામૂર્તિના પરિવારે મારો દ્વિજસંસ્કાર કર્યો. ખેતી-ગોપાલન, ગ્રામોદ્યોગ, શિક્ષણ અને આરોગ્ય દ્વારા શુદ્ધ આજીવિકાનો માર્ગ તેમણે બતાવ્યો. અંગત વ્યવહારશુદ્ધિ અને જાહેર સંસ્થાઓના નૈતિક ધોરણોની શુદ્ધિનો ખ્યાલ એમણે મને આપ્યો. પૂજ્ય નાનાભાઈએ તત્ત્વ અને વહેવારના સુમેળ ઉપરાંત વ્યક્તિ અને સમાજ વચ્ચેનો—સમાજ અને સમષ્ઠિ વચ્ચેનો—સુમેળ પણ અનિવાર્ય છે તે વાત સમજાવી, હિન્દુ દર્શને આ બધા પ્રકારના સુમેળો કેવી રીતે વણી લીધા છે તેની દૃષ્ટિ મને તેમણે આપી. આ સુમેળ ભય કે બળજબરી ઉપર ન સાધવો હોય તો માત્ર શિક્ષણ જ મૂળભૂત ઉપાય છે, તે વાત તેમના જીવનમાંથી હું સમજ્યો.

નાનાભાઈ—મનુભાઈ પાસેથી વ્યક્તિ અને સમાજનો સુમેળ, જ્ઞાન અને વહેવારનો સુમેળ, આચાર અને વિચારનો સુમેળ હોય તો જ આધ્યાત્મિક સુસંવાદ રચાય, તેવી પ્રતીતિ થયા પછી મુનિ સંતબાલના ધર્મદૃષ્ટિએ સમાજ રચવાના વિચારોની ભૂમિકા સમજવાની જિજ્ઞાસા થઈ. તેમના કાર્યપ્રદેશમાં ફર્યો; તેમની સાથે એકાદ માસ રહ્યો અને તેમની 'ૐમૈયા' દ્વારા વિશ્વવાત્સલ્ય ઉપાસનાનો રંગ પણ લીધો.

ગ્રામદક્ષિણામૂર્તિની છાયામાં પાંચ વર્ષ રહ્યા પછી સમ્યક આજીવિકા માટે શિક્ષણનો વ્યવસાય અને ધર્મમય સમાજ રચવા માટે સંતબાલની શ્રેયસાધના લક્ષમાં રાખીને માલપરાનું સેવાક્ષેત્ર પસંદ કરવાનો પૂજ્ય નાનાભાઈ પાસે મેં વિચાર રજૂ કર્યો. મારું શરીર માંદુ રહેતું, એટલે પૂજ્ય નાનાભાઈએ પ્રથમ ના કહી, પણ જ્યારે મેં ખૂબ આગ્રહ રાખ્યો ત્યારે માલપરા આવવાની રજા આપી. રજા આપતી વખતે તેમની આંખો ભીની થઈ હતી. નિર્ણયોમાં વજ્ર જેવા લાગતા પૂ. નાનાભાઈના હૃદયમાં કેવું અમી પડ્યું હતું તે તેમના આંસુએ બતાવ્યું. સંતબાલની વત્સલતા અને પૂ. નાનાભાઈના અમીમાંથી વાત્સલ્યધામનો જન્મ થયો.

### માલપરામાં આગમન

મેં માલપરામાં પ્રવેશ કર્યો તે અરસામાં ગાંધીજીએ 'હરિજન-બંધુ'માં જીવનની જરૂરિયાત માટે ગ્રામ-સમાજ પર નિર્ભર રહેવાની ગ્રામસેવકને ભલામણ કરેલી. માલપરા ગામના લોકો પાસે મને શિક્ષણ અને વૈદુ આવડે છે તે વાત મેં રજૂ કરી. ગામલોકોને વૈદની જરૂર હતી. એટલે મને આવત બાંધી આપ્યું. ઘર દીઠ અમુક અનાજ બાર માસે આપવું તેમ ઠરાવ્યું. ભાવનગર પ્રજાપરિષદે વેતન આપવાની ભલી લાગણી બતાવી. એ જ રીતે ગ્રામદક્ષિણામૂર્તિએ પણ પોતાના જ કાર્યકર્તા તરીકે કામગીરી સોંપવાની વાત કરી. મેં વેતન તો ન લીધું પણ પ્રજાપરિષદ પાસેથી પેપરના લવાજમની અને ગ્રામદક્ષિણામૂર્તિ પાસેથી બે ફાનસ તથા થોડી ચોપડીઓની પ્રતિક ભેટ લઈને તેમની સાથે સ્નેહ—સાતત્ય જાળવી રાખ્યું અને મારા પિતાશ્રીના હાથે દવાખાનાનું ઉદ્‌ઘાટન કરાવી તેમના આશીર્વાદ અને દવાઓની ભેટ લઈને મારા કુટુંબનો પણ સહયોગ મેળવ્યો. ઈશ્વરકૃપાએ માલપરા ગામને ગ્રામદક્ષિણામૂર્તિ જેવી સેવાસંસ્થા, પ્રજાપરિષદ જેવી રાજકીય સંસ્થા અને મારા કુટુંબનો સહયોગ મળવાથી હું પ્રસન્નચિત્તે માલપરાની પ્રવૃત્તિમાં પરોવાયો. માલપરાની પ્રવૃત્તિનો યશ આ સૌને ફાળે જાય છે.

### સ્પર્શ ભાવના

માલપરાના આગેવાનોએ મને પ્રેમથી સ્વીકાર્યો. સૌએ પત્રિકા છપાવીને નાનાભાઈના હાથે બાલમંદિરનું ઉદ્‌ઘાટન કરાવ્યું. અમારું બાલમંદિર અને દવાખાનું ચાલવા લાગ્યાં. અમે સ્વામીનારાયણના મંદિર નજીક રહીએ છીએ અને આમારું ગામ વૈષ્ણવ છે. એ કારણે અસ્પૃશ્યતાના પ્રશ્નને આળો ન બનાવવાનું મેં વિચાર્યું ન હતું પણ કુદરતે મારી આ નબળાઈની કસોટી કરી. હજુ હું નવોસવો હતો. તેવામાં એક હરિજન બહેન પત્ર વંચાવવા આવ્યા. મેં એમને આદરથી ઓશરીમાં બેસાડયા અને પત્ર વાંચી સંભળાવ્યો. આને લીધે ગામમાં ઘણો ઉહાપોહ થયો. બેએક દિવસ ગામલોકોનો અસહકાર પણ રહ્યો. પરંતુ ખોજડિયાથી વાઘાદાદા, જેમની ધર્મ સંબંધીની સમજ ઊંડી ગણાતી હતી એમણે માલપરા આવીને ગામ-લોકને સમજાવ્યું અને સૌ સૌની માન્યતા પ્રમાણે વર્તે તે પ્રકારે અમારી વચ્ચે સમજ થઈ. મેં એક હરિજન બાળકને મારે ઘેર રાખ્યો, તો પણ ગામે તે પ્રેમપૂર્વક ચલાવ્યું. સ્વાતંત્ર્ય દિનના ઉત્સવના મુખ્ય મહેમાન વજુભાઈ શાહનું પ્રથમ સ્વાગત એક ભંગી બહેને કર્યું. અને મારે ઘેર બે હરિજન બાળકો ભણવા આવવા લાગ્યા, તે પછી પાંચેક વર્ષે જલાશય ખુલ્લું મુકાયું. અને છ સાત વર્ષ બાદ દેવમંદિર ખુલ્લાં મુકાયાં.

### સર્વધર્મસમભાવ

માલપરામાં અમે સમૂહપ્રાર્થના શરૂ કરી. પ્રાર્થનામાં ઘણી વખત જૈન સ્તવન આવે, એ પરથી ગામના પુરોહિતને અને

કેટલાક રૂઢિચુસ્ત ભકતોને "બધાને જૈન બનાવશે" તેવી શંકા આવી. સામેથી વૈષ્ણવ દર્શન સમજવાની મને પણ જિજ્ઞાસા થઈ. ત્રણ દિવસ ઉપવાસ કરીને 'ૐ મૈયા' 'રાધાકૃષ્ણ' ઈત્યાદિ જાપ કર્યા. ચોથે દિવસે વાઘાદાદાએ પુષ્ટિમાર્ગના વલ્લભાચાર્ય કૃત ગ્રંથો મોકલ્યા. જિજ્ઞાસા અને અભિમુખતાને કારણે તેનો શબ્દે શબ્દ મેં ભકિતથી પીધો. ક્ષિતિજમાં જૈન અને વૈષ્ણવદર્શન એકરૂપ થતા લાગ્યા. અને મેં ગાયું—

"જીવસ્વરૂપ હું બની ગઈ રાધા
કૃષ્ણ—સિદ્ધગતિ સ્વામીજી
કર્મ વસ્ત્રનું હરણ કરે તો
નીજ ગતિને જઉં પામી જી."

અવિદ્યારૂપી કે કર્મરૂપી વસ્ત્રાહરણ થતાં જીવ શિવ બની જાય છે, આત્મા પરમાત્મા બની જાય છે. તે બાબતમાં બંને દર્શનની એકતા દેખી. મારું જૈનદર્શન વધારે પુષ્ટ બન્યું અને એના વહેતા પ્રવાહે હિન્દુ ધર્મના મહાસાગર સાથે સંગમ કર્યું. અને મારી અને ગ્રામજનોની ઉપાસના એકાકાર બની. જેમાં મહંમદ, ઈશુ, જરથોસ્ત અને બુદ્ધ ભગવાન પણ ભળ્યા.

### અભય સાધના

મારા નિવાસને બે માસ થયા હશે, ત્યાં ખેતરો મોલાતથી ભરાઈ ગયા. આ ભરચક ખેતર વચ્ચે મેં કિસાનોને રાત જાગતાં, ભયભીત થતાં અને લાચારીથી ખુશામત કરતાં જોયાં. અમારા ગામની એક સીમમાં અમૂક રંજાડી લોકો ઘોડાં લઈને આવે. ખેડૂતો તેને ચા-પાણી પાય, રજકા વાઢી આપે અને કાલાવાલા કરીને પાછા વાળે. કમોદ રજકામાં ભાગ પણ આપે. ન આપે તેનાં મંડાણ કૂવામાં નાખી દેવાય, મોલાતમાં ચોરી થાય અને ક્યારેક બંદુકના અવાજ કરી ભય પણ પમાડે. ઊગમણી સીમમાં ઢોરનો ગંદવાડ રહેતો, ચારણ, ભરવાડો અને દરબારોના ઢોરના ત્રાસે લગભગ ૨૦૦ એકર જમીન પડતર રહેતી અને ખેડનારાઓને પણ ભારે રંજાડ ભોગવવી પડતી. પશ્ચિમની સીમે બાઈ માણસથી જવાય જ નહિ. બહેનોની રંજાડ થાય તેની વાત પણ કોઈ ભયના માર્યા કરતું નહીં. તે સીમવાળા પણ કેટલાક માથાભારે તત્ત્વોને કંઈ ચીજવસ્તુ આપી મનાવી લેતા. અને ખૂદ ગામમાં પણ ઢોરનો ગંદવાડ હતો. આમ ચોતરફથી ભયભીત અને લાચાર સમાજ વચ્ચે મારે કામ કરવાનું છે તેનો મને પહેલી વાર ખ્યાલ આવ્યો. આ ભય કેવો હતો તેના બેએક દાખલા આપીશ.

અમારા પાડોશના ગામના એક વણીકે વનિતાવિશ્રામની એક બાઈ સાથે લગ્નસંબંધ બાંધ્યો. બાજુના ગામના કાઠી, બાઈને ઉપાડી ગયા. ગામે તેની વહાર લેવાને બદલે તારો જાન લેશે તેમ ડરાવીને તેને ફરિયાદ કરતો રોકયો. પેલા ભાઈ સમસમીને બેસી રહ્યા. એક બીજા ગામના મોચી મારી પાસે ફરિયાદે આવ્યા. અમુક માથાભારે લોકો તેના ઘરમાં પડયા, તેને બાંધ્યો અને તેના દેખાતા જ તેની સ્ત્રી પર અત્યાચાર કર્યો. બંને માણસ રોતા મારી પાસે આવ્યા હતા. આ બધાથી હું અકળાતો હતો તેવામાં જ પડખેના ગામના દરબારનું એક ઢોર ડબે બંધાયું. ગામ દેખતા તે ડબ્બેથી ઢોર છોડી ગયો અને જાસો બોલતો ગયો. મેં તેની ફરિયાદ નોંધાવી. પણ એ માણસનો ડર એવો કે ચોકીદાર કહે કે મેં ઢોર બાંધ્યું નથી. મુખી કહે કે તેમને ખબર નથી. ખેતર ધણી કહે કે મારા ખેતરમાં આવ્યું નથી અને જેની રૂબરૂ ઢોર છોડી ગયો તે પંચ કહે કે અમને ખબર નથી. આ બધાએ આ માણસના રંજાડની મને રૂબરૂ વાત કહેલ અને ફરિયાદ વખતે એક પણ માણસની બોલવાની હિંમત નહીં. આ વસ્તુનો મને અચંબો લાગ્યો. મારી પ્રાર્થના અને પ્રવચનો, સત્ય અને અહિંસાનો ઉપદેશ, એ બધું તૂટેલા વાસણમાં પાણી નાખવા જેવું લાગ્યું. કાયરતા ન જાય, ત્યાં સુધી બીજા વ્રતોમાં ટકી નહીં શકાય એમ લાગવાથી અભયવ્રતને સામુદાયિક બનાવવાનો મેં નિર્ણય કર્યો. બીજે દિવસે હું તે માણસને ગામ ગયો. જમવાનું એને જ ઘેર રાખ્યું અને જમતી વખતે રોટલો ચોખ્ખો કરે તો જમું તેવો આગ્રહ કર્યો. તેનામાં અતિથિસત્કારનો સંસ્કાર હતો અને સજ્જનને પારખવાની સૂઝ હતી. એટલે એણે એની મુંઝવણ કહી. વર્ષોથી તેની ૫૦ એકરની તસુએ તસુ જમીન નજીવી રકમમાં મંડાઈ ગઈ છે. "ખેતી જો હાથમાં આવે તો પાપધંધો છોડું." તેવું તેણે કહ્યું. મેં ગાયનું દૂધ લઈ તેનું મન મનાવ્યું. એણે મને વચન આપ્યું કે "જો જમીન મળશે, તો રંજાડ છોડીશ." વાઘાદાદા પાસે તેની જમીન હતી, તેમને હું મળ્યો. વાઘાદાદાએ જમીન છોડી દેવાનું વચન આપ્યું. બીજે વર્ષે તે ભાઈએ ઘોડી વેચી બળદ લીધા અને ખેતી કરતા થયા.

આ ભાઈના ખેંચાઈ જવાથી એના જોડીદારની જોડી તૂટી. એ અમારા પર ખૂબ રોષે હતા. ગામના જુવાનિયા મારફત રંજાડી ઢોરને ડબે પૂરવાનો અમે કાર્યક્રમ રાખ્યો હતો. રંજાડ કરનારા ઉપર એની અસર પણ પડી હતી. રંજાડમાં આ ભાઈના જોડીદારના સાંઢિયાની રંજાડ ખૂબ હતી. ડરથી કોઈ તેને પકડતું નહીં. અમારી રાત્રીસભાની ચર્ચામાં 'સાંઢિયાને પગે ઘાયલ કરવો જોઈએ' તેવી કોઈકે દરખાસ્ત કરી અને બીજે દિવસે ખુલ્લી તલવાર લઈને તે ભાઈ એક ભાઈને મારવા આવ્યા. પ્રથમ ખુલ્લી તલવારે મારા પર ધસી આવ્યા. મેં મક્કમતાથી તેની પાસે જઈને તેમને સમજાવ્યા. છેવટે તેના સાંઢિયાને ગળે વળગી રહ્યો. ગામના અર્ધા પોણાં જુવાનિયા ભેગા થઈ ગયા, પણ ડરથી એવા ડઘાઈ ગયા કે કોઈ કશું કરી શકયું નહિ. આવનારે દારૂ પીધો હતો, ખુલ્લી તલવાર હતી અને તેથીયે વિશેષ તેની ધાક હતી. એટલે પૂતળાની જેમ ગામલોકો જોઈ રહ્યા. સોએક વાર જેટલો તે મને સાંઢિયાને ગળે લટકતો લઈ ગયો. પછી એની મેળે જ મને સાંઢિયા પર લઈ લીધો. ગામના પાદરમાં જ ગામના મુખી મળ્યા. તેણે રંગ પારખી લીધો અને ફોસલાવીને તે ભાઈને અને સાંઢિયાને તેમને ઘેર લઈ ગયા. દારૂ ઉતર્યો પછી તેણે દિલગીરી બતાવી. આપણે એને ઉદારતાથી ક્ષમા આપી, એટલું જ નહીં પણ તેને સલામતી ધારામાં લઈ ગયા ત્યારે હું તેનો જામીન થયો.

આ પ્રસંગથી ગામને રાહત મળી, પણ કેટલાંક માથાભારે તત્ત્વો ઉશ્કેરાઈ ગયા. એક બાજુથી આવા માથાભારે તત્ત્વોનો કચવાટ હતો, બીજી બાજુથી પોલીસ ખાતાનો અને આવા તત્ત્વોનો મેળ હતો. તેમાં વળી ગણોતધારાને કારણે ગરાસદાર ભાઈઓનો કચવાટ વધ્યો. એમણે ગણોતિયાઓ પર ધીમું દમન શરુ કર્યું, અને ગણોતિયાની હક્કરક્ષા જાળવવાની જરૂરિયાત આપણે લોકોને સમજાવી. કેટલાક ગરાસદારોની સામે થઈને આપણે ખેડૂતોને દોરવણી આપી. એથી એમનો ધુંધવાટ વધ્યો. એવામાં વીસા માંજરિયાની ટુકડીએ ખેડૂતોના નાક કાપવા શરુ કર્યા. જગુભાઈ અને મગનભાઈ નામના અમારા બે કાર્યકર્તાઓ ભયગ્રસ્ત વિસ્તારમાં લોકોને હિંમત આપવા ગયા અને રહ્યા. એની સમજ પ્રમાણે તેઓએ બંદુક લઈને પણ બીજાને બંદુક ઉપાડતા શીખવી અને મેં માથાભારે તત્ત્વોને આશરો આપનારાઓને આશરો ન આપવા માટે સમજાવવાનું, અને ન માને તો જાહેરમાં ઉઘાડા પાડી અપ્રતિષ્ઠિત કરવાનું કામ માથે લીધું. આથી ભૂપત અને કાળુ વાંકની ટોળી અમારા પર રોષે ભરાઈ. એના એક સાગરિતના કહેવા પ્રમાણે ધનતેરશની રાત્રે એણે માલપરા ભાંગવાનો અને મારા ખુનનો વિચાર કર્યો હતો. તે અંગે એક જોડીદારે કારતુસ પણ લાવી દીધેલા. કારતુસ લાવનારે કારતુસ લાવવાનું અને પોતાની વાડીમાં

( અનુસંધાન ૨૨૬ મે પાને )

# અમારો કાશ્મીરનો પ્રવાસ–૯

## અમૃતસર, ચંડીગઢ, સીમલા

તા. ૧૫-૧-૬૨ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ અમારા કાશ્મીરના પ્રવાસના વર્ણનમાં જણાવ્યું તે મુજબ ઓગસ્ટ માસની ૧૮મી તારીખે સવારે પંચતરણીથી નીકળેલા તે તે દિવસે સાંજે અમે પહેલગામ આવી પહોંચ્યા. આ ૨૪ માઈલના ઘોડા ઉપરના આખા દિવસના પ્રવાસથી અમે ખૂબ થાકી ગયા હતા. એટલે પછીના બે દિવસ અમે પહેલગામમાં આરામ લેવામાં જ ગાળ્યા. ૨૦મી તારીખે રાત્રે પાઈન વ્યુ હોટેલમાં અમારા પ્રવાસસંચાલક શ્રી ભગુભાઈએ સંગીતનો જલસો ગોઠવ્યો હતો. પહેલગામ તેઓ ત્રણચાર વાર આવી ગયેલા હોઈને સ્થાનિક વ્યાપારીઓ સાથે તેમને સારો સંબંધ બંધાયો હતો. આમાંથી બે પાંચ સંગીતના શોખીન ગાવાવાળા મિત્રોને તેમણે ખાસ બોલાવ્યા હતા. અમારામાં પણ આ જલસામાં કાચીપાકી પુરવણી કરે એવા અમારા સહપ્રવાસી કસ્તુરભાઈ પણ હતા. રાત્રીના સાડા નવ વાગ્યા બાદ જલસો શરૂ થયેલો તે બાર સાડાબાર વાગ્યા સુધી ચાલ્યો હતો.

પછીની સવારના આશરે નવ વાગ્યે અમે પહેલગામથી રવાના થયા. સાધારણ રીતે પ્રવાસીઓ પહેલગામથી શ્રીનગર આવીને પછી પઠાણકોટ તરફ જાય છે, પણ અમે પહેલગામથી સીધા પઠાણકોટ જવાનો સ્ટેટ ટ્રાન્સપોર્ટવાળા સાથે પ્રબંધ કર્યો હતો. એટલે પહેલગામથી ઉપડયા અને એક પછી એક ગામડાંઓ વટાવતાં વટાવતાં ત્રણેક કલાકમાં બનીહાલ ઘાટ પાસે અમે આવી પહોંચ્યા. અહિં અમે કાશ્મીરને છેલ્લી સલામ કરી. બનીહાલ ઘાટ વટાવીને અમે જમ્મુના પ્રદેશમાં પ્રવેશ કર્યો. સાંજના ભાગમાં કુર્દ પહોંચ્યા. આજે શ્રાવણ સુદ ૧૦નો દિવસ હતો. આકાશ સ્વચ્છ હતું. એટલે આશરે ૬૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલું કુર્દ અને તેમાં પણ સૌથી વધારે ઊંચાણમાં આવેલ યુથ હોસ્ટેલ જ્યાં અમારો રાત્રીવાસો હતો ત્યાંથી દેખાતા વિશાળ પહાડી પ્રદેશને દશમીના ચંદ્રમાની શીતળ ધવલ જ્યોત્સ્ના પ્રગાઢપણે અજવાળી રહી હતી. ખુલ્લી જગ્યામાં બેસીને આ ચાંદનીને અમે મનભર માણી હતી. બીજા દિવસે સવારે અહિંથી અમારો મુકામ ઊઠાવ્યો. બપોરના ભાગમાં જમ્મુ પહોંચ્યા. ત્યાં રઘુનાથજીનું એક ભવ્ય મંદિર છે. તે મંદિર સાથે જોડાયેલી ધર્મશાળામાં બપોરનાં ભોજન માટે રોકાયાં. મંદિર બહુ જોવા જેવું છે. મંદિરની ભમતીમાં જુદા જુદા હિન્દુ દેવીદેવતાઓની જુની મૂર્તિઓ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. વચ્ચેના ભાગમાં રામ તથા સીતાની બહુ જ સુંદર અને કળાપૂર્વક શણગારેલી મૂર્તિઓ છે. જમ્મુમાં બીજા પણ જોવાલાયક હિન્દુ મંદિરો છે. પણ અમારી પાસે વધુ ખોટી થવાનો સમય નહોતો. બપોરના દોઢ-બેને સુમારે ભોજન પતાવીને અહિંથી અમે ઉપડયા. સાંજના પાંચ વાગ્યા લગભગ પઠાણકોટ પહોંચ્યા. રેલ્વે ટ્રેન અમારી રાહ જોતી ઊભી હતી. પઠાણકોટથી અમૃતસર તરફ અમારી ગાડી રવાના થઈ.

રસ્તામાં મનોહર સૂર્યાસ્ત નિહાળ્યો. આકાશમાં વાદળો ઘેરાઈ ચૂકયાં હતા. રાત્રીના સાડા આઠ લગભગ અમે અમૃતસર પહોંચ્યા ત્યારે વરસાદ વરસી રહ્યો હતો. રાત્રી અમારે અમારા ડબામાં જ પસાર કરવાની હતી. સવાર પડી ત્યારે પણ વરસાદ ચાલુ હતો. આમ છતાં દિવસના ભાગમાં અમૃતસરમાં જે કાંઈ જોવાલાયક હોય તે અમારે જોઈ લેવાનું હતું. નવેક વાગ્યે બધાં તૈયાર થયાં. વરસાદના કોટથી સુરક્ષિત બનેલાં અમે ઘોડાગાડી કરીને ઉપડયાં. સૌથી પ્રથમ વિશાળ સરોવર વચ્ચે બાંધેલું નરનારાયણનું મંદિર જોયું. આ મંદિરમાં નરનારાયણ તથા લક્ષ્મીની અત્યંત મનોહર મૂર્તિઓ હતી. મંદિરની બાંધણી પણ કળાપૂર્ણ હતી. ત્યારબાદ બાજુએ આવેલ બહુ પુરાણું એવું દુર્ગામંદિર જોયું. અહિં મહિસાસુર મર્દિની દુર્ગાદેવીના દર્શન કર્યાં. ત્યાંથી આગળ ચાલ્યા અને શિખોના સુપ્રસિદ્ધ સુવર્ણમંદિર આગળ આવી પહોંચ્યા.

અમૃતસર શિખકોમનું મુખ્ય મથક છે. પશ્ચિમ પંજાબમાં હિન્દુઓ તેમ જ શિખોની વસ્તી ઘણા મોટા પ્રમાણમાં છે. આ પંજાબને વિભાજીત કરીને શીખોના જુદો પ્રદેશ ઊભો કરવાની માગણીનો કેન્દ્ર સરકારે ઈનકાર કર્યો હતો. આ અંગે જરૂરી દબાણ લાવવા માટે શીખોના નેતા માસ્તર તારાસીંગ ઓગસ્ટ માસની ગઈ પંદરમી તારીખે એટલે કે અઠવાડિયા પહેલાં જ આમરણાન્ત ઉપવાસ ઉપર ઉતર્યા હતા. આ ચાલુ થયેલા ઉપવાસને લીધે શહેરનું વાતાવરણ તંગ હતું. માસ્તર તારાસીંગ આ સુવર્ણમંદિરની બાજુએ બહુ નજીકમાં રહેતા હતા. તેમને જોવા મળવાનું સ્વાભાવિક રીતે અમારા દિલમાં કુતૂહલ ઊભું થયું હતું, પણ આ સંબંધમાં તપાસ કરતાં માલુમ પડયું કે તેમને માત્ર સાંજના સમયે જ મળી શકાય તેમ છે. આમ આ બાજુએ ફરી વખત આવવાનું શકય ન હતું એટલે એ વિચાર પડતો મૂકવો પડયો.

થોડી વાર પહેલાં નરનારાયણનું મંદિર જોયું તે આ સુવર્ણમંદિરની જ નાના પાયા ઉપરની એક નકલ છે. આ સુવર્ણમંદિરની ભવ્યતા તો કોઈ જુદા જ પ્રકારની છે. અહિં દર્શનાર્થે આવતા જતા સંખ્યાબંધ શીખ ભાઈબહેનો આપણને જોવા મળે છે. આ મંદિરના પ્રવેશદ્વારની ઉપરના મકાનમાં શીખોના બહાદુરીભર્યા ઉજ્જવળ ઈતિહાસનો પરિચય આપતાં ચિત્રો તેમ જ તેમનાં શસ્ત્રાસ્ત્રોનો અને ઐતિહાસિક અવશેષોનો સંગ્રહ કરવામાં આવ્યો છે અને જાહેર જનતાને જોવા માટે તે ખુલ્લો હોય છે. શીખોના મહાન પુરુષોના મોટા મોટા તૈલચિત્રો અહીં આપણને જોવા મળે છે. મોગલ બાદશાહો સાથેની તેમની ધર્મભિદને કારણે થયેલી અથડામણ અને સ્વધર્મના રક્ષણના કારણે તેમણે આપેલા પારવિનાના બલિદાનોની રોમાંચક કથાઓ આપણી સ્મૃતિમાં આ મ્યુઝીયમમાં ફરતા તાજી થાય છે. આથી સારી રીતે પ્રભાવિત બનેલા અમે મુખ્ય દરવાજામાં દાખલ થઈને એક વિશાળ સરોવરની પાળ ઉપર આવીને ઊભા. આ સરોવર વચ્ચે આવેલાં આરસના અને સોનાનાં પતરાંથી મઢાયેલાં શીખરોવાળા મંદિરનું સરોવરની ચોતરફ બાંધેલી આરસની ફરસબંધીના કોઈ પણ ખૂણેથી થતું દર્શન આપણા ચિત્તને અત્યંત મુગ્ધ બનાવે છે. આ મંદિર ઉપર પહોંચવા માટે બાંધેલા પૂલ ઉપર થઈને અમે મુખ્ય મંદિરમાં પ્રવેશ કર્યો. મંદિરના મધ્ય ભાગમાં શીખોનો ગ્રંથસાહેબ મુકેલો છે, તેની આસપાસ આરસની જાળી છે અને તેની આસપાસ ફરતી પ્રદક્ષિણા કરવાની હોય છે. એક બાજુએ શીખોના કોઈ ધર્મગુરુ ગ્રંથસાહેબ વાચતા હતા અને ત્યાં બેઠેલા કેટલાંક ભાઈબહેનો ભકિતભાવપૂર્વક સાંભળતા હતા. બીજા ખૂણે ભજનો ચાલતાં હતા. આ મંદિર કળા અને કારીગરીનો અદ્‌ભૂત નમૂનો છે. અહીં આરસમાં ઊઠાવ આપીને કરવામાં આવેલું વેલબુટ્ટાઓનું કોતરકામ અને તરેહતરેહનું ચિત્રકામ જોવા મળે છે અને આ ચિત્રામણમાં સોનેરી રંગનો એટલે કે સોનાનાં પાનાંઓનો ખૂબ છૂટથી ઉપયોગ કરવામાં આવેલ છે. આ મંદિરને એક માળ છે અને તેમાં પણ ચારે બાજુએ તરેહતરેહનું અત્યંત આકર્ષક સુશોભન આપણી આંખોનું રંજન કરે છે. આ બધું આનંદપૂર્વક નિહાળીને અમે જલિયાનવાળા બાગ તરફ ગયા. અહિં ૧૯૧૮ની સાલમાં એપ્રિલ માસની ૧૮મી તારીખે પ્રજાના વાણીસ્વાતંત્ર્ય

ઉપર સખ્ત અંકુશો મૂકતા—અંગ્રેજ સરકારે તાજેતરમાં બહાર પાડેલા—રોલેટ એકટ સામે વિરોધ કરવા માટે લોકોની એક જંગી જાહેર સભા મળી હતી. આ સભા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી હતી અને તેને વિખેરી નાખવા માટે જનરલ ડાયરની સરદારી નીચે એક સશસ્ત્ર લશ્કર આવી પહોંચ્યું હતું. વિખરાઈ જવાનો હુકમ આપવા છતાં લોકો ખસ્યા નહોતા. એટલે જનરલ ડાયરે ગોળીબારનો હુકમ આપ્યો હતો. કમનસીબે આ વિશાળ ચોગાન ફરતાં ચોતરફ મકાનો હતાં અને તેમાં દાખલ થવાનો માત્ર એક સાંકડો રસ્તો હતો. આ સાંકડો રસ્તો જનરલ ડાયર રોકી બેઠો હતો. લોકો ભાગવા ઈચ્છે તો પણ ભાગી શકે એમ નહોતું. પરિણામે અહીં એક મોટો હત્યાકાંડ નિર્માણ થયો અને સાતસો—આઠસો માણસોએ જાન ગુમાવ્યાં. આના અંગે આખા દેશમાં પ્રચંડ રોષનો દાવાનળ ભભૂકી ઊઠયો. અંગ્રેજ સરકારે પ્રજાનું સમાધાન થાય એવી નીતિ ધારણ કરવાને બદલે વધારે ને વધારે કડક દમનનીતિ અખત્યાર કરી અને તેમાંથી મહાત્મા ગાંધીની આગેવાની નીચે અસહકારની લડતનાં મંડાણ મંડાયાં. આ જલિયાનવાળા બાગ તે દિવસથી આઝાદી અર્થે પ્રજાપ્રાણની અપાયેલી આહુતિના પ્રતીકરૂપ બની ગયો. ભારત સરકારે દેશને આઝાદી પ્રાપ્ત થયા બાદ આ સ્થળને સુરક્ષિત બનાવ્યું છે. અહિં એક ભવ્ય સ્મારક ઊભુ કર્યું છે. આપણા માટે આ સ્થળ તીર્થ-સમાન બન્યું છે. અહિં અમે ચોતરફ ફર્યાં, આસપાસનાં મકાનોમાં લશ્કરે છોડેલી ગોળીઓના જ્યાં ત્યાં પડેલાં કાણાં નિહાળ્યાં અને એ આઝાદીના શહીદોને અંતરના ભાવથી પ્રણામ કર્યા.

આમ જોવાલાયક સ્થળો જોઈને પાછા ફર્યાં, ભોજન કર્યું, થોડો આરામ કર્યો. ત્યાર બાદ અહિં લાલા હરજસરાયજી જૈન નામના જૈન સમાજના અને વિશેષત: સ્થાનકવાસી સમાજના એક અગ્રગણ્ય આગેવાન રહે છે તેમને હું અને મારા પત્ની મળવા ગયા. બીજા ભાઈબહેનો શહેરની બજારમાં ફરવા તથા ખરીદી કરવા નીકળી પડયા. લાલા હરજસ રાયજીને નામથી હું ઓળખાતો હતો. તેમનો પ્રત્યક્ષ પરિચય નહોતો. પંડિત સુખલાલજી સાથે તેમને લાંબા વર્ષોનો પરિચય હોવાનું હું જાણતો હતો અને તેથી જ તેમને મળવાનું મને આકર્ષણ હતું. તેઓ અમૃતસરના એક આગેવાન નાગરિક છે. તેમણે વર્ષો પહેલાં સહશિક્ષણના ધોરણે કેળવણી આપતી એક સાર્વજનિક હાઈસ્કૂલ સ્થાપેલી. જ્યાં અત્યારે ૨૦૦૦ ઉપરાંત વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓ તાલીમ પામે છે. કાશીમાં હિન્દુ યુનિવર્સિટીની બાજુમાં જૈન વિદ્યાર્થીઓ માટે તેમણે પાર્શ્વનાથ જૈન વિદ્યાશ્રમ નામની એક સંસ્થા અને છાત્રાલય સ્થાપેલ છે અને આ સંસ્થા તરફથી 'શ્રમણ' નામનું એક માસિક પ્રગટ થાય છે. લાલાજી એક મોટા ઉદ્યોગપતિ છે અને અમૃતસર, દિલ્હી, મુંબઈ વગેરે સ્થળોએ તેમની ફેક્ટરીઓ છે. તેઓ શ્રીમાન હોવા સાથે સરસ્વતીના ઉપાસક છે અને તેમની મારફત વર્ષોથી એક ગ્રંથપ્રકાશન પ્રવૃત્તિ ચાલે છે. અમૃતસરમાં પણ તેમનો મોટો વ્યાપાર વ્યવસાય છે. તેમનું વિશાળ સુશિક્ષિત કુટુંબ છે અને તેમના અનેક કુટુંબીજનો કુટુંબના જ ધંધાઉદ્યોગમાં જોડાયેલાં છે. અમે તેમના બંગલે પહોંચ્યા ત્યારે લાલાજી ઘરમાં નહોતા. તેમના કુટુંબીજનો સાથે વાતચીતમાં થોડો સમય ગાળ્યો અને લાલાજી આવી પહોંચ્યા. તેમની સાથે ત્રણેક કલાક ગાળ્યા અને દેશ અને સમાજ, ધર્મ અને તત્ત્વજ્ઞાનને લગતા અનેક વિષયો ઉપર ચર્ચા થઈ. તેમણે અમારું ભાવભર્યું આતિથ્ય કર્યું અને પછી અમૃતસરમાં આવેલાં જૈન મંદિરો દેખાડયાં અને ત્યાં તત્કાળ ચોમાસુ કરી રહેલા સ્થાનકવાસી સાધુઓ પાસે પણ અમને લઈ ગયા. આટલે દૂર સુધી વિચરતા જૈન સાધુઓના દર્શન કરી અમે પ્રસન્નતા અનુભવી. વળી, આવા સજ્જન સંસ્કારી ધર્મપરાયણ ગૃહસ્થનો પરિચય થતાં અમૃતસર આવવાનું સવિશેષ સફળ બન્યું હોય એવો ચિત્તમાં આનંદ અનુભવ્યો. સાંજના સમયે તેમણે અમને અમૃતસર સ્ટેશને પહોંચાડયા અને અમારી પ્રવાસી મંડળી વચ્ચે થોડો સમય રોકાઈને તેમણે અમારી રજા લીધી.

રાત્રીના નવ વાગ્યા લગભગ અમારી ગાડી અમૃતસરથી ઉપડી અને સવારના અમે કાલકા પહોંચ્યાં. સ્ટેશન ઉપર ચા-પાણી, નહાવુંધોવું-બધું જલદીથી પતાવ્યું અને અમારા માટે આવી ઊભેલી બસમાં હિમાચલ પ્રદેશની નવી રાજધાની ચંડીગઢ જોવા નીકળ્યાં. આ ચંડીગઢ પૂર્વ આયોજનપૂર્વક રચવામાં—ઊભુ કરવામાં—આવેલું શહેર છે અને તેથી સાંકડી ગલીકુંચીઓ કે મોટાં શહેરોમાં દેખાતો ગંદવાડ બિલકુલ નજરે પડતો નથી. હિમાલયની તળેટીમાં આવેલું આ શહેર બહુ મોટા વિસ્તાર ઉપર પથરાયેલું છે અને વિશાળ રસ્તાઓ અને બેઠી બાંધણીના છૂટાં છૂટાં નિવાસ-સ્થાનો આંખોને આનંદ આપે છે. સરકારી મકાનો અદ્યતન ઢબે બંધાયેલાં છે. ત્યાંનું સચિવાલય આશરે અગિયાર માળનું એક અતિ ભવ્ય આલીશાન મકાન છે તે જોયું અને તેની ઉપરની અગાશી ઉપરથી દૂર દૂરના પ્રદેશોને દૃષ્ટિપથ ઉપર એકાગ્ર કરતું અને હિમાલયની પૃષ્ઠભૂમિકા ઉપર પથરાયેલું દૃષ્ય નિહાળીને ઊંડી પ્રસન્નતા અનુભવી. આમ ચંદીગઢ ઉપર ઉડતું ચક્કર લગાવીને બપોરના પાછા ફરતાં પિંજોરનો મોગલ ગાર્ડન જોયો અને બપોરના ભાગમાં કાલકા આવી પહોંચ્યા. ભોજન કર્યું અને પાછા સીમલા જવા સજ્જ થયા. અમારી આશરે ૪૫ જણની મંડળી એક બસમાં આરુઢ થઈ અને ત્રણેક વાગ્યે અમારું પર્વતારોહણ શરૂ થયું.

સીમલા આગળ ઉપર હું બે વાર આવી ગયો હતો. પહેલી વાર ૧૯૧૩ની સાલમાં હું મુંબઈમાં એલ્ફિન્સ્ટન કોલેજમાં બી. એ.નો અભ્યાસ કરતો હતો અને બીજી વાર ૧૯૩૧ની સાલમાં જ્યારે સવિનય સત્યાગ્રહની લડતના બીજા તબક્કાનાં નગારાં વાગતાં હતાં. બંને વખત આશરે વીશ વીશ દિવસ રહેલો એટલે સીમલા આ વખતે મારા માટે નવું અજાણ્યું સ્થળ નહોતું. આમ છતાં અત્યારે આ પ્રદેશ ઉપર વર્ષાઋતુ ઘટ્ટ જામેલી હતી. અને તેને લીધે નદી નાળામાં વરસાદનાં પાણી છલકાતાં હતાં અને પહાડી માર્ગે જ્યાં ત્યાં ઉપરથી નીચે સરી આવતા નાના મોટા જળપ્રવાહો આંખોનું રંજન કરતા હતા અને તેનો મધુર અવાજ કાનને આલ્હાદ આપતો હતો. ચોતરફનો પ્રદેશ ભારે લીલોછમ દેખાતો હતો અને પહાડની ધરતીને ઢાંકી દેતાં વૃક્ષો અનુપમ તાજગી દાખવતા હતાં. આકાશમાં પણ વાદળો ઉભરાતાં અને ઓસરતાં હતાં અને તેને લીધે છાયાં તડકાની ગુંથણી પર્વતોની રમ્યતામાં વધારો કરતી હતી. કાલકાથી સીમલા સુધી આશરે ૫૬ માઈલની પાકી સડક છે. એ સડક આમ તેમ વળાંક લેતી અમારી બસને આગળ ને આગળ લઈ જતી હતી અને અમારા દર્શનમાં નવીનતાની સતત પુરવણી કરતી હતી. આમ જોત જોતામાં સાંજ પડી; સૂર્ય પશ્ચિમ દિશાએ નીચે ઉતરવા લાગ્યો અને વાદળોના આવરણ—અનાવરણના કારણે સૂર્યાસ્તનું અદ્‌ભૂત દૃષ્ય સરજાવા લાગ્યું. આ દૃષ્યે અમને બધાંને ખૂબ મુગ્ધ બનાવી દીધાં. જોતજોતામાં સૂર્ય, સૂર્યનો પ્રકાશ બધુ અલોપ થઈ ગયું. સંધ્યા ખીલી અને તે પણ કરમાઈ ગઈ. રાત્રીના અંધકારે સમગ્ર પ્રદેશને આવરી લીધો. બસમાં બેઠા ત્યારથી બહેનોનાં ગીતો શરૂ થયાં હતાં અને તે હજુ સુધી અખંડ ચાલતાં હતાં. પણ હવે અંધકારમાં વરસાદ ઉમેરાયો; ગાજવીજ પણ થવા લાગી; અને કુદરતે રૂદ્ર સ્વરૂપ ધારણ કર્યું. બસમાં પણ પાણીની ઝાપટ અવારનવાર આવવા લાગી. વરસાદ અને ઘોર અંધકારને લીધે બસ ડ્રાઈવરનું કામ વધારે કપરૂ બનતું ગયું. પરિણામે બસમાં ચાલતું ગાનતાન બંધ થઈ ગયું. સદ્‌ભાગ્યે સીમલા નજીક આવી રહ્યું હતું. તેના સીમાપ્રદેશમાં અમે પ્રવેશ કરી ચુકયા હતા.

સીમલાના ઘીચ વિભાગમાં ઊંચાણમાં રૉયેલ હૉટેલ આવેલી છે જ્યાં અમારે ઉતરવાનું હતું. રાત્રીના આઠ સાડાઆઠ લગભગ અમે રૉયલ હોટેલ સમીપ પહોંચ્યા. વરસાદ હજુ વરસતો હતો પણ તેનું જોર કમી થયું હતું. હોટેલમાં દાખલ થયા, સામાન સાથે અમે ઠીક ઠીક ગોઠવાઈ ગયાં. આજે ચતુર્દશીની રાત હતી, પણ આકાશ વાદળથી ઘેરાયેલું હતું અને અમે ટાઢથી કંપતા હતાં એટલે હોટલમાં અમારી રૂમમાં ગોઠવાયા બાદ ગેલેરીમાં આવી બહાર ડોકીયું કરવાનું અમે મન સરખું પણ કર્યું નહોતું.

સવાર પડી. આજે શ્રાવણી પૂર્ણિમા હતી. બહેન ભાઈને રાખડી બાંધે તે પુણ્ય દિવસ હતો, બળેવનું પર્વ હતું. તેથી અમારા પ્રવાસસંચાલક ભગુભાઈએ મિષ્ટાન્નપૂર્વકના ભર્યા ભોજનથી અમને તૃપ્ત કર્યા. સીમલામાં બે દિવસનો નિવાસ નિશ્ચિત હતો અને તે ગાળામાં જ્યાં જવાય, જ્યાં ફરાય ત્યાં જવા ફરવાનું હતું, વર્ષા ઋતુના હવામાનના કારણે આ દિવસોમાં સીમલાના પહાડો ઉપર ધુમ્મસનું ચાલુ આક્રમણ રહેતું હતું. અમે જ્યાં રહેતા હતા ત્યાં ગેલેરીમાંથી નીચેની ખીણને વટાવીને દૂર દૂર દૃષ્ટિ જતી હતી અને આ ધુમ્મસના આવરણ—અનાવરણના કારણે આખું દૃશ્ય કોઈ જુદી જ ભવ્યતા અને ગહનતાનો અનુભવ કરાવતું હતું. ગેલેરીમાં ઉભાં ઉભાં ધુમ્મસની આ લીલા જોતાં રહેવામાં કોઈ જુદો જ આનંદ આવતો હતો.

આજે રાત્રીના આકાશ સ્વચ્છ હતું. હોટેલની પાછળના ભાગમાંથી શ્રાવણી પૂર્ણિમાના પૂર્ણચંદ્રનો ઉદય થઈ રહ્યો હતો. ચંદ્રબિંબ ઊંચે આવી રહ્યું હતું અને વ્યાપેલા તિમિરને હઠાવીને સમસ્ત ગિરિપ્રદેશને નિર્મળ પ્રકાશવડે અજવાળી રહ્યું હતું. આથી આકર્ષાઈને રાત્રીના અવાર નવાર બીછાનામાંથી ઊઠીને બહાર ગેલેરીમાં હું આવતો અને સોળેકળાએ ખીલી ઉઠેલા ચંદ્રને અને તેમાંથી અનવરત ધારાએ વરસતી અને ધરતીને પ્રકાશપુલકિત કરતી ચાંદનીને નિહાળીને ઊંડી ધન્યતા અનુભવતો.

બીજા દિવસે સીમલાની મધ્યમાં લગભગ આઠ હજાર ફીટની ઉંચાઈએ આવેલું શિખર જે 'જાખો'ના નામથી ઓળખાય છે ત્યાં અમે જઈ આવ્યા. અહિં હનુમાનનું નાનું નમણું મંદિર છે અને આકાશ સ્વચ્છ હોય તો હિમશિખરોનાં મંગળમય દર્શન થાય છે. હનુમાનનું આ મંદિર હોઈને અહિં વાંદરાઓની ખૂબ વસ્તી છે અને અહિં આવતા જતા લોકો વાંદરાઓને દાળીયા શિંગથી ધરવે છે. જાખો ગયા ત્યારે આકાશ તો ચોખ્ખું હતું જ નહિ, પણ ઉપર પહોંચ્યા બાદ વરસાદ આવવા લાગ્યો અને તેમાં પલળતાં અમે નીચે આવ્યા. અહિં દિગંબર સંપ્રદાયનું એક જૈન મંદિર છે અને બાજુએ જૈનોને ઉતરવા માટે ધર્મશાળા છે. જૈન મંદિરમાં દર્શન કરીને પ્રસન્નતા અનુભવી. ધર્મશાળા પણ જોઈ. બહુ ઓછા ભાડે ઉતરવાની આ ધર્મશાળાની સગવડ અહિં આવતા જૈનોએ ધ્યાનમાં રાખવા જેવી છે.

આમ અમારા બે દિવસ સીમલામાં અહિં તહિં ફરવામાં અને ચીજવસ્તુ ફૂલફળાદિ ખરીદવામાં કેમ પસાર થયા તેની ખબર ન પડી. ૨૭મી બપોરે સીમલાથી અમે રવાના થયા. જે સૃષ્ટિસૌન્દર્ય અને આકાશવૈભવ સીમલા આવતાં અમે માણ્યો હતો તેનું જ પાછા ફરતાં, સુખદ પુનરાવર્તન થઈ રહ્યું હતું. એ ઉપરાંત આકાશ સ્વસ્થ હતું. સૌનાં મન પ્રસન્ન હતાં. એટલે આખે રસ્તે ગાનતાનની પણ રમઝટ ચાલી રહી હતી. બહેનો ભાઈઓ બધાંય સંગીતમાં ગુલતાન હતાં. અમારા કસ્તુરભાઈ તેમનું ઉસ્તાદી સંગીત અવારનવાર પીરસતા હતા. બહેનોમાંથી એક પછી એક બહેન ગાયન ઉપાડતી અને બીજી બહેનો તેને ઝીલતી હતી. બહેનો પ્રવાસ-પર્યટનમાં નીકળે અને જે સંગીતનો ગીતગાયનનો પ્રવાહ વહેવા માંડે છે તેવો પ્રવાહ આજે જોસભેર વહેવા માંડયો હતો. રસ્તામાં સોનલ આવ્યું, નાસ્તો કર્યો, આગળ ચાલ્યા, ધરમપુર આવ્યું. ત્યાંથી આગળ ચાલ્યા અને કાલકા નજીક આવતું ગયું એવામાં હીરાંબહેને સ્વ. કવિગાયક મેઘાણીનું—

**આજ રે સપનામાં મેં તો ડોલતો ડુંગર દીઠો જો,**
**ખળખળતી નદીઓ રે સાહેલી મારા સપનામાં.**

—આ ગાયન ઉપાડયું અને તેમના મધુર નરવા કંઠમાંથી એક પછી એક કડીઓ વહેવા લાગી અને સાથે સાથે અમારાં દિલ, દિમાક અને ડોકાં ડોલવા લાગ્યાં. સંગીતમાં જે ડોલતો ડુંગર અને ખળખળતી નદીઓનો ઉલ્લેખ આવે છે એ કુદરતનું નાટક તો અમારી આંખો સામે પ્રત્યક્ષ ભજવાઈ રહ્યું હતું. એટલે અમારૂં ચિત્ત એમના ગાયન સાથે એકરૂપ બની ગયું અને સમય કયાં ગયો તેની ખબર ન પડી અને સામે જ્યારે કાલકા આવીને ઉભું રહ્યું ત્યારે અમે પણ સ્વપ્નામાંથી બહાર નીકળીને નક્કર ધરતી ઉપર આવીને ઉભા રહ્યા હોઈએ એવો વિલક્ષણ અમને અનુભવ થયો.

અપૂર્ણ **પરમાનંદ**

## શ્રી ભારત જૈન મહામંડળનું આગામી અધિવેશન

શ્રી ભારત જૈન મહામંડળના મંત્રીઓ જણાવે છે કે:—"ભારત જૈન મહામંડળનું ૩૭મું અધિવેશન રાજસ્થાનની રાજધાની જયપુરમાં એપ્રિલ માસની ૭મી તથા ૮મી તારીખે સાહુ શ્રેયાંસપ્રસાદજીના પ્રમુખપણા નીચે ભરવાનું નક્કી થયું છે અને આ અધિવેશનનું ઉદ્દઘાટન શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીએ કરવાનું કબુલ કર્યું છે.

## મારી જીવન-સાધના

( ૨૨૩ મા પાનાથી ચાલુ )

આશરો આપ્યાનું પણ મારી પાસે કબુલ્યું હતું. પણ ભાગ્યજોગે ભૂપતનો એક સાથી, રાણો ભાલચંદભાઈ ડોકટરની દવા કરાવતો હતો. ભાલચંદભાઈએ તે જ દિવસે તેની પાસે મારી પ્રસંશા કરી. અને એણે આડા પડીને ભૂપતને ગામ ભાંગતા અને ખુન ખરાબી કરતા રોકયો અને ભૂપતે મારી સાથે, લાગતાવળગતા અધિકારિને એક સંદેશો કહેવરાવ્યો. આ પછી બેએક વખત રાતના આવતાં જતાં તેણે મને પડકારેલો, પણ જવા દીધેલો. આ બધા ભયને કારણે અમે માલપરામાં હોમગાર્ડની શરૂઆત કરી. કેટલાંક જુવાનો બંદુકો શીખ્યા. શસ્ત્રો ધારણ ન કરવાનો મારો સંકલ્પ હતો. એટલે અમારા એક બે જણ સિવાય બાકીના બધા બંદુક ચલાવતા શીખ્યા. એક વખત અમારા ગામની નદી સુધી તે લોકો આવી ગયા. પણ પાટણના ગરાસદારોએ તેમને ખોટું સમજાવીને પાછા વાળ્યા. એક સંમેલન ઉપર ખારચિયાની જેમ હુમલો કરવાની તે લોકોએ તૈયારી કરેલી. પરંતુ સ્વર્ગસ્થ મોહનલાલ મોતીચંદને આ વાતની ખબર પડતાં તેમણે એ વખતના સૌરાષ્ટ્રના ગૃહપ્રધાન શ્રી રસિકભાઈને જાણ કરી અને સંમેલન બચી ગયું. અને સંમેલનના સ્થળથી ચાર માઈલ દૂર હથિયાર તથા જીપ છોડી તે લોકો નાઠા. આ બધા પ્રસંગોમાંથી પસાર થવાને લઈને તેમ જ સંગઠનને લઈને ખેડુતોમાં હિંમત વધી. અમે પોતે જ્યાં ખૂબ રંજાડ હતી તેવી એક જમીન લીધી, ને ત્યાં રંજાડ દૂર કરવાનું જ કામ કર્યું. ત્રણ વર્ષમાં તો અમારી જમીન ફરતી ૪૦૦ વીઘા જમીન ખેડ નીચે આવી ગઈ. આ વખત દરમિયાન રસિકભાઈએ મારા રક્ષણ માટે ચાર પોલીસ તથા ગામના રક્ષણ માટે મીલટરી મૂકેલ. મારા રક્ષણ માટે પોલીસની વાત મને મારા વિચાર સાથે બંધબેસતી લાગતી ન હતી પણ કંઈક નબળાઈથી, કંઈક રસિકભાઈ પ્રત્યે સ્નેહવશ થઈને અને કંઈક મક્કમ આગ્રહના અભાવે મેં પોલીસરક્ષણ સ્વીકાર્યું.

ગામનો સહકાર—સંગઠન, સૌરાષ્ટ્ર રાજ્યની ચીવટ અને નાના મોટા કાર્યકર્તાઓના સાથને લઈને અમારા પ્રદેશમાં અમે કાયરતામાંથી થોડીક નિર્ભયતા લાવી શકયા. ગામમાં એક ભંગીને વાંકસર સરપંચે ટાપલી મારી હતી, તો પણ તેણે જાહેરમાં માફી માગી હતી. મુખીએ ઢેઢને લાફો મારેલો તો તેને પણ ક્ષમા માગવી પડેલી. સાથીને મારવા માટે એક ખેડુતને જાહેર ઠપકો મળ્યો ને તેણે ક્ષમા માગી. બહેનોને મારવાનું ૯૦ ટકા બંધ થયું. અને કોઈ મારે તો તેને જાહેરમાં ઠપકો મળતો. પરિણામે બહેનો, બાળકો અને નવી ઊભી થતી જુવાન પેઢીમાંથી ભય ખંખેરાતો ગયો. હવે પછી આપણે બીજા વ્રત અંગે વિચારીશું.

(ક્રમશ:) **દુલેરાય માટલિયા**

# *ભારતવ્યાપી ચૂંટણીનાં પક્ષવાર પરિણામો*

### લોકસભા

| | સામાન્ય ચૂંટણી ૧૯૫૭ | સામાન્ય ચૂંટણી ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૫૦૦ | ૫૦૦ |
| સીધા ચૂંટાયલા | ૪૯૦ | ૪૯૪ |
| જાહેર થયેલાં પરિણામો | ૪૯૦ | ૪૭૯ અ |
| કોન્ગ્રેસ | ૩૬૫ | ૩૪૮ |
| સામ્યવાદી પક્ષ | ૨૯ | ૨૯ |
| સ્વતંત્ર પક્ષ | — | ૧૮ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૧૯ | ૧૧ |
| જનસંઘ | ૪ | ૧૪ |
| H. M. S. | ૨ | ૧ |
| R. R. P. | — | ૨ |
| પેઝન્સટ એન્ડ વકર્સ પાર્ટી | ૪૪ | — |
| S. C. F. | ૭ | — |
| G. P. | ૭ | ૪ |
| ઝરખંડ | ૭ | ૩ |
| લોક સેવક સંઘ | ૧ | — |
| અકાલી દળ | — | ૩ |
| ફોરવર્ડ બ્લૉક | ૩ | ૨ |
| મુસલીમલીગ | ૧ | ૨ |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | ૭ | ૫ |
| દ્રાવીડ મુનેત્રા કાઝગમ | ૨ | ૭ |
| બીજા નાના પક્ષો | ૭ | ૩ |
| સ્વતંત્ર ઉમેદવારો | ૨૫ | ૨૭ |

૧૫ બેઠકોનાં પરિણામો હજુ બાકી છે.

### આન્ધ્ર—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૩૦૧ | ૩૦૦ |
| કોંગ્રેસ | ૨૧૫ | ૧૭૬ |
| સામ્યવાદી | ૩૫ | ૫૧ |
| સ્વતંત્ર પક્ષ | — | ૧૯ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૨ | — |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | ૧૬ | ૨ |
| આન્ધ્ર નેશનલ પાર્ટી | ૨૧ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૧૨ | ૫૧ |

ચૂંટણીદિવસ અગાઉ એક કોંગ્રેસી ઉમેદવારનું અવસાન થવાથી એક મતદાર વિભાગની ચૂંટણી મુલતવી રહી છે.

### આસામ—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૧૦૮ | ૧૦૫ |
| કોંગ્રેસ | ૭૧ | ૭૯ |
| H. L. C. | — | ૧૧ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૮ | ૬ |
| સામ્યવાદી પક્ષ (લોહિયા) | ૪ | — |
| E. I. T. U. | ૬ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૧૯ | ૯ |

### ગુજરાત—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૧૩૨ | ૧૫૪ |
| કોંગ્રેસ | ૯૭ | ૧૧૩ |
| સ્વતંત્ર પક્ષ | — | ૨૬ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૩ | ૭ |
| M. J. P. | ૨૯ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૩ | ૯ |

### બિહાર—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૩૧૮ | ૩૧૮ |
| કોંગ્રેસ | ૨૧૦ | ૧૮૫ |
| સ્વતંત્ર પક્ષ | — | ૫૦ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૩૧ | ૨૯ |
| ઝરખંડ પક્ષ | ૩૦ | ૨૦ |
| સામ્યવાદી પક્ષ | ૭ | ૧૨ |
| સમાજવાદી (લોહિયા) પક્ષ | ૨ | ૭ |
| જનસંઘ | — | ૩ |
| જનતા પક્ષ | ૨૩ | — |
| લોકસેવક સંઘ | ૧ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૧૪ | ૧૨ |

### મધ્યપ્રદેશ—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૨૮૮ | ૨૮૮ |
| કોંગ્રેસ | ૨૩૧ | ૧૪૨ |
| જનસંઘ | ૧૦ | ૪૧ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૧૩ | ૩૩ |
| સમાજવાદી (લોહિયા) પક્ષ | ૮ | ૧૪ |
| R. R. P. | ૪ | ૧૦ |
| H. M. S. | ૭ | ૬ |
| સ્વતંત્ર પક્ષ | — | ૨ |
| સામ્યવાદી પક્ષ | ૨ | ૧ |
| સ્વતંત્ર ઉમેદવારો | ૧૩ | ૩૯ |

### મદ્રાસ—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૨૦૫ | ૨૦૬ |
| કૉંગ્રેસ | ૧૬૧ | ૧૩૮ |
| દ્રાવીડ મુનેત્રા કાઝગમ | ૧૫ | ૫૦ |
| સ્વતંત્ર પક્ષ | — | ૬ |
| સામ્યવાદી પક્ષ | ૪ | ૨ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૨ | — |
| C. R. C. | ૧૬ | — |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | ૨ | ૧ |
| ફોરવર્ડ બ્લોક | — | ૩ |
| * સ્વતંત્ર ઉમેદવારો | ૧૫ | ૫ |

* એક સભ્યનું અવસાન થવાથી તે વિભાગની ચૂંટણી મુલતવી રહી છે.

### મહારાષ્ટ્ર—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૨૬૪ | ૨૬૪* |
| કૉંગ્રેસ | ૧૩૬ | ૨૧૪ |
| પ્રજા સમાજવાદી પક્ષ | ૩૧ | ૯ |
| પેઝન્ટ્સ એન્ડ વર્કર્સ પાર્ટી | ૨૩ | ૧૫ |
| સામ્યવાદી પક્ષ | ૧૯ | ૬ |
| આર. પી. (સમિતિ) | ૮ | — |
| H. M. S. | ૧ | — |
| રીપબ્લીકન (કામ્બલે ગ્રુપ) | ૮ | ૩ |
| જનસંઘ | ૪ | — |
| સમાજવાદી (લોહીયા) પક્ષ | — | ૧ |
| સ્વતંત્ર ઉમેદવારો અને બીજા નાના પક્ષો | ૩૪ | ૧૫ |

* એક બેઠકનું પરિણામ ૧૧મી માર્ચે જાહેર થશે.

### મહિસુર વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૨૦૮ | ૨૦૮ |
| કૉંગ્રેસ | ૧૫૦ | ૧૩૯ |
| સમાજવાદી પક્ષ | ૧૮ | ૨૦ |
| સ્વતંત્ર પક્ષ | — | ૯ |
| પ્રજાસામ્યવાદી પક્ષ | ૧ | ૩ |
| S. C. F. | ૨ | — |
| સમાજવાદી (લોહિયા) પક્ષ | — | ૧ |
| પેઝન્ટ્સ એન્ડ વર્કર્સ પાર્ટી | ૨ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૩૫ | ૩૬ |

### પંજાબ વિધાનસભા

| | ૧૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૧૫૪ | ૧૫૪* |
| કૉંગ્રેસ | ૧૧૮ | ૯૦ |
| અકાલી | — | ૧૯ |
| સામ્યવાદી પક્ષ | ૬ | ૯ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૧ | — |
| જનસંઘ | ૯ | ૮ |
| સ્વતંત્ર પક્ષ | — | ૩ |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | — | ૪ |
| સ્વતંત્ર ઉમેદવારો | ૨૦ | ૧૯ |

* બે વિભાગનું પરિણામ બાકી છે.

### રાજસ્થાન—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૧૭૬ | ૧૭૬ |
| કોંગ્રેસ | ૧૧૯ | ૮૮ |
| સ્વતંત્ર પક્ષ | — | ૩૬ |
| જનસંઘ | ૬ | ૧૫ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૧ | ૨ |
| સામ્યવાદી પક્ષ | ૧ | ૬ |
| R. R. P. | ૧૭ | ૩ |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | — | ૫ |
| સ્વતંત્ર ઉમેદવારો | ૩૨ | ૨૨ |

### ઉત્તર પ્રદેશ—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૪૩૦ | ૪૩૦* |
| કોંગ્રેસ | ૨૮૬ | ૨૪૮ |
| જનસંઘ | ૧૭ | ૪૮ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૪૪ | ૩૮ |
| સમાજવાદી પક્ષ (લોહિયા) | ૨૫ | ૨૪ |
| સ્વતંત્ર પક્ષ | — | ૧૫ |
| સામ્યવાદી પક્ષ | ૯ | ૧૪ |
| રીપબ્લીકન | — | ૮ |
| હિન્દુ મહાસભા | — | ૨ |
| સ્વતંત્ર ઉમેદવારો | ૪૯ | ૩૧ |

* બે વિભાગની મતગણતરી મુલતવી રહી છે.

### પશ્ચિમ બંગાળ—વિધાનસભા

| | ૧૯૫૭ | ૧૯૬૨ |
|---|---|---|
| એકંદર બેઠકો | ૨૫૨ | ૨૫૨ |
| કોંગ્રેસ | ૧૫૨ | ૧૫૭ |
| સામ્યવાદી પક્ષ | ૪૬ | ૫૦ |
| પ્રજાસમાજવાદી પક્ષ | ૨૧ | ૨૧ |
| ફોરવર્ડ બ્લોક | ૮ | ૧૩ |
| ફોરવર્ડ બ્લોક એમ. | ૨ | — |
| લોકસેવક સંઘ | ૭ | — |
| R. S. P. | ૩ | — |
| સોશિયલ યુનીટી સેન્ટર | ૨ | — |
| સ્વતંત્ર ઉમેદવારો | ૧૧ | ૨૭ |

# ચૂંટણીની સમીક્ષા

(તા. ૧૦-૩-૬૨ શનીવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે સંઘના કાર્યાલયમાં ભરવામાં આવેલી જાહેર સભામાં શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે આપેલા વ્યાખ્યાનની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવી છે. તંત્રી)

ગયા ફેબ્રુઆરી માસની આખર સુધીમાં ભારતની ત્રીજી સામાન્ય ચૂંટણીનું કાર્ય લગભગ સમાપ્ત થયું છે. આ ચૂંટણીની ફલશ્રુતિ શું એ વિચારવા માટે આપણે અહિં એકઠા થયા છીએ. ચૂંટણીનાં પરિણામો જોતાં વિચારતાં એક બાબત સ્પષ્ટ તરી આવે છે અને તે એ છે કે પ્રજામત ઘણો જાગ્રત થયો છે અને પ્રજાજનોએ પૂરી સમજણપૂર્વક મતપ્રદાન કર્યું છે. જ્યારે ભારતનું બંધારણ ઘડાઈ રહ્યું હતું ત્યારે બંધારણમાં ભારતની જનતાને પુખ્તવયમતાધિકાર આપવો કે નહિ એ વિષે ખૂબ ચર્ચા થઈ હતી. દેશની પ્રજાનો ઘણો મોટો ભાગ ગરીબ, અજ્ઞાન, મતાધિકાર વિષે કશું જ સમજે નહિ એવો હોવાથી, પ્રજા પ્રચારથી, દબાણથી ગેરરસ્તે દોરવાઈ જાય અને સમજણવિનાનું મતપ્રદાન કરે તો દેશને ભારે નુકસાન થાય—આવી ભીતિ તે દિવસોમાં અનેક બાજુએથી રજુ કરવામાં આવી હતી. એમ છતાં લોકોની હૈયાઉકલત—Commonsense—માં શ્રદ્ધા રાખીને પુખ્તવયમતાધિકારનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. આ ચૂંટણીનાં પરિણામો જોતાં દેશનું બંધારણ ઘડનારા રાજકારણી આગેવાનોએ લોકોમાં—તેમની સામાન્ય સુઝમાં—જે શ્રદ્ધા રાખી હતી તે સફળ નીવડી છે, સાર્થક બની છે એમ કહ્યા વિના નહિ ચાલે.

આ અંગે આપણે મુંબઈના ઉત્તર વિભાગમાં અતિ તીવ્ર રસાકસીભરી જે ચૂંટણીહરીફાઈ થઈ—આચાર્ય ક્રિપલાણીજી અને સંરક્ષણપ્રધાન શ્રી કૃષ્ણ મેનન વચ્ચે—આ ચૂંટણી દરમિયાન જેને આપણે લોકો ઉપર ઘણી મોટી લાગવગ ધરાવતા છાપાઓ કહીએ તે છાપાઓમાંના લગભગ બધાએ શ્રી. કૃષ્ણમેનન વિરૂદ્ધ વલણ અખત્યાર કર્યું હતું અને તેનો મેનનવિરોધી પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો હતો. આ પ્રચાર જોતાં કિરપલાણીજી જ ચુંટાશે એમ આપણને લાગતું હતું. પણ તેની હાર દ્વારા અને તે પણ આટલી મોટી હાર દ્વારા લોકોએ દેખાડી આપ્યું કે, આ છાપાઓના પ્રચારની જે અસર આપણે કલ્પતા હતા તેવી કોઈ અસર લોકો ઉપર થવા પામી નથી. સાધારણ રીતે આપણે એમ વિચારતા હોઈએ છીએ કે ગામડાવાળા છાપા વાંચે જ બહુ ઓછા, તેથી તેઓ છાપાથી દોરવાય નહિ, પણ આ તો મુંબઈ શહેરમાં બન્યું છે કે જ્યાં લોકો ખૂબ છાપા વાંચે છે અને જ્યાં છાપાનો મેનન વિરૂદ્ધમાં તીવ્ર અને સતત પ્રચાર થતો રહ્યો છે. આનો અર્થ એ થયો કે મુંબઈના લોકોએ કેવળ છાપાના પ્રચારથી નહિ દોરવાતા સમજણપૂર્વક મત આપ્યો છે.

બીજું આ ચૂંટણી એમ દેખાડે છે કે આપણે ત્યાં લોકશાહીનો પાયો દઢ છે અને વિશેષ દઢ થતો જાય છે. મધ્યપ્રદેશ અને રાજસ્થાન બાદ કરીએ તો બીજી બધી વિધાનસભાઓમાં કૅાંગ્રેસને બહુમતી મળી છે અને એમ છતાં જ્યાં જ્યાં મતદારોને લાગ્યું કે, અમુક કૅાંગ્રેસનો ઉમેદવાર લાયક નથી ત્યાં ત્યાં તેને ઉડાડી મૂકતા લોકો અચકાયા નથી. પોતાનું સંવનન કરતા ઘણા ઉમેદવારો છે તેવું જાણતી માનિની સ્ત્રી પેઠે, મતદાર પોતાની અવગણના સહન કરતા નથી. મારા સિવાય કોને ચૂંટે તેમ છે તેવી અતિ શ્રદ્ધાવાળા ઉમેદવારોની સાન અનેક કિસ્સાઓમાં મતદારો ઠેકાણે લાવ્યા છે. બીજી બાજુએ લોકસભાની ચૂંટણીમાં ૫૦૦ બેઠકોમાંથી ૩૪૮ બેઠકો કૅાંગ્રેસી ઉમેદવારોને આપીને જનતા જનાર્દને કૅાંગ્રેસને લોકસભામાં ઘણી મોટી બહુમતીથી ટેકો આપ્યો છે. વળી જ્યાં જ્યાં સત્તાની ખેંચતાણ જોવામાં આવી છે ત્યાં ત્યાં લોકોએ આવી ખેંચતાણ વિરૂદ્ધ પોતાનું વલણ દાખવ્યું છે. જે રાજ્યોમાં કૅાંગ્રેસની નેતાગીરી સબળ નહોતી તે રાજ્યોમાં કૅાંગ્રેસને બહુ ઓછી બહુમતી મળી છે અને કેટલાક ઠેકાણે કેટલાય પ્રધાનોને પણ મતદારોએ ઉડાડી મૂકયા છે. આ આપણને માઈસોર, રાજસ્થાન કે મધ્યપ્રદેશનાં ચૂંટણીનાં પરિણામોમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

હવે આપણે ગુજરાતનો વિચાર કરીએ. તેનાં પરિણામો ત્યાંનું લોકમાનસ કેટલું જાગૃત અને સચેત બન્યું છે તેનો સ્પષ્ટ પુરાવો છે. ત્યાં જે રીતે કૅાંગ્રેસનું સંચાલન થઈ રહ્યું હતું, ભાવી મંત્રીમંડળ અંગે પણચૂંટણી પહેલાંથી વિચારણા થઈ રહી હતી, એટલું જ નહિ પણ, તે અંગે નિર્ણયો પણ લેવાઈ ચૂકયા હતા અને જાણે કે, અમુક મંત્રીમંડળ લોકોએ સ્વીકારવું પડશે એવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું હતું અને આના અનુસંધાનમાં દશ વર્ષનો નિયમ આગળ કરવામાં આવ્યો હતો—આ બધું લોકોના મનમાં ખટકતું હતું—અને Democracy has its own revenge—લોકશાહીને પ્રતિકૂળ રીતે વર્તવામાં આવે તો લોકશાહી પોતાનો પરચો દેખાડયા સિવાય રહેતી નથી—એ વિચારણા મુજબ કલ્પાયલા ભાવી મંત્રીમંડળના મુખ્ય આધારસ્તંભોનો મતદારોએ અસ્વીકાર કર્યો-અને આપણી ધારણા ન હતી તેવી રીતે નવા મંત્રીમંડળની રચના થવા પામી છે. એ ઉપરાંત કૅાંગ્રેસની અંદર અંદર ઊભી થયેલી જૂથબંધીનો પ્રત્યાઘાત લોકમાનસ ઉપર એવો પડયો કે તેણે કૅાંગ્રેસને બહુમતી તો આપાવી છે, પણ સાથે સાથે વિરોધ પક્ષને—ખાસ કરીને સ્વતંત્ર પક્ષને સારો એવો ટેકો આપ્યો છે. આમ રાજ્યે રાજ્યે જે પરિસ્થિતિભેદ હતો તેનું ચૂંટણીના પરિણામમાં સારા પ્રમાણમાં પ્રતિબિંબ પડેલું જોવામાં આવે છે.

ગુજરાતમાં જે નવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે તેના પરિણામે હું ધારું છું કે, કૅાંગ્રેસના આન્તરિક મતભેદો હવે હળવા બની જશે, પરિસ્થિતિમાં સારો સુધારો થશે અને જે કાંઈ અણઘટતું બન્યું છે તે ભુલાઈ જશે. ગુજરાતની પરંપરા સાધારણ રીતે શિસ્તપરાયણ રહી છે અને આ વૃત્તિ—વચગાળે દુ:સ્વપ્ન જેવું જે કાંઈ બની ગયું છે તે બનવા છતાં—હજુ કાયમ રહી છે અને તેના અવલંબન વડે કૅાંગ્રેસનું નવું તંત્ર પરસ્પરના સુમેળથી ઘણું કામ કરી શકશે અને આવતા પાંચ વર્ષ દરમિયાન ગુજરાત આર્થિક તેમ જ ઔદ્યોગિક પ્રગતિનાં અનેક નવાં સીમાચિહ્નો સર કરશે એવી આશા બંધાઈ છે.

હવે કૅાંગ્રેસવિરોધી પક્ષોની સ્થિતિનો આ ચૂંટણીનાં સંદર્ભમાં વિચાર કરીએ. આ વિરોધી પક્ષોમાં પ્રજા સમાજવાદી પક્ષ જૂનો અને જાણીતો છે. આ પક્ષે આ ચૂંટણીમાં સૌથી મોટી હાર ખાધી છે અને તેનું હવે જાણે કે નામનિશાન રહેવાનું ન હોય એવી દુર્દશા તેણે પ્રાપ્ત કરી છે. મેં આગળના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું તેમ, આ પ્રજાસમાજવાદી પક્ષ એવો પક્ષ હતો કે જે કૅાંગ્રેસની બરોબરી કરી શકે એમ આપણે માનતા હતા અને કૅાંગ્રેસના વિકલ્પમાં આપણે તેનો વિચાર કરી શકતા હતા. પણ તેની નબળી, અસ્થિર મનની નેતાગીરીએ અને તકવાદીપણાએ તે પક્ષને તદ્દન નિર્બળ બનાવી મૂકયો છે અને આ અધોગત સ્થિતિમાંથી તે ઊંચે આવે એવો હવે કોઈ સંભવ દેખાતો નથી.

પ્રજાસમાજવાદી પક્ષની આવી દુ:સ્થિતિ થવામાં તેના એક વખતના મુખ્ય આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણની મોટી જવાબદારી છે એમ હું માનું છું. આપણા જાહેર જીવનમાં તેમનું બહુ ઊંચું સ્થાન છે એ હું સ્વીકારૂં છું. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ તેમણે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે એ પણ હું જાણું છું. પણ તેમના મનની દ્વિધા સ્થિતિએ તેમને પોતાને તેમ જ જે પક્ષ સાથે તેઓ ગાઢપણે

જોડાયેલા હતા તે પ્રજાસમાજવાદી પક્ષને ભારે નુકસાન કર્યું છે. એક બાજુથી તેઓ પોતાને ગાંધીવાદી કહેવરાવે છે; નિષ્પક્ષ લોકશાહીને વરેલા સર્વોદય વાદી તરીકે પોતાને ઓળખાવે છે; રાજકારણી નિવૃત્તિનો તેમનો દાવો છે. બીજી બાજુએ તેઓ રાજકીય ક્ષેત્રમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા માંગતા હોય તેમ જણાય છે. પાશ્ચાત્ય દેશોમાં ઉદ્યોગીકરણ ઉપર આધારિત જેવો સમાજવાદ છે તેવો સમાજવાદ કે વિકેન્દ્રિત ગાંધીવાદી સમાજવાદ આ બેમાંથી કયો સમાજવાદ તેઓ અહિં લાવવા માંગે છે તે સમજાતું નથી. આમ સ્પષ્ટ દર્શનના અભાવે તેઓ કોઇ પણ બાબતમાં ચોકકસ દોરવણી આપી શકતા નથી.

સ્વતંત્ર પક્ષ આ વખતની ચૂંટણીમાં પ્રથમ વાર જ દાખલ થયો છે એ હકીકતને ધ્યાનમાં લેતાં તેણે પોતાનો પગ ઠીક જમાવ્યો છે એમ સ્વીકાર્યા વિના નહિ ચાલે. તેને જુદા જુદા રાજ્યોમાં જે સારા પ્રમાણમાં બેઠકો મળી છે તેનાં બે કારણ કલ્પી શકાય છે:-

(૧) વિરોધ પક્ષ હોવો જોઇએ એવી લોકોમાં સુદૃઢ બનતી જતી માન્યતા.

(૨) સ્વતંત્ર પક્ષની નીતિને અમુક સ્થાપિત હિતોવાળા વર્ગનો સંગીન ટેકો.

ગુજરાત રાજ્ય વિધાનસભામાં સ્વતંત્ર પક્ષના ૨૬ ઉમેદવારો ચૂંટાયા છે. કચ્છમાંથી તો ચૂંટાયલા બધા જ ઉમેદવારો સ્વતંત્ર પક્ષના છે અને કૉંગ્રેસનું કોઇ નથી. આ હકીકતે ભારે આશ્ચર્ય પેદા કર્યું છે. એવી જ રીતે ખેડા જીલ્લામાં તેમ જ રાજસ્થાનમાં સ્વતંત્ર પક્ષના ઉમેદવારોને બહુ સારો ટેકો મળ્યો છે. રાજસ્થાનમાં ૩૬ ધારાસભ્યો સ્વતંત્ર પક્ષના ચૂંટાયા છે. આનું કારણ વિચારતાં માલુમ પડે છે કે, આ પ્રદેશમાં ગરાસદારી, જાગીરદારી, પાટીદાર, એવા સ્થાપિત હિતો સાથે સંકળાયેલા વર્ગોએ આ વખતે માથું ઊંચકયું છે. આ ઉપરાંત જ્યાં મતદાર વર્ગને નેતાગીરીમાં ફેરફાર કરવાની જરૂર લાગી છે ત્યાં તે મુજબ તેણે મતપ્રદાન કરીને નેતાગીરીમાં ફેરફાર કરવાની પરિસ્થિતિ ઊભી કરી છે. દા. ત. મધ્ય પ્રદેશમાં ત્યાંના મુખ્ય પ્રધાન ડૉ. કાત્જુ ઉડી ગયા અથવા તો લોકોએ તેમને ઉડાડી મુકયા. આ બધું એમ દેખાડે છે કે લોકો કૉંગ્રેસ પ્રત્યેના આંધળા ભકિતભાવને વશ થઇને નહિ પણ પોતાનું હિત કયાં છે અને કોને ચૂંટવામાં રહેલું છે તે વિષે પૂરી સભાનતાપૂર્વક તેઓ ચૂંટણીમાં ભાગ લઇ રહ્યા છે.

આ બધાં પરિણામોમાંથી એ હકીકત જરૂર તરી આવે છે કે નહેરુ વિષે લોકોની ઊંડી શ્રદ્ધા પહેલાં જેટલી જ કાયમ છે. નહેરુનું લોકોના હૃદયમાં આજે પણ એટલું જ પ્રભુત્વભર્યું સ્થાન છે. મેનનને છેલ્લી ચૂંટણીમાં જે આટલી મોટી બહુમતી મળી છે તે લોકમાનસમાં રહેલી નહેરુની અસાધારણ પ્રતિષ્ઠાને ઘણે અંશે આભારી છે. લોકસભામાં કૉંગ્રેસને જે આટલી મોટી બહુમતી મળી છે તે પાછળ પણ નહેરુનું વર્ચસ્ ખૂબ કામ કરી રહ્યું હતું એવી મારી માન્યતા છે. અને આનો અર્થ એમ પણ કરી શકાય કે નહેરુની નીતિ-આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે કોઇ પણ સત્તાજૂથ સાથે નહિ જોડાવાની અલગતાની નીતિ અને રાષ્ટ્રીય ક્ષેત્રે સમાજવાદી ઢબની સમાજ રચના નિર્માણ કરવાની નીતિ—આ બન્ને નીતિને લોકોનો—મતદારોનો સંગીન ટેકો છે.

લોકસભામાં વિરોધપક્ષે જે સમર્થ વ્યકિતઓ હતી—કિરપલાણીજી, અશોક મહેતા, ડાંગે, ડૉ. રંગા, બાજપાઇ, મસાણી-આ વ્યકિતઓ નવી લોકસભામાં નહિ હોય—આ રીતે લોકસભામાં વિરોધ પક્ષ નિર્બળ હોવાનો આ એક ચૂંટણીનું અનિચ્છનીય પરિણામ ગણી શકાય. Democracy is a government by discussion —લોકશાહી એટલે ચર્ચા દ્વારા સરકારી વહીવટનું નિર્માણ—વિરોધપક્ષના આગેવાન નેતાઓના અભાવે આ ચર્ચા અત્યન્ત નબળી નિવડવાની અને પરિણામે લોહશાહીના વિકાસને ધક્કો પહોંચવાનો.

મધ્યપ્રદેશની વિધાનસભાની કુલ ૨૮૮ બેઠકોમાં કૉંગ્રેસને ૧૪૨ બેઠકો મળી છે. રાજસ્થાનમાં ૧૭૬ બેઠકોમાંથી ૮૮ બેઠકો મળી છે. આ રીતે બન્ને રાજ્યમાં કૉંગ્રેસ બહુમતી પ્રાપ્ત કરી શકી નથી. મધ્યપ્રદેશમાં ડૉ. કાત્જુ મૂળ તો મધ્ય પ્રદેશના પણ તેમના જીવનનો ઘણો મોટો ભાગ તેમણે ઉત્તર પ્રદેશમાં—અલ્હાબાદમાં ગાળેલો હોઈને મધ્ય પ્રદેશમાં તેમનાં મૂળ ઊંડા નહિ અને બીજી કોઈ નેતાગીરી ઊભી થઈ શકી નહિ તેનું પરિણામ કૉંગ્રેસને ભોગવવું પડયું હોય એમ લાગે છે. રાજસ્થાનમાં જૂના સાથીઓ હીરાલાલ શાસ્ત્રી, જયનારાયણ વ્યાસ વગેરે વિરૂદ્ધમાં હોવાં છતાં ત્યાંના મુખ્ય પ્રધાન શ્રી મોહનલાલ સુખડિયાએ બહુ કુશળતાપૂર્વક રાજસ્થાનનું તંત્ર ચલાવ્યું છે. એમ છતાં જાગીરદાર વર્ગ અને સ્થાપિત હિતોનું પ્રભુત્વ હજુ ખૂબ જોરમાં છે એમ ચૂંટણીનું પરિણામ જોતાં માલૂમ પડે છે. રજવાડાઓ નાબૂદ થયા છે એ છતાં તેની ભૂતકાળની ભભકથી હજુ લોકો સર્વથા મુકત થયા નથી. રાજવી કુટુંબો પ્રત્યેની glamour લોકોનું આકર્ષણ હજુ જીવિત છે. આ જ કારણે જયપુરનાં મહારાણી-ગાયત્રી દેવીને, કચ્છ તથા ભાવનગરના રાજકુંવરોને અને અન્ય રાજવંશી ઉમેદવારોને આ ચૂંટણીમાં સફળતા મળી છે. પણ આ બાબતને હું બહુ મહત્ત્વ આપતો નથી, કારણ કે આ વસ્તુ-સ્થિતિ મારા અભિપ્રાય મુજબ અલ્પજીવી છે. તેઓ એક બાજુએ આ રીતે વિધાનસભામાં તેમ જ લોકસભામાં સામાન્ય કક્ષાના સભ્યો સાથે બેસતા થશે, જનસંપર્કમાં આવશે, અને સાધારણ જનસમાજ સાથે ભેળાતા જશે અને બીજી બાજુએ લોકોનું તેમનાં વિષેનું આકર્ષણ સમય જતાં ઘટતું જશે, ઘસાતું જશે.

મહારાષ્ટ્રમાં કૉંગ્રેસનું વર્ચસ્ અતિ વ્યાપક બન્યું છે, કૉંગ્રેસે વિધાનસભાની ૨૬૪ બેઠકોમાંથી ૨૧૪ બેઠકો કબજે કરી છે. આ માટે મહારાષ્ટ્રના પંતપ્રધાન શ્રી. ચવ્હાણ સૌ કોઈના ધન્યવાદના અધિકારી બને છે. ૧૯૫૭ માં જે સ્થિતિ મહારાષ્ટ્રમાં કૉંગ્રેસની હતી તે કરતાં આજે ઘણી ઊંચી સ્થિતિ કૉંગ્રેસે પ્રાપ્ત કરી છે. એ ઉપરાંત વિરોધીઓને પોતાના કરી લેવાની શ્રી ચવ્હાણમાં ઉત્તમ કળા રહેલી છે. આ બધું શ્રી. ચવ્હાણની કુશળતાને આભારી છે.

આ ચૂંટણીમાં બીજી જે એક મુખ્ય વસ્તુ દેખાઈ આવે છે તે એ છે કે આખા દેશનાં રાજકારણી પરિબળો Rightists અને Leftists — જમણેરી અને ડાબેરી વર્તુળો — એમ બે વિભાગમાં વહેંચાતાં જાય છે. સ્વતંત્ર પક્ષ, ગણતંત્ર, જન-સંઘ—આ બધા એક એકની નજીક આવતા જાય છે અને જમણેરી પાંખ નીચે એકઠાં થતાં જાય છે. સામ્યવાદીઓએ માત્ર કૃષ્ણમેનનને જ ટેકો આપ્યો છે એમ નથી. જ્યાં જ્યાં ડાબેરી વલણવાળા ઉમેદવારો ઊભા હતાં ત્યાં ત્યાં જમણેરી વલણ ધરાવતા ઉમેદવારોનો વિરોધ કરીને ડાબેરી વલણ ધરાવતા ઉમેદવારોને સામ્યવાદી પક્ષે ટેકો આપ્યો છે. આમ Rightists અને Leftists પરિબળોનું Polarisation—એકમેકનું વિરોધી એવું તીવ્ર બનતું જતું કેન્દ્રીકરણ નિર્માણ થઈ રહ્યું છે. આમ દેશ બે રાજકારણી મુખ્ય પક્ષોમાં વહેંચાઈ જાય અને તેમાં નાના નાના પક્ષો વિલીન થઈ જાય તો તેથી દેશને કોઈ નુકશાન થવાનું નથી. લોકશાહીની જમાવટની દૃષ્ટિએ લાભ જ થવાનો છે.

સામ્યવાદી પક્ષની પરિસ્થિતિમાં ગઈ ચૂંટણીની અપેક્ષાએ આ વખતે કાંઈક સુધારો થયો છે. દા. ત. આંધ્રમાં તેની સંખ્યા વધી છે. ઉત્તર પ્રદેશમાં તેમ જ પશ્ચિમ બંગાળમાંથી તેણે પાંચ બેઠકો વધારે મેળવી છે. આ ઉપરથી ચીની આક્રમણના અંગે સામ્યવાદી

પક્ષની પ્રતિષ્ઠા ઘટી છે એવી આપણી માન્યતા ખોટી પુરવાર થઈ છે. વસ્તુતઃ ચીની આક્રમણની કૉંગ્રેસ કે કોમ્યુનિસ્ટ મતો ઉપર ચોક્કસ પ્રતિકૂળ અસર થઈ હોય એમ માનવાને કોઈ કારણ નથી.

મેનન અને કિરપલાણી વચ્ચેની સ્પર્ધા અંગે એક બાબત એ કહેવાની પ્રાપ્ત થાય છે કે કિરપલાણીજી મેનન ઉપર સતત અંગત ટીકાઓની ઝડીઓ વરસાવતા જ રહ્યા હતા, જ્યારે મેનને કિરપલાણીજી અંગે ચૂંટણીપ્રચાર દરમ્યાન કોઈ પણ વખતે ઉલ્લેખ સરખો પણ કર્યો નહોતો, એટલું જ નહિ પણ, મને મત આપજો એટલું પણ તેમણે કદિ કહ્યું નહોતું. આનું ચૂંટણી ઉપર એ પરિણામ આવ્યું કે બુદ્ધિશાળી મતદાર કિરપલાણીથી વિમુખ બન્યો અને કૃષ્ણમેનન વિષે તેના દિલમાં અનુકૂળતા પેદા થવા લાગી. આ ઉપરથી ફલિત થાય છે કે ચૂંટણીપ્રચારમાં મતદાર સંયમને આવકારે છે. આ હકીકતની પણ ચૂંટણીના પરિણામ ઉપર અમુક અસર પડી જ હતી.

(આ પ્રમાણે શ્રી. ચીમનભાઈનું વ્યાખ્યાન પૂરું થતાં ઉપસ્થિત શ્રોતા મંડળીમાંથી એક સભ્યે મદ્રાસ રાજ્યમાં દ્રાવિડ મુનેત્રા કાઝગમ પક્ષને ગઈ ચૂંટણીમાં ૩૫ બેઠક મળેલી અને આ ચૂંટણીમાં ૫૦ બેઠક મળી છે—આ પક્ષની નીતિ રીતી અને તેના વધતા જતા પ્રભુત્વનાં રહસ્ય વિષે પ્રકાશ પાડવાની વિનંતિ કરી. તદુપરાંત જનસંઘ તેમ જ ગણતંત્રને કોમી પક્ષો ગણવા કે કેમ, અકાલી દલ જેવા શુદ્ધ કોમી પક્ષને સામ્યવાદી પક્ષનો ટેકો કેમ,-આવા સવાલો પણ પૂછવામાં આવ્યા. આ સવાલોના શ્રી. ચીમનભાઈએ નીચે મુજબ ઉત્તર આપ્યા હતા.)

દ્રાવિડ મુનેત્રા કાઝગમ પક્ષને અમુક વિભાગોમાંથી સારો ટેકો મળ્યો છે તે સાથે તેના નેતા ઊડી ગયા છે. અલગ દ્રાવિડીસ્તાન માગવાની આ પક્ષની નીતિને વધારે ટેકો મળ્યો છે એમ માનવાને કારણ નથી. પણ આ પક્ષની સામે લડવા માટે મદ્રાસના મુખ્ય પ્રધાન શ્રી. કામરાજ નાદરે એવો જ બીજો પક્ષ—દ્રવિડ કાઝગમ—ઊભો કર્યો છે તેનો પ્રત્યાઘાત જણાય છે. આ ઉપરથી એક કોમી બળની સામે બીજું કોમી બળ ઊભું કરી લડવું તે યોગ્ય રીત નથી એમ જણાય છે.

જનસંઘ વસ્તુતઃ હિંદુ માનસ ધરાવતી સંસ્થા છે પણ તેનું માળખું હિંદુ મહાસભા કે રામરાજ્ય પરિષદ્ જેવું ઉઘાડું કોમી નથી. વળી રાષ્ટ્રીય નેતાગીરીનો તેને અભાવ છે, છતાં અમુક શિક્ષિત તથા યુવાન વર્ગ આ પક્ષમાં આકર્ષાયો છે અને તેનું સંગઠન સારૂં છે. દિલ્હીમાં તેનું જોર હતું ત્યાં ઓછું થયું છે, તો મધ્યપ્રદેશ જેવા વિભાગમાં વધ્યું છે. કૉંગ્રેસમાં એક યા બીજા કારણે જેમને સ્થાન નથી અને સામ્યવાદનાં વિરોધી જેઓ છે તેવા હિન્દુઓ આ પક્ષમાં ગયા જણાય છે. કોમી પક્ષો લાંબો વખત ટકશે નહિ. સાચા રાજકીય પક્ષો જ ટકશે, તે દ્રષ્ટિએ સ્વતંત્ર પક્ષ આવકારપાત્ર છે.

સામ્યવાદીઓએ અકાલી પક્ષને ટેકો આપ્યો છે તે તો અરાજકતા અને ફાટફૂટ ઊભી કરવાની તેની નીતિનો એક પ્રકાર છે. અકાલીઓનું જોર ઓછું થયું છે, પણ કૈરોન પ્રત્યેનો વિરોધ ઓછો થયો નથી.

ગણતંત્ર પરિષદ સ્વતંત્ર પક્ષમાં ભળી ગઈ તે ધાર્યા પ્રમાણેનું પરિણામ છે. કૉંગ્રેસ—ગણતંત્ર જોડાણ થયું ત્યારે તેનો બચાવ કરવા એમ કહેવામાં આવતું કે ગણતંત્ર પરિષદ પ્રત્યાઘાતી તત્ત્વોની સંસ્થા નહિ પણ કૉંગ્રેસની નીતિ—સમાજવાદી—ની નજીક છે તે કેટલી ખોટી ગણતરી હતી તેનો પૂરાવો પૂરો પાડે છે.

એકંદરે હજી સમગ્ર રાષ્ટ્રવ્યાપી રાજકીય બળોનું કેન્દ્રીકરણ દેખાતું નથી. વિરોધ છિન્નભિન્ન છે. બે સબળ પક્ષો થાય—એક બીજાનું વહીવટીતંત્રમાં સ્થાન લઈ શકે તેવા— તે લોકશાહી માટે આવકારદાયક છે. પણ શ્રી. નેહરુની પ્રતિભા પાસે આવો સબળ વિરોધપક્ષ ઉભો થાય તેવું જણાતું નથી. તે સાથે સમાજવાદી સમાજ રચનાનો અસ્વીકાર કરતો કોઈ પક્ષ સાચો રાષ્ટ્રવ્યાપી વિરોધ પક્ષ થઈ શકે તેમ પણ જણાતું નથી. છતાં જગતમાં એક પ્રચંડ લોકશાહીનો પ્રયોગ સફળ થયો છે અને ૧૦—૧૨ કરોડ મતદારો શાંતિપૂર્વક મતદાન કરી શકે છે એ ઘણો મોટો બનાવ છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

પૂરક નોંધ: શ્રી. ચીમનભાઈએ પોતાના વ્યાખ્યાનમાં શ્રી. કૃષ્ણમેનને પોતાના ચૂંટણીપ્રચાર દરમિયાન દાખવેલા અપૂર્વ વાણીસંયમનો ઉલ્લેખ કર્યો છે તેના અનુસંધાનમાં જણાવવાનું કે, શ્રી. કિરપલાણીજીએ પોતાની જાતને ચૂંટણીપ્રચાર દરમિયાન ગાંધીવાદી તરીકે સ્થળે સ્થળે ઓળખાવી હતી. શ્રી. કૃષ્ણ મેનન આવો કોઈ દાવો કરી શકે તેમ નહોતું. એમ છતાં પ્રસ્તુત પ્રચાર દરમિયાન તેમણે ગાંધીવાદને અનુરૂપ એવો અને અનેકના દિલમાં આદર પેદા કરે એવો વાણીસંયમ દાખવ્યો હતો. આ ચૂંટણીસ્પર્ધાનું પરિણામ જોતાં આપણે એમ જરૂર કહી શકીએ છીએ કે આ ચૂંટણીમાં ગાંધીવાદી લેબલને હાર મળી છે, ગાંધીવાદી સંયમને—એટલે ખરા ગાંધીવાદને વિજય મળ્યો છે. પરમાનંદ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા સંઘના કાર્યાલયમાં ચાલુ માર્ચ માસની તારીખ ૧૯મી સોમવારના સાંજના ૫—૩૦ વાગ્યે મળશે, જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે:

(૧) સંઘના બંધારણના નિયમ ૨ (ઘ) માં 'રાજકીય તેમ જ' આટલા શબ્દો કમી કરવાની કાર્યવાહક સમિતિની ભલામણ અંગે નિર્ણય કરવો.

(૨) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના પાંચ ટ્રસ્ટીઓની નિમણૂંક અંગે સંઘની કાર્યવાહક સમિતિની ભલામણ ધ્યાનમાં લઈને નિર્ણય કરવો.

(૩) ગત વર્ષનો વૃત્તાંત તથા ઓડિટ કરેલા હિસાબોને મંજૂરી આપવી.

(૪) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.

(૫) સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.

(૬) હિસાબનિરીક્ષકની નિમણૂંક કરવી.

સંઘના તેમજ સંઘ હસ્તક ચાલતા શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ચોપડાઓ સંઘના કાર્યાલયમાં તા. ૧૯—૩—'૬૨ સુધી (તા. ૧૮—૩—૬૨ રવિવાર સિવાય) કોઈ પણ દિવસે બપોરના સમયે સભ્યોના નિરીક્ષણ માટે ખુલ્લા રાખવામાં આવશે.

આ પ્રસંગે સંઘના જે જે સભ્યોએ પોતાનું ચાલુ વર્ષનું લવાજમ રૂા. ૫) હજુ સુધી ભર્યું ન હોય તે તે સભ્યોને પોતાનું લવાજમ મોકલી આપવા અથવા તો વાર્ષિક સભાના સમયે ભરવા વિનંતિ કરવામાં આવે છે.

સભાના ઉપર જણાવેલ સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ,
મુંબઈ—૩.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ

## મુદ્રણશુદ્ધિ

તા. ૧૬—૨—૬૨ના પ્રબુદ્ધ જીવનનું પાનું ૨૦૩, કોલમ બીજી, પારીગ્રાફ ત્રીજામાં જે ગ્રહોની ગણતરી આપવામાં આવી છે તેમાં ભુલથી શનીનો સમાવેશ કરવો રહી ગયો છે.

તા. ૧—૩—૬૨ના પ્રબુદ્ધ જીવનનું પાનું ૨૧૩, કોલમ બીજી, પેટા હેડીંગ 'દુઃખમાં શ્રી હરિ સાંભળે' એ મુજબ છે તેમાં 'સાંભળે'ના ઠેકાણે 'સાંભરે' એમ વાંચવું.

તંત્રી, પ્રબુદ્ધ જીવન

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩ : અંક ૨૩

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૬૨, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## વિ. સં. : ૨૦૧૭ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત ઇ. સ. ૧૯૬૧

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વિ. સં. ૨૦૧૮ના પ્રારંભ સાથે ૩૪મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ વૃત્તાંત વહીવટની દષ્ટિએ વિ. સં. ૨૦૧૭ના પ્રારંભથી અંત સુધીનો છે. કાર્યવાહીની દષ્ટિએ સંઘની છેલ્લી વાર્ષિક સભા તા. ૨૪-૩-૬૧ના રોજ મળી હતી ત્યારથી આજ સુધીનો એટલે કે ૨૧મી માર્ચ સુધીનો છે. વૃત્તાંતના વર્ષ દરમિયાન સંઘનો વહીવટ એકસરખો વ્યવસ્થિત રીતે ચાલી રહ્યો છે અને તે હસ્તકની ભિન્ન ભિન્ન પ્રવૃત્તિઓ એકસરખી ગતિમાન રહી છે.

### "પ્રબુદ્ધ જીવન"

સંઘનું પાક્ષિક મુખપત્ર "પ્રબુદ્ધ જીવન" સંઘની એક વિશિષ્ટ પ્રવૃત્તિ છે. આ મુખપત્ર આગામી એપ્રિલ માસની ૧૬મી તારીખનો અંક પ્રગટ થવા સાથે ૨૩ વર્ષ પૂરાં કરી ૨૪મા વર્ષમાં પ્રવેશ કરશે. પ્રબુદ્ધ જીવનના પ્રકાશનના પ્રારંભથી આજ સુધી આવક વધારવાની દષ્ટિએ જાહેરખબરો લેવાના વિચારથી આપણે દૂર રહ્યા છીએ. કાગળ, છાપણી, બધું જ મોઘું થતું જાય છે. પગારો વધતા જાય છે. આવા પ્રતિકૂળ સંયોગો વચ્ચે પ્રબુદ્ધ જીવન આટલી લાંબી મુદત સુધી એકસરખું ટકી રહે અને દશથી બાર પાનાની ગંભીર વિચારસામગ્રી જનતાના ચરણે રજૂ કરતું રહે એ આપણા સંઘ માટે એક ગૌરવપ્રદ ઘટના છે. એક વિચારપ્રેરક પાક્ષિક તરીકે ગુજરાતી ભાષાભાષી સમાજમાં પ્રબુદ્ધ જીવને સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે અને તેમાં પ્રગટ થતા લેખો અવારનવાર અન્ય ગુજરાતી સામયિકોમાં ઉદ્ધૃત કરવામાં આવે છે. આ હકીકત પ્રબુદ્ધ જીવનના પ્રકાશનની સાર્થકતા પુરવાર કરે છે.

ગત વર્ષ દરમિયાન માર્ચ માસની પહેલી તારીખના અંકમાં પ્રબુદ્ધ જીવનના તંત્રી શ્રી પરમાનંદભાઈની લખેલી बुभुक्षितः किं न करोति पापम् । એ મથાળા નીચે એક નોંધ પ્રગટ કરવામાં આવી હતી. તેના ઉપર શ્રી વત્સલાબહેન મહેતાનું એક ચર્ચાપત્ર આવ્યું. તે ચર્ચાપત્ર માર્ચની ૧૬મી તારીખના અંકમાં 'કરૂણા વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ' એ મથાળા નીચે પ્રગટ કરવામાં આવ્યું હતું. અને આ બંને લેખોમાં અંતર્ગત કરવામાં આવેલા મુદ્દાઓ ઉપર પ્રસ્તુત સમસ્યામાં રસ ધરાવતા વાચકોને પોતાના વિચારો લખી મોકલવા નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ રીતે પ્રાપ્ત થયેલા લેખો અથવા તો ચર્ચાપત્રો, શ્રી વત્સલાબહેનનો જવાબ અને શ્રી પરમાનંદભાઈએ કરેલી આ સમસ્યાની સવિસ્તર આલોચના મે માસની પહેલી તારીખથી નવેમ્બર માસની સોળમી તારીખ સુધીના અંકોમાં ક્રમશ: પ્રગટ કરવામાં આવી હતી. આ ચર્ચાએ ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું અને તેમાંના કેટલાક લેખો અન્ય સામયિકોમાં સારા પ્રમાણમાં ઉધ્ધૃત કરવામાં આવ્યા હતા. જણાવતાં આનંદ થાય છે કે અમદાવાદના હિંસાવિરોધ સંઘે આ આખી લેખમાળા બીજા કેટલાક ઉપયોગી પરિશિષ્ટો સાથે એક સુંદર પુસ્તકના આકારમાં પ્રગટ કરેલ છે. તેની કિંમત ૭૫ નયા પૈસા રાખવામાં આવેલ છે. (પોસ્ટેજ ૨૫ નયા પૈસા વધારે) આ પુસ્તકની નકલો સંઘના કાર્યાલયમાંથી મળી શકશે.

પ્રબુદ્ધ જીવન અંગે વહીવટી વર્ષ દરમિયાન રૂા. ૧૮૪૩.૪૪ની આવક થઈ છે અને રૂા. ૬૨૧૬.૪૨નો ખર્ચ થયો છે. પરિણામે રૂા. ૪૩૭૨.૯૮ની ખોટ આવી છે. આમાં રૂા. ૧૨૫નો કાગળ સ્ટોકમાં રહે છે અને આગલા વર્ષનું એક બીલ રૂા. ૧૭૫નું ગયા વર્ષમાં ચુકવાયેલ એ હિસાબે એ બંને મળી રૂા. ૩૦૦ની ખોટ ઓછી ગણીએ તો તે ખોટ લગભગ રૂા. ૪,૦૦૦ની રહે. તેમાં આ વર્ષમાં અધિક માસ હતો એટલે બે અંકો વધારે પ્રગટ થયા તેનો ખર્ચ વધ્યો. વળી વહીવટી ખર્ચ પણ થોડો વધ્યો તથા શિરનામાં તથા રેપરો પણ આ વર્ષમાં નવાં છપાવવાં પડયાં. આ બધાં કારણો ભેગાં થવાથી આ વર્ષમાં મોટી ખોટ આવી છે. તેના પ્રમાણમાં આવતા વર્ષમાં ખોટ ઓછી રહેશે તે ૨૦૧૮ માટેનું તૈયાર કરેલું અંદાજપત્ર જોવાથી માલુમ પડશે.

પ્રબુદ્ધ જીવનની આ ખોટ સંઘ માટે સ્વાભાવિક રીતે ચિંતાનો વિષય બને છે. પ્રબુદ્ધ જીવન આજે માત્ર જૈન સમાજનું જ નહિ પણ બહુજનસમાજને માર્ગદર્શન આપતું એક સુપ્રતિષ્ઠિત પાક્ષિક પત્ર બન્યું છે. તેમાં પ્રગટ થતાં લખાણો પ્રત્યે લોકો સારો આદર ધરાવે છે. તેના સંચાલન દ્વારા મુંબઈ જૈન યુવક સંઘ વિશાળ જનસમાજની અગત્યની સેવા બજાવી રહેલ છે. આમ છતાં પ્રબુદ્ધ જીવનને ચલાવવા પાછળ રૂા. ૩,૦૦૦ થી ૩,૫૦૦ સુધીની સંઘને દર વર્ષે પુરવણી કરવી પડે છે. આ ખોટ હળવી કરવાના ઉપાયો આપણે વિચારવા રહ્યા. આનો એક ઉપાય એ છે કે સંઘના સભ્યો પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો વધારવા માટે પૂરી કાળજી સેવતા થાય. આવા વિચારગંભીર પત્રની ગ્રાહકસંખ્યા સહજપણે વધવાની કોઈ શકયતા નથી. તે માટે જરૂર છે સભ્યોના સક્રિય પ્રયત્ન અને સહકારની. જે સ્થિતિસંપન્ન સભ્યોના દિલમાં પ્રબુદ્ધ જીવન વિષે આદર હોય, તેનું ચાલુ સંચાલન લોકકલ્યાણની વૃદ્ધિ કરનાર છે, જનજાગૃતિને ઉપકારક છે એમ જે સ્થિતિસંપન્ન સભ્યો માનતા હોય તેમને આર્થિક સહાય વડે પ્રબુદ્ધ જીવનને સદ્ધર બનાવવા અમારો આગ્રહભર્યો અનુરોધ છે.

### પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગત વર્ષ દરમિયાન તા. ૭-૯-૬૧ થી તા. ૧૪-૯-૬૧ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી

હતી. આ વખતે પંડિત સુખલાલજી તબિયતની અનુકૂળતા હોવાને લીધે મુંબઈ આવી શકયા હતા અને આઠે દિવસની વ્યાખ્યાન-સભાનું પ્રમુખસ્થાન તેમણે શોભાવ્યું હતું. તા. ૧૦-૯-૬૧ તથા તા. ૧૪-૯-૬૧ની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવી હતી. બાકીના દિવસોની વ્યાખ્યાનસભા બ્લેવાટ્સ્કી લૉજમાં ગોઠવવામાં આવી હતી. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ હતો:

| વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|
| શ્રી નલીન ભટ્ટ | ઉપનિષદની કથાઓ |
| શ્રી પ્રભાબેન શાંતિદાસ | સામાન્ય જ્ઞાન અને સમ્યક્ જ્ઞાન |
| ડૉ. મધુરીબહેન શાહ | શિક્ષણમાં નવી વિચારસરણી |
| પ્રા. ગૌરીપ્રસાદ ઝાલા | આજના જીવનની વિષમતાનાં કારણો |
| શ્રી દુલેરાય માટલિયા | મારા જીવનના કેટલાક પ્રસંગો |
| શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | જીવનનાં મૂલ્યો |
| પ્રા. રજનીશજી | જૈનદર્શન અને જીવનસાધના |
| શ્રી પ્રેમનાથ | કરૂણા |
| પ્રા. રમણલાલ શાહ | ઉપાધ્યાય યશોવિજયજી |
| શ્રી રજનીકાંત મોદી | શ્રી અરવિંદનો પૂર્ણયોગ |
| શ્રી સાધકજી | ધર્મની સફળતા કે નિષ્ફળતા? |
| પંડિત સુખલાલજી | સદ્ધર્મ કદિ વન્ધ્ય હોઈ ન શકે. |
| શ્રી મનુભાઈ પંચોળી | લોકશાહી |
| શ્રી સુંદરજી ગો. બેટાઈ | ગીતા વિષેની મારી દષ્ટી |
| શ્રી મનુભાઈ પંચોળી | લોકશાહી સમાજવાદ |
| સ્વામી અખંડાનંદ સરસ્વતી | ગાંધીજી |

આ વખતની વ્યાખ્યાનમાળા દર વર્ષ જેટલી જ આકર્ષક હતી. તેમાં પણ પ્રા. રજનીશજી અને શ્રી મનુભાઈ પંચોળીના વ્યાખ્યાનોથી શ્રોતાઓ સવિશેષ પ્રભાવિત બન્યા હતા. આ વ્યાખ્યાનમાળામાં શ્રી દક્ષેશ ધ્રુવ તથા બહેન ઈન્દુમતી ધાનકે સંગીતની સુમધુર પુરવણી કરી હતી. આ વ્યાખ્યાનમાળા પાછળ રૂા. ૧૩૬૦નો ખર્ચ થયો હતો. બીજી બાજુએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અને તેની વિશિષ્ટ પ્રવૃત્તિ 'પ્રબુદ્ધ જીવન'નું પ્રકાશન તથા સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયનું સંચાલન આ વ્યાખ્યાન-માળા દરમિયાન શ્રોતાઓ તરફથી મળતી આર્થિક સહાય ઉપર જ વર્ષોથી નિર્ભર બનતું રહ્યું છે. ગત વ્યાખ્યાનમાળા દરમિયાન મુંબઈ જૈન યુવક સંઘને રૂા. ૭૩૪૯.૨૧ અને શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને રૂા. ૨૦૯૬.૦૦ની આર્થિક સહાય મળી છે, જેમાંથી સંઘને મળેલી રકમમાંથી દીવાળી પહેલાં રૂા. ૬૨૭૨-૦૦ વસુલ થયા છે અને વાચનાલય અને પુસ્તકાલયને મળેલી રકમમાંથી રૂા. ૨૭૮-૦૦ વસૂલ થયા છે.

**શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય**

આ વાચનાલય અને પુસ્તકાલયનો સંઘના કાર્યાલય આસ-પાસ વસતા લોકો—ભાઈઓ તેમ જ બહેનો બહુ સારા પ્રમાણમાં લાભ લે છે. વાચનાલયમાં સરેરાશ ૧૨૫ થી ૧૫૦ ભાઈઓ સામયિકો વાચવા માટે આવે છે. વાચનાલયમાં આવતા સામયિકોની યાદી આ મુજબ છે: ૫ દૈનિકો, ૧૯ સાપ્તાહિકો, ૧૧ પાક્ષિકો, ૫૦ માસિકો, ૨ ત્રિમાસિકો આવે છે. ભાષાની દૃષ્ટિએ ૭ અંગ્રેજી સામયિકો, ૬૮ ગુજરાતી સામયિકો અને ૧૨ હિન્દી સામયિકો, એમ કુલ ૮૭ સામયિકો આવે છે. પુસ્તકાલય વિભાગમાં ગત વર્ષ દરમિયાન રૂપિયા ૮૦૦.૮૬ની કિંમતના પુસ્તકો ખરીદવામાં આવ્યાં હતાં. પુસ્તકાલયનો ચાલુ લાભ લેનારની સંખ્યા ૩૦૦ની આસપાસ રહી છે. ગત વર્ષ દરમિયાન આ પ્રવૃત્તિના સંચાલન પાછળ રૂા. ૫,૮૬૩—૬૦નો ખર્ચ કરવામાં આવ્યો છે; આવક રૂા. ૪,૦૪૭.૭૭ની થઈ છે. એટલે રૂા. ૧૮૧૫.૮૩ની ખોટ આવી છે અને તેમાં આગલા વર્ષની ખોટ રૂા. ૭૪૨.૦૮ ઉમેરતાં આવક-જાવક ખાતે એકંદર ખોટની રૂા. ૨૫૫૭.૯૧ની રકમ ઊભી રહે છે.

**ગત વર્ષ દરમિયાન યોજાયલાં સંમેલનો અને સન્માનસમારંભો**

(૧) તા. ૩૦-૩-૬૧ના રોજ મુનિશ્રી જિનવિજયજીને ભારત સરકાર તરફથી 'પદ્મશ્રી'નો ચંદ્રક મળવા બદલ તેમનું સન્માન કરવા માટે સંઘના કાર્યાલયમાં મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુનિશ્રીએ પ્રેરક પ્રવચન કર્યું હતું.

(૨) તા. ૧૫-૪-૬૧ના રોજ તાજેતરમાં કરવામાં આવેલી મુંબઈની મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં સફળતા મેળવવા બદલ શ્રી જીવરાજ ભાણજી શાહનું, શ્રી લીલીબહેન પંડયાનું, ડૉ. જે. એમ. લાખાણીનું, શ્રી મુક્તિલાલ વીરવાડિયાનું, શ્રી ટેકચન્દ સિંધીનું, શ્રી કાન્તિલાલ એમ. પારેખનું, શ્રી નાનાલાલ ડી. મહેતાનું, શ્રી ધીરજલાલ પારેખનું, શ્રી જગુભાઈ વી. શાહનું તથા છોટુભાઈ એન. શાહનું 'મનોહર'માં સંઘના પ્રમુખ શ્રી ખીમજી માડણ ભૂજપુરિયાના પ્રમુખસ્થાને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી જાહેર સન્માન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગે સંઘના સભ્યોએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

(૩) તા. ૧૦-૬-૬૧ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણ ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સંઘના કાર્યાલયમાં અનેક માહિતીઓથી ભરેલું પ્રવચન કર્યું હતું અને દેશ-પરદેશમાં બનેલી અને બની રહેલી રાજકારણી ઘટનાઓની તેમણે સવિસ્તર સમાલોચના કરી હતી.

(૪) તા. ૧૫-૬-૬૧ના રોજ અમદાવાદની મ્યુનિસિપલ કોર્પોરેશનની ઈ. સ. ૧૯૫૦માં સ્થાપના થઈ ત્યારથી મેયરપદને શોભાવનાર અને તાજેતરમાં નિવૃત્ત થયેલા શ્રી ચીનુભાઈ ચમન-લાલનુ સંઘના કાર્યાલયમાં જાહેર સન્માન કરવામાં આવ્યું હતું અને તે પ્રસંગે લગભગ સવા કલાક સુધી શ્રી ચીનુભાઈએ અમદા-વાદની મ્યુનિસિપાલિટી સાથેના એક યા બીજા સ્થાન ઉપરથી થયેલા અનુભવોને લગતી અનેક પ્રેરક હકીકતો રજૂ કરી હતી.

(૫) તા. ૨૨-૭-૬૧ના રોજ સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના ચેરમેનપદ ઉપર નિયુકત થયા તે બદલ તેમનું સન્માન કરવા માટે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી 'મનોહર'માં સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખપણા નીચે એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો અને એ પ્રસંગે શ્રી ચીમન-ભાઈને અનેક સભ્યો તરફથી ભાવભરી અંજલિઓ આપવામાં આવી હતી.

(૬) તા. ૨૩-૯-૬૧ના રોજ સંઘના કાર્યાલયમાં ગયા ઓગસ્ટ માસ દરમિયાન કાશ્મીરનો પ્રવાસ અને અમરનાથની યાત્રા કરી આવેલા શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા અને શ્રી હીરાબહેન પાઠકના વાર્તાલાપ ગોઠવવામાં આવ્યા હતા. આ વાર્તા-લાપ લગભગ બે કલાક ચાલ્યો હતો અને શ્રોતાઓ માટે રસપ્રદ નીવડયો હતો.

(૭) જાણીતા બૌદ્ધદર્શન—વિશારદ શ્રી પદ્મનાભ જૈન, બર્મા, સિયામ, ઈન્ડોનેશિયા, મલાયા, નેપાલ આદિ પૌર્વાત્ય દેશોનો પ્રવાસ પૂરો કરીને યુરોપ તરફ તા. ૪-૧૦-૬૧ના રોજ પાછા ફરવા ધારતા હતા તેમને શુભ વિદાય ઈચ્છવા માટે તા.૩-૧૦-૬૧ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી

એક સ્નેહસંમેલન ગોઠવવામાં આવ્યું હતું અને આ પ્રસંગે ડૉ. પદ્મનાભ જૈને પૌર્વાત્ય દેશોના પ્રવાસને લગતાં અત્યંત મધુર સ્મરણો રજૂ કર્યાં હતાં.

(૮) તા. ૭-૧૦-૬૨ના રોજ 'મનોહર'માં કાશ્મીરના પ્રવાસને લગતું ચિત્રપટ, છબીઓ, ફોટોગ્રાફો વગેરે સાહિત્ય, સંઘના સભ્યોને તથા તેમના કુટુંબીજનોને દેખાડવા માટે એક સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે હિમાલય તથા કાશ્મીરને લગતી કેટલીક ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ દેખાડવામાં આવી હતી. આ સંમેલનના અવસર ઉપર 'મનોહર'નો વિશાળ હૉલ ચિક્કાર ભરાઈ ગયો હતો.

(૯) તા. ૫-૧૧-૬૧ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સુપ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીનું 'જૈન દર્શન' ઉપર જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો જૈન—જૈનેતર અનેક ભાઈબહેનોએ સારો લાભ લીધો હતો.

(૧૦) તા. ૫-૨-૬૨ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડિયાએ ત્રીજી પંચવર્ષીય યોજનાના કેટલાંએક પાસાંઓ રજૂ કર્યાં હતાં અને તે અંગે જરૂરી સમજૂતી આપી હતી.

(૧૧) તા. ૧૦-૨-૬૨ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો ઉપર વ્યાખ્યાન આપ્યું હતું અને એ દિવસોમાં ઉગ્રપણે ચર્ચાઈ રહેલ કિરપલાણી વિરુદ્ધ કૃષ્ણ મેનનની ચૂંટણીના પ્રશ્ન ઉપર પોતાનું દૃષ્ટિબિન્દુ વિસ્તારપૂર્વક રજૂ કર્યું હતું.

(૧૨) તા. ૧૧-૨-૬૨ના રોજ પ્રોસ્ટેટ ગ્લેન્ડની ઉપાધિમાંથી તાજેતરમાં મુકત થયેલા પંડિત સુખલાલજી તથા તેમના ઉપર શુદ્ધ સેવાભાવે શસ્ત્રક્રિયા કરનાર મુંબઈના સુવિખ્યાત સર્જન ડૉ. મુકુન્દ પરીખને અનુલક્ષીને ડૉ. કીર્તિલાલ એમ. ભણશાળીના પ્રમુખપણા નીચે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી 'મનોહર'માં એક ભવ્ય કોટિનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સંમેલન પ્રસંગે પંડિત સુખલાલજીએ એક હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું. આ સંમેલનની તા. ૧-૩-૬૨ના પ્રબુદ્ધ જીવનમાં સવિસ્તર માહિતી આપવામાં આવી છે.

(૧૩) તા. ૧૦-૩-૬૨ના રોજ સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તાજેતરમાં પુખ્તવયમતાધિકારના ધોરણ ઉપર આખા ભારતમાં કરવામાં આવેલી ધારાસભ્યોની ચૂંટણી અને તેનાં પરિણામો અને પ્રત્યાઘાતો ઉપર એક સવિસ્તર સમીક્ષા રજૂ કરી હતી અને તે અંગે જરૂરી માર્ગદર્શન કરાવ્યું હતું.

**સંઘદ્વારા યોજાયેલાં પર્યટનો**

(૧) ગત વર્ષ દરમિયાન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ઑગસ્ટ માસની પહેલી તારીખથી ૩૦મી તારીખ સુધીનો કાશ્મીરને કેન્દ્રમાં રાખીને એક પ્રવાસ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં ૩૯ ભાઈબહેનો જોડાયાં હતાં અને આ પ્રવાસના સંચાલનની જવાબદારી સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી ભગુભાઈ પોપટલાલ શાહને સોંપવામાં આવી હતી.

મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ પ્રકારનો પ્રવાસ સૌથી પ્રથમવાર ગોઠવવામાં આવ્યો હતો. કાશ્મીર પહોંચતાં પહેલાં આગ્રા, દિલ્હી અને ભાખરા-નાંગલ એક એક દિવસ પ્રવાસીઓ રોકાયા હતા. કાશ્મીરના બે અઠવાડિયાના નિવાસ દરમિયાન ગુલમર્ગ, ખીલનમર્ગ, પહેલગામ રોકાયા હતા તથા અમરનાથની યાત્રાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. પાછા ફરતાં અમૃતસર, ચંડીગઢ, સીમલા અને દિલ્હી થઈને ઑગસ્ટ માસની ૩૦મી તારીખે મધરાતે પ્રવાસકાર્યક્રમ નક્કી કર્યા મુજબ સંપૂર્ણ રીતે પૂરો કરીને મુંબઈ ખાતે સૌ પ્રવાસીઓ સુખરૂપ પાછા ફર્યા હતા.

(૨) ઓકટોબર માસની ૨૧ તથા ૨૨ તારીખ-એમ બે દિવસનું વીલ્સન ડેમ પર્યટન સંઘ તરફથી ગોઠવવામાં આવ્યું હતું. મુંબઈથી લગભગ ૧૧૦ માઈલના અંતરે આ અતિ રમણીય સ્થળ આવ્યું છે. બે ફર્લાંગ લાંબો અને ૧૭૨ ફીટ ઊંચો એવા જળબંધના કારણે નિર્માણ કરવામાં આવેલું એક વિશાળ સરોવર અને તેની આસપાસનો સુંદર પ્રદેશ મુંબઈના પ્રવાસીઓને ખૂબ આકર્ષે છે. સંઘ તરફથી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બે બસો રોકવામાં આવી હતી અને કુલ ૧૦૦ ભાઈ-બહેનો અને બાળકો આ પર્યટનમાં જોડાયાં હતાં. ઑકટોબરની ૨૧મી તારીખે બપોરે મુંબઈથી પ્રયાણ કરેલું. રાત્રી સરોવરની પાળ ઉપર 'હોલી ડે હોમ'માં બધાંએ ગાળી. બીજે દિવસે સવારે 'રંધા ફોલ્સ' જઈ આવ્યાં. મુંબઈ મધ્યરાત્રે સૌ પાછા ફર્યાં. આ બે દિવસનું પર્યટન સૌ કોઈ માટે અત્યંત આનંદદાયી નીવડયું હતું.

**વૈદકીય રાહત**

વૈદકીય રાહતની અપેક્ષા ધરાવતા ભાઈ-બહેનોને સંઘ તરફથી ઔષધો તથા ઈન્જેકશનો ખરીદી આપવામાં આવે છે. આ રાહત સાધારણ રીતે જૈન સમાજ પૂરતી મર્યાદિત રાખવાનું વિચારાયું છે, એમ છતાં આ મદદ જૈન-જૈનેતરોને કશા પણ ભેદભાવ સિવાય આપવામાં આવે છે.

આ ખાતાનું ભંડોળ કયારનું પૂરું થઈ ગયું હોવા છતાં આ કામ ચાલુ રાખેલ છે. એટલે તા. ૨૨-૩-૬૧ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ કરેલ ઠરાવ પ્રમાણે તે દિવસ સુધીની ખર્ચાયેલ રકમ રૂા. ૧૧૭-૫૭ સંઘના ખર્ચ ખાતામાં નાખી દેવી એમ નિર્ણય કર્યો હતો અને ત્યાર બાદ તા. ૨૪-૫-૬૧ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ, આ ખાતું ચાલુ રાખવું જોઈએ એમ વિચારીને જનરલ ફંડમાંથી રૂા. ૫૦૦ આ ખાતાના વહીવટ માટે ખરચવા એવો ઠરાવ કર્યો હતો. અને આ રીતે આ ખાતું ચાલુ રાખ્યું છે અને વર્ષ દરમિયાન રૂા. ૩૦૧-૪૦ના એકંદર મદદ આપવામાં આવેલ છે.

સંઘમાં માંદાની માવજતના સાધનો પણ વસાવવામાં આવ્યાં છે અને તેનો લાભ કશા પણ ભેદભાવ સિવાય આસપાસ વસતા કુટુંબોને આપવામાં આવે છે અને તેનો લાભ સારા પ્રમાણમાં લેવાય છે.

**સંઘની કાર્યવાહી તથા આર્થિક પરિસ્થિતિ**

સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનો ઉપર સંક્ષેપમાં ખ્યાલ આપવામાં આવ્યો છે. ગત વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૯ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘની આર્થિક પરિસ્થિતિને લગતી વિગતો આ સાથે સાંકળેલા આવક-જાવકના હિસાબ અને સરવૈયાં ઉપરથી માલુમ પડે તેમ છે. સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૪૫૭૮-૪૩નો થયો છે; આવક રૂા. ૮૮૧૨-૨૯ની થઈ છે; અને સરવાળે રૂા. ૪૨૩૨-૮૬નો વધારો રહ્યો છે. પ્રબુદ્ધ જીવનની ખોટ રૂા. ૪૩૭૨-૯૮માંથી આ વધારો બાદ કરતાં રૂા. ૧૪૦-૧૨ની ખોટ ઊભી રહી તે જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવી છે. આ રીતે આપણું જનરલ ફંડ રૂા. ૨૦૨૩૦-૫૮ નું હતું, તેમાંથી વૈદકીય રાહત ખાતે લઈ ગયા તે રૂા. ૫૦૦-૦૦ તથા આ વર્ષની ખોટના રૂા. ૧૪૦-૧૨ એમ એકંદર રૂા. ૬૪૦-૧૨ બાદ જતાં વર્ષની આખરે જનરલ ફંડ ખાતે રૂા. ૧૯૫૯૦-૪૬ જમા રહે છે.

સંઘની ગત વર્ષની કાર્યવાહીનો આ વૃત્તાંત છે. જે મર્યાદા સ્વીકારીને સંઘ આજ સુધી પોતાની પ્રવૃત્તિઓનું સંચાલન કરી રહેલ છે તે જોતાં ગત વર્ષની કાર્યવાહી સંતોષકારક લેખી શકાય. સંઘે ૩૩ વર્ષ પૂરાં કર્યાં છે. વાચનાલય અને પુસ્તકાલયે ૨૨ વર્ષ પૂરાં કર્યાં છે. આજે અનેક સંસ્થાઓએ પોતાનાં મકાનો કર્યાં છે એ જોઈને સંઘના મિત્રો પ્રશંસકો સંઘ માટે અથવા તો વાચનાલય અને પુસ્તકાલય માટે પોતાનું મકાન ઊભું કરવાનો અનુરોધ કરી રહ્યાં છે. સંસ્થાના સ્થાયિત્વને સંસ્થાના સ્વતંત્ર મકાન સાથે ખૂબ

સંબંધ છે. સંઘમાં આજે ૪૪૮ સભ્યો છે અને તેમાં કેટલાક સભ્યો અર્થસંપન્ન છે, તેમજ વિશાળ સમાજમાં સારી લાગવગ ધરાવે છે, અને તેથી સંઘ આ બાબત ધ્યાન ઉપર લે તો આજની પરિસ્થિતિમાં આ મનોરથની સિદ્ધિ બહુ મુશ્કેલ નથી. સંઘના સભ્યોને આ બાબત ઉપર પોતાનું ચિત્ત કેન્દ્રિત કરવાની અને નવી નિમાયલી કાર્યવાહીને આ દિશાએ સક્રિય બનવાની ભલામણ કરવામાં આવે છે. જો આવી કોઈ યોજના સંઘ સમક્ષ રજ કરવામાં આવે તો સંઘના સભ્યો, મિત્રો અને પ્રસંશકો યોજનાને પાર પાડવા પૂરો સહકાર આપશે એવી આશા રાખવામાં આવે છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## સંઘની વાર્ષિક સામાન્ય સભા

તા. ૧૯-૩-૬૨ના રોજ સોમવારે સાંજના ૫—૩૦ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના પ્રમુખપણા નીચે સંઘના કાર્યાલયમાં ભરવામાં આવી હતી અને તે વખતે સંઘની ગત વર્ષની વાર્ષિક સભાનો વૃત્તાંત વંચાયા, તથા મંજૂર થયા બાદ નીચેનું કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું.

(૧) સંઘના બંધારણમાં સંઘના ઉદ્દેશોને લગતી કલમ ૨ (ઘ) નીચે મુજબ છે:

"આપણો દેશ સ્વાવલંબી અને સમર્થ બને એ ધ્યેયપૂર્વક દેશભરમાં ચાલી રહેલી રાજકીય તેમ જ સામાજિક પ્રવૃત્તિઓને બને તેટલો ટેકો આપવો."

આની અંદર રહેલા 'રાજકીય તેમ જ' આટલા બે શબ્દો કમી કરવાની તા. ૧૦-૩-૬૨ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિની ભલામણ સામાન્ય સભા સમક્ષ રજૂ કરતાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું કે "આ બંધારણ ૧૯૩૮ની સાલમાં સંઘના બંધારણનું નવું સંસ્કરણ કરવામાં આવ્યું તે વખતે ઘડાયેલું છે અને આપણા દેશને આઝાદી પ્રાપ્ત થયા પહેલાના એ દિવસો હતા, જ્યારે દેશમાં ચાલતી આઝાદીની લડતને બને તેટલો ટેકો આપવો એવો નવા બંધારણના આયોજકોનો એક હેતુ હતો. આઝાદી પ્રાપ્ત થયા બાદ હવે કોઈ પણ રાજકીય પ્રવૃત્તિ સાથે આપણા સંઘને કશો સંબંધ રહ્યો નથી અને કોઈ પણ રાજકીય પ્રવૃત્તિ હાથ ધરવાનું અથવા તો તેને ટેકો આપવાનું સંઘનું કોઈ લક્ષ્ય નથી. સંઘની બધી પ્રવૃત્તિઓનું રૂપ કેવળ સાંસ્કૃતિક અને સામાજિક રહ્યું છે. બીજી બાજુએ આવકના કરવેરામાંથી સંઘને મળતાં દાનો માટે કરમુકિત મેળવવામાં આ શબ્દો આડે આવે છે, તેથી આજની પરિસ્થિતિ અને સંઘની પ્રવૃત્તિઓનું સ્વરૂપ જોતાં આ શબ્દો સંઘના બંધારણની કલમ ૨ (ઘ)માંથી કમી કરવામાં આવે તો તેમાં આપણે કશું અનુચિત કરતા નથી અને બીજી બાજુએ સંઘના દાતાઓને લક્ષમાં રાખીને આટલો ફેરફાર કરવાનું ખાસ જરૂરી લાગે છે. આ દષ્ટિએ આ બે શબ્દો પ્રસ્તુત કલમમાંથી રદ કરવાની સંઘની કાર્યવાહક સમિતિની ભલામણ આપના નિર્ણય માટે હું રજૂ કરું છું." આ બાબત ઉપર મત લેવાતાં બંધારણનો આ સુધારો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

(૨) શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટીઓની દર પાંચ વર્ષે સંઘની સામાન્ય સભામાં ચૂંટણી કરવી એવો વાચનાલય અને પુસ્તકાલયના ટ્રસ્ટડીડમાં આદેશ કરવામાં આવ્યો છે. આ મુજબ ગયા વર્ષે આ ચૂંટણી કરવી જોઈતી હતી, પણ સરતચૂકથી એ બાબત હાથ ધરવાનું રહી ગયું હતું. આ સંબંધમાં તા. ૧૦—૩—૬૨ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ નીચે મુજબના પાંચ નામોની ભલામણ કરી હતી

૧. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨. " પરમાનંદ કુંવરજી કાપડિયા
૩. " રતિલાલ ચીમનલાલ કોઠારી
૪. " રમણિકલાલ મણિલાલ શાહ
૫. " ચીમનલાલ જેઠાલાલ શાહ

આ બાબત સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ રજૂ કરી હતી અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

(૩) ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહે સંઘની કાર્યવાહીનો ગત વર્ષના વૃત્તાંત તથા સંઘના તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટ થયેલા હિસાબો રજૂ કર્યા હતા અને તે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ બંને, આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવેલ છે.

(૪) ત્યાર બાદ સંઘના મંત્રીઓ તરફથી આગામી વર્ષને લગતાં બંને સંસ્થાઓનાં અંદાજપત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં અને તે સર્વાનુમતે મંજર કરવામાં આવ્યા હતા.

(૫) ત્યાર બાદ સંઘના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની નીચે મુજબ ચૂંટણી કરવામાં આવી હતી:

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ખીમજી માડણ ભુજપુરિયા | પ્રમુખ |
| ૨ | " લીલાવતીબહેન દેવીદાસ | ઉપ-પ્રમુખ |
| ૩ | " પરમાનંદ કુંવરજી કાપડિયા | મંત્રી |
| ૪ | " ચીમનલાલ જેઠાલાલ શાહ | " |
| ૫ | " રતિલાલ ચીમનલાલ કોઠારી | કોષાધ્યક્ષ |
| ૬ | " ચંદુલાલ સાંકળચંદ શાહ | સભ્ય |
| ૭ | " રમણલાલ ચી. શાહ | " |
| ૮ | " તારાબહેન રમણલાલ શાહ | " |
| ૯ | " ચીમનલાલ ચકુભાઈ શાહ | " |
| ૧૦ | " રમણીકલાલ મણિલાલ શાહ | " |
| ૧૧ | " પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ | " |
| ૧૨ | " દામજીભાઈ વેલજી શાહ | " |
| ૧૩ | " જસુમતીબહેન મનુભાઈ કાપડિયા | " |
| ૧૪ | " મફતલાલ ભીખાચંદ શાહ | " |
| ૧૫ | " રમણલાલ લાલભાઈ લાકડાવાળા | " |
| ૧૬ | " જયંતીલાલ ફતેચંદ શાહ | " |
| ૧૭ | " ભગવાનદાસ પોપટલાલ શાહ | " |
| ૧૮ | " વેણીબહેન વિનયચંદ કાપડિયા | " |
| ૧૯ | " દીપચંદ ત્રીભોવનદાસ શાહ | " |
| ૨૦ | " દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી | " |

(૬) ત્યાર બાદ સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઓડિટર-હિસાબ-નિરીક્ષક તરીકે મે. શાહ મહેતા એન્ડ કું.ની નિમણુક કરવામાં આવી હતી.

અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

### સંઘની કાર્યવાહક સમિતિમાં કરવામાં આવેલી સભ્યોની પુરવણી

તા. ૨૩-૩-૬૨ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની નવી ચૂંટાયલી કાર્યવાહક સમિતિની પહેલી સભા મળી હતી, જે વખતે નીચેના સભ્યોની નવી કાર્યવાહક સમિતિમાં પુરવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું:

૧ શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા
૨ શ્રી ખેતસી માલસી સાવલા
૩ શ્રી રતિલાલ નરસીદાસ મહેતા
૪ શ્રી કાંતિલાલ ડાહ્યાભાઈ કોરા

એક સભ્યને જરૂરિયાત પ્રમાણે આગળ ઉપર ચૂંટવાનું મુલતવી રાખ્યું.

આ ઉપરાંત સંઘ હસ્તક ચાલતા શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની સમિતિ માટેના ચાર સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી.

૧ શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ
૨ પ્રો. રમણલાલ ચી. શાહ
૩ શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
૪ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ

આ સમિતિ, ઉપરના ચાર સભ્યો અને આ વખતની વાર્ષિક સભાએ નીમેલા નવા પાંચ ટ્રસ્ટીઓ, જેમનાં નામ ઉપર આપેલી વાર્ષિક સભાની કાર્યવાહીમાં આપેલા છે—એમ કુલ નવ સભ્યોની બનેલી છે. આ સમિતિના મંત્રી તરીકે **શ્રી પ્રવીણચંદ્ર મંગળદાસ શાહ**ની નિમણુંક કરવામાં આવી હતી.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# મારી જીવનસાધના

[ ગતાંકથી ચાલુ ]

એક બાજુથી લોકોને હિંમત આપવાનો, સંગઠ્ઠન દ્વારા માથાભારે તત્ત્વોનો સામનો કરવાનો અને બીજી બાજુથી કહેવાતા માથાભારેનો સંપર્ક સાધી તેમની મુશ્કેલી સમજી લોકોની મુશ્કેલી રજૂ કરવાનો અમે પ્રયત્ન કર્યો. પરિણામે ગરાસદાર વર્ગમાં અમારા અંગેની કેટલીક ગેરસમજ ઘટી. જો કે રાજ્ય સાથેના નિકટના સંબંધને કારણે મુત્સદ્દીગીરીની આશંકાપૂર્વક અને કોંગ્રેસના આગેવાન તરીકે મને માનતા હોવાથી કોંગ્રેસ સાથેના કડવા અને વહેમીલા સંબંધોને માપે તેઓ અમને પણ માપતા, એમ છતાં કોંગ્રેસ તરફની મારી શ્રદ્ધા અને અને નિષ્ઠા જાહેર હતી, એટલે તે સંબંધીનો તેમનો સંશય ટાળવા કોંગ્રેસથી અમે અલગ અને નિષ્પક્ષ છીએ તેવું વલણ જાહેર કરવું મને યથાર્થ લાગેલું નહીં. આમ છતાં પણ તેઓની સાથે સ્નેહ, વિશ્વાસ અને સૌજન્યભર્યો વ્યવહાર અમે ચાલુ રાખ્યો અને તેનાં પરિણામ પણ ઠીક આવ્યાં જેમ કે:—

(૧) એક વખત અલમપર ગામમાં અમે ગણોતિયાનું સંમેલન ભર્યું હતું. અલમપર આજુ બાજુના ગરાસદાર ભાઈઓનો 'અમે ખેડૂતને ઉશ્કેરશું' તેવી શંકાથી ઉશ્કેરાટ વધી ગયો હતો. મને જાણવા મળ્યું કે સોએક જણાનું ટોળું લાઠી, ધારિયા લઈને તોફાન માટે સજ્જ હતું. પણ ડી. આઈ. એસ. પી.ની પાર્ટી આવી જતાં તે લોકો ડરીને પાછા હઠી ગયા. આ વાતમાં કેટલું વજૂદ હતું તે તપાસવા હું પોતે જ સાઈકલ લઈને એકલો ગરાસદારભાઈને ત્યાં ગયો. તે મને ઓળખતા ન હતા. મેં ઓળખ આપી અને કહ્યું કે "તમારી વાત હું સમજવા માગું છું, તેમ જ ખેડૂતોને ન્યાય અપાવવા અને શિરજોરી સામે રક્ષણ અપાવવા મારાથી બનતો પ્રયત્ન કરું છું. તમને મારા પર રોષ હોય તો ખુશીથી ઠાલવી શકો છો." તેઓ મારું આ વલણ સમજી ન શકયા અને વિમાસણમાં પડી ગયા. છેવટે જમીનો બીનતકરાર છોડી દેવા સહમત થયા. મેં એમને ત્યાં છાશ લીધી. તેનો રોષ પણ શમી ગયો. જો કે આસપાસના ગામમાં પૂર્વયોજિત વાતો પ્રમાણે મારા ખૂન થયાની અફવા જોરશોરથી ઊડી અને પોલીસ પાર્ટી પણ તેની તપાસ માટે આવી. આવું સાહસ ન કરવાની મને સલાહ મળી, પણ મને અને ગરાસદારને અમારા આવા મિલનમાં બન્નેનું સૌજન્ય દેખાયું છે.

(૨) ધૂફણિયા ગામે ભૂપતને આશરો મળતો હતો. કાઠી ગરાસદાર અને ભૂપતના ડરથી ખેડૂતોએ પોતાના વ્યાજબી હકો છોડી દીધા હતા. કેટલાક અણસમજુ જુવાનિયાની બહેનોની રંજાડ છે તેવી ફરિયાદ પણ આવી. એટલે હું ધૂફણિયા ગયો. ગામમાં સભા ભરી, ખેડૂતોને હિંમત આપી, પણ સભામાંથી કોઈએ કહ્યું કે 'અમારે સીમમાં રહેવું અને તમારે પાકા મકાનમાં, એટલે વાતો કરવી સહેલી છે. બાકી ખેડૂનો ભય તો ખેડૂ જ જાણે." તેમનો ભય ઊડાડવા તે દિવસથી ત્રણ વર્ષ સુધી બ્હારના ગામડામાં ખુલ્લામાં અથવા તો ઘણી વખત ગામના પાદરના ચોરા કે શાળાના ખુલ્લા ચોગાનમાં સુવાનું મેં શરૂ કર્યું. રાત કે દિવસે, એકલો કે એક-બે મિત્રો સહિત સીમમાં ફરવા નીકળતો ધૂફણિયા ગામે ખુલ્લામાં સુવાનું શરૂ કર્યું ત્યારે ગામના લોકો ફફડી ઊઠયા અને તે લોકોએ જ ચોકી રાખી. ખુદ ગરાસદારો પણ મારું ધ્યાન રાખતા તેવા સમાચાર મળ્યા હતા. સવારમાં કેટલાક હિતેચ્છુ ગરાસદાર તરફથી એક સંદેશો આવ્યો. કાઠી દરબારોને ત્યાં કશું પણ લેશો નહીં. ચમારડીની જેમ દગો થવા સંભવ છે. મને લાગ્યું કે તેવા સંશયથી ચાલવું તે બરાબર ન ગણાય, એટલે સામેથી જ હું દરબારોને ત્યાં ગયો. ભૂપતને ન રાખવા સમજાવ્યા અને રાખનારને જાહેરમાં પ્રગટ કરશું તેમ પણ કહ્યું. એમણે દૂધ લેવા આગ્રહ કર્યો. મેં એમને કહ્યું કે "મને તમારાથી ચેતવવામાં આવ્યો છે, પણ મારો વ્યવહાર વિશ્વાસ અને પ્રેમનો છે. હું અવિશ્વાસની આડશ નહીં રાખું." આ વાતથી તેમનાં મન પણ ભીનાં થયાં અને ત્યાર પછી હૈયું ખોલીને ઘણી વાતો થઈ. એકાદ સિવાય બાકીના બધા ખેડૂતને તેના વ્યાજબી અધિકારો અપાયા અને તેનાં ભોગવટામાં ડખલ પણ ન થઈ.

(૩) ગઢડામાં મને મારવા માટે એક માણસ રાખેલ છે તેવી માહિતી મને મળી. એક વખત એક ટેકસીમાં અમે બન્ને સાથે થઈ ગયા. ડોકટર સાહેબે મને તે માણસ ઓળખાવ્યો. અમારી ટેકસી નિર્જન વગડામાં પહોંચી, ત્યારે પેલા માણસને મેં કહ્યું 'મારે તમારી સાથે થોડી વાત કરવી છે, આપણે બે અહીં ઉતરી જઈએ. ટેકસી એકાદ ફર્લાંગ આગળ ઊભી રહેશે.' અમે બન્ને એકાન્તે મળ્યા. મેં એને કહ્યું 'મને મારવાથી તમારી ગરીબી જતી હોય તો તેમ ખુશીથી કરવું. તમે જ્યાં અને જે સ્થળે કહો ત્યાં હું હાજર રહીશ.' આ વાતથી તે માણક્ષ ડઘાઈ ગયો. પહેલાં થોડી આનાકાની કરી. પછી કહે ' ખૂનની વાત તો હતી જ નહીં, પણ બજાર વચ્ચે પકડી પાડવાની વાત હતી.' મને તેની વાતમાં વિશ્વાસ બેઠો. કેમકે મોટાભાગની વાતોમાં કાગનો વાઘ થતો હોય છે તેવો મને અનુભવ હતો. મેં એને કહ્યું 'તેમાં તમને શું ફાયદો?' એણે કેટલીક સાંભળેલી સાચી ખોટી વાત કરી અને ખાસ કરીને તો કોઈ વ્યકિત સાથેના સંબંધને લઈને તે તણાયો હતો. પાંચ-સાત મીનીટની વાતમાં જ અમારાં હૈયાં નજીક આવી ગયાં. એણે એમને ઘેર જમવાનું મને આમંત્રણ આપ્યું. નિર્માંસાહારીને ત્યાં જ હું જમતો હોવાથી મેં ભોજન ન લીધું, પણ શરબત લીધું. તે ઘણો રાજી થયો. પાંચ વર્ષ બાદ એક નદીનાં પુર ઉતરવામાં તેણે મને મદદ કરી અને મારો સામાંન લઈને બે માઈલ સુધી તે મૂકવા આવ્યો. હું તેને ભૂલી ગયો હતો એટલે એણે જ પ્રસંગ યાદ કરાવ્યો અને જણાવ્યું કે 'તે દિવસથી મારી જીંદગી પલટી ગઈ છે, ધંધે ચડયો છું અને સુખી છું.'

(૪) કાળુ વાંક અને તેની પાર્ટી હુમલો કરવા આવેલી અને કાળુભારથી મારા ન હોવાના સમાચાર સાંભળી પાછી વળી અને તે જ રાત્રે ભંડારિયાની છાપરી પાસેથી ખટારો લઈ ઢસા પર હુમલો કર્યો. મને ખબર પડતાં એક માણસને તેમના સગા પાસે મોકલ્યો અને કાળુ જ્યાં કહે ત્યાં મળવા આવવાની તૈયારી બતાવી. તેમના સંબંધીએ જણાવ્યું કે: 'કાળુ વિફર્યો છે, માટલિયાભાઈએ ખાતાને કેટલીક માહિતી આપી છે એમાંના એક પત્રની વિગત તેને મળી છે, તેથી ધુંધવાયેલો છે. એટલે અત્યારે મળવાથી તે સમજશે તેના કરતાં જોખમનો સંભવ વધારે છે એટલે હું સલાહ આપતો નથી. પણ માટલિયાભાઈ થોડા દિવસ માલપરા છોડે તેટલું સમજાવશો.' મારા માટે તે અશકય હતું. પણ આવી સલાહમાંયે સામાનું સ્નેહ-સૌજન્ય દેખાયું.

આવા નાના મોટા સંપર્ક દ્વારા અમે જે પ્રયત્ન કર્યો તેથી માથાભારે તત્ત્વોને અમે સુધારી શકયા તેવો દાવો તો હું ન કરી શકું. તેમને આગળ વધતા રોકી શકયા અને તેમાંના કેટલાકને પોતાના ધંધા તરફ વળાંક અપાવ્યો તેટલું જ હું કહી શકું. આવા ધંધામાંથી નીકળી જવાની તેની જાહેરાતને અમે સાચી માનીને ચાલ્યા. પણ તેને બિરદાવવાની કે પ્રતિષ્ઠા આપવાની પ્રક્રિયા કરી નહીં. સાવધાનીભર્યા વિશ્વાસથી અમે તેમને પોતાના જીવનમાં થાળે પડવાનું પ્રોત્સાહન આપ્યું. આનું પરિણામ એટલું જ આવ્યું કે અનિષ્ટ કરતાં તે અચકાયા અને અમારી થોડીક નૈતિક શેહ નીચે આવ્યા. સંભવ છે કે તેની સુધારણા પાછળ નીતિપ્રીતિ કરતાં અમને રાજ્યનું પીઠબળ છે તેવો તેનો ભય પણ ઊભો હોય. આમ છતાં અમને અનુભવ થયો કે જેના માથાભારેપણા અને શિરજોરી વિષે ઘણું ઘણું કહેવાતું તેવા

લોકોના જીવનમાં પણ કેટલાક સદ્અંશો પડયા જ હતા. તેને વિકસાવામાં આવે અને તેની વ્યકિતગત અને સામાજિક પરિસ્થિતિ પલટાવવામાં આવે તો તેનામાં પડેલા શૌર્યનો અને નિર્ભયતાનો સદ્ઉપયોગ થઇ શકે તેમ છે. ગરાસદાર ભાઈઓમાં એક વર્ગ તરીકે તેમનામાં સંગઠ્ઠન, શિસ્ત અને માની લીધેલા ન્યાય માટે લડવાની ખુમારી દેખાયાં. એ કારણે જ ઘણી વખત એ અમારો વિરોધ કરતા હોય તેમ લાગ્યું. પણ ખાનદાનીના કેટલાક સદ્અંશોને એ વર્ગ સારી રીતે જાળવી રહ્યો છે. વર્ગહિત રક્ષાની ભાવનાને લઇને માત્ર તેમનું ઉપલું પડ ડંખ, દ્વેષ અને વિકૃતિવાળું દેખાય છે. પણ કોબીના દડાનું ઉપલું પાંદડું કાઢી નાખતાં બાકીનો દડો તાજો લાગે છે તેમ ઉપલું પાંદડું ખસી જતાં તેનો ગ્રામવિકાસમાં યોગ્ય કાળે સદ્ઉપયોગ થઇ શકશે. આજ તો આળા મનને લઇને કેટલીક ધીરજ રાખવી પડશે. આજે અમોને સલામતી અને શાંતિ લાગે છે. તેમાં નૈતિક શુદ્ધિ કે નિર્ભયવૃત્તિ કરતાં વાતાવરણનો પણ ઘણો મોટો ફાળો છે.

### અનર્થદંડ—વિરમણ વ્રત અથવા વ્યવસાય—મર્યાદા

જૈનોમાં અકારણ ન દંડવાનું વ્રત છે. સ્રી કથા, રાજ કથા, ભત્ત કથા અને દેશ કથા દ્વારા નિંદા કુથલી ન થાય, કોઇનાં દિલ ન દુભાય તેની સાવધાની તે વ્રતમાં છે. કોઈની નિંદા ન થાય તેમાં સજાગ રહેવા છતાં, વિચાર કરતાં મને આ વ્રતમાં વિશેષ અર્થ લાગ્યો છે.

મને લાગ્યું કે આજે વધારેમાં વધારે અનર્થ કરનારી વસ્તુ આપણી આજીવિકા મેળવવાની પદ્ધતિ છે. વિષમતા, શોષણ, વર્ગ-સંઘર્ષ અને રાષ્ટ્ર વચ્ચેના યુદ્ધના મૂળમાં સમ્યક્ આજીવિકા અને સમ્યક્ આયોજનનો અભાવ છે. આયોજનને સમ્યક્ કરવાની વાત વ્યકિતના ગજા બહારની છે. તેમાં સમગ્ર સમાજનો પુરુષાર્થ જરૂરી છે, પણ સમાજ સમ્યક્ દિશા તરફ ન વળે ત્યાં સુધી વ્યકિત પોતે પોતાની આજીવિકા શુદ્ધ કરી શકે છે. કેટલાયે શ્રાવકોએ શુદ્ધ આજીવિકા જાળવી છે. આણંદનાં ખેતી ગોપાલન અને પૂણિયાનું પૂણી બનાવવાનું કામ (ખાદી કામ) આદર્શ દષ્ટાંત રૂપે છે. ખેતી, ગોપાલન, ખાદી, આરોગ્ય અને શિક્ષણ દ્વારા સમ્યક્ આજીવિકા સુલભ છે. મેં મારી આજીવિકા માટે શિક્ષણને વ્યવસાય તરીકે પસંદ કર્યું અને એક શિક્ષક તરીકે મારી આજીવિકા અને જીવનનિર્વાહની મર્યાદા નક્કી કરી. હું અને મારાં પત્ની સાથે મળીને એક શિક્ષક-શિક્ષિકા જે રીતે વેતન મેળવી પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે તે રીતે અમારે નિર્વાહ ચલાવવો એમ અમે નક્કી કર્યું. ગ્રેજ્યુયેટ છતાં ગામડાંને તો સિનિયર ટ્રેઈન્ડ શિક્ષક મળે છે, એટલે મેં મારી આવકને સિનિયર સાથે ગોઠવી દીધી. તેની પૂર્તિ માટે મારાં પત્ની મોન્ટેસોરી ટ્રેઇન્ડ અને સિનિયર છે તેની સેવા પણ લેવી તેમ વિચાર્યું. આ દષ્ટિએ માલપરામાં સહજ રીતે અમને શિક્ષણનું કામ કેવી રીતે હાથ લાગ્યું તેના પ્રયત્ન, પરિણામ અને પ્રયોગો આપની પાસે રજૂ કરું છું.

અમારા કુટુંબના નિર્વાહની જવાબદારી પ્રથમ માલપરા ગામે લીધી. ચોકખી આવકનો એક ટકો ઐચ્છિક દાન આપીને પ્રવૃતિનો તથા અમારો ખર્ચ ઉપાડતા. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિની સ્થાપના પછી અમે સમિતિના કેન્દ્ર તરીકે કામ કરવા લાગ્યા અને ગામ લોકો સમિતિને ફાળો આપતા અને ત્યારથી તે આજ સુધી સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ અમારા નિર્વાહની વ્યવસ્થા કરે છે. વિકાસ યોજનાઓ અમલી બન્યા પછી વાર્ષિક બસો અઢીસોના ફાળા સિવાય લોકોનો દાનનો પ્રવાહ સેનેટરી વેલ, પંચાયતગૃહ, શાળાનાં મકાનો ઈત્યાદિ તરફ વળ્યો છે, છતાં જમીન તથા શ્રમદાન આપીને ક્ષેત્રે કરેલી સહાયનો બીજે વિચાર કરીશું.

### શિક્ષણ સાધના

માલપરામાં નિવાસ કર્યાને ત્રણેક માસ થયા હશે. ગામની શાળામાં રજિસ્ટર પર ૨૪ વિદ્યાર્થીની સંખ્યા હતી, પણ ખરેખર ૧૪ વિદ્યાર્થીઓ આવતા અને તેમાંયે ત્રીજા-ચોથા ધોરણમાં તો બે-ચાર વિદ્યાર્થીઓ હતા. ખેતીમાં કામ આપે તે ઉંમરના છોકરા છોકરી ભણવા ન આવતા. તે સંબંધી આગેવાનોમાં પણ ઉદાસીનતા હતી. એક વખત આ ઉદાસીનતા ખંખેરવાનો પ્રસંગ બન્યો. ગામ લોકોએ મને અનાજ, કઠોળ, ગોળ વગેરે આપ્યાં હતાં. પણ અમારી પાસે દૂધ-ઘી લેવાની નાણાંકીય સગવડ ન હતી. એટલે અમે શાક અને કઢીથી લુખું અનાજ કોઈ કોઇ વાર ખાઇ લેતા. એક વખત ગામના આગેવાનોએ આ જોયું. મારા પિતાશ્રીએ બે-ત્રણ દિવસ રહીને બધા સાથે મીઠો સંપર્ક સાધ્યો હતો અને જાહેર સભામાં કહ્યું હતું કે—'અમારા બે ભાઈ વચ્ચે ઠીક ઠીક સમય સુધી આ એક જ પુત્ર ફૂલની જેમ સચવાયો હતો અને મારા ફૂલ જેવા બાળકને હું તમને ભળાવી જાઉં છું. એ એની મેળે કશુંય નહીં માગે, પણ તે કરમાઇ ન જાય તે જોજો.' આમ કહીને તેઓ ગળગળા થઇ ગયા હતા. આથી ગામ લોકોને અમે લુખું ખાઇએ તે વાત ખૂંચી અને સાંજ પડયે ૧૫-૨૦ બહેનો ઘીના વાટકા ભરીને અમારે ઘેર મૂકી ગયાં. ઘણી ના કહેવા છતાં તેઓ ન માન્યા. આ જાતની વસ્તુ લેવામાં મને યાચકવૃત્તિ જેવું લાગતું હતું. અને વૈશ્ય વૃત્તિ સાથે અને ગૃહસ્થધર્મ સાથે આવી યાચકતા મને બંધબેસતી ન લાગી. એથી ગામ આગેવાન સાથે નવો તોડ કાઢયો. રાત્રે વીશ જણાને ભણવા મોકલે અને દરેક જણ બે રૂપિયાની શિક્ષણ ફી આપે. આ વાતથી મને અને ગામને સમાધાન થયું. વિદ્યાર્થીની પસંદગી મારે કરવાની હતી, એટલે પહેલી પસંદગી ૨૦થી ૩૫ વર્ષના જવાનોની કરી. એ લોકો ત્રણ માસ ભણ્યા. તેમાં અક્ષરજ્ઞાન અરધો કલાક ચાલતું. બાકી ખેતી, વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન, ધર્મ અને ખેતીને લગતા આર્થિક પ્રશ્નોના ઉકેલો સંબંધી શરૂઆતમાં વ્યાખ્યાનો અને પાછળથી ચર્ચા થતી. આ વિદ્યાર્થીઓને લઇને ગ્રામ સેવાને લગતા મારા વિચારોને વ્યાપક સ્વરૂપ મળ્યું. અને ખેતીની મોસમ શરૂ થતાં અમારે બીજું જૂથ પસંદ કરવાનું આવ્યું.

બીજા જૂથમાં અમે ૩૫ બહેનો પસંદ કરી. આ બધી સાસરે નહીં વળાવેલી મોટી ઉંમરની દીકરીઓ હતી. એની શિક્ષણ ફી ૧ રૂપિયો હતી. બે વર્ષ સુધી બહેનોનો આ વર્ગ ચાલ્યો. આ વર્ગે તેમના કુટુંબ સુધી પહોંચવાનું અમારે માટે સહેલું બનાવ્યું.

આમ માલપરાની પ્રવૃત્તિનું બાલમંદિર અને કન્યા કેળવણી મધ્યબિંદુ બની રહ્યાં. અને જાણ્યે અજાણ્યે પણ વાત્સલ્યધામના નામને સાર્થક કરનારી પ્રવૃત્તિ પણ શરૂ થઇ ગઇ. આ પ્રવૃત્તિને નભાવવા માટે ગામ લોકોએ શિક્ષણ ફી લેવાને બદલે પોતાની ચોખ્ખી આવકનો ૧% (એક ટકો) આપવાનો વિચાર કર્યો. તે પ્રમાણે ફાળો પણ ઉઘરાવાયો. છ માસમાં પરીક્ષા આવી. પરીક્ષામાં લગભગ બધી બહેનો એક સાથે ઉત્તીર્ણ થઇ અને કેટલીક બહેનોએ છ માસમાં બે ધોરણ ઉત્તીર્ણ કર્યાં. આથી બહેનોમાં અને ગામમાં પણ ભારે ઉત્સાહ આવ્યો.

એક વખત ગામના આગેવાનોને મેં વાત કરી કે 'અક્ષરજ્ઞાન કે પુસ્તક વાંચવું તેમાં કેળવણી આવી જતી નથી, પણ રાંધનારી-લોટની કણક કેળવે છે અને કુંભાર માટીનો પિંડ કેળવે છે અને તેમાંથી ધાર્યો માલ બનાવે છે, એવી રીતે આપણે જીવનને કેળવીને સમાજ ઉપયોગી માલ બનાવવો જોઇએ. સભામાંથી પ્રશ્ન આવ્યો કે 'એ કેળવાય કેમ? સૌ સૌનાં કરમ લઇને આવ્યાં છે. એ એવી રીતે જ હાલે.' મેં કહ્યું 'જો જમીન કેળવાય અને ફળદ્રૂપ બને, રાની પશુ કેળવાય અને ગૃહઉપયોગી બને તો મનુષ્ય તો અવશ્ય કેળવાય.' સભામાં એક દાદા હતા તેઓ બોલી ઊઠયા: 'એ બધું કીધ્યે ન સમજાય. કરી બતાવ્યે સમજાય.' મેં કહ્યું 'એવો પ્રસંગ આવ્યે કરી બતાવશું પણ ખરાં.' 'પ્રસંગને કયાં ગોતવા જવો? આ અમારો પૌત્ર જ છે ભારે મારકણો ને અકોણો. એને જ સુધારોને. બીજાએ

એક બીજો મારકણો છોકરો બતાવ્યો. ત્રીજાએ એક રંજાડી છોકરાની વાત મૂકી. તેની રોજની બે ફરિયાદ આવે. એમ કરતાં રીસાળ છોકરો ચોરીની ટેવ વાળો અને બહેનોની પછવાડે ભટકતો છોકરો—એમ એક પછી એક સાતેક કોયડારૂપ છોકરાઓ રજૂ કરવામાં આવ્યા. નામ આવતું જાય અને સભા હસતી જાય. સૌ માને કે આ કાંઈ સુધરવાના જ નથી, એટલે એમને મન તો આ દરખાસ્ત મજાકની હતી. પણ મેં એને ગંભીરતાથી લીધી અને આ કોયડારૂપ બાળકોને મારે ત્યાં મોકલી દેવાની છૂટ આપી. અમે જોયું કે આ બધાં બાળકો પ્રેમાળ હતાં, શકિતશાળી હતાં અને પોતાની શકિત પ્રગટ કરવા ઈચ્છતા હતા. અમારા ઘરમાં તેમને વાત્સલ્ય પ્રેમ મળ્યો. ઘણી વાર અમારે ત્યાં જ જમી લેતા. પ્રેમ કરતાં ય અમે એમનું સ્વમાન જાળવ્યું તેનો સંતોષ થયો. અને તે બધાથી ય વધારે એમને કંઈક અને કંઈક સર્જક પ્રવૃત્તિ મળતી. અમારી બાલવાડીમાં એમણે બળદની મદદ વિના કપાસ વાવ્યો અને ઉછેર્યો. શાકભાજી લાવ્યાં અને વેચ્યાં. સૂતર કાંત્યું અને પાટી બનાવી. પાળાઓ બનાવ્યા, કુબાઓ ચણ્યા અને ઘણી ય વસ્તુઓની ભાંગફોડ કરી. આમ પ્રવૃત્તિ મળતાં, પ્રેમ મળતાં અને સ્વમાનની અનુકૂળતા મળતાં તે લોકોનું વ્યકિતત્ત્વ ખીલવા લાગ્યું. એક બાળકની થોડા સમય પહેલાં જ માતા ગુજરી ગયેલ. પિતા તેને સાથે સુવાડતા, પણ નવી માતા આવતાં પિતાએ એક જ દિવસમાં તેને છોડી દીધેલ. આથી તે છોકરો રીસમાં રહેતો અને આખો દિવસ કજિયા, તોફાન અને ભાંગફોડ કરતો. પંદરેક દિવસ મેં તેને મારી સાથે સુવાડયો. પછી તેને માટે શાળામાં સુવાની વ્યવસ્થા કરી. ત્યાં પણ મેં તેને સાથે સુવાની વાત કહી, પણ શાળાના બીજા છોકરા અલગ સૂતા. એ જોઈને કે ટીકાના ડરે તેણે અલગ જ સૂવાનું પસંદ કર્યું. અને ધીમે ધીમે તેની રીસ ઘટી ગઈ. એક મારકણા બાળકની તેના કુટુંબમાં ભારે મોટી અવગણના થતી અને તેને હડધૂત કરવામાં આવતો. તેથી તે હંમેશા છંછેડાયેલો રહેતો. અમારે ત્યાં તેનો આદર થયો તેથી તે ભારે ખંતથી કામ કરતો. થોડો વખત અમારા અને પછી ગામનાં કામ પણ કરવા લાગ્યો. અમારે ત્યાં અને ગામમાં કામઢા તરીકેની કદર થયા પછી તેના ઘરમાં પણ અવગણના ઘટી અને તે મારકણો મટી કામઢો બન્યો.

બીજા મારકણા બાળકની માતા મરી ગઈ હતી. નવી માતા સારી રીતે સાચવતાં, પણ એના બાપાને એવી ધૂન હતી કે છોકરો મારીને આવે તે બહાદૂર અને માર ખાઈને આવે તે રોતલ. તેથી તે છોકરાને 'મારીને આવજે પણ માર ખાઈને ન આવતો તેવી સલાહ આપતા, અને તેના પડોશીની રાવ આવે ત્યારે છોકરાનું ઉપરાણું લેતા. આથી એ છોકરો બગડયો હતો. એક વખત એક બાળકને લોહી-લોહાણ કર્યો. મેં એને ચોકીદારને સોંપી દીધો અને તેના કુટુંબીને ઉપરાણું ન લેવા સમજાવ્યા. ઉપરાણા વિનાનો થઈ જતાં તે રડવા લાગ્યો અને ચોકીદારે હવે કોઈને નહીં મારે તેવી તેના—દેખતાં જ તેના સગાંઓને ખાત્રી કરાવી. ત્યારથી તે મારકણો મટી મીકેનીકલ થયો, અને ચિત્રોમાં તથા યંત્રોમાં પોતાની હોંશિયારી બતાવવા લાગ્યો. ચોરી કરનાર છોકરો પછાત જાતિનો હતો. તે માના અને સમાજના પ્રેમથી વંચિત હતો. એને એના પોતાના લાગે તેવા કોઈ મિત્ર ન હતા, સ્વજન ન હતા કે વસ્તુ ન હતી. એથી બીજાની વસ્તુ લઈને તેને ભાંગી, ફોડી, ફેંકી દેવામાં અથવા બીજાના નાણા ગમે તેમ વાપરવામાં તે આનંદ માનતો. અમે એને અમારા જ ઘરમાં રાખ્યો. ઘરમાં ખાવા-પીવાની વસ્તુ ગમે ત્યારે લેવાની છૂટ આપી. થોડાં કપડાં લત્તાં, પૂણી-રેંટિયો વગેરે વસ્તુઓ આપી. આમ પોતાની વસ્તુ અને પોતાનું ઘર થતાં એની પારકી વસ્તુ લેવાની ટેવ ઘટી. અને ક્રમે ક્રમે તે ટેવ પૂરેપૂરી ચાલી ગઈ. પેલા બહેનો પછવાડે ભટકનારા છોકરાની વાત તો સાવ નવી જ નીકળી. તેના કુટુંબમાં તાજી જ સુવાવડ આવી હતી અને ઓઢણમાંથી એણે બાળકનો પ્રવેશ જોયો હતો, એને કૂતૂહલ હતું કે પેટમાંથી આવડું મોટું બાળક પ્રગટ થયું કેવી રીતે? આ કારણે બહેનો દિશાએ જતી ત્યારે તે છાનો છપનો પાછળ ભટકતો અને ગાળો તથા માર ખાતો. મેં એને અમારી ગાય ફેળવવા કોઈની સાથે ઢસા મોકલ્યો. એ ગાયનું ધ્યાન રાખવાનું તેને જ સોંપ્યું. ગાય વીંયાણી ત્યારે તેને હાજર રાખ્યો. વાછરડાનો પ્રવેશ તે આશ્ચર્ય સહિત જોઈ રહ્યો. તેના મનનું સમાધાન થઈ ગયું. અને ત્યારથી પછી કયારે ય એને લગતી ફરિયાદ આવી નથી.

આમ એક વર્ષમાં જ ૧૦-૧૨ વર્ષની ઉંમરના આ સાતેય ભૂલકાં પલટાઈ ગયાં. ગામને, તેના મા-બાપને અને અમને તે સંતોષ આપતાં થઈ ગયાં. ગામને મેં સમજાવ્યું કે આનું નામ નવી તાલીમ કહેવાય. આથી ગામે ભાવનગર રાજ્યના જવાબદાર રાજ્યતંત્ર પાસે માલપરા ગામમાં નવી તાલીમની નિશાળ કરવાની વિનંતિ કરી. ગામ લોકોએ જ ફાળો કરીને ૨૦ રેંટિયા તથા શેર-શેર પૂણીની વિદ્યાર્થીઓને સગવડ-ભેટ આપી. ભાવનગર રાજ્યે ઉદ્યોગના સાધન માટે રૂા.૫૦૦ની શાળાને વધુ સહાય આપી અને શ્રી દુલેરાય માટલિયાની દોરવણી પ્રમાણે શાળા ચલાવાવની શિક્ષકને સૂચના આપી. આ રીતે ૧૯૪૮ થી ૧૯૫૦ સુધી બે વર્ષ પ્રાથમિક શાળાની શિક્ષણ-પ્રવૃત્તિનાં જવાબદારી મારા તથા શિક્ષક મંડળ પર આવી પડી અને બાલ-મંદિર, પ્રાથમિક શાળા અને કન્યા કેળવણી અને કોયડારૂપ બાળકોના સંસ્કરણ માટેનું સંસ્કાર કેન્દ્ર—આ ચાર અમારી શિક્ષણ-પ્રવૃત્તિના અંગો બન્યાં. ઔષધાલયને પણ સ્વાસ્થ્યના શિક્ષણનું સાધન બનાવવાનો પ્રયત્ન સફળ થતો જતો હતો. નહાવા-ધોવાનું, ગૃહસફાઈનું, ગામસફાઈનું, ખાડા-ખાબોચિયા પૂરવાનું, પાદરની વનસ્પતિના ઉપયોગનું અને આરોગ્યદાયી ટેવો પાડવાનું પ્રમાણ વધતું જતું હતું. એક વરસને અંતે માલપરાની શિક્ષણ દ્વારા નવ રચના કરવાની વાતની મને ઘડ બેસી ગઈ અને પાંચ વર્ષ એ ગામમાં એ કાર્યને આપવા તેવો અમે સંકલ્પ કર્યો અને જાહેરમાં પ્રગટ કર્યો.

ક્રમશ:

દુલેરાય માટલિયા

• • •

## મહાસતી ઉજ્જવલકુમારીનું જાહેર વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે એપ્રિલ માસની ૮ મી તારીખ રવિવારના રોજ સવારના ૯ વાગ્યે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં મહાસતી ઉજ્જવલકુમારીનું જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું છે. આ પ્રસ્ગનો લાભ લેવા માટે સંઘના સભ્યોને વિનંતિ છે.

## સન્માન સંમેલન

નવા શિક્ષણમંત્રી શ્રી શાંતિલાલ હ. શાહનું તથા નવા ધારાસભ્યો શ્રી લીલાધર પાસુભાઈ શાહ તથા શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધીનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એપ્રિલ માસની ૧૦ મી તારીખ મંગળવારે સાંજના ૬—૧૫ વાગ્યે બોમ્બે મોટર મરચન્ટ્સ એસોસીએશનના હૉલમાં (સુખસાગર ત્રીજે માળે, સેન્ડહર્સ્ટ બ્રીજ, ચોપાટી પાસે) જાહેર સન્માન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે સંઘના સભ્યોને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

મંત્રીઓ : મુંબઈ જૈન યુવક સંઘ

# પ્રકીર્ણ નોંધ

## योजकस्तत्र दुर्लभ : એક પ્રેરક ઘટના

પં. સુખલાલજી ઉપર તા. ૩૦-૧૨-૬૧ ના રોજ ઓપરેશન કરવામાં આવેલું. એ દિવસો દરમિયાન ભાઈ વાડીલાલ ડગલી પંડિતજીની ખબર કાઢવા માટે હંમેશાં સવાર સાંજ આવતા. આમ છતાં જાન્યુઆરીની બીજી તારીખ આખો દિવસ તેઓ ન દેખાયા તેથી અમને આશ્ચર્ય થયેલું. પછીના દિવસે તેઓ મળ્યા ત્યારે આ બાબતનું કારણ પૂછતાં તેમણે જણાવ્યું કે "પ્રહલાદ પારેખનું ગઈ કાલે એકાએક અવસાન થયું તેની સ્મશાન યાત્રામાં હું રોકાઈ ગયેલો, તેથી ગઈ કાલે મારાથી અહીં આવી ન શકાયું. પ્રહ્લાદનું આ અવસાન એક અત્યન્ત કરુણ ઘટના બની ગઈ છે. તે મોડર્ન સ્કૂલમાં એક શિક્ષક તરીકે નોકરી કરતા હતા. કુટુંબમાં પત્ની અને ચાર બાળકો, નોકરી અને ટ્યુશનની કમાણીમાંથી માંડ માંડ ગુજારો કરતા હતા. સંચય જેવું તો હોય જ શું? હવે પ્રહલાદ એકાએક ગયા. હવે તેના કુટુંબનો નિર્વાહ શી રીતે થશે? મારે તે માટે વીશ હજાર રૂપિયા એકઠા કરવા જ જોઈએ." આ સમાચારથી અમને આઘાત થયો લાગ્યો, પણ આ માટે આટલી મોટી રકમ એકઠી કેમ થાય એ પ્રશ્નનો તત્કાળ કોઈ ઉકેલ દેખાતો ન હોતો.

પણ ભાઈ ડગલીએ આ વાત બરોબર મન ઉપર લીધી. તેમના મિત્રો ભાઈ યશવન્ત દોશી, જયવદન તખ્તાવાળા વગેરેએ આ વિચારને અપનાવી લીધો. પરિચય ટ્રસ્ટે આ કામની જવાબદારી ઉપાડી લીધી. શ્રી. ગગનવિહારી મહેતાએ આ વિચારને હાર્દિક રીતે આવકાર્યો. 'પ્રહ્લાદ પારેખ ફંડ કમિટી' એ નામથી વગદાર ગૃહસ્થોની એક કમિટી ઉભી કરવામાં આવી. પ્રહલાદ પારેખનાં જ ગીતોનો બિરલા માતુશ્રી સભાગારમાં માર્ચ માસની ૧૯ મી તારીખે સાંજે એક જલસો ગોઠવવાનું વિચારાયું. આ જલસામાં ગવાનાર ગીતોની એક નાની સરખી પુસ્તિકા તૈયાર કરવાનું અને તેમાં મુંબઈની જુદી જુદી વ્યાપારી તેમજ ઔદ્યોગિક કંપનીઓ પાસેથી જાહેર ખબરો મેળવીને તે પુસ્તિકામાં અન્તર્ગત કરવાનું અને તે રીતે ધારેલી રકમ ઊભી કરવાનું વિચારવામાં આવ્યું. આ બાબતમાં અનેક સહૃદયી વ્યાપારીઓએ અને લીમીટેડ કંપનીઓએ સારો સાથ આપ્યો. ઉપર જણાવેલ જલસાના પ્રવેશપત્રો દ્વારા પણ આવક કરવાનો પ્રબંધ ગોઠવવામાં આવ્યો. અને પરિણામે ગત માર્ચ માસની ૧૯ મી તારીખે બિરલા માતુશ્રી સભાગારમાં પ્રહલાદ પારેખનાં ગીતોનો એક ભવ્ય સમારંભ ગોઠવાયો. આ સમારંભમાં મોડર્ન સ્કૂલના વિદ્યાર્થી સમૂહે તેમજ અન્ય ગાયક તેમજ ગાયિકા ભાઈ બ્હેનોએ પ્રહ્લાદ પારેખની કેટલીક કૃતિઓનો મધુર સંગીત દ્વારા પ્રત્યક્ષ પરિચય કરાવ્યો. આ માટે મુંબઈ બહારથી પણ અમુક ગાયકોને બોલાવવામાં આવ્યા હતા. આ ગાયકવૃંદમાં ચીમનલાલ નગીનદાસ વિદ્યા વિહારવાળા શ્રી. ભાઈલાલભાઈ શાહે ભાઈ પ્રહ્લાદના કેટલાક પદ્યો તેમની લાક્ષણિક મીઠી હલક વડે ગાઈને શ્રોતામંડળીનું સૌથી વધારે ધ્યાન ખેંચ્યું હતું. શ્રોતાઓમાં ગુજરાતી સાહિત્યમાં રસ ધરાવતા સંખ્યાબંધ ભાઈ—બ્હેનોએ હાજરી આપી હતી અને ગાનારાઓના વૈવિધ્યને લીધે સમારંભના પ્રારંભથી અન્ત સુધી સાંભળનારાઓનો રસ એક સરખો ટકી રહ્યો હતો. આ જાહેર ખબરોવાળી પુસ્તિકા અને ગીતસમારંભના પ્રવેશપત્રો દ્વારા આશરે રૂા. ૪૦૦૦૦ ની આવક થઈ હતી. આ રીતે સ્વ. કવિના કુટુંબને ટેકો આપીને સ્વ. કવિ પ્રત્યેનું ઋણ મુંબઈમાં વસતા ગુજરાતી સમાજે અમુક અંશમાં અદા કર્યું. ગુજરાતના ગૌરવમાં વધારો કરે એવું આ સુભગ પરિણામ નિર્માણ થવામાં અનેક ભાઈ બહેનોનો ફાળો હતો.

આમ છતાં પણ આનો સવિશેષ યશ ભાઈ વાડીલાલ ડગલીને ફાળે જાય છે. પ્રહલાદ પારેખના અવસાનથી તેમનું દિલ હલી ઊઠ્યું અને 'એના કુટુંબનું શું? એ માટે મારે કાંઈ કરવું જ જોઈએ'—આવું દર્દ તેમના દિલમાં પેદા થયું. આવો અન્તઃ ક્ષોભ તેમનામાં ઊભો થયો ન હોત તો પછી જે કાંઈ થયું અને મૂળ—ધારી હતી તેથી બમણી રકમ પ્રાપ્ત થઈ—આમાનું કંઈ પણ થયું હોત કે કેમ તે સવાલ છે. એમના દિલમાં અન્તઃપ્રેરણા જાગી. એ પ્રેરણાને મૂર્તરૂપ આપવા માટે તેઓ સક્રિય બન્યા, અને પોતાના ચિત્તનો યોગ સમર્પિત કર્યો. બીજાં અનેક પૂરક નિમિત્તો એકઠાં થયાં, અને સ્વ. કવિના કુટુંબને જોઈતો આર્થિક ટેકો મળી ગયો. આ શુભ અને પ્રેરણાદાયી કાર્ય માટે ભાઈ વાડીલાલ ડગલીને આપણા સર્વના અભિનંદન હો!

## પશ્ચિમ બંગાળના નવા મજુર પ્રધાન શ્રી વિજયસિંહ નહારને અભિનંદન

જણાવતા આનંદ થાય છે કે, કલકત્તાનિવાસી શ્રી. વિજયસિંહ નહારને પશ્ચિમ બંગાળના પ્રધાનમંડળમાં નિયુકત કરવામાં આવ્યા છે અને તેમને મજૂર ખાતું સોંપવામાં આવ્યું છે. શ્રી. વિજયસિંહ નહાર કલકત્તાના જાણીતા નહાર કુટુંબની અને ત્યાંના જૈન સમાજની એક અગ્રગણ્ય વ્યકિત છે. તેમના પિતાશ્રી સ્વ. પૂરણચંદ્ર નહાર એક ધર્મપરાયણ સજ્જન હતા અને પ્રાચીન વસ્તુઓના સંગ્રહનો તેમને અસાધારણ શોખ હતો. આ શોખના પરિણામે તેમણે જૂનાં કળામય ચિત્રો, શિલ્પકૃતિઓ, હસ્તલિખિત ગ્રંથો અને પ્રાચીન અવશેષોનો એક ઘણો સમૃદ્ધ સંગ્રહ એકઠો કર્યો હતો. તેમજ એક મોટું પુસ્તકાલય પણ વસાવ્યું હતું. તેમના પરિવારે આ સંગ્રહ વર્ષો પહેલાં કલકત્તા યુનિવર્સિટીને ભેટ આપ્યો છે.

શ્રી. વિજયસિંહ નહાર કૉંગ્રેસના બહુ જૂના કાર્યકર્તા છે અને તે કારણે તેમણે અનેકવાર જેલવાસ ભોગવ્યો છે. આઝાદી મળ્યા પહેલાં ૧૯૪૬ માં તેઓ ત્યાંની કાઉન્સિલમાં સભ્ય તરીકે ચુંટાયા હતા અને ત્યાર બાદ ૧૯૫૨માં એ જ કાઉન્સીલમાં તેઓ ફરીથી ચુંટાયા હતા. ત્યાર બાદ ૧૯૫૭ની ચૂંટણીમાં તેઓ વિધાનસભામાં ચૂંટાયા હતા અને આ વખતની ચૂંટણીમાં પણ સફળતા મેળવ્યા બાદ તેમને ત્યાંના પ્રધાન મંડળમાં નિયુકત કરવામાં આવ્યા છે. ત્યાંના મુખ્ય પ્રધાન શ્રી. બિધનચંદ્ર રોયના તેઓ પરમ મિત્ર, સાથી અને સહકાર્યકર્તા છે. તેમને સોંપાયેલી આ નવી જવાબદારીને તેઓ સફળતાપૂર્વક પહોંચીવળે અને આગામી વર્ષોમાં દેશને સેવા આપવાની તેમને નવી નવી તકો સાંપડતી રહે અને એ માટે તેમને સુદઢ આરોગ્ય અને ચિર આયુષ્ય પ્રાપ્ત થાય એવી તેમના વિષે આપણી શુભેચ્છા અને અન્તરની પ્રાર્થના હો!

## 'સમદર્શી આચાર્ય હરિભદ્ર'

બે વર્ષ પહેલાં પંડિત સુખલાલજીએ ઠક્કર નારાયણ વસનજી વ્યાખ્યાનમાળાના ઉપક્રમે મુંબઈ યુનિવર્સિટીમાં 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' એ વિષય ઉપર અત્યન્ત વિદ્વતાપૂર્ણ અને ચિન્તનપ્રેરક પાંચ વ્યાખ્યાન આપ્યા હતા અને તે મુંબઈ યુનિવર્સિટી તરફથી તાજેતરમાં એક પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે. તેની કિંમત રૂા. ૩.૫૦ રાખવામાં આવી છે. ટપાલ ખર્ચ ૮૨ નવા પૈસા છે અને 'યુનિવર્સિટી ઓફ બોમ્બે-પબ્લીકેશન સેકશન, ઈસ્ટ વીંગ યુનિવર્સિટી બીલ્ડીંગ્ઝ મુંબઈ ૧,' એ ઠેકાણે મળી શકે છે.

જણાવતાં આનંદ થાય છે કે ગુજરાત રાજ્યની સરકારે ઈતિહાસ, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન વગેરે વિભાગમાં પંડિત સુખલાલજીનાં 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' તથા શ્રી ભોગીલાલ સાંડેસરાના 'સંશોધનની કેડી' એ બે પુસ્તકો સમકક્ષાએ મુકીને સર્વશ્રેષ્ઠ પુસ્તકો તરીકે જાહેર કર્યા છે અને તેને લગતું રૂા. ૨૦૦૦નું ઈનામ પંડિત સુખલાલજીને અને શ્રી ભોગીલાલ સાંડેસરાને સરખા ભાગે વહેંચી આપવામાં આવશે એમ સરકારી યાદી મારફત જણાવવામાં આવ્યું છે. આ રીતે પંડિતજીના અસાધારણ વિદ્વત્તા અને મૌલિક વિચારણાની કદર કરવા બદલ ગુજરાત રાજ્યની સરકારને ધન્યવાદ ઘટે છે.

## 'કરુણા વિચાર વિરૂદ્ધ ઉપયુકતતાવાદ'

'પ્રબુદ્ધ જીવન'માં આ મથાળા નીચે પ્રગટ થયેલા સર્વ લેખો તેમ જ પરિશિષ્ટ વિભાગમાં આ જ વિષયને લગતા બીજા કેટલાક લેખો અમદાવાદના હિંસા વિરોધ સંઘ તરફથી પુસ્તકાકારે પ્રગટ કરવામાં આવ્યા છે. આ આશરે ૧૭૫ પાનાના પુસ્તકની કિંમત રૂા. ૦.૭૫ નયા પૈસા રાખવામાં આવેલ છે. ટપાલ ખર્ચ ૨૫ નયા પૈસા છે. અહિંસાપ્રેમી ભાઈબહેનોએ આ પુસ્તક ખાસ વસાવવા જેવું છે. આ પુસ્તક હિંસા વિરોધ સંઘ, નગરશેઠનો વંડો, અમદાવાદ, અથવા તો શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩—એ બેમાંથી કોઈ પણ ઠેકાણેથી મળી શકશે.

પરમાનંદ

# સંઘ સમાચાર

## જાણીતા ચિન્તક-લેખક માંડલનિવાસી શ્રી રતિલાલ મફાભાઇ શાહનું સંઘે કરેલું સન્માન

તા. ૨૩-૩-૬૨ શુક્રવારના રોજ માંડલ નિવાસી શ્રી. રતિલાલ મફાભાઈ શાહનું સંઘના કાર્યાલયમાં એક સન્માન સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. શ્રી. રતિલાલ મફાભાઈ શાહના લેખો પ્રબુદ્ધ જીવનમાં વર્ષોથી અવારનવાર પ્રગટ થતા હોઇને પ્રબુદ્ધ જીવનના વાચકોને તેમનું નામ સુપરિચિત છે. તેઓ દેશના એક અગોચર જેવા ખુણે આવેલા માંડલ જેવા નાના ગામમાં વર્ષોથી એક શિક્ષકનો વ્યવસાય કરે છે. આજે તેમને લગભગ ૬૦ વર્ષ પૂરાં થવા આવ્યાં છે અને જીવનભરના ચાલુ શૈક્ષણિક વ્યવસાયથી છુટા થવાની તેઓ અણી ઉપર છે. શૈક્ષણિક વ્યવસાય ઉપરાંત માંડલના જૈન જૈનેતર સમાજ સાથે તેઓ ગાઢ સંબંધ ધરાવે છે અને ત્યાંની અનેક સામાજિક પ્રવૃતિઓના તેઓ એક સૂત્રધાર સમા છે. આ ઉપરાંત તેઓ જૈન ધર્મના સારા અભ્યાસી છે, તાત્વિક વિષયોના ચિન્તક—વિવેચક છે અને સારા જાણીતા લેખક છે. તેઓ સ્વતંત્ર વિચારક છે અને જેવું તેઓ વિચારે છે તેવું તેઓ બોલે છે તથા લખે છે અને તે મુજબ વર્તે છે. આ કારણે સ્થિતિચુસ્ત સમાજ સાથે તેમને અનેક વાર સંઘર્ષમાં આવવું પડયું છે અને તેમને સારા પ્રમાણમાં સહેવું પડયું છે. ગરીબીને વરેલું તેમનું જીવન છે અને ગાંધીવિચારણાને વરેલું તેમનું માનસ છે. તેમના પિતાશ્રી જેમનું આજથી આઠ વર્ષ પહેલાં અવસાન થયું છે તેઓ એક ભારે નિડર સુધારક હતા. તે સુધારક પિતાનો તેમને વારસો મળ્યો છે. પણ જ્યારે તેમના પિતાશ્રીની સામે બોલવાની ભાગ્યે જ કોઈ હીંમત કરી શકે એવો—સચ્ચાઈ ઉપર આધારિત—ગરમ તેમનો મીજાજ રહેતો, જ્યારે રતિભાઈનો સ્વભાવ શાન્ત, વિનમ્ર અને અત્યન્ત સહિષ્ણુ છે. આને લીધે તેમને વિચારનિષ્ઠા—સત્યનિષ્ઠા—ખાતર આજ સુધી સારા પ્રમાણમાં સહેવું પડયું છે. આજથી દશ વર્ષ પહેલાં તેમનાં પત્ની સૌ. અમથીબહેનનું અવસાન થયું ત્યારે તેમનામાં રહેલી ઉદાત્ત ગુણવત્તાથી અને પતિસમર્પણથી આકર્ષાઈને એ દિવસોના 'પ્રબુદ્ધ જૈન'માં તેમના અંગે એક પરિચય નોંધ આપવામાં આવી હતી. એ અવલંબન ગુમાવતાં તેમની જીવન તપશ્ચર્યા વધારે આકરી બની છે. વિદ્યાર્થીઓના તેઓ અતિ માનીતા 'ગુરુદેવ' છે અને ગ્રામવાસીઓના તેઓ (guide, friend and philosopher) માર્ગદર્શક, મિત્ર અને તત્વજ્ઞ છે.

એક અણધાર્યું નિમિત્ત ઉભું થવાથી તેમનું મુંબઈ ઘણા લાંબા વખતે આવવાનું થયું. પૂના જૈન વિદ્યાપીઠ તરફથી ભગવાન મહાવીરના જીવનચરિત્ર ઉપર એક ઈનામી નિબંધસ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં આશરે ૨૫૦ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. તેમાં શ્રી. રતિભાઈએ મોકલેલો નિબંધ સર્વશ્રેષ્ઠ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. સૌથી પ્રથમ આવનાર ત્રણનિબંધલેખકોને ગુણવત્તાના ક્રમ અનુસાર રૂ. ૨૫૦, ૧૫૦, અને ૧૦૦ ના પારિતોષિક આપવા માટે મુંબઈ ખાતે તા. ૧૮-૩-૬૨ ના રોજ રોક્સી થીએટરમાં સર મણિલાલ બાલાભાઈ નાણાવટીના પ્રમુખસ્થાને એક જાહેર સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ નિમિત્ત શ્રી. રતિલાલ મફાભાઈ શાહને મુંબઈ ખેંચી લાવ્યું હતું. આ રીતે તેમના મુંબઈ ખાતે થયેલા આગમનનો લાભ લઈને ઉપર મુજબનું સન્માન સંમેલન શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ગોઠવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સંઘના મંત્રી શ્રી. પરમાનંદ કુંવરજી કાપડિયા તરફથી શ્રી. રતિભાઈને આવકારવામાં આવ્યા હતા અને ઉપસ્થિત ભાઈ બહેનોને તેમનો વિગતથી પરિચય આપવામાં આવ્યો હતો. શ્રી. રતિભાઈના ગામના વતની અને રતિભાઈના વર્ષો જૂના સ્નેહી—સંબંધી શ્રી. સારાભાઈ એન. શાહે રતિભાઈ અંગે અપાયલા પરિચયમાં જરૂરી પુરવણી કરી હતી. ત્યાર બાદ શ્રી. રતિભાઈએ લગભગ પોણો કલાક સુધી કરેલ પ્રવચન દરમિયાન આજ સુધીની શૈક્ષણિક તેમજ સાહિત્યવિષયક પ્રવૃત્તિઓનો તેમજ પોતાના વિચારો ઉપર મક્કમ ઉભા રહેવાના કારણે ભોગવવા પડેલા ઉપસર્ગોનો તેમણે ખ્યાલ આપ્યો હતો. આ પ્રવચન એક નાની સરખી આત્મકથા જેવું બની ગયું હતું અને તેથી સાંભળનારા સૌ કોઈ અત્યન્ત પ્રભાવિત બન્યા હતા. આ પ્રવચન પૂરું થયા બાદ શ્રી પરમાનંદભાઈ તરફથી તાજેતરમાં પ્રબુદ્ધ જીવનમાં જેમ શ્રી. દુલેરાય માટલિયાની જીવનસાધના ક્રમશ: પ્રગટ થાય છે તે મુજબ શ્રી. રતિભાઈએ સભામાં જે કાંઈ કહ્યું તેને 'પ્રબુદ્ધ જીવન' માટે અવકાશે શબ્દબદ્ધ કરી મોકલવા વિનંતિ કરવામાં આવી. શ્રી. પરમાનંદભાઈની આ વિનંતિ બાદ પ્રમુખસ્થાનેથી શ્રી. લીલાવતીબહેને ઉચિત શબ્દોમાં સંઘના તે દિવસના મહેમાનનો આદર કર્યો અને પુષ્પહારથી તેમનું સન્માન કર્યું હતું અને ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી. આશા રાખીએ કે તેમણે આશા આપી છે તે મુજબ તેઓ આત્મકથાના આકાર જેવું લખાણ જરૂર મોકલી આપશે કે જેથી એક દૂરના ખુણે એક કેવું અણમોલ માનવીરત્ન વસે છે અને જીવનની ક્ષણે ક્ષણ જ્ઞાન—ઉપાસના અને માનવીસેવાને સમર્પીને કેવી સફળ-ચરિતાર્થ—કરે છે તેનો પ્રબુદ્ધ જીવનના વાચકોને ખ્યાલ આવે.

## સંઘ આયોજિત નૌકાવિહાર

તા. ૨૧-૩-૬૨ બુધવાર રાત્રીના ૮ થી ૧૧ સુધી 'શોભના સ્ટીમરમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો અને તેમનાં કુટુંબીજનોએ અત્યન્ત સુખદ અને આલ્હાદક નૌકાવિહારનો લાભ લીધો હતો. ફાગણ સુદ પુનમની રાત હતી. આકાશ એકદમ સ્વચ્છ હતું. પૂર્વાકાશમાં પૂર્ણચંદ્રનો ઉદય થઇ ચૂકયો હતો. સમુદ્ર તદ્દન શાન્ત હતો, પાણી સ્થિર હતાં. ચંદ્ર જ્યોત્સ્ના વડે સમુદ્રપટે અપૂર્વ ધવલતા-તેજસ્વીતા - ધારણ કરી હતી. પવન મંદ મંદ વાતો હતો. વાતાવરણમાં સર્વત્ર પ્રસન્નતા વ્યાપેલી હતી. આ નૌકાવિહારમાં ૩૦૦ ઉપર ભાઈ બહેનો તથા બાળકો જોડાયાં હતાં. સ્ટીમરમાં ધ્વનિ-વર્ધક યંત્રોની ગોઠવણ કરવામાં આવી હતી. બાળકોનો કલ્લોલ પાર વિનાનો હતો. સમુદ્રનો પરિચય આપણા ચાલુ જીવનમાં વિરલ હોઇને આ સમુદ્ર વિહારમાં જોડાયલાં ભાઈ બહેનોની મુખાકૃતિ ઉપર કુતૂહલ અને આનંદની રેખાઓ અંકિત થયેલી નજરે પડતી હતી. એપોલો બંદરથી આઠ વાગ્યે સ્ટીમર ચાલુ થઈ હતી. સંઘના સભ્ય કુટુંબો માટે આ એક સામુદાયિક મિલનનો અવસર હતો. ગાનતાન અને વિનોદનું વાતાવરણ સ્ટીમરના ચાલુ થવા સાથે નિર્માણ થયું હતું. સેન્ડવીચીઝ અને આઈસ્ક્રીમનો અલ્પાહાર વહેંચવામાં આવ્યો હતો. સતત ત્રણ કલાકનું મોટું ચક્કર મારીને ૧૧ વાગ્યે એપોલો બંદર ગેટ - વેય ઑફ ઈન્ડિયાના કિનારે 'શોભના' આવીને ઊભી રહી હતી. અને ત્રણ કલાક જાણે કે કોઈ જુદી દુનિયામાં ફરી આવ્યા હોય, ઊડી આવ્યા હોય, એવી મધુર અનુભૂતિનો આસ્વાદ કરીને સૌ ભાઈબહેનો તથા બાળકો પોતપોતાના નિવાસસ્થાન તરફ જવા વિદાય થયાં હતાં.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈ

"શ્રી પ્રબુદ્ધ જીવન"નો સંવત ૨૦૧૭ના આસો વદ ૦))ના રોજ પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. ન. પૈ. |
|---|---|
| લવાજમના વસૂલ આવ્યા ... ... | ૧,૦૫૭.૪૪ |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત કોપી મોકલાઈ તેના રૂ. ૨) લેખે કુલ ૩૯૩ સભ્યોના એડજસ્ટ કર્યા ... ... | ૭૮૬.૦૦ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો ... ... ... ... | ૪,૩૭૨.૯૮ |
| | ૬,૨૧૬.૪૨ |

| ખર્ચ | |
|---|---|
| માણસોને પગારના ... ... ... | ૧,૬૫૩.૭૬ |
| પેપર ખર્ચના ... ... ... ... | ૮૮૦.૫૪ |
| છપામણી ખર્ચ ... ... ... | ૨,૭૪૩.૦૦ |
| પોસ્ટેજ ખર્ચ ... ... ... ... | ૪૬૭.૯૭ |
| સીરનામાની બુક છપાવવાના તથા પરચુરણ ખર્ચના ... ... ... ... | ૪૭૧.૧૯ |
| | ૬,૨૧૬.૪૨ |

"શ્રી મુંબઈ જૈન યુવક સંઘ"નો સંવત ૨૦૧૭ના આસો વદ ૦))ના દિવસે પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|
| ભેટના ... ... ... | | ૬,૭૭૭.૪૬ |
| **લવાજમના** | | |
| સંવત ૨૦૧૭ના ... | ૨,૦૦૧.૦૦ | |
| સં. ૨૦૧૬ના ... | ૫.૦૦ | |
| | ૨,૦૦૬.૦૦ | |
| બાદ: સભ્યોને પ્રબુદ્ધ જીવનની કોપી મફત મોકલાવાઈ તેના લવાજમના એડજસ્ટ કર્યા તેના | ૭૮૬.૦૦ | ૧,૨૨૦.૦૦ |
| દર્શન અને ચિંતન પુસ્તક વેચાણના કમિશનની ચોકખી આવક | | ૬૭.૯૫ |
| **વ્યાજના:** | | |
| ડીબેંચરોના ... ... ... | ૪૮૨.૫૦ | ૭૪૫.૮૮ |
| બેંકની ફીક્સ ડીપોઝીટના ... | ૨૬૩.૩૮ | |

| ખર્ચ | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|
| **વહીવટી તથા વ્યવસ્થા ખર્ચ:** | | |
| પગારના ... ... ... | ૧,૬૫૩.૭૬ | |
| મકાનભાડુ તથા વીજળી ખર્ચ | ૨૫૩.૨૦ | |
| ટેલીફોન ખર્ચ ... ... | ૧૫૩.૩૪ | |
| પ્રીન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ | ૧૪૮.૯૮ | |
| પોસ્ટેજ ... ... ... | ૧૬૬.૨૫ | |
| પરચુરણ ખર્ચ | ૬૩૮.૭૬ | ૩,૦૧૪.૨૯ |
| હિસાબ તપાસવાના ઓડીટરોને ઓનરેરીયમના ... ... | | ૫૦.૦૦ |
| ફરનીચર પર ઘસારાના ... | | ૩૫.૦૦ |
| **ટ્રસ્ટના હેતુઓ અંગે ખર્ચ:** | | |
| વ્યાખ્યાનમાળા ખર્ચ | ૧,૩૬૦.૦૩ | |
| વૈદ્યકીય રાહત ખાતેથી લાવ્યા | ૧૧૭.૫૭ | ૧,૪૭૭.૬૦ |
| સરવૈયા ફેરના... ... ... | | ૧.૫૪ |
| વર્ષ દરમ્યાન ખર્ચ કરતાં આવકનો વધારો શ્રી જનરલ ફંડ ખાતે લઈ ગયા ... ... | | ૪,૨૩૨.૮૬ |
| | | ૮,૮૧૧.૨૯ |

ઉપરના હિસાબો તપાસ્યા છે અને બરોબર છે.
મુંબઈ, તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૬૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

## સંવત ૨૦૧૭ના આસો વદ ૦))ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું | | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|---|
| **શ્રી રીઝર્વ ફંડ:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | | ૧,૧૦૦.૦૦ |
| **સંઘ હસ્તકના ફંડો અને ખાતાંઓ:** | | | |
| શ્રી પુસ્તક પ્રકાશન ખાતું: ગયા સરવૈયા મુજબ બાકી | | ૩,૦૩૩.૬૬ | |
| **શ્રી વૈદ્યકીય રાહત ખાતું:** | | | |
| વર્ષ દરમ્યાન ભેટના | ૫૦.૦૦ | | |
| કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર શ્રી જનરલ ફંડ ખાતેથી લાવ્યા | ૫૦૦.૦૦ | | |
| કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર શ્રી આવક ખર્ચ ખાતેથી લાવ્યા ... | ૧૧૭.૫૭ | | |
| | ૬૬૭.૫૭ | | |

| મીલ્કત અને લેણું | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|
| ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) | | |
| ૫ ૧/૨ ટકાના ધી ઈન્ડીયન હ્યુમ પાઈપ કું. લિ.ના ડીબેન્ચરો ૪૦૦૦) | ૪,૨૩૬.૩૯ | |
| ૫ ૧/૪ ટકાના કાલટેક્ષ ઓઈલ રીફાઈનીંગ કું. ઈન્ડીઆ લિ.ના ડીબેન્ચરો ૫૦૦૦) ... ... ... | ૫,૩૦૬.૦૦ | ૯,૫૪૨.૩૯ |
| ફરનીચર અને ફીટીંગ્સ (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી: | ૪૨૦.૦૦ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન ઈલેકટ્રીક ફીટીંગના ... ... | ૧૫૩.૭૪ | |
| | ૫૭૩.૭૪ | |
| બાદ: કુલ ઘસારાના લખી વાળ્યા | ૧૮૫.૦૦ | |
| ઈન્વેસ્ટમેન્ટસ પર લેણું રહેલ વ્યાજ | | ૩૮૮.૭૪ |
| લેણું: (સદ્ધર) ... ... | | ૯૬.૭૯ |

| ફંડો અને દેવું | રૂા. ન. પૈ. | રૂા. ન. પૈ. | |
|---|---|---|---|
| બાદ : ગયા સરવૈયા મુજબ | | | |
| ઉધાર બાકી | ૧૩.૭૨ | | |
| વર્ષ દરમ્યાન વૈદ્યકીય | | | |
| રાહત ખર્ચ ... | ૨૮૭.૬૮ | | |
| | ૩૦૧.૪૦ | ૩૬૬.૧૭ | |
| **શ્રી માવજત ખાતું :** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૩૭૮.૫૬ | | |
| ઉમેરો : માવજત સાધન | | | |
| ઘસારાના વસૂલ આવ્યા | ૭.૨૨ | ૩૮૫.૭૮ | ૩,૭૮૫.૬૧ |
| **દેવું :** | | | |
| અગાઉથી આવેલ લવાજમો | | ૫૧૦.૦૦ | |
| માવજત સાધન અંગે ડીપોઝીટ | | ૪૧.૦૦ | |
| પરચુરણ દેવું ... ... | | ૬૩૫.૦૬ | ૧,૧૮૬.૦૬ |
| **શ્રી જનરલ ફંડ (આવક ખર્ચખાતું)** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | | ૨૦,૨૩૦.૫૮ | |
| બાદ : કાર્યવાહક સમિતિના ઠરાવ અનુસાર વૈદ્યકીય રાહત ખાતે લઈ ગયા ... ... ... | | ૫૦૦.૦૦ | |
| | | ૧૯,૭૩૦.૫૮ | |
| ઉમેરો : શ્રી જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી વધારાના | | ૪,૨૩૨.૮૬ | |
| | | ૨૩,૯૬૩.૪૪ | |
| બાદ : શ્રી પ્રબુદ્ધ જીવનના આવકખર્ચ ખાતેથી વર્ષ-દરમ્યાન ઘટના ... ... | | ૪,૩૭૨.૯૮ | ૧૯,૫૯૦.૪૬ |
| | | | ૨૫,૬૬૨.૧૩ |

| મિલ્કત અને લેણું | રૂા. ન. પૈ. | રૂા. ન. પૈ. |
|---|---|---|
| શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક | | |
| વાચનાલય તથા પુસ્તકાલય ... | ૧,૦૯૨.૩૯ | |
| ઈન્કમટેક્ષ રીફંડના ... | ૧૪૪.૭૬ | |
| લવાજમના ... ... | ૨૪૦.૦૦ | |
| પરચુરણ લેણું ... ... | ૨૫.૮૭ | |
| સ્ટાફ પાસે ... ... | ૧૫૨.૧૪ | ૧૬૫૫.૧૬ |
| **રોકડ તથા બેંક બાકી** | | |
| ધી બેંક ઓફ ઈન્ડિયા લિ.ના ચાલુ ખાતે | ૫,૨૧૬.૯૦ | |
| ધી બેંક ઓફ ઈન્ડિયા લિ. ના | | |
| ફીક્સ ડીપોઝીટ ખાતે ... | ૭,૫૧૧.૯૮ | |
| રોકડ પુરાંત ... ... | ૩૯.૩૧ | ૧૨,૭૬૭.૧૯ |
| **પરચુરણ ખાતાંઓ :** | | |
| **શ્રી સત્યં, શિવં, સુન્દરમ** | | |
| **પુસ્તક પ્રકાશન ખાતું :** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | ૧,૬૭૦.૬૧ | |
| બાદ : પુસ્તકો વેચાણના કુલ આવ્યા | ૫૯૨.૦૦ | ૧,૦૭૮.૬૧ |
| **શ્રી બોધિસત્વ પુસ્તક** | | |
| **પ્રકાશન ખાતું** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | ૨૮૮.૬૨ | |
| બાદ : વેચાણના કુલ આવ્યા ... | ૧૫૬,૩૭ | ૧૩૨.૨૫ |
| | | ૨૫,૬૬૨.૧૩ |

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, મુંબઈનું ઉપરનું સરવૈયું મજકુર સંઘના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરોબર માલુમ પડયું છે.

તા. ૨૪મી ફેબ્રુઆરી ૧૯૬૨
મુંબઈ

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજાનક વાચનાલય અને પુસ્તકાલય–મુંબઈ

**સંવત ૨૦૧૭ના આસો વદ ૦))ના દિવસે પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ**

| આવક | રૂા. ન. પૈ. | રૂા. ન. પૈ. |
|---|---|---|
| **વ્યાજ** | | |
| સીકયુરીટીઓના | ૧૬૦.૦૦ | |
| પબ્લીક લિમિટેડ કંપનીના | | |
| ડીબેંચરો પર ... ... | ૧,૨૯૩.૭૫ | |
| બેંકના ખાતાના ... ... | ૧૨.૯૨ | ૧,૪૬૬.૬૭ |
| ભેટના ... ... ... | | ૧,૩૯૬.૦૦ |
| પુસ્તકોના લવાજમના ... | | ૯૮૮.૦૦ |
| **પરચુરણ આવક :** | | |
| પસ્તી વેચાણના ... ... | ૧૧૦.૫૦ | |
| પાસબૂક વેચાણના ... ... | ૬૧.૦૫ | |
| પુસ્તકો મોડા આવવાથી તથા ખોવાઈ જવાથી દંડના ... | ૨૫.૫૫ | ૧૯૭.૧૦ |
| વર્ષ દરમિયાન આવક કરતા ખર્ચનો વધારો | | ૧,૮૧૫.૮૩ |
| | કુલ રૂા.... | ૫,૮૬૩.૬૦ |

| ખર્ચ | રૂા. ન. પૈ. | રૂા. ન. પૈ. |
|---|---|---|
| **ટ્રસ્ટના ઉદ્દેશ અંગે ખર્ચ :** | | |
| પેપર્સ લવાજમના ... | ૩૬૬.૨૫ | |
| ગ્રંથપાળને પગાર તથા બોનસ | ૨,૧૯૦.૦૦ | |
| પ્યુનને પગાર તથા બોનસ | ૧,૨૯૧.૭૮ | |
| મકાનભાડુ તથા વિજળી ખર્ચ | ૫૫૬.૭૦ | |
| ચોપડીઓ બાઈન્ડીંગ ખર્ચ ... | ૧૫૮.૮૪ | |
| પાસબૂકો તથા છપામણી ખર્ચ | ૨૪૩.૪૦ | |
| **વ્યવસ્થા ખર્ચ :** | | |
| પ્રીમીયમના ... ... | ૪૦.૦૦ | |
| પરચુરણ ખર્ચ ... ... | ૧૪૨.૨૭ | ૪,૯૮૯.૨૪ |
| ઓડીટરોને ઓનરેરીયમના ... | | ૫૦.૦૦ |
| **ઘસારાના :** | | |
| ફરનીચર પર ... ... | ૧૦૩.૦૦ | |
| પુસ્તકોના ... ... | ૭૨૧.૩૬ | ૮૨૪.૩૬ |
| | કુલ રૂા.... | ૫,૮૬૩.૬૦ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરોબર છે.

મુંબઈ, તા. ૨૪–૨–૧૯૬૨

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય-મુંબઇ

સંવત ૨૦૧૭ના આસો વદ ૦))ના દિવસનું સરવૈયું

**ફંડો અને દેવું**

| | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | | ૨૪,૫૬૧.૦૦ |
| **શ્રી પુસ્તક ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | | ૫,૫૦૦.૦૦ |
| **શ્રી ફરનિચર ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી ... | | ૨,૪૦૦.૦૦ |
| **દેવું:** | | |
| પુસ્તકો અંગે ડીપોઝીટ ... | ૪,૧૭૫.૦૦ | |
| પુસ્તકો અંગે માસિક ડીપોઝીટ | ૨૫.૦૦ | |
| પરચુરણ દેવું ... ... | ૧,૦૯૨.૩૯ | ૫,૨૯૨.૩૯ |
| | | ૩૭,૭૫૩.૩૯ |

અમોએ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય. મુંબઈનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા, વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડેલ છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ
ઓડીટર્સ.

મુંબઈ, તા. ૨૪--૨--૬૨.

**મિલ્કત અને લેણું:**

| | રૂ. ન. પૈ. | રૂ. ન. પૈ. |
|---|---|---|
| ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) સીક્યુરીટીઓ ૪ ટકાની ૧૯૬૭ની સૌરાષ્ટ્ર ગવરમેન્ટ ડેવેલપમેન્ટ લોન રૂ. ૪૦૦૦) | ૩,૯૯૩.૭૫ | |
| પબ્લીક લિમિટેડ કું. ના ડીબેંચરો: | | |
| ૪ ટકાના રાવલગાંવ સ્યુગર ફાર્મ લિ. ના ૧૦૦૦૦)ના | ૧૦,૦૦૦.૦૦ | |
| ૫ ૧/૪ ટકાના સ્ટેન્ડર્ડ વેક્યુમ રીફાઈનરી કું. (ઈ.) લિ. ના ૫૦૦૦)ના | ૫,૨૭૩.૦૦ | |
| ૫ ટકાના ધી તાતા લોકો. એન્ડ એન્જીનીયરિંગ કું. લિ. ના ૬૦૦૦)ના | ૬,૧૬૩.૫૦ | ૨૫,૪૩૦.૨૫ |
| ફરનીચર: (ચોપડા પ્રમાણે) | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૪૯૮.૫૨ | |
| બાદ: કુલ ઘસારાના | | |
| સં. ૨૦૧૬ સુધીમાં ૭૭૬.૫૨ | | |
| ચાલુ વર્ષના ઘસારાના ૧૦૩.૦૦ | ૮૭૯.૫૨ | ૧,૬૧૯.૦૦ |
| પુસ્તકો: (ખરીદ કીંમતે) | | |
| ગયા વરસના સરવૈયા મુજબ બાકી | ૮,૪૪૯.૦૬ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના | ૮૦૦.૮૬ | |
| બાદ: કુલ ઘસારાના | ૯,૨૪૯.૯૨ | |
| સં. ૨૦૧૬ સુધીના ૪,૪૪૦.૫૬ | | |
| ચાલુ વર્ષના ૭૨૧.૩૬ | ૫,૧૬૧.૯૨ | ૪,૦૮૮.૦૦ |
| લેણું (સદ્ધર) | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | ૪૩૫.૯૦ | |
| સ્ટાફ પાસે | ૧૬૬.૧૯ | |
| વ્યાજના લેણા | ૧૪૦.૦૦ | ૭૪૨.૦૯ |
| **રોકડ તથા બેંક બાકી:** | | |
| ધી બેંક ઓફ ઈન્ડિયાના | | |
| ચાલુ ખાતે ... ... | ૩,૨૯૯.૭૧ | |
| રોકડ પુરાંત ... ... | ૧૬.૪૩ | ૩,૩૧૬.૧૪ |
| **શ્રી આવક ખર્ચ ખાતું:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૭૪૨.૦૮ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન આવક કરતા ખર્ચનો વધારો | ૧,૮૧૫.૮૩ | ૨,૫૫૭.૯૧ |
| | | ૩૭,૭૫૩.૩૯ |


પુસ્તકાલયમાં વસાવવા લાયક. શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

**સત્યં શિવં સુન્દરમ્**

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ**
કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
**કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦**

**બોધિસત્ત્વ**

**સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક**
અનુવાદકો:
**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા**
**કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦**

મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
**સત્યં શિવં સુન્દરમ્: કિંમત રૂા. ૨. બોધિસત્ત્વ કિંમત રૂા. ૧**
મળવાનું ઠેકાણું:
**મુંબઇ જૈન યુવક સંઘ**, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો, અમદાવાદ.


## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સંઘનો વાર્ષિક વૃત્તાંત | | ૨૩૧ |
| સંઘની વાર્ષિક સભા | | ૨૩૪ |
| મારી જીવનસાધના ... ... ... | દુલેરાય માટલિયા | ૨૩૫ |
| પ્રકીર્ણ નોંધ: એક પ્રેરક ઘટના, ... પશ્ચિમ બંગાળના નવા મજુર પ્રધાન શ્રી. વિજયસિંહ નહારને અભિનંદન, સમદર્શી આચાર્ય હરિભદ્ર, કરૂણાવિચાર વિરૂદ્ધ ઉપયુક્તતાવાદ. | પરમાનંદ | ૨૩૮ |
| સંઘ સમાચાર | | ૨૩૯ |
| હિસાબો. | | ૨૪૦ |


## સાભાર સ્વીકાર

**ચેતન પ્રકાશનગૃહ (પ્રાઇવેટ) લિ. વડોદરાનાં પ્રકાશનો**

**ધીરે વહે છે દોન:** ભા. ૧-૨-૩, લેખક: માઇકેલ શોલોખોવ, અનુવાદક: સુરેશ જોષી. કિંમત અનુક્રમે રૂા. ૬, ૪, ૬.

**રવિન્દ્ર દર્શન:** સંપાદક: ભોગીલાલ ગાંધી, કિંમત: રૂા. ૮/૦

**નવી શૈલીની નવલિકાઓ:** સંપાદક: સુરેશ જોષી, કિંમત રૂા. ૩/૫૦

**કરોળિયાનું જાળું:** લેખક: જ્યાં પોલ સાર્ત્ર, અનુવાદક: ચંદ્રવદન ચી. મહેતા, પ્રકાશન કિંમત: રૂા. ૧/૦૦.

**આપણા યુગનો ભસ્માસુર:** લેખક: સુભદ્રા ગાંધી, કિંમત: રૂા. ૧/૦૦.

**કલ્યાણમૂર્તિ:** લેખક: રતિલાલ દીપચંદ દેસાઇ પ્રકાશક: શ્રી જીવનમણિ સદ્‌વાચનમાળા ટ્રસ્ટ, હઠીભાઇના દેરા સામે, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ. કિંમત: રૂા. ૧.


માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુવરજી કાપડિયા, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૩: અંક ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૬૨, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ❊ મારી જીવનસાધના ❊

(ગતાંકથી ચાલુ)

માલપરામાં એક શિક્ષકની શાળા હતી અને એક જ રૂમ હતો. અમે વિદ્યાર્થીની ભરતી કરીને ૧૪માંથી ૫૩ વિદ્યાર્થીઓની શાળાની સંખ્યા કરી. ૪૭ પરીક્ષામાં બેઠા અને એકાણું ટકા પરિણામ આવ્યું અને તે પછીની સાલમાં ૩૩ વિદ્યાર્થીઓ અને ૩૯ વિદ્યાર્થિનીઓ મળીને ૭૨ની સંખ્યા થઈ અને સરાસરી હાજરી ૬૨ રહી. આ સંખ્યાને પહોંચી વળવા માટે રૂમ નાનો પડયો અને અમને એક શિક્ષકની મદદ આપવામાં આવી. હાજરી વધે કે પરીક્ષાર્થી વધે અગર પરિણામના ટકા વધે તેથી સંતોષ તો જરૂર થાય. પણ અહીં જે રીતે અમે સંખ્યા વધારી તે રીતે, ગ્રામ-શિક્ષણના વિકાસ માટે તે કેટલે અંશે ઉપયોગી છે તે વિચારવાની દ્રષ્ટિએ રજૂ કરીએ છીએ.

(૧) અમે એવું નક્કી કર્યું કે કન્યાઓ ઘરકામમાં માને ઉપયોગી થાય છે, તેથી તેની પાસેથી તે કામ છોડાવવું નહિ. પણ પોતાનું ઘર, રાચરચીલું અને ભાઈ-ભાંડુંને સ્વચ્છ અને સુઘડ રાખે અને પદ્ધતિસર કામ કરવાની ટેવ પાડે તે જ કેળવણીનો એક ભાગ છે. એટલે શિક્ષિકા પોતે બહેનોને ઘેર જઈને આ બધું શીખવતી. તેથી વાલી સાથેનો પરિચય વધ્યો અને સ્વચ્છતા, સુઘડતાનું ધોરણ પણ વધ્યું. આ ઉપરાંત વાર્ષિક ૨૦ આંટી સૂતર કાંતી લાવે તે કન્યાને ઉદ્યોગમુક્ત જાહેર કરવામાં આવતી. એકાદ માસમાં રેંટિયા પર પક્કડ આવી જાય એટલે તે ઘેર કાંતતી. એ રીતે રેંટિયાને ઘેર ઘેર પ્રવેશ મળ્યો. અભ્યાસનો સમય રાત્રિના ૮ થી ૧૦ અને ઉનાળાના દિવસમાં રાત્રિ ઉપરાંત દિવસના ૨ થી ૪ રાખેલો. બે કલાકનું બૌદ્ધિક શિક્ષણ અને ઉનાળાના વિશેષ શિક્ષણને લઈને બહેનોની અભ્યાસવૃત્તિ વધી; ભાષા તથા લેખન શુદ્ધ થયાં અને પ્રવાસપર્યટન દ્વારા નવું જાણવાનું મળ્યું. તેથી સામાજિક પ્રવૃત્તિમાં ગતિ આવી.

બહેનોની જેમ જે કુમારો ખેતીમાં તેના પિતાને ઉપયોગી થતા હતા તેમને અમે ખેતી છોડાવી નહિ. પણ જે કુમાર એક એકરમાં અમે કહીએ તેમ ખેતીના પ્રયોગો કરે, ખેડ, ખાતર, બિયારણ વગેરેમાં અમારા શિક્ષકના સૂચનને અનુસરે, અને માસિક બે આંટી શાળાને ભેટ આપે તેને અમે ઉદ્યોગમુક્ત જાહેર કરતા. ઉનાળાના બીનમોસમી સમયના બે માસ તેઓ બપોરના ૨ થી ૬ અને રાતના ૮ થી ૧૦નો સમય શિક્ષણમાં આપતા અને મોસમી સમયમાં રાતના ૮ થી સવારના ૭ સુધી તેઓ શાળામાં જ રહેતા. સુવાની સમૂહવ્યવસ્થા શાળામાં જ કરી હતી. સવાબે કલાકનું બૌદ્ધિક શિક્ષણ અને સમૂહજીવનની તાલીમથી તેઓ ઘડાતા હતા. આવાં બહેનો અને ભાઈઓ ઘર અને ખેતીના કામમાં વધારે ઉપયોગી થતાં હતાં. બહેનોથી જેમ ઘરમાં સ્વચ્છતા, સુઘડતા અને સંપનું ધોરણ સુધર્યું હતું તેમ આવા વિદ્યાર્થીઓને લઈને ખેતીના ઉત્પાદનમાં વૃદ્ધિ થઈ હતી. વૈજ્ઞાનિક પ્રયોગની દેખા-દેખીથી ગામ સમસ્તની ખેતીની પદ્ધતિ બદલાતી જતી હતી અને તેથી પણ વિશેષ વિદ્યાર્થી ઉપરાંત ગામના યુવાનો અને પ્રૌઢોની ખેતીવિજ્ઞાન સમજવાની જિજ્ઞાસા વધતી જતી હતી. આથી અમારી શાળાની ભરતીની સાથોસાથ ગામના ઉત્સાહમાં પણ ભરતી આવવા લાગી.

બે વર્ષના આવા પ્રયત્ન પછી ૧૯૫૦માં આસપાસના ગામડાંઓના શિક્ષણનું પ્રમાણ ૧૦થી ૧૪ ટકા હતું તે વખતે અમારા ગામના શિક્ષણનું પ્રમાણ ૩૫ ટકાએ પહોંચ્યું હતું.

શાળામાં ભણતા બીનખેડૂતના અને આખો સમય આપતા ખેડૂતોના બાલ-બાલિકાઓને કાંતણ ઉપરાંત એક એકરની અમે બાલવાડી આપી હતી. તેમાં તેઓ શાકભાજી વાવતા અને કપાસ ઉગાડતા. એક મોસમમાં તેમણે ૩૦૦ રતલ શાકભાજી ઉત્પન્ન કર્યાં, અને ૧૪ મણ કપાસ ઉતર્યો. તેમાંથી કપાસ વેચી બીજું ખર્ચ કાઢીને બાવન જોડ ખાદીનાં કપડાં બનાવ્યાં. અમે તે શાળાના ગણવેશ તરીકે રાખ્યા. આ ઉપરાંત ઘરનાં કપડાં બનાવ્યાં તે વધારાનાં. સડકનું કામ કરીને અને પાળા બાંધીને એ લોકોએ એનો પ્રવાસ પણ કર્યો. કમાણીની દ્રષ્ટિએ નજીવું ગણાય તો પણ પોતે પોતાના નાના નાના હાથે, નાના નાના ક્યારામાં આ બધું કરી શકે છે તેનો આત્મ-સંતોષ અને સ્ફુર્તિ બાળકોમાં દેખાતાં હતાં. આટલું કામ કરવા છતાં પણ સરકારી નિરીક્ષકે ૯૧ ટકા પરિણામ આપ્યું અને ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓની કક્ષાનો પણ ખૂબ જ સંતોષ વ્યકત કર્યો. બે વર્ષની આ શાળાની પ્રગતિ જોઈને આ દિશામાં વિશેષ પ્રયોગ થઈ શકે તે દ્રષ્ટિએ સૌરાષ્ટ્ર સરકારે ૧૦૦ ટકા ગ્રાન્ટ આપીને અમને આ શાળા પ્રયોગ માટે સોંપી. અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ પોતાનું શિક્ષણકેન્દ્ર ગણીને ત્રણ વર્ષ સુધી વાર્ષિક ૧,૫૦૦ રૂપિયાની મદદ આપીને આ પ્રયોગાકિ શાળાને આગળ વધવાની તક આપી.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ માલપરા ઉપરાંત ફરતા ગામમાં પ્રૌઢશિક્ષણનું કાર્ય ચલાવવા માટે અમને આઠ હજારનું બજેટ આપ્યું જેમાંથી ચોસલા, ભંડારિયા અને ઘોઘાસમડીમાં અમે પ્રાથમિક શાળા ચલાવી અને માંડવા, ખીજડિયા, માલપરા અને ઘોઘાસમડીમાં પ્રૌઢોના વર્ગો ચલાવ્યા. ખીજડિયા અને માલપરામાં બહેનોના વર્ગ પણ ચાલતા. આ પ્રવૃત્તિને કારણે એ ગામો સાથેનો સંપર્ક પણ વધ્યો. અને તેના કેટલાક પ્રશ્નો પણ અમારી રીતે પતાવતા.

આ બધા ગામમાં માલપરાના સંસ્કાર કેન્દ્રે બાલ-સંસ્કારનું જે કાર્ય કર્યું તેની વાત ઝડપથી ફેલાઈ ગઈ. એટલે કેટલાક કજી-

ધાળા અને ઝગડાખોર છોકરાને અને કેટલાક રીસાળ, વ્યસની અને ચોરીથી ટેવાયેલા છોકરાને તેમના વાલીઓ ભોજનખર્ચ આપીને, કોઈ નોકરીની આશાથી નહીં, પણ છોકરાનું જીવન સુધારવાની આશાથી અમારે ત્યાં મોકલવા લાગ્યા. આવા ચાર—પાંચ છોકરા બહારગામના અને ત્રણચાર ગામના મળીને એક છાત્રાલય જેવું પણ શરૂ થયું. આ ઉપરાંત પોતાની ખેતી કરતા, પણ મોટી ઉંમરનો પરણે તેવા જુવાનિયા પણ ભણવા આવ્યા. તે લોકોનો છ ગુજરાતીનો અભ્યાસ હતો. તેઓ અમને ભેટ મળેલી જમીનની ખેતી સંભાળતા, તેના પર પ્રયોગો કરતા અને ત્રણ કલાક ભણતા. છ માસમાં પાંચમાંથી ત્રણ ભાઈઓએ પોતાની કક્ષા વધારી સહકારી મંડળીની પરીક્ષાઓ ઉત્તીર્ણ કરી, પંચાયતની પરીક્ષામાં પણ ક્રમે ક્રમે ઉત્તીર્ણ થયા અને એક વર્ષમાં તો કોઈ પંચાયતમાં, કોઈ સહકારી મંડળીમાં કે કોઈ લોકશાળામાં નોકરી કરતા થઈ ગયા. ખેતીના ગળાડૂબ કામ આડે વ્યકિતત્વને રુંધાઈ રહેવું પડે છે. તેમાંથી એક જ વર્ષમાં આ જુવાનોએ કારકીર્દી અને યશ મેળવ્યા. એથી નોકરી ઈચ્છનારા મા-બાપો પણ પોતાના છોકરાને અમારી પાસે મોકલવા લાગ્યા.

પ્રાથમિક શાળાના છાત્રાલયમાં પાંચમું ધોરણ ઉત્તીર્ણ કરેલા વિદ્યાર્થીને અમારે આંબલા કે ખડસલી આગળ અભ્યાસ માટે મોકલવા પડતા. તેવા નવ વિદ્યાર્થીઓ આગળ ભણતા હતા. તેમાંના કેટલાકના મા-બાપને નાણાભીડ ભોગવવી પડતી હતી. એથી સંસ્કાર કેન્દ્રના સ્થાનિક સાત વિદ્યાર્થીને અમે પોતાની ખેતી કરતા કરતા છઠ્ઠા—સાતમાનો અભ્યાસ કરાવ્યો, તેમાં ત્રણ ઉત્તીર્ણ થયા. ત્રણ માસ ગઢડા પ્રભુદાસભાઈ ગાંધી પાસે ખાદી કામ અને સુથારીકામ શીખવવા મોકલ્યા. ત્યાં તેમને સુંદર સંસ્કારી જીવનનું ભાતું મળ્યું. એ પછી ત્રણ માસ ખેતીવિજ્ઞાન વગેરેનું શિક્ષણ આપી એમને આંબલા મોકલ્યા. આંબલાએ તેમની કક્ષા જોઈને આઠમા ધોરણમાં પ્રવેશ આપ્યો અને દોઢ વર્ષમાં વિનીત થઈને બહાર આવ્યા. બીજી બાજુથી અમારા પાંચમાં ધોરણના વિદ્યાર્થીને અમે આંબલામાં ૧૫ દિવસનો કેન્દ્રનિવાસ આપ્યો. તેના અભ્યાસ તથા પ્રવૃત્તિથી સંતોષ પામીને આંબલા લોકશાળાએ અમારા વિદ્યાર્થીઓને લોકશાળાના વિદ્યાર્થી તરીકે માન્ય કર્યા. આ કારણે ગામના કુટુંબોનો શિક્ષણખર્ચનો ભાર ઘટયો અને બધા તરફથી એક સાદા મકાનની તથા ખેતીમાં મદદ આપવાની ખાત્રી મળતાં અમે લોકશાળા શરૂ કરવાનો વિચાર કર્યો.

લોકશાળા એટલે ખેતી-ગોપાલનને મુખ્ય ઉદ્યોગ ગણી છાત્રાલયવાળી નઈ તાલીમની શાળા. આવી લોકશાળા અમે ૧૯૫૨માં રવિશંકર દાદાના આશીર્વાદથી શરૂ કરી. એમણે કાંતણ અને રસોઈ-ઉદ્યોગ ઉમેરવાની અમને સલાહ આપી અને અમે તે પણ ઉમેર્યા. બે ત્રણ વર્ષમાં વિદ્યાર્થીની ઉત્તરોત્તર સંખ્યા વધતી ગઈ. અમારી શાળામાં ભણતા વિદ્યાર્થીઓ તૈયાર થઈને આવ્યા અને માસિક રૂા. ૪૦/— જેવા નજીવા વેતને શાળામાં વર્ષ દોઢ વર્ષ સુધી પોતાની સેવા આપવા લાગ્યા. જમીન પણ આવક આપવા લાગી. આ બધા કારણે ૧૯૫૬ સુધીમાં ૧૦ ધોરણની પૂર્વભૂમિકા તૈયાર થઈ ગઈ. સ્થાનિક કાર્યકર્તાઓ પણ તૈયાર થઈ ગયા. એથી અમે સરકાર પાસે ગ્રાંટ માગીને લોકશાળાને સ્થિર સ્વરૂપ આપ્યું. આજે ૧૦ ધોરણ સુધીની લોકશાળા ચાલુ છે. આમ બાલમંદિરથી લોકશાળા સુધીનો, જેમ જેમ માંગ ઊભી થતી ગઈ તેમ તેમ, વિકાસ થતો ગયો. આજે આ બધી પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે. ગ્રાંટના ધોરણે ચાલતી હોવાથી, પ્રયોગને અવકાશ છતાં મુખ્યપણે સર્વસાધારણ વિદ્યાર્થીનો ખ્યાલ રાખી આ શાળા ચલાવવામાં આવે છે. એથી ક્રોયડારૂપ બાળકોનો અને ખેતી અને ગૃહકામમાં રોકાયેલાં કુમાર—કુમારીના અભ્યાસનો પ્રશ્ન ફરી પાછો ઊભો થાય છે. શિક્ષણની સગવડ થઈ, પણ પ્રયોગ-ભૂમિકા સરતી દેખાય છે.

### લોકસંગ્રહ અને સેવાકાર્ય

વાત્સલ્યધામ સંસ્થા પાસે આજે જમીન, એન્જિન તથા મકાન વગેરેની મિલકત છે, અને તેના પર લોકશાળાના વિદ્યાર્થીઓ કામ કરે છે. ગામડાંની સંસ્થા ઊભી કરવા માટે કાર્યકર્તા અને અર્થ-સ્વાવલંબનનો અમે જે પ્રયત્ન કર્યો તે દિશાએ એટલે કે સ્થાનિક સાધન-સંપત્તિને ગતિ આપવાનો પ્રયત્ન અજમાવવા જેવો છે તેવું અમને લાગ્યું છે.

ગ્રામસમાજ મુખ્યપણે વ્યકિત તરફની ભકિતથી ટેવાયેલો છે. સંસ્થાભકિત અને સિદ્ધાંતનિષ્ઠાની બાબતમાં હજુ તે ઘડતર માગે છે. વ્યકિતત્વના પ્રભાવથી કેટલાંક કાર્યો અને પ્રશ્નો સરળ બને છે. આજ સુધી આગેવાનો, થાણદારો, કામદારો, અમલદારો અને ગુરુ કે પુરોહિતોના વ્યકિતત્વ દ્વારા તેનું ઘડતર થયું છે. સંયુકત કુટુંબસંસ્થા પણ કુટુંબની મુખ્ય વ્યકિતની આજ્ઞા પ્રમાણે ચાલે છે. સ્ત્રી, બાળક, પછાત-જ્ઞાતિઓ ઊભડ અને ગરીબ કુટુંબો આગેવાનને અનુસરવાનું કાર્ય કરે છે. તેનું સ્વતંત્ર વ્યકિતત્વ વિકસ્યું હોતું નથી. એ સ્થિતિમાં અમારે પણ ત્રણ તબકકે કામ કરવું પડયું. પહેલે તબકકે મારા તરફની લાગણી, શ્રદ્ધા અને સ્નેહને લઈને મેં કેટલીક વ્યકિતગત અનુકુળતા ઊભી કરી. જેમ કે ગામ લોકોએ ગામની બાજુની બે એકર જમીન તથા ચાર મકાનના પ્લોટો હરરાજીમાં હરીફાઈ કર્યા વિના પાંચ—પચીસ રૂપિયા જેવી અલ્પ કિંમતે અપાવ્યા અને જમીન ખેડી દીધી. 'નાગવાળા' નામની ૨૨ એકર જમીન એક ગૃહસ્થે મને વ્યકિત તરીકે ભેટ આપી. ગામના ત્રણ ચાર પટેલોએ પણ મારા કુટુંબનિર્વાહ માટે ગામના પાદરમાં જ પાંચ એકર વાડી આપી અને ૧૫૦ રૂા. નું ૨૫ વીઘાનું એક ખેતર વેચાતું અને ૪૮/૦૦ રૂા.માં ૭ એકર જમીન હરરાજીમાં લીધી. એક ચારણ પાસેથી ૧૫૦/૦૦ રૂપિયા તેના કરજના ચૂકવી ૧૦ એકરનું ખેતર ભેટ લીધું. આમ નજીવી કિંમતે અમારી પાસે લગભગ પચાસ એકર જેટલી જમીન થઈ. માલપરા અને ફરતા ગામના લોકોએ તેની ઉપર શ્રમ આપી જમીનને ખેડવાયોગ્ય કરી. બે પાંચ-વર્ષમાં જમીનોના અદલાબદલા કરી, ગામની નજીક ૩૪ એકર જમીન એકઠી કરી. આ જમીન મેં રચનાત્મક સમિતિને સોંપી દીધી. ૧૯૬૧ માં સમિતિએ ફરી ટ્રસ્ટને સોંપી.

**મકાનસંબંધી :** ગામલોકોએ ૪૦૦૦/૦૦ ને સમિતિએ ૬૦૦૦/૦૦ રૂપિયા રોકી શરૂઆતમાં એક કાચું મકાન બાંધ્યું. એ પછી ગામના, વિદ્યાર્થીશ્રમના અને ગ્રામસુધારણાના ફંડની સહાય સામે સરકારી મદદ લઈને શાળાના એક રૂમને બદલે પાંચ રૂમ, બાલમંદિરના ચાર અને એક વણાટઘર મળીને આશરે ૩૬૦૦૦/૦૦ રૂપિયાનાં મકાનો થયાં. આ મકાનોમાં પણ બહારના કોઈ પણ દાતાની મદદ લીધી નથી. લગ્ન વખતે મળતી ભેટ, ગ્રામફાળો, વિદ્યાર્થીઓએ ખેતી વગેરે કામો કરીને આપેલું શ્રમદાન વગેરેથી આ મકાનો લગભગ પાંચ વર્ષમાં ઊભાં થયાં. તે બધાં મકાનોની માલિકી આપણે પંચાયતને સુપ્રત કરી. આ રીતે જમીન અને મકાનો ઉપર પંચાયત અને રચનાત્મક સમિતિની માલિકી હોવાથી અમે અમારા કામ ઉપર સ્વેચ્છાએ ગ્રામપંચાયતનું અને ગાંધીવિચારની સંસ્થાનું નિયંત્રણ સ્વીકાર્યું. તે અમને પોષણ અને પ્રેરણા આપનારૂં બની રહ્યું. વિનોબાજીએ ભૂદાનની હીલચાલ શરૂ કર્યા પછી સંસ્થાએ પોતે જમીનનું દાન લેવાને બદલે ૧૧ ભૂમિહીનોને ૬૪ એકરનું દાન અપાવ્યું.

**વેતન અને ખર્ચ :**—શરૂઆતમાં માલપરામાં કસ્તુરબા સ્મારક તરફથી કેન્દ્ર ચાલતું, પરંતુ રચનાત્મક સમિતિનું માલપરા કેન્દ્ર બનતાં તેના કાર્યકર્તાઓના વેતનની જવાબદારી સમિતિએ સંભાળી. સમિતિ તરફથી મારા વેતનના માસિક રૂા. ૧૫૦/૦૦, મારા પત્નીના માસિક વેતનના રૂા. ૧૦૦/૦૦, અને મારા મદદનીશના માસિક વેતનના રૂા. ૧૦૦/૦૦, કંટીજન્સી, દવાદારૂ વગેરેના વર્ષે દહાડે ૬૦૦/૦૦ નું વાર્ષિક બજેટ અમને આપવામાં આવતું. આમ આશરે ૫૦૦૦/૦૦

નું બજેટ આપવામાં આવતું. તેમાંથી અમારા બન્ને વચ્ચે માસિક રૂા. ૧૦૦ થી ૧૨૫ લઈને અને મારા મદદનીશ રૂા. ૭૫/૦૦ લઈને બાકીની વધતી રકમ અમે બીજા કાર્યકર્તા તૈયાર કરવામાં અને ગ્રામ-પ્રવૃત્તિઓના વિકાસાર્થે વાપરતા. ખેતી વગેરેની આવક આમાં ભળતાં ક્રમે ક્રમે સંસ્થાનું વાર્ષિક ખર્ચ કાઢવા જેટલી સ્થિતિમાં લગભગ દસેક વર્ષે અમે આવી ગયા. આજે સંસ્થાના ૭૫ ટકા કાર્યકર્તા ગામના જ છે. તે બધા સ્વેચ્છાએ જરૂરિયાત પૂરતું લે છે, એટલે કે સરકાર તરફથી ગ્રેડ ગ્રેડેશન્સ કરતાં થોડું ઓછું લે છે. અને જેટલું લે છે તે જ સરકાર પાસે રજૂ કરે છે અને ઓછું લેવાની અને વિશેષ સમય દેવાની વૃત્તિ ધરાવે છે. સંસ્થા પાસે જે કાંઈ સાધનસામગ્રી દેખાય છે, તેમાં નાના મોટા બધા કાર્યકર્તાઓનો શ્રમ, સંયમ અને નાનો સરખો ત્યાગ ઠીક ઠીક અંશે કારણરૂપ છે. આ રીતે સંસ્થાની ખેતી-મકાનો અને રોજબરોજના ફાળે આવતા શિક્ષણ ખર્ચ માટે સ્થાનિક સાથીઓ અને સાધનોની સહાયથી બેઠા થવાના પ્રયત્નમાં સરકાર તરફથી ગ્રાન્ટ મળતાં અમને ઠીક ઠીક સફળતા મળી છે. આજે ૬૦ થી ૭૦ વિદ્યાર્થી અમારે રસોડે જમે છે અને બાલમંદિરથી વિનાત સુધીની શિક્ષણપ્રવૃત્તિ અમારે ત્યાં ચાલે છે. છતાં સમિતિની વેતન અને શિષ્યવૃત્તિની સહાય સિવાય અમારે અન્ય ફાળો કરવો પડયો નથી. સમિતિ પણ ક્રમે ક્રમે સહાય ઘટાડતાં છેલ્લાં બે વર્ષથી વાર્ષિક ૨૦૦૦/૦૦ ની સહાય આપે છે. છતાં પણ મુશ્કેલી વેઠીને પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવી છે. માત્ર સંસ્થા પાસે ૧૦ થી ૧૫ હજાર રૂપિયા રચનાત્મક સમિતિ, પ્રાયોગિક સંઘ તેમ જ અન્ય ગ્રહસ્થો લેનના માગે છે, તેટલી વસ્તુનો ભાર અમારા મન ઉપર રહે છે.

આ રીતે વ્યકિતથી શરૂ કરી કરકસર અને શ્રમથી ઊભી થયેલી સંપત્તિથી અમે જાહેર સંસ્થા નિર્માણ કરી છે અને તેનું ૧૯૫૯—'૬૦ માં 'વાત્સલ્યધામ—માલપરા' નામે ટ્રસ્ટ ડીટ કર્યું છે. ક્રમે ક્રમે અમે અને સમિતિએ બધી મિલકત તેને સુપ્રત કરી છે. આનો યશ સાથી કાર્યકરો અને ગ્રામજનોને ફાળે જાય છે, કેમ કે ખરી રીતે તો ૧૯૫૩ થી સંસ્થાકીય ઘાટ શરૂ થયો ત્યારથી તે કામ સ્થાનિક કાર્યકર અને મિત્રોને સોંપી સંતબાલજી અને વિનોબાજીનો સંદેશો ગામેગામ લઈ જવાના કાર્યક્રમમાં મેં મારું મન પરોવ્યું છે. સંસ્થાનું બીજ વવાયું એટલે તે ઉગશે પણ તેની પ્રેરણા અને વાતાવરણ નૈતિક મૂલ્યોમાંથી મળે તે દ્રષ્ટિએ તે કામને મેં પ્રાધાન્ય આપ્યું છે અને સંસ્થાના સ્વરૂપ ને ઘાટ સ્થાનિક કામ કરનારને અનુકૂળ પડે તેમ ગોઠવ્યું છે.

### સેવા અને સમાજસુધારણાનું કાર્ય

સેવા અને સમાજસુધારણાના કાર્યમાં પંચાયતો, સહકારી-મંડળી અને આગેવાનોની સહાયથી અને તે દ્વારા અમે તે તે કાર્યો કર્યાં. પંચાયતને વ્યવસ્થિત કરવા દોઢ વર્ષ હું સરપંચ તરીકે પણ રહ્યો. ખેતી-સુધારણા, દૂઝણા ઢોરની સુધારણા, લવાદ દ્વારા ન્યાય, છાશની પરબ, અનાથને અનાજ વગેરેનો ગામ તરફથી ટેકો અને જરૂર પડયે ગામના ગજા પ્રમાણે મજૂરીનાં કામો ઉઘાડીને પંચાયતે સારી શરૂઆત કરી. દુષ્કાળ વખતે નીરણ કેન્દ્ર, અનાજ કેન્દ્ર અને સરકારી રાહત-કાર્યોમાં સહાય આપીને તેમ જ કૂવા ઊંડા ઉતરાવી, ખેતરોમાં પાળા બંધાવી, ખેતીને ફાયદો થાય તેવા કાર્યો પણ પંચાયતે કર્યાં, અને તેની દેખાદેખીથી ફરતા ગામોમાં પણ આવા કામોની માંગ ઊભી થઈ. આથી અમારે ૧૫ થી ૨૦ ગામોમાં રાહતકેન્દ્રમાં, નીરણ કેન્દ્રમાં અને સડક વગેરેના કામોમાં લોકોને મદદરૂપ થવાનું અને સરકાર તથા સરકાર-નિયુકત લાઠીની દુષ્કાળ રાહત સમિતિને લોકોની માંગણી સમજાવવાનું કામ કરવું પડયું. આથી અમારું કાર્યક્ષેત્ર વ્યાપક બન્યું. તકરારોના આગેવાન સામેની ફરિયાદોના, જાહેર નાણાં સંબંધી ગોલ-માલના, લાંચરૂશ્વતના-તેવા અનેક પ્રશ્નો આવવા લાગ્યા અને તે દ્રષ્ટિએ કામ કરવા માટે અમે ખેડૂતમંડળની સ્થાપના કરી. સંતબાલજી મહારાજની નૈતિક દોરવણી મળી. આ બધાંથી અમને સારી એવી સફળતા અને પ્રતિષ્ઠા મળ્યાં. સાથોસાથ લાંચરૂશ્વતના કારણે નબળા અધિકારી અને તેને મળતિયા આગેવાનો સાથે અમારે ઘર્ષણમાં આવવું પડયું. રાજ્ય દ્વારા પ્રગતિશીલ ખેડૂત મંડળ થવાથી અમારા કેટલાંક આગેવાનોને તેમાં સ્થાન મળ્યું, તેથી તેની નિષ્ઠામાં બુદ્ધિ-ભેદ ઊભો થયો અને અધિકારી તથા રાજકીય આગેવાનોને રાજી રાખીને કામ કરવા ઇચ્છતા કેટલાક અગ્રણીઓ અમારાથી જુદો સૂર કાઢવા લાગ્યા. સહકારી પ્રવૃત્તિ શરૂ કરવાથી વેપારી ભાઈઓનો પણ રોષ વધ્યો ને તેઓ પણ વિરોધ કરવા લાગ્યા. એવામાં એક સામાજિક કેસ આવ્યો. કોઈ બહેનને તેમના ગુરુથી દિવસો રહ્યા. તે બાબતમાં ઊંડા ઉતરતાં માર્ગી અને બીજા ગુરુપંથોમાં દેહ અર્પણ કરવાની અને સ્વીકારવાની ભૂલ ભરેલી માન્યતાઓ દેખાઈ. ધર્મને નામે ચાલતા આ અનાચારને દર કરવો જ જોઈએ તેમ માની તેમને સદાચારને માર્ગે વળવા અને આવા ગુરુની કંઠી તોડી નાખવા મેં કેટલાકને સમજાવ્યા. કેટલાક ગામો ખસી પણ ગયાં. આથી એ સંપ્રદાયમાં કટુતા ઊભી થઈ તે કેટલી તીવ્ર હતી તેનો એક પ્રસંગ બન્યો. આ પ્રસંગ બન્યા પછી સાતમે વર્ષે સંપ્રદાયના ગામમાં મારે ભૂદાન અંગે સભા સંબોધવાની થઈ. સભામાં ધાંધલ કરવામાં આવી. હોહા-દેકારો અને તોફાનો થયાં. મંદિરમાં હરિજનોને દાખલ કરશે તેવું સમજાવી ગુરુએ આ લોકોને ચડાવેલા હતા. હું તોફાન વચ્ચે ૩૦ મિનિટ ધ્યાનથી બેસી રહ્યો. છેવટે સભાએ શાંતિથી વાત સાંભળી, પણ સભા છૂટયા પછી પથ્થરમારો ચલાવ્યો. મારા બે-એક સાથી-ભાઈઓને ઈજા થઈ. અસ્પૃશ્યતાના ભયે ગઢડાના મંદિરમાં પણ અમને પ્રવેશ ન મળતો. ખાનકીમાં દેવીને બોકડા ચડાવતા તેમને રોકવાથી દેવીપંથીનો પણ વિરોધ વધ્યો. આમ ધર્મઝનુની, અજ્ઞાની અને ભોળા ગામડિયાઓનો પણ અમારી સામે વિરોધ થયો. ગામડાંમાં ગરીબી અને અજ્ઞાન તો છે જ. અતિશ્રમનો થાક ભૂલાવે તેવું શુદ્ધ મનોરંજન ખૂટે છે. શરીરનો થાક, મનની તાણ અને કુટુંબનો ક્લેશ ભૂલવા વ્યસન અને પરસ્ત્રીગમન તરફ ગામડામાં હાલતાં વળી જવાય છે. આ કારણે તેનામાં ચારિત્ર્યનાં ધોરણો જેમ શિથિલ છે, તેમ નબળાઇ નભાવી લેવાનું ઔદાર્ય પણ જબરૂં છે. આ બાબતની કેટલાક આગેવાનોની કચાશ પર મેં આક્રમણ કર્યું. એટલે તેનો વિરોધ પણ વ્હોરી લીધો. આમ જેમ બહારથી અમારું કામ વધતું જતું હતું, તેમ વિરોધ અને રોષ પણ વધતો જતો હતો. કામ કરવાની ઢબ વ્યતિગત ધોરણે હતી અને સબળ નૈતિક સંગઠ્ન ઊભું ન થવાથી આખા ક્ષેત્રને દોરવણી આપનારૂં વ્યકિતગત બળ ઓછું પડયું. તેમાં યે અમારા કાર્યકર્તાની શિથિલતા, અજાગૃતિ કે દોષ દેખાય ત્યારે કાગનો વાઘ કરી અફવાઓ ઊભી થાય અને શંકા-કુશંકાઓથી બધાનાં મનને ચકડોળે ચડાવી તેની શ્રદ્ધા ડહોળી નાખવામાં આવતી. જેમ બાજા બધા ગામમાં હોય છે તેમ અમારા ગામોમાં પણ પક્ષાપક્ષી ને તડા હોય છે. ગરીબી અને નવરાશમાં આવા તડાઓની તકરાર અને સામાને હંફાવવાનો વીરરસ તે ગામડાના વ્યસન જેવો બની ગયો છે. કોઈ પણ પ્રશ્નને તડાથી લઈ જઈ, શંકા, કુશંકા અને પ્રશ્ન લેનાર પણ દોષારોપણ કરવાની ટેવો અમારે ત્યાં પણ સર્વમાન્ય હતી. એટલે પક્ષપાતના આક્ષેપો થતા અને ઇરાદાઓ અંગે પણ શંકાઓ થતી, જેથી પ્રશ્નો ઝડપથી પતાવવામાં વિલંબ થતો. આ બધા વચ્ચે પણ અમે જ્ઞાતિઓના રીતરીવાજમાં સુધારા કરાવા શકયાં; ધર્મને નામે ખાનકીમાં ચાલતો પ્રાણવધ અટકાવા શકયા. ભૂવા અને માતાજી-ના રથો કે શ્વાનપૂજા પછવાડેનો ખોટો ભ્રમ કાઢા શકયા. સહકારી પ્રવૃત્તિમાં એક બે જગ્યાએ માત્ર ઉધાર આપવા જેવા સામાન્ય કામના બદલે ખેતીવિષયક સગવડો વધારી શકયા; અને સઘનક્ષેત્ર જેવી

સંસ્થા દ્વારા ઘાંચી, કુંભાર તથા કાંતનાર વણનારને આર્થિક મદદ પણ પહોંચાડી શકયા; ભૂમિદાનમાં લગભગ બધા ગામોમાંથી જમીનો મેળવીને ભૂમિહીનોને વહેંચી; હરિજનો તથા ભંગીઓને મકાનો અને સાધનોની મદદ અપાવી; અને ગ્રામદાન તથા નૈતિક સંગઠ્ઠનનો સંદેશો ગામોગામ પહોંચાડયો. અને તે સદ્ભાવનાપૂર્વક ઝીલાયો. ગ્રામદાનની અને સીલીંગ (ટોચ-મર્યાદા)ની વાત પછી ઠીક સ્થિતિના ખેડૂતો ઉદાસીન બનતા જાય છે અને આર્થિક અને સામાજિક રીતે ખૂબ પછાત તેવા લોકો સાથે અમે હજુ તાદાત્મ્ય સાધી શકયા નથી. એટલે તેઓ થોડા અળગા રહે છે. કોંગ્રેસપક્ષનું વલણ આવી સંસ્થા સાથે સદ્ભાવનાવાળું છે, પણ સક્રિય વેગ આપવા જેટલી સહાનુભૂતિ પ્રગટતી દેખાતી નથી. ઊલટું ઘણી વખત સ્થાનિક સ્તરેથી અવગણના ભરેલી ઉદાસીનતા પણ લાગે છે અને ઈતર પક્ષો તો વિરોધ જ કરે તે સ્વાભાવિક છે. એક પક્ષની ઉદાસીનતા અને બીજા પક્ષનાં આક્રમણ ગાંધીકાળે આવ્યા ન હતાં. ગાંધીજી વખતે રચનાત્મક કામમાં પડેલા છૂટાછવાયા કાર્યકર્તાને બાપુની હુંફ, જનતાની શુભભાવના, કોંગ્રેસની સહાનુભૂતિ અને પોતાના તપોમય જીવનનો ટેકો મળતો હતો, તેથી કામ અલ્પ થવા છતાં વાતાવરણ તેને બળ આપતું હતું. આજે જેમ જેમ રાજ્યની મદદનો આધાર લઈને કાર્યો વધતાં જાય છે, તેમ તેમ લોકો કામ તરફ ઉદાસીન અને કાર્યકર્તા પાસેથી લાભ લેવાની વૃત્તિવાળા થઈ જાય છે અને ધાર્યો લાભ ન મળે તો છંછેડાય છે. કોંગ્રેસ જેવી સંસ્થા આવા કાર્યકરોને અવ્યવહારુ અને આગ્રહી માની ઉદાસીન બનતી જાય છે અને ઘણીવાર દરિદ્રનારાયણ માટે કામ કરતા નિષ્ઠાવાન કાર્યકર સામેના સ્થાપિત હિતોને પંપાળે છે અને તેમને પ્રતિષ્ઠિત કરવાની ભૂલ કરે છે. કાર્યકર્તા પણ ધીમે ધીમે સત્ય, પ્રેમ અને ન્યાય માટેની અહિંસક ક્રાંતિમાં જોઈતા તપસાતત્ય ને સાવધાની ચૂકી માત્ર રાહતના કામમાં અટવાઈ જાય છે. બાપુની અવેજીમાં સર્વ સેવાસંઘ કે પ્રાયોગિક સંઘ જેવી સંસ્થાઓ તેના કામને આયોજીત કરીને હુંફ આપે તો બાપુની ઉણપ પૂરાય. પણ તેની તેટલી શકિત વધી નથી. અમારા ક્ષેત્રને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ આવી હુંફ આપી છે, તેથી જ અમે આટલું કામ કરી શકયા છીએ.

ક્રમશ: દુલેરાય માટલિયા

## સંઘદ્વારા આયોજિત માથેરાન–પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા માત્ર સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે તા. ૨૨—૪—૬૨ થી ૨૯—૪—૬૨ સુધીનું માથેરાનનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. તે માટે મોટી ઉમરની વ્યકિત માટે રૂા. ૬૫ અને ૧૧ વર્ષથી નીચેની ઉંમરના માટે રૂા. ૩૫ સંઘના કાર્યાલયમાં ભરવાના રહેશે.

આ પ્રવાસમંડળી ૨૨મી એપ્રિલ રવિવાર સવારના વિકટોરિયા ટરમિનસ, પ્લેટફોર્મ નં. ૧૦ ઉપરથી ઉપડતી પૂના એકસ્પ્રેસમાં રવાના થશે. માથેરાનમાં રગબી હૉટેલમાં ઉતરશે અને તા. ૩૦મી એપ્રિલ સોમવારના સવારની ગાડીમાં માથેરાનથી પાછી ફરશે.

આ પર્યટન અતિ મર્યાદિત સંખ્યા માટે હોઈને જે સભ્યોની આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયનો સત્વર સંપર્ક સાધવા વિનંતિ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મારી જીવનસાધના | દુલેરાય માટલિયા | ૨૪૩ |
| અમારો કાશ્મીરનો પ્રવાસ | પરમાનંદ | ૨૪૬ |
| પ્રકીર્ણ નોંધ: પીએચ. ડી.ની ડીગ્રીને પાત્ર બનેલા શ્રી ધીરૂભાઈનો પરિચય, આમાં બુદ્ધિમત્તા નથી, તો આમાં પણ બુદ્ધિમત્તા નથી. | પરમાનંદ | |
| વધતો જતો માંસાહાર કેમ અટકે? | જયન્તીલાલ ના. માનકર | ૨૫૧ |
| "જૈનદર્શન" વિષયક પ્રવચનસભા: મહાસતી ઉજજવલકુમારીનો પરિચય | | ૨૫૨ |


# અમારો કાશ્મીરનો પ્રવાસ--૧૦

## પુનઃ દિલ્હી થઈને મુંબઈ પહોંચ્યા.

તા. ૨૭મી ઑગસ્ટની સાંજે સૂર્યાસ્ત સમયે અમે કાલકા સ્ટેશને પહોંચ્યાં. દોઢેક કલાકમાં રસોઈ તૈયાર થઈ ગઈ અને સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર જ આસનીયાં પાથરીને અમે ભોજન કર્યું અને લગભગ નવ વાગ્યે ટ્રેન ઉપડી ત્યાં સુધી પ્લેટફોર્મ ઉપર જ અમે આમતેમ ફરતા રહ્યાં. લગભગ સાડાદશ વાગ્યે અમે અંબાલા પહોંચ્યાં અને રેલ્વેખાતા સાથેની ગોઠવણ મુજબ અહિં અમારી બોગી આગળ જનારી ટ્રેનથી છુટી કરવામાં આવી. અહીંથી સવારે ઉપડતી દિલ્હી તરફ જતી ટ્રેન સાથે અમારી બોગી જોડાવાની હતી. ત્યાં સુધી અમારે અંબાલા સ્ટેશનમાં પડી રહેવાનું હતું. અહિં અમારી બોગીને સ્ટેશન—યાર્ડના કોઈ એક ખુણે લઈ જઈને પડી રહેવા દીધી હોત તો કશું જ કહેવા લખવાનું ના રહેત, પણ એમ કરવાને બદલે કોઈ એક એન્જીને પોતાની સાથે અમારી બોગીને જોડીને અહિંથી તહીં, એક છેડેથી બીજા છેડે, આખી રાત શન્ટીંગ જ કર્યા કર્યું અને આખી રાત દરમિયાન એક પણ ઘડી શાન્તિ કે સ્થિરતાની અમને ન મળી. આનો રેલ્વેવાળાઓ તરફથી એમ ખુલાસો કરવામાં આવેલો કે અંબાલાનું સ્ટેશન—યાર્ડ પ્રમાણમાં બહુ ટૂંકું હોઈને આવી બોગીને બાજુએ કોઈ એક ખુણે મૂકી રાખવાની સગવડ નથી અને આવતી જતી અનેક ગાડીઓ માટે એક યા બીજા પ્લેટફોર્મ ઉપર અથવા સાઈડીંગમાં જગ્યા કરવાની હોઈને આવી બોગીની ચાલુ હેરફેર કરતા રહેવા સિવાય બીજો કોઈ માર્ગ રહેતો નથી. આ જે હોય તે, પણ આખા પ્રવાસ દરમિયાન આ રાત, આ ચાલુ શન્ટીંગની અથડામણીને લીધે, લગભગ જાગતા ગાળવાની અથવા સુતાં સુતાં આમતેમ અફળાતા રહેવાની અમને ફરજ પડી.


બીજે દિવસે સવારે અમારી સવારી દિલ્હી તરફ રવાના થઈ. ચાલતી ગાડીએ જ ભોજન પતાવ્યું. બપોરના એક વાગ્યા લગભગ દિલ્હી સ્ટેશને પહોંચ્યાં. આગળ પત્રવ્યવહાર દ્વારા નકકી કર્યા મુજબ મારા મિત્ર અને લોકસભાના સભ્ય શ્રી. ઘનશ્યામ ઓઝા સ્ટેશન ઉપર અમને લેવા આવેલા. બસ નકકી કરીને, શ્રી ઘનશ્યામભાઈએ રજા ચીઠ્ઠી મેળવેલી તે મુજબ, સૌથી પહેલાં અમે બધાં લોકસભાગૃહ જોવા ગયાં. એ વખતે લોકસભાની બેઠક ચાલતી હતી. અમે બધાં અડધોએક કલાક ત્યાં બેઠાં અને ત્યાંથી રાષ્ટ્રપતિભવન જોવા ગયાં. તેની પણ રજાચીઠ્ઠી ઘનશ્યામભાઈએ મેળવી રાખી હતી, પણ એ જ દિવસે નેપાલના મહારાજા અને હંગરી કે ઑસ્ટ્રીયાના મુખ્ય પ્રધાન આવેલા અને તેઓ રાષ્ટ્રપતિભવનમાં ઊતરેલા - અને આમ કોઈ વિશિષ્ટ રાજકારણી વ્યકિત રાષ્ટ્રપતિભવનમાં ઊતરી હોય ત્યારે બહારના માણસોને રજાચીઠ્ઠી હોવા છતાં રાષ્ટ્રપતિભવનમાં દાખલ કરવામાં આવતા નથી—આ કારણસર અમને પણ રાષ્ટ્રપતિભવનમાં પ્રવેશ ન મળ્યો. પણ રાષ્ટ્રપતિ ભવનની સાથે જોડાયેલો પાછળના ભાગમાં એક વિશાળ બગીચો છે, તેને 'મોગલ ગાર્ડન્સ' ના નામથી ઓળખવામાં આવે છે. આ બગીચામાં અમે દાખલ થઈ શકયાં અને ચોતરફ ફરી શકયાં. આ બગીચામાં મોટા મોટા લૉન્સ, પાણીના ફુવારાઓ, વિચિત્ર પ્રકારના ફુલના રોપાઓ અને તરેહ તરેહના ઝાડ ઉગાડવામાં આવેલ છે અને આ બધું જોતાં ફરતાં, મોગલ બાદશાહના રાજવૈભવની સ્મૃતિ તાજી થાય છે. આ પતાવીને હું, મારાં પત્ની અને હીરાબહેન પાઠક ઘનશ્યામભાઈના નિવાસસ્થાન ઉપર ગયાં અને બીજાં ભાઈબહેનો દિલ્હી શહેરની બજારો તરફ રવાના થયાં. અહિં ઘનશ્યામભાઈ સાથે દિલ્હી પાછા ફરવાના સમયે એક રાત ગાળવી એવી અમારી વચ્ચે અગાઉથી ગોઠવણ નકકી થયેલી હતી. જેમના અમે આ રીતે મેમાન થયા તેમનો અહિં થોડો પરિચય આપું તો

અસ્થાને નહિ ગણાય. તેઓ સુરેન્દ્રનગરના વતની છે, બી. એ; એલ એલ. બી. સુધી તેમણે અભ્યાસ કર્યો છે. અભ્યાસ પૂરો કર્યા બાદ તેમણે સુરેન્દ્રનગરમાં વકીલાત શરૂ કરેલી. સાથે સાથે વિદ્યાર્થી અને યુવકપ્રવૃત્તિમાં તેમણે સારો રસ લીધેલો. ઝાલાવાડ હરિજન સેવક સંઘના પ્રમુખ બનેલા અને ભંગી મંડળ પણ ચલાવેલું; એ દિવસોની મજૂરપ્રવૃત્તિ સાથે પણ તેઓ સક્રિય રીતે જોડાયલા હતા. રાજકીય ક્ષેત્રે ઊભી થયેલી લડતોમાં અને તેમાં પણ દેશી રાજ્યો સામેના આન્દોલનોમાં તેમણે સારો ભાગ લીધો હતો અને રાજકોટની લડતમાં તેમ જ જૂનાગઢની આરઝી હકૂમતની સ્થાપનામાં તેમણે સક્રિય રસ દાખવ્યો હતો. આ બધાં નિમિત્તોને લીધે તેઓ કોંગ્રેસપ્રવૃત્તિ સાથે વર્ષોથી ગાઢપણે સંકળાયલા હતા.

૧૯૪૭ માં રાષ્ટ્રને આઝાદી મળ્યા બાદ જ્યારે શ્રી. ઢેબરભાઈની આગેવાની નીચે સૌરાષ્ટ્ર સરકારની નવરચના કરવામાં આવેલી ત્યારે નવા રચાયલા પ્રધાનમંડળમાં શ્રી ઘનશ્યામભાઈને લેવામાં આવ્યા હતા. સમયાન્તરે ૧૯૫૭ ની ચૂંટણી થઈ ત્યારે તેઓ કોંગ્રેસી ઉમેદવાર તરીકે લોકસભામાં ચૂંટાયા હતા. આ રીતે પાંચ વર્ષથી તેઓ લોકસભામાં કોંગ્રેસની અને લોકોની સેવા બજાવી રહ્યા છે અને આ નવી ચૂંટણીમાં પણ તેઓ લોકસભામાં કોંગ્રેસી ઉમેદવાર તરીકે ફરીથી ચુંટાયા છે. તેમની સાથે મારો પરિચય મારા સ્વ. મિત્ર મણિલાલ ઓઘડભાઈ શાહ મારફત વર્ષો પહેલાં થયેલો. ત્યારથી આજ સુધી, જો કે પરસ્પર મળવાનું બહુ ઓછું રહે છે એમ છતાં, અમારી વચ્ચે બહુ મીઠો સંબંધ રહ્યો છે. તેઓ એક શીલસંપન્ન સંસ્કારી સજ્જન છે. તેમનામાં ઊંડી રાષ્ટ્રનિષ્ઠા છે, સાહિત્ય વિષે પણ તેઓ સારી અભિરૂચિ ધરાવે છે. માન્યવર મોરારજીભાઈ સાથેના દિલ્હીના ચાલુ સહવાસને લીધે તેમણે તેમની સારી પ્રીતિ સંપાદન કરી છે. તેમનામાં સ્વાભાવિક સૌજન્ય અને નમ્રતા છે. તેમની ઉમ્મર આજે ૫૦ વર્ષની છે. ગાંધી વિચારસરણી ધરાવવા છતાં તેમના વિચારોમાં કોઈ rigidity - કોઈ જડસુપણું—નથી. માનવી જીવન વિષે ઊંડી સુઝ સાથે તેઓ વિશાળ દૃષ્ટિ ધરાવે છે. કોંગ્રેસી રાજકારણના ક્ષેત્રને વરેલા તેઓ એક ઊગતા પ્રજાસેવક છે.

તેમની સાથે સાંજ અને રાત ખૂબ આનંદમાં ગાળી. ઘર જેવું વાતાવરણ અને ભોજન મળતાં અમારા પ્રવાસનો થાક ઠીક ઠીક હળવો થયો. એ દિવસોમાં થોડા સમય પહેલાં જ ગુજરાતની વિધાનસભાના કૉંગ્રેસી ઉમેદવારોની પસંદગી અને તે અંગે સૂચવાયલા દશ વર્ષના નિયમના કારણે માન્યવર મોરારજીભાઈ અને ગુજરાતના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતા વચ્ચે અથડામણ થયેલી અને તેથી ગુજરાતનું કોંગ્રેસી રાજકારણ ખૂબ રસાકસી ભરેલું બનેલું. એટલે વાતચીતનો વિષય કાંઈ અમારે શોધવો પડે તેમ હતું જ નહિ. વળી આ ઉપરાંત અમારી વચ્ચે સમાન રસના બીજા પણ અનેક વિષયો હતા. વળી ગુજરાતી સાહિત્યની ઉપાસનાને વરેલાં હીરાબહેન પાઠક અમારી સાથે હતાં. એટલે અમારા સહમિલનમાં સાહિત્યવાર્તાને સ્થાન મળ્યા વિના ન જ રહે. ઘનશ્યામભાઈ સાથે વાતો કરતાં માલુમ પડ્યું કે, મૂળ તો તેઓ સાહિત્યના જીવ છે, પણ રાજકારણ તરફ ઢળી પડ્યા છે. આમ અમે જેટલા કલાક સાથે રહ્યાં તે દરમિયાન અમારો વાર્તાલાપ અનેક વિષયો અને ક્ષેત્રોને સ્પર્શતો રહ્યો અને છૂટા પડયા ત્યારે હજુ 'આપણે ઘણી બાબતો ચર્ચવાની બાકી રહી ગઈ છે. પણ તે તો હવે પાછા ફરી મળીએ ત્યારે વાત'. એવા પરસ્પર સંવેદનપૂર્વક અમે છૂટા પડયા હતા.

*** પ્રવાસમંડળી વચ્ચે મહાઅમાત્ય શ્રી નહેરુ ***



ઘનશ્યામભાઈને ત્યાં અમે રહ્યા તે દિવસે સાંજે બહુ નજીકમાં વસતા કાકાસાહેબ કાલેલકરને અમે મળવા ગયા હતા. કાકાસાહેબ પર્વતોના આશક, હિમાલયના પરમ ઉપાસક અને સતત પરિભ્રમણ-પરાયણ તેમનું જીવન. અમે તાજા જ અમરનાથની યાત્રા કરીને પાછા ફરેલા એટલે અમારાં મન અમરનાથથી ભરેલાં હતાં. આ કારણે તેમની સાથેના આ વખતના અમારા મિલનમાં કોઈ જુદી જ ઉત્તેજના હતી. તેમણે અમારા ઉત્સાહને બહુ ભાવથી આવકાર્યો અને અમારા ઉલ્લાસને ઉમળકાથી વધાવ્યો.

અમારાં પ્રવાસી ભાઈ બહેનોના દિલમાં, અહિં દિલ્હી આવ્યા છીએ તો, આપણા મહાઅમાત્ય નહેરુને મળવાનું ગોઠવાય એવી ઊંડી ઉત્કંઠા રમી રહી હતી. સાધારણ રીતે બહારથી આવતા અમારી જેવા પ્રવાસીઓને મળવા માટે જવાહરલાલજીએ, તેઓ દિલ્હીમાં હોય ત્યારે, સવારના ૮॥ થી ૯॥ નો સમય રાખ્યો છે. આ માટે પહેલાંથી રજા મેળવવાની રહે છે. ઘનશ્યામભાઈએ આ રજા મેળવી આપી અને અમે બધાં જવાહરલાલજીના નિવાસસ્થાનના દરવાજા આગળ એકઠા થયાં અને અમને મળેલી રજાચિઠ્ઠીની ખાત્રી કરીને દરવાજામાં અમને દાખલ કરવામાં આવ્યાં. અમારામાંના કેટલાક ભાઈઓ ફુલહાર તો કેટલાક ગુલાબના ગુચ્છ સાથે લેતા આવેલા. બગીચામાં થોડે આગળ ચાલ્યા અને એક મોટા બંગલામાં અમે દાખલ થયાં અને પાછળના ભાગમાં વિશાળ ઓશરી છે ત્યાં બીજા મુલાકાતીઓ માફક અમને પણ બેસવાનું કહેવામાં આવ્યું. વીશેક મિનિટ રાહ જોઈ અને નહેરુ ઉપરથી નીચે આવ્યા અને દીવાનખાનામાં બેઠેલા કેટલાક વિશિષ્ટ મુલાકાતીઓ સાથે વાતો કરવા લાગ્યા.

આ દરમિયાન અમારામાંના કેટલાક ભાઈઓના મનમાં વિચાર આવ્યો કે, જવાહરલાલજીને આપણે ખાલી હાથે મળીએ તે યોગ્ય નહિ. તેમને આપણે કંઈક ધરવું જોઈએ. હીરાબહેને આ વિચારનું સમર્થન કર્યું. એક ભાઈએ કહ્યું કે મારા તરફથી ૧૦૦ રૂપિયા આપો. બીજા પ્રવાસસાથીએ પણ એવી જ ઈચ્છા વ્યકત કરી. છેવટે એમ નકકી કર્યું કે, મુંબઈ જૈન યુવક સંઘના નામે અમારી પ્રવાસ મંડળી તરફથી પ્રાઈમ મીનિસ્ટર્સ રીલીફ ફંડમાં રૂા. ૫૦૧ આપવા અને પછી તેનો ફાળો કરી લેવો. આ રીતે જવાહરલાલજી જયારે અમારી સમક્ષ આવ્યા, અમને ભાવપૂર્વક આવકાર્યા, અમે અમરનાથની યાત્રા કરીને આવીએ છીએ એ જાણીને તેમણે પ્રસન્નતા વ્યકત કરી ત્યારે મેં ઉપર જણાવ્યા મુજબની રૂા. ૫૦૧ ની નોટ તેમના હાથમાં મૂકી, અને બીજા ભાઈબહેનોએ તેમને હારતોરા પહેરાવીને કૃતાર્થતા અનુભવી. અમરનાથ અંગે તેમણે અમને છુટા-છવાયા પ્રશ્નો પૂછયા અને થોડીક મિનિટ તેમની સાથે અમારી વાતો ચાલી. તેમણે પોતાના ગળામાંનો એક હાર કાઢીને અમારા સહપ્રવાસી રમણલાલ લાકડાવાલાળાંનાં પુત્રી ચિ. સુધાને પહેરાવ્યો. અમારી વિનંતિને માન આપીને તેઓ અમારી વચ્ચે ઊભા રહ્યા અને બે ગ્રુપ ફોટા લેવા દીધા અને હસતા મોઢે અને સૌજન્યસૂચક ઉદ્દગારોપૂર્વક તેઓ અમારાથી છુટા પડયા. આ રીતે અમારા માટે આજનો દિવસ ધન્ય બની ગયો. આપણા રાષ્ટ્રની આ સર્વોચ્ચ વિભૂતિને મળતાં લગભગ દેવદર્શનની કૃતાર્થતાનો અમને અનુભવ થયો. અમારી સફળ યાત્રાની પૂર્ણાહુતિ ઉપર આ એક અણધારી અત્યન્ત સુખદ ઘટના વડે સફળતાનો નવો કળશ ચઢયો. અમારા આનંદનો પાર ન રહ્યો.

સાથે સાથે અમે આગળ વિચારી રાખેલું હતું અને નકકી કર્યું હતું તે મુજબ અહિંથી માન્યવર મોરારજીભાઈને ત્યાં અમે ગયા. મોરારજીભાઈને ત્યાં જવું એટલે એક નિકટ-વર્તી સ્વજનને ત્યાં જવું. અને તેમને મળીને અમને ખૂબ આલ્હાદ થયો. અમે તેમના કુટુંબીઓ હોઈએ તેવી રીતે તેમણે અમને આવકાર્યા. ખૂબ કામમાં રોકાયલા હોવા છતાં તેમણે અમારા માટે અડધો કલાક તારવેલો. એ સમય દરમિયાન અમારા પ્રવાસની, અમરનાથની યાત્રાની તેમની સાથે અમે કંઈ કંઈ વાતો કરી. તેઓ અમારા પ્રવાસની વાતો સાંભળી રાજી થયાં. તેમનું પણ અમે ફુલહારથી સન્માન કર્યું અને તેમની સાથે અમારા ચારપાંચ ગ્રુપફોટા લેવાયા.

આમ અખિલ રાષ્ટ્રના નેતા અને આપણા ગુજરાતના નેતા-આ બન્નેને મળીને અમો સર્વેએ નિરવધિ પ્રસન્નતા અનુભવી. અહિં અમે ઘનશ્યામભાઈથી છુટા પડયા અને પહેલાં અમેરિકન એંબસીનું મકાન જોયું અને અશોક હોટેલ જોઈ. આ બન્ને મહાલ-યોની ભવ્યતાનું વર્ણન કરવાની જરૂર છે ખરી? અમરનાથ છોડયા પછી આપણે વિલંબિત તાલ છોડીને દ્રુતતાલપૂર્વક ગતિ કરી રહ્યા છીએ અને મુંબઈ પહોંચવાની ઉતાવળ છે, તેથી આ કે તેનું વર્ણન કરવા માટે રોકાવું આપણને પાલવે તેમ નથી. અમે મધ્યાહ્નકાળે દિલ્હી સ્ટેશને પહોંચ્યાં. બપોરનું ભોજન અમારા ડબામાં જ કર્યું. ત્રણ વાગ્યે જનતા એકસપ્રેસમાં અમે મુંબઈ ભણી રવાના થયા.

દિલ્હીમાં આગલે દિવસે તેમ જ આજે અમે સારા પ્રમાણમાં ગરમી અનુભવી હતી પણ દિલ્હી વટાવીને આગળ ચાલ્યા અને કલાક દોઢ કલાક સુધી ધોધમાર વરસાદ પડયો અને જયાં ઉક-ળાટ હતો ત્યાં ચોતરફ ઠંડક થઈ ગઈ. સમય વર્ષાઋતુનો હોઈને ચોતરફ બધું લીલુંછમ હતું. વળી તાજેતરમાં વરસાદ આવેલો હોઈને જયાં ત્યાં પાણીના નાનાં મોટાં તળાવો નિર્માણ થયાં હતાં અને નદીનાળાં પાણી વડે છલકાતાં વહ્યે જતાં હતાં. સાંજનો સમય હતો. સૂર્ય પશ્ચિમ ક્ષિતિજ ભણી નીચે ને નીચે અવતરણ કરી રહ્યો હતો. શીતળ પવન લહરીઓ મન તથા શરીરને મીઠી ઠંડક તથા મધુર તાજગી આપી રહી હતી. ઓસરતા જતાં સૂર્યપ્રકાશમાં બધું શાન્ત, સ્વસ્થ, પ્રસન્ન લાગતું હતું. ધાર્યા મુજબ પ્રવાસ પાર પડયો હોઈને દિલમાં સંતોષનું મીઠું સંવેદન વ્યાપી રહ્યું હતું.

આ અમારા પ્રવાસની છેલ્લી રાત હતી. સાંજનું વાળુ કર્યું. રાત્રીના બોગીના એક કમરામાં અમે બધાં એકઠાં થયાં. સૌથી પહેલાં અમારે નહેરુને અર્પણ કરેલી રકમનો ફાળો કરીને એકઠી કરવાની હતી. ફાળો કરતાં રૂા. ૫૦૧ ને બદલે ૭૦૧ થયા. બાકીની આ રૂા. ૨૦૦ ની રકમ મુંબઈ આવીને જવાહર-લાલજીના સેક્રેટરી ઉપર મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મોકલી આપવામાં આવી હતી. આ કામ પત્યા બાદ શ્રી. હીરાબહેન પાઠકે અમારા પ્રવાસને બધી રીતે સફળ અને સુખરૂપ બનાવવા બદલ પ્રવાસ-આયોજક શ્રી. ભગુભાઈનો અને તેમને પૂરા અર્થમાં સાથ આપનાર તેમનાં પત્ની પુષ્પાબહેનનો બહુ મધુર શબ્દોમાં આભાર માન્યો. હીરાબહેને જણાવ્યું કે:—“આપણા જીવનમાં પ્રત્યેક અનુભવ આપણી વ્યકિતગત ચેતનાને સમૃદ્ધ બનાવવા માટે આવે છે. આપણો આ પ્રવાસ તો ખરે જ સાચા અર્થમાં આપણને સમૃદ્ધ કરી શકયો છે. વિધવિધ સ્થળોનાં દર્શન અને તેના પ્રકૃતિસૌન્દર્યે જેમ આપણને સમૃદ્ધ કર્યા છે તેમ આપણા સૌના સ્વભાવ વિષેની સમજ તથા અનુ-ભવની પણ સમૃદ્ધિ સારા પ્રમાણમાં વધી છે. જેમ આપણે આ પ્રવાસ દરમિયાન ઊંચાં શિખરો નિહાળ્યાં અને ઊંડી ખીણો પણ જોઈ, અને આજુબાજુનું સપાટ સૌન્દર્ય પણ મન ભરીને માણ્યું, તેવો જ આપણે આપણા બધાના સ્વભાવની ભિન્ન ભિન્ન સપાટીનો અનુભવ પણ કર્યો છે અને એ બંનેમાંથી આપણે ચિરસ્મરણીય આનંદ અને સૌહા-ર્દનું નવનીત તારવ્યું છે અને એકમેકથી અજાણ્યા એવા આપણ સર્વમાં સ્થાયી કુટુંબભાવ નિર્માણ થયો છે. આ અમારા પ્રવાસની ફલશ્રૂતિ છે.

“વળી આપણા પ્રવાસના અન્તે દિલ્હીમાં દેશના લાડીલા નહેરુનાં આપણે દર્શન કર્યાં. આ પ્રકારના લોકસંપર્ક પાછળ રહેલા તેમના ઊંડા પ્રજાપ્રેમનો તથા કેવળ રાજકારણ પુરુષનો

નહિ પણ એક ઉચ્ચ કોટિના કવિહૃદયનો—આપણને પ્રત્યક્ષ પરિચય થયો. તેમના ફંડમાં જે કંઇક આપવાનું આપણે ઠરાવ્યું તેથી આપણા આનંદપર્યટન ઉપર આપણે ધર્મની મેખ મારી હોય એવો હું સંતોષ અનુભવું છું."

"આ બધો પ્રવાસ આટલો બધો સુખરૂપ, સગવડભર્યો અને કશા પણ વિઘ્નથી અબાધિત બન્યો તે આપણા પ્રવાસસંચાલક શ્રી. ભગુભાઈની સુઝભરેલી, હિંમતવાળી અને ખેલદિલીવાળી પ્રવાસયોજનાને આભારી છે. સાથે સાથે તેમને આ યશ પ્રાપ્ત કરાવવામાં સૌથી મોટો હિસ્સો તેમનાં સુશીલ પત્ની પુષ્પાબ્હેનનો છે એ હકીકતની આપણે નોંધ લેવી જોઇએ. અમો બહેનો માટે વિરલ ગણાય તેવી ઉદારતા, સહિષ્ણુતા અને કુશળતાપૂર્વક પર્યટનનું રસોઇખાતું તેમણે સંભાળી લીધું હતું. તેના પરિણામે વિવિધ સ્થળોનાં દર્શનનો જેમ આપણી આંખોને આસ્વાદ મળ્યો છે તેવી રીતે પુષ્પાબહેનની દેખરેખથી અને હૈયા ઉકલતથી આપણને રસોઇની વાનગીઓનું વૈવિધ્ય પણ બહુ સારા પ્રમાણમાં આસ્વાદવા મળ્યું છે અને તે હકીકતે આપણી પ્રસન્નતામાં ઓર વધારો કર્યો છે. આ રીતે આજે હવે છૂટા પડવાનો સમય નજીક આવી રહ્યો છે ત્યારે તેઓ બન્ને પ્રત્યે આપણા દિલમાં રમી રહેલી આભારની—કૃતજ્ઞતાની—લાગણી આપ સર્વવતી હું પ્રકટ કરું છું."

શ્રી. ભગુભાઈએ આ આભારવચનનો ઉચિત જવાબ વાળ્યો. ત્યાર બાદ દોઢ બે કલાક સુધી ગીતગાયનનો જલસો ચાલ્યો. મધ્યરાત્રીએ અમે છૂટા પડયાં અને સૌ પોતપોતાના સ્થાને શયનાધીન-નિદ્રાધીન થયાં.

સવારનાં પાંચ - સાડાપાંચ - વાગ્યે ઉઠતાં માલુમ પડયું કે, એન્જીન બગડી જવાથી ગાડી થોડા સમયથી અટકી પડી છે. આશરે બે કલાકને અન્તરે આવેલા રતલામથી એન્જીન આવે પછી ગાડી ચાલે. આખરે એન્જીન આવ્યું. ગાડી ધીમે ધીમે રતલામભણી ચાલવા લાગી. કલાકેક ચાલી અને ગાડી એકાએક અટકી પડી. તપાસ કરતાં જણાયું કે પ્રદેશ ટેકરાળ હતો અને રેલ્વેમાર્ગ ટેકરાટેકરીમાં આમતેમ વળાંક લેતો આગળ જતો હતો. આમ બે નાના ટેકરા વચ્ચેના એક વળાંકમાં દાખલ થઇને અમારી ગાડી વળાંકની બીજી બાજુએ બહાર નીકળી અને એન્જીને સીટી મારી હોય કે ન મારી હોય, પણ બીજી બાજુએ રેલ્વે લાઇન ઉપર દશબાર મજૂરો કામ કરતા હતા તેમાંના કોઈને આવતી ગાડીની ખબર ન પડી અને અઢાર અઢાર વર્ષના બે જુવાન મજૂરોના શરીર ઉપર અમારી ગાડીનું કાળચક્ર ફરી વળ્યું હતું. અમારી ગાડી થોડી પાછી લેવામાં આવી. અમે એ બે મજૂરોની લાશ જોઇ અને અમારી પ્રવાસની સફળતા અંગે આનંદસભર બનેલા અમારા દિલમાં શોકની શ્યામ રેખાઓ અંકાઈ ગઈ. જે ગાડીમાં અમે આનંદચમન માણી રહ્યા હતા એ જ ગાડીએ બે જુવાન મજૂરના આશાસ્પદ જીવનનો અન્ત એકાએક આણ્યો હતો! વિધિની આ તે કેવી નિષ્ઠુર કરામત છે? આ વ્યથાજનક ઘટનાથી અમારા ઉલ્લાસ ઉપર ઊંડી ગમગીનીની છાયા પથરાઈ ગઈ. અને પછી આખા દિવસના પ્રવાસમાંથી અમારો બધો રસ ઉડી ગયો અને મુંબઈ કયારે પહોંચીએ એ સિવાય બીજા બધા વિચારો, કલ્પનાઓ અને તરંગો શમી ગયા.

બપોરના વડોદરા આવ્યું. અમારી ગાડી આશરે પાંચેક કલાક મોડી થઇ હતી. સાંજના સુરત આવ્યું. સમયનું અન્તર તોડવા માટે ગાડી પૂરવેગમાં આગળ ને આગળ દોડી રહી હતી. આખરે ઑગસ્ટ માસની ૩૦ મી તારીખે બરોબર મધ્યરાત્રીએ અમે મુંબઈના સેન્ટ્રલ સ્ટેશને પહોંચ્યાં. આ રીતે ૩૦ દિવસનો અનેક મધુર અનુભવો અને સ્મરણોથી ભરેલો અમારો પ્રવાસ પૂરો થયો અને દરેક પ્રવાસીએ પોતપોતાના ઘરના શાન્ત વાતાવરણમાં એક મહીનાના ગાળે પુન: પ્રવેશ કર્યો અને સતત પરિભ્રમણના—tension માંથી—તાણમાંથી—મીઠી મુક્તિ અનુભવી.

સમાપ્ત

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

**પીએચ. ડી. ની ડીગ્રીને પાત્ર બનેલા શ્રી. ધીરૂભાઇનો પરિચય**

શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ, જેઓ અમારા અંગત વર્તુળમાં 'ધીરૂભાઈ'ના નામથી ઓળખાય છે તેમણે સોળમી સદીમાં થઈ ગયેલા મુનિશ્રી લાવણ્યસમયે રચેલ 'વિમલ પ્રબંધ' નામના ગ્રંથ ઉપર મહાનિબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટી સમક્ષ થોડા સમય પહેલાં રજૂ કરેલો. જણાવતાં આનંદ થાય છે કે, આ નિબંધને ગુજરાત યુનિવર્સિટીએ પીએચ. ડી. ની ડીગ્રી માટે માન્ય કર્યો છે. આ માટે શ્રી. ધીરૂભાઈને અનેક અભિનન્દન ઘટે છે. આ મહાનિબંધમાં તત્કાલીન ગુજરાતી ભાષા અને ૧૧ મી સદીમાં આબુ પર્વત ઉપર દેલવાડા ખાતે સુપ્રસિદ્ધ મંદિર બંધાવનાર ખ્યાતનામ રાજપુરૂષ વિમલમંત્રી અંગે સંશોધન કરવામાં આવ્યું છે અને તે માટે જરૂરી એવી વિપુલ સામગ્રી એકઠી કરવામાં આવી છે અને તેથી આ વિષયમાં રસ ધરાવતા વિદ્વાનોને આ મહાનિબંધ બહુ ઉપયોગી નીવડવા સંભવ છે.

આમ તો કોઈ એક વિદ્યાર્થી પોતાના અભ્યાસમાં આગળ વધતાં વધતાં આવો કોઈ મહાનિબંધ રજૂ કરીને પીએચ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરે તે આજે કોઈ અસાધારણ ઘટના ન કહેવાય. પણ ધીરૂભાઈની જીવનપરિસ્થિતિનો સમગ્રપણે વિચાર કરતાં આ ઘટના સવિશેષ અભિનન્દનને પાત્ર બને છે. તેમનો જન્મ ભાવનગર ખાતે ઇ. સ. ૧૯૧૨ ની સાલમાં થયેલો. કુટુંબની આર્થિક સ્થિતિ અતિ સામાન્ય. જન્મના પંદરેક દિવસે તેમણે પિતાને ગુમાવ્યા. મોસાળમાં તેઓ ઉછર્યા. છ ગુજરાતી ધોરણ પૂરાં કરી થોડોક સમય તેમણે કંઈક ધંધામાં પસાર કર્યો. પછી તેમનાં માતુશ્રી સાથે તેઓ અમદાવાદ આવ્યા અને અનુકૂળ સંયોગો મળતાં તેમણે પાછો અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૩૧ ની સાલમાં તેઓ મેટ્રિક થયા. પછી આર્થિક ભીંસને લીધે તેમને અભ્યાસ છોડવો પડયો અને એક યા બીજે ઠેકાણે તેમને નોકરી સ્વીકારવી પડી. ૧૯૩૮ માં પ્રેસ મેનેજર તરીકે 'સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય' નામની જાણીતી સંસ્થામાં તેઓ જોડાયા અને ૧૯૪૦ માં તે છોડીને અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં જોડાવાનું બન્યું અને 'મ્યુનિસિપલ સમાચાર' સાપ્તાહિકના સહસંપાદક તરીકે તેમણે કેટલોક સમય કામ કર્યું. આમ દ્રવ્યોપાર્જનની જરૂરિઆતે તેમને એક ઠેકાણેથી બીજે ઠેકાણે ધકેલ્યા. એમ છતાં આગળ વિદ્યાભ્યાસ કરવાની તેમની ભૂખ તો અતૃપ્ત જ રહેલી. આ રીતે જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે ત્યારે અધુરો અભ્યાસ ચાલુ રાખીને મેટ્રિક પછી ૧૧ વર્ષે તેમણે ૧૯૪૨ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી.

પછી એ અરસામાં શરૂ થયેલી 'કવીટ ઈન્ડિયા'—'હિન્દ છોડો'ની અન્તિમ લડતમાં ધીરૂભાઈએ ઝંપલાવ્યું અને કેટલોક સમય ભૂગર્ભમાં રહીને કામ કર્યું. ત્યાર બાદ ૧૯૪૩ માં તેમણે પોતાનો ધંધો શરૂ કરેલો અને ૧૯૪૭ માં અમદાવાદવાળા શેઠ ત્રિકમલાલ મહાસુખરામ સાથે ભાગીદારીમાં જોડાઈને એક્સપોર્ટ—ઈમ્પોર્ટના વિશાળ વ્યાપારક્ષેત્રમાં તેમણે પ્રવેશ કર્યો અને ૧૯૫૧ માં વ્યાપારવૃદ્ધિને લક્ષમાં રાખીને તેઓ યુરોપનો પ્રવાસ પણ કરી આવ્યા.

આમ તેમનું ચાલુ જીવન વ્યાપારલક્ષી બનવા છતાં તેમનો લેખનવ્યવસાય ચાલુ હતો અને અધ્યયનપરાયણ વૃત્તિ જીવતી હતી. આ વૃત્તિને વશ બનીને તેમણે કોઈ એક જૂનો ગુજરાતી ગ્રન્થ પસંદ કરીને તે ઉપર પીએચ. ડી. ને લક્ષ્યગત કરીને મહાનિબંધ લખવાનો વિચાર કર્યો. આ માટે ઉપર જણાવ્યા મુજબ તેમણે ૧૬ મી સદીમાં એક જૈનાચાર્યે લખેલ 'વિમલ પ્રબંધ'ની પસંદગી કરી અને વ્યાપારવ્યવસાય અને મુંબઈ તેમ જ અમદાવાદ સાથે

જોડાયેલા ચાલુ જાહેર જીવનમાંથી જેમ તેમ અવકાશ કાઢીને લાંબા સમયના ગાળે તેમણે મહાનિબંધ તૈયાર કર્યો જેને ગુજરાત યુનિવર્સિટીએ પીએચ્. ડી. ની ડીગ્રીને પાત્ર જાહેર કર્યો છે.

એક સાહિત્યલેખક અને સામાજિક કાર્યકર તરીકે શ્રી. ધીરૂભાઈ બહુ જાણીતા છે. તેમણે આજ સુધીમાં નવ પુસ્તકો લખીને પ્રસિદ્ધ કર્યા છે અને બે નવલકથાઓ લખાયેલી હજુ અપ્રસિદ્ધ પડેલી છે. ૧૯૪૪થી તેઓ અમદાવાદની ગુજરાત સાહિત્યસભાના મંત્રી છે અને છ કૉલેજોનું સંચાલન કરતી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સભ્ય છે. વળી ૧૫ વર્ષથી એસ્. એન્. ડી. ટી. વીમેન્સ યુનિવર્સિટીની સીનેટના પણ તેઓ એક સભ્ય છે અને મુંબઈના સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના વર્ષોથી મંત્રી છે. એ ઉપરાન્ત અમદાવાદના ગુજરાત સ્ત્રીકેળવણી મંડળના ધીરૂભાઈ ૧૨ વર્ષ સુધી મંત્રી હતા, અને ૧૯૫૩ થી ૧૯૫૮ સુધી ગુજરાત સાહિત્ય પરિષદના મંત્રી તરીકે તેમણે કામ કર્યું હતું. તદુપરાન્ત મુંબઈની ગુજરાત રીસર્ચ સોસાયટીના પણ તેઓ અમુક સમય માટે મંત્રી હતા.

સહકારી પ્રવૃત્તિના ક્ષેત્રમાં તેમણે ૧૯૫૪ની સાલથી પ્રવેશ કર્યો છે અને તે ક્ષેત્ર સાથેનો તેમનો આજ સુધીનો સંબંધ ઉત્તરોત્તર ઘનિષ્ટ બનતો રહ્યો છે અને આજે તેઓ તે વિષયના એક પ્રમાણભૂત પુરુષ—authority—જેવા લેખાય છે. અમદાવાદ બાજુના તાલુકાના તેમ જ જિલ્લાના કૉ-ઓપરેટીવ બોર્ડ ઉપર તેમણે કેટલાક સમય કામ કર્યું છે અને 'સહકાર' પાક્ષિકનું અને 'ગ્રામ સ્વરાજ' માસિકનું ચાર વર્ષ સુધી તેમણે સંપાદન કર્યું છે. અમદાવાદ ડીસ્ટ્રીકટ કૉ-ઑપરેટીવ હાઉસિંગ સોસાયટીના તેમ જ બૉમ્બે કૉ-ઑપરેટીવ હાઉસિંગ ફીનેન્સ સોસાયટીના તથા યુનિયન કૉ-ઓપરેટીવ ઈન્સ્યોરન્સ સોસાયટીના તેઓ ડિરેકટર છે. ધી બોમ્બે સ્ટેટ કૉ-ઑપરેટીવના તેઓ ૧૯૫૯ થી ૧૯૬૧ સુધી મંત્રી હતા. 'બૉમ્બે કૉ-ઑપરેટર' પાક્ષિકના તેઓ તંત્રી છે અને 'સહકારી ક્ષેત્રે ગુજરાત' એ નામનાં તેમણે લખેલાં પુસ્તક અંગે તેમને સુવર્ણચંદ્રક મળ્યો છે. મહારાષ્ટ્ર ડિવિઝનલ કૉ-ઑપરેટીવ બોર્ડની તેમ જ ન્યુ દિલ્હીના નેશનલ કૉ-ઑપરેટીવ યુનિયન ઑફ ઈન્ડિયાની કાર્યવાહી પર પણ તેઓ કામ કરે છે.

આવું વિવિધરંગી જેમનું વ્યકિતત્વ છે અને બહુલક્ષી જેમની આજ સુધીની જીવનકારકીર્દી છે તેવા ધીરૂભાઈ અતિ વ્યવસાયી જીવનમાંથી સમય તારવીને આજે પચાસ વર્ષની ઉમ્મરે પીએચ્. ડી. ની ડીગ્રીને પાત્ર એવો મહાનિબંધ લખી શકે તે તેમના માટે એક ગૌરવપ્રદ ઘટના લેખી શકાય. અને એટલા માટે જ તેમને મળનારી પીએચ્. ડી. ની ડીગ્રી આપણા સર્વના સવિષેષ અભિનન્દનને પાત્ર બને છે. તેમની આગામી જીવનકારકીર્દી ઉત્તરોત્તર ઉજ્જવલતર બનતી રહે અને ગુજરાતી સાહિત્યને તેમની સુશ્લિષ્ટ લેખનશકિતનો વિપુલ પ્રમાણમાં લાભ મળતો રહે એવી આપણી તેમના વિષે શુભેચ્છા હો!

**આમાં બુદ્ધિમત્તા નથી, તો આમાં પણ બુદ્ધિમત્તા નથી**

અષ્ટગ્રહયોગનું ગયા ફેબ્રુઆરીની પાંચમી તારીખે સાંજે વિસર્જન થયું અને પછીની તારીખના ટાઇમ્સ ઓફ ઈન્ડિયાનો અગ્રલેખ અંધ શ્રદ્ધા અને વહેમોથી સદા પ્રભાવિત રહેતા માનવી અંગે સારો પ્રકાશ પાડતો હોઈને, આજે હજુ અષ્ટગ્રહયોગના ભણકારા વાતાવરણમાંથી તદ્દન શાન્ત થયા નથી એ દિવસો દરમિયાન આ વિષયમાં ઊંડાણથી વિચાર કરવામાં ઉપકારક થશે એમ સમજીને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે:—

"થોડા દિવસો પહેલાં ઉપસ્થિત થયેલા અષ્ટગ્રહયોગે, ઘણા લોકોએ ધાર્યું હતું તે કરતાં, આપણી પૃથ્વી ઉપર ઘણી વધારે કૃપા દાખવી છે. તેઓ એકઠા થયા અને છૂટા પડયા, અને તેમના આ યોગના કારણે જે ભયંકર અનર્થો અને આફતો નિર્માણ થવાની કલ્પના કરવામાં આવી હતી તેનો ખ્યાલ કરતાં આપણી પૃથ્વીનો બહુ સરળતાથી છૂટકારો થયો છે. આમ છતાં પણ આ છૂટકારાથી જેઓ આ તારાઓમાં પોતાનો બધો વિશ્વાસ—અને આશાઓ પણ—મુકતા હતા તેમની શ્રદ્ધા વિચલિત થવાનો સંભવ નથી. ઉલટું, પૃથ્વીને માથે ઝઝુમતા મહાસંકટનું નિવારણ કરવા માટે જે પ્રાર્થનાઓ અને હોમ-હવન કરવામાં આવ્યાં તેને જ આ સંકટમોચન આભારી છે એમ તેઓ કહેવાના અને માનવાના. લોકોના આ ગાંડપણનો નાસ્તિક માનવીઓ ઉપહાસ કરશે અને જ્યારે એક બાજુએ આ દુનિયાનો માનવી પહેલી જ વાર આ તારાઓ સુધી પહોંચવાની આશા સેવે છે ત્યારે બીજી બાજુએ એ જ માનવી આવા ભય અને અકળામણનો પણ ભોગ બની શકે છે એ જોઈને પોતાનું આશ્ચર્ય વ્યકત કરશે. પણ જરૂર આ નાસ્તિક માનવીઓને એ દેખાયા વિના નહિ રહે કે આવી ભીતિ અને વ્યાકુળતાની પાછળ દરેક માણસનો અહં જ કામ કરતો હોય છે. આ તારાઓ પોતાના પરિભ્રમણ દ્વારા આ પૃથ્વી ઉપર વસતા માનવીનું ભાગ્ય નક્કી કરે છે—આ પ્રકારની માન્યતા એ એવા ભૂતકાળનો વારસો છે કે જ્યારે પૃથ્વી આ વિશ્વનું મધ્યબિન્દુ છે એમ માનવી વિચારતો અને કલ્પતો હતો. આ માન્યતાને કોપરનીકસ અને ગેલીલીઓએ ઘણા લાંબા સમય પહેલાં નાબુદ કરી છે. આમ છતાં આજે પણ વૈજ્ઞાનિકો સુદ્ધાં અનેક માનવીઓ આ ગ્રહ વિષે તેમ જ આ વિશ્વ વિષે એમ સ્વીકારવાને તૈયાર નથી કે વિશાળ બહિરાકાશની વિરાટ શૂન્યતામાં કશા પણ ધ્યેય સિવાય પરિભ્રમણ કરતાં પુદ્ગળના ગોળા કરતાં આ ગ્રહમાં કે આ પૃથ્વીમાં લેશમાત્ર વધારે વિશેષતા નથી અને માણસ જે કાંઈ વિચારે છે અને વર્તે છે તે વિષે આ વિશ્વ તદ્દન ઉદાસીન છે. ઉલટું, આ વિશ્વરચનામાં પૃથ્વીનું જે સ્થાન છે તે કરતાં વધારે મહત્ત્વ ભર્યું તેમનું પોતાનું સ્થાન છે આવી માન્યતાને લોકો સતત વળગી રહેતા હોય છે. આ કેવળ સ્વાભાવિક છે, કારણ કે જો તે આ વાસ્તવિકતાનો સ્વીકાર કરે તો આટલા વિશાળ અને ખાલી વિશ્વમાં માણસ કયાંય ગુમ થઇ જવાનો—નહિવત્ બની જવાનો—સંભવ રહે છે. આ વિરાટતા જોઈને મનને ગાંડું થઈ જતું અટકાવવા માટે માનવીના માપે વિશ્વનો માપવાનો માનવી માટે એકમાત્ર ઉપાય રહે છે.

"આપણા લોકોના આવા માનસિક વલણથી વિજ્ઞાનનો વિકાસ અટકી જશે, એમ ધારી લેવું અથવા તો આઠ ગ્રહોના આમ બહુ નજીક આવવાના કારણે જે ભયનું મોજું પ્રજા માનસ ઉપર ખાસ કરીને આ દેશમાં ફરી વળ્યું હતું તેથી આપણો દેશ બહુ પછાત છે એમ માની લેવું એ બરોબર નથી. આ દેશમાં લાખો લોકો, વૈજ્ઞાનિક શોધો અને વિચારણાની ઉપેક્ષા કરીને, જરૂર એમ માનતા રહ્યા છે કે ગ્રહ નક્ષત્રોનાં પરિભ્રમણ તેમના જીવન ઉપર સારી તેમ જ માઠી અસર નીપજાવે છે, તેમના ભાગ્યનિર્માણમાં અમુક ભાગ ભજવે છે. પણ જ્યાં વિજ્ઞાને ઘણી પ્રગતિ સાધી છે એ દેશના લોકો કરતાં અહિંના લોકો ખરેખર કાંઇ જુદી કોટિના છે એમ માનવાને કોઇ કારણ નથી. આ માટે પશ્ચિમમાં જ્યોતિષની ગણતરીના આધારે કરવામાં આવતી આગાહીઓ અને વર્તારાને પ્રગટ કરતા ઢગલાબંધ દૈનિકો તરફ અને જે આતુરતાથી આ દૈનિકોને ત્યાંના લાખો વાંચકો વાંચે છે તે તરફ નજર કરતાં માલુમ પડયા વિના નહિ રહે કે સામુદાયિક શિક્ષણ કે વિજ્ઞાનનો અતિ વ્યાપક ફેલાવો, બુદ્ધિના આધાર વિનાની જે આશાઓ અને ભીતિઓનો ભોગ બનીને દરેક માણસ પોતાનું ભવિષ્ય જાણવાને ઝંખે છે તે આશાઓ અને ભીતિઓને, કોઇ અંશમાં પણ નાબૂદ કરવામાં સફળ નીવડેલ નથી. માણસના ચિત્તમાં રહેલાં જડ અંધ બળો સામે વૈજ્ઞાનિક વલણ અસહાય બની જાય છે. અત્યન્ત બુદ્ધિપૂર્વક વિચારતો માણસ પણ કટોકટીના વખતે નજીવા કારણ ઉપર પોતાની આશાઓ અને ભીતિઓને આધારિત કરતો હોય છે. વળી જયારે ભૂતકાળના વારસા રૂપ મળેલી કેટલીક માન્યતાઓથી માણસ મુકત થયો છે ત્યારે તે કોઈ નવા જ વહેમોનો ભોગ બનેલો માલમ પડે છે અને આ વહેમો અમુક રીતે ભૂતકાળની માન્યતાઓ કરતાં વધારે ભયજનક—નુકસાનકારક હોય છે. છેલ્લાં કેટલાંક દિવસો દરમિયાન અષ્ટગ્રહયોગના કારણે પેદા થયેલી ભયવ્યાકુળતાનો જેઓ ઉપહાસ કરે છે તેમણે પોતાની જાતને પૂછવું રહ્યું કે આજના ઠંડા યુદ્ધ સાથે જોડાયેલું ભયભીતપણું કે જેને લીધે આત્મઘાતી હરીફાઈથી પ્રેરાઈને બધાં રાષ્ટ્રો શસ્ત્રોનાં ગંજના ગંજ ખડકી રહ્યાં છે—આ ભયભીતપણાનો—ચિત્તની ભયપ્રભાવિત વ્યાકુળતાનો—કોઈ અર્થ છે ખરો? તેમાં અને અષ્ટગ્રહયોગના કારણે ઊભા થયેલા ભયભીતપણામાં કોઇ ફરક છે ખરો?"

**પરમાનંદ**

# વધતો જતો માંસાહાર કેમ અટકે?

ધાર્મિક અને નૈતિક દ્રષ્ટિએ તેમ જ શારીરિક રચના અને અન્ય વૈજ્ઞાનિક કારણોસર શાકાહાર એ જ મનુષ્યને યોગ્ય કુદરતી અને તંદુરસ્તીવર્ધક ખોરાક છે એ સ્વીકારાયેલી હકીકત છે. ભારતમાં વર્તમાન યુગમાં પ્રજાનો એક ભાગ ધાર્મિક અને નૈતિક કારણોસર શાકાહારી રહ્યો છે; જ્યારે બીજો એક વર્ગ શાકાહાર એ પરંપરાગત ખોરાકની આદત, રૂઢીને કારણે શાકાહારી છે, અને દેશની પ્રજાનો મોટો ભાગ આર્થિક કારણોસર પણ શાકાહારી છે. મોટે ભાગે ભારતના શાકાહારી વર્ગમાંના થોડા જ માણસો શાકાહાર કે માંસાહારના ખોરાક તરીકેના ગુણદોષ અંગે વિચાર કરે છે. આજના બુદ્ધિવાદ અને જડવાદના યુગમાં ધાર્મિક અને નૈતિક ભૂમિકા પર અંધશ્રદ્ધા ટકી શકે નહિં એ દેખીતું છે. તેવી જ રીતે સમજમાં ન ઊતરી હોય તેવી રૂઢીઓ કે આચારો પણ ટકી શકતા નથી. એટલે જ્યાં સુધી આજની પ્રજા શાકાહાર—માંસાહારના ગુણદોષ નૈતિક, વૈજ્ઞાનિક અને આર્થિક દ્રષ્ટિએ સમજે નહિ ત્યાં સુધી તેઓ સમજણપૂર્વક શાકાહારી બને નહીં. રૂઢિ, પરંપરા કે ધર્મને નામે ચાલતા અનેક વ્યવહારો બુદ્ધિવાદી વર્ગમાં બદલાતા જાય છે એ પણ હકીકત છે. તેથી પરંપરાગત અનેક શાકાહારી યુવાનો બુદ્ધિવાદ, તર્ક કે દેખાદેખીને કારણે અગર તો પાશ્ચાત્ય પદ્ધતિના જીવનધોરણના અનુકરણને કારણે તેમ જ શાકાહારની રસોઈમાં, વાનીઓના મિશ્રણમાં અને પીરસવાની પદ્ધતિમાં વૈજ્ઞાનિક તત્ત્વોનો અભાવ જોઈને, માંસાહાર તરફ ઝુકતા જાય છે અને તેમાં કોઈ ધર્મ કે સંપ્રદાય અપવાદ નથી. આજે અનેક પરંપરાગત અને ધાર્મિક કારણોસર શાકાહારી રહેલાં કુટુંબોના નવયુવાનો કે પીઢ ઉંમરનાં સ્ત્રી-પુરુષો જેમણે આધુનિક દુનિયા જોઈ છે તેઓ ઘરમાં શાકાહારી હશે, પણ ઘરની બહાર તેમની માંસાહારની ભૂખ પૂરી કરે છે, જ્યારે સ્કૂલ કૉલેજમાં ભણતાં ભાઈ-બહેનો જેઓ જ્ઞાનલવદુર્વિદગ્ધ દશામાં છે, તેઓ આધુનિક ઢબે ચાલતાં રેસ્ટોરાં, હૉટેલોથી આકર્ષાઈને માંસાહારની દીક્ષા લેતા થાય છે. તેવી જ રીતે પ્રવાસીઓ અને વેપારી વર્ગ પણ શહેરની આધુનિક સુખસગવડોવાળી માંસાહારી હૉટેલોમાં નિવાસ કરે છે અને ધીરે ધીરે માંસાહારને સહન કરતા થાય છે. વેપારીઓ અને શ્રીમંત વર્ગ અધિકારીઓ કે વિશિષ્ટ મહેમાનોને ખાણાંઓ આપે છે તેમાં પણ માંસાહારને મુખ્ય સ્થાન મળતું જાય છે અને દલીલમાં એમ પણ કહેવાય છે કે, વેપારમાં ભાવનાને સ્થાન નથી, અને વિશેષમાં આધુનિક ઢબે ચાલતા અને પાશ્ચાત્ય પદ્ધતિથી ખાણાં યોજી શકે તેવી શુદ્ધ શાકાહારી હૉટેલોનો અભાવ હોવાનું કારણ પણ આગળ ધરવામાં આવે છે. આ પરિસ્થિતિ ગંભીર વિચાર માગી લે છે. કેમકે જો આ પરિસ્થિતિ ચાલુ રહી, તો માંસાહારીને શાકાહારી બનવાની વાત તો એક બાજુએ રહી પણ અનેક નબળા મનના શાકાહારીઓ પણ માંસાહારી બનશે અને મોટી સંખ્યામાં બનતા જાય છે એ નિર્વિવાદ છે.

તેથી એ જરૂરનું છે કે શાકાહાર અંગે વૈજ્ઞાનિક અને આર્થિક દ્રષ્ટિએ પ્રચાર શાકાહારી તેમ જ માંસાહારી નવજુવાનોમાં કરવો જોઈએ. અને વિશેષમાં શાકાહારીની રાંધવાની, પીરસવાની વાનીઓની અને ગોઠવણીની કળા વૈજ્ઞાનિક ઢબે વિકસાવવી જોઈએ. આજે જેમ ડૉકટરો આહારનાં તત્ત્વો પ્રોટીન, કારબોહાઈડ્રેટ, ફેટ તેમ જ વીટામીનો અને કેલરીઝને નામે ઈંડા, માછલી, મુરઘી, માંસ અને લીવર એકસ્ટ્રેકટ જેવી પ્રાણીજન્ય ઔષધિઓના ગુણ ગાય છે કે તુરત અનેક શાકાહારીઓ પણ તંદુરસ્તી અને બળ મેળવવા કે કાર્યક્ષમતા વધારવા માટે તે ખોરાક અને ઔષધિઓનો ઉપયોગ કરવામાં આંચકો ખાતા નથી.—એ અટકાવવા માટે બુદ્ધિવાદી વર્ગમાં પાપ—પુન્યની દલીલોની અસર થતી નથી.—તેમ શાકાહારમાં અને વનસ્પતિજન્ય ઔષધિઓની શોધખોળ કરી તેમાં રહેલા આહારના મૂળભૂત તત્ત્વો વિટામીન અને ઔષધિક ગુણો જનતા સમક્ષ મૂકવામાં આવે તો જેઓ શાકાહારી છે તેઓ માંસાહાર તરફ ઝુકતા અટકે તે દેખીતું છે.

બીજો માર્ગ આપણા દેશમાં શુદ્ધ શાકાહાર પાશ્ચાત્ય ઢબ પર વૈજ્ઞાનિક રીતે તૈયાર કરેલો ખોરાક આપનાર હૉટેલો દિલ્હી, મુંબઈ, કલકત્તા, અને અન્ય મોટાં શહેરોમાં શરૂ કરવાથી, સગવડને અભાવે માંસાહારી હૉટેલોમાં રહેતા શાકાહારીઓ પણ માંસાહારના સંસર્ગમાં આવતા અટકશે તેમાં સંદેહ નથી. તેવી જ રીતે સ્કૂલો, કૉલેજો માટે કેન્ટીનો અને નજીકમાં પાશ્ચાત્ય ઢબે ચાલતાં રેસ્ટોરાંઓ અને હૉટેલો કાઢવાથી હજારો કૉલેજિયનો અને કેળવાયેલાં લોકો માંસાહારી રેસ્ટોરાંમાં જતા અટકશે. આવી સંસ્થાઓમાં માત્ર વ્યાપારની દષ્ટિએ નહિં પણ તંદુરસ્તી અને કરકસરની દ્રષ્ટિએ શુદ્ધ શાકાહારના ગુણો જનતાની સામે પ્રત્યક્ષ વાનીઓ દ્વારા રજ કરવાની દ્રષ્ટિ જોઈશે. આજે જો કે કેટલાંક શહેરોમાં જૂની ઢબે ચાલતી શાકાહારી હૉટેલો છે, પણ તેની વ્યવસ્થા આધુનિક અને વૈજ્ઞાનિક ન હોવાથી એ લોકપ્રિય થઈ શકતી નથી. શાકાહારના પ્રચાર માટે આજે આવી જાતના સાધનો શરૂ કરવાની ખાસ જરૂર છે અને તેમાં સરકાર પણ જમીન વિગેરેમાં સહાયભૂત થઈ શકે તેમ જણાય છે. વિલાયત અમેરિકાથી ભારતના દર્શને આવતા સેંકડો શાકાહારી પ્રવાસીઓ એવી હૉટેલો વિષે પૂછપરછ કરે છે ત્યારે સરકાર કે જીવદયા મંડળી તેવી હૉટેલો બનાવી શકતી નથી. ધર્માદા સંસ્થાઓ આવાં આયોજન કરી શકે નહિં. પરંતુ વ્યાપારી દ્રષ્ટિએ તે ચલાવવાથી ખૂબ સફળ થઈ શકે અને તેથી શાકાહારી અને માસાંહારીઓ પર શાકાહારની સારી અસર થઈ શકે. આશા છે કે દયાધર્મના પ્રચારમાં શ્રદ્ધા રાખનારા ધનવાનો આવા પ્રયોગો ઉપાડી શાકાહારીઓને માંસાહારી બનતા અટકાવવાના અને માસાંહારીઓને શાકાહારના ફાયદા સમજાવવાના કાર્યમાં સાથ આપશે.

('જીવદયા'માંથી સાભાર ઉદ્દ્યૃત) જયંતીલાલ ના. માનકર

## ગ્રીષ્મ આધ્યાત્મિક શિબિર

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ ગ્રીષ્મ શિબિર સમિતિ તરફથી મળેલી પત્રિકાનો સંક્ષિપ્ત સાર નીચે મુજબ છે:—

પ્રસ્તુત સમિતિ તરફથી આબુ ઉપર આવેલા અચલગઢ ખાતે ધાર્મિક શિક્ષણ શ્રેણી ૧૦ની તથા એસ્. એસ્. સી.ની ૧૯૬૨ ના માર્ચ અને એપ્રિલ માસમાં લેવામાં આવેલી પરીક્ષા જેમણે આપી હોય અને તેમ જ કોઈ પણ કૉલેજમાં ભણતા હોય તેવા જૈન વિદ્યાર્થીભાઈઓ માટે તત્વાર્થ સૂત્ર વગેરે ધાર્મિક વિષયોનું જ્ઞાન તથા સંસ્કાર-પ્રદાન કરવા માટે તા. ૩૦-૪-૬૨ થી તા. ૩૦-૫-૬૨ સુધી એક માસની શિબિર ગોઠવવામાં આવનાર છે. આ શિબિરમાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ **શ્રી હિમતલાલ વનેચંદ, ૪૫, ધનજી સ્ટ્રીટ, મુંબઈ—૩ (ટે. નં. ૨૯૧૪૩)** પાસેથી ૧૫ નયા પૈસાની ટિકિટ બીડીને પ્રવેશપત્ર તથા નિયમાવલિ મંગાવી લેવાની રહે છે. આ શિબિરમાં મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓ લેવાના છે અને આ માટેના પ્રવેશપત્રો તા. ૨૦-૪-૬૨ સુધીમાં ઉપર જણાવેલ ઠેકાણે મોકલવાનાં છે. આ યોજનાનો વિચાર શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યો છે પણ વિશિષ્ટ યોગ્યતા ધરાવતા અન્ય જૈન ફિરકાઓના—વિદ્યાર્થીઓને પણ અવકાશ આપવાનું વિચારાયું છે. જે વિદ્યાર્થીનું પ્રવેશપત્ર સ્વીકારવામાં આવે તેમણે તા. ૨૯-૪-૬૨ સુધીમાં આબુ અચળગઢ પહોંચી જવાનું છે. આ અચળગઢમાં શિબિર દરમિયાન રહેવા ખાવા વગેરેની બધી ગોઠવણ શિબિર સમિતિ કરનાર છે, અને તે બદલ શિબિરમાં જોડાનાર વિદ્યાર્થીએ કશું આપવાનું નથી. આ શિબિરમાં જૈન ધર્મના નિષ્ણાત અને ધર્મપરાયણ કેટલાક જાણીતા વિદ્વાનો વર્ગો ચલાવવાના છે અને શિબિરના અન્તે લેવામાં આવનાર પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રથમ પંકિતના ૧૦ વિદ્યાર્થીઓને રૂા. ૧૦૧ સુધીના પુરસ્કારો અને પ્રમાણપત્રો આપવામાં આવનાર છે.

# "જૈન દર્શન" વિષયક પ્રવચનસભા: મહાસતી ઉજજવળકુમારીનો પરિચય

તા. ૮-૪-૧૯૬૨ રવિવારના રોજ સવારના નવ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં જૈન શ્વે. સ્થાનકવાસી સમાજનાં સાધ્વી મહાસતી ઉજજવળકુમારીનું 'જૈન દર્શન' ઉપર જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. સભા શરૂ થતાં વ્યાખ્યાનસભા બહેનો તથા ભાઈઓથી ચીકાર ભરાઈ ચૂકી હતી. સભાનો સમય થતાં આશરે બારેક સાધ્વીઓનું અથવા તો સ્થાનકવાસી સંપ્રદાયની પરિભાષામાં મહાસતીઓનું વૃન્દ આવી પહોંચ્યું હતું. ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવી હતી. પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કંવરજી કાપડિયાએ ઉપસ્થિત મહાસતીઓને આવકાર આપતાં જણાવ્યં હતું કે, "અમારા સંઘના નિમંત્રણને માન આપીને મહાસતી ઉજજવળ-કુમારીજી અન્ય મહાસતીઓને સાથે લઈને અહિં પધાર્યાં છે તેથી અમે ખૂબ આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમનું અમે ઊંડા આદરપૂર્વક સ્વાગત કરીએ છીએ. આ રીતે આજથી કેટલાંક વર્ષો પૂર્વે સંઘઆયોજીત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તેઓ આ જ સ્થળે વ્યાખ્યાન આપવા માટે પધારેલાં એ દિવસનું આજે સહેજે સ્મરણ થાય છે. તેમણે એ સમય દરમિયાન મુંબઈ બાજુ એક કે બે ચાતુર્માસ કરેલાં. ત્યારથી તેમની સાથેના મારા પરિચયની શરૂઆત થયેલી. એ અમારો પરિચય ત્યારથી એક યા બીજી રીતે આજ સુધી ચાલુ રહ્યા છે અને તે પરિચય સમયના વહેવા સાથે આત્મીયતાની અનુભૂતિમાં પરિણમ્યો છે.

"તેમની ઓળખાણ આપતાં મને એ જણાવવાનું પ્રાપ્ત થાય છે કે તેમણે ૧૫ વર્ષની નાની ઉમ્મરે દીક્ષા લીધેલી. આજે તે ઘટનાને અઠ્ઠાવીશ વર્ષ થવા આવ્યાં છે. તેમની ઉમ્મર આજે ૪૩ વર્ષની છે. આ લાંબા દીક્ષાકાળની શરૂઆતમાં તેમની જ્ઞાનઉપાસના, તીવ્ર અને તેજસ્વી અને સર્વગ્રાહી બુદ્ધિ હોવાના કારણે, બહુ વેગપૂર્વક ચાલી રહી હતી. એક બાજુએ સંસ્કૃત તેમ જ પ્રાકૃત ભાષા અને તે ભાષાંઓમાં રહેલા ધર્મસાહિત્યનું—શાસ્ત્રગ્રન્થોનં— અધ્યયન કરવાની અને બીજી બાજુએ અંગ્રેજી ભાષાની તાલીમ લેવાની તેમણે શરૂઆત કરેલી. સ્થાનકવાસી સંઘે પણ તેમને જરૂરી બધી સગવડતા કરી આપી હતી. આમ સંયોગોની અનુકુળતાને લીધે તેઓ જ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ સારી પ્રગતિ કરી રહ્યાં હતાં. વળી શ્રાવકશ્રાવિકાઓના સમુદાય સમક્ષ વ્યાખ્યાનો આપવાની તેમને અવારનવાર તકો મળતાં તેમનામાં રહેલી વકતૃત્વશકિત પણ સારા પ્રમાણમાં ખીલી રહી હતી. આવી બધી સાનુકળતાઓ વચ્ચે તેમની આંખોએ છેલ્લા દશ વર્ષથી એક બહુ મોટા પજવણી શરૂ કરી છે અને તેના પરિણામે સ્વતંત્ર વાંચન, લેખન કે અધ્યયન તેમના માટે લગભગ અશકય જેવું બન્યું છે અથવા તો મોટા ભાગે અન્યાવલંબી બન્યું છે. તેમની જ્ઞાનોપાસનામાં આ એક ઘણો મોટો અન્તરાય ઊભો થયો છે. આમ છતાં પણ તેમનામાં રહેલી પ્રજ્ઞાનો સતત વિકાસ થતો રહ્યો છે જેનો આજે આપણને સાક્ષાત પરિચય થવાનો છે. કોઈને પણ મુગ્ધ કરે તેવં તેમનું વકતૃત્વ છે. તેમનો અવાજ પણ મોટો અને તીણો છે. વળી તેમની વાણીમાં સ્વાભાવિક મૃદુતા છે અને તેના વિચારોમાં નિસર્ગદત્ત વિશાળતા છે. તેથી જૈન ધર્મ વિષે તેમની ઊંડી નિષ્ઠા હોવા છતાં તેમના પ્રવચનમાં કદિ પણ કર્કશતા કે સાંપ્રદાયિક સંકીર્ણતાનો અનુભવ થતો નથી. કેટલાંએક વર્ષો પહેલાં તેમણે કાંદાવાડીના ધર્મસ્થાનકમાં ઘણું ખરું અમારા મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે 'સ્વામી વિવેકાનંદ' ઉપર વ્યાખ્યાન આપેલું તે મને બરોબર યાદ છે. કૉલેજનો કોઈ વિદ્વાન અધ્યાપક જરૂરી બધી સામગ્રી સંકલિત કરીને સ્વામી વિવેકાનંદનું એક સુરેખ ચિત્ર, રજૂ કરે તેવું તેમનું એ વ્યાખ્યાન હતું. કોઈ પણ જૈન દીક્ષિત અને તેમાં પણ એક જૈન સાધ્વી આપણી અર્વાચીન દૃષ્ટિને બધી રીતે સંતોષ આપે તેવું સ્વામી વિવેકા-નંદ ઉપર નિરૂપણ કરે તે મારે મન એક ભારે આશ્ચર્યજનક અનુભવ હતો. આવાં એક વિશિષ્ટ કોટિનાં સાધ્વીને લાંબા સમયના ગાળે પુનઃ આવકારતાં હું પરમ આનંદ અનુભવું છું.

"આ પ્રસંગે એક આનુષંગિક બાબતનો ઉલ્લેખ કરું તો અસ્થાને નહિ ગણાય. હું જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ઉછર્યો છું. શ્વે. મૂ. પરંપરામાં સ્થાનકવાસી માફક જ સાધ્વીસંસ્થા વિદ્યમાન છે, પણ શ્વે. મૂ. પરંપરામાં વ્યાખ્યાન આપવાનો અધિ-કાર માત્ર સાધુઓને જ છે, સાધ્વીઓને નથી. આના પરિણામે શ્વે. મૂ. સમાજમાં જેને વિદુષી કહી શકાય એવી સાધ્વીઓ ભાગ્યે જ જોવામાં આવે છે, કારણ કે વ્યાખ્યાન આપવાની ચાલુ પરંપરાના કારણે સ્થાનકવાસી સાધ્વીઓને પોતાનું જ્ઞાન-જાણકારી-વધારવાની એક ચોક્કસ પ્રકારની ચોંટ રહે છે, જેનો શ્વે. મૂ. સાધ્વીઓમાં સદંતર અભાવ છે. સ્ત્રીપુરુષની સમાનતાના ધોરણે પણ શ્વે. મૂ. સાધ્વીઓને વ્યાખ્યાન આપવાના અધિકારથી વંચિત રાખવામાં આવે છે તે અત્યંત અનુચિત છે. શ્વે. મૂ. સાધ્વીઓ માટે હવે આ દ્વાર ખુલ્લું થવું જોઈએ અને તેમની જ્ઞાનવૃદ્ધિ માટે જરૂરી બધી સગવડો તેમને પૂરી પાડવા જોઈએ. અહિં મારે જણાવવું જોઈએ કે સ્થાનકવાસી સમાજ માફક તેરાપંથી સમાજની સાધ્વીઓ પણ સ્ત્રીપુરુષના સમુદાયને વ્યાખ્યાન આપતી હોય છે અને તેથી આ બન્ને સમાજમાં વિદ્વાન, તેજસ્વી અને વકતૃત્વકુશળ સાધ્વીઓનાં આપણને અવારનવાર દર્શન થાય છે. અને આવી મહાસતીઓની પરંપરાના કારણે જૈન સમાજ સવિશેષ ગૌરવાન્વિત બનતો રહે છે. આટલા નમ્ર નિવેદનપૂર્વક મહાસતીજીને પોતાનું વ્યાખ્યાન શરૂ કરવા પ્રાર્થના કરુ છું."

ત્યાર બાદ મહાસતીજી ઉજજવળકુમારીજીએ લગભગ સવા કલાક સુધી 'જૈનદર્શન' ઉપર એક સુંદર પ્રવચન કરીને જૈન દર્શનના હાર્દનો પરિચય કરાવ્યો. તેમણે 'જૈન દર્શન' ઉપર વિવરણ કરતાં તેના પાયાના ચાર મુદ્દાઓ રજ કર્યા. (૧) નિરીશ્વરવાદ અને તે સાથે સંકળાયેલો કર્મનો સિદ્ધાંત, (૨) અનેકાન્તવાદ અને તે સાથે સંકળાયેલો સ્યાદ્વાદ, (૩) આધ્યાત્મિક સામ્યવાદ અને (૪) અહિંસાનો સિદ્ધાંત. આ પ્રત્યેક મુદ્દાઓની તેમણે વિગતવાર સમજણ આપી, અનેકાન્તવાદ અથવા તો સ્યાદવાદ જેવા અતિ તાર્કિક વિષયને સામાન્ય સમજણ ધરાવતાં ભાઈબહેનો સમજી શકે એટલો બધો સરળ બનાવીને રજૂ કર્યો. આ રીતે સવા કલા-કના પ્રવચન દ્વારા તેમણે જૈન દર્શનની ભારે સુંદર રજૂઆત કરી અને તેમને સાંભળવા માટે ઉપસ્થિત થયેલાં સંખ્યાબંધ ભાઈ-બહેનોને અત્યંત પ્રભાવિત કર્યાં. આ વ્યાખ્યાન સવિસ્તર 'પ્રબુદ્ધ જીવન'માં આગળ ઉપર પ્રગટ કરવાની ધારણા છે.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસે મહાસતીજીનો આભાર માનતાં શ્વે. મૂ. સંપ્રદાયની સાધ્વીઓ જાહેર વ્યાખ્યાન આપી શકે તેવી સરળતા ઊભી કરવાના વિચા-રનું જોરદાર સમર્થન કર્યું અને સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારનું સવિશેષ અનુમોદન કર્યું અને સભા વિસર્જિત થઈ.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪
પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
મુંબઇ, મે ૧, ૧૯૬૨, મંગળવાર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા
તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## સાંપ્રદાયિક ઝનુનનું રૂદ્ર સ્વરૂપ દાખવતો એક કિસ્સો

(આ નીચે આપેલી ઘટના બે મહિના પહેલાં ગંગાશહેર—બીકાનેર ખાતે બનેલી છે. તા. ૧ માર્ચથી ૬ માર્ચ સુધીના એ દિવસો તેરાપંથી સંપ્રદાયના આચાર્યશ્રી તુલસીના ધવલ સમારોહના હતા અને એ પ્રસંગ ઉપર રાષ્ટ્રના અગ્રગણ્ય નેતાઓ—ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન્, શ્રી જયપ્રકાશ નારાયણ, શ્રી ઉછરંગરાય ઢેબર, શ્રીમન્ નારાયણ અગ્રવાલ વગેરે ધવલ સમારોહમાં ભાગ લેવા માટે બીકાનેર બાજુએ આવેલ ગંગાશહેર ખાતે પધાર્યા હતા અને ગંગાશહેર-બીકાનેરનો ખૂણે ખૂણો આચાર્ય તુલસીના જય-નાદથી ગાજી રહ્યો હતો. બીજી બાજુએ એ જ દિવસો દરમિયાન માર્ચ માસની ચોથી તારીખે આચાર્ય તુલસીના બે શિષ્યો દીક્ષા છોડીને નાસી ગયા હતા અને એ કારણે આચાર્યશ્રી પોતે, સાધુ સમુદાય તેમ જ તેમનો શ્રાવકસમુદાય અત્યંત ક્ષુબ્ધ અને ઉશ્કેરાયેલો હતો. આ સમય દરમિયાન શ્રી મહાલચંદજી બોથરા નામના રાજસ્થાનના એક સામાજિક કાર્યકર્તાનું બીકાનેરમાં ધાર્મિક ક્રાંતિ સંમેલન ભરવાનું નક્કી કરવા માટે એ તરફ જવાનું થયું અને પ્રસંગવશાત્ એ દિવસોમાં ચાલતા ધવલ સમારોહને લગતી વ્યાખ્યાનસભામાં તેઓ જઇ ચઢયા. આમના ત્યાં જવાને અને પેલા બે સાધુઓને ભાગી જવાને કોઈ પણ પ્રકારનો સંબંધ નહોતો. એમ છતાં આ નવા બહારના માણસને જોઈને અને એ ધાર્મિક ક્રાંતિવાળા છે એટલે પેલા સાધુઓને ભગાડવામાં તેમનો જ હાથ હોવો જોઈએ એમ માની લઈને તેમની સાથે ત્યાંના શ્રાવકસમુદાયે જે બહુ બુરો અને અઘટિત વ્યવહાર કર્યો તેનું વર્ણન તેમના એક મિત્ર ઉપર લખેલા પત્રમાંથી આપણને જાણવા મળે છે. તે પત્ર મૂળ હિન્દીમાં હતો, તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આચાર્ય તુલસી ભારતના નૈતિક ઉત્થાનને લગતી ગમે તેટલી ગગનસ્પર્શી વાતો કરે, પણ આવી બાબત તેમને તેમ જ તેમના અનુયાયીગણને કેટલી બધી ક્ષુબ્ધ કરે છે અને તેમાંથી પેદા થતું સાંપ્રદાયિક ઝનુન સભ્યતાની સ્વીકૃત મર્યાદાઓ કેવી રીતે વટાવી જાય છે તેનું સુરેખ, વિપાદજનક ચિત્ર નીચેના વર્ણનમાંથી આપણને જોવા મળે છે. **પરમાનંદ**)

**શ્રી શરદજી,** લાડનૂં તા. ૨૨—૩—૬૨

મારા અંગે ગંગાશહેરમાં બનેલી ઘટના આ પ્રમાણે છે:—

ચોથી માર્ચના રોજ બે સાધુ તેરાપંથી સાધુ—જીવનનો ત્યાગ કરીને બહાર ચાલી આવ્યા. મને એ સંબંધમાં કશી જાણકારી નહોતી અને એ સાધુઓને પણ હું જાણતો નહોતો. આમ છતાં પણ જેવો હું આચાર્ય તુલસીના નિવારાસ્થાન ઉપર ગયો કે લોકો મને કહેવા લાગ્યા કે "તમે જ એ સાધુઓને ભગાડી મૂકયા છે."

ત્યાર બાદ માર્ચ માસની છઠ્ઠી તારીખે આચાર્યશ્રીના વ્યાખ્યાનમાં હું ગયો. એ વખતે આચાર્યશ્રી રોષમાં બોલી રહ્યા હતા કે "જેઓ સાધુઓને ભગાડે છે, અમારા વિષે સારું ખરાબ કહે છે તેમને ધિક્કાર હો! તેઓ અહીંથી છૂટા થઈને વિવાહ કરી લે છે અને પછી કહે છે કે અમે આ મુજબ જૈનેન્દ્રકુમારના કહેવાથી કર્યું છે. મેં જનેન્દ્રકુમારને પૂછયું તો તેમણે કહ્યું કે "એમ તો હું શું કામ કહું? પણ મેં એનું મન જોયું તો કહી નાખ્યું કે તમારે લગ્ન કરી લેવું જોઈએ. જેનું જીવન જ એવું છે એ સાધુ રહીને શું ભલુ કરવાના છે?" તેના જીવનને ધિક્કાર હો!

"લોકો કહે છે કે જે સાધુ અહીંથી નીકળી ગયા છે તેની મારે તપાસ કરવી જોઈએ. પણ મને તેની એવી તે શું પડી છે? જેટલા સાધુ છે તેમાંથી કોની કોની કયાં સુધી હું દેખભાળ કરું? જેઓ કાંઈ પણ ધર્મકાર્ય કરે છે અને સંયસપાલન કરે છે તેઓ પોતાના આત્મકલ્યાણ માટે કરે છે."

આચાર્યશ્રીએ ફરીથી કહ્યું કે "આવા આદમીઓને સમવસરણમાં—વ્યાખ્યાનસભામાં—ન આવવા દેવા જોઈએ." આ શબ્દો તેમણે મારી સામે કહ્યા અને ત્યાર બાદ વ્યાખ્યાન સમાપ્ત થયું.

મારા જવા પહેલાં આચાર્યશ્રીએ બીજું પણ જે કાંઈ કહેલું તે વિષે પૂછપરછ કરતાં લોકોએ જે વાતો જણાવી તે આ પ્રમાણે છે:—

આચાર્યશ્રીએ કહેલું કે "હું સ્પષ્ટપણે જાહેર કરું છું કે આવા માણસોને ધાર્મિક સ્થાનોમાં આવવાનો કોઈ અધિકાર નથી. અભવ્ય જીવ—જૈન પરિભાષા અનુસાર નાસ્તિક—ભગવાનના સમવસરણમાં જઇ શકતો નહોતો. તેને જવાનો અધિકાર નહોતો." વળી, સ્વયંસેવકોને કહેવામાં આવેલું કે આવા માણસો ઉપર તેમણે બરોબર ધ્યાન રાખવું જોઈએ અને જેઓ તેમને જાણતા હોય તેમના સંબંધમાં પણ જાણકારી મેળવી લેવી જોઈએ. એમ પણ કહેવામાં આવેલું કે સાધુસાધ્વીઓ પણ આમાંથી કોઈ વ્યકિત સાથે વાતચિત ન કરે અને કશો પણ સંબંધ ન રાખે. આ બધી બાબતો પૂરી તપાસ કરીને મેં લખી છે. ઉપર જણાવ્યા મુજબ વ્યાખ્યાન પૂરું થયું અને હું બહાર નીકળીને જોડાં પહેરી રહ્યો હતો એટલામાં જ શ્રી ખેમચંદજી શેઠિયા જેઓ સ્વયંસેવકોના કેપ્ટન હતા તેઓ મારી પાસે આવ્યા અને બોલ્યા કે "તમે અહીં કેમ આવ્યા છો?"

મેં કહ્યું: "વ્યાખ્યાન સાંભળવા માટે."

તેણે કહ્યું: "તમે આમાં માનતા જ નથી તો અહીં આવવાનો શું અર્થ છે?"

મેં કહ્યું: "જે મને જચે છે તે માનું છું; જે નથી જચતું તે નથી માનતો."

તેણે કહ્યું :"તમે મહારાજનાં દર્શન નથી કરતા. ચાલો આચાર્યશ્રીની પાસે."

મેં પગ ઉપાડીને કહ્યું: "ચાલો!" એટલામાં વળી તે અટકી ગયા અને કહેવા લાગ્યા કે "હું તમારી હીલચાલ કેટલાય દિવસથી આમ તેમ જોતો રહ્યો છું. મારે એટલું જ કહેવું છે કે તમે અહીં આ ઠેકાણે મહેરબાની કરી ન આવતા."

મેં પૂછ્યું: "મારી એવી કઈ હીલચાલ તમે જોઈ રહ્યા છો?"

તેણે કહ્યું: "બતાવવાની જરૂર નથી. તમે અહીં ન આવતા"

મેં કહ્યું: "તમે મના કરો છો તો નહિ આવું."

એટલામાં આસપાસના લોકો મારી સામે તાકવા લાગ્યા અને જેવો હું આગળ વધ્યો કે તરત જ તેમણે મને ચારે બાજુએથી ઘેરી લીધો. એક ભાઈ મારા પેટ ઉપર મુક્કો મારવા જતો હતો એટલામાં બીજા ભાઈએ તેને તેમ કરતો અટકાવ્યો અને તે અટકી ગયો, પણ પૂરા ક્રોધપૂર્વક, રોષપૂર્વક મારી સામે જોઈ રહ્યો. તેમનામાંથી કોઈએ કહ્યું: "મારો!"

મેં કહ્યું: "મારો!"

બીજો બોલ્યો: "આ ગામમાંથી તેને હાંકી કાઢો!"

મેં કહ્યું: "હાંકી કાઢો!"

મારી આસપાસ એકઠી થયેલી મોટી મંડળી જેમ તેમ એલફેલ બોલતી રહી હતી. બંને બાજુએ ચોપડા પરિવાર સાધુઓ તથા બીજા લોકો ઊભા ઊભા આ બધું જોઈ રહ્યા હતા.

એકે કહ્યું: "આ ખાદી તમને કાંગ્રેસે આપી છે?"

બીજાએ કહ્યું: "તમને દોઢસો રૂપિયા મળે છે પછી અહીં તમે શું કામ આવ્યા?"

મારું નામ, ગામ તથા મારી સાથે કોણ આવ્યું છે, ક્યાં ઉતરેલ છે વગેરે બાબતો પૂછતાં પૂછતાં લોકો મારા નિવાસસ્થાન સુધી આવ્યા અને પછી પાછા ફર્યા.

મારે ધાર્મિક સંમેલનનું નક્કી કરવા માટે અને સ્થાનિક મિત્રોને મળવા માટે ગંગાશહેર બાજુએ આવેલા બીકાનેર જવાનું હતું અને તેથી મારું આ બાજુએ આવવાનું થયું હતું.

હું અહીંના મારા નિવાસસ્થાન ઉપર આવ્યા બાદ ધોતિયું ટૂવાલ લઈને બાથરૂમમાં સ્નાન કરવા ગયો એટલામાં વળી, સો—દોઢસો આદમીઓનું ટોળું અમારા ઘર આસપાસ ફરી એકઠું થઈ ગયું અને ઉલ્લાસમલ્લજી બરમેચાને પૂછ્યું કે "મહાલચંદજી બોથરા ક્યાં છે? અમે તેમને અહીં નહિ રહેવા દઈએ," તેમણે કહ્યું: "તે એવા કોઈ નાલાયક આદમી નથી. તમે કહેશો તો તેઓ અહીં નહિ રહે." ત્યારે એ લોકો કહેવા લાગ્યા કે "તમે પણ એટલા જ નાલાયક આદમી છો કે જે આવા માણસને પોતાના ઘરમાં ઉતારો આપો છો અને તેના વર્તનને નીભાવી લ્યો છો."

તેની સામે કોઈએ હાથ ઉઠાવ્યો એટલામાં અમારી સાથે આવેલા ચંદુ નાઈએ આગળ આવીને કહ્યું કે "આમણે અને એમણે એવું તે શું કર્યું છે?"

આમ વચ્ચે પડનાર નાઈને ત્રણ-ચાર ધોલ—થપ્પા એ લોકોએ લગાવી દીધા.

એટલામાં હુલાસીબાઈ અને મિલાપીબાઈએ નાઈને પકડીને એક ઓરડામાં પૂરી દીધો—એવા ભયથી કે ઝઘડો કાંક આગળ વધી ન જાય. પછી હુલાસીબાઈએ મહારાજ પાસે જઈને ભાઈજી મહારાજ વગેરેને પૂછ્યું કે "આ બધું શું થઈ રહ્યું છે?"

આ બાજુએ હું સ્નાન કરી રહ્યો હતો ત્યાં બાથરૂમમાં મારા સાંભળવામાં આવ્યું કે "બહાર કાઢો, બહાર કાઢો!"

મારી માતાજીએ સજજન નામની નોકરડીને પૂછ્યું કે "શું છે?"

સજજન બોલી: "ભાઈને મારવા માટે લોકો આવ્યા છે અને કહે છે કે "એ ક્યાં છે? બહાર કાઢો!"

એટલે હું ધોતીયું નીચોવીને બહાર આવ્યો. મને જોઈને લોકો દૂર ખસી ગયા. પછી મને માલુમ પડ્યું કે આસપાસની દિવાલો ઉપર ચારે બાજુએ લોકો ચઢેલા હતા અને મને જોઈને આંગળીઓ વડે ચીંધીને દેખાડી રહ્યા હતા કે 'એ રહ્યો.' પછી મારી સાથે આવેલા લોકોને મુંઝવણ ન થાય એટલા માટે સજજનને મેં કહ્યું કે "માસાને કહો કે જમી લે. પછી આપણે અહિંથી ચાલીશું."

ત્યારે બધા લોકો કહેવા લાગ્યા કે "તમને અમે નહિ જવા દઈએ."

મેં કહ્યું "આ બધું શું છે? શા માટે છે? આમ તમે વર્તો તે યોગ્ય નથી. તમારે આ બાબતનો વિચાર કરવો જોઈએ."

હુલાસીબાઈ બોલી કે "આપ ઠીક કહો છો. હું આચાર્યશ્રી પાસે જઈને આ બધું તેમને જણાવીશ."

મેં કહ્યું: "આ લોકોનો આમાં શું દોષ છે? તેમણે તો આચાર્યશ્રીનો હુકમ મળવાની સાથે એક ક્ષણનો પણ વિલંબ કર્યો નથી." એટલામાં તેજમલજી ચોપડાએ પોતાના દીકરા આશકરણને મારી પાસે મોકલેલો, તેણે આવીને મારો ખૂબ અનુનય—વિનય કર્યો અને કહેવા લાગ્યો કે "આ ઘટનાથી અમને ભારે દુઃખ થયું છે. આપની ક્ષમા માંગું છું."

મેં કહ્યું: "મારી બાબતમાં આપ નિશ્ચિંત રહો. પણ આવું બને કેમ? માની લ્યો કે મહારાજનો હું નિંદક છું અને મહારાજને હું ગાલીપ્રદાન કરું છું તો પણ શું અહિંસાના પૂજારી અને વિશ્વમૈત્રીના પ્રચાર કરવાવાળાને આ શોભે છે? હું લોકોને જરા પણ દોષ આપતો નથી. જેઓ એક તરફથી કહે છે કે:

**"જો હમારા હો વિરોધ, હમ ઉસે સમજે વિનોદ."**

અને આ તેમનો વિનોદ છે?

પછી મેં વિચાર્યું "આજે મારે બીકાનેર પગે ચાલીને જવું જ જોઈએ. જોઉં, શું થાય છે?"

આમ વિચારીને હું બજારમાંથી પસાર થયો, તો લોકો મારી સામે તાકી રહ્યા અને આંગળી કરી રહ્યા. કેટલાક લોક પાસે આવીને પૂછવા લાગ્યા: "ભાઈજી, ક્યાં જાઓ છો?"

મેં કહ્યું: "બીકાનેર."

આ રીતે અહીં જે બન્યું તેનું સવિસ્તર વર્ણન આપની ઉપર મોકલી રહ્યો છું. આનો યોગ્ય લાગે તેવો ઉપયોગ આપ કરી શકો છો.

આપનો ભાઈ

**મહાલચંદ બોથરા**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સાંપ્રદ્રાયિક ઝનુનનું રુદ્રસ્વરૂપ દાખવતો એક કિસ્સો | મહાલચંદ્ર બોથરા | ૧ |
| નવગ્રહોની પીડા | કાકાસાહેબ કાલેલકર | ૩ |
| ગ્રંથાવલોકન | પરમાનંદ | ૪ |
| વિમળા ઠકારના જીવનમાં નવો પલ્ટો | વિમળા ઠકાર | ૬ |
| સંઘ દ્વારા યોજાયેલો સન્માન સમારંભ | | ૭ |
| **પ્રકીર્ણ નોંધ :** પ્રબુદ્ધ જીવનનો ૨૪માં વર્ષમાં પ્રવેશ, મહાવીર જયન્તી સમારોહ અને જૈનોની એકતા, એક દીક્ષાર્થી બહેનને આપવામાં આવેલી ચીમકી અને ચેતવણી | પરમાનંદ | ૮ |
| મારી જીવનસાધના ... ... | દુલેરાય માટલિયા | ૧૦ |

# ☆ નવ ગ્રહોની પીડા ☆

(આપણી દુનિયા અષ્ટગ્રહના એક જ રાશિમાં થયેલા યોગમાંથી પસાર થઈ તે અરસામાં કાકાસાહેબ કાલેલકરનો આ લેખ તા. ૧૧-૨-૬૨ના 'મંગળ પ્રભાત'માં પ્રગટ થયો હતો. આજે તે ઘટના લગભગ વિસારે પડી છે એમ છતાં અષ્ટગ્રહયુતિના કારણે ભડકેલું વહેમી માનસ આજે પણ એટલું જ જીવંત છે. આવું માનસ ધરાવનારા લોકોને આવા વિષયમાં બુદ્ધિપૂર્વક વિચાર કરવા માટે સમ્યક્દૃષ્ટિ પ્રાપ્ત થાય એ હેતુથી આ લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે: **પરમાનંદ**)

ઈશ્વરની દુનિયામાં આપણે છીએ. ચારે બાજુ દુનિયા વિસ્તાર પામી છે. હું પોતે પણ દુનિયાનું એક અંગ છું. દુનિયા વિશે ચિન્તન કરનારા એવા કેટલાક લોકોની માન્યતા છે કે 'પૃથ્વીના એક કણમાં આખી સૃષ્ટિ સૂક્ષ્મ રૂપમાં મૂર્તિમંત બની છે.' ઝાડની શાખા લઈ આપણે વાવીએ છીએ અને એમાંથી આખું વૃક્ષ ફાલી ફૂલીને તૈયાર થાય છે. કવિ આશ્ચર્યચકિત થઈને ગાય છે: 'એક બિન્દુમાંથી માનવ સમાન આકૃતિઓ થઈ હજાર.' ખરેખર વિશ્વ એક ગૂઢાતિગૂઢ વિષય છે. કલ્પના કરીને થાકી જવાથી કવિઓએ ગાયું કે ભગવાન તો અનંતકોટિ બ્રહ્માંડનો નાયક છે. પુરાણવાદીઓએ બ્રહ્માંડની કલ્પના સ્થળકાળમાં વિસ્તારી બતાવી છે, પરંતુ આ સમસ્ત જ્ઞાન ક્યાંથી આવ્યું તે તો બતાવ્યું જ નહી. લોકો કહે છે કે ઋષિમુનિઓએ યોગવિદ્યાથી આ બધું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. યોગવિદ્યાના ગ્રંથોમાં વિદ્યાની સાધના તથા પ્રક્રિયા દર્શાવી છે અને તેના અનુયાયીઓ પણ ઘણાં દેખાય છે, પણ તેમનો સ્વભાવ, તેમની સિદ્ધિઓ તથા તેમનું જ્ઞાન જોઈને ઘણીવાર ખરેખર દુ:ખ થાય છે, કદાપિ સંતોષ યા તો આનંદ નથી થતો. યોગવિદ્યાનું મહાત્મ્ય બતાવવાવાળા તો ઘણા છે, પણ સિદ્ધિ બતાવવાવાળા ગણ્યાગાંઠ્યા છે. તેમની છેવટની દલીલ એ હોય છે કે જે વસ્તુ તમે જાણતા નથી તેનો ઈન્કાર કરવાનો તમને અધિકાર શો? પરંતુ તેમને પણ એક પ્રશ્ન પૂછીએ કે તમને જે વિષયનું ન તો જ્ઞાન છે કે ન તો અનુભવ છે, તે બાબતમાં કહેવાનો તથા કલ્પનાના ઘોડા દોડાવવાનો તેમને પણ શો અધિકાર છે? શું અજ્ઞાન કોઈ વિચારપરંપરાનો પાયો બની શકે છે?

ગુઢવાદીઓ આ પ્રમાણે ચર્ચામાં હાર્યા બાદ પોતાનો રાહ બદલી નાખી કહે છે કે "આ ચર્ચાનો વિષય નહિ, પણ અનુભવનો છે. અમે અમારા અનુભવના આધારે કહીએ છીએ." પણ તેઓ સમજતા નથી કે અનુભવનું પ્રતિપાદન કરવા જતાં તેઓ પોતાની જાત તથા પક્ષ બંનેને હલકાં પાડે છે. સામાન્ય રીતે સમાજના ઘણા સજ્જનો આવા અનુભવવાદીઓ સાથે ચર્ચામાં ઊતરવાનું છોડી દે છે. મનમાં ને મનમાં વ્યંજના કરે છે કે 'તમારા અનુભવની કદર કરનારા તમારા જેવા તમને ઘણાં પ્રાપ્ત થાઓ, તથા તમારા સંપ્રદાયો પણ ચલાવો. તમારો અનુભવ અમારા કામનો નથી. અનુભવની પણ કસોટી હોય છે. ભોળા લોકોની પોતાની એક અનેરી દુનિયા હોય છે. એમાં અમારે પ્રવેશ કરવો નથી. અમને જે ચીજનો અનુભવ થાય છે તેનું દૃષ્ટાંત આપી શકીએ છીએ તથા અનુભવ પણ કરાવી શકીએ છીએ.'

પુરાણોમાં ચંદ્રલોકની વાર્તાઓ આવે છે. આજકાલના ખગોળશાસ્ત્રમાં પણ ચંદ્રલોકની વાર્તાઓ આવે છે. ખગોળશાસ્ત્રનો અનુભવ દૂરબિન દ્વારા, પદાર્થ વિજ્ઞાન દ્વારા કરાવી શકીએ છીએ. રશિયન તથા અમેરિકન આકાશગામીઓ ખગોળશાસ્ત્ર તથા વિજ્ઞાનશાસ્ત્રના આધાર પર આકાશમાં પરિભ્રમણ કરી આવ્યા. તેઓએ ચંદ્રના ફોટા પણ પાડયા. ખગોળશાસ્ત્રી દૂરબીનની મદદથી ચંદ્રપરના પહાડો તથા ખડકોનાં ચિત્રો પણ દોરે છે. તેમની ઊંચાઈ-ઊંડાઈનું માપ પણ કાઢે છે અને તેમનો આ અનુભવ તેઓ દુનિયાને કરાવી શકે છે અને તેથી તેમની વાતો વિશ્વાસપાત્ર હોય છે.

ગૂઢવિદ્યાના 'અનુભવવાદીઓ' ઘણી દલીલો કરતા હોય છે, પરંતુ પોતાનો 'અનુભવ' બીજાને કરાવી શકતા નથી. તેઓનું કહેવું છે કે અમે બતાવીએ તેવી સાધના ત્રીસ-ચાલીસ વર્ષ કરો તો તમને અનુભવ મળશે. સાધના પણ એવી બતાવે છે કે તેના પર વિશ્વાસ કરવો સહેલો નથી. આપણે પૂછીએ છીએ કે 'તમારી સાધના કરી હોય તેવા બે-ચાર માણસો બતાવો. જો તેમના અનુભવમાં એકરૂપતા દેખાય તો અમે તમારી વાત માનવાને તૈયાર છીએ.'

ગૂઢઅનુભવ તથા ગૂઢવિદ્યાનો અમે ઈન્કાર નથી કરતા. જે વસ્તુ જાણતા ન હોઈએ તેનો ઈન્કાર કરવો ખોટો છે, પરન્તુ ઈન્કાર ન કરી શકીએ તેથી કાંઈ તેને સ્વીકાર કરવા થોડા જ બંધાયેલા છીએ.

મનુષ્યના જ્ઞાનનું ક્ષેત્ર આજે મર્યાદિત છે. તેના અજ્ઞાનનું ક્ષેત્ર અજ્ઞાત છે, તેથી તે અમર્યાદિત છે. પરંતુ આપણે આટલું તો જરૂર કહી શકીએ તેમ છીએ કે જ્ઞાનના પાયા ઉપર શ્રદ્ધા તથા તર્કના બળે આપણે અનુમાનોની ઈમારત ઊભી કરી શકીએ છીએ. પરંતુ અહીં પણ સંશોધન તથા પ્રયોગ કરીને નિશ્ચય પર પહોંચવાની અપેક્ષા તો અવશ્ય રાખવામાં આવે છે. આજે આપણા દેશમાં તથા દુનિયામાં ઘણે ઠેકાણે અસંખ્ય ભોળા લોકોનું અસ્તિત્વ છે. જેઓ અજ્ઞાનને કારણે, કલ્પનાને આધારે કલ્પનાના ઘોડા દોડાવી કાલ્પનિક દુનિયાનું ચિત્ર ખડું કરી દે છે. આ પ્રયોગ તેમને જ મુબારક હો, પરંતુ દુ:ખ એ છે કે આવા મનુષ્યો તેમની આજુબાજુના લોકોને આગ્રહપૂર્વક પોતાની અંધશ્રદ્ધા અનુસાર ચાલવાનું કહે છે, અગર જો તે અનુસાર તેઓ ન વર્તે તો તેમની નિંદા કરે છે. તેમના માટે નાસ્તિક, દુર્દૈવી, અભાગી વગેરે શબ્દો વાપરે છે, તેના ઉપર ક્રોધ પણ કરે છે, તેનો સંગ પણ છોડી દે છે.

હું આખી જીંદગી આ રીતના આસ્તિક, શ્રદ્ધાવાન તથા 'અનુભવ'વાદીઓના પરિચયમાં આવતો રહ્યો છું. તેઓ મને જબરજસ્તીથી સાક્ષાત્કારી અવતારી પુરુષોની પાસે લઈ ગયા છે. પ્રસાદના બહાના હેઠળ મને તેમનું એઠું ખાવાનું પણ દબાણ કર્યું છે. તેમનું ન માનવાને કારણે તેઓએ મારી દયા પણ ખાધી છે. તેમણે મને ડર બતાવ્યો છે; પણ તેથી મને કશું નુકસાન નથી થયું. અને અન્ય પક્ષે જેઓએ ભોળાભાવે તેમની વાત માની છે તેમને કોઈ લાભ થયો હોય એમ મારા જોવામાં કે સાંભળવામાં નથી આવ્યું.

જે લોકો પોતાના મર્યાદિત જ્ઞાનના આધારે ચાલી અજ્ઞાન દૂર કરવાની કોશિષ કરે છે, તેમની પ્રગતિ થયેલી જોઈ શકાય છે, અને તે પણ માત્ર લૌકિક કે ભૌતિક નહિ, આધ્યાત્મિક પ્રગતિ પણ દેખાય છે અને જે લોકો માત્ર દાવો જ કરતા આવ્યા છે, તેમની અસર કેવી હોય છે તે પણ આપણે જોતા આવ્યા છીએ.

મારી બાલ્યાવસ્થામાં લોકો કહેતા હતા કે સૂર્યગ્રહણ અથવા ચંદ્રગ્રહણના સમયે કાંઈ પણ ખવાય નહીં. ખાવાથી ભસ્મરોગ થાય તેમ તેમનું કહેવું હતું. (ભસ્મરોગ શું છે તેનું સંશોધન કરવાથી જણાયું કે માનવીની ભૂખ બેહદ વધે છે. તે જે ખાય તે ભસ્મ થઈ જાય છે. તેને ખોરાકથી ન તો તૃપ્તિ મળે છે કે ન તો શકિત વધે છે) ગ્રહણ સમયે ખાવાની ઈચ્છા ન થવી જોઈએ. ગ્રહણ રોજ થતા નથી. એટલે તે સમયે તેનું અવલોકન કરવું ન જોઈએ,

ત્યાં સુધી હું સહમત થાઉં છું. પણ કોઈ એમ કહે—જેમ કેટલાક સનાતની લોકો વિજ્ઞાનને આગળ ધરીને દલીલ કરે છે—કે, સૂર્યગ્રહણ સમયે સૂર્યના કિરણો આપણા શરીર સુધી પહોંચી શકતા નથી, એથી પાચનશકિત ક્ષિણ થાય છે. તેથી ખાવું ન જોઈએ, તો તે સાંભળવા હું તૈયાર છું, પરંતુ તે સાંભળીને અનુભવ કરવાનું પણ મન થવાનું. રાત્રે સૂર્યના કિરણો આપણા શરીર સુધી નથી પહોંચતા, છતાં પણ લોકો આરામથી ખાતા હોય છે અને તેથી કોઈને અજીર્ણ યા તો ભસ્મરોગ થયાનું સાંભળ્યું નથી. મેં તો સૂર્યગ્રહણ તેમજ ચંદ્રગ્રહણના સમયે ખાઈને અનુભવ્યું છે કે મને કોઈ ભસ્મરોગ થયો નથી અથવા તો એવું બીજું કાંઈ પણ નુકસાન થયું નથી. લાભ એટલો જરૂર થયો કે કોઈએ અજ્ઞાનનો ડર બતાવ્યો તે માની જવાની જે કમજોરી મનુષ્યમાં હોય છે તે દૂર થઈ, અંધશ્રદ્ધાળુ લોકોની આગ્રહી વાતો માની જવાની તથા તેને અનુસરવાની વાત દૂર થઈ. જે ચીજ આપણે નથી જાણતા તે વિષે આપણે સ્વીકાર કરીએ કે આપણે નથી જાણતા તો એટલું બસ છે. જે લોકો ગૂઢ અનુભવનો દાવો કરે છે અને તેના જોરે આપણા ઉપર વર્ચસ જમાવવા માંગે છે. તેમની વાતોની કાં તો ઉપેક્ષા કરીએ અથવા તો તપાસ કરીએ. તેમણે દેખાડેલા કાલ્પનિક ડરને આપણે શરણ ન થઈએ.

કોઈએ મને પૂછ્યું કે "ફલજ્યોતિષમાં માનો છો?" મેં કહ્યું કે "હું કેવી રીતે ઈન્કાર કરું કે મારા ઉપર અથવા તો બીજા ઉપર આકાશના ગ્રહોની, તારાગણની તથા અન્ય જ્યોતિઓની અસર જ થતી નથી? અસર થતી હશે. એ ગ્રહોની અસર હોવા છતાં મારો જીવનક્રમ ઠીક ઠીક ચાલી રહ્યો છે, અને જે લોક ફલજ્યોતિષ ઉપર વિશ્વાસ રાખી ગ્રહશાંતિના મંત્રોચ્ચાર કરે છે, દાન કરે છે, તેમના જીવનમાં ખાસ વિશિષ્ટ ફેરફાર જોવામાં આવતો નથી. કોઈ મનુષ્ય મને આવીને કહે કે "આજે ભલે તમારી તબિયત સારી હોય, પણ આવતી કાલે તમને ભયંકર માંદગી આવવાની છે, માટે તેના નિવારણ રૂપે આજે જ મારી દવા ખાઈ લો." અને જો મેં તેની દવા ખાધી તો તે બીજે દિવસે જરૂર કહેશે કે આપ કેટલી ભયંકર માંદગીમાંથી બચી ગયા! મારી દવાની આ અદ્ભુત અસર છે. અને જો તમે દવા ન લીધી હોત તો તમને છ મહિનાનો ખાટલો થઈ જાત." આવા મનુષ્યને હું શું જવાબ આપું? હું મનમાં જ સમજું કે વિના કારણે દવા લઈને બેવકૂફમાં ખપ્યો. કોઈ વાર, એવું પણ બને છે કે હું દવા ન લઉં, પણ મારો વિશ્વાસુ નોકર મને બચાવવા ખાતર મંત્રોચ્ચાર કરે, દાન કરે, તો લોકો મને કહેશે કે "જૂઓ, નોકરના પ્રયાસથી તમે બચી ગયા" આવી દલીલનો શો જવાબ હોઈ શકે? આના અનુસંધાનમાં હું ફરીથી કહું છું કે એમ જણાવવાનો મારો જરાપણ આશય નથી, કે ફલજ્યોતિષ જેવું કોઈ વિજ્ઞાન હોઈ શકતું નથી. મારો કહેવાનો ભાવાર્થ પણ આ નથી. પરંતુ આજકાલ જે પ્રકારનું ફલજ્યોતિષ ચાલી રહ્યું છે, તે ઉપર મારો વિશ્વાસ નથી. અથવા તો ફલજ્યોતિષ કોઈ વિજ્ઞાન છે, તો તે અધૂરું છે, તેનો પાયો કાચો છે. તેના દાવાને હું માની શકતો નથી.

આટલો વિસ્તૃત જવાબ આપવા છતાં પણ મને સંતોષ નથી થયો. મેં આથી પણ આગળ જઈને કહ્યું છે કે મારો ખુદનો અનુભવ છે કે જે લોકો ફલજ્યોતિષમાં માને છે તથા તેને અનુસરે છે, અથવા તો તેને લગતો ઈલાજ કરાવે છે, તેમની વિચાર-શકિત, તર્ક-શકિત તથા શુદ્ધ અનુમાન કરવાની શકિત ક્ષીણ થઈ ગઈ હોય છે. અજ્ઞાતના ડરને લીધે તે જ્ઞાતનો અનાદર કરે છે. પોતે તો બેવકૂફ બને છે પણ અન્યને પણ બેવકૂફ બનાવવાની કોશિષ કરે છે, વખત અને પૈસાની બરબાદી કરે છે અને તેનું જીવન દયાપાત્ર બને છે. આમ હોવાથી ફલજ્યોતિષમાં કદાપિ થોડો પણ સત્યાંશ હોય તો પણ તેની પાછળ દોડવામાં નુકસાન જ નુકસાન છે. જેટલું સંકટ આપણને સ્પષ્ટપણે દેખાય તેનો શુદ્ધ ઈલાજ આપણે કરતા રહીએ અને વિશ્વાસ રાખીએ કે આ દુનિયા ઈશ્વરની છે, અનાથ નથી. તેમાં આપણે આપણું જ્ઞાન, અનુભવ અને શુદ્ધ શ્રદ્ધા અનુસાર ચાલીએ. બાકીનું બધું ઈશ્વરના હાથમ છે, એવા વિશ્વાસથી આપણે આપણા મનને મજબૂત કરીએ. આપણે જ્ઞાનના ઉપાસક બનીએ, ન અજ્ઞાતના કે અજ્ઞાનના.

ક્રમશઃ

મૂળ હિન્દી: કાકાસાહેબ કાલેલકર
અનુવાદક: બહેન તરૂણા શાહ

# ગ્રંથાવલોકન

## 'સ્વાનુભવના પ્રસંગો'

(લેખક: શ્રી ગોપાળદાસ પ્ર. મોદી, પ્રકાશક: મેસર્સ વોરા એન્ડ કું. ૩, રાઉન્ડ બીલ્ડીંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨, કિંમત: રૂા. ૨)

આ પુસ્તક મારી પાસે ઘણા વખત પહેલાં આવેલું અને આવ્યું તેવું જ સહજ કૌતુકથી પ્રેરાઈને વાંચવું શરૂ કર્યું. રવિવારનો દિવસ હતો. એક એક ઘટના વાંચતાં એટલો બધો રસ પડવા માંડયો કે આખું પુસ્તક લગભગ એક જ બેઠકે પૂરું કર્યું. પુસ્તક વાંચીને તેના લેખકના પરિચયની ઈચ્છા થઈ અને પછી તેમનો પરિચય પણ સાધ્યો.

આ પુસ્તક અંગે શ્રી ગોપાળદાસભાઈ પુસ્તકના આમુખમાં જણાવે છે કે 'હું સાહિત્યકાર નથી, લેખક હોવાનો પણ મારો દાવો નથી. હરતાં ફરતાં મારી આજુબાજુ જે કંઈ મેં જોયું તથા સાંભળ્યું અને તેમાંથી લખવા જેવું લાગ્યું તે લખ્યું. 'અખંડ આનંદ'ના 'જોયેલું ને જાણેલું'માં, 'જન્મભૂમિ-પ્રવાસી'ના 'અબીલ ગુલાલ'માં, 'જીવનમાધુરી'ના 'પંચામૃત'માં તથા 'મુંબઈ સમાચાર સાપ્તાહિક'માં ક્રમે ક્રમે પ્રગટ થતું ગયું તેમ તેમ વાચકો તરફથી ઉત્તેજના, ઉષ્મા અને સમભાવના મને મળતાં ગયાં અને એ વાચકમિત્રોની પ્રેરણાથી જ આ લખાણોને પુસ્તકરૂપે પ્રગટ કરવાની હિંમત કરું છું."

આ પુસ્તકનો પરિચય કરાવતાં કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તક ઉપર લખેલી પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે "સાહિત્યની ઉપાસના કરનારા લોકોનું લખાણ આપણને પરિચિત હોય છે. આપણે એમની શૈલીથી ટેવાયેલા હોઈએ છીએ. કેવળ જીવનના અનુભવમાંથી તારવીને જ્યારે કોઈ સાહિત્યબહારનો માણસ કાંઈ લખે ત્યારે એમાં કાંઈક તાજાપણું અને નિર્વ્યાજપણું જોવાને મળશે એટલી જ અપેક્ષાથી આ પ્રસંગો મેં વાંચવાનું શરૂ કર્યું. વાંચતાં વાંચતાં દેખાઈ આવ્યું કે લેખક પાસે સરળ ભાષાશૈલી પણ છે અને એથીયે વિશેષ પ્રસંગો રજૂ કરવાની સુંદર શૈલી પણ છે. પ્રસંગની રજૂઆતમાં પ્રસન્નતા પણ છે અને નાહકનો વિસ્તાર ટાળવાનો સંયમ પણ છે.

"સામાન્ય વ્યવસાયી જીવનમાં હાલતાં ચાલતાં અનેક પ્રસંગો આપણું ધ્યાન ખેંચે છે. એવા પ્રસંગો કોક વાર આપણા હૃદયને આર્દ્ર કરે છે, કોક વાર આપણા મોઢામાંથી 'વાહ વાહ'નાં વેણ નીકળી પડે છે, કોક વાર સમાજની દુ:સ્થિતિ જોઈ આપણા મનમાં ગ્લાનિ ઉપજે છે, જ્યારે કોક વાર માણસમાં માનવતા હજુ કાયમ છે; તે હજુ ઓસરી નથી, એ જોઈને આપણી આસ્તિકતા મજબૂત થાય છે.

"પ્રસ્તુત લેખકે આ પ્રસંગો વીણવામાં ઘણો વિવેક વાપર્યો છે. સજ્જનતા, આત્મીયતા, રસિકતા તથા આર્યતાને પોષણ મળે એવા સુંદર પ્રસંગો એમણે વીણ્યા છે અને સાચી કદરદાનીથી

# ☆ વિમળા ઠકારના જીવનમાં નવો પલટો ☆

(શ્રીમતી વિમળા ઠકાર ભૂદાન આન્દોલન સાથે લગભગ છેલ્લાં દશ વર્ષથી ગાઢપણે જોડાયલાં હતાં. આ વર્ષો દરમિયાન ભૂદાન આન્દો-
લનને વેગ આપતાં તેમનાં વ્યાખ્યાનોએ અનેક નરનારીઓને મુગ્ધ કર્યાં હતાં. પ્રભાવશાળી તેજસ્વી તેમના વ્યકિતત્વની પ્રતિભા હતી.
આપણામાંના ઘણા ખરા માટે આ તદ્દન નવા જ સમાચાર હશે કે તેઓ કેટલાક માસથી ભૂદાનપ્રવૃત્તિથી મુકત થયા છે. વિનોબાજી સાથેના
પરિચય બાદ તેઓ શ્રી. જે. કૃષ્ણમૂર્તિના નિકટ પરિચયમાં આવ્યા અને તેમની વિશિષ્ટ વિચારણાથી પ્રભાવિત બન્યા, જેનું પરિણામ પોતાની જાતને
ભૂદાન પ્રવૃત્તિથી અલગ કરવામાં આવ્યું છે. તેઓ ગત વર્ષ દરમિયાન ઠીક સમય યુરોપમાં હતાં એ દરમિયાન ગત ઑગષ્ટ માસની ૧૭મી
તારીખે ઝુરીચથી દાદા ધર્માધિકારી ઉપર લખેલો તેમનો એક પત્ર તા. ૨૦ મી જાન્યુઆરીના ભૂદાનમાં પ્રગટ થયો છે તેનો અનુવાદ નીચે
આપવામાં આવ્યો છે. મૂળ અંગ્રેજી લખાણના અમુક વાકયો અને અને અમુક શબ્દોને ગુજરાતીમાં ઉતારવાનું એટલું બધું કઠણ લાગ્યું
છે કે, પ્રસ્તુત અનુવાદ મૂળ અંગ્રેજી લખાણના ભાવને સમ્યક્ પ્રકારે વ્યકત કરી શકેલ છે કે કેમ તે વિષે હું સાશંક છું અને તેથી વાંચકો તેના
મૂળ ભાવને પૂરેપૂરો પકડી ન શકે તો તે માટે હું અસહાય છું. આમ છતાં પણ આ અનુવાદ પ્રગટ કરવાનો આશય એ છે કે, જીવનના પ્રારંભથી
એક પ્રકારના ચાલુ આધ્યાત્મિક મન્થનમાંથી પસાર થતી વ્યકિતના જીવનમાં લગભગ દશ વર્ષના ભૂદાન પ્રવૃત્તિ સાથે ગાઢ અને સક્રિય
સંબંધ બાદ અચાનક કેવો પલટો આવે છે અને હવે પોતે ભૂદાનમાં નહિ ચાલી શકે એવી પ્રતીતિ થતાં પોતાના જૂના સાથીઓને
છેવટની સલામ કરીને બીજી દિશા તરફ પોતાનું પ્રયાણ તે કેવી રીતે શરૂ કરે છે તેનો આ પત્રમાં અને હવે પછીના અંકમાં પ્રગટ થનાર
તેમના બીજા એક લેખ દ્વારા બહુ રોચક તેમ જ પ્રેરક ખ્યાલ આવે તેમ છે. શ્રી. વિમળા ઠકારનું આ પગલું અને તે પાછળની વિચારણા
યોગ્ય છે કે નહિ તે એક જુદો પ્રશ્ન છે, પણ તેમની સત્યનિષ્ઠા અને તે ખાતર એક ક્ષેત્રમાં વર્ષોથી જમાવેલી પ્રતિષ્ઠાને ફેંકી દેવાની હિંમત
દિલમાં જરૂર આદર જન્માવે છે. **પરમાનંદ)**

આ પત્ર હું ઘણી મુંઝવણપૂર્વક લખી રહી છું. મુંઝવણ એટલા માટે કે મારે આપને જે જણાવવું છે તે હું શબ્દોમાં યથાસ્વરૂપે ખરેખર રજુ કરી શકીશ કે કેમ એ વિષે મને શંકા છે. યોગ્ય શબ્દોમાં રજુઆત કરવાની મારી અશકિત અને સમ્યક અભિવ્યકિત માટે જરૂરી સામાર્થ્યની ઊણપ—આ બે કારણોને લીધે મારા આ લખાણથી ગેરસમજુતી પેદા થવાનો ઘણો સંભવ છે. આમ છતાં પણ મારે મારા મનની વાત આપને જણાવવી તો જોઇએ જ. જે અત્યન્ત ભિન્ન પ્રકારના સંવેદનમાંથી-જે નવી અનુભૂતિમાંથી—હું પસાર થઇ રહી છું તેના આપને મારે ભાગીદાર બનાવવા જ જોઇએ—આવી અંદરની પ્રબળ પ્રેરણા મને આ પત્ર લખવાની ફરજ પાડે છે.

### પુનર્જન્મ

મારી જીવનકથા અને મારી આધ્યાત્મિક યાત્રાનો ઈતિહાસ આપ બહુ સારી રીતે જાણો છો અને તેથી તેનું પુનરાવર્તન કરવાની કોઈ જરૂર નથી. ભૂદાન—આન્દોલનમાં જોડાવા પાછળનો મારો હેતુ અને સર્વોદયના સમગ્ર દર્શન પ્રત્યેનું મારૂં વલણ - આ બન્નેથી આપ સુપરિચિત છો. ૧૯૫૭ ની સાલમાં સક્રિય કાર્યક્ષેત્રમાંથી, જાહેર સભાઓમાંથી અને મોટાં સંમેલનોમાંથી હંમેશ માટે નિવૃત્તિ સ્વીકારેલી એ પણ આપને વિદિત છે. ગયા જુલાઇ માસમાં 'ગાંધીવિચાર સંશોધન મંડળ' (Gandhian Research Institute) ના મંત્રીપદેથી મેં શા માટે રાજીનામું આપ્યું તે પણ આપ સારી રીતે જાણો છો. આમ હોવાથી આમાંની કોઇ પણ વિગતમાં ન ઉતરતાં મારે આપને જણાવી દેવું જોઇએ કે છેલ્લા આઠ મહિના દરમિયાન હું ભીષણ મંથનમાંથી, અકળાવી મૂકે એવા માનસિક ઝંઝાવતોમાંથી અને વલોવી નાખે એવા અન્તઃક્ષોભમાંથી પસાર થઇ રહી છું. જે સહાનુભૂતિમાંથી હું પસાર થઇ રહી છું તેની તીવ્રતા અને મર્મવિધકતાને શબ્દોમાં રજુ કરવાનું શકય નથી. બધું જ બદલાઇ ગયેલું ભાસે છે. જાણે કે મારો ફરીથી જન્મ થયો ન હોય! આ કોઇ અભિપ્રેત વિચારણાનું કે કોઇ લાગણીજન્ય પ્રત્યાઘાતનું પરિણામ નથી. આ એક વિસ્મય પમાડે, ચકિત કરી નાંખે એવો અનુભવ છે, જેનું હું પૃથકકરણ કે વિશ્લેપણ કરી શકતી નથી.

### માનવીમાં આમૂલ પરિવર્તનની આવશ્યકતા

એક બાબત ચોકકસ છે. ભૂદાનપ્રવૃત્તિ સાથેનો મારો સંબંધ પૂરો થયો છે. આજે મને સ્પષ્ટપણે ભાસે છે કે, આજની ખરી સમસ્યા તે માનવીની સંપૂર્ણ સ્વતંત્રતાને લગતી—અંદરની—સમસ્યા છે. જે પ્રયત્નોનું પરિણામ સામૂહિક ઘટકોના નિર્માણ દ્વારા આપણી સ્વતંત્રતાને મર્યાદિત બનાવવામાં આવે તેમ હોય તેવા પ્રયત્નો અને પ્રવૃત્તિઓ પાછળ જો આપણે આપણી તાકાત વેડફી નાંખીએ તો આ ઘટકોનું અનૈસર્ગિક અહં વ્યકિતને રૂંધી નાખવામાં જ આવશે. આવી પ્રવૃત્તિઓ દ્વારા આપણે એક યા બીજા સામૂહિક ઘટકને, તેના અંગભૂત સભ્યોના ભોગે, રક્ષણ આપવાની-સદ્ધર બનાવવાની-આવશ્યકતા ઉપર આધારિત એવું નવું વ્યવહારશાસ્ત્ર—આચારશાસ્ત્ર પેદા કરવાના. અને હવે મારે મન એક માત્ર વ્યકિતગત સ્વતંત્રતા એ જ ખરા મહત્વની વસ્તુ છે. જયારે કોઇ કેવળ બહારનું કૃત્રિમ સંગઠ્ઠન વ્યકિત ઉપર લાદવામાં આવે છે ત્યારે વ્યકિતગત ચારિત્ર્યવિકાસને ગૌણ સ્થાન મળે છે. વ્યકિતઓનું પાયાનું ધાર્મિક પરિવર્તન એમાં જ માત્ર માનવજાતનો ખરો ઉદ્ધાર રહેલો છે એમ મને લાગે છે.

### પૂર્વગ્રહોના ભારણથી મનની મુકિત

પશ્ચિમમાં કેટલાક મહિના પસાર કર્યા બાદ અને વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાન ઉપરના કેટલાંક મહત્વના ગ્રંથો વાંચ્યા બાદ અને પાયાના પરિવર્તનની સમસ્યા ઉપર ઊંડું ચિન્તન કર્યા બાદ, હું એવા નિર્ણય ઉપર આવી છું કે, મૂળ કોષાણુ—Cell—નું પ્રગટીકરણ થયું ત્યારથી સ્વતંત્રતા પ્રત્યે અભિમુખતા એ જ ઉત્ક્રાન્તિનું લક્ષ્ય રહ્યું છે. માનવીના વ્યકિતત્વનો વિકાસ સ્વાભાવિક રીતે ચિત્તની સ્વતંત્રતા તરફ, સતત વૃદ્ધિગત થયા કરતી મનની સ્વાધીનતા તરફ જ ગતિમાન હોય છે.

તો પછી મારા ચિત્તને મુકત બનાવવું એ જ માત્ર આ વિશ્વવ્યાપી કાર્યમાં મદદરૂપ બનવવાનો મારા માટે માર્ગ દેખાય છે. હવે ચિત્તની શાન્તિને કે આત્માના સંતોષને નહિ પણ માનવીના પાયાની ક્રાન્તિને મારું મન ઝંખે છે. સર્વપ્રકારના માનસિક ભારણથી મુકત બનવા વડે જ પાયાની વિશ્વવ્યાપી સુગ્રથિત નવરચના નિર્માણ કરવાના સર્વસાધારણ કાર્યમાં ફાળો આપવાનું શકય લાગે છે. આપણી જાતને અંગત, જાતિગત, રાષ્ટ્રગત અને કોઇપણ અમુક વિચારસરણીના કારણે ઊભા થયેલા—આવા દરેક પ્રકારના **અભિનિવેશોથી,**—પૂર્વગ્રહોથી—મુકત બનાવવી જોઇએ.

### જ્યાં સમાજવાદીઓ નિષ્ફળ નીવડયા છે

ભૌતિક હિતોનું સંગઠ્ઠન જરૂરી હશે. પણ વ્યકિતગત અને સામાજિક હિતોનું વાસ્તવિક સમીકરણ તે મારફત કદિ પણ સિદ્ધ નહિ થઇ શકે. આખી દુનિયાના સમાજવાદીઓએ આ પ્રયત્ન કર્યો છે પણ તેમાં તેઓ નિષ્ફળ નિવડયા દેખાય છે. કારણ કે, તેમણે એ બાબત ધ્યાનમાં નથી લીધી કે આવું સમીકરણ માત્ર આધ્યાત્મિક સ્તર ઉપર જ શકય છે. તેમણે માનવીના માનસને લગતા વિજ્ઞાનની અને તેમાં રહેલી વિપુલ સામગ્રીની ઉપેક્ષા કરી છે. તેમણે વર્તમાન વિચારપદ્ધતિમાં ઉપર ઉપરના ફેરફાર કરીને

તે રજૂ કર્યાં છે, અને છતાં એમણે ઉપદેશક થઈને બોધ આપવાની ભૂમિકા ધારણ નથી કરી અને સમાજના રૂઢિમાન્ય આદર્શોને જ ટેકો આપવાનો પ્રયત્ન એમનો નથી. છે કેવળ સહૃદયતા અને આર્યતા."

પ્રસ્તુત પુસ્તક વાંચતાં મારા મનમાં જે સંવેદનો ઊઠેલાં તે કાકાસાહેબના લખાણમાં પૂર્ણ સ્વરૂપે પ્રતિબિંબિત થયેલાં માલુમ પડતાં તે વિષે કશું સ્વતંત્ર લખવાને બદલે તેમની પ્રસ્તાવનાના જરૂરી વિભાગને અહીં ઉદ્ધૃત કરવાનું મને વધારે ઉચિત લાગ્યું છે.

જણાવતાં આનંદ થાય છે કે ગુજરાતી સાહિત્યને ઉત્તેજન આપવાની યોજના હેઠળ ગુજરાત સરકારે ૧૯૬૧-'૬૨ના વર્ષમાં પ્રગટ થયેલ નિબંધ, ડાયરી, પ્રવાસ વગેરે વિભાગ નીચે શ્રી કરસનદાસ માણેક રચિત 'વાટના દીવડા'ની સમકક્ષાએ આ પુસ્તકને મૂકીને આ બે પુસ્તકોને શ્રેષ્ઠ પુસ્તકો તરીકે જાહેર કર્યાં છે અને તે માટે નિયત કરવામાં આવેલ રૂા. ૧૦૦૦નું ઇનામ આ બન્ને લેખકોને સરખા ભાગે વહેંચી આપવામાં આવશે એમ જણાવવામાં આવ્યું છે. આ માટે શ્રી ગોપાળદાસભાઈને અનેક અભિનંદન ઘટે છે.

## શૈશવની સમસ્યા

(લેખક: શ્રી હરપ્રસાદ ભટ્ટ, પ્રકાશક: બાલગોવિંદ કુબેરદાસની કું. ખજૂરીની પોળ, અમદાવાદ.)

શ્રી હરપ્રસાદ ભટ્ટ મનોવિજ્ઞાન—ખાસ કરીને બાળ મનોવિજ્ઞાનના એક નિષ્ણાત પંડિત છે. તેમનું આ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન જેટલું ઊંડું છે તેટલું જ બહોળું તેમનું અનુભવજ્ઞાન છે. તેમણે અનેક અસમ બાળકોના કોયડાઓનું વિશ્લેષણ કરીને તેમને સમધારણના માર્ગ ઉપર પ્રગતિ સાધતા કર્યા છે. તેમણે આ પુસ્તક અંગે પોતાની પ્રસ્તાવનામાં લખ્યું છે કે "માતપિતા અને બાળકના રોજ—બ—રોજના બનતા ઘર્ષણના કેટલાક પ્રસંગો જે સ્વરૂપે મારા ચિકિત્સાલયમાં આવ્યા છે તે જ સ્વરૂપે ગ્રથિત કરીને આ નાનકડા પુસ્તકમાં વાચકો સમક્ષ રજૂ કરું છું. આ પુસ્તકમાં મનોવિજ્ઞાનની કોઈ નૂતન વિચારસરણી ઊભી થતી હોય કે મનોવિજ્ઞાન અંગેના દરેક કોયડાનો ઉકેલ સમાયેલો હોય તેમ રખે માનતા બાળકોને મૂંઝવતા પ્રશ્નો વિષે કેટલીક વાર આપણે સૌ બેદરકાર રહીએ છીએ. એ બેદરકારીનાં ભયંકર પરિણામો આવે છે કે જટિલ સમસ્યાઓ ઊભી થાય છે." આવી કેટલીએક સમસ્યાઓ કે પ્રશ્નોની તપાસ અને ઉકેલ આ પુસ્તકમાંથી આપણને જાણવા મળે છે અને એ કારણે દરેક માબાપે આ પુસ્તક અવશ્ય વસાવવા જેવું છે. ભાઈ હરપ્રસાદની ભાષા સાદી અને સચોટ છે અને વસ્તુનિરૂપણ એક કુશળ નવલકથાકારની કોટિનું છે. આ પુસ્તક વાંચવાથી આપણાં પોતાનાં બાળકોને સમજવાની અને તેમની આગવી સમસ્યાઓનો ઉકેલ શોધવાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

## યાત્રાપ્રવાસ અંક

(સંપાદક: શ્રી ધીરજલાલ ટોકરસી શાહ, પ્રકાશક: ગોધારી જૈન મિત્રમંડળ, કિંમત: રૂ. ૨—૦૦ પોસ્ટેજ અલગ)

ગોધારી જૈન મિત્રમંડળ અને ચંદ્રપ્રભુ જૈન ભક્તિમંડળ—આ બે સંસ્થાઓના ઉપક્રમે ૪૯૮ યાત્રાળુઓની એક સ્પેશિયલ ટ્રેન, સમેતશિખરજીની યાત્રાને કેન્દ્રમાં રાખીને, તા. ૧૫-૧૦-૬૦ના રોજ મુંબઈથી ઊપડી હતી અને સમેતશિખર, રાજગૃહી તથા પાવાપુરી અને તે આસપાસની તીર્થનગરીઓની યાત્રા કરીને તેમ જ પાછા ફરતાં અંતરીક્ષજી, કુલપાકજી વગેરે તીર્થોની યાત્રા કરીને તેમ જ કલકત્તા, કાશી, લખનૌ, કાનપુર, દિલ્હી, આગ્રા, સિકન્દ્રાબાદ, સોલાપુર, પૂના વગેરે મોટાં શહેરોની મુલાકાત લઈને તા. ૨૯-૧૧-૬૦ના રોજ મુંબઈ ખાતે પાછી ફરી હતી. આ આખી યાત્રાનું આયોજન શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહે કર્યું હતું. આ તીર્થયાત્રાની અનેક વિગતો આપતો ૨૧૦ પાનાંનો એક દળદાર અને અનેક ચિત્રોથી ભરેલો 'યાત્રાપ્રવાસ અંક' તૈયાર કરવા પાછળ યાત્રાના વ્યવસ્થાપક શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહે અથાક મહેનત લીધી છે અને જેમણે સ્પેશિયલ ટ્રેનની ગોઠવણ કરીને આવી સામુદાયિક યાત્રાઓ ગોઠવવી હોય તેમના માટે આ 'યાત્રાપ્રવાસ અંક' એક માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે તેમ છે. આ અંકની કિંમત બને તેટલી ઓછી પડે અને કોઈ પણ ભાઈબહેન નજીવી કિંમતમાં આ અંક ખરીદી શકે એ હેતુથી આ અંકમાં જાહેર ખબરો સારા પ્રમાણમાં ભરવામાં આવી છે અને તે યાત્રાનું વર્ણન અને વિગતો વાંચતાં જ્યાં ત્યાં આંખો સામે અથડાય છે અને વાંચવાના રસમાં સારો એવો ભંગ કરે છે. ફોટો-પ્રિન્ટ્સ સારાં નબળાં સારા પ્રમાણમાં છાપવામાં આવ્યા છે અને એ કારણે સુરુચિની પૂરતી જાળવણી થઈ નથી. પ્રવાસવર્ણન શ્રી ધીરજલાલ ટોકરશી શાહે તૈયાર કર્યું છે. તેઓ આ યાત્રામાં જોડાયા જ નહોતા. આમ છતાં પણ વર્ણનના પ્રવક્તાનો પાઠ તેમને ભજવવો પડયો છે અને આમાં અવારનવાર ગોટાળો થતો માલુમ પડે છે. વર્ણન દરમિયાન કદિ કદિ શ્રી ધીરજલાલ પ્રવક્તા મટી જઈને પોતા તરફથી કાંઈક કહેતા હોય એમ લાગે છે, કોઈ કોઈ ઠેકાણે શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહ વાચકોને સંબોધતા લાગે છે, જ્યારે મોટા ભાગે કોઈ ઇતર સહયાત્રિક યાત્રાનું વર્ણન કર્યે જતો હોય છે. પ્રવાસવર્ણનમાં આવી અસંગતિઓ પ્રવેશી ન હોત તો તે વધારે સુરેખ બન્યું હોત. આ અંકમાં ચા-નાસ્તાની તથા જમણોની એક જુદી સળંગ યાદી આપવામાં આવી છે. એમ છતાં પ્રવાસવર્ણનની અંદર જ્યાં ત્યાં ચા-નાસ્તા તથા જમણોની વારંવાર નોંધો આવતી હોય છે જેને લીધે વર્ણનરસમાં ક્ષતિ પેદા થયા કરે છે. વળી વર્ણનવિભાગમાં સ્થળ સ્થળનાં જૈન મંદિરોની જે વિગતવાર યાદી આપવામાં આવી છે તે ઉપયોગી છે, એમ છતાં તે યાદી અલગ તારવવામાં આવી હોત તો વધારે ઠીક થાત. વર્ણન રસથી વાંચ્યે જતા હોઈએ ત્યાં આવી લાંબી યાદીઓ કંઈક કંટાળો આપે છે.

સમગ્રપણે શ્રી હીરાલાલ જૂઠાભાઈએ ખૂબ જહેમત ઉઠાવીને, આજે જ્યારે પ્રવાસ તરફ લોકો વધારે ને વધારે ઢળતા જાય છે અને તીર્થયાત્રા વિષે સમાજની અભિરુચિ વધતી જાય છે ત્યારે, આવો માહિતીઓ અને ઉપયોગી સૂચનાઓથી ભરેલો અંક તૈયાર કરીને જૈન સમાજ સમક્ષ રજૂ કર્યો છે તે માટે શ્રી હીરાલાલ જૂઠાભાઈ શાહને તથા આ અંકના પ્રકાશક શ્રી ગોધારી જૈન મિત્રમંડળને જૈન સમાજનાં અનેક અભિનંદન અને ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ


પુસ્તકાલયમાં વસાવવા લાયક, શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઈ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

**સત્યં શિવં સુન્દરમ્**

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ**

કાકાસાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે

**કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૬-૦**

**બોધિસત્ત્વ**

**સ્વ. ધર્માનંદ કોસમ્બી રચિત મૂળ મરાઠી નાટક**

અનુવાદકો :

**શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી કાન્તિલાલ બરોડિયા**

**કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦**

મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે

**સત્યં શિવં સુન્દરમ્ : કિંમત રૂા. ૨. બોધિસત્ત્વ કિંમત રૂા. ૧**

મળવાનું ઠેકાણું :

**મુંબઈ જૈન યુવક સંઘ**, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો, અમદાવાદ.

પ્રયોગો કર્યા છે. તેમણે રાજકારણી પરિવર્તનના ખ્યાલને અસાધારણ મહત્વ આપ્યું છે, જે ઉપયોગી હોવા છતાં ઘણી વખત અસ્વાભાવિક માલુમ પડે છે, પરિણામે સૌથી શ્રેષ્ઠ એવી સમાજવાદી વિચારસરણી જેણે અમુક અનિષ્ટોને નાબૂદ કરવાનો ગંભીર પ્રયત્ન કર્યો છે તે પણ આખરે માનવીની સ્વતંત્રતા ઉપર વિવિધ પ્રકારનાં નિયંત્રણો મૂકવામાં પરિણમી છે. તે ભૌતિકવાદથી દૂષિત બની છે અને મને ભય રહે છે કે, સર્વોદયની હીલચાલનું પણ આવું જ પરિણામ આવવાનું છે. કારણ કે આવા સર્વ પ્રયત્નો આખરે નિષ્ફળતાને પામવાના છે.

આ સર્વ અનિષ્ટનું મૂળ આપણી ચિત્તવૃત્તિના સ્વરૂપમાં જ રહેલું છે, અને તેથી આપણે તેનો જ વિચાર કરવાનો રહેશે. જે કાંઈ સંસ્કારો આપણા મનમાં સદીઓ દરમ્યાન સંચિત થયેલા છે તેને મૂળમાંથી ભૂંસી નાખવા પડશે. ઉપરછલો પ્રયત્ન કરવામાં આવે અથવા તો કટકે કટકે કામ લેવામાં આવે તો લાખો દિવસના ભૂતકાળના ભારને ફેંકી દેવાનું કે તેથી મુકત બનવાનું અત્યન્ત મુશ્કેલ—લગભગ અશકય—છે. કાં તો આપણે તેનો સંપૂર્ણતયા—In a total way—સામનો કરીએ અથવા તો તે બાબતનો વિચાર કરવાનું છોડી દઈએ.

**મિત્રાને, સાથીઓને છેવટના રામ રામ**

હું જ્યારે કાશી પાછી ફરીશ ત્યારે હું શું કરવાની છું તેની મને ખબર નથી. પણ સર્વોદય આન્દોલન, સર્વ સેવા સંઘ અને સાધના-કેન્દ્ર સાથે જોડાયલા મિત્રાને—સાથીઓને—મારી આ છેવટની સલામ છે. આથી આપણી મૈત્રીનો અન્ત આવતો નથી. પણ જે પ્રવાસ આપણે સાથે કરી રહ્યા હતા તે હવે મારા પૂરતો સમાપ્ત થાય છે. હું તેમાંથી છૂટી થાઉં છું.

વિમળા ઠકાર.

# સંઘ દ્વારા યોજાયેલો સન્માનસમારંભ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૧૦-૪-૬૨ મંગળવારના રોજ સાંજના સમયે બોમ્બે મોટર મરચન્ટ્સ એસોસિએશન (સુખસાગર, હ્યુજીસ રોડ, મુંબઈ)ના હૅાલમાં મહારાષ્ટ્ર વિધાન પરિષદની તાજેતરમાં થયેલી ચૂંટણીમાં ઉત્તીર્ણ થયેલા શ્રી શાંતિલાલ હ. શાહ, જેમની ત્યારબાદ શિક્ષણપ્રધાન તરીકે નિયુકિત કરવામાં આવી છે, શ્રી લીલાધર પાસુભાઈ શાહ તથા શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધીનું જાહેર સન્માન કરવા માટે એક સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ ત્રણમાં શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધીનો કોંગ્રેસી રાજકારણના ક્ષેત્રમાં નવો પ્રવેશ છે. તેઓ મૂળ ભાવનગરના છે. ઘાટકોપરમાં તેઓ વર્ષોથી રહે છે, મુંબઈમાં તેમનો બહોળો વેપાર છે. ઘાટકોપરની તેમ જ મુંબઈની જૈન સમાજની અનેક પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયેલા છે અને તેમનો વિશિષ્ટ ગુણ તેમની અસાધારણ ઉદારતાનો છે. અને શિક્ષણ તેમ જ વૈદ્યકીય રાહતના ક્ષેત્રે તેમણે આજ સુધીમાં ઘણું મોટું અર્થપ્રદાન કર્યું છે. તદુપરાંત કોંગ્રેસને પણ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે તે તરફ તેમણે પોતાનો ઉદાર હાથ લંબાવીને કોંગ્રેસની ભીડ ભાંગી છે. આ વખતની ચૂંટણીમાં ચૂંટાઈને તેમણે રાજકારણી દીક્ષા લીધી છે.

શ્રી લીલાધરભાઈ કોંગ્રેસના વર્ષોજૂના કાર્યકર્તા છે અને પોતાના વીશા ઓશવાલ જૈન કચ્છી સમાજની અનેક સંસ્થાઓના તેઓ સૂત્રધાર છે. આ વખતની ચૂંટણીએ તેમને વિધાન સભામાં પ્રવેશવાનો અધિકાર આપ્યો છે.

શ્રી શાંતિલાલભાઈ સંઘના વર્ષોજૂના સભ્ય છે. આઝાદીની લડતના જુદે જુદે તબક્કે તેમણે જેલવાસ સ્વીકાર્યો છે અને કોંગ્રેસી રાજકારણ તેમ જ નવી રાજ્યરચનાના અમલ સાથે તેઓ પ્રારંભથી સંકળાયેલા છે. આગળના પાંચ વર્ષ, તેમણે મજૂર ખાતું સંભાળેલું. આ વખતે તેમને શિક્ષણ ખાતું સોંપવામાં આવ્યું છે.

આ ત્રણ સન્માનિત વ્યકિતઓમાં શ્રી વાડીલાલભાઈ સૌરાષ્ટ્રના છે, શ્રી લીલાધરભાઈ કચ્છના છે, અને શ્રી શાંતિભાઈ ગુજરાતના છે. આ ત્રણે મુંબઈમાં વસતી ગુજરાતી પ્રજાના—નવી ધારાસભામાં ચૂંટાયેલા—પ્રતિનિધિઓ છે. આ સન્માનસમારંભમાં આ એક અણધાર્યો શુભ સુયોગ હતો.

સમારંભનું પ્રમુખસ્થાન સંઘના ઉપ-પ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસે સ્વીકાર્યા બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ જણાવ્યું હતું કે "આજની સન્માનિત ત્રણ વ્યકિતઓ અકસ્માતે જૈન છે, પણ મુંબઈની વિધાનસભામાં ચૂંટાયેલા આટલા બધા સભ્યોમાંથી આ ત્રણ વ્યકિતઓની પસંદગી અમે એટલા માટે કરી છે કે એ બધા ધારાસભ્યોમાં આ ત્રણ અમારી સૌથી વધારે નજીકના છે, જેમાંના બે ભાઈઓ અમારા સંઘના સભ્ય છે અને ત્રીજા ભાઈ સભ્ય નહિ તો પણ જાણે કે અમારામાંના તેઓ એક હોય તેવો ગાઢ તેમની સાથેનો અમારો સંબંધ છે. આમ જણાવીને આ ત્રણે વ્યકિતઓ સંબંધમાં પ્રાસંગિક જરૂર જેટલું નિવેદન કરીને, આ પ્રસંગ કેવળ પરસ્પરની સ્તુતિ સન્માનના ઔપચારિક વિધિમાં જકડાઈ ન જાય એ હેતુથી શ્રી શાંતિલાલભાઈ, જેમનો અનુભવ પ્રત્યક્ષ રાજકારણ સાથેનો ઘણા દીર્ઘકાળનો છે તેમને આજે શિક્ષણના ક્ષેત્રમાં અંગ્રેજીના પ્રશ્ને ઊભો કરેલો ગુંચવાડો, ચૂંટણીની આજની પદ્ધતિ, તે પાછળ થતો અનર્ગળ ખર્ચ, ભિન્ન ભિન્ન રાજદ્વારી પક્ષોના રાગદ્વેષનાં સાઠમારી, જયપ્રકાશ નારાયણ તરફથી પ્રજા સમક્ષ રજૂ કરવામાં આવતી નિષ્પક્ષ લોકશાહીની કલ્પના ઈત્યાદિ સવાલો જે આપણા મનમાં સતત સળવળ્યા કરે છે અને જે વિષે કશો સ્પષ્ટ ઉકેલ આપણને જડતો નથી તે વિષે જરૂરી પ્રકાશ પાડવા અને એ રીતે આજના પ્રસંગને સન્માન સાથે કાંઈક શૈક્ષણિક રૂપ આપવા શ્રી પરમાનંદભાઈએ વિનંતિ કરી હતી.

ત્યાર બાદ શ્રી તારાબહેન માણેકલાલ પ્રેમચંદે, તથા શ્રી ચીમનલાલ પી. શાહે પ્રાસંગિક વિવેચનો કર્યા હતાં અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પ્રાસંગિક વિવેચન કરતાં આજની ચૂંટણી પદ્ધતિની અતિ ખર્ચાળુતા જોતાં સામાન્ય સ્થિતિના માણસ માટે ચૂંટણીમાં ઊભા રહેવાનો કોઈ અવકાશ દેખાતો નથી અને આ ચૂંટણીઓ કોમી ધોરણે અને જૂથબંધીની રીતે જ વિચારાય છે, સંકીર્ણ ભેદભાવોને ઉત્તેજન મળે છે એ બે મુદ્દાઓ રજૂ કરીને તેના નિવારણ માટે શ્રી શાંતિભાઈ પાસે માર્ગદર્શન માગ્યું હતું.

ત્યાર બાદ શ્રી વાડીલાલભાઈ, તથા શ્રી લીલાધરભાઈએ પ્રસંગોચિત્ત ઉત્તર આપીને આવું સન્માન યોજવા બદલ સંઘનો આભાર માન્યો હતો અને શાંતિલાલભાઈએ કોંગ્રેસી રાજકારણમાં તેઓ કયા સંજોગોમાં જોડાયા અને તે ક્ષેત્રમાં આગળ ને આગળ વધવા માટે તેમને એક પછી એક અણધારી કેવી તકો મળતી ગઈ તે સંબંધમાં કેટલીયે રસમય હકીકતો જણાવીને તેમને પૂછાયેલા પ્રશ્નોની તેમણે ક્રમસર અને સવિસ્તર આલોચના કરી હતી અને તેમના ઉદ્બોધક પ્રવચનના કારણે આ સન્માન સભા ખરેખર એક શિક્ષણવર્ગમાં પલટાઈ ગઈ હતી અને સભામાં હાજર રહેલા ભાઈબહેનોને અનેક વિષયો પરત્વે ઘણું નવું જાણવાનું, સમજવાનું, વિચારવાનું મળ્યું હતું. તેમનું પ્રવચન પૂરું થયા બાદ શ્રી લીલાવતીબહેને પ્રમુખસ્થાનેથી જરૂરી ઉપસંહાર કરીને ત્રણે મહેમાનોનું અભિનંદન કર્યું હતું અને ત્રણેના સતત ઉત્કર્ષ અને અભ્યુદય માટે પ્રાર્થના કરી હતી અને સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આજનો સન્માન સમારંભ સમારંભ ન રહેતાં એક કુટુંબમિલન જેવો બની હોય એવા વાતાવરણમાં આપણે દોઢ પોણાબે કલાક પસાર કર્યા છે—એ રીતે પોતાનો આનંદ વ્યકત કરીને ત્રણે સન્માનિત બંધુઓનો આભાર માન્યો હતો અને ફૂલહાર સમર્પણ અને અલ્પાહાર સાથે સન્માનસમારંભ વિસર્જિત થયો હતો.

# પ્રકીર્ણ નોંધ

**પ્રબુદ્ધ જીવનનો ૨૪મા વર્ષમાં પ્રવેશ**

આ અંકના પ્રકાશન સાથે પ્રબુદ્ધ જીવન ચોવીશમા વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષ દરમિયાન ૨૫૨ પાનાની લેખસામગ્રી પ્રબુદ્ધ જીવનના વાચકો સમક્ષ રજુ કરવામાં આવી છે. પ્રબુદ્ધ જીવનની લોકપ્રિયતા તેમ જ વાચકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. આજની કઠણ મોંઘવારીના સમયમાં વાર્ષિક લવાજમ સિવાય બીજી કોઈ ચાલુ આવકના સાધન વિના પણ પ્રબુદ્ધ જીવન આજ સુધી ટકી રહ્યું છે, એટલું જ નહિ પણ, સતત વિકસતું રહ્યું છે તે હકીકત તેના સંપાદકને સંતોષ પમાડે તેવી છે.

ગત વર્ષ દરમિયાન અનેક વિષયો ચર્ચાયા, પણ 'કરુણા વિચાર વિરૂદ્ધ ઉપયુકતતાવાદ' એ શિર્ષક નીચે પ્રગટ થયેલી સાત મહિના સુધી પ્રગટ થયેલી લેખમાળા સૌથી વધારે આકર્ષક નીવડી છે, અને તેનો બહોળો પ્રચાર થાય તે હેતુથી અમદાવાદના હિંસાવિરોધી સંઘે તેને એક નાની પુસ્તિકા રૂપે પ્રગટ કરી છે. આ ઉપરાંત બીજી પણ અનેક ઉપયોગી અને રોચક સામગ્રી ગત વર્ષ દરમિયાન પ્રબુદ્ધ જીવનના વાચકોને પીરસવામાં આવી છે.

નવા વર્ષમાં પ્રવેશ કરતાં એક તંત્રી તરીકે લેખકોનો તેમ જ વાચકોનો સહકાર માગું છું. લેખકો વિચારપ્રેરક લખાણો મોકલતા રહીને પ્રબુદ્ધ જીવનને વધારે ને વધારે વિચારસમૃદ્ધ બનાવે. વાચકો તેની ગ્રાહકસંખ્યામાં વધારો કરીને તેના ફેલાવામાં મદદ કરે અને તેને ચલાવવા પાછળ ભોગવવી પડતી ખોટને હળવી બનાવે. પ્રબુદ્ધ જીવનને એકસરખું ટકાવી રાખવા માટે પૂરતી પ્રેરણા અને તાકાત અખંડ વહેતા દિવ્યશકિતના સ્ત્રોતમાંથી મને મળતી રહે. આ મારી યાચના અને પ્રાર્થના છે!

**મહાવીર જયન્તી સમારોહ અને જૈનોની એકતા**

ગત એપ્રિલ માસની ૧૭ મી તારીખે મુંબઈ ખાતે કાંદાવાડીમાં આવેલા શ્રી મેઘજી થોભણ સ્થાનકમાં ભગવાન મહાવીરની જન્મજયન્તી ઊજવવામાં આવી હતી. આ વખતે મહાવીર જયન્તીના આયોજકો બહુ મોડા જાગ્યા અને પરિણામે, બીરલા માતુશ્રી સભાગાર આ નિમિત્તે એકત્ર થતા બહોળા જૈન સમુદાય માટે પ્રમાણમાં નાનું પડે છે તે પણ રોકાઈ ગયેલું હોવાથી આ વખતે મહાવીર જયન્તી કયાં ઊજવવી તે અંગે જયન્તી-આયોજકોએ ઘણી મોટી મુંઝવણ અનુભવી હતી અને એક પછી એક સ્થળોનો ઉત્તરોત્તર વિચાર કર્યા બાદ આખરે ઉપર જણાવેલ મુંબઈના સ્થાનકવાસી સંઘના ઉપાશ્રયમાં મહાવીર જયન્તી યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું અને એ રીતે મહાવીર જયન્તી ઊજવાઇ ગઇ અને તેમાં શ્વે. મૂ. સંપ્રદાયના આચાર્ય શ્રી વિજયધર્મસૂરિએ, મહાસતી ઉજ્જવલકુમારીએ તથા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીએ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં અને શ્રોતાઓને ખૂબ પ્રભાવિત કર્યા હતા.

આ જયન્તીમાં ભાગ લેવા માટે જૈન સમાજનો ઘણો મોટો સમુદાય ઉમટી પડયો હતો અને તેમનો આ ઉપાશ્રયમાં સમાસ કરવાનું અશકય થઇ પડયું હતું. ભોંયતળીએ, પહેલે માળ તેમ જ બહારના ચોગાનમાં ભાઈબહેનો ખીચોખીચ ભરાઈ ગયાં હતાં અને કેટલાકને નિરાશ થઈને પાછા જવું પડયું હતું. આટલી બધી ભીડને લઈને વ્યવસ્થા જાળવવાનું કામ અત્યન્ત મુશ્કેલ થઈ પડયું હતું. અને ધ્વનિવર્ધક યંત્રની ઉપર નીચે સગવડ કરવામાં આવેલ હોવા છતાં વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનો સાંભળવામાં અવારનવાર વિક્ષેપ પડતો હતો. આ કડવા અનુભવો ઉપરથી જયન્તી-આયોજકોને આગામી જયન્તી અંગે જાહેરાત કરવાની ફરજ પડી હતી કે આવતી જયન્તી ખુલ્લી વિશાળ જગ્યામાં યોજવાની અમે પૂરી કાળજી રાખીશું.

આમ વ્યવસ્થાની દષ્ટિએ આ જયન્તીસમારોહ ધાર્યા મુજબ સફળ થયો ન કહેવાય. પણ બીજી બાજુએ ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા સામે જૈન સાધુ-સાધ્વી સમુદાયમાં હજુ સાધારણ રીતે આનાકાની દાખવવામાં આવે છે તેના બદલે આ વખતે પ્રવચનકાર સાધુ-સાધ્વીઓએ ધ્વનિવર્ધક યંત્રનો કશા પણ સંકોચ વિના ઉપયોગ કર્યો હતો અને સ્થાનકવાસી સંઘના કેન્દ્ર રૂપ લેખાતા આ ઉપાશ્રયના દ્વાર ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ માટે ખુલ્લાં મુકાયાં હતાં. પરિવર્તનશીલ દેશકાળ અનુસાર ફેરફાર કરવામાં સાધારણ રીતે મંદોત્સાહ એવા જૈન સમાજ માટે આ ઘટના જરૂર આવકારદાયક હતી.

બીજું આવકારદાયક તત્ત્વ આ જન્મજયન્તી અંગે શ્વે. મૂ. સંપ્રદાયના સાધુઓ અને સ્થાનકવાસી સંપ્રદાયનાં મહાસતીઓની બહુ સારી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. જૈન સમાજની એકતાને ઝંખતા જૈનો માટે પાટોની લાંબી હાર ઉપર એક પંકિતમાં બીરાજેલાં સાધુ-સાધ્વીઓનું ભવ્ય દર્શન પરમ આલ્હાદક અને અત્યન્ત પ્રોત્સાહક હતું. વળી આ જયન્તીસમારોહ જૈન સમાજના ચારે ફિરકાઓની પ્રમુખ સંસ્થાઓના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો અને આ સમારોહમાં થયેલાં સાધુ-સાધ્વીનાં પ્રવચનો પણ જૈન સમાજની એકતાની ભાવનાના પૂરક અને પોષક હતાં. અને આ સમારોહમાં જૈન સમાજના બધા ફિરકાનાં સંખ્યાબંધ ભાઈબહેનોએ ફિરકાભેદ ભુલી જઈને ખૂબ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. આ બધું જોતાં જૈનોની એકતા એ હવે કોઈ આદર્શવાદીની દૂર દૂરની કલ્પના નથી, પણ દિન પ્રતિ દિન નક્કર રૂપ ધારણ કરી રહેલી વાસ્તવિકતા છે એવી પ્રતીતિ આ જયન્તીમાં ઉપસ્થિત થયેલાં ભાઈ બહેનોના દિલમાં રહી હતી. જૈન સમાજના ભાવીનું આ એક આશાસ્પદ ચિહ્‌ન હતું.

**એક દીક્ષાર્થી બહેનને આપવામાં આવેલી ચીમકી અને ચેતવણી**

પાયધુની ઉપર આવેલા કૃષ્ણનિવાસના રહીશ મંડળ તરફથી કૃષ્ણ—નિવાસના ચોકમાં મહાવીર જયંતી—તા. ૨૭-૪-૬૨ના રોજ રાત્રીના સાડા આઠ વાગ્યે એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ મેળાવડામાં ત્રણ બાબતો એકઠી કરવામાં આવી હતી (૧) મહાવીર જયંતી ઉદ્યાપન, (૨) એ જ મકાનમાં ચાલતી પાઠશાળામાં ધાર્મિક અભ્યાસ કરતી અને તાજેતરમાં લેવાયેલી ધાર્મિક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલી બહેનોને પ્રમાણપત્રોનું વિતરણ અને (૩) એ જ પાઠશાળાના એક શિક્ષિકા બહેન ઈન્દુમતી દીક્ષા લેવાના હોઈને તેમનું બહુમાન. આ ઉપરાંત થોડો મનોરંજન કાર્યક્રમ પણ હતો. આ મેળાવડાનું પ્રમુખસ્થાન શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીને આપવામાં આવ્યું હતું. મેળાવડામાં બી. પી. સી. સી.ના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, મુંબઈ મ્યુનિસિપાલિટીના તાજા ચૂંટાયેલા મેયર ડૉ. નગીનદાસ શાહ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી જીવરાજ ભાણજી શાહ વગેરે આગેવાન વ્યકિતઓ ઉપસ્થિત થઈ હતી અને ભાઈઓ, બહેનો અને બાળકોની સારી હાજરી હતી. આ મેળાવડાનો અનેકવિધ કાર્યક્રમ હોઈને સાડા આઠ વાગ્યે શરૂ થયેલો આ મેળાવડો અગિયાર વાગ્યે પૂરો થયો હતો અને તેમાં અનેક વ્યકિતઓના ભાષણો થયાં હતાં. છેવટે પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીએ જણાવ્યું કે "સમય ઘણો થઈ ગયો છે અને જુદી જુદી બાબતો ઉપર ઘણું કહેવાઈ ગયું છે એટલે અત્યારે બીજી બાબતોને બાજુએ રાખીને એક જ બાબત ઉપર હું મારા વિચારો રજૂ કરવા માગું

છું. અહીં આપણને જાણવા મળ્યું છે કે, શ્રી ઈન્દુમતીબહેન જેઓ અહીંની પાઠશાળામાં એક શિક્ષિકા તરીકે બહુ સુંદર સેવા બજાવી રહ્યાં છે, જેમની ઉંમર આજે ૨૨ વર્ષની છે, અને જેમણે બહુ સારું ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તેઓ દીક્ષા લેવાને તૈયાર થયા છે. તેમનું આપ ભાઈઓએ આ માટે ઊંડા ભાવથી બહુમાન કર્યું છે. પણ આ બાબતમાં મારો તેમને પ્રશ્ન છે કે તેઓ આટલી નાની વયમાં શા માટે દીક્ષા લે છે? અહિં તેઓ આટલું સારૂં કામ કરી રહ્યા છે અને સેવાને માટે તેમને પૂરી તક છે અને એક શ્રાવિકાના જીવનમાં રહીને ખૂબ સેવા કરવાની તેમના માટે પૂરી શકયતા છે. આમ છતાં તેઓ શા માટે દીક્ષા લેવા પ્રવૃત્ત થયા છે તે મને સમજાતું નથી. કારણ કે દીક્ષા લીધા બાદ આજે તેઓ જે કામ કરી રહ્યા છે તેવું કામ કરવાની શકયતા રહેવાની નથી. દીક્ષા લીધા બાદ તેમના માથે અનેક બંધનો આવી પડશે અને એક પાંજરામાં પુરાયા જેવી સ્થિતિ સ્વીકારવી પડશે. સ્થાનકવાસી સમાજમાં મહાસતી ઉજજવળકુમારી જેવી તેજસ્વી સાધ્વીઓ કદિ કદિ આપણા જોવામાં આવે છે. બાકી આપણા શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજની સાધ્વીઓમાં ભાગ્યે જ શકિતશાળી તેજસ્વી સાધ્વીઓ આપણી નજરે પડે છે. કારણ કે સાધ્વીસંસ્થામાં દાખલ થયા પછી તેમને આગળ વધવાનો, બહાર આવવાનો કોઈ અવકાશ હોતો નથી. તેમને વ્યાખ્યાન આપવાનો પણ અધિકાર છે નહિ. વળી આપણા સમાજમાં સાધુ—સાધ્વીઓ માફક શ્રાવક શ્રાવિકા પણ શુદ્ધ ધર્મ પાળી આત્માની ઉન્નતિ સાધી શકે છે. આ ઈન્દુબહેન શ્રાવિકાધર્મમાં સ્થિર રહી પોતાની ઉન્નતિ સારી રીતે સાધી શકે તેમ છે અને સાથે સાથે સેંકડો બાળાઓને પાઠશાળા મારફતે ધાર્મિક શિક્ષણ આપીને ઉચ્ચ કોટિની શ્રાવિકાઓ બનાવી શકે તેમ છે. આ કાર્ય દીક્ષા લીધા પછી તેઓ કરી શકવાના નથી. તો ઈન્દુબહેનને મારી વિનંતિ છે કે તેઓ આ અંગે હજુ પણ વિચાર કરે. હજુ કાંઇ મોડું થયું નથી. દીક્ષા લીધા બાદ સમાજસેવાની આવી તક તેમને મળશે નહિ. આ મારી સલાહ તેમના ગળે ન ઉતરે અને દીક્ષા લેવાના વિચાર ઉપર જ જો તેઓ મક્કમ રહે તો તેમને મારી શુભેચ્છા છે. ત્યાં જઇને પણ તેઓ સ્વ-પરનું કલ્યાણ સાધે એવા એક વડિલ તરીકે મારા આશીર્વાદ છે. અહિં મારે સ્પષ્ટ કરવું જોઇએ કે હું દીક્ષાનો વિરોધી નથી પણ આના લાભા-લાભનો આપણે વધારે ઊંડાણથી વિચાર કરવો જોઇએ અને આજે આ બાબતમાં ગતાનુગતિકતા જેવું જે ચાલી રહ્યું છે તેમાં યોગ્યાયોગ્યનો આપણે બધાએ ગંભીરતાથી પરામર્શ કરવો ઘટે છે."

પ્રમુખશ્રીનાં આ વકતવ્યથી ઉપસ્થિત શ્રોતામંડળીને ઠીક ઠીક આઘાત લાગ્યો. પ્રમુખશ્રીનો આભાર માનીને મેળાવડો વિસર્જન કરવામાં આવ્યો.

**તંત્રીનોંધ**: દીક્ષાર્થી ઈન્દુબહેનનું બહુમાન કરવાના આશયથી એકત્ર થયેલા જૈનસમુદાય વચ્ચે પ્રમુખસ્થાનેથી શ્રી મણીભાઈએ એ બહુમાનમાં અને ધન્યવાદમાં પોતાનો સુર ન પુરાવતાં 'બહેન આ તમે શું કરી રહ્યા છો? કયાં જઇ રહ્યા છો?" એ પ્રકારના પ્રશ્નપૂર્વક પોતાનું વકતવ્ય શરૂ કરીને જ્યાં તમે જઈ રહ્યા છો તે કરતાં જ્યાં છો ત્યાં સ્થિર રહીને એટલું જ આત્મકલ્યાણ સાધી શકશો તેમ જ ઘણા મોટા પ્રમાણમાં સેવા આપી શકશો—એવા ભાવને પ્રગટ કરતું વિવેચન કર્યું—આ હિંમત માટે શ્રી મણિભાઇને હાર્દિક ધન્યવાદ ઘટે છે. અનુકુળ વિચાર ધરાવતા સમુદાય વચ્ચે આગળ પડતા વિચારો રજુ કરવામાં કોઇ ખાસ હિંમતની જરૂર પડતી નથી, પણ દીક્ષા અંગે ધન્યવાદ વરસાવતા જનસમુદાય વચ્ચે એ દીક્ષાના ઔચિત્યને પડકારવું એ ઘણી મોટી નિડરતાની અપેક્ષા રાખે છે. આજે જ્યારે જૈન સમાજમાં દીક્ષા લેવાનો જોસભેર પવન વાઈ રહ્યો છે અને નાનાંમોટાં, યોગ્ય—અયોગ્ય, શિક્ષિત-અશિક્ષિત—અનેક ભાઈ બહેનો કશો લાંબો વિચાર કર્યા સિવાય દીક્ષા અંગીકાર કરવા દોડી રહ્યાં છે અને જ્યાં ત્યાં દીક્ષા મહોત્સવો મોટા પાયા ઉપર યોજાઇ રહ્યાં છે ત્યારે કોઇ વિશિષ્ટ જવાબદાર વ્યકિતએ આ ગતાનુગતિકતા સામે લાલબત્તી ધરવાની જરૂર હતી. આવી લાલબત્તી ધરીને જૈન સમાજના વાયુમંડળમાં ક્ષોભ પેદા કરવાના કારણે શ્રી મણિભાઇને જૈન સમાજની નવી પેઢીના અભિનંદન ઘટે છે.

**પરમાનંદ**

# 'સમયનો પૂરો કસ કાઢો'

ઘણી સ્ત્રીઓ અને પુરુષો એમ કહેતાં હોય છે કે "હું કામના બોજા નીચે દબાઈ ગયો છું. એક ઘડીની પણ મને ફુરસદ નથી......... તમારા પત્રનો મેં જવાબ આપ્યો નથી એ બાબતના તમે ફરિયાદ કરો છો, પણ મારી ટપાલને હું શી રીતે પહોંચી વળુ? વાંચવાનું પણ કેટલું યે ચઢી ગયું છે. તેને પણ મારે શી રીતે પહોંચી વળવું? તમે નથી જોઈ શકતા કે કામના બોજા નીચે હું ખલાસ થઈ ગયો છું અને ભાંગી પડવાની તૈયારીમાં છું?"

મારો અનુભવ એવો છે કે જે લોકો ગજા ઉપરવટના કામના બોજાની ફરિયાદ કરતા હોય છે તેમના હાથે ભાગ્યે જ સંગીન કામ થતું હોય છે. તેમને કામનો બોજો વધારે પડતો લાગે છે, કારણ કે કામ કેમ કરવું તેની તેમનામાં આવડત હોતી નથી. દિવસ ખૂબ ટુંકો પડે છે એમ તેઓ કહેતા હોય છે, પણ તેઓ વખતનો કેવી રીતે ઉપયોગ કરતા હોય છે?

હમેશાં સવારના શું કામ પહેલું કરવું તેના વિચારમાં અને વિચારમાં તેઓ કિંમતી ક્ષણો અને કદિ કદિ કલાકો પસાર કરતા હોય છે. પણ જેઓ ખરા કામ કરનારા હોય છે તેઓ આવી વિચારણા પાછળ બહુ ઓછો સમય પસાર કરે છે. કંઈ ને કંઈ કામ શરૂ કરવું એ જ બાબત ખાસ મહત્ત્વની છે. એમ કરવાથી કેટલું કામ બાકી રહ્યું તે સમજી લેવું વધારે સહેલું બને છે.

ખરો કામગરો માણસ થોડા કલાકમાં કેટલું બધું કામ પતાવી શકે છે તે ભારે આશ્ચર્યજનક હોય છે. ધારો કે કોઈ એક લેખક હંમેશનાં માત્ર બે જ પાનાં લખે તો તેના જીવનના છેડે બાલઝેક અથવા તો ડીકન્સ કરતાં તેણે વધારે લખ્યું હશે. તેમાંનું થોડું કદાચ નબળું હશે, પણ તેમાંથી પસંદ કરવા લાયક ઘણું નીકળી આવશે.

એક મોટો રાજકીય સૂત્રધાર કે મોટો વ્યાપારી, એક સાધારણ માણસ બે મહિનામાં જેટલું કાર્ય કરે તે કરતાં, બે કલાકમાં વધારે કાર્ય કરતો હોય છે. આ શી રીતે શકય બને છે? કારણ કે તેઓ મહત્ત્વની બાબતો ઉપર પૂરા એકાગ્ર હોય છે, કારણ કે બિનજરૂરી બાબતોમાં તેઓ કદિ ગુંચવાતા નથી, કારણ કે પોતાની નીચેના માણસોમાં કામને કેમ વહેંચી દેવું તે તેમને બરોબર આવડતું હોય છે, કારણ કે તેમનો સમય બગાડનારા લોકોને તેઓ હંમેશા પોતાથી દુર રાખતા હોય છે.

આ છેલ્લો મુદ્દો સૌથી વધારે મહત્ત્વનો છે. જો તમે કોઈ ખરેખરા અગત્યના કામમાં રોકાયેલા રહેવા માગતા હો તો તમારા કામમાં કોઈ જરા પણ ખલેલ પહોંચાડે તે તમે લેશમાત્ર સહન કરી શકો તેમ નથી એ તમારી આસપાસના લોકોને સ્પષ્ટપણે સમજાવી દેવું ઘટે. તમે કહેશો કે આ તો એક પ્રકારની નિષ્ઠુરતા કહેવાય અને તમારા સમયમાં ભાગ પડાવનારામાં કેટલાક એવા પણ હોય કે જે જરૂર તમારી દયા અને દરકારને પાત્ર હોય. આ બરોબર છે, પણ તેમને તમારા કામના કલાકો પછીના સમયમાં મળવાનું રાખો. એ મહાપુરુષ ગેટ્ટેને લોકો એક નિર્દય માનવી તરીકે વર્ણવતા હતા, કારણ કે તે 'પોતાના વહાલાં' સમયનો અપવ્યય થવા દેવાનો સાફ સાફ ઈનકાર કરતો હતો. કદાચ તે નિર્દય ન હોય, એમ છતાં પણ આવી નિર્દયતા જ 'ફૅાસ્ટ' નામનું મહાકાવ્ય માનવજાતને ચરણે ધરવાનું શકય બનાવી શકી હતી.

એક બીજા મોટા માણસ મોન્ટેનેએ કહેલું કે "તમારા કામમાં મદદરૂપ થવાને હું તૈયાર છું, પણ તેની સાથે તન્મય થઈને મારું કામ બાજુએ મૂકવાની હું સાફ ના પાડું છું." પોતાનું કામ બરોબર સંભાળવું એ સૌથી વધારે મહત્ત્વનું છે. આ નિયમ કઠણ છે, પણ સોનેરી છે.

'કલાની ઉપાસના ઘણા લાંબા સમયની અપેક્ષા રાખે છે અને જીંદગી ઘણી ટૂંકી છે—" "Art is long and life is short." આમ હોવાથી તમારા કિંમતી કલાકો બીજાઓને આપીને તમારી જીંદગીને વધારે ટૂંકી ન કરો. તમે સદુપાર્જિત નવરાશ માણો, જરૂર માણો, પણ જ્યારે કામ કરતા હો ત્યારે સખત રીતે અને સારી રીતે કામ કરો. જે લોકો એક કલાક પણ, જરૂર પડયે, કાઢી શકતા નથી તેઓ જે ગઈ તે કદી પાછી આવતી નથી એવી ક્ષણનો પૂરો ઉપયોગ કેમ કરવો તે જાણતા હોતા નથી.

મૂળ અંગ્રેજી: આન્દ્રે મોરો, અનુવાદક: **પરમાનંદ**

# મારી જીવનસાધના

### ઉપસંહાર

આપની સમક્ષ અનુભવકથા રજૂ કરતાં કરતાં વાત્સલ્યધામ સંસ્થાના આરંભ અને નિર્માણ સુધી આપણે આવી પહોંચ્યા. માલપરાના મારા કાર્યમાં બીજ રૂપે જે વિચારો પડયા હતા તેણે સંસ્થારૂપે અંકૂર કાઢયો. હવે તેના વિકાસ માટેની અનુકૂળ આબોહવા જરૂરી હતી. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ નાંણાકીય સગવડ, સ્નેહની હૂંફ અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપીને એના વિકાસને અનુકૂળ વાતાવરણ આપ્યું. એ જ રીતે મારા સાથીદારોના પ્રેમ, પુરુષાર્થ અને અગવડ વેઠીને સંસ્થાને સગવડ દેવાની સેવાપરાયણતાએ સંસ્થાને આંતરિક વિકાસનું બળ આપ્યું. એટલે 'વાત્સલ્યધામ સંસ્થા'ના વિકાસના આ બે મુખ્ય બળ ન હોત તો મારા વ્યકિતગત પ્રયત્ન અલ્પાંશે કારગત નીવડત. આ કારણે સંસ્થાનું ટ્રસ્ટ રચતી વખતે અમારા સૌના પ્રેરક અને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી શ્રી મનુભાઈ પંચોળી, કાર્યાલય મંત્રી શ્રી રતિભાઈ ગોંદિયા, તેમ જ સમિતિ અને તેની મહિલાપ્રવૃત્તિ અને સંસ્કારપ્રવૃત્તિ સાથે ઓતપ્રોત થયેલાં શ્રીમતી જયાબહેન શાહ, ભાવનગર જિલ્લાની અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિ જેની સાથે વણાઈ ગઈ છે તેવા શ્રી જાદવજીભાઈ મોદી ટ્રસ્ટી તરીકે અમને અનિવાર્ય લાગતા હતા. તેઓએ અમારા આગ્રહનો સ્વીકાર કર્યો અને અમારા કાર્યકર મંડળમાંથી હું, લાલજીભાઈ પટેલ અને મગનભાઈ જોષી એમ સાત સભ્યોનું અમારું ટ્રસ્ટડીડ રચાયું છે. ટ્રસ્ટીઓએ અમારામાં વિશ્વાસ અને સ્નેહ વ્યકત કરીને જેટલી થઈ શકે તેટલી અનુકૂળતા ઊભી કરી છે અને સાથીદારોએ એટલો જ સહયોગ આપેલ છે. અમારું વલણ પણ રચનાત્મક સમિતિના અમે અંગ જેવા હોઈએ તે રીતે કામ કરવાનું રહ્યું છે. આમ છતાં મુ. નાનાભાઈની શિક્ષણસાધના, વિનોબાજીના વિચારપરિવર્તન ઝીલતા સર્વોદય સંદેશા અને સંતબાલજીના ધર્મ દષ્ટિએ સમાજ રચનાના વિચારોમાં રહેલી સુક્ષ્મ એકતાને પકડીને સંસ્થા દ્વારા સમન્વયસાધક કાર્યક્રમ રજૂ કરવાના અમે પ્રયત્ન કરીએ છીએ. તેમાંની કેટલીક ગૂંચો અમને મૂંઝવે છે. પણ અહિંસા, સત્યની સાધનાની ભૂમિકામાંથી જો અમે ચલિત નહીં થઈએ તો આવી મુંઝવણ ક્ષણજીવી જ નીવડવાની તેવી અમને શ્રદ્ધા છે. આ ગૂંચોમાંની એક ગૂંચ આ પ્રકારની છે: જે ગ્રામજીવન સાથે અમે તાલ મેળવવા ઈચ્છીએ છીએ, તેની સદાચાર સંબંધેની, નીતિ સંબંધેની, વ્યસન, વ્રત અને ખાદી સંબંધેની, સામાજિક જીવન સંબંધેની અને રૂઢિવ્યવહાર સંબંધેની માન્યતા અને કક્ષા જુદા જુદા સ્તરે જુદી જુદી છે, એટલે તેને લઘુતમ લોકભૂમિકાએ સ્પર્શીએ તો ઘડતર કાચું રહે છે, અને આદર્શની ભૂમિકાએ જો ચાલવા જઈએ તો લોકમાનસ વિમુખ થાય તેમ છે. એટલે સંસ્થાએ નૈતિક ભૂમિકાએ દઢ રહેવા છતાં લોકો સાથે તાદાત્મ્ય સાધી પુરુષાર્થ કરવાનો છે. તાદાત્મ્ય થોડો રાગ જન્માવે છે; રાગ અપેક્ષા ઊભી કરે છે અને એ અપેક્ષા નૈતિક ધોરણો સાથે બંધ ન બેસતી હોય અને સંતોષાતી ન હોય ત્યારે સમાજના એક યા બીજા થરનો અણગમો અને વિરોધ વહોરવો પડે છે. આમ સાગરના ભરતી ને ઓટની જેમ સંસ્થાને પણ લોકવિશ્વાસના ભરતી ઓટનો અનુભવ થાય છે. આને કારણે જ્યારે અમારી સંસ્થાની લોકસેવા અને લોકપ્રિયતાના વખાણ થાય છે, ત્યારે હું ભારે મોટો સંકોચ અનુભવું છું. કારણ કે બહારના આવનારને આવા ભરતી ઓટનો ખ્યાલ જ કયાંથી હોય? તેઓ તો ભરતી જ દેખે અને ભરતીમાં અમારી નબળાઈઓ ઢંકાય ગયેલી હોય, એમાંયે વળી આગંતુક વ્યકિત સહૃદયી હોય એટલે સારી વસ્તુમાં તરબોળ થઈ અમારા પર પ્રસંશા વેરી જાય. પણ એ પ્રસંશાનો ભાર અમને વિશેષ મુંઝવે છે.

આ આખા પ્રવચન અને પુસ્તિકામાં જ્યાં જ્યાં 'હું' એવો શબ્દ લખાયો છે, તે 'હું' એટલે અમારા પરિવારના પ્રતિનિધિ તરીકે જ મને ગણવો.

મારાં ધર્મપત્નીએ મારા આદર્શઘેલા અને ધૂની પ્રયોગોમાં સદાય સાથ આપ્યો છે. અને પોતે ગમે તેવી અગવડ વેઠીને પણ મને આગળ વધવાની તક આપી છે. તેમનો સાથ અને મિત્રપરિવારનો સહયોગ ન હોત તો આમાનું કશું પણ થઈ શકત નહીં.

આ વખતે કેટલાક સાથીદારોની સાભાર નોંધ લઉં તો તે ઉચિત ગણાશે. માલપરામાં પગ મુકતાં જ ભાઈ જેરામદાસ અને તેમના સુજ્ઞ પત્ની અંબાબહેને બાલમંદિરનો બોજો ઉપાડી લીધો; અને મને હળવો બનાવ્યો. શાળાના શિક્ષક શ્રી નંદલાલભાઈ, પુરુષોત્તમભાઈ શિલ્પી, અને તુલસીદાસજીએ શાળા તથા સંસ્કારકેન્દ્રનું ઉત્તમ કામ કરી તેના યશનો મને ભાગીદાર બનાવ્યો. જુગલકિશોર, મહેશભાઈ અને દાસજીએ પૌઢશિક્ષણ, છાત્રાલય અને શિક્ષણના પ્રયોગોમાં ચીવટ અને ચતુરાઈ બતાવી અને અમારા પ્રયોગ તરફ કેટલાક શિક્ષણકારોનું ધ્યાન ખેંચ્યું. જગુભાઈ અને મગનભાઈએ મારા ડાબા-જમણા હાથ તરીકે કામ કરી ગમે તેવા જોખમમાં પણ જાનમાલની પરવા કર્યા વિના ઝુકાવ્યું. તેમને લઈને અમારાં કામની સારી એવી કદર થઈ. અને લાલજીભાઈએ તો વિનોબાજી પાસેથી નૈતિક આધ્યાત્મિક રંગ લઈને અમારા બધાં કામને માત્ર તેનો રંગ જ ન લગાડયો, પણ જવાબદારીનો ભાર ઉપાડયો છે. ૧૯૫૪ પછી હું વહીવટી જવાબદારીથી સીધી રીતે મુકત બન્યો છું. અમારા વિદ્યાર્થીઓ ભણીને આવ્યા અને ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીમાંથી એમને જે પ્રેરણા મળી તેને સાકાર બનાવવા તેઓ મથે છે. મારું કામ તેમના તે સત્પુરુષાર્થમાં પડખે રહેવાનું છે અને તે હું કરી રહ્યો છું. અમારા ટ્રસ્ટીઓ પણ તેમને પ્રોત્સાહન આપે છે. આજની અમારી સંસ્થા એટલે અહીં ભણેલા નવજવાનોએ નાનાભાઈના પરિવારમાંથી શિક્ષણ અને સંસ્કાર મેળવી તેનું વિતરણ કરવા માટે માંડેલ પરબ ગણાય. અમારા કામમાં જો કંઈ કચાશ જણાય તો તે વિચારોની નહીં પણ અમારી અધુરાશ અને અણઆવડતની છે તેમ અમને સ્પષ્ટ જણાય છે. અમારા કાર્યકર્તાઓનો સમગ્ર સમૂહ યુવાન વયનો છે. અમારે ત્યાં હજુ મુ. નાનાભાઈની અધ્યાત્મનિષ્ઠાની ભૂમિકા જોઈએ તેવી બંધાણી નથી, એટલે વિચારભેદ, મતાગ્રહ કે કૌટુંબિક રાગદ્વેષના ખડક પર અમારી નાવને અથડાવાનો ભય ઊભો છે. છતાં આજ તો અણદીઠ ભોમ ખેડવાના ઉત્સાહથી સહચિંતન, સહકાર અને સર્વોદય સિદ્ધાંતને ખ્યાલમાં રાખી આ જુવાનોએ પોતાની જુવાનીને સેવાક્ષેત્રમાં ઝુકાવી છે. એમણે કરેલા કાર્યનો અહેવાલ, હિસાબો વગેરે સમાજ પાસે રજૂ કરવાનું અમે વિચારીએ છીએ. તેમને સમજવા માટેનું આ લખાણ પૂર્વભૂમિકા બનશે, તે આશાએ આ લખાણને પુસ્તકાકારે પ્રગટ કરવાનું વિચાર્યું છે.

મુંબઈના સમજણા સદ્ગૃહસ્થો અને સન્નારીઓને ગામડાંના પ્રશ્નો સમજીને યોજનાપૂર્વક ગામડાંનો સર્વાંગી વિકાસ થાય તેવા કામોમાં પોતાની વૈચારિક તથા સાધનસામગ્રીની શકિત આપીને સર્વ સેવા સંઘ, પ્રાયોગિક સંઘ, કે રચનાત્મક સમિતિ જેવી સંસ્થાઓ દ્વારા ગામડાંને મદદરૂપ થવા મારી વિનંતિ છે. સાથો સાથ ઉપર જણાવેલા સંઘર્ષો સમજીને પોતાની સેવા આપવા માટે ભાવનાશીલ યુવક વર્ગને મારું—અમારું—નિમંત્રણ પણ છે. આ મારા પંદર વર્ષના અનુભવથી મને લાગ્યું છે કે, સચ્ચાઇપૂર્વક કામ કરનારને સહકાર મળ્યા જ કરે છે. ગામડાંએ પણ સદ્ અસદ્નો વિવેક ગુમાવ્યો નથી. તેની છાતી નબળી છે એટલે બોલી શકતા નથી, પણ મૌન સહાનુભૂતિ આપણી સાથે જ હોય છે અને તે જ આપણા કામની પ્રેરણા છે. માલપરામાં થતા બધા કામની પછવાડે આ મુંગા સમાજના આશીર્વાદ છે. તેવી પ્રતીતિ જ અમને પ્રોત્સાહન અને પ્રસન્નતા આપે છે.

**સમાપ્ત** **દુલેરાય માટલિયા**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, મે ૧૬, ૧૯૬૨, બુધવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ : ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## શોષણ—મુક્તિનો સરળ ઈલાજ: 'અમર' રૂપિયાને નશ્વર બનાવો!

(કેટલાક સમયથી મારી પાસે પડી રહેલા શ્રી અપ્પાસાહેબ પટવર્ધનના લેખનો અનુવાદ નીચે પ્રગટ કરવામાં આવે છે. તેમાં આજની શોષણ પ્રક્રિયાઓને નાબુદ કરવાના એક ઈલાજ તરીકે નાણાંના ચાલુ મૂલ્યને ઉત્તરોત્તર ઘટાડવાની અમુક કાનૂની પધ્ધતિ રજુ કરવામાં આવી છે અને તેના અનુસંધાનમાં ઘરભાડું અને 'ડીવીડન્ડ' માટે પણ અમુક સમયમર્યાદા સૂચવતા માર્ગો તેમણે રજૂ કર્યા છે. શ્રી અપ્પાસાહેબ પટવર્ધન મારા જુના મિત્ર છે અને રત્નાગિરિ જિલ્લામાં વર્ષોથી કાર્ય કરી રહેલા રચનાત્મક કાર્યકર્તા છે તેમ જ ભૂદાનપ્રવૃત્તિ સાથે નિકટપણે જોડાયલા પ્રજાસેવક છે. થોડાંક વર્ષ પહેલાં તેમણે મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આ વિચારો રજુ કરતું એક વ્યાખ્યાન આપ્યું હતું, પણ એ વખતે તેમના આ બાબતને લગતા વિચારોએ આજ જેટલું નક્કર રૂપ ધારણ કર્યું નહોતું. આજે તે વિચારોએ conviction--પ્રતીતિ-નું રૂપ ધારણ કર્યું છે અને તેનો પદયાત્રા દ્વારા તેઓ એક મીશનરી માફક ચોતરફ પ્રચાર કરી રહ્યા છે. જ્યારે આ તેમના લેખનો અનુવાદ પ્રગટ થઈ રહ્યો છે ત્યારે અપ્પાસાહેબની એવી અપેક્ષા છે કે આ વિષયમાં રસ ધરાવતા એવા આ લેખના વાચકો પોતાના અભિપ્રાયો લખી મોકલે અને તે પ્રબુધ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવે. તેમની આ ઈચ્છા ધ્યાનમાં લઈને કોઈ પણ વ્યકિત અપ્પાસાહેબના વિચારોનું અનુમોદન કરતું કે વિરોધ કરતું લખાણ મોકલી આપશે અને તે લખાણ વ્યવસ્થિત રીતે અને મુદ્દાસરનું લખાયલું હશે તો તે પ્રબુદ્ધ જીવનમાં યથાવકાશ પ્રગટ કરવામાં આવશે. અપ્પાસાહેબની યોજના આર્થિક ક્ષેત્રે ક્રાંતિકારી છે અને પ્રથમ દર્શને ઘણાઓને અવ્યવહારૂ લાગે તેવી છે. અપ્પાસાહેબ પટવર્ધન જેવા ઉચ્ચ કોટિના વિદ્વાન વિચારક જ્યારે આ વાત આપણી સમક્ષ રજુ કરે છે ત્યારે તેનો પૂરી સહાનુભૂતિ અને આદરથી વિચાર કરવો એ આપણો ધર્મ છે. આ લેખના અનુવાદનું કામ સૌ. તરૂણાબહેન શાહને સોંપેલું. તેમણે ઘણું ખરૂં તૈયાર કરીને મને આપેલું. પછી તે અનુવાદને પૂરો કરવાનું અને જરૂર જણાય ત્યાં સમારવાનું કાર્ય શ્રી મેનાબહેન નરોત્તમદાસે કર્યું છે. આ માટે તે બન્ને બહેનોનો આભાર માનવામાં આવે છે. —**પરમાનંદ**)

**જમીનનું** સ્વામિત્વ પુરાણકાળથી બીજાઓ ઉપર પ્રભુત્વ જમાવવાનું તથા તેમનું શોષણ કરવાનું સાધન રહ્યું છે. જમીન પર એક વ્યકિતની માલિકી એ અન્યાય છે. આ સાર્વત્રિક અન્યાયના નિવારણ માટે ભૂદાન આન્દોલન શરૂ કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ છે "શોષણ—મુકત સમાજ."

પરંતુ આજના જમાનામાં જમીનની માલિકી કે પ્રાપ્ત થતી જમીનની કિમત અથવા પાકનું વેચાણ એ બધાં કરતાં ધનની માલિકી શોષણનું વધારે પ્રભાવી સાધન બની છે. શોષણ-નિવારણ માટે માત્ર જમીનની વહેંચણી કરવાથી કામ નહી સરે, લોકોનો પૂરો સાથ પણ નહીં મળે. શોષણના જે જે માર્ગો હોય તે બધા એક સાથે બંધ કરવા જરૂરી છે. મ્યુનિસિપાલિટી શહેરમાં દાખલ થવાના એક નાકા પર પહેરો રાખશે તો તે અન્યાયી ઠરશે અને તેને લેશ માત્ર કર વસુલ નહિ થાય. કેમ કે લોકો બીજા રસ્તેથી શહેરમાં માલ લાવશે. એટલે બધા રસ્તે એક સાથે ચોકી મૂકવી જોઇએ.

### પૂંજીશાહીના હાથ

પૂંજીશાહી અનેક રીતે અપહરણ યા તો શોષણ કરતી હોય છે, પણ તેનું મુખ્ય સાધન છે વ્યાજ-વટાવ. વ્યાજ વટાવ લેવું એ વણહક્કનો પૈસો (મુફતખોરી) છે. લેણામાં જે મૂળ ધન છે તે શાહુકારની મહેનતનું ધન છે. તેના ઉપર તેનો પૂરો અધિકાર છે અને મૂળ ધન શાહુકારને પાછું અપાય તે ઉચિત અને જરૂરી પણ છે. પરંતુ શાહુકાર જે વ્યાજ લે છે તે અનુચિત છે. મૂળ રકમ જેટલું વ્યાજ મળી જાય એટલે દેણદાર કર્જમુકત થઇ જવો જોઇએ.

પૂંજીશાહીનું બીજું સાધન છે ભાડું. એક લાખ રૂપિયાનું મકાન ચાલીશ ભાડુતોને ભાડે આપવામાં આવે તો માસિક એક હજાર રૂપિયા મળે. મજબૂત મકાન ઓછામાં ઓછું સો વર્ષ તો ટકે. આટલી મુદતમાં તેનો ચાલુ સંરક્ષણ-ખર્ચ અને રંગરોગાન કે વિશેષ મરામતનો ખર્ચ બાદ કરતાં પણ દશ લાખ રૂપિયા થઇ જાય. છોકરાંઓ માટે કાયમી આવક કરી જવા માટે તો આવાં મકાનો બાંધવામાં આવે છે. પણ આવી જે મફતની આવક તેનું નામ જ શોષણ છે. મહેનત એકની અને આવક બીજાને. દરેક સંસ્થાને પોતાના હિસાબમાં depreciation fund ઘસારા ફંડ રાખવું પડે છે. જો કે આ ઘસારો કેટલો ગણવો તે નક્કી કરવું મુશ્કેલ છે; પરંતુ તે રકમ મૂળ રકમ કરતાં કયારે પણ વધી નથી જતી. એટલે ઘસારાની રકમ જેટલું ભાડું રાખે તો તે યોગ્ય ગણાય. એટલે મૂળ મકાનની કિંમત જેટલું ભાડું શાહુકારને મળી જાય કે ભાડુત મકાનમાલિક થઈ જાય તે ઉચિત છે.

શોષણનો ત્રીજો માર્ગ છે "ડીવીડન્ડ" યાને ભાગ. કોઈ કારખાનાની મૂડીરોકાણમાં થોડી મૂડી હું રોકું તો હું તેનો ભાગીદાર થયો. પછી અમર્યાદ સમય સુધી મેં રોકેલા હજાર રૂપિયા ઉપર નફાના હિસાબ પ્રમાણે દર વરસે સોથી દોઢસો રૂપિયા મને મળતા રહેશે. આ વ્યાજનું જ બીજું નામ છે. જેમ મૂળ રકમ પૂરી થાય ત્યાં સુધી જ વ્યાજ લેવું મુનાસિબ છે તેમ આ "ડીવીડન્ડ" પણ શેરમાં જેટલી રકમ રોકી હોય તે ભરપાઈ થાય ત્યાં સુધી જ લેવું વ્યાજબી છે. શેરોની રકમ પૂરી થઇ જાય કે તે કારખાનું મજુરોની સામૂહિક મિલકત બની જાય. કેમકે મજુરોના પગારમાં કાપકૂપ કરીને જ ભાગીદારો માટે ડીવીડન્ડ નક્કી કરવામાં આવે છે.

ચોથું સાધન છે વ્યાપારમાં ચોકખો નફો. અનાજ સસ્તું હોય ત્યારે ખરીદવું અને ભાવ વધી જાય ત્યારે વેચવું. એવી રીતે વેપારીઓ હજારના પંદરસો નીપજાવે છે. હેરફેરના અંગે થતી ઘટ, સંઘરી રાખવાથી થતું નુકસાન તથા વેચાણને અંગે થતો ખર્ચ—આ બધો ખર્ચ બાદ કર્યા પછી જે નફો—તોટો આવ્યો હોય તે એક વ્યાપારીને ફાળે આવે તેને બદલે તેની સામાજિક વહેંચણી થાય તે યોગ્ય છે. અથવા તો જથ્થાબંધ વ્યાપાર સરકાર કે સમાજ હસ્તક ચાલે અને મર્યાદિત પ્રમાણમાં છૂટક વ્યાપાર ખાનગી વ્યકિત હસ્તક ચાલે એમ થવું જોઈએ—પછી તે સરકાર ચાહે ગ્રામપંચાયત હોય, લોકલ બોર્ડ હોય કે પ્રાદેશિક કે કેન્દ્રીય સરકાર હોય.

આ શોષણના મોટા અને ચોકખા દેખાઈ આવતા રસ્તાઓ છે. આ ઉપરાંત લેનાર અને વેચનારની વચ્ચે કામ કરનાર ત્રીજી વ્યકિત જે દલાલી લે છે તે પણ શોષણનું એક અંગ છે. બન્ને પક્ષ એકબીજાને ઓછામાં ઓછું આપી વધારેમાં વધારે લેવા માગતા હોય છે. કોઈ વખતે એક પક્ષ જીતે, કોઇ વખતે બીજો. કયારેક આ કુસ્તી અનિર્ણીત પણ રહે. મોટા અમલદારો, વકીલો, ડોકટરો, ઇજનેરો વગેરે લોકો મોટા પગારો અથવા મોટી મોટી ફી લેતા હોય છે. પરંતુ ન્યાયસરનો પગાર કે ફી અથવા વસ્તુઓના વ્યાજબી ભાવો નક્કી કરવાનું આપણી પાસે કોઇ ચોક્કસ ધોરણ નથી અને બે પક્ષની ખેંચતાણમાં કોને વધારે લાભ મળે છે તે નિશ્ચિત કરવાનું કામ પણ મુશ્કેલ હોય છે. એટલે શોષણના આ માર્ગો વિષે વિચારવાનું હમણા છોડી દઇએ.

પણ વટાવ અને વ્યાજ તો તદ્દન ગેરવ્યાજબી છે. ભાડું અને ડીવીડન્ડ તેનાથી પણ બદતર છે અને આ બાબતોમાં ઉચિત અનુચિત વચ્ચેની ભેદરેખા આપણે સ્પષ્ટ આંકી શકીએ તેમ છીએ. પગાર કોણે કેટલો લેવો તે બાબત વિવાદાસ્પદ છે, પણ વ્યાજ—વટાવનો કોઇ બચાવ થઇ શકે તેમ નથી. એટલે આપણે પહેલાં આ અનિષ્ટો દૂર કરવા તત્પર થઇએ. આવી સ્પષ્ટ બાબતમાં લોકમત મેળવવો મુશ્કેલ નહિ પડે અને સર્વ સંમતિથી કાયદો કરી શોષણ-નિવારણ થઇ શકશે.

### સર્વતોમુખી શોષણબંધી

શોષણના બધા માર્ગો એક સાથે બંધ કરવાથી ઘણી સરળતા થઇ જશે. ઉપર દર્શાવેલા માર્ગોને એક એક જુદા લઈ તેની મના કરવામાં કદાચ પક્ષપાતનો આરોપ આવે. તેમ કરવામાં કોઇ એક ખાસ વર્ગને વધારે નુકસાન થવાનો સંભવ છે, પણ બધા માર્ગોને એક સાથે બંધ કરવાથી કોઇનું નાહક નુકસાન નહી થાય. તેમાં એટલી શર્ત ખરી કે જે સગવડતા એકને અપાય તે બીજાઓને પણ મળવી જોઇએ. શાહુકારને જેમ તેનું મૂળ ધન પાછું અપાય તેમ જમીનમાં રોકેલી મૂડી પણ તેને પાછી મળવી જોઇએ.

ભૂદાન—ગ્રામદાન દ્વારા પ્રાપ્ત થયેલી જમીનમાં જો પહેલાંના માલિકે તેમાં બાગ બનાવ્યો હોય કે કૂવો ખોદાવ્યો હોય તો તેની યોગ્ય કિંમત મેળવવાનો તે અધિકારી છે. પણ જો તે તેનું પણ દાન કરી દે તો તે તેની ઉદારતા છે. આ ઉદારતા ઐચ્છિક હોવી જોઈએ. તેની પાસેની વધારાની જમીનનો કબજો છોડવાની ફરજ પાડવી આવશ્યક અને યોગ્ય છે, પણ આ બાબતમાં તેને ફરજ પાડી ન શકાય.

જ્યારે બધી બાજુથી શોષણબંધીના માર્ગ આપણે સ્વીકાર્યા હશે ત્યારે જો કોઇ ગ્રામવાસી પોતાનું ખેતર છોડી દઇ શહેરમાં દુકાન ખોલે તો તેના ખેતરની કિંમત જે થાય તે તેને કેટલાંક વર્ષો સુધી હપ્તે હપ્તે મળ્યા કરશે અને પછી તે બંધ થઈ જશે. પણ તે દરમિયાન તેણે ભાડે લીધેલા મકાનનું ભાડું પણ બંધ થઈ જશે અને મકાન તેનું પોતાનું થઇ જશે. ખેતર ગયું, મકાન મળ્યું. મકાન માલિકને પણ કંઇ નુકસાન નહિ થાય. મકાન બાંધવા માટે જો તેણે કંઇ કરજ કર્યું હશે તો તે વાર્ષિક વ્યાજ ભરવામાં પુરૂં થઇ ગયું હશે, એટલે તે પણ ઋણમુકત થઇ જશે.

### ધાર્મિક નેતાઓનો નિષેધ

મનુ, મહમદ, ક્રાઈસ્ટ વગેરે બધા ધર્મપુરૂષોએ વ્યાજનો નિષેધ કર્યો છે. એમના સમયમાં વ્યાજના જોડીયા ભાઈઓ જેવા ભાડું કે ડીવીડન્ડ જેવી વસ્તુઓ હતી નહિ. જો હોત તો તેનો પણ એમણે નિષેધ કર્યો હોત. છતાં મહમદે "રિબા"ની મનાઇ કરી હતી. કહે છે કે, "રિબા" એટલે "વૃદ્ધિ." એટલે કે વધારે પડતું લેવું. એનો અર્થ એ થયો કે ભાડું કે ડીવીડન્ડ જેવી પ્રણાલિનો નિષેધ તેમની કલ્પનામાં હતો. દરેક મુસ્લીમની એટલે કે દરેક પ્રમાણિક માણસની ફરજ છે કે તે દરેક પ્રકારની રિબા-વૃદ્ધિ લેતાં અટકે.

મહમદ સાહેબે "વ્યાજ આપવું" તેને પણ ગુન્હો ગણાવ્યો છે, અને તે યોગ્ય જ છે. શાહુકારને શોધી તેને વ્યાજ લેવાની લાલચમાં ફસાવનાર દેવાદાર જ હોય છે. મેનકાએ વિશ્વામિત્રને ભ્રષ્ટ કર્યા, કેમકે તે પોતે પણ ભ્રષ્ટ હતી.

### પૈસાનો જન્મ—રૂપિયાનો ઉદ્દભવ

પયગમ્બરોએ જે કહ્યું તે ભગવાનની જ વાણી હતી. ભગવાનના રાજ્યમાં વ્યાજને સ્થાન નહોતું. ભગવાનના રાજ્યમાં સિક્કા, નોટ, ચેક વગેરે નહોતું. ત્યાંતો અનાજ, દાળ, પશુ, દૂધ, ફળ, કપાસ, ઊન, રેશમ, મધ, શેરડી, લાકડું વગેરે પદાર્થોથી વસ્તુવિનિમય થતો હતો. એ યુગમાં અનાજ ચલણનું કામ કરતું હતું. માનવીની સંપત્તિનું માપ અનાજથી નીકળતું. પણ આ નશ્વર હતું. એનો વધારે પડતો સંગ્રહ નુકસાનકારક હતો. એટલે એ કાળે લોકો પોતાની વધારાની સંપત્તિનો દાનધર્મમાં ઉપયોગ કરતા. દાનપ્રવૃતિ સહજ હતી. એ સમયે જો કોઈ પડોશી અનાજ ઉધાર માગવા આવતું તો જાણે ભગવાન જ મદદ કરવા આવ્યા એવું લાગતું. તે પોતાનું અનાજ દોઢા કે બમણાની આશા રાખ્યા વગર હોંશથી ઉધાર આપતો. કેમકે બીજે વરસે તેને જુનાને બદલે નવો પાક મળવાનો હતો.

એ કાળે પણ કોઇ લોભી મનુષ્ય ગરજુ પાડોશી પાસેથી સવાયું કે દોઢું લેતો, પણ તે નીચ હલકો ગણાતો. સમાજમાં તેની પ્રતિષ્ઠા ન રહેતી. પણ આજે વ્યાજ વટાવ એ એક પ્રતિષ્ઠિત ધંધો ગણાઇ ગયો છે. એનું કારણ છે પૈસાનું ચિરંજીવપણું.

પૈસો (ચલણ) નથી એટલો ભારી કે નથી તે સંગ્રહ કરવામાં અનાજ જેટલી જગ્યા રોકતો. લાખોનો સંગ્રહ સહેલાઈથી થઈ શકે છે. અને વધારે અજાયબીની વાત એ છે કે તે અમર છે. ભગવાને સર્જેલી બધી વસ્તુ નશ્વર છે, પણ મનુષ્યે સર્જેલી આ કૃત્રિમ સંપત્તિ અમર છે એવો આજે વિચિત્ર ન્યાય પ્રવર્તી રહ્યો છે. પૈસાનો જન્મ થયો એટલે "चांद न बदला, सूरज न बदला, नहीं बदला आसमान! कीतना बदल गया इनसान!!" મનુષ્ય એકાએક સાવ બદલાઇ ગયો. એની દાનવૃત્તિ ઊડી ગઇ અને તેની જગ્યા લોભે લીધી. દાન તો દૂર રહ્યું, પણ હવે તે પાડોશીને મૂઠી જુવાર પણ આપતો નથી. અપાર સંગ્રહ કરવાની સરળ ચાવી તેના હાથમાં આવી ગઈ છે. ચલણી નાણાનો જન્મ મૂળમાં તો થયો છે ખરીદવેચાણની સુવિધા માટે. એનું નામ તો છે "કરન્સી" "ચલણ" ચાલવાવાળું...પણ સંગ્રહ કરવા રૂપે તેનો દુરૂપયોગ થઇ રહ્યો છે. સ્વભાવથી જ દાનશીલ મનુષ્ય લોભી બન્યો અને "લોભમૂલાની પાપાનિ" એ કહેવત અનુસાર લોભને લીધે જ ચોરી, લૂંટફાટ, લાંચરૂશવત, કાળાબજાર જેવાં અનિષ્ટો આજે દુનિયામાં વધી રહ્યાં છે. પાડોશીધર્મ લુપ્ત થઇ ગયો છે અને અધર્મનું જોર વધી ગયું છે. "पडोसी की आफत वह मेरी जाफत" એવો કળિયુગ બેસી ગયો છે.

આજે દુનિયામાં દરેક વસ્તુની ખેંચતાણ છે અને તે દિવસે દિવસે તીવ્રતર બનતી જાય છે. તેનાં મૂળમાં પૈસાનું આ અમરપણું જ છે.

**નાણાં—ઘટ**

એટલે સ્પષ્ટ છે કે આ સંઘર્ષ મીટાવવાનો ઉપાય રૂપિયાને મર્ત્ય બનાવવો. સને ૧૯૬૧ ની નોટ ૧૯૬૨ માં ન ચાલે અથવા વાસી બને. એ નોટ વર્ષ પુરૂં થાય કે સરકારી બેંકમાં પાછી આપી નવા વર્ષની લઇ લેવી, અને આ બદલાવવામાં સરકાર સો રૂપિયે છ રૂપિયા ઓછા આપે. એટલે માણસને સોના ચોરાણું રૂપિયા મળે. આમ વરસે વરસે છ છ રૂપિયા કપાતા જાય. જેમ બુકસેલર નવા વર્ષની શરૂઆતમાં પહેલાં નવા વર્ષની ડાયરીઓ છપાવીને તૈયાર રાખે છે તેમ દર વરસે સરકાર નવી નોટો છપાવીને તૈયાર રાખે.

આ જે છ રૂપિયાનો કાપ મુકાશે તે ખાનગી વ્યકિતની મૂડી પર હશે. સરકાર તો ગમે તેટલી નોટો છાપીને બહાર પાડી શકે છે. વધારે નોટો છાપવાથી મોંઘવારી વધે તેમ લોકોમાં અસંતોષ વધે. તે માટે સરકારને મર્યાદિત રહીને નોટો છાપવી પડે તે એક અલગ વાત છે.

આ નાણા—ઘટના કારણે આપોઆપ વ્યાજનું મહત્ત્વ ઘટી જશે. કયાંય છૂટુંછવાયું વ્યાજ લેવાતું હશે તો તે તરફ ઘૃણાથી જોવાશે અને કાયદેસર રીતે પણ વ્યાજની મનાઈ જ હશે. વ્યાજ બંધ થવાથી ભાડા જેવા બીજા શોષણના માર્ગો પણ સંકડાતા જશે. આમ બીજા માર્ગો બંધ થયા પછી કદાચ જમીનની માલિકી રહી જશે, પણ તે એકલી પડી ગયા પછી તેને હઠાવવી મુશ્કેલ નહિ પડે, અર્થાત્ જમીન ખેડૂતને હવાલે કરી દેવાનું સહેલું થઇ જશે.

**સર્વસંમત કાયદો**

સ્પષ્ટ છે કે આ નાણાં—ઘટ કાયદા દ્વારા જ કરી શકાશે. આવો કાયદો સર્વસંમતિથી કરવો અશકય નથી. આજ પૂંજીવાદ મીટાવવા માટે તીવ્ર સંઘર્ષ ચાલી રહ્યો છે, પણ તેને માટે નાણાં—ઘટ જેવો સરલ, સ્વચ્છ અને નિંદા—દ્વેષ મત્સર રહિત બીજો કોઇ ઉપાય નથી. તે આપોઆપ પોતાનો માર્ગ કરી લેશે. નાણાં—ઘટ વ્યાજબી, ન્યાય્ય અને હિતકારી છે, અને તેનું ફળ શોષણ નિવારણ અવશ્યં ભાવી છે. તેનાથી સંઘર્ષનું મૂળ ઉખડી જશે અને પ્રેમભાવ વધશે. શ્રમનો પૂરો બદલો મળશે, ઉદ્યોગશીલતા વધશે અને સમાજનું કલ્યાણ જ કલ્યાણ થશે. આ દ્વારા ભારત સામ્યયોગનો એક અપૂર્વ નમુનો દુનિયા સમક્ષ મૂકશે.

**કેટલુંક સ્પષ્ટીકરણ**

(૧) નાણાઘટથી રૂપિયો નાશ પામશે એમ માનવાનું નથી. માણસને ચલણની જરૂરિયાત મોટા પ્રમાણમાં રહેવાની જ છે, અને તે પૂરી કરવા સરકાર દર વરસે નોટો છાપતી જવાની છે. (ગયે વરસે દસ હજાર કરોડ રૂપિયાની લેણદેણ સુગમતાથી થઇ તો આ વરસે અગ્યાર હજાર કરોડની જરૂર પડવાની છે.) આ દ્વારા સરકારને વણમહેનતે સારી આવક થતી રહેશે અને તેના પ્રમાણમાં કરો ઓછા કરી શકાશે.

(૨) આનાથી શોષણના મોટા માર્ગો બંધ થઇ જશે, જો કે સોદા જેવા નાનાં શોષણો ચાલુ રહેશે. પણ પછી તો તેના ઉપાયો પણ સૂઝશે.

(૩) આનાથી માનવની સંગ્રહવૃત્તિ અને લોભવૃત્તિ ઘટશે. મનુષ્ય સંગ્રહ ગમે તેટલો કરી શકશે, પણ તેનો હેતુ હશે લોકસેવા. પૈસા ઉધાર લેવા—દેવાનું ઓછું થઇ જશે. તેમજ એક મોટું મકાન મેં બાંધ્યું અને ભાડે આપી દીધું તો તેમાં કરેલું મારૂં રોકાણ વીસેક વરસમાં મને પાછું મળી જાય, પણ તે મકાનના સમારકામ, રક્ષણ વગેરે અંગેનો ખર્ચ તો મારા પુત્ર—પૌત્રોને તે મકાન જયાં સુધી ઊભું હોય ત્યાં સુધી મળ્યા કરે. આ પ્રમાણે પેઢી દર પેઢી સતત શ્રમ અને બચતથી કરોડોની મિલ્કતો ઊભી કરી શકાશે અને તે નિર્દોષ નિરૂપદ્રવી સમાજોપયોગી મિલ્કત રહેશે.

(૪) આર્થિક વિષમતા તો રહેશે, પણ તે શોષણમૂલક નહીં હોય. તે ગુણમૂલક, ઉદ્યમ અને બચતને અંગેની હશે. એવી વિષમતા મારક નહિ હોય પણ પ્રેરક બનશે. સારા વિદ્યાર્થીઓના માર્ક ભેળવી દઈને બધા વિદ્યાર્થીઓને સરખા ભાગે વહેંચી આપવામાં આવે તો શું સારા વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેશે? હરગીજ નહિ.

(૫) ઉપર જણાવ્યા મુજબની કાનૂની નાણાઘટનો સ્વીકાર થયા પછી જમીનની વહેંચણી કરતી વખતે જમીનના પહેલા માલિકને તેની જમીનનો બદલો ઉદારતાથી આપવામાં કોઈ મુશ્કેલી નહીં આવે. નિરંતરના શોષણથી બચવા માટે બદલાના હપ્તા બેચાર વરસ વધારે આપવા પડે તો તે માટે દુ:ખ નહીં થાય. આમ કરવાથી જમીનમાલિક પણ આ ભારે ક્રાન્તિમાર્ગમાં સહમત થશે.

આવો, જમીનની વહેંચણી અને નાણાઘટ દ્વારા સામ્યયોગ આપણે સિદ્ધ કરીએ. આને માટે આ કાર્યક્રમમાં સહમત થતા સઘળા સજ્જનો એકઠા થાઓ, સક્રિય બનો, પ્રચારશીલ બનો, પોતે આ કાર્યક્રમનું સંપૂર્ણ પાલન કરો, એકલા પણ કરો અને સામૂહિક રૂપમાં પણ કરો, અને બીજાઓને સમજાવો.

અપ્પાસાહેબ પટવર્ધન

# શ્રી. વિમલા ઠકારનાં વૈચારિક પરિવર્તનોની કહાણી

(પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં દાદા ધર્માધિકારી ઉપર ગત ઑગસ્ટ માસની ૧૭ મી તારીખે સ્વીટ્ઝર્લૅન્ડમાં આવેલા ઝુરીચ ખાતેથી ભૂદાન પ્રવૃત્તિ અંગે પોતાના પલટાયલા વલણનો ઉલ્લેખ કરતા શ્રી વિમલા ઠકારે લખેલા પત્રનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ચાલુ વર્ષના ફેબ્રુઆરી માસની સાતમી તારીખના અંગ્રેજી ભૂદાનમાં 'The Basic Challenge' એ મથાળા નીચે શ્રી વિમલા ઠકારના પ્રગટ થયેલા એક લેખમાં નાનપણથી માંડીને આજ સુધીમાં પોતાનાં વિચાર વલણોમાં કેવા કેવા ફેરફારો થતા આવ્યા છે તેની તેમણે એક ક્રમવાર નોંધ આપી છે. સતત જાગૃત અને મન્થનશીલ વ્યકિતના જીવનમાં આવતા પલટાઓની કથા હંમેશાં રોચક અને કદિ કદિ પ્રેરક હોય છે અને આપણને આન્તર વિશ્લેષણ કરવામાં કદિ કદિ મદદરૂપ પણ થાય છે. આ દષ્ટિએ ઉપર જણાવેલા લેખનો અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

જેઓ મારી જીવનપ્રવૃત્તિમાં અને તાજેતરમાં મારા જીવનમાં નિર્માણ થયેલી પરિવર્તનઘટનામાં રસ ધરાવે છે તેમને, કદાચ હું ધારૂં છું કે, મારામાં જે ઊંડું મન્થન ચાલી રહ્યું છે તે મન્થનના ભાગીદાર થવું ગમશે. 'જે દશ્યમાન જગત છે તેની પેલે પાર અગમ્ય એવા કાંઇક' ને લગતી સભાનતાનો મારી પાંચ વર્ષની ઉમ્મરથી મારામાં ઉદય થયો હતો. એ દિવસોમાં વ્યકિતગત ઈશ્વર—Personal God—ને લગતી પરંપરાગત કલ્પનાએ મારા માટે એક જીવન્ત વાસ્તવિકતાનો આકાર ધારણ કર્યો હતો. આમ આ બાબતને લગતી આન્તર યોજનો મારી નાની ઉમરથી પ્રારંભ થયો હતો. મારી બાર વર્ષની ઉમ્મર થઇ તે દરમિયાન ભારતના સર્વ અગ્રગણ્ય સન્તપુરૂષોનાં ચરિત્રો અને જીવનકથાઓ મેં વાંચી કાઢી હતી. એ કાળે રામકૃષ્ણ પરમહંસે, સ્વામી વિવેકાનંદે અને સ્વામી રામતીર્થે મારા ચિત્તને અત્યન્ત પ્રભાવિત કર્યું હતું. પંદર વર્ષની ઉમ્મરે વ્યકિતગત ઈશ્વર—Personal God—નું સ્થાન આત્મતત્વે—Soul—force એ—લીધું હતું. એ દિવસો મારા માટે ઉંડી મસ્તીના હતા અને મારી આસપાસ શું બની રહ્યું છે તે વિષેના કશા પણ ખ્યાલ વગર, હું આમ તેમ ફર્યા કરતી હતી.

**સત્ય કોઈ સ્થિર તત્ત્વ નથી, સતત વિકસતું તત્ત્વ છે.**

યુનિવર્સિટીમાં હું ભણતી હતી તે દરમિયાન તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને અધ્યાત્મશાસ્ત્રનો મેં

અભ્યાસ કર્યો હતો. આથી મારી દષ્ટિમર્યાદા અતિ વિસ્તૃત બની હતી. મને, આને લીધે, માલુમ પડયું હતું કે, જીવનના પાયાના તત્વનું અવગાહન કરવાની પ્રક્રિયા માત્ર હિન્દુ ધર્મ પૂરતી અને આત્માને લગતી હિન્દુ ધર્મની કલ્પના પૂરતી સીમિત નથી. પ્લેટો અને એરિસ્ટોટલ, ડેકાર્ટ, હેગલ, અને ઈમેન્યુઅલ કેન્ટ મને કોઈ જુદી જ વૈચારિક દુનિયામાં લઈ ગયા હતા. બૌદ્ધ ધર્મના સામાન્ય અભ્યાસથી મને સ્પષ્ટપણે સમજાયું હતું કે, વાસ્તવિકતા 'Reality' અંગે કોઈ એકાન્ત નિશ્ચયાત્મક વિધાન કરવાનું શકય જ નથી અને ધ્યાનના પાયા તરીકે બ્રહ્મ જેવું કોઈ નિશ્ચળ અને કૂટસ્થ તત્વ ગૃહિત કરવાની જરૂર નથી.

ત્યાર બાદ મને અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સના પ્રવાસે જવાનું બન્યું. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈન્ગ્લાંડમાં મેં જે થોડો સમય પસાર કર્યો તેને લીધે માનવીના માનસ ઉપર વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ—યાંત્રિક અને તાંત્રિક—પ્રગતિએ કેવા પ્રત્યાઘાતો પેદા કર્યા છે તેનું મને સ્પષ્ટ ભાન થયું. તેને લીધે સમગ્ર માનવી જીવનને નવા વૈજ્ઞાનિક અભિગમ વડે નિહાળવાની—ઉકેલવાની મને પ્રેરણા થઈ. હું દેશમાં પાછી ફરી અને આધ્યાત્મિક જીવનને લગતા આગળના ખ્યાલોને અને આદર્શોને મેં ભુંસી નાખ્યા. ચાલુ પરંપરાગત અર્થમાં સમજાતા મોક્ષને પ્રાપ્ત કરવાનો મારા માનનો આવેગ ઓગળી ગયો.

### ભૂદાન હિલચાલ સાથેનું મારૂં જોડાણ

એ અરસામાં વિનોબાજીએ ભૂદાન આંદોલન પ્રવર્તમાન કર્યું. તે પાછળ રહેલ માનવીપ્રકૃતિના પાયામાં રહેલા શુભ તત્વ વિષેની નિશ્ચળ શ્રધ્ધા અને માનવી સમાજના બંધારણમાં પાયાનો ફેરફાર નિર્માણ કરવાનો પુરૂષાર્થ અને માનવી માનસમાં પાયાની ક્રાંતિ નિર્માણ કરવાની તેની પ્રક્રિયા—આ તત્ત્વોએ મને તે તરફ સારી પેઠે આકર્ષી. તેમાં આઠ વર્ષ જેટલી લાંબી મુદત સુધી મેં કામ કર્યું. આ આન્દોલનમાં સક્રિય ભાગ લેતાં દેશના લગભગ દરેક વિભાગમાં પ્રવાસ કરવાનું બન્યું. દેશના એક છેડેથી બીજા છેડા સુધી મેં પરિભ્રમણ કર્યું, અનેક જાહેર સભાઓ સમક્ષ ભાષણો કર્યાં, કાર્યકર્તાઓ માટે અનેક શિબિરો યોજી, ભૂદાનમાં સંખ્યાબંધ એકર જમીન પ્રાપ્ત કરી અને ભૂમિહીન મજૂરોમાં તે જમીનની સારા પ્રમાણમાં વહેંચણી કરી. જીવતા જાગતા ભારતનો આ પ્રત્યક્ષ પરિચય મારા માટે એક જુદા જ પ્રકારનો અનુભવ હતો.

આ પ્રવૃત્તિને લીધે દેશમાં ચાલી રહેલી રાજકારણી વિચારણાની ભિન્ન ભિન્ન પદ્ધતિઓના સીધા સંપર્કમાં આવવાનું બન્યું. એ દિવસોમાં યુરોપ અને યુનાઈટેડ કીંગડમ—બ્રીટન—ના અગ્રગણ્ય સમાજવાદી વિચારકો સાથે મેં માનસિક પ્રવાસ કર્યો અને માનવી-માનસમાં પાયાની ક્રાન્તિ નિર્માણ કરવાની અને માનવી જીવનનાં સમગ્ર મૂલ્યોમાં પરિવર્તન કરવાની તેમની તીવ્ર આકાંક્ષા જોઈને હું અત્યંત મુગ્ધ બની. હું યુગોસ્લાવીઆ ગઈ અને ત્યાં છ અઠવાડીઆ રહી. મને લાગ્યું કે હજુ સુધી પાયાના અપેક્ષિત પરિવર્તને કોઈ નક્કર રૂપ ધારણ કર્યું નહોતું અને જુનાં જીવનમૂલ્યો—જો કે છૂપી રીતે—હજુ પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યાં હતાં અને માનવી સમાજ ઉપર તેમનું વર્ચસ્ એકસરખું કાયમ રહ્યું હતું. યુરોપના બીજા પ્રવાસ દરમિયાન યુગોસ્લાવીઆથી માંડીને ઈટલી, સ્વીટઝર્લેન્ડ, સ્કેન્ડિનેવિઆ અને યુનાઈટેડ કીંગ્ડમમાં ફરવાનું બન્યું. એ છ મહીનાના પરિભ્રમણે મને સ્પષ્ટ ભાન કરાવ્યું કે માનવીનું માનસ હજુ એવું ને એવું જ ભૂતકાળના બંધનથી જકડાયલું રહ્યું છે. રાષ્ટ્રીયતાવાદ, જાતિવાદ અને આવી બીજી પરસ્પર અલગતાને પોષનારી નિષ્ઠાઓ માણસને માણસથી વિખૂટો રાખી રહી છે.

### મારામાં નવી ચેતનાનો ઉદય

મારામાં ઉદય પામેલી નવચેતના દ્વારા મને હવે માલુમ પડયું કે રાષ્ટ્રીયતાવાદ, રાષ્ટ્રીય સાર્વભૌમત્વ જે જાતીય અહં, વૈચારિક અહંના માત્ર બીજાં નામો છે તેને લગતા, અલગતાપ્રેરક જુનવાણી ખ્યાલોથી માણસે ઉંચે ઉઠવું જોઈએ. અને મને એમ પણ ભાન થયું કે અનેક પ્રકારના સંસ્કારભારણના પરિણામરૂપ આજની મનઃસ્થિતિ છે તેથી ઉર્ધ્વ એવી ચિત્તસ્થિતિને માણસે પ્રાપ્ત કરવી જોઈએ. શ્રી જે. કૃષ્ણમૂર્તિના સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું, અને તેમણે મારી તર્કશકિતને—બુદ્ધિને—સતેજ બનાવવાના અને મારી સંવેદનશીલતાને નવો સંસ્કાર આપવાના કાર્યમાં મને મદદ કરી હતી. તેમણે મને એ સમજવામાં મદદ કરી કે આજની માનવજાત સામે એક ભીષણ બાબત પડકારરૂપે ઉપસ્થિત થઈ છે. એ પડકાર જાગૃત અને અજાગૃત બન્ને પ્રકારના મનમાંથી બહાર નીકળવાને લગતો છે. કાં તો માનવી બધાં માનસિક સ્તરોમાંથી બહાર નીકળી આવે છે, કઠોર બનીને સંચિત સર્વ સંસ્કારોને સાફ કરી નાખે છે અને સમ્યક ચેતનાની આડે આવતાં સર્વ આવરણોને બધી બાજુએથી ખસેડી નાખે છે અથવા તો સમગ્ર વિનાશની ઉંડી ખીણમાં તે ઉંધા માથે ઝંપલાવે છે, અને જીવન-સર્વસ્વને ગુમાવી બેસે છે.

આ પ્રકારના સાક્ષાત્કારના-વિચારોદયના-પ્રકાશમાં અહિંસક સમાજરચના નિર્માણ કરવામાં રહેલો મારો રસ ઓસરી ગયો. મને ઉંડાણથી એમ ભાસ્યું કે અમુક એક રાષ્ટ્રના ફલક ઉપર માનવીની કોઈ પણ સમસ્યાનો સાચો ઉકેલ લાવવાનું શકય નથી. એમ કરવા જતાં સાચી પ્રમાણદ્રષ્ટિ right perspective હું ગુમાવી બેસીશ અને અપૂર્ણ—અધુરા—અધકચરા અભિગમ તરફ હું ઘસડાઈ જઈશ. દરેક સમસ્યા આખરે તત્તતઃ વિશ્વસમસ્યા જ છે. માત્ર જે મન કોઈની સાથે બંધાયલું નથી તે જ મન વિશ્વસમસ્યાની બધી આંટીઘુંટી સમજી શકશે. જે મન સર્વથા મુકત થયું છે તે જ મન નિર્ભયતાપૂર્વક માનવી જીવન વિષે નવેસરથી વિચારવાની દિશાએ આગળ વધી શકશે.

### મારૂં 'અહં' ભાંગીને ભુક્કો થઈ ગયું.

આ પ્રકારની મારા ઘડતરના મૂળ પાયાને હલાવી નાંખતી નવચેતનાએ મારી અંદર જે પ્રકારની ચિતસ્થિતિ પેદા કરી હતી તેનું પૃથક્કરણ કરવું સહેલું નથી. આ નવચેતનાએ મારા આંતર જીવનને પાયામાંથી હલાવી નાંખ્યું, ચુંથી નાંખ્યું. ચાલુ રૂઢ વિચારણાના સરી જવા સાથે બધીય મનગમતી ભાવનાઓ અને વિચાર-પ્રતીકો આકાશમાં વિલીન થઈ ગયાં. મારા અહંના ભાંગીને ભુક્કા થઈ ગયા. આ દિવસોમાં અનુભવેલી વેદનાઓ અને વ્યથાઓનું વર્ણન કરવાનું શકય નથી. તરણાને વળગીને પણ બચવા ઈચ્છતા મનની એ દયાજનક દશા શબ્દોમાં સમજાવવી અશકય છે.

પરદેશથી પાછી ફર્યા બાદ તરતમાં જ હું ખૂબ માંદી પડી અને આઠ મહીના લગભગ બીછાનાવશ સ્થિતિમાં મારે ગાળવા પડયા. આ માંદગીએ મારી જાતના ઉંડાણમાં ઉતરવા માટે મને પૂરતો અવકાશ આપ્યો. એ જ માંદગીના કારણે ૧૯૬૧ માં મને ફરીથી પરદેશ જવાની ફરજ પડી. પશ્ચિમના માનવી સાથેની એ મારી ત્રીજી મુલાકાત હતી.

### અનિવાર્ય આવેગ અને પ્રેરણા

મને લાગ્યું કે પશ્ચિમનો એ માનવી તદ્દન નિરાશ બની બેઠો હતો અને વિશ્વયુધ્ધના ભયથી તે અત્યન્ત વ્યાકુલ હતો અને સંપૂર્ણ વિનાશની કલ્પનાથી તે ભડકી ઉઠયો હતો. મને લાગ્યું કે આંતરરાષ્ટ્રીય ઘર્ષણો અને તંગદિલીનો ઉકેલ શોધવા માટેની એક એજન્સી તરીકે સંયુકત રાષ્ટ્રસંસ્થાની ઉપયોગીતા દિન-પ્રતિદિન ઘટતી જતી હતી. સામ્યવાદી અને અસામ્યવાદી જૂથોના સહ—અસ્તિત્વે બન્નેના રૂપરંગમાં મોટો ફેરફાર કર્યો હતો.

આ ઉપરાંત, મને માલુમ પડયું કે, પશ્ચિમના સુવિખ્યાત માનસશાસ્ત્રીઓમાંના કેટલાક, માનવી—મન વિષે જે જ્ઞાન તેમણે મેળવ્યું હતું તેથી અસંતુષ્ટ હતા. નિમ્નમાનસમાં રહેલા સમુદાયલક્ષી સંસ્કારનો—Collective unconsaous—નો કદિ નાશ થઈ શકતો નથી અને નિમ્ન માનસમાં રહેલ જાતિગત સંસ્કારનો—Racial unconsious—નો અમુક અવશેષ સંપૂર્ણપણે કદિ પણ ભુંસી શકાતો નથી—આ પ્રકારનાં વિધાનો તેમને હવે સંતોષ આપી શકતાં નથી. આમ છતાં પણ એટલું કબુલ કરવું જોઈએ કે આ મૂળ માનસિક પરિવર્તન એ આજની સૌથી મોટી પાયાની જરૂરિયાત છે એ બાબત વિષે સચોટપણે સભાન બનનારાઓમાં પશ્ચિમના માનસશાસ્ત્રીઓ મોખરે છે.

આ રીતે મારા જીવનમાં મહાન પરિવર્તનની ઘડી આવીને ઉભી રહી. આ રીતે આજના સમયની આ અનિવાર્ય માંગને આવકારવાની—અપનાવવાની—મને ફરજ પડી. આ માગના અસાધારણ દબાણે જીવનના અંગઉપાંગોમાં નીપજનારાં પરિણામોનો અભ્યાસ કરવા તરફ મને દોરી.

હું એક સાધારણ માનવી છું. કોઈ પણ વિષયની નિષ્ણાત હોવાનો મારો કોઈ દાવો નથી. સ્વાભાવિક રીતે, આ સમસ્યાના મારા અવગાહનમાં કોઈ પણ વિચારસરણીથી અદીક્ષિત એવી એક સામાન્ય માનવીનું સહજ સંવેદન પ્રતિબિંબિત થયું છે એમ મને લાગે છે.

૨૧ જાન્યુઆરી, ૧૯૬૨. **વિમલા ઠકાર**

# ‘માણ્યું મેં માથેરાન’

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૨ મી એપ્રિલથી તા. ૨૯ મી એપ્રિલ સુધી એમ આઠ દિવસનો સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે માથેરાનના પ્રવાસનો એક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. આ પર્યટણમાં ૧૬ બાળકો, ૧૩ ભાઈઓ અને ૧૩ બહેનો એમ કુલ ૪૨ જણાં જોડાયાં હતાં. અમારી આ પર્યટન મંડળી ૨૨મીની સવારે ૮-૪૫ વાગ્યે ઉપડતી પૂના એકસપ્રેસમાં મુંબઈથી વિદાય થઈ હતી. પ્રવાસમંડળી માટે માથેરાનની જાણીતી રગ્બી હોટેલમાં ઉતરવાની ગોઠવણ કરી હતી. આઠ દિવસ ત્યાં આનંદમાં પસાર કરીને ૩૦ મી એપ્રિલની સવારે માથેરાનથી નીકળીને આ પ્રવાસમંડળી મુંબઈ પાછી ફરી હતી. રગ્બી હોટલના ચાલુ દરમાં નક્કર રાહત આપીને હોટેલના માલિક શ્રી રમણલાલ ઠક્કરે આ પર્યટનમાં કુટુંબના બહોળા પરિવાર સાથે જોડાવાનું સંઘના સભ્યો માટે સરળ બનાવ્યું હતું. આ માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શ્રી રમણલાલ ઠક્કરનો હાર્દિક આભાર માનવામાં આવે છે. આ આઠ દિવસના સહવાસનાં કેટલાંક સ્મરણો ચિ. બહેન ગીતાએ પોતાની લાક્ષણિક શૈલીથી શબ્દાંકિત કર્યાં છે, જે નીચે રજુ કરતાં આનંદ થાય છે. **પરમાનંદ**]

**છોડીને સાંકડી સીમા મારી ને મ્હારાં તણી**
**ભળી જવા સમષ્ટિમાં ભાવના ઉરમાં વણી.**

—આ ભાવના ન હોય તો સામૂહિક પ્રવાસો યોજાય નહીં, અને લોકો એમાં ભાગ ના લે.

મુંબઈ જૈન યુવક સંઘ આયોજિત માથેરાન-પ્રવાસ માટે જ્યારે બોરીબંદર સ્ટેશને અમે બધાં ભેગાં મળ્યાં ત્યારે એકબીજાથી ખૂબ અપરિચિત લાગતાં હતાં. હું તો છેક અમદાવાદથી આવેલી, એટલે મને તો બહુ જ ઓછાની ઓળખાણ. બધાં સાથે બે વાક્યો બોલતાં પણ સંકોચ થાય. છતાં સૌનાં હૃદયમાં એક પરિચિતતાનો ભાવ ભરેલો કે જે ક્યારેક વાણીમાં ડોકાઈ જતો હતો. બધા મણકાને માળામાં ગૂંથનાર દોરો દેખાય કે ન દેખાય, તોયે તે પોતાનું કામ કરે છે.

માથેરાન તો ઘણાંય જાય-આવે છે. ઘણાંય એનું સૃષ્ટિસૌંદર્ય માણે છે. એની મધુર ઠંડકથી પ્રસન્નતા અનુભવે છે. અમે પણ તેમ કર્યું, પણ એમાં અમારા પ્રવાસની વિશેષતા નહોતી. અમારી વિશેષતા હતી અમારી સંમૂહભાવનામાં. સમૂહમાં રહીને અમે જે આનંદ-ઉલ્લાસ અનુભવ્યો તે મારે માટે વધુ ચિરસ્મરણીય બન્યો છે.

નેરલથી નાની રમકડાં-ગાડીમાં અમે બેઠાં ત્યારે પરસ્પર પરિચયની હવા ધીમે ધીમે જામવા માંડી હતી. બહારની સૃષ્ટિ પણ એના સ્વરૂપ-વૈવિધ્યથી મનને આકર્ષવા માંડેલી. અત્યાર સુધી સપાટ દેખાતી ભૂમિએ હવે ઉંચાનીચા હિલ્લોળા લેવા માંડેલા. નાની ગાડીની નાનકડી બારીમાં સીનેમાના પડદા જેમ નવાં નવાં ચિત્રો દેખાવાં માંડયાં હતાં. ઘડીકમાં ઉંચી ઉંચી પર્વતમાળા દેખાય, તો ઘડીકમાં નીચે નીચે સરતી જતી તળેટી દેખાય, ને એ બધાં પર ચૂપકીદીથી છવાઈ ગયેલો શ્રાન્ત સ્તબ્ધ મધ્યાન્હ! એમાં પણ કંઈક કાવ્યમય ચેતના જોતાં રાજેન્દ્ર શાહની પંકિતઓ યાદ આવી—

**“મધ્યાન્હની અલસવેળ હતી પ્રશાંત;**
**ધીમે ધીમે સરતી ગોકળગાય જેમ,”**

તા. ૨૨ મી એપ્રિલની આવી મનોહર બપોરે અમે માથેરાનમાં પ્રવેશ કર્યો. રહેવાનું સ્થળ ઉત્તમ હતું. માથેરાનની મધ્યમાં આવેલી રગ્બી હોટેલનો ચાર બંગલાનો એક અલગ વિભાગ અમને મળી ગયેલો. આ બંગલાઓ ગીચ ઝાડીમાં આવેલા હોઈને એની નૈસર્ગિક રમણીયતા આકર્ષક હતી. ગામના મુખ્ય રસ્તાઓ અને બજારની ધમાલથી દૂર એવા આ શાંત સ્થળમાં ઘેર બેઠાં બેઠાં પણ બહાર ફરવાનો આનંદ મળી રહેતો. બહારના વરંડામાં બેઠાં બેઠાં ત્યાંના સૌમ્ય તડકા સાથે સતત લીલા કરતાં લીલાં લીલાં પાંદડાંઓ જમીન પર જાતજાતની ગૂંથણી કર્યા કરતાં દેખાતાં હતાં. પાછલી રાતની ચાંદનીમાં ઝાડીની આ જાળીમાંથી ડોકાતું રૂપેરી આકાશ સૃષ્ટિની કોઈ ઉર્ધ્વ ચેતનામય સ્થિતિની કલ્પના કરાવતું હતું.

અમે સૌ ગોઠવાઈ ગયાં, એટલે ધીમે ધીમે બધાંએ પોતપોતાની રુચિ અનુસાર કાર્યક્રમો શરૂ કર્યા. એક દિવસ એક જાદુગરે સૌને આશ્ચર્યમુગ્ધ કરે એવા જાદુઓથી અમારૂં મજાનું મનોરંજન કર્યું. શરૂઆતમાં સૌ વ્યકિતગત તેમ જ કૌટુમ્બિક રીતે મનગમતાં સ્થળે ફરવા જતાં. પછી એ પરિભ્રમણે સામૂહિક સ્વરૂપ લીધું. “શારલૅાટ લેઈક” (તળાવ) અમારી મંડળી સાથે ગઈ ત્યારે રીક્ષા ને પગપાળા ચાલનારાઓનો રસાલો જોવાની મજા પડી.

ત્યાર બાદ એક સુંદર સાંજે અમે બધાં ગયાં “પોકર્યુપાઈન પોઈંટ”. પોઈંટને હું માથેરાનની બારી કહું છું. ગમે એવા મોટા બંગલાને પણ બારીઓ, ઝરુખાઓ અને અટારીઓ હોય તો જ એમાં રહેવાની મજા આવે. મહેલમાં રહેનાર પણ બહારની દુનિયા જોવા ઈચ્છે છે. વળી આ માથેરાન માટે તો એની બહારની દુનિયાનું ઑર મહત્ત્વ છે. બસ ‘આર્ટીસ્ટ પોઈંટ’ જેવી એક નાની એવી બારી પાસે જઈને ઉભા રહો તોયે સામે કોઈ નિત્યનૂતન દૃશ્ય ખડું થઈ જાય. એ...ય લીલી લીલી હરિયાળી જાજમ અને એની પાછળ નાની મોટી વાંકીચૂકી પર્વતમાળા—ફરીફરીને જુઓ તોયે ધરાઓ જ નહીં. પર્વતો આમ તો અચળ જોગી જેવા, છતાંય એની પર રંગરંગના તેજતેજના શણગાર થયાં કરે. સાંખ્યદર્શનમાં આવતા પુરુષને આકર્ષવા જાણે પ્રકૃતિ મથતી ન હોય!

સાંજના સૂર્યાસ્ત સમયે પોકર્યુપાઈન પોઈંટથી—માથેરાનના ઝરુખામાંથી—માણેલું સૃષ્ટિનું સંગીત મનમાં હજી ગૂંજ્યાં જ કરે છે. આછા ધુમ્મસના રહસ્યમય વાતાવરણ પર રમણીય સૂર્યપ્રકાશમાં દેખાતી નીચેની ખીણ તેમ જ સામેના શાંત, સ્વસ્થ પર્વતોની આનંદ-સમાધિ મનમાં અવર્ણનીય ભાવો જગાવી ગઈ.

માથેરાનની બારીઓ નાની ન પડે એ માટે ક્યાંક એની અટારીમાંથી ચારે બાજુનું દશ્ય પણ જોવા મળે છે. અમારા સમૂહે પેનોરમા પોઈંટ પર આ અનુભવ કર્યો. માથેરાનની એક એવી સીમા પર આ પોઈંટ આવ્યું છે કે જ્યાંથી ચારે બાજુનાં દશ્યો દેખાય. લગભગ અઢી હજાર ફીટની ઊંચાઈ પરથી જોતાં નીચે વિશાળ સૃષ્ટિ મન ફાવે તેટલી પહોળી થઈને પથરાઈ ગયેલી દેખાય છે. ક્યાંક દ્રાક્ષનાં ઝૂમખા જેવા ગામનાં નાનાં નાનાં ઘર, ક્યાંક લીલાં-સૂકાં ખેતરો, ક્યાંક સર્પાકારે સરી જતી નદીઓ—બધું જાણે કે સ્વર્ગના વિમાનમાંથી બેઠાં બેઠાં જોવા ન મળતું હોય! કુદરતની આવી ચિત્તસ્પર્શી વ્યાપકતા જોતાં માનવનો સાંકડો ‘અહમ્’ તો તરત ખૂંચે છે. અને તોયે આપણી નિર્બળતા કેવી છે કે એ અહંકાર વગર આપણે રહી શકતાં નથી!

નૈસર્ગિક પ્રકૃતિનું નિરીક્ષણ કરતાં આવાં કેંક પોઈંટસ તેમ જ શારલૅાટ લેઈકના તળાવ પર અમે જુદી જુદી જાતનો પ્રકૃતિ-વૈભવ માણ્યો. મનમાં ઈચ્છા હતી કે માથેરાનના બધા પોઈંટસ પગતળે ઘડીકમાં ખૂંદી વળવા. પણ મારે માટે કંઈક બીજું નિર્માયું હશે. બાળકોની માંદગીએ મારા પગ બાંધી દીધા. આનું કારણ ત્યાંના મચ્છરો. માથેરાનનો કુદરતી સૌંદર્યનો આનંદ જેમ અવિસ્મરણીય છે, તેમ એના મચ્છરોએ આપેલો “લાભ” પણ ન છૂટકે અવિસ્મરણીય બન્યો છે. પાછળથી અમે એ “લાભ”માંથી મુકિત મેળવી; પરંતુ શરૂઆતમાં તો રાતનું એ વણથંભ્યુ સંગીત સ્વપ્નામાં પણ સંભળાતું!

બહારનું પરિભ્રમણ બંધ થતાં અમારા પ્રવાસની બીજી દિશા ખૂલી. અને એમાં મળતાં આનંદે પેલા આનંદની ખોટ જણાવા ના દીધી. અમારી મંડળીમાં વાનરસેના (બાળ-ટૂકડી) ઘણી હતી. એમની ચેતનાને તો ચિનગારી મળવી જોઈએ. એક રાતે જમી કરીને બધાંને ભેગાં કર્યાં. કંઈક નૃત્ય-સંગીત ને નાટકનો કાર્યક્રમ કરવો હતો. બસ, બધાંને પાણી ચડાવ્યું અને કામ શરૂ થઈ ગયું. મીના, વર્ષા, રીટા, ભાવના—બધાંએ રસપૂર્વક નૃત્ય, ગીત, નાટક બતાવ્યાં. પણ પછી આવ્યો મોટાંનો વારો. અમે પણ એકબીજાને શેનાં છોડીએ? મુગટભાઈએ પ્રશ્નો (Puzzles) ને ઉખાણાં પૂછવા માંડયાં. પ્રદીપભાઈ, ચંપાબ્હેન, ચીમનભાઈ બધાંએ આ પ્રવાહમાં ફાળો આપવા માંડયો. ક્યાંકથી ટૂચકાઓ; રમૂજો ને કાવ્યો પણ ઝપાટાભેર સરવાં માંડયાં...કોઈ પૂર્વ-આયોજન વગર પણ આ કાર્યક્રમ ઘણા ઉલ્લાસથી હવા જમાવી ગયો. અંતે મારા પર આગ્રહભર્યું આક્રમણ આવ્યું. મારે સૌને ક્ષોભ સાથે પણ મારાં કાવ્યો, ગીતો સંભળાવવાં પડયાં. અમારા સમૂહનાં ભણેલા ભાઈઓથી માંડીને સાવ ઘરકામની ઘરેડમાં અટવાઈ ગયેલી બહેનોએ પણ જે ભાવથી આ કાવ્ય-ગાનને ઝીલ્યાં એ મારે માટે ખૂબ પ્રેરક બન્યો હતો. રાતે બાર વાગે સૌ છૂટાં પડયાં...

બીજે દિવસે પણ સૌ પરવાર્યાં, એટલે રાતે નવ વાગે અમારી મહેફીલ જામી. મારાં બાળકોને સૂવાડીને હું પહોંચી ત્યારે જોયું તો બહારના મિત્રો-મહેમાનો પણ એમાં ભાગ લેવા આવી પહોંચેલા. આજે અમારો ખાસ કાર્યક્રમ હતો Fishpond. અમે બે ત્રણ

બહેનોએ મળીને આ ગોઠવેલું અને સૌએ એમાં રસપૂર્વક ભાગ લીધેલો. આ ગમ્મતમાં દરેક વ્યક્તિને એની કોઇ વિશિષ્ટતા મુજબ ભેટ આપવાની હોય છે. જેમ પાણીના તળાવમાં માછલીઓ હોય છે, તેમ માનવસ્વભાવમાં કંઈ ને કંઇ ગુણાવગુણો હોય છે. આમાંથી સૌના એકાદ ગુણ કે આદત પર નિર્દોષ રમુજી ટકોર કરતું કોઇ પ્રતીક આપતાં અમારી આખી મંડળીમાં હાસ્યનું મોજું ફરી વળતું. અમારા એક અત્યંત શરમાળ બહેનને અમે નીચેની કાવ્યપંક્તિ સાથે લજામણીનાં પાન ભેટ આપ્યાં :

**આ લજામણીનાં પાન**
**તમારાં ગાયે છે ગુણગાન.**

ચાલવાના ખૂબ જ શોખીન એવા બીજાં એક બહેનને એક ઇંચ લાંબી એવી બે ચંપલની જોડ ભેટ આપી. બહુ મીઠા સ્વભાવવાળા એક ભાઈને પડીકામાં ખાંડ ભેટ આપતાં કહ્યું:

**બજારમાંથી બચતી ખાંડ,**
**સ્વભાવમાં સંતાડી ખાંડ.**

તોફાનમાં કોઈને ગાંઠે નહીં એવાં બે બિરાદરોને વાનરમિત્રો સાથે ભળી જવાની સલાહ સાથે બે દોરીનાં પૂંછડાં આપ્યાં. ખૂબ મોટેથી બોલતાં એક બહેનને સાંભળનારની સલામતી માટે કાનમાં નાંખવા રૂનાં પુમડાં આપ્યાં. હૃદયરોગને લીધે થાકી જનાર એક બહેનને ખુરશી આપતાં કહ્યું:

**ચાલતાં ચાલતાં જો થાકો,**
**—તો સાથે ખુરશી રાખો.**

કોઈને એમની સેવા બદલ Servents of India Society વતી ગુલામનું પત્તું (માનપત્ર રૂપે) આપતાં કહ્યું:

**"સેવાના માંગે ના દામ;**
**એવા છો સાચા ગુલામ"**

અને આ પર્યટનના સંયોજક એવા સૌના મુરબ્બીને "યુવક-સંઘની ગાડીના અવેતન ગાર્ડ" થવા બદલ પ્લાસ્ટીકની સીસોટી આપી.

આવી અનેક ભેટો અમારાં સર્વે સહપ્રવાસીઓએ કંઇ પણ કટુતા કે દુઃખ વગર માત્ર હર્ષથી વધાવી લીધી હતી.

આ કાર્યક્રમ પૂરો થતાં પાછું મારા પર કાવ્યગાનનું દબાણ આવ્યું. મારે એ આગ્રહને વશ થઈને બીજાં કેટલાંક કાવ્યો—ગીતો સંભળાવવાં પડયાં. અમારી મંડળીની કાવ્યવિષયની સાંસ્કારિક સમજ અને કાવ્યજિજ્ઞાસા ખરેખર ખુશ કરે એવી હતી.

ત્રીજી રાતે પણ અમારી મહેફીલ મળી. બધા સાથે આ છેલ્લી રાત હતી. અમે શરૂઆત કરી નટુભાઇના હળવા અભિનયથી. પછી આવી Hot-potato નામની રમત. આમાં પણ આબાલવૃધ્ધે એક-સરખા રસ ને ઉત્સાહથી ભાગ લીધો. આમાં ટોપીમાં જુદી જુદી આજ્ઞા કરતી ચીઠ્ઠીઓ મૂકી હોય છે. અમે નાનાં ને મોટાં માટે જુદી જુદી ચીઠ્ઠીઓ રાખેલી. ગરમ ગરમ બટેટું કોઈને હાથમાં રાખવું ન ગમે. ગરમ બટેટાની જગ્યાએ અમે દડાને ઉપયોગમાં લીધો. સંગીત ચાલતું હોય ત્યારે આ દડો દરેક જણ બીજાને આપી દે. સંગીત અટકે ત્યારે આ દડો ફરતો ફરતો જેના હાથમાં રહી જાય તેણે ચીઠ્ઠી ઉપાડીને એમાં જણાવેલ આજ્ઞાનું પાલન કરવાનું. પરિણામે કોઇને ગાવું પડયું, તો કોઇને વાંદરા જેમ કૂદકા મારવા પડયા. કોઇને અટપટા ઉખાણાનો જવાબ આપવો પડયો, તો કોઇને ચિત્રવિચિત્ર મોંઢાં કરવાં પડયાં. કોઇને પોતાની જીંદગીનો યાદગાર પ્રસંગ કહેવો પડયો તો કોઇને બીજા સાથે બનાવટી ઝગડો પણ કરવો પડયો. બધાંએ માથે ચડેલી આજ્ઞા પાળવામાં પૂરતી હિમ્મત ને ચાતુરી બતાવી ને ત્યારનું વાતાવરણ ફૂલ જેવું હળવું ને સુવાસિત બની રહ્યું.

Hot-potato પૂરું થતાં સમય ઘણો વીતી ગયેલો. છતાં આટલી બહેનો હોય ને ગરબો ન જામે તો કેમ ચાલે? સવારે વહેલાં બધાંને ઉઠવાનું હતું તોયે બહેનોએ ગરબો શરૂ કર્યો. કલ્પના બહુ ન્હોતી એવી એવી બહેનોએ પણ તાળીઓ અને ઠેસથી હવાને લયબદ્ધ કરી દીધી. ગરબા ગવરાવવમાં બહારની મહેમાન બહેનોએ પણ સારો સાથ આપ્યો, ત્યારે રાત્રીના કાળા અંધકારને એ સૂરોએ રણકતો કરેલો.

પર્યટનના આ છેલ્લા દિવસે બપોરના ભાગમાં બે મહત્ત્વના કાર્યક્રમ થયેલા. સૌરાષ્ટ્રના અગ્રગણ્ય કાર્યકર્તા મુ. શ્રી બળવન્તરાય મહેતા તથા મુંબઇ પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ભાનુશંકર યાજ્ઞિક, અમે હતાં એ જ ગાળામાં, માથેરાન આવેલા. તેમને મુંબઇ જૈન યુવક સંઘ તરફથી બપોરના ભોજન માટે સહકુટુંબ નિમંત્રવામાં આવ્યા હતા, અને અમે બધાંએ સાથે મળીને રસપુરીનું ભોજન માણ્યું હતું. ત્યાર બાદ અમારા નિવાસસ્થાનની ઓશરીમાં બધાં એકઠાં થયાં હતાં. સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ માડણ ભુજપુરીઆએ પ્રવાસ મંડળી તરફથી તેમ જ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી બળવન્તભાઇ તથા ભાનુભાઈને ઉચિત શબ્દોમાં આવકાર્યા હતા અને તેમની આજ સુધીની અનેકવિધ સેવાઓનો અમને પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ એકઠા થયેલા ભાઈ-બહેનોનો પરસ્પર ઓળખાણવિધિ થયો હતો. પછી સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ શ્રી બળવંતભાઈ સાથેના પોતાના વર્ષોજૂના સંબંધોનો ઉલ્લેખ કરીને આ વખતની ચૂંટણીના આશ્ચર્યજનક પરિણામ વિષે ઈશારો કરતાં જણાવ્યું હતું કે "આ વખતની ચૂંટણીમાં શ્રી બળવંતભાઈને મળેલી અણધારી, અણકલ્પી નિષ્ફળતાથી આપણ સર્વેએ ખૂબ આશ્ચર્ય અને તેમના વિષે ઊંડી સહાનુભૂતિ અનુભવી છે. આપણા જીવનમાં આવું કાંઈક અણધાર્યું બને છે તેનો સૌ પ્રથમ આપણને અવશ્ય આઘાત લાગે છે, પણ કુદરતના ક્રમમાં આવી નિષ્ફળતા ઘણી વખત જીવનના કોઈ જુદા જ અણધાર્યા ઉત્કર્ષની નિર્માતા બનતી માલૂમ પડે છે. આપણે જાણીએ છીએ કે અરવિંદ ઘોષને ઘોડેસ્વારીની પરીક્ષામાં મળેલી નિષ્ફળતાએ તેમના જીવનની દિશામાં અણધાર્યો પલટો પેદા કર્યો અને યોગસાધનાનું દ્વાર ખુલ્લું કર્યું અને તે દ્વારા તેમણે એક લોકોત્તર પુરુષનું પદ પ્રાપ્ત કર્યું. આવી રીતે બળવંતભાઈને મળેલી આ વખતની નિષ્ફળતા તેમના માટે અણધાર્યા એવા કોઈ નવા જ ઉત્કર્ષનું નિર્માણ કરવાનું નિમિત્ત બને એવી આશા અને શુભેચ્છા હું વ્યકત કરું છું" આમ કહીને આગળ વધતાં તેમણે જણાવ્યું હતું કે "આજે જ્યારે ચૂંટણીમાં નિષ્ફળ બનાવીને ઈશ્વરે તેમને થોડીક નવરાશ આપી છે અને તેમના માથેના કામનો બોજો હળવો કર્યો છે, ત્યારે મારી તેમને એક સૂચના છે કે, તેઓ પોતાનાં જીવનસ્મરણો લખવાનું કામ હાથમાં લે. આ સૂચના તેઓ પોતાની મહત્તાનું વર્ણન કરે એ માટે નથી કરતો, પણ રાજકારણના ક્ષેત્રે અગ્રગણ્ય ગણાતી લગભગ સર્વ વ્યકિતઓના તેઓ સીધા પરિચયમાં આવ્યા છે અને તેમાં પણ સર્વોત્કૃષ્ટ લેખાતા રાજપુરુષો—ગાંધીજી અને નહેરૂ-ની નિકટમાં રહેવા, વસવા અને વિચરવાનું સદ્‌ભાગ્ય તેમને પ્રાપ્ત થયું છે અને અનેક ક્ષેત્રોમાં કાર્ય કરતાં કરતાં તેમણે બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો છે—આ કારણે તેમનાં સ્મરણો જો વ્યવસ્થિત રીતે લખાય તો તે અનેક ઉપયોગી માહિતીથી ભરપુર અને છેલ્લા પચ્ચાસ વર્ષના ઈતિહાસ ઉપર માર્ગદર્શક પ્રકાશ પાડનારા હશે એમ સમજીને આ સૂચના હું કરું છું. ત્યાર બાદ મુંબઈ જૈન યુવક સંઘની જુદી જુદી પ્રવૃત્તિઓનો મહેમાનોને ખ્યાલ આપવામાં આવ્યો, તેનું કાર્યક્ષેત્ર વિસ્તારવા અંગે કેટલીક ચર્ચા વિચારણાં ચાલી અને છેવટે મુ. શ્રી બળવંતભાઈએ માથેરાન જેવા રમ્ય સ્થળમાં આવો સુંદર ભોજન પ્રસંગ ગોઠવીને સંઘના અધિકારીઓ અને સભ્યોને તેમ જ તેમનાં કુટુંબીજનોને મળવાની તક આપવા બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો આભાર માનતાં જણાવ્યું કે "ચૂંટણી અંગે જે થયું તે થઈ ગયું, લોકશાહીમાં આવા અકસ્માતો થયા જ કરે છે. આમાં આપણને ગમે, ન ગમે તેવાં જે કાંઈ પરિણામ આવે તે ખેલદિલીથી સ્વીકારી લેવા તે આપણો ધર્મ છે એમ સમજીને જે કાંઈ બન્યું તેને મેં સમભાવપૂર્વક સ્વીકારી લીધું છે, અને સાથે સાથે મારા માથે જે બીજાં અનેક કામોની જવાબદારી છે તેમાં વધારે એકાગ્ર બનીને દેશની બને તેટલી સેવા કરવા ધારું છું. સાથે સાથે પરમાનંદભાઈએ જે સૂચના કરી—મારા પોતાનાં જીવનસ્મરણો લખવાને લગતી—આ સંબંધમાં જણાવવાનું કે મને એક જોષીએ કેટલાકએક સમય પહેલાં કહેલું કે તમે તમારું ચરિત્ર જરૂર લખવાના છો. એ વખતે તત્કાળ વર્તમાન અને ભવિષ્યનો વિચાર કરતાં આ તેની આગાહી સાચી પડવાની મને કોઈ શકયતા દેખાતી નહોતી; પણ આજે જ્યારે કલ્પેલો રાહ બદલાયો છે અને ધારું તે લખવાની શકયતા ઊભી થઈ છે ત્યારે સંભવ છે કે પરમાનંદભાઈની સૂચનાનો અમલ કરવા તરફ મન વળે અને તેઓ માગે છે, ઈચ્છે છે તેવું કાંઈક લખાય. આ રીતે તેમની સૂચના ધ્યાનમાં રાખવાની તેમને હું ખાતરી આપું છું." આ રીતે રાજકારણી આગેવાનો સાથેનું અપૂર્વ સુભગ મિલન સમાપ્ત થયું.

તે જ દિવસે બપોરે એક બીજો સમારંભ શ્રી સુંદરજી બેટાઈના કાવ્યવાંચનનો રાખેલો. સુપ્રસિદ્ધ, પ્રૌઢ કવિ શ્રી બેટાઇ અમારી નજીકના સેનેટોરિયમમાં રહેતા હતા. એમને સાંભળવાની તક અમે શેની જતી કરીએ? એમણે એમની હળવી પ્રસન્ન શૈલીમાં એમના વતન—કચ્છ—ના જીવંત વર્ણન સાથે આરંભ કર્યો. ધીમે ધીમે શૈલી ધીર ગંભીર થતી ગઈ. એમની ભાવભરી વિદ્યાર્થિનીઓને વિદાય આપતાં અનુભવેલી આર્દ્ર વત્સલતા અમને પણ સ્પર્શી ગઈ. એમના હૃદયમાં હિમાલયે જગાવેલાં ચિંતનપૂર્ણ સંવેદનો પણ મન પર ઊંડી છાપ પાડી ગયાં. એમના વિચારોની પરિપકવતા અને રજુઆતની વિશદતા આજના કવિને પ્રેરક બને તેવા હતી.

આવા સમારંભોએ અમારા માથેરાનના આનંદને સાંસ્કારિકતા અને ગહનતાનો ઓપ આપ્યો.

જ્યારે જ્ઞાન અને ગમ્મત ભેગા મળે ત્યારે એની વધુ ઉંડી કૃતાર્થતા અનુભવાય છે.

૩૦ મી તારીખે આ મંડળી પાછી ફરતી હતી ત્યારે ગાડીમાંથી દૂર દેખાતાં સ્વજનો જેવા એક એક પોઈંટસને ઓળખતાં ઓળખતાં સૌના મનમાં એ જ ભાવ જાગતો હતો કે, 'માણ્યું મેં માથેરાન."

**માણ્યું મેં માથેરાન.**
**માનવ ને કુદરતનાં જેમાં**
**ગૂંજ્યાં રસમય ગાન,**
**......માણ્યું મેં માથેરાન.**

**ઝરણાં શો કલરવ માણ્યો**
**ને ગિરિવરની ઊંચાઈ,[1]**
**પંખીરવમાં બજી રહી અમ**
**સ્વાગતની શરણાઈ;**
**પગલેપગલે ધરાધૂલિએ**
**ચોળ્યાં મેંદી પાન,[2]**
**......માણ્યું મેં માથેરાન.**

**હવા થઈ હળવી ફૂલ જેવી,**
**શીતલ મધુરપ છાઈ,**
**ચેતનથી થનગનતાં ઉરની**
**આભા જગે ઝીલાઈ;**
**ગિરિવરમાંહે ગગનવાસીએ**
**દીધાં દર્શન—દાન,[3]**
**......માણ્યું મેં માથેરાન !**

**ગીતા પરીખ**

# પંચાયત રાજ્ય

લોકશાહીને સફળ બનાવવી હોય તો પાંચ વર્ષે ચૂંટણીઓ આવે ત્યારે લોકો મતદાન પૂરતા સક્રિય થાય ને પછી પોતાપોતાના ખાનગી કામમાં લાગી જાય એ પૂરતું નથી...સાચી અને સફળ લોકશાહીમાં એક એક નાગરિક પોતાનું કામ જેવી કુશળતાથી કરે છે તેવી જ રીતે જાહેર કામ પણ રસ લઈને કુશળતાપૂર્વક કરે એ જરૂરનું છે. આને માટે એવું વિચારવામાં આવ્યું છે કે જો સત્તાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવે, એટલે કે ઉપરના થરોમાં ભેગી થયેલી સત્તાને વહેંચી નાખવામાં આવે તો બધા જ માણસો જાહેર કામોમાં રસ લે અને તે વધારે સારાં તથા ઝડપથી થાય. આ માટે આપણે એક પંચાયત ધારો કર્યો છે, જેનો અમલ ગુજરાત રાજ્યમાં ૧લી મે, ૧૯૬૨ થી શરૂ થયો છે.

આ કાયદો ખરેખર ક્રાન્તિકારી છે. એમાં લોકોને જે સત્તા આપવામાં આવી છે તેનો જો સાવધાનીપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો છેલ્લાં સો વર્ષમાં જે કામ ગામડાં નથી કરી શક્યાં તે હવે પછીનાં પાંચ વર્ષોમાં કરી શકશે. આ કાયદા પ્રમાણે દરેક જિલ્લામાં ચાર પ્રકારની પંચાયતો અમલમાં આવશે: ગ્રામ, નગર, તાલુકા ને જિલ્લા પંચાયત. ગ્રામ પંચાયત એક કે વધારે ગામડાંની—બનશે. એના વિસ્તારમાં માત્ર દસ હજાર સુધીની વસતિ હોવી જોઈએ. પછી દસથી ત્રીસ હજારનાં વિસ્તારમાં નગર પંચાયત સ્થપાશે.

આપણે જેને તાલુકો કહીએ છીએ તેમાં એમના પ્રતિનિધિઓમાંથી તે તે તાલુકાની તાલુકા પંચાયત સ્થપાશે અને એ જ રીતે જિલ્લાના વિસ્તારમાં જિલ્લા—પંચાયત સ્થપાશે. ગામડાં તથા શહેરના આ વિસ્તારોમાં રહેતાં ૨૧ વર્ષની ઉપરનાં બધાં સ્ત્રી-પુરુષો ત્યાં ત્યાં મતદાર થઈ શકશે અને દરેક મતદાર પંચાયતની ચૂંટણીમાં ઉભો રહી શકશે. દર ચાર વર્ષે આવી ચૂંટણીઓ થશે. ગ્રામ પંચાયતમાં નવથી પંદર જેટલા અને નગર—પંચાયતમાં ૧૫ થી ૩૧ જેટલા સભ્યોને ચૂંટવાના રહેશે. આમાં સ્ત્રીઓ અને પછાત વર્ગના બે સભ્યોને ફરજિયાત લેવાના રહેશે. ચૂંટાયેલા સભ્યો પછી સરપંચ અને ઉપ-સરપંચને ચૂંટી કાઢશે અને એ લોકો પછી પંચાયતનો કારભાર ચલાવશે.

દરેક ગ્રામ પંચાયતના સરપંચ અને નગર પંચાયતના ચેરમેનને તાલુકા-પંચાયતમાં સ્થાન મળશે. આ ઉપરાંત સહકારી મંડળીઓના અધ્યક્ષોએ ચૂંટેલા સભ્યો, ૨ સ્ત્રીઓ, ૨ પછાત વર્ગના સભ્યો તથા તે તાલુકાના મતદાર મંડળમાંથી ચૂંટાએલા ધારાસભ્ય પણ તાલુકા-પંચાયતના સભ્ય થશે. તે તાલુકાના મામલતદાર તથા તાલુકામાં આવેલી સુધરાઈઓના પ્રમુખો પણ તાલુકા-પંચાયતના સભ્યો થશે. આ બધા સભ્યો પોતાના પ્રમુખ ને ઉપ-પ્રમુખ ચૂંટી કાઢશે અને પછી એ બધા તાલુકાનો વહીવટ ચલાવશે.

દરેક તાલુકા-પંચાયતના પ્રમુખને જિલ્લા-પંચાયતમાં સ્થાન મળશે. આ ઉપરાંત બધી તાલુકા-પંચાયતો પોતાનો એક સભ્ય ચૂંટીને જિલ્લા પંચાયતમાં મોકલશે. આમાં પણ બે સ્ત્રીઓ અને પછાત-વર્ગના સભ્યોને માટે જગ્યાઓ અનામત રાખવી પડશે. આ ઉપરાંત જિલ્લામાં રહેતા બે કેળવણી નિષ્ણાતો, લોકસભા અને રાજ્યસભાના તે વિસ્તારમાં રહેતા સભ્યો, ત્યાંના વિધાનસભાના સભ્યો, જિલ્લા કલેકટર તથા સુધરાઈઓના પ્રમુખો પણ જિલ્લા પંચાયતના સભ્યો થશે.

જિલ્લા કે તાલુકાના ભલા માટે જે કામો કરવાની સત્તા કલેકટર કે મામલતદારને હતી, જે જે કરવેરા તેઓ ઉઘરાવી શકતા અને કાયદો તથા વ્યવસ્થા સાચવવા તેઓ જે કાંઈ કરતા તે લગભગ બધી જ સત્તાઓ હવે આ ચારે પ્રકારની પંચાયતોને આપી દેવામાં આવી છે. પોતાના વિસ્તારના રસ્તા સારા કરવા, પ્રજાજનોને પાણીની અને ગટર ઈ. ની સગવડ આપવી, ભણતર માટે વ્યવસ્થા કરવી, ઉત્તમ આરોગ્ય સચવાય તેને માટે કામ કરવું, ઉત્પાદન વધે તે જોવું, સહકારી મંડળીઓ દ્વારા વેપાર ઈ. ને ઉત્તેજન આપવું, આ અને આવાં અનેક કામો હવે પંચાયતો જુદી જુદી સમિતિઓ (જેવી કે શિક્ષણ સમિતિ, જાહેર બાંધકામ સમિતિ, આરોગ્ય સમિતિ જેવી સમિતિઓ) દ્વારા કરી શકાશે. આ બધાં કામ માટે તેઓ પોતાની નોકરીમાં માણસોને સીધા રાખી શકશે. એવી નોકરીઓ માટે માણસો પસંદ કરવામાં રાજ્યમાં 'પબ્લિક સર્વિસ કમિશન' હોય છે તેવાં મંડળો પણ જિલ્લાઓમાં સ્થપાશે. પંચાયતના નોકરો રાજ્યમાં જઈ શકશે અને રાજ્યના નોકરની જરૂર હોય તો તેવી સેવા પંચાયતોને આપી શકાશે. આ ઉપરાંત પોતપોતાના વિસ્તારોમાં ગુના ન થાય તે જોવાની અને થાય તો અમુક પ્રકારના ગુનાઓની તપાસ કરી ન્યાય આપવાની સત્તા પણ પંચાયતોને આપવામાં આવી છે.

આ બધું કામ કરવા નાણાંની મદદ જોઈએ તે સ્વાભાવિક છે. પંચાયત ધારામાં પંચાયતોને જુદી જુદી જાતના કરવેરા (જેવા કે પાણી વેરો, ઓકટ્રોય, મેળા વેરો વગેરે) નાખવાની અને ઉઘરાવવાની સત્તા આપવામાં આવી છે. આ ઉપરાંત એમને રાજ્ય તરફથી નક્કી કરેલી 'ગ્રાન્ટ' પણ મળશે અને એ રીતે અત્યાર સુધીની પંચાયતોને હમેશ નડતો નાણાંનો પ્રશ્ન પણ સારી રીતે ઉકેલવામાં આવ્યો છે.

'કુમાર'માંથી સાભાર ઉદ્ધૃત **દામુભાઈ શુકલ**

ટીપ્પણ: ૧ ઝરણાંના કલરવમાં બાળસહજ કલ્લોલ અને ગિરિવરની ઉંચાઈમાં વડિલોનો ગૌરવભર્યો આનંદ અભિપ્રેત છે. ૨ માથેરાનની લાલ માટીએ અમારી પાનીઓ લાલલાલ કરી દીધેલી. ૩ પર્વતના પ્રકૃતિસૌંદર્યમાં ઈશ્વરદર્શન જેવો આનંદ પ્રાપ્ત થતો હતો.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| શોષણ-મુકિતનો સરળ ઈલાજ: 'અમર' રૂપિયાને નશ્વર બનાવો! | અપ્પાસાહેબ પટવર્ધન | ૧૧ |
| વિમલા ઠકારના વૈચારિક પરિવર્તનોની કહાણી | વિમલા ઠકાર | ૧૩ |
| 'માણ્યું મેં માથેરાન' | ગીતા પરીખ | ૧૫ |
| પંચાયત રાજ્ય | દામુભાઈ શુકલ | ૧૭ |
| પ્રકીર્ણ નોંધ: ગુજરાતી સાહિત્યના આજીવન ઉપાસક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહની સન્માન અંજલિ, શ્રી પ્રભાશંકર પોપટભાઈ જનરલ હૉસ્પિટલનું ઉદ્ઘાટન, ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ અને પરિવર્તનભીરૂ સ્થાનકવાસી આગેવાનો. | પરમાનંદ | ૧૮ |
| નવ ગ્રહોની પીડા | કાકાસાહેબ કાલેલકર | ૨૦ |

# પ્રકીર્ણ નોંધ

## ગુજરાતી સાહિત્યના આજીવન ઉપાસક
### શ્રી ચુનીલાલ વર્ધમાન શાહને સન્માન અંજલિ

ગુજરાતના સૌથી વયોવૃદ્ધ સાક્ષર, નવલકથાકાર, પત્રકાર શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ તા. ૨-૫-૬૨ ને દિને, લગભગ ૫૭ વરસની સાહિત્ય-સાધના પછી ૭૫ મું વર્ષ પૂરું કરી ૭૬ માં વરસમાં પદાર્પણ કરે છે.

પોતાના ૭૫ મા વરસનું ઊજવણું એમણે અનેરી રીતે જ, 'કંટકછાયો પંથ' નામની ગુજરાતના ગઈ દોઢ સદીના સર્વાંગીણ ઈતિહાસની ભૂમિકા પર રચાયેલી અગિયારસો પાનાંની મહાનવલકથા પૂરી કરીને કર્યું છે.

જન્મ તા. ૨-૫-૧૮૮૭ ને દિને વઢવાણ શહેરમાં. માતાનું નામ નાથીબાઈ, પિતા વર્ધમાન ફુલચંદ શાહ. દાજીરાજ હાઈસ્કૂલમાં ઝળકતા વિદ્યાર્થી તરીકે મેટ્રિકમાં ૧૯૦૩માં મોખરે આવેલા. પોલીટિકલ એજન્સીનું રૂ. ૫૦ નું પારિતોષિક મેળવેલું.

સામાન્ય આર્થિક સ્થિતિને લીધે વધુ અભ્યાસ તજી તેઓ શિક્ષકના ધંધામાં પડયા, પણ વલણ સાહિત્ય અને પત્રકારત્વ તરફ હોઈ ૧૯૦૬ માં અમદાવાદમાં 'રાજસ્થાન' પત્રમાં, ને તે પછી ૧૯૦૯ થી 'પ્રજાબંધુ' પત્રમાં જોડાયેલા.

લેખનકાર્ય તેમણે કવિતાથી શરૂ કરેલું. પ્રતિષ્ઠિત માસિકો-'વસંત', 'સમાલોચક'માં એમની કવિતાઓ આવતી. અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત, મરાઠી, હિંદી, બંગાળી અને થોડું ઉર્દુ ભાષાનું જ્ઞાન ધરાવે છે. ગુજરાતી પત્રકારત્વમાં 'સાહિત્ય-ચર્ચાનું સૂક્ષ્માવલોકન' મથાળાથી સાહિત્ય વિષયક ચર્ચા તેમણે જ સૌથી પહેલી 'પ્રજાબંધુ'માં પ્રારંભેલી. એ કંડિકાઓમાં તેમનું ભાષાજ્ઞાન અને સાહિત્યજ્ઞાન દીપી નીકળતું.

સને ૧૯૦૪ માં એમની ૧૭ વર્ષની ઉંમરે એમની પહેલી નવલકથા '**વિમળા**' પ્રકટ થયેલી. પછી તો સામાજિક અને ઐતિહાસિક નવલકથાઓ એમની કલમે સતત આવ્યા કરી છે. 'સોમનાથનું શિવલિંગ', 'ધારાનગરીનો મુંજ', 'વસઈનો ઘેરો' ઈ. થી શરૂ કરી અતિ યશસ્વી બનેલી કર્મયોગી રાજેશ્વર, રાજહત્યા, અવંતીનાથ, રૂપમતી, નીલકંઠનું બાણ, એકલવીર, પરમ આર્હત, ચાણકય ને ચંદ્રગુપ્ત વગેરે નવલકથાઓ આપી છે. પાછળની કૃતિઓમાં તેમની પ્રતિભા સવિશેષ ઝળકી ઊઠી છે. સામાજિક-સાંસારિક કથાઓમાં પણ તેમની કથાઓ ઉત્તરોત્તર વિકાસ દર્શાવતી રહી છે. 'જ્યોત અને જ્વાળા' તથા 'નગ્ન સત્ય' એ અદ્‌ભુત રસની અને 'લતા અને લલિતા' એ સાંસારિક કથાથી આરંભી તેમણે સરજેલી 'જિગર અને અમી', 'તપોવન', 'વિષચક્ર', 'પ્રયણ અને પરિણય', 'છાશ અને માખણ', 'કાળજાનો ઘા', 'સંધિકાળ', 'મનોજવન,' 'એક માળાનાં ત્રણ પંખી' ઈત્યાદિ કથાઓ લોકપ્રિય નીવડી છે. 'છાશ અને માખણ'ને મુંબઈ સરકારનું રૂ. ૫૦૦ નું ઇનામ મળ્યું હતું. ઉપરાંત 'સંધિકાળ' નવલકથા માટે ૨૦૦૦ નું, ને 'શ્રેયોમાર્ગ' માટે ૧૦૦૦ નું એમ લગભગ દર વરસે એમની એકાદ કૃતિને શ્રેષ્ઠતાનું ઈનામ મળતું જ રહ્યું છે. રૂપાનો ઘંટ, નાગવેણી, વર્ષા, એકદંડિયો મહેલ, કાળની કલમે, સંસારને ઓવારે—વગેરે એમના લઘુ કથા-સંગ્રહો છે.

હાલમાં તેઓ '**વિષાણુચક્ર**' નામની નવલકથા ધારાવાહિક રૂપે લખી રહ્યા છે, અને ટૂંકી વાર્તાઓ તથા ઉદ્‌બોધક લેખો દ્વારા સમગ્ર ગુજરાતને સંસ્કાર-પિયૂષનાં પાન કરાવી રહ્યા છે.

જવાબદાર, કર્તવ્યનિષ્ઠ અને મૌલિક સંયોજનશકિતવાળા પત્રકાર તરીકે તેમણે ખૂબ નામના મેળવી છે. તેમની એ શકિતઓનો આવિષ્કાર 'પ્રજાબંધુ'માં નજરે પડતો. તેમનું ધીર ગંભીર સાહિત્યવિવેચન તેમની 'સાહિત્યચર્ચા'ની કંડિકાઓમાં તેમ જ ગ્રંથ-સમાલોચનામાં ગુજરાતે માણ્યું છે. તેમની સાહિત્ય સેવા બદલ ગુજરાતે ૧૯૩૭ નો રણજીતરામ સુવર્ણચંદ્રક અર્પી તેમની કદર કરી છે. સને ૧૯૪૧ માં ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પત્રકારત્વ વિભાગના પ્રમુખપદે તેમને સ્થાપીને ગુજરાતે ગુણજ્ઞતા દાખવી છે.

સને ૧૯૫૩ માં પત્રકારત્વમાં ૪૪ વર્ષની કામગીરી બાદ નિવૃત્ત થઈ, નિરભિમાનપણે અને શાન્તિથી તેઓ સાહિત્યની ઉપાસના કર્યે જાય છે.

પંચોતેર—છોતેરમે વરસે પણ તેઓ શાંત, સૌમ્ય, સુશીલ પ્રકૃતિ, શાણપણ, નિયમિત આહાર ને સંયમાદિ સુટેવો વડે સરસ આરોગ્ય ભોગવી રહ્યા છે અને રોજ પાંચેક કલાક સ્વાધ્યાય અને લેખનમાં ગાળે છે.

આ મંગળ પ્રસંગે સમગ્ર ગુજરાત તેમને સારુ નીરોગી દીર્ઘાયુષ વાંછે છે, તેમાં અમે અમારો સૂર ભેળવીએ છીએ.

પ્રભુ તેમને શતાયુ કરો, અને તેમની કલમનો લાભ ગુજરાતને લાંબા કાળ સુધી અપાવો!

## શ્રી પ્રભાશંકર પોપટભાઈ જનરલ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન

મુંબઈના વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ સંચાલિત જૈન કિલનિકની ૧૯૪૯ ની સાલમાં સ્થાપના કરવામાં આવેલી. તેની શરૂઆત શ્રી પ્રભાશંકર પોપટભાઈ સાર્વજનિક જન દવાખાના વડે થઈ હતી. વર્ષોના વહેવા સાથે એકસરે વિભાગ, પેથોલૉજી વિભાગ, કન્સલ્ટેશન વિભાગ, ઈલેકટ્રો કાર્ડિયોગ્રામ વિભાગ, ઈલેકટ્રો થેરેપી વિભાગ, ક્ષયનિવારણ વિભાગ, આંખની હૉસ્પિટલ, દંત-વિભાગ,—આમ એક પછી એક વિભાગો શરૂ કરવામાં આવ્યા છે અને જેમ વાવેલું વડનું વૃક્ષ નવી નવી વડવાઈઓનાં મૂળ જમીનમાં નાંખીને વિસ્તરતું જાય તેમ તેમ જૈન કિલનિકના કાર્યક્ષેત્રનો વિસ્તાર ઉત્તરોત્તર વધતો ગયો છે. અહીં બી. સી. જી. સેન્ટર અને ડાયાબિટિક કિલનિક પણ ખોલવામાં આવેલ છે. તાજેતરમાં મે માસની પાંચમી તારીખે મુંબઈના નવા રાજ્યપાલ ડૉ. પી. સુબ્બરાયનના હાથે ૨૦ બીછાનાવાળી શ્રી પ્રભાશંકર પોપટભાઈ જનરલ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. મુંબઈ શહેરના બીજા મોટા મોટા હૉસ્પિટલોની સાથે સરખાવતાં આ ૨૦ બીછાનાવાળી હૉસ્પિટલને બેબી હૉસ્પિટલ તરીકે ઓળખાવી શકાય. પણ આ હકીકત ઉપરથી કોઈ એમ ન માને કે જૈન કિલનિકના સંચાલકોને આટલા નાના હૉસ્પિટલથી સંતોષ છે. તેમનો મનોરથ આ રાહતકાર્યને બને તેટલું વિસ્તારવાનો છે પણ તેમની મુશ્કેલી જગ્યાની છે, અતિ ગીચ વસ્તીવાળા વિભાગમાં તત્કાળ આથી વધારે સગવડ આપવાનું શકય નથી. આ કિલનિકનું સંચાલન મુંબઈનો સ્થાનકવાસી સંઘ કરે છે. તેના આગેવાનોને અને તેમાં પણ તેમનામાંના એક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહને એ માટે ધન્યવાદ ઘટે છે કે તેમણે પોતાના સમાજના દિલમાં રહેલી ઉદારતાના પ્રવાહને લોકસેવાની આ પરમ ઉપકારક પ્રવૃત્તિ તરફ વાળ્યો છે અને આજે એવી સ્થિતિ ઊભી થઈ છે કે તેઓ જૈન કિલનિકના કાર્યવિસ્તાર માટે ધારે તેટલું દ્રવ્ય સહજમાં પ્રાપ્ત કરી શકે તેમ છે. જેમ જેમ જગ્યાની સગવડ વધતી જશે તેમ તેમ નવાં નવાં બાંધકામો થતાં જશે અને દર્દ-નિવારણની નવી નવી પ્રવૃત્તિઓ નિર્માણ થતી જશે. આ અંગે જૈન કિલનિકના સંચાલકો તરફથી એક દળદાર ગ્રંથ—૧૪ મો વાર્ષિક અહેવાલ-બહાર પાડવામાં આવ્યો છે અને તેમાં જૈન કિલનિકના આજ સુધીના વિકાસની વિગતો સુવ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી છે. આમ જૈન કિલનિકનો લાભ દરેક કોમના લોકોને કશા પણ ભેદભાવ વિના આપવામાં આવે છે અને તેના દર પણ બહુ જ હળવા રાખેલા હોઈને જેને આપણે નીચલા થરના લોકો તરીકે ઓળખીએ છીએ તે લોકો ઘણા સારા પ્રમાણમાં આ સંસ્થાનો લાભ લે છે. આ સંસ્થાના બે આત્માઓ છે—એક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેમણે પોતાની કોમના શ્રીમાનોને આ દયાદાનના નવા ચીલા તરફ દોર્યા છે અને બીજા

ડૉ. કાન્તિલાલ સાંગાણી જે આ જૈન કિલનિકના ચીફ મેડિકલ ઑફિસર છે અને જેમણે આ કાર્યને એક મિશનરીની અદાથી અપનાવ્યું છે અને આટલા સંગીન પાયા ઉપર લાવી મૂકયું છે. જૈન ઉપાશ્રયની બાજુએ આ રૂગ્ણ રાહતની ભવ્ય સંસ્થાને ઊભી કરીને સ્થાનકવાસી સંઘના આગેવાનોએ એક નવી પરંપરા ઊભી કરી છે અને આનું અનુસરણ મુંબઈના બીજા વિભાગના ઉપાશ્રયોએ પણ કરેલ છે. આપણે આશા રાખીએ કે આ પરંપરાનું ચોતરફ અનુસરણ કરવામાં આવે અને જેવી રીતે રામકૃષ્ણ મિશનની જ્યાં જ્યાં શાખા હોય ત્યાં ત્યાં માનવ રાહતનું કાંઈ ને કાંઈ કામ ચાલતું જ હોય છે એવી રીતે જ્યાં જ્યાં જૈન ઉપાશ્રય હોય ત્યાં ત્યાં માનવી દર્દનિવારણની કોઈ ને કોઈ પ્રવૃત્તિ—જૈન કિલનિકના આકારની—ચાલતી જ હોય. જૈન ઉપાશ્રય અને જનસેવા આ રીતે અવિનાભાવથી સંકળાતાં રહે તો 'મિત્તિ મે સવ્વ ભૂએસુ' એ સૂત્રને મૂર્તિમન્ત કર્યાનો સંતોષ આપણે જરૂર અમુક અંશમાં અનુભવતાં થઈએ.

**ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ અને પરિવર્તનભીરૂ સ્થાનકવાસી આગેવાનો**

મુંબઈ ખાતે ગત એપ્રિલ માસની ૧૭ મી તારીખે જૈન સમાજના બધા વિભાગો તરફથી કાંદાવાડીમાં આવેલા જૈન સ્થાનકવાસી સમાજના ઉપાશ્રયમાં સંયુકત રીતે મહાવીર જયન્તી ઉજવવામાં આવી હતી અને એ પ્રસંગે જૈન સાધુઓ તેમ જ મહાસતીઓનાં પ્રવચનો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયેલાં ભાઈ-બહેનો સરળતાથી સાંભળી શકે એ રીતે ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવી હતી. આ મહાવીર જયંતીનું આયોજન કરવામાં સ્થાનકવાસી સમુદાયના જાણીતા આગેવાન અને મારા મિત્ર શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ અગ્રભાગ ભજવ્યો હતો અને સ્થાનકવાસી સમાજના અમુક આગેવાનો તે સંપ્રદાયના સાધુ સાધ્વીઓ ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરે તેને હજુ સંમત કરતા નથી એવી પરિસ્થિતિમાં મહાવીર જયન્તી જેવા પ્રસંગે ઉપસ્થિત થતા બહુ બહોળા જન—સમુદાયને પહોંચી વળવા માટે અનિવાર્ય બનેલા ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ અંગે શું કરવું એ વિષે કાંઈક મુંઝવણ અનુભવતાં મહાસતી ઉજજવલકુમારીને મહાવીર જયન્તી પ્રસંગે વ્યાખ્યાન આપવાનું નિમંત્રણ આપવા માટે બીજા સાથીઓ સાથે આવેલા શ્રી ખીમચંદભાઈએ "આ પ્રસંગે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવાનો છે એટલે સભાસંચાલનમાં કશી મુશ્કેલી નહિ આવે" એમ સ્પષ્ટપણે જણાવીને આ બાબતમાં તેમને નચિન્ત કર્યા હતા.

આ જ ખીમચંદભાઈ મે માસની પહેલી તારીખના હિંદી જૈન પ્રકાશના અગ્રલેખમાં જણાવે છે કે "જ્યાં સુધી સ્વચ્છન્દ અને અપવાદ કોને કહેવો અને તેનું પ્રાયશ્ચિત શું હોઈ શકે છે એ બાબતનો નિર્ણય ન થાય ત્યાં સુધી ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ ન થવો જોઈએ એવી સૌ કોઈની નૈતિક જવાબદારી છે, પરંતુ તેની સામે જેઓ ઉપયોગ કરી રહ્યા છે અથવા ઉપયોગ કરવાના સમર્થક છે તેઓ એમ કહે છે કે યંત્રનો ઉપયોગ અત્યાવશ્યક હોય અને તેના ઉપયોગથી અધિક હિત થવાની શકયતા હોય તો તેવા પ્રસંગે તેઓ અપવાદરૂપે તેનો ઉપયોગ કરવાની ઈચ્છા કરે છે અને એ માટે જે પ્રાયશ્ચિતદંડ નિશ્ચિત હોય તે લેવા માટે તૈયાર છે. પરંતુ દુર્ભાગ્યવશાત એવાં કેટલાયે કારણોને લીધે સ્વચ્છન્દ, અપવાદ, અને પ્રાયશ્ચિતનો નિર્ણય વર્ષો વીતી જવા છતાં થઈ શકયો નથી અને પરિણામે ધીરે ધીરે વ્યાપક પ્રમાણમાં ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ થવા લાગ્યો છે. આ બાબતમાં અધિકારી લેખાતા મુનિરાજો પણ અલગ રહી શકયા નથી."

સાધુ સાધ્વીઓથી થતા ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગના સંદર્ભમાં, ઉપર જેમના વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવા શ્રી ખીમચંદભાઈના આ વિચારો વાંચીને ભારે આશ્ચર્ય થાય છે. જૈન સાધુ યા સાધ્વીઓનાં વ્યાખ્યાનો યોજવા પાછળ, સામાન્ય જનસમાજને તેમની પવિત્ર વાણીનો અને તે દ્વારા અભિવ્યકત થતા ધર્મવિચારોનો બને તેટલા વધારે પ્રમાણમાં વધારે લાભ મળે આ પ્રકારનો આશય રહેલો છે. આ માટે દરેક ઉપાશ્રયમાં એક મોટું સભાગૃહ હોય છે, આજ માટે મોટો જનસમુદાય બેસી શકે એવાં સ્થળો પસંદ કરવામાં આવે છે અથવા તો મોટાં વ્યાખ્યાન-મંડપો ઊભા કરવામાં આવે છે, આજે ધ્વનિવર્ધક યંત્રની શોધ થતાં હજારો માણસો ગમે તેટલે દૂરથી વ્યાખ્યાતાને અક્ષરશઃ સાંભળી શકે છે. તો સાધુ સન્તોની વાણીનો બને તેટલા બહોળા પ્રમાણમાં જન-સમુદાયનો લાભ મળે તે માટે આવાં જાહેર વ્યાખ્યાનો ગોઠવનારાઓની અનિવાર્ય ફરજ છે કે આવા પ્રસંગે ધ્વનિવર્ધક યંત્રની જરૂરી સગવડ પૂરી પાડવી. આ યંત્ર કાંઈ વ્યાખ્યાન આપનાર સાધુ-સાધ્વીએ ગોઠવવાનું હોતું નથી. તેમનું કામ છે વ્યાખ્યાન આપવાનું. તે વ્યાખ્યાનને અનેક લોકો માટે શ્રવણ-સુલભ બનાવવાની ફરજ છે સામાજિક કાર્યકર્તાઓની કે સંઘના આગેવાનોની. આ ગોઠવણ પાછળ કાંઈ દોષ લાગતો હોય તો તે દોષ ગોઠવણ કરનારને લાગે, તે ગોઠવણનો અનાયાસે ઉપયોગ કરનાર સાધુ સાધ્વીને લાગી ન શકે. વસ્તુસ્થિતિ આવી હોય ત્યાં સ્વચ્છંદ, અપવાદ કે પ્રાયશ્ચિતના વિચારને કોઈ અવકાશ જ નથી—સિવાય કે વ્યાખ્યાન આપનાર સાધુ સાધ્વી શ્રોતાગણની ઈચ્છા વિરુદ્ધ થઈને આવી સગવડનો આગ્રહ રાખે.

આ રીતે વિચારતાં સાધુ સાધ્વીઓનાં વ્યાખ્યાનોમાં હવે વિના રોકટોક ધ્વનિવર્ધક યંત્રની સગવડ પૂરી પાડવાની જવાબદારી સંઘની અને આગેવાન કાર્યકર્તાઓની ફરજ બને છે. આમ છતાં આજના દેશકાળની—લોકોની—સ્વાભાવિક માંગની સામાન્ય સુઝ હોવાની જેમની પાસેથી આશા રાખી શકાય એવા ખીમચંદ-ભાઈ અને તેમના સાથીઓ આવી એક નાની બાબતમાં સ્વચ્છંદ, અપવાદ અને પ્રાયશ્ચિતની વાતો કરે ત્યારે આ આગેવાનો કેટલા પરિવર્તનભીરૂ છે તેનો કાંઈક ખ્યાલ આવે છે અને તે જોઈને વિસ્મય તેમ જ ગ્લાનિનો અનુભવ થાય છે.

ખીમચંદભાઈના ઉપરના લખાણનો જાણે કે પ્રત્યાઘાત ન હોય તેમ મે માસની પાંચમી તારીખે શ્રી મેઘજી થોભણ ધર્મ-સ્થાનકમાં મહારાષ્ટ્રના નવા રાજ્યપાલ ડૉ. પી. સુબ્બરાયનના હાથે શ્રી પ્રભાશંકર પોપટભાઈ જનરલ હૉસ્પિટલના ઉદ્દઘાટન અંગે યોજાયલી સભામાં ઉપસ્થિત થયેલા મહાસતી ઉજજવલકુમારી કે જેમણે હજુ પખવાડિયા પહેલાં મહાવીર જયન્તી પ્રસંગે આજ ધર્મસ્થાનકમાં—માઈકનો ઉપયોગ કરીને વ્યાખ્યાન આપ્યું હતું તેમને માંગલિક સંભળાવવાનું કહેવામાં આવ્યું હતું, પણ તેમના માટે માઈકની કશી પણ સગવડના અભાવે તેમનું માંગલિક બહુ જ ઓછા લોકોને શ્રવણગોચર થયું હતું. આજની બદલાતી દુન્યાની પરિસ્થિતિ સાથે કદમ મીલાવીને ચાલવા માટે, સતત પરિવર્તિત દેશકાળ સાથે સંવાદિતા સાધતા રહેવા માટે આપણા સામાજિક તેમ જ વ્યકિતગત—જીવનમાં અનેક ફેરફારો કરવાની તાકીદ આપણે અનુભવી રહ્યા છીએ. આ સંયોગમાં વ્યાખ્યાન આપતા સાધુ—સાધ્વીઓએ ધ્વનિ-વર્ધક યંત્રનો ઉપયોગ કરવો કે નહિ, તેમાં પણ કયો ઉપયોગ સ્વચ્છંદ-સૂચક ગણાય અને કયો ઉપયોગ અપવાદજનક લેખાય, અને તેનો કોણે કયા કયા પ્રકારના પ્રાયશ્ચિત લેવા ઘરે આવી પાણીમાંથી પોરા કાઢવા જેવી ઝીણી ઝીણી વિચારણામાં અને શાસ્ત્રાર્થમાં આપણે ગૂંચવાયલા રહીશું તો આપણા નસીબમાં સમય સાથે તાલ મેળવીને ચાલવાનું નહિ પણ સમય પાછળ ઘસડાયા કરવાનું જ રહેશે. આશા રાખીએ કે જે વસ્તુ જાહેર સામાજિક જીવનમાં સર્વસ્વીકૃત બનેલ છે અને જે વસ્તુએ ધાર્મિક જીવનમાં ઉત્સવ સમારંભો પ્રસંગે સારો—એવો પદપ્રવેશ કર્યો છે તે વસ્તુને જૈન ઉપાશ્રયોમાં પૂરતો અવકાશ આપવામાં આવે અને ધાર્મિક વિચારોના ફેલાવામાં ધ્વનિવર્ધક યંત્રે ઊભી કરેલી સગવડનો પૂરો લાભ ઉઠાવવામાં આવે, એટલું જ નહિ પણ, રેડિયો, બ્રૉડકાસ્ટિંગ, ટેઈપરેકોર્ડિંગ જેવાં અન્ય પ્રચાર સહાયક સાધનોનો પણ શકય તેટલો ઉપયોગ કરવામાં આવે.

**પરમાનંદ**

# ☆ નવ ગ્રહોની પીડા ☆

(ગતાંકથી ચાલુ)

આ વખતે અષ્ટગ્રહયુતિ થઈ. એટલે કે બધાં જ ગ્રહો એક રાશિમાં પૃથ્વી પરથી દેખાયા. પૃથ્વી એવા સ્થાને આવી કે જ્યાંથી આઠ ગ્રહો એક જ રાશિમાં એકઠા થયા હોય તેવું તે દશ્ય થયું. આ ગ્રહોમાં રાહુ-કેતુ ખરી રીતે તો ગ્રહ જ નથી. આ તો જ્યોતિષશાસ્ત્રના એ કલ્પિત બિન્દુઓ છે, જેની વચ્ચે ૧૮૦°નું અંતર રહે છે. બાકીના સાત ગ્રહો એક રાશિમાં દેખાયા. થોડો સમય તેઓ તે જ સ્થિતિમાં રહ્યા. આમાં એવી તો મોટી કોઈ વાત નહોતી. આકાશના આટલા બધા ગ્રહોનું એક રાશિમાં આવવું વારેવારે બનતું નથી. બાકી તેમાં બીજી તો કોઈ ખૂબી નહોતી.

જ્યારે હું સાઠ વર્ષનો થયો ત્યારે મેં વિચાર્યું કે મારી જીંદગીમાં આવો દિવસ ક્યારેય પણ આવ્યો નથી, અને આવશે પણ નહીં. તેથી મારા માટે તે દિવસ અનોખો છે. તેને હું અદ્‌ભુત પણ કહી શકું છું. પણ આનું બીજું કોઈ મહત્ત્વ તો છે જ નહિ. જેવા બીજા દિવસો ગયા તેવો તે દિવસ હતો. તે દિવસે મેં સાઠ વરસની જીંદગીનું ચિંતન કર્યું. ભાવિને માટે કોઈ સંકલ્પ પણ કર્યો. તેથી વિશેષ એ દિવસે બીજું કશું જ હતું નહિ. આવી રીતે જ્યારે અષ્ટગ્રહયુતિ થઈ, ત્યારે મારી ફરજ હતી કે તેને ધ્યાનથી જોઉં. જીંદગીમાં આવો મોકો ભાગ્યે જ ફરીથી મળવાનો છે. જ્યારે પણ ગાંધીજી તથા રવીન્દ્રનાથ એક જ સ્થાન ઉપર એકઠા થતા ત્યારે અમે એ મિલનને ભારે કુતૂહલ વડે જોઈ રહેતા. અમને તે વખતે ક્યારે પણ એવું નહીં લાગેલું કે આ રીતે તેમના ભેગા થવાના કારણે કોઈ શાંતિપાઠ કરવાની યા તો કોઈ જપ કરવાની જરૂર છે. સંપૂર્ણાનંદ તથા ડાલમિયા પોતાના અનુભવ પરથી એમ ભલે કહે કે ફલજ્યોતિષ સાચું છે. હું તો અષ્ટગ્રહનું દશ્ય આકાશમાં જોઈને સંતોષ માનવાનો. ગ્રહશાંતિ માટે પૈસા ભેગા કરવા, દક્ષિણા આપી મંત્રોના જાપ કરાવવા, ઘીની આહૂતિ આપવી ઈત્યાદિ પ્રવૃત્તિમાં હું નહિ જોડાઉં. જો પૃથ્વી રસાતાળ જવાની હોય તો ભલે જાય. વિશ્વયુદ્ધ આદિ ચિંતાઓમાંથી બધાનો એક સાથે જ મોક્ષ થઈ જશે. પછી ચૂંટણીની ચિન્તા કોઈને કરવી નહિ પડે. લેણ-દેણવાળા બંને પોતપોતાની ચિંતામાંથી મુક્ત થઈ જશે અને દુનિયામાં લાંબા સમય સુધી શાંતિ સ્થપાશે. જ્ઞાત વસ્તુ તથા તેનાં જાણીતાં પરિણામોનો આપણે યોગ્ય ઈલાજ જરૂર કરીએ, પરંતુ અસિદ્ધ વસ્તુના ડરના માર્યા નાહક હેરાન ન થઈએ.

જ્યારે મને કોઈએ અષ્ટગ્રહયુતિની કોઈ અસર આપણા દેશ ઉપર થશે કે કેમ એમ પૂછ્યું ત્યારે મેં હસતાં હસતાં જવાબ આપ્યો કે કેમ નહિ? અસંખ્ય લોક રાત-દિવસ ડરતાં રહેશે, કેટલાયે લોક પૈસા ભેગા કરી યજ્ઞયાગાદિ કરાવશે. મોટા મોટા માણસોને ચેતવણી આપવામાં આવશે કે 'સંભાળીને રહેજો, એરોપ્લેનમાં ન બેસતાં, નવું સાહસ ન ખેડતાં, અંધારામાં ન જતાં.' અષ્ટગ્રહની મોટી અસર એ થશે કે લોકો રેલવેની મુસાફરી ઓછી કરશે, તેથી રેલવેની મુસાફરી કરવાવાળાને આરામથી બેસવાની—સૂવાની સારી જગા મળશે. વિમા કમ્પનીઓને કામ સારું મળશે. (વીમા કમ્પની ગભરાશે કે નહિ તેની મને ખબર નથી.) આવાં આવાં ઘણાં પરિણામો આવશે અને તે અષ્ટગ્રહોના કારણે.

ધારો કે કદાપિ ધરતીકંપ થયો તો આપણે એમ કહી નહિ શકીએ કે અષ્ટગ્રહના કારણે એ પ્રકંપ થયો. કોઈની મોટર ઝાડની સાથે અથડાશે તો પણ એમ કહી નહિ શકાય કે તેનું કારણ અષ્ટગ્રહયુતિ છે. પરંતુ જે પણ યજ્ઞયાગ થશે, જપતપ થશે, ડર ફેલાશે તથા ખર્ચો થશે તે તો અષ્ટગ્રહયુતિનું જ ફળ હશે તેમાં જરાયે શંકા નથી. આટલો સ્પષ્ટ કાર્ય—કારણ સંબંધ દેખાવા છતાં આપણે કેવી રીતે કહીએ કે અષ્ટગ્રહયુતિની કોઈ અસર નથી?

અરે હા, એક વાત તો ભૂલી જ ગયો. આ અષ્ટગ્રહયુતિને કારણે ફલજ્યોતિષના લેખો લખાશે. મોટાભાગના તેના પક્ષકાર હશે, જ્યારે થોડા વિરોધમાં હશે, અને ગ્રહોની ગરમાગરમ ચર્ચાઓ ચાલશે.

આ નવગ્રહોમાં એક ગ્રહનો ડર વધારે છે, અને તે છે શનિ મહારાજ. તેના વિષયમાં અનેક કથાઓ નાનપણમાં વાંચી હતી. તેમાંથી એક રમુજી કથા છ વર્ષ પહેલાં 'મંગલ પ્રભાત'માં આપી હતી. તે રોચક હોવાથી આ લેખ સાથે જોડવામાં આવી છે.

આના અનુસંધાનમાં ગાંધીજીના એક જૂના પત્રનો અનુવાદ પણ આપવામાં આવ્યો છે. તે ગ્રહો વિષે નથી, પણ ભૂત-પ્રેત વિષે છે. પરંતુ તેમનું દૃષ્ટિબિન્દુ પ્રસ્તુત વિષયમાં પણ ઉપયોગી સિદ્ધ થશે.

## શનિની સાડાસાતી

આપણા પુરાણોમાં એક ભારે રોચક કથા છે. એક વાર શનિમહારાજ શિવજી પાસે ગયા અને તેમને કહેવા લાગ્યા કે "દેવાધિદેવ, મારો પ્રભાવ એટલો બળવાન છે કે એક પણ જીવ મારી સાડાસાતીમાંથી છૂટકારો પામી શકતો નથી. હવે આપનો પણ સમય આવી ચુક્યો છે. પણ આપ તો દેવાધિદેવ છે. તેથી હું આપને સાડા સાત વર્ષની નહિ, પણ કેવળ સાડા સાત પળ સુધીની ઉપાધિ કરીશ. આવતી કાલે મધ્યાહ્‌નકાળે તડકામાં સાડા સાત પળ સુધી આપને મારી બાધા રહેશે."

શિવજીએ જવાબ આપ્યો કે "બહુ સારુ, તમારો આટલો બધો પ્રભાવ છે? હું જોઈ લઈશ કે તમે કેવી રીતે મને બાધા પહોંચાડી શકો છો!"

બીજે દિવસે મધ્યાહ્‌નના સમયે હિમાલયની કકડતી ઠંડીમાં શિવજીએ એક જળાશયમાં ડુબકી મારી અને સાડા સાત પળ સુધી પાણીમાં સમાધિ લગાવીને બેઠા. સાઁત સાત પળ પૂરી થતાં તેમણે પાણી બહાર માથું કાઢ્યું અને સામે શનિ મહારાજને ઊભેલા જોયા. શિવજીએ હસતાં હસતાં એમને પૂછ્યું કે "કેમ મહાશય, તમે મને બાધા કરવાના હતા ને? કહો, તમે મારું શું બગાડી શક્યા? તમારો પ્રભાવ કેવો અજમાવ્યો?"

શનિ મહારાજે ઠંડા અવાજે કહ્યું કે "મહારાજ, આપ જેવા દેવાધિદેવને મારા ડરથી આ કડકડતી ઠંડીમાં સાડી સાત પળ પાણીમાં ડૂબી રહેવું પડ્યું. આ શું મારો ઓછો પ્રભાવ છે? મારા પ્રભાવે પોતાનું કામ પૂરેપૂરું બજાવ્યું છે."

## ભૂતપ્રેતાદિ વિષે ગાંધીજી

"ભૂતપ્રેતાદિ છે કે નહિ તેનો નિર્ણય હું કરી શકતો નથી. એ નથી એમ માનીને મારું જીવન અનેક વર્ષોથી હું વ્યતીત કરી રહ્યો છું. જે લોકો તેના અસ્તિત્વમાં વિશ્વાસ નથી કરતા તેમને તેથી કોઈ નુકસાન થયાનું સાંભળવામાં આવ્યું નથી. જેઓ તેના અસ્તિત્વમાં માને છે તેઓ પરેશાન થાય છે, આવો પણ મેં અનુભવ કર્યો છે. આમ હોવાથી 'મંછા ભૂત, શંકા ડાકણ' આ પ્રકારની લોકોક્તિનો આદર કરવો યોગ્ય છે.

"થોડી ઘડિ માટે માની લઈએ કે ભૂતપ્રેતાદિ છે, તો પણ એ બધી ઈશ્વરી માયા છે. જે ઈશ્વરને આધીન આપણે છીએ તે જ ઈશ્વરે ભૂતપ્રેતાદિ પણ પેદા કર્યા છે. આમ હોવાથી એક ઈશ્વરમાં માનવાવાળા કદિ પણ બીજાની આરાધના નહિ કરે. જે ખુદાનો બંદો છે તે તો બીજાની ગુલામી કરશે જ નહિ. આમ હોવાથી જે રીતે બીજા માણસો ઈશ્વરવાદી માનવીને સતાવે તો પણ તે ઈશ્વરપરાયણ માનવી માટે રામ જ એક રામબાણ ઈલાજ છે, તેવી રીતે ભૂતપ્રેતાદિ સંબંધમાં પણ સમજવું ઘટે છે. શ્રદ્ધાપૂર્વક રામનામનો જાપ કરવાથી ભૂતપ્રેતાદિ ભાગી જશે. દુનિયાના કરોડો લોકો ભૂતપ્રેતાદિમાં માનતા નથી. એમ છતાં તેમનું તેઓ કશું પણ બગાડી શકતા નથી."

સમાપ્ત

મૂળ હિન્દી : કાકાસાહેબ કાલેલકર
અનુવાદક : તરુણા બહેન શાહ

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૩

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

મુંબઇ, જુન ૧, ૧૯૬૨, શુક્રવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રીઃ પરમાનંદ કુંવરજી કાપડિયા

## મારા જીવનનાં કેટલાંક સ્મરણો

(જેમનો તા. ૧-૪-'૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં થોડો સરખો પરિચય આપવામાં આવ્યો છે, એવા જૈન સમાજના જાણીતા લેખક અને વિચારક માંડલનિવાસી બંધુ શ્રી રતિલાલ મફાભાઈ શાહનું તા. ૨૩-૩-'૬૨ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સન્માન કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે શ્રી રતિભાઈએ પોતાના જીવનનાં આજ સુધીનાં કેટલાંક સ્મરણો રજૂ કર્યાં હતાં. આ સાંભળીને અત્યંત પ્રભાવિત બનેલા શ્રોતાઓએ તેમના પ્રસ્તુત વિવેચનને જરૂર મુજબ વિસ્તારીને પ્રબુદ્ધ જીવન માટે શબ્દબદ્ધ કરી આપવા વિનંતિ કરી હતી. તે ધ્યાનમાં લઈને તેમણે લખીને મોકલેલી લાંબી સ્મરણનોંધનો પહેલો હપ્તો નીચે પ્રગટ કરવામાં આવે છે. આગળ ઉપર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવેલ શ્રી. દુલેરાય માટલિયાએ લખેલી 'મારી જીવન સાધના' માફક શ્રી રતિભાઈએ લખેલી આ સ્મરણનોંધ પણ એટલી જ રસિક અને પ્રેરક માલુમ પડશે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ**)

આજે હું ૬૦ મું વર્ષ પસાર કરી રહ્યો છું, પણ ૪૫ વર્ષ સુધી મેં કશું લખ્યું નથી. લખતાં ફાવતું પણ નહીં એમ કહું તો ય ચાલે. પણ આજથી ૧૫ - ૧૭ વર્ષ પહેલાં માંડલ જૈન યુવક સંઘના આમંત્રણથી શ્રી પરમાનંદભાઈનું માંડલ આવવાનું થયું ત્યારે મારો એમની સાથે નિકટનો પરિચય થયેલો. એ પરિચયને પરિણામે મેં એક લેખ મોકલ્યો, જેની એમણે ભારે પ્રશંસા કરી અને એ રીતે લખવા માટે મને ઉત્તેજિત કર્યો. પરિણામે મેં કલમ પકડી અને લેખો મોકલતો રહ્યો. આમાંથી કદિ કદિ કોઈ લેખ પાછો આવે અને હું જો નિરાશ થાઉં તો મને તેઓ ફરી ઉત્સાહિત કરે. આમ સાહિત્યના ક્ષેત્રમાં તેઓ મને ખેંચી લાવ્યા. સાથે મારા અંગત જીવનમાં ડોકિયું કરી એઓશ્રી તથા મુરબ્બી મણિલાલ મોકમચંદ મને પ્રસંગે પ્રસંગે આર્થિક મદદ પણ મોકલતા રહ્યા. આમ મને ઊભો કરવા માટે એ વડિલ મુરબ્બીઓનો મારા પર ભારે ઉપકાર છે. આ રીતે સાહિત્યના ક્ષેત્રમાં ખેંચી લાવવા બદલ શ્રી પરમાનંદભાઈ તથા જૈન યુવક સંઘ મારે મન ગુરુસ્થાને ગણાય. એથી જ્યારે મને મોકલેલી આમંત્રણ પત્રિકામાં 'સન્માન' શબ્દ વાંચ્યો ત્યારે હું મુંઝાયો અને મને ભારે સંકોચ થયો. પણ હવે ભાગી શકાય તેમ નહોતું. આથી ગુરુશિષ્યભાવ અંગેની મારી વિચારસરણીએ મને મદદ કરી કે આપણે સહુ સાધક છીએ. કોઈ કોઈનો ગુરુ નથી કે કોઈ કોઈનો શિષ્ય નથી. જ્યાં ગુરુભાવ છે, ગુરુ પ્રત્યે સમર્પણબુદ્ધિ છે, ત્યાં આત્માનો વિકાસ સ્થંભી જાય છે, કારણકે ગુરુથી આગળ વધવાની કે વિચારભેદે જુદા પડવાની પછી હિંમત જ કરી શકાતી નથી. ઉલટું ગુરુ એ જ સંપૂર્ણ છે, સર્વસ્વ છે અને એ ગુરુએ શીખવેલાં સત્યોમાં સંશોધનને અવકાશ જ નથી એમ માની સાધક ત્યાં અટકી પડે છે, અને ઉપરથી વ્યકિત-પૂજાનું મહત્ત્વ વધારી મમત્ત્વના કાદવમાં ખૂંપી જાય છે. આ દષ્ટિએ જોઈએ તો ગુરુ કે શિષ્ય સહુ કોઈ સહ સાધકો જ છે. એટલું ખરું કે, કોઈ ઉપકારી ગુરુ કે સન્માર્ગદર્શક મિત્રનો આપણે જરૂર આદર કરીએ, પણ એથી સ્વતંત્ર વિચારણાનો માર્ગ રૂંધાવો ન જોઈએ.

આ દષ્ટિ રાખીને હું આજે આપની સમક્ષ ઊભો રહેવાની હિંમત કરી શક્યો છું. પરિણામે આપ સહુ ભાઈ બહેનોનાં દર્શન કરવાનો મને જે મોકો મળ્યો છે એને હું મારા જીવનની ધન્ય પળો સમજું છું. બાકી આપની સમક્ષ બોલવા માટે મારી કશી જ યોગ્યતા નથી. નથી હું વિદ્વાન કે નથી વકતા, નથી પંડિત કે નથી ધર્મનો ખાસ અભ્યાસી. ફકત દૂરના એક નાના ગામડાનો સામાન્ય શિક્ષક જ છું. મૂળે તો નોન - મેટ્રિક. વળી અંગ્રેજી - સંસ્કૃતનું ખાસ જ્ઞાન નહીં. નથી મારે કોઈ અંગત મિત્ર કે નથી કોઈ ચર્ચા વિચારણા કરનાર સાથી. આવી સ્થિતિમાં મારી પત્ની અને મારા પિતાના ગુજરી જવા બાદ છેલ્લા ૧૦ વર્ષોથી ફકત ૧૦ ફૂટ લાંબી અને ૬ ફૂટ પહોળી ઓરડીમાં કંઈક અધ્યયન - અધ્યાપનનું જીવન જીવી રહ્યો છું. આમ છતાં આ અંગે જે કંઈ મને અનુભવો થયા છે એમાંથી સ્મૃતિએ ચડેલા બે ચાર વિષે થોડું કહીને જ હું સંતોષ માનીશ.

જેમ ભ્રમણને કારણે પૃથ્વીપર ઋતુઓ નિર્માણ થયા કરે છે, તેમ માનવજીવનમાં પણ વિકાસ—પતનના પલટા આવ્યા કરે છે. પણ એમાં વસંતની જેમ કયારેક વિકાસનો પણ એક સમય આવી પહોંચે છે, ત્યારે સાધક પોતાની કક્ષા પ્રમાણે સારી એવી પ્રગતિ સાધી લે છે. એ પ્રગતિકાળ કોઈને માટે ભકિત - ત્યાગ - વૈરાગ્યનો હોય, કોઈને જ્ઞાનસાધનાનો હોય તો કોઈને કર્મયોગના આચરણનો હોય. આમાં પ્રથમ ભકિતયોગ, પછી જ્ઞાનયોગ અને પછી કર્મયોગ એવો ક્રમ સામાન્યપણે હોય છે. એક ચક્ર પૂરું કર્યા પછી ફરી એ જ ક્રમ શરૂ થાય છે, તો કોઈનું સમગ્ર જીવન એક જ યોગકાળમાં વીતતું હોય છે. કોઈનામાં વળી ત્રણેનો સાથે યોગ પણ જણાય છે. એમ છતાં મુખ્યપણે તો એક જ યોગ એક સમયે પ્રબળ હોય છે અને બીજા ગૌણ રૂપે રહે છે.

ધાર્મિક પ્રકૃતિ અને ભોળપણનો માતા તરફથી અને દઢતા, ક્રાંતિકારી વિચારસરણી અને દેશભકિતનો પિતા તરફથી વારસો મળેલો; પણ મારા જીવનઘડતરમાં—સંસ્કારઘડતરમાં—તો મારી દાદીમાનો જ મોટો હાથ રહ્યો છે. આથી ૧૦-૧૧ વર્ષનો બાળક હતો ત્યારથી જ ધર્મ અને રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ પોષાયેલો. અન્ય બાળકો રમતો રમતા, ત્યારે હું મિત્રો ભેગા કરી બપોરના પ્રતિક્રમણ અને સામાયિક કરવાનો આનંદ માણતો, એટલું જ નહીં, મુનિવેશ ધારણ કરી મહોલ્લાનાં ઘરોમાં ભિક્ષા માટે પણ ફરતો. પ્રતિક્રમણ સામાયિક, પૌષધ, ગુરુવંદન, દેવદર્શન, પૂજા ઉપરાંત આયંબિલ,

એકાસણા, ઉપવાસ જેવી તપશ્ચર્યા કરવાનો ત્યારે ભારે આગ્રહ અને શોખ હતો. મોટી ઉમરે ક્યારેક મહિના મહિના સુધી ગોળ, ઘી, કે દૂધ ક્રમ પ્રમાણે ન વાપરવાની પ્રતિજ્ઞા પણ લેતો. પણ ૪૦ વર્ષ પછી ધીમે ધીમે વિચારપરિવર્તન સાથે એ બધો જ ક્રિયાકાંડ છૂટી ગયો છે. આમ છતાં જૈનધર્મ પ્રત્યેના ગૌરવ અને અસ્મિતાના સંસ્કારો બળવત્તર રહ્યા છે. એ સંસ્કારોનું મારામાં બીજ રોપનાર દેશ - વિદેશમાં વિખ્યાત બનેલા શ્રી વિજયધર્મસૂરીશ્વરના શિષ્ય મુનિશ્રી મંગલ વિજયજી મહારાજ હતા. ૧૧ વર્ષની ઉમરે હું એમના નિકટના સાનિધ્યમાં આવેલો. માંડલમાં ત્યારે મુનિશ્રી ઈન્દ્રવિજયજી, વિદ્યાવિજયજી, ન્યાયવિજયજી વગેરે પ્રસિદ્ધ અને તેજસ્વી મુનિઓ ઉપરાંત આચાર્ય મહારાજશ્રીનું ભારે આકર્ષણ હતું. પણ મારે મન તો ગુરુવર્ય મંગલવિજયજી જ સર્વસ્વ હતા. એમનું પાછળનું સમગ્ર જીવન સરાક જાતિના ઉદ્ધાર પાછળ બિહારમાં જ વીત્યું હોઈ જીવનમાં કદી એ ગુરુનાં દર્શન પછીથી નથી થઇ શક્યાં.

આજે મુનિઓ સાથે મારે બને નહીં, ઉપાશ્રયમાં જવાનું ભાગ્યે જ બને, આબરૂ એક નાસ્તિક તરીકેની, ક્રિયાકાંડ પર શ્રદ્ધા નહીં, યાત્રાની કદી ઈચ્છા નહીં, ૫૮ વર્ષે પ્રથમ આબુ તારંગા અને પાંચસર તથા ઉપરિઆળાની યાત્રા કરી. સંખેશ્વર તો ઘરઆંગણે જ છતાં ૨૫ વર્ષથી ગયો નથી. આમ છતાં મુનિશ્રીનું સ્મરણ થતાં હૈયું ભક્તિથી ભીનું બની જાય છે. અને ત્યારે એક ક્રાંતિકાર હોવા છતાં ગુરુભક્તિની બાબતમાં જે ધબકાર એક સામાન્ય શ્રાવક અનુભવે છે, એ જ ધબકાર મારા હૈયામાં પણ ધબકી ઊઠે છે.

અભ્યાસની શરૂઆત જૈન પાઠશાળાના ધાર્મિક અભ્યાસથી શરૂ થઈ. આથી પ્રથમ બાળબોધ અક્ષરો શીખ્યો ને થોડું વાચતાં પણ શીખ્યો. શાળાનું જીવન એકાદ વર્ષ બાદ શરૂ થયું હોઇ ગુજરાતી લિપિ પાછળથી શીખ્યો.

ધાર્મિક સંસ્કારો તીવ્ર હોઇ ધર્મતત્ત્વ જાણવાનો શોખ ઠીક ઠીક પોષાયો હતો. આથી ૭ - ૮ વર્ષની ઉમરે શ્રીમદ્ રાજચંદ્ર વિષે લખાયેલી સેંકડો પુસ્તિકાઓ ઘરની માળી પર પડેલી, જે અંગે પિતા મારા મામાને કહી રહ્યા હતા કે, 'ફલા ! એ પુસ્તિકાઓ લઇ જઈને કૂવામાં ફેંકી દે, નહિ તો કોઇ વાંચશે તો એ ધર્મથી વિમુખ થઇ જશે.' આ શબ્દોએ મારામાં એક પ્રકારની તીવ્ર જિજ્ઞાસાવૃત્તિ પેદા કરી કે એમાં એવું તે શું લખાયેલું હશે કે જેથી એ પુસ્તકો પિતા કૂવામાં ફેંકી દેવાનું કહે છે? રાતનો સમય હતો છતાં છાનામાના માળી પર ચડી જઈ અંધારે એક પુસ્તિકા મેં ઊઠાવી લીધી ને જીવની જેમ એને સાચવી રાખી. વાંચતાં તો હજી ખાસ શીખ્યો નહોતો, પણ મોટી ઉમરે એ વાંચીશ એ વિચાર બળવત્તર બન્યે જતો હતો. આથી ઉમર વધવા સાથે શ્રીમદ્ રાજચંદ્ર વિષે જાણકારને પૂછવા લાગ્યો. પુસ્તક પણ વાંચ્યું અને પછી તો શ્રીમદ્ પ્રત્યે ભક્તિ પણ પોષાવા લાગી. પાછળથી પિતાને પણ આખો ગ્રંથ વંચાવી શ્રીમદ્ પ્રત્યે અનુરાગી બનાવેલા.

ભક્તિયોગ:

ઈ. સ. ૧૯૨૧ માં અસહકારના આંદોલનમાં અત્રે સ્થપાયેલી શ્રી મોહન વિનય મંદિર નામની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે નોકરીમાં જોડાયો. રાષ્ટ્રપ્રવૃત્તિમાં પૂર્ણ ભાગ લેવા છતાં ચિત્ત ભક્તિ તરફ ઢળ્યે જતું હતું અને એની અસરે વર્ગ પૂર્ણ થયે મધુર ઉષ્માભર્યા તડકામાં હું સાથે પ્રાર્થના પણ કરાવતો અને અન્ય શિક્ષકોને પણ એ ચેપ લગાડેલો. મારી જેમ જ રંગાયેલા એક બીજા શિક્ષક મિત્ર શ્રી કેશુભાઈ રાત્રે મને મસાણોમાં ખેંચી જતા અને રાખના ઢગલા પર બેસી કડકડતી ઠંડીમાં ધાબળો ઓઢી અમે ધ્યાનમાં બેસતા. પણ અમને ભૂત માની પડખેથી નીકળેલા એક ગાડાખેડુની ચિત્કારભરી ચીસ સાંભળ્યા પછી અમે એ પ્રયોગ છોડી દીધેલો.

ઈ. સ. ૧૯૨૭ માં અલ્પસમય શાળામાંથી છૂટો થઇ મહેસાણા પાઠશાળામાં દાખલ થયો. પાસે પૈસો નહોતો, જેથી અંગત ખર્ચ દર માસે થતી વક્તૃત્વકળા હરિફાઈમાં પ્રથમ વિજેતા બની મેળવી લેતો. બીજા વિજેતા પંડિત ભુરાલાલ પંડિત - સરસ્વતી ભંડાર-અમદાવાદ વાળા બનતા. મારી ઉમર વધી રહી હતી. ઘેર બાલ બચ્ચાં હતાં, જેથી જલ્દી ધંધે લાગવાની જરૂર હતી. આ કારણે ખૂબ પરિશ્રમ લઇ સાત સાત વર્ગોમાં એક સાથે દાખલ થઇ ત્રણ જ માસમાં સંસ્કૃત બે બુકો સાથે છ કર્મગ્રંથ સુધીનો બધો જ અભ્યાસ પૂરો કર્યો અને રૂા. ૧૯ ના પગારથી ધાર્મિક પરીક્ષક નિમાયો. પણ વિધિના ખેલ જુદા હશે. જેથી ઘેર આવતાં ફરી એજ મૂળસ્થાને ગોઠવાયો. પણ એ કાળ મારે માટે સાધનાનો કાળ હતો. હૈયામાં તીવ્ર વૈરાગ્ય હતો. ભક્તિનો ઉન્માદ વધી રહ્યો હતો અને સંસાર અસાર લાગતો હતો. આમાં ઘરની દરિદ્રાવસ્થા, પત્નીની સતત બીમારી અને વધી રહેલો ઘરકંકાસ—એ બધાએ એમાં વેગ પૂરાવ્યો. ચિત્ત ત્યારે ભારે કોમળ બન્યું હતું. કોઈનું યે દુઃખ જોઇ શકાતું નહીં. કલેશ ઝઘડાથી ચિત્ત ઉદ્વિગ્ન બનતું. એક મુસ્લીમ બાઈને શાળાની સામે માર પડવાથી હૃદય રડી પડેલું. ચિત્તની આ કોમળ દશામાં અલ્પ સમય માટે ઘરમાં ૩ રસોડાં શરૂ થયેલાં. એક પિતાનું, એક પત્નીનું અને એક માતાનું. મારે ક્યાં જવું એ પ્રશ્ન હતો. ઘણા દિવસો સુધી હું બપોરે ભૂખ્યો રહેલો. ક્યારેક મિત્રોને ત્યાં જમવાનું મળી રહેતું. પરિણામે વૈરાગ્યને પોષણ મળ્યું, ધીરજ અને સહનશક્તિ કેળવાઇ અને મનનો સંયમ રાખતાં પણ શીખ્યો. છેવટે બધું થાળે પડી ગયું.

૧૮ મા વર્ષે થયેલા લગ્ન પછી થોડા જ સમય બાદ શંકરાનંદ નામના કોઇ સંન્યાસીનો ધ્યાનાવસ્થાનો ફોટો હાથ આવ્યો. મને પણ એવી જ રીતે બેસવાની ઈચ્છા થવા લાગી. એથી રોજ રાત્રે એમની જેમ જ છાતીના એક ખૂણે ગાંઠ આવે એવી રીતે વસ્ત્ર લપેટી સાથે દંડ-પાવડી મૂકી ધ્યાનમાં બેસતો. શાથી ? શા કારણે ? એનું ત્યારે ખાસ ભાન નહોતું, પણ અંતરની કોઇ અદમ્ય ઈચ્છા એમ કરવા મને પ્રેરી રહી હતી. એ ઈચ્છાએ હવે મૂર્ત રૂપ પકડ્યું અને હું ગામથી દૂર વાવેશ્વરની એકાંત જગ્યામાં રોજ ભગવાન મહાવીરનું સ્મરણ કરતો ધ્યાનમાં ઉતરી જતો. ૨-૩ ઓરડાવાળું મકાન હતું ખંડિયેર, છાપરૂં લબડી રહેલું, બારણાં તૂટી ગયેલાં. અંદર સાપ - વીંછીનો પણ ભય. એકવાર તો એક શિયાળ પણ અંદરથી ભાગેલું. છતાં ત્યાંનાં આસન પર જ બેસવાનો મારો મોહ. એથી આંખો બંધ કરીને તો બેસું, પણ સાપ - વીંછીનો ડર તો લાગે જ. એથી બબ્બે મિનિટે આંખો ખોલી ચારે બાજુ જોઈ લઉં અને સબ સલામત જાણી ફરી આંખો બંધ કરૂં. પણ ત્યારબાદ એક પંજાબના મહાત્મા—પૂર્વાવસ્થાના એક ઉંચા અમલદાર—આવી ચડ્યા. પરિણામે મકાન - છાપરાં નવા બન્યાં. ડાબે હાથે અનંતનાથના નામની ૧૪ લોઢાની પાતળી કડીઓ એ પહેરતા. મને એમની ખૂબ માયા લાગી. ૨-૩ માસમાં જ એમના મિત્રો આવી એમને વતનમાં ખેંચી ગયા. સાથે મારૂં હૃદય પણ ખેંચતા ગયા. મકાનની ચાવી મને આપેલી એથી સાંજે બધાને હું પાણી પાતો, પણ મહાત્માનું આસન ખાલી જોઈ હું ગળગળો થઇ જતો. અષાડના વાદળો ચડતા ને મારી વિરહવ્યથા વધી જતી. પણ એ અરસામાં ઊકરડામાંથી મને એક માનવરત્ન પ્રાપ્ત થયું. એ હતા મારા મિત્ર ઠા. રતાજી મોપતાજી. જાતના કોળી. અંધારિયા વનમાં એક ગાતર મારી સસલાને પાડી દેતા અને પછી એને શેકી ખાતા. માછલાં મારવામાં પણ ભારે પ્રવીણ. પણ વાવેશ્વર વાડી કરી હોઈ મારો એમની સાથે સંબંધ વધ્યો. એ સંબંધને કારણે એમનામાં વાંચવાની ભૂખ ઉઘડી. હું સારાં સારાં પુસ્તકો લાવી આપું. વાચનાલયમાં ખેંચી જાઉં. ધીમે ધીમે એમાં પ્રવેશ થયો. પરિણામે એ એમના મિત્ર ભોલાજી સાથે જૈન પાઠશાળામાં દાખલ થયા. ત્યાં તત્વાર્થસૂત્રનો સંપૂર્ણ અભ્યાસ કર્યો. જૈન મંદિરમાં

પૂજા કરવા લાગ્યા અને દારૂ, માંસ, મચ્છી તો છોડયા, એટલું જ નહી પણ, એણે ઘણાઓને એમાંથી છોડાવ્યા પણ ખરા. પાછળથી એ કોંગ્રેસ કાર્યકર બન્યા. ધારાસણાના વીર સત્યાગ્રહી બની અહમદ-નગરની જેલયાત્રા પણ ભોગવી. આજે એ એટલું સુંદર બોલે છે કે એને સાંભળતાં તૃપ્તિ જ ન થાય. રામાયણે વાલ્મીકિની વાત લખી છે એ વાલ્મીકી કેવા હશે એ તો આપણે જાણતા નથી. પણ હું તો મારી નજરે કળિયુગના એ વાલ્મીકિનું પ્રત્યક્ષ દર્શન કરી પાવન થાઉં છું. મારી સાધનાકાળના એ મારા કયારેક સહ-ભાગી પણ બનતા. વાવેશ્વર બેસવાનો મારો આ નિત્યનો કાર્ય-ક્રમ લગભગ ૨૦ થી ૫૫ વર્ષ સુધી એકધારો ઓછાવત્તા પ્રમાણમાં ટકી રહ્યો, પણ ૨૧ થી ૩૦ વર્ષનો ગાળો એ તીવ્ર વૈરાગ્યનો— જીવનની સાધનાનો-હોઈ સવારના ૬ થી ૧૦ અને સાંજના પણ કલાકેક ત્યાં ગાળતો. વરસાદ ધોધમાર પડી રહ્યો હોય તો પણ છત્રી ઓઢી વૃક્ષઘટા નીચે બેસી રહેતો. ભગવાન મહાવીરના દર્શનની ઝંખના મને વ્યથિત કરી રહી હતી. છતાં સમય મળે ત્યારે ધાર્મિક વાચન કરતો. શ્રીમદ્ રાજચંદ્ર, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી અને કિશોરલાલ મશરૂવાળા એ મારા પ્રિય લેખકો હતા. શ્રીમદ્ રાજચંદ્રે વૈરાગ્યની ભૂમિકા બાંધી આપી, સ્વામી રામ-તીર્થે અદમ્ય ઉત્સાહ પૂર્યો, વિવેકાનંદે સાચી માનવતા શીખવી, ગાંધીજીએ વ્યવહારમાંથી માર્ગ કાઢતાં શીખવ્યું. પણ જીવનમાં ઉઠતી સમશ્યાઓના ઉકેલની ચાવી તો કિશોરલાલભાઈએ જ બતાવી. નવું જીવનદર્શન આમ એમના ગ્રંથોમાંથી મને પ્રાપ્ત થયું હતું, જે કારણે ૧૯૩૧ માં વિલેપાર્લે - રાષ્ટ્રીય શાળાના મકાનમાં મેં એમની મુલાકાત લીધેલી. એ મુલાકાત એટલી ભવ્ય અને રોમાં-ચક હતી કે એ વિષે મેં એક લાંબો લેખ પ્રબુદ્ધ જીવનમાં આપેલો. નાનામાં નાના પ્રત્યે પણ સમરસ થવાની એમની આત્મીયતાની વૃત્તિથી હું ત્યારે આકર્ષાયેલો. પાછળથી અમારી વચ્ચે જે પત્ર-વ્યવહાર ચાલેલો તે ૧૯૫૨ ના ફેબ્રુ. માં 'અખંડાનંદ' માં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

આ સાધનાકાળ દરમ્યાન રજાના દિવસે ગામથી દૂર અંધારિયા વનમાં ખરા બપોરે જઈ ચડતો. અને એકાદ રાયણ કે જાંબુના વૃક્ષ નીચે થડનો ટેકો લઈને ધ્યાનમાં બેસતો. વાઘરીઓ વાતો કરતા કે આ વાણિયો રોજ અહિં કેમ આવે છે? કોઈ કહે કે રાયણ—જાંબુ ચોરવા આવતો હશે, તો કોઈ વળી કહે કે 'ડગળું ખસી ગયું હશે.' પણ એક દિવસ મારો એક ઓળખીતો વાઘરી ભૂપતો આવી ચડયો ને જણાવ્યું કે "આ તો જ્ઞાની શેઠ છે, તમને તે કંઈ ભાન છે કે નહીં?" બધા વાઘરીઓ ત્યારથી ભેગા થતા ને કંઈક ને કંઈક પ્રકારની જ્ઞાનવાર્તાઓ ચાલતી.

રજાનો દિવસ હોય ત્યારે હું સવારના ૬ વાગે ઘેરથી ભાગી છૂટતો અને દૂર દૂર વાવેશ્વર કે અંધારિયા વનમાં તો કયારેક ખુલ્લા ખેતરોમાં રખડતો. કયાંક ને કયાંક વાઘરીઓ કે ખેડૂતો પાસેથી થોડું ખાવાનું મળી રહેતું. બે ત્રણ વખત તો લોકો મને શોધવા નીકળેલા, પણ પછી ઘરે જણાવી દીધું કે સાંજે ૬ વાગ્યા પછી હું ન આવું તો જ મારી તપાસ કરવી.

આ દિવસોમાં ચિત્ત ખૂબ જ વૈરાગ્યના રંગે રંગાયેલું હતું. એમાં રાષ્ટ્રીય લડતને કારણે જેલમાંથી છૂટેલા જયવિજયજી નામના એક જૈન મુનિ રાત્રે રોજ શ્રીમદ્ રાજચંદ્રનું જીવન સંભળાવતા. મોડી રાત સુધી 'અપૂર્વ અવસર એવો કયારે આવશે, કયારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો' એ ભાવનામાં હું તરબોળ રહેતો. પરિણામે આંખોમાંથી આંસુની ધારા ચાલતી અને પથારી આંસુઓથી ભીંજાઈ જતી. મારે માટે ઉત્કટ વૈરાગ્યના એ દિવસો હતા. પત્ની મને શાન્ત્વન આપવા પ્રયત્ન કરતી, પણ મારી હૃદયભાવનાને એ કેવી રીતે શાંત કરી શકે?

આવી મસ્તીમાં એક વાર મારા મિત્ર ઠા. રતાજી મોપતાજી સાથે ફરતાં ફરતાં અવલ મરચીની જગ્યાએ પહોંચ્યો. વાઘરણ બોરોનો સૂંડલો ભરી વેચવા જતી હતી. મને જોઈ એ હેઠે બેઠી અને મને પાસે બેસાડી મીઠાં મીઠાં બોર વીણી ખાવા આપવા લાગી. પાસે મૂળા પણ મૂકયા. રતાજી મૂળા ખાવા લાગ્યા ને હું બોર. વાઘરી મારા પર તડકો પડતો હોઈ મને છાંયો આપવા આડો ઊભો રહ્યો. બીજા વાઘરીઓ સાથે હું જ્ઞાનવાર્તાએ ચડયો હતો. પણ એક વિચાર મને શરમાવી રહ્યો હતો કે ખરેખર બાઈ શબરીનો જ અવતાર હતી અને વાઘરી રામના પગ ધોનાર નાવિકનો અવતાર હતો, જયારે મારામાં તો રામ થવાની કશી જ યોગ્યતા નહોતી.

પત્ની કયારેક શાક લેવા મોકલે અને જો હું વાઘરીઓ સાથે જ્ઞાનવાર્તામાં ચડી જાઉં તો શાક શાકને ઠેકાણે રહે અને વાઘરી શાક વેચ્યા વિનાનો રહે. પણ એ લોકો એવા ભોળા દિલના અને જિજ્ઞાસા વૃત્તિના હતા. તેઓ વળી કયારેક મારા ઘેર આવી ચડતા અને અમે વાતોએ ચડી જતા અને સમયનો કશો ખ્યાલ રહેતો નહિ. અને આમ વાતોમાં ને વાતોમાં બપોરના ૩ વાગી જતા. પત્ની ભાણું ઝાલીને બેસી રહે. એથી જયારે એને ભગવાનના ફોટાના દર્શન કરાવી વિદાય કરું ત્યારે જ અમે ખાવા ભેગા થઈએ. પણ પત્નીનો મને મોટો સહારો હતો.

વાવેશ્વરની જગ્યામાં ઉચ્ચ કોટિના અનેક સંતો ફરતા ફરતા આવી ચડતા. કેટલાક થોડો સમય રોકાતા પણ ખરા. એકવાર એક ૨૫ વર્ષનો યુવાન અને કમાલહુસ્ન (સુન્દર) સાધુ આવી ચડયો. લોઢાની થોડી કડીઓ ભેરવેલા ચિપિયાના વાદ્યથી એ જયારે મધુરકંઠે ગાતો ત્યારે સમગ્ર વાતાવરણ ભકિતમય બની જતું, છતાં એ એટલો નિસ્પૃહ હતો કે કશાની જ એણે કદી યાચના કરી નહોતી. કુતુહલવશ બની જોયું તો લીમડાના પાન વાટી એનું જ એ ભોજન કરતો. આથી હું રોજ દૂધ - મગફળી અને ગોળ લઈ જતો ને ખૂબ આગ્રહ કરતો ત્યારે જ એ લેતો. એના વૈરાગ્યે મને ઠીક ઠીક પ્રેરણા પુરી પાડી હતી, પણ એક સવારે એ મસ્તયોગી મને છોડીને ચાલી નીકળ્યો.

થોડા સમય પછી એક બીજા મહાત્મા આવ્યા. એમણે તો અહીં જ અડ્ડા જમાવ્યા. પણ એમના પ્રતાપે ભયંકર લાગતું વાવેશ્વર રમણીય તીર્થ બની ગયું. પરિણામે કંઈક સંતો અહીં આવી ચડતા ને થોડું ઘણું રોકાતા. અખિલ હિંદ રાષ્ટ્રભાષાના પ્રમુખ શ્રી મોહનલાલ ભટ્ટના પિતા તો અહીં સ્વામીજીના મરણ બાદ પણ વર્ષો સુધી એકલા જ રહેલા. સેવાગ્રામ ગાંધી આશ્રમના સંત ડૉ. ભણશાળીજી પણ હોઠે કડી ભેરવેલી સ્થિતિમાં જ અહીં આવી ચડેલા. અમારી શાળાના આચાર્ય સુમનભાઈએ પણ ત્યાં આસન જમાવેલું. આમ આખો દિવસ અહીં ભકિતનું—જ્ઞાનનું વાતાવરણ જામેલું રહેતું. સવાર સાંજ અનેક ભકત સ્ત્રી—પુરુષો અહીં સ્નાનાર્થે—ભકિત અર્થે—આવતાં. હું મારા સ્થાને હોઉં ત્યારે કેટલીક સ્ત્રીઓ આવી મારા ચરણસ્પર્શ પણ કરતી, જેથી મેં સ્થાન બદલી સરોવરના કાંઠે આવેલી દેરી પર આસન જમાવ્યું. આ સ્થાને પાછળથી ઘણા અનુભવો થયેલા જેની મારા પર આજ પણ ઉંડી છાપ પડેલી છે.

ભકિતની ઉત્કટ દશામાં એક વાર ભગવાન મહાવીરના દર્શનની ઝંખના વડે ચિત્ત વ્યાકુળ હતું. અકસ્માત ત્યારે ખૂલ્લી આંખે શ્વેતહસ્તિ પર સુવર્ણકમળ પર બિરાજમાન થયેલાં ભગવાન મહાવીરનાં દર્શન થયા. એ ભવ્ય દર્શનનું વર્ણન કલમથી કદી ઉતરી શકે તેમ નથી. દિવસો સુધી એની સ્મૃતિ દિલને આનંદથી ભરી દેતી અને ચિત્તમાં પ્રસન્નતા વ્યાપી જતી. ચિત્તપ્રસન્નતા એ નિર્વાણની ઝાંખી છે એનો આ પ્રથમ અનુભવ હતો. બીજીવાર પણ એક રીતે મારી સમક્ષ અર્ધ ધોતી પહેરેલા અને અર્ધ ધોતી ઓઢીને ઊભેલા

એ ગૌરાંગ દિવ્ય પુરુષનું મનોહર દર્શન થયું. એનો આનંદ અનિર્વચનીય હતો.

આ સમયમાં જે જે વસ્તુ દૃષ્ટિગોચર થતી તે એક પ્રકારની તેજ-રેખાથી વ્યાપ્ત હોય તેમ પ્રકાશોજ્જવલ દેખાતી. પંપાસરોવરની ભ્રાંતિ કરાવતું સ્વચ્છ જળથી શોભતું સુંદર સરોવર, કાંઠા ઉપર આવેલા બાગમાં તપોવનની ભ્રાંતિ કરાવતા નાના બેઠા ઘાટનાં મકાનો, સરોવરના તટ પર આવેલી દહેરીઓ—સમાધિઓ તથા ચોમેર ઊભેલી વૃક્ષઘટાઓથી સુંદર લાગતું વાવેશ્વર ચોમાસાની સંધ્યા-કાળે એક બાજુ જામતા ધુમ્મસમાં ઢંકાયેલા વનપ્રદેશોથી અને બીજી બાજુ પશ્ચિમ આકાશની રક્તવર્ણી સંધ્યાથી અતિ ભવ્ય લાગતું. એનું નયનમનોહર સૌંદર્ય આલ્હાદક રહેતું. આવા સ્થાનમાં ધ્યાનસ્થ થઇ બેઠેલા મને મારા એક મિત્ર કાંતિલાલ અમૃત-લાલ શાહ પૂછતા કે 'યોગીંદ્ર! આવું અદ્‌ભુત સૌંદર્ય પથરાયેલું હોવા છતાં તમે આંખો બંધ કરીને શા માટે બેસો છો?' હું એને શું સમજાવું કે અંદર દિવ્ય તેજરેખાઓથી વ્યાપ્ત માનવ-મનને અકલ્પનીય એવા વિવિધ રંગોથી પ્રકાશિત જે ભવ્ય દર્શન થઇ રહ્યું છે એની પાસે બહારનું આ દશ્ય તો કાંઇ જ વિસાતમાં નથી. ઘણી વાર તો આવાં દશ્યેની ચલચિત્રોની જેમ પરંપરા ચાલતી. ક્યારેક સંસ્કૃત શ્લોકોનું લખાણ સામે લખાઈને ઉપસી આવતું. ઘેર પણ પત્ની મોડું થતાં જગાડે તો કહું કે, 'ફિલ્મ ચાલે છે. શું અદ્‌ભુત દશ્ય છે?" ફરી આંખો બંધ કરી કહું કે 'go on' એટલે ફરી એ ચલચિત્ર ચાલવા માંડે.

આ અનુભવો રજુ કરું છું ત્યારે મને કોઇ સાક્ષાત્કાર થયો છે એવો કોઇ દાવો કરવાની કે એવું કશું સુચવવાની સ્વપ્ને પણ મને કલ્પના નથી. આવા અનુભવોને બુદ્ધિના માપે માપતાં હું એમ માનું છું કે ઉત્કટ ભક્તિના માર્ગે જતાં ઇષ્ટદેવ વિષે મનમાં જે કાંઇ કલ્પનાઓ આપણા આન્તરમનમાં સંગ્રહાયેલી હોય તે આવું મૂર્ત રૂપ ધારણ કરતી હશે. આવી અનુભૂતિ પાછળ આથી વિશેષ કોઇ ઊંડું રહસ્ય હોય, કોઇ વિશિષ્ટ તત્વનું સ્થુળ સદશ રૂપમાં દર્શન હોય તો તેની મને ખબર નથી. અભિ-માનપૂર્વક કોઇ ચમત્કારો રજુ કરવાના આશયથી નહિ, પણ મારી જીવનકેડી ઉપર આગળ ને આગળ ચાલતાં અમુક સમયે અમુક કક્ષાએ જે અનુભૂતિઓ મને થઇ હતી તે અનુભૂતિઓ તે આકા-રમાં રજુ કરવાના આશયથી આ વિગતો મેં આપની સમક્ષ ધરી છે.

લગભગ ૧૦ વર્ષનો આમ ભક્તિકાળ પૂરો કરી, પછી જ્ઞાન-કાળમાં પ્રવેશ્યો. વાચનની ત્યારે ભારે ભૂખ ઊઘડી હતી. પણ તેમાંય આ જીવન શું છે? શા માટે છે? આ વિશ્વ કોણે સર્જ્યું? શા માટે સર્જ્યું? એનું રહસ્ય જાણવાની ભારે તાલાવેલી લાગી. એક ધર્મ આમ કહે છે, બીજો વળી તેમ કહે છે, તો ત્રીજો નવી જ વાત કરે છે. તો એ બધામાં સાચું કોણ હશે? કયો માર્ગ કલ્યાણકરી હશે? આવા પ્રશ્નોએ મારા મનને ઘેરી લીધું. ધર્મ અને તત્વજ્ઞાનના પુસ્તકોના વાચનનો શોખ તો મૂળે હતો જ, એ વૃદ્ધિ પામ્યો અને ભક્તિનો આવેગ મંદ પડવા લાગ્યો, ને આજે તો એ દશાનું કેવળ સ્મરણ જ રહ્યું છે. એની સ્મૃતિ આજની દશા સાથે સરખાવતાં કેટલીક વાર ચિત્તને વ્યથિત કરી મૂકે છે ને એથી આજે હું કયાંનો કયાં તણાઈ ગયો છું એવો પ્રશ્ન દિલમાંથી ઊઠયા કરે છે. પણ હૃદય આશ્વાસન આપે છે કે એક પછી એક પગથિયાં વટાવીને જ માનવજીવન ઉન્નત બનતું હોઇ એક જ પરિસ્થિતિ ટકી રહેવામાં કલ્યાણ નથી. આજે જે કંઈ છે એ એના જ પાયા પર સ્થિત છે.

મારો એક વિદ્યાર્થી મિત્ર ભાઈ બુદ્ધિલાલ જસરાજ ઘણી વાર કહે છે કે, 'ગુરુદેવ! વાવેશ્વરના ઓટલા પર વૃક્ષઘટા નીચે બેસી—પ્રાચીન કાળના ઋષિની જેમ—તમારા કિશોરલાલ મશરૂવાળાના તત્વ-જ્ઞાન પરનાં વ્યાખ્યાનો ચાલતાં અને અમો બધા મિત્રો કુંડાળામાં બેસી એ ધ્યાનથી ઝીલતા—એ કાળ કેવો ભવ્ય અને શાંતિદાયક હતો!' પણ હવે ભક્તિમાંથી વાચન તરફ વળ્યો હતો અને એમાં જ મને ખૂબ રસ આવતો.

આમ છતાં ક્યારેક નવરાશના સમયે શાળાના કલાર્કની રૂમમાં બેઠો હોઉં છું ત્યારે ટેકરી પાછળથી ઉંચું ડોકિયું કરી રહેલા અંધારિયા વનના વૃક્ષો મને આજ પણ ભગવાન બુદ્ધના ઉરૂવેલાની યાદ આપે છે અને ત્યારે આજ માર્ગેથી ભિક્ષાચરી માટે નગરમાં જતા એ બૌદ્ધભિક્ષુઓના પાદસ્પર્શથી આ ભૂમિ કેટલી પાવન બની હશે એવા વિચારમાં ઊંડો ઉતરી જાઉં છું. શાળાની સામે જ મારું સાધનાસ્થળ વાવેશ્વર આવેલું હોઇ એનું દર્શન પ્રાચીન કાળના કોઇ ઋષિમુનિઓનું સ્મરણ કરાવી જાય છે. જયારે સમીસાંજે વાયરા સૂસવતા હોય અને શાંતિ પથરાઈ હોય ત્યારે જીવનમાત્રના નિરવધિ દુ:ખોની કલ્પનાએ જેની આંખોમાંથી પ્રેમ અને કરુણાનો સ્રોત વહી રહ્યો છે એવા ભગવાન મહાવીર કોઇ વૃક્ષઘટા નીચે ધ્યાનસ્થ બની ઊભેલા નજરે ચડે છે.

આ વખતે જયારે વિચારમાં ઊંડે ઊતરતાં વૃત્તિઓ લગભગ તદાકાર બની જાય છે, મનના ઉભરા શમી જાય છે અને વિશ્વ બધું વિલીન થઇ જાય છે ત્યારે ચિત્ત લોકાલોક પ્રકાશક તત્વ સાથે એકરૂપ બનતાં જે શાંતિ અનુભવે છે એથી પૂર્વનું સ્મરણ જાગતાં હૈયું બોલી ઊઠે છે કે, 'ते हि नो दिवसाः गताः' 'અમારા એ દિવસો હવે ચાલી ગયા છે.'

ક્રમશ : રતિલાલ મફાભાઈ શાહ

# આજની પ્રક્રિયા

નવી પ્રજા પાસેથી કામ લેવાનું આવે ત્યારે આપત્તિ જ આવી સમજો! પણ થાય શું? આજની પેઢીને સુખાળવાપણું, આળસ, બેદરકારી અને અલ્લડવેડા વધુ ગમે છે. એ આપણી ચલચિત્રો, ક્રિકેટ–કોમેન્ટ્રી અને સિલોન રેડિયોની સંસ્કૃતિનો પરિપાક છે. મધ્યમ વર્ગમાં ભીંસમાંથી છટકવાની જે એક વૃત્તિ છે તેના પરિણામ રૂપ પણ એ હોય. કશું યે ઊંડું, તાત્ત્વિક, વિચારણીય કે ગહન વસ્તુ ઉપેક્ષાને પાત્ર થાય છે; અને હળવું, આછકલું અને મનોરંજક, એ આપણા નવતર વ્યક્તિત્વના સાર રૂપ બની રહ્યું છે. ગંભીર નાટકો કરતાં ફારસ અને વિનોદની નિકૃષ્ટ કોટિ સુધી ઊતરતાં નાટકો આપણને રુચે છે. ચિન્તનાત્મક ધીરગંભીર વિચારોથી ભરેલા ગ્રંથો કરતાં માનવજીવનના વરણા-ગિયાવેડાને પ્રચ્છન્ન રીતે વર્ણવતાં પુસ્તકો વિશેષ ગમે છે. ચિત્રોમાં પણ આહ્‌લાદક, રમણીય કે ચિત્તને ચિરંતન પ્રસાદ રૂપ બની જાય એવી રચનાઓ કરતાં જીવનના અજંપા ને અરાજકતામાંથી ઉત્પન્ન થતાં વિચિત્ર આયોજન અને અનુભૂતિથી નીપજેલાં ચિત્રો જ દેખા દે છે. સંગીતકારની મધુર અદાથી તે આપણને મુગ્ધ કરી દેતાં નથી, પરંતુ સરકસના ડાગલાના ચાબુકના કડાકાની જેમ આપણને આંચકો આપીને આકર્ષવા પ્રયત્ન કરે છે. કાળની એ બલિહારી છે.

આ દશામાંથી "સાચું" શિક્ષણ જ આપણને બચાવી શકે. આપણે જીવનપરિવર્તનની પ્રક્રિયાના એવા આરા પર આવીને ઊભા છીએ કે ગીતનો તાલ, લય, સૂરવિહાર કે સંવાદ આપણને સાંપડી શકતાં નથી, બલ્કે એથી કાંઇક ઊલટો જ જીવનાનુભવ થાય છે; અને પરિણામે કલાનુભવ પણ તેવો જ સાંપડે છે. We are living in a chaos that tries, rather fumbles to resolve into a new cosmos. આ વ્યવસ્થાને, આ અરાજકતાને આપણે હાથ ધરીને તેને સર્જક કેળવણી દ્વારા જો નવો વળાંક નહિ આપીએ તો પ્રકૃતિ, એના નિયમ મુજબ, ઘણા જ દુર્વ્યય પછી, પોતાની મેળે પોતાનો સંવાદ મેળવી તો લેશે, પણ તે કાળ સુધી રાહ જોવી પડશે. એટલે એ ખતરનાક ગાળાને કાપી નાખવો હોય તો આ પરિવર્તનની પ્રક્રિયાને સભાન, સર્જક, શૈક્ષણિક પ્રક્રિયા દ્વારા હાથ ધરી તેને યોગ્ય ઘાટ આપવો પડશે. ત્યાં સુધી આ ફરિયાદ, આ હતાશા, આ નૈષ્ફલ્ય અને આ 'સુખાળવાપણું' આપણને નહિ છોડે.

ઇશ્વર–ઇચ્છા મનુષ્યના પ્રયત્નની રાહ જોઇ રહી છે.

(કુમારમાંથી સાભાર ઉદ્ધૃત) રતિલાલ છાયા

# નવનિયુકત રાષ્ટ્રપતિનું મંગળ પ્રવચન

(તા. ૧૩-૫-૬૨ ના રોજ દિલ્હી ખાતે પાર્લામેન્ટ હાઉસના સેન્ટ્રલ હૉલમાં સવારના ૮-૩૫ વાગ્યે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી. બી. પી. સિંહા સમક્ષ રાષ્ટ્રપતિ પદ ધારણ કરતી વખતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને સોગંદવિધિ કર્યા હતા. આ વિધિ પત્યા બાદ તેમણે એક ટૂંકું છતાં અર્થસભર મંગળ પ્રવચન કરેલું. તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ અર્થગંભીર મૂળને ગુજરાતીમાં ઉતારવામાં ઠીક ઠીક મુશ્કેલી અનુભવી છે. એમ છતાં જેઓ અંગ્રેજી નથી જાણતા તેમને મૂળનો ભાવ ગ્રહણ કરવામાં આ અનુવાદ ઘણા અંશે ઉપયોગી નીવડશે એવી આશા છે. નવા રાષ્ટ્રપતિએ પોતાને મળતા મોટા પગારના સ્થાને માસિક માત્ર ૧૯૦૦ લેવાની જાહેરાત કરી છે. આવો અનુકરણીય દાખલો બેસાડવા માટે તેમને અનેક ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ.**)

આ મહાન પદ માટે મારી પસંદગી કરીને મારા દેશબંધુઓએ મારું જે બહુમાન કર્યું છે તેથી મારૂં દિલ અત્યન્ત અભિભૂત બન્યું છે. આ પદનિયુકિતના ગાંભીર્ય સંબંધમાં હું જરા પણ ભ્રમણાવશ નથી. આ મહત્વભર્યા સ્થાન ઉપર મને પ્રતિષ્ઠિત કરવામાં મારી કોઈ કામગીરીના ખ્યાલ કરતાં મારા વિષેની પ્રજાજનોની શુભેચ્છાઓ અને સદ્‌ભાવે ઘણો વધારે ભાગ ભજવ્યો છે એમ હું માનું છું. ડૉ. રાજેન્દ્રપ્રસાદ સાથે દશ વર્ષના ગાઢ સંપર્કના પરિણામે આ પદાધિકારની મુશ્કેલીઓ અને મહત્તાથી હું ઠીક ઠીક પરિચિત છું. પૂરી નમ્રતાપૂર્વક જણાવવાની રજા લઉં છું કે, મારા દેશબંધુઓએ મારામાં જે અસાધારણ વિશ્વાસ મૂકયો છે તેને મર્યાદિત પ્રમાણમાં યોગ્ય બનવા માટે હું મારાથી બનતો સર્વ પ્રયત્ન કરીશ અને આ રીતે મળતાં થોડા વર્ષો તેમની સેવામાં પૂરી નિષ્ઠાપૂર્વક સમર્પિત કરીશ. સેવા એ જ પ્રાર્થના છે. तदेव ईश्वर पूजनम् । નવી સૃષ્ટિ માટે—નવા સમાજના નવનિર્માણ માટે જરૂરી સાધના કરીને આપણે આપણી સૃષ્ટાની પૂજા કરી શકીએ છીએ.

સત્ય એ જ પરમ ઈશ્વર છે—આમ વિશ્વના સર્વ ધર્મો માને છે. ધાર્મિક માન્યતા ધરાવતા અને નહિ ધરાવતા—સર્વ માનવીઓ પરમ આશ્વાસક અને પરમ જાગૃતિપ્રેરક એવા સત્યના જ ઉપાસકો છે. જ્યારે બીજી વસ્તુઓ નાકામયાબ નીવડે છે ત્યારે સત્ય સદા વિજય પામે છે.

વ્યકિતઓનો કેવળ સમૂહ એ કાંઈ રાષ્ટ્ર નથી. પરસ્પર માનસિક વિનિમય ઉપર—દિલના એકીકરણ ઉપર—આધારિત સમાજ એ જ ખરું રાષ્ટ્ર છે. કોઈ પણ રાષ્ટ્ર માટે—ખાસ કરીને આપણા ભારત માટે—૪૦૦૦ વર્ષની સાધના દ્વારા આપણે સિદ્ધ કરેલાં પ્રજ્ઞા, પ્રેમ અને પરિત્યાગના પુનિત શિખરો એ જ ખરા મહત્વની ચિરસ્થાયી વસ્તુઓ છે. આ જ આપણી સંસ્કારિક ઈમારત છે. દુનિયામાં ગમે તે ઉલટપલટ થાય, છતાં જેના પાયા હલ્યા નથી એવી આ ઈમારતની પ્રતિમાને જ્યાં સુધી આપણા હૃદયમાં પ્રતિષ્ઠિત રાખીશું ત્યાં સુધી આપણું ભાવી સહીસલામત છે.

જે લોકો આ દેશમાં આવીને વસ્યા છે તેમના માટે ભારતે સૈકાઓથી એક માતાની ગરજ સારી છે અને જેવી રીતે એક માતા પોતાના દરેક બાળકને જોઈતી હુંફ પૂરતા પ્રમાણમાં આપે છે તેવી રીતે બૌદ્ધિક સમૃદ્ધિ અને આધ્યાત્મિક ધૃતિ ભારતે પોતાનાં સર્વ સંતાનોને પૂરી પાડી છે. બધાં બાળકો સરખાં હોતા નથી. તેઓ એકમેકથી અનેક રીતે જુદાં પડે છે. પણ સમગ્ર જીવનની, દરેક વ્યકિતમાં વ્યાપી રહેલ સત્ તત્ત્વની, સત્યની પ્રાપ્તિ થતાં અનુભવાતી તૃપ્તિના આનંદની એકસૂત્રતા દ્વારા આ ભિન્નતાઓ એકમેકમાં સંમીલિત—સમન્વિત—થઈ શકે છે.

ભિન્ન ભિન્ન માન્યતાઓનો આદર કરવાની—અપનાવવાની—આપણામાં રહેલી ઉદાર ભાવના, સાંપ્રદાયિક ઝનૂન અને આક્રમણથી સદા મુકત રહેવાની ઉદાત્તવૃત્તિ—જેમાં આપણી બધી તાકાતનું રહસ્ય રહેલું છે—આ ઉદાર ભાવનાની અને ઉદાત્ત વૃત્તિની આપણે પૂરી સંભાળપૂર્વક રક્ષા કરવી જોઈશે.

આપણી રાષ્ટ્રીય બાબતોમાં આપણે લોકશાહીને એક રાજકારણી ગોઠવણ તરીકે નહિ પણ એક નૈતિક વૃતિ તરીકે અપનાવી છે. આપણી મહાન પરંપરા અને આપણાં પ્રાકૃતિક વૃત્તિવલણો સાથે એ તદ્દન બંધબેસતી છે. આપણને માલુમ પડયું છે કે, સમાનતાના સંદર્ભથી અલગ એવો કોઈ સ્વતંત્રતાનો અર્થ નથી અને આર્થિક ન્યાયને સાકાર બનાવતી સમાજરચના સિવાય ખરી સમાનતા અસ્તિત્વમાં આવી શકે તેમ નથી. સ્વતંત્રતા, સમાનતા અને ન્યાયપરાયણતાને લગતી આ ભાવના હજુ આપણે કોઈ સિદ્ધ કરેલી બાબતો નથી, પણ સાધના દ્વારા હજુ સિદ્ધ કરવાનાં લક્ષ્યો છે. આપણે એ સાધનામાં ઘણી વાર સ્ખલનાઓ કરી છે અને તેનાં માઠાં પરિણામો આપણે ભોગવતા રહ્યા છીએ.

પૂરી નમ્રતા અને રાષ્ટ્રવ્યાપી પશ્ચાત્તાપપૂર્વક આપણે આપણી ભૂતકાળની ભૂલો સુધારવી જોઈએ, આપણા જાતભાઈઓ ઉપર લાદવામાં આવેલાં અન્યાયો અને અવમાનનાઓનું નિવારણ કરવું જોઈએ અને સૌએ સાથે મળીને આગળ કૂચ કરવી જોઈએ. ભૂતકાળ તરફ પગલાં માંડીને આપણે ભવિષ્ય તરફ ગતિ કરી નહિ જ શકીએ.

આજની આપણી દુનિયા તદ્દન જુદા પ્રકારની જ છે અને જે ટેકનિકલ—તાંત્રિક—પ્રગતિ કરી રહી છે તેની સાથે આપણે આપણા જીવનને ગોઠવવાનું છે. આજના યુગની આ સૌથી મહત્વની સમસ્યા આપણી સામે ઊભી થઈ છે. આ સમસ્યા માનવજાત માટે જીવન-મરણનો સવાલ છે. સાથે સાથે એક આગળ પડતું નૈતિક પગલું ભરવા માટે અને માનવી—ઈતિહાસના નવા પ્રદેશમાં પ્રવેશ કરવા માટે આ સમસ્યા એક મહાન તક પૂરી પાડે છે. આ કોઈ આઝાદી કે ગુલામીનો પ્રશ્ન નથી, પણ આપણી સભ્યતાના મરણજીવનનો પ્રશ્ન છે. આપણે જીવનના ચાહક છીએ અને તેથી જીવનની પવિત્રતામાં આપણે પૂરી શ્રદ્ધા ધરાવવી ઘટે છે. આ શ્રદ્ધા માનસિક અન્તરાયો અને નૈતિક જડતાને હઠાવવા માટે પૂરતું બળ પૂરું પાડશે. આપણે રાષ્ટ્રીય સલામતીને દુનિયાની સહીસલામતીથી ઉપરવટનું મહત્ત્વ આપવું ન જોઈએ. સાર્વભૌમત્વને એકાન્ત મહત્ત્વ આપતા રાષ્ટ્રની કલ્પના હવે આજના સમય સાથે કોઈ પણ રીતે બંધબેસતી થઈ શકે તેમ નથી. તે આજે જુનવાણી કલ્પના બની ગઈ છે. બધાંય રાષ્ટ્રીય હિતો પાછળ અમુક સર્વસામાન્ય અને જેમાં જરા પણ ઘટાડો ન થઈ શકે એવાં સર્વસ્વીકૃત જીવનમૂલ્યો અને માનવીની આકાંક્ષાઓ પડેલી છે, જે આખી માનવજાતનો સર્વસાધારણ વારસો છે. માનવીમાત્રને જીવન પ્રિય છે અને તેથી જીવન માટે જરૂરી એવી વસ્તુઓની તેમને અપેક્ષા રહેવાની જ. કારણ કે તેઓ સુખપૂર્વક જીવવા ઈચ્છે છે.

આ ઉપરાંત તેમને જરૂર છે ચોકકસ ભાવનાઓની, તાત્વિક પ્રતીતિઓની, નૈતિક માન્યતાઓની, અને રાજકારણી આકાંક્ષાઓની. જીવનની જરૂરિયાતો અને જેનાથી જીવન જીવવા જેવું બને છે તેવી ભાવનાઓ—આ બન્ને સૌ માનવીઓ સાથે મળીને પ્રાપ્ત કરવાના અધિકારી છે. વિજ્ઞાન અને ટેકનોલોજી (તંત્રવિદ્યા)ની આશ્ચર્યજનક સિદ્ધિઓએ માનવજાત માટે સુખી અને સ્વાધીન જીવનની પ્રાપ્તિ શકય બનાવી છે. સમસ્ત માનવજાત રાજકારણી પરાધીનતા, આર્થિક ગુલામી અને સામાજિક અસમાનતામાંથી મુકિત મેળવી શકે તેમ છે. સમાન ભાવનાઓ અને સમાન આકાંક્ષાઓના પાયા ઉપર રાષ્ટ્રીય મૂલ્યોનું રક્ષણ કરે અને દુનિયાની સહીસલામતીને સુરક્ષિત બનાવે એવો વિશ્વ સમાજ આપણે ઊભો કરી શકીએ તેમ છે. જો નૈતિક યમનિયમ—'moral imperatives'—દ્વારા આપણી રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય વર્તણુંકનું ઘડતર કરવામાં નહિ આવે તો આપણુ ભાવી ભયજનક છે.

सर्वं भूतस्थं आत्मानं सर्वं भूतानि च आत्मनि संपश्यन् आत्मविद् वै स्वराज्यं अधिगच्छति ।

અનુવાદક: **પરમાનંદ.** મૂળ અંગ્રેજી: ડૉ. રાધાકૃષ્ણન.

# જૈન દર્શન

( તા. ૮-૪-૬૨ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં મહાસતી ઉજ્જવળકુમારીએ આપેલું જૈન દર્શન ઉપરનું વ્યાખ્યાન. )

આજનો આપણો વિષય ‘ જૈન દર્શન ’ એ છે. દર્શન એટલે શું? અને દર્શન શા માટે પેદા થાય છે તે વાત આપણે પહેલાં સમજી લેવી જોઇએ. દર્શન એટલે જોવું. દર્શન એટલે સાક્ષાત્કાર. આ દર્શન એ સામાન્ય દર્શન નથી, પણ તત્વજ્ઞાન છે. વિશ્વના બાહ્ય તથા આન્તરિક સ્વરૂપના સંબંધમાં તાત્ત્વિક દૃષ્ટિથી જે વિચાર કરાય છે તેનું નામ તત્ત્વજ્ઞાન અથવા દર્શનશાસ્ત્ર છે.

મનુષ્ય જ્યારે વિશ્વને જુએ છે ત્યારે તેના મનમાં અનેક સવાલો પેદા થાય છે. ચંદ્ર, સૂર્ય, તારામંડળ તથા સમુદ્ર, પર્વત, વિશાળ નદીપ્રવાહ, મેઘગર્જના અને વીજળી વગેરે અદ્‌ભૂત વસ્તુઓ જોઈને મનુષ્યના હૃદયમાં તે સંબંધે અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. વિશ્વ ક્યારે ઉત્પન્ન થયું હશે? કોનાથી ઉત્પન્ન થયું હશે? સ્વયં ઉત્પન્ન થયું હશે કે કોઈએ ઉત્પન્ન કર્યું હશે. અને ઉત્પન્ન નહિ થયું હોય તો શું આ વિશ્વ હંમેશથી આવું હતું અને છે? વિશ્વનું નિયંત્રણ કોણ કરતું હશે? વગેરે અનેક પ્રશ્નો બાહ્ય વિશ્વના સંબંધમાં ઉદ્‌ભવે છે.

એ જ પ્રમાણે આંતરિક વિશ્વના સ્વરૂપ વિષે પણ મનુષ્યના મનમાં વિવિધ પ્રશ્નો ઉત્પન્ન થાય છે. બાહ્ય વિશ્વનો વિચાર કરનાર આ કોણ છે? આ અહંરૂપથી ભાસિત થનાર તત્ત્વ બાહ્ય વિશ્વ જેવું છે કે તેથી ભિન્ન સ્વભાવવાળું છે? આ આંતરિક તત્ત્વ અનાદિ છે કે કોઈ કોઈ કારણથી ઉત્પન્ન થયેલું છે? એ તત્વ અન્તવાળું છે કે અન્તરહિત છે?

આવા વિચારો કોઈ એક દેશ, જાતિ કે પ્રજામાં ઊભા થાય છે એમ નથી, પરંતુ આખી માનવજાતનાં મનમાં આ વિચારો ઊભા થાય છે. આ પ્રશ્નોની ઉત્પત્તિ એ જ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું પ્રથમ સોપાન છે. આ પ્રશ્નોના સમાધાન માટે જ વિવિધ દર્શનશાસ્ત્રો રચાયાં છે.

આ પ્રશ્નોના જવાબ માટે ભારતીય દર્શનશાસ્ત્રના ક્ષેત્રમાં બે વિચારધારા મુખ્યરૂપે પ્રવર્તે છે. એક વિચારધારા ઈશ્વર-કર્તૃત્વના સિદ્ધાન્ત ઉપર આધારિત છે, જ્યારે બીજી વિચારધારા ઈશ્વરના સૃષ્ટિ કર્તૃત્વમાં માનતી નથી અને કર્મતત્વ તથા વસ્તુસ્વભાવના સિદ્ધાન્ત ઉપર આધારિત છે.

જૈન દર્શન ઈશ્વર-કર્તૃત્વના સિદ્ધાન્તને સ્વીકારતું નથી એટલે કે સૃષ્ટિના સર્જક, નિયામક અથવા સંચાલકના રૂપમાં તે ઈશ્વરને સ્વીકારતું નથી. કારણ કે ઈશ્વરને જગતકર્તા માનવામાં ઘણા દોષો ઊભા થાય છે. જો ઈશ્વરને જગતકર્તા માનવામાં આવે તો સર્વપ્રથમ એ પ્રશ્ન થાય છે કે, ઈશ્વરે શા માટે સૃષ્ટિનું સર્જન કર્યું હશે? આનો જવાબ જુદી જુદી રીતે આપવામાં આવે છે. એક માન્યતા કહે છે કે, ઈશ્વરે પોતાના આનંદ માટે વિશ્વનું નિર્માણ કર્યું છે. બીજી માન્યતા કહે છે કે, ઈશ્વરના ચિત્તમાં ‘ एकोऽहं बहु स्याम् ’ એવી ભાવના સ્ફુરી અને એ ભાવનામાંથી આ વિશ્વનું નિર્માણ થયું. ત્રીજી માન્યતા એવી છે કે, ઈશ્વરે વિનોદ માટે, ક્રીડા માટે—કશા પણ હેતુ સિવાય—આ વિશ્વ રચ્યું. તાત્ત્વિક પરિભાષામાં એમ કહેવામાં આવે છે કે, આ વિશ્વ તે ઈશ્વરની લીલા માત્ર છે.

પરંતુ આ હેતુઓથી વિશ્વનું નિર્માણ થયું એમ કહેવા જતાં ઈશ્વરમાં કલ્પાયલા પૂર્ણત્વના સ્વીકારમાં અનેક ગુંચો પેદા થાય છે. પહેલી માન્યતા એમ સૂચવે છે કે ઈશ્વરને પોતાની ચાલુ સ્થિતિમાં અસંતોષ હતો, તેના આનંદમાં ઊણપ હતી. આમ હોય તો ઈશ્વરને પરમાનંદ સ્વરૂપ કેમ કહી શકાય? આ જ તર્ક ઈશ્વરને લગતી ‘ एकोऽहं बहु स्याम् ’ એ પ્રકારની કલ્પનાને લાગુ પડે છે. જેને એકપણામાં અપૂર્ણતા લાગે તેને અનેકમાં પરિણમવાની ઈચ્છા થાય. તો આ બીજી માન્યતા સ્વીકારવા જતાં ઈશ્વરમાં અપૂર્ણતાનો આરોપ થાય છે. આ વિશ્વ ઈશ્વરની લીલા માત્ર છે—આ માન્યતા કેવળ એક તર્ક છે અને એમ છતાં એને આપણે સ્વીકારી લઈએ તો પ્રશ્ન થાય છે કે ઈશ્વરે પોતાના વિનોદ ખાતર કેવળ લીલા ખાતર આ વિશ્વ રચ્યું હોય તો પાર વિનાનાં દુ:ખોથી—આધિ વ્યાધિ અને ઉપાધિઓથી—ભરેલું એવું આ વિશ્વ શા માટે રચ્યું? આપણી સામે વાસ્તવિક રૂપે જે વિશ્વ છે તે વિશ્વ અને ઈશ્વર અંગે પરમ દયાળુ—કરુણાળુ એવી જે કલ્પના છે એ બે બાબતોનો કોઈ મેળ બેસતો નથી.

ઈશ્વરને જગતકર્તા માનનારાઓ એક બીજી વાત કહે છે. દરેક કાર્યનો કોઇ પણ કર્તા હોવો જોઈએ, જેમકે ઘડિયાળ, ચશ્મા, કાગળ, પેન્સીલ, વગેરે ચીજોનો કોઈ ને કોઈ કર્તા છે. કર્તા વિના તે ચીજો બની શકે નહિ. આવી રીતે વિશ્વનો પણ કોઈ કર્તા હોવો જોઈએ. પણ આ વિચારણા સ્વીકારીએ તો પછી ઈશ્વરનો પણ કોઇ બનાવનાર હોવો જોઈએ—આવો પ્રશ્ન ઊભો થયા વિના ન રહે. આમ એકનો બનાવનાર બીજો અને બીજાનો બનાવનાર વળી ત્રીજો માનવો પડે. આમ અનવસ્થાદોષ પેદા થાય છે. અને જો ઈશ્વરને અનાદિ માનવામાં આવે તો વિશ્વને અનાદિ માનવું એ જ વધારે યુક્તિસંગત છે.

વળી જો ઈશ્વરને જગતકર્તા માનીએ છીએ તો પ્રશ્ન થાય છે કે, પરમશક્તિમાન પરમદયાળુ પરમાત્માએ સુખી તથા સુંદર જગત રચવું જોઈતું હતું. દુ:ખ અને અશાંતિ લવલેશ પણ જગતમાં ન દેખાવા જોઈએ. વેર, ઝેર હિંસા, દ્વેષ જેવી ક્ષુદ્ર વૃત્તિઓનું નામનિશાન પણ ન હોવું જોઈએ. પવિત્રતાની પ્રતિમા સમાન વિશ્વ બનવું જોઈએ.

આ રીતે આ જગતનો કોઈ કર્તા નથી, પરંતુ જૈન દર્શન કહે તે મુજબ જગત અનાદિ અને અનંત છે, નિત્ય અને અવિનાશી છે. પદાર્થોનાં રૂપો બદલાયા કરે છે, પરંતુ મૂળથી કોઈ પદાર્થનો નાશ થતો નથી. આ વિષયનું નિરૂપણ કરતાં જૈન દર્શનમાં એક ત્રિપદી આપવામાં આવી છે. ‘ઉપનેઈવા’, વિગનેઈવા ધુવેઈવા’, વિશ્વનાં તમામ ચેતન અચેતન પદાર્થ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને સ્થિર પણ રહે છે. મૂળ તત્ત્વ સ્થિર રહે છે અને તેની અવસ્થામાં ઉત્પાદ તથા નાશ થયા કરે છે. આ છે વિશ્વનું સ્વરૂપ.

હવે બીજો સવાલ એ પેદા થાય છે કે, આ વિશ્વનું સંચાલન કોણ કરે છે? ઈશ્વરકર્તા માનનારી વિચારધારા ઈશ્વરને જગતના સંચાલક રૂપે માને છે અને કહે છે કે, ઈશ્વરેચ્છા વિના જગતમાં પાંદડું પણ હાલતું નથી. જીવમાત્ર ઈશ્વરની ઈચ્છાને અધીન થઈ સર્વ પ્રવૃત્તિઓ કરે છે. પરંતુ માન્યતા તર્કની કસોટી ઉપર ટકી શકતી નથી. કેમકે જીવો ઈશ્વરની ઈચ્છાથી સારી નરસી પ્રવૃત્તિઓ કરે અને વળી ઈશ્વર જ ખરાબ કામોનો દંડ જીવોને આપે, નર્કાદિની યાતનાઓ ભોગવાવે—ઈશ્વર આવો અન્યાય કરે એમ કોઈ પણ આસ્તિક માણસ સ્વીકારી શકે નહિ.

વળી કહે છે કે, જ્યારે સંસારમાં દુષ્ટોનો અત્યાચાર વધે છે ત્યારે ઈશ્વર અવતાર લઈને તેનો નાશ કરે છે. આમાં શંકા થાય છે કે, ઈશ્વર સર્વજ્ઞ છે, તે જાણતો જ હતો કે આ જીવો દુષ્ટ બનીને સંસાર પર અત્યાચાર કરશે તો એવા જીવોને

તેણે સર્જ્યા શું કામ? વિષવૃક્ષ જાણીને વાવવું અને પછી તેને ઉખેડવા બેસવું, જાણીને કીચડથી કપડાં ભરવાં અને પછી ધોવા બેસવું-આવું કામ સાધારણ બુદ્ધિમાન માનવ પણ ન કરે, તો સર્વજ્ઞ ઈશ્વર કરે એ તો સંભવે જ નહિ.

દુનિયામાં કેટલાક માણસો સુખી દેખાય છે, ત્યારે કેટલાક દુ:ખી દેખાય છે. કેટલાક લોકોને ઈશ્વરે સ્વીઝરલેન્ડ જેવી સ્વર્ગભૂમિ રહેવા આપી તો કેટલાક લોકોને જ્વાલામુખીનો બળબળતો પ્રદેશ રહેવા આપ્યો. તો ઈશ્વર આવો પક્ષપાત કેમ કરે? આના જવાબમાં ઈશ્વરકર્તૃત્વની વિચારધારા કહે છે કે, જીવના શુભાશુભ-કર્મ પ્રમાણે પરમાત્મા તેનું ફળ આપે છે. પાપ બાંધનારા દુ:ખ ભોગવે તેમાં ઈશ્વરનો શો દોષ? તો આ જવાબ બરાબર નથી. પ્રાણીઓ ઉન્માર્ગે જાય ત્યારે પરમાત્મા ચુપચાપ જોઈ રહે અને દંડ દેતી વખતે સાવધાન થાય એ કદાપિ સંભવે નહીં.

ઈશ્વરને વિશ્વના સંચાલક માનવામાં આવા દોષો આવે છે. તેથી જૈન દર્શન કહે છે કે, વિશ્વનો કર્તા જેમ ઈશ્વર નથી તેમ વિશ્વનો સંચાલક પણ ઈશ્વર નથી. જીવ અને જડ એ બે તત્ત્વોનો સમુદાય એ જગત છે. જીવ--જગત કર્મ સિદ્ધાંત પ્રમાણે ચાલ્યા કરે છે. હરેક પ્રાણીના સુખદુ:ખનો આધાર તેની કર્મસત્તા ઉપર છે. જીવને પોતાના કરેલાં શુભ અશુભ કર્માનુસાર સુખદુ:ખરૂપ કર્મનાં ફળ મળ્યાં કરે છે અને સંપૂર્ણ કર્મનો ક્ષય થતાં જીવો મુકત બને છે. તે જે પ્રકારનાં કર્મો કરે છે તે પ્રકારનાં ફળ તેને ભોગવવા પડે છે. જેમ ખેડૂત પોતાના ખેતરમાં જેવાં બી વાવે છે તેવાં ફળ તેને મળે છે. બાજરો વાવીને ઘઉં ન મેળવી શકે. ધતૂરો વાવી સંતરા નહી મેળવી શકે. એ જ રીતે કર્મ પ્રમાણે ફળ મળ્યા કરે છે અને ઈષ્ટઅનિષ્ટ સંયોગ જીવ પોતે જ પોતા માટે પેદા કરે છે. ભૂતકાળના કર્મ પ્રમાણે વર્તમાન સ્થિતિ પ્રાપ્ત થઈ છે અને વર્તમાનકાલના કર્માનુસાર ભાવી જીવનનું નિર્માણ થાય છે. પોતાના ભાવી જીવનનું નિર્માણ કરવું એ મનુષ્યના હાથની વાત છે. આત્મા પોતા માટે ચાહે તો સ્વર્ગ યા ચાહે તો નર્ક નિર્માણ કરી શકે છે.

આત્મા સ્વયમેવ સુખદુ:ખનો કર્તા અને ભોકતા છે. ઈશ્વર તેને સુખ આપે તો સુખી થાય અને દુ:ખ આપે તો દુ:ખી થાય એ પરાધીનતામાંથી જૈન દર્શને સંસારને મુકત કર્યો છે, અને પોતાના પગ ઉપર ઊભા રહેવાનું શીખવ્યું છે. ઈશ્વરને ભરોસે બેઠેલા નિરૂદ્યમીઓને ઉદ્દેશીને જૈન દર્શને કહ્યું છે કે:-

अप्पा कत्ता विकत्ता य, सुहाप्प य दुहाप्प य ।
अप्पा मित्तममित्तं च सुप्पठ्ठि य दुप्पठ्ठिओ ।।
अप्पा नई वैयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदुहा धेनु, अप्पा मे नंदणं वणं ।।

આત્મા જ સુખદુ:ખનો કર્તા અને ભોકતા છે સન્માર્ગે જનાર આત્મા પોતે જ પોતાનો મિત્ર છે અને કુમાર્ગ પર ચાલનાર આત્મા પોતે જ પોતાનો શત્રુ છે. આત્મા પોતાને માટે વૈતરણી નદી તથા કુડસાલ્મલી વૃક્ષ છે અને આત્મા જ પોતા માટે કામદુધા ધેનૂ તથા નંદનવન છે. કોઈ આંખો બંધ કરીને કુવા તરફ ચાલવા માંડે અને કુવામાં પડે તો કુવામાં પાડનાર તે પોતે જ છે. તે માટે ઈશ્વરની જરૂર નથી. ઝેર ખાનાર પોતે જ પોતાની મૃત્યનો વિધાતા છે. કરેલા કર્મના ફળ અવશ્ય ભોગવવાં પડે છે. વૃક્ષ પરથી તૂટેલું ફળ નીચે પડવાનું જ છે તેમ કૃતકર્મોનું ફળ ભોગવવાનું જ છે. આત્મા અનંત શકિતનો પુંજ છે. તેનું પોતાનું નિર્માણ તેના હાથમાં જ છે. બીજી કોઈ શકિતના હાથમાં નથી.

આ રીતે જીવ જગતનું સંચાલન કર્મસત્તાથી થાય છે અને જડ જગતનું સંચાલન વસ્તુસ્વભાવથી થાય છે. એના માટે પણ ઈશ્વરને કર્તા માનવાની જરૂર નથી. માટી, હવા, પાણી તથા પ્રકાશ વગેરે પદાર્થોના સ્વભાવથી બાહ્ય જગતનું સંચાલન થયા કરે છે. આ વાત સમજવા માટે એક ઉદાહરણ લઈએ. સૂર્યનો તડકો સમુદ્રના પાણી ઉપર પડે છે, તો તે તડકામાં જેટલી ગરમી હોય તેટલો પ્રમાણમાં સમુદ્રનું પાણી વરાળ રૂપે બની જાય છે અને જે દિશાની હવા હોય એ દિશામાં વરાળ વાદળાં રૂપે બનીને ચાલી જાય છે. અને જ્યાં વિશેષ ઠંડી હવા તેને મળી જાય ત્યાં તે પાણી બનીને વરસી જાય છે. અને તે પાણી પોતાના સ્વભાવ પ્રમાણે ઢાળ તરફ વહેતું વહેતું નદીઓમાં ભળી સમુદ્રમાં મળી જાય છે. તડકો હવા અને પાણી એ વસ્તુઓના સ્વભાવ પ્રમાણે આ પરિવર્તન થયા કરે છે.

જો સમુદ્રના પાણીની જ વરાળ બનીને તેના જ વાદળાં બને છે અને જો વસ્તુસ્વભાવ સિવાય બીજો કોઈ વરસાદનો વરસાવનાર હોત તો તે કદી પણ સમુદ્ર પર પાણી ન વસારવત, કારણકે સમુદ્રના પાણીની જ વરાળ બની હતી અને ફરી તેને પાણી બનાવીને સમુદ્રમાં વરસાવવાનો કાંઈ અર્થ નથી. કારણકે પ્રથમથી જ તે પાણી સમુદ્રમાં પડેલું હતું. તો પછી આટલી કડાકૂટ કોઈ શા સારું કરે? તેથી વરસાદ વરસાવનાર કોઈ અન્ય છે એમ માનવું યુકિતસંગત નથી.

આ રીતે વરસાદને વરસાવનાર કોઈ નથી, પરંતુ જ્યાં વાંદળાંને પાણી થઈને વરસી જાય એટલી ઠંડી હવા મળે ત્યાં તે વરસે છે. પછી ભલે ત્યાં જલ હોય કે સ્થળ હોય, સમુદ્ર હોય કે ધરતી હોય. વાદળાને તો એ જ્ઞાન નથી કે તેને કયાં વરસવું જોઈએ અને કયાં નહિ. તેથી ઘણીવાર જ્યાં જરૂર હોય ત્યાં વરસાદ નથી વરસતો અને જ્યાં જરૂર ન હોય ત્યાં વરસે છે. વળી કયારે વરસવું અને કયારે ન વરસવું એનું પણ તેને જ્ઞાન નથી. તેથી ઘણીવાર એવું બને છે કે, સમયસર વરસાદ નથી પડતો અને કસમય પર પડે છે. ઘણીવાર તો એવું બને છે કે, આખી વર્ષાઋતુમાં સારો વરસાદ પડે છે, પણ અંતમાં એકાદ વરસાદની એવી ઊણપ રહે છે કે જેથી બધી ખેતી બગડી જાય છે. જો વસ્તુસ્વભાવ સિવાય વરદસાદનો કોઈ અન્ય પ્રબંધકર્તા હોત તો આવી અંધાધૂંધી કદી ન થાત. આ ઉપરથી કોઈ એમ કહે કે અમુક ખેતરમાં ધાન્ય ન પેદા કરવાની અથવા ઓછું ધાન્ય પેદા કરવાની ઈશ્વરની ઈચ્છા હતી. પરંતુ જો ઈશ્વરની ઈચ્છા એવી જ હતી તો આખી વર્ષા ઋતુ દરમિયાન સારો વરસાદ વરસાવીને તે ખેતીને આટલી વિકસવા શું કામ દીધી? અને જો ધાન્ય પેદા ન થાય તેવી તેની ઈચ્છા હતી તો ખેડૂતને બી શું કામ વાવવા દીધાં? આ બધું જોતાં લાગે છે કે, સંસારનો કોઈ એક પ્રબંધકર્તા નથી, પરંતુ બાહ્ય જગતનું સંચાલન વસ્તુસ્વભાવને લીધે થાય છે અને અન્તરજગતનું સંચાલન કર્મસત્તાથી થાય છે. આ બે શકિતઓથી સંસારનું ચક્ર સ્વયમેવ ચાલ્યા કરે છે. આ છે જૈન દર્શનની સૃષ્ટિ સંબંધી માન્યતા.

અપૂર્ણ **મહાસતી ઉજજ્વલકુમારી.**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મારા જીવનનાં કેટલાંક સ્મરણો | રતિલાલ મફાભાઈ શાહ | ૨૧ |
| નવનિયુકત રાષ્ટ્રપતિનું મંગળ પ્રવચન | ડા. રાધાકૃષ્ણન્ | ૨૫ |
| જૈન દર્શન | મહાસતી ઉજજ્વળ કુમારી | ૨૬ |
| પરમાણુ અને તેનું પરિવર્તન | ડૉ. નૃસિંહ મૂળજી શાહ | ૨૮ |
| 'આજની સમસ્યા અવિભાજ્ય છે, સમગ્ર સ્પર્શી છે' | વિમલા ઠકાર | ૨૯ |

# પરમાણુ અને તેનું પરિવર્તન: પરમાણુ શક્તિ

(અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ કોલેજના વાઇસ પ્રિન્સીપાલ મારા મિત્ર ડો. નૃસિંહ મૂળજી શાહને પરમાણુની રચના અને તેના પરિવર્તન અંગે પ્રબુદ્ધ જીવનના વાચકોને લક્ષમાં રાખીને એક સંક્ષિપ્ત છતાં જરૂરી માહિતીયુક્ત નોંધ તૈયાર કરવા મેં વિનંતિ કરેલી. તેના પરિણામે તેમના તરફથી મળેલો એક લેખ તા. ૧૬-૧૨-૬૧ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ એ લેખની પુરવણીરૂપ બીજો લેખ થોડા સમય બાદ તેમણે મારી ઉપર મોકલેલો, પણ વિસ્મૃતિના કારણે તે લેખ આજ સુધી મારી પાસે એમ ને એમ પડી રહેલો. થોડા સમય પહેલાં એકઠી થયેલી લેખસામગ્રી તપાસતાં તે લેખ મારી નજરે ચડયો અને મારી વિસ્મૃતિ અથવા તો બેદરકારી માટે મને દુ:ખ થયું. આ માટે તેમની ક્ષમાયાચનાપૂર્વક પ્રસ્તુત લેખ પ્રગટ કરતાં જણાવવાનું કે વિજ્ઞાનથી સર્વથા અનભિજ્ઞ એવા વાચકોને આ લેખનો અમુક ભાગ સમજતાં મુશ્કેલી પડવા સંભવ છે. આમ છતાં પણ પરમાણુરચના વિષેની જાણકારીનો બને તેટલો ફેલાવો થવો જોઈએ એમ સમજીને આ લેખને પ્રબુદ્ધ જીવનમાં સ્થાન આપવું ઉચિત ધાર્યું છે. જેના દિલમાં આ વિષે જિજ્ઞાસા હશે તે આ લેખ કોઈ પણ વૈજ્ઞાનિકની મદદ લઈને જરૂર સમજી લેવા પ્રયત્ન કરશે એવી આશા છે. **પરમાનંદ**)

**પ**રમાણુ અને પરમાણુશકિત આજે માત્ર વિજ્ઞાનીઓને જ રસના વિષયો નથી. તે શેરી અને ચૌટામાં ચર્ચાના વિષયો બન્યા છે. સામાન્ય માનવી પણ પરમાણુની વાતમાં રસ લેતો થયો છે. ૧૯૪૫ના ઓગસ્ટની ૬ ઠ્ઠી તારીખે જાપાનના કમનશીબ હિરોશીમા શહેર ઉપર પરમાણુ બોમ્બ નાખવામાં આવ્યો ત્યારથી પરમાણુ યુગના પ્રભાતનો ઉદય થયો અને જગતની દષ્ટિ પરમાણુ તરફ વળી. પરમાણુ-શકિત માનવ જાતના સુખ સગવડ અર્થે વપરાય—સંહાર માટે નહીં—એવો પોકાર ઉઠયો. પરમાણુની સંહારશકિત આપણી સંસ્કૃતિનો નાશ કરશે; એ નાશમાંથી બચવા પરમાણુ શકિતના રચનાત્મક ઉપયોગો યોજવા લોકમત પ્રબળ થયો. એટલે પરમાણુ વિષે જનતા કાંઈક જાણે એ આવશ્યક છે એમ સૌને લાગ્યું. આ અંગે પુષ્કળ લોક-ભોગ્ય સાહિત્ય પ્રગટ થવા લાગ્યું. પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૧૨-'૬૧ ના અંકમાં પાના ૧૬૧ ઉપર પરમાણુ અને તેની રચના અંગેનો મારો લેખ વાંચી જવા જીજ્ઞાસુઓને વિનંતિ છે. એ લેખમાંથી આપણે એટલું જાણી શકીએ છીએ કે પરમાણુ સૂક્ષ્મ મૂળભૂત રજકણો—પ્રોટોન, ન્યુટ્રોન અને ઈલેકટ્રોન—નો બનેલો છે. આ લેખમાં હવે આગળ વધીએ.

સંશોધન વડે જાણી શકાયું કે કોઈ પણ મૂળ તત્ત્વના એક કરતાં વધુ અણુવજનવાળાં પરમાણુઓ હોય છે. સાદો હાઈડ્રોજન વાયુ લઈએ: તેનું કેન્દ્ર—ન્યુકલીઅસ એક પ્રોટોનનું બનેલું છે અને તેની ફરતો એક ઈલેકટ્રોન છે. એક બીજો હાઈડ્રોજન, જેને 'ભારે હાઈડ્રોજન યા ડયુટેરોન' કહેવામાં આવે છે, તે પણ અસ્તિત્વ ધરાવે છે. તેના કેન્દ્રમાં એક પ્રોટોન અને એક ન્યુટ્રોન છે. એટલે તેનું પરમાણુ વજન બે છે. એક જ મૂળતત્વનાં આવાં જુદાં જુદાં પરમાણુઓને આઈસોટોપ કહેવાય છે. યુરેનિયમના ૨૩૫ અને ૨૩૮ વજનવાળા બે આઈસોટોપો છે. એકમાં ૯૨ પ્રોટોન અને ૧૪૩ ન્યુટ્રોન, અને બીજામાં ૯૨ પ્રોટોન અને ૧૪૬ તેના ન્યુટ્રોન છે. આઈસોટોપના ગુણધર્મો સરખા હોય છે. કારણ કે પરમાણુ વજન સાથે તેમને કાંઈ સંબંધ નથી. પરમાણુ ક્રમાંક, જે પરમાણુના કેન્દ્રનો વિદ્યુતભાર દર્શાવે છે તેના પર ગુણધર્મોનો આધાર રહે છે.

**પરમાણુ કેન્દ્રનાં પરિવર્તનો અને પરમાણુ શકિત**

ઈન્ગ્લાંડના મહાન વિજ્ઞાનિક લોર્ડ રૂથરફોર્ડને એવો ખ્યાલ આવ્યો કે કોઈ પણ મૂળ તત્ત્વના પરમાણુમાં આવેલ પ્રોટો-નની સંખ્યામાં ફેરફાર કરી શકાય તો બીજો પરમાણુ ઉત્પન્ન કરી શકાય. સાદી ભાષામાં કહીએ તો, પારાના ન્યુકલીઅસમાં આવેલ પ્રોટોનની સંખ્યામાં યોગ્ય ફેરફાર કરી તેનું રૂપાંતર સોનામાં કરી શકાય. પારામાંથી સુવર્ણ બનાવવાની કિમીયાગીરી જૂના કાળથી જાણીતી છે, પણ એ બધા પ્રયત્નો મિથ્યા હતા. પરમાણુ શું છે એની કાંઈ માહિતી એ જમાનામાં ન હતી. પણ આધુનિક કિમીયાગીરી કાંઈ સહેલી નથી. એક તો પરમાણુમાં ખાલી જગ્યા પુષ્કળ અને ન્યુકલીઅસનો વ્યાસ એટલો નાનો કે તેને ભેદવા માટે વપરાતાં સાધનો તેની સાથે અથડાવાની સંભવિતતા ઘણી જ ઓછી. પર-માણુનું કેન્દ્ર તોડવા માટે હથિયાર તરીકે રૂથર ફોર્ડની પસંદગી રેડિયમમાંથી નીકળતાં આલ્ફા કણો ઉપર ઉતરી. આપણે જોઈ ગયા છીએ કે આલ્ફા કણો એટલે હિલિયમ પરમાણુનાં કેન્દ્રો. નાઈટ્રોજન વાયુ ઉપર આલ્ફા કણોનો મારો કરી રૂથરફોર્ડે ૧૯૧૯ માં સૌ પ્રથમ નાઈટ્રોજનનો પરમાણુ તોડયો. પરિણામે ઓકિસજનનો ૧૭ વજન-વાળો આઈસોટોપ અને એક પ્રોટોન મળ્યા.

૧૪ ૪ ૧૭ ૧
નાઈટ્રોજન + હિલિયમ કેન્દ્ર = ઓકિસન + પ્રોટોન (હાઈડ્રો-
૭ ૨ ૮ ૧ જન કેન્દ્ર)

(ઉપલા આંકડા મૂળતત્ત્વનું પરમાણુ વજન અને નીચલા આંકડા પરમાણુ ક્રમાંક દશાવે છે.)

૧૯૩૨ ની સાલમાં ચેડવિકે શોધી કાઢયું કે બેરીલિયમ ધાતુ પર આલ્ફા કણોનો મારો કરવાથી પ્રોટોન જેટલા જ વજનવાળા, કોઈ પણ જાતના વિદ્યુત ચાર્જ રહિત કણો બહાર પડે છે. આ કણનું નામ પાડયું ન્યૂટ્રોન.

૯ ૪ ૧૨ ૧
બેરીલિયમ + ૨ હિલિયમ કેન્દ્ર = કાર્બન + ન્યૂટ્રોન
૪ ૨ ૬ ૦

ન્યૂટ્રોનની શોધે પરમાણુના કેન્દ્ર પર નવો પ્રકાશ પાડયો, એટલું જ નહીં પણ, કેન્દ્ર તોડવાના કાર્યમાં ન્યૂટ્રોન ખૂબ અગત્યના નીવડયા. ન્યૂટ્રોનની શોધ પૂર્વે કેન્દ્ર તોડવા માટે હિલિયમ કેન્દ્ર અને પ્રોટોન વપરાતા હતા.

પરમાણુના કેન્દ્ર પર પોઝિટીવ વિદ્યુતનો ચાર્જ હોય છે એટલે હિલિયમ કેન્દ્ર અને પ્રોટોન જેવા પોઝિટીવ વિદ્યુત ચાર્જ-વાળા કણો તેની પાસે આવે ત્યારે બંને વચ્ચે પ્રત્યાકર્ષણ થાય એટલે એ દૂર હડસેલાય. એટલે કેન્દ્ર તોડવાના હથિયાર તરીકે તેમનો ઉપયોગ એકદમ મર્યાદિત થાય છે. પરંતુ ન્યૂટ્રોન પર કોઈ પણ જાતનો વિદ્યુત ચાર્જ ન હોવાથી પ્રત્યાકર્ષણની અસર તેમના પર થાય નહીં. એટલે ન્યૂટ્રોન વધુ સહેલાઈથી પરમાણુનું કેન્દ્ર તોડી શકે. સાદી ભાષામાં આને સમજાવીએ. પરમાણુનું કેન્દ્ર અજેય કિલ્લા જેવું છે. તેને તોડવા પ્રબળ તોપની જરૂર પડે. ન્યૂટ્રોને આ સાધન પૂરૂં પાડયું. હિલિયમ કેન્દ્ર અને પ્રોટોન જેવા કણોને સામાન્ય બંદૂક સાથે સરખાવી શકાય. કિલ્લાને તોડવા એઓ સમર્થ ન ગણાય.

હલકાં અને ભારે પરમાણુઓ ઉપર ન્યૂટ્રોનના મારાથી અનેક રસમય પરિણામો મળ્યાં. ન્યૂટ્રોનને પાણી અથવા મીણમાંથી પસાર કરવાથી તેમની ગતિ ધીરી પડે છે અને કેટલાંક પરમાણુઓ ભેદવા માટે આ ઓછી ગતિવાળા ન્યૂટ્રોન વધારે અસરકારક પૂરવાર થયા છે.

કોઈ એક વસ્તુ બીજી વસ્તુ સાથે અથડાય ત્યારે તેની બીજી વસ્તુ પર થતી અસરનો આધાર અથડાનાર વસ્તુની ગતિ અને વજન પર રહે છે. દાખલા તરીકે બંદૂકની ગોળી હાથેથી નાખીએ

ને કોઈને વાગે તો નજીવી ઈજા થાય, પણ બંદૂકમાંથી ફોડીને તેને વેગ આપવામાં આવે તો તે પોલાદમાંથી પણ આરપાર નીકળી જાય. આથી પરમાણુનું કેન્દ્ર તોડવા ન્યૂટ્રોન જેવા કણોને ગતિ આપનારાં યંત્રો શોધાયાં. આમાં સાઈકલોટ્રોન નામના યંત્રની શોધ ખાસ અગત્યની છે. આ યંત્રમાં કેન્દ્ર તોડવા માટે વપરાતા ન્યૂટ્રોન જેવા કણોને ગંજાવર વિદ્યુત લોહચૂંબકોના ક્ષેત્રમાં દાખલ કરી અત્યંત ગતિમાન કરવામાં આવે છે. સાઈકલોટ્રોનના શોધક પ્રોફેસર ઈ. ઓ. લોરેન્સને આ સિદ્ધિ માટે ૧૯૩૯માં નોબેલ પારિતોષિક એનાયત થયું હતું. આ નૂતનતમ પદાર્થ વિજ્ઞાનનો અતિ સ્પષ્ટ અને આકર્ષક અહેવાલ લોર્ડ રૂથરફોર્ડે તેમની છેલ્લી પુસ્તિકા 'નવીન કીમિયાગીરી' (The Newer Alchemy) માં આપેલ છે. તેમાં વર્ણવેલી નોંધપાત્ર પ્રગતિ કોઈ આકસ્મિક શોધને લીધે નથી, પરંતુ પરમાણુ અને તેની રચનાના ઊંડા અભ્યાસનું કુદરતી પરિણામ છે, જે નૂતન પદાર્થવિજ્ઞાનના લક્ષણરૂપ છે.

૧૯૩૯ માં જર્મન વૈજ્ઞાનિક ઓટો હાને (Otto Hann) યુરેનિયમના કેન્દ્ર ઉપર ન્યૂટ્રોનનો મારો કર્યો. તેમને એક અજાયબીભરેલું પરિણામ મળી આવ્યું. ન્યૂટ્રોનના મારાથી યુરેનિયમ પરમાણુઓ બે ભાગમાં તૂટી પડે છે અને તેમાંથી બેરિયમ અને ક્રિપ્ટોન અથવા સ્ટ્રોન્શિઅમ અને ઝિનોન જેવા લગભગ બે સરખા ભાગવાળા પદાર્થો પેદા થાય છે. યુરેનિયમના ૨૩૫ વજનના આઈસોટોપ ઉપર આ ક્રિયા કરવાથી વધારે સફળતા મળી. આ કેન્દ્રવિભાજનની પ્રક્રિયાને 'ન્યૂકલીઅર ફિશન' (nuclear fission) કહેવાય છે. આ કેન્દ્ર વિભાજન દરમિયાન વીસ કરોડ ઈલેક્ટ્રોન વોલ્ટ જેટલી શકિત છૂટી પડે છે. યુરેનિયમના કેન્દ્રના વિભાજન દરમિયાન તેમાંથી ન્યૂટ્રોન પણ છૂટા પડે છે. આ ન્યૂટ્રોનો વળી બીજા યુરેનિયમના પરમાણુઓને ભેદે છે એટલે વળી બીજા ન્યૂટ્રોન વછૂટે છે અને વધુ શકિત ઉત્પન્ન થાય છે. આમ ઉત્તરોત્તર પ્રક્રિયા ચાલ્યા કરે છે અને એક સેકન્ડમાં તો અફાટ શકિત છૂટી પડે છે. આને 'સળંગ પ્રક્રિયા' (ચેઈન રિએક્શન (chain reaction) કહેવાય છે. જેમ દારૂગોળાના મોટા જથ્થામાં એક ઠેકાણે દીવાસળી ચાંપવાથી તે આખો જથ્થો ફાટે છે તેવી રીતે આ પ્રક્રિયા થાય છે. વિભાજનની ક્રિયા શરૂ થઈ એટલે તેને અટકાવી શકાતી નથી.

મહા વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને ૧૯૦૫ માં અનુમાન કર્યું હતું કે પદાર્થનું શકિતમાં પરિવર્તન કરી શકાય અને તે માટે નીચલું સમીકરણ રજૂ કર્યું હતું:

$$E = Mc^2$$

E=energy શકિત; M=mass વજન; C=velocity of light પ્રકાશની ગતિ, જે દર સેંકડે ૧,૮૬,૦૦૦ માઈલ છે.

આ સમીકરણ પ્રમાણે જો માત્ર એક ગ્રામ (૧/૪૫૪.૬ રતલ) પદાર્થનું શકિતમાં પરિવર્તન થાય તો તેનાથી ૪,૦૦૦ હોર્સ પાવરનું એન્જીન સતત એક વર્ષ સુધી ચાલ્યા કરે એટલી શકિત મળે.

આપણે ઉપર જોઈ ગયા કે યુરેનિયમના ૨૩૫ વજનવાળા આઈસોટોપ ઉપર ન્યૂટ્રોનનો મારો કરવાથી તે ફાટે છે. પરંતુ એ મારો યુરેનિયમ ૨૩૮ ઉપર કરવાથી યુરેનિયમ ૨૩૮ ન્યૂટ્રોનને પચાવી જાય છે અને પરિણામે પરમાણુ નંબર ૯૩ વાળું એક નવું જ મૂળતત્ત્વ ઉત્પન્ન થાય છે. આને નેપ્ચુનિયમ નામ આપવામાં આવ્યું છે. આ મૂળતત્ત્વ અસ્થિર છે અને તેનું પરિવર્તન ૯૪ પરમાણુ નંબર વાળા નવા મૂળતત્ત્વમાં થાય છે. આ નવું મૂળતત્ત્વ પ્લુટોનિયમ કહેવાય છે. તે સ્થિર છે. તેની ઉપર ન્યૂટ્રોનનો મારો કરવાથી તે પણ યુરેનિયમ ૨૩૫ ની માફક તૂટે છે અને મોટા પ્રમાણમાં શકિત આપે છે. યુરેનિયમ ૨૩૫ ના એક ઔંસનું વિભાજન થતાં લગભગ ૬૫,૦૦૦ કિલોવોટ કલાક જેટલી વિપુલ શકિત મળે છે, જે લગભગ ૨૦૦ ટન કોલસા બાળવાથી મળતી શકિતની બરાબર છે. આ થયો પરમાણુ બોમ્બની રચનાનો સિદ્ધાંત. આ પ્રમાણે પરમાણુ તોડી જે શકિત વછૂટે તેનો ઉપયોગ કરી બનાવેલો બોમ્બ વિભાજન-બોમ્બ (fission bomb) કહેવાય છે. કમનશીબે પરમાણુશકિતનો પહેલો ઉપયોગ વિનાશ અર્થે થયો. પણ હવે પરમાણુશકિત—પરમાણુ તોડવાથી વછૂટતી શકિત—રોજીંદા વપરાશમાં લેવામાં સફળતા મળી છે. પરમાણુ-પરિવર્તન દરમિયાન મોટા પ્રમાણમાં મળતી શકિત ગરમીના રૂપમાં આપણને મળે છે. આ ગરમી દ્વારા પાણીની વરાળ બનાવી તે વડે વીજળી ઉત્પન્ન કરી શકાય તેમ જ બીજાં યંત્રો ચલાવી શકાય. આજે તો પરમાણુ—પરિવર્તનને કાબૂમાં રાખી જોઈતા પ્રમાણમાં આપણે શકિત મેળવી શકીએ છીએ. અમેરિકા, રશિયા, ઈંગ્લેન્ડ ઈત્યાદિ દેશોએ પરમાણુશકિતથી ચાલતી સ્ટીમરો, સબમરીનો બનાવી છે અને વીજળી ઉત્પાદન માટે પાવર હાઉસ સ્થાપ્યાં છે. પણ આટલેથી જ પરમાણુ શકિતના શાંતિસમયના ઉપયોગો અટકતા નથી.

પરમાણુ ક્ષેત્રમાં એક અગત્યની શોધ કૃત્રિમ રેડિયો એક્ટીવિટીની છે. રેડિયો—એક્ટીવ આઈસોટોપના અનેક ઉપયોગો છેલ્લાં ૧૦-૧૫ વર્ષમાં શોધાયા છે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ, વૈદક, પ્રાણીશાસ્ત્ર અને ઉદ્યોગોમાં તે અતિ અગત્યના નીવડયા છે.

અપૂર્ણ નૃસિંહ મૂ. શાહ

# "આજની સમસ્યા અવિભાજ્ય છે, સમગ્રસ્પર્શી છે."

(શ્રી વિમલા ઠકાર ભૂદાન આન્દોલનથી શા માટે છૂટાં થયાં અને જીવનના પ્રારંભથી આજ સુધીમાં તેમના વિચારવલણોમાં કેવા કેવા ફેરફારો થતા રહ્યા તેનો તેમના જ લખાણો દ્વારા પ્રબુદ્ધ જીવનના વાચકોને પરિચય કરાવવામાં આવ્યો છે. ત્યાર બાદ તા. ૩—૩—૬૨ ના—'The challenge is indivisible.' એ મથાળા નીચે—'અંગ્રેજી ભૂદાન' માં પ્રગટ થયેલો તેમનો ત્રીજો લેખ તેમની અદ્યતન વિચારસરણીનું જરા વિસ્તારથી નિરૂપણ કરે છે. આ વિચારસરણી શ્રી જે. કૃષ્ણમૂર્તિની વિચારણા વડે અત્યન્ત પ્રભાવિત બનેલી છે એ હકીકત વાંચકોએ ધ્યાનમાં રાખવાની છે. પ્રસ્તુત લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ અનુવાદ કરતાં મેં ઠીક ઠીક મહેનત લીધી છે અને એમ છતાં સંભવ છે કે આ અનુવાદ વાચકોને પૂરો સંતોષ ન આપે. પરમાનંદ.)

આ વીશમી સદીએ દરેક જવાબદાર અને સંવેદનશીલ વ્યકિતને એ હકીકત વિષે સભાન બનાવેલ છે કે પાયાની ક્રાન્તિની આજે સૌથી વધારે જરૂરિયાત છે. ભૌતિકવાદીઓ અને તત્ત્વવાદીઓ બન્ને પ્રકારના વિચારકો માનવીના પાયાના પરિવર્તન અંગે એકસરખો પોકાર ઉઠાવી રહ્યા છે. સામ્યવાદીઓ અને બીન—સામ્યવાદીઓ માનવીપરક ગુણલક્ષી ફેરફાર અંગે લગભગ એક સરખા શબ્દોમાં ચર્ચા કરી રહ્યા છે. દુનિયા ભરના સર્વ કોઈ સંપ્રદાયના ધર્મ પ્રચારકો ઘર ઘરના છાપરેથી બૂમ મારી રહ્યા છે કે, આજે માનવજાત સામે જે સમસ્યાઓ ઊભી થઇ છે તેને પહોંચી વળવા માટે આજનું માનવી—મન અસમર્થ નીવડયું છે. આ સમસ્યાને પહોંચી વળવા માટેના આજ સુધીના બધા પ્રયત્નો નિષ્ફળ સાબીત થઇ રહ્યા છે. રાજનીતિજ્ઞો અને અર્થવિદો, શિક્ષકો અને ઉપદેશકો, સુધારકો અને વિપ્લવવાદીઓ એક પ્રકારના દૂષિત વર્તુળમાં ધુમરી ખાઈ રહ્યા છે. તેઓ એકમેકને પૂછી રહ્યા છે કે, શા માટે આપણે બધા કોઈ ઊંડી ખીણ તરફ ધસી રહ્યા છીએ અને આ અંગે શા માટે આપણે એકમેક ઉપર બધો જ દોષ ઢાળવી રહ્યા છીએ?

### અધૂરો અભિગમ ઘાતક છે.

મને લાગે છે કે, આજની સમસ્યાને આપણે યથાસ્વરૂપે ઓળખતા જ નથી. આપણને એ બાબતનું ભાન નથી કે પાયાની સમસ્યા અવિભાજ્ય

છે. આપણે તેને વ્યકિતગત અને સામાજિક—એમ બે વિભાગમાં વિભાજિત કરીએ છીએ. આપણે તેને જુદા જુદા ખંડોમાં વહેંચી દઈએ છીએ. આ ખંડો જાણે કે એકમેકથી તદ્દન અલગ અને અસંબદ્ધ હોય એ રીતે તેનો આપણે કેટલીક વાર વિચાર કરતા હોઈએ છીએ. વળી કેટલીક વાર આપણે એમ કબુલ કરીએ છીએ કે આ ખંડો એકમેકમાં અમુક અંશે અન્તર્ગત બની જાય છે, એકમેકમાં અમુક અંશે સમાવિષ્ટ થતા હોય છે. અને એમ છતાં આપણે કહીએ છીએ કે આર્થિક સમસ્યા રાજકારણી સમસ્યાથી તદ્દન અલગ કોટિની છે. કેટલીક સમસ્યાઓને કેવળ રાષ્ટ્રીય તરીકે અને સાથે સાથે અન્ય કેટલીક સમસ્યાઓને કેવળ આન્તરરાષ્ટ્રીય તરીકે આપણે ઓળખાવીએ છીએ. વળી કેટલીક વાર આપણે ઉદાર બનીને, નમતું આપીને જાહેર કરીએ છીએ કે કેટલીક સમસ્યાઓ તત્વત: વિશ્વસમસ્યાઓ જ છે.

માનવજાતની સમસ્યાઓને આવા અલગ અલગ ખંડોમાં વહેંચી દેવી—વિભાજિત કરવી—એ દુ:ખ અને અનવસ્થાનાં બીજ રોપવા બરોબર છે. આજની સમસ્યાનું આવું વિભાજન સર્વ સંઘર્ષો અને પરસ્પરવિરોધી પરિસ્થિતિઓ નિર્માણ કરવાની ભૂમિકાની ગરજ સારે છે. આમાંથી જ જીવનની કહેવાતી જુદી જુદી બાજુઓનું શાસન કરતા, જુદા જુદા કાયદાઓ ઘડવાની પ્રવૃત્તિને ચાલના મળે છે, આમાંથી જ આપણી કલ્પનાએ ઊભી કરેલી જુદી જુદી સમસ્યાઓ માટે, જુદે જુદે વખતે, જુદી જુદી ભૂમિકા ઉપર, જુદા જુદા ઉકેલો વિચારવાને તેમ જ શોધવાને આપણે આકર્ષાઈએ છીએ. આમાંથી જ આપણે વ્યકિતગત અને સામાજિક કલ્યાણ વચ્ચે પહેલાં તો અનિવાર્ય વિરોધની કલ્પના કરીએ છીએ અને પછી તે બન્ને વચ્ચે સમન્વય સાધવાનો પ્રયત્ન કરીએ છીએ. આમાંથી જ આપણે રાષ્ટ્રીય તેમ જ આન્તરરાષ્ટ્રીય કલ્યાણ વચ્ચે અસામંજસ્ય હોવાનું કલ્પીએ છીએ અને પછી એ બન્ને વચ્ચે સમાધાન શોધવાને સામંજસ્ય સ્થાપવાને પ્રવૃત્ત થઈએ છીએ.

**'સમાજ' એ કેવળ પાયાવિનાની ભ્રમણા છે.**

આમ હોવાથી, હું કહું છું કે, આજની સમસ્યા સમગ્રને એક સાથે સ્પર્શે છે. તેને ખંડ ખંડમાં વહેંચી શકાય તેમ છે જ નહિ. આ વાસ્તવિક તથ્યનું આપણને સચોટપણે ભાન થવું એ આજની મોટામાં મોટી આવશ્યકતા છે. આજની સમસ્યામાં કોઈ ગુંચ કે જટિલતા નથી, જીવન માફક તે એક અને અવિભાજ્ય છે.

તો પછી આપણે તેના ભાગલા શા માટે કરીએ છીએ? કારણ કે આપણે સમાજને એક વાસ્તવિક ઘટક તરીકે લેખીએ છીએ. આપણે માનીએ છીએ કે, સમાજનું અલાયદું અસ્તિત્વ છે, સમાજ એક વાસ્તવિકતા છે. આ પાયાવિનાની ભ્રમણામાંથી જ બધા ગોટાળા અને ગુંચવણો પેદા થાય છે. સહીસલામતી માટેની આપણી ઝંખનાને શમાવવા માટે અને આપણામાં રહેલા—પોષાયલા સામૂહિક અહં અને સંતોષવા માટે આ કલ્પના આપણે શોધી કાઢી છે. આપણી સત્તાલક્ષી કામનાને સંતોષવા માટે, મેળવવું અને પકડી રાખવું આ પ્રકારની આપણામાં રહેલી પરિગ્રહવૃત્તિને તૃપ્ત કરવા માટે આ ભ્રમજાળ આપણે ઉત્પન્ન કરીએ છીએ. તત્વત: સમાજ જેવું કશું છે જ નહિ. 'સમાજ' એક અવાસ્તવિક ભ્રમણા છે. માનવી માનવી વચ્ચેના સંબંધો relationships-એ જ માત્ર સત્ય છે. આ માનવીય સંબંધો સત્ય છે, કારણ કે એ સંબંધો આપણા જીવન સાથે સીધા પ્રત્યક્ષપણે જોડાયલા છે. માનવી-માનવીના સંબંધો દ્વારા જીવનને અભિવ્યકિત મળે છે. આ સંબંધો કેવળ માનવસ્પર્શી છે.

ચર્ચાવિચારણા કરતાં જો આપણે અહિં સુધી આવ્યા તો હવે આખી સમસ્યા એક સાદા પ્રશ્નમાં પરિણત થતી આપણને માલુમ પડે છે. તે પ્રશ્ન આ પ્રકારનો છે:- હું એવી રીતે વર્તી શકું ખરો કે જે વડે દરેક માનવી સાથેનો મારો સંબંધ પ્રેમ અને મૈત્રી વડે પ્રસ્ફુરિત બને, તે સંબંધ શંકા, ક્રોધ, ઈર્ષ્યા અને મત્સરથી મુકત બને? આ મુજબ શું માનવીય દરેક સંબંધ સ્વયં સ્ફુરિત બની શકે ખરો? તે નીતિના કૃત્રિમ બંધનથી મુકત બની શકે ખરો? બીજા શબ્દોમાં, માનવી માનવીના બધા સંબંધો પૂર્વબદ્ધ ખ્યાલો અને ધારણોથી મુકત બની શકે ખરા?

એ તો સ્પષ્ટ જ છે કે, જ્યાં સુધી માનવીય સંબંધો અમુક વ્યકિતને અનુલક્ષીને અથવા તો અમુક વર્તુલને અનુલક્ષીને કેળવવામાં આવેલી નિષ્ઠાઓ વડે અથવા તો પૂર્વનિર્ધારિત ધોરણો વડે નિયંત્રિત હોય ત્યાં સુધી તે સંબંધો સ્વયંસ્ફુર્ત બની શકે જ નહિ. દરેક વ્યકિત પોતાના શબ્દો અને કાર્યોને, એટલું જ નહિ પણ, પોતાના વિચારો અને લાગણીઓને, નીતિ, ધર્મ, આધ્યાત્મિકતા અને એવી બીજી બાબતો સાથે અનુબંધિત રાખવાનો પ્રયત્ન કરતી હોય છે. પૂર્વબદ્ધ અભિનિવેશો અને પૂર્વગ્રહોનાં અદષ્ટ આવરણો બે માનવીઓ માટે એકમેકના હૃદયને ઊંડાણથી નિહાળવામાં—સ્પર્શવામાં—હંમેશા બાધા પેદા કરે છે. આ આવરણ હંમેશાં એકમેકના સીધા મિલન આડે અવરોધ કરતું રહે છે. જ્યાં સુધી આપણે પૂર્વગ્રહોથી સર્વથામુકત ન બનીએ ત્યાં સુધી આપણે એકમેકને સમ્યક્ પ્રકારે શી રીતે સમજી શકવાના હતા? જ્યાં સુધી પરંપરાગત ખ્યાલો અને પ્રતીકોનાં બંધનોને આપણે નાબુદ ન કરીએ ત્યાં સુધી આપણે એકમેકને પૂરા અને ખરા અર્થમાં શી રીતે ચાહી શકવાના હતા? જ્યાં સુધી આપણે મુકતપણે વિચારવાની હિંમત ન કરીએ, જ્યાં સુધી 'Oughts' અને 'Oughtnots' 'આમ કરવું જોઈએ' અને 'આમ ન કરવું જોઈએ' એવા પૂર્વબદ્ધ ખ્યાલોને ફગાવી દેવાની હિંમત ન કરીએ ત્યાં સુધી મૈત્રી અને સ્વયંસ્ફુરિત સહકાર પૂરબહારમાં શી રીતે ખીલી શકવાનાં હતાં?'

## Unconditional Freedom : નિર્બંધ મુકિત

આ રીતે આપણને માલુમ પડે છે કે મનને સંપૂર્ણપણે અને નિર્બંધપણે મુકત કરવું, conditioningથી મુકત કરવું એજ આજની ખરી સમસ્યા છે "જ્યારે આપણું મન મુકત થશે ત્યારે શું થશે? સ્વતંત્ર બનેલું મન કેવી રીતે વર્તશે. અને કેવા પ્રત્યાઘાતો દાખવશે.? મનને પ્રાપ્ત થયેલી મુકિત દ્વારા માનવી પોતા સામેની અનેક સમસ્યાઓને શી રીતે હલ કરશે?" આવા પ્રશ્નો પૂછવાનો કોઈ અર્થ જ નથી. પહેલાં તો આજની ખરી સમસ્યા મનને મુકત કરવામાં રહેલી છે. બીજું, સ્વતંત્ર મન સ્વત: સક્રિય અને સર્જક બને છે. તેમાં કોઈ સામે પ્રત્યાઘાત દાખવવાપણું હોતું જ નથી. ત્રીજું, બંધનયુકત એટલે કે પૂર્વવૃત્તિઓ વડે સતત અભિભૂત રહેતું મન એવી દુનિયાની કલ્પના જ કરી શકતું નથી કે જે દુનિયામાં વસતા માનવીઓએ પૂર્વસૂચિત મુકિત પ્રાપ્ત કરી હોય, જેમાં સૌ કોઈ એકમેક સાથે સ્વેચ્છાપૂર્વક સંબંધિત હોય, જ્યાં બધા માનવીય સંબંધો સ્વયંસ્ફુરિત હોય, જેમાં અમુક ઈરાદાપૂર્વકના કાર્યને કોઈ સ્થાન જ ન હોય.

માનવીએ આજે આવું નૂતન મન નિર્માણ કરવાનું છે. કાં તો તે નિર્ભીકપણે આગળ કૂચ કરે છે અથવા તો તે પોતાને ભસ્મીભૂત કરે છે. પોતાના પ્રશ્નો ઉકેલવા માટે તે કોઈની રાહ જોઈને બેસી રહી શકે તેમ છે જ નહિ. જીવન કદિ સ્થિર સ્થગિત દશામાં રહી શકતું જ નથી.

આમ હોવાથી નૂતન મનનું નિર્માણ કરવાની સમસ્યા એ જ આજના જીવનપ્રવાહ સાથે સતત ગતિમાન રહેવાની સમસ્યા છે.

અનુવાદક : **પરમાનંદ**. મૂળ અંગ્રેજી : **વિમલા ઠકાર**.

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧૬, ૧૯૬૨, શનિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## જૈન સાહિત્યનાં સુભાષિત

૧. બસો વર્ષ પહેલાંની શ્રાવિકા

પાટે બેસી પૂજ્ય તે—વારે ધર્મકથા ઉપદેશે;
શ્રાવિક મળીને માંહેમાંહે કથલો કરવા બેસે. (૨)
ત્રીજી નારી તુરત કહે તવ, મુજ સાસુ સુકુલીની,
મારા ઉપર કદીયે ન કોપે, જતન કરે મન ઝીણી. (૫)
ચોથી નારી બોલે; બાઈ, મુજ વહૂઅર ગુણવંતી;
ઘરનું કામ ઉપાડી લીધું, મુજને કરી નચિંતી. (૬)
પાંચમી નારી પ્રેમ ધરીને બોલે, સાંભળ, બાઈ;
વિનયવતી છે મારી વહૂઅર, રીસ નહિ તિલરાઈ. (૭)
એક કહે મુજ ચૂલો ભાંગ્યો, તે જઈ કરાવો રૂડો. (૨૯)
એક કહે, મારે રેંટિયાનો ત્રાકલડો ત્રટકાણો;
એક કહે, મુજ માળ જ કાપી, કિશું નહિ કંતાણો. (૩૦)
એક કહે, ઉપાશરે આવ્યાં; કહો, કિશું કોઈ આલે?
બે કોકડી કાંતું જો, બાઈ, ઘરમાં શાક જ ચાલે. (૩૧)
વળી કહે ગુરુજી, સુણો શ્રાવિકા, કથલો કાંઈ ન કીજે;
શ્રુતવાણી મન શુદ્ધે સુણતાં સઘળાં કારજ સીઝે. (૪૨)
સંવત અઢાર શત દસને વર્ષે આશુ માસ ઉદારે
પાલણપુરમાં પ્રીતે કીધો વિકથાનો વિસ્તારો. (૪૭)

(જૈન સજ્ઝાયમાળા ભાગ ૨, બાલાભાઈ શાહ, અમદાવાદ—પાનું ૨૨)

૨. अपलपति गुह्यदत्तं प्रत्ययदत्तेऽपि संशयं कुरुते ।
क्रयविक्रये च लुंटति तथापि लोके वणिक् साधुः ।।

'વેપારી છાની છાની મૂકેલી થાપણ ઓળવે છે, સાક્ષી રાખીને મૂકેલી થાપણ વિષે પણ હા—ના કરે છે, ચીજવસ્તુ વેચાતી લેવામાં તથા વેચવામાં સામા માણસને લૂંટે છે; તો પણ વણિક સાધુ (સાહ-શાહ) કહેવાય છે!'

કોક શ્રાવક ચોથા વ્રતની અગડ લ્યે છે તો તેનાં વાજાં વાગે છે ને સ્થાનકમાં સમારંભ થાય છે તે ભલે થાય, પણ ચોથા વ્રત કરતાં બીજું ને ત્રીજું વ્રત સમાજની દૃષ્ટિએ વધારે મહત્ત્વનાં છે; એટલે ખોટું ન બોલવાનું અને ઘરાકની ગાંઠેથી પૈસા છાના છાના કાઢી ન લેવાનું વ્રત શ્રાવકો એવી જ રીતે સંઘની સાક્ષીએ ધારણ કરે તો કેવું સારું!

३. मानेन किंचित् तुलयापि किंचित्
किंचिच्च किंचिच्च समाहरन्तः
प्रत्यक्षचौरा वणिजो भवन्ति ।

માપમાં કાંઈક ને તોલમાં કાંઈક; એમ થોડું થોડું કાઢી લેનારા વેપારીઓ સાક્ષાત ચોર જ હોય છે.

૪. वणिजां परमान्नं च वैश्यानां परमो निधिः ।
लिंगिनां परमाधारो मृषावाद नमोऽस्तु ते ।।

વેપારીના પરમ ધનભંડારરૂપ ને કુતાપસોના પરમ આધારરૂપ, હે અસત્યવચન, તને નમસ્કાર.

(૨-૪ ચરિતાવલિના ત્રીજા ભાગમાંથી લીધાં છે. ચરિતાવલિના પ્રકાશકનું નામ નોંધતાં ભૂલી ગયો, પણ એ છે જૈન—પ્રકાશન).

૫. शत्रोः अपि गुणा ग्राह्या दोषा वाच्या गुरोरपि ।

શત્રુના યે ગુણ ગ્રહણ કરવા ને આપણા મોટેરાના યે દોષની નિન્દા કરવી (કલકત્તાવાળા ઉત્તરાધ્યયન સૂત્રમાંથી)

૬. प्रणीतं भक्तपानं तु क्षिप्रं मदविवर्धनम् ।
ब्रह्मचर्ये रतो भिक्षुः नित्यशः परिवर्जयेत् ।।
उत्तराध्ययन सूत्र १६–७ ।।

જેમાં ઘી હાલી મળ્યું હોય એવું કામોદ્દીપક ભોજન ને સાકરમિશ્રિત પાણી બ્રહ્મચર્યના રસિયા સાધુએ વર્જ્ય કરવાં.

૭. गुणान् एव सन्तः पश्यन्ति सर्वतः ।। १३३ ।।
હેમચંદ્ર: ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ૧—૧ ॥

સજ્જન બધે ગુણ જ જુએ છે.

૮. दानं च छन्नमेव नः ।।३६।।
હે. ત્રિ. ૧—૨ ॥

અમારું દાન છાનું છે.

૯. नदीवत् न नदीभर्तुः उत्सेकाय धनागमः ।।१०।।
હે. ત્રિ. ૩—૧॥

વાદળાં વર્ષે એટલે નદીને અભિમાન આવે, સમુદ્રને નહિ.

૧૦. तथा परें न रज्यन्ते उपकारपरे परे ।
यथा(अ)पकारिणि भवान् अहो सर्वं अलौकिकम् ।।१३२।।
हे. त्रि. ३–२।।

બીજા ઉપકારી ઉપર નથી રાખતા એટલો અનુરાગ આપ અપકારી ઉપર રાખો છો; આપનું બધું વર્તન અલૌકિક છે.

૧૧. गृहे गृहस्थमात्रस्थाप्यायातो भूपतिः स्पयम् ।
ज्ञापयित्वा प्रविशति नीतिः एषा मनीषिणाम् ।।३११।।

સામાન્ય ગૃહસ્થને ઘરે પણ રાજા પોતે આવે તો યે સંદેશો કહાવીને પછી પ્રવેશ કરે એવી નીતિ છે હે. ત્રિ. ૩—૬.

૧૨. श्रीछिद् अंजनलेशोऽपि धौतस्य श्वेतवाससः ।।६३६।।
दे. त्रि. ३–५।।

ધોયેલા ધોળા વસ્ત્રને આંજણ સહેજ લાગી જાય તો યે તેની શોભા નાશ પામે.

૧૩. धन्यानाम् अेव जायेत बालकानाम् इवार्जवम् ।।३०४।।

બાળકના જેવી ઋજુતા—સીધાપણું—કોઈ ભાગ્યશાળી માણસમાં જ હોય હે. ત્રિ. ૪—૫.

૧૪. सो(अ)ध्वा यो महदाश्रितः ।। हे. त्रि. २-६-६८२।।

તે માર્ગે ચાલવું જે માર્ગે મહાપુરુષ ચાલતા હોય.

૧૫. शकुनं चाशकुनं च गणयन्ति हि दुर्बलाः ।। हे. त्रि. ७-५-१०३।।

શકન-અપશકનની ગણતરી દુબળા જ કરે છે.

દેસાઈ વાલજી ગોવિન્દજી

# ભાષાકીય ક્ષેત્રે ચીને આદરેલાં નવાં પ્રસ્થાનો

(આજે જયારે ભાષાનો પ્રશ્ન આપણા દેશના વિચારકોને મુંઝવી રહ્યો છે અને પ્રાદેશિક ભાષાઓની અસ્મિતાએ સમગ્ર ભારતના ભાષાકીય સંગઠન અંગેની કલ્પના અને વિચારણાને લગભગ સ્થગિત જેવી બનાવી દીધી છે, ત્યારે ચીનના રાષ્ટ્રવિધાતાઓ હિંમત અને દીર્ઘદષ્ટિપૂર્વક ચીનમાં મહત્વના ભાષાકીય ફેરફારો કરવાનું વિચારી રહ્યા છે, એટલું જ નહિ પણ, તે ફેરફારોને અમલી રૂપ પણ આપી રહ્યા છે. અને તેના સંદર્ભમાં અંગ્રેજી ભાષાના શિક્ષણને પણ દેશની માત્ર માધ્યમિક નહિ, પણ પ્રાથમિક શાળાઓમાં પણ સ્થાન આપી રહ્યા છે. આને લગતી જરૂરી વિગતો રજુ કરતો શ્રી સુધાકર ભટ્ટનો લેખ તા. ૨૮-૫-૬૨ ના 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં પ્રગટ કરવામાં આવ્યો છે. આપણી અહિંની ભાષાકીય અટપટી પરિસ્થિતિમાં આ લેખ માર્ગદર્શકની ગરજ સારે એવો છે એમ લાગવાથી તેના ઉપયોગી વિભાગોનો નીચે અનુવાદ આપવામાં આવે છે. ચીની ભાષા અને લિપિ વિષે હું કશું જ જાણતો નહિ હોવાથી તેને લગતા વિવરણને હું અનુવાદમાં જોઈએ તેટલું વિશદ બનાવી શકયો નથી. આ અનુવાદ પ્રગટ કરતાં આશા વ્યકત કરૂં છું કે, ભાષાના પ્રશ્ન ઉપર એકાંગી રીતે વિચાર કરતા મિત્રો આ લેખ વાંચે અને આપણા દેશની ભાષાકીય સમસ્યાનો આન્તરરાષ્ટ્રીય સંદર્ભમાં અને રાષ્ટ્રીય એકીકરણ (National Integration) ની દષ્ટિએ ઉદાર ભાવે અને કલ્પનાપૂર્વક વિચાર કરીને સર્વમાન્ય બને એવો ઉકેલ લાવવાને કટિબદ્ધ થાય.

પરમાનંદ)

### ચીની ભાષાના સ્વરૂપ વિષે કેટલીક પ્રાસ્તાવિક વાતો

પેકીંગનું 'ધી પીપલ્સ ડેઈલી'એ લખવા વાંચવા માટે બહુ કઠણ એવા ચીની અક્ષરોનાં લેટીન કે રોમન લિપિમાં સમાન ઉચ્ચાર સૂચક પર્યાયો પ્રગટ કરવાનું શરૂ કર્યું છે અને એ રીતે ચીની ભાષાને માત્ર હાઈરોગ્લીફસમાં—ચિત્ર લિપિમાં—અથવા તો શબ્દપ્રતીકોની લિપિમાં લખવાની આશરે ૪૦૦૦ વર્ષ જુની પરંપરાના અન્તનો હવે પ્રારંભ થઈ ચૂકયો છે. આ પ્રતીક—લિપિની શરૂઆત આજથી લગભગ ૩૭૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલ શેંગ નામના રાજ્યવંશ દરમિયાન એ રીતે થઈ લાગે છે કે જયારે હાથી સૂચવવા માટે હાથીના અણઘડ ચિત્રનો ઉપયોગ થતો હતો અને ઝાડ સૂચવતું ચિત્ર ઝાડ જેવું દેખાતું હતું અને મત્સ્ય એવા હાઈરોગ્લીફ ચિત્રપ્રતીક મારફત સૂચવવામાં આવતું હતું જે મત્સ્યને મળતું હતું.

વખતના જવા સાથે અને માનવીના જ્ઞાનની વૃદ્ધિ સાથે આ ચિત્રપ્રતીકો જટિલ વિચારો અને ખ્યાલો વ્યકત કરવા માટે અસમર્થ બનવા લાગ્યા. પરિણામે ચિત્રપ્રતીકોનું સ્થાન આઈડીઓગ્રાફોએ અથવા હાઈરોગ્લીફોએ એટલે કે જુદા જુદા શબ્દો સૂચવવા માટે પ્રતીક રૂપ બનેલા આકારોએ લેવા માંડયું. આજે પણ ચીની ભાષા મૂળમાં ચિત્રો અને ધ્વનિઓ ઉપરથી નકકી થતા ગયેલા એકાક્ષરી શબ્દોની બનેલી છે.

આ ચીની અક્ષરો મથાળેથી નીચે સુધી ઊભી લીટીમાં લખવામાં આવે છે અને આ લીટીઓ પાનાની જમણી બાજુથી ડાબી બાજુએ એક પછી એક લખાતી જાય છે.

ચીની બોલીઓની બીજી વિશેષતા એ છે કે તેમાં આપણે 'વ્યાકરણ' શબ્દથી જે કાંઈ સમજીએ છીએ એવું કોઈ વ્યાકરણ નથી, એટલે કે તેમાં કાળસૂચક, જાતિસૂચક, સંખ્યાસૂચક કે ભાવ-સૂચક કોઈ પ્રત્યયો નથી. આ બધું આસપાસના સંદર્ભથી સમજી લેવાનું હોય છે.

ભાષાની સમસ્યા એકલા માત્ર ભારતની જ નથી. ચીનમાં પણ આ એક ઘણી મોટી સમસ્યા છે. અને તેની મુખ્ય ત્રણ બાજુઓ આ રીતે રજુ કરી શકાય: (૧) ચીની ભાષામાં હજારો શબ્દપ્રતીકો એટલે કે અક્ષરોનું અસ્તિત્વ છે, જેમાં દરેક અક્ષર વિચાર કે પદાર્થને સૂચવે છે. (૨) દેશના જુદા જુદા ભાગોમાં સંખ્યાબંધ (dialects) બોલીઓ બોલાય છે. (૩) ચીની બોલીઓ monosyllabic અને tonal છે, એકાક્ષરી શબ્દોની બનેલી છે.

પણ એક બાબત આખા ચીનમાં સર્વસામાન્ય છે. અને તે છે ભાષાનો લેખન વિભાગ. દાખલા તરીકે જો કે શેંઘાઈનો રહેવાસી માત્ર શેંઘાઈની બોલી જાણતો હોઈને, ફુકિયનના રહે-વાસી સાથે વાતચીત કરવાને અસમર્થ હોય છે, એમ છતાં પણ, જો એ બન્ને ભણેલા હોય તો ચીની અક્ષરો દ્વારા તેઓ એક બીજાને પોતાના વિચારો જણાવી શકે છે. આનો અર્થ એ થયો કે, બોલીઓ અનેક છે, પણ લિપિ એક છે. ઘણા ખરા ચીની અક્ષરો લખવામાં ભારે મુશ્કેલ હોય છે. કેટલાક અક્ષરો માં ૩૦ અથવા તેથી વધારે આડાં ઊભાં પાંખડાં (strokes) હોય છે. આવા ૫૦૦૦ અક્ષરો શિખવા માટે--અને એ ભાષામાં કુશળતા પ્રાપ્ત કરવા માટે આટલા અક્ષરો તો શિખવા જ જોઈએ--શિખનારે બાર વર્ષની ગદ્ધામજુરી કરવી પડે છે.

ચીનની આવી વિચિત્ર અને જટિલ પ્રકારની લિપિ આજના યાંત્રિક યુગમાં અનેક મુશ્કેલીઓ પેદા કરે છે. આ લિપિના અપાર અક્ષર વૈવિધ્યને ટાઈપ—રાઈટરમાં ગોઠવવું લગભગ અશકય છે. એવી જ મુશ્કેલી તારના સંદેશાઓ મોકલવા ઉતારવામાં રહેલી છે. જયાં સુધી લિપિનું રૂપાન્તર કરવામાં ન આવે ત્યાં સુધી આજની વૈજ્ઞાનિક સગવડોનો મોટા પ્રમાણમાં લાભ ઉઠાવવાનું અશકય બને છે. ચીની લખાણનું મુદ્રણકાર્ય પણ બહુ વિકટ હોય છે.

### ભાષાકીય સુધારણાનો ભવ્ય કાર્યક્રમ

ચીની ભાષાના આ પ્રશ્નોનો આજની પરિસ્થિતિમાં ત્રણ રીતે ઉકેલ વિચારાઈ રહ્યો છે. (૧) લખાણ માટે ઉપયોગમાં લેવાતા જટિલ ચીની અક્ષરોને બને તેટલું સાદું રૂપ આપવું. (૨) પેકીંગ આસપાસ બોલાતી બોલી જેનો ઉપયોગ ઘણા મોટા પ્રદેશના લોકો કરે છે તેનો, આપણે જેમ હિંદીને હિન્દ વ્યાપી બનાવવા માંગીએ છીએ તેમ, ચીન આખામાં ફેલાવો કરવો અને તેના ચાલુ સાર્વત્રિક વપરાશ ઉપર ખૂબ ભાર મૂકવો. (૩) રોમન લિપિનો સ્વીકાર કરીને ભાષાની લેખન પદ્ધતિનું તે લિપિમાં રૂપા-ન્તર કરવું એટલે કે ઉચ્ચાર ઉપરથી એ. બી. સી. ડી.માં શબ્દોની અક્ષર-રચના કરવી. જટિલ આકાર વાળા હાઈરોગ્લીફસને સાદું રૂપ આપ-વાનો પ્રયત્ન એ કોઈ નવી વાત નથી. શ્રી ચાઉ-એન-લાઈએ જણાવ્યું છે તે મુજબ આજથી ઘણા સમય પહેલાં લોકો આ જટિલ આકૃતિ-વાળા અક્ષરોને સાદું રૂપ આપવાનો પ્રયત્ન કર્યા જ કરતા આવ્યા છે, જો કે આવા અર્ધદગ્ધ પ્રયત્નોનું પરિણામ ગોટાળો ઊભો કરવામાં કે વધારવામાં આવ્યું છે. જાપાનીઝ લોકોએ અમલમાં મૂકેલાં કેટલાક સાદાં રૂપો ચીને પણ અપનાવ્યાં છે. આમ હોવાથી જો અમુક અક્ષરો લખવા માટે ૩૦ આડાં ઊભાં પાંખડાંની જરૂર પડતી હોય અને તેનું આઠ કે દશ પાંખડાંથી ચાલી શકે એવું રૂપાન્તર નકકી કરવામાં આવે તો એ અક્ષર લખવાનું કામ જરૂર વધારે સહેલું બની જાય.

આ સાદગીકરણ (Simplification) અંગે પરદેશી ટીકા-કારોએ એમ જણાવ્યું છે કે આનું પરિણામ ચીનાઓ માટે પુરાણી ચીની ગ્રન્થોનું વાંચન અને પ્રાચીન સાહિત્યનું વાંચન અશકય બનાવવામાં આવશે. પણ તેનો એમ જવાબ આપવામાં આવે છે કે, એ જુના પવિત્ર ગ્રંથોને અને મૂલ્યવાન પ્રાચીન સાહિત્યને આ સાદા અક્ષરોમાં ફરીથી છાપીને એ મુશ્કેલીનો નિકાલ લાવી શકાશે. આજ સુધી હજુ અમુક ૫૦૦ થી ૭૦૦ અક્ષરોનાં સાદાં રૂપો જ નકકી કરવામાં આવ્યા છે.

બીજું ઉપર જણાવેલી પેકીંગની બોલી જેને 'પુ ટુંગ હુવા' ના નામથી ઓળખવામાં આવે છે. તે, ભારતમાં જેમ હિંદીનો સર્વત્ર

ફેલાવો કરવામાં આવે છે તેમ, ચીનમાં આજે લગભગ સર્વત્ર શિખવવામાં આવે છે. આ બોલી બીજી બોલીઓ કરતાં વધારે સાદી અને સહેલી છે. ૧૯૫૭ ની આખર સુધીમાં ચાઉ–એન–લાઇના કહેવા મુજબ આ બોલી શિખવી શકે એવા ૭,૨૧,૦૦૦ શિક્ષકો તૈયાર કરવામાં આવ્યા હતા.

ત્રીજું, ચીની ભાષા લખવા માટે રોમન લિપિનો સ્વીકાર થઇ રહ્યો છે. આ લિપિ મૂળ ૨૬ અક્ષરોની છે તેમાં પાંચ અક્ષરોનો ઉમેરો કરીને કુલ ૩૧ અક્ષરોની લિપિ બનાવવામાં આવી છે. ઝીણવટ ભર્યા જુદા જુદા ઉચ્ચારો કેમ દર્શાવવા એ આ ફેરફાર અંગેનો મુખ્ય પ્રશ્ન છે. તેનો ઉકેલ, વીએટ નામમાં કરવામાં આવ્યો છે તે મુજબ, જુદા જુદા ઉચ્ચાર સૂચવતા ચિહ્નોના ઉપયોગ વડે સાધવામાં આવ્યો છે. ચીની બોલીઓને લખવા માટે રોમન લિપિનો ઉપયોગ કરવાના પ્રયત્નો એ તદન આધુનિક નથી. ૧૬૦૫ની સાલમાં મેટીઓરીકી નામના ચીનમાં વસતા એક ઇટાલિન પાદરીએ ચીની અક્ષરોના ઉચ્ચારો સૂચવવા માટે રોમન અક્ષરોનો ઉપયોગ કર્યો હતો. ૧૬૨૫ ની સાલમાં નિકોલાસ ટ્રી ગૅલ્ટ નામના એક ફ્રેંચ મીશનરીએ - પાદરીએ - પશ્ચિમના વિદ્વાનો માટે એક ગાઇડ-માર્ગદર્શક પુસ્તક પ્રગટ કર્યું હતું, જેમાં ચીની અક્ષરાકૃતિઓ માટે રોમન અક્ષરો કેમ વાપરવા તેને લગતી પદ્ધતિનું તેણે નિરૂપણ કર્યું હતું. બીજા અનેક પરદેશી વિદ્વાનોએ પણ રોમન લિપિના ઉપયોગને લગતા અનેક પ્રયત્નો કર્યા હતા. આ બધામાં 'વાડે પદ્ધતિ' સૌથી વધારે લોકપ્રિય બની હતી. આ પદ્ધતિ 'વાડે પદ્ધતિ'ના નામથી ઓળખાતી આવી છે, કારણ કે તેનો શોધક - યોજક થૉમસ ફ્રાન્સીસ વાડે નામનો એક અંગ્રેજ હતો, જેણે ૧૮૬૭માં ચીની ભાષાના ઉચ્ચારસૂચક રોમન અક્ષરો નક્કી કર્યા હતા. આ પદ્ધતિ આજે પણ પ્રચલિત છે.

શ્રી ચાઉ - એન - લાઇ આ મહત્વના લિપિ - પરિવર્તન અંગે પ્રશ્ન પૂછે છે કે "રોમન અક્ષરોનો સ્વીકાર ચીની લોકોની રાષ્ટ્રનિષ્ઠા સાથે અથવા તો રાષ્ટ્રીય ભાવના સાથે વિસંવાદી તો નહિ લેખાયને ?" આ પ્રશ્નનો પોતે જ જવાબ આપતાં તે જણાવે છે કે, "રોમન અક્ષરાવલિ હવે દરેક પ્રજાની અક્ષરાવલિ બની છે. બીજી રીતે આપણે એમ કહી શકીએ કે રોમન અક્ષરાવલિ આન્તરરાષ્ટ્રીય ઉપયોગની પ્રતીકમાળા સમાન છે, અને કોઇ પણ એક દેશ તે માત્ર પોતાની હોવાનો દાવો કરી શકે તેમ છે જ નહિ. આપણે એમ કહી નહિ શકીએ કે, ફ્રેંચ લોકો અંગ્રેજી અક્ષરો વાપરે છે. અને એમ પણ કહી નહિ શકીએ કે અંગ્રેજો ફ્રેંચ અક્ષરો વાપરે છે. એ મુજબ જ્યારે આપણે રોમન અક્ષરોને અપનાવીએ છીએ અને ચીની ભાષાની આવશ્યકતાઓ મુજબ આપણે તેમાં જરૂરી ફેરફારો કરીએ છીએ ત્યારે તે આપણી જ ભાષાના ઉચ્ચારસૂચક અક્ષરો બને છે અને પછી તે પુરાણી રોમન ભાષાના અક્ષરો રહેતા જ નથી અને કોઈ પરદેશી ભાષાના અક્ષરો તરીકે તેને ઓળખવા એ પણ બરોબર નથી.

"અક્ષરો શબ્દોચ્ચાર સૂચવવાનું સાધન છે. જેવી રીતે આપણે ટ્રેઇનોનો, સ્ટીમરોનો, મોટરોનો અને એરોપ્લેનોનો ઉપયોગ કરીએ છીએ તેવી જ રીતે આ અક્ષરોને આપણે ઉપયોગમાં લઇએ છીએ. પ્રભવસ્થાનની–ઉમગસ્થાનની — દૃષ્ટિએ અલબત આ બધાંની અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવી છે. આ તો ગણવા માટે અને હિસાબ કરવા માટે અરેબિક અંકસંખ્યાના ઉપયોગ જેવું, વર્ષ - મહિના, તારીખની નોંધ માટે ગ્રેગોરિયન પંચાંગ અને ખ્રિસ્તી સંવતના ઉપયોગ જેવું, અન્તર માપવા માટે કિલોમીટરના ઉપયોગ જેવું અને વજન નક્કી કરવા માટે કીલોગ્રામના ઉપયોગ જેવું છે. આમ હોવાથી રોમન આલ્ફાબેટની અક્ષરમાળાનો સ્વીકાર આપણા લોકોની રાષ્ટ્રનિષ્ઠાને - રાષ્ટ્રીય ભાવનાને - લેશ માત્ર નુકસાનકારક કે બાધાકારક નથી."

ભારતે પણ આ વિચાર ધ્યાનમાં લેવા જેવો છે. શ્રી નહેરુએ પોતાની બહેન કૃષ્ણા (હઠીસીંગ) ના લગ્નને લગતાં નિમંત્રણો રોમન હિંદીમાં એટલે કે હિંદી શબ્દોને રોમન લિપિમાં છપાવીને વહેંચ્યા હતા, ત્યારે ગાંધીજી આથી બહુ નાખુશ થયા હતા. એ ઘટનાની નહેરુએ પોતાની આત્મકથામાં નોંધ કરી છે.

રોમન લિપિ કોઇ એક આદર્શ લિપી છે એમ કહેવાનો આશય છે જ નહિ. એ તો જાણીતી હકીકત છે કે એક પરિપૂર્ણ લિપિની શોધ કરનારને ઈનામ આપવા માટે બર્નાડ શૉએ પોતાની મિલ્કતનો અમુક ભાગ જુદો કાઢયો હતો. અંગ્રેજી સ્પેલિંગની વિચિત્રતા તરફ પણ તેણે અનેક વાર ધ્યાન ખેંચ્યું હતું. પણ સ્પેલિંગની આ વિચિત્રતાઓ અંગ્રેજી ભાષાની ખાસિયત છે અને નહિ કે રોમન લિપિની ખાસિયત છે.

આજના સંયોગોમાં રોમન લિપિ સૌથી વધારે વ્યવહારુ અને આ દુનિયામાં સૌથી વધારે ઉપયોગમાં આવતી લિપિ છે. ઈન્ડોનેશીયા, મલાયા, ફિલિપાઈન્સ, વિયેટ નામ અને હવે ચીન - આટલા એશિયાના દેશો છે કે જેમણે આ લિપિને અપનાવી છે.

ચીને સીરીલિક કે રશિયન લિપિને પસંદ ન કરતાં આ રોમન લિપિ માટે પસંદ કરી હશે ? સિંકિયાંગ કે જ્યાં સીરીલિક લિપિનો કેટલાએક સમયથી ઉપયોગ થઇ રહ્યો હતો ત્યાં પણ રોમન લિપિ હવે તેનું સ્થાન લઇ રહેલ છે. ચીન અને રશિયા વચ્ચે ચાલી રહેલ સંઘર્ષના સંદર્ભમાં રોમન લિપિને અપાયલી પસંદગીને રાજકીય હેતુ સાથે સંબંધ હોવાની કોઈને ગંધ આવવાનો સંભવ છે, પણ ખરું કારણ રાજકીય નથી. સગવડ અને વ્યવહારુતાના કારણે જ રોમન લિપિને પસંદ કરવામાં આવી છે. ચીનનો ભાષાકીય સુધારણાનો કાર્યક્રમ લાંબી મુદતનો કાર્યક્રમ છે. વિયેટ નામનો અનુભવ ધ્યાનમાં લેતાં આ કાર્યક્રમને પાર પાડતાં અડધી સદી નહિ, તો પણ અમુક દશકા તો લાગવાના જ. વિયેટ નામની ભાષાનું બંધારણ ચીની ભાષાને ઘણા અંશમાં મળતું છે. ઘણા દશકા અગાઉ વિયેટ નામની ભાષા ચીની લિપિમાં જ લખાતી હતી. પણ અત્યારે તે કેવળ રોમન લિપિમાં જ લખાય છે, પણ એ પરિવર્તન થતાં ૭૦ વર્ષ લાગ્યાં છે. આમ હોવાથી ધીમે ધીમે સાદો આકાર ધારણ કરતા ચીની અક્ષરાકૃતિઓ અને તેનું રોમન લિપિમાં રૂપાન્તર—આ બન્ને ચીનમાં લાંબો વખત સુધી એક સાથે ચાલુ રહેવાનાં એમાં કોઇ શક નથી.

### અંગ્રેજી શિક્ષણને પૂરો અવકાશ

ભાષાસુધારણાના કાર્યક્રમની સાથે સાથે ચીને અંગ્રેજી ભાષાના શિક્ષણને માધ્યમિક શાળાઓમાં અને કેટલાક ઠેકાણે પ્રાથમિક શાળાઓમાં પણ દાખલ કરેલ છે. આમ શા માટે કરવામાં આવેલ છે તેનો ખુલાસો કરતાં ૧૯૬૦ ના ડીસેંબરની ૨૫ મી તારીખના પેકીંગના એક અગ્રગણ્ય સામયિકમાં પ્રગટ થયેલ લેખ જણાવે છે કે "આપણા દેશનું આંતરરાષ્ટ્રીય વર્ચસ વધવા સાથે આપણા દેશ અને દુનિયાના બીજા દેશના લોકો વચ્ચેનો સંબંધવ્યવહાર ઉત્તરોત્તર વૃદ્ધિગત થવા લાગ્યો છે. એ વાત સાચી છે કે અંગ્રેજી ભાષા વાપરતા દેશો, મુડીવાદી દેશો છે અને તેમાં આખી દુનિયાના લોકોના મુખ્ય શત્રુ સમાન યુનાઈટેડ સ્ટેઇટસના શાહીવાદનો સમાવેશ થાય છે. આને લીધે કેટલાએક વિદ્યાર્થીઓ અંગ્રેજી ભણવા માટે નારાજ હોય એ સમજી શકાય તેવું છે. આમ છતાં પણ એ બાબતનું આપણને પૂરું ભાન હોવું ઘટે છે કે, કોઇ પણ એક ભાષાને કોઇ એક વર્ગ કે બીજા વર્ગના વલણ સાથે અનિવાર્ય એવો કોઇ સંબંધ છે જ નહિ. કોઈ એક જ વર્ગની ન ભુંસાય એવી કોઈ ભાત તેના ઉપર પડેલી હોય છે એમ માની લેવાને કોઈ કારણ નથી અને અંગ્રેજી બોલતા હજારો લાખો માનવીઓમાં શાહીવાદી માનસથી વિકૃત બનેલા માણસોની સંખ્યા અતિ અલ્પ છે, અગણ્યવત છે."

અનુવાદક : પરમાનંદ મૂળ અંગ્રેજી: શ્રી સુધાકર ભટ્ટ

# અંગ્રેજી ભાષાના શિક્ષણ અંગે ગુજરાત સરકારે ધારણ કરેલી નીતિ

(ગુજરાત રાજ્યના પ્રજાજનોમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ કયા ધોરણથી શરૂ કરવું એ અંગે ચોકકસ પ્રકારનો બળવાન મતભેદ પ્રવર્તે છે. આજે સરકાર દ્વારા અપાતું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કુલ ૧૧ ધોરણમાં વહેંચી નાખવામાં આવ્યું છે. ૧૧ માં ધોરણની એસ. એસ. સી. ની પરીક્ષા પસાર કરીને આગળ અભ્યાસ કરવા ઇચ્છનાર વિદ્યાર્થી એક યા બીજા પ્રકારની કોલેજમાં પ્રવેશ કરે છે. આ ૧૧ ધોરણની ત્રણ કક્ષા છે. ૧, ૨, ૩ અને ૪ આ ચાર ધોરણો નીચેના પ્રાથમિક શિક્ષણને લગતાં, ૫, ૬ અને ૭ ધોરણ ઉપરના પ્રાથમિક શિક્ષણને લગતાં અને ૮, ૯, ૧૦ અને ૧૧ માધ્યમિક શિક્ષણને લગતાં: આ મુજબની ત્રણ કક્ષાઓ છે. ગુજરાત સરકારે સ્વીકારેલ અભ્યાસક્રમ મુજબ આ ૧૧ ધોરણનું શિક્ષણ ગુજરાતી માધ્યમ દ્વારા આપવામાં આવે છે. પાંચમાં ધોરણથી હિન્દી ભાષાનું શિક્ષણ શરૂ થાય છે. અને આઠમા ધોરણથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ શરૂ થાય છે. આ અગિયારે ધોરણના શિક્ષણમાધ્યમ અંગે ગુજરાતમાં તેમજ ઘણુ ખરૂં ભારતના અન્ય રાજ્યોમાં કોઇપણ મતભેદ નથી. સર્વત્ર લગભગ પ્રાદેશિક ભાષાનો શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે. મતભેદ અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાનું કયારથી શરૂ કરવું એ અંગે છે. ભારતના અન્ય રાજ્યોમાં પાંચમાં ધોરણથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાની શરૂઆત કરવાનું ઠરાવવામાં આવ્યું છે, જ્યારે ગુજરાત રાજ્યે આઠમા ધોરણથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાની નીતિ અમલમાં મૂકી છે. આ નીતિની વિચાર ભૂમિકા શું છે એ સંબંધમાં ગુજરાત રાજ્યની વિધાન સભામાં ત્યાંના શિક્ષણ પ્રધાન શ્રીમતી ઈન્દુમતી બહેને તા. ૪-૪-૬૨ ના રોજ આ પ્રશ્નના અનેક પાસાંઓની ચર્ચા કરતું એક નિવેદન રજુ કર્યું હતું. ગુજરાતમાં શું ચાલે છે તેને લગતી મુંબઈ બાજુ બહુ ઓછી ખબરો આવે છે. આ નિવેદન થોડા સમય પહેલા મારા જોવામાં આવ્યું. એ દિવસોના મુંબઈનાં દૈનિક પત્રોમાં આ નિવેદન પ્રગટ થયુંહતું કે નહિ તેનો મને ખ્યાલ નથી. આ વિવાદાસ્પદ પ્રશ્ને મુંબઈ બાજુ વસતા ગુજરાતીઓમાં ખૂબ રસ જગાડયો છે. તેમને આ નિવેદન વાંચવાથી ગુજરાત સરકારે ધારણ કરેલી નીતિનો સ્પષ્ટ ખ્યાલ આવશે, અને જેમના દિલમાં આ વિષે ગડમથલ ચાલી રહી છે તેમના માટે માર્ગદર્શક બનશે એમ સમજીને પ્રસ્તુત નિવેદન નીચે પ્રગટ કરવામાં આવે છે.

અંગ્રેજી અંગે એક મુદ્દો સ્પષ્ટ કરવાની જરૂર લાગે છે. અંગ્રેજી ભાષા સમજવી એટલે તે ભાષામાં અપાતાં વ્યાખ્યાનો તેમજ તે ભાષામાં લખાયલાં પુસ્તકો સમજવાં એ એક બાબત છે. આને અંગ્રેજીમાં Power of Comprehension કહે છે. અને તે ભાષામાં સરળતાથી બોલતા લખતાં આવડવું એ બીજી બાબત છે. આને અંગ્રેજીમાં Power of Expression કહે છે. આજના વિચારકો અને કેળવણીકારો હવે અંગ્રેજીમાં expressionની—અભિવ્યકિતની - તાકાત આપણા વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરે એવી અપેક્ષા રાખતા નથી. આ માટે તો શરૂઆતથી અંગ્રેજી ભાષાને શિક્ષણનું માધ્યમ બનાવવું જોઇએ. આ પરિસ્થિતિ અંગ્રેજી હકૂમતકાળ દરમિયાન આપણા શિક્ષણની હતી. આજે તો વિદ્યાર્થીમાં અંગ્રેજી સમજવાની (comprehension) ની તાકાત આવે એટલેથી આપણા વિચારકો અને કેળવણીકારો સંતુષ્ટ છે. અને આજના સંજોગોમાં આથી વધારે અપેક્ષા રાખવી તે વ્યવહારૂ નથી. હવે પાંચમાં ધોરણથી અંગ્રેજી ભાષાનું શિક્ષણ આપવાનું શરૂ કરવું તેમાં અને ગુજરાત સરકાર આઠમા ધોરણેથી અગિયારમાં ધોરણ સુધી અંગ્રેજી ભાષાનું જે ઘનિષ્ઠ (intensive) શિક્ષણ આપવા માંગે છે તે બેમાં પરિણામે અંગ્રેજીને લગતી વિદ્યાર્થીની સમજશકિત (Power of Comprehension)માં ફરક નહિ પડે એવી આશા ઈન્દુમતીબ્હેનના નિવેદનથી બંધાય છે. ખરો પ્રશ્ન પ્રસ્તુત નીતિ અંગે જે આશા આપવામાં આવે છે તે મુજબ તે નીતિનો વાસ્તવિક અમલ થાય તેને લગતો છે. આપણે આશા રાખીએ કે ગુજરાત સરકાર આ નીતિને અમલી બનાવવામાં પૂરી મકકમતા અને જાગૃતિ દાખવશે અને ગુજરાતનો વિદ્યાર્થી અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ કરતાં અંગ્રેજીની સમજણમાં જરા પણ ઉતરતો કે નબળો માલુમ નહિ પડે એ મુજબનું તેમનું વચન સાચું પુરવાર થશે. આટલી પ્રસ્તાવના પૂર્વક હવે આપણે ઈન્દુમતીબહેનના નિવેદન તરફ નજર કરીએ. **પરમાનંદ.)**

ધારાસભ્ય શ્રી નારણદાસ પોપટે ઠરાવ મૂકયો હતો કે, ભારતનાં અન્ય રાજ્યોએ ધોરણ પાંચમાંથી અંગ્રેજી દાખલ કર્યું છે, તેથી ગુજરાતમાં પણ પાંચમાંથી અંગ્રેજી મરજિયાત વિષય તરીકે દાખલ કરવું. આ મુદ્દો અતિ મહત્વનો હોઈ એ પ્રશ્નનાં બધાં પાસાં, તેનો વ્યાપ અને "ઇમ્પ્લિકેશન્સ' અને સરકારની વલણની સ્પષ્ટતા આપની સમક્ષ મૂકવાની રજા લઉં છું.

સૌથી પ્રથમ જણાવું કે, ગુજરાત રાજ્યની સરકાર અંગ્રેજીનું મહત્વ સ્વીકારે છે. અંગ્રેજી ભાષા દુનિયાની એક ખેડાયેલી આધુનિક મોટી ભાષા છે અને તે દ્વારા આપણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અને દુનિયાના વિજ્ઞાન સાથે સંબંધ કરી ઘણું મેળવવાનું છે એમાં કોઈ બે મત પ્રવર્તતા નથી. યુરોપની આમ તો ઘણી ભાષાઓ મોટી અને સમૃદ્ધ છે. પણ હિંદુસ્તાનમાં પરંપરા અને ઇતિહાસને કારણે અંગ્રેજી વધુ અનુકૂળ છે તેમાં અમને શંકા નથી. અને તે હેતુથી આપણા યુવાનો અને વિદ્યાર્થીઓ, જેમને આ ભાષાની જરૂર પડવાની છે, તેઓ કાર્યક્ષમ અંગ્રેજી જાણે તે માટે, સરકારના વ્યવહારુ પ્રયત્નો ચાલુ છે, જેથી ગુજરાતના યુવાનોનું હિત જળવાઇ રહે.

થોડી પૂર્વ ભૂમિકા જોઇએ. ૧૯૬૦ ના જુનમાં નવું ગુજરાત રાજ્ય રચાયા પછી એક સભા રાજ્ય સરકારે બોલાવી, જેમાં પ્રાથમિક ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરનારાઓ, સરકારી અધિકારીઓ, ઉપકુલપતિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. તેમાં નીચેના મુખ્ય નિર્ણયો લેવામાં આવ્યા હતા:—

૧. ધોરણ આઠથી ધોરણ દશ સુધી ફરજિયાત વિષય તરીકે પહેલાંના મુંબઈ રાજ્યના વિસ્તારોમાં ચાલતું હતું તેમ અંગ્રેજીનું શિક્ષણ ચાલુ રાખવું.

૨. સ્વૈચ્છિક વિષય તરીકે ધોરણ પાંચથી સાતમાં શાળાના સમયની બહાર, શાળાઓને અંગ્રેજી શીખવવાની છૂટ આપવી. તે ઉપર જે ખર્ચ થાય તે ગ્રાન્ટ - ઈન - એઇડમાં ગ્રાન્ટને પાત્ર ગણાશે નહિ.

આ નિર્ણયો અનુસાર ગુજરાત સરકારે નિર્ણય લીધો કે, ધોરણ આઠથી અગિયાર સુધીમાં અંગ્રેજીને માટે એક 'ઇન્ટેન્સિવ' (ઘનિષ્ઠ) અભ્યાસક્રમ યોજવો. અંગ્રેજીનું શિક્ષણ વધુ કાર્યક્ષમ અને સારું થાય તે માટે સમયપત્રકમાં વધારે પિરિયડ આપવા અને શાળાઓને યોગ્ય અને સુધારેલી પદ્ધતિઓ અપનાવવા પૂરતી સ્વતંત્રતા આપવી.

આમાંથી 'ઇન્સ્ટેન્સિવ' ટીચિંગનો અમલ તુરત જ શરૂ થયો. અઠવાડિક આઠ પરિયિડ વધારીને બાર કરવામાં આવ્યા જો કે દોઢ વર્ષનો સમય પૂરતો ન કહેવાય, તો પણ એટલું કહી શકું છું કે, તેનાં પરિણામ ઉત્સાહજનક છે.

ગયા વર્ષે નેશનલ ઈન્ટિગ્રેશન પરિષદની સભામાં અંગ્રેજીની અગત્ય ઉપર ભાર મૂકવામાં આવ્યો અને એમ ભલામણ કરવામાં આવી કે, અંગ્રેજી સારું શીખવવું જોઇએ.

હિંદના કેટલાંક રાજ્યોમાં અંગ્રજી પાંચમાં ધોરણમાંથી ચાલુ છે તેમ જણાવવામાં આવ્યું છે.

બંધારણ પ્રમાણે, સાતથી ચૌદ વર્ષનું શિક્ષણ અતિ આવશ્યક છે. રાષ્ટ્રના ઘડતર, લોકશાહીના વિકાસ અને દેશની આઝાદીના એક મહત્વના અંગ તરીકે આ શિક્ષણ સાર્વત્રિક, મફત અને જેમ બને તેમ જલદી ફરજિયાત કરવાનો અનુરોધ બંધારણે આપેલો છે.

વળી સાચી સમાજવાદી સમાજરચનાની બુનિયાદ રૂપે સર્વ લોકશાહી દેશોમાં સ્વીકારાયું છે કે, પ્રાથમિક કક્ષામાં સર્વ - સામાન્ય એવો અભ્યાસક્રમ યોજવો જોઇએ કે જે વ્યક્તિ અને સમષ્ટિની દૃષ્ટિએ બાળકને સૌથી વધુ ઉપયોગી નીવડે અને પ્રાથમિક કક્ષા પૂરી કર્યા પછી આગળ વધવાની સમાન તક સૌ બાળકોને સંપૂર્ણપણે મળે.

આ ધ્યેય દૃષ્ટિ સમક્ષ રાખીને ગુજરાત સરકારે પ્રાથમિક શિક્ષણનું આયોજન કર્યું છે, ૧૯૪૭ માં ફરજિયાત શિક્ષણની શરૂઆત કરીને આજે થોડા જિલ્લા અને નાનાં ગામો સિવાય સર્વત્ર સાતથી અગિયાર વર્ષનાં બાળકો માટે શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે અને લગભગ ૧૯ હજાર શાળાઓમાં લગભગ ૧૬ લાખ બાળકો આ ફરજિયાત શિક્ષણનો લાભ આજે મેળવી રહ્યાં છે. આ સંખ્યા હજી પૂરતી નથી. તે વધારવા પ્રયાસ થઇ રહ્યા છે. ફરજિયાત શિક્ષણ થાય તો આજની વસ્તીના પ્રમાણમાં લગભગ ૨૦ થી ૨૧ લાખ બાળકો આ કક્ષામાં આવશે.

ધોરણ પાંચ, છ અને સાત પ્રાથમિક કક્ષાનાં છે અને તે પણ આપણા રાજ્યમાં મફત છે. તેને સાર્વત્રિક બનાવવા પ્રયાસ ચાલે છે. પાંચ, છ અને સાત ધોરણનું શિક્ષણ લગભગ આઠ હજાર શાળાઓમાં આઠ લાખ બાળકો મેળવી રહ્યાં છે. ફરજિયાત શિક્ષણના પ્રચારની સાથે સાથે આ ઉચ્ચ પ્રાથમિક કક્ષાની સંખ્યા પણ વર્ષોવર્ષ વધતી રહી છે અને આ શિક્ષણ ફરજિયાત ન કરીએ તો પણ એ સંખ્યા બે ત્રણ વર્ષમાં દશ લાખ ઉપર જશે તેમાં શંકા નથી. ફરજિયાત કરીએ તો એ સંખ્યા ૧૪ લાખ ઉપર થાય.

આ બાળકોમાંથી લગભગ ૭૦ હજાર બાળકો આઠમા ધોરણમાં આગળ અભ્યાસ અર્થે જોડાયા છે. એ ૭૦ હજારમાંથી પચાસેક હજાર એસ. એસ. સી. પરીક્ષામાં બેસે છે. તેમાંથી ત્રીસેક હજાર પાસ થાય છે. અને એ પાસ થયેલામાંથી પંદરેક હજાર ઉચ્ચ શિક્ષણ માટે કોલેજ અને બીજી શિક્ષણ - સંસ્થાઓમાં જોડાય છે.

પાંચમાં ધોરણમાં બીજી ભાષા હિંદી શરૂ કરવામાં આવે છે. તેથી ત્રીજી ભાષા અંગ્રેજી શરૂ થવાની જ હોય તો ય તે છઠ્ઠા ધોરણથી જ શરૂ થઇ શકે. અને પ્રાથમિકનાં છેલ્લાં બે વર્ષ જ અંગ્રેજી શીખવાનું રહે.

વિચાર એ કરવાનો છે કે, ૮૦ ટકા બાળકોને આ બે વર્ષનું અંગ્રેજી ભવિષ્યમાં ઉપયોગમાં આવવાનું છે કે નહિ? અને બીજા વધુ ઉપયોગી અને ઘડતરના વિષયો કાપીને આ સમય મેળવવો એ કેટલું હિતકારક છે? આ માટે શિક્ષકો અને નાણાંની જવાબદારી ઘણા મોટા પ્રમાણમાં લેવાની રહેશે. આ મુશ્કેલી ઘણી મોટી છે. સામાન્ય અંગ્રેજી લઇને એસ. એસ. સી. પરીક્ષા પાસ થયેલા શિક્ષકો પૂરતા પ્રમાણમાં કેવું ધોરણ સાચવી શકશે એ આપણે સમજી શકીએ તેવું છે. જે બાળકો પ્રાથમિક કક્ષા બાદ શાળા છોડી જીવનવ્યવહારમાં જોડાવાનાં છે તેમનાં અમૂલ્ય બે વર્ષ દરમિયાનમાં થતો શક્તિ, સમય અને નાણાંના મોટા વ્યયનો અંદાજ આપ સૌ કરી શકશો.

એમ કહેવામાં આવ્યું છે કે, અંગ્રેજી મરજિયાત રાખવું જોઇએ. પણ પ્રાથમિક કક્ષામાં મરજિયાત વિષયોનો પણ પ્રબંધ સૌને માટે કરવો અનિવાર્ય થઇ પડશે. સ્વાભાવિક રીતે દરેક વાલી પોતાનું બાળક ખૂબ આગળ વધે તેમ ઈચ્છે અને ભવિષ્યમાં કોઈ બારણાં બંધ ન થાય તેથી, આગળ વધી શકાય તેવો વિષય જરૂર પસંદ કરશે. તેથી જ ગ્રામ અને શહેર વિસ્તાર, ગરીબ ને ધનિક, અભણ અને શિક્ષિતના ભેદભાવ વિના સમાન તક માટે સૌને માટે એ વિષયની જોગવાઈ કર્યા સિવાય છૂટકો નથી. આમ કરવા જતાં શિક્ષકો મેળવવાનો અને નાણાંનો પ્રશ્ન કેટલો મુશ્કેલ થાય છે તે વિચાર્યા વિના આ પગલું લેવું ડહાપણભર્યું નથી.

બાકી, આજે પણ અંગ્રેજી મરજિયાત શાળા બહાર તો શીખવીજ શકાય છે. અને મારે એ પણ જણાવવું જોઇએ કે, એમ શીખનારની અને એ શીખવનાર વર્ગોની સંખ્યા પણ પ્રમાણમાં ઘણી જ ઓછી છે.

એમ જણાવાયું છે કે, બીજાં રાજ્યોમાં અંગ્રેજી પાંચમાં ધોરણથી શીખવાય છે માટે આપણે દાખલ કરવું જરૂરી છે. આપણે માહિતી મેળવવી જોઇએ કે, બીજાં રાજ્યોમાં આનો અમલ કેટલો કેવી રીતે થયો છે અને આપણને એમાંથી કાંઈ રસ્તો દેખાય છે કે કેમ?

બીજાં રાજ્યોમાં શિક્ષકોની વ્યવસ્થા કેવી રીતે કરવામાં કરવામાં આવી છે? દૂરના ગામડાઓમાં, જંગલોમાં, કાંઠાના ગામડાંઓમાં આવેલી હજારો પ્રાથમિક શાળાઓમાં કેવી રીતે એક એક શાળામાં આ શિક્ષણ દાખલ થયું છે કે નહિ. એ માહિતી પણ જાણવા જેવી હશે. વળી એ ધોરણમાં કઈ લાયકાતવાળા શિક્ષકો તેઓ મૂકી શકયા છે તેની પણ આપણે માહિતી મેળવવી જોઇએ. દરેક ધોરણમાં સમય - પત્રકમાં કેટલો હિસ્સો આ વિષયને આપવામાં આવે છે, એ આપણે જાણવું જરૂરી છે. વળી હિંદી ભાષી રાજ્યોમાં હિંદી માતૃભાષા હોઈ અંગ્રેજી ભાષાને બીજી ભાષાનું સ્થાન આપી શકાય તેમ છે. આપણે ત્યાં પરિસ્થિતિ જુદી છે. ઘણાં રાજ્યોમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ ઘણા ઓછા પ્રમાણમાં શરૂ થયેલું. એ એક અગત્યનું અંગ સમજીને આપણે એ દિશામાં સારી રીતે આગળ વધ્યા છીએ. આને લીધે ઊભી થતી આર્થિક, શૈક્ષણિક, સામાજિક જવાબદારીઓ, અસરો ને 'ઇંપ્લિકેશન' પણ આપણે ઘણા ઊંડાણથી અને દીર્ઘ દૃષ્ટિથી વિચારવાં જોઇશે.

એમ દલીલ થાય છે કે, નાની ઉંમરનું બાળક ભાષા વધુ સારી રીતે ગ્રહણ કરે છે, માટે આપણે ત્રીજા કે પાંચમા ધોરણથી અંગ્રેજી શરૂ કરવું જોઇએ.

માનનીય સભ્યશ્રીઓને જણાવું કે, બાળક નાની ઉંમરમાં ભાષા આસપાસના વાતાવરણમાંથી ગ્રહણ કરી શકે છે. આ માટે જે વિધાન છે તે ભાષાના 'ફોર્મલ' (વિધિસર અપાતા) વર્ગ - શિક્ષણ માટે સાચું નથી. વાતાવરણમાંથી ભાષા ગ્રહણ કરવી બાળકને સુલભ છે અને તેથી જ બાળક ભાષા 'સ્પોન્ટેનિયસ ઇન્ફોર્મલ વે' થી 'એબ્સોર્બ' ગ્રહણ કરે છે એ વિધાન સાચું છે. હજારો અને લાખો બાળકો માટે આ વાતાવરણ રચી શકીશું? રચી શકીએ તો જુદી વાત છે. પણ પરદેશી ભાષાનું 'ફોર્મલ' વર્ગ - શિક્ષણ નાના બાળક માટે શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય નથી; અને ૧૧ વર્ષના બાળકને આપણે બીજી ભાષા હિંદી શિખવાડીએ જ છીએ તે આપણે ભૂલી જઈએ છીએ.

અંગ્રેજીનું શિક્ષણ વધુ કાર્યક્ષમ અને સારું થાય તે આપણા વિદ્યાર્થીઓને માટે હિતાવહ છે તેમાં બે મત નથી. તેથી જ આ "ઇન્ટિન્સિવ ટીચિંગ" ની શરૂઆત સરકારે કરી છે. આ પ્રયાસને હજી દોઢ વર્ષ થયું છે. અને ઘણી કાળજીથી આપણે એની અસર અને પરિણામ જોઇ રહ્યાં છીએ.

અઠવાડિયાના આઠ પિરિયડ વધારી બાર પિરિયડ કરવામાં આવ્યા છે.

છઠ્ઠા ધોરણથી અંગ્રેજી દાખલ કરીને અગિયારમાં ધોરણના અંત સુધીમાં જે સમય અંગ્રેજીને આપીએ, એટલે છ વર્ષમાં અંગ્રેજી પાછળ જેટલો સમય વ્યતીત કરીએ તેટલો સમય ચાર વર્ષમાં એટલે આઠથી અગિયાર ધોરણમાં આપીએ તો અંગ્રેજીનું ઇન્ટેન્સિવ શિક્ષણ થાય અને ધોરણ સુધરે, એમ વિચારીને બે વર્ષમાં અઠવાડિક છ લેખે જે બાર પિરિયડ આવે તે આઠથી દસ સુધીના ત્રણ વર્ષમાં વહેંચીને આઠ પિરિયડના બાર પિરિયડ અઠવાડિક કર્યા છે.

વળી ચારેક વર્ષ ઉપર સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડે અંગ્રેજીના અધ્યાપકોની પરિષદે અઠવાડિયાના છ પરિયિડ લેખે ૬ વર્ષ અંગ્રેજી શીખવવાની મલામણ કરેલી. એ ધોરણે કામનાં ત્રીસ અઠવાડિયાં લેખે છ વર્ષ માટે કુલ ૧,૦૮૦ પિરિયડ અંગ્રેજીને મળે. આપણે ચાર વર્ષ માટે અઠવાડિયાના બાર પિરિયડ લેખે કુલ ૧,૪૪૦ પિરિયડ આપીએ છીએ. એ અંગ્રેજી માટેની આપણી કાળજીનું પૂરતું સૂચક છે.

વળી ચાર વર્ષ માટે અંગ્રેજી શીખવાય છે, તે હાઈસ્કૂલ કક્ષા હોઈ, એ માટેના શિક્ષકો સામાન્ય રીતે અનુભવી ટ્રેઈન્ડ ગ્રેજ્યુએટો જ હોય છે. નિષ્ણાતોએ પણ એમ સ્વીકાર્યું છે કે, પરદેશી ભાષા-શિક્ષણ માટે યોગ્યતાવાળા શિક્ષક અને મર્યાદિત સંખ્યાવાળા વર્ગો અતિશય મહત્ત્વના છે અને ધોરણ સુધારવામાં કેવળ વધુ વર્ષો કરતાં ઉપરનાં બે "ફેકટર્સ" વધુ કાર્યક્ષમ છે.

વળી આ ઈન્ટેન્સિવ ટીચિંગ માટે શિક્ષકોને શિક્ષણ આપવાનું કામ ચાલુ થયું છે અને રાજ્ય કક્ષા તથા જિલ્લા કક્ષાએ તે માટેના ટૂંકા ગાળાનાં પ્રશિક્ષણ—શિબિરો વગેરે યોજવામાં આવે છે.

એક વાત તો આપણે સ્વીકારવી રહી કે, અંગ્રેજી ઉપર આપણા લોકોની સારી હથોટી હતી તેનું કારણ એ નહોતું કે, તે પહેલાંના વખતમાં સારી રીતે શીખવાતું હતું. પણ તે વેળાએ માધ્યમિક શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી હતું. ઈતિહાસ ભૂગોળ, નાગરિક શાસ્ત્ર અને સંસ્કૃત ભાષા પણ અંગ્રેજીમાં તે વેળાએ શીખવાતાં અને વાતચીત પર ફરિજયાત અંગ્રજીમાં કરવી પડતી. આ કારણે અંગ્રેજી બોલવા, વાંચવા લખવાની છૂટ આવી જતી.

આજે માધ્યમિક શાળાઓમાં માતૃભાષાનું માધ્યમ થયું છે; અને અંગ્રેજીને ત્રીજી જ ભાષાનું સ્થાન મળી શકે તેમ છે એ પરિસ્થિતિ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. અને એ સ્થાને અંગ્રેજીનું શિક્ષણ સારું કેમ થાય તે માટે આપણે જેમ બને તેટલી મહેનત કરવાની રહી.

બીજા દેશોમાં સામાન્ય શાળાઓમાં મોટે ભાગે ૧૦—૧૧ વર્ષે બીજી ભાષા અને તેર—ચૌદ વર્ષે ત્રીજી ભાષા શીખવવામાં આવે છે. યુરોપના કેટલાયે દેશોમાં અગિયાર વર્ષે બીજી ભાષા અને ચૌદ વર્ષે ત્રીજી ભાષા શરૂ થાય છે. આ બીજી અને ત્રીજી ભાષા ફ્રેન્ચ, અંગ્રેજી, સ્પેનિશ, અને જર્મનમાંથી પસંદ કરવાની હોય છે.

ત્યાં વર્ષોથી ફરજિયાત શિક્ષણ પંદર કે સોળ વર્ષનું સ્થિર થયેલું છે. ત્યાં તાલીમ પામેલા શિક્ષકની અછત નથી. પૈસાની કોઈ મુશ્કેલી નથી. લગભગ સોએ સો ટકા વસ્તી શિક્ષિત છે. તેમને માટે પ્રશ્ન છે કેવળ શિક્ષણને વધુ સમૃદ્ધ, ,વધુ કાર્યક્ષમ બનાવવાનો.

આપણો પ્રશ્ન આપણી પ્રાથમિક અનિવાર્ય જરૂરિયાત પૂરી કરવાનો છે. આપણે ત્યાં શિક્ષક અને પૈસાની અછત અને અભણ ગરીબ વસ્તીનાં બાળકોને શાળામાં જતાં કરવાનો સેંકડો વર્ષોનો પ્રશ્ન આજે ઉકેલવાની શરૂઆત થઈ છે.

અંતમાં અધ્યક્ષશ્રી અને માનનીય સભ્યોને ફરી જણાવવાની રજા લઉં કે, ગુજરાત સરકાર અંગ્રેજીનું મહત્ત્વ સ્વીકારે છે અને અંગ્રેજીના શિક્ષણનો કોઈ વિરોધ નથી. એ શિક્ષણ વધુ કાર્યક્ષમ બનાવવા માટે જ આઠમા ધોરણથી "ઈન્ટેન્સિવ ટીચિંગ" શરૂ કર્યું છે. વળી આ શિક્ષણ વધુ સમૃદ્ધ બને તે માટે બીજા પણ ઉપાયો યોજીશું. અમને વિશ્વાસ છે કે, ચાર વર્ષમાં અંગ્રેજીના શિક્ષણનું ધોરણ વધુ સારું થઈ શકવું જોઈએ.

વળી અંગ્રેજીની સૌથી વધુ જરૂર કૉલેજમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓને રહે છે. તો આપણે કૉલેજનાં પહેલાં બે વર્ષમાં અંગ્રેજીની રીતસર વધુ તાલીમ આપવાનું વિચારી શકીએ. આ સિવાય પણ કાંઈ સૂચન હોય તો જરૂર વિચારીએ.

ગુજરાતના વિદ્યાર્થીઓને નોકરીઓમાં મુશ્કેલી પડે છે એમ કહેવાયું છે. પણ સામાન્ય રીતે ગુજરાતી જુવાન સ્વતંત્ર ધંધા-વેપારમાં જોડાવું વધુ પસંદ કરે છે. સરકારી કે બીજી નોકરીઓને પહેલી પસંદગી આપતો નથી. પણ છતાંયે નોકરી માટે તૈયાર થવા સૌને માટે વર્ગો વગેરેનો પ્રબંધ તો કરી શકાય છે.

**ઈન્દુમતીબહેન ચીમનલાલ શેઠ**

# શ્રી જે. કૃષ્ણમૂર્તિ અને તેમની વિચારણા

(પ્રબુદ્ધ જીવનના છેલ્લા ત્રણ અંકમાં શ્રી વિમલા ઠકારના લેખો પ્રગટ થયા તેના અનુસંધાનમાં તેઓ જેમની વિચારણાથી પ્રભાવિત થયા છે તે શ્રી જે. કૃષ્ણમૂર્તિનો પરિચય આપવામાં આવે તો સુસંગત લેખાશે એમ સમજીને તા. ૩૧-૩-'૬૨ ના 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલ શ્રી ચંપકલાલ મહેતાનો લેખ અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ.**)

આપણે મન ને સમય દ્વારા વિશ્વની ને જીવનની જડ પ્રકૃતિમાં અથડાઈએ છીએ. એથી આપણે જીવનની કોઈ પણ કક્ષા પ્રાપ્ત કરીએ છતાં બંધનમાં જ રૂંધાઈ રહીએ છીએ. એનાથી પ્રદીપ્ત થતા અનુભવો ભૂતકાળ અને સ્મૃતિનાં જ ફળ છે ને એથી સદંતર નવીન તત્ત્વ જે પરાપ્રજ્ઞાનું આલેખન છે ને જે દ્વારા સત્યનું—પ્રભુનું—પરમ દર્શન થાય છે તેની દિવ્ય દૃષ્ટિ આપણને લાધતી નથી. નિત્ય નવીનના પરમ ઉપાસક જે. કૃષ્ણમૂર્તિ એક એવી વિરલ વિભૂતિ છે કે જે નામકરણ વગર અનામીની, પ્રભુની, સત્યની, મુકિતની, અનંતતાની સતત ઉપાસના કરી રહ્યા છે ને પોતાનો દિવ્ય સંદેશ પ્રતિ વર્ષ વિશ્વયાત્રા કરીને જગત સમક્ષ ધરી રહ્યા છે.

### દિવ્ય વાણીનો ધોધ

કૃષ્ણજીમાં અવ્યકતને વ્યકત કરવાની, મનને અમન બનાવવાની, સમયને સમયાતીત કરવાની, જીવનને સર્વાતીત કરવાની, વિચારોને સત્યમાં પરિવર્તિત કરવાની, અશાંતિમાંથી શાંતિ સર્જવાની ને દર્દ ને દુ:ખને સુખમય કરવાની અજબ પ્રતિભા છે. અલબત્ત એ સર્વ પ્રાપ્ત થાય તો એ કથનના સ્વાનુભવથી. દરેકે એની પ્રતીતિ પોતાના અંતરમાંથી જ કરવાની છે.

જગત અને જીવનના તમામ આવશ્યક પ્રશ્નોનું નિવારણ કરતી વેધક દૃષ્ટિ, જાણે દિવ્ય ભૂમિકામાં વિચરતા ન હોય એવું પ્રતિભાશાળી વ્યકિતત્વ, અટપટા અને ગહન વિષયને અત્યંત સરળ ને સાદી રીતે સમજાવતો વાણીનો અસ્ખલિત પ્રવાહ, અર્વાચીન જગતને સદંતર નવીન દષ્ટિ આપતી પરાપ્રજ્ઞાની ચેતના, કદી કોઈને ન અનુસરતી મૌલિક સર્જક શકિત, જે છે તેમાં જ—વર્તમાનમાં જ—અનંતતા ને પ્રભુને પ્રગટાવતી ઓજસવંતી ને અર્થગાંભીર્યભરી વિચારણા ને સંસારનાં સર્વ બંધનોમાંથી મુકત કરતી નિરાસકત બુદ્ધિપ્રગલ્લભતા: એ સૌના દર્શક કૃષ્ણજી જગતભરમાં પ્રતિ વર્ષ એકલા, એમણે નિયત કરેલાં સ્થાનો પર ઘૂમી રહ્યા છે, ને સંસ્થા, મંડળ, ધર્મપ્રચાર, પ્રચારકો, અનુયાયીઓ, ભંડોળ, શાસન એ બધાંથી અલિપ્ત રહી, સદંતર નિરાવલંબી બનીને, કશા પણ આડંબર વિના, કોઈની પણ ઓથ વિના, એમની દિવ્ય વાણીનો ધોધ વહાવ્યે જાય છે.

### એમનાં પુસ્તકો

એમની વાણીથી એમણે પૂર્વ અને પશ્ચિમ બંનેને મંત્રમુગ્ધ કર્યા છે. પચ્ચાસથી વધુ એમણે પુસ્તક-પુસ્તિકાઓ લખ્યાં છે ને કેટલાક જાણીતા લેખકોએ એમના સંબંધી પુસ્તકો લખ્યાં છે. કિશોર વયે એમણે 'શ્રી ગુરુચરણે' નામે પુસ્તક લખેલું ને તેઓ વીશ વર્ષના થયા એ પહેલાં તો આ પુસ્તકના અનેક ભાષામાં

તરજૂમા થયા ને એની લાખો નકલો ખપી ગઈ. એમનું 'કોમેન્ટરીઝ ઓન લિવિંગ' પણ આજે ખૂબ જ લોકપ્રિય થઈ પડયું છે ને જગતભરમાં એની માગ ચાલુ રહ્યા કરે છે.

### સુખના પયંગબર

શાંત, સૌમ્ય, દૈવી ચિંતનમાં જ અહર્નિશ રહેનારા, નિત્ય નવીનતાના પરમ ઉપાસક, 'જે છે' તેમાં જ જીવનને વ્યકત કરવાની વિરલ ભાવના સેવનાર, મન અને સમયથી પર, સર્વાતીત અને સમયાતીત અવસ્થાનું દર્શન કરાવનાર, પ્રભુ, સત્ય, મુકિત અને અનંતતાના દર્શક—એ જુદી જ સૃષ્ટિના આત્મયોગી માટે અનેકના મુખમાંથી સહજ ઉદ્‌ગારો નીકળી પડયા છે. રાને ફાઉરે કહે છે કે 'સદાને માટે એ કોઈ અપૂર્વ ને અજબ વ્યકિત છે.' બનાર્ડ શોને એ અર્વાચીન સમયના તદ્દન નવીન માનવી ભાસ્યા. મહાન કલાકાર જેઈમ્સ મોન્ટગોમેરી ફલેગને લાગ્યું કે 'એ યુગપુરુષ મહાન આધ્યાત્મિકતા છે. સૌજન્ય અને મહત્તા એમના દ્વારા પ્રકાશે છે.' ખલિલ જીબ્રાનને તો એ એવા ગમ્યા કે એમનાથી બોલાઈ જવાયું 'જયારે એ મારા 'સ્ટુડિયો'માં પ્રથમ પ્રવેશ્યા ત્યારે મેં મારી જાતને કહ્યું,: 'ખરેખર આ તો પ્રેમદેવ પધાર્યા છે.' ગ્લેડિસ બેકરે એમને સુખના પયંગબર તરીકે સંબોધ્યા છે. આન્દ્રે-નિયલ માને છે કે કૃષ્ણજીનું 'તું તારી જાતને જાણ' એ જ્ઞાન સોક્રેટિસના કરતાં પણ વધારે ઊંડું છે. કૃષ્ણમૂર્તિ દરેકને પોતાનાં સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવવા માંગે છે. એ સ્વાનુભવમાં અહમ્ અને આત્મા વચ્ચે વિરોધ રહેતો નથી, એમના કથનમાં 'જીવનનું ઘર્ષણ' ઓસરી જાય છે ને કેવળ જીવન ચૈતન્ય બનીને રહે છે. રોબીનસન જેફર્સનને કૃષ્ણજી માટે સ્પષ્ટ ભાસ્યું કે, 'જે સત્ય અને આનંદ વિષે એ કહી રહ્યા છે એનું દર્શન એમને જોતાં જ સાંપડે છે. એ એમના વ્યકિતત્વમાં જ દેખાય છે.' કાર્લો સુઆર્સ લખે છે કે 'એ ગુરુ નથી પણ સ્વયં પ્રતીતિ છે. જે કંઈ એ કહે છે બરાબર એવા જ એ લાગે છે. એમનામાં માનવતા પૂર્ણ અંશે પ્રકાશી રહી છે.' અર્લ લિટનમાં પુત્રી લેડી એમિલી લિટીયનને લાગ્યા જ કર્યું છે કે, એમના માટે ભવ્ય ભાવિ સર્જાયું છે. ડૉ. એની બેસન્ટ અને બિશપ લેડનિટરે નાનપણથી જ એ ભવ્ય આત્માને પારખી લીધો હતો. પશ્ચિમના આ તો થોડાક નમૂના છે.

### અનુકરણથી મુકત રહો!

હિંદ, યુરોપ અને અમેરિકામાં એમને જાગીર, જમીન અને સારો ભંડોળ મળતાં હતાં, પણ એ નિસ્પૃહી જીવન એનો અંગીકાર કેમ કરે? એમનો આદેશ ફેલાવવા સંસ્થાઓ સ્થપાઈ. એમણે એ વિખેરી નાખી. એમનો સંદેશ પ્રચારવા અને મહાન વ્યકિતઓ અનુયાયી બનવા ઉત્સુક હતી; પણ એમણે કહ્યું અનુકરણ એટલે જ મરણ. કોઈને અનુસરતા નહિ, કોઈને પ્રમાણ ગણતા નહિ. તમારી પોતાની જાતને પણ અંદરના તેમ જ બહારના બધા અનુકરણથી મુકત રાખો. આ રીતે સંસારના બધાં ય બંધનોને સર્વ પ્રકારની માયાથી અલિપ્ત રહીને એ ભવ્ય એકલતામાં વિચરે છે. ભવ્ય એકલતા એટલે બહારનાં તેમ જ અંદરના બધાંય આવરણો, બંધનો ને તમામ વિક્ષેપોથી નિકાસકત, મુકત અવસ્થા. જેમ બહાર કશા પણ પ્રકારની ઓથ એ નથી રાખતા તેમજ મન, સ્મૃતિ, વિચાર, વૃત્તિ, અનુભવ, અંતઃકરણ, સમય, માન્યતા, મમતા, પદ્ધતિ, આદર્શ, આશા એ સર્વથી વિરકત થઈ એની પર એ જઈ રહ્યા છે ને પર જવાનો ભવ્ય સંદેશ આપે છે. આ રીતે ભૂતકાળને સંપૂર્ણ પણે ખંખેરી, મન અને સમયની તમામ પ્રકારની મર્યાદાથી મુકત થઈ, જયાં છે ત્યાં જ, બંધનકર્તા જીવનને સદંતર અટકાવી, કશી પણ અસર વિના, કોઈ પણ પ્રકારના વિક્ષેપ વિના, કોઈ પણ જાતના અંતરાય વિના, સદંતર ને ચાલુ નવીન જીવન એ જીવે છે ને એવું જીવન જીવવા એ પ્રવચનો યોજે છે.

### નિત્યનવીન

આ રીતે એમનો સંદેશ નિત્યનવીન, નિત્ય યૌવન, દાખવતો નિત્ય આનંદ અર્પતો, આત્માના યૌવનને સર્જતો હોય છે. વળી એમનાં સત્યો ગ્રહણ કરવા માટે પૂર્વ તૈયારીની કે ભારેખમ થવાની જરૂર નથી. વિચાર ને વિચારક અને અનુભવ ને અનુભવી જ જીવનને વધારે બાંધે છે. જયારે તમે જ્ઞાનના બોજાથી નિરાળા બનો છો, જયારે તમે કશું થવા માગતા નથી જયારે તમે વિચાર, પ્રયાસ, પ્રાપ્તિ, થવાપણું એ સર્વથી ખરેખર મુકત થાઓ છો, ત્યારે જ સત્ય તમારી પાસે આવે છે, ત્યારે જ સત્યને તમે વધારે ઝીલી શકો છો.

નિત્યનવીન પ્રેરણા, આંતરસ્ફૂરિત ને અનોખી દષ્ટિ, હૃદયની ઊર્મિનું સ્વયંભૂ પ્રાગટય, જીવનને જકડતા બધા બંધનોમાંથા મુકિત, અગમ્ય ઉત્સાહ, અવિરત જાગૃતિ, સર્જનને વેગ આપતી પ્રજ્ઞા, મન અને સમયથી પર લઈ જતી જીવનની ભૂમિકા, અહમ્‌થી અબાધિત પ્રયાસવિહોણી જીવનની નૈસર્ગિક સહજાવસ્થા, 'જે છે' તેમાં જ પ્રભુને - સત્યને - પ્રગટાવતી સ્વયંભૂ ચેતના: એને માટે જે સ્ફૂર્તિ, જે તાજગી, જે નવપલ્લવતા, જે મૃદુતા ને મુલાયમતા, જે એકાગ્રતા ને ધ્યાન, જે શકિતને સ્વાસ્થ્ય, જે અર્પણ ભાવ ને માનવતા જોઈએ એ તેઓ દર્શાવે છે.

### પડળનું વિસર્જન

એ પડકાર કરે છે કે યુગો સુધી રચેલા માયાના થરના થર ને અજ્ઞાનનાં પડળના પડળનું સત્વર વિસર્જન કરો, અશકયતાની તમારી માન્યતાને ત્યજો, એ માન્યતાએ જ તમને રૂંધી રાખ્યા છે. તમે જયાં છો ત્યાં જ, તમે જેવા છો તેવી સ્થિતિમાં જ, જે પળ ચાલી રહી છે એ પળમાં જ, ભૂતકાળને સંપૂર્ણપણે ખંખેરી નાખી, સંપૂર્ણ એકાગ્રતાથી કેવળ જાગ્રત થાઓ, ને એ જાગ્રતિને અવિચલ રાખો. એ જાગૃતિ દ્વારા 'જે છે' તેને સમજો ને એ સમજણ દ્વારા સત્યનો અંગીકાર કારો. એટલે અસત્ય આપોઆપ ખરી પડશે. આમ ચાલુ સતત પળોપળની જાગ્રત અવસ્થા અને કેવળ સાવધ થઈને સ્વજ્ઞાન દ્વારા જીવનને જોયા જ કરવાની શકિતથી માનવી જયાં છે ત્યાં જ મુકત બનશે, સત્યમય થશે, અનંતતાને અવલોકશે ને પ્રભુપ્રાપ્તિ કર્યે જશે, જો એ કયાંય ખેંચાશે નહિ તો.

કૃષ્ણજી કહે છે કે, જીવન એના શુદ્ધ સ્વરૂપે મુકત છે. જીવનની એક એવી અવસ્થા છે જેને દેશ, કાળ, સ્થિતિ, સંયોગો, કર્મો, વ્યવહાર વગેરે બાંધી શકે નહિ, દુ:ખી કરી શકે નહિ, અશાંત બનાવી શકે નહિ. એ અવસ્થા માટે મન અને સમયથી પર જવું જોઈએ ને સંપૂર્ણપણે એકાગ્ર થયેલી જાગૃતિ જીવનને સ્વયંભૂ પર લઈ જશે. એ જાગૃતિ આપણી મનોરચિત જાગૃતિ ન હોવી જોઈએ. કારણ મન એના કોઈ પણ સ્વરૂપે બાધિત છે. કેવળ જાગૃતિને એના શુદ્ધ સ્વરૂપે પ્રદીપ્ત થવા દ્યો. આ સર્વાતીત ને સમયાતીત અવસ્થા આપણે જયાં છીએ ત્યાં જ ને 'જે છે' તેમાં જ પ્રગટી શકે છે.

એને માટે આવતી કાલની જરૂર નથી, પ્રયત્નની જરૂર નથી. આવતી કાલ એટલે સમયનું બંધન, પ્રયત્ન એટલે મનનું બંધન. પ્રયત્ન દ્વારા મન પ્રવૃત્ત બનીને અહમ્‌ને જ પોષે છે. એને માટે વિપુલ જ્ઞાનની જરૂર નથી, કારણ જ્ઞાનનો સંગ્રહ મનને મનની કક્ષામાં ને તેમની મર્યાદામાં જ રાખે છે, મનથી પર લઈ જતો નથી. પણ જયારે સ્મૃતિ, વિચાર, અનુભવ ને અન્ત:કરણને, એ ચારેયનો પ્રેરક ભૂતકાળ સદંતર બંધ થાય છે અને જીવન જયાં છે ત્યાં જ કેવળ જાગ્રત બનીને વિચરે છે, ત્યારે એ જ જાગૃતિમાં અનંતતા દેખા દે છે.

મહાસંત જે સંભાષણ કરે છે એ સમયે એ જે વાતાવરણ સર્જે છે, આંતરપ્રતીતિનું આલેખન કરે છે, સત્યનું પોતાને સાંગોપાંગ થયેલા દર્શનનું સંબોધન કરે છે, પોતાને થયેલા આંતરસાક્ષાત્કરનું જે જે ચિત્ર વ્યકત કરે છે, એ એના વાર્તાલાપના સીધા સંસર્ગમાં આવવાથી વધુ સ્પષ્ટ થાય છે. તક અને સમય મળે તો આવી વિરલ વ્યકિતનો લાભ જરૂર લેવા જેવો છે. એમને સાંભળતાં લાગશે કે, આપણો આત્મા આપણને જાગ્રત કરી આપણને સનાતન સત્યો સંભળાવી રહ્યો છે.

**ચંપકલાલ મહેતા**

# પરમાણુ અને તેનું પરિવર્તન : પરમાણુશકિત

( ગતાંકથી ચાલુ )

આપણે જોઈ ગયા કે એક જ મૂળતત્વના જુદા જુદા આઈસોટોપ હોઈ શકે છે. કેટલાક આઈસોટોપ કૃત્રિમ રીતે મૂળતત્વોના કેન્દ્ર—પરિવર્તનથી બનાવવામાં આવ્યા છે. આવા કેટલાક આઈસોટોપ અસ્થિર હોય છે. આવા અસ્થિર આઈસટોપને રેડિયો-એકટીવ આઈસોટોપ કહેવાય છે. દાખલા તરીકે ગંધકનો આઈસોટોપ ૩૫ રેડિયો—એકટીવ છે. કાર્બન ૧૨ અને ૧૩ વજનના આઈસોટોપ સ્થિર છે, પણ ૧૦, ૧૧ અને ૧૪ વજનના આઈસોટોપ રેડિયો—એકટીવ છે. કેટલાક રેડિયો—આઈસોટોપમાંથી જલદ ગામા કિરણો વછૂટે છે, કેટલાક બીટા—કિરણો આપે છે અને કેટલાક આલ્ફા—કિરણો આપે છે.

રેડિયો - એકટીવ આઈસોટોપનું અસ્તિત્વ ગેઈગર કાઉન્ટર નામના પ્રયોગસાધનથી જાણી શકાય છે અને તેમની શકિત પણ પણ માપી શકાય છે.

જુદા જુદા આઈસોટોપોની આવરદા (જીંદગી)માં ઘણો ફરક હોય છે. કેટલાક અલ્પાયુ, કેટલાક થોડા વર્ષની આવરદાવાળા, તો કેટલાક દીર્ઘાયુષી હોય છે. જેટલા સમયમાં કોઈ પણ આઈસોટોપની શકિત અર્ધી થઈ જાય છે તેને તેનું અર્ધ જીવન (half life period) કહેવાય છે. દાખલા તરીકે કોબાલ્ટના ૬૦ વજનના આઈસોટોપનું અર્ધ-જીવન ૫.૩ વર્ષનું છે. એટલે ૫.૩ વર્ષમાં તેની શકિત અર્ધી થઈ જાય છે. ત્યાર પછીનાં ૫.૩ વર્ષમાં તેથી અર્ધી થાય છે. એટલે ૧૦-૬ વર્ષમાં તે પહેલાં કરતાં ૧/૪ જેટલી થાય છે. કાર્બન ૧૪ નું અર્ધ જીવન ૫૬૦૦ વર્ષ, ફોસફરસ—૩૨નું ૧૪.૩ દિવસ અને ગંધક—૩૫ નું ૮૭.૧ દિવસ અર્ધ જીવન હોય છે. કોઈ પણ મૂળતત્વના રેડિયો—આઈસોટોપના ગુણધર્મો તે મૂળતત્ત્વનાં સ્થિર પરમાણુઓ જેવાં જ હોય છે. એટલે પ્રાણી અથવા મનુષ્યના શરીરમાં તેમજ વનસ્પતિમાં આઈસોટોપ તે મૂળતત્વનાં સ્થિર પરમાણુઓ માફક જ વર્તે છે. જુદા જુદા રેડિયો—એકટીવ આઈસોટોપ હવે એટમિક રીએકટરોમાં મોટા પ્રમાણમાં બનાવાય છે અને ઉદ્યોગ ખેતીવાડી, રસાયણ, વૈદક ઈત્યાદિમાં વપરાય છે.

કોઈ એક મૂળતત્વના ક્ષારો શરીરમાં અથવા વનસ્પતિમાં કેવી રીતે વપરાય છે અથવા કોઈ એક રાસાયણિક પ્રક્રિયા કેવી રીતે થાય છે, કયા પરમાણુઓ કયાં જાય છે એ હવે રેડિયો—એકટીવ આઈસોટોપ દ્વારા નકકી કરી શકાય છે. આ અભ્યાસ માટે સો એ સો ટકા રેડિયો—એકટીવ આઈસોટોપની જરૂર નથી. ફકત ૫ થી ૧૦ ટકા અથવા તેથી પણ ઓછા પ્રમાણમાં રેડિયોએકટીવ આઈસોટોપ ભેળવ્યો હોય તો પણ ચાલે. જેમ કોઈ પીળી ટોપીવાળા થોડા માણસો એક મોટા ટોળામાં હોય અને એ ટોળું વિખેરીએ તો પણ તેઓ કયાં છે તે સહેલાઈથી શોધી શકાય, તેવી રીતે રેડિયો—એકટીવ આઈસોટોપ કયાં છે તે નકકી કરી શકાય છે. જે રેડિયો-આઈસોટોપ ગામા—કિરણો આપે તે શરીરમાં કે વનસ્પતિના કોઈ ભાગમાં કઈ જગ્યાએ છે તે બહારથી ગેઈગર કાઉન્ટર વડે નકકી કરી શકાય છે. જે આઈસોટોપ આ રીતે ન પારખી શકાય તે રેડિયો—ઓટોગ્રાફ નામની રીતે પારખી શકાય છે. આ રીતમાં ફોટોગ્રાફિક પ્લેઈટ વપરાય છે. જ્યાં રેડિયો—આઈસોટોપ હોય ત્યાં ફોટોગ્રાફિક પ્લેઈટ ઉપર અસર થાય છે.

### આઈસોટોપના ઉપયોગો

હવે આપણે રેડિયો—આઈસોટોપના કેટલાક ઉપયોગો વિગતવાર સમજીએ. શરીરમાં કેલ્શીઅમ ધાતુ કેવી રીતે વપરાય છે, કેટલો વખત તે શરીરમાં રહે છે, તેનાથી હાડકાં કેવી રીતે બંધાય છે, કયા રૂપમાં તે બહાર નીકળે છે એ બધી શરીરમાં થતી પ્રક્રિયાઓનું રહસ્ય સમજવા કેલ્શીયમ - ૪૫ આઈસોટોપ વાપરી પ્રયોગો કરવામાં આવ્યા છે. આ આઈસોટોપનું અર્ધ - જીવન ૧૮૦ દિવસનું છે. ઉંદર પરના પ્રયોગોથી જણાયું કે, ત્રણ દિવસ પછી આમાંથી ફકત ૨૫ ટકા જ કેલ્શીયમ શરીરમાં રહે છે, બાકીનો ભાગ બહાર નીકળી જાય છે. આ ૨૫ ટકાનો ૪/૫ ભાગ હાડકામાં હોય છે.

આપણા ગળામાં થાઈરોઈડ નામની એક ગ્રંથિ છે, જેમાં થાઈરોકસીન નામનો એક પદાર્થ આપણા શરીરમાં થતી અનેક ક્રિયાઓમાં અગત્યનો ભાગ ભજવે છે. થાઈરોકસીનના અણુમાં આયોડીનના ચાર પરમાણુઓ હોય છે. થાઈરોઈડ ગ્રંથિમાં ખામીને લીધે થતા ત્રણ મુખ્ય રોગો: ગોઈટર, ગ્રેવ્સનો રોગ અને માઈકસોડીમા. આ રોગોમાં થાઈરોઈડ ગ્રંથિ જુદી જુદી રીતે આયોડીન લે છે. ગોઈટરમાં થાઈરોડ ગ્રંથિ શરીરમાં દાખલ કરેલું આયોડીન ઘણી ઝડપથી લઈ લે છે, ગ્રેવ્સના રોગમાં આયોડીન બહુ ઝડપથી લેવાય છે અને તે ઝડપથી નીકળી જાય છે. માઈકસોડીમામાં થાઈરોઈડ ઘણા થોડા પ્રમાણમાં આયોડીન લે છે. આયોડીનનો ૧૩૧ વજનનો આઈસોટોપ આ પ્રયોગો માટે વપરાય છે. તેનું અર્ધ જીવન આઠ દિવસનું છે. કોઈ એક માણસની થાઈરોઈડ ગ્રંથિ કઈ ઢબે આયોડીન લે છે તે ઉપરથી એ ગ્રંથિ તંદુરસ્ત છે કે રોગગ્રસ્ત તે પારખી શકાય છે.

કોઈના હાથ યા પગ દાઝી ગયો હોય અગર કચડાઈ ગયો હોય તો ત્યાં લોહી બંધ થઈ જવાથી ગેંગ્રીન થવાનો ભય રહે છે. તેથી ડૉકટર તે ભાગને કાપી નાખવાનું પસંદ કરે, જેથી માણસની જીંદગી બચે. આજે આવા કેસમાં તે ભાગ કાપવાની જરૂર છે કે નહી તે લોહીમાં રેડિયો - સોડિયમ દાખલ કરી નકકી કરી શકાય છે. જો તે ભાગમાં લોહી ફરતું હોય તો ત્યાં ગેઈગર કાઉન્ટર લગાડવાથી રેડિયો સોડિયમને લીધે ટક ટક અવાજ થશે અને તે ભાગ કાપ્યા વિના બચાવવાની શકયતા ખરી.

રેડિયો—એકટીવ લોખંડ (ફેરસ-૫૯)ના ક્ષારો વાપરીને એનીમિયા (પાંડુરોગ) જેવા લોહીના રોગોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. શરીરની અંદરના ભાગમાં થતાં કેટલીક જાતનાં કેન્સર રેડિયો - આઈસોટોપ વાપરી કાબૂમાં રાખી શકાય છે. રેડિયોએકટીવ પદાર્થોમાંથી નિકળતાં કિરણો કેન્સરના કોષોનો નાશ કરે છે. આમ દર્દ—નિવારણમાં આઈસોટોપનો ઉપયોગ સારી રીતે થવા લાગ્યો છે. આઈસોટોપિક સારવાર માટે ઈસ્પીતાલો સ્થાપવામાં આવી છે.

હવે ખેતીવાડીના ક્ષેત્રમાં રેડિયો—એકટીવ આઈસોટોપ દ્વારા કેવી રીતે લાભ લઈ શકાય એનો એક દાખલો લઈએ. અમેરિકામાં ખેડુતો તમાકુના છોડને આખી મોસમ દરમિયાન સુપર ફોસ્ફેટનું ખાતર આપતા. રેડિયો—એકટીવ ફોસ્ફરસવાળો સુપર ફોસ્ફેટ વાપરવાથી જણાયું છે કે, તમાકુના છોડને શરૂઆતમાં જ સુપર ફોસ્ફેટની જરૂર છે, પાછળથી તેની જરૂર રહેતી નથી. આ શોધથી હજારો ટન સુપર ફોસ્ફેટ બચાવી શકાયો.

હવે આ ઉદ્યોગોમાં રેડિયો—એકટીવ આઈસોટોપ રોજ - બ - રોજના વપરાશમાં આવે છે. બે ત્રણ ઉપયોગોનો અત્રે ઉલ્લેખ કરીએ. કોઈ એક વસ્તુનો નમૂનો એક સરખો છે કે તેમાં કાંઈ ખામી છે તે નકકી કરવાના નમૂનાની એક બાજુએ રેડિયો—એકટીવ પદાર્થ અને બીજી બાજુ ફોટોગ્રાફિક પ્લેઈટ મૂકવામાં આવે છે. જ્યાં ખામી હોય હોય ત્યાં વધારે પ્રમાણમાં કિરણો પસાર થવાથી પ્લેઈટ 'ડેવલપ' થાય છે અને એ પરથી ખામી કયાં છે તે નકકી થઈ શકે છે. કાપડ ઉદ્યોગમાં આથી કાપડની કવોલીટી તપાસી શકાય છે.

પેટ્રોલ કંપનીઓ એક જ પાઈપ વડે જુદા જુદા તેલો-પેટ્રોલ, ડીઝલ તેલ, કેરોસીન ઈત્યાદિ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલે છે. એક તેલનો જથ્થો પૂરો થયા પછી બીજા તેલનો જથ્થો મોકલવામાં આવે તે પહેલાં કાંઈક નિશાની હોવી જોઈએ કે જેથી જે જગ્યાએ એ મોકલવામાં આવ્યું હોય ત્યાં જુદી ટાંકીમાં તે લઈ શકાય. આ માટે અનેક અખતરાઓ કરવામાં આવ્યા હતા. પણ દરેકમાં ઊણપ જણાતી હતી. રેડિયોએકટીવ આઈસોટોપની મદદથી આ મુશ્કેલીનું નિવારણ થઈ શકયું છે. એક તેલનો જથ્થો ખલાસ થવા

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| જૈન સાહિત્યનાં સુભાષિતો | વાલજી ગોવિંદજી દેસાઈ | ૩૧ |
| ભાષાકીય ક્ષેત્રે ચીને આદરેલાં નવાં પ્રસ્થાનો | સુધાકર ભટ્ટ | ૩૨ |
| અંગ્રેજી ભાષાના શિક્ષણ અંગે ગુજરાત સરકારે ધારણ કરેલી નીતિ | ઈન્દુમતી ચીમનલાલ શેઠ | ૩૪ |
| શ્રી જે. કૃષ્ણમૂર્તિ અને તેમની વિચારણા | ચંપકલાલ વોરા | ૩૬ |
| પરમાણુ અને તેનું પરિવર્તન : પરમાણુશકિત | નૃસિંહ મૂળજી શાહ | ૩૭ |
| જૈન દર્શન | મહાસતી ઉજજવલકુમારી | ૩૯ |

આવે કે તેલમાં ઓગળે એવો રેડિયો—એકટીવ આઈસોટોપ થોડા પ્રમાણમાં નાખવામાં આવે છે અને પછી બીજું તેલ છોડવામાં આવે છે. જેવું રેડિઓએકટીવ આઈસોટોપવાળુ તેલ બીજે છેડે પહોંચે કે પાઈપ ઉપર ગોઠવેલા રેડિયોએકટીવીટી માપવાના યંત્રમાં અવાજ થાય છે. આથી તરત ખબર પડે છે કે બીજું તેલ હવે શરૂ થાય છે અને બીજી ટાંકીનો વાલ્વ ઉઘાડવાની જરૂર છે. એક ઠેકાણેથી બીજે ઠેકાણે સેંકડો માઈલ દૂર આવી રીતે તેલ મોકલી શકાય છે અને મુશ્કેલી પડતી નથી.

રેડિયો—એકટીવ આઈસોટોપ દ્વારા મશીનરમાંથી નીકળતા કાગળ, રબર, પ્લાસ્ટીક ઈત્યાદિની જાડાઈ સરખી છે કે નહીં તે પળવારમાં નકકી કરી શકાય છે. જમીનમાં દાટેલા પાણીનાં નળ કયાં ફાટી ગયાં છે અને કયાં ગળે છે તે સહેલાઈથી જમીન ખોદ્યા વગર જાણી શકાય છે, મોટી મોટી ટાંકીઓમાં પ્રવાહીની સપાટી કયાં સુધી છે તે નકકી કરી શકાય છે. રેડિયો—આઈસોટોપના આવા અનેક ઉપયોગો શોધાયા છે અને એમાં ઉમેરો થતો જાય છે.

આ નિરૂપણ પુરૂ કરતાં પહેલાં રેડિઓ—એકટીવ આઈસોટોપના એક અવનવા ઉપયોગનો ઉલ્લેખ કરવા જેવો છે. કાર્બનનો ૧૪ વજનનો આઈસોટોપ પ્રાચીન પુરાતત્વના અવશેષો કેટલાં વર્ષો જૂના છે એ નકકી કરવામાં મોટો ભાગ ભજવે છે. પ્રત્યેક સજીવ પદાર્થમાં કાર્બન હોય છે અને આ સીધી કે આડકતરી રીતે હવામાંના કાર્બન ડાયોકસાઈડમાંથી મળે છે. હવામાંના કાર્બન ડાયોકસાઈડમાં કાર્બન ૧૪ થોડા પ્રમાણમાં હોય છે, (જે હવાના આવરણના ઉપલા પડમાં ઉત્પન્ન થાય છે), કાર્બન-૧૪ વાળો કાર્બન ડાયોકસાઈડ કાર્બન-૧૨ (સાદા-કાર્બન) ડાયોકસાઈડ જેવો જ હોય છે અને તે શરીરમાં પ્રવેશે છે. કોઈ પણ સજીવ વસ્તુમાં આ રેડિયો—એકટીવ કાર્બન આઈસોટોપ અમુક પ્રમાણમાં હોય છે. જયારે સજીવ વસ્તુ નિર્જીવ બને છે, ત્યારે આ કાર્બન - ૧૪ ની આપ લે બંધ પડે છે અને તે ધીરે ધીરે નાશ પામે છે. કાર્બન - ૧૪ નું અર્ધજીવન ૫૬૦૦ વર્ષનું છે. કોઈ પણ અવશેષ લઈ તેમાં કાર્બન - ૧૪ નું પ્રમાણ માપવામાં આવે તો તો તેના પરથી તે અવશેષો કેટલા જૂના છે તે નકકી કરી શકાય. સંસ્કૃતિના અભ્યાસમાં પરમાણુ વિજ્ઞાન આ રીતે મહત્તા પૂર્ણ ફાળો આપે છે એ ખાસ ઉલ્લેખનીય છે.

રેડિયો—એકટીવ આઈસોટોપના નવા નવા ઉપયોગો શોધાતા જાય છે, અને પરમાણુ અને પરમાણુશકિત માનવજાતના લાભાર્થે વધુ ને વધુ વપરાય એવા પ્રયત્નો થઈ રહ્યા છે. આપણા દેશમાં આઈસોટોપ બનાવવાનું કાર્ય મુંબઈ પાસે ટ્રોમ્બેમાં કાઢવામાં આવેલ એટમિક રિએકટરમાં મોટા પ્રમાણમાં હાથ ધરવામાં આવ્યું છે.

### ઈલેકટ્રોન

અગાઉ આવી ગયું તેમ હવે એ સુવિદિત છે કે પરમાણુના ન્યુકલીઅસમાં પ્રોટોનો હોય છે. તે અત્યંત સૂક્ષ્મ હોઈ પરમાણુનો માત્ર એક દશ લક્ષાંશમો ભાગ જ રોકે છે. રાસાયણિક ફેરફારમાં તેનો હિસ્સો હોતો નથી. આ ફેરફારો ન્યુકલીઅસ ફરતાં આવેલાં ઈલેકટ્રોનના પડોમાં સૌથી બહારના પડમાં આવેલ ઈલેકટ્રોનની સંખ્યામાં થતા ફેરફારને આભારી હોય છે. ન્યુકલીઅસનો તેના પર કાબૂ રહે છે. પણ તેમાં તે ભાગ લેતું નથી.

ઈલેકટ્રોનો વીજળીનાં મૂળભૂત રજકણો છે. ધાતુઓને ગરમ કરતાં અથવા તેમની ઉપર અલ્ટ્રાવાયોલેટ કિરણો ફેંકતાં તેમજ કેટલીક રાસાયણિક ક્રિયાઓમાં તેઓ છૂટાં પડે છે.

ઈલેકટ્રોન અંગે ખૂબ સંશોધન થયું છે. પરિણામે તેના ઉપયોગો સમજાય છે એટલે તેનો ઉપયોગ કરીને અનેક શોધો થઈ છે; અને નવી નવી અદભૂત વિસ્મયકારક ઈલેકટ્રોનિક કરામતો બહાર પડતી જાય છે. ઈલેકટ્રોનિક યંત્ર વિદ્યા અનેક અજાયબીઓ સર્જાવતી જાય છે. અવકાશમાં ચડાવાતાં રોકેટો અને સ્પુટનિકોનું સંચાલન જમીન પર રહ્યા રહ્યા ઈલેકટ્રોનિક કરામતો વડે કરવામાં આવે છે. રેડિયો બ્રોડકાસ્ટીંગ, ટેલિવિઝન જેવી કરામતો ઈલેકટ્રોનને આભારી છે. સમાપ્ત.

**નૃસિંહ ભૂ. શાહ**

× × ×

## આ અંક મોડો કેમ?

અનિવાર્ય સંજોગોને કારણે આ અંક તૈયાર કરવામાં ત્રણ ચાર દિવસની ઢીલ થઈ છે જે માટે પ્રબુદ્ધ જીવનના વાચકોની ક્ષમા માગવામાં આવે છે.

**તંત્રી, પ્રબુદ્ધ જીવન**

# જૈનદર્શન

(ગતાંકથી અનુસંધાન)

જૈન દર્શનનો બીજો મહત્ત્વનો સિદ્ધાન્ત છે સ્યાદ્‌વાદ. અંગ્રેજીમાં તેને ‘Relativity in thinking’ કહીને ઓળખાવી શકાય. આ અનેકાન્તવાદ જૈન દર્શનનો એટલો મહત્ત્વનો સિદ્ધાન્ત છે કે, દાર્શનિક દુનિયામાં એ અનેકાન્ત દર્શનના નામે ઓળખાય છે. જૈન ધર્મના મહાન આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકર આ અનેકાન્તવાદ વિષે જણાવે છે કે, जेण विण लोगस्स ववहारो सव्वहा ण निव्वइए तस्स भुवणैकगुरुणो णमोऽणेगंतवायस्स જેના વિના લોકોનો વ્યવહાર ચાલી શકે તેમ નથી તેવા ત્રિભુવનના ગુરુ અનેકાન્તવાદને નમસ્કાર હો! આચાર્ય સિદ્ધાસેન ‘નમો અરિહંતાણં’ની જેમ—‘અરિહન્તને નમસ્કાર હો’ એ માફક, અનેકાન્તવાદને નમસ્કાર હો’ એમ જણાવીને અરિહન્તની સમાન કક્ષાએ અનેકાન્તવાદને મૂકે છે.

અનેકાન્ત દૃષ્ટિથી મનુષ્યના વિચારોમાં ઉદારતા આવે છે. તે વિરોધીઓ પ્રતિ પણ આદર ભર્યો વ્યવહાર કરવાની કળા શિખવે છે. અનેકાન્ત દૃષ્ટિથી ભિન્ન ભિન્ન મતાન્તરો તથા ભિન્ન ભિન પ્રજાઓ સાથે સહ-અસ્તિત્વ થઈ શકે છે.

અનેકાન્તવાદીનું સૌથી મોટું લક્ષણ એ છે કે તે સમાધાનવાદી હોય છે. સૌની સાથે સમાધાન કરવાની અને સૌને શાન્તિથી સાંભળવાની તેની વૃત્તિ હોય છે. પોતાની આલોચના સાંભળવાની ધીરજ અનેકાન્તવાદીમાં પેદા થાય છે. અનેકાન્તવાદીમાં માધ્યસ્થભાવ પ્રરેપૂરો ખીલેલો હોય છે. અનેકાન્તવાદીમાં જ મૈત્રીભાવ અને પ્રમોદભાવ પણ વિકસે છે. અનેકાન્તવાદના નિર્મળ જળથી દૃષ્ટિનું પ્રક્ષાલન થાય છે, રાગદ્વેષના દોષો દૂર થાય છે, એટલે ચિત્તશુદ્ધિ અને આત્મસિદ્ધિનો માર્ગ સુલભ થઈ જાય છે. આવો એકાન્તદૃષ્ટિનો મહિમા છે.

સંસારમાં બે પ્રકારના સંઘર્ષો નજરે પડે છે. એક સ્વાર્થમૂલક અને બીજો વિચારમુલક સંઘર્ષ. રાષ્ટ્રો રાષ્ટ્રો વચ્ચે થતાં મહાયુદ્ધો, સ્વાર્થને લીધે ઉત્પન્ન થાય છે અને તેવાં યુદ્ધોને અટકાવવાનો માર્ગ અહિંસા છે. તે જ પ્રમાણે બીજા પ્રકારના વિચારમૂલક સંઘર્ષોને અટકાવવાનો માર્ગ અનેકાન્ત છે. અનેકાન્ત દૃષ્ટિથી વિચારોની શુદ્ધિ થાય છે અને સ્યાદ્‌વાદથી વચનશુદ્ધિ થાય છે. સ્યાદ્‌વાદ એટલે અનાગ્રહી ભાષાશૈલી. સ્યાદ્‌વાદથી ભાષામાંથી કદાગ્રહનું ઝેર દૂર થાય છે. સ્યાદ્‌વાદ ‘જ’ ને બદલે ‘પણ’ બોલવાનું શિખવે છે. ‘આ આમજ છે’ એમ કહેવાને બદલે ‘આ આમ પણ છે’ એમ કહેવાથી ઘણા ઝઘડાઓનો અંત આવે છે. ‘જ’ કહેવાથી બીજાના મતનો નિષેધ થાય છે. ત્યારે ‘પણ’ કહેવાથી પોતાની વાતનું નિરૂપણ થાય છે, પણ સાથે સાથે બીજાનો ઈન્કાર થતો નથી. ‘આમ પણ’ કહેવાનું સ્યાદ્‌વાદ શીખવે છે કે જેથી કદાગ્રહ થતો અટકી જાય છે. દાખલા તરીકે શ્રી રામને કોઈ કહે કે તે પુત્ર જ છે તો ખોટું છે. તેઓ કોઈના પુત્ર છે, તો કોઈના પિતા, ભાઈ, જમાઈ, પતિ, વૈરી, મિત્ર, સ્વામી તથા રાજા પણ છે. તેઓ દશરથના પુત્ર છે, લવકુશના પિતા છે. લક્ષ્મણના ભાઈ છે, જનક રાજાના જમાઈ છે, સીતાજીના પતિ છે, રાવણના વૈરી છે, સુગ્રીવ આદિના મિત્ર છે, હનુમાનના સ્વામી છે અને પ્રજાના રાજા પણ છે. જો આમાં કોઈ ‘જ’ લગાડીને પુત્ર જ છે અથવા પિતા જ છે એમ કહે તો વિરોધ પેદા થાય છે, પરંતુ પુત્ર પણ છે, પિતા પણ છે એમ કહે તો વિરોધ અટકી જાય છે. આ છે સ્યાદ્‌વાદની નિર્દોષ અનાગ્રહી ભાષાપ્રણાલિ.

સ્યાદ્‌વાદની વ્યાખ્યા કરતાં આચાર્ય કહે છે કે, एकस्मिन वस्तुनि सापेक्षरीत्या विरुद्धनाना धर्म स्वीकारो हि स्यादवाद: એક જ પદાર્થમાં જુદી જુદી અપેક્ષાથી પરસ્પર વિરુદ્ધ એવા અનેક ધર્મોનો સ્વીકાર કરવો એ સ્યાદ્‌વાદ છે. જૈન દર્શનમાં એક દૃષ્ટિકોણથી પદાર્થને અવલોકન કરવાની પદ્ધતિ અપૂર્ણ તથા અપ્રમાણિક મનાય છે, કારણ કે જૈન દર્શન પ્રત્યેક પદાર્થને અનન્તધર્માત્મક માને છે. ધર્મનો અર્થ અહીં ગુણ સમજવાનો છે.

સ્યાદવાદને બીજા શબ્દમાં અપેક્ષાવાદ પણ કહી શકાય. એક અપેક્ષાથી અમુક વાત સાચી હોઈ શકે તો બીજી અપેક્ષાએ તેથી વિરુદ્ધ વાત પણ સાચી હોઈ શકે છે. જેમકે એક માણસ એક દસ શેરની વસ્તુને હલકી કહે છે અને બીજો તેને ભારે કહે છે. આ બન્નેની વાત એકબીજાથી તદ્દન વિરુદ્ધ છે, છતાં બન્ને પોતપોતાની દૃષ્ટિએ સાચા છે. પહેલો માણસ વીશ શેરની વસ્તુની અપેક્ષાએ

તેને હલકી કહે છે અને બીજો પાંચ શેર વજનની વસ્તુની અપેક્ષાએ તેને ભારે કહે છે.

બીજું ઉદાહરણ લઈએ. એક ચાર ફૂટની લાકડીને એક મનુષ્ય નાની કહે છે ત્યારે બીજો મોટી કહે છે. બન્ને પોતપોતાની અપેક્ષાએ સાચા છે. પહેલો માણસ પોતાના હાથમાંની પાંચ ફૂટની લાકડીની અપેક્ષાએ નાની કહે છે ત્યારે બીજો પોતાના હાથમાંની ત્રણ ફૂટની લાકડીની અપેક્ષાએ મોટી કહે છે. આમ બન્નેની વાત એકબીજાથી તદ્દન વિપરીત છે, છતાં બન્ને સાચા છે.

આ પ્રમાણે એકબીજાની દષ્ટિને મનુષ્ય સમજી લે તો ધર્મને નામે થતી લડાઈઓનો પણ અંત આવે. સાંખ્યદર્શન પ્રત્યેક વસ્તુને નિત્ય માને છે અને બૌદ્ધ દર્શન પ્રત્યેક વસ્તુને ક્ષણિક માને છે, જ્યારે જૈન ધર્મનો સ્યાદ્વાદ બન્નેનો સમન્વય કરતા કહે છે કે દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ વસ્તુ અનિત્ય યા ક્ષણિક છે.

આ વાત સ્પષ્ટ સમજવા માટે એક બે ઉદાહરણ લઈએ. કુંભાર માટીનો ઘડો બનાવે છે. ઘડો ફૂટી જાય તો વળી તે જ માટીમાંથી કુંડી બનાવે છે. માટી તો એની એજ છે, પણ પહેલાં તેને લોકોએ ઘડો કહ્યો અને પછી કુંડી કહી. તો આમ પર્યાય એટલે કે ઘડો કુંડી વગેરે માટીના અવસ્થાવિશેષો ક્ષણિક છે, જ્યારે માટી દ્રવ્ય નિત્ય છે. સોનામાંથી હાર બનાવાય છે અને વળી હાર તોડી બંગડી બનાવાય છે. આમાં હાર કે બંગડી અનિત્ય છે, જ્યારે સોનું મૂળ દ્રવ્ય નિત્ય છે. આમ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ વસ્તુ ક્ષણિક છે. આ રીતે સ્યાદ્વાદ સાંખ્ય-દર્શનના નિત્યવાદનો અને બૌદ્ધ દર્શનના ક્ષણિકવાદનો સમન્વય કરે છે.

સત્યના અનેક પાસા હોય છે. પૂર્ણદર્શી કેવલજ્ઞાની પુરુષો તેને પૂર્ણ રૂપે નિહાળી શકે છે, પણ અપૂર્ણદર્શી માનવીઓ સત્યના સર્વ પાસાને જોઈ શકતા નથી. એક અપૂર્ણદર્શી પુરુષ સત્યનું એક પાસું જુએ છે, તો બીજો અપૂર્ણદર્શી પુરુષ સત્યનું બીજું પાસું જુએ છે. આમ અપૂર્ણદર્શીઓ પોતપોતાના જોયેલા સત્યના પાસાઓ જ સાચા છે અને સત્ય બીજું કંઈ હોઈ શકે જ નહિ એવો આગ્રહ રાખે તો તેમની વચ્ચે સંઘર્ષ પેદા થવાનો જ. તેથી પોતાના ઉપરાંત બીજાએ જોએલું સત્યનું પાસું પણ સાચું હોઈ શકે એ વાત અનેકાન્ત દષ્ટિ સમજાવે છે.

આ વાતને સમજવા માટે સાત જન્માન્ધ પુરુષો અને હાથીનું ઉદાહરણ પ્રચલિત છે. સાત જન્માન્ધ પુરુષો હાથીને સ્પર્શ કરીને જુએ છે. એકના હાથમાં કાન આવે છે, બીજાના હાથમાં સૂંઢ, ત્રીજાના હાથમાં પગ, ચોથાના હાથમાં દાંત તો પાંચમાના હાથમાં પૂછડું આવે છે. છઠ્ઠાનો હાથ વાંસા પર તો સાતમાનો પેટપર પડેલો હોય હોય છે. સૌ હાથી જોઈને પાછા ફર્યા અને હાથી વિષે ચર્ચા કરવા બેઠા. કાનને જોનાર કહે હાથી સુપડા જેવો હતો. સૂંઢ જોનાર કહે હાથી મુસલ જેવો હતો, પૂછડું પકડનાર કહે હાથી તો જાડી રસ્સી જેવો હતો, દાંત જોનાર કહે ના બધું ખોટું હાથી તો કોદાળી જેવો હતો. પગ પકડનાર કહે તું પણ ખોટો. હાથી તો થાંભલા જેવો હતો. પેટને હાથ લગાડનાર કહે ના, ના, હાથી તો અનાજ ભરવાની કોઠી જેવો હતો, ત્યાં તો વાંસા પર હાથ ફેરવનાર કહે હાથી તો ભીંત જેવો હતો. આમ સૌ પોતે જોયેલું જ સાચું અને બીજાનું ખોટું એમ લડી રહ્યા હતા, ત્યાં દેખતા માણસે આવીને કહ્યું કે, તમો બધા શું કામ લડો છો? તમે બધા જે કહો છો તે તમારી પોતપોતાની દષ્ટિએ સાચું છે, પણ તમે દરેકે હાથીનું એક એક અવયવ જોઈ પૂર્ણ હાથીની કલ્પના કરી લીધી છે. એ તમારું અપૂર્ણ દર્શન છે. હાથી તો તમે બધા જે કહો છો તેનું સંમીલિત રૂપ છે. આ રીતે અપૂર્ણદર્શીઓ જો બીજાની અપેક્ષાને ન સમજે, બીજાની દષ્ટિનો અભ્યાસ ન કરે, તો ઝગડાઓ થાય અને અપૂર્ણ સત્યને જ પૂર્ણ સત્ય માની બેસાય. તેથી પૂર્ણ સત્યને સમજવા અને વિચાર વિરોધને દૂર કરવા માટે સ્યાદ્વાદ દષ્ટિને કેળવવાની જરૂર છે. સ્યાદ્વાદ આપણને અર્ધ સત્યને જ પૂર્ણ સત્ય માની લેવાથી રોકે છે અને પૂર્ણ સત્યની શોધ કરવા પ્રેરે છે.

અનેકાન્તવાદને એક સુંદર ઉપમા આપવામાં આવી છે કે, માખણ માટે દહીં વલોવનાર બહેન બન્ને હાથ વડે રસ્સી પકડી રાખે છે. એક હાથે દોરડું ઢીલું મૂકી દે છે ને બીજે હાથે ખેંચે છે ત્યારે માખણ મેળવી શકે છે. પણ જો એક જ હાથે રસી ખેંચે અને બીજા હાથની રસ્સી છોડી દે તો માખણ મેળવી શકાય નહીં. માખણ કાઢવાની જે રીત છે તે જ સ્યાદ્વાદ દ્વારા સત્ય શોધવાની રીત છે. વસ્તુસ્વરૂપના નિર્ણય માટે તેના ધર્મોમાંથી ભલે એક ધર્મને પ્રધાનતા અપાય, પણ બીજા ધર્મોનો નિષેધ ન કરવો જોઈએ. બીજા ધર્મોને ગૌણરૂપે માનવાથી વસ્તુ સ્વરૂપનું સત્ય જ્ઞાન થઈ શકે છે. આ રીતે આ અનેકાન્તવાદ વસ્તુ સ્વરૂપને યથાર્થ સમજવા માટે અને મતમતાંતરોના ઝગડા દૂર કરવા માટે એક મહત્ત્વનો સિદ્ધાંત છે.

જૈન દર્શનનો ત્રીજો મહત્ત્વનો સિદ્ધાન્ત છે આધ્યાત્મિક સામ્યવાદ. જૈન દર્શન પ્રત્યેક આત્માને સમાન માને છે. જેવો આત્મા બ્રાહ્મણમાં છે તેવો જ આત્મા શુદ્રમાં છે. જૈન દર્શને આત્માને જ મહત્ત્વ આપ્યું છે, જડ શરીરને નહિ. જાતપાતને આત્મા સાથે કંઈ સંબંધ નથી. આત્મવિકાસનો સર્વેને સમાન અધિકાર છે. ચંડાળ કુળના હરિકેશી કે બ્રાહ્મણ કુળમાં ઈન્દ્રભૂતિ—બન્ને આત્મિક સાધનાના કારણે જૈન ધર્મમાં સમાન શ્રદ્ધેય બન્યા છે. જાતિથી કોઈ ઉંચ કે નીચ નથી થતો, પરંતુ ચારિત્ર્યથી જ ઉંચ બની શકાય છે. ચારિત્ર્યહીન બ્રાહ્મણ કરતાં ચારિત્ર્યશીલ હરિજનને વધારે ઊંચે શા માટે ન માનવો? ચારિત્ર્યશીલતા જ ઉચ્ચતાની નિશાની છે.

જીવ તો તમામ સરખા જ છે. તે નથી ચંડાળ કે નથી બ્રાહ્મણ. દેહ પણ ચંડાળ કે બ્રાહ્મણ નથી. દેહમાત્ર પંચ ભૂતથી બનેલ છે. બ્રાહ્મણના દેહમાં પંચભૂતના બદલે છ ભૂત હોય કે ચંડાળમાં પંચ ભૂતમાંથી એકાદ ઓછું હોય એવું નથી. તેથી દેહ કે આત્મા કોઈ પણ ચંડાળ કે બ્રાહ્મણ નથી. દેહને જો બ્રાહ્મણ કહે તો પિતાના મૃતદેહનું દહન કરનારને બ્રાહ્મણ હત્યા લાગે. એ રીતે દેહ કે આત્મા એકે બ્રાહ્મણ કે ચંડાળ નથી.

જાતિભેદની સાથે આત્માને કોઈ સંબંધ નથી, તે જ પ્રમાણે લિંગભેદ સાથે પણ આત્માને કંઈ સંબંધ નથી. સ્ત્રી અને પુરુષના શરીરમાં ભેદ છે, પણ આત્મામાં નથી. આત્મા તો બન્નેના શરીરમાં સમાન છે. તેથી આધ્યાત્મિક ક્ષેત્રમાં બન્નેને આત્મ વિકાસ માટે સમાન અવકાશ છે. શાસ્ત્રાભ્યાસ તથા સત્કર્મ માટે સ્ત્રી અને પુરુષને સમાન અધિકાર છે. 'ન સ્ત્રી શુદ્રૌવેદમધીયતામ્' નો જૈન દર્શને પ્રબળ વિરોધ કર્યો છે. આ છે જૈન દર્શનનો આધ્યાત્મિક સામ્યવાદ.

જૈન દર્શનનો ચોથો મહત્ત્વનો સિદ્ધાન્ત છે અહિંસા. પ્રાણી માત્ર સુખ ઈચ્છે છે. પરંતુ જો એક મનુષ્ય પોતાના સુખ માટે બીજા મનુષ્યને સતાવશે તો વળી બીજો મનુષ્ય પોતાના સુખ માટે ત્રીજાને સતાવશે અને વળી ત્રીજો મનુષ્ય અન્ય કોઈને સતાવશે અને એ પરંપરાનો છેડો નહિ આવે. એ પ્રમાણે જો હિંસાથી સુખ મેળવવાનો પ્રયત્ન થાય તો પરિણામે કોઈ જ સુખી ન થાય અને તમામ દુખી થાય. તેથી જ ભ.મહાવીરે દીર્ઘ કાલીન સાધના પછી ઉદ્‌ઘોષણા કરીને કહ્યું કે, "સુખનો માર્ગ અહિંસા જ છે. જો સાચું સુખ ક્યાંય હોય તો તે પ્રેમ, મૈત્રી અને અહિંસામાં જ સમાયેલું છે. વિશ્વને સ્વાર્થમૂલક સંઘર્ષણમાંથી બચવું હોય તો અહિંસા એ એક જ તેનો રાજમાર્ગ છે." ઈશ્વર—અકર્તૃત્વવાદ એટલે કે કર્મવાદ, બીજો અનેકાન્તવાદ, ત્રીજો આધ્યાત્મિક સામ્યવાદ અને ચોથો અહિંસાનો સિદ્ધાંત આ ચાર જૈન દર્શનના આધારસ્તંભો છે.

આ ચાર આધારસ્તંભ ઉપર જૈનદર્શન રચાયેલું છે. આ ચાર સિદ્ધાંતો એટલા મહાન છે કે, એને લીધે જૈનદર્શન વિશ્વદર્શન બની શકે છે અને અહિંસા, અનેકાન્ત અને આધ્યાત્મિક સામ્યવાદ જેવા સિદ્ધાંતો જીવનમાં ઉતારવાથી જ વિશ્વશાંતિની સ્થાપના થઈ શકે તેમ છે, સર્વોદયતીર્થનું નિર્માણ થઈ શકે તેમ છે.

મહાસતી ઉજ્જવલકુમારી

× × ×

## 'મારા જીવનનાં કેટલાંક સ્મરણો'

જગ્યાના અભાવે આ લેખમાળાનો બીજો મણકો આ અંકમાં સમાવી શકાયો નથી, જે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

તંત્રી, 'પ્રબુદ્ધ જીવન'

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૬૨, રવિવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ભારતીય પ્રજાનો પ્રજ્ઞાપુરુષ ડૉ.રાધાકૃષ્ણન્

(તા. ૨૦-૫-'૬૨ ના 'ધી એશિયા મેગેઝીન'માં પ્રગટ થયેલ સાહિત્ય અકાદમીના મંત્રી શ્રી. કૃષ્ણ ક્રિપલાણીનો લખેલો 'The conscience of the Indian Nation' એ મથાળા નીચેનો લેખ ભારતના નવનિયુકત રાષ્ટ્રપતિ. ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો એક વિશિષ્ટ કક્ષાનો પરિચય આપે છે. શ્રી કૃષ્ણ ક્રિપલાણી ડૉ. રાધાકૃષ્ણનના નિકટ સમાગમમાં આવેલા હોઈને તેમનું આ લખાણ રાધાકૃષ્ણનના ભવ્ય વ્યકિતત્વ ઉપર જુદો જ પ્રકાશ પાડે છે. આવો માહિતીપૂર્ણ પરિચય 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સુલભ બનાવવાના હેતુથી નીચે તેનો અનુવાદ આપવામાં આવે છે. આ અનુવાદ વાંચીને ડૉ. રાધાકૃષ્ણનની અસામાન્ય જીવન—પ્રતિભાની 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ઝાંખી થશે, અને આવી વ્યકિત ભારતના સર્વોત્કૃષ્ટ સ્થાને બીરાજે છે એ બદલ એક પ્રકારના ગૌરવની અનુભૂતિ થશે. પરમાનંદ)

જ્યાં સુધી રૂષિજન (ફિલસુફ) રાજ્યકર્તા બનશે નહિ ત્યાં સુધી, પ્લેટો આજથી બે હજાર વર્ષ પહેલાં ભાખી ગયો છે તે મુજબ, શહેરો અથવા તો રાષ્ટ્રો આન્તર્ગત અનિષ્ટોથી મુકત બની શકશે નહિ. સાધારણ રીતે જોવામાં આવે છે તે મુજબ; પ્લેટોનું આ વિધાન જરૂર અત્યુકિતપૂર્વકનું છે, પણ આ પ્રજ્ઞાસંપન્ન અને પ્રશાન્તવદન દ્રષ્ટાની અતિશયોકિતમાં સત્યનું હાર્દ છુપાયેલું છે.

જે રાજ્યમાં રાજકીય સત્તા અને તાત્ત્વિક જીવનદષ્ટિ વચ્ચે સંઘર્ષ ચાલતો હોય તે રાજ્યમાં શાંતિ લાંબો વખત ટકી ન શકે—શાંતિમાં વૃદ્ધિ થવાની તો આશા જ કેમ રખાય? આ વિચાર સામે કોણ વાંધો ઉઠાવી શકે તેમ છે? રાજકારણી સત્તા અને તાત્ત્વિક જીવનદ્રષ્ટિ બન્ને વચ્ચે કેમ સંવાદ ઉભો થાય, બન્ને એકમેકને કેવી રીતે બળવત્તર બનાવે અને બન્ને વચ્ચે કેમ અથડામણ થવા ન પામે—આ આજની એક મોટી સમસ્યા છે. અલબત્ત, પ્લેટો તો આ બન્ને બાબતો એક જ વ્યકિતમાં સંમિલિત હોય એવી આશા સેવતો હતો.

પણ માનવી જીવનને હેતુયુકત અને અર્થસભર બનાવે એવાં અન્તિમ મૂલ્યો વિશે શાન્તિથી,, સમભાવથી વિચાર કરવાની—તે ઉપર પોતાનું ધ્યાન એકાગ્ર કરવાની — આજના ધમધમાટ ભરેલા, સતત અસ્વસ્થ બનાવતા રાજકારણમાં દટાયલા કયા રાજકીય પુરુષને અવકાશ છે ?

આજની અપૂર્ણ દુનિયામાં આપણે વધારેમાં વધારે એટલી જ આશા રાખી શકીએ કે ભલે આ બે તત્ત્વો એક જ વ્યકિતમાં સંમીલિત ન હોય, પણ જો રાજકીય સત્તા ધારણ કરતી અને પ્રજ્ઞાના ઉત્કર્ષ વડે શોભતી એવી ભિન્ન ભિન્ન વ્યકિતઓનો સહયોગ થાય, અને બન્ને સાથે મળીને પ્રજાજીવનનું ઘડતર કરે તો રાષ્ટ્રની શાંતિ અને શ્રેય જરૂર સુરક્ષિત બને.

પ્રાચીન ભારત ઉપર સત્તારૂઢ રાજવી ઋષિ મુનિની કે સુદૂરદર્શી પુરોહિતની અવારનવાર સલાહ લેતો અને એ રીતે એ રાજા ઉપર ઋષિમુનિનું કે વિદ્વાન પુરોહિતનું એક પ્રકારનું નિયંત્રણ રહેતું. આજના નવા અને લોકશાસિત ભારતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના વ્યકિતત્વમાં મૂર્તિમન્ત થઈ રહેલા સર્વોત્કૃષ્ટ ઋષિજનનો રાષ્ટ્રપતિપદાર્પણપૂર્વક આદર કરીને ઉપર જણાવેલી પરંપરાને નવું જીવન આપ્યું છે. ભારતના ભાગ્યવિધાતાના સ્થાને ઊભેલા નહેરુ અને રાધાકૃષ્ણનનાં સહયોગમાં પ્લેટોની પરિભાષા મુજબ રાજકારણી મહત્તા અને તત્ત્વલક્ષી પ્રજ્ઞાના સહયોગનું આપણને દર્શન થાય છે.

આજના રાષ્ટ્રવિધાતા નહેરુમાં તાત્ત્વિક દર્શન પ્રત્યે આદર દાખવવા જેટલી સમજણ છે; તત્ત્વજ્ઞ રાધાકૃષ્ણનમાં પોતાના જ્ઞાન અને સમજણને દેશના ચરણે ધરવા જેટલી વ્યવહારદક્ષતા છે. તેમના વ્યકિતગત અધિકારભેદ માફક તેમની વ્યકિતગત સિદ્ધિ એકમેકની પૂરક છે.

ભારતના ભૂતકાળના અમૂલ્ય વારસાની રાધાકૃષ્ણન રક્ષા કરે છે. નહેરુ ભારતના ભાવી ઉત્કર્ષનું સુચારૂ નિર્માણ કરે છે. રાષ્ટ્રની સીમા વટાવીને દુનિયાના છેડા સુધી જે વિસ્તરી રહેલ છે તેવી વ્યાપક સહાનુભૂતિની સંવેદના બન્નેના દિલમાં એકસરખી ધબકી રહી છે. તેમના ચિત્તમાં માનવતાને પ્રથમ સ્થાન છે, અંગત માન્યતાઓ ગૌણ સ્થાને છે. ભારતનો સમાજવાદ પાશ્ચાત્ય સમાજવાદમાં રહેલી રૂક્ષતાને ઋજુ બનાવે છે. ભારત માટે એક જ માર્ગ છે; નથી અમેરિકન માર્ગ, નથી રશિયન માર્ગ, પણ માત્ર માનવતાલક્ષી એવો એક જ સત્ત્વગુણપ્રધાન ભારતીય માર્ગ છે.

રાધાકૃષ્ણન્ કેવળ વેદાન્તી તત્ત્વચિંતક નથી. તે કરતાં તેઓ અતિ વિશેષ છે. દક્ષિણ ભારતની કોઈ એક કૉલેજના કલાસરૂમના એક લેકચરર—વ્યાખ્યાતા—તરીકે તેમણે જીવનની શરૂઆત કરેલી. સમયના વહેણ સાથે આજે તેઓ મહત્તા અને પ્રતિષ્ઠાના એ શિખરે પહોંચી શકયા જાણે કે આખી દુનિયા તેમના માટે એક કલાસરૂમ જેવી બની ગઈ છે, તેમના મોઢાંમાથી નીકળતા વાણીપ્રવાહને આખી દુનિયા આદરપૂર્વક—ભાવપૂર્વક ઝીલી રહી છે. તેમના ભારતીય સમકાલીનો ગાંધી, ટાગોર, અરવિંદ ઘોષ અને નહેરુ શરૂઆતના શિક્ષણ માટે પરદેશ ગયા હતા તેમ રાધાકૃષ્ણન નાની ઉમ્મરે પરદેશ ગયા નહોતા. અને જ્યારે તેઓ પરદેશ ગયા ત્યારે તેમને સાંભળવા જ પડે એવી આંતરરાષ્ટ્રીય પ્રતિભા તેઓ પ્રાપ્ત કરી ચૂકયા હતા. દુનિયા તેમને સમજી શકે, ઝીલી શકે એવી તેમની વાણી છે; કારણ કે પૂર્વ અને પશ્ચિમની વિચારસરણીમાં જે કાંઈ ઉત્કૃષ્ટ છે, ગ્રહણ કરવા યોગ્ય છે, તેને તેમણે પચાવી લીધું છે. ડાંગરમાંથી કે ડુંડામાંથી અનાજને જુદું પાડવાની, ગૂઢ તત્ત્વવિદ્યામાંથી સાચી સમજણ તારવવાની તેમનામાં વિશ્લેષણાત્મક બક્ષિસ છે અને તેથી તેમની વૈચારિક

પ્રક્રિયા શાબ્દિક તર્કવાદના ગુંચળામાં કદિ પણ ગુંચવાઈ જતી નથી. તેઓ ઊંડી સમજણની વાતો લોકોને સુગમ બને એ રીતે સાવ સાદા આકારમાં રજુ કરે છે. તેઓ એક જ સત્યને દરેક ધર્મમાંથી તારવે છે, લોકોની સામે ધરે છે; 'વિશેષ'ના ગૂંચવાડામાં ગુમ થયેલા એવા 'સામાન્ય' તરફ તેઓ સચોટપણે અંગુલિનિર્દેશ કરે છે. તેઓ એવા કોઈ તત્ત્વવિવેચક નથી કે જેમના વિષે વૉલ્ટરે લખ્યું છે કે, "જ્યારે જેને ઉદ્દેશીને તમે કંઈ કહી રહ્યા હો તે માણસ તે સમજી શકતો ન હોય અને તમે જે બોલી રહ્યા હો તે તમે પોતે જ સમજતા ન હો—આવી જે વાણી તેનું નામ metaphysics છે, તત્ત્વવિદ્યા છે."

પૌર્વાત્ય કે પાશ્ચાત્ય તત્વજ્ઞાનનું તેમનું અધ્યયન પાયાના એ મૂલ્યોના સંશોધનને અનુલક્ષીને હોય છે કે જે માણસના આત્માને પોષણ આપે છે અને સમૃદ્ધ બનાવે છે. તેમણે આ મૂલ્યો બધા ધર્મોમાંથી તારવીને દેખાડયા છે, જો કે આ મૂલ્યોની વેશભૂષા ધર્મે ધર્મે ભિન્ન પ્રકારની હોય છે અને તેની સાથે અગમનિગમની કેટલીક વિચિત્ર ગૂઢ વાતો પણ સંકળાયલી હોય છે. તેમના માટે "ધર્મ કોઈ માન્યતાનો કે નક્કી કરેલા નીતિધોરણનો વિષય નથી, પણ વસ્તુતત્ત્વના દર્શનનો—ઊંડી સૂઝનો—વિષય છે," અને જે સર્વધર્મના મહાન પયગમ્બરો અને રહસ્યવાદીઓ જાણતા તેમ જ જણાવતા આવ્યા છે.

ધર્મોના તુલનાત્મક અભ્યાસમાં આજે જે વિકાસ સધાયો છે તે વિકાસ રાધાકૃષ્ણને એ ક્ષેત્રમાં કરેલા કાર્યને ઘણા મોટા ભાગે આભારી છે. તેમના સાઠમા જન્મદિને, અનેક દેશોના કેટલાયે આગેવાન તત્ત્વવેત્તાઓએ 'Compartaive Studies in Philosophy' 'તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં તુલનાત્મક અધ્યયનો'—એ વિષય ઉપર એક ગ્રન્થ તૈયાર કરીને તેમને ભેટ આપ્યો હતો, જેમાં યુગના 'Master-Mind'—'અગ્રતમ બુદ્ધિશાળી માનવી' એ વિશેષણથી તેમને નવાજવામાં આવ્યા હતા.

ધર્મના ક્ષેત્ર માફક રાજકારણના ક્ષેત્રમાં પણ તેઓ જાતજાતના સંઘર્ષો અને વાદવિવાદની ગૂંચવણથી હંમેશા પર—ઉપર—રહ્યા છે. આધુનિક યુગના તેઓ એક મહાન સમન્વયવિધાતા છે. પુદ્ગળ અને જીવ વચ્ચેનો પરંપરાગત વિરોધ અવાસ્તવિક છે એમ તેઓ સમજાવે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિને તેઓ આવકારે છે અને વૈજ્ઞાનિક સંશોધન અને આધ્યાત્મિક દર્શન વચ્ચે, બુદ્ધિની એકધારી તર્ક-પરંપરા અને ગૂઢલક્ષી સાક્ષાત્કારની રોમાંચક નિશ્ચિતતા વચ્ચે તેમને કોઈ અથડામણ કે વિરોધ દેખાતો નથી.

હિન્દુધર્મનું તેમનું નિરૂપણ માનવજાતની આકાંક્ષાઓને પોતામાં સમાવિષ્ટ કરે છે. ગાંધી અને ટાગોર માફક તેમની રાષ્ટ્રનિષ્ઠા કોઈ ભૌગોલિક મર્યાદાઓને સ્વીકરતી નથી, તે વડે મર્યાદિત બનતી નથી. તેમનો માનવતાવાદ બધા વાદોને પડકારરૂપ છે.

આ બધું તેઓ સરળપણે અને બીજાને પ્રતીત થાય તે રીતે કરી શકે છે, કારણ કે મહત્ત્વની બાબતોને પકડી પાડવાની તેમનામાં અસાધારણ બક્ષિસ છે, અને પોતાના વિચારોને વિશદ આકારમાં રજુ કરવાની તેમનામાં અપૂર્વ કુશળતા છે.

ઉપનિષદ ઉપર કે લાઓત્સે ઉપર, બુદ્ધ કે ઈશુ ખ્રિસ્ત ઉપર, સૉક્રેટીસ કે ગાંધી ઉપર તેઓ બોલતા હોય, ત્યારે તે મહાપુરુષોના ઉપદેશોમાં રહેલા સર્વસ્પર્શી અને અવિનાશી સત્યોને, જરા પણ ક્ષતિ ન પહોંચે તેવી ચોક્કસાઈથી તેઓ આગળ ધરે છે અને માનવજાતના સર્વસાધારણ વારસા રૂપ તે સત્યોને સમન્વયપૂર્વક સુગ્રથિત કરે છે.

રવીન્દ્રનાથ ટાગોરે તેમની ઊંડી સુઝના, અને તેમની પ્રસાદપૂર્ણ નિરૂપણશૈલીના વખાણ કર્યા હતા અને "તમારી આશ્ચર્યજનક વક્તૃત્વશક્તિ અને વિચારોની મૌલિકતા" માટે તેમને ધન્યવાદ આપ્યા હતા. જ્યારે 'ગૌતમ બુદ્ધ' ઉપર તેમણે બ્રિટીશ-એકેડેમી—આયોજિત ભાષણ આપ્યું હતું ત્યારે એ સભાના પ્રમુખે 'By a master mind on a master mind' — "એક લોકોત્તર પુરુષ ઉપર અન્ય લોકોત્તર પુરુષ" થી અપાયલા ભાષણ તરીકે તે ભાષણને વધાવ્યું હતું.

૧૯૬૧ના નવેમ્બર માસમાં ટાગોરની જન્મશતાબ્દિ ઊજવવા માટે દિલ્હી ખાતે ભરાયેલી આંતરરાષ્ટ્રીય સાહિત્યક પરિષદમાં તેઓ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. તેમાં ઘણા નામી લેખકોએ વ્યાખ્યાનો આપ્યાં હતાં અને આ વ્યાખ્યાતાઓમાં આલ્ડયુઅસ હકસલી, સર ઈસૈયાહ બર્લિન અને અમેરિકન કવિ લુઈ અન્ટર મેયરનો સમાવેશ થતો હતો. રાધાકૃષ્ણન્ છેવટે કશી પણ પૂર્વ તૈયારી સિવાય બોલ્યા હતા અને આગળનાં વકત્યોની તેમણે ભારે સચોટ અને સુવિશદ આલોચના કરી હતી.

બીજે દિવસે સવારે, રાધાકૃષ્ણનના સરળ વિચારપ્રવાહ અને અંગ્રેજી ભાષા ઉપરના વિસ્મયજનક પ્રભુત્વ વડે પોતે કેટલા પ્રભાવિત બન્યા હતા તેનો આલ્ડયુઅસ હકસ્લીએ આ લેખકને ખ્યાલ આપ્યો હતો. પછી આગળ ઉપર તેમણે લખ્યું હતું કે, "હું ઈચ્છું છું કે રાધાકૃષ્ણન માફક એક પછી એક સરતા જતા પૂર્ણ વાકયો દ્વારા મારા વિચારો હું રજૂ કરી શકું. તેમની આ શકિતને ઈશ્વરદત્ત બક્ષિસ તરીકે જ વર્ણવી શકાય."

તેમના આવેગબંધ વહેતા વાક્પ્રવાહને લીધે તેમ જ વિશદતાપૂર્ણ અને પ્રસાદમય શાબ્દિક અભિવ્યકિતના કારણે તેમનામાં વિચારોનું ઊંડાણ નથી એવો તેમના વિષે આ દેશમાં કમનસીબે કેટલાક ટીકાકારો તરફથી એક અત્યંત ખોટો ભ્રમ ઊભો કરવામાં આવ્યો છે, કારણ કે આપણે ત્યાં ઘણી વાર વાણીની અગમ્યતાને વિચારોના ઊંડાણ સાથે જોડવામાં આવે છે. પણ આવો ભ્રમ સેવનારા ભૂલી જાય છે કે, દુનિયાના ઉત્કૃષ્ટ કોટિના તત્ત્વવેત્તાઓનું —પ્લેટો, શંકર, હ્યુમ, બ્રેડલી, બર્ગસનનું—વિચારનિરૂપણ જેટલું વિશદ છે તેટલું જ તેમના ચિંતનમાં ઊંડાણ રહેલું છે.

કેટલાએક ટીકાકારોએ તેમનામાં મૌલિકતાનો અભાવ હોવાનો આક્ષેપ કર્યો છે, કારણ કે, તેઓ કોઈ intellectual antics નો—અન્યને ચકિત કરે એવી બૌદ્ધિક યુકિત—પ્રયુકિતઓનો કદિ ઉપયોગ કરતા નથી, અને જૂના કલાસિકલ—ચિન્તનગંભીર —વિચારકો માફક પોતાના વિચારો દર્શાવવા માટે પોતાને મળેલા સાંસ્કૃતિક તાત્વિક વારસાનો તેઓ ચાલુ ઉપયોગ કરે છે, તે દ્વારા પોતાના વિચારો રજૂ કરે છે. ગાંધીજીએ અનેક વાર કહ્યું છે તે મુજબ સત્ય હિમાલય જેટલું પુરાણું છે. વ્હાઈટહેડે કહ્યું છે કે, "પશ્ચિમનું આખું તાત્ત્વિક સાહિત્ય પ્લેટોના તત્ત્વચિંતન ઉપરની ફૂટ નોટ—પાદટીપ—જેવું છે." એક જ સત્યને દરેક યુગમાં થતા નવીન અનુભવોની પરિભાષામાં નવી રીતે નિરૂપિત કરવાનું રહે છે. કોઈ પેટન્ટ ઔષધ કે નવી શોધાયેલી વૈજ્ઞાનિક સગવડ માફક સત્ય કોઈ તદ્દન નવી શોધની વસ્તુ છે જ નહિ. 'An Idealistist View of Life' એ નામે પ્રસિદ્ધ થયેલા ૧૯૩૨ માં રાધાકૃષ્ણને આપેલા હિબર્ટ લેકચર્સનું—હિબર્ટ વ્યાખ્યાનોનું —અવલોકન કરતાં અંગ્રેજ વિચારક, અધ્યાપક જે. એચ. મુરહેડે લખ્યું છે કે:—

"જે વિચારસરણી આ પુસ્તકમાં રજૂ કરવામાં આવી છે તેમાં કશી મૌલિકતા નથી એમ તેઓ નમ્ર ભાવે જણાવે છે. પણ કાવ્યની માફક ફિલોસોફીમાં પણ કથાની નવીનતામાં નહિ, તેમ જ તેને રજૂ કરવામાં અમુક બાબતને ઉઠાવ આપી બહાર લાવવી અને અમુક બાબતને ગૌણ બનાવી પાછળ ધકેલવી આ પ્રકારની પદ્ધતિમાં નહિ, પણ જે ઊંડાણથી તેના હાર્દને પકડવામાં આવ્યું હોય અને વિગતો ઉપર તેનું વર્ચસ્ સ્થાપવામાં આવ્યું હોય તે ઊંડાણમાં

જો મૌલિકતા રહેલી હોય તો તેમના આ પુસ્તકમાં એ મૌલિકતાની લેશ માત્ર ઊણપ નથી."

રાધાકૃષ્ણન એક છે, અનન્ય છે—આ હકીકતથી વધારે બળવાન બીજો શું પુરાવો રાધાકૃષ્ણનની મૌલિકતા વિષે આપવાની જરૂર છે?

જ્યારે તેમને ભારતના એલચી તરીકે મોસ્કો મોકલવામાં આવ્યા હતા ત્યારે અનેક રાજકારણી પુરુષો માથું ખંજવાળતા હતા અને નહેરુની આ પસંદગી ડહાપણભરી છે કે કેમ એ વિષે શંકા વ્યકત કરતા હતા. એક આદર્શવાદી તત્વદર્શનના નિરૂપકને કેવળ ભૌતિકવાદને વરેલા દેશમાં શી રીતે ફાવવાનું હતું? સ્ટેલીન જેવા કઠણ કાઠાના પુરુષ ઉપર કેવળ એક ફિલસૂફ જેવો આદમી શું અસર પાડી શકવાનો હતો? આમ તેઓ વિચારતા હતા.

પણ એ કઠોર દિલનો ડિકટેટર—સરમુખત્યાર—આ પ્રેમાળ તત્વચિંતક ઉપર મુગ્ધ બન્યો હતો અને રાધાકૃષ્ણને મોસ્કો છોડ્યું તે પહેલાં તેમણે બે દેશો વચ્ચે મૈત્રીભરી સમજૂતીનો પાયો નાંખ્યો હતો. રશિયાના લોકો આ મિત્રભાવપ્રેરિત ઋષિજનને હજુ પણ સદ્‌ભાવપૂર્વક યાદ કરે છે, એ ઋષિ જજ કે જેણે ક્રેમલિનની કઠોર દિવાલોની છાયા નીચે રહીને ઉપનિષદ ઉપર આલોચના લખી હતી.

જ્યારે ભારતના પ્રથમ ઉપ-રાષ્ટ્રપતિ તરીકે નીમાઈને તેઓ ભારત ખાતે પાછા ફર્યા ત્યારે નહેરુના પક્ષના ઘણા લોકોને આશ્ચર્ય થયેલું કે, આ માન માટે કોઈ વયોવૃદ્ધ કોંગ્રેસીની શા માટે પસંદગી કરવામાં આવી નહિ હોય? પણ પરિણામોએ નહેરૂની દીર્ઘ દૃષ્ટિને અનેક રીતે સાર્થક પુરવાર કરી છે. ઉપ-રાષ્ટ્રપતિના પદથી રાધાકૃષ્ણનની પ્રતિષ્ઠામાં વધારો થયો છે તે કરતાં ઉપરાષ્ટ્રપતિના પદને રાધાકૃષ્ણને વધારે પ્રતિષ્ઠા આપી છે એમ કહેવું વધારે ઉચિત છે.

રાષ્ટ્રના નવા બંધારણ નીચે આ પદાધિકારનું પહેલી જ વાર નિર્માણ કરવામાં આવ્યું હતું અને ઘણા જનવાણી રાજનીતિજ્ઞો આ પદાધિકારને બીનજરૂરી—બહુ બહુ તો કોઈ અસંતુષ્ઠ વયોવૃદ્ધ રાજપુરુષને બોલતો બબડતો બંધ કરવાની એક ગોઠવણ સમાન લેખતા હતા. પણ રાધાકૃષ્ણને એ પદને એવી સમર્થ રીતે શોભાવ્યું છે કે ઉપ-રાષ્ટ્રપતિ સિવાયના દિલ્હીની કલ્પના કરવી હવે મુશ્કેલ છે. પ્રશ્ન તો હવે એવા અનુગામીને શોધી કાઢવાનો છે કે જે આ પદને એટલી જ ભવ્યતા અને વિશિષ્ઠતાથી શોભાવી શકે.

રાજ્યસભાના પ્રમુખ તરીકે ભારતની પાર્લામેન્ટના ઉપલા ધારાસભાગૃહમાં ચાલેલી અનેક ગરમાગરમ ચર્ચાઓ દરમિયાન તેમણે ધારાસભાનું સંચાલન કર્યું છે. તેમના ન્યાયયુકતપણાએ અને મક્કમતાએ, તેમની ધીરજે, દક્ષતાએ અને વિનોદશીલ વૃત્તિએ તેમને રાજ્યસભાના બધા પક્ષોની ચાહના અને આદરના પાત્ર બનાવ્યા છે. તેઓ કોઈ પણ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી અને તેથી બધા પક્ષો પોતાના હક્કોના રક્ષક તરીકે તેમને માન આપે છે.

પાર્લામેન્ટમાં કે જાહેર વ્યાસપીઠ ઉપર, તેઓ કોઈ પણ પક્ષ કે કાર્યક્રમના કદિપણ પુરસ્કર્તા બન્યા નથી, પણ જેના પાયા ઉપર સર્વ સુરાજ્યો અને શુભ જીવનવ્યવહાર આધરિત હોવા ઘટે છે તે સમ્યક્ વિચાર અને સમ્યક્ વર્તનના મૌલિક સિદ્ધાંતોના તેઓ સદા સમર્થક રહ્યા છે.

તેઓ ભારતીય પ્રજાના પ્રજ્ઞાપુરુષ છે. તેમની પ્રજ્ઞા અને વ્યાખ્યાનપટુતાએ પરદેશમાં ભારતની પ્રતિષ્ઠાને વધારી છે અને જ્યાં જ્યાં તેમણે પ્રવાસ કર્યો છે ત્યાં ત્યાં તેમણે પોતાના દેશ માટે ઊંડા સદ્‌ભાવની કમાણી કરી છે. તેમના અંગત જીવનમાં તેઓ સાદા, સરળ, નિખાલસ અને વિનમ્ર છે. તેઓ પોતાના અધિકારના બોજાનું પોતાના જ્ઞાનના બોજા માફક હળવા દિલે અને મનોહર રીતે વહન કરે છે. તેમનો પ્રત્યક્ષ મળવા માટે એક ખંડમાંથી બીજા ખંડમાં અને તેમાંથી ત્રીજા ખંડમાં એમ એક પછી એક ખંડો ઓળંગવા પડતા નથી. કોઈ અનેક ખાનાવાળું ભભકાબંધ વિશાળ ટેબલ અને એ ઉપર ગોઠવાયલી 'top secret' 'અતિ ખાનગી' ફાઈલોનો ઢગલો મુલાકાત લેવા આવનારને ગભરાવી મૂકતાં નથી. તેઓ મોટા ભાગે બીછાનામાં પડ્યા પડ્યા કામ કરે છે; અને આ બીછાના ઉપર ચોપડીઓ અને લખાણો અને થોડી ફાઈલો ખેરવિખેર જ્યાં ત્યાં પડેલી હોય છે.

એક અનૌપચારિક મુલાકાતી તરીકે તેમને આ રીતે મળવું એ જીવનનો એક લહાવો છે. તેઓ પગ લાંબા કરીને પૂરી મોકળાશથી બીછાનામાં પડેલા અથવા બેઠેલા હોય છે અને એક સાદું ધોતિયું અને ખમીશથી તેમનું શરીર ઢંકાયેલું હોય છે. તેમનું ભવ્ય વિશાળ કપાળ આવનારનું એકાએક ધ્યાન ખેંચે છે. જાણે કે તેમનો સઘળો સમય તમારા હવાલે હોય એવા મુકત મને તેઓ તમને મળે છે અને તમારી સમકક્ષાના હોય એવી સરળતાથી તમારી સાથે તેઓ વાતો કરે છે. તમને કોઈ મુશ્કેલી હોય તો તેઓ તમને શાંતિથી સાંભળે છે અને તટસ્થભાવે તમને સાચી અને જરૂરી સલાહ આપે છે. તેઓ ખાસ કરીને કારણ સિવાય કોઈ ગંભીર વાતો કરતા નથી કે મુલાકાતી ઉપર જરૂર વિનાનો ઉપદેશ લાદતા નથી.

ઊંચા આદર્શો ધરાવવા છતાં તેઓ કદિ સચ્ચાઈની શેખી કરતા નથી કે પોતાની માન્યતાઓ વિષે કદિ વધારે પડતો આગ્રહ દાખવતા નથી. તેમનું ચોતરફ બહુમાન થવા છતાં દેખાવ કરવાની કોઈ વૃત્તિ તેમનામાં દેખાતી નથી. તેઓ ગંભીર તત્ત્વજ્ઞાની છે, મહાન પંડિત છે અને કુશળ રાજપુરુષ છે, પણ એ બધાંની પાછળ એક અત્યંત મધુર, સ્નેહાર્દ્ર, પ્રશમરસનિમગ્ન માનવીનું આપણને દર્શન થાય છે. મધુર માનવતા એ જ રાધાકૃષ્ણનનું સાચું સ્વરૂપ છે.

અનુવાદક: **પરમાનંદ.**     મૂળ અંગ્રેજી: **શ્રી કૃષ્ણ ક્રિપલાણી.**

# પ્રવૃત્તિનું મૂળ

(ચરક સંહિતા--શારીર સ્થાન, અધ્યાય ૧, શ્લોક ૯--૧૦ નો અનુવદ)

ત્યારે અગ્નિવેશ બોલ્યા, 'ભગવાન, પ્રવૃત્તિનું મૂળ શું શું છે? અને નિવૃત્તિનો શો ઉપાય છે?'

ભગવાને કહ્યું, 'પ્રવૃત્તિનું મૂળ મોહ, ઈચ્છા અને દ્વેષથી કરેલાં કર્મો છે. જેમ અતિ વિશાળ શાખાવાળાં વૃક્ષો તરુણ તરુને પરાભવ પમાડીને ઊંચા આવે છે તેમ તે પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થયેલાં **અહંકાર, સંગ, સંશય, અભિસંપ્લવ, અભ્યવપાત, વિપ્રત્યય, અવિશેષ** તથા **અનુપાય** પુરુષમાં વ્યાપી જઈને જોર કરે છે, જેનાથી દબાયેલો પુરુષ પ્રકૃતિને ઉલંઘી શકતો નથી. તેમાં હું આવો જાતિ—રૂપ—ધન—આચાર —બુદ્ધિ— શીલ—વિદ્યા—અભિજન વય—વીર્ય અથવા પ્રભાવયુકત છું એ **અહંકાર**; મન વાણી અને કાયાનું જે કર્મ મોક્ષ માટે ન હોય તે **સંગ**; કર્મ, ફળ, મોક્ષ, પુરુષ, અને પુનર્જન્મ છે કે નહિ તે **સંશય**; સર્વ અવસ્થામાં હું એકરૂપ છું, હું સૃષ્ટા છું, હું સ્વાભાવિક સિદ્ધ છું, હું વિશિષ્ટ શરીર, ઇન્દ્રિય, બુદ્ધિ તથા સ્મૃતિનો નિધિ છું એવું જ્ઞાન તે **અભિસંપ્લવ**, માતા, પિતા, ભાઈ, સ્ત્રી, સંતાન, બંધુ, મિત્ર અને સેવકનો સમૂહ મારો છે અને હું એ સમૂહનો છું તે **અભ્યવપાત**, **કાર્ય-અકાર્ય**, હિત-અહિત, અને શુભ-અશુભમાં વિપરીત જ્ઞાન તે **વિપ્રત્યય**, જ્ઞ અને અજ્ઞમાં, પ્રકૃતિ અને વિકારમાં તથા પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં સમાનતા દેખવી તે **અવિશેષ**; પ્રોક્ષણ-અનશન એટલે ન ખાવું તે, અગ્નિહોત્ર-ત્રિષવણ એટલે ત્રિકાલ સ્નાન, અભ્યુક્ષણ એટલે સેચન-આવાહન, યાજન એટલે યજ્ઞ કરાવવો, યજન એટલે યજ્ઞ કરવો, યાચન-જલ-પ્રવેશ અને અગ્નિ પ્રવેશ આદિ કર્મોને **અનુપાય** કહેવામાં આવે છે. આ પ્રમાણે બુદ્ધિ, ધૃતિ અને સ્મૃતિ રહિત, અહંકારમગ્ન, સંગવાળો, સંશયયુકત, અભિસંપ્લવવાળો બુદ્ધિયુકત, મમતાયુકત, વિપરીત દષ્ટિવાળો, અવિશેષ બુદ્ધિ રાખનાર અને વિમાર્ગગામી—આ પુરુષ મન તથા શરીરના દોષરૂપી મૂળ વાળાં સર્વ દુ:ખોનું નિવાસવૃક્ષ બને છે. આ પ્રમાણે અહંકારાદિક દોષોથી ભમાવાતો પુરુષ પ્રવૃત્તિને ઉલ્લંઘી શકતો નથી અને તે પ્રવૃત્તિ પાપનું મૂળ છે. ૧૦

અનુવાદક: ડૉ. પ્રાણજીવનદાસ મહેતા.

# પ્રકીર્ણ નોંધ

**નહેરુનો પુણ્યપ્રકોપ**

તા. ૨૩ જુનના રોજ ન્યુ દિલ્હી ખાતે રાજ્યસભામાં વિદેશો સાથેના વ્યવહારને લગતી ચર્ચા દરમિયાન પશ્ચિમના બે આગેવાન રાષ્ટ્રો યુનાઈટેડ કીંગડમે (બ્રિટને) અને યુનાઈટેડ સ્ટેઈટ્સે સોવિયટ રશિયા પાસેથી વિચારાઈ રહેલી M. I. G. 'મીગ'—વિમાનોની ખરીદી અંગે તથા સીક્યોરીટી કાઉન્સીલમાં કાશ્મીરના પ્રશ્ન અંગે ધારણ કરેલા વિચિત્ર અને પ્રતિકૂળ વલણને અનુલક્ષીને ભારતના મહાઅમાત્ય નહેરુએ એ બન્ને રાષ્ટ્રોને પડકાર કરતાં જણાવ્યું કે "જો ભારત સોવિયટ યુનિયન પાસેથી 'મીગ' વિમાનોની વિચારાઇ રહેલી ખરીદીની દિશાએ આગળ વધશે તો ભારતને આપવામાં આવતી આર્થિક મદદમાં ઘટાડો કરવામાં આવશે અથવા તો તે સદંતર બંધ કરવામાં આવશે—આવાં સૂચનો—લગભગ ધમકીઓ—આ બન્ને રાષ્ટ્રો તરફથી અપાતી રહેલ છે. ભારતને આ મદદની અત્યન્ત જરૂર છે, એમ છતાં, એનો અર્થ અમારે અમારી આઝાદીને ગીરો મુકવી એવો થતો હોય તો અમારે એ મદદનો કોઈ ખપ નથી. 'મીગ' વિમાનોની ખરીદી કરવાના પ્રશ્ન અંગે નિર્ણય ઉપર આવતાં ભારત કોઈ રાષ્ટ્રના દબાણને કે આર્થિક મદદની કોઈ લાલચને કોઈ પણ સંયોગમાં વશ નહિ થાય—આ બાબતની રાજ્યસભાને હું ખાત્રી આપું છું. આપણો આ પાયાનો મુદ્દો જો અત્યારે જતો કરવામાં આવે તો આવતી કાલે પણ એમ જ કરવાની સ્થિતિ આપણા માટે ઊભી થાય. શસ્ત્ર અને તદ્‌વિષયક સામગ્રી ખરીદવાની બાબતમાં ભારત ઉપર એક યા બીજા પ્રકારનું દબાણ લાવવું એ કોઈ પણ દેશ માટે યોગ્ય નથી—આ બાબતમાં રાજ્યસભામાંના સર્વ રાજકીય પક્ષોના આગેવાનો એકમત છે એ જોઈને મને ખૂબ આનંદ અને સંતોષ થાય છે.

"આ પ્રસંગે ગોવામુક્તિ અંગેના પશ્ચિમના રાજકીય આગેવાનોના પ્રત્યાઘાતોનું મને સ્મરણ થાય છે. છેલ્લી ઘડિએ પણ ગોવાની સમસ્યાનો શાન્તિભર્યો ઉકેલ આવી મળશે એ આશાએ ગોવા ઉપર આક્રમણ કરવામાં ભારતે જરૂર કરતાં ઘણો વધારે વિલંબ કર્યો હતો, એમ છતાં પણ, આન્તરરાષ્ટ્રીય બાબતોમાં આપણે કેમ વર્તવું ઘટે એ બાબત ઉપર આપણને ભાષણો આપવા માટે અને તે અંગેની સલાહ શિખામણો આપણી ઉપર લાદવા માટે આ પ્રસંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્રસંસ્થામાં યુનાઈટેડ સ્ટેઈટ્સના પ્રતિનિધિએ ગોવા અંગેની ચર્ચા પ્રસંગે કરેલા ભાષણથી અમને પારાવાર દુઃખ થયું હતું અને મર્મદાહક અપમાનનો અમે અનુભવ કર્યો હતો. એ ખ્યાતનામ પ્રતિનિધિ, કાશ્મીર આપણા રાષ્ટ્રશરીરનું એક નક્કર અવયવ છે એ હકીકતની તદ્દન ઉપેક્ષા કરીને, કાશ્મીર અંગે અમારે શું કરવું જોઈએ એ બાબતની સલાહ આપવા નીકળેલ છે.' કાશ્મીરના પ્રશ્ન ઉપર, પાકીસ્તાને કરેલું ભારત ઉપરનું આક્રમણ અને કાશ્મીરનું ભારત સાથેનું બંધારણપુરઃસરનું જોડાણ—આ બે નક્કર હકીકતો અને તેને લગતી કાનૂની અને બંધારણીય બાજુઓની કેવળ અવગણના કરીને અમુક રીતે નિર્ણય લેવાનું યુનાઈટેડ સ્ટેઈટ્સ અને બ્રિટને આગળથી નક્કી કરી લીધું હતું. ૧૯૪૮—૪૯ના સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના ઠરાવોની ભારતને યાદ આપવામાં આવે છે. અલબત્ત, આ ઠરાવો ભારતે સ્વીકાર્યા હતા, પણ તેની પહેલી કલમ એ હતી કે પાકિસ્તાને કાશ્મીરનો કબજે કરેલો પ્રદેશ ખાલી કરવો. યુ.નો.ના ખ્યાતનામ પ્રતિનિધિઓના ધ્યાન ઉપર એ હકીકત આવતી જ નથી કે પાકિસ્તાને આ શરતનો અમલ કર્યો નથી. ભારતને પ્લેબીસાઈટની—કાશ્મીરનો લોકમત લેવાની બાબતની વારંવાર યાદ આપવામાં આવે છે. પાકીસ્તાને પોતાનાં લશ્કરો પાછાં ખેંચી લીધાં હોત તો એ દિવસોમાં કાશ્મીરમાં પ્લેબીસાઈટ—લોકમત—જરૂર લેવાયો હોત. આ મહાપુરુષો આ બધી હકીકતોને પોતાના મગજમાં શી રીતે ગોઠવી શકે છે તે મારી સમજમાં આવતું નથી. મને લાગે છે કે, તેમનો એ ખ્યાલ જ નથી કે એની કોઈ ઉપેક્ષા કરી ન શકે એવા જાહેર મત— public opinion—જેવું ભારતમાં કાંઈક છે. પશ્ચિમના એ બન્ને દેશોના આગેવાનોને હું યાદ આપું છું કે તેમનાં વલણો એવાં પરિણામો નિપજાવી રહેલ છે કે જે ભારત સરકારને બીલકુલ ખપતાં નથી. વર્ષોભરના સંબંધનાં કારણે જે goodwill—શુભેચ્છાની—સદ્‌ભાવની—લાગણી પેદા થઈ હતી તે કલમના એક ઘોદાથી, એક મતથી, કે એક ભાષણથી નષ્ટપ્રાય કરવામાં આવે છે.

"મીગ વિમાનોની ખરીદીનું પ્રકરણ અમારાં હવાઈ વિમાનો ખરીદવાને લગતી પ્રમાણમાં એક સાવ સાદી બાબત છે, જે અંગે ભારે મોટો ઉત્પાત મચાવવામાં આવ્યો છે અને આ જોઈને ભારત સરકાર આશ્ચર્યચકિત બની રહેલ છે. પણ આ પ્રકરણનું મૂળ તો યુનાઈટેડ સ્ટેઈટ્સે પાકીસ્તાનને મીગ વિમાનોને મળતાં સેબર જેટ્સ વિમાનો પૂરાં પાડયાં તેમાં રહેલું છે. આ રીતે જેનાં અનેક દૂરગામી આઘાત—પ્રત્યાઘાતો નીપજે એવી એક નાજુક અને દુઃખદ પરિસ્થિતિ ઊભી કરવાની કુલ જવાબદારી યુનાઈટેડ સ્ટેઈટ્સની છે."

છ વર્ષ પહેલાં અમુક પ્રકારનાં યુદ્ધવિમાનોની ભારતને જરૂર પડેલી અને તે પૂરાં પાડવાની બ્રીટને ના કહેલી, પણ જ્યારે સોવિયટ યુનિયને એ વિમાનો ભારતને પૂરાં પાડવાની તૈયારી બતાવી ત્યારે બ્રીટને આગળ આવીને એ જ પ્રકારનાં વિમાનો પુરા પાડવાની તત્પરતા દાખવી હતી અને એ મુજબ એ વિમાનો બ્રિટન પાસેથી ભારતે ખરીદ્યાં હતાં, એમ છતાં એ વખતે, પોતાને ફાવે ત્યાંથી ભારત આવાં યુદ્ધવિમાનો ખરીદી શકે છે એ બાબતની આપણા તરફથી બ્રીટન સમક્ષ પૂરી સ્પષ્ટતા કરવામાં આવી હતી. આમ છતાં પણ આપણે આવી ખરીદી રશિયા પાસેથી નહિ પણ બ્રીટન પાસેથી કરવી જોઈએ એવી વાહિયાત વાતો આજે બ્રીટન કરી રહેલ છે એમ જણાવીને નહેરુએ કહ્યું કે "એ સર્વસુવિદિત અને સ્વીકૃત છે કે કોઈ પણ સ્વતંત્ર રાષ્ટ્ર—અને ભારત તો નહિ જ—આ વિધાન સ્વીકારી શકે તેમ નથી કે એરક્રેફ્ટ હવાઈ વિમાન કે તેને લગતી સામગ્રી કે બીજી કોઈ ચીજવસ્તુની આપણી ખરીદી સામે અન્ય કોઈ રાષ્ટ્ર વાંધો કે વિરોધ ઉઠાવી શકે છે. કોઈએ એમ કહેવાની હિંમત તો કરી નથી, પણ ભારત પોતાના જુના આડતીયાઓને છોડીને બીજા પાસેથી હવાઈ વિમાનો ખરીદવા નીકળ્યું છે એ સંબંધમાં તે તે દેશોએ દિલગીરી, બળતરા અને આડકતરા વિરોધની લાગણી જરૂર પ્રગટ કરી છે."

અલબત્ત, નહેરુના આ ભાષણથી યુનાઈટેડ સ્ટેઈટ્સ અને બ્રિટન સાથેના આપણા આજ સુધીના મીઠા સંબંધો ઉપર પ્રતિકૂળ અસર પડવાનો સંભવ રહે છે, અને જે આર્થિક મદદ ઉપર આપણી ત્રીજી પંચવર્ષીય યોજનાની પરિપૂર્તિ કેટલાક અંશે આધારિત છે તે આર્થિક મદદમાં ઘટાડો થતાં યા બંધ થતાં આપણી યોજનાના અમુક અંગો સંકોચવાની ફરજ પડવા સંભવ છે. આમ છતાં પણ આપણા સ્વમાનને-આપણી આઝાદીને-પડકારતી એવી પરિસ્થિતિ એ બન્ને રાષ્ટ્રોએ જ્યારે મીગ વિમાનોની ખરીદી અંગે અને કાશ્મીરના પ્રશ્ન અંગે ઉભી કરી છે ત્યારે આપણા રાષ્ટ્રની

ઈજ્જત અંગે જે સર્વપ્રથમ જવાબદાર છે એવા આપણા મહા અમાત્ય માટે પોતાના દિલમાં ઉઠેલા પૂણ્ય-પ્રકોપ આટલી ઉગ્ર પરિભાષામાં વ્યકત કરવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નહોતો. "અમે સ્વતંત્ર છીએ, અમારી કોઈ પણ જરૂરિયાતો અંગે શું કરવું, શું ન કરવું એ નક્કી કરવાને અમે સંપૂર્ણ સ્વાધીન છીએ. આ અમારી સાર્વભૌમ સત્તાને કોઈ પડકારશે, કોઇ તેનો ઈન્કાર કરશે, કોઇ લોભ, લાલચ કે ધમકી આપીને પ્રાપ્ત કરેલી આઝાદીની સાથે બાંધછોડ કરવાની અમને ફરજ પાડશે તો તે અમે કદી સાંખી નહિ લઈએ." આ પ્રકારની ઉદ્‌ઘોષણા પંડિત નહેરુએ પોતાના ભાષણમાં કરી છે અને તે માટે તેમને આપણા અનેક ધન્યવાદ ઘટે છે. તેમને આપણા સર્વનો પૂરા સાથ છે અને તે માટે કોઈ પણ ભોગ આપવાને આપણે તૈયાર છીએ—આવી ભાવના આપણા દિલમાં સદા જાગૃત રહે અને આઝાદીસૂચિત સ્વધર્મપાલનમાં આપણે સદા અણનમ રહીએ—આવી પ્રતિજ્ઞા વડે આપણ સર્વ સંબદ્ધ અને સુગ્રથિત બનીએ !

**ભારત અને એકપક્ષી નિઃશસ્ત્રીકરણ**

ગત જુન માસની તા. ૧૬, ૧૭ તથા ૧૮મીના રોજ ન્યૂ દિલ્હી ખાતે અણુશસ્ત્રવિરોધી પરિષદ ભરાઈ ગઈ. આ પરિષદ 'ગાંધી પીસ ફાઉન્ડેશન સમિતિ' તરફથી બોલાવવામાં આવી હતી અને દેશના અગ્રગણ્ય આગેવાનોએ તેમ જ પરદેશથી આવેલા કેટલાએક નિમંત્રિતોએ આ પરિષદમાં ભાગ લીધો હતો. આ પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં સદ્યનિવૃત્ત રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે એવો વિચાર રજૂ કર્યો હતો કે ભારતે અન્ય કોઈ રાષ્ટ્રની રાહ ન જોતાં એકલાં આગળ આવીને એકપક્ષી નિઃશસ્ત્રીકરણની નીતિ અખત્યાર કરવી જોઇએ, અમલમાં મૂકવી જોઈએ. આ અભિપ્રાયને ધ્યાનમાં રાખીને ભારતના મહાઅમાત્ય પંડિત નહેરુએ એક વિચારપૂર્વકનું અને વ્યવહારદક્ષતાયુકત પ્રવચન કર્યું હતું. તેમણે આ પ્રવચન દરમિયાન જણાવ્યું હતું કે "હું અહિંસાના સિદ્ધાન્તને સંપૂર્ણપણે સ્વીકારું છું. એક વ્યકિત જો તેનામાં તાકાત હોય તો અહિંસાના ધોરણ અનુસાર પોતાનું વર્તન ઘડીને અહિંસાને પૂરા અર્થમાં મૂર્તિમન્ત કરી શકે છે, પણ જ્યારે લોકોના ઘણા મોટા સમુદાય વિષે અહિંસાના આચરણની અપેક્ષા રાખવામાં આવતી હોય છે ત્યારે તેવા વિરાટ ભગીરથ ધ્યેયને પહોંચી વળવા માટે—તેને અમલી બનાવવા માટે—મહાત્મા ગાંધી જેવી વ્યકિતની જરૂર રહે છે, અને એમ છતાં સંભવ છે કે, તેઓ પણ તે ધ્યેયમાં કદાચ સફળ ન થાય એમ બને." આના અનુસંધાનમાં નહેરુએ દેશના ભાગલા થયા ત્યારે બંને બાજુએ ઊભા થયેલાં કોમી રમખાણોની યાદ આપી હતી અને એ દરમિયાન લોકોએ ભિરુતા ભયવ્યાકુળતા દાખવી હતી તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે "આ સબંધમાં મારા તરફથી જણાવું તો કહી શકું કે આ પ્રકારના બાયલાપણા કરતાં હું કોઈ પણ પ્રકારની હિંસાને વધુ પસંદ કરીશ. આ ઉપરથી હું એમ જણાવવા માગું છું કે લોકો અહિંસાને પોતાની એક જીવનપદ્ધતિ તરીકે સ્વીકારે એ પહેલાં તેમને તેને લગતી તાલીમ મળવી ઘટે છે. તેમને પોતાના વર્તન પાછળના મર્મની પૂરી સમજણ હોવી ઘટે છે. અત્યારે હું બહાદુરની—વીરની—મરદની—અહિંસાની વાત કરી રહ્યો છું. જો લોકો હિંમતપૂર્વક, બહાદુરીપૂર્વક અહિંસાને અપનાવે તો મને ખાત્રી છે કે, તેમને જરૂર સફળતા મળે.

"પણ કમનસીબે આપણા દેશના લોકોને મોટી મોટી વાતો કરવાની અને ભારે ભારે શબ્દો વાપરવાની ટેવ છે, પણ એ મૂલ્યોને તેમનું વર્તન હોતું જ નથી. ભારત વિષે અને જે જીવન-મૂલ્યોને ભારત આજ સુધી આગળ ધરી રહ્યું છે તે માટે મારા દિલમાં ખૂબ આદર છે, પણ ભારતની પ્રજાને અને તેની ક્ષતિઓને પણ હું જાણું છું. લોકો એક વાત કરે અને બીજી રીતે વર્તે એ મને બીલકુલ પસંદ નથી.

"મારા મનમાં જે ઘોળાઈ રહ્યું છે તેને બીજી રીતે મૂકું તો આ પ્રશ્નને દેશના આગેવાન નેતાની દષ્ટિએ જોવાનો રહે છે. દેશનો આગેવાન નેતા એક રીતે વર્તે છે, વિચારે છે; પયગંબર પ્રોફેટ બીજી રીતે વર્તે છે, વિચારે છે. એકનું કાર્ય અન્યથી ભિન્ન પ્રકારનું હોય છે અને આ પયગંબર—પ્રોફેટ જેનામાં લોકોને તાલીમ આપવાની તાકાત હોય છે તે પણ પોતાનાં મિશનમાં—જીવનકાર્યમાં—પૂરેપૂરો સફળ થાય એમ ન પણ બને. આ આલોચના હું કરું છું ત્યારે ગાંધીજી મને ખાસ કરીને યાદ આવે છે. જ્યારે તેમની જેવો એક પયગંબર પરિણામની કોઈ પણ ગણતરી સિવાય સત્યને દષ્ટિ સન્મુખ રાખીને આગળ ને આગળ ચાલી શકે છે ત્યારે આ લોકશાહીના જમાનામાં જવાબદાર લોકનેતાને અમુક મર્યાદા સ્વીકારીને ચાલવાનું રહે છે. તેણે લોકોને અમુક કરવાનું કહેવા પહેલાં તેમનાં બળાબળનો વિચાર કરવાનો હોય છે. તેના વિચારને ઝીલવાની લોકો કેટલી તાકાત ધરાવે છે તેની મર્યાદા બહાર તે જઈ શકતો નથી અને એમ કરવા જાય તો તે લોકોનો નેતા રહી શકતો નથી.

"સાચો લોકનેતા અને પયગંબર વચ્ચેનો તફાવત આજના લોકશાહીના જમાનામાં સવિશેષ ઘેરો અથવા તો મહત્વપૂર્ણ બને છે. લોકનેતા માટે હંમેશાં પોતાના વિચારને હળવા બનાવવાના, બાંધછોડ કરવાના સંયોગો ઊભા થયા કરે છે. આ કારણે અહિંસાના સિદ્ધાન્તને અમલી બનાવવાનું અથવા તો એકપક્ષી નિશઃસ્ત્રીકરણ અખત્યાર કરવાનું તેના માટે મુશ્કેલ બની જાય છે. આમ છતાં પણ મને એ બાબતમાં કોઈ પણ શંકા નથી કે જો કોઈ પણ તાકાત ધરાવતો સમર્થ દેશ પોતાની તાકાતનિર્ભરતા ઉપર એકપક્ષી નઃશસ્ત્રીકરણ સ્વીકારે તો તેને અન્ય કોઈ દેશ જરા પણ ઈજા કરી શકે નહિ, નુકસાન કરી શકે નહિ."

અણુશસ્ત્રોના પ્રયોગો પરત્વે ઉલ્લેખ કરતાં નહેરુએ જણાવ્યું કે "આના માટે માનવીની પ્રકૃતિમાં પરિવર્તન થવાની જરૂર છે. મને પૂરી આશા છે કે માણસ પોતાની પ્રકૃતિના નિમ્ન સ્તરથી ઊંચે ઉઠયા વિના નહિ રહે અને પોતાના અસ્તિત્વ અંગે તેની પાસેથી જે અપેક્ષા રાખવામાં આવે છે તેને પહોંચી વળ્યા વિના નહિ રહે, કારણ કે સંપૂર્ણ વિનાશ એ જ માત્ર તેનો બીજો વિકલ્પ છે. અનિષ્ટતત્ત્વ માનવીના દિલમાં સંચિત થયું છે અને તેને જ્યાં સુધી જડમૂળથી ઉખેડી નાખવામાં નહિ આવે ત્યાં સુધી વિગ્રહનો નાબુદી અશકય છે."

નહેરુનું આ પ્રવચન અહિંસાના સિદ્ધાન્તને રાષ્ટ્રીય ધોરણે અમલી બનાવવામાં રાષ્ટ્રના સૂત્રધારને કયા પ્રકારની મુશ્કેલી આડે આવે છે અને એ સુત્રધાર તરીકે એક પયગંબરની અપેક્ષાએ પોતાની કેટલી મર્યાદા છે એ બાબતનો આપણને સ્પષ્ટ ખ્યાલ આપે છે. અને તેના શબ્દેશબ્દમાં તેમની વ્યવહારદક્ષતાનું અને વાસ્તવિકતા અંગેના તેમના સભાનપણાનું આપણને પ્રેરક દર્શન થાય છે.

**અણુશસ્ત્રવિરોધી પરિષદમાં કરવામાં આવેલા બે અવ્યવહારૂ સૂચનો**

ડૉ. રાજેન્દ્રપ્રસાદે ભારતને એકપક્ષી નિઃશસ્ત્રીકરણ સ્વીકારવાની સલાહ આપી તેનો, આજે જ્યારે તેઓ સત્તાસ્થાનેથી નિવૃત થયા છે ત્યારે, બહુ અર્થ નથી. આ નિઃશસ્ત્રીકરણનો પ્રશ્ન દુનિયા સમક્ષ કેટલાય સમયથી ઊભો થયો છે અને ચર્ચાઈ રહ્યો છે. તેઓ રાષ્ટ્રપતિપદ ઉપર હતા એ દરમિયાન તેમણે આ પ્રશ્ન ઊભો કર્યો હોત—અને સંભવ છે કે નહેરુએ, તેમના પ્રધાનમંડળે કે લોકસભાએ તેમનો આ વિચાર સ્વીકાર્યો ન હોત—એ પરિસ્થિતિમાં તેમણે આ મુદ્દા ઉપર રાજીનામું આપ્યું હોત

અને સત્તાસ્થાન ઉપરથી નિવૃત થયા હોત તો તેની એક ભારે નૈતિક અસર પેદા થઈ હોત અને રાષ્ટ્રીય સૂત્રધારોનું ધ્યાન આ પ્રશ્ન ઉપર વધારે સચોટપણે કેન્દ્રિત થયું હોત. આજે તેમની આ સૂચનાનું મૂલ્ય વ્યકિતગત કરતાં વિશેષ નથી. બીજી રીતે એમ પણ કહી તેમ જ વિચારી શકાય છે કે સત્તાસ્થાન ઉપર રહીને જે વિચાર મૂકી શકાતો નથી તે વિચાર સત્તાસ્થાનથી મુકત થયા બાદ સહેલાઈથી મૂકી શકાય છે, કારણ કે તેને અમલી બનાવવાની જવાબદારી પોતાની નહિ પણ અન્યની બને છે.

આવી જ એક અવ્યવહારુ અથવા તો બીનજવાબદાર સૂચના શ્રી. રાજગોપાલાચાર્ય તરફથી કરવામાં આવી હતી. તેમણે એવી મતલબની રજુઆત કરી હતી કે આણુશસ્ત્રના પ્રયોગોની મના કરતો સંયુકત રાષ્ટ્રસંસ્થાએ ઠરાવ કરવો જોઈએ અને એ ઠરાવનો જે રાષ્ટ્ર અમલ ન કરે તે રાષ્ટ્રને સંયુકત રાષ્ટ્રસંસ્થામાંથી બહિષ્કૃત કરવું જોઈએ. આ સંબંધમાં કોઈએ એમ દલીલ કરી કે એવો ઠરાવ કરવા જતાં યુનાઈટેડ સ્ટેઈટ્સને અને કદાચ રશિયાને પણ રાષ્ટ્રસંઘથી છૂટા થવાની ફરજ પડે અને એ પરિસ્થિતિમાં રાષ્ટ્રસંઘ જ ભાંગી પડે. આ દલીલના જવાબમાં શ્રી રાજગોપાલાચાર્યનો એવો જવાબ હતો કે “એમ કરવા જતાં રાષ્ટ્રસંઘ ભાંગી જાય તો ભલે ભાંગી જાય. આવા નિર્માલ્ય રાષ્ટ્રસંઘને જીવાડીને શું કરવું છે?” નબળો--સબળો ગમે તેવો રાષ્ટ્રસંઘ પણ જો જીવતો હોય તો તેની કેટલી ઉપયોગીતા છે, તેને ટકાવી રાખવો કેટલો જરૂરી છે અને તેને ટકાવી રાખવા માટે કેટલી તકેદારી રાખવી પડે છે--આ બાબતનો જવાબદારીભર્યો ખ્યાલ તે સંસ્થાના અંગભૂત જે રાષ્ટ્રો હોય તેને જ આવે. બહારની વ્યકિત હળવા દિલે કહી શકે છે કે એમ કરતા રાષ્ટ્રસંઘ તૂટી જતો હોય તો ભલે તૂટી જાય. આ આજે પણ એક એવી સંસ્થા છે કે જ્યાં ચીન સિવાય દુનિયાના મહત્વના લગભગ બધાં રાષ્ટ્રના પ્રતિનિધિઓ એકઠા થાય છે, જ્યાં રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના ઝઘડાઓના નિરાકરણ માટે પ્રયત્ન થાય છે અને જેની લાગવગ અને સક્રિયતાના પરિણામે નાના મોટા કેટલાયે સંઘર્ષો બિહામણું રૂપ ધારણ કરતાં અટકી જાય છે. પ્રશ્ન, તે નબળો છે, નિષ્ક્રિય છે, કોઈ મહત્વનો ઠરાવ કરી શકતો નથી કે એવો કોઈ ઠરાવ કરીને અમલી બનાવી શકતો નથી એમ કહીને તેને નાબૂદ કરવાનો નથી, પણ ધીમે ધીમે તેને વધારે સક્રિય, વધારે સમર્થ, વધારે અનુલ્લંઘનીય બનાવવાનો છે. દુનિયાની સુલેહશાન્તિનો ખરો આધાર તેને ઉત્તરોત્તર વધારે ને વધારે બળવત્તર બનાવવામાં જ રહેલો છે. આમ છતાં શ્રી રાજગોપાલાચાર્ય આમ બોલી શકે છે કારણ કે તેમના અભિપ્રાય સાથે કોઈ જવાબદારીનું જોડાણ નથી.

**પરમાનંદ**

## ‘ગુજરાતના વનવાસીઓ’

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં (૪૫--૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ--૩) તા. ૭--૭--૬૨ શનિવારના રોજ સાંજના ૬--૧૫ વાગ્યે ગુજરાતના આદિવાસી વિભાગના જાણીતા કાર્યકર્તા શ્રી. હરિવલ્લભ પરીખ **“ગુજરાતના વનવાસીઓ”** એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. સંઘના સભ્યોને તેમ જ આ વિષયમાં રસ ધરાવતા ભાઈ બહેનોને હાર્દિક નિમંત્રણ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ભારતીય પ્રજાનો પ્રજ્ઞાપુરુષ ડૉ. રાધાકૃષ્ણન્ | શ્રી કૃષ્ણ ક્રિપલાણી | ૪૧ |
| પ્રવૃત્તિનું મૂળ | અનુ. ડૉ. પ્રાણજીવનદાસ મહેતા | ૪૩ |
| પ્રકીર્ણ નોંધ: નહેરુનો પુણ્યપ્રકોપ, ભારત અને એકપક્ષી નિઃશસ્ત્રીકરણ, આણુશસ્ત્રવિરોધી પરિષદમાં આવેલા બે અવ્યવહારુ સૂચનો. | પરમાનંદ | ૪૪ |
| મારા જીવનના કેટલાંક સ્મરણો--૨ | રતિલાલ મફાભાઈ શાહ | ૪૬ |
| શોષણમુકિતનો સરળ ઈલાજ | જટુભાઈ મહેતા | ૪૯ |


# મારા જીવનનાં કેટલાંક સ્મરણો--૨

## જ્ઞાનયોગ અને સાહિત્ય સેવા

૩૧ થી ૪૦ વર્ષ સુધીનો સમય એ મારે માટે જ્ઞાનયોગનો સમય હતો. આ સમયમાં મેં ખૂબ વાંચ્યું અને વિચાર્યું. જેને પરિણામે હું પાછળથી કંઈક લખી શકયો છું. આમ છતાં આ કાળમાં મનની જે એક ભારે ગૂંચ હતી એનો ઉકેલ મને શ્રી કૃષ્ણમૂર્તિના એક વ્યાખ્યાનમાંથી જડયો કે, ‘હરેક આત્માની સત્યની શોધ ભિન્ન ભિન્ન પ્રકારે હોય છે’ જૈન શાસ્ત્રોનો કંઈક અભ્યાસ અને ચિંતન કરતાં ‘पन्नरस भेये सिद्धा’ તથા **सर्वदर्शन संग्रहः इतिजैनधर्मः**’ એ સૂત્રોમાં પણ એ જ રહસ્ય કથન સમાયેલું છે એ હું પાછળથી જોઈ શકયો હતો.

નવું નવું વાંચવાની ઈચ્છા વધતી જતી હતી. એથી એ કાળમાં ધર્મ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ, રાજકારણ, સમાજશાસ્ત્ર, જ્યોતિષ, વૈદક તથા કેળવણીવિષયક જે કંઈ થોડાં ઘણાં પુસ્તકો હાથ લાગ્યાં એટલાથી જ સંતોષ માનવો પડયો. આમ છતાં સાધનોના અભાવે મારો અભ્યાસ કાચો રહી ગયો, ઉંડાણ અપ્રાપ્ય રહ્યું. એક બીજી પણ ભૂલભરેલી માન્યતાને કારણે ઊણપ રહી ગઈ અને તે હતી નોવેલો નહીં વાંચવાની પ્રતિજ્ઞા. આ કારણે ચોથા ભાગના થોડાં પાનાં ફેરવવા સિવાય ‘સરસ્વતીચંદ્ર’ થી પણ હું અજાણ રહ્યો. પણ આમ છતાં જે કંઈ મળ્યું એટલું મારા જેવા એક સામાન્ય માણસ માટે પૂરતું હતું.

૪૧ મા વર્ષથી સેવાપ્રવૃત્તિ તરફ હું વિશેષ ઝૂકવા લાગ્યો હતો. એથી નાની મોટી ધાર્મિક, સામાજિક, રાજકીય વગેરે અનેક પ્રવૃત્તિઓમાં ભાગ લેતો અને કંઈક અગ્રસ્થાન પણ ભોગવતો. આ કાળમાં શ્રી પરમાનંદભાઈનો સંપર્ક થયો અને હું સાહિત્યના ક્ષેત્રમાં ખેંચાયો. પરિણામે જૈન-જૈનેતર પત્રોમાં લેખો લખવા માંડયા તેમ જ નિબંધ હરીફાઈઓમાં પણ ભાગ લેવો શરૂ કર્યો.

આમ લેખનપ્રવૃત્તિ શરૂ થવાને કારણે ભગવાન મહાવીરનું ચરિત્ર લખવાની ઈચ્છા ઉદ્ભવી. કારણકે, જૈન-જૈનેતર સમાજ સામે મૂકી શકાય એવું એકે મહાવીરચરિત્ર મારા ખ્યાલમાં નહોતું. આથી ભગવાનનો સાધનાકાળ, ભકતોની કથાઓ, જ્ઞાનપ્રાપ્તિ અને ઉપદેશ તથા ધર્મના સિદ્ધાંતો એમ ચાર વિભાગોમાં વહેંચાયેલું ‘ત્રિશલાનંદન મહાવીર’ નામે પુસ્તક તૈયાર કર્યું. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય--અમદાવાદે એનો પ્રથમ ભાગ પ્રસિદ્ધ કર્યો. એ પુસ્તક માંડલ પધારેલા મુનિશ્રી ધર્મસાગરજીને ભેટ આપતાં એમણે એમાંથી ચમત્કારનો ભાગ દૂર કરવાને કારણે મારી સામે આંધિ ચડાવી. અને ‘સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય’ સામે પણ જબરું આંદોલન ઊભું કર્યું. ગામમાં મારી વિરૂદ્ધ સહીઓ એકત્ર થઈ. ‘ભગવાનને ભગવાન કહેતાં પણ તમને ઝટકા પડે છે?’ કહી લોકો મારી સામે તૂટી પડવા લાગ્યા, જ્યારે સંતબાલજીએ લખ્યું કે, “પુસ્તક વાંચતા ખૂબ આનંદ થયો, પણ પાછળથી ઘડિયે ઘડિયે ‘ભગવાન’ શબ્દનો ઉપયોગ વધુ પડતો થયો હોઈ કંઈક કંટાળો આવ્યો. છેલ્લા પ્રકરણમાં તમે ૫૧ વાર ‘ભગવાન’ શબ્દ વાપર્યો છે.” મતલબમાં કહેવાનું કે એ વાંચે કોણ? મદારી ડુગડુગી વગાડે અને વાંદરાઓ કૂદવા લાગે એવો આ તાલ હતો. પણ જ્યારે પાટણથી મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે માંડલ જૈન સંઘ પર ચાર પાનાનો લાંબો પત્ર લખી ખૂબ ઠપકો આપ્યો ત્યારે જ આ આંધિ બેસી ગઈ.

પંડિત સુખલાલજી, પરમાનંદ કુંવરજી કાપડિયા, જયભિખ્ખુ વગેરેએ મારી તરફદારી કરી હતી. સોપાને ‘જન્મભૂમિ’માં મોટા અક્ષરોથી ૩ કોલમ ભરી પ્રશસ્તિ ગાઈ હતી. જયભિખ્ખુ

એ માટે મનુ સુબેદારને મળ્યા અને પોતાનો એ પુસ્તક માટે સાથ હોવાની ખાત્રી આપી. પણ સુબેદારે જણાવી દીધું કે, 'અમે હવે કોઈ જૈન પુસ્તક છાપવા જ માંગતા નથી.'

આથી પ્રથમ ભાગનો ખાડો પૂરો કરાવી આખું પુસ્તક વડોદરાવાળા ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ માંડલ આવી મારી પાસેથી લઈ ગયા. એમણે 'જૈન સિદ્ધાંત' સભા સાથે જોડાણ કર્યું, પણ મારા નામની મહોકાણ તો ત્યાંય પહોંચી ગઈ હતી, જેથી 'જૈન-સિદ્ધાંત' વાળાઓએ ૪-૪ વર્ષો સુધી ડૉ. સાહેબને ધવડાવ્યા જ કર્યા. પરિણામે થાકીને ડૉ. સાહેબે એ સંસ્થા સાથેનો સંબંધ છોડયો ને નવી વ્યવસ્થા ગોઠવી. પણ એ સફળ થાય એ પહેલાં જ એ માંદા પડયા ને પરલોક સિધાવી ગયા. જડયું એટલું સાહિત્ય હું તેમના કબાટમાંથી ખેંચી લાવ્યો પણ એકંદર તો એ બધું આડું-અવળું થઈ ગયું.

'હિંસા વિરોધ'માં સરકારે શરૂ કરવા ધારેલા શિકાર અંગે અહિંસા ઉપર એક લેખ મોકલ્યો. હિંસા વિરોધ સંઘે લેખની એક લાખ કોપી છાપાવવાનો નિર્ણય કરી મને રૂબરૂ બોલાવ્યો. પણ સંઘના મંત્રી શ્રી ચમનલાલ કડિયા બહારગામથી આવી પહોંચતાં એમણે 'જે માણસે ભગવાન મહાવીર ઉપર આવું પુસ્તક લખ્યું છે એને અહિંસા ઉપર લખવાનો અધિકાર શો?' કહી વિરોધ કર્યો ને એ વાત પર પડદો પડયો. આવાં કારણોથી હું કંઈક નિરાશ થયો. કલમ થોડી વાર અટકી પડી. પણ ભગવાન મહાવીર પ્રત્યેની પ્રેમભક્તિ મને શે જંપવા દે? મુનિઓ પર ત્યારે ભારે તિરસ્કાર છૂટતો. પણ જ્યારે એ જ મુનિઓ ઉપર કે તેમના આચારો અંગે આક્રમણ થતું ત્યારે મારા ગજા ઉપરવટ એકલે હાથે ભલભલા માંધાતાઓને પણ પડકાર કરતો. કનૈયાલાલ મુનશી, હિંદુ મહાસભાના પ્રમુખ ભાઈશ્રી પરમાનંદ, શ્રી અશોક હર્ષ તથા બુદ્ધિપ્રકાશના મંત્રીજી શ્રી નગીનદાસ પારેખ વગેરે સામે પણ મેં શીંગડાં ઉગામેલાં.

આ સમયમાં ધર્માનંદ કૌશાંબીજીનું 'બુદ્ધ ચરિત્ર' પ્રગટ કરી સાહિત્ય એકેડેમીએ જૈનસમાજમાં ખળભળાટ ઊભો કર્યો. કારણકે એના એક પ્રકરણમાં ભગવાન મહાવીર પર માંસાહાર કર્યાનો આક્ષેપ હતો. ઠેર ઠેર વિરોધસભાઓ મળતી હતી, પણ જૈનસમાજમાંથી એક પણ મર્દ સાધુ કે શ્રાવકે એનો પ્રત્યુત્તર આપવાની હિંમત કરી નહોતી. મારું લોહી આથી ઉકળી રહ્યું હતું. નજર હંમેશા વર્તમાનપત્રો પર મંડાયેલી રહેતી કે કયાંકથી પણ એનો પ્રતિકાર થશે. પણ હું નિરાશ થયો. આગમ સાહિત્યનું જ્ઞાન નહીં, સંશોધન કરવા જેટલો મસાલો નહીં, એથી મારી વ્યથા વધી રહી હતી. ઊંઘ ઊડી ગઈ. અકળાણમાં જ રાતો વીતવા લાગી. આથી એક સવારે મુનિશ્રી ન્યાયવિજયજી પાસે પહોંચ્યો અને હૈયું ખાલી કર્યું; તો એમણે જ મને એનો જવાબ આપવા ઉત્સાહિત કર્યો અને આગમપાઠો શોધી આપવાનું માથે લઈ ઘટતી સહાય આપવાની ખાત્રી આપી.

એમની સહાય અને કૃપાથી પુસ્તક તૈયાર કરી હું મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે પહોંચ્યો. પણ એમણે તો મને ઉલટો તતડાવ્યો કે કોઈ પણ સાધુએ ચડાવ્યો હશે. શાસ્ત્રોમાં શું છે એની ખબર છે? જ્યાં પૂર્વાચાર્યો પોતે જ મહોર મારી ગયા છે ત્યાં આ ગડભાંજ કેવી રીતે બેસવાની હતી તે આમાં તું માથું મારે છે? હું તો ઠરી જ ગયો. પાછો તો આવ્યો, પણ ચેન પડે નહીં, જેથી મેં ફરી પ્રયત્ન કર્યો અને ફરી એમની પાસે પહોંચ્યો. થોડાં પાનાં ફેરવી એમણે જણાવ્યું કે, 'વિદ્વાનોને એ કંઈ ગળે ઊતરે નહીં.' આમ છતાં આ વખતે એ પોતાનું કામ પડતું મૂકી મને પ્રેમસૂરિજીના એક વિદ્વાન સાધુ પાસે લઈ ગયા અને એમને પુસ્તક વાંચી અભિપ્રાય અને સલાહ આપવા સૂચવ્યું. સૂરિજી મહારાજ તથા તેમના કેટલાક શિષ્યો ત્યારે ખરતરગચ્છના અંધારિયા ઉપાશ્રયમાં રહેતા હતા. 'પણ વિદ્વાનોને એ કંઈ ગળે ઊતરે નહીં.' એ શબ્દો મને ખૂંચ્યા કરતા હતા. મારા દિલમાં વ્યથા હતી. એ મનોમંથનમાં એક દિવસ રાત્રે મારી ઊંઘ ઊડી ગઈ. હૃદય રડી રહ્યું હતું. 'અહિંસામૂર્તિ એવા હે ભગવાન! તારા પરનો માંસાહારનો આરોપ સહન થતો નથી. હવે તો તું પોતે જ મને પ્રકાશ આપ' એવી હૃદયવ્યથામાં મને એક દલીલ સૂઝી ગઈ. ને એ પર ઊંડો વિચાર કરતાં એક પછી એક અંકોડા મને ઊકેલાતા લાગ્યા. ગડભાંજ મારી દ્રષ્ટિએ બેસી ગઈ હતી. આથી ત્રીજી વાર પ્રયત્ન કરી હું મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે પહોંચ્યો. 'કૂટ સમસ્યા'નું નવું ઉમેરણ વાંચી એ ખુશ થયા કે, 'આ વિદ્વાનોને ગળે ઊતરે તેવી વાત છે.' મારા આનંદનો પાર ન રહ્યો. એમનો આશીર્વાદ મેળવી હું પ્રસ્તાવના મેળવવા દ્રષ્ટિ દોડાવવા લાગ્યો. મારી દૃષ્ટિ ભૂદાન અંગે ગુજરાતમાં પદ-યાત્રા કરી રહેલા વિનોબાજી પર પડી. એક મિત્રની સહાયથી મેં એમનો સંપર્ક સાધ્યો અને આખું પુસ્તક ધાંગધ્રા અને સુરેન્દ્રનગરમાં વંચાવી પ્રસ્તાવના લખી આપવાનું વચન મેળવી શકયો. પણ વિનોબાજીને સમય મળે નહીં ને એ મિત્ર શ્રી વજુ-ભાઈ શાહ પણ બીમાર પડી ગયેલા, જેથી હું જાતે જ પાંચ છ ગામ એમની સાથે ફર્યો અને બચકો ઉપાડી કલોલથી ડાંગરવા સુધી ૧૩ માઈલ એમની સાથે દોડયો. ડાંગરવા ગામના ઝાંપે મને ૧૦ મિનિટની મુલાકાત મળી. ઠીક ઠીક ચર્ચા—વિચારણા પછી એમણે મને પ્રસ્તાવના લખી મોકલવા જણાવ્યું ને ટૂંકી છતાં સબળ દલીલ સાથેની પ્રસ્તાવના મને મોકલી આપી.

વિનોબાજીની પ્રસ્તાવના મેળવી આપવા શેઠ કસ્તુરભાઈ લાલ-ભાઈની સહાય માંગેલી. કારણ કે, ઈડર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમમાં વિનોબાજી રોકાવાના હતા અને શેઠજી પણ ત્યાં હાજર રહેવાના હતા એમ સાંભળવા મળેલું. પણ 'શ્રી વિનોબાજી પાસે પહોંચવું મુશ્કેલ છે' એમ એમના તરફથી જણાવવામાં આવેલું. એથી પ્રસ્તાવના મળતાં મને ખૂબ જ આનંદ થયો. પણ માર્ગમાં હજુ અનેક રૂકાવટો હતી. જૈન પત્રો તથા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તથા સ્થાનકવાસી કોન્ફરન્સ વગેરેના ઘણા કાર્યકર્તાઓએ નિબંધ વાંચી ગયેલા. પણ કોઈએ પણ એકાદ પ્રકરણ લેવાની યે મદદ ન કરી. મુંબઈના શેઠ જીવતલાલ પ્રતાપસિંહ નિબંધ વાંચી ખુશ થયેલા., પણ તેમના જાણીતા એક વર્તમાનપત્રે સારી એવી ભેટ વિના લેખ પ્રગટ કરવાની ના કહી. પરિણામે નિબંધ પાછો આવ્યો.

એક ભાઈને રૂા. ૧૫,૦૦૦ જલ્દીથી સાહિત્ય પાછળ વાપર-વાના હતા. ને એ માટે એક મુનિશ્રી પાસે ગમે તેવું એકાદ પુસ્તક એ માંગી રહ્યા હતા. મેં મારું પુસ્તક રજૂ કર્યું તો જણાવ્યું કે, 'મારા શેઠિયાઓને તમારા નામનો જ વાંધો છે, એટલે દિલગીર છું.' મારા નામમાં એવો તે કયો નેપાળો છે કે, તમારા શેઠિયા-ઓને એથી રેચ લાગી જાય છે?' કહી હું રસ્તે પડયો.

એક જાણીતા જૈન પત્રને માંસાહારના પ્રતિકારનો લેખ મોકલ્યો તો પરત કર્યો. ચંદ્રપ્રભસાગરજી મહારાજ મારફત—ધર્મને ખાતર બલિ થનારા વીર મુનિઓની સાહસભરી રોમાંચક કથા મોકલી તો મુનિશ્રીને જણાવ્યું કે તમે લખી આપો તો જ લઈએ. મુનિશ્રી લાચાર બન્યા. આમ છતાં ૨૫ વર્ષ બાદ હું શત્રુંજય તીર્થની યાત્રાએ ગયેલો હોઈ, 'સૌન્દર્યદ્રષ્ટિએ શત્રુંજય' લેખ લખી એ જ સંસ્થામાં ઘુસાડયો. એક ભાગ પ્રસિદ્ધ થયા પછી કાર્યકર્ત્તાને ખબર પડી કે, 'અરે આ માણસ કયાંથી ઘૂસી ગયો?' પરિણામે બાકીનો ભાગ અપ્રગટ જ રહ્યો.

આમ નિરાશ થવા છતાં એક વિદ્વાન મુનિની સહાય માંગી, પણ તેઓશ્રી તો વાંદવા આવેલા ભૂજના કોઈ શ્રાવક સાથે ત્રીજ-ચોથની પંચાતમાં જ પડી ગયા હતા. 'ફલાણા શેઠે ત્રીજ કરી હતી કે ચોથ?' 'ફલાણા ફલાણાએ કઈ તિથિએ પ્રતિક્રમણ કરેલું?' જ્યાં ભગવાન મહાવીર પ્રત્યેના આક્ષેપથી દિલ ઊકળતું નથી એવા એ મુનિની ત્રીજ-ચોથની વાત સાંભળી મારું લોહી ગરમ થઈ ગયું ને એમના હાથમાંથી લખાણ ઝૂંટવી હું તરત જ ચાલી નીકળ્યો. કોઈ મુનિએ 'પંડિતો જણાવે છે કે લખે છે' એ વાકય પર પોણો કલાક ભાષ્ય કર્યું. કોઈએ વળી પોતાની જ બડાઈ હાંકી. આવા મુનિઓને જોઈ હું ભારે ખિન્ન થયો. પણ છેવટે મુનિશ્રી ન્યાય-વિજયજીની કૃપાથી મારી પ્રત્યે ઊંડો સદ્‌ભાવ ધરાવતા શ્રી ભોગી-લાલભાઈ ચુનીલાલે (પાટણવાળા) શ્રી હેમચંદ્ર સભા તરફથી ખૂબ મહેનત લઈ વિનોબાજીની પ્રસ્તાવના તથા સ્વામી સત્યભક્તજીના અભિપ્રાય સાથે 'મહાવીર અને માંસાહાર' એ નામનું પુસ્તક પ્રગટ કર્યું. અને એ પ્રગટ થયું ત્યાર પછી જ જૈન પત્રોએ એની નોંધ લીધી અને કોઈએ અગ્રલેખ લખી એની પ્રશસ્તિ ગાવી શરૂ કરી.

શ્રી કસ્તુરમલ બાંઠિયાજીએ પુસ્તકનો હિંદી અનુવાદ કરવા માંડયો પણ પછી એ અટકયા ને મને જણાવ્યું કે બૌદ્ધ ધર્મના પુસ્તકમાં તો આચારના દાખલા આપીને માંસાહારનો આક્ષેપ કરવામાં આવ્યો છે, જેનો પ્રતિકાર તમારા પુસ્તકમાં નથી. આ કારણે મેં બીજું પુસ્તક 'જૈનો અને માંસાહાર' લખ્યું, જેમાં બધા જ પ્રસ્તુત મુદ્દાઓની મેં વિગતવાર છણાવટ કરી છે. હાલને તબક્કે હજુ આ પુસ્તક અપ્રગટ છે. પણ આમ છતાં મારો વિશ્વાસ છે કે, એ પુસ્તક વહેલું મોડું જ્યારે પ્રગટ થશે ત્યારે, મેં જે રીતે એ સમસ્યા ઊકેલી છે એ રીત અપનાવવાથી જ ૨૦૦૦ વર્ષોથી ઘોળાતો આ પ્રશ્ન સદાને માટે ઉકલી જશે.

આ પ્રશ્ન અંગે પાછળથી ગોપાળદાસ જીવાભાઈ પટેલને પણ મળ્યો. એક કલાકની સ્નેહભરી વાતો પછી મને એમણે જણાવ્યું કે, અમારી સંસ્થાએ મારા જે જે પુસ્તકમાં માંસાહારની ચર્ચા છે એ પાઠો રદ કરવાનો ઠરાવ કરી નાખ્યો છે. આ સાંભળી મને ખૂબ સંતોષ અને આનંદ થયો.

એક વાર ગીતા—પ્રેસ—ગોરખપુરથી પ્રસિદ્ધ થયેલું 'બાલ-બુદ્ધ ચરિત્ર' હાથમાં આવ્યું. સુંદર હિંદી ગાથા, ટૂંકી વાર્તા અને પ્રસંગને અનુરૂપ મનોહર ચિત્ર જોઈ મન પ્રસન્ન થયું, પણ બીજી બાજુ 'આવા પાયા પર લખાયેલી શું મારા મહાવીરની બાલ-કથા જ નહીં?' એ વિચારથી મન ખિન્ન થયું. શું મહાવીર—વર્ધમાન ૩૦ વર્ષની ઉંમરે દીક્ષિત બન્યા ત્યાંસુધી હાથપગ જોડીનેજ બેસી રહ્યા હશે? એમના બાલજીવનમાં જીવનને સ્પર્શે એવી ઘટનાઓ બની જ નહીં હોય? દ્રઢતા, વીરતા, સાહસ, ધૈર્ય, શાંતિ, કરૂણા અને અહિંસા—પ્રેમના જે ઉદાત્ત ગુણોનો એમના જીવનમાં ચરમ સીમા તક વિકાસ થયેલો જણાય છે એ ગુણોનો વિકાસ કરવાની કોઈ જરૂર કે તક એમને સાંપડી જ નહીં હોય? શું જન્મથી જ એ પૂર્ણ પુરુષ હશે? તો પછી સાડા બાર વર્ષની ઘોર સાધના કરવાની જરૂર કેમ પડી? અને જરૂરી પડી તો ૩૦ વર્ષની ઉપર સુધી એ ગુણોની સાધનાનું દર્શન ન થાય એ બને જ કેમ? આ વિચારણામાં હું ઊંડો ઊતરી જતો. પરિણામે કોઈ સ્વપ્નસૃષ્ટિમાં રાચતો હોઉં તેમ હું મારી જાતને મહાવીરની બાલમંડળીમાં 'તિંદુશક' ની રમતમાં જોડાયેલો જોતો. પછી મને એનાં રોજ સ્વપ્નો આવવાં શરૂ થયાં. એ સ્વપ્નાવસ્થામાં ઘણી વાતો મહાવીરને મુખેથી જ સાંભળતો હોઉં એવી ચિત્તદશા અનુભવવા લાગ્યો. જાગૃતઅવસ્થામાં તો હું કવિ હોત—શ્રેષ્ઠ લેખક હોત—તો મારા મહાવીરને અમર કરવા 'The Light of Asia' જેવું પુસ્તક લખી નાખત એવા વિચારો આવવા લાગ્યા. એ વિચારોનું પ્રાબલ્ય વધતાં કવિ ન હોવાં છતાં મેં પ્રયત્ન કર્યો. સાથે મારા વિદ્યાર્થી અને સહશિક્ષક શ્રી ઘનશ્યામ જેશંકર પંડયાએ પણ કલમ ચલાવી. અમે બન્ને હરિફાઈમાં ઊતર્યા. પરિણામે મેં ૪૫૬ જેટલા અને ઘનશ્યામ પંડયાએ ૧૯૩ જેટલા હિંદી પદો લખ્યાં. મારાં પદો બિલકુલ સાદાં, કવિત્વશકિત વિનાનાં પણ ભાવનાના બળથી લખાયેલાં ખડબચડાં કાવ્યો છે, જ્યારે ઘનશ્યામના પદો ઊંચી કાવ્યશકિત, પ્રૌઢ ભાષા અને એક પ્રકારના રસથી સભર બનેલા હોઈ એમનામાં રહેલા એક આશાસ્પદ કવિના દર્શન કરાવે છે. વળી ઘનશ્યામનું મહાવીર ચરિત્ર શાસ્ત્રદ્રષ્ટિએ લખાયેલું હોઈ જલદી આદરને પાત્ર બને તેમ છે, જ્યારે ૪૫૬ જેટલા હિંદી પદો અને એના ગુજરાતી અનુવાદમાં લખાયેલું મારું 'મહાવીર બાલ કાંડ' કાલ્પનિક છે. એમ છતાં ઉત્તરોત્તર વિકાસની ભૂમિકાએ ચડતા ભગવાનના જીવનને અનુરૂપ હોઈ, એ વાર્તાઓ પ્રેરક, ગૌરવદાયિની અને તત્ત્વબોધક બની રહેવાને પરિણામે ખૂબ રોચક બનશે એમ મારું નમ્ર મંતવ્ય છે.

વર્ષો થવા છતાંય એ વાર્તાઓ ભકતદ્રષ્ટિએ લખાયેલા કલ્પનાચિત્રના એક નમૂનારૂપે પણ કોઈ જૈન પત્રે લેવાની હિંમત કરી નથી. ભાગ્યે જ કોઈ જૈન પત્ર એવું હશે જે પર એ વાર્તાઓમાંથી એકાદ, નમૂનારૂપે એક બે વાર મોકલવામાં નહીં આવી હોય. આમ છતાં મારો વિશ્વાસ છે કે આજ નહીં તો કાલે, કાલે નહીં તો ભવિષ્યમાં પાંચ પચ્ચાસ વર્ષો બાદ પણ—જો એ સચવાશે તો ભૂતકાળના શોધાયેલા પ્રાચીન સાહિત્ય રૂપે એ આવકાર પામશે જ. હાલ તો એ બધું સાહિત્ય અપ્રગટ છે, જેમાંની એક વાર્તા 'જૈન યુગે' યોજેલી વાર્તા હરીફાઈમાં રૂા. ૭૦ લઈ આવી હતી. પણ એ વાર્તા ઓફિસના દફતરમાં કયાંક ડટાઈ પડી છે અને એનો કંઈ પત્તો જ નથી. આ છે જૈન સાહિત્યની લાચાર દશા! બીજી બાજુ બૌદ્ધ સાહિત્ય અમેરિકામાં એક કરોડ રૂપિયાનું વેચાયું, જ્યારે જૈન સાહિત્યના પ્રચારનો તો હજુ આરંભ જ નથી થયો. આ એક શોચનીય દશા છે!

આમ છતાં આ સમયમાં મારી 'જૈનત્ત્વની ગૌરવ ગાથાઓ' જૈન પત્રે 'અષ્ટમંગલ' નામે પ્રસિદ્ધ કરી મને કંઈક આશાન્વિત કર્યો છે.

છેલ્લે માંડલ રાત્રી પાઠશાળામાં હાજર રહેતો હોઈ મને જણાયું કે સૂત્રપાઠો ગોખાવવા પર જેટલો ભાર દેવાય છે, એટલો ભાર નથી દેવાતો ધર્મરહસ્ય જાણવા પર કે ચારિત્ર્યની વિશુદ્ધિ પર. ક્રિયાકાંડનો આગ્રહ રખાય છે ખરો, પણ એ ધર્મનું અંતિમ ધ્યેય નથી, પણ કેવળ પ્રવેશદ્વાર છે. ઉપરાંત જ્યાં એ પાઠો પર ભાર દેવાય છે ત્યાં પણ ગમે તે ઉપાયે પરીક્ષા પાસ કરવા પર જ લક્ષ્ય અપાય છે. ભાગ્યે જ કયાંક સંતોષકારક કામ થતું હશે. જૈન શિક્ષણસાહિત્ય પત્રિકાના માર્ચ ૧૯૬૨ના તાજા અંકમાં પણ એ જ ફરિયાદ ગાવામાં આવી છે કે ધર્મશિક્ષણ અને જીવનવ્યવહાર વચ્ચે આ જમાનામાં કંઈ જ મેળ રહ્યો નથી. એક બીજી વાત પણ વિચારવા જેવી છે કે ધાર્મિક શિક્ષકનો પગાર ટૂંકો, ધનિકનો ઓશિયાળો, સમાજમાં વળી એની પ્રતિષ્ઠા નહીં તેમ જ ધન અને ધંધા માટે સદા ખુશામત પર જીવન જીવવા જેવી લાચારી, ત્યાં એ બીચારો કયું ધર્મતેજ વિદ્યાર્થીઓમાં પૂરી શકે?

આ ઉપરાંત આજના આ દોડધામના યુગમાં બેકાર વાન-પ્રસ્થાશ્રમીઓ સિવાય ભાગ્યે જ કોઈને પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવાનો સમય કે હોંશ રહેતી હશે. તો પછી એની પાછળ શકિતઓને બરબાદ કરવાનો શો અર્થ? કેવળ ગોખણપટ્ટીના અભ્યાસ-ક્રમમાં વિદ્યાર્થીને રસ આવવો એ તો કડબના પૂળામાંથી રસ ચૂસવા બરોબર છે. મારું તો એ મંતવ્ય છે કે દેવવંદન, ગુરુવંદન, ચૈત્યવંદન કે સામાયિક તથા જરૂર લાગે તો સ્નાત્રાદિ જેટલી વિધિ શીખે એટલું બસ છે. બાકી મહાપુરુષોના ચરિત્રો, જૈન ધર્મનો ગૌરવભર્યો ઈતિહાસ, વર્તમાન જૈન સમાજની પરિસ્થિતિ, આજના યુગમાં જૈનોનું સ્થાન અને કર્તવ્ય, સરળ ભાષામાં ધર્મના ઉદાત્ત તત્વો અને માન્યતાઓ, ઉપયોગી સ્તવન, સઝાય અને પદો, પ્રસંગે સામૂહિક ચૈત્યવંદન—સામાયિકનો કાર્યક્રમ, યાત્રા. તીર્થ-ધામોનો પ્રવાસ, સામાજિક સેવાઓની કેળવણી, પંડિતો કે વિદ્વાનો દ્વારા અપાતાં નાનાં—મોટાં વ્યાખ્યાનો, ઉપરાંત રસદાયક સંવાદો—નૃત્યો તથા મનોરંજન વગેરેના અભ્યાસક્રમોનું શિક્ષણ જો કક્ષાવાર ગોઠવી આપવામાં આવે તો, હું માનું છું કે, ધાર્મિક શિક્ષણમાં એક નવી હવા પેદા થશે અને એમાં નવું તેજ ઉમેરાશે. વળી વિદ્યાર્થી-ઓને પણ એથી રસ, ઉમંગ અને ઉત્સાહ સાથે એનું આકર્ષણ પણ થશે. મતલબમાં જો વિદ્યાર્થીમાં અસ્મિતા પ્રગટ થશે, ધર્મ પ્રત્યે રસ—રુચિભાવ પેદા થશે તો આગળનો અભ્યાસ તો એ એની મેળે જ કરી લેશે. આજે એને પાઈ—પૈસો આપીને કે ગોળી પટ્ટીઓ વહેંચીને ખવડાવવાની જરૂર નથી. જરૂર એને ભૂખ લગાડવાની છે, આથી સમાજના ઉત્થાન માટે એનામાં અસ્મિતા પ્રગટાવવાની છે. આજના યુગ માટે તો આટલું જ ધર્મશિક્ષણ પૂરતું લેખાવું જોઈએ.

બાકી આજની આ સ્થિતિ ખૂંચતી હોઈ બાળકોને ધર્મ-તત્વોનું કંઈક જ્ઞાન થાય એ માટે સરળ ભાષામાં એક પુસ્તિકા તૈયાર કરવા મેં પુજ્ય મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજને વિનંતિ કરી. પણ એમણે તો મારા પર જ એ ભાર નાખ્યો. હું નાના બાળકો માટે તો નથી લખી શકયો, પણ જૈન—જૈનતર વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી મેં 'જૈન ધર્મ અને સંઘ' પુસ્તક તૈયાર કર્યું છે. આ પુસ્તકમાં ધર્મ અને સંસ્કૃતિનો ઉદય, ભગવાન મહાવીરનું ટૂંકું જીવન, જૈનધર્મના ઉદાત્ત તત્ત્વો પર ૪૦ પ્રકરણ, જૈનધર્મનો ટૂંક ઈતિહાસ, ઉપરાંત આચાર વિચાર, મંદિર, ઉપાશ્રય, ફિરકા—ગચ્છોની આછી રૂપરેખા, સાધુ—સાધ્વીઓના આચારો તથા ભારતમાં ચાલતા ૪૪ જેટલા ધર્મોની આછી રૂપરેખા અને એમની વિચારધારા, ઉપરાંત વર્તમાન જૈનસમાજ વિષે ઉપયોગી માહિતીઓ પણ આપવામાં આવી છે.

મુનિશ્રી પુણ્યવિજયજી, જંબુવિજયજી વગેરે મુનિઓ, ઉપર ઉપરથી એ પુસ્તક તપાસી ગયા છે. મુનિશ્રી ન્યાયવિજયજીએ 'જૈન તત્વજ્ઞાન' વિષેનું પ્રકરણ સુધારી આપ્યું છે. અન્ય પ્રકરણોમાં મુનિશ્રી પુણ્યવિજયજીએ કેટલાક સુધારા કર્યા છે. આ બધા સુધારા વધારાને મૂળ લખાણમાં મેં વ્યવસ્થિત રીતે ગોઠવેલ છે. આ રીતે તૈયાર થયેલા પુસ્તક ઉપર મુનિશ્રી પુણ્યવિજયજીની તેમ જ

મુનિશ્રી જંબુવિજયજીની ફરીથી નજર ફરી જાય એ બાબતની બે વર્ષથી હું રાહ જોઈ બેઠો હતો. એવામાં આપણા પ્રસિદ્ધ લેખક શ્રી જયભિખ્ખુને મળવાનું બન્યું. તેઓશ્રી આ પુસ્તક ઉપર ઊડતી નજર નાખી રાજી થયા ને મુનિશ્રી પુણ્યવિજયજી યા કોઈ અન્ય વિદ્વાન—અભ્યાસી પંડિત પાસે વંચાવી—સુધરાવી મને સહાયભૂત થવા એ હસ્તલિખિત પુસ્તક તેઓ સાથે લઈ ગયા છે. આશા રાખું છું કે, એ કૃતિ કોઈ યોગ્ય સંસ્થા દ્વારા જૈનસમાજ સમક્ષ વહેલી મોડી મુદ્રિત આકારમાં રજૂ થશે અને સંભવ છે કે હાઈ-સ્કૂલ અને કૉલેજના જૈન—વિદ્યાર્થીઓ માટે એક પાઠ્યપુસ્તકની ગરજ સારશે. જૈનધર્મ અને સંઘ વિષે જાણવા ઈચ્છતા જૈનેતર વિદ્યાર્થીઓને પણ એ ખૂબ ઉપયોગી નીવડશે.

આવી જ રીતે 'વહેમો અને ચમત્કારો' એ મથાળા નીચે જૂના લખાયેલા, એક યા બીજા સામયિકોમાં પ્રગટ થયેલા અને કેટલાક નવા લખાયેલા એવા મારા લેખોનો સંગ્રહ પ્રકાશનની રાહ જોતો પડયો છે.

અત્યાર સુધીમાં 'અખંડ આનંદ', 'જનકલ્યાણ', 'જૈન', 'પ્રબુદ્ધ જીવન' વગેરે પત્રોમાં મારાં લખાણો પ્રગટ થતાં રહ્યાં છે તેમ જ કેટલીક નિબંધ હરીફાઈઓમાં મેં ભાગ લીધો છે. આવી જ રીતે તાજેતરમાં પૂના જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી યોજાયેલી 'મહાવીરની ઉપદેશધારા' એ શિર્ષક નિબંધ હરીફાઈમાં મેં ભાગ લીધો. મારા નિબંધને પ્રથમ સ્થાન મળ્યું અને એ હરીફાઈમાં પહેલાં પાંચ વિજેતાઓને સન્માનવા માટે રોકસી થિયેટરમાં યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેવા નિમિત્તે મુંબઈ આવવાનું બન્યું અને પરિણામે આપની સમક્ષ ઉપસ્થિત થવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે.

ક્રમશ: **શાહ રતિલાલ મફાભાઈ**

# શોષણમુકિતનો સરલ ઈલાજ

## એક ચર્ચાપત્ર

('શોષણમુકિતનો સરળ ઈલાજ: 'અમર' રૂપિયાને નશ્વર બનાવો' એ મથાળા નીચે તા. ૧૬—૫—૭૨ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી. અપ્પા-સાહેબ પટવર્ધનના લેખમાં દર્શાવેલા વિચારોની આલોચના કરતું શ્રી જટુભાઈ મહેતા તરફથી મળેલ ચર્ચાપત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

શ્રી અપ્પાસાહેબ પટવર્ધનના લેખમાં કેટલુંક તાત્ત્વિક સત્ય જરૂર જણાય છે, પરંતુ તેમની વિચારણા આજની વિષમ આર્થિક પરિસ્થિતિના નિવારણ માટે વ્યવહારૂ જણાતી નથી.

અગાઉ જ્યારે માણસને આર્થિક મુશ્કેલી પડતી ત્યારે તે શાહુકાર પાસેથી વ્યાજે નાણા લેતો. આમાં બે પ્રકારો મુખ્ય હતા; એક, ખેડૂતને આગલું વર્ષ નબળું ગયું હોય ત્યારે બીજે વર્ષે બીયારણ વગેરે માટે તથા પોતાના કુટુંબના નિભાવ માટે અનાજની જરૂર પડતી, ત્યારે તે શાહુકાર પાસેથી વ્યાજે નાણાં લેતો. બીજું, નબળી આર્થિક સ્થિતિનો ખેડૂત કે બીજો કોઈ માણસ લગ્ન કે કારજ પ્રસંગ ઉકેલવા માટે વ્યાજે નાણાં લેતો.

બીયારણ, બળદ વગેરે ખેતીનાં સાધનો કે પોતાના કુટુંબના નિભાવ માટે અનાજ-વસ્ત્ર ખરીદવા જ્યારે ખેડૂત નાણાં વ્યાજે લે, ત્યારે સામાન્યત: તેની સ્થિતિ લાચાર હોય છે. આવા સંજો-ગોમાં તેને સહાય કરવાની ગામના શ્રીમંત માણસની ફરજ થઈ પડે છે. એટલે આપેલાં નાણાં માટે વ્યાજ લેવાનું ઉચિત ગણાય નહિ. આ કારણે ઈસ્લામમાં વ્યાજે નાણાં આપવાનું નિષિદ્ધ ઠરાવવામાં આવ્યું હશે.

અગાઉના સમયમાં લગ્ન કે કારજ પ્રસંગે રિવાજ મુજબ ખર્ચ કરવું પડે તે એક સુયોગ્ય વ્યવહાર ગણાતો અને મનુષ્યની તે એક સામાજિક જવાબદારી ગણાતી. એટલે એવા પ્રસંગે વ્યાજે નાણાં લેવા પડતા. આવા પ્રસંગે વ્યાજે નાણાં આપનાર શોષક ન ગણાતો, પણ ઉલટું તે કુટુંબનો મદદગાર ગણાતો. સંબંધિત શ્રીમંતો આવા પ્રસંગે વ્યાજ વિનાયે ધીરધાર કરતા. નબળી આર્થિક સ્થિતિવાળાને કરજે લીધેલી રકમ પાછી વાળવા માટે ભારે વેંતરું કરવું પડતું. એ સ્થિતિમાં વ્યાજ ભરવાનું તો ભારે જ પડી જાય. એટલે નબ-ળાને સહાય કરવાની સબળાની નૈતિક ફરજ ગણીને વ્યાજનો નિષેધ ધાર્મિક નેતાઓએ કર્યો હોય એ વ્યાજબી છે.

પરંતુ આજે તો વેપાર ધંધાની વૃદ્ધિ માટે, નવા ઉદ્યોગ માટે કે પોતાની વાહવા કહેવરાવવા લગ્નાદિ પ્રસંગોમાં મોટું ખર્ચ કરવા માટે વ્યાજે નાણાં લેવામાં આવે છે. મૂડી એ કમાણીનું સાધન છે, અને કમાણી કરવા માટે બીજાની મૂડી લેવાય, તો તે માટે વ્યાજ ભરવું લેનાર માટે આવશ્યક છે, અને જે મૂડી કોઈ પણ ધંધામાં રોકીને તેમાંથી કમાણી થઈ શકે છે, તે કમાણીના બદલામાં મૂડીનું વ્યાજ ઉપજાવવાનું સામાજિક કે નૈતિક દૃષ્ટિએ ગેરવ્યાજબી ગણાય નહિ.

શ્રી. પટવર્ધન કહે છે કે મૂળ રકમ જેટલું વ્યાજ મળી જાય એટલે દેણદાર કર્જમુકત થઈ જવો જોઈએ. તેનો અર્થ એ થયો કે વ્યાજરૂપે મૂળ રકમ લેણદારને પાછી મળે એટલે પત્યું. બિલકુલ વ્યાજ ન લેવું જોઈએ. નાણાંની ધીરધાર વગર વ્યાજે કરવી જોઈએ. આજના યુગમાં આ બાબત કોઈ રીતે વ્યવહારુ નથી. વ્યાજ બદલા વિના કોઈ માણસ બીજાને નાણું શા માટે આપે?

એક હકીકત સત્ય છે કે મૂડી પરનું વ્યાજ એ આળસુ કમાણી છે, પણ તે અનૈતિક નથી. આજે વ્યાપાર ઉદ્યોગ માટે કે પુનર્ધીરાણ દ્વારા વ્યાજ ઉપજાવવા માટે શરાફો અને બેંકો વ્યાજે નાણાં લ્યે છે. વ્યાજ ન લેવાનો કે મૂળ રકમ જેટલું વ્યાજ ભરાઈ જાય એટલે મૂળ રકમ કરજદારને પચી જાય એવો કાયદો સમાજવાદી કે સામ્યવાદી સરકાર પણ કરે નહિ. આને માટે વ્યાજનિયંત્રણ કાયદો હોવો ઘટે અને એવો કાયદો અસ્તિત્વમાં પણ છે. ધીરધાર અંગે બીજા પણ કાનુનો સરકારે કરેલા છે.

જેવું વ્યાજનું એવું ભાડાનું છે. મકાનની કિંમત જેટલું ભાડું ભરાયા પછી મકાનની માલિકી ભાડૂતની થઈ જાય. તેવો કાયદો કરવામાં આવે તો મકાન બાંધે જ કોણ? અને શા માટે બાંધે? મુંબઈ અને મકાનતંગીવાળાં શહેરોમાં ભાડાનિયમન કાયદો તો છે જ, જેથી માલિકને ભાડું જૂની મર્યાદા મુજબ મળે છે, જ્યારે કરવેરા એટલા ભરવા પડે છે કે ભાડાની આવક અત્યારે નજીવી ગણાય છે અને તેથી મુંબઈ સરકારે મકાનપ્રવૃત્તિને ઉત્તેજન આપવા માટે નવાં મકાનોને ભાડાનિયમનમાંથી મુકિત આપી છે. આ પરિસ્થિતિમાં શ્રી પટવર્ધનની માગણી પ્રમાણે આર્થિક મૂલ્યો બદલાવનારા કાયદા કોઈ સરકાર કરે નહિ.

વ્યાજ કે ભાડાની બાબતમાં આટલી વસ્તુ વ્યાજબી ગણાય કે વ્યાજ કે ભાડાની રકમ મૂળ રકમ કે મકાનની મૂળ કિંમત કરતાં બમણી થઈ જાય, ત્યારે ધીરેલી મૂડી દેણદારની કે મકાન ભાડૂતનું આપોઆપ બની જાય; કારણ કે એથી મૂડી અને મૂડી જેટલું વ્યાજ તથા ભાડું અને મકાનની મૂળ કિંમત બંને લેણદારને કે મકાનમાલિકને મળી રહે છે. બેવડા વ્યાજ કે ભાડાની રકમથી વધુ લેવું એ શોષણ ગણી શકાય, અને એને કાયદાથી અટકાવી શકાય.

"મજૂરોના પગારમાં કાપકૂપ કરીને જ ભાગીદારો માટે ડિવિડન્ડ નકકી કરવામાં આવે છે" એવું શ્રી પટવર્ધનનું વિધાન પણ બરાબર નથી. ઔદ્યોગીકરણના આ યુગમાં મજૂરોને સારા પગાર ઉપરાંત પૂરતી મોંઘવારી અને બોનસ પણ મળે છે. રહેવાનાં મકાનો અને તબીબી રાહત પણ હવે મળતાં થયાં છે. એટલે

૯૦



હવે જો મીલો કે કારખાનાં દ્વારા કોઈનું શોષણ થતું હોય તો તે મજૂરોનું નહિ, પણ ખરીદનાર વર્ગનું જ થાય છે.

વ્યાપારમાં વ્યાપારીને જે ચોકખો નફો થાય તેની સામાજિક વહેંચણી કરવાનું શ્રી પટવર્ધન જણાવે છે. પણ આવી સામાજિક વહેંચણી કઈ રીતે થઈ શકે તેનો ખુલાસો તેમણે કર્યો નથી. વળી વેપારમાં તો નફાની લાલચ સાથે ખોટનું પણ જોખમ હોય છે. તો આવી ખોટની સામાજિક વહેંચણી થઈ શકે ખરી? શ્રી પટવર્ધન જથ્થાબંધ વ્યાપાર સરકાર કે સમાજ હસ્તક ચાલવો જોઈએ એમ માને છે, પરંતુ સરકાર હસ્તક અને સમાજ હસ્તક (એટલે સહકારી ધોરણે) જે વ્યાપાર હાલ ચાલી રહ્યો છે, તેમાં જે બેદરકારી, બીનઆવડત અને વહીવટી ગોટાળાઓ દષ્ટિગોચર થયાં છે તે જોતાં આ સૂચન તો બકરું કાઢતાં ઊંટ પેસાડવા જેવું ગણાય. શ્રી. પટવર્ધન દલાલીને પણ શોષણનું અંગ ગણે છે. પરંતુ વ્યાપારને શક્ય બનાવવા અને સરળ બનાવવા દલાલની સેવાઓ પણ દરેક ક્ષેત્રે જરૂરી ગણાઈ છે. સરકાર હસ્તક ચાલતો જીવનવીમા વ્યવસાય, બચત યોજના, પ્રકાશન કાર્ય વગેરેમાં પણ દલાલો રોકવા પડયા છે.

મોટા અમલદારો, ઈજનેરો, વકીલો, ડૉકટરો અને અન્ય કારીગરો જે મોટા પગારો અથવા મોટી ફી લેતા હોય છે, એને અટકાવવાનું શ્રી પટવર્ધન મુશ્કેલ ગણે છે. પરંતુ વ્યાજ, વટાવ, ભાડું અને ડિવીડન્ડ કાયદા કરીને સીધી રીતે અટકાવવાનું કાર્ય તો એથી યે મુશ્કેલ બનશે.

રૂપીઆને મર્ત્ય બનાવવા માટે એક સાલની નોટ બીજી સાલ ન ચાલે એમ કરવું અને સરકારી બેંકમાં તે બદલાવવા માટે છ ટકા કાપી લેવા, એટલે દર વર્ષે માણસનું ધન છ છ ટકા ઘટતું રહે એવી ગણત્રી શ્રી પટવર્ધને કરી છે, તે અંગે એટલું જ કહેવાનું કે કોઈ સરકાર સો રૂપિયાની હુંડીના ચોરાણું રૂપીઆ આપે, તો તે હુંડીની અને સરકારની પ્રતિષ્ઠા શી રહે? અને લોકો નોટોને બદલે સોનું રૂપું સંઘરે તો શું કરવું? બીજું, આવો કિંમત—ઘટાડાનો કાયદો હોય તો દર વર્ષે સમયે સમયે વર્ષની મુદત પૂરી થતાં સુધી રૂપીઆની કિંમત ઘટતી રહે. દરરોજ કેલેન્ડરની તારીખનું પાનું ફાડતી વખતે રૂપિયાની કિંમત બબ્બે નયા પૈસા ઓછી ગણાય અને તે મુજબ રોજ રોજ વસ્તુઓની કિંમતમાં બબ્બે નયા પૈસાનો વધારો દર રૂપિયે કરવો પડે. આમ ચલણની કિંમત તદ્દન અસ્થિર બની જાય અને નિરક્ષર તથા ભોળા માણસોનું શોષણ વેપારીઓના હાથે થવા માંડે.

આ બધા પછી પણ આશ્ચર્યજનક વાત તો એ લાગે છે કે શ્રી પટવર્ધન જેવા સર્વોદયમાં માનનારા વિચારક આ બધું કાયદા દ્વારા કરાવવા માગે છે. લાંચરુશ્વત, ચોરી, કાળાબજાર, નફાખોરી, લાયસન્સ-પરમીટ વગેરેના ગેરલાભ વગેરે જે કેટલાંક અનિષ્ટો આજે મોટા પ્રમાણમાં ફુલ્યાંફાલ્યાં છે તેનું મુખ્ય કારણ વધુ પડતા અંકુશો અને કાયદાઓ જ છે. સર્વોદય વિચારધારા બને તેટલા ઓછા અંકુશો અને ઓછા કાયદામાં માને છે. મ. ગાંધીજી સત્તા દ્વારા ઓછામાં ઓછા રાજ્યમાં માનતા. આજે દેશમાં કાયદાનું રાજ્ય વધતું જ જાય છે અને જનતા અંકુશોની જાળમાં વધુ ને વધુ સપડાતી જાય છે ત્યારે વધુ કાયદા દ્વારા દેશના અર્થતંત્રને કાબુમાં લેવાનો પ્રયાસ કોઈ રીતે યોગ્ય ગણાશે નહિ.

ત્યારે સ્હેજે જ પ્રશ્ન થશે કે દેશમાં પ્રસરી રહેલી આર્થિક વિષમતા ઓછી કરવાનો માર્ગ શો? આનો જવાબ મારા નમ્ર મત પ્રમાણે ઓછા અંકુશો, ઓછા કાયદા, વધુ ઉત્પાદન દ્વારા દેશની સમૃદ્ધિમાં વધારો, કરવેરા—ઘટાડા દ્વારા મધ્યમવર્ગની ખરીદશકિતમાં અને જીવનધોરણમાં વધારો અને થોડા લોકો પાસે એકત્ર થતા જતા વધુ નાણાંને રોકવા માટે મોટી આવક પરનો વધુ દરનો આવકવેરો તથા મિલ્કતવેરો, નફાવેરો, વારસાવેરો તથા વ્યાજ—ભાડા—શેર વગેરેની આળસુ આવક પર વધુ દરનો આવકવેરો નાખવો જોઈએ.

કાયદાના જડ તંત્રદ્વારા દુર્ગુણો કે મૂડીવધારો સરળતાથી રોકી શકાશે નહિ. લોક કેળવણી તથા આધ્યાત્મિકતા દ્વારા જીવનમાં નૈતિક અને ધાર્મિક મૂલ્યો વધારવાં અને હૃદયપરિવર્તન દ્વારા લોકમાનસ પલટાવવું—એ જ આજની આર્થિક વિષમતાને દૂર કરવાનાં યોગ્ય સાધન છે. વધુ કાયદા એમ દર્શાવે છે કે સરકારને લોકોમાં જ વિશ્વાસ નથી. આમ સરકારને ચૂંટનાર અને જેની સર્વોપરિતાના ગુણગાન કરવામાં આવે છે તે લોકો ઉપરના જ અવિશ્વાસ ઉપર જે રાજ્યતંત્ર નિર્ભર હોય, ત્યાં લોકશાહી કયાં રહી? આજની સરકાર વેપારીઓને ચોર માનીને જ ચાલે છે અને તેને મુંઝવવા વધુને વધુ કાયદા કાનૂનો કરતી જાય છે. પણ વેપારીઓ આવા દરેક પગલાંમાથી પોતાના હિતનો માર્ગ કાઢી લે છે, અને અન્તે તો સામાન્ય જનતાનું જ શોષણ ચાલુ રહે છે.

શ્રી પટવર્ધન આજે દાનની ભાવના ઓછી કે લુપ્ત થઈ ગયાનું માને છે; પણ જાહેર સંસ્થાઓ ચલાવનારાનો અનુભવ છે કે દાનનો પ્રવાહ હજુ અટકયો નથી. દાન કરવા પાછળ ફરજને બદલે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ મેળવવાની વૃત્તિ વધી છે એટલું ખરું. એ વૃત્તિને સંતોષવા માટે ધનમોહ વધ્યો છે અને શોષણ પણ વધ્યું છે. પરંતુ ધનની અને ધનિકોની પ્રતિષ્ઠા વધારવાનું પાપ પણ જાહેર સેવકો, કાર્યકરો અને વિદ્વાનો જ કરી રહ્યા છે એ પણ એક દુ:ખદ સત્ય છે. દેશના સર્વોચ્ચ સ્થાને શ્રી. રાજગોપાલાચારી, રાજેન્દ્રબાબુ અને ડૉ. રાધાકૃષ્ણન જેવા સેવકો અને વિદ્વાનોને સ્થાપીને જે નવાં મૂલ્યોની સ્થાપના આપણે કરી છે, તેવી જ જીવનના નાના મોટા દરેક ક્ષેત્રમાં જો આપણે કરી શકીએ, તો ધનમોહ અને ધનિકો દ્વારા થતા શોષણને આપણે અટકાવી કે ઘટાડી તો જરૂર શકીએ.

તા. ૨૪—૫—૬૨ જટુભાઈ મહેતા

## પ્રતિષ્ઠા શાપરૂપ

પ્રતિષ્ઠા શાપરૂપ છે, જે એક એવું અનિષ્ઠ છે જે મન હૃદયને ક્ષીણ બનાવે છે. અજાણી રીતે એ પગપેસારો કરે છે અને પ્રેમને હણે છે. સફળતાનું પાન અનુભવવું, દૂનિયામાં પોતાનું સ્થાન સંપાદન કરવું, ધન, સત્તા, સફળતા, શકિત કે સદ્ગુણથી પ્રાપ્ત થતી ખાતરીની નિશ્ચિતતાની દિવાલ ચણાવી તે પ્રતિષ્ઠિત થવાનો અર્થ છે. આ ખાતરીમાંથી નીપજતી એકદેશીયતા માનવ સંબંધોમાં એટલે કે સમાજમાં દ્વેષ અને વેરભાવ ઉત્પન્ન કરે છે, પ્રતિષ્ઠિત માણસો હંમેશા સમાજનો અમીરવર્ગ લેખાય છે અને તેથી જ તેઓ દુ:ખ અને કલહના કારણભૂત હોય છે. પ્રતિષ્ઠિત તેમજ તિરસ્કૃત હંમેશા સંયોગોની દયા પર જીવે છે. એમને માટે સંયોગોની અસર અને પ્રથાનું વજન અતિશય મહત્વનાં હોય છે, કારણકે એ ઉભય એમના આંતર-દારિદ્રયને આચ્છાદે છે. પ્રતિષ્ઠિત માનવીઓ પોતાનું રક્ષણ કરનારા, ભયયુકત અને વ્હેમી હોય છે. એમના હૃદય ભયથી ભરેલાં છે એટલે ક્રોધ એમનો સદાચાર બને છે, એમના સદ્ગુણ અને એમનો ધર્માચાર પોતાનું રક્ષણ કરવાના એમના સાધનો છે. એઓ અંદરથી ખાલી પણ ઉપરથી ઘોંઘાટ કરનાર પડઘમ જેવા છે. પ્રતિષ્ઠિત માણસો સત્યને કદી પણ ગ્રહણ કરી શકે નહિ, કારણકે તિરસ્કૃત માનવીઓની માફક તેઓ પોતાના જ આત્મગૌરવની ચિંતામાં જકડાયેલા છે. તેઓ સત્યથી દૂર રહે છે, એટલે સુખ એમને પ્રાપ્ત થતું નથી.

જે. કૃષ્ણમૂર્તિ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૬

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

મુંબઈ, જુલાઈ ૧૬, ૧૯૬૨, સોમવાર

આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## સભ્ય દેશોમાં વધતી જતી શૂન્યતાની—એકલવાયાપણાની—બીમારી

(તા. ૧૬—૬—૬૨ના ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પ્રગટ થયેલ 'Psychology of Loneliness' એ મથાળા નીચે શ્રી ગિરિલાલ જૈનના પ્રગટ થયેલા લેખ વિભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

સુપ્રસિદ્ધ રોમાનિયન નાટકલેખક શ્રી યુજીન લોનેસ્કુએ રચેલ 'The Chairs' એ નામનું અત્યંત રસિક નાટક બી. બી. સી. ટેલિવિઝને થોડા દિવસ પહેલાં ભજવી બતાવ્યું હતું. એ નાટકના વાંચનારાઓને યાદ હશે કે 'એકલવાયાપણું' એ આ નાટકનો મુખ્ય વિષય હતો. તેમાં વૃદ્ધ અને બેહાલ એવા એક દંપતી યુગલના જીવનની રજુઆત કરવામાં આવી હતી. કશું નહિ કમાઈ શકનાર ધણી કે જેના વિષે તેની સ્રી એમ માને છે કે ધણીમાં કશી પણ મહત્વકાંક્ષાના અભાવના પરિણામે પોતાના સંસારની આવી કથળેલી સ્થિતિ થવા પામી છે—એવા ધણીની અને એવી સ્રીની જીવનકથા આ નાટકમાં ગૂંથવામાં આવી હતી. આ બંને પતિપત્ની વસ્તુત: અસ્તિત્વ નહિ ધરાવતા એવા કાલ્પનિક માનવન્તા મહેમાનોને આવકાર આપવા માટે વારેઘડિએ ઘરનું બારણું ઉઘાડબંધ કરવા પાછળ આખી સાંજ પસાર કરતા હોય છે. તેઓ ખુરશીઓને એકઠી કરે છે અને વ્યવસ્થિત રીતે ગોઠવે છે અને જાણે કે જીવતા માનવીઓ સાથે વાર્તાલાપ કરતા હોય એમ આ ખુરશીઓને ઉદ્દેશીને તેઓ વાતો કરતા હોય છે. હજારો પ્રેક્ષકોએ, જાણે કે પોતાના જીવનની પરિસ્થિતિને આબાદ રીતે રજુ કરતું હોય એવો અનુભવ, આ નાટકને નિહાળતાં જરૂર કર્યો હશે. લેખકના પોતાના જ દેશમાં એટલે કે રોમાનિયામાં આ એકલવાયાપણાની સમસ્યા કેટલી તીવ્ર છે, તેની મને ખબર નથી. પણ 'સન્ડે ટાઈમ્સ'માં પ્રગટ થયેલા મિસ સુસાન કૂપરના ત્રણ લેખોની ખૂબ ધ્યાન ખેંચે તેવી લેખમાળામાં જે વિચારો અને વિગતો રજુ કરવામાં આવેલ છે તે મુજબ બ્રીટનમાં આ સમસ્યા ઉત્તરોત્તર ખૂબ તીવ્ર બની રહી હોય એમ લાગે છે. આ લોકકલ્યાણલક્ષી રાજ્યમાં, દુનિયા સાથે પોતાને સંલગ્ન રાખતાં બંધનો તુટી જવાથી, દર અઠવાડિયે આશરે ૪૦૦ માણસો આપઘાત કરવાની કોશિષ કરતા હોય છે, અને તેમાં દર અઠવાડિયે ૧૦૦ માણસો જીવનનો અંત લાવવામાં સફળ થાય છે. આ હિસાબે બ્રિટનમાં દર વર્ષે ૧૦,૦૦૦ માણસે એક માણસ આપઘાત કરતો માલુમ પડે છે. આપઘાતનું આ પ્રમાણ સ્વીડન કરતાં ઓછું છે. (સ્વીડનમાં દર વર્ષે ૬૦૦૦ માણસે એક માણસ આપઘાત કરતો હોય છે.) આમ છતાં બ્રીટનમાં આપઘાતનું પ્રમાણ ગત વિશ્વયુદ્ધ બાદ, એકસરખું વધતું રહ્યું છે. આમાં દરેક હૉસ્પિટલનાં ત્રીજા ભાગનાં બીછાનાંઓ રોકતા માનસિક દર્દીઓ—mental patients—ની સંખ્યાનો ઉમેરો કરો અને આ એકલવાયાપણાના વ્યાધિના વિસ્તારનો તમને કાંઈક ખ્યાલ આવશે.

પ્રજાનો એક પણ વિભાગ એવો નથી જે આ વ્યાધિનો ભોગ બન્યો ન હોય. સરકારી નોકરો, આધેડ વયના સેક્રેટરીઓ, નર્સો, મિલ્કતોની લે વેચ કરાવતા દલાલો, દુકાનના નોકરિયાતો, અને ડાકટરો—આવા અનેક વર્ગના લોકો એકલવાયાપણાની અકળામણની ફરિયાદ કરતા માલુમ પડયા છે, આ વ્યાધિના સૌથી વધારે ભોગ બનેલા એ ઘરડાં સ્રી પુરૂષો છે કે જેમનાં બાળકો મોટાં થઈ ગયાં છે અને જેમના મિત્રો અને સાથીઓ મરી પરવાર્યા છે. આ વ્યાધિ માત્ર લંડન પૂરતો જ વ્યાપક છે એમ નથી. આ વ્યાધિ તો ૧,૦૦,૦૦૦ અને તેથી પણ ઓછી વસ્તી ધરાવતા નાનાં શહેરો સુધી ફેલાયો છે.

આ એકલવાયાપણાની મનોવ્યથાનો સરકારી કક્ષાએ એક સમસ્યા તરીકે સ્વીકાર કરવામાં આવ્યો નથી અને તેથી આપણું ધ્યાન ખેંચે એવા—આ પ્રશ્ન અંગે પ્રમાણભૂત—આંકડાઓ ઉપલબ્ધ નથી. મિસ કૂપરે બ્રિટીશ સમાજનું પૂરા ઔચિત્યપૂર્વક —honey-comb society—મધપુડા સમાજ—તરીકે વર્ણન કર્યું છે. (અનેક બ્લોકસથી ભરેલા મધપુડા જેવાં મોટાં મકાનોમાં રહેતા લોકો એટલે કે મધપુડાવાસી સમાજ). મિસ કૂપરના કહેવા મુજબ "બ્રીટનનાં પોલાં શહેરોમાં—જ્યાં કોઈ પોતાના પાડોશીને પણ જાણતું નથી આવાં શહેરોમાં—વીશ લાખથી વધારે માણસો કેવળ એકલા બનીને રહે છે. લડાઈ પહેલાં હતી એ કરતાં આ સંખ્યા બમણી છે." શહેરના જૂના કૌટુંબિક ઘરો ફ્લેટસમાં અને ડબલ—રૂમની ચાલીઓમાં વહેંચાઈ ગયાં છે. આવા ફ્લેટ્સ અને ચાલીઓમાં હજારો જુવાન સ્રી- પુરુષો ઘસડાયે જાય છે અને એકલવાયા લોકોની જમાતમાં વધારો કર્યે જાય છે.

આ હનીકૉંબ સોસાયટીના—મધપુડા સમાજના—ભોગ બનેલા લોકો રેડિઓ અને ટેલિવિઝન વડે પોતાની એકાન્તના ખાલીપણાને—મૌનને—ભરી દે છે. તેઓ એકલવાયાપણાની વ્યથાને ભુલી જવા માટે—અને નહિ કે પોતાની વિચારશકિતને નવી ઉત્તેજના મળે એ માટે—ચોપડીઓ, માસિકો, અને દૈનિકો વાંચતાં હોય છે. કોઈ જીવન્ત પ્રાણી ઉપર પોતાનો પ્રેમ વહાવી શકે એ માટે તેઓ કુતરાં, બીલાડાં કે પક્ષીઓ પાળતા હોય છે. જીવનના કંટાળાથી છૂટવા માટે તેઓ એકાએક કોઈ સમુદ્રકિનારાના રમણીય સ્થળે પહોંચી જાય છે. આની કરુણતા તો એમાં રહેલી છે કે આ ખાલીપણાનાં પ્રતીકો પ્રતિષ્ઠાનાં પ્રતીકો બની બેઠાં છે. છેલ્લા 'વ્હીટસમ'ના રજાના દિવસો દરમિયાન હું લંડન બહાર કોઈ સ્થળે ગયો હતો કે નહિ એ પ્રશ્ન ચાલુ અઠવાડિયા દરમિયાન મને કેટલીયે વાર પૂછવામાં આવ્યો હતો. જેઓ એ મુજબ બહાર

જાય છે તેઓ, એક સ્થળેથી બીજા સ્થળે ભટકવા અંગે અને મોટરમાં આમથી તેમ અફળાતા રહેવા અંગે લાગેલા થાકમાંથી મુકિત મેળવવા માટે, એટલા જ બીજા રજાના દિવસોની અપેક્ષા રાખતા માલુમ થડે છે.

આ એકલવાયાપણામાંથી છૂટવા માટે લેવામાં આવતા ઉપાયો વધારે ભયંકર અને ઘાતક નીવડે છે એના પુરાવા લંડનના જીવનમાંથી જોઈએ તેટલા મળે તેમ છે. એકલવાયાપણામાંથી છૂટવા માટે એક યા બીજા પ્રકારના આંધળુકિયા કરતી છોકરીઓ અનેક આફતોનો ભોગ બની બેસે છે. દારૂડિયાની સંખ્યા વર્ષ પ્રતિ વર્ષ વધતી જ જાય છે. દરેક રાત્રે એકલાં પુરુષો તેમ જ સ્રીઓ દારૂના પીઠામાં અથવા તો ભોગવિલાસનાં સ્થાનોમાં કલાકોના કલાકો સુધી બેસી રહેતાં અને મોડી રાત સુધી વ્યર્થ સમય ગાળતાં નજરે પડે છે. જુગાર અસાધારણ પ્રમાણમાં ચોતરફ ફેલાતો જાય છે. લગ્નોની ગોઠવણ કરી આપતી સંસ્થાઓ—મેરેજ બુરો—જે વિશેષત: આ જમાનાની જ પેદાશ છે—તે આ એકલવાયાપણાની વ્યાપક સમસ્યાના કારણે આજે ચોતરફ ખૂબ ફાલીફૂલી રહી છે. કોઈ સાથે બીલકુલ સંબંધ ન હોય એ કરતાં પૂરો સંતોષકારક નહિ એવા—જેવા તેવા—સંબંધને વધારે ઈચ્છનીય—આવકારદાયક—લેખવામાં આવે છે. અને આમ એકલવાયાપણાના ત્રાસમાંથી અનેક કજોડાં નિર્માણ થાય છે અને ઓલમાંથી ચુલમાં પડવા જેવી કંઈ કંઈ ઘટનાઓ બનતી આપણા જોવામાં તેમ જ સાંભળવામાં આવે છે.

અનુવાદક: પરમાનંદ મૂળ અંગ્રેજી: શ્રી. ગિરિલાલ જૈન.

તંત્રીનોંધ: આ એકલવાયાપણાની સમસ્યા આપણા દેશમાં ખાસ કરીને મોટા શહેરોમાં વસતા પ્રજાજનોમાં પણ ઠીક પ્રમાણમાં દષ્ટિગોચર થઈ રહી છે. માનવીના મનમાં આ એકલવાયાપણાની લાગણી અનેક કારણોને લીધે જન્મ પામે છે જેનું સવિસ્તર વિશ્લેષણ કરવું મુશ્કેલ છે. જેની કોઈ ખાસ સંભાળ લેનાર ન હોય એવા વૃદ્ધ માનવીઓ જ આ લાગણીના શિકાર બને છે એમ નથી. અનેક યુવાનો મનથી નિર્ધારિત ધ્યેય યા લક્ષ્યમાં નિરાશા સાંપડવાના પરિણામે એકલવાયાપણું—શૂન્યતા—અનુભવે છે. આ લાગણીનો માનવી ચિત્ત ઉપર ઘેરો વધતાં જતાં કોઈ કોઈ માનવી જીવનનો અંત લાવવાની અનિવાર્ય મનોદશાનો ભોગ બની બેસે છે. અવિભકત—સંયુકત—કુટુંબરચના આફતમાં આવી પડેલા માનવીને બહુ મોટી ઓથ આપતી, હુંફ આપતી, મનનું રોકાણ આપતી. એ રચના આજના વ્યકિતલક્ષી જીવનના કારણે તૂટતી જાય છે. અલબત્ત, વ્યકિતગત વિકાસની દષ્ટિએ નાનું કુટુંબઘટક વધારે સહાયક બને છે, પણ બીજી બાજુએ આવું કુટુંબઘટક એકલવાયાપણાની વૃત્તિનો અવારનવાર ભોગ બની જાય છે. વળી પતિ પત્ની અને એક યા બે બાળકો—આવા નાના કુટુંબઘટકમાંથી પતિ યા પત્નીનું મરણ થતાં અન્ય વ્યકિત અસાધારણ શૂન્યતાની ભોગ બની જાય છે. આમાંથી બચવા માટે સંયુકત કુટુંબનું જે અવલંબન મળતું તે હવે સુલભ રહ્યું નથી. આજની રહેણીકરણી માનવીના જીવનમાં એકલવાયાપણું પેદા કરવામાં બહુ મોટો ભાગ ભજવે છે. આજનું માનવીજીવન ભૌતિક જીવનમૂલ્યો ઉપર વધારે ને વધારે આધારિત બનતું જાય છે અને કમનસીબે દરેકને ધાર્યા મુજબની સફળતા મળતી નથી. આજનો માનવી સીનેમામાં અનેક રૂપસુન્દરીઓને જુએ છે અને પોતાના ભાગે જે કોઈ પાત્ર આવ્યું હોય તે રૂપના ધોરણે તેને બહુ જ ઉતરતું લાગે છે. આવા અનેક સંયોગોમાંથી અસંતોષ, નિરાશા, અને એકલવાયાપણાની લાગણી પેદા થાય છે. આજના જીવનમાં અર્થ અને ભોગોપભોગ સિવાય બીજી કોઈ ઉપાસના જવલ્લે જ જોવામાં આવે છે અને અર્થ અને ભોગોપભોગની ગમે તેટલી પ્રાપ્તિ થાય તો પણ તેમાંથી અતૃપ્તિ જ જન્મ્યા કરે છે અને તેને લગતા નવાં લક્ષ્યો હસ્તગત કરવાના પ્રયત્નમાં નિષ્ફળતા મળતાં નિરાશા, શૂન્યતા, એકલતા જન્મે છે અને ભર્યા જીવનમાંથી રસ ઉડી જાય છે. ટૂંકાણમાં એમ કહી શકાય કે જેના જીવનમાં ઉર્ધ્વલક્ષી મૂલ્યોની પ્રતિષ્ટા નથી, ભૌતિક સિદ્ધિઓના માપદંડથી જ્યાં જીવનની સફળતા—નિષ્ફળતા અંકાય છે, જેનામાં આધ્યાત્મિક ધ્યેયપૂર્વકની ઉપાસના નથી તેના માટે આજે માનવી જીવનના ભયસ્થાનરૂપ બનેલ એકલવાયાપણાના ભોગ બનવાનું જોખમ રહેલું છે.

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

## શૂન્યતા—નિવારણનો ઉપાય:

### એક અંગત નોંધ.

૧૯૩૦—૩૨ની સવિનય સત્યાગ્રહની લડત દરમિયાન બે વાર જેલયાત્રા કરવાનું સદ્ભાગ્ય મને સાંપડેલું. તે દિવસોમાં મેં સારા પ્રમાણમાં કાંતેલું. ત્યારબાદ મનમાં કાંતવાની અવારનવાર ઊર્મિ ઉદતી, થોડા દિવસ કાંતવાનું ચાલતું, વળી પાછું બંધ થઈ જતું. છેલ્લાં ત્રીશ વર્ષના ગાળામાં મારા માટે કાંતવાના અનેક તબક્કા આવ્યા અને ગયા, પણ કાંતવાની પ્રવૃત્તિ કદિ જીવનમાં સ્થિર અને સ્થાયી બનેલી નહિ. આ બધા કાંતવા પાછળ મનમાં મોટા ભાગે એક જ દષ્ટિ અને વૃત્તિ પ્રેરક બનતી. ગાંધીજીના યુગમાં આપણે જન્મ લીધો, તેમને જોયા, જાણ્યા અને નિકટથી સાંભળ્યા. તેમણે આપણને જીવનમાં નવી દ્રષ્ટિ આપી, નવી પ્રેરણા આપી અને આપણા જીવનને સભર અને સાર્થક બનાવ્યું. આપણા ઉપર તેમના ઋણનો કોઈ પાર નથી. તેમણે જિંદગીના છેડા સુધી આપણને નિયમિત કાંતવાનું કહ્યા કર્યું. આજના ખાસ કરીને શહેરી જીવનના સંદર્ભમાં કાંતવાનું બરોબર બંધ બેસે કે નહિ તો પણ, તેમની પ્રત્યેના આપણા ઋણાનુંબંધ ખાતર પણ આપણે કાંતવું જોઈએ—આ ભાવનાની ચિત્તમાં ચાલતી ભરતી-ઓટ સાથે મારું કાંતવાનું શરૂ થતું, ચાલતું અને બંધ થઈ જતું.

આજ કાલ કેટલાક દિવસથી વળી પાછું મારું કાંતવાનું શરૂ થયું છે પણ આ વખતે મને કાંતતો કરનારી પરિસ્થિતિ કાંઈક જુદા જ પ્રકારની છે. કેટલાએક સમયથી મને ડાયાબીટીસનો ઉપદ્રવ પીડયા કરે છે. વર્ષોના વહેવા સાથે ઉમ્મર પણ વધતી જ જાય છે. ટ્રામમાં, બસમાં જ્યાં જાઉં ત્યાં મોટા ભાગે લોકો હવે મને 'કાકા' શબ્દથી સંબોધે છે. ડાયાબીટીસના દર્દીઓ માટે ઉનાળો કસોટી કરનારી ઋતુ છે. કારણ કે શરીરની ગરમી ખમવાની તાકાત ઉત્તરોત્તર ઘટતી જાય છે અને પરિણામે ગરમી વધારે ને વધારે દુ:સહ બનતી જાય છે. આ ઉપરાંત ધંધોવ્યવસાય બંધ કરવાના કારણે અને સમય રોકનારાં સાધનો કલબ, સીનેમા, ગંજીપો આવી કોઈ પ્રવૃત્તિ સાથેના જોડાણના અભાવે સાંજે કયાં જવું, શું કરવું એ પ્રશ્ન અવારનવાર સામે આવીને ઊભો રહેવા લાગે છે. સવારે વહેલાં ઊઠીને ફરવા જવાની ટેવ છે અને પછી સાંજે ફરીથી ફરવા જવાનો ઉત્સાહ કે તાકાત અનુભવાતી નથી. ઘેર વહેલાં જઈને પણ શું કરવું એ પ્રશ્ન થાય છે. કારણ કે સાંજના સમયે વાંચન લેખનમાં ચિત્ત સહેજે પરોવાતું નથી અને બીજી કોઈ મનને રોકે એવી ક્રિયા સુઝતી નથી. રાત્રીના જમીને આરામ ખુરશી ઉપર લાંબો થઈને પડું કે આંખો ઘેરાવા લાગે. આમ છતાં વહેલો સુઈ જાઉં તો રાત્રીના પછીના કલાકો દરમિયાન આમ તેમ જાગતાં આળોટવું પડે. આમેય તે ડાયાબીટીસના પરિણામે તેમ જ ઉમ્મર વધવાના કારણે સાંજ પડે અને ઘેર આવું પછી શરીરે ખૂબ થાક લાગ્યો હોય એવી એક પ્રકારની થકાવટ—સુસ્તી—હું કેટલાય સમયથી અનુભવી રહ્યો છું અને તેથી પાસે પુષ્કળ સમય હોવા છતાં, અનિવાર્ય ન હોય તો, હું કશું વાચન લેખન કરી શકતો નહોતો. આ રીતે સમય જાણે કે નકામો વહી જતો હોય એવી લાગણી મને કેટલાક વખતથી પીડી રહી હતી.

આ બધાં કારણોને લીધે દિવસે તેમ જ રાત્રે હું એક પ્રકારની બેચેની, અસ્વસ્થતા, શૂન્યતા અનુભવી રહ્યો હતો. આમાંથી કેમ છૂટવું એ વિચાર મને ખૂબ મુંઝવવા લાગ્યો અને એ મુંઝવણમાંથી રેંટીયો મને યાદ આવ્યો અને તે પ્રવૃત્તિ શરૂ કરી. ઘણી વાર રાવારના ભાગમાં દશ અગિયાર વાગ્યે પણ વાંચતાં કે લખતાં

આંખો ઘેરાઈ જાય અને વાંચવા લખવામાં મન ચોંટે નહિ. આ કસમયનું ઉંઘવું મને સ્વસ્થ બનાવવાને બદલે બેચેન બનાવવા લાગ્યું. આ બધી બેચેનીમાંથી કાંતણક્રિયાએ મને ખૂબ રાહત આપી.

આજે વાંચવા લખવાનું જે ચાલતું હતું એ ચાલે જ છે, પણ આપણી વાંચનલેખનની ક્ષમતા મર્યાદિત હોય છે. અમુક સમય આ પ્રવૃત્તિ પાછળ ગાળ્યા બાદ, ગમે તેટલો ફાજલ સમય હોય તો પણ, વાંચવું અથવા તો લખવું આપણને ગમતું નથી, તેમાં કેમે કરીને આપણું મન પરોવાતું નથી. ચિત્તની આવી સ્થિતિ દરમિયાન નવરાશનો શું ઉપયોગ કરવો? સંભવ છે કે આ પ્રશ્ન જેમ મારી સામે છે તેમ મારી જેવા બીજા અનેકની સામે હોવો જોઈએ. અનુભવથી મને માલુમ પડયું છે, પ્રતીત થયું છે કે, સમયના આવા ગાળાઓને મનના સમાધાનપૂર્વક પૂરવા માટે આજના આપણા જીવનમાં હળવા શારીરિક શ્રમવાળી કોઇ ને કોઈ ઉત્પાદક સર્જક પ્રવૃત્તિની ખૂબ જરૂર છે. મેં કાંતવાની પ્રવૃત્તિ શરૂ કરી છે. અન્ય કોઈ શીવવાની પ્રવૃત્તિ હાથ ધરી શકે છે. ત્રીજો કોઇ એવી જ અન્ય ઉત્પાદક પ્રક્રિયા પાછળ પોતાનો સમય રોકી શકે છે. અંગ્રેજીમાં આને 'હૉબી' શબ્દથી ઓળખાવામાં આવે છે, પણ બધી હૉબી સાથે શરીરશ્રમ અને કાંઈક ઉપયોગી વસ્તુનું નિર્માણ જોડાયલું હોતું નથી. દા. ત. શબ્દવ્યૂહનાં ખાનાં ભરવાની હૉબી. હૉબી ઉત્પાદક ન હોય તો તે દ્વારા થતું મનનું સમાધાન લાંબો વખત ટકતું નથી.

ઉપર જણાવ્યું તેમ એક યા બીજા કારણને લીધે અનુભવાતી અને ચિત્ત ઉપર અસવાર થતી શૂન્યતાનું નિવારણ મને કાંતવામાં માલુમ પડયું છે. આવા બીજા હસ્તોદ્યોગની સરખામણીમાં કાંતવાની પ્રવૃત્તિ મોટા શહેરોમાં વસતા મારી જેવા માણસો માટે વધારે સરળ અને સગવડતાભરી છે, કારણ કે કાંતવા માટે રેંટીયો તથા પુણી દરેક ખાદીભંડારમાં સરળતાથી મળી શકે છે. એ ઉપરાંત રેંટીયાના બધાં અંગ ઉપાંગો પણ ત્યાં સુલભ હોય છે અને તેના સમારકામની પૂરી સગવડ હોય છે અને કાંતવાનુ શિખવા પાછળ પણ બહુ સમય જતો નથી, અને તેમાંથી પેદા થતા સુતરનું કાપડ બનાવવાની પણ આ ખાદીભંડારો મારફત પુરી સગવડ હોય છે.

તો જેઓ ઉમ્મરના કારણે, માનસિક અસ્વસ્થતાના કારણે, નવરાશના કારણે, ગરમીના કારણે કે ગમગીનીના કારણે મારી માફક શૂન્યતા અનુભવતા હોય તેમને મારો ઉપાય અજમાવવાની હું ભલામણ કરું છું. સવારે, બપોરે, સાંજે કે રાત્રે—જ્યારે બીજું કશું કરવું ન સુઝે અથવા બીજું કશું કરવું ન ગમે ત્યારે—રેંટીયો લઈને હું બેસું છું અને કાંતવાનો આનંદ માણું છું. કાંતતા કાંતતા એક પ્રકારનું ચિન્તન ચાલે છે અને સ્વાભાવિક રીતે ગાંધીજીનું સ્મરણ પણ થયા જ કરે છે, કારણ કે આપણા ચિત્તમાં ગાંધીજી અને રેંટીયો એકમેક સાથે સંકળાયેલા પડયા છે અને આ પણ એક રીતે ચિત્તના ઉર્ધ્વીકરણમાં—ઉર્ધ્વ લક્ષી ચિન્તનમાં-ઉપકારક બને છે, મારો વખત કેવળ નકામો-એળે-જતો નથી, હું કાંઈક ઉપયોગી ક્રિયા કરું છું આવું સમાધાન અને તેના પરિણામરૂપ પ્રસન્નતા અનુભવુ છું. મારી કક્ષાનાં ભાઈ બહેનો સમક્ષ આ મારો અનુભવ, કદાચ તેમને ઉપયોગી નીવડે એ આશાએ, કેવળ નમ્ર ભાવે રજુ કરું છું.

**તા. ક.** અહિં સ્પષ્ટ કરવાની જરૂર છે કે ઉપર જ્યાં રેંટીયાનો ઉલ્લેખ છે ત્યાં ચાલુ યરવડા ચક્ર વિવક્ષિત છે, જેને રેંટીયા દ્વારા દ્રવ્યોપાર્જન કરવું છે તેના માટે અંબર ચરખાનું અવલંબન લેવું જરૂરી છે.

## રાજર્ષિ સ્વ. વિધાનચંદ્ર રૉય

પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન ભારતરત્ન શ્રી બિધાનચંદ્ર રૉયનું ચાલુ જુલાઈ માસની પહેલી તારીખે ૮૧ વર્ષની પરિપકવ ઉમ્મરે એકાએક અવસાન થયું. આ ઘટનાએ સમસ્ત ભારતવાસીઓના દિલમાં—વિશેષત: બંગાળી પ્રજાના દિલમાં—અસાધારણ ઊંડી વેદના પેદા કરી છે. જેવી તેમની અસાધારણ વર્ષોભરની સેવા હતી એવું તેમનું પ્રજાજીવનમાં અસાધારણ સ્થાન હતું; આજના બંગાળને સુગ્રથિત-સુવ્યવસ્થિત અને સુવિકસિત રાખવામાં એવી તેમના અસ્તિત્વની અનિવાર્ય જરૂર હતી. તેમના ચરિત્ર વિષે છેલ્લા પખવાડિયાના સામયિકોમાં જુદા જુદા પ્રકારે એટલી બધી વિગતો પ્રગટ થઈ ચૂકી છે કે તેનું હવે પુનરાવર્તન કરવાની જરૂર લાગતી નથી અને તેથી જુલાઈની બીજી તારીખના ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અગ્રલેખમાં તેમને સમુચિત શબ્દોમાં જે અલ્પાક્ષરી અંજલિ આપવામાં આવી છે તેનો અહિં અનુવાદ આપીને સંતોષ ચિન્તવવો વધારે ઉચિત લાગે છે. તે અગ્રલેખ જણાવે છે કે:

"ડૉ. બી. સી. રૉયના અવસાનથી દેશને એક ઉચ્ચ કક્ષાના આગેવાનની અને કૉંગ્રેસને જુની હરોળના અવશેષ રહેલા ગણ્યાગાંઠયા સભ્યોમાંના એકની ખોટ પડી છે. તેઓ બધી રીતે પૂર્ણ અર્થમાં પશ્ચિમ બંગાળના શિલ્પી હતા. ઔદ્યોગિક અને શૈક્ષણિક પ્રગતિના ક્ષેત્રમાં તેઓ પશ્ચિમ બંગાળને મોખરે રાખવા માટે સતત પ્રયત્નશીલ રહેતા અને પ્રાદેશિક જીવનનું દરેક અંગ ઉપાંગ તેમના અસાધારણ વ્યકિતત્વની મુદ્રા વડે અંકિત બન્યું હતું. બંગાળના ભાગલા થયા બાદ અને તેના અનુસંધાનમાં નિર્વાસિતોનો ભારે ધસારો હોવા છતાં બાકી રહેલું બંગાળ ઊભું થઈ શકયું, પુનર્જીવિત બની શકયું, ટટ્ટાર બન્યું તે પંદર વર્ષ સુધીની તેમની મુખ્ય પ્રધાન તરીકેની એકધારી અને અસાધારણ કુનેહભરી કામગીરીને આભારી છે. પોતાના પક્ષ ઉપર તેમ જ પ્રજાજનો ઉપર તેમનો જે આટલો બધો કાબુ હતો તેનું રહસ્ય લોકોના સુખદુ:ખ સાથેના તેમના તાદાત્મ્યમાં રહેલું હતું. તેમણે જેટલી વૈદકીય ક્ષેત્રે નામના પ્રાપ્ત કરી હતી તેટલી જ નામના રાજકારણના ક્ષેત્રે પ્રાપ્ત કરી હતી, અને તેમની એ એક અસાધારણ વિશેષતા હતી કે રાજકારણને તેમણે કદિપણ પોતાનો સમગ્ર સમય અર્પિત કર્યો નહોતો. તેમણે હંમેશાં પોતાના દર્દીઓને તપાસવા તથા નિદાન સૂચવવા માટે સવારના ભાગમાં એકથી બે કલાક ફાજલ રાખ્યા જ હતા. ખરી રીતે તેમણે રાજકારણને એક કુશળ વ્યાધિનિવારક વૈદ્યની કલા વડે પ્રભાવિત કર્યું હતું. આના પરિણામે તેમના રાજકીય પક્ષ ઉપર તેઓ ઘણો મોટો નૈતિક પ્રભાવ પાડી શકયા હતા અને તેને લીધે આજે બીજાં અનેક રાજ્યોને નબળી પાડતી જે આન્તરિક કટોકટીઓ અવારનવાર ઊભી થતી જોવામાં આવે છે તેવી કોઇપણ આન્તરિક કટોકટી તેમની હકુમતના કાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં કદિ પણ ઊભી થવા પામી નહોતી. તેમનામાં આ જે બક્ષિસ હતી તે વિષે તેઓ પૂરા સભાન હતા અને તેમની ૮૦ મી વરસગાંઠના રોજ તેમનું અભિવાદન કરવા આવેલા લોકોને તેમણે બરોબર કહ્યું હતું કે, તેઓ પોતાના દર્દીઓનો ઉપચાર કરતાં એક ડાકટર તરીકે જે સિદ્ધાન્તનું અનુસરણ કરી રહ્યા હતા એ જ સિદ્ધાન્ત—એટલે કે દર્દી અને ડાકટર વચ્ચે માનસિક અનુસંધાન સાધવાનો સિદ્ધાન્ત—જાહેર કાર્યો પરત્વેના પોતાના સર્વ અભિગમનો પાયો બન્યો હતો. આજે પણ રાજ્ય સામે અનેક જટિલ સમસ્યાઓ પડેલી છે, હજારો નિર્વાસિત કુટુંબોને ફરીથી વસાવવાના છે, અને નવી મુશ્કેલીઓનાં સંદર્ભમાં રાજ્ય—આયોજનના અંગઉપાંગોની પુનર્વિચારણા કરવાની છે. પહેલાં કરતાં આજે પણ વધારે જરૂર સ્થિર, સ્થાયી અને સુદઢ રાજ્યવહીવટની છે. આજે પશ્ચિમ બંગાળને જે મજબૂત નેતાગીરીની જરૂર છે તે કૉંગ્રેસ પક્ષ પૂરી પાડી શકે તેમ છે કે નહિ તે જોવાનું રહે છે. તાજેતરમાં જેનું અવસાન થયું છે તે મહાન દેશભકત વિષેની સ્મરણનિષ્ઠા અંદર અંદરના મતભેદોને શમાવી દેવાના કાર્યમાં તેમ જ શ્રદ્ધા, ધૈર્ય અને એકતાપૂર્વક નવી ચેલેન્જને—પડકારને—પહોંચી વળવાના કાર્યમાં પક્ષમાં અન્તર્ગત સર્વ વિભાગોને પ્રેરણારૂપ બને એવી આપણી પ્રાર્થના અને શુભેચ્છા હો!"

**મહર્ષિ સ્વ. પુરુષોતમદાસ ટેન્ડન**

ચાલુ જુલાઈ માસની પહેલી તારીખે આપણે એક સાથે દેશની બે વિશિષ્ટ વ્યકિતઓને ગુમાવી—એક શ્રી વિધાનચંદ્ર રૉય જેમના વિષે ઉપર ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને બીજા શ્રી પુરુષોતમદાસ ટેન્ડન. એકની ૮૧ વર્ષની ઉમ્મર હતી; અન્યની ઉમ્મર ૮૦ વર્ષની હતી. એકનું મૃત્યુ જીવનની અન્તિમ ઘડી સુધી કાર્યારૂઢ દશામાં થયું; અન્યનું મૃત્યુ લાંબી માંદગીના પરિણામે થયું. એકના મૃત્યુએ પ્રજાના દિલમાં આઘાત નિપજાવ્યો; અન્યના મૃત્યુએ ઠીક સમયથી માંદગીના બીછાને પડેલા શરીરનો પરિપકવ ઉમ્મરે સ્વાભાવિક અન્ત આવવા બદલ અલબત્ત શોકાભિભૂતતાપૂર્વકની—એમ છતાં પણ એક પ્રકારની રાહતની—લાગણીનો અનુભવ કરાવ્યો. આ બન્નેના પરલોકવાસથી ભારત સવિશેષ દરિદ્ર બન્યું. ભારતના ઈતિહાસમાં આ બન્નેનો જીવન પુરુષાર્થ સુવર્ણાક્ષરે નોંધાશે.

ટેન્ડનજીનો જન્મ અલ્હાબાદ ખાતે ઈ.સ. ૧૮૮૨ ની સાલમાં થયો હતો. ઉચ્ચ શિક્ષણ પૂરું કર્યા બાદ અલ્હાબાદમાં તેમણે એક ધારાશાસ્ત્રી તરીકે પોતાના વ્યવસાયી જીવનની શરૂઆત કરી હતી. થોડા વખતમાં તેમણે આ વકીલાતનો ધંધો ખૂબ જમાવ્યો હતો. પણ ૧૯૨૧માં મહાત્મા ગાંધીના આદેશને અધીન થઈને અસહકારના આન્દોલનમાં જોડાવા માટે તેમણે ખૂબ જામેલી વકીલાતને તિલાંજલિ આપી હતી. પછીના વર્ષે સંયુકત પ્રદેશની પ્રાન્તિક મહાસભા સમિતિના તેઓ પ્રમુખ થયા હતા. તેઓ ૧૯૨૧ માં દોઢ વર્ષની શિક્ષા પામીને પહેલી વાર જેલવાસી બન્યા હતા. આમાંથી છૂટયા બાદ સ્વ. લાલા લજપતરાયની સમજાવટથી તેમણે લાહોરની પંજાબ નૅશનલ બેંકના જોઈન્ટ સેક્રેટરીનો હોદ્દો સ્વીકાર્યો હતો. ૧૯૨૯ માં લાલા લજપતરાયે સ્થાપેલ 'ધી સર્વન્ટસ ઑફ પીપલ સોસાયટી' ના તેઓ પ્રમુખ થયા હતા. ૧૯૩૦ માં અલ્હાબાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી. ૧૯૩૦ અને ૩૨ ના ગાળામાં સવિનય સત્યાગ્રહની લડતના સંદર્ભમાં તેઓ ઠીક સમય માટે જેલવાસી બન્યા હતા. વળી તેમણે કિસાન હીલચાલમાં રસ લેવો શરૂ કર્યો હતો અને પં. જવાહરલાલ નહેરુ સાથે મળીને તેમણે ઑલ ઈન્ડિયા પેઝન્ટસ ફેડરેશન ઊભું કર્યું હતું. ૧૯૩૦-૩૧-માં કે જયારે અનાજના ભાવ એકાએક બેસી ગયા હતા ત્યારે શ્રી ટેન્ડજીએ ખેડુતોને મદદ કરવાના હેતુથી નાકરની લડત શરૂ કરી હતી અને જમીનદારી-નાબૂદી માટેની હીલચાલનો તેમણે પાયો નાખ્યો હતો.

સવિનય સત્યાગ્રહની લડત મોકુફ રહ્યા બાદ ભારતમાં દાખલ થયેલા નવા રાજકીય સુધારા નીચે ઊભી કરવામાં આવેલી ઉત્તર પ્રદેશની ધારાસભામાં કૉંગ્રેસી મેંબર તરીકે તેઓ ચૂંટાયા હતા અને ૧૯૩૭ માં તેમની સ્પીકર તરીકે પસંદગી કરવામાં આવી હતી. આ સ્પીકર તરીકે તેમણે ધારાસભાનું કામકાજ હિંદીમાં ચલાવવાનો હુકમ કર્યો હતો. સ્પીકર તરીકેની તેમની નિષ્પક્ષ કામગીરીના કારણે તેમણે ધારાસભાના બધા વર્ગોની સારી ચાહના પ્રાપ્ત કરી હતી.

ગાંધીજીએ વ્યકિતગત સત્યાગ્રહની ૧૯૪૧ માં લડત શરૂ કરી ત્યારે તેમાં તેઓ જોડાયા હતા અને નવ મહીના તેમને અટકમાં રાખવામાં આવ્યા હતા. ૧૯૪૨માં તેમની બીજી વાર ધરપકડ કરવામાં આવી હતી અને બીજા રાષ્ટ્રીય નેતાઓ સાથે તેમને જેલમાં પૂરવામાં આવ્યા હતા. એ જેલવાસમાંથી ૧૯૪૪ ના ઑગસ્ટની ૨૨ મી તારીખે તેમનો છૂટકારો થયો હતો.

૧૯૪૬ માં તેઓ યુ. પી. ની ધારાસભામાં ચૂંટાયા હતા અને ફરીથી તેઓ સ્પીકરના પદ ઉપર નીમાયા હતા, પણ એ દિવસોમાં દેશના જે ભાગલા કરવામાં આવ્યા તે સામેના તેમના વિરોધ અંગે ધારાસભામાં કેટલાક મુસ્લીમ લીગના સભ્યોએ તેમના સામે અત્યન્ત નાખુશીભર્યું વલણ ધારણ કર્યું હતું, જેના પરિણામે તેમણે તરતમાં જ રાજીનામું આપ્યું હતું.

નવી બંધારણ સભાના એક આગેવાન સભ્ય તરીકે તેમણે હિંદીને ભારતની 'lingua franca' 'રાષ્ટ્રભાષા' તરીકે જાહેર કરવાના પ્રશ્ન ઉપર ખૂબ લડત આપી હતી. ૧૯૫૦ માં ટેન્ડનજી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. પણ જયારે કૉંગ્રેસના આગેવાનોના અંદર અંદરના મતભેદો કટોકટીએ પહોંચ્યા હતા ત્યારે તેમણે કંટાળીને આ પદ ઉપરથી રાજીનામું આપ્યું હતું. બે વર્ષ બાદ, નહેરુ કૉંગ્રેસના પ્રમુખ તરીકે તેમ જ રાષ્ટ્રના મહાઅમાત્ય તરીકે એમ બન્ને પદ ઉપર ચાલુ રહ્યા—એ સામેના વિરોધ તરીકે તેમણે કૉંગ્રેસની કારોબારી સમિતિમાંથી પણ રાજીનામું આપ્યું હતું. ૧૯૫૪ માં તબિયત લથડવાના કારણે ટેન્ડનજી કૉંગ્રેસમાંથી પણ અલગ થયા હતા. ૧૯૫૬ માં તેમની રાજ્યસભામાં નિમણૂંક કરવામાં આવી હતી. પણ લથડતી જતી તબિયતના કારણે તે સ્થાન ઉપરથી તેમણે ૧૯૬૦ માં રાજીનામું આપ્યું હતું. ગયા વર્ષે તેમને ભારતરત્નના ઈલ્કાબથી ભારત સરકારે વિભૂષિત કર્યા હતા.

ટેન્ડનજીનું જીવન એકદમ સાદું અને સાધુતાથી ભરેલું હતું. ખાનપાનમાં તેમણે વર્ષોથી ખાંડ, મીઠું તથા મસાલાઓનો ત્યાગ કર્યો હતો અને મોટા ભાગે ફળ, શાકભાજી, તથા ગોળ ઉપર તેઓ ઉદરનિર્વાહ કરતા હતા. થોડાંક પહેરણો અથવા કુરતાઓ અને ગણ્યાં ગાંઠયાં ધોતીયાં - આટલો નજીવો તેમનો વસ્ત્રપરિગ્રહ હતો. નિસર્ગઉપચારના તેઓ નિષ્ઠાવાન સમર્થક અને પ્રચારક હતા. પોતાના સિદ્ધાંતોમાં તેઓ કદિ પણ બાંધછોડ કરતા નહિ અને પોતાના વિચારો તેઓ હંમેશા બેધડક રીતે, કોઈની પણ શેહમાં તણાયા સિવાય કે કોઈથી પણ દબાયા સિવાય, પ્રસંગની માંગ પ્રમાણે નિડરપણે વ્યકત કરતા હતા. જેમ લોકમાન્ય તિલક વિષે આપણે કહી શકીએ કે જ્ઞાનોપાસના માટે નિર્માયલા પુરુષને તત્કાલીન સંયોગો રાજકરણમાં ખેંચી લાવ્યા હતા એવી રીતે તેમની સાધુતા, સત્યપ્રિયતા, ત્યાગપરાયણતા, ધર્મનિષ્ઠાને ધ્યાનમાં લઈને સંયોગોવશાત 'રાજકારણમાં ઘસડાઈ આવેલા સાધુપુરુષ' તરીકે તેમને ઓળખવામાં આવતા હતા.

આ સાધુપુરુષને અંજલિ આપતાં તા. ૩જી જુલાઈના ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના અગ્રલેખમાં સમુચિત રીતે જણાવવામાં આવ્યું છે કે, "આઝાદી જંગના બીજા એક સમર્થ યોદ્ધાને યમરાજે આપણી પાસેથી ઝુંટવી લીધા છે. આપણને આઝાદી મળી ત્યારે તેમના જીવનની લાંબી કારકીર્દિનાં કેટલાંય ઉજ્જવલ વર્ષો પસાર થઈ ચૂકયાં હતાં. ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૪ માં ભારત ખાતે પાછા આવ્યા તે પહેલાંથી તેમણે રાષ્ટ્રીય હીલચાલમાં ઝંપલાવ્યું હતું અને લડતની મધ્યમાં તેમણે લગભગ ૪૦ વર્ષ પસાર કર્યા હતાં. એ ચાર દશકા દરમિયાન દેશે અસાધારણ બુદ્ધિપ્રતિભાવાળા અનેક નામી નેતાઓ પેદા કર્યા હતા, પણ એ બધા નેતાઓની હારમાળામાં ટેન્ડનજી પોતાની વિશિષ્ટ પ્રતિભા વડે તરી આવતા હતા. તેમનામાં અસાધારણ સત્યનિષ્ઠા હતી અને પોતાના સિદ્ધાંતો પ્રત્યેની તેમની વફાદારી અજોડ અને અનન્ય હતી. પોતાના સિદ્ધાંતો સાથે કદિ પણ બાંધછોડ નહિ કરવાના તેમના આગ્રહમાં તેમનું બળ, અને સંયોગોની અનિવાર્ય માંગને યથાસ્વરૂપે નહિ પીછાણવાની નબળાઈ—બન્ને રહેલાં હતાં. હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકારવા માટે તેમણે જે તમન્નાથી કામ કર્યું હતું તે પાછળ તેમનામાં કોઈ સાંકડી પ્રાદેશિક ભાવના નહોતી, પણ એકતાની ભાવનાને બળવત્તર કરવા માટે આ અત્યન્ત જરૂરી છે એવી તેમના ઊંડા દિલની પ્રતીતિ હતી. તેમના સાથીઓએ અને પછી ગાંધીજીએ પણ દેશના ભાગલાને અત્યન્ત દુ:ખદ એમ છતાં એક અનિવાર્ય આવશ્યકતા તરીકે સ્વીકાર્યા ત્યારે પણ, દેશના ભાગલા સામેનો પોતાનો અવાજ તેઓ ઉઠાવતા જ રહ્યા હતા. અને આઝાદી બાદ પણ જો તેઓ સત્તાસ્થાનેથી વંચિત રહ્યા હોય તો તે બાબત રાજકારણમાં બાંધછોડ અવારનવાર અનિવાર્ય બને છે અને પ્રસ્તુત સંયોગોમાં

જે મળી શકે તેમ હોય તેને પકડીને આગળ ચાલવું અને વધારે મેળવવા પ્રયત્નશીલ રહેવું આનું નામ જ રાજકારણી કુનેહ છે— આ વ્યવહારુ વિચાર તેમણે કદિ માન્ય ન કર્યો એને જ આભારી હતું. પોતાને જે સાચું લાગે તેથી લેશમાત્ર પાછા હઠવું તે કરતાં એક ઉપેક્ષિત વૃદ્ધ પુરુષ તરીકે જીવવાનું તેમણે વધારે પસંદ કર્યું હતું. રાજકારણમાં ઔપચારિક રીતે જેને સફળતા લેખવામાં આવે છે એવી સફળતા પાછળ તેઓ કદિ પડયા નહોતા—આ હકીકતમાં તેમના જીવનનું સાચું માપ—મૂલ્યાંકન રહેલું છે અને છેવટના ભાગમાં આ અસાધારણ ગુણને લીધે તેમનાથી જેઓ જુદા પડયા હતા તેમના પણ તેઓ અત્યન્ત આદરપાત્ર બન્યા હતા. તેમનું જીવન એક તપસ્વીનું હતું. તેઓ એ વિરલ વ્યકિતઓમાંના એક હતા, કે જેઓ બોલે છે તે મુજબ જ વર્તે છે. તેમના અવસાનથી દેશને એક સાચા 'ભારતરત્ન' ની ખોટ પડી છે."

**એક વિચારજડ ગુરુના હાથે થયેલી**

**વિચારઓજસ્વી શિષ્યાના સ્વત્વની હાનિ**

તા. ૨૪-૬-'૬૨ રવિવારના રોજ ઘાટકોપર ખાતે ચાતુર્માસ માટે તાજેતરમાં પધારેલા સ્થાનકવાસી ઉપાધ્યાય આનંદઋષિનું વ્યાખ્યાન સાંભળવા માટે ત્યાંના સ્થાનકમાં ઘણો મોટો શ્રાવકસમુદાય એકઠો થયો હતો. આ પ્રસંગે બીજા પણ અનેક જૈન સ્થાનકવાસી સાધુઓ અને મહાસતીજીઓ ઉપસ્થિત થયાં હતાં. આ અવસર ઉપર, આનંદઋષિજી ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગના વિરોધી હોઈને આવી કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. પરિણામે એકત્ર થયેલી મોટી મેદની માટે આનંદઋષિનાં વચનો સાંભળવાનું અશકય થઈ પડયું હતું અને એકઠા થયેલા લોકોમાં ભારે ધાંધલ અને ધમાલ પેદા થઈ હતી અને ચોતરફથી ધ્વનિવર્ધક યંત્રની માંગણીના પોકારો કરવામાં આવ્યા હતા. પરિણામે સંઘના આગેવાનોએ એકત્ર થઈને એ મતલબની જાહેરાત કરી હતી કે, હવે પછી જ્યારે પણ સ્થાનકમાં મોટો સમુદાય એકઠો થવાની સંભાવના હશે ત્યારે સંઘ તરફથી ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવશે. અલબત્ત, સાથે સાથે એ બાબત પણ સ્પષ્ટ કરવામાં આવી હતી કે આ સગવડનો લાભ લેવો કે ન લેવો એ વ્યાખ્યાન કરતાં સાધુની ઈચ્છાનો વિષય રહેશે.

આ પ્રકારની જાહેરાત થતાં સ્થાનકવાસી સમાજે એક પ્રકારની રાહત અનુભવી હતી કે મુંબઈના સ્થાનકો પૂરતો ધ્વનિવર્ધક યંત્રનો પ્રશ્ન હવે ઉકલી ગયો છે અને આ બાબત જૈન સ્થાનકવાસી સંઘે અનુમત કરેલી હોઈને ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ અંગે કોઈ વાંધો ઉઠાવવામાં નહિ આવે અને આવી સગવડના કારણે મુનિ-મહારાજોના પ્રવચનો સુખેથી સાંભળી શકાશે.

આમ ચોતરફનું વાતાવરણ, લોકોની માંગ—આ બધું ધ્વનિ-વર્ધક યંત્રની તરફેણમાં હોવા છતાં પ્રસ્તુત ધર્માચાર્ય પોતાના અમુક વિચાર કે વળણના આગ્રહમાં એકાએક ફેરફાર કરશે એ વધારે પડતી આશા રાખવા જેવું માલુમ પડયું છે. પ્રસ્તુત આનંદ ઋષિ ધ્વનિવર્ધક યંત્રનો બિલકુલ ઉપયોગ નહિ કરવાના પોતાના વિચારમાં મક્કમ રહ્યા છે, એટલું જ નહિ પણ એમનાં શિષ્યા મહાસતી ઉજજ્વળ-કુમારી જેમને પ્રબુદ્ધ જીવનના વાંચકો સારી પેઠે જાણે છે, અને જેઓ કેટલાક સમયથી ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગને નિર્દોષ માનીને પોતાનાં વ્યાખ્યાન પ્રસંગે તેનો અવારનવાર ઉપયોગ કરતાં રહ્યાં છે— આ તેમની શિષ્યાને આજ સુધી તેમણે કરેલા ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ બદલ તેમણે પ્રાયશ્ચિત ફરમાવ્યું છે અને હવે પછી આ યંત્રનો તેઓ ઉપયોગ નહિ કરે એવી તેમની પાસેથી કબુલાત લેવામાં આવી છે.

ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ અંગે આજથી આશરે બાર વર્ષ પહેલાં કરવામાં આવેલ સ્થાનકવાસી શ્રમણ સંઘના ઠરાવમાં આ યંત્રનો ઉપયોગ કરનાર સાધુ—સાધ્વીઓએ હવે પછી નક્કી કરવામાં આવે તે પ્રાયશ્ચિત કરવું એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને જો કે, આ પ્રાયશ્ચિતનું સ્વરૂપ હજુ સુધી નક્કી કરવામાં આવ્યું નથી એમ છતાં પણ, ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગના કટ્ટર વિરોધી એવા આનંદઋષિજી ગુરુના નાતે પોતાની શિષ્યાને આવો દોષ કરવા બદલ પ્રાયશ્ચિત ફરમાવે અને આ યંત્રનો ઉપયોગ હવે પછી નહિ કરવા આદેશ આપે એ તદ્દન સ્વાભાવિક અને ચાલુ પરં-પરાને અનુરૂપ તેમ જ ધારાધોરણ અનુસાર છે, એમ છતાં પણ મહાસતી ઉજજ્વળકુમારી માટે આવી લાચારીભરી પરિસ્થિતિ ઉભી કરીને તેમના વિચારજડ ગુરુએ મહાસતીજીના સ્વત્વને જે હાનિ કરી છે તે અત્યંત દુ:ખદ, શોચનીય અને અક્ષમ્ય છે.

આ ઘટના દ્વારા મહાસતીજીના સ્વત્વની હાનિ કરવામાં આવી છે એમ કહેવાનું કારણ એ છે કે, આ સંબંધમાં ચર્ચા કરતાં મહાસતીજી એમ સતત કહેતા રહ્યાં છે કે, વ્યાખ્યાનની ગોઠવણ અંગે જેમ બીજી અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તેમ શ્રાવક સમુદાય સાંભળ-વાને લગતી પોતાની સગવડ ખાતર વ્યાખ્યાતા સાધુ કે સાધ્વી સમક્ષ 'માઈક' મૂકે અને સાધુ યા સાધ્વી પ્રવચન કરે તેમાં પ્રવકતા સાધુ-સાધ્વીને દોષ લાગી શકે જ નહિ. આ યંત્રનો ઉપયોગ કરવામાં દોષ હોય તો પણ તે દોષ આને લગતી વ્યવસ્થા કરનાર સંઘનો અથવા સંસ્થાનો ગણાવો ઘટે. વળી આમાં દોષ જોનાર ગુરુઓ આરંભ—સમારંભયુકત એવી બીજી અનેક પ્રવૃત્તિઓનું સંચા-લન કરતા હોય છે. તેમાં તેમને દોષ દેખાતો નથી અને આવી એક નાની બાબતમાં તેમને મહાન દોષ દેખાય છે એ ન સમજાય એવી વાત છે. આ તેમની વિચારણા, મળેલા સમાચાર મુજબ, મહાસતીજીએ પોતાના ગુરુના ગળે ઉતરાવવા ઘણો પ્રયત્ન કર્યો, પણ આ બે ને બે ચાર જેવી વાત તેમની સમજમાં ન ઉતરી, તેમનો પ્રયત્ન નીષ્ફળ નિવડયો અને મહાસતીજીને સમુદાય પ્રત્યેની વફાદારી ખાતર નીચા નમવું પડયું.

આ દુ:ખદ ઘટનાને મહાસતીજીની એક નબળાઈ તરીકે આપણે જરૂર લેખી શકીએ છીએ, પણ ગુરુની સામે માથું ઊંચકવાની હિંમતની જૂથમાં વસતા, વિચરતા અને વર્ષોથી આંખોની પીડાથી હેરાન હેરાન થઈ રહેલા એક સાધ્વી પાસેથી આશા રાખવી વધારે પડતી લાગે છે. આનું પરિણામ ગુરુના સમુદાયમાંથી બહિષ્કૃત થવામાં આવે અને આમ બહિષ્કૃત થતાં સાધ્વીજી કયાં જઈને ઊભાં રહે એ નાનો સુનો સવાલ નથી. આવી હિંમત દાખવનાર સન્તબાલજી જ્યાં ત્યાં પાકતા નથી અને અહિં પણ જે સાહસ એક સાધુ કરી શકે છે એ સાહસ એક સાધ્વી એકાએક કરી શકતી નથી એ પરિસ્થિતિની ઉપેક્ષા કરી ન જ શકાય. પણ આવાં એક તેજસ્વી અને ચારે તરફથી કેવળ જડતા અને પરંપરાની ગુલામીના વાતાવરણમાં આ જમાનાની ઉગતી પ્રજાનું મન કાંઈક ઠરે એવાં એક સાધ્વી-જેનામાં બધી બાજુએથી રૂંધતા એવાં સંયોગોમાં વસવા છતાં નવી ચેતનાની કોઈ ચીનગારીનું, સ્વતંત્ર ચિંતનનું આપણને કંઈક દર્શન થાય છે એવાં સાધ્વીજીનાં સ્વત્વની હાનિ થતી જોઈને—તેજોવધ થતો જોઈને—જેનું દિલ ઉકળી ઉઠતું હોય એવી કોઈ જવાબદાર, દેશકાળના પરિવર્તનને પરખનાર આગેવાન વ્યકિત આટલા બહોળા સ્થાનકવાસી સમુદાયમાં હોય તો તેને નમ્ર ભાવે પ્રાર્થના કે આ સંબંધમાં ઉપેક્ષાભાવ ન સેવતાં કે ટગર ટગર ન જોયા કરતાં તે સક્રિય બને અને આ વિચારજડ, દેશકાળ—અનભિજ્ઞ ગુરુની સાન ઠેકાણે લાવે અને આ humiliated—અપમાનિત— સાધ્વીને સ્થિતિચુસ્તતાની પકડમાંથી મુકિત અપાવે.

**ધ્વનિવર્ધક યંત્રના વિરોધી સ્થાનકવાસી સાધુસાધ્વીઓને ઉદ્દ્શીને—**

અને ધ્વનિવર્ધક યંત્રનો કોઈ પણ સંયોગોમાં ઉપયોગ નહિ કર-વાનો આગ્રહ ધરાવતા ઉપાધ્યાય આનંદઋષિજી અને અન્ય સાધુ સાધ્વીઓને અનુલક્ષીને મુંબઈ - ઘાટકોપરના સ્થાનકવાસી જૈન સમાજના આગેવાનોને નમ્ર નિવેદન કે શ્વેતાંબર વિભાગના મુનિવરો-

માં જાણીતા એવા મુનિ ચંદ્રપ્રભસાગરજી બે અઢી વર્ષ પહેલાં મુંબઈ બાજુ આવ્યા ત્યારે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા સંબંધે શરૂઆતમાં તેઓ ઠીક ઠીક અખાડા કરતા હતા અને કેટલાક સમયથી મુંબઈ બાજુ ચાતુર્માસ કરી રહેલા આચાર્ય વિજયધર્મસૂરિજી પણ આ યંત્રના ઉપયોગનો ઘણા વખત સુધી કટ્ટર વિરોધ કરી રહ્યા હતા, પણ આજની પરિસ્થિતિ પારખીને ગત વર્ષથી હવે કશા પણ સંકોચ વિના આ બન્ને મુનિવરો ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરી રહ્યા છે.—આ હકીકત પ્રસ્તુત સ્થાનકવાસી સાધુ-સધ્વીઓએ ધ્યાનમાં લેવી ઘટે છે.

વળી આજે લોકોનું જીવન અનેક કાળાં ધોળાં કામોથી કલુષિત અને અધ:પતિત બની રહ્યું છે. વળી insecurity બીન-સહીસલામતીની દહેશતે તેના ચિત્તને ચોતરફથી ઘેરી લીધું છે. આ બન્ને કારણે તેના આન્તરિક અસ્વાસ્થ્યનો આજે કોઈ પાર નથી. આ બાબતમાં ગરીબ પૈસાદાર વચ્ચે કોઈ ભેદ નથી રહ્યો. આ અસ્વાસ્થ્યના વાળણ તરીકે -- escape--તરીકે ધાર્મિક ક્રિયાકાંડો તરફ અને સાધુસાધ્વીઓના સત્સંગ તરફ આજનો માનવી-સમાજ ખૂબ ઢળતો જાય છે. તેના દિલમાં વાસ્તવિકતાને તત્કાળ વિસારે પાડતી ધાર્મિક ભાવનાનો અસાધારણ જુવાળ આવ્યો છે. પરિણામે ધાર્મિક પ્રવચનોમાં પહેલાં કરતાં ઘણી વધારે ગીરદી થાય છે. સાધુ સંતોની વાણી અક્ષર અક્ષરે સાંભળવા પાછળ તેઓ તલપાપડ થઈ રહ્યા છે. આ લોકલાગણી સંતોષવા માટે ધાર્મિક પ્રવચનોના સ્થળો—જ્યાં લોકોની સારા પ્રમાણમાં ભીડ થવાનો સંભવ હોય ત્યાં—ધ્વનિવર્ધક યંત્રોનો ઉપયોગ અનિવાર્ય બનતો જાય છે. ઘણી વાર નિયત વ્યાખ્યાનશાળામાં શ્રોતાઓ સમાતા નથી. તો બહાર ઊભા રહીને ટોળે મળીને પણ ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવાને તેઓ તૈયાર હોય છે. પણ જ્યાં ધ્વનિવર્ધક યંત્રની સગવડ હોતી નથી ત્યાં અનેક ભાઈ--બહેનોને કશું પણ સાંભળ્યા વિના હતાશ બનીને પાછા જવાની ફરજ પડે છે. આ ભાઈ બહેનોને ધ્વનિવર્ધક યંત્રના દોષ—અદોષની આંટીઘૂંટી સમજાતી નથી. અને બધે ધ્વનિવર્ધક યંત્ર હોય છે અને અહિં કેમ નહિ-આમ તેમનું દિલ એક પ્રકારનો અતિ તીવ્ર રોષ અનુભવે છે. આવી આજની પરિસ્થિતિ વચ્ચે જો આનંદઋષિજી અને અન્ય સાધુસાધ્વીઓ આ બાબતનો આગ્રહ હળવો નહિ કરે તો તેમનું આખું ચોમાસું ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા ન કરવાના વિવાદ અને સંઘર્ષમાં જ વેડફાઈ જવાનો સંભવ છે અને આગામી પર્યુષણના દિવસોમાં જે જે ઉપાશ્રયમાં આવી સગવડનો લાભ લેવાનો ઇન્કાર કરવામાં આવશે ત્યાં ત્યાં એક પ્રકારની કટોકટી ઊભી થવાની અને આ કારણે અસંતોષ—રોષ અનુભવતા શ્રાવક—શ્રાવિકાઓને નિયંત્રણમાં રાખવાનું કામ અત્યન્ત મુશ્કેલ—લગભગ અશક્ય-બનવાનું જોખમ ઊભું થવાની પૂરી શકયતા રહેલી છે. મુંબઈ - ઘાટકોપરના જૈન સ્થાનકવાસી સંઘો આ બાબત ગંભીરપણે વિચારે અને આવી કટોકટી નિવારવા માટે જરૂરી પ્રયાસો હાથ ધરવા કટિબદ્ધ બને એવી આશા અસ્થાને નહિ ગણાય.

## "હે ભગવાન ! આવતા ભવે મને જૈન તો જરૂર બનાવજે, પણ તેમાં પણ સ્થાનકવાસી જૈન બનાવજે!"

થોડા દિવસ પહેલાં એક મિત્રની તબિયતની ખબર કાઢવાં માટે સર હરકીસનદાસ હૉસ્પિટલમાં જવાનું થતાં ત્યાં એક પરિચિત યુવાન મિત્રને મળવાનું બન્યું. તેઓ જન્મથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે. શેરબજારમાં તેમનો મોટો વ્યવસાય છે. આ જ હૉસ્પિટલના સંચાલનમાં કેટલાએક સમયથી તેઓ સેવાભાવથી પ્રેરાઈને જોડાયલા છે. આ માટે મેં તેમને ધન્યવાદ આપ્યા અને આ કાર્યને વધારે ને વધારે અપનાવવા મેં તેમને અનુરોધ કર્યો. તેમણે આજે શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં ઉપધાન, અઠ્ઠાઈ મહોત્સવ, ઉજમણાં, વરઘોડા જમણવારો, તેમ જ બીનજરૂરી નવા નવા મંદિરો ઊભાં કરવા પાછળ દ્રવ્ય અને શકિતનો જે મોટા પાયા પર વ્યય કરવામાં આવે છે અને અજ્ઞાનનિવારણ, વ્યાધિનિવારણ, બેકારીનિવારણ જેવા સ્થાયી કલ્યાણ—નાં કાર્યો પાછળ પ્રમાણમાં બહુ જ ઓછું ધ્યાન આપવામાં આવે છે એ વિષે પોતાના દિલની ઊંડી ખિન્નતા તેમણે પ્રગટ કરી અને તાજેતરમાં સ્થાનકોના અનુસંધાનમાં જ્યાં ત્યાં જૈન કિલનિકો ઊભી કરવાની સ્થાનકવાસી સમાજમાં જે પરંપરા ઊભી થઈ છે અને તે દ્વારા જે માનવરાહતનું મોટા પાયા પર કામ ચાલી રહ્યું છે અને સ્થાનકવાસી ધનિકો તે દિશાએ પોતાના દાનનો જે પ્રવાહ વહાવી રહ્યા છે તે વિષે પોતાના દિલની ઊંડી પ્રસન્નતા વ્યકત કરતાં તેમણે જણાવ્યું કે "આ બધું જોઈ ને મને કદિ કદિ એવી પ્રાર્થના કરવાનું મન થઈ આવે છે કે "હે ભગવાન ! આવતા ભવે મને જૈન તો જરૂર બનાવજે, પણ તેમાં પણ મને સ્થાનકવાસી જૈન બનાવજે !" સ્થળે સ્થળે ઉપાશ્રયોના સાન્નિધ્યમાં સર્વજનસુલભ જૈન કિલનિકો ઊભી કરતા સ્થાનકવાસી સમાજ પ્રત્યેનો તેમનો અહોભાવ આ રીતે પ્રગટ કરતા જોઈને મારું ચિત્ત ખૂબ પ્રભાવિત તેમ જ કાંઈ વિસ્મિત બન્યું.

પરમાનંદ

## શ્રીમદ્ રાજચન્દ્ર-જીવનજ્યોતિ

શ્રી જીવનમણિ સદ્વાચનમાળા ટ્રસ્ટ, અમદાવાદ તરફથી પ્રગટ થયેલ અને મુનિશ્રી પુણ્યવિજયજી (જિજ્ઞાસુ) લેખિત અને સંગ્રહિત "શ્રીમદ્ રાજચન્દ્ર—જીવનજ્યોતિ" નીચેના ઠેકાણે ૦—૨૫ ટપાલખર્ચના મોકલવાથી વિનામૂલ્યે મળી શકશે. પ્રાપ્તિસ્થાન: માણેકલાલ છોટાલાલ ગાંધી, C/o, ઈન્ટરનેશનલ કૉટન કોરપોરેશન પ્રા. લિ. ગ્લોબ ચેમ્બર્સ, ફોર્ટ, મુંબઈ—૧.

## સંઘ દ્વારા યોજાયેલાં બે જાહેર વ્યાખ્યાનો

### (૧) "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો"

તા. ૨૧-૭-'૬૨ શનીવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં (૪૫—૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩) સાંજના ૬-૧૫ વાગ્યે, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ 'રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

### (૨) 'વિમલ મંત્રી'

તા. ૨૫-૭-'૬૨ બુધવારના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ 'વિમલ પ્રબંધ' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

સંઘના સભ્યોને તેમ જ આ વિષયમાં રસ લેતાં ભાઈ બહેનોને આ બન્ને વ્યાખ્યાનોનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સભ્ય દેશોમાં વધતી જતી શૂન્યતાની-અકલવાયાપણાની-બીમારી | ગિરિલાલ જૈન | ૫૧ |
| પ્રકીર્ણ નોંધ: શૂન્યતા નિવારણનો ઉપાય: એક અંગત નોંધ, રાજર્ષિ સ્વ. બિધાનચંદ્ર રૉય, મહર્ષિ સ્વ. પુરુષોત્તમદાસ ટેન્ડન, એક વિચારજડ ગુરુના હાથે થયેલી વિચારઓજસ્વી શિષ્યના સ્વત્વની હાનિ, ધ્વનિવર્ધકયંત્રના વિરોધી સ્થાનકવાસી સાધુસાધ્વીઓને ઉદ્દેશીને, 'હે ભગવાન, આવતા ભવે મને જૈન તો બનાવજે, પણ તેમાં પણ સ્થાનકવાસી જૈન બનાવજે.' | પરમાનંદ | ૫૨ |
| અવગતની એ ઘાણી | પં. સૂરજચંદ્ર ડાંગી | ૫૭ |
| મારા જીવનનાં કેટલાંક સ્મરણો નં. ૩ | રતિલાલ મફાભાઈ શાહ | ૫૭ |

# અવગતની એંધાણી

[કોઇ અજ્ઞાત કવિનું આ પદ એક પ્રતિષ્ઠિત પુરુષ પાસેથી સાંભળવા મળ્યું જે થોડી વ્યાખ્યા સાથે અહીં પ્રસ્તુત કરવામાં આવે છે.]

સંતો અવગતની એંધાણી.
ચાતક પીવે એંઠું પાણી,
સંતો અવગતની એંધાણી.

રાજાના રાજા મેઘરાજાને ઘેર,
પાણીની પરબ મંડાણી,
સોનેરી દોરને હેમલા હેલથી
રૂપેરી ધાર રેલાણી.
સંતો તોયે ન પ્યાસ બુઝાણી
સંતો અવગતની એંધાણી.

માનસરોવરથી આવ્યો સુહંસલો,
માછલીએ મન આણી,
ચતુર ચકોર ને ચૂકીને ચાંદની,
આગીયે આંખ લોભાણી,
સંતો તોયે ન તપત સમાણી
સંતો અવગતની એંધાણી.

નવયુગ કેરો મહિમા વ્યાપ્યો,
સંતોની નિષ્ફળ વાણી.
દાસી ન્હોતી એ તો રંગમહેલની
માયા થઇ મહારાણી,
સંતો કર્મોની અજબ કહાણી.
સંતો અવગતની એંધાણી.

ચાતક પીવે એંઠું પાણી,
સંતો અવગતની એંધાણી.

**ભાવાર્થ:** આ પદ સંતોને સંબોધીને એ માટે રચાયુ છે કે તેઓ અખૂટ આનંદભંડારના માલિક છે, તો પણ કહેવાતા સંતો આજે વિષયોનું ગંદુ પાણી પી રહ્યા છે. યશ કીર્તિના મોહને વશ થઇ વિષયી પુરુષોના મલીન મુખથી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઝંખે છે

આપણે સર્વે કષાયોની આગથી બળી રહ્યા છીએ. સંતોની પાસે શાંતિ પ્રાપ્ત કરવા જઇએ છીએ. ત્યાં પણ પાણીને બદલે પેટ્રોલ મળે છે. આ દુ:ખથી દુ:ખી થઇને કવિ "અવગતની એંધાણી" ગાય છે.

મેઘરાજા શુષ્ક ખેતરોને લીલાછમ કરી દે છે. આપણે પોતની તૃષા છીપાવવા માટે મેઘરાજા સામે જોઇએ છીએ. તે પોતે જ તરસ્યા છે અને આજે તેમના ઘેર પાણીની પરબની જરૂરિયાત દેખાય છે.

જે ચાતક સ્વાતિબુંદ સિવાયના ભરેલા તળાવ, કૂવા અને સરોવરોના પાણીને ઇચ્છે નહિ તે ચાતક પક્ષી આજે એંઠું પાણી પીવા માટે લાલાયિત છે.

ચક્રવર્તી, વાસુદેવ, ઇન્દ્ર કે મહેન્દ્રના સન્માનથી નિસ્પૃહ સાધુ કયાં? અને તુચ્છ વિષયોના કીડાઓની ખુશામત કરનારા આજના સાધુ કયાં? જે સંત કેવલ આત્માથી પ્રાપ્ત આનંદનો ઉપભોગકરે છે તે જો એંદનો આહાર કરનારી માછલીઓ જેવી તુચ્છ વસ્તુઓ પર નજર બગાડે તો તેથી અધિક પાયમાલી શું?

વર્તમાન ભૌતિક વિષયપ્રધાન નાસ્તિકમય વાતાવરણે સાચા સાધુસંતોની વાણીને પણ જાણે નિષ્ફળ સરખી બનાવી છે.

એવું લાગે છે કે આસપાસ ચારે બાજુ વિકૃતિઓની ગંદકી એટલી વધી ગઇ છે કે આપણે તેની મધ્યમાં બેસીને આધ્યાત્મિક સત્ત્વની સુગંધ લેવાની ઇચ્છા રાખીએ તો પણ દુર્ગંધના જંતુઓ નાકમાં પ્રવેશ્યા વિના ન રહે!

સફેદ કોઢનો રોગ થનાર પોતાને ગોરાબાણુ સમજે એવી આપણી અવદશા છે.

સંસારની માયા જે મૃગજળ સમાન છે તેને આપણા સાધુ સંતો દાસી બનાવવા માટે પણ તૈયાર ન્હોતા. તે માયા આજે પટ્રાણી બની બેઠી છે એ કર્મોની વિચિત્ર કહાણી છે.

સંપાદક: પં. સૂરજચંદ્ર ડાંગી

# મારા જીવનનાં કેટલાંક સ્મરણો—૩

## કર્મયોગ—સામાજિક પ્રવૃત્તિઓ

અસહકારના આંદોલન સમયે માંડલમાં ઊભી થયેલી રાષ્ટ્રીય શાળાનો અવેતનિક અને પાછળથી પગારદાર શિક્ષક બન્યો હોઇ શિક્ષણ ઉપરાંત રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ સહેજે જ માથે આવી પડી ને એ રીતે જાહેર ક્ષેત્રમાં ધીરે ધીરે આગળ આવવાની તકો સાંપડી.

શરૂઆતના વર્ષોમાં દારૂના પીઠા પર અને વિલાયતી કાપડની દૂકાનો પર પિકેટિંગ કરવાનું હતું. રાત્રે વળી ગામડાઓમાં જવાનું, કૉંગ્રેસના સભ્યો બનાવવાના, વ્યાખ્યાનો આપવાના અને રેંટિયા-પ્રવૃત્તિ પણ ચલાવવાની હતી. સાથે શિક્ષણકાર્ય તો સંભાળવાનું હતું જ. આમ આખો દિવસ સતત પ્રવૃત્તિઓ ચાલ્યા કરતી. કયારેક નાના નાના ફંડફાળા પણ કરવાના અને એનો બોજ ઘણુંખરું મારે માથે આવતો. પણ એથી એક લાભ એ થયો કે પ્રકૃતિથી હું ભારે શરમાળ સર્વ વર્ગના લોકોના પરિચયમાં આવ્યો. જીભ પણ કંઇક ખુલી. સ્ત્રીવર્ગમાં તો મારે જ ફરવાનું હોઇ ઘરઘરનો નિકટ પરિચય વધ્યો. આજે ૮,૦૦૦ની વસતીમાં નામ ઘણાના મને હૈયે નથી રહેતાં, પણ ગામમાં ભાગ્યે જ એવું કોઇ હશે જે મને 'ગુરુદેવ' કહીને ન બોલાવતું હોય. અમારી રાષ્ટ્રીયશાળામાં શિક્ષકને મૂળથી જ ગુરુદેવ કહી બોલાવવાનો રિવાજ હોઇ આજે તો 'ગુરુદેવ' મારું ઉપનામ બની ગયું છે. કાર્યકર્તા કે વડીલ બૂઝર્ગો પણ એ જ નામે મને બોલાવે છે. કારણકે મારું મૂળ નામ એમને ઝટ હૈયે નથી ચડતું. આજસુધી હજારો વિદ્યાર્થીઓ મારા હાથ નીચે પસાર થયા હોઇ, તેમ જ કેટલીક કોમોમાં તો હું એ કાળે ઓતપ્રોત થઇ ગયો હોઇ, ઉપરાંત રેશનીંગનાં યુગમાં મામલતદાર સાહેબની સહીથી મને રેશનિંગ ખાતું પણ સોંપેલું હોઇ, સહુ સાથે નિકટનો પરિચય અને ઘરઘરનો ભોમિયો બની જવાથી એ નામ સર્વસામાન્ય બની ગયું છે.

પિતા એક લાકડીએ ગામને હાંકનાર વીર રાષ્ટ્રભકત હતા. ઘર સાદું, મેડી, માળ, ઓરડા કે ઓસરી વિનાનું ઝૂંપડા જેવું, છતાં સરદાર વલ્લભભાઇ પટેલ, દેવદાસ ગાંધી, દેશભિક્ષુ મણિલાલ કોઠારી, પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી, પં. બેચરદાસ, મુનિશ્રી સંતબાલજી, દાદા ધર્માધિકારી, સ્વામી સત્યભકતજી, શ્રી ઢેબરભાઇ, સ્વામી આનંદ, નરહરિ પરીખ, જુગતરામ દવે, તથા ભવાનજીભાઇ અરજણ ખીમજી અને ડૉ. મિસ જ્હોન-અમેરિકન વિદુષી ઉપરાંત અન્ય ક્ષેત્રના અનેક નાના મોટા અતિથિઓના યજમાન બનવાનું મારા કુટુંબને સદ્ભાગ્ય સાંપડયું છે. પણ એમાં કંઇ વિશેષતા નહોતી. જે વિશેષતા હતી તે એ હતી કે વિદ્વાનો કે કાર્યકરો અહીં આવે તો લોકો બધાં એમની પાછળ પાછળ ફર્યા કરે, પણ કોઇ એમની મુશ્કેલીઓનો ખ્યાલ ન કરે, જ્યારે હું કલાક બે કલાકે એમની એકી—બેકીની જરૂરિયાત વિષે પૂછી લેતો ને એ રીતે વ્યવસ્થા કરી એમના હૃદયમાં સ્થાન મેળવી લેતો. અમેરિકન વિદુષી મિસ જાંડાન સાથે આવેલા શ્રી હીરાલાલભાઇએ મને પૂછ્યું કે 'આતિથ્ય સત્કારની આ સુંદર ભાવના તમે કયાંથી શિખેલા?' અમેરિકામાં અતિથિ આવે તો યજમાન તરત જ પૂછે કે "Do you want to go to the cloak room?" કારણ કે ઝબ્બો ટીંગાડી એકી-બેકી માટે જવાનું હોઇ ત્યાં cloak room નો અર્થ ઝાડા-પેશાબની રૂમ કરવામાં આવે છે. મેં કહ્યું કે હું તો એવું કંઇ જ જાણતો નથી, પણ અન્યની મુશ્કેલી સમજવાની ભાવનામાંથી મને આ વ્યવહારદ્રષ્ટિ પ્રાપ્ત થઇ છે.

રાષ્ટ્રીય, સામાજિક કે ધાર્મિક અનેક પ્રવૃત્તિઓમાં અગ્રભાગ ભજવતો હોઇ પછી બધો બોજ ઘણુંખરું મારે શિરે જ આવતો. આથી પ્રતિષ્ઠા-પૂજન આદિ ઉત્સવોમાં મારી ચાલુ શાળાએ સેવા માંગવામાં આવતી.

શ્રમનો મહિમા મૂળથી જ સમજ્યો હોઈ તેમ જ રાષ્ટ્રિય પ્રવૃત્તિને કારણે ઘડતર થયું હોઈ નાનું મોટું કામ કરતાં સંકોચ કદી થતો નહીં. ઘરે ૩—૪ ભેંસો અને ૨—૩ પાડાં હોઈ છાણ-વાસીદું કરવાનું હોય, માટીની દિવાલો છાંદવાની હોય, 'ઘરનું છાપરૂં ચાળવાનું હોય, ક્યારેક ભેંસોને ચારવા જવાની પરિસ્થિતિ નિર્માણ થઈ હોય કે ખભે ચારાનો ભારો ઉપાડીને લાવવાનો હોય છતાં મને કદી એવું કામ કરવામાં સંકોચ કે શરમ ઉદ્‌ભવ્યાં નથી. ભેંસોને દોહવાનું તો મારે માથે જ હતું. ઉપરાંત સાંડવીએ દૂધવાળીઓની જોડે બેસી દૂધ વેચવાનું પણ હતું. છતાં મને કદી એ કાર્યમાં મારું આચાર્ય-પણું (શાળામાં ૪—૫ વર્ષ આચાર્ય પણ હતો) કે એક લેખક તરીકે મળતી રહેલી પ્રતિષ્ઠા આડી આવી નથી. ને એથી જ આજ ૬૦ મા વર્ષે પણ શાળામાં ઇન્સ્પેકટરો આવે કે એ. જી. ટીચર્સ કૉલેજના શિક્ષકો આવે, અને રસોડું શરૂ કર્યું હોય તો કડકડતી ઠંડીમાં વહેલી સવારે દૂધ-દાતણ લઈને જઉં, જરૂરી ખૂટતી વસ્તુઓ કે વાસણ પણ ઉપાડી લાવું. કારણ કે એટલા વહેલાં બીજાની મદદ મળે પણ ક્યાંથી? રસોડાનો બોજ મારે શિરે જ નંખાતો હોઈ ઘર વસાવવા જેવી વ્યવસ્થા કરવી પડે ને તેથી જરૂરી વસ્તુઓ મેળવવા દોડાદોડી પણ કરવી પડે. એ. જી. ટીચર્સ કૉલેજના પ્રૉફેસર શ્રી અકુવાલા સાહેબે મિટિંગમાં કહેલું કે, 'અમે કંઈ શિખવવા નથી આવ્યા, પણ તમારી પાસેથી શીખવા આવ્યા છીએ. જુઓને ૬૦ વર્ષ થવા છતાં રતિભાઈ સવારથી રાતના ૧૦ સુધીની અમારી વ્યવસ્થા માટે કેટલી દોડાદોડી કરે છે? ખરું શીખવાનું તો આ શ્રમ અને સેવાના પાઠો છે."

જરૂર પડયે ગમે તેના ઘરમાં ઘુસવાનો અને જોઈતી વસ્તુઓ ખેંચી લાવવાનો મારો અધિકાર હજુ માન્ય રહ્યો છે. જો કે છેલ્લા થોડા વર્ષોથી માનવમન કંઈક સંકીર્ણ બનવા લાગ્યું છે, એમ છતાં આંખની શરમ હજુ ટકી રહી છે. આ પ્રકારની વ્યવસ્થા કરવાની હથોટી બેસી જવાથી લગ્નપ્રસંગે કેટલાક મિત્રો મારી સહાય માંગે છે. નવકારશી કે જ્ઞાતિ—ભોજનમાં પીરસણીની વ્યવસ્થાનો બોજ ઘણુંખરું મારે શિરે જ નાખવામાં આવે છે. આથી ક્યારેક છોકરા રિસાય તો છોકરીઓની ટૂકડીઓ ઊતારી કાર્ય પાર પાડી શકયો છું. પણ હવે જૈન યુવક સંઘના સભ્યો તથા યુવાન મિત્રોની મદદ પૂરતી મળી રહે છે.

આમ સેવાપ્રવૃત્તિમાં પડેલો હોવા છતાં મારી અહિંસા-પ્રેમની સાધના માટે તો દક્ષિણામૂર્તિ સંસ્થાએ જ યોગ્ય ક્ષેત્ર પૂરું પાડયું હતું. વિદ્યાર્થી—શિક્ષક વચ્ચે એક પ્રકારની મર્યાદા રહે છે. કંઈક સ્વમાનનો પ્રશ્ન પણ નડે. પણ દ. મૂ. સંસ્થાના ઇ. સ. ૧૯૩૧ માં શ્રી હરભાઈ ત્રિવેદીના શિષ્ય તરીકે હું માધ્યમિક અધ્યાપન મંદિરમાં દાખલ થઈ ટ્રેઈન્ડ બનેલો, ત્યારે ત્યાં હું એક વિદ્યાર્થી જ હતો. મારી જીવનસાધનાનો આ ગાળા દરમિયાન અજાણ્યા વિદ્યાર્થીઓ તેમ જ મોટેરાંઓ સાથે પ્રેમભર્યા સંબંધો બાંધવા માટે અનુકૂળ ક્ષેત્ર હોઈ મેં ત્યાં એની સાધના કરી. એ માટે શરૂશરૂમાં મેં કેટલુંક સહ્યું, કેટલુંક ખમી ખાધું, કડવા ઘૂંટડા પણ પીધા તેમ જ ક્યારેક અપમાનો પણ સહી લીધાં. પણ પ્રેમ અને સેવા એ મારાં જીવનસૂત્રો હતાં. એથી નાના કે મોટા કોઈનું પણ કામ કર્યા વિના હું રહેતો જ નહીં. પરિણામે જે ૪—૬ માસ હું ત્યાં રહ્યો એ દરમિયાન મેં ધીરે ધીરે નવી હવા-નવું વાતાવરણ સર્જ્યું. કોઈ નાના વિદ્યાર્થીઓના પગે ઓપરેશન કરાવવાનું હોય તો (કારણ કે જમીન કાંકરાવાળી હોઈ ઘણાની પાનીઓ પાકતી ને ઓપરેશન કરાવવું પડતું) વિદ્યાર્થી રડે ને કહે કે 'રતિભાઈ આવશે ત્યારે જ આપરેશન કરાવીશ.' આથી એ મારા ખોળામાં સૂઈ જાય તે પછી જ શસ્ત્રક્રિયા ચાલે. સંસ્થાના દવાખાનામાં જ મારી રૂમ હોઈ જે કોઈ દર્દી બનીને આવે એ મારી સેવાનો ભોગ બને અને મારો થઈને જ જાય. કારણ કે ગમે તે કામ કરવામાં કે વમન પણ સાફ કરવામાં મેં જરાપણ સંકોચ કે જુગુપ્સા સેવી નહોતી. મહાવીર જૈન વિદ્યાલયના ધાર્મિક શિક્ષક શ્રી નવીનચંદ્ર અજરામર સવાર પડે ને ડોલ ભરીને લૂગડાં મને ધોવા આપી જાય. 'સુંદરમ્' કવિનાં માતુશ્રી મરણ પામ્યા તો તેમનો ભાઈ સુબન્ધુ મારી ઓરડીએ આવી પત્ર હાથમાં મૂકી ખોળે માથું નાખી રડી પડેલો. અનેકોને હું આશ્વાસન આપતો, અનેક આશ્વાસન લેવા પણ આવતા. પ્રવાસમાં કે મનોરંજન કાર્યક્રમ સમયે પાછળના ચોકમાં સૂઈ ગયેલા કેંક નાના વિદ્યાર્થીઓને ઉપાડી, નાડી છોડી પેશાબ કરાવતો ને પછી એમને ઊંચકી જઈ સૂવાડી દેતો. આ સેવાની હવાથી દ. મૂ. ના બધા જ કાયદાઓ મારે માટે દૂર થતા. અને તેથી કેંક વિદ્યાર્થીઓ મારા નામે એનો લાભ પણ ઉઠાવી જતા જે મેં પાછળથી જાણેલું. એક લૂલો વિદ્યાર્થી બધાને ખૂબ પજવતો. જમ્યા પછી એંઠી થાળી લઈ ચાલતાં થાળી નમી પડી ને મારું ભાણું એંઠથી ભરાઈ ગયું. હું ભાણા પરથી ઊઠી ગયો. એ આ જોઈ લાચાર બન્યો. પણ મેં કહ્યું કે 'કંઈ નહીં ભાઈ! હું તો તારી પાસેથી એટલી જ આશા રાખું છું કે તું બધા સાથે પ્રેમથી વર્તે તો સારું.' હું ભૂખ્યો રહ્યો. અર્ધભૂખ્યો તો એક જ ટંક રહ્યો, પણ એ ભાઈના જીવનમાં સારો એવો ફેરફાર થઈ ગયો, અને તે મારો થઈને રહ્યો. આવી જ રીતે અક્કડ રહેલો કચ્છના દિવાનનો પુત્ર જ્યારે માંદો પડયો અને મિત્રોનો સહવાસ ખોઈ બેઠો ત્યારે એણે મારી મદદ માંગી, અને જ્યારે હું એની સેવામાં હાજર થયો ત્યારે એ રડી પડયો. કેંક વિદ્યાર્થીઓએ દિવાળી વેકેશનમાં પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યા. દિવાનના પુત્રે તો ઘરે તાર પણ કરી નાખ્યો. પણ હું તો મારી સાધનામાં મસ્ત હતો; નહોતી ત્યારે માનની ઈચ્છા કે નહોતી સંબંધો જાળવી રાખી લાભ ઉઠાવવાની ઈચ્છા. આમ દક્ષિણામૂર્તિનું જીવન મારે મન એક સાધનાનો કાળ હતો. આ સાધનાથી આકર્ષાઈ પ્રવાસમાં સાથે આવેલા ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ તો સાકરભાઈ ગૃહપતિને છૂટા કરી મને એ સ્થાને ગોઠવવા નાનાભાઈને અરજી પણ કરેલી. આમ રતના ભંગીથી માંડી નાનાભાઈ સુધીના હરેકનો પ્રેમ મેળવી શકયો હતો, જેથી મારા પૂજ્ય ગુરુદેવ શ્રી હરભાઈ ત્રિવેદી આજ પણ એટલો જ પ્રેમ અને મમતા મારા પ્રત્યે રાખી રહ્યા છે, જેથી ગયા વર્ષે કોંગ્રેસ અધિવેશન ઉપર જતાં એમણે મને રહેવા કરવા ઉપરાંત લાઈટ સુદ્ધાંની ખાસ ગોઠવણ કરાવી આપી શાળાનો વિશાળ ઓરડો કાઢી આપ્યો હતો, તેમ જ નહાવા વગેરે માટે વિજ્ઞાનરૂમમાં વ્યવસ્થા કરી આપી હતી. એ દિવસોમાં વિદ્યાર્થીઓના અંદરના ઝઘડાઓનું નિરાકરણ લાવવામાં ઘણીવાર હરભાઈ મૂંઝાતા. પણ એનું મૂળ હું હરભાઈ પાસે રજૂ કરી એમની મુશ્કેલી હળવી કરતો. કારણ કે કોઈ પણ વિદ્યાર્થી મારાથી કશું પણ છૂપાવતો નહીં. આવા મીઠા સંબંધો બાંધી મેં દક્ષિણામૂર્તિ છોડયું હતું.

ફરી ૧૯૩૪ માં મહાત્મા ગાંધીજી ભાવનગર જતા હોઈ હું ૨—૩ મિત્રો સાથે એ જ ગાડીમાં ચડી બેઠો હતો. સ્ટેશને સ્ટેશને અમે મહાત્માજી પાસે જઈ ઊભા રહેતા. આથી આખી રાતનો ઊજાગરો હોઈ ગામમાં વ્યવસ્થા કરી અમે દ. મૂ. માં પહોંચ્યા અને જરાક લાંબા થતાં ઘસઘસાટ ઊંઘી ગયા. ભોજનનો સમય થતાં પહેલાં ૫૦ વિદ્યાર્થીઓ સ્વયંસેવકો બન્યા હોઈ ભોજન માટે એમણે મને અંગુઠો પકડી જગાડયો. 'મિત્રો! અમે તો ગામમાં ઊતર્યા છીએ.' નો જવાબ વાળ્યો. પણ સ્નેહભાવથી બંધાયેલા એ મને ક્યાં છોડે તેમ હતા? મને એ બધા વિંટળાઈ વળ્યા ને અમારું સરનામું મેળવી ગામમાંથી સામાન લઈ આવ્યા, અને નેતાઓ સાથે અમને પણ સ્થાન કાઢી આપ્યું. એ બાળમિત્રોનો આવો સ્નેહ જોઈને હું ગળગળો થઈ ગયો. ૧૯૩૭ માં હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં મારો ચિ. બાબુ ખોવાયો હતો. ત્યારે પણ એ જ મિત્રોએ રાતના ૧૨ વાગ્યા સુધી દોડાદોડ કરી મને પુત્ર મેળવી આપવામાં સહાય કરી હતી. આમ બે ચાર દાખલાઓ આપીને

જ હું દક્ષિણામૂર્તિ સાથેનો સંબંધ પૂરો કરૂં છું. કારણ કે હરેક વિદ્યાર્થી મિત્રો—એમના વાલીઓ વગેરે સાથેના સ્નેહ-સંબંધોનું વર્ણન કરૂં તો ખાસું મજાનું એક પુસ્તક ભરાઈ જાય. આજે તો ઘણાનાં નામો પણ ભૂલી ગયો છું.

આમ જે સાધના દ. મૂ. માં કરી હતી એ જ સાધના ઘરે પણ ચાલતી. કેંક વિદ્યાર્થીઓ માથું દુખે તો મારા ખોળામાં માથું નાખીને સૂઈ જતા ને હું એમનું માથું દાબતો. કયારેક મારા પગ દુ:ખે તો એ પગ કચરવા મંડી પડતા. ભૂખ લાગે તો કબાટ ઉઘાડીને ખાવાનું પણ ખાતા. હું ઘરે ન હોઉં તો પણ ધર્મશાળા હોય એમ ઘર ઉઘાડી રમવા બેસે. આ પ્રેમસંબંધને કારણે વેકેશન હોય કે રજા હોય, શાળાનું મકાન ભાગ્યે જ બંધ થતું. એક આવે ને એક જાય. એક વિદ્યાર્થી કહે 'ગુરુદેવ! મને ચોરી કરવાની ટેવ પડી છે' તો હું એની આર્થિક સ્થિતિ નબળી હોઈ રોજ પૈસો વાપરવા આપું. કયારે ઈચ્છા થાય તો ખજૂરના ભજીયાં ખાવાની માંગણી કરે. કહ્યાં પ્રમાણે ઘરમાં ભજીયાં ન બને તો હું ન ખાવાનો આગ્રહ પકડતો—સત્યાગ્રહ કરતો, પરિણામે એને ખવડાવીને જ પછી ખાતો. હાલ એ ભાંડૂપ-મુંબઈમાં M.B.B.S. ડૉકટર છે. છતાં શાળા છોડયા પછી કદી મળ્યો જ નથી. કેંક વિદ્યાર્થી માબાપ ન આપે તો લાડ કરી ભજીયાં ખાવા પૈસા લઈ જતા. મુસ્લીમ વિદ્યાર્થીઓ ખાખરાના શોખીન. એની માંગણી કરે ને ખાય ત્યારે જ મને છોડે. કેંક વિદ્યાર્થીઓ હોંસથી ગજવામાં નાખી મારે માટે પેંડા લાવે, કોઈ ૨—૩ ભજીયાં પડીકામાં બાંધી લાવે. મોઢામાં પાન હોય છતાં પાન સાથે એકાદ ખાવું પડતું. પાન ખાવાની ટેવ જ નહીં પણ કોઈકના આગ્રહથી ખાઈ લેતો. કેંક વિદ્યાર્થીઓ મારા હાથમાંની વસ્તુ લઈને ખાવા લાગી જાય ને હું પણ મારા હાથમાં આવેલી વસ્તુ એમની વચ્ચે વહેંચી દઉં. કેંક ગ્રામીણ વિદ્યાર્થીઓ તો ગામમાંથી ખરીદીને પણ કોઈ નવી નવી ચીજો તેમ જ નાસ્તાનાં પડીકાં લાવે ને તેમાંથી થોડુંક હું લઉં ત્યારે જ એ રાજી રાજી થઈ જાય. આમ વિદ્યાર્થીઓ મારાથી કશું જ અંતર રાખતા ન હોઈ હું એમના દોષો જાણી શકતો ને એથી એમને સુધારવાનો પણ પ્રયત્ન કરતો.

૪૦ વર્ષના લાંબા ઈતિહાસમાં અનેક આચાર્યો આવ્યા ને ગયા. કેંક કમિટીઓ આવી ને ગઈ પણ સંસ્થાના આદિકાળથી આજ પર્યંતનો હું જ એક માત્ર સાક્ષી અને પ્રાણરૂપ હોઈ નવા વિદ્યાર્થીઓના વાલીઓ પ્રથમ મને જ મળે. પુસ્તકો, ફી, નોટબુક વગેરે માટે જરૂરવાળા સહાય માંગે તો હું ઘરેઘરે ફરીને જૂનાં પુસ્તકો માંગીને મેળવું અને એમને પૂરાં પાડું. કયારેક અન્ય ફંડફાળા-માંથી યા મદદ મેળવીને પણ સહાય કરું. શાળામાંથી ઊતરી ગયેલા કેંક હોંશિયાર વિદ્યાર્થીઓને બધા જ પ્રકારની મદદ મેળવી આપી ફરી શાળામાં ખેંચી લાવ્યો છું અને એવાઓને B. A. સુધી પહોંચાડી નોકરીએ પણ વળગાડયા છે. એવાઓ આજ પણ એ ઉપકાર સંભારી ગળગળા થઈ જાય છે. કારણકે મોટા અને વગવસીલાવાળા એમને છાત્રાલય કે કૉલેજમાં દાખલ કરાવવામાં નિષ્ફળ ગયેલા ત્યાં હું સફળ થયેલો.

૧૯૪૨ માં વિદ્યાર્થિનીઓના પ્રવેશનો પ્રશ્ન આવ્યો. ત્યારે મેં વિરોધ કરેલો અને કમિટિને લાંબી ૪ પાનાની અરજી આપી બે વર્ષ દ્વાર બંધ રખાવેલાં. ગઈ સાલ બનેલી એક ઘટનાથી ત્યારે મેં કરેલો વિરોધ સકારણ હતો એમ મને આજે પણ સ્પષ્ટ ભાસે છે. પણ ૧૯૪૪ માં નવી હવાને માન આપવું પડેલું ત્યારથી એ સંખ્યા વધતી વધતી આજે શાળામાં ભણતા કુલ વિદ્યાર્થીઓ ૩૨૫ ની સંખ્યામાં વિદ્યાર્થિનીઓની સંખ્યા ૭૦ સુધી પહોંચી છે. છતાં વિદ્યાર્થીઓની જેમ વિદ્યાર્થિનીઓનો પણ એ જ રીતે મેં પ્રેમ સંપાદન કર્યો છે. આથી મારું ઘર એમને માટે પણ સદા ખુલ્લું જ રહ્યું છે. મારે ત્યાં સાંજે અનેક વિદ્યાર્થીઓ ભણવા આવતા. હું બહારથી ફરીને આવું ત્યાં સુધી મારા પિતા બધાંને સાથે બેસાડી પ્રાર્થનાઓ કરાવે ને પછી કોઈ ઐતિહાસિક ધાર્મિક વાર્તા કરે. એક ઘરે છોકરીઓને ભણાવી એમના ઘેર મૂકી આવું ને પછી બીજા ઘરે છોકરાઓને ભણાવું. નાના ઘરમાં સંકડાશ વેઠીને પણ ૧૫—૨૦ વિદ્યાર્થીઓ મારે ત્યાં સૂઈ જતા. એક વિદ્યાર્થી જગ્યાના અભાવે મારા ભેગો સૂઈ જતો. આ અભેદ ભાવને કારણે હું જમતો હોઉં તો કોઈ મારા ભેગો જમવા પણ બેસે. ખાસ કરીને છોકરીઓ તો ઘણી વાર મારી ચિ. પુત્રી ભારતી સાથે મને 'કાકા—કાકા' કહી મારા ભાણામાં જ જમતી. આમ મારું નાનકડું ઘર એક પૂર્વકાળના આશ્રમ જેવું—વિશાળ કુટુંબ જેવું બન્યું હતું. આથી એક વિદ્યાર્થી રાત્રે ૧૧-૧૨ વાગ્યે આવે ને મને જગાડી સંસ્કૃત વાંચે ત્યારે જ મને છોડે. એ વિદ્યાર્થી હાલ ભૂજ - કચ્છ લાલન કોલેજમાં પ્રોફેસર છે. વિદ્યાર્થિનીઓ તો મને જંપવા જ ન દે. બપોરની રજા- recess-હોય કે ભોજન પર હોઉં ત્યારે પણ અધ્ય-યન ચાલ્યા જ કરે. આ પ્રકારની આત્મીયતાને કારણે કયારેક આચાર્ય અને એમની વચ્ચે કોઈ ગૂંચ પડે ત્યારે એ ગૂંચ ઉકેલવાનું કામ મારે માથે જ નાંખવામાં આવતું. વિદ્યાર્થીઓની શાળામાં ભરતી કરવાની હોય ત્યારે ઘેર ઘેર ભટકીને ખેંચી લાવવાનું કામ પણ મારે જ માથે આવતું. આથી ગામની શેરીઓમાં ફરતો હોઉં ત્યારે નાનાં નાનાં ભૂલકાં 'જે જે ગુરૂદેવ' કહીને મને મૂંઝવી મારે. કન્યાઓ અને એની માતાઓ વળી સ્નેહથી આગ્રહપૂર્વક ઘરમાં આવવાનું આમંત્રણ આપે ને કંઈક ખવડાવે ત્યારે જ મને છોડે. શાળામાં પણ અનેક કન્યાઓ મને કંઈક ને કંઈક ખાવાનું આપ્યા વિના રહેતી જ નહિ. એક મોટી કન્યા રોજ મને ભકિતભાવપૂર્વક એક પતાસું છાનુંમાનું આપી જતી અને ન લઉં તો નિરાશ થતી. આ સ્નેહને કારણે પ્રવાસમાં છોકરીઓ ફૂલ યા પોયણાં વીણી લાવી મને ગજરા બાંધે, બાજુબંધ બાંધે, કોઈ ગળે માળા બનાવી પહેરાવે તો કોઈ મારી ટોપીમાં ફૂમતું ખોસે. આવી જ સ્થિતિમાં ઝાડની ડાળી પડવાથી મારી ગળાની કાંઠલી ભાંગી ગઈ હતી. કેટલીક વાર વર્ગમાં આવું તો કાનાફુસી થાય, સહુની આંખમાં કંઈક નવી ચમક દેખાય અને તેથી આજ છે શું એની કલ્પના કરૂં એ પહેલાં તો કોઈ કન્યા આવી ગળામાં હાર પહેરાવી જાય, કોઈ શ્રીફળ મૂકી જાય તો કોઈ ખાવાનું પડીકું કે પતાસાં પણ મૂકે. હું મુંઝાઈ જાઉં કે શાળામાં આ શું? શા માટે? કોણે આમને આવું શીખવ્યું હશે? પણ છેવટે એટલું જ તારવી શકયો કે એમના દિલમાં ઊભરાતા પ્રેમને વ્યકત કરવાની એમની આ એક અણઘડ રીત જ હતી. આમ એમના પ્રેમથી હું મૂંઝાઈ પણ જતો.

છોકરા છોકરીઓનું દિલ ખોલવાનું હું સાધન. જાણે કે વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની 'મા'. કોઈ પરીક્ષામાં ચોરી કરે કે કરાવે તો ઘેર આવીને સાફ દિલે કહી નાંખે, પણ એમને એવો વિશ્વાસ કે 'મા' પોતાના બાળકોને ઠપકો આપશે પણ વગોવશે નહીં. ગમે તેવી વાત કરતાં મારી આગળ શરમ નહીં કે સંકોચ પણ નહીં ને એથી જ નજીકના ભૂતકાળમાં આવતી આંધીને સ્નેહની મીઠાશથી હું રોકી શકયો હતો. જો કે ઉગ્રપણે બોલતા એવા વિદ્યાર્થીઓને ચડાવવાના આક્ષેપ માટે મારે ખૂબ સાંભળવું પડયું હતું. પણ એ ગુપ્ત ભેદ હું કેવી રીતે પ્રગટ કરૂં કે એક માતાની અદાથી જો મેં એમની વરાળ છાતી પર ન ઝીલી લીધી હોત તો એ રૂંધાયેલી વરાળ કેવો ભડકો પેદા કરત? જોકે આજે તો મેટ્રિકના એ વિદ્યાર્થીઓ એવા વિચાર માટે પસ્તાય છે ને કહે છે કે 'જો રતિભાઈ ન હોત તો અમે આડા માર્ગે ચડી જઈ અમારૂં ભવિષ્ય કેવું બગાડી બેસત?' પણ મારી એમના અને શાળા પ્રત્યેના હિતની વાત ન સમજનારા ટૂંકી દૃષ્ટિના માણસો પોતાના ગજે મને માપી મારા પર 'ખટપટિયો', 'આઘીપાછી કરનારો' વગેરે આક્ષેપો મૂકયા કરે છે, જે એક રોજની વસ્તુ બની ગઈ હોઈ મેં એની પરવાહ બહુ અંશે છોડી દીધી છે. કારણકે નિર્દોષ અને સ્વચ્છ દિલ

બાળકોના અખંડ પ્રેમપ્રવાહરૂપ સરોવરમાં નહાવાને કારણે જે પવિત્ર અને નિર્દોષ આનંદ હું લૂંટી શકું છું ત્યાં વિરોધનું હળાહળ ઝેર ક્ષણમાત્રમાં જ વિલીન થઈ જાય છે. આમ એ નિર્દોષ બાલપ્રેમમાં કોઈ દૈવી તાકાત ભરી પડેલી હોઈ એવા એ બાલફિરસ્તાઓ રૂપ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓની હું આરતી ઊતારવામાં માનું છું. કારણકે યુગોથી બાળકો પર અબાધિત સત્તા ચલાવનારા અમારા જેવા ગુરુઓએ જે પાપ કર્યું છે એના પ્રાયશ્ચિત માટે હવે એમની સેવા એ એક મહામંગલકારી મહાપર્વ મનાવું જોઈએ એમ મને લાગે છે.

આ પ્રેમભાવનાને કારણે ક્યારેક વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ અંદરોઅંદર લડે કે અબોલા લે ત્યારે મારૂં કાળજું કપાઈ જાય ને તેથી હું ગાંઠનું ખર્ચીને પણ એમને સાંધુ અને ભેગા બેસાડી ખવડાવું ત્યારે જ મને જંપ વળે. આ પ્રેમથી કેટલાક આજ પણ મારી પાસે કંઈક ને કંઈક ખર્ચાવે છે તેમજ હું પોતે પણ એવો કેટલોય બોજ ઊઠાવતો રહ્યો છું.

ક્યાંક બીજેથી ભડકીને આવેલા ઈન્સ્પેકટરો શરૂશરૂમાં અમને ધમકાવે, ધૂંવાફૂંવાં થઈ જાય અને તેમાં પણ રાયચુરા સાહેબની તો જબરી ધાક. પણ અમે એ પ્રેમના જાદુથી એમને વશ કરી લેતા. પરિણામે એ ઈન્સ્પેકટરો જાતે મને મળવા આવે, ક્યારેક વિરમગામ મળવા બોલાવે, કોઈ અમારી પાસેથી દવા મંગાવ્યા કરે તો કોઈ થેલી ભરીને ખાખરા લઈ જાય. અને એ રીતે આત્મીયતાનો સંબંધ બંધાવાથી શાળાને ઘણો લાભ પણ થયો છે. આમ આ મારી પ્રેમસાધનાનો પ્રયોગ કેવળ વિદ્યાર્થીવર્ગ પૂરતો જ મર્યાદિત નહોતો. શાળાનો પટાવાળો-ચોકિયાત પઠાણ માંદો હોય તો હું જાતે જ ટીફીન-લઈને જમાડવા જાઉં, સાંજે ક્યાંય નજીકમાં ગયો હોય તો ત્યાં સુધી બેસી રહું. આ વૃત્તિને કારણે આજ પણ અનેક દુ:ખિયારા મારી પાસે આવે છે ને કેટલુંક હું પોતે અને બાકીનું બહારથી મેળવીને પણ એમને સહાય કરું છું ત્યારે જ મારો આત્મા શાંત થાય છે. પણ હવે કેટલાંક વર્ષોથી એટલે સુધી પૂરું પહોંચાતું નથી અને મને ભારે દુ:ખ રહ્યા કરે છે. એક બીજું પણ ભારે દુ:ખ મને સંતાપે છે કે સર્વના દિલમાં પ્રવેશ પામવાની ઈચ્છા અને ભાવના છતાં આપણા પોતાના જ કેટલાક સાધર્મી ભાઈઓના દિલમાં હું પ્રવેશ પામી શકયો નથી, જે મારો આ બાબતમાં મોટો પરાજય છે.

અન્ય પ્રવૃત્તિઓમાં પાકિસ્તાન રૂપે દેશના ભાગલા પડયા ત્યારે રાધનપુર, પાલણપુર, દસાડા, વણોદ, બજાણા અને પાટડી એ બધા સરહદના રાજ્યો એકબીજા સાથે જોડાયેલાં હોઈ તેમજ રાજકર્તાઓ પાટડીને બાદ કરતાં મુસ્લીમ હોઈ પાકિસ્તાનમાં ભળવા માંગતા હતા, ત્યારે મેં અને મારો એક વિદ્યાર્થી મિત્ર ભાઈ જયંતીલાલ બાલચંદે ખૂબ કામ કર્યું હતું. આ અંગે અમે શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ તથા શેઠ જીવતલાલ પ્રતાપસિંહ વગેરેને સજાગ કરવા તથા તે અંગે ઘટતી કાર્યવાહી ચલાવવા ખૂબ લાંબા પત્રવ્યવહારો કરેલા. અમદાવાદ પાંજરાપોળના વહીવટદાર શેઠજી શકરચંદ મોહનલાલને પણ પાટડી દરબારને સમજાવવા લખતા રહેલા. એ બધા રાજ્યો વચ્ચે ચાલતા 'કોન્ફીડેન્સિયલ' પત્રો કે ગુપ્ત યોજનાઓનો ભેદ ભાઈ જયંતીલાલ મેળવી લાવતા ને પછી એ અંગે અમે ઘટતો પ્રયત્ન કરતા. પરિણામે શેઠ શ્રી કાંતિલાલ ઈશ્વરલાલે ખૂબ દોડધામ કરેલી ને નવાબ પાસેથી એમને પૂછયા વિના કશું જ નહીં કરવાનું વચન મેળવેલું. શ્રી શકરચંદ શેઠે પણ મારો પત્ર પાટડી દરબારને પહોંચાડવા મોટર લઈ એરોડ્રામ પર પહોંચેલા, જયાંથી તેઓ ઉટ્ટી જવાના હતા. પણ અમારી આ કાર્યવાહી ખૂબ ગુપ્ત હોઈ એ વિષે હવે કંઈ વિશેષ લખવાની જરૂર નથી. પણ એમ છતાં એ બધા રાજ્યો હિંદી સંઘમાં દાખલ થયા હોઈ અમે લીધેલી મહેનત માટે અમને ખૂબ આનંદ અને ગૌરવ પ્રાપ્ત થાય છે.

**રાજકીય ક્ષેત્રે** :— પાકિસ્તાન આપવાથી આપણને ૧૮ રીતે લાભ છે, એ સંબંધી 'જન્મભૂમિ' માં મેં એક લાંબો લેખ મોકલેલો, જે ૧૯૪૨ - ૪૩ ના ગાળામાં છપાયેલો. ૧૯૪૨ માં હિન્દુ - મુસ્લિમ સમાધાન માટે મેં મહાત્માજીને લખેલું કે, જયાં સુધી ૫ હિંદુ, ૫ મુસ્લિમ અને ૫ નોન-મુસ્લીમની કેબીનેટ નહીં રચાય ત્યાં સુધી મને સમાધાન શકય લાગતું નથી. કારણકે, મુસ્લીમોને ૧/૩ થી વધુ બેઠક ન મળે એવું સામાન્ય હિંદુ માનસ છે, જયારે મુસ્લીમોને સંતોષ થશે કે હિંદુઓ મોટી બહુમતીમાં નથી અને છેવટે એ જ પ્રમાણે મધ્યસ્થ પ્રધાનમંડળની ૧૯૪૬ માં રચના થઈ ત્યારે એમાં ૧૫ ને બદલે એક નોન-મુસ્લિમના ઘટાડાથી ૧૪ ની રચના થઈ હતી અને એથી જ સમાધન શકય બન્યું હતું.

**અન્ય પ્રવૃત્તિઓ** : ગામના અનેક નાના મોટા સામાજિક કાર્યોમાં તો હું આગળ જ હોઉં. મંડળોની સ્થાપના, વ્યાખ્યાનોની ગોઠવણ તથા નેતાઓના સત્કાર અને સેવાની જવાબદારી મારે શિરે જ આવે. રેશનીંગ યુગમાં અમો મિત્રોએ અનાજ, ખાંડ, ગ્યાસતેલ વેચવાની જવાબદારી ઉપાડી લીધી હતી. પાછળથી સરકારી રાહે કાર્ડ કાઢી આપવા માણસોની સંખ્યામાં ઘટાડો—વધારો કરી આપવો એ બધું મારે માથે આવ્યું હતું, જેથી મારું ઘર રેશનિંગ ઓફિસ જેવું બની ગયેલું, પણ એમાં એક સુંદર કામ થયું અને તે એ કે મતદાર લીસ્ટ બનાવવાનું કામ અમે મિત્રોએ ઉપાડી લીધું હતું. સમગ્ર ગામલોકોનું લીસ્ટ વિભાગવાર ન હોઈ, એક જ વ્યકિતનું નામ ઘણી કોમોમાં નીકળી પડતું, જયારે અમે ઘર નંબર તથા પૂરી અટક સાથે મતદાર લીસ્ટ બનાવી રજુ કર્યું. કલેકટર સાહેબ આ જોઈ ખૂશ થયા ને એમણે તો પછી એજ રીતે મતદાર લીસ્ટ બનાવવાના હુકમો કાઢયા. અન્ય જીલ્લાઓની તો ખબર નથી, પણ અમારા આખા જીલ્લામાં તો અમે દોરેલા માર્ગે જ ઘરનંબર - વૉર્ડ તથા અટક સહિત પત્રો તૈયાર થયા છે, અને આ રીતે એક ઉપયોગી સેવા બની છે. જો બીજે પણ આ જ પદ્ધતિ અમલમાં આવી હશે તો એ પદ્ધતિ અમલમાં લાવનારાઓમાં અમારો પણ હાથ હોઈ અમારે માટે એ એક ગૌરવભરી બીના ગણાશે.

**ધાર્મિક પ્રવૃત્તિઓ**: જૈન સમાજની ધાર્મિક પ્રવૃત્તિઓમાં તો ઘણું ખરું મને મોખરે ખેંચવામાં આવે છે, પણ જૈનેતર સમાજની ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ મને પ્રથમ આમંત્રણ મળ્યા કરે છે. આમ જૈનેતર સમાજના પ્રેમનો હું સદા ઋણી રહ્યો છું. કારણકે હિંદુ હો કે મુસ્લિમ, હરિજન હોય કે ભંગી, ખેડૂત હો કે કારીગર—હરેક કોમોમાં આજ પણ હું એમનો મારા પ્રત્યેનો સદભાવ અને પ્રેમ જોઈ શકું છું. કયારેક પણ મને એમના તરફથી કોઈ કડવો અનુભવ હજુ થયો નથી. આમ જૈનેતર સમાજમાં હું હંમેશા એમના આદરમાનને પાત્ર રહ્યો છું. મુસ્લીમ સંસ્થાઓમાં પણ હું અનેકવાર ઘરની જેમ મુલાકાત લેતો રહ્યો છું. ફકત પૂરું લેણું નથી ઘરથી. જેટલી બુદ્ધિ વિશેષ એટલા પક્ષો વિશેષ, એથી એમાં ટકરાવાનો ભય રહેજ.

ક્રમશ: **શાહ રતિલાલ મફાભાઈ**

## સુધારો

વર્ષ ૨૪ના અંક ૪ (જૂન ૧૬, ૧૯૬૨) માં પહેલે પાને બીજા કૉલમમાં નં. ૧૧માં...मात्रस्या...स्वयम्, નં. ૧૨માં ૩—૬ તથા નં. ૧૪માં ૫૮૨ વાંચવા વિનંતિ છે.

તંત્રી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૭

# પ્રબુદ્ધ જીવન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

મુંબઇ, ઑગષ્ટ ૧, ૧૯૬૨, બુધવાર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## 'ગુજરાતના વનવાસીઓ'

તા. ૭—૭—૬૨ શનિવારના રોજ વડોદરા જિલ્લાના આદિવાસીઓ વચ્ચે છેલ્લાં ૧૪ વર્ષથી વસીને તેમના ઉદ્ધારનું કાર્ય કરી રહેલા શ્રી હરિવલ્લભ પરીખે 'ગુજરાતના વનવાસીઓ' એ વિષય ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયમાં એકત્ર થયેલા સંઘના સભ્યો સમક્ષ આશરે દોઢ કલાક સુધી અનેક માહિતીઓથી ભરેલું એક પ્રેરક વ્યાખ્યાન આપ્યું હતું અને તેમને સાંભળીને શ્રોતાઓ અત્યન્ત પ્રભાવિત થયા હતા.

શ્રી હરિવલ્લભભાઈ ધ્રાંગધ્રાના મૂળ વતની છે. આજે તેમની ઉમ્મર ૩૬—૩૭ વર્ષની છે. મેટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ તેઓ વર્ધા—સેવાગ્રામ ખાતે ગાંધીજી પાસે પહોંચી ગયા હતા અને મગનવાડીમાં ચાલતા સંશોધનકાર્યમાં જોડાયા હતા. સમયાન્તરે ૧૯૪૦ માં શરૂ કરવામાં આવેલા વ્યકિતગત સત્યાગ્રહમાં તેઓ જોડાયા હતા અને નવ માસનો જેલવાસ ભોગવ્યો હતો. જેલમાંથી છૂટયા બાદ તેઓ ભૂગર્ભ પ્રવૃત્તિમાં દાખલ થયા હતા અને ૧૯૪૪માં બાપુના આદેશને અધીન થઈને વેડછીમાં જાહેર થયા હતા. ૧૯૪૯માં વડોદરા નજીક આવેલા રંગપુરમાં તેમણે 'આનંદનિકેતન' એ નામના આશ્રમની સ્થાપના કરી હતી અને એ આદિવાસીઓના પ્રદેશમાં તેમણે સહકુટુંબ વસવાટ શરૂ કર્યો હતો.

વડોદરા જિલ્લાના ચાર તાલુકા : છોટા ઉદેપુર, જબુગામ, નસવાડી, સંખેડા—આ ચાર તાલુકામાં વસતા આદિવાસીઓના સર્વલક્ષી વિકાસનું કાર્ય તેમણે હાથ ધર્યું હતું. ૧૪ વર્ષ સુધી ત્યાં તેમણે શું શું કાર્ય કર્યું અને સમયે સમયે ઉપસ્થિત થતી નવી નવી સમસ્યાઓ તેમણે કેવી રીતે હલ કરી—આને લગતી અનેક રસપ્રદ હકીકતો તેમણે પોતાના વ્યાખ્યાનમાં રજુ કરી હતી. ભૂદાન આન્દોલન વિનોબાજીએ શરૂ કર્યું તે પહેલાં તેમના કાર્યક્ષેત્રમાં ભૂદાનની નાની સરખી શરૂઆત કરવામાં આવી હતી. પછી તો ભારતમાં અન્યત્ર બન્યું તેમ તેમને ત્યાં પણ ગ્રામદાનો શરૂ થયાં હતાં. આ ગ્રામદાની ગામોની નવરચના તેમણે શી રીતે કરી અને તેનાં આજ સુધીમાં શું પરિણામો આવ્યાં તે સંબંધમાં તેમની સાથે સારી ચર્ચા થઈ હતી અને આને લગતા પ્રશ્નોનો જવાબ આપતાં તેમણે ગ્રામદાની ગામની નવરચનાનું ભારે પ્રેરક અને પ્રકાશદાયી ચિત્ર રજુ કર્યું હતું.

સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુજપુરીઆએ તેમનો આભાર માનતાં તેમના પ્રવચનની અને તે દ્વારા પ્રગટ થતા તેમના ભગીરથ કાર્યની મુકતકંઠે પ્રશંસા કરી હતી. સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ આભારનું અનુમોદન કરતાં તેમની આ લાંબા વર્ષોની તપસ્યાને પ્રબુદ્ધ જીવનના વાચકો માટે શબ્દબદ્ધ કરી આપવા વિનંતિ કરી હતી અને આ વિનંતિનો તેમણે સ્વીકાર કર્યો હતો. આ ઉપરથી આજ સુધીમાં પ્રબુદ્ધ જીવનના વાચકો શ્રી દુલેરાય માટલિયા અને શ્રી રતિલાલ મફાભાઈ શાહના જીવન—કાર્યથી પરિચિત થયા છે તેમ ભાઈશ્રી હરિવલ્લભ પરીખના આજસુધીના જીવનકાર્યના પરિચયનો બહુ થોડા સમયમાં પ્રબુદ્ધ જીવનના વાચકોને લાભ મળશે એવી આશા બંધાય છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## શોષણમુકિતનો સરળ ઇલાજ
### ચર્ચાપત્ર નં–૨

તા. ૧૬-૫-'૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં 'અમર રૂપિયાને નશ્વર બનાવો' એ મથાળા નીચેનો શ્રીયુત અપ્પાસાહેબ પટવર્ધનના લેખનો અનુવાદ વાંચ્યો. મારા વિચાર એ બાબતમાં રજૂ કરું છું. આશા છે કે આપનાં પત્રમાં તે પ્રગટ કરશો.

જો અમર રૂપિયાને આપણે નશ્વર બનાવીએ તો આપણા વિશાળ દેશનું ઘણું જ આર્થિક રીતે હિત થાય. સેંકડો કરોડો રૂપિયા જે વગરવ્યાજે સેફ ડિપોઝીટ વાલ્ટમાં અથવા ઘરની સેફમાં પડયા છે તે બહાર નીકળે. જેવું કાળું નાણું ચલણમાં ફરતું થાય કે આપણી સરકારને નવી નોટો છાપવાનું કારણ જ ન રહે. સ્વાભાવિક રીતે બધું નાણું ફરતું થાય એટલે શરૂઆતમાં જરા ભાવ—ઉછાળો કૃત્રિમ રીતે આવે, પણ પાછું બધું વપરાશની રીતે ભાવ—સપાટી પર આવી જાય.

આપણો દેશ આજે છતે નાણે વિદેશોમાં વ્યાજે નાણાં લેવા જાય છે તે જવાની જરૂર ન પડે અને કરોડો રૂપિયા દેશની આબાદી માટે વપરાય, જેનાથી દેશની પ્રજાની સરેરાશ આવક વધે. જૂના રૂપિયા ફરતાં જો સરકાર બંધ કરે તો પ્રજા રૂપિયાનો ખોટો સંગ્રહ કરવાનું બંધ કરે અને જોઈતી ચીજોમાં રૂપિયા વાપરે. આજે દરેક વસ્તુઓ પર નિયંત્રણ છે તે દૂર થાય અને જેમ જેમ રૂપિયો વિશેષ ફરતો થાય તેમ તેમ પ્રજાની આવક અમેરિકાની માફક વધે. આપણી બધી નોટો ફરતી થાય તો આપણા દેશનું અર્થતંત્ર કશળે નહીં.

આ દરેક વસ્તુ ખાસ કરીને અમીર વર્ગને જ વિશેષ લાગુ પડે છે. આપણા દેશમાં અધિક લોકો ખેડૂત, મજૂર, શિક્ષક અથવા મહેતાગીરી—મુનિમપણું કરે છે અને તેમનું નાણું જે ડિવિડન્ડ અથવા વ્યાજ કમાય છે તે ભાગ્યે જ દશ ટકા હોય છે, જ્યારે વિશેષ સંપત્તિ વ્યાપારીઓ, કૉન્ટ્રાકટરો, ઉદ્યોગપતિઓ, નામી વકીલો, ડૉકટરો અને ઉચ્ચ વર્ગની હોય છે, જેમના નાણાં વણવપરાયેલાં પડી રહે છે; કારણ કે આવક અઢળક હોય છે અને ખરચવા માટે રસ્તા નથી, આમાં જો કે આપણી સરકારના વેરા પણ મુખ્યત્વે જવાબદાર છે. વણવપરાયેલા નાણાં વધતા જાય તેમ તેમ ધીરે ધીરે કાળાં નાણાં થતાં જાય તે દેશનાં અર્થતંત્રને હચમચાવે. કાળું નાણું ખુલ્લું કરવું અઘરું રહે છે અને વ્યકિત તેમ કરવા તૈયાર થાય તો પણ રાજ્યદંડની ભીતિ રહે છે. આપણી સરકાર પાંચ વર્ષની મુદત આપીને કાળું નાણું મુકત કરવાની મુદત આપે તેમ જ ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે ચાલુ નાણું બંધ કરી નવું મુદતી નાણું છાપે તો આપણા રાષ્ટ્રની ગરીબાઈ, પરવશતા, બેકારી વગર યોજનાએ દૂર થાય અને લોકો સમૃદ્ધ થાય અને રાષ્ટ્રની આવક પણ વધે.

ટોકરશી પૂંજાભાઈ છેડા

# પ્રકીર્ણ નોંધ

**મારી 'વિવેકશૂન્યતા'**

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૭-'૬૨ ના અંકમાં ઉપાધ્યાય મહારાજ શ્રી આનંદઋષિજીના સંબંધમાં પ્રગટ થયેલી મારી એક નોંધથી પ્રક્ષુબ્ધ બનીને "જૈનપ્રકાશ" ના તંત્રી અને મારા મિત્ર શ્રી. ખીમચંદ મગનલાલ વોરાએ તા. ૨૩-૭-૬૨ ના જૈન પ્રકાશમાં મારા વિષે તેમના દિલમાં આજ સુધી જે કાંઈ સંગ્રહિત થયું હશે તે બધું એક સાથે ઠાલવતો, અત્યંત રોષભર્યો અગ્રલેખ 'વિવેકશૂન્યતા" એ મથાળા નીચે પ્રગટ કર્યો છે. શ્રી ખીમચંદભાઈને હું જે રીતે જાણું છું એ રીતે તેમના વિષે વિચાર કરતાં આ લેખ વાંચીને મને જરા પણ આશ્ચર્ય થયું નથી. આખા લેખમાં બીજું તો જે કાંઈ છે તે છે, પણ તે ઉપરાંત એક પ્રકારનું સાંપ્રદાયિક ઝનૂન તરવરતું દેખાય છે. તેઓ મુંબઈના જ માત્ર નહિ, પણ આખા ભારતના સ્થાનકવાસી સમાજના એક પ્રતિષ્ઠાસંપન્ન આગેવાન છે. આવી આગેવાની પ્રાપ્ત કરવા માટે બીજા અનેક ગુણોની અને કાર્યક્ષમતાની જરૂર તો રહે જ છે, પણ આ ઉપરાંત આવી વ્યકિતમાં સાંપ્રદાયિક ધગશ પૂરતા પ્રમાણમાં હોવી જરૂરી છે. આ ધગશને ઝનૂનમાં પલટાતાં વાર લાગતી નથી— આટલી બધી સૂક્ષ્મ રેખા ધગશ અને ઝનૂન વચ્ચે રહેલી છે અને તેથી આ બન્ને શબ્દો મોટા ભાગે પર્યાયવાચી બની જાય છે. શ્રી ખીમચંદભાઈના પ્રસ્તુત લખાણમાં આ પ્રકારનું સાંપ્રદાયિક ઝનૂન વ્યકત થઈ રહ્યું છે આવી છાપ તેમનું લખાણ વાંચતાં મારા મન ઉપર પડી છે.

વળી જેમને પોતાના પૂજ્ય આરાધ્ય ગુરુદેવ તરીકે માન્યા હોય, સ્વીકાર્યા હોય તેમના અંગે કોઈ જે તે વ્યકિત પ્રતિકૂળ ઉદ્ગારો કાઢે અથવા તો તેમના કોઈ કાર્ય અંગે પ્રતિકૂળ વિચાર પ્રગટ કરે તો તેવું વર્તન આવી આગેવાન વ્યકિત માટે અસહ્ય બની જાય એ તદ્દન સ્વાભાવિક છે. આવા પ્રચંડ માનસિક આવેશ નીચે લખાયેલા શ્રી ખીમચંદભાઈના લખાણ વિષે જરા પણ દુઃખ ચિંતવવું એ મને યોગ્ય લાગતું નથી. ઉલટી એમ આશા સેવું છું કે, આ આવેશનો આવેગ ઉતરી જતાં તેમને એમ જરૂર લાગશે કે, મારા અંગે તેમનાથી કાંઈક વધારે પડતું લખાઈ ગયું છે.

વળી મારા વપરાયલા 'વિવેકશૂન્યતા' શબ્દનો જો એટલો જ અર્થ થતો હોય કે મારી પ્રસ્તુત નોંધમાં મેં વિવેકની મર્યાદા ઓળંગી છે— કારણ કે તેમણે મારાં અનેક લખાણો આજ સુધીમાં 'જૈન પ્રકાશ' માં 'પ્રબુદ્ધ જીવન' માંથી ઉદ્ધૃત કર્યાં છે અને જો ખરેખર જ હું પોતે અથવા તો મારાં લખાણો વિવેકશૂન્ય હોત તો તેઓ મારાં લખાણોને 'જૈનપ્રકાશ' માં કદિ પણ સ્થાન આપત નહિ— તો મારી એ વિવાદાસ્પદ નોંધ પૂરતો તેમનો એ આરોપ મને કબૂલ છે—I plead guilty to the charge. કારણ કે એ લખાણ મારી ચાલુ લેખનશૈલી કરતાં જરૂર જુદા પ્રકારનું છે. આમ છે તો પછી પ્રશ્ન થાય છે કે મેં આ બાબતમાં ઈરાદાપૂર્વક આવી વિવેકક્ષતિ કેમ કરી? તેનો મારી પાસે એટલો જ જવાબ છે કે, એક ત્રસ્ત હરિણી સમાં સાધ્વીને ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા બદલ, તે સાધ્વીની અંગત માન્યતાને ઉપેક્ષીને—અવગણીને, સ્થાનકવાસી સંઘની કોઈ પણ જવાબદાર વ્યકિતઓ સાથે સલાહ—વિચારણા કર્યા સિવાય, મુંબઈમાં પ્રવેશ કરવા સાથે જ તેમના ગુરુએ ખાનગીમાં પ્રાયશ્ચિત ફરમાવ્યું અને સાથે સાથે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ નહિ કરવાની પ્રતિજ્ઞા પણ ફરમાવી—એ ઘટના જોઈને મારું દિલ ઉકળી ઉઠયું અને મનમાં થયું કે, આ બાબત સ્થાનકવાસી સમાજના ધ્યાન ઉપર મારે સચોટપણે લાવવી જ જોઈએ. આ હેતુ સિદ્ધ કરવા માટે ઉગ્ર ભાષાનો ઉપયોગ મને આવશ્યક લાગ્યો અને પરિણામ જોતાં મને લાગે છે કે, મારો એ હેતુ સિદ્ધ થયો છે. અલબત્ત, મારા વિષે કેટલાંક સ્થાનકવાસી ભાઈ-બહેનોના દિલમાં જરૂર કચવાટ પેદા થયો છે—અને આ કોઈ અણધારી આપત્તિ નથી—પણ આ ઘટના યા દુર્ઘટના તરફ આખા સ્થાનકવાસી સમાજનું ધ્યાન કેન્દ્રિત થયું જ છે એમાં કોઈ શક નથી.

અને "વિચારજડ" વિશેષણના પ્રયોગ સંબંધે થોડો ખુલાસો કરી લઉં. વિચારજડતાનો અર્થ વિચારજાગૃતિનો અભાવ એમ હું કરું છું અને આ વિચારજાગૃતિનો અભાવ માત્ર આનંદઋષિજીમાં જ નહિ, માત્ર સ્થાનકવાસી સંપ્રદાયનાં સાધુ-સાધ્વીઓમાંજ નહિ, પણ અન્ય સંપ્રદાયનાં સાધુ-સાધ્વીઓમાં પણ લગભગ સર્વસાધારણપણે હું જોતો આવ્યો છું. વિચારજાગૃતિનો માપદંડ મારા માટે મહાત્મા ગાંધી અથવા તો વિનોબા ભાવે છે. આ માપે માપતાં મને આજના સાંપ્રદાયિક સાધુ-સાધ્વીઓ લગભગ સર્વત્ર બહુ ઉણાં—વામણાં—લાગ્યાં છે.

અહિં વિચારજડતા એટલે શું એ જરા ઝીણવટથી સમજવાની જરૂર છે. વિદ્વત્તા હોવી, વકતૃત્વ હોવું, મર્યાદાશુદ્ધ ચારિત્ર્ય હોવું, આચારવિચારગત પવિત્રતા હોવી, કઠણ તપશ્ચર્યા હોવી, સામાજિક પ્રભુત્વ હોવું, અનુયાયીઓનો બહોળો સમુદાય હોવો— આ બધી બાબતોને વિચારજાગૃતિ સાથે કાંઈ અનિવાર્ય સંબંધ છે જ નહિ, તેમ જ વિચારજડતા સાથે પણ આ બધાંનો કોઈ વિરોધ નથી. વળી સાધારણ સમાજની આ સાધુ-સાધ્વીઓ અંગે વિચારજાગૃતિની એટલી અપેક્ષા હોતી નથી, જેટલી અપેક્ષા તેમના અણીશુદ્ધ ચારિત્ર્યની, વિદ્વત્તાની, પવિત્રતાની કે તપશ્ચર્યાની હોય છે. ઉલટું આવા ગુણોથી યુકત છતાં વિચારજડ એવા સાધુ મુનિરાજ સાથે સાધારણ સમાજનો જેટલો જલ્દીથી મેળ બેસે છે તેટલો સહજ મેળ વિચારજાગૃત વ્યકિત સાથે બેસતો નથી. તેને જેટલો પરંપરાપ્રાપ્ત વિચારસરણીમાં અને આચારવિધાનમાં રસ હોય છે તેટલો સાધારણ રીતે સમયાપેક્ષિત વિચાર કે આચારના કોઈ નવા પ્રસ્થાનમાં રસ હોતો નથી. કહેવાનું તાત્પર્ય કે આ 'વિચારજડ' વિશેષણ માત્ર ઉપાધ્યાય આનંદઋષિજીને જ લાગુ પડે છે એમ કોઈએ માની લેવાની જરૂર નથી. આ ત્રુટિ લગભગ સર્વસાધારણ જેવી છે. આમ છતાં આ વિશેષણનો આપણે જ્યાં ત્યાં ઉપયોગ કરતા નથી, કારણ કે તેવો ઉપયોગ બધે ઠેકાણે પ્રસ્તુત હોતો નથી.

વસ્તુસ્થિતિ આવી હોવા છતાં, ચર્ચાસ્પદ બનેલી પ્રસ્તુત ઘટના અંગે મારું સંવેદન એટલું બધું તીવ્ર હતું કે તે વ્યકત કરવા માટે આ શબ્દ તેમ જ તેને મળતા બીજા કેટલાક કડક શબ્દોનો ઉપયોગ મને ઉપયોગી અને પ્રસ્તુત લાગ્યો છે. આના લીધે મારા વિષે સદ્ભાવ દાખવતાં અનેક સ્થાનકવાસી ભાઈ-બહેનોનું દિલ દુભાવવાનું મેં જોખમ ખેડયું છે અને તે માટે હું ખરેખર ખૂબ દિલગીર છું, પણ એક પત્રકાર તરીકે તેમ જ સમગ્ર જૈન સમાજ સાથેના મારા વર્ષોજૂના ગાઢ સંબંધના કારણે મારી ફરજનો વિચાર કરતાં આમ કરવું મને અનિવાર્ય લાગ્યું છે. સૌહાર્દયુકત શ્રી. ખીમચંદભાઈએ લખેલા અગ્રલેખના અનુસંધાનમાં આટલો ખુલાસો, જેઓ મને સમજવા ઈચ્છતા હશે તેમના માટે, હું ધારું છું કે, પૂરતો છે.

**અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર શ્રી સરોજબહેન પટેલનું ચોંકાવનારું નિવેદન**

અમદાવાદમાં આવેલ શ્રી મહીપતરામ રૂપરામ અનાથાશ્રમના મંત્રી શ્રી સરોજબહેન પટેલે તાજેતરની એક અખબારી મુલાકાત દરમિયાન કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, "સમાજની ટીકાના ડરના કારણે ત્યજાએલાં, અસામાજિક તત્ત્વોના ભોગ બનેલાં અને રક્ષણ માટે અમને સોંપવામાં આવતાં બાળકોની સંખ્યા રોજ-

બરોજ વધતી જાય છે. સમાજનું નૈતિક ધોરણ ઘટી રહ્યું છે. અગાઉ દર વર્ષે પોલીસ તરફથી ૬૦ થી ૬૫ બાળકો આવતાં હતાં તેને બદલે અત્યારે દર વર્ષે ૧૦૦ થી ૧૫૦ ની સંખ્યામાં આવાં બાળકો આવે છે. એમાં પણ ૧૪ થી ૨૦ વર્ષની ઉંમરની કુંવારી માતાઓનું પ્રમાણ ઘણી મોટી સંખ્યામાં વધવા પામ્યું છે. અપરિણીત માતાઓનાં બાળકોને સમાજમાં યોગ્ય સ્થાન ન મળતું હોવાથી ગુપ્ત પ્રસૂતિઓના કિસ્સાઓ પણ વધવા લાગ્યા છે."

ગરીબ, મધ્યમ કે ઊંચો વર્ગ—એ પૈકી કયા વર્ગમાંથી નૈતિક ધોરણ કથળ્યું છે તે બાબતમાં પ્રકાશ પાડતાં શ્રી સરોજબહેન પટેલે જણાવ્યું હતું કે, "મુકત અને સ્વચ્છંદી વાતાવરણમાં ઉછરેલી સારા કુટુંબની કૉલેજિયન યુવતીઓનું ચારિત્ર્ય વધારે પ્રમાણમાં કથળતું જોવા મળે છે અને એવી કુંવારી માતાઓનું પ્રમાણ મોટી સંખ્યામાં વધી રહ્યું હોવાનું માલુમ પડે છે. અમોને જાણવા મળતા કિસ્સાઓ ઉપરાંત ડૉકટરો પાસે ખાનગીમાં અને બીજી રીતે વ્યવસ્થા કરતી આવી કુંવારી માતાઓના કિસ્સાઓ પણ વધુ પ્રમાણમાં બની રહ્યા છે. ઘણી વાર તો શરમ અને વિવેક ગુમાવીને અનીતિના માર્ગે ગયેલી આવી યુવતીઓ લેશમાત્ર દુઃખ પણ અનુભવતી નથી એ નવાઈ પમાડે તેવી હકીકત છે."

અનૈતિક પ્રવૃત્તિઓને ડામવા માટે માર્ગદર્શન કરાવતાં શ્રી સરોજ બહેને કહ્યું હતું કે, "વિતંડાવાદમાં સમય બગાડવાને બદલે કેળવણીકારો, સમાજ અને રાજ્ય જો સક્રિય રસ લઈ કેળવણી અને લોકશિક્ષણનું કાર્ય ઉપાડી લે તો સારું પરિણામ લાવી શકાય. સમાજના ધર્માચાર્યો માત્ર ભજન કિર્તનની પ્રવૃત્તિને બદલે આવી સામાજિક પ્રવૃત્તિઓને સેવા આપે તો પણ અનીતિની પ્રવૃત્તિ અટકી શકે. આ ઉપરાંત લત્તે લત્તે સામાજિક સંસ્થાઓ અને મંડળો લોકશિક્ષણ આપી શકે."

ઉપરની અખબારી મુલાકાતમાં શ્રી સરોજબહેન પટેલે સમાજની એક સડતી જતી બાજુ તરફ આપણું ધ્યાન ખેંચ્યું છે અને તેને કેમ સમારવી, સુધારવી તે વિષે થોડીક સૂચનાઓ કરી છે. આનો અમલ થતાં જે કાંઈ શુભ પરિણામ આવે તે જરૂર આવકારદાયક લેખાવું જોઈએ. પણ આ અંગે ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે આ દર્દ ઉપરછલ્લું નથી પણ વધારે ઊંડું છે. આ પાછળ, માત્ર અણધાર્યા સંયોગોમાં અને અમુક રીતે અવશ એવી સ્થિતિમાં થઈ જતું નૈતિક સ્ખલન થવા પામે છે એટલો જ એક મુદ્દો નથી, પણ જેમ હિંસા-અહિંસા વિષેના ક્ષેત્રમાં અહિંસા વિષે લોકલાગણી બુઠ્ઠી થતી ચાલી છે તેમ જાતીય સંબંધના વિષયમાં "આ તો મારાથી ન જ થાય." એવો એક જે દૃઢ સંસ્કાર છોકરા-છોકરીને જાણેકે ગળથુથીમાં એટલે કે જન્મથી માંડીને બાળવય પૂરી થતાં સુધીના ઉછેરમાં મળતો હતો તે હવે નિર્મૂળ થતો ચાલ્યો છે. આમાં સંતતિનિયમનનાં સાધનોનો ઉપયોગ અને માહીતી જે એક બાજુએ અનિચ્છનીય વસ્તીવધારાને રોકવા માટે અનિવાર્ય જેવા બનતાં જાય છે તે જ સાધનો અને તેને લગતી માહિતી બીજી બાજુએ નૈતિક શિથિલતાનું પૂરક તેમ જ પોષક કારણ બનતું જાય છે. આ દ્રષ્ટિએ વિચારતાં આ અનિષ્ઠને કેમ વધતું જતું રોકવું એ પ્રશ્ન અત્યંત કૂટ અને જટિલ બનેલો છે. સમાજહિતચિંતકોએ આ પ્રશ્નને આ વ્યાપક દ્રષ્ટિએ વિચારવાનો જેવો રહે છે.

## જેલમાં પૂરાયલા કેદીઓના પુનરુદ્ધારઅર્થે અજમાવાતા આવકારદાયક પ્રયોગો

ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં થોડા દિવસ પહેલાં કેદીઓની સુધારણા અંગે પ્રગટ થએલી એક નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે, "કેદીસુધારણા અંગે બિહાર સરકારે હાથ ધરેલ એક નવા પ્રયોગમાંથી બહુ આશાસ્પદ અને પ્રોત્સાહક પરિણામો પ્રાપ્ત થયાનું જાણવા મળ્યું છે. જુદી જુદી જેલોમાંથી ૩૫૦ ઉપરાંત કેદીઓને એકઠા કરીને પુણીઆ જેલમાં દૈનિક મજુરી દરના ધોરણ ઉપર એક લાંબી કેનાલ લીંક—નહેર જોડાણ નિર્માણ કરવાની યોજનામાં તેમને રોકવામાં આવ્યાં છે. આમાંથી ૨૦ કેદીઓ આજીવન જેલવાસની શિક્ષા પામેલા છે. આ બધા કેદીઓ ખુલ્લી જગ્યામાં ઊભી કરવામાં આવેલી કેમ્પમાં એક સાથે વસી રહ્યા છે અને જો કે તેમની ઉપર ચોકીપહેરો રાખવા માટે કોઈ પોલીસ દળને રોકવામાં આવ્યું નથી અને તેમને નાસી છૂટતા અટકાવવા માટે કોઈ જેલની દિવાલો અસ્તિત્ત્વ ધરાવતી નથી, એમ છતાં પણ, આજ સુધીમાં આ જૂથમાંથી માત્ર એક કેદી નાસી છૂટેલ છે. બીજા બધા કેદીઓ પોતાના કામમાં મશગુલ છે અને તેમને સમાજના ઉપયોગી સભ્યો બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે એ કારણે, તેઓ બહુ સુખ અનુભવે છે.

"ખરી રીતે આ પ્રયોગ તદ્દન નવો અને પહેલવહેલો નથી. બે વર્ષ પહેલાં એ જ પ્રદેશમાં બીજું નહેરજોડાણ અંશતઃ ૯૦ કેદીઓની મદદ વડે પૂરું કરવામાં આવ્યું હતું અને તેના બદલામાં પાંચ મહીનાની અંદર તેઓ રૂ. ૩૦,૦૦૦ કમાયા હતા. ઉત્તર પ્રદેશમાં આવો પ્રયોગ સૌથી પહેલો હાથ ધરવામાં આવ્યો હતો. એ જ રાજ્યમાં બે મોટા પાણીના બંધો માત્ર કેદીઓ મારફત બાંધવામાં આવ્યા હતા અને તેમને બીજા મજૂરો માફક મજૂરી આપવામાં આવી હતી અને જ્યાં તેઓ કામ કરતા હતાં ત્યાં તેમના ઉપર કોઈ પણ પ્રકારનો ચોકીપહેરો રાખવામાં આવ્યો નહોતો અને એમ છતાં, એમ જણાવવામાં આવ્યું હતું કે, એક પણ કેદીએ કદી પણ ભાગી જવાનો પ્રયત્ન કર્યો નહોતો.

"જેલનું જીવન ગુનેહેગારોને hardened criminals-પરિપકવ ગુન્હાહિત—બનાવે છે. પણ ઉત્તર પ્રદેશ અને બિહારમાં કરવામાં આવતા આવા પ્રયોગો અને તેનાં પરિણામો દર્શાવે છે કે આવી પરિસ્થિતિ અટકાવી શકાય તેમ છે. થોડા દિવસ પહેલાં ઉત્તર પ્રદેશના એક પ્રધાને ઠીક ઠીક જેલવાસ ભોગવીને છૂટેલાં લોકોમાં ગુન્હાઓ કરતાં રહેવાની પ્રવૃત્તિ કેટલા પ્રમાણમાં ચાલુ રહી છે તે શોધી કાઢવા માટે એક તપાસ હાથ ધરવાની સૂચના કરી હતી. આવી તપાસ જરૂર બહુ ઉપયોગી થવા સંભવ છે. આવી જેલોમાંની એક જેલની મુલાકાત દરમિયાન રાજ્યપ્રધાનને જણાવવામાં આવ્યું હતું કે, એ જેલમાં કેદીઓને કેદી તરીકે સંબોધવાની મના કરવામાં આવી છે. આ જરૂર રમુજ પમાડે તેવી હકીકત છે, પણ એનો અર્થ એ થાય છે કે અન્ય દરેક વ્યકિત માફક એક કેદીને પણ સ્વમાનની ભાવના હોય છે અને તેને ઊંચે લાવવો હોય તો તેમના સ્વમાનરક્ષાને લગતી આ બાબત પૂરેપૂરી ધ્યાનમાં રાખવી ઘટે છે."

અસ્પૃશ્યો, આદિવાસીઓ, પતિત બહેનો માફક કેદીઓને પણ આ યુગમાં હવે જૂનીપૂરાણી નહિ પણ નવી દ્રષ્ટિથી જોતા થવાની જરૂર ઊભી થઈ છે. તેમના વિષે કેવળ તિરસ્કારથી ન જોતાં કરુણા અને મૈત્રીપૂર્વક તેમના તરફ જોતાં થવું ઘટે છે અને તેમને ઊંચે લાવવા માટે અને એક સામાન્ય નાગરિકના દરજ્જા ઉપર તેમને જીવનમાં સ્થિર કરવા માટે, આગળના પૂર્વગ્રહોથી સર્વથા મુકત બનીને, તેમના ઉદ્ધાર અર્થે જે ઉપાયો જરૂરી લાગે તે હિંમતપૂર્વક અને શ્રદ્ધાપૂર્વક હાથ ધરવા ઘટે છે.

## એક ઉત્તમ કોટિના સામાજિક કાર્યકરનું અવસાન

તા. ૨૦-૭-૧૯૬૨ ના રોજ વડોદરાનિવાસી શ્રી. નાગકુમાર મકાતીનું દોઢ માસની માંદગીના અંતે ૫૫ વર્ષની વયે મુંબઈ ખાતે અવસાન થતાં જૈન સમાજને એક નિષ્ઠાવાન કાર્યકર્તાની ખોટ પડી છે. તેઓ વડોદરા ખાતે વકીલાતનો વ્યવસાય કરતા હતા અને સાથે સાથે અનેક સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયલા વર્ષોજુના સક્રિય કાર્યકર હતા. આજથી ૩૦ વર્ષ પહેલાં જૈન સમાજમાં બાલદીક્ષા સામે જે પ્રચંડ આન્દોલન ઊભું થયું હતું અને ત્યાર બાદ બાળદીક્ષાની અટકાયત કરતો ગાયકવાડ સરકારે વડોદરા રાજ્યમાં કાનૂન કર્યો હતો એ આંદોલન અને કાનૂનસમર્થનને લગતી પ્રવૃત્તિમાં તેમણે અગ્રભાગ લીધો હતો; જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની હીલચાલમાં તેઓ વર્ષોથી રસ લઈ રહ્યા હતા. વળી વડોદરા ખાતે હાઈસ્કુલમાં ભણતા જૈન વિદ્યાર્થીઓ માટે એક જૈન છાત્રાલય વર્ષો પહેલાં ઊભું કરવામાં આવેલું તેના તેઓ પ્રમુખ કાર્યકર હતા. સમયાન્તરે એ છાત્રાલય આજથી આઠ વર્ષ પહેલાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયને સુપ્રત કરવામાં આવ્યું અને તેના પરિણામે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ત્યાં શાખા ખોલવામાં આવી તે તેમની મહેનત અને કાર્યકુશળતાને આભારી હતું. આ શાખા શરૂ થયા બાદ તેની કાર્યવાહીમાં પણ તેઓ આજ સુધી સક્રિય ભાગ અને ઊંડો રસ લઈ રહ્યા હતા. વળી, ગુજરાતી સાહિત્યમાં પણ તેમને ઊંડો રસ હતો અને વડોદરાના અગ્રગણ્ય ધારાશાસ્ત્રી તરીકે પણ તેમણે સારી નામના મેળવી હતી. વડોદરાની અનેક જાહેર પ્રવૃત્તિઓ તેમના સાથ અને સહકાર વડે અંકિત બની હતી. તેઓ એક શીલસંપન્ન, વ્યવહારદક્ષ, વિનમ્ર સજ્જન હતા અને અતિ મીલનસાર તેમનો સ્વભાવ હતો. જે જે ક્ષેત્રને તેમની કર્તૃત્વશકિત સ્પર્શી હતી તે તે ક્ષેત્રને વિકસાવવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો અને જેના જેના તેઓ સમાગમમાં આવ્યા તેમના દિલ ઉપર તેમણે સુંદર મધુર છાપ પાડી હતી. જેમ શીતળ પવનલહરી આપણને સ્પર્શીને વહી જાય અને મધુર શીતળતાની અનુભૂતિ સ્મરણમાં સ્થિર કરી જાય તેમ એક મધુર જીવનનો આમ એકાએક અપરિપકવ વયે લય થયો છે, પણ ચિરસ્મરણીય એવી મધુર સુવાસ તેઓ પોતાની પાછળ મૂકી ગયા છે અને એ રીતે પોતાના જીવનને સફળ કરી ગયા છે.

પરમાનંદ

# રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો

(ગયા ફેબ્રુઆરી માસના પ્રારંભમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આગળના છ મહિનાના રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહોની સમાલોચના કરી હતી અને તે તત્કાલીન પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવી હતી. એજ પ્રમાણે ગયા જુલાઇ માસની ૨૧ મી તારીખે ઉભય ક્ષેત્રે વચ્ચેના ગાળા દરમિયાન બનેલી મહત્ત્વની ઘટનાઓની શ્રી ચીમનલાલભાઈએ સમાલોચના કરી હતી જેની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

## આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે

### આલ્જીરિયા

છેલ્લાં પાંચ છ મહિનાના ગાળા દરમિયાન આલ્જીરિયાની આઝાદી એ સૌથી વધારે મહત્ત્વની ઘટના છે. આલ્જીરિયા આફ્રિકાના ઉત્તર કિનારે આવેલો આશરે ૯૦ લાખની વસ્તીનો પ્રદેશ છે. તે આજ સુધી ફ્રેન્ચ હકુમત નીચે હતો. આફ્રિકાના અન્ય સ્વતંત્ર થવા મથતા દેશોમાં અને આલ્જીરિયામાં મોટો ફરક એ છે કે, આલ્જીરિયામાં ફ્રેન્ચ લોકોની દશ લાખની વસ્તી છે, એટલું જ નહિ, પણ આલ્જીરિયાનો લગભગ બધો વેપારઉદ્યોગ મોટા ભાગે ફ્રેન્ચ લોકોના હાથમાં છે. આલ્જીરિયાને આ અત્યંત સઘન એવા સ્થાપિત હિત સામે લડવાનું હતું અને ત્યાં વર્ષોથી અડ્ડો જમાવી બેઠેલા માતબર અને શસ્ત્રસજ્જ ફ્રેંચમેનોનો સામનો કરવાનો હતો. ફ્રાન્સની રાજ્યસત્તા ઉપર જનરલ ડ'ગોલ આવ્યા બાદ તેની નીતિ અનેક વિરોધી બળોનો સામનો કરીને આલ્જીરિયાને સ્વતંત્ર બનાવવાની હતી. સાત વર્ષથી આલ્જીરિયામાં વસતા ફ્રેન્ચમેનો અને અલ્જીરિયાની પ્રજા વચ્ચે ખૂનખાર ઘર્ષણ ચાલતું હતું અને આ યુદ્ધ દરમિયાન આલ્જીરિયાની પ્રજાએ પાર વિનાની યાતના અને જાનમાલની ખુવારી ભોગવી હતી. તેમનો આઝાદી ખાતર આટલો બધો ભોગ હોવા છતાં, ફ્રાન્સના સત્તાસ્થાન ઉપર જો જનરલ ડ'ગોલ ન હોત તો, આ આલ્જીરિયાનો પ્રશ્ન બન્ને પક્ષની સમાધાનીપૂર્વક આ રીતે ઉકેલાયો ન હોત. આલ્જીરિયા પક્ષે આલ્જીરિયામાં વસતા ફ્રેન્ચમેનોના હિતોના રક્ષણ અંગે તેમને પૂરો સધિયારો આપવા માટે ત્યાંના મુખ્ય પ્રધાન શ્રી બેન ખેડાએ તેમણે માંગી તેટલી બાંહ્યધરીઓ આપી છે અને એ રીતે આલ્જીરિયાની આઝાદીના અત્યંત જટિલ પ્રશ્નોનો સુખદ અંત અને ઉકેલ આણ્યો છે. એ માટે તેને તેમ જ દીર્ઘદષ્ટિપૂર્વક સતત પલટાતી જતી રાજકારણી પરિસ્થિતિ વચ્ચે કુશળતાપૂર્વક માર્ગ કાઢતા રહીને નિશ્ચિત લક્ષ્યને સિદ્ધ કરવા બદલ જનરલ ડ'ગોલને ધન્યવાદ ઘટે છે.

આમ ફ્રાન્સ સાથે કરારનામાં થવા છતાં આલ્જીરિયાના મુખ્ય પ્રધાન બેન ખેડા અને નાયબ મુખ્ય પ્રધાન બેન બેલા વચ્ચેના મતભેદના કારણે આલ્જીરિયાની પરિસ્થિતિ હજુ થાળે પડી નથી. બેન બેલાના અભિપ્રાય મુજબ આલ્જીરિયામાં વસતા ફ્રેન્ચ લોકોને પ્રમાણ બહારની બાંહ્યધરીઓ આપીને પ્રાપ્ત થયેલી આઝાદીને લગભગ અર્થશૂન્ય બનાવી છે.

આ મતભેદે આલ્જીરિયામાં તત્કાળ એક પ્રકારની અરાજકતા પેદા કરી છે, પણ મને આશા છે કે, આ બાબતનો કંઈ ને કંઈ તોડ થોડા વખતમાં નીકળશે અને આલ્જીરિયામાં સ્થિર હકુમતની સ્થાપના થશે અને આલ્જીરિયાના સર્વલક્ષી અભ્યુદયના માર્ગે ત્યાંની પ્રજાની આગેકૂચ શરૂ થશે.

### રોડેશિયા

આવી રીતે રોડેશિયામાં પણ આઝાદીની લડતનાં મંડાણ મંડાયાં છે. આ દેશ ઉત્તર રોડેશિયા અને દક્ષિણ રોડેશિયા એમ બે ભાગમાં વહેંચાયેલો છે અને આ બન્ને વિભાગનું શાસન હાલ સમવાયતંત્ર દ્વારા—ફેડરેશન દ્વારા—ચાલે છે. રોડેશિયા બ્રિટિશનું એક સંસ્થાન-કૅાલોની—છે અને સર રૉય વેલેન્સ્કી ત્યાંના મુખ્ય પ્રધાન છે. અહિં ઉત્તર રોડેશિયા ચાલુ ફેડરેશનમાંથી છૂટું અને બ્રિટિશ હકૂમતથી સ્વતંત્ર થવા ચાહે છે અને ત્યાં પણ ગોરા વસાહતીઓનો પ્રશ્ન ઊભો છે. આ પ્રશ્નનો અલ્જીરિયામાં જે રીતે નીકાલ લાવવામાં આવ્યો છે તે રીતે જ નીકાલ લાવવો પડશે અને થોડા સમયમાં ઉત્તર રોડેશિયાને મુકત કરવું પડશે.

### આફ્રિકાની પરિસ્થિતિ

આમ આફ્રિકાનો વિચાર કરીએ છીએ તો લાગે છે કે, ત્યાં તો વિરાટ જાગ્યો છે. દરેક દેશમાં પરદેશી હકૂમતથી મુકત બનવાની અદમ્ય તમન્ના જાગી છે અને આ તમન્નાના જુવાળ સામે હવે લાંબો વખત ટકી નહિ શકાય એમ દરેક હકૂમત ધરાવતા યુરોપીય રાષ્ટ્રને અને તે તે દેશમાં વસતા ગોરા વસાહતીઓને સ્પષ્ટપણે ભાસ્યું છે. આમ છતાં અંગ્રેજો પોતાની હકૂમત નીચેના દેશોને—ભારત, બર્મા, સિલોન વગેરે દેશોને—સ્વરાજ્ય માટે અમુક રીતે તૈયાર કરીને સ્વેચ્છાએ ચાલી નીકળ્યા એવી રીતે સ્વેચ્છાએ પોતાનો હકૂમત-પ્રદેશ છોડવાની તૈયારી કોઈ દેશે દાખવી નથી.

બીજી બાજુએ આફ્રિકાના દેશો એક પછી એક સ્વતંત્ર થતા જાય છે—આંતર્ગત તેમ જ આંતરરાષ્ટ્રીય દબાણના કારણે—પણ ત્યાંની પ્રજા સ્વરાજ્ય માટે તૈયાર નથી, ત્યાં જરૂરી નેતૃત્વ નથી, રાજ્યતંત્ર ચલાવવા માટે યોગ્ય માણસો નથી. વળી આપણે ત્યાં જેમ જ્ઞાતિવાદ, કોમવાદ છે તેમ ત્યાં જાતિવાદનું — tribalism નું—ભારે જોર છે. પોતાના દેશ કરતાં પોતાની જાતિ પ્રત્યેની વધારે નિષ્ઠા—આ કારણે ત્યાં જાતિગત સંઘર્ષો — tribal feuds —ચાલ્યા જ કરે છે. વળી આફ્રિકા પાસે કોઈ પૂરાણી સંસ્કૃતિનાં મૂળ નથી. પરિણામે આજે પશ્ચિમી ઢબની જીવનપદ્ધતિ—અને તેના ઘણાં સદંશો નહિ પણ કેટલાંક અસદંશો—મદ્યપાન, નૈતિક શિથિલતા તરફ ત્યાંનો એક વર્ગ જોસભેર ઢળતો જાય છે. વળી ગરીબી તેમ જ અજ્ઞાન પણ ત્યાં પાર વિનાનાં છે. આવી પ્રજા વચ્ચે લોકશાહીની સ્થાપના અઘરી છે. ઘાણાના મુખ્ય પ્રધાન નક્રુમા એક ડિકટેટર માફક રાજ્યનો વહીવટ ચલાવી રહેલ છે. સંપૂર્ણ લોકશાહીની રીતે રાજ્ય ચલાવવા જાય તો સ્થિરતા જાળવી ન શકે એવી ત્યાંની પરિસ્થિતિ છે. તાજેતરમાં બેલ્જીયમની હકૂમતથી મુકત બનેલા રોઅન્ડા અને બુરંડીની પણ લગભગ આવી જ પરિસ્થિતિ છે. આફ્રિકાના બહુ થોડા દેશોમાં અનુભવી અને નિડર નેતાગીરી તથા વ્યવસ્થિત રાજ્યતંત્ર છે. કેનિયા—યુગાન્ડામાં પણ મતભેદના કારણે સ્વાતંત્ર્યપ્રાપ્તિ દૂર રહી છે.

### યુરોપીયન કોમન માર્કેટ

હવે બીજો મહત્ત્વનો પ્રશ્ન યુરોપીઅન કોમન માર્કેટનો—યુરોપની મજિયારી બજારનો છે. આ યુરોપના છ દેશોએ સાધેલું તત્કાળ વ્યાપારલક્ષી સંગઠ્ઠન છે. આ દેશોનાં નામ છે પશ્ચિમ જર્મની, ફ્રાન્સ, ઈટાલિ, હૅાલાન્ડ, બેલ્જીઅમ, અને લક્ઝમબર્ગ. અમેરિકાના રાજકારણી પ્રભાવથી મુકત બનવા માટે અને રશિયા સામે સંગઠ્ઠિત રીતે સુરક્ષિત બનવાના હેતુથી આ છ દેશો વચ્ચે એક પ્રકારનું નવું જોડાણ ઉભું થયું છે. ઈંગ્લાન્ડને અલગ રાખીને આ રચના ઊભી કરવામાં આવી છે. ઈંગ્લાંડને ભાન થયું છે કે યુરોપના આ મુખ્ય દેશોથી આજના સંયોગોમાં તેનાથી અલગ રહ્યું પાલવે તેમ નથી, પરવડે તેમ નથી. આથી તેણે આ મજિયારી બજારના જૂથમાં જોડાવાની અરજી કરી છે. આમ છતાં આ બાબતમાં ઈંગ્લાંડ તળમાં તીવ્ર મતભેદ છે; વળી અમેરિકા સાથે ગાઢપણે જોડાએલા આ ઈંગ્લાંડને પોતાના જૂથમાં જોડવા માટે આ છ દેશો આતુર નથી.

આને લગતી વાટાઘાટો આજે ચાલી રહી છે. વળી, ઈંગ્લાંડ આ મજિયારી બજારમાં જોડાય તે સંબંધે કોમનવેલ્થમાં જોડાયલા દેશોના વલણમાં ખૂબ તફાવત છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડની અર્થ-રચના ઈંગ્લાંડ ઉપર નિર્ભર હોઈને તે બન્ને દેશો ઈંગ્લાંડના આવા જોડાણની સખ્ત વિરૂદ્ધ છે. ભારતના નિકાસ વ્યાપાર ઉપર પણ આવા જોડાણથી પ્રતિકુળ અસર પડશે એમ છતાં આપણે આવા જોડાણનો વિરોધ કરતા નથી. આ માટે આપણને પાંચ છ વર્ષના ગાળામાં રક્ષણ મળે કે જેથી યુરોપીય મજિયારી બજારના જૂથ સાથે આપણે ધીમે ધીમે ગોઠવાઈ જઈએ—આવી આપણી અપેક્ષા છે. આ આપણું દ્રષ્ટિબિંદુ ભારતના અર્થસચિવ શ્રી મોરારજીભાઈએ બ્રિટનના પ્રતિનિધિ સમક્ષ તેમ જ મજિયારી બજારમાં જોડાયલા દેશોના પ્રતિનિધિઓ સમક્ષ ભારે ગૌરવપૂર્વક રજૂ કર્યું છે. આ બધાંનું શું પરિણામ આવે છે તે હવે જોવાનું રહે છે

### લાઓસ

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે બીજા એક મહત્ત્વની ઘટના લાઓસના સમાધાનની છે. ત્યાંના ત્રણ રાજકુમારો વચ્ચે એકતા સ્થપાઈ છે અને કોઈ પણ સત્તાજૂથથી અલગ અને તટસ્થ એવી રાજ્ય-રચના ત્યાં સ્વીકારવામાં આવી છે અને એ કરારનામા ઉપર અમેરિકા, બ્રિટન, રશિયા, ચીન વિગેરે ૧૭ દેશોએ પોતાની સહી મૂકી છે. લાઓસ નાનો ૩૦ લાખની વસ્તીનો દેશ છે એમ છતાં આ સમાધાનનું મહત્ત્વ એટલા માટે છે કે, એ બાજુ સામ્યવાદી પ્રભુત્વ અટકાવી શકાય તો એશિયાના એ અગ્નિકોણ તરફના દેશોને સામ્યવાદમાંથી ઉગારી શકાય અને લાઓસમાં સાધવામાં આવેલું આ સમાધાન જો ટકી રહે તો ચીનના આક્રમક વલણને વિસ્તરતું અટકાવી શકાય.

## રાષ્ટ્રીય ક્ષેત્રે

### નવા કેન્દ્રસ્થ પ્રધાનમંડળની રચના

હવે આપણે ઘરઆંગણાની પરિસ્થિતિનો વિચાર કરીએ. છેલ્લી ચૂંટણીના આઘાત પ્રત્યાઘાતો વિષે થોડા સમય પહેલાં મેં સવિસ્તર આલોચના કરી હતી. પણ તે વખતે કેન્દ્રસ્થ પ્રધાનમંડળની રચના કરવામાં નહોતી આવી. ત્યાર બાદ જે રચના કરવામાં આવી છે તે આપ બધા જાણો છો. આ રચના કરતી વખતે મંત્રીમંડળના ચાલુ સ્વરૂપમાં કેટલોક પાયાનો ફેરફાર કરવાની શ્રી નહેરુ માટે ખરી તક હતી, જે નહેરુએ ગુમાવી છે એમ મને લાગે છે. આમ બનવામાં સંભવ છે કે, તેમની તત્કાલીન માંદગીએ અમુક ભાગ ભજવ્યો હોય. સંભવ છે કે, સાથીઓ પ્રત્યેની નિષ્ઠાના કારણે તેઓ દ્રઢતાભર્યું પગલું ભરી ન શકયા હોય. નવા મંત્રીમંડળમાં એક તો તેઓ નવા માણસોને લાવી શકયા નથી અને બીજું જેમને નીચેથી ઉપર લાવવામાં આવ્યા છે તેઓ કેબિનેટમાં સમાવિષ્ટ કરવાયોગ્ય હતા એમ મને લાગતું નથી. હજુ પણ આ પ્રધાનમંડળની પુનર-રચનાની વાતો ચાલ્યા જ કરે છે. ટી. ટી. કે. ને લાવ્યા તો તેમનું સ્થાન હજુ ત્રિશંકુ જેવું રહ્યું છે. આજની કેબિનેટમાં એકરૂપતા—unity —નથી અને એ ન હોય ત્યાં તાકાત--strength --કેમ આવે?

### ચીન સાથેનું ઘર્ષણ

બીજો મહત્ત્વનો બનાવ ચીન સાથે વધતા જતા ઘર્ષણનો છે. આ ઘર્ષણ જોતાં પ્રશ્ન થાય છે કે, ભારતે ચીનનું તે એવું શું બગાડ્યું છે કે, ચીન આમ વર્તે છે? આ પ્રશ્નનો એક જવાબ એમ આપી શકાય કે, સામ્યવાદી દેશોની એ રીતરસમ રહી છે કે, જ્યારે આંતરિક પરિસ્થિતિ બગડે ત્યારે બહારના ક્ષેત્ર સાથે tension—તંગદિલી— ઊભી કરવી કે જેથી લોકોનું ધ્યાન તે તરફ દોરાયેલું રહે અને આંતરિક નિર્બળતા કે ગૂંચો તરફ લોકોનું ધ્યાન ન જાય. પણ આ જવાબ પૂરતો નથી લાગતો. બીજો જવાબ એ કલ્પી શકાય છે કે, એશિયાના દક્ષિણપૂર્વ દેશોમાં જે આગેવાની-ભર્યો ભાગ આપણે ભજવીએ છીએ અને એ દેશોમાં ચીનનું વર્ચસ્ વધતું—વિસ્તરતું--અટકાવવાના કાર્યમાં આપણે અમેરિકાને જે સાથ આપીએ છીએ તે ચીનને ગમતું નથી., પરવડતું નથી. આ ગમે તે હો, પણ આપણા ચીન સાથેના સંબંધો ઉત્તરોત્તર બગડતા જાય છે અને આપણી અને ચીન વચ્ચે અપાતી લેવાતી યાદીઓ વધારે ને વધારે કડવાશભરી બનતી જાય છે. આ પરિસ્થિતિ લાંબો સમય સુધી ચાલુ રહે એમ લાગે છેઅને એ કારણે મિલીટરી—લશ્કરી—ખર્ચ વધ્યે જાય અને આપણે કરભારથી કચરાતા જઈએ તો પણ તેમાં હા એ હા ભણ્યા સિવાય બીજો કોઈ વિકલ્પ આપણી પાસે ન રહે એમ બનવા સંભવ છે.

### પાકીસ્તાન સાથેનું ઘર્ષણ

હવે પાકીસ્તાન સાથેના સંબંધોનો વિચાર કરીએ. એ સંબંધો પણ ઉત્તરોત્તર બગડતા જ જાય છે. એમાં કોઈ શક નથી કે પાકી-સ્તાનની આંતરિક નિર્બળતા વધતી જાય છે. આજની ત્યાંની પરિસ્થિતિ ઉપરથી એ સહજ ફલિત થાય તેમ છે કે military dictatorship can never create a welfare state —લશ્કરી સરમુખત્યારશાહી કદી પણ કલ્યાણરાજ્ય નિર્માણ ન કરી શકે. પૂર્વ પાકીસ્તાનમાં અસંતોષ તીવ્રત્તર બનતો જાય છે. ત્યાંની ગરીબી પણ કલ્પનામાં આવે તેમ નથી. જાણે કે, બધે લાવા ખદબદતો હોય એવી ચોતરફ પરિસ્થિતિ પ્રવર્તે છે. આ તરફ લોકો આંખ આડા કાન કરે એ હેતુથી પાકીસ્તાને કાશ્મીરના તૂતને ફરીથી ઊભું કર્યું છે.

બીજી બાજુએ યુ. નો.ની સિક્યોરિટી કાઉન્સિલમાં કાશ્મીરના પ્રશ્ન ઉપર તાજેતરમાં જે ચર્ચા થઈ અને તે અંગે જે આંતરરાષ્ટ્રીય પ્રત્યાઘાતો આપણને જોવા સાંભળવા મળ્યા તે ઉપરથી એમ કબૂલ કર્યા સિવાય નહિ ચાલે કે આપણી વાત પશ્ચિમના ગળે ઉતરાવવામાં આપણે સફળ થયા નથી—બલ્કે આપણને નિષ્ફળતા મળી છે. વળી, કાશ્મીરમાં મુસલમાનોની ઘણી મોટી બહુમતી છે તેથી તે પાકિસ્તાનને જવું જોઈએ—આવી એક ફેલાયલી વિચારણાને, સાગાને પ્રતીતિ થાય એવો જવાબ આપીને, આપણે નિર્મૂળ કરી શકતા નથી. એવો જ એક મુદ્દો પ્લેબીસાઈટનો — કાશ્મીરના લોકમતનો--છે. પ્લેબીસાઈટની વાત ઉપર કેટલાંયે વર્ષોનાં પાણી વહી ગયાં અને કાશ્મીરમાં નવા જોડાણ તથા નવા બંધારણ અંગે કેટલીયે વાર મતપ્રદાન થઈ ગયાં અને હવે પ્લેબીસાઈટને કોઈ સ્થાન કે અવકાશ છે જ નહિ—આ છતાં વર્ષો પહેલાં અપાયલી પ્લેબીસાઈટની કબુલાતને આપણી સામે હજુ ધરવામાં આવે છે અને તેનો આપણે જે જવાબ આપીએ છીએ તેથી તેમને સંતોષ થતો નથી—આ આજની વસ્તુસ્થિતિ છે. વળી, થોડા સમય પહેલા પ્રમુખ કેનેડીએ ભારત—પાકીસ્તાનનો કાશ્મીર અંગેના ઝઘ-ડાના સમાધાન અર્થે એક મધ્યસ્થીની સૂચના કરી હતી અને એનો આપણે ઈન્કાર કર્યો હતો. આથી અમેરિકા એટલે કે યુનાઈટેડ સ્ટેઈટસ ઉપર પ્રતિકૂળ અસર પડી છે. આમ મેનન સામેનો અણગમો, ગોઆ અંગેના પ્રત્યાઘાતો, રશિયા સાથેનો આપણો સંબંધ અને તેના અનુસંધાનમાં 'મીગ' જેટ વિમાનો રશિયા પાસેથી ખરીદવા—ન ખરીદવા—અંગે ઊભું થયેલું પ્રકરણ અને કેનેડીની મધ્યસ્થીની સૂચનાનો અસ્વીકાર—આ બધાં કારણે પશ્ચિમના જે દેશો સાથે આપણને મીઠો સંબંધ હતો તે દેશોમાં અને ખાસ કરીને અમેરિકામાં આપણા માટે આજે પ્રતિકૂળ વાતાવરણ પેદા થયું છે. આ આજની વાસ્તવિકતા છે. આ બધું છતાં, અને આપણી સાન ઠેકાણે લાવવા માટે અમેરિકા વારંવાર આપણને ચિમકીઓ આપ્યા કરે છે એમ છતાં પણ, અમેરિકા મૂળમાં આપણી સાથે છે અને રહેવાનું છે એમ હું માનું છું. રશિયા આસપાસ અમેરિકાના યુદ્ધમથકો હોવાં જ જોઈએ એવી આજની પરિસ્થિતિની આવશ્યકતાના કારણે પાકીસ્તાનને પોતાના હાથમાં રાખવું અમેરિકા માટે અનિવાર્ય છે—આમ છતાં પણ ભારત રશિયા તરફ એટલે કે, સામ્યવાદ તરફ-ઢળે તો એશિયામાં-એટલે કે દુનિયામાં—લોકશાહીનો અંત આવ્યો સમજવો —આ પ્રકારની ઊંડી પ્રતીતિ અમે-રિકાને ભારત સાથે જોડાયલું રાખવાં માટેપૂરતી છે. આવી મારી શ્રદ્ધા છે.

### કૉંગ્રેસને અનુલક્ષીને બે શબ્દો

હવે આપણી કાંગ્રેસસંસ્થા વિષે બે શબ્દો કહીને મારું વક-વ્ય પૂરું કરીશ. મને લાગે છે કે, કોઈ પણ ભોગે કૉંગ્રેસની સત્તા બધાં રાજ્યોમાં રહેવી જ જોઈએ—આવો આગ્રહ અને આવી નીતિ, કૉંગ્રેસને પોતાના સત્વની રક્ષા કરવી હશે તો, છોડવી જ પડશે. કોઈ રાજ્યમાં સત્તા જાય તો ભલે જાય, પણ ગમે તેની સાથે ગમે તેવાં સમાધાનો કરવાની તથા ગમે તેવા માણસો મારફત કામ લેવાની નીતિનો ત્યાગ કર્યા સિવાય કૉંગ્રેસ કદી પણ મજબૂત બની નહિ શકે. કેરળમાં, રાજસ્થાનમાં, મધ્યપ્રદેશમાં તેમ જ પંજાબમાં જે કાંઈ બની રહ્યું છે તે જોતાં મારા આ અભિપ્રાયનું ઔચિત્ય આપને સહજ પ્રતીત થશે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

# યૂરોપીયન કોમન માર્કેટ: યૂરોપની મઝિયારી બજાર

(આજ કાલ દૈનિક છાપાઓમાં આ બાબત વિષે ચાલુ સમાચારો આવે છે અને એમ છતાં તેના સમગ્ર સ્વરૂપ વિષે આપણા લોકોમાં બહુ ઓછી જાણકારી છે. મારી વિનંતિને માન આપીને જન્મભૂમિના તંત્રી શ્રી મનુભાઈ મહેતાએ આ વિષયને લગતી જરૂરી બધી વિગતોને અન્તર્ગત કરતો લેખ પ્રબુદ્ધ જીવનના વાચકો માટે લખી આપ્યો છે જે આભાર સાથે નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

યૂરોપીયન કોમન માર્કેટ છે શું એવો પ્રશ્ન ઘણા પૃથકજનને થતો હશે. યૂરોપીયન કોમન માર્કેટ એ ગત મહાયુદ્ધ પછી છિન્ન-વિછિન્ન થઈ ગએલાં યૂરોપને, આર્થિક દૃષ્ટિએ ફરીથી પગભર કરવા માટે છ રાષ્ટ્રોએ આદરેલા પ્રયત્નનો પરિપાક છે. આ છ રાષ્ટ્રો છે ફ્રાન્સ, પશ્ચિમજર્મની, ઈટાલી, હોલાન્ડ, બેલ્જિયમ અને લક્ઝેમ્બર્ગ. આ છ રાષ્ટ્રોએ ભેગા મળીને, વેપાર રોજગાર, વાહન-વ્યવહાર જકાત વગેરે અંગે એક પ્રકારની સંકલિત નીતિ અખત્યાર કરી છે. અને એ રીતે 'કોમન માર્કેટ' વિસ્તારની રચના કરી છે. આ નીતિના મુખ્ય મુદ્દાઓ નીચે પ્રમાણે છે:-

(૧) આર્થિક વિકાસને ઉત્તેજન મળે એ માટે બધાં રાષ્ટ્રોએ સર્વસમાન નીતિ અખત્યાર કરવી.

(૨) છએ છ રાષ્ટ્રો વચ્ચેના વેપારમાં જકાત, આયાત ક્વોટાઓ અને બીજા જે કોઈ અવરોધો હોય તે દૂર કરીને છ રાષ્ટ્રોનો એક જકાતી સંઘ સ્થાપવો.

(૩) બહારની દુનિયા સાથેના વેપારમાં છએ છ રાષ્ટ્રોની જકાત એક સરખી જ રાખવી.

(૪) ભાવ ચોક્કસ સપાટીએ ટકાવી રાખવા માટેની તરકીબો, વેપારને મર્યાદિત કરે એવી ચાલબાજીઓ, ઈજારાશાહીઓ અને વેપાર રોજગાર અંગે અનિચ્છનીય ગણાતી બીજી એવી પદ્ધતિઓ સામે છએ છ રાષ્ટ્રોએ ધારાઓ ઘડવા.

(૫) છએ રાષ્ટ્રોમાં અઠવાડિયાનાં કામના કલાક ૪૦ રહે એવી વ્યવસ્થા કરવી.

(૬) સ્ત્રીઓને પુરુષો જેટલો જ પગાર આપવો.

(૭) બધાને દર વરસે, ચાલુ પગારે ઓછામાં ઓછી ૨૧ દિવસની રજા મળે એવો છએ રાષ્ટ્રોએ પ્રબંધ કરવો.

(૮) વેપાર મુક્ત થવાથી જે કામદારો કામચલાઉ બેકાર બને તેને નવેસરથી તાલિમ આપીને એના પુનર્વસવાટની વ્યવસ્થા કરવી.

(૯) રોજગારી, સામાજિક કલ્યાણ, બેકારી અંગેનો બદલો વગેરે અંગે છએ છ રાષ્ટ્રોએ સરખી નીતિ રાખવી.

(૧૦) છ રાષ્ટ્રોમાં માનવ ધન અને મૂડી ધનની અવરજવર મુક્ત રીતે થાય એવી વ્યવસ્થા કરવી.

(૧૧) બેંકિંગ, વિમો વગેરે જેવી સેવાઓની પ્રવૃત્તિ અનિયંત્રિત રીતે થાય એવી વ્યવસ્થા કરવી.

(૧૨) દરિયાઈ, વિમાની, રેલવે, સડક અને આંતરિક જલમાર્ગો દ્વારા ચાલતા વ્યવહારનું છએ રાષ્ટ્રોએ સંપૂર્ણ સંકલન કરવું.

(૧૩) ખેતીવાડી અંગેની સર્વસમાન નીતિ રાખવી.

૧૩ નો, યૂરોપીઅનો માટે અપશુકનિયાળ ગણાય એ આંકડો યૂરોપીઅન કોમન માર્કેટના મુદ્દાઓ માટે ભલે યોજનાના પ્રયોજકોએ રાખ્યો હોય પ ંતુ એ આંકડો એમને માટે અપશુકનિયાળ નથી નિવડયો અને યૂરોપીયન કોમન માર્કેટ આજે એવી પ્રગતિ કરી ચૂકી છે કે, એ યોજનાથી આજ સુધી અળગું રહેલું બ્રિટન પણ એમાં જોડાવા તૈયાર થયું છે. બ્રિટનની આ પ્રકારની તત્પરતાને કારણે બ્રિટિશ રાષ્ટ્રસમૂહમાં ભારે ખળભળાટ શરૂ થયો છે. એ ખળભળાટનું હાર્દ સમજવા માટે કોમન માર્કેટની કથા આપણે પહેલેથી જ જોવી પડશે.

યૂરોપીયન કોમન માર્કેટ એ તો, આપણા ઘરમાં જેમ બચુ, ટબુ વગેરે જેવાં હુલામણાં નામો હોય છે એવું હુલામણું નામ છે. એનું ફઈએ પાડેલું નામ તો છે યૂરોપીઅન ઈકોનોમિક કોમ્યુનિટિ. બધા સત્તાવાર ઉલ્લેખોમાં આ જ નામ આવે છે પરંતુ વધારે પ્રચલિત તો હુલામણું નામ જ છે. ગુજરાતીમાં પણ આ હુલામણા નામનો જ ઉપયોગ થાય છે. આપણે પણ એ જ નામ—કોમન માર્કેટ—મજીયારી બજાર—નો ઉપયોગ કરીશું.

મજીયારી બજાર તો ઉપર કહ્યું તેમ ગત મહાયુદ્ધનું એક સર્જન છે. યુદ્ધોમાં વિનાશ ઘણો થયો છે એટલે જ તો युद्धस्य कथा रम्या —યુદ્ધની કથા જ રમ્ય લાગે છે એનો પ્રત્યક્ષ અનુભવ કારમો હોય છે એવા સૂચિતાર્થવાળી ઉકિત શરૂ થઈ હશે. પ ંતુ ઈતિહાસે આપણને બતાવી આપ્યું છે કે યુદ્ધોમાં કેવળ વિનાશ જ થાય છે એવું નથી. એ વિનાશમાંથી ફરી નવ સર્જન પણ થાય છે. ૧૯ મી સદીમાં પણ નેપોલિયનના પરાજ્ય પછી "કોન્સર્ટ ઓફ યૂરોપ" (યુરોપનો સંવાદ) ની કલ્પના વહેતી થઈ હતી, તેમ જ ૧૮૫૭ માં ફ્રાન્સનો પરાજય થયો તે પછી "એન્તેન્ત કોર્દિએલ" નો જન્મ થયો હતો. ૨૦ મી સદીમાં પણ પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી "લિટલ એન્તેન્ત" "લીગ ઓફ નેશન્સ" અને "રોમ-બર્લિન ધરી" એ આકાર ધારણ કર્યો હતો તથા ૧૯૩૯—'૪૫ ના મહાયુદ્ધ પછી તો આવાં ઘણાં સર્જનોએ દુનિયામાં દેખા દીધી છે. સંયુકત રાષ્ટ્રસંસ્થા, ઉત્તર એટલાંટિક સંઘ, ઓ. ઈ. ઈ. સી., પશ્ચિમ યૂરોપીય સંઘ, વગેરેને આમાં ગણાવી શકાય. પરંતુ આ બધામાં ઈતિહાસની દૃષ્ટિએ સૌથી વધારે સૂચક ગણાય એવું કોઈ સર્જન હોય તો તે યુરોપીય મજીયારી બજારનું છે.

શાર્લમેન અને નેપોલિયને તો તલવાર, બંદૂક અને તોપના જોરથી યુરોપની પુનર્રચના કરવાનો પ્રયત્ન કર્યો હતો, જ્યારે મજીયારી બજારમાં જોડાએલા યુરોપીય દેશોએ તો, બીજા વિશ્વયુદ્ધના વિનાશમાંથી નવસર્જન કરવાના હેતુથી મંત્રણા અને સલાહ મસલત વડે આર્થિક (અને પાછળથી શકય બને તો રાજકીય) પુનરૂત્થાન કરવાનો પ્રયત્ન આદર્યો છે.

મજીયારી બજાર એ ફ્રાન્સના વિખ્યાત અર્થશાસ્ત્રી શ્રી. જ્યાં મોનેની માનસપુત્રી છે એમ કહેવામાં હરકત નથી, જો કે, જર્મનીના એડેનોર, ફ્રાન્સના શુમાન અને બેલ્જિયમના સ્પાકે જો આ કલ્પનાને મૂર્તિમંત કરવામાં સહાય ન કરી હોત તો કદાચ એણે આકાર ન પણ લીધો હોત. પણ એ જો અને તો ની વાત જવા દઈએ.

યુદ્ધ પછીની ખાનાખરાબીમાંથી ફ્રાન્સને ઊભું કરવાનું કામ જ્યારે મોનેને સોંપવામાં આવ્યું ત્યારે એણે ફ્રાન્સના ઉદ્ધારની સાથોસાથ નવાં યૂરોપની રચનાનો પણ વિચાર કરવા માંડયો. આ નવરચનામાં અર્થકારણ અગત્યનો ભાગ ભજવે છે એની તો એને ખબર હતી જ અને તેથી એણે યુરોપને આર્થિક દૃષ્ટિએ એક કરવાની વાત વિચારવા માંડી. યુરોપ જો આ રીતે એક થશે નહિ તો એક બાજુ રશિયા અને બીજી બાજું અમેરિકા જેવા ઔદ્યોગિક રાક્ષસોની સામે એ ટકી નહિ શકે એ એણે લાગતાવળગતાઓને સમજાવવા માંડયું અને આખરે ૧૯૫૧ માં પેરીસ ખાતે "કોલ એન્ડ સ્ટીલ કોમ્યુનિટી"—કોલસા અને પોલાદની સમાન વહેંચણી માટેનાં જૂથની રચના અંગેના કરારો થયા. બ્રિટનને આ કરારોમાં સામેલ થવાનું એ વખતે કહેવામાં આવ્યું હતું પણ એણે ના પાડી હતી. આ "કૉલ એન્ડ સ્ટીલ કોમ્યુનિટી" ની યોજનાને "શુમાન યોજના" પણ કહેવામાં આવે છે. આ યોજનાને મજીયારી બજાર માટે માર્ગ તૈયાર કરનારી યોજના કહી શકાય. આ "શુમાન યોજના" માં જોડાનાર રાષ્ટ્રો હતાં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, હોલાન્ડ અને બેલ્જિઅમ અને લક્ઝેમ્બર્ગ. આજે મજીયારી બજારમાં

પણ આ છ જ રાષ્ટ્રો જોડાએલાં છે અને બ્રિટને એમાં જોડાવાની ઈંતેજારી બતાવી છે!

"શુમાન યોજના" અમલમાં આવ્યા પછી "મજીયારી બજાર" ની યોજનાને અમલમાં મૂકતાં રાજદ્વારી કારણોને લીધે થોડી ઢીલ થઈ હતી. જર્મનીને સંરક્ષણના હેતુ માટે પુન: શસ્ત્રસજજ કરવું જોઈએ એવો નિર્ણય અમેરિકાએ ૧૯૫૦ માં લીધો હતો અને આ નિર્ણય સામે ફ્રાન્સ, બ્રિટન, હોલાન્ડ, બેલ્જિયમ વગેરે દેશોમાં મોટો વિરોધ ઊભો થયો હતો. આ વિરોધે મજીયારી બજારની વાતને ઢીલમાં નાંખી હતી.

આમ છતાં, ઉકત છ દેશોના અગ્રણીઓને મજીયારી બજારની જરૂરિયાત તો જણાતી હતી જ અને તેથી તેમણે એ દિશામાં મંત્રણા આરંભી હતી. ૧૯૫૫ માં સીસીલીના મેસીના ખાતે, પછી ૧૯૫૬ માં વેનીસ તથા બ્રસેલ્સ ખાતે અને આખરે ૧૯૫૭માં રોમ ખાતે આની ચર્ચાવિચારણા થઈ. રોમ ખાતેની મંત્રણા પછી મજીયારી બજારનો તથા યુરેટમનો કરાર થયો અને એના ઉપર ઉપરોકત છએ રાષ્ટ્રોની સહી થઈ. મજીયારી બજારની રચનાનો આ ઈતિહાસ છે.

હવે મજીયારી બજારનું બંધારણ, એનું કાર્યક્ષેત્ર અને એની પ્રાથમિક અસર ઉપર થોડી નજર નાંખી લઈએ.

મજીયારી બજાર એક સ્વાયત્ત સમાજ જેવી છે. મજીયારી બજારના સાશન માટે ૧૪૨ સભ્યોની બનેલી એક શાસનસભા રાખવામાં આવી છે. આ સભામાં છએ છ સભ્ય દેશોની ધારાસભાઓમાંથી પસંદ કરાયેલા સભ્યોને સ્થાન આપવામાં આવેલ છે. આ ઉપરાંત છએ છ સરકારના પ્રધાનમંડળમાંથી એક એક સભ્ય લઈને, મજીયારી બજારના વિસ્તાર માટેનું પ્રધાનમંડળ રચવામાં આવ્યું છે. વળી નવ અગ્રગણ્ય અર્થશાસ્ત્રીઓનું બનેલું એક યુરોપીયન વહીવટી કમિશન પણ મજીયારી બજાર અંગે નિમવામાં આવ્યું છે. મજીયારી બજારનો રોજબરોજનો વહીવટ આ કમિશન કરે છે. આ વહીવટ દરમિયાન જો કોઈ દેશ બીજા કોઈ સભ્ય દેશ સામે ફરિયાદ ઊભી કરે તો એ ફરિયાદના નિકાલ માટે એક ન્યાયાધિકારી અદાલત પણ સ્થાપવામાં આવી છે. મજીયારી બજાર અંગેની તકરાર વિષે આ અદાલત જે કાંઈ ચુકાદો આપે તે બધાં સભ્ય રાષ્ટ્રોને બંધનકર્તા હોય છે. આ દ્રષ્ટિએ તથા કેટલાક વહીવટી નિર્ણયોનાં બંધનની દ્રષ્ટિએ, મજીયારી બજારનાં સભ્યરાષ્ટ્રોએ, પોતપોતાનાં સાર્વભૌમત્વના થોડા અંશનો તો ભોગ આપ્યો જ છે એમ કહી શકાય. (બ્રિટનમાં મજીયારી બજારના વિરોધીઓ, સાર્વભૌમત્ત્વ પર પડતી આ તરાપને પણ પોતાની તરફેણની એક દલીલ તરીકે આગળ ધરે છે એ અત્રે યાદ રાખવાની જરૂર છે).

મજીયારી બજારના વહીવટને સ્પર્શતી આ બધી સંસ્થાઓ ઉપરાંત, ત્યાં એક આર્થિક અને સામાજિક સમિતિ, એક યુરોપીય ઈન્વેસ્ટમેન્ટ બેંક, દરિયાપારના પ્રદેશોના વિકાસ માટેનું ફંડ અને યુરોપીય સામાજિક ફંડ એટલી આનુષંગિક સંસ્થાઓ પણ છે.

શાસન સભામાં મજીયારી બજારનું દરેક રાષ્ટ્ર પોતપોતાનું કદ તથા પોતપોતાની અગત્ય પ્રમાણે સભ્યસંખ્યા રાખે છે. કયા રાષ્ટ્રના કેટલા સભ્યો રહેશે, પ્રધાનમંડળના નિર્ણયો થાય ત્યારે કોને કેવો મતાધિકાર રહેશે એ બધું રોમના કરાર દ્વારા નક્કી થએલું છે પણ એ બધી વિગતોમાં ઊતરવાનો અત્રે અવકાશ નથી. માત્ર એટલું કહેવું જોઈએ કે, આયાત—નિકાસ, વેપાર ઉદ્યોગની ખીલવણી અને બીજા એવા આર્થિક પ્રશ્નોના સર્વસમાન ઉકેલ માટેની બધી વ્યવસ્થા મજીયારી બજારના પ્રયોજકોએ કરેલી છે.

હવે મજીયારી બજારના ક્ષેત્ર ઉપર નજર નાંખી લઈએ. મજીયારી બજારના વિસ્તારમાં વસતા લોકોની સંખ્યા ૧૭ કરોડની છે. સર્વ સમાન વેપારમાં રોકાયેલો એ દુનિયાનો મોટામાં મોટો વિસ્તાર છે. —અમેરિકા અને રશિયાથી પણ મોટો. પશ્ચિમ યુરોપના કોઈ પણ દેશ કરતાં એના વિકાસની ગતિ વધારે છે. મજીયારી બજારના વિસ્તારમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૯૫૯માં ૭ ટકાનો, ૧૯૬૦માં ૧૨ ટકાનો અને ૧૯૬૧ માં ૭ ટકાનો વધારો થયો હતો. ૧૯૭૫ સુધીમાં તો અમેરિકાના ઉત્પાદન જેટલુંજ આ વિસ્તારનું ઉત્પાદન થઈ જશે. ૧૯૫૦થી ૧૯૬૦ સુધીના દસકામાં, મજીયારી બજારના વિસ્તારનું ઔદ્યોગિક ઉત્પાદન ૯૦ ટકા વધ્યું હતું! એ જ સમયમાં અમેરિકાનું ઔદ્યોગિક ઉત્પાદન ૩૯ ટકા અને બ્રિટનનું ૨૯ ટકા વધ્યું હતું એ જો આપણે યાદ રાખશું તો "શુમાન યોજના" અને "મજીયારી બજાર" દ્વારા ઉપરોકત છ રાષ્ટ્રોને કેટલો ફાયદો થયો છે એ સ્પષ્ટ થશે.

આ ફાયદાનાં કારણો સ્પષ્ટ છે. રોમના કરાર અનુસાર મજીયારી બજારમાં જોડાયેલાં છ રાષ્ટ્રોએ, એકબીજા વચ્ચેના વેપારમાં બધી જકાતો, આયાત કવોટાઓ અને બીજા અવરોધો રદ કર્યા હતા અને બહારની દુનિયા સાથેના વ્યવહારમાં એક સરખી જકાતો રહે એવી વ્યવસ્થા કરી હતી એનો વેપારને અનુલક્ષીને એ લોકોને ખૂબ ફાયદો થયો હતો. વાહનવ્યવહાર, મૂડીરોકાણ વગેરે અંગે જે ફાયદા થયા તે તો જુદા. આ બધા ફાયદાથી હવે બ્રિટન મજીયારી બજાર તરફ આકર્ષાયું છે અને મજીયારી બજારમાં જોડાવા માટે એણે અરજી પણ કરી છે. આ અરજી એણે ૧૯૬૧ ના ઓગષ્ટની ૧૦ મી તારીખે કરી હતી. લગભગ એક વર્ષ થયું છતાં આ અંગે કશો અંતિમ નિર્ણય લેવાયો નથી અને સંભવિતતા તો એવી છે કે હજી બીજાં એક વર્ષ સુધી લેવાશે પણ નહિ. આ ઉપરથીજ પરિસ્થિતિની આંટી ઘૂંટીનો ખ્યાલ મળી રહે છે.

ઑગષ્ટમાં અરજી થઈ પરંતુ વિધિસરની મંત્રણા નવેમ્બરમાં શરૂ થઈ. આ મંત્રણા દરમિયાન પ્રગટ થયું કે, કેવળ બ્રિટનમાં જ નહિ પણ રાષ્ટ્રસમૂહના દેશોમાં પણ બ્રિટન મજીયારી બજારમાં જોડાય એ અંગે સારો જેવો વસવસો છે. રાષ્ટ્રસમૂહના દેશોના નાણાંપ્રધાનોની એક પરિષદ ૧૯૬૧ ના સપ્ટેમ્બર માસમાં ઘાનામાં મળી હતી. (શ્રી મોરાજી દેસાઈ પણ એ પરિષદમાં ગયા હતા) આ પરિષદમાં, બ્રિટિશ રાષ્ટ્રસમૂહના દેશોએ પોતપોતાનાં હિતોની રક્ષા માટે ઘણી કડક વલણ અખત્યાર કરી હતી. બ્રિટન જો મજીયારી બજારમાં જોડાય તો રાષ્ટ્રસમૂહના દેશોના નિકાસ વેપાર પર મોટો ફટકો પડે અને તો તો એ દેશોના અર્થકારણમાં પલટો આવે એ કારણે જ રાષ્ટ્રસમૂહના દેશોએ આવી વલણ અખત્યાર કરી હતી. ખુદ બ્રિટનમાં પણ રાષ્ટ્રસમૂહ ઉદ્યોગ મંડળ, મજીઆરી બજાર વિરોધ મંડળ તથા અન્ય મંડળોએ બ્રિટનનાં સૂચિત પગલાંનો વિરોધ કર્યો હતો. ખુદ બ્રિટિશ પ્રધાનમંડળમાં પણ શ્રી થોર્નીક્રોફ્ટ, શ્રી ડંકન સેન્ડઝ અને શ્રી હીથ જેવાઓ મજીયારી બજાર અંગે કશો ઉમળકો સેવતા નહોતા. મજીયારી બજારમાંના બ્રિટનના પ્રવેશ સામેના અવરોધોની રૂપરેખા આવી હતી.

આ અવરોધોમાંનો સૌથી મોટો અવરોધ રાષ્ટ્રસમૂહના દેશોનો હતો એટલે એની પણ થોડી વિચારણા કરી લેવા જેવી છે. રાષ્ટ્રસમૂહના દેશોમાંથી કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ એ ત્રણ વિકસિત રાષ્ટ્રો છે. એ રાષ્ટ્રોને પોતપોતાના વિશ્વ—પ્રશ્નો છે અને હવે એ રાષ્ટ્રોની દ્રષ્ટિ બ્રિટન કરતાં અમેરિકા, જાપાન, ચીન તરફ વધારે વળવા માંડી છે. ૧૯૫૦ સુધી આ રાષ્ટ્રો પોતાનાં સંરક્ષણ માટે બ્રિટિશ નૌકાદળ પર આધાર રાખતાં. હવે એ બધાં અમેરિકા ઉપર નજર માંડી બેઠાં છે. (કેનેડા તો એક અમેરિકન રાષ્ટ્ર છે જ અને ઓસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ "આન્ઝસ" કરારના સભ્યો છે). ન્યૂઝીલેન્ડની દૂધની બનાવટો તથા ત્યાંના ઘેટાં-બકરાંનું માંસ તથા મરઘાં-કૂકડાં ઘણા મોટા પ્રમાણમાં બ્રિટન જાય છે એટલે ન્યૂઝીલેન્ડને તો બ્રિટનની બજારની જરૂર છે જ, પણ બીજાં બે રાષ્ટ્રો —કેનેડા તથા ઓસ્ટ્રેલિયાને એની જરૂર નથી. ઓસ્ટ્રેલીયાનો

બ્રિટન સાથેનો વેપાર એમ પણ ઘટતો ચાલ્યો છે, કારણ કે, ઓસ્ટ્રેલિયાએ અગ્નિ એશિયામાં પોતાનો વેપાર વધારવાની પ્રવૃત્તિ કરવા માંડી છે. કેનેડાની દૃષ્ટિ તો યુનાઈટેડ સ્ટેટ્સ ઉપર છે જ, એટલે ન્યૂ ઝીલેન્ડ સિવાય બીજા કોઈ દેશને મજીયારી બજારમાં બ્રિટન જોડાય તેથી કોઈ મૂળગત હાનિ થવાની નથી. આમ છતાં, બ્રિટિશ રાષ્ટ્રસમૂહના દેશોને બ્રિટન સાથે વેપાર કરવામાં વિશિષ્ટ સગવડો મળતી હોવાથી કોઈ પણ દેશ એ સગવડ જતી કરવા તૈયાર નથી. બધા દેશો બ્રિટન મજીયારી બજારમાં જોડાય તો તે પછી પોતપોતાના દેશના વેપાર અંગે ચોક્કસ પ્રકારની ખાતરી માગી રહ્યા છે, અને આ માગણી અંગે બધા લાગતાવળગતા દેશોમાં ચર્ચા વિચારણા પણ ચાલી રહી છે. (હમણાં જ સમાચાર આવ્યા છે કે, ઓસ્ટ્રેલિયાના ઊન જેવા ચોક્કસ માલ અંગે સગવડ કરી આપવાની મજીયારી બજારના વર્તમાન દેશોએ હા પાડી છે, જ્યારે બીજા અમુક પ્રકારના ખાસ કરીને ખેતીવાડીના માલ અંગે સગવડ આપવાની તેમણે ના પાડી છે.)

રાષ્ટ્રસમૂહના દેશોમાં થયેલા ઉહાપોહને કારણે, રાષ્ટ્રસમૂહના દેશોને ઠંડા પાડવા માટે બ્રિટને પ્રધાનમંડળના ત્રણ સભ્યોને રાષ્ટ્રસમૂહના જુદા જુદા દેશોમાં મોકલ્યા હતા. શ્રી ડંકન સેન્ડ્ઝ ઓસ્ટ્રેલિઆ, ન્યૂઝીલેન્ડ અને કેનેડા ગયા હતા, શ્રી થોર્નિક્રોફ્ટ ભારત, પાકિસ્તાન, મલાયા, સિંગાપુર અને સિલોનના પ્રવાસે નીકળ્યા હતા અને શ્રી જ્હોન હેર પશ્ચિમ આફ્રિકા તથા રહોડેશિયા ગયા હતા.

આ બધા બ્રિટિશ અગ્રણીઓ રાષ્ટ્રજૂથના દેશોને ઠંડા પાડી શક્યા છે કે કેમ તેનું માપ તો એ હકીકત ઉપરથી જ નીકળે છે કે, હજી રાષ્ટ્રજૂથના દેશોનો વિવાદ શમ્યો નથી. આ વિવાદમાં ન્યૂ ઝીલેન્ડને પોતાના સમગ્ર અર્થતંત્રમાં પલટો લાવવો પડશે અને જ્યાં દૂધ અને મધની નદીઓ વહે છે એવા એ દેશને કપરા કાળ માટે તૈયાર થવું પડશે એવી દલીલથી માંડીને ભારતને પણ પોતાના નિકાસ વેપારની બાબતમાં ઘણું સહન કરવું પડશે અને ભારતને એની ત્રીજી પંચવર્ષીય યોજનાના અમલમાં પણ મુશ્કેલી નડશે એવી દલીલ થઈ રહી છે. આ નાના લેખની કક્ષામાં, રાષ્ટ્રસમૂહના અન્ય દેશોની પરિસ્થિતિની ચર્ચા માટે અવકાશ નથી એટલે આપણે મજીયારી બજારના સંદર્ભમાં ભારતની સ્થિતિનો જ કેવળ વિચાર કરીશું.

મજીયારી બજારમાં જો બ્રિટન જોડાય તો કેવી પરિસ્થિતિ ઊભી થાય તેનું વિવરણ કરતી એક સુંદર યાદી ગયા મે માસમાં ભારત સરકાર તરફથી બ્રિટન તથા મજીયારી બજારના છ દેશો સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આપણે આપણા હેતુ માટે આ યાદીનો જ મુખ્યત્વે કરીને ઉપયોગ કરીશું.

આજે પરિસ્થિતિ એવી છે કે ભારતની પેદાશો સૌથી વધુ જો કોઈ દેશ ખરીદતો હોય તો તે બ્રિટન છે અને ભારતની જરૂરિયાતોની જે આયાત વિદેશોમાંથી થાય છે તેમાંનો ૪૦ ટકા ભાગ બ્રિટન તથા મજીયારી બજારના છ રાષ્ટ્રોમાંથી આવે છે. હવે બ્રિટન મજીયારી બજારમાં જોડાય તેની સાથોસાથ વિકસી રહેલા દેશોના આર્થિક વિકાસને વેગ આપવાનો તથા આંતરરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રને વિસ્તારવાનો જો વિચાર કરવામાં આવે તો બ્રિટનનો મજીયારી બજારમાંનો પ્રવેશ બધાને માટે લાભદાયી થઈ પડે. પરંતુ અત્યારે બ્રિટન તથા મજીયારી બજારના દેશો વચ્ચે જે પ્રકારની મંત્રણા ચાલી રહી છે તે ઉપરથી તો એવો ભય સેવવાને કારણે મળે છે કે, ભારતની વિકાસયાત્રામાં બ્રિટનનાં સૂચિત પગલાંથી અવરોધ ઊભો થશે. ભારતે પોતાની પહેલી બે પંચવર્ષીય યોજનાઓ દરમિયાન રાષ્ટ્રીય આવકમાં ૪૦ ટકાનો, કૃષિ ઉત્પાદનમાં ૩૫ ટકાનો અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ૯૪ ટકાનો વધારો કર્યો છે અને આ વિકાસયાત્રા અવરોધાય એ ભારતને કોઈ હિસાબે પાલવે એમ નથી.

હવે બ્રિટન મજીયારી બજારમાં જોડાય અને તેને પરિણામે ભારતના માલની નિકાસમાં અવરોધ ઊભો થાય તે કોઈ રીતે ભારતને પાલવે એમ નથી. આજે તો ભારતમાં બ્રિટનની જરૂરિયાતોને અનુલક્ષીને ઘણી ચીજોનું ઉત્પાદન કરવામાં આવે છે. આમાં ખાસ કરીને ચા, તંબાકુ, ચામડાં, વનસ્પતિ તેલો, ઊનની ચટાઈ, નાળિયેરના રેસાની બનાવટો તથા સૂતરાઉ કાપડનો સમાવેશ થાય છે. આજ સુધી બ્રિટન આ વસ્તુ સૌથી વધારે ખરીદી રહ્યું છે અને કેટલીક વાર તો ભારતની કુલ નિકાસ—આવકનો ત્રીજો ભાગ ભારતને આમાંથી મળે છે. ભારતના કાચો તંબાકુનો ૭૦ ટકા જેટલો માલ બ્રિટનમાં જાય છે, જ્યારે બીજી કેટલીક ચીજોની નિકાસમાંથી ૫૦ ટકા જેટલી નિકાસ બ્રિટનમાં થાય છે. વળી બ્રિટન સાથેનો ભારતનો નિકાસ વેપાર પણ ઘણો વધ્યો છે. (૧૯૫૦ માં એ ૨૯ કરોડ ૪૦ લાખ ડૉલરનો હતો. આજે ૩૬ કરોડ ૩૦ લાખનો છે.)

ભારતના માલને બ્રિટનમાં મુક્ત પ્રવેશ મળે છે એટલું જ નહિ પણ એને કેટલાક વિશેષ લાભો પણ મળે છે. બીજી બાજુ ભારતના કુલ નિકાસ વેપારમાંથી માત્ર સાત જ ટકા જેટલો માલ મજીયારી બજારના દેશોમાં જાય છે. સાથોસાથ મજીયારી બજારના દેશોની ભારત ખાતે થતી નિકાસ ખૂબ વધી છે અને પરિણામે ૧૯૬૦ માં તો એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી કે, બીજા કોઈ વિસ્તાર સાથે ભારતની વેપારી ખાધ જેટલી નહોતી તેટલી મજીયારી બજારના દેશો સાથે હતી. આ બધું એને કારણે થયું છે કે મજીયારી બજારના દેશોએ ચોક્કસ પ્રકારની જકાત વગેરેની નીતિ અખત્યાર કરેલી છે અને એ નીતિ જો બ્રિટનને પણ લાગુ પડે તો ભારત જેવા અર્ધવિકસિત દેશને તો ઘણું સહન કરવું પડે.

એટલે ભારતની સરકારે બ્રિટન તથા મજીયારી બજારના છએ રાષ્ટ્રો સમક્ષ એવી માગણી કરી છે કે બ્રિટનમાં અત્યારે ભારતની જે પ્રાથમિક ઉત્પાદનની ચીજો, તૈયાર માલ વગેરે જકાત વિના અને ક્વોટાના નિયંત્રણ વિના પ્રવેશે છે તેને મજીયારી બજારમાં એ જ રીતે પ્રવેશ મળવો જોઈએ.

જે ચીજવસ્તુઓ માટે આવી વ્યવસ્થા ન થઈ શકે તેને માટે અત્યારે ફ્રાન્સમાં મોરોક્કો, ટ્યુનિસિયાથી આવતી વસ્તુઓ માટે જેવી વ્યવસ્થા છે તેવી ચોક્કસ પ્રકારના વિશેષાધિકારો આપતી વ્યવસ્થા કરવી. ટૂંકમાં ભારતના નિકાસ વેપારને હાનિ ન થાય એવી વિચારણા બ્રિટન તથા મજીયારી બજારનાં છ રાષ્ટ્રોએ કરવી જોઈએ.

આ થઈ આર્થિક વિચારણા. મજીયારી બજારની રાજદ્વારી બાજુ પણ છે અને મજીયારી બજારના દેશો એક રાજદ્વારી સંઘ રચવાની વાત પણ કરી રહ્યા છે. આવું જો થાય તો બ્રિટનને એ કેટલે અંશે ફાવે એ વિચારવાનું રહે છે. આ વિચારણા તો થોડા માસ પછી પરિસ્થિતિ વધારે સ્પષ્ટ થાય એ બાદ જ થઈ શકે. આજે તો એમ લાગે છે કે એક વખત યુરોપ પર વર્ચસ્વ ધરાવતાં બ્રિટનને ફ્રાંસના દ'ગોલ, જર્મનીના એડેનોર અને બેલ્જીયમના સ્પાક બરાબર ભીડાવી રહ્યા છે.

**મનુભાઈ મહેતા**

## 'પંચાયત રાજ્યની સ્થાપના'

**શ્રી બળવંતરાય મહેતાનું જાહેર વ્યાખ્યાન**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે ઓગષ્ટ માસની છઠ્ઠી તારીખ અને સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના કાર્યાલયમાં (૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ) સૌરાષ્ટ્રના આગેવાન કોંગ્રેસી નેતા શ્રી બળવંતરાય ગોપાળજી મહેતા 'પંચાયતી રાજ્યની સ્થાપના' એ વિષય પર જાહેર વ્યાખ્યાન આપશે. સંઘના સભ્યોને આ પ્રસંગે હાજર રહેવા વિનંતિ છે. **મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## વિષયસૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ગુજરાતના વનવાસીઓ. | | ૬૧ |
| શોષણમુક્તિનો સરળ ઈલાજ ચર્ચાપત્ર નં. ૨ | ટોકરસી પૂંજાભાઈ છેડા | ૬૧ |
| **પ્રકીર્ણ નોંધ:** મારી 'વિવેકશૂન્યતા, અમદાવાદના જાણીતા સામાજિક કાર્યકર શ્રી સરોજબહેન પટેલનું ચોંકાવનારૂં નિવેદન, જેલમાં પૂરાયલા કેદીઓના પુનરૂદ્ધાર અર્થે અજમાવાતા આવકારદાયક પ્રયોગો, એક ઉત્તમ કોટિના સામાજિક કાર્યકરનું અવસાન. | પરમાનંદ | ૬૨ |
| રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણી પ્રવાહો | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૬૪ |
| યુરોપીયન કોમન માર્કેટ—યુરોપની મજિયારી બજાર | મનુભાઈ મહેતા | ૬૬ |
| **ગ્રંથાવલોકન:** અંતરપટ, સ્વાનુભવચિન્તન | પરમાનંદ | ૬૯ |

# ગ્રંથાવલોકન

## 'અંતરપટ'

(લેખક: શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ; પ્રકાશક: વોરા એન્ડ કંપની પ્રાઈવેટ લિમિટેડ, ૩, રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી, રોડ, મુંબઈ-૨. કિંમત રૂા. ૭).

શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ જેઓ સાહિત્યના ક્ષેત્રે 'સ્નેહરશ્મિ'ના ઉપનામથી ઓળખાય છે તેઓ ગુજરાતી સાહિત્યના વર્ષોજુના ઉપાસક છે. 'અર્ધ્ય' અને 'પનઘટ'એ નામના તેમનાં કાવ્યસંગ્રહો પ્રગટ થયાં છે. આજસુધીમાં તેમની લખેલી ચાર નવલિકાઓ બહાર પડી છે અને ઈતિહાસને લગતાં પણ તેમણે કેટલાંક પુસ્તકો લખ્યાં છે, પણ નવલકથા આ તેમની પહેલવહેલી જ છે અને એમ છતાં ગઈ સાલના ગુજરાતી સાહિત્યનાં પ્રકાશનોમાં ઉત્કૃષ્ટ નવલકથા તરીકે શ્રી. ઝીણાભાઈની આ નવલકથાને શ્રી. પન્નાલાલ પટેલની ગત વર્ષ દરમ્યાન પ્રગટ થએલી અમુક નવલકથાને સમકક્ષાએ મૂકીને તે માટે ગુજરાત સરકાર તરફથી નક્કી કરવામાં આવેલ રૂા. ૧૦૦૦ નું ઈનામ સરખા ભાગે વહેંચી આપવામાં આવેલ છે–આ હકીકત 'અંતરપટ'ની ઉત્કૃષ્ટતા પૂરવાર કરવા માટે પૂરતી છે.

ગુજરાતી નવલકથાઓ મેં ઘણી ઓછી વાંચી છે. અદ્યતન ગુજરાતી સાહિત્યના પ્રવાહોથી હું બહુ જ ઓછો પરિચિત છું. આ કારણે આ નવલકથાના તુલનાત્મક ધોરણે સમીક્ષા કરવાનો મારો કોઈ અધિકાર નથી. ઘણા લાંબા વખતે આવી મોટી ગુજરાતી નવલકથા મારા વાંચવામાં આવી. તે વાંચીને મારૂં મન ખૂબ ભરાયું અને ઊંડી પ્રસન્નતા અનુભવી. આ નવલકથાનો સમય ૧૯૨૦ થી ૧૯૪૦ સુધી કલ્પાયેલો છે. ગાંધીજીના આગમન બાદ આપણા દેશમાં—વિશેષત: ગુજરાતમાં જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રે--વિશેષત: સામાજિક ક્ષેત્રે—જે ક્રાંતિના આંદોલનો નિર્માણ થયાં તે ભૂમિકા ઉપર આ નવલકથાની વસ્તુ આધારિત કરવામાં આવી છે. આ પુસ્તક વાંચતાં જે પેઢી મારી જેવાની આંખો સામેથી પસાર થઈ ચૂકી છે તેનું આબેહુબ ચિત્ર કલ્પના સામે ઉભું થાય છે અને એ વર્ષો આપણે ફરીથી જીવી રહ્યા હોઈએ એવું મધુર સંવેદન આ પુસ્તક વાંચતાં આપણે અનુભવીએ છીએ.

આ નવલકથાના ત્રણ મુખ્ય પાત્રો છે: પની, કેશુ અને નરહરિ. પની હરિજન કન્યા છે એમ છતાં તેના પિતા કરસન નાથા મુંબઈમાં એક આર્યસમાજ પંડિત પાસે ભણ્યા હતા અને જ્ઞાન તથા સેવાના સારા સંસ્કાર પામ્યા હતા. ભણતર પૂરું થયા બાદ પોતાને મળેલા સંસ્કારનો લાભ પોતાના ગામમાં વસતા હરિજનોને મળે અને તેમને સ્વમાનભર્યું જીવન પ્રાપ્ત થાય એ હેતુથી તેઓ પોતાને ગામ આવીને વસ્યા અને તેમણે વણકરનો ધંધો પસંદ કર્યો. પની આ કરસન નાથાની પુત્રી હતી. તેને ભણાવવા માટે પોતાના ગામથી ઘણે દૂર આવેલા એક કન્યાગૃહમાં દાખલ કરી હતી અને ત્યાંના મહામના આચાર્ય અને આચાર્યપત્નીની સાથેના સહવાસ દ્વારા તેનું ભારે સુંદર સંસ્કારઘડતર થયું હતું.

કેશુ પેલા કરસન નાથા સાથે જ મુંબઈમાં ભણેલા અને સમયાન્તરે મુંબઈમાં જ જોડાનો ધંધો ખોલીને સ્થિર થયેલા નારણલાલનો દીકરો હતો અને તેને મુંબઈના ભણતરનો લાભ મળ્યો હતો અને તે સાથે ક્રિકેટના ખેલાડી તરીકે તેણે ઊંચી નામના પ્રાપ્ત કરેલી હોઈને મુંબઈના સભ્ય સમાજમાં તેને સહજ પ્રવેશ અને સ્થાન મળ્યું હતું.

નરહરિ જે ગામમાં કરસન નાથા સ્થિર થયો હતો તે જ ગામના સવર્ણ—બ્રાહ્મણ કુટુંબનું ફરજંદ હતો. તેના પિતા સંસ્કૃત સાહિત્યના મોટા વિદ્વાન પંડિત હતા પણ નરહરિનો જન્મ થવા પહેલાં તેઓ ગામ ઉપર ચઢી આવેલા કોઈ બહારવટિઆઓનો સામનો કરવા જતા મૃત્યુને શરણ થયા હતા. તેની માતા નર્મદા જુનવાણી વાતાવરણમાં ઉછરેલાં હોવા છતાં સ્વભાવથી અત્યન્ત સંસ્કારી એક ઉચ્ચ કોટીનાં સન્નારી હતાં. નરહરિના ઉછેરવાનો તેમના એકલાના માથે ભાર આવ્યો હતો. નરહરિ દેખાવમાં જરા કદરૂપો હતો, પણ તેનામાં અસાધારણ બુદ્ધિમત્તા, નિડરતા અને દેશદાઝ હતી. ભણતાં કૉલેજ સુધી પહોંચ્યો અને ત્યાં નવા આવેલા અંગ્રેજ પ્રિન્સીપાલ સાથે અમુક પ્રશ્ન ઉપર તેને અથડામણ થઈ અને તેના અમુક વર્તન માટે માફી માગવાનું કહેવામાં આવ્યું. નરહરિએ માફી ન માગી અને પરિણામે તેને કૉલેજ છોડવી પડી. કૉલેજના અંગ્રેજી પ્રિન્સીપાલ સાથેની આ અથડામણે તેના આખા જીવનમાં પલટો આણ્યો અને જે ગામડામાં પનીના માતા-પિતા વસતા હતા તે જ ગામડામાં સ્થિર થઈને લોકજીવનમાં ક્રાંતિ- નિર્માણ કરવામાં અગ્રેસર બન્યો.

પનીનો અભ્યાસ પૂરો થવા આવ્યો હતો એ દરમિયાન તે પોતાને ગામ આવેલી. ચોમાસાના દિવસો હતા. ગામ બાજુએ વહેતી નદીમાં પુર આવ્યું હતું. પનીને તરતાં બહુ સારૂં આવડતું હતું. ઉગતી જુવાનીની મસ્તીમાં તેણે પૂરમાં તરવાના હેતુથી ઝંપલાવ્યું, પણ પાણીના જોરદાર વમળો સામે ટક્કર ઝીલી ન શકી અને તણાવા લાગી. કિનારે ઉભેલા નરહરિની તે તરફ નજર ગઈ અને વહેતા પ્રવાહમાં કૂદી પડીને તેને ડૂબી જતી—ખેંચાઈ જતી--બચાવી લીધી. આ નિમિત્તમાંથી બન્ને વચ્ચે પરિચય ઊભો થયો અને નરહરિનાં પ્રતિભાપૂર્ણ વ્યક્તિત્વથી તે ભારે પ્રભાવિત બની.

હરિજનોની કોમમાં પની જેવી બુદ્ધિશાળી, રૂપવતી અને સંસ્કારી છોકરી ભાગ્યે જ જોવી મળે. મુંબઈમાં કેશુ પણ બધી રીતે ખૂબ આગળ આવ્યો હતો. એ પણ શક્તિશાળી સંસ્કારી યુવાન હતો. તેનો ધંધો પણ ધીકતો હતો. આ બન્ને વચ્ચે વિવાહ સંબંધ નક્કી થયો, અને લગ્ન થયા અને પની મુંબઈવાસિની બની. એકમેકને અનુરૂપ એવું આ યુગલ હતું. એમ છતાં બન્નેના પ્રાકૃતિક ઘડતરમાં અમુક પાયાનો તફાવત હતો. પની ગામડાના વાતાવરણમાં ઉછરી હતી અને કન્યાગૃહમાં કેળવણી પામી હતી. શહેરી જીવનનાં કૃત્રિમ મૂલ્યો તેને સ્પર્શ્યા નહોતાં. સવર્ણ સમાજની હરિજનો પ્રત્યેની નફરત તેને ખૂબ સાલતી હતી. પોતાના સમાજને ઉંચો લાવવો,, સમાન અધિકારો પ્રાપ્ત કરાવવા, આ પ્રકારની સેવાભાવનાથી તે રંગાયલી હતી અને તદનુરૂપ સામાજિક પ્રવૃત્તિઓ તરફ તે ખેંચાયે જતી હતી.

કેશુને મુંબઈના વિશાળ સમાજમાં પોતાની પ્રતિષ્ઠા વધારવી, જુદી જુદી કોમના શ્રીમાન મિત્રો સાથે સંબંધો વધારવા, કલબમાં જવું આવવું, સભ્ય સોસાયટીની આગળની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરવું—આ બધું વધારે ગમતું હતું. ક્રિકેટમાં મેળવેલી નામના જીવન વિષેના તેના ખ્યાલો સફળ કરવામાં સારી રીતે મદદરૂપ થતી હતી.

આ બન્ને એક-મેકને સારી રીતે ચાહતા હતા. એમ છતાં પણ ઉપર જણાવેલા કારણસર તેઓ પરસ્પર પૂરા એકરૂપ બની શકતા નહોતા. પનીની બાબતમાં આ એકરૂપતા સિદ્ધ કરવામાં બીજી પણ એક હકીકત આડે આવતી હતી. ઉપર જણાવ્યું તેમ કેશુ સાથે લગ્નસંબંધથી જોડાયા પહેલાં તે નરહરિના વ્યક્તિત્વથી સારા પ્રમાણમાં પ્રભાવિત બની હતી અને જો કે નરહરિ પની સંબંધમાં આ દ્રષ્ટિએ ઉદાસીન હતો, અને તે તો પોતાના ગ્રામોદ્ધારના કાર્યમાં ડૂબી ગએલો હતો, પણ પનીના દિલમાં નરહરિએ ચોક્કસ સ્થાન પ્રાપ્ત

કર્યું હતું અને અવાર-નવાર પોતાને ગામ જવાનું થતાં અને તેની સાથેનો પરિચય તાજો થતો રહેતાં આ સ્થાન સુદ્રઢ બની રહેતું હતું. નરહરિની અપેક્ષાએ કેશુ તેને કાંઇક ઉતરતો લાગ્યા કરે એ સ્વાભાવિક હતું.

આ હકીકત અને ઉપર જણાવેલ પ્રકૃતિભેદે પની અને કેશુ વચ્ચે એક પ્રકારનો અન્તરપટ ઉભો કર્યો હતો અને તેના લીધે બન્નેને બધી રીતે સુખી થવાની સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં, અને બન્ને એક મેક વિષે સ્નેહનિષ્ઠા તેમ જ શુભનિષ્ઠા વડે પ્રેરિત હોવા છતાં, બન્નેના સહજીવનમાં અથડામણો ઉભી થવા પામી હતી. આ અથડામણો વધતી જતાં બે વચ્ચે કેવી ગેરસમજૂતીઓ પેદા થતી ગઈ અને સુખી થવા નિર્માયેલ સંસાર કેવી કરૂણતામાં પરિણમ્યો એનું કળાપૂર્ણ નિરૂપણ અત્યંત કુશળ માનસવિશ્લેષણ--પૂર્વક આ નવલકથામાં કરવામાં આવ્યું છે.

પની અને કેશુ વચ્ચે આ અંતરપટ ઉભો કરનાર નરહરિના પાત્રનું આલેખન ભારે ભવ્ય છે. તેના તરફ ખેંચાયલી પનીને સન્માર્ગ ઉપર—સ્વધર્મ ઉપર સ્થિર કરવાનો નરહરિનો ચાલુ પ્રયત્ન હોય છે. પની તેને ગમે છે એમ છતાં તે અન્યની પત્ની છે એ વિષે તે પૂરો સભાન છે અને એ કારણે તેની સાથેના સંબંધમાં ઉચિત મર્યાદાની તે પૂરી જાળવણી કરે છે. તેની પ્રાકૃતિક ઉદાત્તતા પ્રારંભથી અન્ત સુધી એક સરખી વ્યકત થતી રહી છે. આમ છતાં પની અને કેશુ વચ્ચે વિસંવાદ ઉભો થવામાં નરહરિ નિમિત્ત બને છે. આ દુ:ખદ છતાં તદ્દન સ્વાભાવિક છે. સાધારણ પ્રેમત્રિકોણ કરતાં આ ત્રિકોણ કાંઈક જુદા પ્રકારનો હતો. પનીનું પાત્રાલેખન સૌથી વધારે ધ્યાન ખેંચે છે. તેને વિકસાવતાં વિકસાવતાં એ વિકાસકક્ષાએ પહોંચાડવામાં આવે છે કે પની ખરેખર મૂળમાં હરિજન કન્યા હતી કે કેમ એ વિષે આપણા મનમાં ભ્રમ પેદા થાય છે. તેનામાં અને એક સુશિક્ષિત નાગરકન્યામાં કોઈ ખાસ તફાવત દેખાતો નથી. તે મૂળમાં હરિજન કન્યા હોઈને તેના કોઈક ખૂણે પણ બરસઠપણું દેખાવું જોઈએ એવી આપણા મનમાં સહજપણે રહેતી અપેક્ષા સાથે તેના આ સર્વાંગસુંદર આલેખનનો પૂરો મેળ બેસતો નથી અને એટલા પૂરતી પ્રસ્તુત આલેખનમાં અતિશયતા લાગે છે.

આ બન્ને પાત્રોને કેશુની ઉદાત્ત રીતભાતથી સારો ઉઠાવ મળે છે. સામાન્ય માનવી ક્ષુબ્ધ બને, શંકાશીલ બને, એવા પ્રસંગોએ પણ પોતાની પ્રકૃતિની સમતુલા ગુમાવતો નથી.

આ આખી નવલકથા એક યા બીજા પાત્રના મોઢે કરવામાં આવેલા આત્મનિવેદન દ્વારા અનુબંધિત છે. એમાં 'પનીએ કહેલી (વાત'), એ પ્રકરણ સૌથી મોટું છે. એ વાતમાં એટલી બધી વિચાર—ગંભીર ચર્ચાઓ અને વિવેચનો આવે છે કે, પનીના મોઢે આ બધું અવારનવાર અસ્વાભાવિક લાગે છે, અથવા તો કાંઇક નાના મોઢે મોટી વાત જેવું ભાસે છે.'

પની અને નરહરિ મારફત નવલકથાલેખકે પોતાનું જીવન-દર્શન અને રાષ્ટ્રની નવરચનાને લગતી પોતાની કલ્પનાઓ વિસ્તારથી રજૂ કરી છે. આમાંની કેટલીએક કલ્પનાઓ આજના પંચાયતી રાજ્યોની યોજના અને તેના અમલ દ્વારા સાકાર બની રહી છે. આ નવલકથાનું મૂળ કાઠું ૧૯૪૨—'૪૩ દરમિયાનના સાબરમતી અને નાસિક જેલમાં ઘડાયેલું. તેમાંનો થોડોક ભાગ કટકે કટકે ૧૯૪૯ માં "ઊર્મિ" માં છપાયો હતો. આખરે આ નવકલથા છેવટનો આકાર પામીને ૧૮ વર્ષના ગાળે ૧૯૬૧ માં બહાર પડી છે. આ નવલકથાને અંતિમ આકાર આપવા પહેલાં તેમાં કેટલું સંમાર્જન—સમારકામ થયા કર્યું હશે તેનો આ હકિકતથી આપણને વિશેષ ખ્યાલ આવે છે. આ નવલકથા પ્રગટ કરીને શ્રી ઝીણાભાઈએ—સ્નેહરશ્મિએ—નવલ-કથાકાર તરીકેની મૌલિક કુશળતાનું આપણને સુભગ દર્શન કરાવ્યું છે અને તે માટે ગુજરાતી પ્રજાના તેમને અનેક અભિનંદન ઘટે છે.

## 'સ્વાનુભવ ચિન્તન'

(લેખક: શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ; પ્રકાશક: શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, ચંપાગલી, ન્યાલચંદ બીલ્ડીંગ, મુંબઈ; કિંમત રૂા. ૨.)

શ્રી ફત્તેહચંદ ઝવેરભાઈ મૂળ ભાવનગરના વતની; વર્ષોથી મુંબઈ રહે છે. તેમનો વ્યાપાર રેશમી કાપડનો; કેટલાક સમયથી વ્યાપાર-વ્યવસાયથી નિવૃત્ત એવું જીવન ગાળે છે. તેઓ જન્મથી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન છે. તેમના પિતા શ્રી ઝવેરભાઈ ભાઈચંદ જૂના જમાનાના એક અત્યંત ધર્મપરાયણ પુરુષ હતા અને જૈન ધર્મશાસ્ત્રોના સારા જાણકાર હતા. ધર્મનિષ્ઠા અને વિદ્યાવ્યાસંગ તેમને પોતાના પિતા તરફથી મળેલાં છે. પોતે પણ જૈન ધર્મ--સાહિત્યના સારા અભ્યાસી છે. મુંબઈના જૈન સમાજના જાણીતા કાર્યકર છે. આજે તેમની ઉમ્મર ૭૭ વર્ષની છે. એમ છતાં તેમને પ્રથમ જોનાર તેમની ઉમ્મર ૬૦ વર્ષથી વધારે કલ્પી ન શકે-આવું તેમનું નકકર શરીરબંધારણ છે. વર્ષોથી તેઓ આસનો કરતા રહ્યા છે અને તેથી તેમનું સ્વાસ્થ્ય આજ સુધી આટલું બધુ સુરક્ષિત રહ્યું છે. તદુપરાંત શીલસંપન્ન તેમનું ચારિત્ર્ય છે, પ્રસન્નતા તેમને પ્રકૃતિપ્રાપ્ત બક્ષિસ અને નમ્રતા તેમનો એક વિશેષ ગુણ છે. ધર્મોપાસના વડે પરિપૂત તેમનું જીવન છે. સ્વધર્મ વિષે ઊંડી શ્રદ્ધા અને એમ છતાં અન્ય ધર્મો વિષે ઉદારતા--આ તેમની વિશેષતા છે.

'સ્વાનુભવ ચિન્તન' માં છેલ્લા પચાસ વર્ષ દરમિયાન આવા એક વ્યકિત વિશેષે લખેલા અને ભિન્નભિન્ન સામયિકોમાં પ્રગટ થયેલા લેખોનો તેમજ તેમણે રચેલાં છુટાં છવાયાં કાવ્યોનો સંગ્રહ સંકલિત કરવામાં આવ્યો છે. આ સંગ્રહમાં તેમનું આ જ સુધીનું મનન, ચિન્તન અભ્યાસ અને અનુભવ પ્રતિબિંબિત થાય છે. અદ્યતન કહી ન શકાય એવી-આગળની-પેઢીના અનેક વિષય પરત્વેની પરંપરાપ્રાપ્ત વિચાર ધારાનું આ સંગ્રહમાં આપણને સુભગ દર્શન થાય છે. ભાષા સાદી, સરળ તથા સંસ્કારી છે. લખાણ મોટા ભાગે ઉપદેશાત્મક છે. આમ ૭૭ વર્ષની ઉમ્મરે પણ ફરતા હરતા અનેક સામાજિક તેમજ ધાર્મિક પ્રવૃતિઓમાં રસપૂર્વક ભાગ લેતા, વાંચન અધ્યયન પાછળ સારો સમય વીતાવતા એક ધર્મપરાયણ ભદ્ર પુરુષનાં લખાણોનો આ રીતે સંગ્રહ કરીને લગભગ ૩૫૦ પાનાનું દળદાર પુસ્તક પ્રગટ કરવા બદલ અને સામાન્ય જનસમુદાયને સુલભ બને એવી આ પુસ્તકની કિંમત રાખવા બદલ શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રચારક મંડળને ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આ વખતે ઑગષ્ટ માસની તારીખ ૨૭ મીથી સપ્ટેમ્બર માસની તારીખ ૩ જી સુધી —એમ આઠ દિવસની પર્યુષણવ્યાખ્યાન માળા ગોઠવવામાં આવી છે. આ વ્યાખ્યાનમાળાની પ્રથમ પાંચ દિવસની વ્યાખ્યાન સભા ફ્રેન્ચ બ્રીજ પાસે આવેલા બ્લેવેટસ્કી લૉજમાં, છઠ્ઠા દિવસની સભા રોકસી થિએટરમાં અને પછીના બે દિવસની સભાઓ સવારના સાડા આઠથી સાડાદશ સુધી ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો ઘડાઈ રહેલો કાર્યક્રમ પ્રબુદ્ધ જીવનના હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે. જણાવતા આનંદ થાય છે કે, આ વ્યાખ્યાનમાળાના બીજા તથા ત્રીજા દિવસની વ્યાખ્યાન સભામાં શ્રી જયપ્રકાશ નારાયણ 'અહિંસા અને વિશ્વશાંતિ' એ વિષય પર ઉત્તરોત્તર બે વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગષ્ટ ૧૬, ૧૯૬૨, ગુરૂવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ❊ સંથારો, આત્મહત્યા અને કાયદો ❊

કેટલાક પ્રશ્નો અણધારી રીતે લોકચર્ચાએ ચડે છે અને તેમાંથી ન ધારેલાં એવા ફણગાઓ ફૂટે છે અને આવા પ્રશ્નો જ્યારે કોઈ વિશિષ્ટ ક્ષેત્ર, જ્ઞાન કે નિષ્ણાતો સમજી શકે તેવા વિષય પરત્વે ઉપસ્થિત થાય છે ત્યારે સામાન્ય જનસમૂહમાં તેનાં વિવિધ પ્રત્યાઘાતો પડે છે અને ઘણી વખત જે ખરેખર હોય છે એથી વિપરીત કે વિકૃત માન્યતાઓ, ખ્યાલો, અભિપ્રાયો પ્રવર્તે છે અને તેને અનુલક્ષીને પ્રવૃત્તિઓ પણ થાય છે.

સંથારા પ્રકરણને નામે પ્રસિદ્ધિ પામેલા કિસ્સાને આના દ્રષ્ટાંતરૂપ લેખાવી શકાય. સાત મહિના પહેલાં શ્રી રતનશીભાઈ 'સંથારો' સ્વીકારી દેહમુકત બન્યા ત્યારે મુંબઈમાં રાજમાર્ગો પર મોટી મેદની જામી. તે પહેલાંના દિવસોમાં હજારો લોકો તેમના 'દર્શનાર્થે' જઈ આવ્યાં. અખબારોમાં ખબરો ને તસ્વીરો પ્રસિદ્ધ થઈ. મોટી મેદનીને કાબૂમાં રાખવા પોલીસદળ ને અમલદારો હાજર રહ્યાં. તે બધું પતી ગયા પછી થોડા મહીને અચાનક સમાચારો ઝબકયા કે શ્રી રતનશીભાઈના મૃત્યુ અંગે પ્રમાણપત્ર આપનાર તબીબ તથા શ્રી રતશીભાઈના પુત્ર પર મુંબઈ શહેરના નામદાર કોરોનર તરફથી નોટીસ બજાવવામાં આવી હતી કે કોરોનરના કાનૂન અનુસાર શ્રી રતનશીભાઈના મૃતદેહની મરણોત્તર તપાસ (ઈન્કવેસ્ટ) ટાળવાના હેતુથી ખોટું સર્ટીફિકેટ આપવામાં આવ્યું હતું ને તેમાં એકબીજાને મદદ કરી હતી.

આ સમાચારો પ્રગટ થયા પછી 'સંથારો' શું છે? તે આત્મહત્યા છે કે નહીં? કોરોનરને આવી સત્તા છે કે નહીં? વગેરે ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા. 'સંથારા' વિષે લેખો લખાયા. નામદાર કોરોનરની નોટીસ અંગે જે અદાલતી કાર્યવાહી ચાલે તેમાં હાજર રહી સંથારો એ આત્મહત્યા નથી એવું સાબીત કરવા જૈન ફિરકાઓ તરફથી આગેવાનોની એક કમિટી નીમાઈ. પરંતુ જેમના સામે નોટીસો નીકળી હતી તે વ્યકિતઓએ માફી માગી હતી અને લડવા ઈચ્છતી ન હતી એવી હકીકત જણાતાં વ્યવસ્થિત અને સંગઠિત રીતે આ મુદ્દાનો નિર્ણય કરાવવાની શકયતા કમિટીને જણાઈ નહીં. કારણ કે, અદાલતમાં જે પક્ષકાર હોય તે જ જો લડવા ન ઈચ્છે તો બીનપક્ષકાર ન લડી શકે એવો સામાન્ય અદાલતી નિયમ છે. તે છતાં આ બાબતમાં જેને ધગશ હતી એવા એક ભાઈએ કોરોનર સમક્ષ એક જૈન તરીકે હાજર થઈ 'સંથારા' વિષે કેટલીક રજૂઆત કરી. પરંતુ સૈદ્ધાંતિક રીતે આ બાબતનો નિર્ણય કરવાનું નામદાર કોરોનરને મુનાસીબ લાગ્યું નહીં, એટલે તેમણે પોતે કાઢેલી નોટીસો રદ કરી અને સંથારો એ આત્મહત્યા છે કે નહીં તે બાબતનો નિર્ણય કર્યો નહીં કે તે વિષે અભિપ્રાય આપ્યો નહીં, અને કાયદાની પરિભાષામાં જેને open કહે છે તેમ આ પ્રશ્નને 'ખુલ્લો' રાખ્યો.

નામદાર કોરોનર સમક્ષ જે કાર્યવાહી થઈ તે વિષે કાયદાનાં જાણકારો ન હોય તેવા જનસમાજમાં કેટલીક ભૂલભરેલી માન્યતાઓ પ્રવર્તતી માલૂમ પડી છે, એટલે કાયદાની દ્રષ્ટિએ કેટલાક મુદ્દાઓ જોઈએ.

ભારતભરમાં માત્ર મુંબઈ અને કલકત્તા એ બે જ એવા શહેરો છે કે જ્યાં 'કોરોનર્સ એકટ' નામનો કેન્દ્રનો કાયદો અમલમાં છે. આ કાયદામાં પ્રાંતિક સરકાર સુધારા કરી શકે છે. તે મુજબ મુંબઈ (હવે મહારાષ્ટ્ર) રાજ્યે તેમાં કેટલાક મહત્ત્વના સુધારા પણ કરેલા છે. આ કાયદા અનુસાર આ શહેરો માટે 'કોરોનર' નામના એક અમલદારની નિમણુંક કરવામાં આવી છે. આ અમલદાર ન્યાયાધીશ નથી, પણ તેમને પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટની સત્તાઓ મળેલી છે. આ કાયદામાં એવું ઠરાવાયું છે કે જ્યારે કાંઈ આકસ્માતથી, ખૂનથી, આત્મઘાતથી, કે સંશયાત્મક સંજોગોમાં કોઈનું મૃત્યુ થાય ત્યારે તે વ્યકિતનું મૃત્યુ કયા કારણે થયું હતું તેની તપાસ કરવાની તથા તે વિષે અભિપ્રાય આપવાની કોરોનરને સત્તા છે. મૃત્યુનું કારણ સ્પષ્ટ ન જાણી શકાય તો મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવાની પણ કોરોનરને સત્તા છે. પણ પોસ્ટમોર્ટમની જરૂર ન હોય તો તે કર્યા વિના પણ મૃતદેહની અંતિમ ક્રિયા કરવાની પરવાનગી આપવાની કોરોનરને સત્તા છે.

મૃતદેહની તપાસ થયા પછી ને અંતિમ ક્રિયા પછી કોરોનરની કોર્ટ ભરાય છે. તેમાં જ્યુરી હોય છે ને તે મરનારનું મરણ કેવા સંજોગેમાં થયું તેની માહિતી મેળવવા માટે જાણકાર સાક્ષીઓની જુબાની લેવાય છે. કોઈએ આત્મઘાત કર્યો હોય એમ એક પક્ષ કહે ત્યારે બીજો પક્ષ કહે કે ખૂન થયું છે. આવા સંજોગોમાં જે કોઈ આ બાબતમાં પ્રકાશ પાડી શકે તેને સાક્ષી તરીકે તપાસવામાં આવે છે ને બનાવમાં હિત ધરાવનાર વ્યકિતને કે તેના વકીલોને હાજર રહેવા દેવામાં આવે છે.

જુબાની પછી કોરોનર 'સમીંગ-અપ' કરે છે ને જ્યુરી પોતાનો મત આપે છે, ને ત્યાં એ વાત પૂરી થાય છે. જ્યુરીનો આ મત બંધનકર્તા નથી એટલે કે જ્યુરી એમ અભિપ્રાય આપે કે અમુક વ્યકિતનું ખૂન થયું છે ને જ્યુરીના મતે અમુક વ્યકિત તે માટે જવાબદાર છે એમ જ્યુરી કહે, તો પણ પોલીસ તે વ્યકિતને પકડવા ને કેસ કરવા બંધાએલી નથી. કારણ કે પોલીસ તો ખૂન અંગે જરૂરી પુરવાઓ હોય તો જ પગલાં લઈ શકે છે. કાયદાની આ પરિસ્થિતિ છતાં વ્યવહારમાં જ્યુરીના મતને પોલીસે વજન આપવું પડે છે.

મુંબઈ શહેરમાં તબીબના પ્રમાણપત્ર વિના શબને બાળવાની કે દાટવાની રજા આપવામાં આવતી નથી અને આ પ્રમાણપત્રમાં મરણનું કારણ જણાવવું જોઈએ. આ કારણ શંકાસ્પદ હોય અગર એ કારણ એવું હોય કે જેને માટે કોરોનરની તપાસ જરૂરી હોય તો કોરોનરની રજા વિના મૃતદેહની અંતિમ ક્રિયા થઈ શકતી નથી.

એટલે જો કોઈ એવું પ્રમાણપત્ર આપે કે જેને લીધે કોરોનરની તપાસમાંથી છટકી જવાય તો તે કૃત્ય ગુનો છે. એટલે

કે કોરોનરની તપાસ કાયદા મુજબ જરૂરી છે એવા મૃત્યુમાં કોરોનર તપાસ ન કરે એવું સર્ટિફિકેટ આપે તો તે તપાસને ટાળવાનો ગુનો છે ને તેવું સર્ટિફિકેટ પ્રાપ્ત કરે તે એ ગુનામાં મદદગાર થવા માટે ગુનેગાર છે.

આવું બને ત્યારે આ ગુના માટે ખુદ કોરોનર કોઈ સજા કરી શકતા નથી કે કેસ ચલાવી શકતા નથી. તેઓ તો પ્રથમ આ ગુના માટે શા માટે કામ ન ચલાવવું તેવી નોટીસ બજાવે છે. તે નોટીસનાં જવાબ રૂપે જે ખુલાસો મળે તે સંતોષકારક ન લાગે તો કોરોનર ફરિયાદી બની મેજીસ્ટ્રેટની કોર્ટમાં હાજર થાય ને તે વ્યકિતઓ સામે ફરિયાદ દાખલ કરે કે તેમણે કોરોનરના કાયદા મુજબ ગુનો કર્યો છે. આ ફરિયાદમાં આરોપીને બચાવ કરવાની સંપૂર્ણ તક મળે ને જે મુદ્દો છણવો હોય તે છણી શકે. આપણે આ જ કિસ્સાની વાત લઈએ.

ડૉકટર તથા શ્રી રતનશીભાઈના પુત્રે માફી રજૂ કરવાને બદલે એમ કહ્યું હોત કે અમે ગુનો કર્યો નથી, ને સંથારાથી થયેલાં મૃત્યુ અંગે જે પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું તે યથાર્થ તથા કાયદેસર હતું અને કોરોનરને એમ લાગ્યું હોત કે જે પ્રમાણપત્ર અપાયું તે ખોટું હતું ને તેવું પ્રમાણપત્ર આપવાનો હેતુ કોરોનરદ્વારા સંભવિત મરણોત્તર તપાસ ટાળવાનો હતો તો કોરોનર પોતે કોઈ દંડ કે સજા ના કરી શકત પણ તેમણે હકુમત ધરાવતાં પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટ સમક્ષ હાજર થઈ આ વ્યકિતઓ સામે ફરિયાદ દાખલ કરવી પડત ને આવી ફરિયાદમાં આરોપીઓ પોતાનો બચાવ કરી શકત. એવા બચાવમાં સંથારો એ આત્મઘાત નથી એવું પ્રતિપાદન કરવા પ્રયત્ન કરી શકાત. મેજીસ્ટ્રેટનો જે ચુકાદો આવત તે પણ અંતિમ તક ન ગણાત, પણ તેને હાઈકોર્ટ કે સુપ્રિમ કોર્ટ સુધી લઈ જઈ શકાત, પણ તેવું કાંઈ બન્યું નથી ને કોરોનર માત્ર અભિપ્રાય આપે કે સંથારો તે આત્મઘાત નથી તેની કાયદેસર વ્યાપક અસર ન થાત, કારણ કે, કાયદાની કોઈ અદાલતને એ અભિપ્રાય બંધનકારક ન લેખાત, પણ વ્યવહારમાં કોરોનર આવો બનાવ બને ત્યારે મરણોત્તર તપાસનો આગ્રહ રાખે.

પણ ધારો કે સંથારો એ આત્મહત્યા છે એવું કોરોનર ઠરાવે તો શી સ્થિતિ થાય? આત્મઘાત એ કાયદા મુજબ ગુનો નથી, પણ આત્મઘાતનો પ્રયત્ન કે તેમાં મદદ તે ગુનો છે ને તે અંગે માત્ર પોલીસખાતું જ એટલે કે રાજ્ય જ કેસ કરી શકે. ને સંથારો તે આત્મહત્યા છે એવો કોરોનરનો મત હોત છતાં તે અંગે પગલાં લેવા કે નહીં તે પોલીસની મુનસફીની વાત છે.

જે કિસ્સો બન્યો તે પરત્વે કોરોનરે જે ચૂકાદો આપ્યો તે વિષે વ્યાપક ગેરસમજ પ્રવર્તે છે. આ ચૂકાદાની મુખ્ય વાત એ છે કે સંથારો એ આત્મહત્યા છે કે નહીં. તે પ્રશ્નનો કોરોનરે પોતાના ચૂકાદામાં નિર્ણય જ કર્યો નથી અને તેથી સંથારાને અંગે નીપજેલા મૃત્યુ અંગે કશી તપાસ કરવાની રહેતી નથી એમ કોરોનરે સ્વીકાર્યું છે એમ માનવું ભૂલભરેલું છે. તેમ જ 'સંથારો' એ આત્મહત્યા નથી એવા જૈન ધર્મનાં સિદ્ધાંતનો કોરોનરે સ્વીકાર કર્યો છે એવું માનવું પણ ભૂલભરેલું છે.

'સંથારા' દ્વારા થતાં મૃત્યુની મરણોત્તર તપાસ જરૂરી નથી એવું કોરોનરે ઠરાવ્યું નથી. એટલે એ આત્મહત્યા નથી એવો મત પણ કોરોનરે આપ્યો નથી. એટલે 'સંથારા' અંગે જૈન ધર્મનાં સિદ્ધાંતનો કોરોનરે સ્વીકાર કર્યો છે એ પણ ગેરસમજ છે.

કોરોનરે 'સંથારા' અંગે જે ચર્ચા પોતાનાં ચૂકાદામાં કરી છે તે જુદા જ મુદ્દા ઉપર કરી છે. આરોપીઓ સામે એવો આરોપ હતો કે તેમણે મરણોત્તર તપાસ ન થાય તે માટે ગેરમાર્ગે દોરવનાર સર્ટિફિકેટ તૈયાર કર્યું હતું. તેનાં જવાબ રૂપે એવી રજૂઆત કરવામાં આવી કે, મરનારે સંથારો કર્યો હતો, ને મરણ પામ્યાં. સંથારો એ જૈન ધર્મની એક ઉચ્ચ ધાર્મિક પ્રણાલિકા છે. આરોપીઓ એમ માનતા હતા કે, આવો સંથારો એ આત્મહત્યા નથી અને તેથી સંથારા દ્વારા થયેલું મૃત્યુ આત્મહત્યા ન હોય ને તેની મરણોત્તર તપાસ જરૂરી નથી એવી આરોપીની શુદ્ધ બુદ્ધિની માન્યતાનો ઉલ્લેખ કરીને ના. કોરોનરે ઠરાવ્યું કે, આરોપી સંથારો એ આત્મ હત્યા છે એમ માનતા હોઈને તેમણે મરણોત્તર તપાસ નિવારવા માટે ખોટું સર્ટિફિકેટ ઉભું કર્યું હતું તેમ કહી શકાય નહીં. સંથારો એ આત્મહત્યા નથી એવી વાત કોરોનરે ચૂકાદામાં લખી છે તે તેમનાં અભિપ્રાયની નહીં પણ આરોપીઓનાં અભિપ્રાયનો ઉલ્લેખ છે. ને તેથી 'સંથારો' શું છે તે વિષે જે રજૂઆત થઈ હતી તેનો ઉલ્લેખ કોરોનરે કર્યો છે પણ તેમના ચૂકાદામાં એ વાતનો તેમણે સ્વીકાર કર્યો નથી. તેમણે તો આરોપીઓને છૂટા કર્યા, કારણ કે, તેઓને સંતોષ થયો કે આરોપીઓએ ઈરાદાપૂર્વક ખોટું સર્ટિફિકેટ રજૂ કર્યું ન હતું. પણ પોતે જે માન્યતા ધરાવતા હતા તે માન્યતાને ખરી માની શુદ્ધ બુદ્ધિથી સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. એટલે જે આરોપ હતો તે ટકી શકતો ન હતો ને તેથી તેમની સામે નોટીસ કરવામાં આવી. ચૂકાદો લખવાની પદ્ધતિ એવી છે કે, સૌથી પ્રથમ ફરિયાદ પક્ષનો કેસ શું છે તેની હકીકતો રજૂ થાય છે. તે પછી આરોપીનો કેસ શું છે તેની હકિકતોની રજૂઆત થાય છે. પછી બન્નેની છણાવટ અને છેવટે અભિપ્રાય ને નિર્ણય હોય છે.

એટલે મેજીસ્ટ્રેટના ચૂકાદામાં અખબારી અહેવાલો પ્રમાણે 'સંથારા' વિષે જે વિગતવાર ઉલ્લેખ છે તે આરોપીઓએ કરેલી રજૂઆતનો છે અને નહીં કે કોરોનરનાં પોતાના અભિપ્રાયનો.

સંથારો એ આત્મહત્યા છે કે નહીં તેની અદાલતમાં માત્ર દલીલોથી સાબિતી થઈ શકતી નથી. તે માટે આધારભૂત શાસ્ત્રીય ગ્રન્થો કે તે શાસ્ત્રનાં વિશારદ પંડિતોની તુલનાની જરૂર પડે છે. અંતે એ આખી લડત લાંબી ને ખર્ચાળ પણ થઈ પડે છે.

સંથારા અંગે જે મુકદ્દમો થયો તેની આસપાસ ઉભી થયેલી ગેરસમજો ને શુદ્ધ કાયદાની દ્રષ્ટિથી જે હકીકત હતી તેની છણાવટ થઈ.

હવે સંથારો એ આત્મહત્યા ગણાય કે નહીં અને તે સંથારો એ આત્મહત્યા છે એમ અદાલત ગણે કે ઠરાવે તો તેથી રાજ્ય ધર્મમાં વિક્ષેપ કરે છે કે નહીં તેની છણાવટ કરીએ.

અપૂર્ણ.

**કેશવલાલ મ. શાહ.**

## શોકપ્રસ્તાવ

તા. ૧૧-૮-૬૨ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ નીચે મુજબનો શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો:—

"તા. ૨૦-૭-૬૨ના રોજ નીપજેલ શ્રી નાગકુમાર મકાતીના અવસાન બદલ, તા. ૫-૮-૬૨ના રોજ નીપજેલા શ્રી પ્રસન્નમુખ બદામીના અવસાન બદલ, તેમ જ તા. ૭-૮-૬૨ના રોજ નીપજેલ શ્રી ચંદુલાલ સારાભાઈ મોદીના અવસાન બદલ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની આજ રોજ મળેલી સભા ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે. આ પ્રત્યેક વ્યકિતએ પોતપોતાના ક્ષેત્રમાં પોતાના જીવન દરમિયાન જૈન તેમ જ જૈનેતર સમાજની અનેકવિધ સેવા કરી છે અને પોતાની પાછળ પોતપોતાના સુચરિતની ચિરસ્મરણીય સુવાસ મુકી ગયેલ છે. આ ત્રણ વ્યકિતઓમાં શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી તો સંઘના ઘણાં વર્ષોથી સભ્ય હતા. તેથી તેમની ખોટ અંગે સંઘ સવિશેષ ખેદ અનુભવે છે. આ ત્રણે આત્માઓ શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે એવી પરમાત્માને આ સભા પ્રાર્થના કરે છે."

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# જથ્થાબંધ યાંત્રિક ઉત્પાદન વિરૂદ્ધ બેકારીનિવારણ

[ઔદ્યોગિક ક્ષેત્રે આગળ વધેલાં પશ્ચિમના દેશોની અને તેમાં પણ અમેરિકાની અને ભારતની પરિસ્થિતિમાં મોટો ફરક એ છે કે, એ દેશોમાં વસ્તી પ્રમાણમાં ઓછી છે જ્યારે ભારતમાં વસ્તી ઘણી વધારે છે. એ દેશોમાં ઉત્પાદનવૃદ્ધિ એ એક જ પ્રશ્ન છે, જ્યારે ભારતમાં ઉત્પાદનવૃદ્ધિ સાથે બેકારી નિવારણની વિકટ સમસ્યા એટલી જ ઉગ્ર અને પાયાની છે. યાંત્રિક આયોજન અને ટેકનોલોજીના થઈ રહેલા વિકાસ દ્વારા માણસોનું રોકાણ ઉત્તરોત્તર ઘટાડી શકાય છે અને વસ્તુનું ઉત્પાદન અધિકાધિક વધારી શકાય છે. ભારતમાં આ પદ્ધતિ સ્વીકારવા જતાં ઉત્પાદન વધી શકે છે, પણ તે સાથે બેકારી ઘટવાને બદલે વધી જાય છે. આમ જથ્થાબંધ યાંત્રિક ઉત્પાદન સામે જ્યારે બેકારીનિવારણનો પ્રશ્ન આવીને ઊભો રહે છે ત્યારે, ભારતની વિશિષ્ટ પરિસ્થિતિમાં બેકારીનિવારણના પ્રશ્નને વધારે મહત્ત્વ અપાવું ઘટે છે અને જથ્થાબંધ યાંત્રિક ઉત્પાદનને ગૌણ બનાવવાનું આવશ્યક બને છે. સૂતરનું ઉત્પાદન મિલ દ્વારા કરવું કે અંબર ચરખા દ્વારા કરવું—આ બેમાંથી દેશના લાભમાં વધુ શ્રેયસ્કર શું છે એ પ્રશ્નની નીચેના લેખમાં છણાવટ કરવામાં આવી છે. **પરમાનંદ**]

કેટલાક સમય પર એક દૈનિક પત્રમાં મોટા અક્ષરોમાં નીચે મુજબના સમાચારો હતા :—

**"અમરેલીમાં શરૂ થનારી કાપડની મિલ"**

"અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિથી ધમધમતું અમરેલી શહેર ઔદ્યોગિક ક્ષેત્રે નહિવત્ છે. તે ખોટ પૂરી પાડવા એક ઘણા જ મહત્ત્વના સમાચારથી આ વિસ્તારની પ્રજામાં આનંદની લાગણી ફેલાવા પામેલ છે.

... ... ... ... ... ... રહેવાસી શેઠશ્રી ... ... ... ... ... અમરેલી વિસ્તારમાં એક કાપડની મિલ ઊભી કરવા ઘણા સમય થયાં પ્રયત્નો કરી રહ્યા હતા. તેમના પ્રયત્નોને આખરે સફળતા ગળેલી છે.

શ્રી ... ... ... ... ... ... ... ... ... શેઠને ગુજરાત સરકાર તરફથી ૧૨,૦૦૦ સ્પીન્ડલની એક કાપડ મિલ અમરેલીમાં શરૂ કરવાની પરવાનગી મળેલી છે.

આ મિલ તેઓશ્રી અમરેલીમાં લગભગ રૂા. પચાસ લાખના ખર્ચે તૈયાર કરનાર છે. આ કાપડ મિલની શરૂઆતથી આ વિસ્તારના હજારો મજૂરોને રોજી મળશે અને આ વિસ્તારની આબાદી પણ વધશે."

આ સમાચાર વાંચતાં મારા મનમાં એકસામટા બે વિચારો આવી ગયા :

એક તો એમ કે, અમરેલી જિલ્લામાં કેટલાંયે ખાદીકેન્દ્રો ચાલે છે અને તે દ્વારા હજારો માણસોને રોજી કમાવાની તક મળે છે, જ્યારે બીજી બાજુ આવી કાંતણ મિલની સ્થાપનાથી સમાચારમાં જણાવ્યા મુજબ હજારો લોકોને રોજી પૂરી પાડવાની મહત્ત્વાકાંક્ષા વ્યકત કરવામાં આવી છે.

સાંભળ્યું છે કે, મિલમાં કામ કરનારાઓને રોજના ચારથી પાંચ રૂપિયા રોજી મળે છે. બીજી તરફ એ તો હું જાણું છું કે, જો સાધનોનો પૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો પરંપરાગત ચરખા દ્વારા રોજના ૦.૫૦ નયા પૈસા અને અંબર ચરખા દ્વારા રોજના ...થી બે રૂપિયા મળી શકે છે. મેં ક્યારેક ગણી રાખ્યું હતું કે, સો વ્યકિતઓની કાપડની જરૂરિયાત પૂરી કરવા માટે જોઈતું સૂતર ૧.૬૫ થી ૨.૨૩ માણસોની જરૂર પડવાની છે. આ ગણતરી મુજબ અમરેલી જિલ્લાની કાપડની જરૂરિયાત પોષવા માટે ૮,૭૦૦ થી ૧૧,૭૦૦ માણસો કામે લાગવા જોઈએ. આ વિચારતંત્ર કામ કરતું હતું ત્યાં ઉપરનાં સમાચારો મળ્યાં. સમાચાર મળતાં એક રીતે આનંદ થયો અને મનની કમજોરીમાં એ પણ વિચાર આવી ગયો કે મિલ ઊભી થતાં જો હજારો માણસોને વધુ રોજી આપી શકે એવું કામ મળવાનું હોય તો અમારા જેવાઓએ પણ આ દિશામાં વિચારવાની શરૂઆત કરવી જોઈએ.

મેં આંકડા એકઠા કરવા માડયાં. થોડીક મહેનત પછી સરકારી આંકડાઓમાંથી જડયું કે :

(૧) કેન્દ્ર સરકારે ગુજરાતમાં નવી કાંતણ મિલો શરૂ કરવા માટે ફકત ૭૫,૦૦૦ ત્રાકોની મંજૂરી આપી છે.

(૨) અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતને ફાળે આવેલ ક્વોટા ઘણો નાનો છે.

(૩) આર્થિક અને ઔદ્યોગિક દ્રષ્ટિએ પછાત એવા જિલ્લાઓમાં નવી કાંતણ મિલો શરૂ કરવાનું ગુજરાત સરકારે વિચાર્યું છે.

(૪) આવી છ મિલો ઊભી થશે. દરેક મિલ ૧૨,૦૦૦ ત્રાકની હશે, આ મિલો ત્રણ પાળીઓમાં કામ કરશે અને એક પાળી દીઠ ૨૦૦ વ્યકિતઓના હિસાબે કુલ્લે એક મિલ છસો માણસોને રોજગાર આપશે.

(૫) આ મિલ ઊભી કરવામાં લગભગ ૫૦ લાખ રૂપિયાની મૂડી જોઈશે અને એક ત્રાક ઉપર વાર્ષિક ૧૦૦ કિલોગ્રામ સૂતર ઉત્પન્ન થશે.

ઉપરના સમાચાર વાંચી મારા મનમાં સ્વપ્નાનો મહેલ રચાયો હતો તે પાયા વગરની ઈમારતની માફક એક ક્ષણમાત્રમાં જમીન-દોસ્ત થઈ ગયો. આમ તો વાંચ્યું હતું કે જે દેશમાં મનુષ્યશકિત દુર્લભ હોય ત્યાં ઉત્પાદન વધારવા માટે સ્વયંસંચાલિત યંત્રો ઉપયોગમાં લેવામાં આવે છે. એ જ યંત્રોનો ઉપયોગ જે દેશમાં મનુષ્ય-શકિત ઘણા મોટા પ્રમાણમાં હોય ત્યાં બેકારી ઉત્પન્ન કરે છે. આમ તો પહેલેથી જ એવા સંસ્કાર હતા જ કે, પોતાની ચાતુરીથી જનતાને સાચા માર્ગેથી બીજે વાળી પોતાનો સ્વાર્થ સાધવા માટે જે સાચી હકીકતને ઢાંકીને ફાયદાઓ મિલના ઠેકેદારો સમજાવે છે તેવા કોઈ ફાયદાઓ જનતાને મળતા હોતા નથી.

ખેર! જ્યારે આ વિષયમાં આપણા માર્ગદર્શકોમાં પણ ગેરસમજ હોય ત્યારે જેમને પોતાનો સ્વાર્થ સાધવો છે તેમને તો શું કહી શકાય? આ વિષય ઉપર શ્રી કૃષ્ણદાસ જાજૂજી સ્વરાજના શરૂઆતના વર્ષમાં કેટલા દુ:ખથી લખે છે :

"રાજ્યોમાં અને કેન્દ્રમાં કોંગ્રેસનાં પ્રધાનમંડળો હતાં. દેશમાં કાપડની તીવ્ર તંગી હતી. સ્વાવલંબનનાં સિદ્ધાંતોને આગળ વધારવા સરકારને માટે સુયોગ્ય અવસર હતો. પણ દિન પ્રતિ દિન વધુ ને વધુ સ્પષ્ટ થતું હતું કે, કોંગ્રેસી પ્રધાનમંડળ અને વરિષ્ઠ નેતાગણમાં ઘણા ખરાઓને થોડાં વર્ષો પહેલાં ખાદીમાં જે શ્રદ્ધા હતી તે હવે રહી ન હતી. આ ઓસરતી જતી શ્રદ્ધાના પ્રત્યાઘાત નીચેની કક્ષાઓની કોંગ્રેસ સમિતિઓમાં તથા આમ જનસમુદાય પર પણ પડયા વગર રહે જ નહિ, અને ખરું જોતાં ખાદીની હરિફાઈ કરતી મિલોને બંધ કરવાની વાત તો બાજુએ રહી, પણ ખાદીને મદદ કરવાનો જે ઉત્સાહ થોડાં વર્ષો પહેલાં હતો તે પણ ઓસરી ગયો."

એ જ અરસામાં : ૨૪ ઓકટોબર—૧૯૪૭ : ગાંધીજી લખે છે :—

"રાજકીય કાર્યકર્તા આજે તો માત્ર આદતના જોરથી જ ખાદી પહેરે છે. આજે ખાદીની નહીં પણ મિલોની જ જીત થઈ રહી છે. આપણે મનને મનાવી લીધું છે કે જો મિલો નહીં હોય તો આપણા દેશની કરોડો વ્યકિતઓને કપડાં પહેરવાં નહીં મળે. આનાથી બીજી કઈ મોટી ભૂલ હોઈ શકે? જોઈતા જથ્થામાં રૂ, પૂરતી શાળો, પૂરતા ચરખા* અને તેને ચલાવનાર મનુષ્યશકિત હોવા છતાં પણ, આપણાં મનમાં એક વાત ઘર કરી ગઈ છે કે, પોતાની જરૂરિયાત માટે કરોડો માણસો કાંતવા વણવાનું કામ કરવાના નથી. જે માણસને દિલમાં ભય ઘર કરી ગયો હોય તેને ભયનું કોઈ કારણ ન હોવા છતાં બીક લાગ્યા જ કરે છે."

ખેર! આ વાતોને છોડી દઈએ! પણ વિકેન્દ્રિત વ્યવસ્થાથી જો દેશભરની કાપડની જરૂરિયાત પૂરી કરવી હોય તો તે ચિત્ર કેવું ઊઠે છે તે પણ દોરી જોવા પ્રયત્ન કરવો જોઈએ.

---

*નોટ : અને આ લખતી વખતે ગાંધીજીને અંબરની કાર્ય-ક્ષમતાની જાણ હોત તો?

નીચે કેટલાક આંકડાઓ આપું છું. એનાથી કેન્દ્રિત અને વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાથી જે ફાયદા—ગેરફાયદા થનારા છે તેનો તુલનાત્મક અભ્યાસ થઈ શકશે.

| | મિલ | આઠ ત્રાકનો અંબર | છ ત્રાકનો અંબર | યરવડા ચક્ર |
|---|---|---|---|---|
| સંખ્યા | ૧૨,૦૦૦ ત્રાક | ૩,૫૦૦ ચરખા<br>૮૦૦ પીંજણ યંત્ર | ૫,૦૦૦ ચરખા<br>૮૦૦ પીંજાણ યંત્ર | ૩૦,૦૦૦ ચરખા<br>૮૦૦ પીંજણ યંત્ર<br>૮૦૦ પૂણી પાટલી |
| કામમાં જરૂરી માણસોની સંખ્યા | ૬૦૦ | ૭,૦૦૦ કાંતનાર<br>૧,૬૦૦ પીંજનાર<br>૫૦ સૂતર ખરીદનાર<br>૫૦ ચરખા નિરીક્ષક<br>———<br>૮૭૦૦ | ૧૦,૦૦૦ કાંતનાર<br>૧,૬૦૦ પીંજનાર<br>૭૫ સૂતર ખરીદનાર<br>૭૫ ચરખા નિરીક્ષક<br>———<br>૧૧,૭૫૦ | ૬૦,૦૦૦ કાંતનાર<br>૧,૬૦૦ પીંજનાર પુણી<br>૧,૬૦૦ બનાવનાર<br>૨૦૦ સૂતર ખરીદનાર તથા બીજા કાર્યકરો<br>———<br>૬૩ ૪૦૦ |
| વર્ષના ૩૦૦ કામના દિવસો ગણતા કેટલા કામના કલાકો. | ૧૪,૪૦,૦૦૦<br>દૈનિક ૩ પાળી | ૨,૦૮,૮૦,૦૦૦<br>દૈનિક ૨ પાળી | ૨,૮૨,૦૦,૦૦૦<br>દૈનિક ૨ પાળી, | ૧૫,૨૧,૬૦,૦૦૦<br>દૈનિક ૨ પાળી |
| ૨૦ વારના હિસાબથી કેટલા માણસોની કપડાની જરૂરિયાત પૂરી પડશે. | ૫,૨૫,૦૦૦ | ૫,૨૫,૦૦૦ | ૫,૨૫,૦૦૦ | ૫,૨૫,૦૦૦ |
| કુલ કામના કલાકોમાંથી કેટલા ટકા સૂતર ઉત્પાદનમાં લાગશે. | ૦૦.૧૧ | ૦૧.૬૫ | ૨.૨૩ | ૧૨.૦૭ |
| જરૂરી મુડી | ૪૮,૦૦૦૦૦ યંત્ર સામગ્રી<br>૨,૦૦,૦૦૦ મકાન<br>———<br>૫૦,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ ચરખા<br>૪,૦૦,૦૦૦ પીંજણ યંત્ર<br>૫૦,૦૦૦ મકાન<br>———<br>૧૧,૫૦,૦૦૦ | ૭,૫૦,૦૦૦ ચરખા<br>૪,૦૦,૦૦૦ પીં.યંત્ર<br>૫૦,૦૦૦ મકાન<br>———<br>૧૨,૦૦,૦૦૦ | ૩,૦૦,૦૦૦ ચરખા<br>૪,૦૦,૦૦૦ પીં. યંત્ર<br>૨૦૦૦ પૂણી પાટલી<br>૫૦૦૦૦ મકાન<br>———<br>૭,૫૨,૦૦૦ |

ઉપરના આંકડાઓથી સ્પષ્ટ થશે કે કેન્દ્રિત વ્યવસ્થાથી જે કાર્ય આપણે છસો વ્યકિતઓથી પૂરું કરી શકીએ તે જ કામ માટે વિકેન્દ્રિત અર્થવ્યવસ્થામાં લગભગ ૭,૦૦૦ થી માંડીને ૬૩,૦૦૦ માણસોની જરૂર પડે. જ્યાં મનુષ્યશકિતની અછત હોય, અને તેના પ્રમાણમાં કામ વધારે કરવાનું હોય ત્યાં સ્પષ્ટ છે કે આ શકિતસંચાલિત યંત્રોનો ઉપયોગ કરવો જ રહ્યો, પણ જ્યાં આપણે જાણીએ છીએ કે ......

(૧) દેશમાં કેટલાયે લોકોને મોસમી બેકારી નડે છે, અને કેટલાક બીજાઓને પૂરા દિવસનું કામ મળતું નથી. તેવાઓના ફાલતુ વખત માટે કંઈ કામ પૂરું પાડવું જ જોઈએ.

(૨) અને કામ આપવું હોય તો કામ કરનારની જરૂરિયાતને દૃષ્ટિ સમક્ષ રાખીને તેમના પોતાના ઘરમાં જ કામ પહોંચાડવું ઘટે.

(૩) અને ખરેખર આપણે "પેલા અંતિમ" સુધી- unto the last —કામ પહોંચાડવું હોય—અને જ્યાં આવા "પેલા અંતિમો" મોટા પ્રમાણમાં હોય ત્યાં શોષણહીન સમાજરચના માટે જરૂરી છે કે, જ્યાં સુધી શકિત લગભગ બધે જ પ્રાપ્ત ન હોય ત્યાં સુધી મનુષ્યશકિતથી ચાલતાં સાધનોનો ઉપયોગ જ કરવો રહ્યો.

હવે પ્રશ્ન એ રહે છે કે પ્રગતિશીલ કાર્યક્રમને અમલમાં મૂકવા માનવશકિત-સંચાલિત કયા સાધન ઉપર પસંદગી ઉતારવી ?

ગાંધીજીએ જ્યારે કેન્દ્રિત વ્યવસ્થા અને શકિત-સંચાલિત યંત્રોને છોડીને માનવશકિતનો ઉપયોગ કરીને વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાને જોર આપ્યું ત્યારે તેમના મનમાં યરવડાચક્ર અને જૂના પરંપરાગત ચરખામાં સંશોધન કરીને તેની ઉત્પાદનશકિત વધારવાનો ઈરાદો હતો જ. અથવા એમણે પોતાના મનમાં યંત્રોની જે મર્યાદા બાંધી હતી તે સીમામાં સાધનની કાર્યક્ષમતા વધારવાની સંપૂર્ણ શકિત હતી જ. એમણે તો એમ પણ જાહેર કર્યું હતું કે જો એવો ચરખો બનાવવામાં આવે કે જે સતત આઠ કલાક ચલાવવાથી બારથી વીશ આંકનું સોળ હજાર વાર સૂતર ઉત્પન્ન કરી શકે, તથા એ સાધન જો ગાંધીજીએ મૂકેલી બીજી શરતો પૂરી કરી શકે તો તે સાધનને તેઓ એમની યંત્રની મર્યાદાના વર્તુળમાં દાખલ કરવા તૈયાર હતા.

સ્પષ્ટ છે કે, વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાને પૂર્ણપણે વિકસાવવા માટે યરવડાચક્ર ગાંધીજીની દૃષ્ટિએ પણ પૂરતા પ્રમાણમાં કાર્યક્ષમ ન હતો. યરવડાચક્રની કાર્યક્ષમતા પ્રમાણે આપણે જો કાપડની જરૂરિયાત પૂરી કરવી હોય તો ઉપરના આંકડાઓમાં બતાવ્યા મુજબ કુલ કામના કલાકોના ૧૨.૦૭ ટકા સમય તો માત્ર કાંતવા પાછળ જ ખર્ચાય.

આ દષ્ટિએ જોઈએ તો દેશની કાપડની જરૂરિયાત પૂરતું સુતરનું ઉત્પાદન કરવા માટે દેશનો ૧૨.૦૭ ટકા સમય આપવા ગાંધીજી માગતાજ ન હતા. સ્પષ્ટ છે કે, જ્યાં સુધી આથી ઓછા સમયમાં દેશની કાપડની જરૂરિયાત પૂરી કરે એવા મનુષ્યશકિત-સંચાલિત યંત્રની શોધ ન થાય ત્યાં સુધી યરવડા ચક્ર કે પરંપરાગત ચક્ર તો ઠીક પણ તકલીથી પણ આ કામ પાર પાડવા ગાંધીજી કૃતનિશ્ચયી હતા. પણ આજે આપણા સદ્ભાગ્યે ગાંધીજી જે ઉત્પાદન—કાર્યક્ષમતાવાળા સાધનની ઈચ્છા રાખતા હતા તેવું સાધન મોજુદ છે. એટલે ૫,૨૫,૦૦૦ ની વસ્તિવાળા એક એકમ માટેની કાપડની જરૂરિયાતમાટેનું સૂતર ઉત્પન્ન કરવા આઠ ત્રાકનો અંબર ચરખો જો ઉપયોગમાં લેવામાં આવે તો ૮૭૦૦ માણસોને પૂરક અથવા પર્યાપ્ત રોજી આપી શકાશે. આ જ કામ છ ત્રાકના અંબર ચરખાથી અથવા પરંપરાગત રેંટિયાથી પણ થશે, અથવા કદાચ જુદી જુદી વ્યકિતઓ બધા જ પ્રકારનાં સાધનોનો પોતાની અનુકૂળતા મુજબ ઉપયોગ કરી સૂતર ઉત્પન્ન કરશે. આ મુદ્દા ઉપર એક ચોખવટની જરૂર છે. અંબર ચરખો હોય કે યરવડાચક્ર, પણ ઉપર આંકડામાં દર્શાવ્યા મુજબ બધા જ લોકો સતત સોળ કલાક સુધી સાધન ઉપર કામ કર્યા કરશે એમ માનવું એ ભ્રમ છે. આ તો તુલનાની દૃષ્ટિએ મૂકવામાં આવ્યું છે. એમાં આમ તેમ ઘટ આવવાની જ. તેથી ચરખાની સંખ્યામાં અને તે મુજબ તેને માટે જરૂરી મૂડીમાં વધારો ઘટાડો થવાનો. પણ વિકેન્દ્રિત અર્થવ્યવસ્થાનું મોટું જમા પાસું એ છે કે, દેશની જરૂરી વસ્તુઓ ઉત્પાદન કરવામાં, આ વ્યવસ્થા દ્વારા દિવસના કે વર્ષના એવા સમયનો ઉપયોગ થવાનો, કે જે સમયનો ઉપયોગ કેન્દ્રિત વ્યવસ્થા લાખ પ્રયત્નો પણ નહીં કરી શકવાની. સમયના ઉપયોગની દૃષ્ટિએ જોતાં ચરખા દ્વારા ઉત્પન્ન થનારું સૂતર, મોટે ભાગે આપણા રોજિંદા કાર્યક્રમમાંથી આમતેમ ફાજલ પડતા કે બેકાર જતા સમયમાં જ ઉત્પન્ન થવાનું છે. અને એ રીતે બીજી રીતે ઉપયોગ ન થઈ શકયો હોય કે ઉપયોગ થઈ શકે એમ ન હોય એવા ફાજલ કલાકો તો રોજિંદા કાર્યક્રમમાં

હોય જ છે. બીજી વાત એ પણ છે કે કેન્દ્રિત વ્યવસ્થા માટે જરૂરી યંત્રો માટે ઠીક ઠીક વિદેશી હુંડિયામણની જરૂરત પડવાની, જ્યારે ચરખા માટે તો એને બનાવવામાં એકાદ નાની શી ચીજને બાદ કરતાં, પરદેશથી કશું જ મંગાવવાની જરૂર નહિ પડે, એટલું જ નહિ પણ, ચરખાના પૂરા કાર્યક્રમમાં મૂડીનો મોટો ભાગ ગામડાંની પ્રજાના હાથમાં જ જવાનો. આ સિદ્ધાંત ઉપર વિચારવામાં આવે તો જ સરકારને મિલોને બદલે ચરખાની યોજના બનાવવાનું સૂઝે. આ વાત લખતાં કેટલાંક વર્ષો પહેલાંનો આવો જ એક બનાવ યાદ આવી ગયો. એ અંગે લખતા ગાંધીજીએ કહેલું કે :—

"ભારતભરમાં રાજ્યોનાં પ્રધાનમંડળોની રચનાના કેટલાક સમય પહેલાં સાંભળ્યું હતું કે, દરેક રાજ્યને ભાગે અમુક નિશ્ચિત સંખ્યાની ત્રાકોનો કવોટા આવ્યો હતો. અને એમ શરત મૂકવામાં આવી હતી કે, જો કોઈ રાજ્ય પોતાને ભાગે આવેલ ત્રાકોનો કવોટા—ન સ્વીકારે તો તે કવોટા બીજા રાજ્યોને આપી દેવામાં આવશે. અને હવે જ્યારે રાજ્ય સરકારો પૂરજોશમાં તંત્ર સંચાલન કરી રહી છે, ત્યારે સવાલ એ ઉઠે છે કે, શું આ સરકારો પોતપોતાના રાજ્યમાં નવી મિલો ઉભી થવા દેશે અને સાથે સાથે રાષ્ટ્રીય ધોરણે હાથ—કંતાઈને પણ અપનાવશે? મારો જવાબ સ્પષ્ટ છે......**જો આપણે હાથ-કંતાઈને ઉત્તેજન આપવું હોય તો આમ હરગિજ ન થવું જોઈએ.** ભારતનાં બધાં રાજ્યોમાં મિલની ત્રાકોના કવોટા વહેંચવા પાછળ એક પાયાનો વિશ્વાસ કામ કરી રહ્યો છે કે, ફકત મિલો જ ભારતની કાપડની જરૂરિયાત પૂરી પાડી શકે એમ છે અને મિલો દ્વારા જ કાર્ય થવું જોઈએ. અલબત્ત, ખાદીને થોડા ખાદીપ્રેમીઓ માટે જીવતી રહેવા દઈ શકાય! કોંગ્રેસના ઠરાવોમાં હાથ—કંતાઈની આવી કલ્પના કરવામાં આવી ન હતી, ન તો ચરખા સંઘનો વિકાસ આવા કોઈ સિદ્ધાંત પર થયો છે. પણ જો રાષ્ટ્રીય સરકારો એવા નિર્ણય પર પહોંચી હોય કે હાથ—કંતાઈનું ભવિષ્ય ઉજજ્વળ નથી તો ચરખા-સંઘે અપનાવેલા સિદ્ધાંતો પર સરકારે એક પણ રૂપિયો બરબાદ કરવો જોઈએ નહિ. પણ જો આ સરકારોને ચરખા સંઘની નીતિમાં શ્રદ્ધા હોય તો તેમણે શરૂઆતમાં કદાચ થોડું નુકસાન થાય તો પણ રાજ્યોને મળેલા કવોટા છોડી દેવા જોઈએ. કારણ કે, આખર જતાં આ નુકસાન જનસાધારણના લાભની વસ્તુ જ સાબિત થવાની છે."

આ વાત થયાને આજે સોળ વર્ષ ગુજરી ચૂકયાં છે.

બનવા જોગ છે કે, જે પરિસ્થિતિમાં ગાંધીજીએ મિલોના વિરોધમાં ચરખાને અપનાવવાની વાતો કરી હતી તે સંજોગો આજે બદલાઈ ગયા હોય;

બનવા જોગ છે કે, આજે ભારતનાં કોઈ ગામડામાં મોસમી બેકારી ન પ્રવર્તતી હોય;

બનવા જોગ છે કે લાખો લોકોને ફરજિયાત રીતે આળસુ બનીને દિવસ પસાર ન કરવો પડતો હોય;

બનવા જોગ છે કે પોતાના કામથી પરવારીને ફાજલ સમયમાં પોતાનાં બચ્ચાંઓને રોટલા સાથે ગોળ આપવા બહેનોને કોઈ વિશેષ કમાણી કરવાની જરૂરત ન હોય;

બનવા જોગ છે કે ગાંધીજીની આ શીખામણ—"એટલા માટે ભલેને લોકોને મિલનું કાપડ મફત મળતું હોય તો પણ એમનું સાચું ભલું તો એને છોડવામાં અને પોતાની મહેનતની પેદાશ ખાદીને જ પસંદ કરવામાં છે." નકામી થઈ ગઈ હોય;

તો જરૂર ચરખા અભરાઈ પર ચડાવી મિલો ચલાવવામાં પુરુષાર્થ કરીએ.

પણ સંજોગોમાં આવો પલટો આવ્યો છે? કયાં સુધી સત્યને છાવરી રાખીશું? અને કયાં સુધી દુનિયાને અંધારામાં રાખીશું? આપણે તો સાંભળ્યું છે કે, ત્રીજી પંચવર્ષીય યોજના બાદ પણ બેરોજગારોની સંખ્યા ઘટવાને બદલે વધવાની છે. પણ સરકાર તો પોતાની ચાલમાં—પોતાની ગતિમાં-જ ચાલશે. અને આપણા ઉકળાટનો તો ત્યાં સુધી કોઈ અર્થ નહીં સરે, જ્યાં સુધી આપણે આપણા કામમાં એક એવી ઠંડી તાકાત પેદા ન કરી દઈએ કે જેથી, જનતા પોતાનો રસ્તો આપમેળે નક્કી કરી લે.......

"હાથી ચલત હૈ અપની ગત મેં."

**ચીનુભાઈ ગી. શાહ**

# આપણી અધોગતિ

અમેરિકામાં 'ક્રિસ્તિઅન સાયન્સ મૉનિટર' નામે દૈનિક છે. તેના તંત્રી ઉપર લખેલો કાગળ આ નીચે ગુજરાતીમાં આપ્યો છે:

"**તંત્રી મહાશય,**

"સારી સ્થિતિવાળા લોકોને ભેટ આપવાની વસ્તુઓની બજારમાં શોધ ચાલે છે ત્યારે બીજા પ્રકારની ભેટ, જે વધારે સંતોષકારક છે, તેના પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવે છે.

"૭૦ સેંટ (લગભગ ૩૫ રૂ.) માં એક છોકરું કયાં વેચાતું મળે? ભારતથી એસોશિએટેડ પ્રેસવાળાએ મોકલેલા ખબર પ્રમાણે આ એક પ્રમાણભૂત હકીકત છે. "બંગાળાના દુષ્કાળગ્રસ્ત ભાગોમાં લોકોએ પોતાનાં છોકરાંને ભૂખે મરતાં બચાવવા સારુ એને ૭૦ સેંટમાં વેચ્યાં છે." દુનિયામાં કયાંય એક પણ ભૂખ્યું બાળક હોય તો કોકે એની સંભાળ લેવી ઘટે. સાચું, પણ કયાં અમેરિકા ને કયાં ભારત? એટલે આપણાથી શું બને?

"ભૂખે મરતાં બાળકોના આ ભયાનક પ્રશ્નના ઉત્તરરૂપે 'ક્રિસ્તિઅન બાળકોનું ફંડ' નામે એક સંસ્થા મિ. કલાર્કે ઊભી કરી છે. આ સંસ્થા ૩૫ દેશોમાં પોતાના તથા સંબદ્ધ અનાથાશ્રમોમાં ૨૩,૦૦૦ છોકરાંને પાળી પોષીને મોટાં કરે છે. મહીને મહીને માણસ ૧૦ ડૉલરનું દાન કરે તો તે આ ૩૫ દેશ માહ્યલા કોઈ પણ દેશમાં એક બાળકને દત્તક લઈ શકે છે. પછી એને બાળકની છબી મળે છે, અને એ બાળક સાથે પત્રવ્યવહાર પણ કરે છે. આમ કરીને એ ૯૦,૦૦૦ દાતાઓમાંનો એક બને છે, જે દાતાઓ વર્ષે ત્રીસ લાખ ડૉલરનું સરેરાશ દાન કરે છે. આ રકમ લગભગ આખી બાળકોને પાળવામાં જ વપરાય છે; તેમાંથી બહુ થોડા ટકા જ ફંડની વ્યવસ્થા નિમિત્તે ખરચાય છે.

"આ નાનાં છોકરાં માહ્યલા એકને દત્તક લેવામાં વાપરવા કરતાં વર્ષે ૧૨૦ ડૉલરનો વધારે સારો ઉપયોગ કયો હોઈ શકે? અમે પણ એક બાળકને દત્તક લીધું છે. અમને લાગે છે કે, આ દાનમાત્રમાં શ્રેષ્ઠ દાન છે.

માર્જોરી હૅરિસ તથા રાલ્ફ હૅરિસ"

આપણા દેશનાં અનાથ બાળકોને પરદેશી પરધર્મી પાળે, એટલું જ નહિ, પણ આપણાં સનાથ તથા મોટા માન્ધાતાનાં બાળકોને પણ પરદેશી પરધર્મી ભણાવે, દૂધ પાય, ખવરાવે એના કરતાં કોઈ પણ રાષ્ટ્રની વધારે અધોગતિ હોઈ શકે ખરી?

**દેસાઈ વાલજી ગોવિંદજી**

# 'વિમલ મંત્રી'

તા. ૨૫-૭-૧૯૬૨ ને બુધવારના રોજ શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહે સંઘના કાર્યાલયમાં 'વિમલ મંત્રી' એ વિષય ઉપર ૧૧ મી સદીના ગુજરાતના ઈતિહાસ ઉપર મૌલિક પ્રકાશ પાડતું અને તત્કાલીન ઈતિહાસને લગતી માહિતીથી ભરેલું વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૧૬-૪-'૬૨ ના 'પ્રબુદ્ધ જીવન' માં શ્રી ધીરુભાઈનો પરિચય આપતાં જણાવવામાં આવ્યું છે તે મુજબ તેમણે સોળમી સદીમાં થઈ ગયેલા મુનિશ્રી લાવણ્યસમયે લખેલા 'વિમલ પ્રબંધ' ઉપર મહા નિબંધ-થીસીસ- લખીને ગુજરાત યુનિવર્સિટી તરફથી પી. એચ. ડી. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. આ તેમના સંશોધન ઉપર તેમણે પોતાનું વ્યાખ્યાન આધારિત કર્યું હતું અને જેની ઉમ્મર ૩૦—૩૨ કરતાં વધારે કલ્પી શકાતી નથી એવા આ યુવાન વિમલ મંત્રીએ એટલી નાની ઉમરમાં કેટકેટલાં પરાક્રમો કર્યાં અને છેવટે શિલ્પનિર્માણમાં—આરસ ઉપરના કોતરકામમાં—જેનો આ દુનિયામાં જોટો નથી એવું જગવિખ્યાત જૈન મંદિર આબુ પહાડ ઉપર બાંધીને અમર કીર્તિ પ્રાપ્ત કરી તેને લગતી અનેક વિગતો રજૂ કરી હતી. આ રીતે જે વ્યક્તિ 'વિમલ મંત્રી' ના નામથી સુપ્રસિદ્ધ છે અને એમ છતાં જે વ્યક્તિ શ્રી ધીરુભાઈના કહેવા પ્રમાણે કદિ પણ મંત્રીપદ ઉપર આરૂઢ થઈ નહોતી પણ એક પ્રતાપી દંડનાયક તરીકે જ. જેની ઉજજ્વળ પ્રતાપી કારકીર્દીનો ક્રૂર વિધાતાએ અકાળ અંત આણ્યો હતો તેની યશોગાથા વડે શ્રોતાઓનાં દિલ તેમણે અત્યંત પ્રભાવિત કર્યાં હતા.

સભાના પ્રારંભમાં સંઘના મંત્રી શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ શ્રી ધીરુભાઈનો પરિચય આપ્યો હતો અને અંતમાં ડૉ. રમણલાલ સી. શાહે શ્રી ધીરુભાઈનો આભાર માન્યો હતો.

# પ્રકીર્ણ નોંધ

## ગુજરાત સરકાર સામે એક પ્રકારનું બહારવટું

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ઠાકોરભાઈ દેસાઈએ અમદાવાદ ખાતે કાળુપુર કૉંગ્રેસ સમિતિના ઉપક્રમે ત્રણ મંડળ સમિતિઓના કૉંગ્રેસી કાર્યકરોના સંમેલનમાં તા. ૨૯-૭-૬૨ના રોજ જે ભાષણ કર્યું હતું અને છાપામાં તેનો જે અહેવાલ પ્રગટ થયો હતો તે વાંચીને ભારે આશ્ચર્ય તેમ જ દુ:ખ થાય છે. આશ્ચર્ય એટલા માટે કે જે વ્યકિતએ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખનું સ્થાન હજુ ગઈ કાલ સુધી શોભાવ્યું હતું તે વ્યકિત આજે આવા બીનજવાબદાર ઉદ્ગારો કાઢી શકે છે. દુ:ખ એટલા માટે કે ગુજરાત ઉપર શાસન કરતી કૉંગ્રેસ સરકાર ઉપર આણઘટતા અને મનસ્વી પ્રહારો કરીને તેઓ માત્ર કૉંગ્રેસ સરકારને જ નહિ પણ કૉંગ્રેસ સંસ્થાને ભારે નુકસાન કરી રહ્યા છે અને અંદરના વીખવાદને વધારી રહ્યા છે. આ અભિપ્રાયના સમર્થન અર્થે તેમના ભાષણમાંના કેટલાક ઉદ્ગારો સંકલિત કરીને અહીં ઉદ્ધૃત કરવા જરૂરી લાગે છે. પ્રસ્તુત ભાષણ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, "કૉંગ્રેસ સંસ્થા જે એક વખત દેશમાં શકિતના કિલ્લા સમી હતી તેનો આજે આન્તરિક વિખવાદ અને ભાંગફોડની નીતિદ્વારા નાશ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ માટે જેઓ જવાબદાર છે તેઓ શું મેળવવાના છે તેનું મને આશ્ચર્ય થાય છે." તેમણે આગળ ચાલતાં જણાવ્યું હતું કે, "ગુજરાત કૉંગ્રેસ ટકી રહી છે એ કોઈ સત્તાભૂખ્યા માનવીઓના કારણે નહિ પરંતુ જેમને સત્તા માટે કશી લાલસા નથી તેવા સેંકડો લોકોને કારણે" આ 'સત્તાભૂખ્યા માણસો.' એ શબ્દો દ્વારા તેઓ કઈ વ્યકિતઓનું સૂચન કરવા માગે છે તે સહજ સમજાય તેવું છે. તેઓ આગળ ચાલતાં ચેતવણી આપે છે કે, 'ઘર ફૂટ્યે ઘર જાય.' ગુજરાત કૉંગ્રેસનું ઘર ફૂટવાનું છે એવી પરિસ્થિતિ પ્રવર્તે છે. શા માટે અને શા કારણે એમાં હું અત્યારે પડવા માગતો નથી. ........... શ્રી સાદિકઅલીએ મને કહ્યું હતું કે, ગુજરાતીઓ શાણા છે. અને ગુજરાતની વાત બહાર પડવા દેતા નથી. ગુજરાતીઓ શાણા છે અને શાણપણ તો હોવું જોઈએ. પોતાનાં ગંદા કપડાં બહાર નહિ ધૂવે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ પણ આવું નહિ કરે. પરંતુ (ગુજરાત) સરકાર તો એમ જ કહે છે કે અમે (સરકાર) જે કાંઈ કરીએ છીએ તે બરાબર છે. તેમાં તમારે કોઈએ ગરબડ કરવી જોઈએ નહિ. જે રાજય ચાલે છે તેમાં એકલી સરકારનો જ હિસ્સો નથી, પણ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસનો પણ છે. પણ આ વાતનો સ્વીકાર થતો નથી.

"શ્રી સાદિકઅલીએ મને પૂછ્યું ત્યારે મેં કહ્યું હતું કે હારજીતનું મને દુ:ખ નથી. ૧૦ વર્ષની મહેનત પછી હું ગુજરાત કૉંગ્રેસનો કિલ્લો મજબૂત કરી શકયો હતો અને તે તોડવા માટે લોકો મથે છે ત્યારે હું નિરાશ થાઉં છું. ગુજરાત કૉંગ્રેસ ચૂંથાઈ રહી છે તે મારી આંખે મારે જોયા કરવું પડે છે, છતાં હું કાંઈ કરી શકતો નથી. હું ભારે મનોમન્થન અનુભવી રહ્યો છું. અત્યારે શું કરવું તેની મને સમજ પડતી નથી. પણ સૂઝ પડશે ત્યારે જે કાંઈ કરવું ઘટતું લાગશે તે હું કરીશ."

"મહા ગુજરાતનું સંકુચિત માનસ ધરાવતા અને માત્ર ગુજરાતનો જ વિચાર કરતા લોકો કૉંગ્રેસમાં ચાલાકીથી ઘુસી ગયા છે એમ કેટલાક માને છે. છાપામાં છપાવવામાં આવ્યું તે મુજબ શ્રી ઈશ્વરભાઈ દેસાઈ મારફત શ્રી મોરારજીભાઈને એવું સૂચન કરવામાં આવે છે કે, ૧૦ વર્ષના નિયમના વાદવિવાદના કારણે આ બધી હાર થઈ છે માટે તમે તેમાં પડશો નહિ. આ બધું બતાવે છે કે તમારા પોતાના લોકો તમારૂં ઘર ફોડવા બેઠા છે. એ પ્રયોગ આ રાજમાં ચાલે છે.

"અને શ્રી સાદિકઅલી અહીં આવ્યા ત્યારે એક ભાઈ તરફથી મને કહેવામાં આવ્યું હતું કે તમારા (શ્રી ઠાકોરભાઈના) ઘરની આસપાસ છૂપી પોલીસના માણસો ફરે છે. આનો અર્થ એ થયો કે પોતાને અનુકૂળ જે કૉંગ્રેસીઓ ન હોય તેમને દબાવવા માટે સરકારના તમામ બળનો ઉપયોગ થાય છે. અસલ કૉંગ્રેસીઓને દબાવવાનો કે બેસાડવાનો પ્રયાસ થશે તો એ નહિ ચાલે અને મારે બોલવું પડશે.

"આ બધું આ રાજયમાં ચાલે છે. તે થવા દેવું હોય તો તમારી ખુશી. બધાને દબાવવાનો ધંધો ચાલે છે. તેની વચ્ચે નિર્ભયપણે ચાલવાનું છે. મારી ઊભી કરેલી દુનિયા આમ વેડફાઈ જાય છે. હું સહન કરીશ નહિ. અત્યારે શું કરવાનું છે તે હજી સૂઝ્યું નથી, પરંતુ એક દિવસ સુઝશે.

"કૉંગ્રેસની અંદર તેમ જ બહાર કેટલાક લોકો છે, જેમણે શ્રી મોરારજીભાઈને કહ્યું હતું કે અમારે કૉંગ્રેસ સામે કાંઈ વાંધો નથી, પણ આ ઠાકોરભાઈને તમે દિલ્હી કે બીજે કોઈ ઠેકાણે લઈ જાઓ અને શ્રી મોરારજીભાઈએ પણ મને કહેલું કે તમારા વિષે મારી પાસે ફરિયાદ આવી છે.

"૧૯૫૬ માં અનેક બળોએ સરકાર સામે નહિ પણ કૉંગ્રેસ સામે હલ્લો કર્યો હતો. તે વખતે 'ઘર ફૂટ્યે ઘર જાય' એવી પરિસ્થિતિ હોવા છતાં પોતાના કાર્ય અને સમજદારીના કારણે કૉંગ્રેસને આપણે ટકાવી શકયા હતા. કોઈની સામે વેર ન હોવાને કારણે મ્યુનિસિપલ નાગરિક સમિતિ જે કૉંગ્રેસની વિરોધી હતી તેને પણ કૉંગ્રેસમાં લાવ્યા હતા, અને તેની સાથે સંબંધ સુધાર્યા હતા. અને આજે સુધરાઈમાં જે કૉંગ્રેસી સભ્યો છે તેમાંના ઘણા આ નાગરિક સમિતિના સભ્યો હતા. એટલે આમ ૧૯૫૬ની કટોકટીમાંથી પસાર થયાનો મને હરખ હતો. પણ આજે જો ૧૯૫૬ની પરિસ્થિતિનું પુનરાવર્તન થાય તો તે સામે ટકવાની મારી હિંમત રહેશે કે કેમ તે શંકા છે. કૉંગ્રેસને ૧૯૫૬ માં હું મહાગુજરાતવાદી બનતી અટકાવી શકયો હતો."

આ ભાષણમાં જે છૂપી પોલીસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે વિષે આધારભૂત સ્થળેથી તપાસ કરતાં માલુમ પડે છે કે ગુજરાતના જવાબદાર પ્રધાનો તરફથી છૂપી પોલીસના માણસોને આવા કોઈ પણ સ્થળે આવી રીતે કદિ પણ રોકવામાં આવ્યા જ નથી, અથવા તો તે ખાતાને આવી કશી સૂચના કદિ મોકલવામાં આવી નથી. શ્રી ઠાકોરભાઈ દેસાઈ પણ પોતાના ભાષણમાં આવી વાત તેમને કોઈએ કહ્યાનું જ માત્ર જણાવે છે. તેમણે પોતે છુપી પોલીસના માણસોને પોતાના ઘર આસપાસ નજરે જોયાનું જણાવતા નથી. આ ઉપરથી એમ સહજ અનુમાન થાય છે કે છૂપી પોલીસને લગતી વાત કેવળ શ્રી કાઠાકોરભાઈની કલ્પિત છે અને ગુજરાતની કૉંગ્રેસ સરકારને ઉતારી પાડવાના હેતુથી આ કલ્પિત બાબતને આગળ ધરવામાં આવી છે.

એ તો બહુ જાણીતી વાત છે કે છેલ્લી ચૂંટણી પહેલાં ગુજરાતના જવાબદાર મોવડીમંડળમાં નવા પ્રધાનમંડળની રચના નકકી થઈ ચૂકી હતી અને શ્રી ઠાકોરભાઈ દેસાઈ આ પ્રધાનમંડળમાં નાયબ વડા પ્રધાનના સ્થાને નિમાવાના હતા. એટલા માટે તો તેમણે ગુજરાત પ્રાન્તિક મહાસભા સમિતિના પ્રમુખસ્થાનનું રાજીનામું આપી દીધું હતું. કમનસીબે ચૂંટણીનું પરિણામ ધાર્યા કરતાં તદ્દન જ ભિન્ન પ્રકારનું આવ્યું અને શ્રી ઠાકોરભાઈ બન્ને બાજુએથી સત્તાવંચિત બન્યા. આમ જે કાંઈ બન્યું તે બન્યું. પણ ત્યાર બાદ હવે તો આમ પલટાયલી વસ્તુસ્થિતિને ખેલદિલીથી સ્વીકારી લેવી અને જે નવું પ્રધાન મંડળ ડૉ. જીવરાજ મહેતાની આગેવાની નીચે રચાયું તેને બધી રીતે ટેકો આપવો તે દરેક કૉંગ્રેસી આગેવાનની અનિવાર્ય ફરજ બને છે. શ્રી. મોરારજીભાઈએ જયારે ડૉ. જીવરાજ મહેતાને નવું પ્રધાનમંડળ રચવા જણાવ્યું ત્યારે તેમનું વલણ પણ આજ પ્રકારનું હતું. આમ છતાં ગુજરાતની કૉંગ્રેસ સંસ્થા અને સરકાર વચ્ચે પૂરા મેળનો અભાવ હોય એમ લાગ્યા જ કરે છે અને શ્રી ઠાકોરભાઈ ઊભી થયેલી નવી પરિસ્થિતિને ખેલદિલીથી સ્વીકારવાને કે અપનાવવાને તૈયાર તો નથી જ, એટલું જ નહિ, પણ તેમનું વલણ એક પ્રકારના પડકારનું

હોય એમ તેમના ઉપર આપેલ ભાષણ ઉપરથી કોઈને પણ સ્પષ્ટ થાય તેમ છે.

આજે વિલીન થયેલા રજવાડાઓમાં કોઇ પણ રાજવીનો ભાયાત જ્યારે કોઇ કારણે અત્યન્ત નારાજ થતો ત્યારે તે રાજ્ય સામે બહારવટે નીકળતો અને તે રાજ્યને ખતમ કરવાની મુરાદ સેવતો. આજે બે દેસાઈ બંધુઓ શ્રી ઠાકોરભાઈ દેસાઈ અને શ્રી મગનભાઈ દેસાઈ જે રીતે બોલી તેમ જ લખી રહ્યા છે તે જોતાં જાણે કે તેઓ ગુજરાતની કૉંગ્રેસ સરકાર સામે એક પ્રકારના બહારવટે નીકળ્યા હોય એમ લાગે છે. શ્રી મગનભાઈ સંચાલિત 'સત્યાગ્રહ'માં વર્તમાન કૉંગ્રેસ સરકારને ઉતારી પાડવાની જે નીતિ અખત્યાર કરવામાં આવી છે અને ગુજરાત સરકાર અંગે જે તુચ્છકારથી 'જીવ-રાજ સરકાર' 'જીવરાજ સરકાર' એવો અવારનવાર ઉલ્લેખ કરવામાં આવે છે તેની પાછળ તે સરકાર સામે એક પ્રકારની જેહાદનો ભાવ પ્રગટ થાય છે. આજની આવી વસ્તુસ્થિતિ માત્ર ગુજરાતની કૉંગ્રેસ સરકાર માટે નહિ, માત્ર ત્યાંની કૉંગ્રેસ સંસ્થા માટે નહિ, પણ આખા ગુજરાત માટે અન્યન્ત ખતરનાક નીવડવા સંભવ છે.

આ ઉપરથી કોઈ એમ ન સમજે કે આ નોંધનો આશય ગુજ-રાત સરકારનો વહીવટ કશી પણ ભૂલભાલ વિનાનો છે, સર્વ પ્રકારે સુયોગ્ય અને સુવ્યવસ્થિત છે એમ સૂચવવાનો અને એ રીતે ત્યાંની સરકારને બીરદાવવાનો છે. તે સરકાર કેવી છે તે અહિં પ્રસ્તુત નથી, અને તેમાં જે કાંઈ ખામી હોય તેનું સંસ્થાની કારો-બારી દ્વારા અને છેવટે કૉંગ્રેસ કારોબારી દ્વારા નિવારણ થઇ શકે છે, પણ સરકાર સામે જાહેરમાં ઝૂંબેશ ચલાવવાથી એ સરકારને તેમ જ જેના પીઠબળ ઉપર એ સરકાર રચવામાં આવી છે એ કૉંગ્રેસ સંસ્થાને પારાવાર નુકસાન થઇ રહ્યું છે. શ્રી ઠાકોરભાઈ 'ઘર ફુટયે ઘર જાય.' એ કહેવતને ફરી ફરીને યાદ કરીને આજની કૉંગ્રેસ સરકાર સામે કટાક્ષ કરે છે, પણ વસ્તુત: તેમના પોતાના હાથે જ આ કામ થઈ રહ્યું છે. તેની તેમને કોણ સુઝ આપે?

આવી વધારે ને વધારે વિષમ બનતી જતી પરિસ્થિતિમાં સૌની નજર શ્રી મોરારજીભાઈ તરફ જાય છે, કારણકે તેઓ આજના ગુજરાતના સર્વોત્કૃષ્ટ નેતા છે. શ્રી ઠાકોરભાઈએ ઉપરનું ભાષણ આપ્યું તેને લગભગ મહીનો થવા આવ્યો છે એમ છતાં આ બાબતમાં શ્રી મોરારજીભાઈ તરફથી કશું હલનચલન થયું જાણવામાં આવ્યું નથી. આનો અર્થ શું સમજવો? શું ઠાકોરભાઈએ અખત્યાર કરેલી નીતિને તેઓ સંમત કરે છે? જો આમ ને આમ ચાલ્યા કરે તો જનતાને અન્યથા વિચારવાને વિકલ્પ રહે નહિ. એટલા માટે શ્રી મોરારજી-ભાઈને નમ્ર અનુરોધ કે ગુજરાતની કથળતી જતી સ્થિતિ સરખી કરવા તેઓ સક્રિય બને અને જ્યાં જેના ઉપર નિયંત્રણ મૂકવાના જરૂર લાગે ત્યાં તેના ઉપર નિયંત્રણ મૂકે અને એ રીતે અરાજ-કતા તરફ ઘસડાઈ રહેલાં ગુજરાતને ઉગારી લે.

તા. ક: અહીં જણાવવું અત્યંત પ્રસ્તુત છે કે ઉપર જણાવેલ અમદાવાદના કાળુપુર વિભાગમાં મળેલી જે જાહેર સભામાં શ્રી ઠાકોરભાઇ દેસાઈએ ભાષણ આપ્યું હતું તે સભા દરમિયાન, શ્રી ઠાકોરભાઈ જે કંઈ બોલી રહ્યા હતા તે સામે વિરોધ દર્શાવવાના હેતુથી અમદાવાદ શહેર સમિતિના પ્રમુખ શ્રી વિમલભાઈ શાહ સભા છોડીને ચાલી ગયા હતા.

### બે દુ:ખદ અવસાન

હજુ ગયા 'પ્રબુદ્ધ જીવન' ના અંકમાં વડોદરાના એક પ્રમુખ-નાગરિક શ્રી નાગકુમાર મકાતીના દુ:ખદ અવસાનની લેવામાં આવેલી નોંધની શાહી સુકાઈ નથી, એટલામાં પ્રસ્તુત પખવાડિયા દર-મિયાન નીપજેલાં એ જ કોટિની બીજી બે વ્યકિતઓના અવસાનની નોંધ લેવાનું દુર્ભાગ્ય એક પત્રના તંત્રી તરીકે મને પ્રાપ્ત થાય છે; એક શ્રી પ્રસન્નમુખ સુરચંદ બદામી જેમનું તા. ૫-૮-૬૨ રવિવારના રોજ ૫૮ વર્ષની ઉમ્મરે એકાએક અવસાન નીપજ્યું; બીજા શ્રી ચંદુલાલ સારાભાઈ મોદી જેઓ લગભગ બે મહિનાની માંદગી ભોગવીને ૬૬ વર્ષની ઉમ્મરે આપણી વચ્ચેથી વિદાય થયા. જે સમાજમાં સુશીલ, સુચરિત અને સેવાલક્ષી વ્યકિતઓની હંમેશા અછત રહી છે તેવા આપણા સમાજને આ બન્ને વ્યકિતઓના પરલોકગમનથી નોંધપાત્ર ખોટ પડી છે. આ બન્ને વ્યકિતઓના અવસાનની જ્યારે એક સાથે નોંધ લેવાનો યોગ ઊભો થયો છે ત્યારે આ બન્નેના વ્યકિતત્વની જે અલગ અલગ ભાત હતી તેનો પણ સાથે સાથે ઉલ્લેખ કરવાનું સહજપણે પ્રાપ્ત થાય છે.

ભાઈ પ્રસન્નમુખને ઊંડી ધર્મ શ્રાદ્ધાનો અથવા તો ચોકક્સ પ્રકારના ધાર્મિક વલણનો તેમના પિતાશ્રી તરફથી વારસો મળેલો હતો, તેમના પિતા સ્વ. સુરચંદભાઈ ધર્મશાસ્ત્રના સારા જાણકાર હતા, અને તેમનું જીવન ઊંડી ધર્મપરાયણતા વડે સુઅંકિત હતું. વળી તેઓ ધારાશાસ્ત્રી હતા. અને સરકારી ન્યાયખાતામાં બહુ ઊંચો હોદ્દો ભોગવીને નિવૃત થયા હતા. તેમના પુત્ર ભાઈ પ્રસન્નમુખ બદામીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને કૉલેજનો અભ્યાસ કર્યો હતો અને બી. એ તથા એલ એલ. બી.ની ઉપાધિઓ પ્રાપ્ત કરીને તેઓ ઈંગ્લાંડ ગયા હતા અને ત્યાં બેરિસ્ટરની પદવી પ્રાપ્ત કરીને ૧૯૩૧ માં મુંબઈ ખાતે પાછા ફર્યા હતા અને મુંબઈની હાઈ કોર્ટમાં તેમણે વકીલાત શરૂ કરી હતી. ૧૯૪૭ માં તેઓ સમૉલ કૉઝીઝ કોર્ટના જજ નિમાયા હતા અને ૧૯૬૦ ના ઑગસ્ટમાં ચીફ જજ—મુખ્ય ન્યાયાધીશ તરીકે—નિમાયા હતા.

પોતાના આ વ્યવસાય સાથે ધર્મશાસ્ત્રનું તેમનું અધ્યયન ચાલુ હતું અને સંસ્કૃત ભાષા તેમ જ સાહિત્યમાં તેઓ ખૂબ રસ ધરાવતા હતા. સાથે સાથે જૈન સમાજની—વિશેષત: જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સમાજની--અનેક સંસ્થાઓની કાર્યવાહીમાં તેઓ રસપૂર્વક ભાગ લઈ રહ્યા હતા. અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિના વર્ષો જૂના સભ્ય હતા. તેમનો સ્વભાવ અત્યન્ત મિલન-સાર હતો અને તેમની પ્રકૃતિને તેમના નામ પ્રમાણે સ્વાભાવિક પ્રસન્નતા વરેલી હતી. તેમનું જીવન વિશુદ્ધ, સાદું અને ધર્મપરાયણ હતું. હિંદુ સંસ્કૃતિના પેટાળમાં રહેલી જૈન સંસ્કૃતિનો જો આપણે તેને અલગ તારવીને વિચાર કરીએ તો જરૂર કહી શકીએ કે ભાઈ પ્રસન્નમુખનું સમગ્ર જીવન એ જૈન સંસ્કૃતિના વિશિષ્ટ રંગ વડે સારા પ્રમાણમાં રંગાયેલું હતું. તેમની કારકીર્દી ઉત્તરોત્તર વિકસી રહી હતી એવામાં તા. ૫ મીની સવારે બીરલા માતુશ્રી સભાગૃહમાં તેઓ પોતાનાં પત્ની સાથે અમુક નૃત્યનાટિકા જોવા ગયેલા અને એ નાટિકા શરૂ થાય તે પહેલાં તેમનું હૃદય એકાએક બંધ પડી જતાં જે ખુરશી ઉપર તેઓ બેઠા હતા ત્યાં જ ઢળી પડયા અને આ રીતે એક આશાસ્પદ કીર્તિનો અણધાર્યો અન્ત આવ્યો. કશી પણ વ્યથા વિનાનું મૃત્યુ મરનાર માટે એક રીતે આવકાર-દાયક લાગે છે, પણ તેમના સ્વજનો માટે આવા મૃત્યનો આઘાત અસહ્ય બની જાય છે. આંખના પલકારામાં પતિને—જીવનસાથીને--ગુમાવી બેઠેલાં તેમનાં પત્ની તારાબહેનની અને તેમનાં બાળકોની મનોવ્યથા કોઇ રીતે કલ્પનામાં ઉતરી શકે તેમ નથી. ચોતરફ સુવાસ ફેલાવતું એક ફુલ એકાએક ખરી પડે, નિર્મળ જળને વહેવડાવી રહેલ એક વહેતું ઝરણું એકાએક લુપ્ત થઈ જાય, આજુબાજુ મંદમધુર પ્રકાશ ફેલાવતો દીવો પવનનો કોઈ ઝપાટો આવે અને જોતજોતામાં ઓલવાઈ જાય—આમ બને છે ત્યારે મૃત્યુની વાસ્તવિક ઘટના કરતાં તેનું એકાએક નિપજવાપણું વધારે વ્યથાજનક—વધારે આઘાતક લાગે છે.

ભાઈ ચંદુલાલ સારાભાઈ મોદીના પિતા એક કુશળ વ્યાપારી હતા અને જૈન સમાજની જાણીતી શિક્ષણસંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહીમાં ખૂબ રસ લેતા હતા. તેમના પુત્ર ભાઈ ચંદુલાલે પણ શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં રહીને કૉલેજનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું અને પછી પિતાના વ્યાપારવ્યવસાયમાં જોડાયા હતા. તેમના પિતા માફક તેઓ પણ પ્રારંભથી સામાજિક પ્રવૃત્તિઓમાં તેમ જ કૉંગ્રેસની પ્રવૃત્તિમાં રસ ધરાવતા થયા હતા અને

૧૯૩૦—૩૨ ની સત્યાગ્રહની લડત દરમિયાન તેમણે બે વાર જેલવાસ સ્વીકાર્યો હતો. ૧૯૩૪ ની સાલમાં તેઓ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહી ઉપર સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયાના સહમંત્રી તરીકે ચૂંટાયા હતાં. સમયાન્તરે આ સંસ્થાના તેઓ પેટ્રન બન્યા હતા. બીજી પણ અનેક સંસ્થાઓમાં એક યા બીજા અધિકાર ઉપર રહીને કામ કરતા હતા. મુંબઈ જૈન યુવક સંઘના તેઓ વર્ષોથી સભ્ય હતા.

બીજી બાજુએ તેમના વ્યાપાર વ્યવસાયમાં તેમને ઠીક ઠીક ચડતી પડતી આવવા લાગી, સમય જતાં તેમની આર્થિક સ્થિતિ ઘસાતી ચાલી, શરીર પણ લથડવા માંડયું. આમ છતાં સમાજસેવાના તેમના રસ અને ઉત્સાહમાં કદિ પણ ઓટ આવી નહોતી અને શ્રી મહાવીર જૈન વિદ્યાલયની તો તેમણે જીંદગીના છેડા સુધી એટલે કે ૨૮ વર્ષ સુધી તેના મંત્રીપદ ઉપર કાયમ રહીને સેવા કરી હતી. આ સંસ્થા બીજી અનેક જૈન સંસ્થાઓમાં આન્તરિક વ્યવસ્થાની દૃષ્ટિએ લગભગ અજોડ છે એમ કહીએ તો તેમાં અત્યુકિત થતી નથી. આ અજોડપણું ભાઈ ચંદુલાલની ચીવટ, અથાક પરિશ્રમ અને ઝીણવટભરી નજરને આભારી હતું. પાછળનાં વર્ષોમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલય એ જ એમનું સેવાક્ષેત્ર રહ્યું હતું અને આ સેવાક્ષેત્રને સંભાળવામાં તેમણે અપૂર્વ નિષ્ટા દાખવી હતી. આ સેવાની કોઈ કદર કરે એવી કોઈ અપેક્ષા તેમણે કદિ સ્વપ્નામાં પણ સેવી નહોતી. તેમનો અવાજ બલ્કે ઘાંટો મોટો હતો. બહારની રીતભાતમાં બોલવા ચાલવામાં તેઓ કાંઈક rough —બરસટ-લાગતા, પણ તેમનું દિલ સાફ, નિર્મળ અને પ્રેમાળ હતું. સ્વાર્થ-નિરપેક્ષ તેમની સેવા હોઈને ખોટું લાગે ત્યાં ખોટું કહેતાં તે કદિ અચકાતા નહોતા. મહાવીર જૈન વિદ્યાલયની વર્ષોભરની સેવા એ તેમના જીવનની એક મોટી તપશ્ચર્યા હતી. આવી સંસ્થાનિષ્ટ વ્યકિત આજે કે કોઈ પણ કાળે વિરલ જોવા મળે છે.

ભાઈ પ્રસન્નમુખ આંખના પલકારામાં આપણી વચ્ચેથી ચાલી નીકળ્યા. એક રીતે એમ કહી શકાય કે તેમની પ્રસન્નમુખતા તેમના જીવનની છેલ્લી ક્ષણ સુધી જળવાઈ રહી, જ્યારે ભાઈ ચંદુભાઈએ બે મહીનાની લાંબી અને અનેક યાતનાઓથી ભરેલી માંદગી ભોગવી; પક્ષાઘાતે પહેલાં તેમના શરીરની એક બાજુ ઉપર આક્રમણ કર્યું; સમય જતાં બીજી બાજુ ઉપર આક્રમણ કર્યું અને છેલ્લા દિવસો લગભગ અવાચક દશામાં પૂરા કર્યા. મૃત્યુ આવે છે, પણ તેના આવવાના પ્રકાર પ્રકારમાં કેટલો ફરક હોય છે? એક વ્યકિત વિદાય માગવાની કશી વિધિ સિવાય આપણને થાપ આપીને વિદાય થાય છે; અન્ય વ્યકિત જાણે કે વિદાય યાચતી યાચતી વિદાય થાય છે. આખરે અનન્તના પેટાળમાં એ બન્ને વ્યકિત સમાઈ જાય છે અને આપણે—આપણો સમાજ—તેમના જવાથી હતો તેથી વધારે દરિદ્ર બને છે.

ભાઈ ચંદુભાઈનો વિચાર કરતાં જે સમાજની અને જે સંસ્થાની તેમણે આટલો લાંબો સમય સેવા કરી છે તેના આગેવાનોના અને પ્રમુખ કાર્યવાહકોના ધ્યાન ઉપર એક બાબત લાવવાની જરૂર લાગે છે. થોડા સમય પહેલાં ગુજરાતના એક પ્રતિષ્ઠિત કવિ શ્રી. પ્રહ્લાદ પારેખનું અકાળ અવસાન થયું. આ અકાળ અવસાને તેમનાં કુટુંબની સ્થિતિ આર્થિક દૃષ્ટિએ કફોડી કરી નાખી. સદ્ભાગ્યે તેમના કેટલાક મિત્રોના મનમાં વસ્યું કે તેમના કુટુંબને આર્થિક દૃષ્ટિએ સુરક્ષિત બનાવવા માટે કાંઈક કરવું જોઈએ! આ વિચારે સંકલ્પનું રૂપ ધારણ કર્યું અને એ સંકલ્પે ચોકકસ પ્રકારના આયોજનનું સ્વરૂપ લીધું, જેના પરિણામે એ મિત્રો સદ્ગત કવિના કુટુંબ સામે આશરે રૂા. ૪૨૦૦૦ ની રકમ રજુ કરી શકયા. ભાઈ ચંદુભાઈની આર્થિક પરિસ્થિતિ પણ લગભગ આ જ પ્રકારની છે. તો પાછળ રહેલા કુટુંબને આર્થિક દૃષ્ટિએ બને તેટલું નચિંત કરવા માટે—તેમની દીર્ઘકાલીન સેવાની કદર રૂપે—જૈન સમાજના આગેવાનોએ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલગના કાર્યવાહકોએ કાંઈક વિચારવું જોઈએ—તેમને મારો આ આટલો નમ્ર અનુરોધ છે.

**પરમાનંદ**

## યૂરોપની કોમન માર્કેટ–યૂરોપની મજીયારી બજાર

**પૂરક નોંધ :** કેન્દ્રીય નાણામંત્રી શ્રી મોરારજીભાઈના તાજેતરના વિદેશપ્રવાસ માટેનાં કારણો બે હતાં: એક પરદેશો પાસેથી સહાય મેળવવાનું અને બીજું યુરોપની મજીયારી બજારમાં બ્રિટન જોડાય ત્યારે, ભારતના બ્રિટન સાથેના વેપારને કશી હાનિ ન પહોંચવી જોઈએ એવું બજારના સભ્યોના મન પર ઠસાવવાનું. શ્રી મોરારજીભાઈને સહાય તો મળી, પરંતુ એમના અન્ય હેતુના સંદર્ભમાં હવે જણાય છે એવું કે, ભારતના બ્રિટન સાથેના વેપારના અનુસંધાનમાં બજારના સભ્ય દેશોએ ઉદાર વલણ અખત્યાર કરવાનો નિર્દેશ કર્યો હોવા છતાં, આ અંગેના કરારનો જે મુસદ્દો હમણાં ચર્ચાઈ ગયો તે ભારતને સંતોષ થાય એવો નહોતો. ભારતને જાણે આશા બંધાય એવું વલણ બતાવીને બજારમાં જોડાયેલાં છ રાષ્ટ્રો છેલ્લી ઘડીએ પાછાં ફરી ગયાં હતાં. આ પરિસ્થિતિમાં આપણને લાગતા-વળગતાં રાષ્ટ્રો ઉપર પત્ર પણ લખવો પડયો છે અને ભારતની વલણની સ્પષ્ટતા કરતી જે યાદી ગયા મે માસમાં બધાં લાગતાવળગતા રાષ્ટ્રોને સુપ્રત કરવામાં આવી હતી તે યાદીની મર્યાદામાં ભારત ઝાઝી છૂટછાટ મૂકી શકે તેમ નથી એવું સ્પષ્ટ રીતે જણાવી દેવામાં આવ્યું છે.

ભારતની નિકાસમાંથી ચા અંગે તો ભારતને છૂટછાટ મળે એમ લાગે છે, પરન્તુ કાપડ અને એના જેવી બીજી ઘણી ચીજવસ્તુઓની નિકાસ અંગે ભારતને જે વિશેષાધિકારો પ્રાપ્ત થતા હતા તેની સામે મજીયારી બજારના દેશોનો વિરોધ છે. તદુપરાંત, બ્રિટિશ રાષ્ટ્રસમૂહના જે દેશો બજારના અર્ધ સભ્યો (Associate members) બને તેમને વિશેષાધિકારો આપવાની પણ વાત છે. ભારત (અને પાકિસ્તાન તથા સિલોન પણ) આ પરિસ્થિતિ સ્વીકારી શકે એમ નથી.

અલબત્ત, અત્યારે તો, મજીયારી બજારમાંના બ્રિટનના પ્રવેશ અંગેની આખી વાત જ અટકી ગઈ છે. ખેતીવાડીની પેદાશોના ભાવના પ્રશ્ન પરત્વે એક બાજુ બ્રિટન અને બીજી બાજુ છ રાષ્ટ્રો વચ્ચે મતભેદ ઊભો થયો છે અને બ્રસેલ્સમાં ચાલતી મંત્રણા ખોટકાઈ ગઈ છે. આ મંત્રણા નિષ્ફળ પણ ગઈ નથી તેમ જ એ ભાંગી પણ પડી નથી, પરંતુ સપ્ટેમ્બરની ૧૦મીએ બ્રિટિશ રાષ્ટ્રજૂથના સભ્ય રાષ્ટ્રોના વડા પ્રધાનોની પરિષદ સમક્ષ, બ્રિટનના મજીયારી બજારના પ્રવેશ અંગેનો આખરી મુસદ્દો લઈને હાજર થવાની બ્રિટનના વડા પ્રધાન શ્રી. હેરોલ્ડ મેકમિલનની જે ઈચ્છા હતી તે તો હવે પાર પડે એમ છે જ નહિ. વડા પ્રધાનોની ઉકત પરિષદમાં જે એક સૌથી વધારે અગત્યનો મુદ્દો ચર્ચાવાનો હતો તેનો આ રીતે છેદ ઊડી જાય છે.

અને આ ઢીલની બીજી દૂરગામી અસર નહિ પડે એમ પણ કોણ કહી શકે એમ છે? આ ઢીલને કારણે, બ્રિટનના મજીયારી બજારના પ્રવેશનો વિરોધ કરનારાઓને પોતાની ઝૂંબેશ આગળ ચલાવવાનો સમય મળશે અને એ રીતે શ્રી મેકમિલનની સ્થિતિ થોડી નબળી પડશે. આજથી જ, બ્રિટને મજીયારી બજારમાં પ્રવેશ કરવાને બદલે બ્રિટિશ રાષ્ટ્રજૂથનો મુકત વેપાર વિસ્તાર રચીને, એને "એફટા" (યૂરોપીઅન ફ્રી ટ્રેડ એરીઆ) સાથે સંકલિત કરવાની વાત ચાલવા માંડી છે. આ અંગે બ્રિટન કેવી વલણ અખત્યાર કરે છે એ જોવાનું રહે છે.

મજીયારી બજાર અંગે 'પ્રબુદ્ધ જીવન'માં આગળ પ્રગટ થયેલા લેખમાં, બજારની આર્થિક બાજુ જ મુખ્યત્વે કરીને ચર્ચવામાં આવી હતી અને રાજકીય બાજુનો આછડતો ઉલ્લેખ જ કરવામાં આવ્યો હતો. છતાં બ્રિટનના મજીયારી બજારના પ્રવેશની રાજકીય બાજુ ઓછી અગત્યની નથી એ ધ્યાનમાં રાખવાની જરૂર છે. જો બ્રિટન મજીયારી બજારમાં જોડાય નહિ તો, બ્રિટન ભવિષ્યમાં અમેરિકા સાથેના સંબંધોની દ્રષ્ટિએ પણ પાછું પડવાનો સંભવ છે. યૂરોપીય દેશો આર્થિક એકતા સાધીને આગળ વધે તો વૉશિંગ્ટન દ્વારા લંડનને અત્યારે જે મહત્ત્વ અપાય છે તે બંધ થાય અને બ્રસેલ્સને મહત્ત્વ અપાતું થાય. પરિણામે યૂરોપની રાજકીય નૌકા પણ કદાચ કોઈ ભયજનક દિશા ધારણ કરી લે. બ્રિટન જો મજીયારી બજારમાં હોય તો આવી પરિસ્થિતિમાં એ પોતાની લાગવગ વધારે સારી રીતે વાપરી શકે એમ કેટલાક નિરીક્ષકો કહે છે.

એટલે, બ્રિટનના મજીયારી બજારના પ્રવેશનો પ્રશ્ન કેટલો અટપટો અને આખી દુનિયાને સ્પર્શનારો છે તેની ઝાંખી આના ઉપરથી થાય છે. તાત્કાલિક તો એ પ્રશ્ન ચર્ચાના એરણ પરથી ઉતરીને વિવેચકોના વિવાદનો પ્રશ્ન બન્યો છે.

**મનુભાઈ મહેતા**

## પુસ્તક પરિચય

કિલકિલાટ : લેખકો : શ્રી જમુભાઈ દાણી તથા શ્રી સોમાભાઈ પટેલ; પ્રકાશક: મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કંપની, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨. કિંમત રૂ. ૧.

બાળકો પહેલી નજરે જ હાથમાં લઈને માણવા માંડે એવું આ પુસ્તક બાલસાહિત્યમાં સુંદર ઉમેરો કરે છે. એના બેઉ લેખકો બાલકેળવણીના પ્રખર અનુભવી છે. એમની કલમને સાથ મળ્યો છે એવા જ એક કેળવણીકાર શ્રી મધુભાઈ પટેલની પીંછીનો. પરિણામે બાલ જગતની અનેક પ્રિય વસ્તુઓ, જેવી કે ઢીંગલી, ભમરડો, વાંદરો, ટામેટું, 'છૂક ગાડી વિગેરે કલા ને કાવ્યના સુંદર સંયોજિત સ્વરુપે અહીં સ્થાન પામી છે. રમકડાં, પ્રાણીઓ, ફળો, શાકભાજી, ઘરની ચીજો, વાહનો વગેરેનો આ સૃષ્ટિમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આવા વિસ્તૃત ફલકમાં ઉડ્યનપ્રિય બાળસ્વભાવના વ્હાલાં પંખીઓ કેમ સદંતર ભૂલી જવાયાં છે? તે એક પ્રશ્ન છે. તેમનો તથા બાળકના વ્હાલાં સ્વજનો જેવાં કે મા, નાની બ્હેન, દાદા વિગેરેને અહીં સ્થાન મળ્યું હોત તો આ પુસ્તક સર્વસ્પર્શી થાત.

આ પુસ્તકની વિશેષતા એના પાને પાને આવતાં રંગરંગી તેમ જ બાલગ્રાહ્ય ચિત્રો છે. એના ચિત્રો તેમ જ જોડકણાંનું આયોજન ખૂબ આકર્ષક, સરળ અને રમતિયાળ છે. પાને પાને ચાર પાંચ લીટી વાંચતાં બાળક આ પુસ્તક એક બેઠકે વાંચીને બાલ-સહજ પરિતૃપ્તિ પણ માણી શકે છે. આ જોડકણાંથી બાળકનો વિવિધસ્પર્શી જ્ઞાન-વિકાસ થાય છે. જોડકણામાં પ્રાસરચના ક્યાંક મોળી પડી છે, પણ એની સહજ-સરળ શૈલી નાનાં ભૂલકાંઓને પણ ઘડીકમાં એ ગાતાં કરી દે છે. આવાં પુસ્તકોથી એમનો કિલકિલાટ વધે એ જ એની સાર્થકતા!

કલરવ : લેખિકા : શ્રી નિર્મળાબ્હેન દાણી, પ્રકાશક: વિજ્યા પ્રકાશન, ૫૩, બાણગંગા રોડ, વાલકેશ્વર, મુંબઈ ૬. કિંમત રૂ. ૧.

બાલહૃદયમાં પ્રવેશવાનો સૌથી પહેલો હકક માતાને મળે છે, છતાં આપણે ત્યાં બહુ ઓછી માતાઓ બાલહૃદયને ગાય છે કે એનાં ગીતો સર્જે છે. શ્રી નિર્મળાબ્હેન દાણી એ અભાવને દૂર કરવા એમના પ્રથમ સંગ્રહ 'કલરવ' સાથે આવે છે તે આવકાર્ય છે. એમની પાસે બાલસહજ કલ્પનાઓ છે. અને તેને મૂર્તસ્વરૂપ આપતી ગીત-રચનાની સમજ પણ છે. આથી એમનાં ગીતો સુગેય બને છે. પ્રાસરચના સરળતાથી સચવાઈ હોવાથી એનો પ્રાસાદ પણ વધે છે. અન્ય બાલગીતો માફક અહીં પણ બાળકોને પ્રિય એવાં પશુ, પંખી, (ચાંદ, તારા) અને ગતિશીલ ચીજો તથા વાહનો આલેખાયાં છે. 'ચાંદલિયો,' 'પતંગ' એનાં સારાં ઉદાહરણો છે. પરંતુ કવયિત્રી પાસે હજી નવા વિષયોના મૌલિક સ્પર્શની આશા અધૂરી રહે છે. તેઓ બાલ વિષયો લે છે, પરંતુ તેને આલેખતી ભાષા ક્યારેક ભારે થઈ જાય છે. જેમકે 'આકાશી યજ્ઞ'ને હસતું રમતું બાળક કેટલું સમજે, કેટલું માણે-એ પ્રશ્ન છે. તેજ રીતે બાળકને અહીં અપાતો ઉપદેશ પણ ક્યારેક એની ગેયતા અને કાવ્યમયતાને દાબી દે છે. 'આનંદઘર'માં નીતિમત્તાની કૃત્રિમતા અનુભવાય છે. બાળક તો કડવી ગોળી પણ ગળ્યા આવરણ (sugar coating) સાથે હોય તો જ ગળી શકે ને? જો કે કવયિત્રીના ભાવી સંગ્રહોમાં આ આશા અસ્થાને નહીં જ બને એટલી અપેક્ષા 'કલરવ' જરૂર ઊભી કરે છે.

**ગીતા પરીખ**

## ભારત જૈન મહામંડળ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની પેઠે આ વર્ષે પણ ભારત જૈન મહામંડળની મુંબઈ શાખા દ્વારા પર્યુષણ વ્યાખ્યાનમાળા સોમવાર તા. ૨૭ ઓગસ્ટથી સોમવાર તા. ૩ જી સપ્ટેમ્બર સુધી આઠ દિવસ માટે સી. પી. ટેંક ઉપર આવેલા હીરાબાગના વ્યાખ્યાન ખંડમાં યોજવામાં આવેલ છે. દરરોજ એક વકતાનું વ્યાખ્યાન રાખવામાં આવેલ છે. વ્યાખ્યાનનો સમય સવારના ૯ થી ૧૦-૩૦ નો છે. નકકી થયેલા વ્યાખ્યાતાઓમાં કેટલાક જાણીતા વિદ્વાનોનો સમાવેશ થાય છે.

## સંઘના શુભેચ્છકોને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકોને

પર્યુષણ વ્યાખ્યાનમાળા આવી રહી છે. એ પ્રસંગે સંઘના શુભેચ્છકોને તેમ જ પ્રબુદ્ધ જીવનના પ્રશંસકોને નીચે જણાવેલ અમારી વિનંતિ ધ્યાનમાં લેવા પ્રાર્થના છે.

આજે ૩૪ વર્ષથી જૈન તેમ જ જૈનેતર સમાજની શ્રી મુંબઈ જૈન યુવક સંઘ અનેક રીતે સેવા બજાવી રહેલ છે. છેલ્લાં ૩૦ વર્ષથી સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાતી રહી છે અને તેના સ્વરૂપમાં જેમ વિકાસ થતો રહ્યો છે તેવી રીતે તેની લોકપ્રિયતામાં પણ સતત વૃદ્ધિ થતી રહી છે. છેલ્લાં ૨૪ વર્ષથી સંઘ તરફથી 'પ્રબુદ્ધ જીવન' નામનું મુખપત્ર પ્રગટ થઈ રહ્યું છે. ગુજરાતી ભાષાના સામયિકોમાં પ્રબુદ્ધ જીવને અનોખી ભાત પાડી છે. સંઘ તરફથી શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય પણ આશરે ૨૪ વર્ષથી ચલાવવામાં આવે છે. આ વાચનાલય તથા પુસ્તકાલયનો આસપાસ વસતા લોકો સારા પ્રમાણમાં લાભ લે છે. સંઘ તરફથી વૈદ્યકીય રાહત નાત-જાત કે ધર્મના કશા પણ ભેદભાવ સિવાય જરૂર ધરાવતા ભાઈ-બહેનોને આપવામાં આવે છે તેમ જ વૈદ્યકીય ઉપચારનાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. સંઘ તરફથી અવારનવાર વિશિષ્ટ કોટિની વ્યકિતઓના વ્યાખ્યાનો યોજવામાં આવે છે તેમ જ પર્યટણો પણ ગોઠવવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિઓને પહોંચી વળવા માટે દર વર્ષે સંઘને આશરે રૂા. ૧૦,૦૦૦ની અપેક્ષા રહે છે. સંઘના શુભેચ્છકો અને 'પ્રબુદ્ધ જીવન'ના પ્રશંસકો દર વર્ષે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે પોતાનો ઉદાર હાથ લંબાવતા રહ્યા છે. આ વખતે પણ સંઘના ફાળામાં પોતાથી બને તેટલી રકમ ભરીને અમારા રૂા. ૧૦,૦૦૦ના લક્ષ્યાંકને પૂરો કરી આપવા વિનંતિ છે. સહાયક ભાઈબહેનો સંઘના સામાન્ય ફાળામાં અથવા તો સંઘની કોઈ પણ એક પ્રવૃત્તિને તારવીને તે ખાતે પોતાને યોગ્ય લાગે તેવી રીતે-રકમ ભરી શકે છે.

સંઘના જે સભ્યોએ હજુ સુધી પોતાનું વાર્ષિક લવાજમ રૂપિયા ૫ ભર્યું ન હોય તેમને પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન ભરી દેવા વિનંતિ છે. પ્રબુદ્ધ જીવનની ઉપયોગીતા જેમના દિલમાં વસતી હોય તેમને પ્રબુદ્ધ જીવનના નવા ગ્રાહકો મેળવી આપવા વિનંતી છે.

૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૩

**પરમાનંદ કુંવરજી કાપડિયા**
**ચીમનલાલ જેઠાલાલ શાહ**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## માટુંગા ખાતે યોજાયલી વ્યાખ્યાનમાળા

માટુંગા-શિવ વ્યાખ્યાનમાળા સમિતિના ઉપક્રમે આગામી પર્યુષણ પર્વને અનુલક્ષીને અમુલખ અમીચંદ હાઈસ્કૂલના સમતાબાઈ હૉલમાં તા. ૨૬-૮-૬૨ રવિવારથી તા. ૩-૯-૬૨ સોમવાર સુધી એમ નવ દિવસની વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે, જેનો કાર્યક્રમ હવે પછી દૈનિક પત્રોમાં પ્રગટ કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શ્રી કેદારનાથજી લેશે.

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સંથારો, આત્મહત્યા અને કાયદો | કેશવલાલ મ. શાહ | ૭૧ |
| જથ્થાબંધ યાંત્રિક ઉત્પાદન વિરુદ્ધ બેકારીનિવારણ | ચીનુભાઈ ગો. શાહ | ૭૩ |
| આપણી અધોગતિ | દેસાઈ વાલજી ગોવિંદજી | ૭૫ |
| પ્રકીર્ણ નોંધ : ગુજરાત સરકાર સામે એક પ્રકારનું બહારવટું | પરમાનંદ | ૭૬ |
| યુરોપની કોમન માર્કેટ, યુરોપની મઝીયારી બજાર-પૂરક નોંધ. | મનુભાઈ મહેતા | ૭૮ |
| પુસ્તક પરિચય | ગીતા પરીખ | ૭૯ |
| પર્યુષણ વ્યાખ્યાનમાળા | ... | ૮૦ |

# પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી તા. ૨૬ ઑગસ્ટ રવિવારથી તા. ૩ સપ્ટેંબર સોમવાર સુધી એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ વ્યાખ્યાનસભા હંમેશા સવારના ૮-૩૦ વાગે શરૂ કરવામાં આવશે. પહેલા છ દિવસની વ્યાખ્યાનસભા ફ્રેન્ચ બ્રીજ પાસે આવેલા બ્લેવાટસ્કી લોજમાં, સાતમા દિવસની વ્યાખ્યાનસભા ન્યુ ક્વીન્સ રોડ ઉપર આવેલા રોકસી થીયેટરમાં અને છેલ્લા બે દિવસની વ્યાખ્યાનસભા ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવશે. પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છેઃ—

| સ્થળ | તારીખ | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|---|
| બ્લેવાટસ્કી લોજ | ૨૬ રવિવાર | બ્રધર લુસિયન | અહિંસા |
| ” | ” | માનનીય શાન્તિલાલ હ. શાહ | શિક્ષણનું માધ્યમ |
| ” | ” | બહેન ઉષા પુરોહિત | સંગીત |
| ” | ૨૭ સોમવાર | શ્રી. પંડુરંગ શાસ્ત્રી | નાચિકેત વૃત્તિ |
| ” | ” | પ્રીન્સીપાલ શ્રી યશવન્ત શુકલ | અહિંસક અને નીડર સમાજરચનાના પ્રશ્નો |
| ” | ૨૮ મંગળવાર | શ્રી વસુબહેન ભટ્ટ | દ્રૌપદી |
| ” | ” | શ્રી જયપ્રકાશ નારાયણ | અહિંસા અને વિશ્વશાન્તિ |
| ” | ૨૯ બુધવાર | પંડિત દલસુખભાઇ માલવણિયા | અનેકાન્તવાદ |
| ” | ” | શ્રી જયપ્રકાશ નારાયણ | નિષ્પક્ષ લોકશાહી |
| ” | ૩૦ ગુરુવાર | પ્રીન્સીપાલ અમૃતલાલ ભ. યાજ્ઞિક | સીતા |
| ” | ” | પ્રીન્સીપાલ ધૈર્યબાળા વોરા | આધુનિક નારીની સમસ્યા |
| ” | ૩૧ શુક્રવાર | પ્રીન્સીપાલ એ. બી. શાહ | ધર્મ વિરુદ્ધ સંપ્રદાય |
| ” | ” | ડૉ. જી. ડી. પરીખ | ભારતીય લોકશાહી |
| રોકસી થીયેટર | ૧ શનિવાર | શ્રી. લીનાબહેન મંગળદાસ | ‘શ્રેયસ્’ પાછળની મારી દૃષ્ટિ |
| ” | ” | અધ્યાપિકા તારાબહેન શાહ | આનંદઘન |
| ભારતીય વિદ્યાભવન | ૨ રવિવાર | શ્રી. હરિવલ્લભ પરીખ | ગુજરાતના આદિવાસીઓ |
| ” | ” | શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ | મૂર્ખાઇની પરાકાષ્ઠા |
| ” | ” | સંગીતકાર શ્રી. શાન્તિલાલ શાહ | સંગીત |
| ” | ૩ સોમવાર | પ્રાધ્યાપિકા ડૉ. એસ્તેર સોલોમન | ભગવાન બુદ્ધ અને મહાવીર |
| ” | ” | કાકાસાહેબ કાલેલકર | ધાર્મિક તથા સામાજિક જીવન કયે રસ્તે ? |
| ” | ” | સંગીતકાર અજીત શેઠ તથા નિરુપમા શેઠ | સુગમ સંગીત |

આ વ્યાખ્યાનમાળામાં રસ ધરાવતા ભાઇબહેનોને સભાસ્થળે વખતસર આવી પહોંચવા, વ્યાખ્યાન ચાલતાં હોય તે દરમિયાન પૂરી શાન્તિ અને શિસ્ત જાળવવા અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તેમ જ સંઘની વિવિધ પ્રવૃત્તિઓને ઉદાર આર્થિક સહાય વડે સીંચિત કરવા પ્રાર્થના છે.

**ખાસ સૂચના :** આ વ્યાખ્યાનમાળા પર્યુષણના આગળના દિવસથી એટલે કે તા. ૨૬મીથી શરૂ થાય છે.

પરમાનંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ જેઠાલાલ શાહ
મંત્રીઓ, શ્રી મુંબઇ જૈન યુવક સંઘ

પુસ્તકાલયમાં વસાવવા લાયક શિક્ષણસંસ્થામાં ઇતર વાંચન તરીકે ઉપયોગમાં લેવા લાયક તેમ જ કોઇ પણ શુભ પ્રસંગે વહેંચવા લાયક પુસ્તકો

## સત્યં શિવં સુન્દરમ્

શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો લેખસંગ્રહ
કાકા સાહેબ કાલેલકર અને પંડિત સુખલાલજીના પ્રવેશકો સાથે
કિંમત રૂા. ૩, પોસ્ટેજ ૦-૯-૦

## બોધિસત્ત્વ

સ્વ. ધર્માનંદ કોસામ્બી રચિત મૂળ મરાઠી નાટક
અનુવાદકો :
શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા તથા શ્રી શાન્તિલાલ બરોડિયા
કિંમત રૂા. ૧-૮-૦, પોસ્ટેજ ૦-૨-૦
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો માટે
સત્યં શિવં સુન્દરમ્ કિંમત રૂા. ૨, બોધિસત્વઃ કિંમત રૂા. ૧

## દર્શન અને ચિન્તન

પંડિત સુખલાલજીના આજ સુધીના ગુજરાતી તથા હિંદી લેખોનો સંગ્રહ—બે વિભાગ ગુજરાતી : એક વિભાગ હિંદી : કુલ ત્રણ વિભાગમાં
કિંમત રૂા. ૨૧; પેકીંગ પોસ્ટેજ રૂા. ૪
મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તથા પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોને માટે
કિંમત રૂા. ૧૮

**પ્રબુદ્ધ જીવનની ફાઇલો : કિંમત રૂા. ૬**

પ્રબુદ્ધ જીવનના ગ્રાહક બનો ● વાર્ષિક લવાજમ રૂા. ૪

મળવાનું ઠેકાણું :
મુંબઇ જૈન યુવક સંઘ, ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ, ૩

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપટેમ્બર ૧, ૧૯૬૨, શનિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ॐ ગુણદર્શન, ગુણગ્રહણ ગુણવર્ધન ॐ

**( પૂ. ગાંધીજીની છેલ્લી મૃત્યુતિથિ પ્રસંગે વિનોબાજીએ કરેલું પ્રવચન )**

આજે આપણે મહાત્મા ગાંધીજીનો શ્રાદ્ધદિન પાળી રહ્યા છીએ. સર્વોદય વિચારમાં માનવાવાળા આપણે સૌ આજના દિવસે એવો સંકલ્પ કરીએ કે, અમે લોકો પાસે જઈને તેમને ગાંધીજીનો આ સર્વોદય - વિચાર સમજાવીશું. વિચાર કોણ સમજાવી શકે? જેઓ પોતે બરાબર સમજ્યા હોય અને તે પ્રમાણે એનો અમલ કરતા હોય તેઓ જ બીજાને આ વિચાર સમજાવી શકે. સર્વોદય - વિચાર એટલો તો વ્યાપક અને ઊંડાણવાળો છે કે એનો અમલ કરવાનો પ્રયત્ન જ માત્ર આપણે કરી શકીએ, એનો પૂરો અમલ તો ન જ થઈ શકે. સર્વોદયના પૂર્ણ અમલ માટે તો પરમેશ્વરનાં દર્શનની જરૂર છે.

બાપુ પોતે કહેતા કે, મારું આખું જીવન, મારી સાધના, સત્યાગ્રહ એ બધી પ્રવૃત્તિ પરમેશ્વરની ખોજને સારું છે. સામાન્ય રીતે ઈશ્વરની ખોજ કરનારા ધ્યાન ધારણા વગેરે માટે એકાંતમાં ચાલ્યા જતા હોય છે. બાપુ એકાંતમાં નહોતા ગયા. એમણે તો લોકો વચ્ચે રહીને જ કામ કર્યું. એટલું ખરું કે ધ્યાન, પ્રાર્થના વગેરે માટે તેઓ પંદર વીશ મિનિટ કાઢતા, પરંતુ તેઓ કહેતા કે, ધ્યાન તો આપણા કામની વચ્ચે પણ પળેપળ હોવું જોઈએ અને એકાંત તો જનતા વચ્ચે કામ કરતાં કરતાં પણ પ્રતિક્ષણ મળવું જોઈએ.'

એકાંતમાં આપણે જઈએ તો પણ આપણું મન તો બહાર ઘુમ્યા કરે છે એ કેવું? ખરું એકાંત તો એ કે જ્યાં આપણે મનથી અળગા થઈ શકીએ. બાકી દુનિયાથી એમ કંઈ થોડું જ અળગું થવાનું છે? તેથી તેઓ મનથી અળગા થઈને જનસેવાના કાર્યમાં પણ હંમેશા એકાંતનો અનુભવ કરતા અને કહેતા હતા કે, ઈશ્વરની ખોજ તેમજ દર્શન માટે મારું જીવન છે.

### ઈશ્વરની ખોજ કેમ થાય ?

ઈશ્વરદર્શન એટલે શું એ સમજવું જોઈએ. આપણા દેશમાં ઈશ્વરને માટે બહુ ભકિતભાવ છે, પરંતુ ઈશ્વરની ખોજ કેમ થાય એ વિચારવાની વાત છે. ઈશ્વર ગુણમય છે. સત્ય, પ્રેમ, કરુણા વગેરે મંગળ ગુણોની પરિપૂર્ણતા એનું નામ જ ઈશ્વર. આપણી સામે જે કોઈ માણસ આવે એનામાં ગુણદર્શન કરવું જોઈએ. જો કોઈનામાં આપણને દોષ દેખાય તો તે માયાનું દર્શન થયું, ઈશ્વરનું નહિ. કોઈનામાં ગુણ અને દોષ બંને દેખાય તો માયા અને ઈશ્વરનું બન્નેનું થોડું થોડું દર્શન થયું, એને સ્વચ્છ દર્શન નહિ કહી શકાય.

સ્વચ્છ દર્શન તો ત્યારે જ થાય કે જ્યારે દરેક માણસને જોઈને તેનામાં આપણને ગુણોનું જ દર્શન થાય. ઈશ્વરનો એક એક અંશ એક એક રૂપમાં પ્રગટ થયો છે અને જે દોષ દેખાય છે તે તો માયાનું ઉપરનું પડ છે. જેમ બદામના અંદરના મીંજ ઉપર ખરબચડું ફોતરું હોય છે તેમ માયાના એ ઉપલા આવરણને ભેદીને અંદરનું સ્વચ્છ દર્શન થવું જોઈએ, ભિન્ન ભિન્ન ગુણોનાં દર્શન થવાં જોઈએ. એમ ઈશ્વરના એક એક અંશ જોવા મળશે તો પછી ઈશ્વરનું સમગ્ર દર્શન થશે. તેથી હંમેશા ગુણગ્રહણ, ગુણ ચર્ચા અને ગુણસ્મરણ કરતા રહેવું જોઈએ. દોષગ્રહણ, દોષ ચર્ચા કે દોષ-સ્મરણ જરા પણ નહિ કરવું જોઈએ. એથી તો મેં કહ્યું છે કે અનિંદાનું પણ વ્રત હોવું જોઈએ.

કોઈનામાં દોષ દેખાય તો તે આપણા જ દોષ છે એમ માનવું જોઈએ. એની નિંદા કરવી એથી તો બીજો દોષ થાય અને પછી એ દોષની ચર્ચા કે નિંદા કરવી એથી વળી ત્રીજો દોષ થાય. આમ એક પછી એક દોષનાં પડ ચડતાં જાય તો ગુણ દર્શન થશે જ નહિ, અને ગુણદર્શન નહિ થાય તો તો પછી ઈશ્વરદર્શનનો પૂર્ણ લોપ થશે. તેથી આપણે આપણા દોષનું ય દર્શન કર્યા કરવું ન જોઈએ. આપણા ગુણોનું જ ચિંતન કર્યા કરવું જોઈએ.

આ રીતે સર્વત્ર ગુણસ્તવન, ગુણદર્શન, ગુણવર્ધન થવું જોઈએ. એને જ ભગવાનના ગુણોનું સ્તવન કહે છે. હું સત્ય, પ્રેમ, કરુણા વગેરેની વાત કરતો રહું છું. જ્યાં જ્યાં સત્યનું થોડું પણ દર્શન થયું એટલે અંશે ઈશ્વરનું જ દર્શન થયું. રેતીના ઢગલામાં સાકરની કણીઓ વેરાયલી પડી હોય તો કીડી તેમાંથી સાકરની કણી ઉપાડી લે છે. એમ આપણને જ્યાં સત્યનું થોડું પણ દર્શન થાય ત્યાંથી સત્ય લઈ લઈએ, ક્યાંક પ્રેમનું દર્શન થયું તો તે ગ્રહણ કરી લઈએ, ક્યાંક કરૂણાનું દર્શન થયું તો તે પણ આપણું કરી લઈએ. એમ જ્યાં જ્યાંથી જે કંઈ ગુણદર્શન થયું તે લઈ લઈએ. એમ કરતાં આપણું હૃદય ગુણનો ભંડાર થઈ જશે અને ત્યારે આપણને ઈશ્વરનું પરિપૂર્ણ દર્શન થશે.

### ઈશ્વરદર્શનનો સાચો માર્ગ.

તેથી તો બાપુ કહેતા કે 'ભગવાનનાં પરિપૂર્ણ દર્શન થાય, ઉપરનું માયાનું પડ ભેદાય અને કોઈના ય દોષ ન દેખાય એ માટેની મારી કોશિષ ચાલે છે.' આજે તો જાણે એવી સ્થિતિ છે કે કોઈના ગુણ જ આપણને દેખાતા નથી અને દોષ જ દેખાયા કરે છે. જેના તેના દોષ જ આપણને જલદી નજરે ચડે છે. ખરેખર તો બધે દોષ જ હોય છે એવું પણ નથી, પરંતુ આપણે કોઈના હૃદયનું ઊંડાણ જોઈ શકતા નથી એટલે એના મનમાં શું પડયું છે, એનો હેતુ શો છે એનો આપણને ખ્યાલ આવી શકતો નથી, તેથી કેવળ દોષ જ દેખાયા કરે છે. આથી તો કાયદા કાનુનમાં પણ શંકાનો

લાભ અપરાધીને આપવામાં આવે છે, અને જ્યાં સુધી માણસના મનના હેતુ વિષે ખરો ખ્યાલ ન આવે ત્યાં સુધી તેને અપરાધી ગણી શકતા નથી. બાકી, જો દરેક માણસના દોષ જ જોવામાં પડીશું તો પછી આપણે માટે બીજો કોઈ ધંધો જ રહેવાનો નથી. દોષ જોવાનું કામ આપણું નથી: એ કામ ઈશ્વરનું છે. આપણું કામ તો ગુણગ્રહણ કરવાનું છે. કોઈનામાં દોષ જોયો ને તે આપણા મનમાં રહી ગયો, બીજા કોઈનો બીજો દોષ જોયો ને તે પણ ધ્યાનમાં રહી ગયો, ત્રીજામાં વળી ત્રીજો દોષ જોવામાં આવ્યો ને તે પણ મગજમાં વસી ગયો - આમ આપણા મનમાં સૌના દોષ વસવા માંડે તો આપણું મન એ ગામના ઉકરડા જેવું જ થઈ જાય. ઘરે ઘરનો કચરો જેમ ગામને ઉકરડે ભેગો થાય તેમ આપણું હૃદય સૌ કોઈના દોષના સંગ્રહ-સ્થાન જેવું જ થઈ પડે. ભગવાનની ઉપર તો માયાનું પડ ચડી જાય, ભારે આવરણ આવી જાય. પછી ભગવાનનાં દર્શન શી રીતે થાય? ભકિત વિના પરમેશ્વરની ખોજ થઈ શકતી નથી. ભકિત વિના પરમેશ્વરનું દર્શન થઈ શકતું નથી, અને ગુણ દર્શન કે ગુણ વિકાસ વિના ભકિત થઈ શકતી નથી.

આથી, સામેવાળામાં જે ગુણ હોય તેનું દર્શન થવું જોઈએ. એ ગુણનો સ્વીકાર કરીને એને પોતાના હૃદયમાં સંઘરવો જોઈએ. અને પછી એનો વિકાસ કરવો જોઈએ. સામેવાળાના ગુણ આપણે આપણી હૃદયભૂમિમાં વાળી દઈએ. ખેડૂત પોતાના ખેતરમાં એક બી વાવે છે તો તેમાંથી અનેકગણું થાય છે. એમ આપણી મનોભૂમિ શુદ્ધ હશે તો સામેવાળાના ગુણબીજ વાવવાથી એ શતગુણાં થશે. આનું નામ જ ગુણવિકાસ. આમ પ્રથમ ગુણદર્શન, પછી ગુણ-ગ્રહણ, પછી ગુણવિકાસ—એ ભકિતની પ્રક્રિયા છે. એ પ્રક્રિયા દ્વારા જ સર્વત્ર છુપાયલા પરમેશ્વરના અસ્તિત્વના દર્શન થશે.

### સત્યાગ્રહનું રહસ્ય

આમ, આપણા દાનના, સેવાના ત્યાગના, સત્યાગ્રહના કાર્યક્રમ એ બધા ભગવાનની અવ્યકત શકિતનાં દર્શનને સારૂં છે. સત્યાગ્રહમાં આપણે શું કરીએ છીએ? આપણે પોતે સુખદુ:ખ સહન કરી લઈએ છીએ અને સામેવાળામાં જે સદ્-અંશ છે તેને બહાર લાવીએ છીએ. સત્યાગ્રહમાં એવી શ્રદ્ધા હોય છે કે સામે સદ્-અંશ છે જ. એ જ છે ગુણદર્શન. એ ગુણદર્શનના આધારે તો સત્યાગ્રહ છે. સામે જે વ્યકિત છે તેનામાં જે કાંઈ સદ્-અંશ છે, જે ગુણ છે તે પ્રગટ થાય અને પ્રભાવશાળી બને એ માટે પ્રયાસ કરીએ તો દોષનું જરૂર નિરસન થાય. એમ કરવા માટે જે કંઈ દુ:ખ સહન કરવું પડે તે સત્યાગ્રહી સહન કરે છે. એથી સામેવાળામાં જે સદ્ગુણ હોય છે, જે શુભભકિત હોય છે તે પ્રગટ થવાની છે એવી સત્યાગ્રહીને શ્રદ્ધા હોય છે. આજે આ ત્યાગનો, દાનનો જે કાર્ય-ક્રમ ચાલે છે તે આ શ્રદ્ધાના આધારે જ ચાલે છે.

કેટલાક લોકો સારે નરસે માર્ગે ધનસંપત્તિ એકઠી કરતા હોય છે. કયારેક તો તેઓ પોતાના ખેડૂતોની સ્થિતિની કશી પરવા કર્યા વિના તેમને જમીન ઉપરથી કાઢી મુકતા હોય છે. એવા લોકો પાસે પણ આપણે જઈએ છીએ ને કહીએ છીએ કે "દાન આપો, દાન આપો." લોકો કહે છે કે 'તમે તે કેવા માણસ છો? એવા દયાહીન અને કંજૂસ લોકો પાસે જાઓ છો તો શું એ કંજૂસ લોકો કદી દાન આપવાના હતા કે?' પણ આપણે સમજીએ છીએ કે એ લોકો જેવા દેખાય છે તેવા દયાહીન કે કંજૂસ નથી. પરિસ્થિતિને કારણે એ એવા બની ગયા છે. બાકી એમના હૃદયમાં પણ પ્રેમનું બીજ તો છે જ એવી આપણને શ્રદ્ધા છે અને એ શ્રદ્ધાના જોરે તો એમના જેવા પાસેથી દાન માગીએ છીએ. એવી શ્રદ્ધા ન હોય તો પછી દાન માગવા નીકળવું એ મૂર્ખતા જ ગણાય. પછી તો દાન માગ-વાને બદલે પડાવી લેવાનો ને લૂંટી લેવાનો કાર્યક્રમ જ ચલાવવાનો રહે. જો આપણામાં આવી શ્રદ્ધા ન હોય તો ભુદાન વગેરે દાનના કાર્યક્રમો ચાલવાના નથી. મતલબ કે આ દાનના કાર્યક્રમો સફળ કરવા હશે તો ગુણગ્રહણની દષ્ટિ જોઈશે. આપણે તો દાનને માર્ગે ભૂમિની સમસ્યાનો ઉકેલ કરવા નીકળ્યા છીએ. હૃદય હૃદયમાં વસી રહેલાં ભગવાનના દર્શન ન થતાં હોત તો આ કાર્યક્રમનો ઉદ્ભવ જ શી રીતે થાત?

### સર્વોદય કાર્યક્રમનો આધાર

એટલે સર્વોદયનો આ આખો કાર્યક્રમ ગુણદર્શન પર આધારિત છે. એ ગુણદર્શન હશે તો ઈશ્વરનું દર્શન થશે. ભલેને અલ્પ દર્શન થાય, પણ એવું ઈશ્વરદર્શન થશે એ વાત નિશ્ચિત છે. પૂર્ણ સ્વરૂપનું દર્શન એકદમ તો નહિ થાય. પણ આજે એક અંશનું થાય તો આવતી કાલે વળી બીજા અંશનું દર્શન થશે. માનો કે આજે ભૂમિદાનનો કાર્યક્રમ થયો તો આપણને એક અંશનું દર્શન થયું. લોકોના હૃદયમાં જે ઉદારતા પડી છે તેનાં આપણને દર્શન થયાં. કાલે શાંતિસેનાનો કાર્ય-ક્રમ ચાલ્યો અને લોકો ટંટા ઝઘડા તેમજ અશાંતિ મિટાવવા માટે જાતે મરી ફીટવા રાજીખુશીથી તૈયાર થયા તો આપણને એમાં લોકોની નિર્ભયતાનાં દર્શન થશે. આમ ભૂમિદાનના કાર્યક્રમમાંથી નિર્ભયતાનાં, ખાદીગ્રામોદ્યોગના કાર્યક્રમમાંથી સ્વાવલંબનની ભાવ-નાના, આત્મોદ્ધારની ભાવનાનાં અને 'સ્વચ્છ ભારત' નું આંદોલન ચલાવીએ તો સ્વચ્છતાનાં, શુચિતાના, પવિત્રતાનાં દર્શન થવાના. આમ એક એક વ્યાપક સામાજિક કાર્યક્રમ હાથ ધરતાં ધરતાં અને એક એક કાર્યક્રમ દ્વારા ગુણદર્શન કરતાં કરતાં આપણે આગળ વધતા જઈશું તેમ તેમ ઈશ્વરનાં દર્શન થતાં જશે. પરમેશ્વરનાં પૂર્ણ દર્શન માટેની આ પ્રક્રિયા છે. એ બધું એકદમ નહિ થાય. એટલા માટે તો બાપુ કહેતા કે, "ઈશ્વર માટેની મારી ખોજ ચાલી રહી છે. એ ખોજ સારૂં તો આ જીવન છે. આ જીવનમાં એ ખોજ પૂરી થઈ ગઈ તો આપણે જ ઈશ્વર થઈ ગયા!' તેથી મેં શ્લોક બનાવ્યો છે. 'ब्रह्म सत्यं, जगत् स्फूर्ति, जीवनं सत्यशोधनम्' એટલે કે બ્રહ્મ સત્ય છે અને વિશ્વમાં વ્યાપ્ત છે. વિશ્વ એની સ્ફૂર્તિ છે, પ્રેરણા છે. એવા જ્ઞાનથી આ વિશ્વમાં સત્યની ખોજ કરવી એ જ જીવનનો કાર્યક્રમ છે.

### અનિંદાનું વ્રત લઈએ

હમણાં હમણાં મારા મનમાં જે કંઈ વિચારો વારંવાર આવે છે તે આજે બાપુના શ્રાદ્ધદિનને પ્રસંગે તમારી સમક્ષ મૂકયા છે. કંઈ નહિ તો એટલો સંકલ્પ તો સૌ કરે જ કે સૌ કોઈ અનિંદાનું વ્રત લઈ લે. અનિંદાવ્રતનો અર્થ એ કે, વાણીથી તો કોઈની નિંદા ન જ કરીએ, પરંતુ મનથી પણ નિંદાદોષ ટાળતા જઈએ અને નિરંતર ગુણવૃદ્ધિ કરતા રહીએ. આ રીતે કરીશું ત્યારે અનિંદા-વ્રતનું પાલન થશે.

સર્વોદયમાં માનવાવાળા આપણને સૌને આ અનિંદાવ્રતની ખાસ જરૂર છે. રાજકારણમાં પડેલા લોકોની વાત જવાદઈએ. એ કાંઈ સત્યની ખોજ પાછળ પડેલા નથી. પરંતુ આપણે એક-બીજાની પાછળ દોષોની ચર્ચા કરીએ છીએ, તેનાથી જ આપણું કામ બગડે છે. એકબીજાનાં હૃદય એકમેક થવાને બદલે ઊલટાં વિખુટાં પડે છે. આપણી સંસ્થા નાની હોય, આપણી સંખ્યા ઓછી હોય તેનું દુ:ખ નથી. ભલે ને આપણે થોડા હોઈએ, પરંતુ આપણા સૌના હૃદય એક હોય તો એમાંથી ઘણી મોટી શકિત પ્રગટી શકે.

આ માટે અનિંદાવ્રતની ખાસ જરૂર છે. આમ તો અહિંસાના પેટામાં અનિંદાવ્રત આવી જ જાય છે. એટલે જો આજના દિવસે આટલું વ્રત લઈએ તો આપણે બાપુનું એક ભારે સારૂં કામ કર્યું, એમના ઉપદેશનું આચરણ કર્યું એમ ગણાશે.

## ગુણને વ્યાપક કરીએ

આજે જેમણે જેમણે ભૂમિદાન કર્યું તેમને ધન્યવાદ ને દાન આપનારા સૌ કોઈ એ મંત્ર બીજાઓને આપે. જ્યારે આખા સમૂહમાં દાનની ભાવના વ્યાપક બનશે ત્યારે સામૂહિક આત્માના દર્શન થશે. એમ કરવું એ આપણું કામ છે.

સત્ય કે બીજો કોઈ પણ ગુણ પ્રથમ તો કોઈ વ્યકિતમાં પ્રગટે છે. જેમ વિજ્ઞાનનો પ્રયોગ પહેલાં પ્રયોગશાળામાં થાય છે તેમ વ્યકિતનું જીવન પણ એક પ્રયોગશાળા છે. એમાં જે પ્રયોગ સફળ થાય તે સમાજમાં મોટા પાયા પર વ્યાપક કરવો જોઈએ. જે ગુણવિકાસનો પ્રયોગ વ્યકિતના જીવનમાં સફળ થાય તેને પછી સમાજવ્યાપી બનાવવો જોઈએ.

વ્યાપક સત્ય, વ્યાપક પ્રેમ, વ્યાપક કરુણા એ જ આપણું કામ છે. એનો વિચાર આવે છે ત્યારે અંતરમાં ઉત્સાહ પેદા થાય છે. આટલું ઉદાત્ત કાર્ય ભગવાને જેમને આપ્યું છે તેઓ ધન્ય છે. સંતપુરુષોએ જે જે પ્રયોગ પોતાના જીવનમાં કર્યા તે ગુણોને સમાજવ્યાપક કરવાનું આપણું કાર્ય છે.

ગાંધીજી આ કાર્યમાં જ લાગેલા તેથી તેઓ કહેતા કે હું અપૂર્ણ છું. માત્ર વ્યકિતગત પ્રયોગ કરીને જ સમાધાન પામવું હોત તો તો એમનો એ પ્રયોગ ક્યારનોય પૂરો થઈ ગયો હોત. પરંતુ જ્યાં સામાજિક પ્રયોગ કરવાનો હોય ત્યાં આપણા નસીબમાં અપૂર્ણતા રહેવાની. આપણા પછી આવનારાઓ એમાં વધુ પૂર્ણતા લાવશે. એમ થતાં થતાં આખરે ક્યારેક પૂર્ણ દર્શન થશે.

## કરેંગે યા મરેંગે

મજલ લાંબી છે, પણ પગલે પગલે આનંદ છે અને તેથી આ માર્ગે થાક નથી. રોજ નિત્યનૂતન દશ્ય, નૂતન આનંદ મળે છે. અને હૃદયમાં ઉત્સાહ છે, પથ અનંત છે. આમ ચાલતા જ રહીશું. મારી નિરંતર યાત્રા રહેશે ચિરયાત્રી! અને એમાં મદદ કરવા સારું એ ચિરસારથિ! કશી હરકત નહિ. અનેક જન્મ લેવા પડે તોય પરવા નહિ. પણ કરીશું તો આ જ કામ. રૂક્-મણીએ કૃષ્ણને કાગળ લખેલો કે, 'આ જન્મમાં તું નહિ મળે તો અનેક જન્મ સાધના કરીને, વ્રત કરીને, શરીર ક્ષીણ કરીશ કૃશ કરીશ. તારી પ્રાપ્તિ માટે સો સો જન્મ લેવા પડે તોય લઈશ, પણ તને પ્રાપ્ત કરીને જ રહીશ'.

લોકો મને પૂછે કે, 'આમ ચાલતાં ચાલતાં દસ વરસ તો થઈ ગયાં. હજુ ક્યાં સુધી ચાલ્યા કરવું છે?' કહું છું કે, ૧૦ વરસ થયા તેમાં શું થયું? ભગવાન રામચંદ્રજી જેવા પણ ૧૪ વરસ ઘુમ્યા હતા. એટલે આપણે ૨૮ વરસ ઘુમવું પડે તોય આનંદ જ છે. રાવણને માટે એમને ૧૪ વરસ ઘુમવું પડ્યું તો આ મહામોહરૂપી રાવણને દૂર કરવા ૨૮ વરસને બદલે ૨૮ જન્મ લેવા પડે તોય શું? એનાથી આનંદ જ છે અને એ આનંદની મસ્તીમાં જ આ યાત્રા ચાલી રહી છે.

આજે મને તાવ અને ખાંસી છે, પણ અત્યારે નથી જણાતાં. બોલું છું ત્યારે એક વિશિષ્ટ પ્રકારના આવેશનો સંચાર થાય છે. બોલી રહ્યા પછી ભલેને ખાંસી શરૂ થાય છે! કહેવાનું તાત્પર્ય એ કે એક જાતની મસ્તી અનુભવી રહ્યો છું ને ચાલી રહ્યો છું.

ગાંધીજી જાણે આગળ ને આગળ ધકેલી રહ્યા છે ને જાણે કે કહી રહ્યા છે કે 'આગળ ચાલો, હજુ આગળ ચાલો,' '**કરેંગે યા મરેંગે!**' એ ત્રણ શબ્દોમાં સંદેશો આપતા ગયા. એનો અમલ કેવી રીતે કરવો તેનું ઉદાહરણ પણ મૂકતા ગયા. પછી થાક કેમ લાગે?

હું ઈચ્છું છું કે આ મસ્તી સર્વોદયના કાર્યકર્તાઓ પણ અનુભવે. ત્યારે તેમને લાગશે કે દુનિયામાં રામરાજ્ય થવાનું જ છે.

**વિનોબાજી**

# શ્રી રવિશંકર રાવળ સપ્તતિ સમારંભ

## જાહેર વિનંતિ

(શ્રી રવિશંકર રાવળ કલાપ્રચાર ટ્રસ્ટ (કલા-રવિટ્રસ્ટ) તરફથી ગુજરાતના રાજ્યપાલ શ્રી મહેદી નવાઝ જંગ, કાકાસાહેબ કાલેલકર, પંડિત સુખલાલજી, પૂજ્ય રવિશંકર મહારાજ, શ્રી કનૈયાલાલ મુનશી, ડૉ. જીવરાજ મહેતા, શ્રીમતી સરલાદેવી સારાભાઈ, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શ્રી હરસિદ્ધભાઈ દિવેટિયા, શ્રી વૈકુંઠભાઈ મહેતા, શ્રી ગગનવિહારી મહેતા, શ્રી શાંતિલાલ હ. શાહ, પં. ઓમકારનાથ ઠાકુર, શ્રી ઉમાશંકર જોષી, વગેરે અનેક વિશિષ્ટ વ્યકિતઓ, કવિઓ, સાક્ષરો અને કલાકારોની સહીવાળો નીચે મુજબનો પરિપત્ર મળ્યો છે જે ધ્યાનમાં લઈને ગુજરાતના 'કલાગુરુ' શ્રી રવિશંકર મહાશંકર રાવળની સપ્તતિ સમારંભ (૭૦ મા વર્ષને લગતા સમારંભ) ને લગતી પ્રસ્તુત યોજનામાં પોતાનો ઉદાર ફાળો 'કુમાર કાર્યાલય લિમિટેડ અમદાવાદ ૧' એ ઠેકાણે મોકલી આપવા વિનંતિ છે. તંત્રી.)

ગુજરાતના સાંસ્કૃતિક સમુત્થાનના એક અગ્રણી, આપણી કલાત્મક જાગૃતિના પુરોધા, અને શિષ્યો—પ્રશિષ્યોની પ્રાણવાન પરંપરા ગુજરાતમાં સરજાવનાર, ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના સંસ્કારપૂત જીવનનું આ સિત્તેરમું વર્ષ ચાલે છે.

પોતાની અવિરત કલાસાધના અને પ્રતિભાના બળે કલાનાં વિવિધ ક્ષેત્રોને એમણે ચેતનવંતાં કરી વિકસાવ્યાં છે; અને 'કુમાર' માસિકની સ્થાપના તથા પ્રવર્તન દ્વારા એમણે સાહિત્ય, કલા અને સંસ્કાર, તથા સુરુચિશીલ અને લોકશિક્ષણનાં ક્ષેત્રોમાં નવી ભાવનાઓ સીંચીને તથા નવી ભૂમિકાઓ સરજાવીને ગુજરાતની કલાપ્રિયતા અને કલાદ્રષ્ટિને સજીવ રાખ્યાં છે, પ્રેરણા આપી છે અને ગુજરાતના તારુણ્યને અવનવી દિશાઓ સૂઝાડી છે.

આવા આપણા શ્રદ્ધેય સંસ્કારસેવક અને આરૂઢ કલાકારની સાધના અને સેવા પ્રત્યે આપણી કૃતજ્ઞતા વ્યકત કરવા માટે તેમનો 'સપ્તતિ-સમારંભ' ઊજવવાનું વિચારવામાં આવ્યું છે. તે પ્રસંગે —

(૧) દેશના કોઈ અગ્રમાન્ય મહાનુભાવની નિશ્રામાં તેમનું જાહેર સન્માન કરવામાં આવશે;

(૨) આ પ્રસંગને સ્મરણાંકિત કરતું, સંખ્યાબંધ પૂર્ણરંગી તથા વિવિધરંગી ચિત્રોથી મંડિત, કલાસમૃદ્ધ દળદાર ને રોચક પ્રકાશન પ્રકટ થશે;

(૩) આ શુભ અવસરની સ્મૃતિને સ્થાયી રૂપ આપવા માટે, ગુજરાતની કલાપ્રવૃત્તિ સતત ચાલુ રહે એ ઉદ્દેશથી એક કાયમી 'કલા-પ્રચાર ટ્રસ્ટ' રચવામાં આવ્યું છે, જેના તરફથી શ્રી રાવળની કલા-કૃતિઓનાં તથા અભ્યાસલેખોનાં પ્રકાશનો ઉપરાંત અન્ય કલા-કારોનાં પણ લોકસુલભ પ્રકાશનો, પ્રદર્શનો, વ્યાખ્યાનો વગેરેનું આયોજન થયા કરશે.

ઉપર્યુકત યોજનાઓ પરિપૂર્ણ કરવા માટે આ 'શ્રી રવિશંકર રાવળ કલાપ્રચાર ટ્રસ્ટ' ('કલા-રવિ') માટે એક સારુ એવું ભંડોળ એકઠું કરવાની આવશ્યકતા છે. આવા આપણા સંમાન્ય સંસ્કાર-સેવક અને કલાગુરુ, તથા અનેકાનેક મિત્રો, સ્નેહીઓ, પ્રશંસકો અને શિષ્યોના પ્રેમભાજન 'રવિભાઈ' પ્રત્યે સ્નેહ અને સમાદર ધરાવનારો જે વિશાળ સમુદાય ગુજરાત અને ગુજરાત બહાર વિસ્તરેલો છે એ સર્વ પોતાના તરફથી તેમ જ પોતાના સ્નેહીઓ તેમ જ સંબંધીઓ પાસેથી ઉદાર ફાળો આપી—અપાવી શ્રી રાવળ પ્રત્યેનાં પોતાનાં સંમાન, શ્રદ્ધા અને આદરને મૂર્ત રૂપ આપશે તો કલાપ્રચારના કાયમી કાર્ય માટે સમૃદ્ધ ભંડોળ એકત્રિત કરવામાં મુશ્કેલી નહિ આવે એવી અમને શ્રદ્ધા છે.

શ્રી રાવળના નાનામાં નાના શિષ્ય પણ પોતાનો યથાશકિત ફાળો આપી શકે એ ઉદ્દેશથી ફાળાની ઓછામાં ઓછી રકમ રૂ. ૨૫) ની રાખવામાં આવી છે. વળી આ માટેની દેણગી એક જાહેર ટ્રસ્ટમાં જતી હોવાથી તેમાં અપાતો ફાળો ઈન્કમ ટૅક્સ (આવકવેરા) થી મુકત ગણાશે.

આવા લોકશિક્ષણ અને સંસ્કારસેવાના કાર્યમાં આપ ઊલટથી સહકાર આપશો એવી અમારી વિનંતી છે.

વિશેષ વિજ્ઞપ્તિ કે : 'કલા-રવિ' ટ્રસ્ટમાં રૂ. ૧૦૦) અગર તેથી ઉપરાંતની રકમનો ફાળો આપનાર સજ્જનને આ સપ્તતિ પ્રસંગે બહાર પડનાર ગુજરાતની કલાનું કાલક્રમિક નિદર્શન કરાવતો, સંખ્યાબંધ પૂર્ણરંગી તથા વિવિધરંગી ચિત્રોથી મંડિત, કલાસમૃદ્ધ, દળદાર સ્મૃતિ-ગ્રન્થ ભેટ મળશે.

# ગુજરાતની કૅાંગ્રેસમાં વધતી જતી અરાજકતા

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં 'ગુજરાત રાજ્ય સામે એક પ્રકારનું બહારવટું' એ મથાળા નીચે જે પ્રશ્ન ચર્ચવામાં આવ્યો છે તે જ પ્રશ્નની અન્ય લેખકે પોતાની રીતે કરેલી રજુઆત નીચે આપવામાં આવે છે. તંત્રી)

જ્યારે માનવીને સ્વાર્થ કે અભિમાન વળગે ત્યારે ભલભલા ડાહ્યા કે મોટા ગણાતા માનવી પણ સાચો માર્ગ ચૂકી જાય છે અને ન વિચારવાનું વિચારવા લાગે છે, ન બોલવાનું બોલી બેસે છે, અને ન કરવાનું કરવા માંડે છે. ગુજરાતના કૅાંગ્રેસ પક્ષને છએક વર્ષથી ૧૯૫૬ની સાલમાં દ્વિભાષી મુંબઈ રાજ્યનો નિર્ણય લેવાયો અને મહાગુજરાત માટેનું આંદોલન જાગી ઊઠયું ત્યારથી આ બંને દોષો લાગુ પડયા હોય, અને દિવસે દિવસે આ દોષમાં આગેકૂચ થતી હોય એમ લાગે છે. પણ સ્વાર્થ અને અભિમાન તરફ મંડાયેલી એ આગેકૂચે ગુજરાતના કૅાંગ્રેસ પક્ષની આગેકૂચને તો ક્યારથી થંભાવી દીધી છે. પણ સાથે સાથે એ સમગ્ર ગુજરાત રાજ્યની પ્રગતિને થંભાવી દેશે એવો ભય આજે તો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. કોઈને એ ભય ન દેખાતો હોય તો એ કેવળ એમની સમજણ--દષ્ટિનો જ દોષ સમજવો જોઈએ.

કોઈને સહેજે સવાલ થાય કે ગુજરાતના કૅાંગ્રેસ પક્ષનું ગમે તે થાય, અને એના મોવડીઓ કે આગેવાનો ગમે તેમ વર્તે એ એ પક્ષની અને એ વ્યકિતઓની પોતાની મુનસુફીની વાત છે. એમાં આટલી કાગારોળ કરી મૂકવાની કે હૈયાવરાળ ઠાલવવાની શી જરૂર?

આનો જવાબ બહુ સ્પષ્ટ છે અને એ જવાબ પાછળનું કારણ પણ સબળ છે. પહેલી વાત તો એ છે કે ગુજરાતના કૅાંગ્રેસ પક્ષને કંઈ પોતાના પક્ષનો વિચાર નથી કરવાનો, પણ સમગ્ર ગુજરાત રાજ્યના રાજ્ય—સંચાલનના સૂત્રો એ પક્ષના હાથમાં હોઈ એણે આખા ગુજરાત રાજ્યના યોગ--ક્ષેમની ચિંતા કરવાની છે અને બીજી આથી પણ વધારે ગંભીર તેમજ નાજુક વાત તો એ છે કે એણે ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૈકાઓ સુધી અલગ રહેવા ટેવાયેલા ત્રણ એકમોનું મન સંપાદન કરીને એ ત્રણેની વચ્ચે ભ્રાતૃભાવની ભાવના જન્માવીને તેમ જ એ ત્રણેને સમાન ભાવે સાથે રાખીને આગળ વધવાનું છે. આ કામ દોરડા ઉપર નોધારું નૃત્ય કરતા નટરાજ કરતાં પણ વધારે સાવધાની માગી લે એવું છે. નહીં તો, નાની સરખી કાંકરી મોટા ઘડાને ફોડી નાંખે એમ, તુમાખીભર્યું કે સમજણ વગરનું એકાદ ઉચ્ચારણ કે દીર્ઘદષ્ટિ વગરનું કે સ્વાર્થપ્રેર્યું એકાદ આચરણ પણ ગુજરાત રાજ્યના આ ત્રણ એકમોમાં બેદિલી અને કુસંપની લાગણી જન્માવવા માટે પૂરતાં થઈ પડે! આવું ન બને એટલા માટે એ જરૂરી છે કે ગુજરાતનો કૅાંગ્રેસ પક્ષ વહેલામાં વહેલી તકે પોતાનું ઘર સુવ્યવસ્થિત કરે અને એમાં દિવસે દિવસે વધતી જતી અરાજકતાને થંભાવી દે!

જ્યારે મહાગુજરાતનું આંદોલન જાગ્યું એ સમયે જ ગુજરાતના જવાબદાર કૅાંગ્રેસી આગેવાનો જનતાનું દિલ પારખવામાં, સમયસૂચકતા દાખવવામાં અને પોતાની દષ્ટિ દીર્ઘ હોવાનો પુરાવો આપવામાં સર્વથા નાકામીયાબ નીવડયા. આ વખતે જેમના તરફથી જનતાના દિલ ઉપરના જખમની દવાની જ અપેક્ષા રાખી શકાય એવી હતી, અને જેઓ જનતા અને કૅાંગ્રેસ વચ્ચે પડી ગયેલ ભેદને સાંધવા માટે એક ઉત્તમ પ્રકારના સાંધણ--રસાયણનું કામ કરી શકે એવા હતા, તે બે કૅાંગ્રેસી આગેવાનોએ—હરિજન પત્રોના તંત્રી અને ગુજરાત વિદ્યાપીઠના તે સમયના મહામંત્રી શ્રી મગનભાઈ દેસાઈ અને તે વખતે ગુજરાત પ્રાંતિક મહાસમિતિના મંત્રી શ્રી ઠાકોરભાઈ દેસાઈએ--ઉલટું પોતાના બેફામ ભાષણો દ્વારા જનતાના દિલના એ કારી જખમ ઉપર મીઠું ભભરાવવાનું કામ કરવાનું પસંદ કર્યું અને ગુજરાતની કૅાંગ્રેસના એક મુખ્ય નેતા તરીકે, પોતાના સાથીઓનાં એ બધા અકાર્યોની જવાબદારી, દૂર રહ્યા રહ્યા પણ માનનીય શ્રી મોરારજીભાઈ દેસાઈને પોતાને માથે ઓઢી લેવાનો અને જનતાની અપ્રીતિના ભોગ બનવાનો વખત આવ્યો, એ પણ વિધિની એક કરુણતા જ લેખાવી જોઈએ.

પણ પછી મહાગુજરાત અને મહારાષ્ટ્રની જાગૃત થયેલી લોકલાગણીને રોકી રાખવાનું કે હોનહારને અટકાવી રાખવાનું કામ અશક્ય બની ગયું. અને ગુજરાતના કેટલાક કૅાંગ્રેસી આગેવાનોની તીવ્ર અનિચ્છા છતાં દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યનો જન્મ થયો. એ વખતે એમ લાગતું હતું કે શ્રી મગનભાઈ અને શ્રી ઠાકોરભાઈ પોતાના ફોક ગયેલાં માઝા વગરનાં વચનોથી કંઈક પણ ભોંઠપ અનુભવશે, અને નવા ગુજરાત રાજ્યને પગભર અને પ્રગતિશીલ બનાવવામાં સલુકાઈભર્યું વલણ અખત્યાર કરશે. અને આ અરસામાં તો શ્રી ઠાકોરભાઈ ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રીપદેથી એના પ્રમુખપદે ગોઠવાઈ ગયા હતા. પણ એવું કંઈ જ ન થયું! બાકી જો એ બે મહાનુભાવોને પોતાના બોલનો જરા પણ તોલ હોત તો તેઓ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત થઈને કાં તો સાહિત્યના કે પછી સક્રિય સેવાના કામમાં જ જોડાઈ ગયા હોત. પણ એવું કંઈ ન બન્યું. અને ગુજરાત રાજ્યના સંચાલનમાં એમના તરફથી સહકાર મળવાને બદલે ડખલગીરીઓ થવા લાગી. કદાચ એવું પણ હોય કે, આ બંને દેસાઈ મહાનુભાવો ગાંધીજીની રચનાત્મક કાર્યક્રમની દષ્ટિ ઉપર ગમે તેટલું વિવેચન કરી શકે, પણ એમનામાં કોઈ પણ રચનાત્મક કામને હાથ ધરવાની વૃત્તિ અને હાથ ધરીને એને પાર પાડવાની દષ્ટિ જ ન ખીલી હોય. ખેર!

પછી આવી ચૂંટણીઓ અને દસ વર્ષના નિયમના હોબાળાએ શાણા ગુજરાતની આખા દેશમાં બદનામી કરવામાં કશી બાકી ન રાખી. એમાં પણ આ બે મહાનુભાવોએ કંઈ જેવો તેવો ભાગ નથી ભજવ્યો!

સમય વીત્યો અને ચૂંટણીએ પોતાની પાંખો સંકેલી લીધી, પણ ગુજરાતની ચૂંટણીઓ ન કલ્પી શકાય, ન માની શકાય, અરે, સ્વપ્નમાં પણ સાચી ન કહી શકાય એવાં અદ્‌ભુત પરિણામો લાવી. ઘણાને તો એ રાજ્યતિલકની ઘડીએ રામ વનવાસ જેવું વસમું થઈ પડ્યું! એમાં પણ જાણે કુદરતની ઈચ્છાએ જ મોટો ભાગ ભજવ્યો; અને ગુજરાતનું નવું પ્રધાનમંડળ વગર વાદવિવાદે રચાઈ ગયું. શ્રી મોરારજીભાઈએ પણ ભૂતકાળ ભૂલી કામે લાગી જવાની સલાહ આપી.

કામ સરખી રીતે ચાલવા લાગ્યું, શ્રી ઠાકોરભાઈ તથા શ્રી મગનભાઈ પણ ઠીક ઠીક વખત ચૂપ રહ્યાં. બધાને લાગ્યું કે ગુજરાતના કૅાંગ્રેસીઓએ પોતાના મુખ્ય નેતાની શિખ જીવનમાં ઊતારી. પણ પછી જે કંઈ બન્યું એણે સાબિત કર્યું કે બંને દેસાઈ મહાશયોની એ ચૂપ માત્ર ભારેલા અગ્નિ જેવી હતી, એટલે એ ભડકી ઊઠયા વગર ન રહી શકી. પહેલો ભડાકો કર્યો શ્રી મગનભાઈએ 'સત્યાગ્રહ'માં લેખો લખીને, પછી તો વાત વરિષ્ઠ મંડળ સુધી પહોંચી; સાદીકઅલીની તપાસ નક્કી થઈ, વળી બધાને થયું કે હવે કૅાંગ્રેસીઓ જાહેરમાં બોલીને એકબીજાનાં

લૂગડાં ખેંચવાનું બંધ રાખશે અને વધુ નહીં તો સાદીકઅલીની તપાસના ચુકાદા સુધી તો જરૂર ખામોશ રહેશે.

પણ આ તો શ્રી ઠાકોરભાઈ દેસાઈ! સર્વથા મુકત આત્મા! એ કોઈનાથી બંધાય શા માટે? કે પોતે પોતાની જાતે જ બંધન સ્વીકારે શા માટે? શિસ્ત હોય કે પક્ષની નીતિ હોય, એવાં બંધન સ્વીકારે એ બીજા! એમણે તો અમુક વૉર્ડના સભ્યો સમક્ષ બોલવાનો અવસર મળવાથી અત્યાર સુધી એમના મનમાં કે અતિ નિકટના મિત્ર વર્તુલમાં જ ધુંધવાઈ રહેલો આતશ પ્રગટ કર્યો. બીજે દિવસે લોકમાન્યની જયંતી નિમિત્તે બાકીનો ઊભરો ઠાલવ્યો! શ્રી ઠાકોરભાઈને માટે આમ કરવું ભલે નવાઈ ભર્યું ન હોય, પણ લોકોને તો એમાં જરૂર નવાઈ લાગી કે જે વાત કૉંગ્રેસના વરિષ્ઠ મંડળની તપાસ નીચે છે એનો ચુકાદો આવ્યા પહેલાં આ રીતે બેફામ બોલવું તે ન્યાયની રીતની અને કૉંગ્રેસ વરિષ્ઠ મંડળની અવહેલના કરવા જેવું નથી શું? ન્યાય-કચેરીનો એ નિયમ છે કે કેસ ચાલ્યા પછી એનો ચુકાદો આવતાં સુધીમાં કોઈ કંઈ ટીકા ટીપ્પણ કરે તો એ ગુનો બની જાય છે. આમાં પણ એવો જ ગુનો થયો છે. કૉંગ્રેસના પ્રમુખ શ્રી સંજીવૈયાએ બીજે જ દિવસે શ્રી ઠાકોરભાઈના આ વલણની ટીકા કરી હતી. પણ એની કોઈ સારી અસર શ્રી ઠાકોરભાઈ ઉપર પડી હોય એવું દર્શાવે એવી કોઈ જાહેરાત એમના તરફથી અત્યાર સુધી થઈ નથી!

જેણે એક વેળા પ્રદેશ સમિતિના પ્રમુખ તરીકે જવાબદારી ભોગવી હોય તે વ્યકિત જો આવી રીતે વર્તી શકે તો એ તંત્ર અંદરખાનેથી કેટલું શિથિલ બની ગયું છે એ સહેલાઈથી સમજી શકાય એમ છે. શ્રી ઠાકોરભાઈનું આ પગલું કૉંગ્રેસ પક્ષની શિસ્તના પાયામાં તો સત્યાનાશની સુરંગો ચાંપે છે જ, ઉપરાંત, 'સ્વરાજ્યમાં સત્યાગ્રહને સ્થાન હોઈ ન શકે' એવી શિખામણ આપતા આગેવાનોના પગ નબળા બનાવીને સામાન્ય જનતાને પોતાના પ્રશ્નોને હલ કરવા માટે અસહકાર અને સત્યાગ્રહનો માર્ગ અપનાવવાની આડકતરી છૂટ આપે છે. પણ શ્રી ઠાકોર-ભાઈ પોતાના આ પગલાની આવી નુકસાનકારક અસર સમજશે ખરા?

આ તો સમજવા અને વિચારવાની જરૂર છે શ્રી ઠાકોર-ભાઈએ; અને માથાકૂટ કરીએ છીએ આપણે! પણ એમાં બીજો શો ઉપાય?

રતિલાલ દીપચંદ દેસાઈ

## મન મુજ

('જ્યોતિસંઘ પત્રિકા' માંથી સાભાર ઉદ્ધૃત)

મન મુજ નિત નવલું કંઈ માંગે
સમદરતટ પર ગગનચુમ્બિનાં સ્વપ્નમહિ એ રાચે.
ગિરિ મળે તો જલધિ ખેલવા ઉરે ઝંખના નાચે;
સ્વરાવલિ લખલખ રમતી પણ વિરમે ના કો રાગે ... મન૦

કંકરમાં કંચનની કાજે વૃથા પ્રયત્નો સાલે,
તોય ક્ષિતિજને વટાવવાને દોટ અવિરત ચાલે;
તૃષ્ણાથી તૃપ્તિની રેખા ધપતી આગે આગે ... મન૦

ગીતા પરીખ

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ગુણદર્શન, ગુણગ્રહણ, ગુણવર્ણન | વિનોબાજી | ૮૧ |
| શ્રી રવિશંકર રાવળ સપ્તતિ સમારંભ | | ૮૨ |
| ગુજરાતની કોંગ્રેસમાં વધતી જતી અરાજકતા | રતિલાલ દીપચંદ દેસાઈ | ૮૪ |
| "મન મુજ" | ગીતા પરીખ | ૮૫ |
| મારા જીવનનાં કેટલાંક સ્મરણો ૪ | રતિલાલ મફાભાઈ શાહ | ૮૫ |
| સંથારો, આત્મહત્યા અને કાયદો | કેશવલાલ મ. શાહ | ૮૯ |


# મારા જીવનનાં કેટલાંક સ્મરણો-૪

## સમાજ અને સરકાર સાથે અથડામણ

(તા. ૧૬—૭—૬૨ ના પ્રબુદ્ધ જીવનથી અનુસંધાન)

ક્રાંતિકાર કે સમાજસુધારક યુગબળને ઓળખી આજના વર્ત-માનમાંથી ઉજ્જવળ ભાવિ ઘડવાની આશા રાખે છે અને તેથી 'શું હતું' એ નહીં પણ 'શું કરવું જોઈએ' એ દ્રષ્ટિ રાખીને હંમેશા વિચારે છે, જ્યારે જુનવાણી રૂઢિચુસ્ત વર્ગની દ્રષ્ટિ હંમેશા ભૂતકાળ પર જ મંડાયેલી હોઈ નવયુગને એ ઓળખી કે પિછાની શકતો નથી. આમ પાયાના વિચારભેદને કારણે નવા વિચારો રજૂ થાય છે ત્યારે જૂનાં મૂલ્યાંકનો ખળભળી ઊઠે છે ને એથી જૂનવાણી વર્ગ સુધારક સામે આંધિના વંટોળ ચડાવે છે.

આ કારણે જ્યારથી મેં કલમ પકડી અને મારાં લખાણો પ્રસિદ્ધ થવા લાગ્યાં ત્યારથી મારી સામે પણ એવા જ વંટોળ પડતા રહ્યા છે. એ વર્ષોમાં જૂનવાણીઓની દ્રષ્ટિએ ધર્મવિરોધી ગણાતાઓની નામાવલિમાં પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ, શ્રી પરમાનંદ કાપડિયાની પાછળ અવારનવાર મારું નામ 'મુંબઈ સમાચાર'માં ચમકયા કરતું. પણ જ્યારે મારું 'ત્રિશલાનંદન મહાવીર' બહાર પડયું ત્યારે ગામમાં અને બહાર એ વિરોધનો પવન જોરદાર ફૂંકાવા લાગ્યો. કેટલાંક જૈન પત્રોએ તો મારી વિરુદ્ધ અગ્રલેખો પર અગ્રલેખો લખવા માંડયા. એમાં વળી મુનિશ્રી ધર્મસાગરજી મહારાજે ઉપરિ-આળા તીર્થમાં જૈન સંસ્કૃતિ રક્ષક સભાની મીટીંગ બોલાવીને મારી વિરુદ્ધ ઠરાવો કર્યા અને એ રીતે મારી વિરુદ્ધ એક આંદોલન ઊભું કર્યું. ઉપરથી કરેલા લખાણ અંગે જવાબ આપવા મને વિરમગામ મુકામે હાજર થવા ફરમાન મોકલવામાં આવ્યું. ગામમાં તો મારી સામે આંધિ હતી જ. એમાં વળી આ નવો વંટોળ ભળ્યો. શરૂ-શરૂમાં હું મૂંઝાઈ ગયો. ન કોઈની ઓથ, ન કોઈની સહાનુભૂતિ. આર્થિક સ્થિતિમાં વળી હું ત્યારે એવી સંકડામણમાં હતો કે, મારા શિક્ષક મિત્ર સંપ્રીતલાલ પાસેથી રૂા. ૧ ઉછીનો લેવો પડેલો. આથી મદારીની ડુગડુગીએ નાચવા લાગી જાય એવો પરંપરા-ચુસ્ત આપણો સમાજ હોઈ હું વિરમગામ ન ગયો. અમારી માંડલ અંગ્રેજી શાળાના જૂના હેડમાસ્તર અને પાછળથી ધરમપુર રાજયના બનેલા દિવાન શ્રી ત્ર્યંબકલાલભાઈ મને બોલાવવા માંડલ આવ્યા. મેં જણાવ્યું કે, "સાહેબ, આપ મારા વડીલ છો, અને ધર્મસાગરજી મહારાજ મુનિદાવે વંદનીય છે, પણ એમ છતાં એ કંઈ મારા શહેનશાહ નથી કે એમના ફરમાનને હું તાબે થાઉં. જવાબ માંગવો હોય તો તેઓશ્રી અત્રે પધારી શકે છે." પણ છેવટે એમની માગણી ને સમજાવટથી હું વિરમગામ ગયો. સાથે કરેલા લખાણ અંગે મારી પાસે જે આધારો હતા તે લેતો ગયો હતો. પંડિત પ્રભુદાસ બેચરદાસ મુનિશ્રીની પડખે જ બેઠા હતા. મહારાજશ્રીએ એમની ઓળખાણ કરાવી તો એમણે વળી પોતાની જ ગુલબાંગ હાંકવા માંડી કે 'દુનિ-યાના કોઈ પણ વિદ્વાનને મારી સામે ઊભો કર ને હું સિદ્ધ કરી દઉં કે, જૈન ધર્મને ખતમ કરવાની યોજના વર્ષો પહેલાં યુરોપ—અમેરિકામાં ઘડાઈ હતી અને એના જ તમે રાષ્ટ્રભકિત અને ખાદીના નામે ભોગ બન્યા છો.' જે મહાશયે પંચ પ્રતિક્રમણની ટીકામાં 'ખાદી એટલે ડબલ વિલાયતી' એવી વ્યાખ્યા કરી છે એ પુરુષને નજરે ઓળખી એમના 'ડહાપણ કે ગાંડપણ' માટે હસવું આવ્યું ને મનમાં થયું કે એમની સામે તો સમર્થ તાર્કિક સત્યભકતજીને જ બથડાવી મારવા જોઈએ. એમણે મને ચેલેન્જ આપી કે, 'જો તું ૧૧ દિવસ મારી પાસે રહે તો તને પલટી નાખું.' પણ એમને શી ખબર કે આ બુટ્ટી કોઈ જુદી જ માટીની બનેલી છે. એમણે આમ બે કલાક સુધી લાંબું ભાષણ કર્યે રાખ્યું.

મેં કહ્યું કે, "મહારાજ જી, સમય બગડે છે તો આપશ્રીને

જે કહેવું હોય તે કૃપા કરી જણાવો, કારણ કે સાંજે તો મારે ઘેર પહોંચી જ જવું જોઈએ."

એમણે કહ્યું કે, "તું એક જૈનકુળમાં જન્મ્યો હોવા છતાં તેં ધર્મવિરુદ્ધ કેવું ભયંકર લખાણ કર્યું છે એનું તને ભાન છે? શું ભગવાન —'ફલાણો પાખંડી છે, ફલાણાએ કુકર્મ કર્યું છે' એવું કહેવાની લપમાં કદી પડે ખરા? એ તો સદા મૌન જ રહેતા, એ તો સિદ્ધાર્થ વ્યંતરનું કામ હતું, જે ભગવાનના શરીરમાં પ્રવેશીને અચ્છંદકના પાપોને પ્રગટ કરવા અને એ રીતે લોકોને એ માયાજાળમાંથી છોડાવવા ઈચ્છતો હતો."

મેં જવાબ આપ્યો કે, "એ યુગના ભોળા ભદ્રિક—તર્કજાળથી મુકત એવા પૂર્વાચાર્યોનો ઉદ્દેશ તો એટલો જ હતો કે, જનતા એવી માયાજાળથી છૂટે અને એ માટે એમણે જે રીતે વાતની રજૂઆત કરી છે એ એ યુગના માનવો માટે બરાબર હશે. પણ આજે એ વાતને આપણે પલટાયેલા દેશકાળ પ્રમાણે જુદી રીતે રજૂ કરવી જોઈએ. કારણ કે જે રીતે એ બીના મૂકવામાં આવી છે એ તો તીર્થંકર ભગવાનના ગૌરવ અને જ્ઞાનતેજ—સામર્થ્યને માટે લાંછનરૂપ બની રહેવા સંભવ છે. ભલે આજે આપણે મન મનાવીએ, પણ એ પ્રસંગના સાક્ષી રૂપ એવા લોકોએ તો ભગવાનને જ એવા શબ્દો બોલનાર તરીકે સમજી લીધા હશે, નહિ કે સિદ્ધાર્થવ્યંતરને.

"મારો પ્રશ્ન એ છે કે શું વ્યંતર ભગવાનને વળગે ખરો? એમના શરીરમાં પ્રવેશ પામી શકે ખરો? સામાન્ય માણસ માટે આપણે કહીએ છીએ કે 'એ હતો તો ડાહ્યો, પણ હમણાંથી એને ભૂતનો વળગાડ છે, એથી એ ગાંડો બન્યો છે.' તેમ તીર્થંકર ભગવાન માટે કહી શકાશે ખરું કે એ હતા તો ચાર જ્ઞાનના ધણી, પણ હમણાં એમને વ્યંતર વળગ્યો છે જેથી એ જ્ઞાનવિહીન—પરાધીન બન્યા છે? એ તો આપણા હાથે જ ભગવાનનો ફજેતો કરવા બરોબર ગણાય. અને જો સિદ્ધાર્થવ્યંતરને અચ્છંદકના પાપો પ્રગટ કરવા હતા તો એ ભગવાનના શરીરમાં શા માટે પેઠો? અચ્છંદકના શરીરમાં પ્રવેશીને અચ્છંદકના નામે જ એનાં પોતાનાં પાપો પ્રગટ કર્યા હોત તો એનો જલદી ફેંસલો આવી જાત. 'આક્ષેપ' કરતાં 'સ્વયં-સ્વીકાર' એ બળવાન પુરાવો બની જાત. આક્ષેપમાં તો શંકાશીલતાનો અવકાશ રહે છે, જ્યારે સ્વીકારમાં તો શંકાને પછી સ્થાન જ રહેતું નથી."

એમના વિદ્વાન શિષ્ય અભયસાગરજી મારું દ્રષ્ટિબિંદુ સમજી શકયા હતા, જેથી એમણે પોતાના પિતા-ગુરુને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ મહારાજશ્રીને એ વાત ગળે ન ઊતરી. સમય થતાં હું ઊઠી ગયો. જતાં જતાં મહારાજશ્રીએ જણાવ્યું કે 'તારું મગજ જ સડેલું છે.' મેં કહ્યું કે, 'આપનો આશીર્વાદ!"

આ પ્રસંગ પછી જૈન સમાજમાં ખાસ કરી મુનિવર્ગમાં હું આંખના કણાની જેમ ખૂંચવા લાગ્યો હતો. ઉપરથી જૈન સિદ્ધાંત—સભાએ પણ એક નિબંધ—હરીફાઈમાં મેં મોકલેલા નિબંધ—અંગે વિકૃત રજૂઆત કરી મને ખૂબ વગોવ્યો. આવો હડહડતો અન્યાય થયેલો જોઈ 'પ્રબુદ્ધજીવન'માં ત્યારે શ્રી પરમાનંદભાઈએ અઢી પાના ભરી મારો બચાવ કરેલો. આમ મુનિઓનો વિરોધ તો હતો જ એમાં પ્રસંગે વાત નીકળતાં એમના ભકતોનો ઉકળાટ પણ ઠલવાતો. બહારગામ આવાં કિસ્સા મેં નજરે નિહાળ્યાં છે, પણ ઉપાશ્રયમાં ભાગ્યે જ જવાનું બનતું. આથી નજરે મને કોઈ ઓળખતું ન હોઈ હું આવા ઝઘડાઓમાંથી બચી ગયો છું. આમ છતાં મુનિઓ કે જૈનધર્મના આચારો પ્રત્યે અન્યત્ર પ્રહાર થતો ત્યારે મારું ગજું કે પીઠબળ જોયા વિના ભલભલા માંધાતાઓ સામે પણ શીંગડા માંડતો. પણ આપણા જ ભાઈઓ મારો વિરોધ કરવા ઉપરથી એવાઓના પક્ષે બેસતા ત્યારે હું બન્ને બાજુથી ભારે ભિંસમાં આવતો.

એવી ભીંસમાં એક વાર માંડલ જૈન યુવક સંઘના સભ્યોએ, દેવદ્રવ્યના પ્રશ્ન અંગે વિચાર કરવા જૈનોની જાહેર સભા બોલાવી. સભામાં સંઘના ૧—૨ શેઠિયાઓ ઉપરાંત અન્ય ૩૫—૪૦ ભાઈઓની હાજરી હતી. એમાં દેવદ્રવ્યના સામાજિક ઉપયોગ અંગે ઘટતા ઠરાવો થયા. કોઈએ ત્યારે ગામમાં વિરોધ નહોતો કર્યો, કેટલાકે તો એમ પણ કહેલું કે, 'આમાં કશું જ નવું નથી. અહીં તો' પહેલેથી જ એમ ચાલ્યા કરે છે. પણ એ ઠરાવોની પ્રસિદ્ધિ પછી મુનિઓ તથા ગૃહસ્થોની પૂછાવટ શરૂ થઈ. આથી લોકો મારી ઉપર તૂટી પડવા લાગ્યા. મેં કહ્યું કે, "એ ઠરાવો ન ગમતા હોય યા ખોટા હોય તો ફરી ભેગા મળી બદલી શકાય છે તેમ જ જૈન સંઘ પણ પોતાને ચોપડે એવો ઠરાવ ન થયાની જાહેરાત કરી શકે છે." પણ એ માર્ગ લેવાને બદલે એમણે તો મારી સામે સતત દશ વર્ષ સુધી ઝઘડા કર્યે જ રાખ્યા. અધૂરામાં પૂરું શ્રી ચમનલાલ કડિયાએ સાધારણ ખાતામાં તંગી હોય તો એ ઠરાવો રદ કર્યે પોતે પૈસા લાવી આપશે એમ કહી અમારામાંના બે કાર્યકરોને પોતાને પક્ષે લઈ લીધા. આથી મારી સામે ઓર આંધિ વધી ગઈ. ઉપરાંત 'ત્રિશલાનંદન મહાવીર' પુસ્તકના પ્રકાશને બળતામાં ઘી હોમ્યું. પછી શું બાકી રહે! છતાં ન તો એ ઠરાવ સામે અન્ય કોઈએ વિરોધ પોકાર્યો કે ન જૈન સંઘે જાહેરાત કરી. તેમજ ન મારા સિવાય કોઈની પણ સામે કોઈએ એક હરફ ઉચ્ચાર્યો. કારણકે બીજા તો 'સાપની સામે સાપના લબકારા' જેવા હતા. વળી એમની પાસે તો જૂથ પણ હતું, અને ધનસંપત્તિ પણ હતી. નબળો માત્ર હું—પૈસે તેમ જ માણસે, કારણકે મારા કુટુંબમાં મારું એકલાનું જ ઘર. આમ હું નિર્બળ હોઈ નબળાની વહુને સહુ ભાભી કહે એવી વાત બની.

એક વાર પ્રબુદ્ધજીવન'માં 'જૈનો હિંદુઓ જ છે' એવા મારા આવેલા લેખ સામે વિરોધ પોકારવા અચલગચ્છના ઉપાશ્રયે રાત્રે સભા મળી. અને મારા લેખો નહિ લેવા 'પ્રબુદ્ધ જીવન'ને વિનંતિ કરતો ઠરાવ કર્યો. પણ એ પત્ર સાથે મારા સંબંધનું ભાન થતાં 'પ્રબુદ્ધજીવન'ને અટકાવવા માટે એવી વાત વહેતી મૂકી કે આજનું સાહિત્ય વાંચીને જ યુવાનો બગડી જાય છે માટે સાર્વજનિક જેવું ભારતીભૂષણ જૈન વાચનાલય જ બંધ કરવું જોઈએ.

આખી જિંદગી કદી જેઓ આ વાચનાલયના પગથિયે ચડયા જ નહોતા, જેમણે ભાગ્યે જ કોઈ એવું પુસ્તક કે સામયિક સમ ખાવાય હાથમાં લીધું હશે એવા સમયના જૈનસંઘના કાર્યવાહક સભ્યોની કેબિનેટે અભ્યાસી પંડિતોની છટાથી આજના સાહિત્યવાચનથી પ્રજા બગડી જાય છે એવો અભિપ્રાય વ્યકત કરી વાચનાલયનાં દ્વાર જ બંધ કર્યા. જે માંડલે એક સુધારક તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી, ભારતપ્રસિદ્ધ અનેક વિદ્વાનો, પંડિતો જન્માવનાર બનારસ યશોવિજયજી જૈન પાઠશાળાની—હજારોનો ફાળો એકત્ર કરી—માંડલમાં આદ્ય સ્થાપના કરી હતી તથા જે મુનિશ્રી ન્યાયવિજયજી (જૈનદર્શનના પ્રમાણભૂત લેખક), બંગભાષોપદેશિકાના લેખક પંડિત વાડીલાલભાઈ, પ્રોફેસર શાંતિલાલ મણિલાલ, કવિશ્રી પ્રિયકાંત મણિયાર, પ્રખર વકતા ને વિદ્વાન સ્વામી પ્રેમાનંદજી, વેદશાસ્ત્ર વિશારદ શાંતિપ્રસાદજી, તથા આચાર્યશ્રી શાંતિવિજયજી મહારાજ જેવા પ્રતિભાશાળી વિદ્વાનો જન્માવવા માટે ગૌરવ ધરાવે છે એના જ્વલંત ઇતિહાસમાં આ એક શરમજનક પ્રકરણ હતું, પણ હું કંઈ દેવર્ધિગણિ નહોતો કે, એવા લવાદોને ખુશ કરી શકું. એથી જ્યારે મુંબઈથી મારા મિત્ર સારાભાઈ આવી પહોંચ્યા અને એમણે માંડલની પ્રતિષ્ઠા પર આ કાળું ધાબું છે એમ કહી વાચનાલયનાં દ્વાર ખોલવા કાર્યવાહકોને ખખડાવ્યા, એમ નહિ બને તો પોતે તાળાં તોડીને પણ પ્રવેશ કરશે એવો પડકાર કર્યો, ત્યારે જ એના દ્વાર ખુલ્યાં, પણ મારે માટે તો ત્યારથી હૃદયનાં દ્વાર ઘણું ખરું બંધ જ રહેતા આવ્યા છે.

બાદમાં બાલદીક્ષાનો પ્રશ્ન આવ્યો. હું તટસ્થ હતો છતાં

સારાભાઈ પાછળ મારું નામ ગવાયું. પરિણામે એક સાધ્વીજી મહારાજ સુનંદાશ્રીજીના ફરમાનથી મને શાળામાંથી તરત જ તગડી મૂકવાનો નિર્ણય થયો. પણ મંત્રી કે પ્રમુખ કોઈની—મને રજા આપવાની—હિંમત ન ચાલી. બાદ ગયા વર્ષે મંત્રીજીના હુકમથી એક સંદેશ આપવાના નમાલા પ્રશ્નને આગળ કરી કલમ ધ્રૂજી ઊઠે એવા ગંભીર આક્ષેપો, નનામાં પત્રો તથા એ અંગે મહાજનની દુકાન પર પાટિયાં ચડાવી મને ખરા બપોરે તારા બતાવી દેવામાં આવેલા. મને થયેલા સામાજિક ઉપસર્ગોમાં એ મોટામાં મોટો ઉપસર્ગ હતો.

મારા મિત્ર લીલચંદભાઈ અમૃતલાલ કહેતા કે, 'અમારે બચુની બા ખૂબ જીવ બાળે છે કે ગુરુદેવને માથે ભારે વણાઈ રહી છે. પણ તમારી ટાઢક જોઈ મને અત્યંત આશ્ચર્ય થાય છે.' હું જવાબ વાળતો કે, —"ભગવાન શ્રીકૃષ્ણ પર ચોરીનો, ભગવાન બુદ્ધ પર રૂપગર્વિતા વેશ્યાના ખૂનનો, કબીર પર વ્યભિચારનો અને મહાત્મા ગાંધીજી પર મિ. ઝીણા દ્વારા વિશ્વાસઘાત કરી પત્રવ્યવહાર ફોડી નાખવાનો આક્ષેપ આવ્યો હતો. એથી એ મહાપુરુષોનો આત્મા કેટલો કકળ્યો હશે? અને મને પણ કંઈ ઓછું દુઃખ કે મૂંઝવણ નથી. પણ જે માથે આવી પડયું છે એ સહ્યા વિના બીજો ઉપાય પણ શો? હરેક નવવિચારકને આવા પ્રકારના ઓછાવત્તા ઉપસર્ગોમાંથી પસાર થવું જ પડે છે, એટલે એમાં કશું જ નવું નથી."

આમ છતાં મારા મનની નબળાઈ હું જાણું છું અને તે મને ખટકયા કરે છે. ૨૦ વર્ષની ઉંમરે જ બબ્બે માસિકોનું સંપાદન કરવાની શકિત બતાવી હતી એ મારા ચિ. પુત્ર ત્રિલોકના મૃત્યુનો ઘા સહન કરવા જેટલી મનની સ્વસ્થતા હું જાળવી શકયો હતો. એ અમદાવાદથી એક દિવસ ઘેર આવ્યો અને તેની ભાભી સવિતાને રસોઈમાં અમુક ચીજો બનાવવાનું કહી તેના નાનાભાઈ ભરત સાથે તળાવે નહાવા ગયો અને અકસ્માત ડૂબી ગયો. 'પનઘટ' અને 'મારી સ્મશાનયાત્રા' નામના એણે ૨-૪ માસ પર લખેલા લેખોને અનુરૂપ જ એનું મરણ થયું હોઈ કોઈ અગમ-નિગમની એને સૂઝ આવી હશે એવી કલ્પનાથી એના પ્રત્યે વિશેષ ખેંચાણ થયું. મારા ચાર પુત્રોમાં તેના મોટા ભાઈ વાડીલાલ જેટલો જ એ ગૌરવર્ણ અને સુંદર હતો. હૃદય આથી તૂટી રહ્યું હતું. શબને ઘેર લાવવામાં આવ્યું ત્યારે મારી ચિ. પુત્રી ભારતીએ જે કલ્પાંત કર્યું તથા એની ભાભી સવિતાએ 'તમે કહ્યા પ્રમાણે વાનીઓ બનાવી છે તો ઊઠો મારા દિયર! મારા હાથની રસોઈ જમતા જાઓ. શું હવે નહીં જમો? નહીં બોલો? શું મારાથી બસ હવે રિસાઈ ગયા?' કહી જે કરૂણ આક્રંદ મચાવ્યું એથી સહુની આંખોમાંથી શ્રાવણ—ભાદરવો રેલાઈ રહ્યો હતો. આખું ગામ સ્મશાનમાં ઉભરાયું હતું. ઘરે પાછા ફર્યા ત્યારે બપોરના ત્રણ વાગ્યા હતા. ગામ બધું ભૂખ્યું હતું. સહુના દિલમાં અરેરાટ હતો, જેથી કોઈ ઊઠતું નહોતું. આથી મેં મનને સંયમમાં રાખી સંસારની ક્ષણભંગુરતા અને અસારતા પર એક નાનકડું વ્યાખ્યાન આપ્યું અને ધર્મમાં સ્થિર થવાનું કહી સહુને વિખરાઈ જવાની વિનંતિ કરી. અકલ્પ્ય દુઃખને હૃદયમાં સમાવી મનની સમતુલા જાળવી રાખવી એ સેવેલી આધ્યાત્મિકતાનું જ ફળ છે કહી લોકોએ ત્યારે મારી પ્રશંસા કરેલી. પણ જ્યારે બીજી બાજુ અધિનાયકોની સૂચના અનુસાર શાળા, સમાજ કે સંઘની પ્રવૃત્તિઓની જવાબદારી વહન કરવા છતાં પ્રચંડ વિરોધ ઊઠે, મીટીંગ બોલાવવા જેવા નમાલા પ્રશ્નને આગળ કરી શાળામાંથી ડીસ્મીસ કરાવવા જેટલી હદે પગલાં ભરવાની વાતો ચાલે ત્યારે મને ખૂબ સંતાપ થતો. "दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः। 'સુખમાં આસકિત નહીં અને દુઃખમાં સંતાપ નહીં' એ તત્ત્વજ્ઞાન કેટલું પચ્યું છે એનો આ કસોટીકાળ છે તો તું શું એમાં ઉત્તીર્ણ નહીં થઈ શકે? એવા અંતરપ્રશ્નથી મારા મનની નબળાઈ ખટકતી ને હું શરમાઈ ઊઠતો.

આમ છતાં કહેવું પડે છે કે વિચારભેદ તો ઘરમાં પણ રહે છે, અથવા બીજી રીતે કહીએ તો દુઝણી ગાયની લાત પડે તો કદાચ એ લાકડી ખાવાની અધિકારિણી ગણાય, પણ એટલા માટે એને કસાઈખાને ન મોકલાય, આમ છતાં વાતવાતમાં આવા પ્રકારની વૃત્તિનું જે દર્શન થયા કરે છે એ એમ માનવાને પ્રેરે છે છે કે આદિ જંગલી યુગના સંસ્કારોમાંથી હજુ આપણે છૂટયા નથી. અને એથી કહી શકાય કે મનનો સંયમ કરવા રૂપ માનવીય જીવનને અનુરૂપ જીવન જીવવાના અભ્યાસ તરફ આપણે ખાસ પ્રગતિ કરી નથી. આથી આઘાત પ્રત્યાઘાતોના વમળમાં આપણે ઝટ ઘેરાઈ જઈએ છીએ.

ગુજરાતમાં મત્સ્યોદ્યોગનો પ્રશ્ન આવ્યો. આશા હતી કે, કોઈ ને કોઈ ખૂણેથી એ સામે વિરોધ ઉઠશે જ. છતાં કયાંયથી પણ નાનો સરખોયે વિરોધ ન ઉઠયો. આથી હું સમસમી ઊઠયો. જે ભૂમિના અહિંસક વાતાવરણમાંથી વિશ્વને મહાત્મા ગાંધી જેવો ફાલ મળ્યો ને જે આજે પણ નિરામિષાહારની બાબતમાં સમગ્ર વિશ્વમાં ગૌરવ પ્રાપ્ત કરવાનો અધિકાર ધરાવે છે, એ ભૂમિ—જગતનો એક માત્ર પવિત્ર ખૂણો—પણ શું હવે અભડાઈ જશે? અને અરે એમ થશે તો પછી ભવિષ્યના જગતને અહિંસાને માર્ગે વાળવામાં કોણ પ્રેરણા આપશે? કારણ કે જ્યાં માંસાહાર છે ત્યાં અહિંસા સંભવે જ નહીં. આવા વિચારથી પ્રેરાઈ હું જાગ્યો અને નેથી તરત જ અમદાવાદ જવા નીકળ્યો. ન ઓળખું કોઈ મુનિઓને, ન ઓળખું આગેવાન ગણાતા કોઈ શેઠિયાઓને. છતાં અંતરના કોઈ અગમ્ય બળે ધકેલાતો અમદાવાદ પહોંચ્યો. પર્યુષણના દિવસો હતા, જેથી પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં હાજર રહેતો અને જુદા જુદા વ્યાખ્યાતાઓને મળતો. જાણીતા પંડિતો તથા મુનિઓને પણ મળતો, પણ કયાંય આશાનો સૂર દેખાતો નહિ. રાત્રે રોજ જૈન શ્વે. કોન્ફરન્સના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખને મળતો અને આખા દિવસનો અહેવાલ એમને આપતો. એક માત્ર એમનો જ મને સહારો રહેતો અને બીજું માંડલથી મારા મિત્ર શાહ રતિલાલ સૌભાગ્યચંદ આર્થિક મદદ સાથે એ અંગે ઘટતું કરવા ઉત્સાહિત કર્યા કરતા. આથી નિરાશ થયા વિના હું મારું મીશન ચાલુ રાખતો અને કોંગ્રેસ કાર્યકરો, પ્રધાનો, મત્સ્યોદ્યોગ પ્રધાન વગેરેને મળ્યા કરતો. પંતપ્રધાનને મળવા પણ ધક્કા ખાતો, ગૃહપ્રધાનને પણ મળતો અને ત્રણ વખત ગવર્નર સાહેબને પણ બંગલે જઈ આવ્યો. છેવટે શ્રી મોરારજીભાઈ દેસાઈને દિલ્હી પત્ર લખી મુલાકાત માંગેલી અને એમને પણ મળ્યો. આ પ્રશ્નની ચર્ચામાં એમને મેં જણાવ્યું કે, "અહિંસક ગણાતી સરકાર એક તો ઘોર હિંસા કરે અને ઉપરથી અમને માંસાહારી બનાવવાનો પણ વિચાર કરે એ તો ભારે કહેવાય. શું અમે અમારા ધર્મ અને સંસ્કૃતિના વિનાશ માટે આઝાદી માંગી હતી?" તેમણે કહ્યું કે, 'એવું કયાં છે?' મેં કહ્યું કે, જુઓ—' નેશનલ પ્લાનિંગ કમિટીના રીપોર્ટ પાના ૨૩ માં જણાવવામાં આવ્યું છે કે:-
"A change in the peoples' food habits which would have to be preceded by a revolution in religions sentiments, so as to use up the surplus cattle for food."—

—"વધારાના ઢોરના માંસનાં વપરાશ માટે લોકોની ધાર્મિક લાગણીઓમાં પરિવર્તન લાવીને તેમના ખોરાકમાં ફેરફાર કરાવવો જોઈએ." શ્રી મોરારજીભાઈનો પ્રત્યુત્તર એ હતો કે, ધર્મ તો આપણે પાળવાનો છે, બાકી સરકાર તો હરેક વર્ગની હોઈ તેમની માંગણીઓને સંતોષ કરે જ. "તો પછી લોકો આજે દગો, પ્રપંચ, લાંચરૂશ્વત,

કાળા બજાર, જુગાર કે દારૂ પીવાના સ્વતંત્ર અધિકારો માંગે તો સરકાર એમને પણ શું સહાય કરશે?" એઓશ્રી મૌન રહ્યા. એમના જવાબથી મારું કંઈ સમાધાન ન થયું, એથી હું પાછો ફર્યો. ત્યારબાદ આ અંગે એક લેખ તૈયાર કર્યો. પણ કોઈ પણ વર્તમાનપત્રના તંત્રીશ્રીએ એ લેવાની ખુશી ના બતાવી. ઉલટું કોઈએ કહ્યું કે, 'તમે જૈન લાગો છો.' બીજાએ કહ્યું કે, 'ખાવા દોને માછલાં! શા સારું તમે આડા પડો છો?' છેવટે ગુજરાત સમાચારના તંત્રીશ્રીએ એ લેખ લીધો. પ્રાંતિજવાળા શેઠ રતિલાલ કેશવલાલ એ લેખ વાંચી ખુશ થયા અને પોતાને ખર્ચે એની હજાર કોપી કઢાવી લાવી એનો સારો એવો પ્રચાર કર્યો. મારું તો રોજ નવા નવા માણસોને મળવાનું ચાલુ જ હતું. એક ભૂતપૂર્વ પ્રધાને કહ્યું કે, 'મૂકોને હવે છાલ. તમારાં અને મારાં છોકરાં હવે ખાતા થઈ ગયાં છે.' એક વિદ્વાને કહ્યું કે, 'તમારા જૈનોના જ છોકરાં કામા હૉટલ સિવાય બીજે જતાં જ નથી તો પહેલાં એમને સુધારો ને!' એક જૈન મુનિએ પણ આવો જ જવાબ વાળ્યો. મેં કહ્યું કે, "શાથી આપણા છોકરાં એ તરફ વળવા લાગ્યા છે એનો કદી વિચાર કર્યો છે? એ આપણા જ પાપનું ફળ છે. નથી રહ્યાં હવે દેશમાં ચોકખા ઘી—દૂધ—અનાજ. અનાજ મોટે ભાગે પરદેશથી આવે છે. એટલે આપણો ખોરાક જ સત્ત્વહીન બન્યો છે. ઉપરથી જેમાંથી કાંઈક પુરવણી થઈ શકે તેમ છે એવા બટાટા, ગાજર, શકરિયાં, ડુંગળી, લસણ તથા એવી વિટામીનોથી ભરપૂર વસ્તુઓની નાનાં નાનાં બાળકોને પણ બાધા આપવામાં આવે છે. પરિણામે બાળક સત્ત્વહીન—હાડપિંજર બની રહે છે. ડૉકટરની સલાહ લઈએ તો એ કૉડલિવર કે શાર્કલિવર ઑઈલ લેવાની ભલામણ સાથે ક્ષયની પણ બીક બતાવે છે. આમ આપણે જ ઉગતી પેઢીઓને માંસાહાર તરફ વાળવામાં ભાગીદાર બનીએ છીએ, પછી એમાં એનો શો દોષ?' પણ મુનિશ્રીએ મારી વાત ન ગમી. એથી હું ચાલી નીકળ્યો.

મારી સામે આંધિ ચડાવનાર મુનિશ્રી ધર્મસાગરજી અમદાવાદમાં જ છે જાણી એમને ટોણો મારવા ગયો કે, 'બાપજી! ઉપરિઆળમાં તો મારી સામે આંધિ ચડાવી હતી તો પછી મત્સ્યોદ્યોગ જેવા પ્રશ્ન પર ચૂપ કેમ છો? આપ જેવા પણ ડરી ગયા કે શું?' પણ એમણે તો સહેજ પણ અકળાયા વિના કહ્યું કે, 'બેસ, બેસ. તારા જેવો ઉત્સાહી કાર્યકર હોય તો બધું જ થઈ શકે અને પછી અમે કામ કરવા માટે યોજના ઘડી કાઢી. એમણે સૂચવેલાં નામ પ્રમાણે અનેક શેઠિયાઓને તથા મુનિઓને મળ્યો, તેમ જ વૈષ્ણવ, સ્વામીનારાયણ વગેરે પંથના આચાર્યો તથા મઠાધિપતિઓને પણ મળ્યો. સહુએ આમાં સાથ આપવાનું વચન પણ આપ્યું. આ યોજના અનુસાર ડહેલાના ઉપાશ્રયે આગેવાન મુનિઓ, કાર્યકરો તથા ગૃહસ્થોની મીટીંગ બોલાવવામાં આવી અને 'અહિંસક સંસ્કૃતિ રક્ષક સભા' એવા નામે એક બળવાન સમિતિની રચના કરી. એ અંગે પ્રચારકાર્ય પણ આરંભી દીધું. અવારનવાર જાહેર સભાઓ પણ ભરવામાં આવતી. વિજયરામચંદ્રસૂરીશ્વરે પણ એમાં સારો ભાગ ભજવ્યો. આ સમય દરમ્યાન હું ફરી ફરી મત્સ્યોદ્યોગપ્રધાનને મળતો અને 'ભલા થઈ જગતના આ એક પવિત્ર ખૂણાને ન અભડાવવા તમારી આ યોજના અંદરના ભાગમાં ન લાવો તો સારું એવી વિનતિ કર્યા કરતો.' આ બાબત અંગે હું શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈને પણ મળ્યો અને કરેલા પ્રયત્નો જણાવ્યા. તેમણે આ બાબતમાં શું બને છે એ અંગે માહિતી મોકલતા રહેવા સૂચવ્યું. આ પ્રયત્નને પરિણામે હું શેઠજી કેશવલાલ લલ્લુભાઈ, શેઠજી પનાલાલ ઊમાભાઈ, શ્રી ચમનલાલ કડિયા, શ્રી માનકર સાહેબ વગેરે નેતાઓના નિકટના પરિચયમાં આવ્યો. આમ કાર્યમાં પ્રગતિ થતાં છેવટે આગેવાન નાગરિકોની સહીથી પ્રેમાભાઈ હૉલમાં જાહેર સભા બોલાવવામાં આવી. મિલમાલેક શ્રી નંદાજી પ્રમુખસ્થાને હતા. જ્યારે જ્યારે જાહેર સભા બોલાવવામાં આવતી ત્યારે મુનિશ્રી ધર્મસાગરજી મને તરત જ તારથી ખબર આપતા ને મને હાજર રહેવા ખાસ સૂચના આપતા. આથી હું માંડલથી દોડતો આવી પહોંચ્યો હતો.

કેટલાક લેખો તથા પત્રિકાઓ દ્વારા પ્રચાર થયેલો, અનેકની આ અંગે મુલાકાતો પણ લીધેલી તેમ જ આ વિષય પર ઠીક ઠીક વિચાર પણ કર્યો હતો, અને એ માટે ઠીક ઠીક દોડાદોડ પણ કરી હતી, જેથી મારા વીસ મિનિટના વ્યાખ્યાનથી સારી અસર નિર્માણ થઈ. લોકોએ તાળીઓ પાડી મારું નામ જાણવાની માંગણી કરી, જેથી શ્રી ચમનલાલ કડિયાએ ઊભા થઈ મારી ઓળખાણ આપી. અન્ય વકતાઓનાં પણ સુંદર અને પ્રેરક વ્યાખ્યાનો થયાં, પરિણામે જગતના આ એક પવિત્ર ખૂણાને પવિત્ર રાખવાની—ગુજરાતના અંદરના ભાગમાં આ યોજના નહીં લાવવાની—વિનંતિ કરતો ઠરાવ કરી પંતપ્રધાન તથા મત્સ્યોદ્યોગ પ્રધાન પર એ ઠરાવ મોકલી આપવામાં આવ્યો; સાથે શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ તથા શેઠજી અમૃતલાલ હરગોવિંદદાસની બનેલી કમિટીને અહિંસક સમિતિ તરફથી આ અંગે પંતપ્રધાનની મુલાકાત લઈ ઘટતું કરવા વિનંતિ કરતો ઠરાવ પણ પસાર કર્યો. પરિણામે એ બે મહાનુભાવોના પ્રયત્ન અને સમજાવટથી પંતપ્રધાને જાહેરાત કરી કે, જનતાની લાગણીને માન આપી આ યોજના ગુજરાતના અંદરના ભાગમાં દાખલ કરવામાં નહીં આવે. સાથે ગૃહપ્રધાન રસિકભાઈએ પણ લીંબડી ગામથી એનું જ પુનરુચ્ચારણ કર્યું. આમ આ પ્રશ્નનો કંઈક સફળ અંત આવ્યો જાણી મને તથા મુનિશ્રી ધર્મસાગરજીને ખૂબ સંતોષ થયો અને અમે નિકટના સ્નેહ સંબંધમાં આવ્યા. મને પણ એ બહાદુર મુનિ માટે માન પેદા થયું.

આમ ગુજરાતની સંસ્કૃતિની રક્ષા માટે કરેલા પ્રયત્નને પરિણામે મારી સામે જામેલું વાતાવરતણ ઠીક ઠીક દૂર થવા લાગ્યું છે. મુનિશ્રી ધર્મસાગરજી ઉપરાંત અન્ય મુનિઓ પણ કુશળસમાચાર પૂછી આદર બતાવવા લાગ્યા છે, એટલું જ નહીં પણ, શ્રી ચમનલાલ કડિયા જેમણે મારા પુસ્તક અંગે વિરોધ જન્માવેલો અને દેવદ્રવ્યના પ્રશ્ન અંગે તો મારા ગામમાં પણ મોટી હોળી સળગાવેલી એમને જ્યારે હું મળવા જાઉં છું ત્યારે તેઓ ગાદી પર બેઠેલા હોય તો તરત જ ઉભા થઈ આગ્રહપૂર્વક મને ઉપર બેસાડે છે અને પોતે નીચે બેસે છે. હું કહું કે, 'ચમનભાઈ! હું તો એક સામાન્ય શિક્ષક છું' તો કહે કે, 'તમે ગમે તે હો...મારે મન તો તમે ગુજરાતની અહિંસક સંસ્કૃતિની રક્ષા માટે પ્રથમ અવાજ કરનાર અને અમને બધાને જગાડનાર એક ધર્મવીર આત્મા છો અને તેથી મારે મન તમારી મોટી કિંમત છે. જો તમે અમને ઢંઢોળીને જગાડયા ન હોત તો અમે હજુ કદાચ જાગ્યા જ ન હોત. ખરેખર ગુજરાત આ અંગે તમારૂં ભારે ઋણી રહેશે.' આ શબ્દો સાંભળી મારૂં હૃદય ભીનું થઈ જાય છે અને આમ એમનો સ્નેહ અને કદરદાનવૃત્તિ જોઈ ભૂતકાળમાં એમના પ્રત્યે સેવેલા વિચારો માટે મને શરમ ઉદ્‌ભવે છે. એ ગમે તેવા હોય છતાં વ્યવહારિક બુદ્ધિ અને વિચક્ષણતા માટે માન ઉપજે એવી એમનામાં શકિત ભરી પડી છે. આમ છતાં અમારી વચ્ચે વિચારભેદ નથી એમ નથી, પણ મતભેદ હળવો થયો છે. આમ જો મતભેદ ટળે તો એકબીજાના વિચારને સમજવાની ઉદારતા અને સહિષ્ણુતા કેળવાય. પરિણામે એક બીજાને સમજી નજીક આવવાની પરિસ્થિતિ નિર્માણ થાય તો સમાજહિતના સાચાં કાર્યો પણ થઈ શકે.

વર્ષોના ગાળા પછી આજે એ હવા છે કે જેમણે જેમણે મારો સખ્ત વિરોધ કરેલો એ મુનિશ્રી ધર્મસાગરજી, ચમનલાલ કડિયા, 'જૈન સિદ્ધાંત'ના તંત્રી શેઠશ્રી નગીનદાસ ગિરધરલાલ, સાધ્વીજી મહારાજ સુનંદાશ્રીજી વગેરેનો ઊંડો સ્નેહ મેળવી શકયો છું. ઉપરાંત માંડલને આંગણેથી પસાર થતા મુનિઓ તેમ જ અત્રે મુંબઈમાં બિરાજતા પૂ. આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરિજી, મુનિશ્રી યશોવિજયજી, મુનિશ્રી જયાનંદજી તથા મુનિશ્રી કીર્તિવિજયજી વગેરેનો પણ ઠીક ઠીક સ્નેહ સંપાદન કરી શક્યો છું. પ્રસિદ્ધ વકતા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી અને પ્રચંડ સાહિત્યસેવક શ્રી ધીરજલાલ ટોકરશી સાથે તો વર્ષોનો ગાઢ સંબંધ છે. આમ સર્વત્ર હું પ્રેમનો જ અનુભવ કરી રહ્યા છું.

ક્રમશ: રતિલાલ મફાભાઈ શાહ

# સંથારો, આત્મહત્યા અને કાયદો

(ગતાંકથી અનુસંધાન)

'સંથારો' એ કાયદા મુજબ આત્મહત્યા છે કે નહીં તે સમજવા 'સંથારો' શું છે અને 'આત્મહત્યા' શું છે તે સમજવું જોઈએ.

આત્મહત્યાની કોઈ વ્યાખ્યા ભારતીય કાયદામાં કરવામાં આવી નથી. બ્રિટન, ફ્રાન્સ, જર્મનીના કે અમેરિકાના કાયદાઓમાં કરવામાં આવી નથી. જ્યારે કોઈ શબ્દની વ્યાખ્યા કાયદામાં ન કરવામાં આવી હોય ત્યારે તે શબ્દની વ્યાખ્યા અધિકૃત શબ્દકોષમાં શું છે તે જોવામાં આવે છે. અગર તો તે શબ્દ કયા અર્થમાં લોકોમાં પ્રચલિત છે અગર સંબંધક ક્ષેત્રમાં પ્રચલિત છે તે જોવામાં આવે છે, અગર તો જ્યાં તે વપરાયો હોય ત્યાં કયા સંદર્ભમાં વપરાયો છે તે વિચારવામાં આવે છે. સામાન્ય રીતે આત્મહત્યાનો અર્થ માણસ પોતાનો જાન પોતે લે તે. એ ઝેર ખાય. ગળે ફાંસો ખાય, ડૂબી મરે ટ્રેન કે મોટર નીચે ઝંપલાવી કચડાઈ મરે, છરી, પીસ્તોલ કે એવા સાધનથી દેહનો ઘાત કરે. ઊંચેથી પડીને મરી જાય, જીભ કચડીને મૃત્યુ પામે--એમ હજારો માણસોએ અનેક રીતે પોતાનો જાન લીધો છે.

બીજી વાત પણ નોંધવા જેવી છે કે, લગભગ દરેક દેશમાં ખુદ ધાર્મિક પરંપરાથી આત્મઘાત કરવો તે 'પાપ' લેખાયું છે. આત્મઘાત કરનારને સાત ભવ આત્મઘાત કરવો પડે છે એવી લોકમાન્યતા છે એટલે કે જેમ અન્ય જીવંત પ્રાણીનો ઘાત કરવો તે ગુનો છે અગર પાપ છે તેમ પોતાનો જીવ લેવો તે પણ આ માન્યતા મુજબ પાપ છે.

કાયદાએ આ સિદ્ધાંતને સ્વીકાર્યો છે, ને જેમ બીજાનો જાન લેવાના કૃત્યને ખૂનનો ગુનો ગણવામાં આવે છે એમ પોતાનો જાન લેવો તેને કાયદો ગુનો ગણવા ઈચ્છે છે છતાં ગણી શકાતો નથી કારણ કે આત્મઘાતથી મરણને ભેટનાર વ્યકિત ગુનેગાર હોય તો પણ મૃતદેહ સામે કયા ગુના અંગે મુકદમો ચલાવી શકાય? આ વ્યવહારિક મુશ્કેલીને કારણે આત્મઘાત કાયદામાં ગુનો નથી, કારણ કે એવા ગુનેગાર સામે કામ ચલાવવા એક લેખકે કટાક્ષમાં લખ્યું તેમ ફરિયાદી, સાક્ષીઓ, ન્યાયાધિશો તથા વકીલોને સ્વર્ગ યા નરકમાં જવું પડે. પણ પ્રાચીન ગ્રીસમાં આત્મઘાત કરનારનો એક હાથ સજા રૂપે કાપી નાંખવામાં આવતો.

નૈતિક, ધાર્મિક અને કાયદાની દ્રષ્ટિએ આત્મઘાત કે આત્મહત્યા ધૃણિત, ગુન્હાહિત અને તિરસ્કૃત વસ્તુ છે. દરેક દેશમાં પ્રાચીન કાળથી એનો સ્વીકાર થયો છે, તો કાયદા મુજબ આત્મહત્યા કોને કહેવાય?

ભારતનો કાયદો મુખ્યત્વે ઈંગ્લેન્ડનાં કાયદાઓ તથા તેની પછવાડે રહેલાં સિદ્ધાંતોનાં આધારે રચાયો છે. એટલે ભારતનાં કાયદાઓને અર્થ કરવાનો પ્રસંગ આવે છે ત્યારે તેવા જ શબ્દો કે વાકયોનો ઈંગ્લેન્ડની અદાલતોએ શો અર્થ કર્યો હતો તે તપાસવામાં આવે છે. મુખ્યત્ત્વે તેનો તેનો આધાર લેવાય છે.

આજથી લગભગ એકસો વીશ વર્ષ પહેલાં ઈંગ્લેન્ડની સર્વોચ્ચ અદાલત સમક્ષ બે મહત્ત્વનાં મુકદમામાં "આત્મઘાત એટલે શું" એવો સવાલ ઉપસ્થિત થયો હતો. ત્રણ ચાર વર્ષને અંતરે ચાલેલા આ મુકદમાઓમાં આ સવાલ કેવી રીતે ઉભો થયો તે જોઈએ.

એક વ્યકિતએ પોતાનો વીમો ઉતરાવ્યો. વીમો ઉતરાવ્યા પછી અમુક વખતે તેણે થેમ્સ નદીનાં પુલ ઉપરથી નદીમાં ઝંપલાવ્યું ને ડૂબીને મૃત્યુ પામ્યો. તેની વીમાની પોલીસીની રકમ માટે જ્યારે દાવો કરવામાં આવ્યો ત્યારે વીમા કંપનીએ બચાવ કર્યો કે અમારી પોલીસીમાં એક શરત છે કે જો માણસ પોતાને હાથે મરણ પામે (dies by his own hands) તો તેને વીમાની રકમ ન મળે. વાદી તરફથી એવી દલીલ કરવામાં આવી કે જ્યારે આ માણસે નદીમાં ભૂસ્કો માર્યો ત્યારે તે ગાંડો (insane) હતો ને તેથી તેણે સમજપૂર્વક આપઘાત કર્યો ન હતો. તેથી પોલીસીની શરત લાગુ પડતી ન હતી.

બીજાં એવા જ કિસ્સામાં વીમાની પોલીસીમાં લખ્યું હતું કે, જો માણસ આત્મહત્યા કરે (Commits suicide) તો વીમાની રકમ તેને ન મળે. આ કિસ્સામાં માણસે સલ્ફ્યુરીક એસિડ લીધું હતું ને મરણ પામ્યો હતો. પણ તેમાં પણ એવો બચાવ કરવામાં આવ્યો કે માણસ દીવાનો હતો ને એ હાલતમાં એસિડ પી ગયો હતો. તેથી એને વીમાની પોલીસીની શરત લાગુ પડે નહીં.

બન્ને કિસ્સામાં જ્યુરીએ ઠરાવ્યું કે એક માણસ પુલ પરથી કૂદીને મરણ પામ્યો, ને બીજો એસિડ પીને મરણ પામ્યો. બન્ને દીવાના હતા, પણ પ્રથમ માણસ પોતે શું કરતો હતો તે સમજતો હતો, એટલે કે તે મૃત્યુ પામવાના ઈરાદાથી જ કુદી પડયો હતો.

પ્રથમ કિસ્સો અપીલ કોર્ટમાં આવ્યો ત્યારે ચાર ન્યાયાધીશોમાંથી ત્રણનો મત એવો પડયો કે આ વીમાની પોલીસીમાં "dies by his own hands" એવા શબ્દો હોઈને જે રીતે માણસ મરણ પામ્યો તેને લાગુ પડતા હતા, ભલે માણસે દિવાનાપણામાં તે કૃત્ય કર્યું હોય. બીજા કિસ્સામાં સાત ન્યાયાધીશોની બેન્ચનાં પાંચ ન્યાયાધીશોએ ઠરાવ્યું કે commits suicide ની શબ્દરચનામાં આ માણસનું કૃત્ય આવી જતું હતું. પછી ભલે તેણે દિવાનાપણામાં તે કૃત્ય કર્યું હોય. બે ન્યાયાધીશોનો મત તેથી વિરુધ હતો.

વાદી તરફથી એવી દલીલ કરવામાં આવી કે, માણસ મોટી રકમનો વીમો ઉતરાવે ને પછી પોતાના કુટુંબને સારી રકમ મળી જાય તે હેતુથી આત્મઘાત કરે તો કંપની ઉપર એક જાતનો દગો કર્યો કહેવાય ને તેથી કંપની પૈસા આપવા બંધાએલી નથી એવી શરત કંપની રાખે છે. હવે જો માણસ ગાંડપણમાં પોતાનો જીવ લે તો તે કંપનીએ જે હેતુથી શરત મૂકી છે તે હેતુ સાબિત થતો નથી, એટલે આ શરત લાગુ પડે નહીં.

વળી બીજી પોલીસીમાં શબ્દો જુદા હતા. ધારો કે માણસ રીવોલ્વર સાફ કરતાં ગોળીથી માર્યો ગયો કે ભૂલથી સાચી દવાને બદલે ઝેરી દવા પી ગયો તો તે પોતાને હાથે મર્યો એમ કહેવાય, છતાં પોલીસીમાં જે હેતુથી એ શરત હતી તે શરત લાગુ પડે નહીં.

આ બન્ને કિસ્સામાં આત્મઘાત શું કહેવાય અને પોલીસીમાં એ શબ્દ વપરાયો તેનો અર્થ શું તે વિષે અગીઆર વિદ્વાન ન્યાયાધીશોએ જે બુદ્ધિ તથા તર્કયુકત દલીલો કરી છે તથા ગ્રીક અને રોમન કાળથી સાહિત્ય અને કાયદામાં આત્મઘાત શું તેની છણાવટ કરી છે તે જેને બૌદ્ધિક તર્કશુદ્ધ દલીલોમાં રસ હોય તેને ખૂબ જ રસભર્યું વાંચન પૂરું પાડે છે. આ ચૂકાદાઓમાં કાયદાની દષ્ટિએ આત્મઘાત, Suicide શું તે આ શબ્દોમાં વર્ણવવામાં આવ્યું છે.

Died by his own voluntary act being then able to distinguish between right & wrong and to appreciate the nature and quality of act thta he was doing so as to be responsible moral agent."

આ આખી વ્યાખ્યામાં Responsible moral agent, એટલે નૈતિક રીતે જવાબદાર એ શબ્દો ઉપર આ ચૂકાદાઓમાં ભાર મૂકવામાં આવ્યો હતો. એનો અર્થ એ હતો કે આત્મઘાત કરવો એ નૈતિક રીતે તિરસ્કારયોગ્ય કૃત્ય છે અને તે કૃત્યની પછવાડે હિંસાની ભાવના રહેલી છે.

ભારતીય દંડસંહિતા (પીનલ કોડ) માં આત્મઘાત ગુનો નથી, પણ તેમાં મદદ કરવી તે ગુનો છે. આ કલમો સવાસો વર્ષથી અમલમાં છે તે દરમ્યાન ભારતમાં અનેક સંથારા થઈ ગયા, સમાધિઓ પણ લેવાઈ ગઈ, પરંતુ પોલીસ કે રાજ્ય સત્તાએ આ કલમો આવા વર્તનને લાગુ પડે છે એવું આજ સુધી વિચાર્યું નથી. ને એ દષ્ટિએ ભારતીય દંડ સંહિતામાં પણ આત્મઘાત એ તત્કાળ હિંસક (Violent) રીતે સ્વજાન લેવાના કૃત્યને લાગુ પડે એવી જ ગણતરી હતી.

તો જૈન ધર્મ અનુસાર સંથારો એ શું છે? એની વિસ્તૃત ચર્ચા કર્યા વિના સંથારા વિષે અધિકૃત વ્યકિતઓએ જે લખ્યું છે કે કહ્યું છે તેનાં અવતરણો જ યોગ્ય થઈ પડશે.

પંડિત દલસુખભાઈ માલવણીઆએ લખ્યું છે કે:

**"સંથારામાં મૃત્યુ કે જીવન એ બેમાંથી કશાની જ ઈચ્છા નથી. જ્યારે આત્માને એમ લાગે કે આત્મગુણોના વિકાસ શરીરની મમતા જેને કારણે બાહ્ય વસ્તુઓમાં પણ મમતા થાય છે તે બાધક છે, ત્યારે ક્રમે કરીને તે મમતાનો હ્રાસ કરે છે અને નિર્મળ ભાવ કે વીતરાગ ભાવ કે ઉપેક્ષાભાવને કેળવે છે. આવા ઉપેક્ષા ભાવની અનિવાર્ય શર્ત રૂપે બાહ્ય વસ્તુઓ સાથેનો સંપર્ક ક્રમે કરીને ઓછો કરે છે અને તેજ ક્રમમાં તે પ્રત્યે ઉપેક્ષા સેવતો થાય છે. પરિણામે શરીર ક્ષીણ થઈ મૃત્યુ પામે છે. સામાન્ય રીતે સાધકને એમ લાગે કે મારી સાધનામાં શરીર સાધક બનવાને બદલે બાધક બને છે ત્યારે જ તે સંથારો સ્વીકારી શકે છે તે પહેલાં નહિ."**

શ્રી ધર્મ પ્રિયે સંથારા વિષે આ પ્રમાણે લખ્યું છે:

"જ્યારે કોઈને પોતાનું આયુષ્ય પૂરું થવા આવ્યું છે એમ

જાણવામાં આવે ત્યારે દેહ કે જે છોડવાનો છે તેના પ્રત્યેના મમત્વનો ત્યાગ કરી પંડિત મરણને પામવા માટે અણશણતપ આદરે છે. આ સંથારો કરવા ઈચ્છનાર પોતાની જગ્યા નક્કી કરી પર્યંકાદિક આસને બેસી નમો ત્થુણમનો પાઠ ભણી નમસ્કાર કરે છે તે પછી નીચે પ્રમાણે પ્રતિજ્ઞા કરે છે :—

'સર્વ પ્રાણીની હિંસાને ત્યાગું છું. સર્વ પ્રકારના અસત્યનો ત્યાગ કરું છું. સર્વ પ્રકારની ચોરીનો ત્યાગ કરું છું. સર્વ પ્રકારનો પરિગ્રહ, ક્રોધ, માન, , માયા, લોભનો ત્યાગ કરું છું. ખોટી શ્રદ્ધા રૂપ શલ્યનો તથા ન કરવા યોગ્ય વ્યાપારનો ત્યાગ કરું છું અને આ બધી વસ્તુઓ જીવું ત્યાં સુધી મન, વચન, કાયાના યોગે કરી કરૂં નહિ, કરાવું નહિ અને કરતો હોય તેને સારું પણ જાણું નહિ.'

આમ અઢારે પાપનાં સ્થાનકોનો ત્યાગ કરી, જીવે ત્યાં સુધી ચારે આહારના ત્રણ કારણ અને ત્રણ યોગે કરી પ્રત્યાખ્યાન કરે છે. ત્યાર પછી પોતાના શરીરને વોસિરાવતાં કહે છે કે :—

'આ શરીર જેને મેં અત્યાર સુધી વહાલું, ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, અત્યંત વહાલું, ધૈર્ય તથા વિશ્વાસનું ઉપજાવનાર માન્યું છે. ઉપકરણ અને રત્નના કરંડીયા સમાન માન્યું, તેને માટે રખે મને ઠંડી લાગે, તાપ લાગે, ક્ષુધા લાગે, તૃષા લાગે, રખે મને સર્પાદિક કરડે, રખે ચોર લઈ જાય, ડાંસ કરડે, મચ્છર કરડે, વ્યાધિ થાય, પિત્ત થાય, સળેખમ કે સન્નિપાત થાય, રખે કોઈ રોગ થાય, પરિગ્રહ કે ઉપસર્ગ સ્પર્શે એવી જાતના ભય સેવતા એવા આ શરીરને પણ છેલ્લા શ્વાસ કે કે નિશ્વાસ સુધી વોસિરાવું છું અને કાળને (મોતને) ન ઈચ્છતો વિચરૂં છું."

પંડિત સુખલાલજીને સંથારા વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે જે ઉત્તર આપ્યો કહેવાય છે તે "જૈન" પત્રના અગ્રલેખમાં આ પ્રમાણે રજુ થયો છેઃ—

"કષાયનો અંત આણવા માટે તેમને નભાવવા અને તેમની પુષ્ટિનાં કારણો ઘટાડવાપૂર્વક તેમને પાતળા કરવા તે "સંલેખના". આ સંલેખનાનું વ્રત ચાલુ શરીરનો અંત આવે ત્યાં સુધી લેવાનું હોવાથી, તે 'મરણાંતિક સંલેખના' કહેવાય છે. એવું સંલેખના વ્રત ગૃહસ્થો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકારી, તેને સંપૂર્ણ પાળે છે, તેથી જ ગૃહસ્થને એ વ્રતના આરાધક કહ્યા છે.

"પ્ર૦—સંલેખના વ્રત લેનાર અનશન આદિ દ્વારા શરીરનો અંત આણે એ તો આત્મવધ થયો અને આત્મવધ એ સ્વહિંસા જ છે, તો પછી એને વ્રત તરીકે ત્યાગ ધર્મમાં સ્થાન આપવું કેવી રીતે યોગ્ય ગણાય ?

"ઉ૦—દેખીતું દુઃખ હોય કે દેખીતો પ્રાણનાશ હોય તેટલા માત્રથી તે હિંસાની કોટિમાં નથી આવતાં. યથાર્થ હિંસાનું સ્વરૂપ રાગ, દ્વેષ અને મોહની વૃત્તિથી ઘડાય છે, સંલેખના વ્રતમાં પ્રાણનો નાશ છે ખરો, પણ તે રાગ, દ્વેષ કે મોહથી ન થતો હોવાને લીધે હિંસા કોટિમાં આવતો નથી; ઊલટું નિર્મોહપણું અને વીતરાગપણું કેળવવાની ભાવનામાંથી એ વ્રત જન્મે છે અને એ ભાવનાની સિદ્ધિના પ્રયત્નને લીધે જ એ વ્રત પૂર્ણ થાય છે, તેથી તે હિંસા નહિ પણ શુભ ધ્યાન કે શુદ્ધ ધ્યાનની કોટિમાં મૂકવા લાયક હોઈ, ત્યાગધર્મમાં સ્થાન પામ્યું છે."

'સંથારા' ની સાથે જ 'સમાધિ'નો ઉલ્લેખ પણ ઉપયોગી થઈ પડશે હિંદુ ધર્મમાં 'સમાધિ' લેવાય છે તેને 'જીવતા સમાધિ' તરીકે લોકો ઓળખે છે, પણ તેની અસલ કલ્પના એવી છે કે, માણસ પદ્માસન વાળી, પ્રાણાયમ કરી અને પ્રાણવાયુને બ્રહ્મરંધ્રમાં સ્થિર કરી દે કે જેથી તે દુનિયાના અસ્તિત્વનું ભાન ભૂલીને બ્રહ્મમાં લીન બને ત્યારે તેના સમાધિસ્થ સ્થાને સમાધિ ગણી છે, પણ તેમાં દેહ સમાધિને કારણે નહી પણ પ્રાણને પ્રાણાયમ દ્વારા બ્રહ્મરંધ્રમાં ચડાવી દઈને એમાં સ્થિર થવાથી થાય છે. અન્ય ધર્મોમાં પણ જીવન સ્વાર્પણ કરવાની પ્રણાલિકાઓ છે.

આ હકીકતો લક્ષમાં લઈએ તો કાયદાએ જે આત્મઘાતને ગુનો ગણ્યો છે તેવો 'સંથારો' એ કાયદા મુજબ ગુનો નથી. અલબત્ત 'સંથારો' જૈન ધર્મે જે રીતે કલ્પ્યો છે અને જે શરતો મૂકી છે તે પ્રકારનો ઉચ્ચ કક્ષાનો હોવો જોઈએ. દેહ પડે ત્યાં સુધી માત્ર ઉપવાસ કરવા તેને જ સંથારો કહી શકાય નહીં. મૂળ ધર્મની પ્રણાલિકાને સિદ્ધાંતોને અનુસરનાર તે હોવો જોઈએ.

આ રીતે સંથારા ને કાયદાનો વિચાર કર્યા પછી તેને અંગે એક મુદ્દો પણ ચર્ચવા જેવો છે. ધારો કે, રાજ્ય 'સંથારા' કે 'સમાધિ' માં હસ્તક્ષેપ કરે તો તે ધર્મમાં વિક્ષેપ કર્યો કહેવાય કે નહીં?

ભારતનું બંધારણ અસ્તિત્વમાં ન હતું ત્યારે ભારતના કાયદાઓ બ્રિટનની પાર્લામેન્ટે આપેલી સત્તાની રૂએ ભારતીય ધારાસભાઓ કરતી. પણ તે વખતે બંધારણમાં છે તેવી કોઈ બાંહેધરીઓ હતી નહી. ભારતીય બંધારણે તેની ૨૫ તથા ૨૬ આર્ટીકલ્સમાં ધાર્મિક સ્વતંત્રતા અંગે 'શરતી' બાંહેધરીઓ આપી છે અને જે કોઈ કાયદો પછી તે બંધારણ ઘડાયાં પહેલાં અમલમાં હોય કે પછી ઘડાયો હોય તે જો એ બાંહેધરીઓનો ભંગ કરે તો ગેરકાયદેસર ગણાય છે. બંધારણ કાયદો ને ધર્મ એ સમગ્ર વિષય ઘણો વિશાળ છે. તે સ્વતંત્ર લેખ માગી લે તેવો છે પણ અહીં ટૂંકો નિર્દેશ પૂરતો છે.

૨૫ મી આર્ટીકલમાં ઠરાવ્યું છે કે ભારતમાં વસતી દરેક વ્યકિતને (શબ્દ વ્યકિત છે—નાગરિક નહીં—એટલે કે નાગરિક ન હોય તેને પણ આ રક્ષણ મળે છે) મુકતપણે કોઈ પણ ધર્મ માનવાનો, આચરવાનો તથા પ્રચાર કરવાનો હક્ક છે, પણ આ સ્વતંત્રતા ત્રણ શબ્દોથી મર્યાદિત બતાવવામાં આવી છે. તે શબ્દો છે subject to public order, morality and health એટલે જાહેર વ્યવસ્થા, નીતિ તથા તંદુરસ્તીના ત્રિવિધ હેતુઓ માટે ધર્મ કે ધર્મના અચરણો ઉપર મર્યાદાઓ કે પ્રતિબંધ મૂકી શકાય છે. માન્યતાઓ પર કાયદાનો કાબૂ અશક્ય છે, પણ માન્યતાઓને વ્યકત કરતાં આચરણો પર તે લાદી શકાય છે. અસ્પૃશ્યતા નિવારણ, છૂટાછેડા, વિધવા વિવાહ, સતી થવાનો રિવાજ અને જાહેરમાં ધાર્મિક માન્યતા પ્રમાણે પશુવધની મનાઈ, પશુ બલિની મનાઈ વિ. અનેક દષ્ટાંતો આપી શકાય કે જેણે કહેવાતા ધાર્મિક રિવાજો પર અંકુશ કે પ્રતિબંધ મૂકેલ છે.

અમેરિકા, ફ્રાન્સ, જર્મની, ઓસ્ટ્રેલિયા આયર્લેન્ડ વ. દરેક દેશોના બંધારણમાં ધાર્મિક માન્યતાઓ વિષે આવી સ્વતંત્રતા છે. રશિયન બંધારણની જોગવાઈ જરા જુદી છે. તેમાં એમ ઠરાવ્યું છે કે દરેક નાગરિકને ધર્મ અનુસરવાનો તથા ધર્મવિરોધી પ્રચાર કરવાનો સંપૂર્ણ હક્ક છે. એમ બન્ને વસ્તુ સાથે રાખી છે. ભારતનાં બંધારણની શબ્દરચના આર્યર્લેંડનાં બંધારણને અનુસરે છે.

પણ આત્મહત્યાની માફક 'ધર્મ' એટલે શું તેની કોઈ વ્યાખ્યા કરવામાં આવી નથી. અમેરિકા, ઓસ્ટ્રેલિયા તથા ભારતની સુપ્રીમ કોર્ટે ધર્મનો અર્થ સમજાવવા પ્રયત્ન કર્યો છે. તેમાં ભારતની સુપ્રિમ કોર્ટે તેનો અર્થ ઘણો વ્યાપક કર્યો છે ને ધર્મમાં માત્ર સિદ્ધાંતો જ નહીં પણ ધર્મે ફરમાવેલાં ક્રિયાકાંડો ને પૂજન અર્ચનની પદ્ધતિઓનો પણ સમાવેશ કર્યો છે.

એટલે તો 'સંથારો' કે 'સમાધિ' જે 'ત્રિવિધ' મર્યાદાઓ છે તેમાં ન આવી જાય તો તેના પરનું કાયદાનું નિયંત્રણ બંધારણ વિરુદ્ધ ગણાય. ને આવી જાય તો બંધારણપુરઃસર ગણાય.

**કેશવલાલ મ. શાહ**

સમાપ્ત

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૬૨, રવિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ❊ મૂર્ખાઈની પરાકાષ્ઠા ❊

[શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૨-૯-૬૨ ના રોજ પ્રખર ચિન્તક અને લોકપ્રિય વાચક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે 'મૂર્ખાઈની પરાકાષ્ટા' એ વિષય ઉપર વિવિધ માહિતીઓથી સમૃદ્ધ અને વિચારપ્રેરક એવું એક ભવ્ય પ્રવચન કર્યું હતું. વ્યાખ્યાનવિષય જેવો કુતૂહલપ્રેરક હતો તેવું મર્મસ્પર્શી સંવેદનો જાગૃત કરતું—અસ્ખલિત ધારાએ વહી રહેલું—તેમનું સચોટ તેમ જ વિશદ વિવેચન હતું, જે સાંભળીને ભારતીય વિદ્યાભવનના થીએટરમાં એકત્ર થયેલાં સંખ્યાબંધ ભાઈ બહેનો અત્યન્ત પ્રભાવિત બન્યાં હતાં. તે પ્રવચન પ્રબુદ્ધ જીવનના વાચકોને સુલભ કરતાં આનંદ અનુભવાય છે. તંત્રી]

### માનવજાતના ઈતિહાસનો બોધપાઠ

આજના વિષયનું મથાળું જરા કુતૂહલપ્રેરક છે. આમ છતાં જે 'મૂર્ખાઈની પરાકાષ્ટા' વિષે હું તમને કહેવા માગું છું તે મૂર્ખાઈ એકાદ સામાન્ય વ્યકિતની નથી; પરંતુ આપણી સૌની છે અને એવી વ્યકિતઓએ સર્જી છે — જે સત્તાના સર્વોચ્ચ શિખરે બિરાજી રહેલ છે. આ માર્ગેથી વખતસર પાછા નહિ વળીએ તો માનવતાના બધાં મૂલ્યોને ઉવેખીને, માનવજાતનો સર્વવિનાશ આણવાના તબકકામાં આપણે પહોંચી જઈશું.

બર્ટ્રાન્ડ રસેલે માનવજાતનો ઈતિહાસ - આદિથી અંત સુધીનો - એક વાકયમાં આપ્યો છે. તેમણે કહ્યું છે કે આદિ માનવો - આદમ અને ઈવે જ્ઞાનનું ફળ ચાખ્યું ત્યારથી કોઈ પણ મૂર્ખાઈ એવી નથી કે જે માનવે કરી નથી. હવે તેની પરાકાષ્ટા થાય છે.

બર્ટ્રાન્ડ રસેલનું આ કથન બહુ જ અભ્યાસપૂર્વક ઉચ્ચારાયેલું છે. આ કથન ઉચ્ચારીને તેણે માનવજાતને પ્રશ્ન પૂછયો છે કે 'શું માનવ આ મૂર્ખાઈની પરાકાષ્ટામાંથી પાછો ન વળી શકે? માનવજાતના અંધકારમય ભાવિને ઉજજવળતામાં ન ફેરવી શકે?'

### આધ્યાત્મિક મૂલ્યો ધૂળમાં મળી જવાનો ઉદભવેલો ભય

મૂર્ખાઈની પરાકાષ્ટા વિષય પર આટલા પ્રાસંગિક વિવેચન બાદ આ મૂર્ખાઈ કઈ છે તેનું આપણે અવલોકન કરીએ. છાપાઓમાં આ બાબત આપણને અવારનવાર વાંચવા મળે છે, એટલે તે નવીન વસ્તુ નથી, છતાં તેની ભયંકરતાનો અભ્યાસ કરશો તો તમો તાજુબ થઈ જશો. આ મૂર્ખાઈ છે 'આણુશસ્ત્રોનું સર્જન'. આ આણુશસ્ત્રોની વિનાશક શકિત કેટલી છે? દુનિયામાં ડાહ્યા ગણાતા માણસોનો મોટો ભાગ વિવેકશકિત ગુમાવી બેઠો છે, પરંતુ વિનોબા ભાવે અને બર્ટ્રાન્ડ રસેલ જેવા થોડા ડાહ્યા માણસો રહ્યા છે તેઓ દુનિયાના ભાવિ અંગે સતત ચિંતન કરે છે અને પોકારી પોકારીને ચેતવણી આપી રહ્યા છે કે આણુશસ્ત્રોની આ વિનાશક હરીફાઈ - રેઈસ - અટકાવો. જો આ રેઈસને અટકાવવામાં નહિ આવે તો માનવજાતનો અને માનવતાના મૂલ્યોનો વિનાશ સર્જાશે. છેલ્લાં ૫૦૦૦ - ૬૦૦૦ વર્ષમાં માનવજાતિએ ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોનું સર્જન કર્યું છે તે ધૂળમાં મળી જશે.

### મૂર્ખાઈની પરાકાષ્ટા અટકાવવા થઈ રહેલા પ્રયત્નો

આણુશસ્ત્રોના સર્જનની આ હરીફાઈ અટકાવવા માટે પૃથક્ પૃથક્ પ્રયત્નો પણ થઈ રહ્યા છે. તાજેતરમાં દિલ્હીમાં Anti-Nuclear Conference થઈ. તેણે આણુશસ્ત્રોનું સર્જન અટકાવવા માટે આંદોલન શરૂ કરેલ છે. 'World without Bomb' કોન્ફરન્સ આક્રામાં મળી ગઈ. આણુશસ્ત્રોની ભયંકરતા અંગે ઘણું સાહિત્ય પણ પ્રગટ થઈ રહ્યું છે. ભારત સરકારે આણુપ્રયોગો અને તેના પરિણામ અંગે પુસ્તક બહાર પાડયું છે. આ પુસ્તક આ વિષયના નિષ્ણાત ડૉ. કોઠારી અને ડૉ. ભાભાએ તૈયાર કર્યું છે. આ પુસ્તક એટલી સરસ રીતે તૈયાર થયું છે કે, તેને દુનિયાભરમાં આવકાર મળી રહ્યો છે અને પરદેશના પત્રો પણ પ્રસંશાના પુષ્પો વેરી રહ્યા છે. માનચેસ્ટર ગાર્ડીઅને તો પોતાની નોંધમાં એટલે સુધી લખ્યું છે કે બોંબ બનાવનાર કોઈ પણ દેશનો વૈજ્ઞાનિક આટલી નિડરતાથી લખી ન શકત અને આવું લખાણ તેને માટે જોખમકારક ગણાત. આ પુસ્તકમાં આણુ - બોંબની કેટલી ભયંકર અસર થાય છે તે સમજાવવામાં આવેલ છે. આ બધું સાહિત્ય જેટલું મળ્યું તેટલું મેળવીને મેં વાંચ્યું અને તે પરથી મને લાગ્યું કે મહાન દેશના સત્તાના સિંહાસને આરૂઢ થયેલ શાસકોએ મૂર્ખાઈની જે પરાકાષ્ટા સર્જી છે તેને જગતના લોકો પુકારીને અટકાવશે નહિ તો માનવજાતનું ભાવિ અંધકારમય છે.

### માનવજાતના ઉન્નત વિકાસનો ઈતિહાસ

મૂર્ખાઈની આ પરાકાષ્ટા અંગે વધુ વિચાર કરતાં પહેલાં આ પરાકાષ્ટાનું ઉદ્‌ભવસ્થાન શું છે તે પર વિચાર કરીએ. માણસ જન્મે છે ત્યારે બીજા પ્રાણીની સરખામણીમાં તે શારીરિક દષ્ટિએ અપંગ છે. તેનામાં પોતાનું રક્ષણ કરવાની શકિત નથી, જયારે બીજા પ્રાણીમાં તે શકિત જન્મથી જ આવે છે, આમ છતાં માનવ અન્ય પ્રાણીઓ કરતાં ઉત્તમ ગણાય છે તેનું કારણ તેનામાં રહેલી બીજી વિશેષતા છે. માનવમાં કલ્પનાશકિત છે, બુદ્ધિ છે, સ્મૃતિ છે, વાચા અને ભાષા પણ છે. અન્ય પ્રાણીમાં આ શકિત પ્રમાણમાં અલ્પ છે. કબૂતરો વર્ષોથી જે રીતે વર્તે છે તે મુજબ આજે પણ જીવી રહ્યાં છે; સિંહ અનાદિકાળથી એકસરખી રીતે વર્તી રહેલ છે. માનવજાતમાં પોતાના કે પારકા અનુભવ પરથી જીવનમાં પરિવર્તન આણવાની શકિત રહેલી છે; એટલે માનવજાતનો અનુભવનો વારસો વંશપરંપરાગત ઝીલાતો આવ્યો છે; આપણી પાસે ૫૦૦૦ - ૬૦૦૦ વર્ષના માનવજાતના અનુભવનો

વારસો છે. ન્યુટને Law of Gravitation ગુરુત્વાકર્ષણની શોધ કરી ત્યારે તે નવી વસ્તુ હતી, પરંતુ અત્યારે સામાન્ય વિદ્યાથી પણ તે જાણે છે. આ માનવજાતની વિશેષતા છે. આ જ રીતે સાહિત્ય, કલા, સંગીત, વગેરે જીવનના વિવિધ ક્ષેત્રે માનવજાતે ક્રમે ક્રમે સાધેલી પ્રગતિના આપણે વારસદારો છીએ. આપણે ટાગોર અને ટૉલસ્ટૉય, કાલીદાસ અને શેકસપીયરના મહાન વિચારો વાંચી શકીએ છીએ અને સમજી શકીએ છીએ. આ આપણી વિશેષતા છે. વ્યકિતગત રીતે માનવ આધ્યાત્મિકતાના શ્રેષ્ઠ શિખર સુધી પહોંચી શકે છે. આપણા ધર્મગ્રન્થો - રામાયણ, મહાભારત, ગીતા, ઉપનિષદો, ધમ્મપદ આગમો, બાઈબલ, કુરાન વિગેરે--આધ્યાત્મિક ક્ષેત્રની માનવજાતિની પ્રગતિના પુરાવાઓ છે. વ્યાસ, વાલ્મિકિ, બુદ્ધ, મહાવીર, વગેરે મહાપુરુષોએ આ દિશામાં સાધેલી સાધનાનો ઈતિહાસ આપણી નજર સમક્ષ છે, એટલે માનવજાતમાં જે વિશિષ્ટ શકિત છે તે વડે તે વિવિધ સંસ્કૃતિના ઉન્નત શિખરે પણ પહોંચેલ છે, પરંતુ બીજી બાજુ તે વિશિષ્ટ શકિતઓના—મૂર્ખાઈના કારણે થયેલ--દુરૂપયોગમાં માનવજાતનો વિનાશ પણ સર્જાય છે. આ મૂર્ખાઈની પરાકાષ્ટા પણ માનવજાતના ઈતિહાસમાં આ ક્ષેત્રે ક્રમશઃ સધાયેલી પ્રગતિની પારાશીશીરૂપ જ છે.

### માનવીમાં રહેલ અસદ્‌વૃત્તિના વિકાસનો ઈતિહાસ

માનવમાં જેમ મૈત્રી, કરુણા, આદિ સદ્‌વૃત્તિ રહેલી છે તેમ લોભ, ક્રૂરતા, સત્તા આદિ અસદ્‌વૃત્તિ પણ રહેલી છે. પરિણામે માનવજાત પરસ્પર ઝગડતી આવી છે. તેની શરૂઆત બહુ જ નાના પ્રમાણમાં થવા પામી. માનવજાત પ્રથમ ઝગડવામાં પથ્થરોનો ઉપયોગ કરવા લાગી; પછી બાણ બનાવ્યું અને તે વાપરવા લાગી; ધીમે ધીમે આગળ વધી અને બંદુક બનાવી; પછી મશીનગન બનાવી. જાતિ જાતિના ઝગડામાંથી દેશ દેશના યુદ્ધો થવા લાગ્યાં. આવા બે વિશ્વયુદ્ધો માનવજાત લડી. આમ છતાં આ વિશ્વયુદ્ધોમાં જે વિનાશ સર્જાયો તે મર્યાદિત હતો. થોડા સમયમાં તે વિનાશની અસરમાંથી દેશો ઊભા થઇ શકયા. છેલ્લા વિશ્વયુદ્ધમાં જર્મનીને ઘણું સહન કરવું પડયું, પરંતુ ૧૭ વર્ષના ગાળા બાદ આજે તે પાછું સમૃદ્ધ બની ગયું છે; એટલે અત્યાર સુધી જે યુદ્ધો થયાં અને જે વિનાશક શસ્ત્રો વપરાયાં તેની સંહારક શકિત મર્યાદિત હતી, પરંતુ આજે માનવજાત પાસે એવા વિનાશક શસ્ત્રો તૈયાર થયા છે કે એક જ શસ્ત્ર સારાયે દેશનો વિનાશ સર્જી શકે, એટલું જ નહિ, પરંતુ તેની વિનાશકતાની ભયંકરતા વર્ષો સુધી માનવજાતને ભોગવવી પડે. આ શસ્ત્રો છે આણુબોંબનું અને અન્યશસ્ત્રોનું સર્જન.

### આણુશસ્ત્રોની ભયંકરતા અને વિનાશકતાનું ચિત્ર

૧૯૪૫ ની ૬ ઠ્ઠી ઑગસ્ટે હીરોશીમા પર અને ૯મી ઑગસ્ટે નાગાસાકી પર આણુબોંબ ફેંકાયા ત્યારે તેના પરિણામોથી સારું યે જગત ધ્રુજી ઊઠયું. સવારે માણસો ઉઠીને અને દૈનિક કાર્યક્રમથી પરવારીને કામ પર જઈ રહ્યા હતા, ત્યારે બરાબર ૮—૧૫ મિનિટે આ બોંબ ૨,૦૦૦ ફૂટની ઊંચાઈએથી ફેંકવામાં આવ્યો. આ બોંબે ૭૫,૦૦૦ માણસોનો અર્ધા કલાકમાં સંહાર કર્યો. આ ઉપરાંત હજારો માણસોને દાહ ઉત્પન્ન થયો—જેની પીડાથી અત્યારે પણ તેઓ રીબાઈ રહ્યા છે. બોંબ પડતાં જ ધરતીકંપ જેવો ધડાકો થયો અને તેની ધ્રુજારીથી લાખો મકાનો તારાજ થઈ ગયાં. આખું યે શહેર હીરોશીમા ભસ્મીભૂત થઈ ગયું. આ આણુબોંબ ફાટતાં તેમાંથી જે આગનો ગોળો નીકળે છે તે ૪૦,૦૦૦ ફૂટ ઊંચે જાય છે, તેથી જ બોંબ ફેંકનાર વિમાનીને સૂચના આપવામાં આવી હતી કે તે બોંબ ફેંકીને પાછું વળીને જુએ નહિ અને તરત જ ત્યાંથી પલાયન થઈ જાય. જો તેમાં જરા પણ વિલંબ થાય તો વિમાન અને બોંબ ફેંકનાર જ આ આગના ગોળામાં ભસ્મીભૂત થઈ જાય. આ બોંબની વિનાશક અસર આટલેથી જ અટકી નથી. તેમાંથી રેડીઓ-એકટીવ - કિરણોત્સર્ગી રજકણો - નીકળ્યા. તેની ભાવિ પ્રજા પર જે વિનાશકારી અસર થઈ તે જુદું.

જે માણસે આ બોંબ ફેંકયો તે ઈથરલીને તેના પરિણામની કલ્પના નહોતી, પરંતુ જયારે તેણે તેનાં ભયંકર પરિણામો જાણ્યા ત્યારે તે કંપી ઊઠયો અને તેણે ઘણાં નિવેદનો બહાર પાડી, જગતને ચેતવણી આપી કે માનવજાતને બચવું હોય તો આણુબોંબ બનાવતાં અટકે. તેનાં નિવેદનો વાસ્તવિકતાથી ભરપૂર હતાં. અમેરિકન સરકારે માનસશાસ્ત્રના નિષ્ણાતોને બોલાવીને ઈથરલીના માનસની ચિકિત્સા કરાવી. આ માનસશાસ્ત્રીઓએ જાહેર કર્યું કે ઈથરલી ગાંડો થઈ ગયો છે અને ઈથરલીને ગાંડાની હોસ્પિટલમાં ધકેલી દેવામાં આવ્યો! ઈથરલીને પોતાના કૃત્ય માટે આટલો પસ્તાવો થયો, પરંતુ અમેરિકાના તે વખતના પ્રમુખ ટ્રુમેન, જેમણે આ બોંબના ઉપયોગની આજ્ઞા આપી તેમને તે માટે જરા પણ પસ્તાવો થયો જણાતો નથી. આ આજ્ઞા આપવામાં તેમના મનમાં કાંઈ નૈતિક મનોમંથન થયું હોય તેમ જાણ્યું નથી. બર્ટ્રાન્ડ રસેલે લખ્યું છે કે, જેને પોતાના કૃત્ય માટે પસ્તાવો થયો તે ઈથરલી દુનિયા સમક્ષ ગાંડો ઠર્યો અને જેને પોતાના કૃત્ય માટે જરા પણ પસ્તાવો થયો નથી તે ટ્રુમેન ગાંડા ગણાતા નથી.

હીરોશીમા પર ફેંકાયેલ બોંબે જે વિનાશ સર્જયો તે બોંબ તો અત્યારના બોમ્બોના પ્રમાણમાં ઘણો જ નાનો ગણાય. તે બોંબની એકસપ્લોઝીવ કેપેસીટી ૨૦,૦૦૦ T.N.T. ની હતી. ૧૯૪૫ માં આ બોંબ ફેંકાયો ત્યારે અમેરિકા દેશ જ તે બનાવી જાણતો હતો. મૂળ શરૂઆત જર્મનીએ કરેલી. ૧૯૩૯ થી જર્મનીએ આ બોંબ બનાવવાની શરૂઆત કરી. ત્યાર બાદ અમેરિકાએ પણ આ દિશામાં પગલું ભર્યું. કોણ પ્રથમ આ બોંબ બનાવે છે તેની હરીફાઈ શરૂ થઇ અને પ્રથમ બોંબ બનાવવાનું સદ્‌ભાગ્ય કહો કે દુર્ભાગ્ય અમેરિકાને પ્રાપ્ત થયું.

જ્ઞાન એ કોઈનો ઈજારો નથી. અમેરિકામાં વૈજ્ઞાનિકો છે તેમ દુનિયાભરમાં અનેક વૈજ્ઞાનિકો પડયા છે. ૧૯૪૯ માં રશિયાએ પણ બોંબનો પ્રથમ અખતરો કર્યો. પછી તો હરીફાઈ શરૂ થઈ. અમેરિકાએ આણુબોંબ કરતાં વધુ વિનાશક બોંબ બનાવવા માંડયો અને ૧૯૫૨ માં હાઈડ્રોજન બોંબ અર્થાત મેગેટન બોંબ બનાવ્યો. આ બોંબની વિનાશક શકિત ૧૦ લાખ ટન T.N.T. ને ૧૯૫૨ માં જયારે અમેરિકાએ આ બોંબનો ધડાકો કર્યો ત્યારે તેને થયું કે તેની પાસે હવે એવી શકિત પેદા થઈ છે કે તેનો સામનો કોઈ દેશ કરી શકશે નહિ, પરંતુ રશિયાએ આ અભિમાન ઓગાળી દીધું અને તેણે મલ્ટી—મેગેટન બોંબ તૈયાર કર્યો, જેની શકિત ૨૦, ૩૦, ૪૦, ૫૦ લાખ T.N.T. સુધીની હોઈ શકે છે. છેલ્લા સમાચાર મુજબ રશિયાએ ૪૦ લાખ T.N.T. શકિતવાળો મેગેટન બોંબ તૈયાર કર્યો છે અને ૭૦ લાખ T.N.T. શકિતવાળો મેગેટન બોંબ રશિયા પાસે હોવાનું પણ મનાય છે.

આ સમાચારો આપણે સાંભળીએ છીએ ત્યારે આપણને થાય છે કે, દુનિયાનું શું થવા બેઠું છે? મૂર્ખાઈની આ પરાકાષ્ટા કયાં જઈને અટકશે? ૨૦,૦૦૦ T.N.T. ની શકિતના હીરોશીમા પર ફેંકાયેલા બોંબે સર્જેલ વિનાશના સમાચાર જ સાંભળીને આપણને ધ્રુજારી છૂટે છે ત્યારે ૭૦ લાખ ટન T.N.T. ની શકિતવાળો એક જ મેગેટન બોંબ ફેંકાય તો શું થાય?

### અન્ય વિનાશક શસ્ત્રોની સંહારકશકિતનું ચિત્ર.

મહાન કહેવાતા દેશો મેગેટન બોંબ પેદા કરીને જ અટકયા નથી. આ સિવાય તેઓએ ઘણાં શસ્ત્રો પેદા કર્યા છે—જે પૈકીની

કેટલીક વિગતો બહાર આવી છે અને કેટલાક શસ્ત્રો અંગેની વિગતો તો હજુ ગુપ્ત જ રહેલી છે. આ શસ્ત્રોની ગુપ્તતા જાળવી રાખવા માટે વૈજ્ઞાનિકોને કેદી જેવી સ્થિતિમાં રાખવામાં આવે છે. તેમને બહાર જવા દેવામાં આવતા નથી. આમ છતાં કોઈ કોઈ માહિતી બહાર આવી જાય છે તે પરથી માલુમ પડે છે કે, મહાન દેશો માત્ર મેગેટન બોંબ તૈયાર કરી અટકયા નથી. મેગેટન બોંબ ઉપરાંત તેઓએ કેમીકલ વોરફેર ક્ષેત્રે ઝેરી વાયુ પેદા કર્યો છે, બાયોલોજીકલ વોરફેર ક્ષેત્રે ઝેરી જંતુઓ પેદા કર્યા છે. આ ઉપરાંત પણ બીજા ભયાનક શસ્ત્રો પેદા થયા છે. એવા શસ્ત્રો છે જે ફેંકવા માટે કોઈ માણસને જવું પડતું નથી, પરંતુ તે સ્વયંસંચાલિત શસ્ત્રો છે. તે ધારેલા સ્થળે કલાકના ૧૫,૦૦૦ માઈલની ગતિથી મોકલી શકાય છે. આ શસ્ત્રની અણી ઉપર અણુબોંબ રાખી શકાય છે અને ધારેલે સ્થળે ફેંકી શકાય છે. મોસ્કોથી ન્યૂયોર્ક જતાં આ શસ્ત્રને માત્ર ૨૦ મિનિટ લાગે છે. આ ઉપરાંત પૃથ્વીની પ્રદિક્ષણા કરી શકે તેવા રોકેટોનો ઉપયોગ પણ અણુબોંબ માટે થવાની પૂરી શકયતા છે. તે વડે તો જ્યાં બોંબ ફેંકવો હોય ત્યાં ફેંકી શકાય છે. વળી ઝડપી સબમરીનો બોંબવાહક બની છે અને ઘણી જ ઝડપી ગતિએ અજાણપણે કોઇ પણ દેશમાં પહોંચી બોંબ ફેંકી શકે છે. ૧૦,૦૦૦ મેગેટન બોંબને અમેરિકા પર ફેંકવામાં આવે તો ૯૫ ટકા અમેરિકન વસ્તી નાશ પામે તેવી વિનાશક શકિત આ બોંબની છે. આ બોંબમાંથી રેડીઓ - એકટીવ રજકણો નીકળે તે ૧૦,૦૦૦ માઈલના ફરતા વિસ્તારમાં વિનાશક અસર કરે છે. તે રેડીઓએકટીવ રજકણોની બે પ્રકારે અસર થાય છે: એક તો તાત્કાલિક અસર અને બીજી ધીમી અસર. આ રજકણોની અસરથી ચામડી પર દાહ થવા લાગે છે તે તેની તાત્કાલિક અસર છે અને તેની ધીમી અસર ૫-૧૦-૧૫-૨૦-૨૫ વર્ષે થાય છે. આ રજકણો શરીરમાં દાખલ થાય છે અને ધીમે ધીમે માંસ, મજ્જા લોહી વગેરેમાં પ્રવેશે છે અને ઝેરી અસર પહોંચાડે છે. આ અસર લાખો કરોડો માણસોને થાય. તેના પરિણામે ભવિષ્યની પ્રજા વિકૃત થાય. આ વિકૃતિ કેવા પ્રકારની થશે તે કહેવું મુશ્કેલ છે. પણ ભાવિ પ્રજામાં આંધળાપણું, બહેરાપણું, અવયવોની વિકૃતિ થાય તેવો સંભવ છે, કિરણોત્સર્ગી રજકણો હવા, વાયુ ધરતી, અન્ન, શાકભાજી, ફળો દરેકને દૂષિત કરે છે અને તે શરીરમાં જતાં લાંબા ગાળે કેન્સર વિગેરે દર્દો પેદા કરે છે. આવાં રજકણો સારી દુનિયા ઉપર પડે છે. અવકાશમાં અણુપ્રયોગો થાય છે તેના રજકણો વાયુમાં ખેંચાઈ, દુનિયાના બધા દેશોને નુકસાન પહોંચાડે છે.

અત્યારે જે પ્રયોગો થાય છે તેની વિનાશક અસર દેખાવા લાગી છે. તેને પરિણામે વિકૃત બાળકો ઉત્પન્ન થાય છે; બોંબની રેડીઓ-એકટીવ રજકણની અસરનો ખ્યાલ ૧૯૫૪ માં અમેરિકાએ પ્રયોગ કર્યો ત્યારે આવ્યો, આ પ્રયોગો નિર્જન વસ્તીમાં થાય છે તેમ કહેવાય છે, પરંતુ તેનાં રજકણો તો દૂર દૂર સુધી પહોંચે છે. ૧૯૫૪ માં થયેલ પ્રયોગનાં રજકણો ૮૦ માઈલ દૂર જાપાનના એક કિનારા પર બોટ પર કામ કરતા માછીમારો પર પડયાં. તેમને ઉલટી ઝાડા થયા અને કોલેરા લાગુ પડયો. આમ થવાના કારણની તપાસ કરતાં માલુમ પડયું કે કિરણોત્સર્ગી રજકણોની અસરથી આમ બનવા પામ્યું હતું. જે દિશામાં પવન હોય તે બાજુ આ રજકણો ઉડે છે. અને જ્યારે પવન શાંત થાય ત્યારે જમીન પર ઉતરે છે.; એટલે રેડીઓએકટીવ રજકણોની અસરથી યુદ્ધમાં નહિ માનનાર કે યુદ્ધમાં નહિ લડનાર શાંતિપ્રિય દેશ પણ બાકાત રહી શકે તેમ નથી.

જૈન સાહિત્યમાં બે પ્રકારના કાળ કહ્યા છે: એક ઉત્સર્પિણી કાળ અને બીજો અવસર્પિણી કાળ. એક કાળ ચડતો છે અને બીજો કાળ ઉતરતો છે. અત્યારે ઉતરતા કાળનો પાંચમો આરો જૈન માન્યતા મુજબ ચાલી રહ્યો છે. પાંચમા આરા બાદ છઠ્ઠા-આરાનું વર્ણન અપાયેલ છે. તેનો ચિતાર આપણી પાસે અત્યારથી જ ખડો થઈ રહ્યો છે. આ આરામાં માણસ વેંતીયા થશે, ખાડા ખોદીને રહેશે, ખેતી કરશે નહિ, કંદમૂળ ખાશે અને જીવન ગુજારશે. બાઈબલમાં પણ મોટા પ્રલયનું આવા પ્રકારનું વર્ણન આવે છે. શાસ્ત્રની આ વાત બુદ્ધિવાદી કે તર્કવાદી માનવ માનવા તૈયાર નહિ થાય, પણ આજે વિજ્ઞાન આ કથનને પુરવાર કરી રહ્યું છે અને રેડીઓએકટીવ રજકણ માણસજાત પર તેવી જ અસર કરશે તેમ બતાવે છે.

**આવાં શસ્ત્રોના સમર્થનની દલીલો**

આ બધા શસ્ત્રોની આટલી ભયાનક અસર છે અને દુનિયાનો કોઇ પણ દેશ તેની અસરથી અલિપ્ત રહી શકે તેમ નથી, છતાં આવાં શસ્ત્રો શા માટે ઉત્પન્ન થઇ રહ્યાં છે? એ પ્રશ્ન સ્વાભાવિક થશે. આ શસ્ત્રોનો વિરોધ સર્વત્ર થઈ રહ્યો છે. સમર્થ વૈજ્ઞાનિકોએ વારંવાર નિવેદનો બહાર પાડી આ શસ્ત્રોનો ઉપયોગ નહિ કરવાની પોકારી પોકારીને વિનંતિ કરી હતી. નોબલ પ્રાઇઝ વિજેતા વૈજ્ઞાનિકોએ આ અંગે એક હીલચાલ શરૂ કરી છે અને તેની કોન્ફરન્સ આવતી કાલે જ લંડનમાં છે. આ પ્રખ્યાત વૈજ્ઞાનિકોની વાત કેમ ધ્યાનમાં લેવાતી નથી તે પ્રશ્ન પણ આપણને થશે. 'નેશનલ સીકયોરીટી' (દેશનું રક્ષણ) માટે આ બધી સંહારક શસ્ત્રોની હરીફાઈ થઇ રહી છે. પોતાની જીવનદૃષ્ટિ અને ધોરણ ટકાવી રાખવા માટે આ બધું થાય છે તેમ કહેવાય છે. પશ્ચિમના દેશો સ્વતંત્ર અને લોકશાહી જીવન ટકાવી રાખવા માટે આ બધું થઈ રહ્યાની દલીલો કરે છે, જ્યારે સામ્યવાદી દેશો મૂડીવાદથી બચવા અને આર્થિક સમાનતા લાવવા આ તૈયારી કરે છે તેમ કહે છે. પણ જે શસ્ત્રો વડે માનવજાતનો વિનાશ થતો હોય ત્યાં કોનું અસ્તિત્વ રહી શકશે? આવી સીધી વાત આગેવાનોને ગળે ઉતરતી નથી અને આ દોડધામ વધતી જ જાય છે. કારણ કે એક-બીજાનો અવિશ્વાસ અને ભય એટલો વ્યાપક છે કે એવા વાતાવરણને ભેદી સ્પષ્ટ માર્ગદર્શન મળતું નથી. આજે અમેરિકા અને રશિયા પાસે આ શસ્ત્રો છે. ઈંગ્લાંડ અને ફ્રાન્સ તૈયાર કરે છે. બીજા દેશો તૈયાર કરશે. ભારતે અણુશકિતનો શાંતિમય ઉપયોગ કરવાની પોતાની નીતિ જાહેર કરી છે. આ નીતિ નહેરુની હાજરી છે ત્યાં સુધી તો કદાચ રહેશે, પણ ભવિષ્યની બાંહેધરી કોણ આપી શકે તેમ છે? આ રેઇસ - આ દોડધામ - ચાલુ જ રહેશે અને તેના પર કાબૂ મૂકવામાં નહિ આવે તો તેનું પરિણામ કેવું આવશે તે કલ્પના જ ભયંકર છે.

**વિનાશ અટકાવવાના સૂચિત ઉપાયો**

આ દોડધામ કેમ અટકે? તેનો કાંઈ ઉપાય છે કે નહિ? તે પ્રશ્ન અંગે પણ વિચારણા થઈ રહી છે અને કેટલાક ઉપાયો સૂચવાઈ રહ્યા છે તે ટૂંકામાં કહું છું. આજે ભૌગોલિક દૃષ્ટિએ દુનિયા એક થઈ છે, આજે જ્યારે કલાકના ૧૫,૦૦૦ માઈલની ઝડપે પ્રવાસ કરી શકાય છે ત્યારે દુનિયા ઘણી નાની બની જવા પામી છે. ભૌગોલિક દૃષ્ટિએ દુનિયા એક થવા પામી છે, તેવી રીતે દુનિયાભરમાં એક જ રાજ્ય World - Government હોય તો આ બધા સંહારક શસ્ત્રો પર કાબૂ આવી શકે. સંહારક શસ્ત્રોની હરીફાઈ અટકાવવાનો આ એક ઉપાય સૂચવાયેલ છે. Geographical unity demands political unity. પણ કોઈ રાજ્ય પોતાની સાર્વભૌમ સત્તા છોડવા તૈયાર થશે ખરૂં?

બીજો ઉપાય એ સૂચવાયેલ છે કે, યુનોને મજબૂત બનાવવી અને બધાં અણુશસ્ત્રો તેને સોંપી દેવા. આ સૂચનમાં એ ભય

બતાવાય છે કે, કોઈ દેશ માત્ર પાંચ જ મેગેટન બોંબ પોતાની પાસે રાખે અને બીજા સોંપી દે તો પણ તે પાંચ મેગેટન બોંબ વડે દુનિયાનો સંહાર કોઈ પણ પળે સર્જી શકાય. વળી બોંબ બનાવવાનું જ્ઞાન અને તેનાં સાધનો છે ત્યાં સુધી વિશ્વાસ કેમ પેદા થાય?

ત્રીજો ઉપાય દિલ્હીમાં મળેલ કોન્ફરન્સમાં સૂચવાયો તે છે. બીજા દેશો સંહારક શસ્ત્રો બનાવવાનું છોડી દે કે ન છોડી દે, પરંતુ જેને અહિંસામાં શ્રદ્ધા હોય તેવા દેશો જાહેર કરે કે અમો તો આવાં શસ્ત્રોની બનાવટથી દૂર જ રહીશું. હિંસાનો સામનો અહિંસાથી કરી શકવાની જેનામાં ઊંડી અને ઉજ્જવળ શ્રદ્ધા અને તાકાત હોય તે જ આ વાત કરી શકે. આવી શ્રદ્ધા અને તાકાત હોય તેવી વ્યકિત ભારતમાં કે બીજા કોઈ દેશમાં અત્યારે દેખાતી નથી. એક જ વ્યકિતમાં—પૂ. ગાંધીજીમાં—એવી શ્રદ્ધા હતી, પરંતુ ૧૫ વર્ષના ગાળા દરમ્યાન આપણને જણાઈ આવે છે કે, અહિંસા પ્રતિની આપણી શ્રદ્ધા કેટલી ઓછી થઈ છે.

આ બધા લાંબા ગાળાના ઉપાયો તુરતમાં ફળીભૂત ન થાય તો પણ તાત્કાલીક બીજા શકય ઉપાયો લેવા જોઈએ કે જેથી આંતરરાષ્ટ્રીય તંગદિલી ઓછી થાય અને યુદ્ધનો ભય દૂર થાય. સૌ કોઈ સ્વીકારે છે કે હવે પછી યુદ્ધ થાય તો અચૂકપણે અણુ-શસ્ત્રોનો ઉપયોગ થશે. શસ્ત્ર હોય અને તેનો ઉપયોગ ન કરે તે નહિ બને. યુદ્ધ અચિન્ત્ય છે તે પણ સૌ કોઈ સ્વીકારે છે. તેમાં કોઈની જીત થવાની નથી. સૌની હાર છે, વિનાશ છે—તે પણ સ્વીકારે છે. નિ:શસ્ત્રીકરણ, અણુપ્રયોગો પર પ્રતિબંધ વિગેરે માટે વર્ષોથી પરિષદો થઈ રહી છે, પણ કોઈ પરિણામ આવ્યું નથી. કદાચ ઈરાદાપૂર્વક યુદ્ધ કરવાનું ગાંડપણ કોઈ નહિ કરે, પણ અકસ્માતથી, આવેશમાં કોઈ વ્યકિતની ભૂલથી, ગમે ત્યારે યુદ્ધ થઈ નહિ બેસે તેની કોઈ ખાત્રી નથી. આજનું યુદ્ધ Push Button યુદ્ધ છે. એક સ્થળે બટન દબાવે તો ભયંકર વિનાશકતા સર્જાય. પહેલો ઘા કરે તે વધારે સફળ થાય તેમ મનાય છે. First surprise attack. એટલે પૂર્ણ તૈયારીની ટોચ ઉપર સૌ જીવે છે અને તેવી માનસિક તંગદિલી અનુભવે છે.

**આ ઉપાયો સફળ થવામાં અંતરાયરૂપ બાબત**

સંહારક શસ્ત્રોની રેઈસ અટકાવવા માટે જે ઉપાયો બતાવાય છે તેના અમલમાં મુખ્ય વસ્તુ જે અંતરાયરૂપ છે તે અંતરમાં શ્રદ્ધા અને વિશ્વાસનો અભાવ. કોઈ પણ અનિષ્ટ બહારથી ઉદ્ભવતું નથી; બાહ્ય રીતે દેખાતા અનિષ્ટનું ઉગમ સ્થાન આપણું અંતર જ છે; એટલે માણસમાં રહેલી અસદ્‌વૃત્તિ પર સદ્‌વૃત્તિનો વિજય થાય અને હિંસકવૃત્તિ પર અહિંસક વૃત્તિ પ્રાધાન્ય મેળવે તો જ આ બધા ઉપાયો અમલી બની શકે અને માનવજાત માનવતાનાં મૂલ્યોની પ્રતિષ્ઠા કરી શકે.

**પ્રજા તરીકે આધ્યાત્મિક મૂલ્યો સ્વીકારવા પડશે.**

અત્યાર સુધી આપણે આધ્યાત્મિક મૂલ્યોને વ્યકિતગત માન્યતા અને આચરણનો પ્રશ્ન માન્યો છે, પણ આ બાબતને હવે આપણે સામૂહિક રીતે અપનાવવી પડશે. અત્યાર સુધી આપણી આધ્યાત્મિક મૂલ્યો અંગેની માન્યતા વ્યકિત પૂરતી હતી, સમૂહ તરીકે અપનાવેલ નથી. એક વ્યકિત ખૂન કરે તો તેને ફાંસીની સજા થાય. કોઈ પ્રજા લાખો કરોડોનાં ખૂન કરે તો તેને દેશભકિત કહેવાય. આ વિચારસરણી આપણે બદલવી પડશે અને જે માનવતાનાં મૂલ્યો આપણે વ્યકિત તરીકે સ્વીકાર્યા છે તે પ્રજા તરીકે સ્વીકારવા પડશે. જ્યારે વ્યકિત માટે નિયત થયેલ આધ્યાત્મિક મૂલ્યો પ્રજા તરીકે આપણે સ્વીકારશું ત્યારે આ ઘર્ષણો અને વિનાશક હરીફાઈનો અંત આવી શકશે.

માનવજાતની સંસ્કૃતિનો ઈતિહાસ એટલે હિંસામાંથી અહિંસા પ્રત્યે પ્રગતિ. પ્રાણીસ્વભાવની વારસાગત હિંસક વૃત્તિઓ ઉપર વિજય મેળવવો તેનું —નામ સંસ્કૃતિ— Civilisation. વ્યકિત તરીકે આવી આધ્યાત્મિકતાનાં ઉચ્ચ શિખરો માણસે સર કર્યા છે. પણ સામૂહિક રીતે, સમષ્ટિ તરીકે, માનવ એટલી પ્રગતિ કરી શકયો નથી. એ પ્રગતિ કરવાની વિજ્ઞાન હવે ફરજ પાડે છે અથવા વિનાશ બતાવે છે. સમાજમાં, વ્યકિત વ્યકિત વચ્ચેના વ્યવહારોમાં જેમ હિંસા તજી, શાંતિમય ધોરણ, કાયદાનું શાસન સ્વીકાર્યું તેમ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે Rule of Law નો—મતભેદોના નિરાકરણ માટેનો—શાંતિમય માર્ગ સ્વીકારીશું કે નહિ તે પ્રશ્ન આપણી સમક્ષ છે.—National security cannot exist in International anarchy. આંતરરાષ્ટ્રીય અરાજકતા અને રાષ્ટ્રીય સલામતી હવે પરસ્પર વિરોધી વસ્તુ છે.

**માનવજાતનો આખરી પ્રશ્ન: વિશ્વબંધુત્વ કે વિનાશ?**

ફ્રેંચ રેવોલ્યુશને ત્રણ પ્રકારના આદર્શો આપ્યા: સ્વતંત્રતા, સમાનતા અને ભ્રાતૃભાવ. ૧૯ મી સદી રાજકીય સ્વતંત્રતા માટેની લડતની સદી હતી; રાજકીય સ્વતંત્રતા મળ્યા બાદ, સ્વતંત્ર દેશોને લાગ્યું કે, આર્થિક સમાનતા વગર રાજકીય સ્વતંત્રતા ખાલી ખોખું છે, એટલે આર્થિક સમાનતા માટેના પ્રયત્નો ૨૦ મી સદીમાં શરૂ થયા અને તેમાંથી સમાજવાદ અને સામ્યવાદનો જન્મ થયો, પરંતુ સ્વતંત્રતા અને સમાનતા વિશ્વબંધુત્વની ભાવના પ્રગટયા વિના અધૂરી રહે છે. સ્વતંત્રતા અને સમાનતાની ભાવના માણસને માણસથી કેટલાક દરજ્જે જુદા પાડે છે, ત્યારે વિશ્વ-બંધુત્વ માણસ માણસને બંધુત્વ ભાવથી જોડે છે, પરંતુ પ્રશ્ન એ છે કે, આપણે આટલે સુધી પહોંચી શકીશું ખરા? માણસ વિશ્વબંધુત્વની ભાવના કેળવી શકશે? માણસ આજે ચંદ્રલોક પર વિજય મેળવવા પ્રયત્ન કરી રહ્યો છે, પરંતુ પ્રશ્ન એ છે કે તે પોતાની જાત પર વિજય મેળવી શકશે? પોતાનામાં રહેલ હિંસક ભાવ પર વિજય મેળવી શકશે ખરો? આનો જવાબ આપણે સૌએ આપવાનો છે. માનવજાત માટે આવી આધ્યાત્મિક અને નૈતિક કટોકટી ઈતિહાસમાં આવી નથી. વિજ્ઞાને જે સિદ્ધિ મેળવી છે તેનો સદુપયોગ કરી, સમસ્ત માનવજાત સુખી અને આબાદ થઈ શકે છે, તેનો દુરૂપયોગ કરી, વિનાશ નોતરી શકે છે. લશ્કરી શસ્ત્રસરંજામ પાછળ આજે જે અનર્ગળ ખર્ચ થાય છે તેનો અરધો ભાગ પણ માનવકલ્યાણ માટે વપરાય તો દુનિયાની ગરીબાઈ અને ભૂખમરો દૂર થાય. વૈજ્ઞાનિક શોધનો મનુષ્યના સુખ માટે ઉપયોગ થાય તો ઉત્પાદન અનેકગણું વધે અને કોઈ વસ્તુનો અભાવ ન રહે, અણુશસ્ત્રો એક રીતે માણસને અહિંસાની નજીક લાવે છે, કારણ કે તે અહિંસાનો વિચાર કરવાની ફરજ પાડે છે. સર્વનાશ અથવા અહિંસા-એ બે વચ્ચે પસંદગી કરવાની રહે છે. વિજ્ઞાન અને આધ્યાત્મિક મૂલ્યોનો સમન્વય સુખ, સમૃદ્ધિ, અને શાંતિ આપશે. તેનો પરસ્પરવિરોધ વિનાશ લાવશે.

પચ્ચીસસો વર્ષ પૂર્વે બુદ્ધ અને મહાવીરે જે સંદેશ આપ્યો તેને સાર્થક કરવાનો સમય આવ્યો છે. બુદ્ધે કહ્યું, "વેર વેરથી શમતું નથી, અવેરથી જ વેર શમે છે. આ સનાતન ધર્મ છે." ભગવાન મહાવીરે કહ્યું "સર્વ જીવો જીવવા ઈચ્છે છે, કોઈ મરવા ઈચ્છતું નથી, માટે નિર્ગ્રંથો પ્રાણીવધ વર્જ્ય લેખે છે." ગાંધીજીએ આ સંદેશ ફરીથી ભારપૂર્વક જગતને આપ્યો, એટલું જ નહિ પણ, સામૂહિક રીતે તેનો સફળતાપૂર્વક પ્રયોગ કરી બતાવ્યો. જગત એ સંદેશને જીવનમાં ઉતારશે કે અવસર્પિણી કાળના વર્ણનો છે તે સાચા ઠરશે? ઈશ્વર સૌને સદ્‌બુદ્ધિ આપે એવી પ્રાર્થના અંતરના ઊંડાણમાંથી કરવાની રહી.

સંપાદક : **એમ. જે. દેસાઈ** **ચીમનલાલ ચકુભાઈ શાહ**

# ઉપાધ્યાય મહારાજ આનંદઋષિજીની વિચારભૂમિકા

## એ અંગે થયેલો પત્રવ્યવહાર

[વ્યાખ્યાન દરમિયાન અનેકવાર ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવા બદલ ઉપાધ્યાય મહારાજ આનંદઋષિજીએ પોતાની શિષ્યા મહાસતી ઉજ્જવલકુમારીજીને પ્રાયશ્ચિત ફરમાવ્યું અને હવે પછી તે યંત્રનો ઉપયોગ કરવાની મના ફરમાવી આ ઘટના અંગે તા. ૧૬-૭-૬૨ તથા તા. ૧-૮-૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં જે નોંધો પ્રગટ કરવામાં આવી છે તેને અનુલક્ષીને શ્રી અખિલ ભારતીય સાધુમાર્ગી જૈન સંસ્કૃતિરક્ષક સંઘના મંત્રી સાથે છેલ્લા મહિના દરમિયાન થયેલો પત્રવ્યવહાર તેમની ઈચ્છા અને અનુમતિથી નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**]

### માનદ મંત્રી શ્રી જશવંત શાહનો પત્ર

મુંબઈ, તા. ૨૦-૮-૬૨

તંત્રી શ્રી 'પ્રબુદ્ધ જીવન', મુંબઈ.

**ભાઈશ્રી.**

આપના તા. ૧૬-૭-૬૨નાં પત્રમાં 'એક વિચારજડ ગુરુના હાથે થયેલી વિચાર-ઓજસ્વી શિષ્યાના સ્વત્વની હાનિ' અને તેના અનુસંધાનમાં તા. ૧-૮-૬૨ ના પત્રમાં 'મારી વિવેકશૂન્યતા' એ શિર્ષક હેઠળ જે લેખો પ્રગટ થયા છે તે સ્થાનકવાસી જૈન સમાજને અન્યાયકર્તા અને અપમાનજનક છે. તે માટે તા. ૧૨-૮-૬૨ ના રોજ મળેલી અમારા ઉપરોકત સંઘની મુંબઈ શાખાની કાર્યકારિણી સમિતિની સભા સખ્ત ખેદ અને વિરોધની લાગણી પ્રદર્શિત કરે છે.

સ્થાનકવાસી સંપ્રદાય-અંતર્ગત શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રામણ સંઘના ઉપાધ્યાયજી શ્રી આનંદઋષિજી મહારાજ પ્રત્યે આપે જે વિશેષણો વાપરીને જે રીતે ટીકા કરી છે તે માત્ર તેમને માટે જ નહિ, પરંતુ સમસ્ત સ્થાનકવાસી સમાજ માટે ઘોર અન્યાયકર્તા અને અપમાનજનક છે.

'વિચારજડ' શબ્દની વ્યાખ્યા કરતાં આપે આપને માટે જે 'વિચારજાગૃતિ' નો માપદંડ જાહેર કર્યો છે તે માટે કંઈક ખુલાસો થવાની આવશ્યકતા છે તેમ અમોને લાગે છે.

મહાત્મા ગાંધીજી અને વિનોબા ભાવે એ બન્ને વર્તમાન જગતમાં સંસારની દૃષ્ટિએ મહાન પુરુષો છે એમાં જરાય સંશય નથી. પરંતુ જ્યાં સુધી જૈનોને લાગે વળગે છે ત્યાં સુધી ધર્મનો માપદંડ અને ચતુર્વિધ સંઘવ્યવસ્થાનો માપદંડ ભગવાન મહાવીરસ્વામી–પ્રણીત શાસનનો જ છે. જે સાધુ સાધ્વીઓ સંસારનો ત્યાગ કરી મોક્ષપથગામી બનવાને માટે દ્રવ્ય તેમજ ભાવચારિત્ર અંગીકાર કરે છે તે માત્ર મુકિતપંથની સાધનાને માટે ભગવાન મહાવીરસ્વામી–કથિત શાસ્ત્રોકત સાધ્વાચારનું પાલન કરવાને માટે જ કરે છે.

અનંતકાળથી વિચારજાગૃતિના અભાવે પોતાના જીવે સંસારમાં પરિભ્રમણ કર્યાં કર્યું છે એ સ્વીકારીને પોતાના આત્માનું શ્રેય સાધવા માટે સંસારમૂર્છાનો ત્યાગ કરી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપી વીતરાગ–કથિત પંચ મહાવ્રતોને ગ્રહણ કરી તેનું સર્વાંશે પાલન કરવું એમાં જ સાચી વિચારજાગૃતિ રહેલી છે.

આ રીતે વિચાર કરતાં આપનો માપદંડ શ્રી જિન શાસનના માપદંડથી સર્વાંશે વિપરીત અને તે કોઈ પણ સાચા જૈનને સ્વીકાર્ય બની શકે તેમ નથી.

આપે જે રીતે આપની વિવેકશૂન્યતાની કબુલાત કરી ગુનો કબુલ કર્યો છે તેમાં પણ માત્ર વિવેકશૂન્યતા, અહંમ અને દંભ જ દૃષ્ટિગોચર થાય છે.

સ્થા. જૈન સમાજને ન્યાય મળે એ માટે અને પોતાની માન્યતાથી વિરોધી હોવા છતાં અન્યના વિચારોને દાબી દેવાની આપની નીતિ નથી એની પ્રતીતિ કરાવવા માટે આ પત્ર આપના 'પ્રબુદ્ધ જીવન' માં પ્રસિદ્ધ કરી આભારી કરશો.

**જશવંત શાં. શાહ,**
માનદ મંત્રી. શ્રી. અ. ભા. સા. જૈન સંસ્કૃતિરક્ષક સંઘ
મુંબઈ શાખા

### મારો જવાબ

મુંબઈ, તા. ૨૮-૯-૬૨

**પ્રિય ભાઈશ્રી,**

તમારો તા. ૨૦-૮-૬૨ નો પત્ર મને મળ્યા બાદ તમારી કાર્યકારિણી સમિતિના સભ્યોની નામાવલિ તથા તમારા સંઘના બંધારણની નકલ મોકલવા વિનંતિ કરતો પત્ર મેં લખ્યો જેના જવાબમાં પ્રસ્તુત નામાવલિ તથા સંઘનો ઉદ્દેશ તથા વિચારવલણ રજુ કરતી બે નાની પુસ્તિકાઓ તમારા તરફથી મળી અને તે જોઈને તમારી સંસ્થાની કટ્ટર સાંપ્રદાયિકતાનો મને કંઈક ખ્યાલ આવ્યો, પણ અહીં એ બાબતની ચર્ચા પ્રસ્તુત નથી. અહીં તો માત્ર તમારા તા. ૨૦-૮-૬૨ ના પત્રનો મારે જવાબ આપવાનો છે: આ સંબંધમાં જણાવવાનું કે મારી પાસે ઉગ્ર ભાષાની મુડી બહુ ઓછી હોવાના કારણે સાંપ્રદાયિક અભિનિવેશથી ભરેલા તમારા પત્રનો જવાબ આપતાં જરાક મુશ્કેલી અનુભવું છું. એમ છતાં પ્રસ્તુત વિષયને કેન્દ્રસ્થાને રાખીને મારા વિચારો રજુ કરૂં છું.

'મારી વિવેકશૂન્યતા' એ મથાળા નીચેના મારા લખાણમાં વિચાર–જાગૃતિ અને વિચાર–જડતાનો ભેદ દર્શાવતાં ગાંધીજી અને વિનોબા ભાવેનો ઉલ્લેખ મેં એ હેતુથી કર્યો હતો કે તે બન્ને મહાપુરુષોને જૈન જૈનેતર સૌ કોઈ સારી રીતે જાણે છે અને એ બન્ને આ યુગની વિચારજાગૃત વિભૂતિ છે એ વિષે બેમત નથી. એમની જગ્યાએ તમારી અપેક્ષા મુજબ ભગવાન મહાવીરને મૂકીએ તો પણ એક જ અભિપ્રાય ફલિત થાય છે કે ગાંધીજી કે વિનોબા માફક ભગવાન મહાવીરના માપદંડે માપતાં પણ આજના સાધુ સાધ્વીઓ વિચારજાગૃતિના ક્ષેત્રમાં એટલાં જ ઉણાં તથા વામણાં છે.

જૈન સાધુનું ચારિત્ર્ય જૈન ધર્મશાસ્ત્રોમાં કેટલું ઉત્તમ કોટિનું કલ્પાયલું છે એનો તમારા પત્રમાં ઉલ્લેખ છે. એ સંબંધમાં જણાવવાનું કે આ એક આદર્શનું વિધાન છે. આ ઉપરથી એમ માનવાનું કોઈ કારણ નથી કે આજના સાધુ સાધ્વીઓ આ આદર્શનું સર્વાંશે પાલન કરે છે. ઉલટું એ માપે માપતાં આજના સાધુ સાધ્વીઓના ચારિત્ર્યમાં અનેક ત્રુટિઓ અને શિથિલતા માલુમ પડે છે અને બીજો મુદ્દો એ પણ વિચારવાનો છે કે પરંપરાગત આચાર વિચારના અનુપાલનને કે ધર્મશાસ્ત્રોની જાણકારીને વિચારજાગૃતિ સાથે કોઈ અનિવાર્ય સંબંધ છે જ નહિ. ઉલટું આજના સાધ્વીઓ તરફ નજર કરતા માલુમ પડે છે કે તેમનામાં મોટે ભાગે નથી હોતું મૌલિક ચિન્તન, નવા કોઈ જીવનમૂલ્યોની વિચારણા કે ધર્મતત્વનું ઊંડું અવગાહન. ગતાનુગતિકતા અને પરંપરાની ગુલામી - એ તેમનામાં સર્વસાધારણ દેખાય છે. સાધારણપણે સર્વ ફિરકાના મોટા ભાગના સાધુ -સાધ્વીઓને અથવા તો તેમાં વિશેષત: તેમાંના એક અંગભૂત એવા આનંદઋષિજીને 'વિચારજડ' ની કોટિમાં મૂકવામાં હું જરા પણ અત્યુકિત કરતો હોઉં કે તેમને અથવા સ્થાનકવાસી સમાજને કોઈ અન્યાય કરતો હોઉં એમ મને ભાસતું નથી. ઉલટું આ રીતે આનંદઋષિજીના હાથે થયેલા મહાસતીજી પ્રત્યેના અઘટિત વર્તાવને તેમની સમક્ષ તેમજ વિશાળ સમાજ સમક્ષ રજુ કરીને મેં પ્રસ્તુત મુનિમહારાજની તેમજ આખા સ્થાનકવાસી સમાજની સેવા કરી છે એમ હું ધારૂં છું.

વળી આજે જ્યારે આ પત્ર દ્વારા ચર્ચા ઉપસ્થિત કરવામાં આવી છે ત્યારે આનંદઋષિજીનો થોડોક વ્યકિતગત વિચાર કરીએ. જેવી રીતે કોઈ પણ સંઘ કે સંસ્થા અમુક સાધુ કે સાધ્વીના વ્યાખ્યાન—

માટે બીજી અનેક પ્રકારની વ્યવસ્થા કરે છે તેવી રીતે એકત્ર થતા શ્રોતા-સમુદાયને ધર્મપ્રવચન બરોબર સંભળાય તે માટે ધ્વનિવર્ધક યંત્રના રૂપમાં પ્રાપ્ત થયેલી નવી વૈજ્ઞાનિક તરકીબની ગોઠવણ કરે છે. અન્ય ગોઠવણના આરંભસમારંભ માફક આમાં રહેલ દોષા-દોષ સાથે માઈક સામે મોઢું રાખીને પ્રવચન કરતા સાધુ સાધ્વીને કશો સંબંધ હોઈ ન શકે એમ આપણી સાદી સમજ કહે છે. એમ છતાં પ્રસ્તુત આનંદઋષિજી માઈકના આવા ઉપયોગને વ્રતવિરોધી—દોષયુક્ત—માને છે. હવે આ જ આનંદઋષિજીએ અહમદનગર જીલ્લામાં આવેલા પાથરડી ગામમાં છેલ્લા ચાર પાંચ વર્ષથી પોતાની લાગવગનો ઉપયોગ કરીને 'સુધર્મા મુદ્રણાલય' નામનું એક છાપખાનું ઊભું કર્યું છે, તેમની મારફતે 'સુધર્મા' નામના એક માસિકનું સંચાલન કરવામાં આવે છે, તેમના તરફથી ગ્રંથ—પ્રકાશનની પ્રવૃતિ મોટા પાયા ઉપર ચાલે છે, તેમના હાથે ઢગલાબંધ ટપાલ લખાય છે, તાર ટેલિફોનનો પણ તેમની સૂચ-નાથી ઉપયોગ કરવામાં આવે છે, તેમના તરફથી ધાર્મિક પરીક્ષા બોર્ડ સ્થપાયલું છે, થોડા સમય પહેલાં તેમણે પોતાના ગુરુના ગુરુની દીક્ષાશતાબ્દિ ઘણા મોટા પાયા ઉપર ઊજવી હતી. એક સ્થાનિક હાઈસ્કૂલના ઉદ્ભવ પાછળ પણ તેમની બળવાન પ્રેરણા રહેલી છે. તેમના નિમિત્તે અનેક લોકોની અવરજવર થતી રહે છે, અનેક ધાર્મિક લેખાતી પ્રવૃત્તિઓનું તેમના હાથે સંચાલન થયા કરે છે. એ તો દેખીતું છે કે આ બધી પ્રવૃત્તિઓ સાથે યંત્ર તથા વીજળીનો ઉપયોગ સીધો કે આડકતરો જોડાયેલો છે અને અનેક પ્રકાર-ના આરંભ સમારંભની પ્રક્રિયા સંકળાયલી જ છે.

હવે પ્રશ્ન એ થાય છે કે, આ બધું તેમના વ્રતધારિત્વ સાથે સંગત છે ખરૂં? તેનો એક જ જવાબ હોઈ શકે કે આ બધું ધર્મ-પ્રભાવના અર્થે અથવા તો ધર્મ—પ્રચારાર્થે કરવામાં આવે છે અને આ બધાને તેમના અંગત સ્વાર્થ કે લાભાલાભ સાથે કોઈ સંબંધ નથી. આ જવાબને આપણે પૂરા પ્રામાણિક જવાબ તરીકે સ્વીકારી લઈએ, તો પછી પ્રશ્ન થાય છે કે જે માઈકના ઉપયોગને તેઓ દોષિત ગણે છે તે પણ એ જ કક્ષામાં આવે છે અને એમ છતાં તેના ઉપયોગનો તેઓ આવો કડક વિરોધ કેમ કરે છે? આ તો સોયના નાકામાંથી આખેઆખો ઊંટ નીકળી જાય અને પૂંછડે જતા અટકી જાય એના જેવી પરસ્પરવિરોધી વાત લાગે છે. આ પ્રકારના તેમના વલણને 'વિચારજડ' સિવાય બીજા કયા વિશેષણથી વર્ણવી શકાય? આપના સભ્યોનું માનસ પ્રસ્તુત ગુરુ વિષેની અંધશ્રદ્ધાથી અભિભૂત છે. એટલે પ્રસ્તુત બાબત યથાસ્વરૂપે આપને દેખાતી નથી. આ અંધશ્રદ્ધાનું પડળ જરા દૂર કરીને જોશો તથા વિચારશો તો આ મારી સાદી સીધી વાત અને વિચારણા આપની સમજમાં સહેલાઈથી ઉતરશે.

આપના પત્રના છેવટના ભાગમાં આપ જણાવો છો કે "આપે જે રીતે આપની 'વિચાર શૂન્યતા'ની કબુલાત કરી ગુનો કબુલ કર્યો છે તેમાં પણ વિવેકશૂન્યતા, અહમ્ અને દંભ જ દષ્ટિગોચર થાય છે." મારા એ લખાણમાં મારાથી પ્રતિકૂળ રીતે વિચારતા આપ ભાઈઓને વિવેકશૂન્યતા કે અહમ્ કદાચ દેખાયેલ હોય તો તે હું સમજી શકું છું, પણ તેમાંના કોઈ પણ ઉદ્ગારમાં આપને દંભ કેમ દેખાયો એ મારી સમજમાં આવતું નથી.

તમારો પત્ર 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ થાય એમ તમે ઈચ્છો છો અને મને તેમ કરવામાં વાંધો નથી, પણ તેનું પરિણામ જેમને આપ આટલા બધા પૂજ્ય ગણો છો તેવા આનંદઋષિજીની અને તેમની સમકક્ષાના અન્ય સાધુ સાધ્વીઓની વિચારજડતાને વધારેને વધારે જગજાહેર કરવામાં આવશે અને આ બાબત વધારે વ્યાપક અને ઉગ્ર ચર્ચાનું સ્વરૂપ ધારણ કરશે. આમાં મને કોઈ આનંદ કે રસ નથી. એમ છતાં તમારો આગ્રહ હોય તો જણાવશો અને તે મુજબ આપનો પત્ર તથા મારો આ જવાબ પ્રબુદ્ધ જીવનમાં યથાસમયે પ્રગટ કરવામાં આવશે. સાથે સાથે એ પણ જણાવવું અપ્રસ્તુત નહિ લેખાય કે તમારો આ પત્ર એકલો મારા આ જવાબની નકલ સાથે સાંકળ્યા સિવાય કોઈ પણ સામયિકમાં તમે પ્રગટ નહિ કરો એવી આશા રાખું છું. આવી સભ્યતા આવા પત્રવ્યવહારમાં આપેક્ષિત હોય છે એ તમારા ધ્યાન બહાર જવું ન જોઈએ.

લે. તમારો

**પરમાનંદ કુંવરજી કાપડિયા**

તંત્રી, પ્રબુદ્ધ જીવન

## શ્રી જશવંત શાહનો પ્રત્યુત્તર

મુંબઈ, તા. ૧૦-૯-૬૨

તંત્રીશ્રી 'પ્રબુદ્ધ જીવન' મુંબઈ,

**શ્રીમાન મહાશય,**

અમારા તા. ૨૦-૮-૬૨ ના પત્રના ઉત્તરમાં આપનો તા. ૩૦-૮-૬૨નો પત્ર મળ્યો છે.

આપના પત્રનો સમગ્ર દષ્ટિએ વિચાર કરતાં એમ લાગે છે કે આપ પરિસ્થિતિનું સંકલન કંઈક જુદી રીતે કરી રહ્યા છો અને અન્યના વિચારોની રજુઆતને જુદી જ રીતે આપ ઘટાવી રહ્યા છો.

આપે અમારો સંઘ અને સભ્યો શ્રી આનંદઋષિજી મહારાજ વિષે અંધશ્રદ્ધા ધરાવતા હોવાનું કાલ્પનિક રીતે માની લીધું હોય એમ આપના પત્ર ઉપરથી ફલિત થાય છે. અમારો સંઘ કોઈ પણ સાધુ કે સાધ્વી સ્થાનકવાસી જૈન શાસ્ત્ર અને પરંપરાથી પ્રતિકૂળ ઉપદેશ કે વર્તન કરે તેનો વિરોધ કરતો આવ્યો છે અને કરતો રહેશે.

અમો એમ આગ્રહપૂર્વક ઈચ્છીએ છીએ કે અમારો પત્ર 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થાય. આપ પણ તેના ઉપર આપના વિચારો પણ પ્રગટ કરો અને અમો પણ તે અંગે અમારા વિચારો પ્રગટ કરીએ તો એથી સમાજને કંઈક જાણવાનું અને સમ-જવાનું મળશે. તે અંગે આપના પ્રસ્તુત પત્રના અન્તિમ વિભા-ગમાં આપે મુકેલી શરતનો સ્વીકાર કરવામાં અમોને જરા પણ સંકોચ નથી.

લે. આપનો

**જશવંત શાં. શાહ**

માનદ્ મંત્રી શ્રી અ. ભા. સા. જૈન સંસ્કૃતિક રક્ષક સંઘ (મુંબઈ શાખા)

## મારો વળતો જવાબ

મુંબઈ, તા. ૧૩-૯-૬૨

**પ્રિય ભાઈશ્રી,**

તમારો તા. ૧૦—૯—૬૨નો પત્ર મળ્યો. વાંચીને સવિશેષ સંતોષ એટલા માટે થયો કે આ પત્રમાં આગળના પત્રનો રોષ, ઉગ્રતા કે કટુતા નહિ, પણ સમતા, મૃદુતા અને સૌમ્યતા અનુભવગોચર થાય છે.

તમારા પત્રમાં તમે જે જણાવો છો કે, "અમારો સંઘ કોઈ પણ સાધુ કે સાધ્વી સ્થાનકવાસી જૈન શાસ્ત્ર અને પરંપરાથી પ્રતિકૂળ ઉપદેશ કે વર્તન કરે તેનો વિરોધ કરતો આવ્યો છે અને કરતો રહેશે"—આ વિધાનને હું આવકારૂં છું. પણ સાથે સાથે એ અંગે આટલી વાત તમારા ધ્યાન ઉપર લાવવાના પ્રલોભનને હું રોકી શકતો નથી, અને તે એ છે કે, જેને આપણે શાસ્ત્રો તરીકે ઓળ-ખીએ છીએ તે ભૂતકાળનો વારસો છે, અને તે શબ્દબદ્ધ હોઈને તેમાં આપણે ફેરફાર કરી શકતા નથી, પણ તેના આધારે નિર્માણ થયેલી પરંપરામાં દેશકાળના પરિવર્તન અનુસાર ફેરફાર થતા જ રહ્યા છે. દા. ત. તાર, ટપાલ, પુસ્તકોનું મુદ્રણ, પ્રકાશન વગેરે પ્રવૃત્તિ-ઓને ભૂતકાળની પરંપરામાં કોઈ અવકાશ નહોતો. આજની પરંપરામાં બદલાયલા દેશકાળનો વિચાર કરીને તેનો સહજભાવે સ્વીકાર કરી લેવામાં આવ્યો છે. આ રીતે તમો ભાઈઓ આજે ઉપસ્થિત થતા પ્રશ્નો અને બદલાતી જતી પ્રક્રિયાઓનો વિચાર કરતા થાઓ અને એવા વિચારવિવેકપૂર્વક આજના સાધુ-ઓના કર્તવ્યાકર્તવ્યનું નિયમન કરવા પ્રેરાઓ—આવો તમો ભાઈઓને—તમારા સંઘને—મારો નમ્ર અનુરોધ છે.

તમારી ઈચ્છા અને અનુમતિ મુજબ આપણી વચ્ચે ચાલેલો પત્રવ્યવહાર 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરૂં છું.

લે: તમારો

**પરમાનંદ કુંવરજી કાપડિયા**

તંત્રી પ્રબુદ્ધ જીવન

# ✻ આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા ✻

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૮-૬૨ ના અંકમાં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાયેલ તા. ૨૬-૮-૬૨ થી તા. ૩-૯-૬૨ સુધી—એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો જે કાર્યક્રમ પ્રગટ કરવામાં આવ્યો હતો તે નજીવા ફેરફાર સાથે સાદ્યન્ત પાર પડયો હતો. સાધારણ રીતે આ વ્યાખ્યાનમાળા પ્રસંગે પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી અમદાવાદથી મુંબઈ આવતા હતા અને વ્યાખ્યાનસભાઓનું પ્રારંભથી અન્ત સુધી પ્રમુખસ્થાન શોભાવતા હતા. વર્ષોથી એકાદ બે અપવાદ સિવાય આ ક્રમ ચાલી રહ્યો હતો. આ વખતે તેમની નાજુક તબિયતે અહીં આવતાં તેમને અટકાવ્યા. તેમની ગેરહાજરીમાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલાને પંડિતજીનું સ્થાન શોભાવવાની જવાબદારી સ્વીકારવા વિનંતિ કરવામાં આવી. તેમનાં ચાલુ રોકાણો સામે આ જવાબદારી ઊઠાવવાનું બહુ મુશ્કેલ હતું. એમ છતાં સંઘ તેમ જ સંઘની આ પ્રવૃત્તિ અંગેના તેમના ઊંડા સદ્‌ભાવના કારણે અમારી વિનંતિ તેમણે સ્વીકારી અને અનેક મુશ્કેલીમાંથી માર્ગ કાઢીને તેમણે નવે દિવસની વ્યાખ્યાનસભાઓમાં પહેલેથી છેલ્લે સુધી અખંડ હાજરી આપી અને વ્યાખ્યાનોની આગળ યા પાછળ સમીક્ષારૂપે પ્રસંગોચિત જે કાંઈ કહેવું ઘટે તે કહેતા રહીને સભાસંચાલનનું કાર્ય બહુ સુંદર રીતે તેમણે સંભાળ્યું, પાર પાડયું.

પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ કાર્યક્રમ મુજબ તા. ૩-૯-૬૨ના રોજ પ્રાધ્યાપિકા ડૉ. એસ્તેર સોલોમન—'ભગવાન બુદ્ધ અને મહાવીર' એ વિષય ઉપર વ્યાખ્યાન આપવાનાં હતાં, પણ અંગત અનિવાર્ય કારણોસર વ્યાખ્યાનમાળાની શરૂઆતના અઠવાડિયા પહેલા તેમણે મુંબઈ આવી શકવાની અશકિત દર્શાવી. તેમના સ્થાને પહેલા દિવસે બીજું વ્યાખ્યાન સ્વામી બ્રહ્માનંદજીનું એ જ વિષય ઉપર ગોઠવવામાં આવ્યું અને છેલ્લા દિવસે પહેલું વ્યાખ્યાન મહારાષ્ટ્રના શિક્ષણપ્રધાન શ્રી શાંતિલાલ હ. શાહનું 'શિક્ષણ માધ્યમ અને રાષ્ટ્રભાષા' એ વિષય ઉપર ગોઠવવામાં આવ્યું. આ ઉપરાંત તા. ૩૧-૮-૬૨ શુક્રવારના રોજ નિયત બન્ને વ્યાખ્યાનો પૂરાં થયા બાદ સ્વામી શ્રી વલ્લભદાસજીએ પોતાના સાથીઓ અને સાજ સાથે શાસ્ત્રીય સંગીત વડે સભાજનોને પોણા કલાક સુધી મનોરંજન પૂરું પાડયું. છેલ્લા દિવસે બે વ્યાખ્યાનોના છેડે શ્રી અજિત શેઠ તથા બહેન નિરૂપમા શેઠનું સુગમ સંગીત નક્કી કરવામાં આવેલું, પણ બે વ્યાખ્યાનો પૂરાં થયા બાદ પ્રસ્તુત દંપતીની અનુપસ્થિતિના કારણે તેમના સુગમ સંગીતનો લાભ મળી ન શકયો.

આ વખતની વ્યાખ્યાનમાળા આગળની વ્યાખ્યાનમાળા કરતાં ગુણવત્તાની દૃષ્ટિએ વધારે ચઢિયાતી હતી એવી છાપ વ્યાખ્યાનમાળામાં ચાલુ રસ લેતા અનેક ભાઈબહેનોનાં મન ઉપર પડી છે. આનાં અનેક કારણોમાં એક કારણ તો એ છે કે આ વખતના કુલ ૧૭ વ્યાખ્યાતાઓમાં ૧૦ વ્યાખ્યાતાઓ આ વ્યાખ્યાનમાળામાં પહેલી જ વાર ઉપસ્થિત થયા હતા અને એ કારણે વ્યાખ્યાનમાળામાં નવીનતાનું તત્વ સારા પ્રમાણમાં ઉમેરાયું હતું.

આ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાનો પ્રારંભથી કેટલાંક વર્ષો સુધી સાધારણ રીતે ગુજરાતી અથવા હિંદી ભાષામાં અપાતાં રહ્યા છે. તેમાં કેટલાક સમયથી મરાઠી ભાષા દ્વારા પણ વ્યાખ્યાનો અપાતા થયાં છે. આ વર્ષે પહેલી જ વાર એક વ્યાખ્યાન ૨૪ વર્ષની ઉમ્મરના બ્રધર લુસિયન નામના એક અંગ્રેજ સંન્યાસીનું 'અહિંસા' ઉપર અંગ્રેજી ભાષામાં અપાયું હતું, કારણ કે અંગ્રેજી સિવાય તેમને બીજું કોઈ વ્યાખ્યાન - માધ્યમ સુલભ નહોતું. આ રીતે વ્યાખ્યાનમાળા હવે ચતુર્ભાષી બની છે.

આ વ્યાખ્યાનમાળાનું સર્વથી વધારે મહત્વનું આકર્ષણ શ્રી જયપ્રકાશજીનાં બે વ્યાખ્યાનો હતાં. કેટલાક સમયથી તેમને મેળવવાનો પ્રયત્ન ચાલતો હતો. આ વખતે તે પ્રયત્નમાં અમને સફળતા મળી અને તેમણે એકના બદલે બે વ્યાખ્યાનો આપ્યાં અને આખી વ્યાખ્યાનમાળાની સફળતા ઉપર આથી એક નવી કલગી ચઢી. તેમનાં બન્ને વ્યાખ્યાનો તેમ જ અન્ય કેટલાંક વ્યાખ્યાનો કાળક્રમે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા ધારણા છે.

આ વખતે અપાયલાં બધાં વ્યાખ્યાનોમાં સર્વશ્રેષ્ઠ એવા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના વ્યાખ્યાનની નોંધ આ જ અંકમાં પ્રગટ કરવામાં આવે છે.

આ વખતનાં વ્યાખ્યાન વિષયોનું વૈવિધ્ય પણ એટલું જ આકર્ષક હતું. આજ સુધીનાં વ્યાખ્યાનોની પસંદગીમાં આધ્યાત્મિકતા ઉપર સવિશેષ ભાર મૂકવામાં આવતો હતો. આ વખતની પસંદગીમાં આધિભૌતિક અને આધ્યાત્મિક એવા કોઈ ભેદ ઉપર ભાર મૂકવામાં આવ્યો નથી. માનવીજીવનના કલ્યાણસંવર્ધનને જેટલો સંબંધ આધ્યાત્મિકતા સાથે છે તેટલો જ સંબંધ આધિભૌતિકતા સાથે છે. અધ્યાત્મ અને વિજ્ઞાન બન્નેનો સમન્વય એ આજના સમયની વિશિષ્ટ માંગ છે. વ્યાખ્યાનવિષયોની પસંદગીમાં આ માંગને પહોંચી વળવાનું લક્ષ રખાયું છે. જીવનની સમગ્રતાને એક યા બીજી રીતે સ્પર્શવાનો આ વ્યાખ્યાનમાળા પાછળ હેતુ રહેલો છે એ આ વખતના વ્યાખ્યાનવિષયોની પસંદગી ઉપરથી સૌ કોઈને સ્પષ્ટ થશે.

આ વખતના વ્યાખ્યાતાઓમાં બ્રધર લુસિયન, પ્રીન્સીપાલ યશવન્ત શુકલ, શ્રી જયપ્રકાશ નારાયણ, પંડિત દલસુખભાઈ માલવણિયા, શ્રી લીનાબહેન મંગળદાસ, શ્રી હરિવલ્લભ પરીખ તથા કાકાસાહેબ કાલેલકર મુંબઈ બહારના વકતાઓ હતા. બાકીના વકતાઓ મુંબઈમાં વસતા મિત્રો હતા. વ્યાખ્યાતાઓમાં મોટા ભાગે કેળવણીકારો હતા, બે સંન્યાસીઓ હતા, ચાર બહેનો હતી.

આ વ્યાખ્યાનમાળામાં ભકિતપ્રધાન સંગીતની પુરવણી કરતા રહેવાની સતત કાળજી રાખવામાં આવે છે. આ વખતે સ્વામી વલ્લભદાસજીએ, સંગીતકાર શાન્તિલાલ શાહે અને બહેન ઉષા પુરોહિતે પર્યુષણ પર્વ દરમિયાન ત્રણ રજાના દિવસોએ નિયત બન્ને વ્યાખ્યાનો પૂરાં થયાં બાદ અડધાથી પોણા કલાક સુધી ઉચ્ચ કોટિનું સંગીત સંભળાવ્યું હતું. આ ઉપરાંત શ્રી સૂર્યકાન્ત પરીખ, શ્રી જયાબહેન, શ્રી વસુબહેન તથા શ્રી નિર્મળાબહેને પણ સભાના પ્રારંભમાં પદો યા ભજનો ગાઈ સંભળાવ્યાં હતાં.

આ રીતે આ વ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં મહત્વનો ફાળો આપનાર પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલાનો તથા અન્ય વ્યાખ્યાતાઓનો તેમજ સંગીતની પુરવણી કરનાર ભાઈ બહેનોનો અમારા સંઘ વતી અમો હાર્દિક આભાર માનીએ છીએ. જુદા જુદા સ્થળોએ નવ દિવસની વ્યાખ્યાનસભાઓ ભરવામાં આવી તે પૈકી રોકસી થીએટર કશા પણ વળતરની અપેક્ષા સિવાય અમને ઉપયોગ કરવા માટે આપવામાં આવ્યું તે માટે મેસર્સ કપૂરચંદ એન્ડ બ્રધર્સનો અને ચાલુ દરમાં ઓછી યા વધતી રાહત આપવા માટે બોંબે થીઑસોફીકલ લૉજ તથા ભારતીય વિદ્યા ભવનના સંચાલકોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. વળી છેલ્લા બે દિવસની સભાઓ ભારતીય વિદ્યાભવનમાં ભરવામાં આવેલી. તેમાં શાન્તિ અને વ્યવસ્થા જાળવવા માટે મોકલવામાં આવેલા સ્વયંસેવકો બદલ બોંબે કોંગ્રેસ સેવાદળના પણ અમે ખૂબ ઋણી છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળા મુંબઈ જૈન યુવક સંઘની કરોડરજ્જુ છે. મુંબઈ જૈન યુવક સંઘ પાસે કોઈ મોટું ભંડોળ છે જ નહિ. તેની વિવિધ પ્રવૃત્તિઓને અને તેમાં પણ પ્રબુદ્ધ જીવનના સંચાલન

પાછળ આવતી રૂા. ૯૦૦૦ થી ૧૦૦૦૦ની ખોટને પહોંચી વળવા માટે પર્યુષણ વ્યાખ્યાનમાળા પ્રસંગે સંઘ તરફથી એક અપીલ બહાર પાડવામાં આવે છે અને તેના પરિણામે જે મળે છે તે દ્વારા સંઘના યોગક્ષેમનો નિર્વાહ થાય છે. આ વખતે પણ સંઘના સભ્યો, મિત્રો અને પ્રશંસકો પાસે એક અપીલ દ્વારા રૂા. ૧૦,૦૦૦ની માગણી કરવામાં આવી હતી. આ માગણીના પ્રત્યુત્તરરૂપે આજ સુધીમાં આશરે રૂા. ૮,૦૦૦ સુધી રકમોનાં વચનો મળી ચૂકયાં છે અને અવશેષ રકમનાં વચનો દીવાળી સુધીમાં મળવાની અમો આશા સેવીએ છીએ. આ આર્થિક વચનોની યાદી હવે પછીના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવામાં આવશે.

સફળતાપૂર્વક પાર પડેલી આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે જરૂરી વિગતો રજુ કરતા આ અધિકૃત નિવેદનના અંતમાં જણાવવાનું કે આજથી આશરે ૩૦ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી આ પર્યુષણ વ્યાખ્યાનમાળા ઉત્તરોત્તર નવાં અને નવાં વિકાસચિહ્નો સર કરતી રહી છે, અને તેની ગુણવત્તાનો આંક સતત ચઢતો અને વધતો રહ્યો છે, અને તેનું સ્વરૂપ વધારે ને વધારે વ્યાપક, સૌમ્ય અને સાત્વિક બનતું રહ્યું છે. આ વ્યાખ્યાનમાળા કોઈ પણ અંશમાં કોઈ એક સંપ્રદાયની પ્રવૃત્તિ ન રહેતાં મુંબઈ શહેરમાં અનન્ય એવી એક સાર્વજનિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ બની ચૂકી છે. તેમાં ભારતના જુદા જુદા ખુણેથી વ્યાખ્યાન આપવા માટે આવતી ભારતખ્યાત વ્યકિતઓના કારણે તેનું સ્વરૂપ અખિલ ભારતીય બનતું જાય છે અને તેમાં અપાતાં વ્યાખ્યાનો અદ્યતન વિચારપ્રવાહો અચૂકપણે પ્રતિબિંબિત થઈ રહ્યા છે. મુંબઈમાં વસતો સંસ્કારપ્રિય જનસમુદાય પણ આ વ્યાખ્યાનમાળા વિષે વધારે ને વધારે પ્રમાણમાં સક્રિય રસ દાખવી રહ્યો છે. આ કારણે આ વ્યાખ્યાનમાળાની પ્રતિભાને કેમ જાળવવી, ટકાવવી, એટલું જ નહિ પણ, તેને કેમ સંવર્ધિત કરવી એ સંઘના કાર્યકર્તાઓ માટે એક મોટી ચિંતા અને જવાબદારીનો વિષય બને છે. આ જવાબદારીને પહોંચી વળવા માટે સંઘના કાર્યકર્તાઓની યોગ્યતા અને તાકાત વધતી રહે અને સમાજ તરફથી એ માટે પૂરતો આર્થિક સાથ મળતો રહે એવી અમારી પ્રાર્થના છે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

## પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંદર્ભમાં યોજાયલું સ્નેહસંમેલન

પર્યુષણ વ્યાખ્યાનમાળાની પૂર્ણાહુતિના સંદર્ભમાં તા. ૮-૯-૬૨ શનિવારના રોજ સાંજના સમયે નવે દિવસની વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન જેમણે શોભાવ્યું હતું અને કુશળતાપૂર્વક સંચાલન કર્યુ હતું એવા વિદ્વદ્વર્ય શ્રી ગૌરીશંકર ઝાલા પ્રત્યે સંઘની કૃતજ્ઞતા વ્યકત કરવા માટે તથા આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના મુંબઈનાં ઉપલબ્ધ એવા વ્યાખ્યાતાઓનું તેમજ સંગીતજ્ઞોનું બહુમાન કરવા માટે સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેન દેવીદાસના નિવાસસ્થાને શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી એક પરિમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ દિવસ ગણપતિ વિસર્જનનો હોઈને (જે બાબતનો સ્નેહસંમેલનની તારીખ નકકી કરતી વખતે અમને ભૂલથી ખ્યાલ આવ્યો નહોતો.) નિમંત્રિત વ્યાખ્યાતાઓને તેમ જ અન્ય ભાઈબહેનોને સાંજના સમયે વાહનવ્યવહાર ઉપર મુકાયેલ અનેક પ્રતિબંધોના કારણે નિયત સ્થાન ઉપર આવી પહોંચવામાં ખૂબ અગવડ ભોગવવી પડી હતી અને કેટલાક નિમંત્રિતો આવી પણ શકયા નહોતા. આમ છતાં પણ, આ સ્નેહસંમેલનમાં આશરે પચાથી ૬૦ ભાઈબહેનો ઉપસ્થિત થયાં હતાં. શરૂઆતમાં થોડો સમય સંગીત ચાલ્યું. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ ભુજપુરીયાએ આ વખતે યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા વિષે પોતાનો ઊંડો સંતોષ જાહેર કર્યો, વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવનાર શ્રી ઝાલાસાહેબ પ્રત્યેનો પોતાનો આદર વ્યકત કર્યો, પર્યુષણ વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાન વિષયો નકકી કરવાની સંઘે જેમના શિરે જવાબદારી નાખી હતી એવા સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈની કામગીરી અંગે તેમને ઉચિત શબ્દોમાં ધન્યવાદ આપ્યા અને આજે જે વહેમ, અંધશ્રદ્ધા, અને અજ્ઞાનભરી વિચારશૂન્ય માન્યતાઓ આમપ્રજાના જીવનમાં જડ ઘાલીને બેઠેલ છે અને એ કારણે તેમના જીવનની જે બરબાદી થઈ રહી છે તે સામે જેહાદ જગાવતાં વ્યાખ્યાનો વધારે પ્રમાણમાં ગોઠવવામાં આવે અને પ્રબુદ્ધ જીવનમાં પણ આ બાબતની ચર્ચાને વધારે ને વધારે સ્થાન આપવામાં આવે એવો અભિપ્રાય સૂચનરૂપે તેમણે ભારપૂર્વક રજુ કર્યો. સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ પ્રસંગવશાત બોલતાં પર્યુષણ વ્યાખ્યાનમાળાનો ઉત્તરોત્તર કેવો વિકાસ થઈ રહ્યો છે, પર્યુષણ પર્વ દરમિયાન જૈન સમાજના ઉપાશ્રયોમાં અપાતા એકની એક બાબતોને ઘૂંટયા કરતા અને આજની વાસ્તવિકતા સાથે કશો પણ સંબંધ નહિ ધરાવતા જૈન સાધુઓના વ્યાખ્યાનોની ચાલુ પ્રણાલિકા સામે બળવારૂપે શરૂ થયેલી આ પ્રવૃત્તિ કેટલી શુદ્ધ અને સાત્વિક રૂપ ધારણ કરી રહી છે, કેટલી લોકપ્રિય બની રહી છે અને કેવી કેવી વિશિષ્ટ વ્યકિતઓને આકર્ષી રહી છે અને માનવી જીવનને સમગ્રપણે સ્પર્શતા વ્યાખ્યાનો નિર્માણ કરી રહી છે તેનો તેમણે સંક્ષેપમાં ખ્યાલ આપ્યો અને આ રીતે એક વિશિષ્ટ પ્રકારના જ્ઞાનપર્વનું જે દ્વારા નિર્માણ થઈ રહ્યું છે તે વ્યાખ્યાનમાળાની વિશેષ ખીલવણી અંગે તેમણે કેટલાક વિચારો રજૂ કર્યા. વળી વ્યાખ્યાનમાળાના આયોજન સાથેના પોતાના સંબંધ અંગે બોલતાં તેમણે જણાવ્યું કે "પ્રબુધ્ધ જીવનના સંચાલન અંગે કે વ્યાખ્યાનમાળાના આયોજન અંગે હું જે કાંઈ કરું છું, મહેનત લઉં છું તે સંબંધમાં આપ પ્રશંસાભર્યા ઉદ્ગારો કાઢો છો તે આપનો મારી પ્રત્યેનો પ્રેમ અને ઊંડો સદ્ભાવ દર્શાવે છે, પણ અહીં અંગત ઉલ્લેખ કરવામાં કાંઈક અવિનય કે આત્મશ્લાઘા જેવું થતું હોય તો તે માટે ક્ષમા યાચીને પણ જણાવું કે, આ બન્ને પ્રવૃત્તિઓ સાથે મારા અન્તરનો આનંદ—ચિત્તની પ્રસન્નતા ગાઢપણે સંકળાયેલ છે. આ જાણે કે મારું પોતાનું self-expression હોય—મારા આત્માની અભિવ્યકિત હોય—મારા મનમાં જે રાખી રમી રહ્યું છે તેને મૂર્તસ્વરૂપ મળતું હોય, આવી અનુભૂતિની પ્રેરણા મને આ બાબતમાં સક્રિય બનાવી રહેલ છે અને તેથી આ જે કાંઈ હું કરું છું તે અન્ય કોઈ માટે નહિ પણ મારા પોતાના માટે જ કરું છું એમ મને હંમેશા લાગ્યું છે, અને તેથી આ બન્ને પ્રવૃત્તિઓ ચલાવવા પાછળ ગમે તેટલો શ્રમ ઉઠાવતાં હું કદિ થાક કે કંટાળો અનુભવતો નથી. અંદર રહેલા તત્ત્વનો આવિષ્કાર કરવાની મને જે તક મળી રહી છે અને તે માટે આવી એક સંસ્થાનો અને અનેક સહકાર્યકર્તાઓનો જે પ્રેમભર્યો સુયોગ અને સાથ મળ્યો છે તેને મારા જીવનની હું એક મોટી ધન્યતા લેખું છું." આમ જણાવીને ઝાલાસાહેબે પંડિતજીની યોગ્ય પુરવણી કરીને જે સાથ આપ્યો અને પોતાના અન્ય રોકાણોમાંથી માર્ગ કાઢીને સમયનો આટલો બધો ભોગ આપ્યો એ માટે તેમનો શ્રી પરમાનંદભાઈએ આભાર માન્યો. શ્રી ઝાલાસાહેબે પ્રત્યુત્તર આપતાં એ મતલબનું જણાવ્યું કે, "કયાં પંડિતજી અને કયાં હું? એમ છતાં પરમાનંદભાઈએ જયારે આ માગણી કરી ત્યારે આ શુભ પ્રવૃત્તિમાં આ રીતે હું સહાયક થઈ શકતો હોઉં તો મારે થવું જ જોઈએ એમ વિચારીને મેં તેમની માંગણીનો તત્કાળ સ્વીકાર કર્યો અને કૉલેજમાં વર્ગો લેવાના હતા તેની બીજી વ્યવસ્થા કરીને તમારી વચ્ચે નવે દિવસ આવીને બેઠો અને મારા ભાગે જે કાંઈ કાર્ય આવ્યું

તે બજાવ્યું અને એથી મને પોતાને ઘણો લાભ થયો છે એમ હું ખરેખર માનું છું. આ માગણીના સ્વીકાર પાછળ મારી વૃત્તિ કેવળ ભગવાન રામચંદ્રજીના નાનાભાઈ રાજા ભરતની જેવી હતી. રામને વિનવવા છતાં પાછા ન આવ્યા અને ભરતે રામની પાદુકા રાજ્યસિંહાસને સ્થાપીને રાજ્યનું સંચાલન કર્યું તે મુજબ મેં કલ્પનાથી પ્રમુખસ્થાન ઉપર પંડિતજીની પાદુકા સ્થાપીને નવ દિવસની સભાઓનું સંચાલન કર્યું છે અને પછીના દિવસે મેં પંડિતજીને પત્રથી લખી જણાવ્યું છે કે આ વખતે તો મેં કામ ચલાવ્યું છે, પણ આવતે વર્ષે તો આપે આવવું જ પડશે અને તેનો પંડિતજી તરફથી બહુ સુંદર જવાબ આવ્યો છે." એમ જણાવીને તેમના પત્રની તેમણે વિગતો કહી સંભળાવી અને આ રીતે સંઘની પ્રવૃતિ સાથે સક્રિયપણે જોડાવાની તક મળવા બદલ સંઘના સંચાલકોનો તેમણે આભાર માન્યો.

ત્યાર બાદ શ્રી ઝાલાસાહેબનું પુષ્પહારથી સન્માન કરવામાં આવ્યું અને તેમને તેમ જ અન્ય ઉપસ્થિત વ્યાખ્યાતાઓને તેમ જ વ્યાખ્યાનસભા દરમિયાન મધુર સંગીત વડે શ્રોતાઓનું મનોરંજન કરનાર બહેનોને 'સત્યં શિવં સુન્દરમ્', 'બોધિસત્ત્વ' અને 'કરુણા-વિચાર વિરુદ્ધ ઉપયુકતતાવાદ'ની એક એક નકલ સંઘ તરફથી અને 'જૈન ધર્મનો પ્રાણ' (પંડિત સુખલાલજીના જૈન ધર્મ અંગેના અમુક લેખોનો સંગ્રહ)ની એક એક નકલ સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી કાંતિલાલ કોરા તરફથી ભેટ આપવામાં આવી.

ત્યાર બાદ અલ્પાહાર અને પરસ્પર વાર્તાલાપમાં અને ગીતગાનમાં કેટલોક સમય પસાર થયો. અન્તમાં સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે પોતાના નિવાસસ્થાન ઉપર એકત્ર થવાની સગવડ આપવા બદલ અને આટલા સુન્દર ઉપાહારનો પ્રબંધ કરવા બદલ સંઘના ઉપપ્રમુખ શ્રી લીલાવતીબહેનનો આભાર માન્યો અને સંમેલન વિસર્જન કરવામાં આવ્યું.

## હવે પછીના અંકમાં

પર્યુષણ વ્યાખ્યાનમાળાના આ વખતના પ્રમુખશ્રી ઝાલા સાહેબની ઉપસંહારાત્મક આલોચના હવે પછીના અંકમાં આપવામાં આવશે.

## અન્યત્ર યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓ

જુદાં જુદાં સ્થળોએ યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળાઓમાં યોજાયલા વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાનવિષયોના ક્રમની યાદી નીચે આપવામાં આવે છે:—

**અમદાવાદ જૈન યુવક સંઘ આયોજિત વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| શ્રી. નારાયણ દેસાઈ | માનવજીવનનું મૂલ્યાંકન. |
| શ્રી. વિનોદિનીબહેન નીલકંઠ | નવા યુગની નારી, |
| શ્રી. રતીલાલ દીપચંદ દેસાઈ | જૈનો અને સર્વધર્મસમભાવ |
| આચાર્યશ્રી આર. ડી. દેસાઈ | સૃષ્ટિ અને સૃષ્ટાની ઉપાસના |
| ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી | ગુજરાતના ઇતિહાસમાં સાંસ્કૃતિક ઐતિહાસિક સાધનો |
| શ્રી. બાબુભાઈ જશભાઈ પટેલ | રચનાત્મક કાર્યક્ષેત્રના અનુભવો. |
| શ્રી ધીરજલાલ ધનજીભાઈ શાહ | દંડનાયક વિમલ |
| શ્રી કેશવરામ કા. શાસ્ત્રી | ધર્મ અને આચાર |
| આચાર્યશ્રી એસ. વી. દેસાઈ | અર્થકારણનું અર્થકારણ |
| આચાર્ય શ્રી એસ. આર. ભટ્ટ | યુગધર્મ |
| શ્રી દલસુખભાઈ માલવણિયા | અનેકાન્તવાદ |
| માનનીય શ્રી રસિકલાલ પરીખ | આજના પ્રશ્નો |
| ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા | શ્રી હેમચંદ્રાચાર્યનું શિષ્યમંડળ |
| શ્રી કરસનદાસ માણેક | સત્યં પરં ધીમહિ |
| શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી | અંતર્યાત્રા |
| શ્રી હંસાબહેન મહેતા | 'એષો ધર્મ: સનાતન:' |

**માટુંગા—શીવ વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| મહાસતીજી ઉજ્જવળકુમારીજી | જીવનમાં ધર્મનું સ્થાન |
| બ્રાહ્મના કેદારનાથજી | |
| પ્રા. કરસનદાસ માણેક | સત્યં પરં ધીમહિ |
| પ્રીન્સીપાલ અમૃતલાલ બ. યાજ્ઞિક | સાહિત્ય દ્વારા સંસ્કારપ્રદાન |
| પ્રા. મધુકર રાંદેરિયા | કલાની સાધના |
| પ્રા. તારાબહેન શાહ | આનંદઘનજી |
| પ્રા. રજનીશજી | |
| મહાસતી પ્રમોદકુંવરજી | ભગવાન મહાવીરનો દિવ્ય સંદેશ |
| કાકાસાહેબ કાલેલકર | જીવનની જ્ઞાનમય ઉપાસના |
| સ્વામી શ્રી ઓંકારાનંદજી | માનવીનું કર્તવ્ય |

**ભારત જૈન મહામંડળ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| પંડિત દલસુખભાઈ માલવણિયા | અનેકાન્તવાદ |
| સાક્ષર શ્રી રામભાઈ બક્ષી | સાહિત્ય અને નીતિ |
| પ્રીન્સીપાલ એમ. ટી. વ્યાસ | કેળવણી અને નાગરિક |
| પ્રા. સુંદરજી ગો. બેટાઈ | ગીતામાં જીવનદષ્ટિ |
| શ્રીમતી સરલાબહેન શેઠ | મિચ્છામિ દુક્કડમ્ |
| પ્રા. રજનીશજી | યોગ અને જીવનક્રાન્તિ |
| પ્રા. રજનીશજી | કર્મસાધનાનાં સોપાન |

**જૈન મિત્રમંડળ (પૂના) આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા**

| | |
|---|---|
| ડૉ. પી. એલ. વૈદ્ય | ઉદ્‌ઘાટન—વ્યાખ્યાન. |
| રાવસાહેબ પુ. હ. પટવર્ધન | આણુયુગમાં ધર્મનું સ્થાન. |
| પ્રા. શાન્તિલાલ શાહ | ભારતીય સંસ્કૃતિમાં હરિભદ્રનો ફાળો |
| પ્રા. કે. એફ. ચોરડિયા | જૈનધર્મ-ગ્રંથઆગમ. |
| શ્રી. મહાદેવશાસ્ત્રી જોશી | મેં જોયેલાં જૈન ક્ષેત્રો |
| ડૉ. શ્રી. ર. કાવળે | ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન. |

# પ્રકીર્ણ નોંધ

**ઑલ ઈંડિયા રેડીઓ—મુંબઈ ઉપરથી પ્રસારિત**

**મુનિ ચંદ્રપ્રભસાગરજીનું પ્રવચન**

પર્યુષણ પર્વ પછીના દિવસે રાત્રિના આઠ સવાઆઠ વાગ્યે લગભગ બહારથી ઘેર આવ્યો અને રેડિયો પાસે બેઠેલી મારી પત્નીએ જણાવ્યું કે "સાંભળો સાંભળો, રેડિયો ઉપર ચિત્રભાનુ મહારાજ બોલી રહ્યા હોય એમ લાગે છે," અને તે તરફ લક્ષ આપતાં માલુમ પડયું કે મુનિ ચંદ્રપ્રભસાગરજીનું પ્રવચન ઑલ ઈન્ડિયા રેડિયો ઉપર પ્રસારિત થઈ રહ્યું છે. પ્રવચનની હજુ શરૂઆત જ થઈ હતી, એટલે એ ૧૫ મિનિટનું પ્રવચન મેં લગભગ આખું સાંભળ્યું એમ કહી શકું. આ પ્રવચનમાં જૈન ધર્મના મુખ્ય મુખ્ય મુદ્દાઓનું ઉચિત ભાષામાં વ્યવસ્થિત નિરુપણ હતું. એક જૈન મુનિનું ધાર્મિક પ્રવચન ઑલ ઈન્ડિયા રેડિયો ઉપર બ્રોડકાસ્ટ થાય એ ઘટનાથી મારું ચિત્ત ખૂબ પ્રભાવિત બન્યું. આ અંગે મનમાં જે કેટલાક વિચારો સ્ફુર્યા તે ટપકાવવાનો નીચે પ્રયત્ન કર્યો છે.

દુનિયામાં અસ્તિત્વમાં આવેલી ધર્મસંસ્થાઓ બે પ્રકારની છે. એકમાં અન્ય ધર્મીને પ્રવેશ મળવાની શકયતા જ હોતી નથી. દા. ત. પારસીઓ અથવા યહુદીઓની ધર્મસંસ્થાઓ. કોઈ પણ વ્યકિત ધર્માન્તર કરીને પારસી કે યહુદી થઈ શકતી જ નથી. બીજી ધર્મસંસ્થા એ પ્રકારની કે જેમાં અન્યધર્મીને પ્રવેશ મળવાની શકયતા હોય છે. દા. ત. ખ્રીસ્તી ધર્મ, ઈસ્લામ, જૈન યા બૌદ્ધ ધર્મ. હિન્દુ એટલે કે વૈદિક ધર્મમાં પહેલાના કાળમાં અન્યધર્મીને પ્રવેશ મળવાની શકયતા નહોતી. જન્મથી હિન્દુ તે જ હિન્દુ એમ માનવામાં આવતું હતું. મુસલમાન કોઈ પોતાનો ધર્મ છોડીને હિન્દુ થઈ શકતો નહોતો. એમ કરવા કોઈ ઈચ્છે તો પણ તેનો હિન્દુ સમાજ સ્વીકાર કરતો નહોતો. પાછળના સમયમાં મુસલમાનોએ હાથ ધરેલી ધર્મપલટાની જોરદાર પ્રવૃત્તિના પ્રતિકાર રૂપે આર્ય સમાજે મુસલમાનને હિન્દુ બનાવવાની અને અન્ય ધર્મમાં વટલાયલા હિન્દુને હિન્દુસમાજમાં પાછો લેવાની પ્રવૃત્તિ શરૂ કરી. પરિણામે અન્ય ધર્મ છોડીને હિન્દુ ધર્મ સ્વીકાર્યાની ઘટનાઓ અવારનવાર સાંભળવામાં આવે છે. એમ છતાં આવી ઘટનાઓ

પ્રમાણમાં બહુ વિરલ હોય છે અને આજે ચાલુ માન્યતા તો એ જ પ્રકારની રહી છે કે જન્મે હિન્દુ તે જ હિન્દુ.

ઉપર જણાવ્યું તે મુજબ ખ્રીસ્તી, મુલસલમાન, બૌદ્ધ તેમ જ જૈન ધર્મના પ્રવર્તકો હંમેશાં પ્રચારલક્ષી અને ધર્મપરિવર્તન-લક્ષી રહ્યા છે. જૈન સમાજનો વિચાર કરીએ તો 'સવી જીવ કરૂં શાસનરસી' આ ભાવનાનું દરેક જૈનને જાણે કે ગળથુથીમાંથી પાન કરાવવામાં આવે છે. 'અમને જે મહાન જીવનદર્શન પ્રાપ્ત થયું છે તે અન્ય સર્વને પ્રાપ્ત થાઓ અને જેના વડે અમારૂં જીવન કૃતાર્થતાભર્યું લાગે છે તે અવલંબન અન્ય સર્વને સુલભ બનો!' આવી શુભભાવના દરેક ધર્મપરાયણ જૈનના દિલમાં--વિશેષત: જૈન સાધુ સાધ્વીના દિલમાં—રૂઢ થયેલી હોય છે અને તે ભાવનાથી પ્રેરાઈને ધર્મપ્રચારનાં જે કાંઈ સાધનો સુલભ હોય તેનો જૈન સમાજ - વિશેષત: સાધુસાધ્વી સમાજ - છૂટથી ઉપયોગ કરતો રહ્યો છે. આ માટે ઉપદેશકો રોકવામાં આવે છે અને વિપુલ ધર્મસાહિત્ય પ્રગટ કરવામાં તેમ જ ફેલાવવામાં આવે છે. સતત પાદવિહાર કરતા એવા સાધુ—સાધ્વીઓ જૈન ધર્મના બળવાન પ્રચારકો છે. ઉપદેશ આપવો અને ધર્મ વિચારની સમજૂતી ફેલાવવી એ તેમના જીવનનો મુખ્ય વ્યવસાય હોય છે.

અને આજે લોકોમાં - સામાન્ય સમાજમાં પણ-ધર્મતત્ત્વ જાણવા સમજવા અંગે નવી ભૂખ ઉઘડી છે. પહેલા કરતાં આજે ધાર્મિક વ્યાખ્યાનોમાં શ્રોતાઓની ઘણી વધારે મોટી ભીડ જામે છે. તેમને સાધુ સાધ્વીઓનો ગમે તેટલો મોટો અવાજ પહોંચી શકતો નથી અને તેથી તેમનાં પ્રવચનો શ્રાવણસુલભ બને એ માટે આજે સ્થળે સ્થળે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવામાં આવે છે અને તે સર્વ પ્રકારે આવકારપાત્ર છે.

જે ધર્મ પાસે જે કાંઈ વિશિષ્ટ તત્વ હોય, જે કોઈ વિશિષ્ટ વિચાર-સરણી હોય તે આજની વિરાટ જનતા સમક્ષ યોગ્ય આકારમાં અને જરૂરી સાધનોના ઉપયોગ દ્વારા મુકાતી રહે એ જરૂરી છે. ભીષણ વિચારમંથનના આ કાળમાં અને અનેક જટિલ સમસ્યાઓ વડે વ્યાકુળ એવી જનતા સમક્ષ જેની પાસે જે ઉકેલ હોય તે રજુ કરવામાં આવે એવી આજના કાળની એક મોટી માગ છે. સંપ્ર-દાયોના ક્રિયાકાંડમાં લોકોને રસ નથી. તેમનો ધર્મતત્વ જાણવું છે અને તે જયાંથી જાણી શકાય તેને તેઓ આવકારે છે. આ દષ્ટિએ વિચારતાં તાજેતરમાં પસાર થયેલ પર્યુષણ પર્વના અનુસંધાનમાં પછીથી માહીતી મળી તે મુજબ સપ્ટેંબર માસની ચોથી તારીખે મુંબઈના ઑલ ઈન્ડિયા રેડીઓ ઉપરથી તે જ સંસ્થાના કાર્યવાહકોએ કોટના ઉપાશ્રયે પોતાનાં માણસો તેમ જ જરૂરી સાધનો મોકલીને 'ટેઈપ રેકર્ડ' કરેલા 'ભગવાન મહાવીરનો ધર્મસંદેશ' એ વિષય ઉપરના મુનિ ચંદ્રપ્રભસાગરજીના પ્રવચનને પ્રસારિત કરવામાં આવ્યું હતું—આ શુભ ઘટનાને અન્ત:-કરણથી આવકારવાનું અને આવી પહેલ કરવા માટે મુનિશ્રી ચંદ્ર-પ્રભસાગરજીને ધન્યવાદ આપવાનું મન થાય છે. આ ઘટના ધ્વનિ-વર્ધક યંત્રનો ઉપયોગ જૈન સાધુ સાધ્વીઓ કરી શકે કે નહિ એ વિચાર વમળમાં ગોથાં ખાતાં જૈન ધર્મના આચાર્યો અને ઠેકે-દારોની આંખ ઉઘાડે અને પોતાની આગળ જે અમૂલ્ય ખજાનો હોવાનો દાવો કરવામાં આવે છે તેને દુનિયાની બજારમાં રજુ કરવા માટે, જૈન ધર્મ શું છે તેની જાણકારી જગતભરમાં ફેલાવવા માટે માત્ર ધ્વનિવર્ધક યંત્ર જ નહિ, પણ ટેઈપ રેકર્ડીંગ, બ્રોડકાસ્ટીંગ, સિનેમા, રંગભૂમિ જેવાં અદ્યતન સાધનોના ઉપયોગ તરફ વિના સંકોચે અને મુકત મને તેઓ વળે એવી તેમના વિષે આજના જનસમુદાયની અપેક્ષા અને પ્રાર્થના છે.

**પરમાનંદ**

## સાંવત્સરિક ક્ષમાપના

જૈનોના પર્યુષણ પર્વને અન્તે સંવત્સરિ પર્વ આવે છે. એ દિવસે સાંવત્સરિક પ્રતિક્રમણ કરવામાં આવે છે અને એ પ્રતિક્રમણમાં ગત વર્ષ દરમિયાન થયેલા અનેક આચારદોષોની અન્તસ્તાપૂર્વક આલોચના કરવામાં આવે છે અને તેના સંદર્ભ અને અનુસંધાનમાં પછીના દિવસે મિત્રો, સ્નેહીઓ, અને સ્વજનો પરપસ્પર થયેલાં મનદુ:ખ, અપરાધ, અવિનયાદી દોષો અંગે એકમેકની ક્ષમાયાચના - અર્પણા કરે છે. આવી એક પરંપરા જૈન સમાજમાં સદીઓથી પ્રચલિત છે. આ પરંપરાને અનુસરીને મારી ઉપર મુનિ સન્તબાલજીએ લખેલા પત્રની અને તેમને મેં આપેલા જવાબની નકલ નીચે પ્રગટ કરવામાં આવે છે:—

## મુનિ સન્તબાલજીનો પત્ર

**પરમ પ્રિય ભાઈશ્રી પરમાનંદભાઈ** જવારજ, તા. ધોળકા,
તા. ૪-૯-૬૨

ક્ષમાની આપ - લેના પર્વને દિવસે આ વર્ષમાં મેનનપ્રકરણ અને સાધુસાધ્વી પ્રકરણના બે જાહેર બનાવો અંગે જાહેરમાં પરોક્ષ ક્ષમાની યાચના - અર્પણા કરી લીધી એમાં આપનું પણ નામ સ્વાભાવિક રીતે આવે. આ રીતે પ્રત્યક્ષ પણ ક્ષમાની આપ - લે કરી લઉં છું. કેવું સુંદર પર્વ છે? આમ તો સૌને ક્ષમાની યાચના--અર્પણા જાણ્યે અજાણ્યે થયેલા દુ:ખ બદલ હોય જ. પણ જેમની સાથે પ્રત્યક્ષ વ્યવહાર થયો હોય, ત્યાં સવિશેષ ફરજ બની રહે છે.

'સન્તબાલ'

## જવાબ

મુંબઈ, તા. ૯-૬-૬૨

**પૂજ્ય સન્તબાલજી,**

આપનું તા. ૪-૯-૬૨ નું કાર્ડ મળ્યું. ગયા બાર મહિના દરમિયાન આપને પ્રતિકૂળ એવું મેં ઘણુ લખ્યું છે. એમ છતાં સાંવત્સરિક ક્ષમાપનાના અવસર ઉપર આપના તરફથી ક્ષમાની યાચના - અર્પણા કરતો પત્ર આવે તેથી આનંદ તેમ જ આશ્ચર્ય અનુ-ભવું છું. વસ્તુત: ક્ષમા તો મારે માગવાની રહે છે. આપનો મારા પર ઊંડો સદ્ભાવ છે અને તેવો સદ્ભાવ એક યા બીજા નાતે હું પણ આપને વિષે અનુભવતો રહ્યો છું. એમ છતાંય કમનસીબે અનેક બાબતો અંગે આપણા અંગત દષ્ટિકોણ, સંવેદન તેમ જ વિચાર-વલણમાં ફરક પડતો રહ્યો છે. આ ફરક જયારે આપના કેવળ અંગત નહિ પણ જાહેર જીવનને સ્પર્શતો હોય છે ત્યારે તેને લગતા મારા પ્રત્યાઘાતો 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરવાના પ્રલોભનને હું રોકી શકતો નથી. આમ છતાં આ બધું ભૂલી જઈને આપના પત્રમાં મારા પ્રત્યે આપ આટલી બધી પ્રેમભરી ઉદારતા આપ દાખવો છો તે જોઈને હું ઊંડી પ્રસન્નતા અનુભવું છું. હું પણ આવા જ ભાવથી આપની પ્રત્યે દાખવેલા અવિનય તથા અરુચિકર વાણીપ્રયોગ અંગે આપની ક્ષમા માંગું છું. જ્યાં પરસ્પર ચાલુ વ્યવહાર--સંબંધ હોય ત્યાં એકમેકને ગમતું—નગમતું વર્તવાના પ્રસંગો ઊભા થયા જ કરે છે. આવા કારણે પેદા થયેલી કટુતાને ચિત્તમાંથી ભૂંસી નાખવી એ આ ક્ષમાપના પર્વનું રહસ્ય છે. આ રીતે એકમેક પ્રત્યે જે કાંઈ અપ્રિય વર્તાવ થયો હોય તે આપણે ભૂલી જઈએ, ભૂંસી નાંખીએ અને આપણાં ખાતાં સરભર કરીએ—આવી મારા અન્તરની અપેક્ષા અને પ્રાર્થના છે.

લે. આપનો
**પરમાનંદ કુંવરજી કાપડિયા**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| મૂર્ખાઈની પરાકાષ્ટા | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૯૧ |
| ઉપાધ્યાય આનંદઋષિજીની વિચારભૂમિકા | પરમાનંદ | ૯૫ |
| આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા, | મંત્રીઓ | ૯૭ |
| વ્યાખ્યાનમાળા અંગે યોજાયેલું સ્નેહસંમેલન | " | |
| પ્રકીર્ણ નોંધ: ઑલ ઈન્ડિઆ રેડિઓ મુંબઈ ઉપરથી પ્રસારિત મુનિ ચંદ્રપ્રભસાગરજીનું પ્રવચન, સાંવત્સરિક ક્ષમાપના | પરમાનંદ | ૯૯ |


માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫–૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઓકટોબર ૧, ૧૯૬૨, સોમવાર
આફ્રિકા માટે શિલિંગ ૮

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ: ૨૦ નયા પૈસા


તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ અહિંસા ☆

(આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાના પહેલા દિવસે પહેલું વ્યાખ્યાન ૨૪ વર્ષના એક અંગ્રેજ સંન્યાસી બ્રધર લુસીયનનું હતું. આ વિશિષ્ટ વ્યકિતનો મને થોડા સમય પહેલાં જ પરિચય થયો હતો. તેઓ મૂળ દક્ષિણ આફ્રિકાના વતની છે. જન્મે ખ્રિસ્તી છે. ભણવામાં આગળ વધ્યા નહિ. ધર્મ તરફ તથા આધ્યાત્મિક ચિન્તન તરફ તેઓ વળ્યા. જન્મપ્રાપ્ત ખ્રિસ્તી ધર્મથી તેમના ચિત્તનું સમાધન ન થયું. યોગના અભ્યાસી એવા એક અંગ્રેજ સજ્જનનો તેમને સમાગમ થયો. યોગ તરફ-હિન્દુ ધર્મ તરફ-તેમનું મન ઢળ્યું. ૧૯ વર્ષની ઉમ્મરે હિન્દુધર્મ પરંપરાપ્રણીત એવો સંન્યાસ સ્વીકાર્યો. એક હિંદુ સંન્યાસી તરીકેનું તેમણે જીવન અંગીકાર કર્યું. ચારેક વર્ષથી તેઓ ભારતમાં આવ્યા છે અને એક સ્થળથી બીજા સ્થળે એમ સતત વિચરતા રહે છે. તેમના પરિચયથી હું પ્રભાવિત બન્યો. ઉમ્મર નાની એમ છતાં વસ્તુતત્ત્વની તેમનામાં મને ઊંડી સમજણ દેખાણી. તેમની આકૃતિમાં તેમ જ તેમની વાણીમાં મેં એક પ્રકારની પ્રતિભા અનુભવી. તેમને અમારી વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા મેં નિમંત્રણ આપ્યું. અંગ્રેજી એ તેમનું ભાષામાધ્યમ હોઈને તેમણે 'અહિંસા' ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપ્યું. તે વ્યાખ્યાનની ત્યાર બાદ તેમણે મારી ઉપર નોંધ મોકલાવી, જેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. હાલ તેઓ મદ્રાસ બાજુએ વિચરે છે એમ જાણવા મળ્યું છે. **પરમાનંદ**)

અહિંસાનો આદર્શ મોટા બલિદાનની અપેક્ષા રાખે છે અને તેના વ્યવહારૂ અમલમાં ઘણું મોટું જોખમ રહેલું છે. માનવ—સમાજમાં આપણે જે કાંઈ મેળવીએ છીએ તે હરીફાઈ—સ્પર્ધા—દ્વારા પ્રાપ્ત થાય છે અને આ સ્પર્ધા અનિવાર્યપણે અન્યને દબાવવામાં, નુકસાન કરવામાં, ઈજા કરવામાં પરિણમે છે. જો આપણે અહિંસાના આદર્શને મકકમપણે વળગી રહેવાનો નિર્ધાર કરીએ તો આજના સ્પર્ધાપરાયણ જગતમાં આપણે જે કાંઈ મેળવ્યું હોય તે સર્વનો ભોગ આપવાને તૈયાર રહેવું પડે અને આપણી જે સહીસલામતી—સુરક્ષિતતા — પ્રતિકાર કરવાની આપણી તાકાત અને અધિકાર ઉપર આધારિત છે તે સુરક્ષિતતાનો ઘણો અંશ મૂળમાંથી છેદાઈ જાય અને આપણી આદર્શનિષ્ઠાનો ઘણા લોકો મોટા પ્રમાણમાં લાભ ઉઠાવે.

આ રીતે વિચારીને અહિંસાને એક અવ્યવહારુ સિદ્ધાન્ત તરીકે લેખવામાં આવે છે. જો આપણે વિશાળ સમાજની તેમજ આપણી પોતાની ભાવી પેઢીઓની ઉપેક્ષા કરીને આપણા પોતાના સ્વાર્થનો જ વિચાર કરીએ તો, એમાં કોઈ શક નથી કે, અહિંસા અવ્યવહારુ જ લાગવાની. શરૂઆતમાં જે અનેક લોકો અહિંસાને નિષ્ઠાપૂર્વક સ્વીકારશે તેમાંથી કેટલાયને પોતાની જાતનું બલિદાન આપવું પડશે. કોઈ પણ ક્રાન્તિ સાથે આવું પરિણામ હંમેશાં જોડાયેલું જ હોય છે. ક્રાન્તિ થાય ત્યારે કાં તો અનેકની કતલ થાય છે અથવા તો અનેકને પોતાની જિંદગીનો ભોગ આપવો પડે છે. આ બે પ્રકારની ક્રાન્તિમાં ફરક એ છે કે, હિંસાના પરિણામે જે નવી સમાજરચના નિર્માણ થાય છે તે સમાજરચનાને હિંસા વડે જ ટકાવી શકાય છે, જ્યારે જે સમાજરચના આત્મભોગ અને અહિંસક બલિદાનમાંથી નિર્માણ થાય છે તે સમાજરચના અહિંસાના સિદ્ધાન્ત ઉપર ટકે છે, વિકસે છે, અને સર્વતોમુખી ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે.



બ્રધર લુસીઅન

વર્તમાન સમાજમાં ક્રાન્તિ નિર્માણ થવાની આત્યન્તિક જરૂર છે અને આ ક્રાન્તિ જો જલ્દીથી નહિ આવે તો આપણે સર્વતોમુખી વિનાશના ભોગ બનીશું. ભૂતકાળમાં આપણે ત્યાં ક્રાન્તિઓ થતી જ રહી છે. આવી દરેક ક્રાન્તિના પરિણામે ચાલુ નીતિ પદ્ધતિમાં ફેરફાર થતો રહ્યો છે. શાહીવાદ, સરમુખત્યારશાહી, લોકશાહી, સામ્યવાદ, સમાજવાદ વગેરે આ બધા નીતિપદ્ધતિના ફેરફારો છે. આજે જે પ્રકારની ક્રાન્તિની આપણને અપેક્ષા છે તે નીતિપદ્ધતિના ફેરફાર માટે નહિ પણ માનસિક વલણને લગતા પાયાના ફેરફારને અનુલક્ષે છે. આગળના વખતમાં આપણે આપણી નીતિપદ્ધતિમાં ફેરફાર કર્યો છે, પણ આપણા વલણમાં અભિગમમાં—ફેરફાર કર્યો નથી. આગળની બધી ક્રાન્તિઓમાં ભિન્ન ભિન્ન નીતિપદ્ધતિ દ્વારા વ્યકત થતું સ્વાર્થલક્ષી વલણ જ હમેશાં એકસરખી રીતે કામ કરતું રહ્યું છે. ગમે તેવી સ્થિતિસંયોગના ચોગઠામાં માણસ ગોઠવાયેલો હોય અને ગમે તેવા કાયદાકાનૂન વડે ત જકડાયેલો હોય તો પણ સ્વાર્થલક્ષી માણસ અન્યનું શોષણ કરીને તેમજ પોતાના ઈરાદાઓ પાર પાડવા માટે કાયદા કાનૂનનો દુરૂપયોગ કરીને પણ હંમેશાં પોતાનો સ્વાર્થ સાધવાની તરકીબો

શોધી કાઢે છે. સમાજ અને માનવીની પ્રકૃતિ સ્વાર્થસાધનાના આ પ્રકારના એકાન્તિક વલણ ઉપર આજે આધારિત છે. એકાન્તિક એ અર્થમાં કે આપણા સ્વાર્થ સાથે અનુરૂપ યા સુસંગત હોય એ પ્રકારના અન્યના સ્વાર્થોનો આદર કરવા આપણે તૈયાર હોઈએ છીએ.

આ પાયાના વલણ ઉપર વિકાસ પામી રહેલ માનવી જીવન અનેક ગંભીર ભયસ્થાનો વડે અભિભૂત બન્યું છે. આણુબોંબ અને જે વિનાશ તે દ્વારા નિપજ્યો છે તેનાં જોખમો આપણા માથે તોળાઈ રહ્યાં છે. આપણા આ પાયાના સ્વાર્થલક્ષી વલણના કારણે જે કાંઈ શોધો આપણે વિજ્ઞાન દ્વારા કરીએ છીએ તે બધી શોધોનો ઉપયોગ અન્યને દબાવવામાં અને આપણા સ્વાર્થને આગળ વધારવામાં હંમેશાં થતો રહ્યો છે. આપણા માટે વસ્તીવધારાનું જોખમ વધતું જ જાય છે અને આના પરિણામે હજારો લોકોને ભીડમાં રહેવા વસવાની ફરજ પડે છે અને ગરીબાઈ અને માંદગીના તેઓ ભોગ બને છે. આમ છતાં પણ, આજ કરતાં વધારે સારી રીતે લોકોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સમાજ પાસે પૂરતા પ્રમાણમાં સાધનસંપત્તિ છે, અને એમ છતાં આપણા આચારવિચારના સ્વાર્થલક્ષી ધોરણના કારણે આપણે નકામી, કૃત્રિમ અને ઘાતક એવી એક આર્થિક વિચારસરણી ઊભી કરી છે કે જેને લીધે, જે થોડા લોકો હોશિયાર અને કાબેલ છે તેઓ ઢગલાબંધ દ્રવ્ય કમાઈ શકે છે, એકઠું કરી શકે છે, જ્યારે ઓછી બુદ્ધિવાળા લોકોને જીવવા માટે પારવિનાની મથામણ કરવી પડે છે અને તેમાંના કેટલાક ગરીબાઈમાં સબડતા મૃત્યુને શરણ થાય છે. બીજી બાજુએ આવા ગરીબ લોકોને કામ મેળવી આપવા માટે અને એ રીતે તેમનું નસીબ સુધારવા માટે તરેહ તરેહના ઉદ્યોગો ઊભા કરવાનો હાસ્યાપદ પ્રયત્ન ચાલી રહ્યો છે. આ માટે સમાજને ભોગપરાયણ અને વિલાસી જીવન તરફ આકર્ષવામાં આવે છે. આમ કરવામાં સમાજના વાસ્તવિક કલ્યાણની સદન્તર ઉપેક્ષા અથવા તો અવગણના કરવામાં આવે છે. સીગરેટ, મદ્ય, પફ પાઉડર, કૃત્રિમ ખાદ્યપદાર્થો, અને શરીરસ્વાસ્થ્યને બાધક એવાં નાયલોન જેવાં વસ્ત્રો—આવી અનેક અનર્થજનક ચીજોનાં પ્રલોભનો ઊભા કરવામાં આવે છે અને તે દ્વારા લોકોના શારીરિક તેમ જ માનસિક આરોગ્યને પાર વિનાની હાનિ પહોંચાડવામાં આવે છે. આ બધું ઉદ્યોગવૃદ્ધિના નામે ચાલે છે અને તે પાછળ ગરીબ લોકોનો ઉદ્ધાર કરવાનો હેતુ રહેલો છે એવી વાતો કરવામાં આવે છે. આ બધો દંભ અને ઢોંગ છે. અહીં એ કહેવાની કોઈ જરૂર જ નથી કે જ્યારે પણ કોઈ માણસ ધંધો કે ઉદ્યોગ ખરેખર ઊભો કરવા માંગતો હોય છે ત્યારે તે પાછળ ગરીબ લોકોને મજૂરી પૂરી પાડવાનો ભાગ્યે જ હેતુ રહેલો હોય છે. તે પાછળ પોતાના માટે વિશેષ અને વિશેષ ધનપ્રાપ્તિનો જ હેતુ હોય છે. આ સ્વાર્થી લોકો તત્ત્વત: સીધી કે આડકતરી રીતે આજની વિનાશજનક અર્થરચનાના નિર્માતા છે. તેઓ એવા વાતાવરણમાં ઉછર્યા હોય છે કે, જ્યાં દરેક વ્યકિતને પોતાનો સ્વાર્થ આગળ રાખીને જીવવાની અને કામ કરવાની તાલીમ મળી હોય છે. જ્યારે સમાજના પોતાના પાયાના વલણમાં મૌલિક ફેરફાર થશે અને નિ:સ્વાર્થ ભાવ, અહિંસા અને સર્વવ્યાપી પ્રેમ વડે સમાજ સંચાલિત બનશે ત્યારે જ આપણી અર્થરચનામાં ફેરફાર થઈ શકશે અને સમાજની ધનસંપત્તિનું ન્યાયપુર:સર વિતરણ થશે અને તેના ઘટકોમાં ન્યાયપૂર્ણ ધોરણસરની વહેંચણી થશે.

આજના માનવસમાજ ઉપર બીજું જોખમ ગુન્હાઓની થતી જતી વૃદ્ધિને લગતું છે. અમેરિકા, જર્મની અને આગળ વધેલા ગણાતા યુરોપના અન્ય દેશોમાં ગુન્હાહિત વૃત્તિની શરૂઆત બાળવયમાંથી થાય છે. Juvenile delinquency—બાળવય દરમિયાનની ગુન્હાહિતતા—આજે ચોતરફ પસરતો જતો એક મોટો ચેપી રોગ છે. બાર વર્ષની ઉમ્મરનાં ઘણાં બાળકો ચોરી, લુંટફાટ, મદ્યવ્યસન અને અનીતિના માર્ગે જઈ રહેલા સાંભળવામાં આવે છે અને તેઓ ઉમ્મરમાં થોડા આગળ વધે એટલે ખૂન કરવા સુધી પહોંચી જતા માલુમ પડે છે. આનું કારણ સાવ સ્પષ્ટ છે. શાળાની તાલીમ પામેલા આજના જુવાનની—કશું પણ સ્વીકારી લેવાનો ઈનકાર કરતી—બુદ્ધિ સહેલાઈથી છેતરાતી નથી. નીતિ - સદ્ગુણ વિષે તેનાં માબાપ, વડીલો અને શિક્ષકો તરફથી ધાર્મિક પ્રવચનો અપાતાં હોવા છતાં, તેમનું સમગ્ર વર્તન કેવળ સ્વાર્થના ધોરણ ઉપર રચાયેલું છે એમ જ્યારે આ યુવકો જુએ છે ત્યારે, આ કહેવાતા ધર્મ અને નીતિને લગતી બધી શ્રદ્ધા તે ગુમાવી દે છે અને વૈજ્ઞાનિક રીતે અને વાસ્તવિકતાના ભાનપૂર્વક વિચારવાની જેને તાલીમ મળી છે એવું તેનું મન એવું તારણ કાઢે છે કે સ્વાર્થપરાયણતા એક જ એવી બાબત છે કે જેમાં લોકો ખરેખર માનતા હોય છે. અપરિપકવ વયના વિદ્યાર્થીઓ હંમેશાં પોતાને મળતા માર્ગદર્શન મુજબ વર્તે છે, અને સ્વાર્થપરાયણતા એ જ માત્ર જીવન પ્રત્યેનું પાયાનું વલણ છે આવું માર્ગદર્શન આપણા જીવનમાંથી તેમને મળે છે. વણખીલેલી બુદ્ધિવાળો આ અપરિપકકવ યુવાન આ વલણને અનુસરે છે અને સ્વાર્થવિવશતાની અણસમજભરી અભિવ્યકિત—એમાંથી જ ગુન્હાહિતતા વિકસે છે. ખીલેલી બુદ્ધિવાળો, કાર્યકુશળ, પ્રૌઢવયનો માનવી સ્વાર્થી વૃત્તિને એવો આકાર આપે છે કે તેને બધા લોકો એક ભદ્ર નાગરિક તરીકે ઓળખે છે, જ્યારે વસ્તુત: આમાંના કેટલાક નિષ્ઠુરતાભર્યા સમાજશત્રુઓ - ગુનેહગારો - જ હોય છે. આ બાબતમાં જ્યારે સદ્ગુણ અને નીતિમત્તાને સમાજ સમગ્ર રીતે એને સંપૂર્ણ અર્થમાં સમજશે અને સ્વાર્થી વલણ પાછળ રહેલા ક્ષણિક અને અપૂરતી ઉપયુકતતાના ખ્યાલના ઠેકાણે સર્વવ્યાપી પ્રેમ અને અહિંસાનાં સનાતન મૂલ્યોને જ્યારે અન્તરથી સ્વીકારશે અને અપનાવશે ત્યારે જ સદ્ગુણ અને નીતિમત્તા વિષે સાચી નિષ્ઠા પ્રગટશે અને આ દુનિયામાંથી ગુન્હાહિતતા સદન્તર નાબુદ થશે.

આજના અનર્થોથી બચવા માટે અને આન્તરરચના વધારે સુદઢ અને વ્યવસ્થિત બનાવવાના હેતુથી સમાજ સરમુખત્યારશાહીના એટલા જ અનર્થપૂર્ણ અને નિરર્થક ઉકેલ તરફ ધસી રહેલ છે. આપણને એમ લાગવા માંડયું છે કે, આજના સમાજમાં દેખાતી વિસંવાદિતા, અસ્તવ્યસ્તતા અને શોષણમયતા નાબુદ કરવા માટે લોકોના જીવનનો સંપૂર્ણ કબજો લેવો એ એક જ માર્ગ છે. આવી સમાજવ્યવસ્થા કે જેમાં કાનૂન આપણા જીવનની અને રહેણી કરણીની વસ્તુત: બધી વીગતો નકકી કરે એવી સંવાદી સમાજરચના ઊભી કરવા પ્રવૃત્ત થાય છે—આવી સમાજવ્યવસ્થાનું પરિણામ જીવનનો હેતુ અને અર્થ સદન્તર નાબુદ કરવામાં જ આવે. જીવન અર્થમય એટલા માટે છે કે, તે દ્વારા સર્જન માટે, સાહસ માટે અને જેની આપણામાં સ્વાભાવિક પ્રેરણા રહેલી છે અને આપણા આધ્યાત્મિક વિકાસ માટે અતિ આવશ્યક છે એવી નવી નવી અનુભૂતિની પ્રાપ્તિ માટે પૂરો અવકાશ મળે તેવી શકયતા રહેલી છે. જો જીવન સર્વથા યંત્રવત્ અને એક બીબાના ઢાળા જેવું બની જાય તો એવા જીવનનું કોઈ મૂલ્ય જ રહેવાનું નથી. આવી સમાજવ્યવસ્થાના પરિણામે માનવજાત એક અસહાય જાતિ જેવી બની જાય એમાં કોઈ શક નથી. જીવનમાં રહેલી સ્વાભાવિક ઉત્તેજના નિર્મૂળ બનતાં—નષ્ટપ્રાય બનતાં—જીવનની કોઈ પ્રેરણા કે ઈચ્છાશકિત વિનાના આપણે જડવત પ્રાણી બની જઈએ.

કાયદાથી લાદવામાં આવતી સામાજિક સંવાદિતા માનવવ્યકિતને કોઈ પ્રતિષ્ઠા આપતી નથી અને શિક્ષાના ભયના કારણે ગુનાઓ કરતાં અટકી જવાય એ કોઈ સદ્ગુણ - સાધના નથી. સમાજનો હેતુ સાપેક્ષતાના પ્રદેશમાં વસતી એક વ્યકિત તરીકેના અસ્તિત્વમાંથી આત્માને અનંત અને અગોચર એવી પરા અવસ્થા તરફ લઈ જવાના કાર્યમાં અનુસંધાયક એવા એક પૂલનું કામ બજાવવાનું છે અને આ હેતુ તો જ સિદ્ધ થઈ શકે કે જો સમાજ પોતાની સુગ્રથિતતા અને સંવાદિતા જાળવવા સાથે વ્યકિતને પોતાનાં સર્જન અને આત્મસાક્ષાત્કારના માર્ગે મુકતપણે વિચરવાનો પૂરો અવકાશ આપે. સમાજનો હેતુ પોતામાં સમાવિષ્ટ થતી વ્યકિતઓને વધારે ને વધારે સ્વાતંત્ર્ય આપવાનો છે, અને નહિ કે તેનું સ્વાતંત્ર્ય છીનવી લેવાનો. આમ છતાં પણ જ્યાં સુધી આપણે આવા સ્વાતંત્ર્યને યોગ્ય ન બનીએ, એટલે કે જીવન પ્રત્યેના આપણા સ્વાર્થલક્ષી અભિગમની નિરર્થકતા વિષે પૂરા સભાન બનવા જેટલા આપણે પરિપકવ ન બનીએ અને અહિંસાથી સૂચિત થતા એવા સર્વવ્યાપી પ્રેમાભિગમના સર્વશ્રેષ્ઠ મૂલ્યને જ્યાં સુધી આપણે જીવનમાં ન અપનાવીએ ત્યાં સુધી આ શકય જ નથી. જ્યારે આપણા જીવનનું આવું રૂપાન્તર થશે ત્યારે અન્યના જીવનની પવિત્રતાના પૂરતા ખ્યાલ સાથે આપણે આપણું જીવન જીવતાં હોઈશું અને કાયદાના નિયંત્રણની આપણને કોઈ જરૂર રહેશે નહિ અને સમગ્ર વિશ્વ સાથે આપણું જીવન અત્યંત સંવાદી બની ગયું હશે. આગળ વધીને એમ પણ કહી શકાય કે જેણે જીવ માત્ર પ્રત્યે પ્રેમ અનુભવવા માંડયો હશે તે માનવી ચિત્તની એ ભૂમિકા પ્રાપ્ત કરવા તરફ ગતિ કરી રહ્યો હશે કે જે ભૂમિકા આજના અન્યોન્ય—આધારિત અને સાપેક્ષ અસ્તિત્વની પેલે પાર તેને લઈ જશે અને આત્માના અનન્ત મોક્ષની તેને પ્રાપ્તિ કરાવશે.

અનુવાદક: **પરમાનંદ.** મુળ અંગ્રેજી: **બ્રધર લુસિયન.**

# ☆ આપણી શરમ ☆

ઉપરનું મથાળું કરી આસપાસ ટાંપ મૂકવાનું કારણ એક જ, કે મહાત્મા ગાંધીજીએ ઘણી વાર 'નવજીવન'માં આ મથાળું કર્યું હતું. આજે એ હયાત હોત તો આથી પણ વધારે કડક મથાળું કરત—આપણી શરમજનક શરમ, કે એવું કંઈ લખત. પેલી મિસ મેયોએ જ્યારે ભારતને ભરી ભરીને ચોપડાવી ત્યારે આપણે કેટલા બધા ખીજાઈ ગયા હતા! આ વાંચી કોઈ ખીજાઈ જાય, એવી હવે મને દહેશત રહી નથી. કારણ હવે આપણા હૃદયમાં કોઈ પણ પ્રકારની મૃદુતા સરસતા રહી નથી. એટલે ખિજાવાની વૃત્તિ પણ પેદા નહીં થઈ શકે.

સંસ્કાર કેળવવા માટે, શીખવવા માટે, ફેલાવવા માટે સરકારે છેલ્લા દાયકામાં ભારે જેહમત ઉઠાવી છે, અને એ પ્રવૃત્તિના વિકાસ માટે તેમ જ એના પ્રચાર અર્થે અઢળક નાણું ખર્ચ્યું છે અને હજી ખર્ચ્યે રાખે છે. તાજેતરમાં જાપાનમાં 'કલ્ટિ વેટિંગ હ્યુમન સ્પિરિટ'ની ત્રીજી કૉંગ્રેસ ભરાઈ એટલે કે માનવીઓમાં માનવતા વધે, વિસ્તરે, માનવમાનવ વચ્ચે સમજણ વધે, માનવી માનવીને બરાબર ઓળખે, માનવ માનવ વચ્ચે પરસ્પર પ્રેમભાવ પ્રગટે, એવા કોઈ આદર્શને બર લાવવા, આ સાલ જાપાનમાં ત્રીજી બેઠક ભરવામાં આવી. એ પ્રસંગે આપણા અતિસંસ્કારી ભારત દેશમાંથી લગભગ ત્રણસો પ્રતિનિધિઓને મોકલવામાં આવ્યાં હતાં. કે એ ભાઈ-બહેનો મોકલાયા હતા, કે આપમેળે ચૂંટાઈને ત્યાં જઈ રહ્યા હતા, એ એક ચર્ચાનો વિષય છે, એમાં આપણે હમણાં નહીં ઊતરીએ, પરંતુ ત્રણસો ચુનંદા, મોટે ભાગે માલેતુજાર, અલબત્ત, ભણેલાં ગણેલાં, પ્રતિનિધિઓ ત્યાં જઈ પહોંચ્યા હતાં એ નિર્વિવાદ વાત છે.

જાપાનમાં પ્રજાજન ભારે વિવેક જાણનારા અને વર્તનમાં અત્યંત વિનયી છે, એ તો જગજાહેર વાત છે. એટલે પોતાના મહેમાનો માટે એ પ્રજા પોતાથી બનતું બધું કરે એ સમજાય એવી હકીકત છે; એટલે આપણા અહીંથી પધારેલા મહાનુભાવો માટે એમણે અંગ્રેજી જાણનારા વિદ્યાર્થીઓને સ્વયંસેવક તરીકે એમની તહેનાતમાં રોકયા હતા. એ જાપાનના વિદ્યાર્થીઓને આપણા લાટ-સાહેબોનો પડતો બોલ ઝીલવાના હુકમ હતા. છતાં આપણાં રાવસાહે-બોએ માંહેમાંહે સારી જગ્યા માટે મારામારી કરી, પેલા સ્વયં-સેવકોને વારંવાર ઘાંટા પાડયા, એમને બરાબર અંગ્રેજી બોલતાં ન આવડે કે કયાંક એમની વ્યાકરણમાં ભૂલ થાય તો તરત આપણાં અંગ્રેજીને વિસારે પાડનારા, એ ભાષા તરફ સૂગ કેળવનારા વિદ્વાનોએ એમની છડેચોક ઠેકડી ઉડાડી, ખાવાના ટેબલ ઉપર ખાઉધરા તરીકે વર્ત્યાં, ખાવાના ફળફળાદિ વધારાના હોય તો તે ગજવામાં સેરવ્યાં, સાહેબશાહી રીતે નાની મોટી વસ્તુઓની માંગણી કરી, ખાવા વખતે મૂકવામાં આવતાં છરી—કાંટા બેશરમ રીતે ગજવામાં મૂકયાં. ટૂંકમાં ચોરીઓ કરી. પહેરવા આપેલા ઝબ્બા બેગમાં રાખી દીધા અને એમ સવારથી માંડી સાંજ સુધીમાં એક પણ દિવસ એવો નહિ ગયો હોય, જ્યારે આપણાં સંસ્કારી પ્રતિનિધિઓએ પોતાની ચોરવૃત્તિનું, બિભત્સ વૃત્તિનું, ખાઉધરા વૃત્તિનું લોભવૃત્તિનું, લડાયક વૃત્તિનું—પ્રદર્શન કર્યું ન હોય!

બીજે પક્ષે જાપાની સ્વયંસેવકોએ વરસાદ પડે તો તત્કાળ ગમે ત્યાંથી છત્રીઓ લાવવાની શરૂ કરી, નાની મોટી દરેક અડચણો દૂર કરવા હસતે મોઢે સેવા —તહેનાત કર્યા કરી છે; છતાં આપણે એમના વર્તનમાંથી બોધપાઠ લેવાને બદલે આપણા સ્વભાવની હલકામાં હલકી વૃત્તિઓ એમની સમક્ષ છતી કરી છે.

ગંદકી કરવામાં, કચરો વેરવામાં, મારું તારું કરી લડવામાં, સાફ વસ્તુને બગાડવામાં; આપણા દેશમાં તો આપણે એક્કા છીએ. એ જ રીતે આપણા સંસ્કારપ્રચાર કરનારા પ્રતિનિધિઓએ ત્યાંની સ્વચ્છ વસ્તુઓ બગાડી છે, જાજમો ખરડી છે, બાગમાં કચરો વેર્યો છે, સફાઈવાળા ઓરડામાં કાગળોના કુરચા ઉરાડયા છે, અને ઘાંટા ઘોંઘાટ કરવામાં પાવરધા એવા આપણા પ્રજાજનોએ વારંવાર શાંતિનો ભંગ કર્યા કર્યો છે, લાંબી છે આ કથા. અને જેમણે આ સંબંધી વધારે માહિતી મેળવવી હોય તે ઈન્ડિયન એક્ષપ્રેસનો તા. ૩ જી જુલાઈનો અંક જુએ અને એમાં આ પ્રતિતનિધિઓમાંના એક શ્રી. શશિદેસાઈનો લેખ વાંચે. એ લેખ પ્રગટ થયા પછી પણ એ સંબંધમાં જે ચર્ચાપત્રો પ્રગટ થયા છે એ પણ મૂળ હકીકતને પોષનારા જ લખાયાં છે, એટલે ટૂંકમાં આ વર્તન માટે આપણે કશું વિચાર્યા વિના, મન ચંચળાવ્યા વિના, દિલમાં રંજ કર્યા વિના, નિરાંતે આવું તો થાય જ, એમાં ઉહાપોહ કરવા જેવું શું છે, એમ માની શાંતિથી બેઠા રહ્યા છીએ, એ પણ હકીકત છે.

કોઈ કહેશે શું થાય? અમે કહીએ છીએ કે, કશું જ ન થાય. બીજા દેશનાં પ્રજાજનો બહાર જઈ આવું વર્તન કદાચ કરે તો એની પ્રજા યા એની સરકાર એ બધાંને ઉધડાં લે, એમની ધૂળ ખંખેરી નાંખે, એમનાં મગજમાંની રાઈ કાઢી એમને સદ્વર્તન, સદાચાર, સારો વ્યવહાર, સુવિવેક—વિનય શું એના પદાર્થપાઠ શિખવાડે. પણ આપણે ત્યાં જ્યાં મુંબઈ નજીક આલિટાલિયાના લૂંટેલા હવાઈ જહાજમાંના મરીને ભોંય પડેલાં પ્રવાસીઓનાં મૂડદાઓ ઉપરથી કપડા ચોરી જઈએ, એમનાં કાંડાના ઘડિયાળો કાઢી જઈએ એ, પરદેશી મુસાફરોની કમનસીબી ઉપર આંસુ સારવાને બદલે, એમને માટે પ્રાર્થના કરવાને બદલે, એમના સગાંવ્હાલાંઓ માટે એમની વસ્તુઓ યાદી તરીકે સાચવી રાખવાને બદલે આપણે એમની લાશ ચૂંથીએ, એમને સ્વચ્છ કફન ઓઢાડવાને બદલે એમનો પહેરવેશ ચોરી જઈ કાળોટિયાના ધંધા કરીએ અને આપણી પોલીસ એ પ્રમાણે થયું છે એ કબૂલ પણ કરે, એટલે એ સત્ય ઘટના છે, એમાં શંકાને સ્થાન જ નથી એવું જ્યાં બને, તો પરદેશમાં આપણે એથી પણ વધારે બદતર, નફ્ફટ, બેશરમ રીતે વર્તન કરીએ એમાં નવાઈ શી વળી?

ખરેખર આ પરિસ્થિતિ સુધરવાની તો નથી જ, બગડતી જાય છે, તો એ વધારે બગડતી પણ અટકાવી શકીશું નહિ? આપણે અસંસ્કારી, ગમાર, જંગલી, બર્બરની દશાને જ પહોંચી જઈશું. કદાચ ભારતની નવી સંસ્કૃતિની, નવા જમાનાની એ વ્યાખ્યા પણ હોય.

હા, આપણે કન્યાવિક્રય કરતા હતા, દૂધપીતાનાં ગળાં ટૂંપી મારી નાંખતા હતા, કૂહાડે ખૂન કરતા હતા, ન ગમતી પરણે-તરને ઉંચે બાંધી નીચે ઘાસની ભટ્ટી સળગાવતા હતા, એવાં એવાં અમાનુષી, કરપીણ કામો જે ગઈકાલ સુધી કરતાં હતાં, તે હવે આજે કરતાં કદાચ અટકયા હોઈશું; ઉભા રહો, બાજુમાં એક ભાઈ બેઠાં બેઠાં આ વાંચે છે તે કહે છે કે અટકયા છીએ?

જો એ જ આપણી હાલત હોય તો સરકારે અત્યાર સુધી સંસ્કાર પ્રવૃત્તિઓ પાછળ ખરચેલું કરોડોનું નાણું એળે જ ગયું એમ માની કપાળે હાથ મૂકી કલમોને બાજુ ઉપર રાખી મૂંગા મૂંગા બેસી જવું એ જ ઉત્તમ છે.

'અખંડ આનંદ' માંથી આભાર ઉદ્ધૃત. ચંદ્રવદન મહેતા.

## વિષયસુચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| અહિંસા | બ્રધર લુસીયન | ૧૦૧ |
| આપણી શરમ | શ્રી ચંદ્રવદન મહેતા | ૧૦૩ |
| છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા | | |
| એક આલોચના | પ્રો. ગૌરીપ્રસાદ ચુ. ઝાલા | ૧૦૪ |
| પંચાયત રાજ્યની સ્થાપના | શ્રી બળવંતરાય મહેતા | ૧૦૬ |
| મારાં જીવનનાં કેટલાંક સ્મરણો | શ્રી રતિલાલ મફાભાઈ શાહ | ૧૦૮ |

# છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળા : એક આલોચના

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા તાજેતરમાં યોજવામાં આવેલી વ્યાખ્યાનમાળાની નવે દિવસની સભાઓનું પ્રમુખસ્થાન સેન્ટ ઝેવિયર્સ કૉલેજના સંસ્કૃત ભાષાના પ્રાધ્યાપક શ્રી. ગૌરીપ્રસાદ ચુ. ઝાલાએ શોભાવ્યું હતું. છેલ્લા દિવસની સભામાં આખી વ્યાખ્યાનમાળાનો વીગતવાર ઉપસંહાર કરવા માટે પૂરતો સમય ન હોવાથી એ પ્રસંગે જાહેર કરવામાં આવ્યું હતું તે મુજબ તેમણે પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરવા માટે મોકલી આપેલ—આખી વ્યાખ્યાનમાળાની ઝાંખી કરાવતી અને તેમની વિદ્વત્પ્રતિભાનો પરિચય આપતી—ઉપસંહારાત્મક આલોચના નીચે રજૂ કરવામાં આવે છે. **તંત્રી** ]

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ—સમાહમાં દર વર્ષે વ્યાખ્યાનમાળા યોજાય છે અને આ પ્રવૃત્તિ ઘણાં વર્ષ થયાં ચાલુ છે એ જાણીતી હકીકત છે. સાંપ્રદાયિકપર્વના અનુસંધાનમાં યોજાતી હોવા છતાં આ વ્યાખ્યાનમાળા સર્વથા બિન-સાંપ્રદાયિક રૂપની છે એ એની વિશિષ્ટતા અને ગૌરવ છે. છેલ્લાં દશ—બાર વરસમાં જૈન સાધુઓથી માંડીને વેદાંતાનુયાયી સંન્યાસીઓ અને ખ્રિસ્તી સાધુઓનાં પ્રવચનો યોજાયાં છે એ મારા અનુભવની વાત છે. અને વકતાની બાબતમાં જ નહીં, વ્યાખ્યાનના વિષયોની બાબતમાં પણ વિષય ધાર્મિક જ હોવો જોઈએ એવી મર્યાદા પણ રખાઈ નથી. આ સાચી દિશાનું પગલું છે. પ્રજાના નવઘડતરમાં વ્યવહારિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક બધાં જ પાસાંઓનું નિરૂપણ, સંસ્કરણ અને નવનિર્માણ થાય એ આવશ્યક છે. કેવળ આધ્યાત્મિક કે કેવળ વૈજ્ઞાનિક કે કેવળ આર્થિક વિકાસ કે ઉન્નતિ એકાંગીણ છે; તેનાથી જીવન અને જીવન—દર્શન બંને વિકૃત બની હીણાં થાય. આજના સમયમાં સમન્વિત કે સંવાદી વ્યકિતત્વ (Integrated personality) ની વાતો થતી સાંભળીએ છીએ ત્યારે ધર્મ, અર્થ અને કામ (અને મોક્ષ)—આ ત્રણેય વ્યાવહારિક પુરુષાર્થોનું સમન્વિત સેવન કરવું એવો પ્રાચીન ભારતીય આદેશ પુનરુચ્ચારણ પામતો હોય એમ લાગે છે. પર્યુષણ-વ્યાખ્યાનમાળામાં જીવનનાં કોઈ પણ અંગોપાંગને સ્પર્શતા વિષયને સ્થાન અપાય છે એ હકીકત આ યોજનાની પાછળ રહેલી દ્રષ્ટિની સમગ્રતાની દ્યોતક છે.

આજ પહેલાં આ વ્યાખ્યાનમાળામાં બે વાર વકતા તરીકે ભાગ લેવાનો લાભ મને મળ્યો હતો. આ વર્ષે વ્યાખ્યાનમાળાની સમગ્રતા પ્રત્યક્ષ રીતે નિહાળવાની તક મળી. વ્યાખ્યાનમાળામાં પૂજ્ય પંડિત સુખલાલજી સ્થાયી પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેતા આવ્યા છે. તેમાં વ્યાખ્યાનમાળાનું ગૌરવ જળવાતું રહ્યું છે. આ વર્ષે પૂ. પંડિતજી શારીરિક સ્વાસ્થ્યમાં પૂરા વિશ્વાસના અભાવે આવી શકે તેમ ન હોવાથી શ્રી પરમાનંદભાઈએ પ્રમુખસ્થાન મારે લેવું એમ સૂચવ્યું. શ્રી પરમાનંદભાઈની સૂચનાને નકારવાનું હોય નહીં; એટલે રામની પાદુકાને સિંહાસન ઉપર સ્થાપીને ભરતે રાજ્ય-કારભાર સંભાળ્યો હતો તેવી વૃત્તિથી પંડિતજીની અનુપસ્થિતિમાં આ કાર્ય મેં સ્વીકાર્યું. નવ દિવસ સુધી અધિકારી વ્યકિતઓએ જુદા જુદા વિષયોનાં કરેલાં નિરૂપણ, રજૂ કરેલાં દ્રષ્ટિબિંદુઓ, તેમની મીમાંસામાંથી ઉપસી આવતી ગ્રાહ્યાગ્રાહ્યતા વગેરે સાંભળવા—સમજવાનો સાચા અર્થમાં બહુમૂલ્ય લાભ મને મળ્યો. જે બહોળો શ્રોતૃવર્ગ નવે દિવસ હાજર રહીને બધાં વ્યાખ્યાનો સાંભળે છે તેને કેટલી સમૃદ્ધ અને પ્રેરક વિચાર-સામગ્રી મળે છે અને એ સામગ્રી અને તેના નિરૂપણમાંથી સ્થિર જીવન-દ્રષ્ટિ ની કેવી ઝલક સાંપડે છે?

આ વર્ષની વ્યાખ્યાનશ્રેણીમાં સમાજજીવનને નિરૂપતાં વ્યાખ્યાનોની સંખ્યા સારા પ્રમાણમાં હતી. સમાજ-જીવનની વિષમતાઓ અને વિટંબણાઓનું ચિત્ર દોરીને તે વિષમતા અને વિટંબણાને દૂર કરી સમાજ—સ્વાસ્થ્ય સ્થાપવાના ઉપાયો દર્શાવાય એ યોગ્ય નિરૂપણ ગણાય. આ વિષયને સ્પર્શતાં ઘણાંખરાં વ્યાખ્યાનોમાં આ ઉભય દ્રષ્ટિ રખાઈ હતી. કાકાસાહેબ કાલેલકરે નાત-જાતના અને ધર્મના વાડાઓ આજે સમાજ-જીવનને અને રાષ્ટ્ર—જીવનને કેવા રુંધી રહ્યા છે તે પોતાની સરળ મનોરમ શૈલીમાં સમજાવ્યું હતું. આફ્રિકા જેવા પરદેશમાં વસતા આપણા ભાઈઓ પરદેશમાં પણ પોતપોતાના ચોકા જુદા રાખે છે એ હકીકત રજુ કરીને લોકસેવાનો—માનવતાના ધર્મનો—આદેશ આપ્યો હતો.

સમાજસ્વાસ્થ્યની ચાવી પ્રધાનપણે સ્ત્રી-પુરુષના સંબંધની સમંજસતા છે. સ્ત્રીજીવન અને સ્ત્રીજીવનની ભાવનાઓને સ્પર્શતા ત્રણ વ્યાખ્યાનો થયાં હતાં. શ્રી વસુબહેન ભટ્ટે દ્રૌપદી વિષે વ્યાખ્યાન આપ્યું હતું અને આચાર્ય અમૃતલાલ યાજ્ઞિકે સીતા વિષે. આર્ય સ્ત્રીત્વની પ્રતિનિધિરૂપ ગણાય એવી આ બે સ્ત્રીઓના નિરૂપણે સ્ત્રીત્વની જૂદી જૂદી લાક્ષણિકતા સ્પષ્ટ કરી. દ્રૌપદીનું પાત્ર ક્ષાત્ર ઓજસવાળું, જાજરમાન, અન્યાયની સામે બળ વાપરીને લડી લેવાની વૃત્તિવાળું છે. અપમાનોની પરંપરાથી પ્રજળી ઊઠેલી અને યુધિષ્ઠિરને મેણાં-ટોણાં મારીને રોષ વ્યકત કરતી દ્રૌપદી પતિવ્રતા છે—યુધિષ્ઠિરનો કોઈ પણ દોષ જોવાને તૈયાર નથી. સામે પલ્લે, સીતાનું પાત્ર—કેવું સૌમ્ય, રમ્ય અને કરુણ છે? દ્રૌપદીનું વ્યકિતત્વ દીપ્તિથી આંજી નાખતા વીજળીના ઝબકારા જેવું છે, જ્યારે સીતાનું વ્યકિતત્વ શાંત અન કોમળ ચંદ્રિકા જેવું છે. સ્ત્રીત્વનાં ઓજસ અને માર્દવ વ્યકત કરતાં એ બે પાત્રો પ્રાચીન ભારતીય સ્ત્રીની પતિષ્ઠિાનાં પ્રતીક જેવાં છે. શ્રી વસુબહેને અને આચાર્ય યાજ્ઞિકે આ બંને પાત્રોના જીવન-પ્રસંગો ટાંકીને સારું નિરૂપણ કર્યું હતું. શ્રી ધૈર્યબાળા વોરાએ "આજની નારીની સમસ્યા' રજૂ કરી હતી. આરંભમાં તેમણે સ્ત્રી-પુરુષના સંબંધની ઐતિહાસિક ભૂમિકા સમજાવી હતી અને સ્ત્રી પતિસેવા કરે, બાળકો ઉછેરે અને ઘર સાચવે એ આદર્શનું ઐતિહાસિક દ્રષ્ટિએ નિરૂપણ કર્યું હતું. પણ આજે પરિસ્થિતિ બદલાઈ છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી યૂરોપમાં અને આજે તો બધા દેશોમાં સામાજિક મૂલ્યો અને વ્યવહાર બદલાયાં છે. આપણે ત્યાં આજની નારી કેળવણી લે છે, પણ તે પુરુષને અનુલક્ષીને અપાતી કેળવણી છે. સમાજમાં અને ઘરમાં હજી પ્રાચીન આદર્શો જ પૂજાય છે, જ્યારે શાળાઓમાં અને જાહેર જીવનમાં મુકત વાતાવરણ અનુભવાય છે. પુરુષની પેઠે સ્ત્રી પણ આજે અર્થોપાર્જન કરે છે. સંતાનોને ઉછેરવાનું કાર્ય કુદરતે તેના ઉપર નાખ્યું છે તે તેણે કરવું જ રહ્યું. આમ પોતાની શકિત અને વ્યવહાર વચ્ચેના ગજગ્રાહમાં સપડાયેલી આજની નારી પોતે જ સમસ્યારૂપ બની ગઈ છે! આજે એનાં જીવન-આદર્શો અને જીવન વ્યવહારને બદલાવવાં પડશે. બહેન ધૈર્યબાળાએ રજૂ કરેલી આ સમસ્યાનો ઉકેલ સહેલો નથી. આ પ્રશ્ન જૂની ઘરેડમાં ઉછરેલી પેઢી અને નવા વિચાર-આચારના વાતાવરણમાં ઉછરેલી પેઢી વચ્ચેનો જ પ્રશ્ન નથી. થોડા સમય પહેલાં સ્ત્રીકેળવણી અને સ્ત્રીજીવનના પ્રશ્નોમાં સક્રિય રસ લેતાં શિક્ષિત અને પ્રૌઢ બહેનને મેં પ્રશ્ન કર્યો હતો કે પાંત્રીસ-ચાળીસ વર્ષ પહેલાંની શિક્ષિત કન્યાઓ જે એ સમયે વહુઓ હતી તે આજે સાસુઓ બની છે. છતાં સાસુ-વહુના અને કુટુમ્બજીવનના એના એ જ પ્રશ્નો આજે પણ એવા ને એવા કેમ ચાલ્યા કરે છે?" પ્રશ્નને આ રૂપે મૂકેલો જોઈને એ વિચારમાં પડી ગયાં. બદલાયેલી પરિસ્થિતિને અનુકૂળ રહીને જીવન-વ્યવ-

હારમાં આવશ્યક પરિવર્તનો કરવાં પડશે એ તો દેખીતું છે. છતાં આ જટિલ સમસ્યાના નિરાકરણના પ્રયત્નમાં બે-ત્રણ મુદ્દઓ સ્પષ્ટ રીતે જ મહત્ત્વના છે: પ્રકૃતિએ જ સ્ત્રી અને પુરુષની વચ્ચે ભેદ રાખ્યો છે તે સ્વીકાર્યા વિના તો છૂટકો જ નથી. સંતાન-સંવર્ધનનું કાર્ય પણ માતા ઉપર જ અવલંબે છે: આ હકીકતમાંથી પરિણમતાં અધિકાર અને ગૌરવ સ્ત્રીનું પ્રધાન કાર્યક્ષેત્ર ગૃહ છે એમ સૂચવે છે: અને છેલ્લે, સ્ત્રી-પુરુષ એકબીજાનાં પ્રતિસ્પર્ધી નહીં પણ પૂરક છે એ વાતનું વિસ્મરણ ન થવું જોઈએ.

'શ્રેયસ્' નામની અમદાવાદમાં ચાલતી શિક્ષણ-સંસ્થા આજે તો ભારતભરમાં પ્રસિદ્ધિ પામી છે. એની સ્થાપના, સંચાલન અને વિકાસની પાછળ બાળ-શિક્ષણ અને પછીના શિક્ષણના આદર્શોને વ્યવહારમાં ઉતારવાનાં સ્વપ્ન સેવનાર વ્યકિતનાં દૃષ્ટિ, શ્રદ્ધા, ઉત્સાહ અને ભગીરથ યત્ન રહ્યાં છે. રવીન્દ્રનાથ ટાગોર, માદામ મોન્તેસોરી વગેરેએ પુરસ્કારેલી શિક્ષણપદ્ધતિ ઉપરાંત દેશ-વિદેશમાં, સવિશેષ જાપાન જેવા દેશમાં, પ્રચલિત શિક્ષણ-પદ્ધતિઓનાં નિરીક્ષણ અને આલોચનનાં પરિણામે અને પ્રેરણાએ કલ્પાયેલી આદર્શ શિક્ષણસંસ્થાનું સ્વરૂપ કેમ ઘડાતું ગયું—કંડારાતું ગયું એનું વિગતવાર વર્ણન શ્રી લીનાબહેન મંગળદાસે આપ્યું—ડાયરીમાંથી જુદે જુદે સમયે ટપકાવેલી નોંધોનાં અવતરણ દ્વારા એ વર્ણન વધારે તાદૃશ બન્યું. અત્યંત પ્રબોધક પ્રવચન સાંભળવા મળ્યું.

એવું જ પ્રબોધક પ્રવચન નીવડ્યું શ્રી હરિવલ્લભ પરીખનું 'ગુજરાતના આદિવાસીઓ' ઉપરનું. આદિવાસીઓ—ભીલો—ની જીવન-પ્રણાલી, સામાજિક વ્યવહારો, ધાર્મિક માન્યતાઓ અને વહેમો, તેમની આર્થિક અવદશા વગેરેનું પ્રત્યક્ષ અનુભવ ઉપર નિર્ભર રહેલું વર્ણન કરીને એ જાતિઓને સંસ્કારાભિમુખ કરીને અર્વાચીન જગતમાં પોતાનો સંદર્ભ સમજતી થાય એ ધ્યેયથી પોતે કરેલી સેવાઓનું ટૂંકું નિરૂપણ શ્રી પરીખે કર્યું હતું. આદિવાસીઓ તો ઠીક, પણ આપણાં જ ગામડાંઓમાં સેવા અર્થે જનાર ગ્રામસેવકને પણ શ્રી પરીખ જેવી અને જેટલી મુશ્કેલીઓ નડે છે: શ્રી બબલભાઈ મહેતાએ ઠાસરા પાસેના એક ગામમાં ત્રીસેક વર્ષ પહેલાં પોતે કરેલા પ્રયોગના વર્ણનથી એનો ખ્યાલ આવશે. આદિવાસીઓના સેવાકાર્યના સંબંધમાં એક પાયાનો પ્રશ્ન એ છે કે આપણે આદિવાસીઓને તે જેવા છે તેવા જ રાખવાના છે—સંગ્રહસ્થાનમાં મૂકેલી કૌતુક જન્માવે તેવી ચીજોની પેઠે? કે આપણા સંસ્કારોથી એને રંગીને આપણા જેવા બનાવવાના છે? આ પ્રશ્ન, વિશેષ કરીને ધાર્મિક પ્રચારની અને તેને પરિણામે ઉત્પન્ન થતી રાજકારણીય સમસ્યાઓની દૃષ્ટિએ, ગંભીર પ્રશ્ન છે એમ મારું માનવું છે.

માનનીય શ્રી શાંતિલાલ શાહે 'શિક્ષણનું માધ્યમ અને રાષ્ટ્રભાષા'—આ જટિલ વિષયનું વિશદ અને મુદ્દાસર વિવરણ કર્યું. વ્યકિત તરીકે પોતાના વિચારો રજૂ કરતાં તેમણે કરેલાં વિધાનો આ હતાં: પ્રાથમિક શિક્ષણ માતૃભાષા દ્વારા અપાવું જોઈએ. મુંબઈ જેવા શહેરના અને સરહદી નગરોના અપવાદને બાદ કરીને, માધ્યમિક શિક્ષણ પ્રાદેશિક ભાષામાં (જે લગભગ બધે જ સ્થળે માતૃભાષા જ હશે) થવું જોઈએ, યુનિવર્સિટી-કક્ષાએ શિક્ષણનું માધ્યમ પ્રાદેશિક ભાષા નહીં, પણ રાષ્ટ્રભાષા હોવું જોઈએ. હિંદી ભાષા પૂરે પૂરી સામર્થ્યવાળી ન બને ત્યાં સુધી અંગ્રેજી પણ સ્વીકારવી રહી (માધ્યમ તરીકે). આમાંના દરેક વિધાનની પાછળ રહેલી ભૂમિકા અને મીમાંસા પણ રજૂ થઈ હતી. રાજકારણથી આ પ્રશ્નને દૂર રાખીને રાષ્ટ્રહિતનો વિચાર કરાય તો શ્રી શાંતિભાઈએ સૂચવેલી વ્યવસ્થા જ હિતાવહ છે એમ કહેવાની જરૂર નથી.

'અહિંસક અને નીડર સમાજરચનાના પ્રશ્નો' વિષે વિવરણ કરતાં આચાર્ય શ્રી યશવંત શુકલે અને 'ભારતીય લોકશાહી' ઉપર બોલતાં મુંબઈ યુનિવર્સિટીના રેકટર પ્રાધ્યાપક પરીખે વૈયકિતક જીવન-વ્યવહારની શુદ્ધિ અને વિચારની સ્વતંત્રતાની આવશ્યકતા ઉપર ભાર મૂકયો હતો. પ્રા. પરીખે તો કહ્યું હતું કે ભારત જેવા વિશાળ અને વિવિધ ભાષા અને પ્રાદેશિક લાક્ષણિકતાવાળા દેશમાં લોકશાહી સિદ્ધ થાય તો જગતમાં લોકશાહી સિદ્ધ થશે એમ પણ આજે કેટલાક વિચારકો માને છે. આજે પ્રવર્તતી અનેક ક્ષતિઓ તરફ આંગળી ચીંધીને તેમણે શાચી લોકશાહી તરફ વળવાના ઉપાયોનો ઉલ્લેખ પણ કર્યો હતો.

ધર્મ, નીતિ અને આધ્યાત્મિક જીવનને સ્પર્શતાં પ્રવચનોમાંનું એક આચાર્ય એ. બી. પરીખનું 'ધર્મ વિરુદ્ધ સંપ્રદાય' વિષે હતું. જૈન ધર્મનું કંઈક ઐતિહાસિક કહેવાય તેવું નિરૂપણ કરીને એમણે આજના વિજ્ઞાનના જમાનામાં પ્રાચીન પ્રણાલીઓ અને માન્યતાઓ છોડવી જોઈશે એ મુદ્દા ઉપર વિશેષ ભાર મૂકયો હતો. ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેદ સમજવો હોય તો કહી શકાય કે આત્મા અને શરીર વચ્ચેના ભેદ જેવો એ ભેદ છે. જીવનમાં સાત્ત્વિક ઉત્કર્ષ આણે તેવાં મૂલ્યો તે ધર્મ: એ મૂલ્યોને સાકાર કરવાનાં સાધનો તે સંપ્રદાયો. આરંભમાં સંપ્રદાયો ધર્મ-તત્ત્વના પરિષ્કારક હોય છે; પણ સમય જતાં તેનાં બહિરંગનું મહત્વ વધી જાય છે અને આત્માભૂત તત્ત્વ લુપ્ત જેવું થઈ જાય છે. આમ બને ત્યારે સંપ્રદાયો સાચા ધર્મના સમર્થક રહેતા નથી.

આચાર્ય શ્રી દલસુખભાઈ માલવણિયાનું 'અનેકાન્તવાદ' વિષેનું વ્યાખ્યાન સરળ છતાં મર્મગામી હતું. શુદ્ધ ઐતિહાસિક દષ્ટિએ અનેક દર્શનોના પરસ્પર આધાતપ્રત્યાધાતોનું નિરૂપણ કરીને અનેકાન્તવાદનો અર્થ શો છે તે તેમણે સ્પષ્ટ રીતે સમજાવ્યું. એમની વૈજ્ઞાનિક વૃત્તિ એટલી તટસ્થ હતી કે ભગવાન મહાવીરની સ્વજીવનમાં સ્વીકારાયેલી અહિંસા પાછળથી એટલી ઉત્કટ કોટિએ સ્વીકારાઈ નથી એમ વિધાન કરવામાં એ જરાયે સંકોચ પામ્યા નહોતા. શ્રી માલવણિયા તો પંડિત છે: તેમના વિચાર-સંભારમાં વિદ્વત્તા ભારોભાર હતી, છતાં નિરૂપણમાં એ ભારેખમપણું આવ્યું નહોતું. શ્રી તારાબહેન શાહે 'આનન્દઘન'નાં જીવન અને કવન વિષે અભ્યાસપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. શ્રેણીનું પહેલું વ્યાખ્યાન આફ્રિકાવાસી યુરોપીયન વ્યકિત બ્રધર લુશિયને આપ્યું હતું. પોતે ભારતીય આધ્યાત્મિક વૃત્તિ તરફ શી રીતે આકર્ષાયા તે સમજાવીને શાન્ત અને સૌમ્યમૂર્તિવાળા બ્રધર લુશિયને હિંસા જીવન-વ્યાપારમાં કેવાં કેવાં રૂપ ધારણ કરે છે તે દર્શાવ્યું અને અહિંસામાં જ માનવજીવનનું આત્યન્તિક શ્રેય સિદ્ધ કરવાનું સામાર્થ્ય છે એમ પ્રતિપાદિત કર્યું. તે જ દિવસે બીજું વ્યાખ્યાન હતું સ્વામી બ્રહ્માનંદજીનું. તેમણે ભગવાન બુદ્ધ અને મહાવીરે દર્શાવેલા ઉપશમના માર્ગોનું વિવરણ કર્યું. એક ઉત્તમ વ્યાખ્યાન પ્રભાવક શૈલીમાં આપ્યું શ્રી પાંડૂરંગ શાસ્ત્રીજીએ. તેમનો વિષય હતો 'નાચિકેત વૃત્તિ.' કઠોપનિષદમાં અપાયેલી નચિકેતાની કથામાંથી તારવવાનાં જીવનમૂલ્યોનું વિશદ વિવરણ શાસ્ત્રીજીએ કર્યું: નાચિકેતવૃત્તિ મરણમાં પણ જીવનનાં દર્શન કરે: કેવળ ભોગ નહીં, પણ ભોગની સાથે સંયમ અને વિવેક જાળવે—આવી વૃત્તિના સ્વીકારથી જ માનવ પશુકોટિમાંથી નીકળીને માનવકોટિએ પહોંચે છે.

શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન 'મૂર્ખાઈની પરાકાષ્ઠા' 'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં પ્રકાશિત થઈ ગયું છે એટલે એની વિગત અહીં આપવાની જરૂર રહેતી નથી. તેમણે વિષયનિરૂપણ માટે ખૂબ સામગ્રી એકઠી કરી હતી અને સરળ છતાં ચોટદાર શૈલીમાં વસ્તુનું વિવરણ કર્યું હતું. માનવ હિંસાને માર્ગે જતો જતો આજે સર્વનાશ-આત્મનાશ-ની નજીક આવી પહોંચ્યો છે, મૂર્ખાઈની પરાકાષ્ઠાએ પહોંચ્યો છે. આજે માનવે કાં તો આત્મવિનાશ નોતરવો અને કાં તો આધ્યાત્મિકતા તરફ વળવું-અહિંસાનો માર્ગ સ્વીકારવો: આ બે વિકલ્પો એની સમક્ષ ઊભા છે. એક કલાક સુધી લગભગ ૧૨૦૦-૧૫૦૦ શ્રોતાજનોએ નીરવ શાન્તિથી-

એકાગ્રતાથી - શ્રી ચીમનભાઈનું વ્યાખ્યાન સાંભળ્યું હતું. વકતા તરીકે પણ શ્રી. ચીમનભાઈની આ જેવી તેવી સિદ્ધિ ન ગણાય.

વ્યાખ્યાનમાળાના સેરસમાં વ્યાખ્યાનો તો હતાં શ્રી જયપ્રકાશ-નારાયણનાં. શ્રી જયપ્રકાશજી પ્રથમ કોટિના લોકનેતા છે અને વિચારક છે. 'અહિંસા અને વિશ્વશાન્તિ' અને 'નિષ્પક્ષ લોકશાહી' આવા વિષયોનું વિવરણ તેમની પાસેથી સાંભળવું એ એક લહાવો ગણાય. 'અહિંસા અને વિશ્વશાંન્તિ' વિષે બોલતાં તેમણે કહ્યું કે માનવ હિંસા દ્વારા જ પોતાના મતભેદ કે ઝગડાઓનો નિકાલ કરતો આવ્યો છે. આરંભમાં પત્થરોથી, પછી તીરકામઠાંથી, પછી દારુગોળાથી અને આજે આણુબોમ્બ જેવાં શસ્ત્રથી. વેરથી વેર શમતાં નથી એ અનુભવનો નિષ્કર્ષ છે. આજે જગતમાં બે મહાપ્રજાઓ અત્યન્ત ભયાનક આણુ - શસ્ત્રોથી સજ્જ થઈ છે: પણ લડાઈ થાય તો હાર્યા જીત્યા વચ્ચે ભેદ ન રહે એવો માનવ - વિનાશ સરજાશે. એ ભયથી બંને પક્ષો લડવાની પહેલ કરતાં અચકાય છે. આજે અહિંસાના સાધનથી પ્રજાપ્રજાના ઝગડા ઉકેલવા માટે અનુકૂળ વાતાવરણ છે. અને અહિંસાના માર્ગનો પ્રયોગ ભારત જેવા પ્રાચીનકાળથી અહિંસાની હિમાયત કરતા દેશે કરવો જોઈએ. આક્રમણકર્તાઓ સાથે શાન્તિસેના દ્વારા સહકાર કરાય - અને અહિંસા દ્વારા આક્રમકોનાં હૃદયને સ્પર્શીને આપણી સાધ્ય - સિદ્ધિ મેળવી શકાય. શ્રી જયપ્રકાશજીના—અહિંસાનું કર્મક્ષેત્રમાં ગૌરવ દર્શાવતા—વ્યાખ્યાનમાંથી ઉપસ્થિત થતા મુદ્દાઓનું સ્પષ્ટીકરણ એમના દ્વારા જ થાય તો સારું એ આશયથી નીચેના ત્રણ મુદ્દાઓ તેમની સમક્ષ રજૂ કરવાનું મેં યોગ્ય ધાર્યું હતું: (૧) અહિંસાના પ્રયોગ માટે અનુકૂળતા દેખાય છે તેમાં અહિંસાનો સિદ્ધાંત તરીકે નહીં પણ નીતિ (Policy) તરીકે પ્રયોગ કરવાની અનુકૂળતા છે એમ માનવું જોઈએ. બે નખશિખ શસ્ત્રસજ્જ મહાપ્રજાઓ સર્વનાશના ભયથી યુદ્ધ કરતાં અચકાય છે—હૃદયની કોઈ પ્રતીતિને કારણે નહીં: આમાં તો આજે હિંસાનો જ વિજય નજરે આવે છે: સંયુક્ત રાષ્ટ્ર સંસ્થા જેવાં સાધનો પણ એ જ મહાપ્રજાઓના વર્ચસ્વ નીચે દબાયેલાં છે એ અનુભવની વાત છે. (૨) આજે ચીન જેવી સત્તા ભારતના સરહદી પ્રદેશમાંથી યથાવકાશ પ્રદેશો કરડી ખાય (nibble)—લડાઈ ન કરે પણ ધીમે ધીમે ભારતીય પ્રદેશ પચાવી પાડે તો તેની સામે શાન્તિ - સેના કઈ રીતે કામ લે? અસહકારનો આશ્રય લે તો આજે એવી આક્રમક પડોશી સત્તા પોતાના જ રાષ્ટ્રજનનો ત્યાં વસવાટ કરાવી પોતાની વિટમ્બણાઓ હળવી કરી શકે. (૩) પાકિસ્તાનના ઉદ્‌ભવની પાછળ ભારત પ્રત્યેનો દ્વેષ હોય એમ એના આજ સુધીના વર્તન ઉપરથી અનુમાન કરી શકાય. જાણીબૂજીને દ્વેષ સેવનાર વ્યકિત રાષ્ટ્રનાં હૃદયને અહિંસા દ્વારા શી રીતે સ્પર્શી શકાય? સમય થોડો હોવાને કારણે શ્રી જયપ્રકાશજીએ ટૂંકમાં જે ઉત્તર આપ્યા તેનું હાર્દ એ હતું કે, અન્તે તો આ પ્રશ્ન માનવ—શ્રદ્ધાનો પ્રશ્ન છે અને અહિંસાના માર્ગનો સ્વીકાર કરતાં ખપી જવું પડે તો તેમ કરવાની તૈયારી હોવી જોઈએ.

તેમનું બીજું પ્રવચન 'નિષ્પક્ષ લોકશાહી' વિષેનું એટલું વિશદ અને સુરેખ હતું કે 'નિષ્પક્ષ લોકશાહી' એ તો **वदतोव्याघात** છે એમ માનનારી ઘણી વ્યકિતઓનું વિચારપરિવર્તન ત્યાં ને ત્યાં જ થઈ ગયું હોય તો નવાઈ નહીં. સાચી લોકશાહીનો પાયો ગામડું છે. લોકો જ પોતાના નિર્ણયો લે, પ્રતિનિધિઓ ચૂંટે, જરૂર પડે તો બે ત્રણ વાર ચૂંટણી કરે ... રાજકીય પક્ષો પંડાગીરી કરતા અટકી જાય...તો...આ...વિચાર-સરણીનું સમર્થ નિરૂપણ તેમણે કર્યું હતું.

નવ દિવસના આ જ્ઞાન - વિજ્ઞાન - સત્રનું આછું પાતળું આલોચન અહીં આપવાનો પ્રયાસ કર્યો છે. વ્યાખ્યાનમાળાની યોજના પાછળ જે દૃષ્ટિ છે તે ગાંધીજીની દૃષ્ટિ છે. ગાંધીજી કહેતા કે ધર્માન્તરપ્રવૃત્તિ અયોગ્ય છે: હિન્દુ સાચો હિન્દુ બને, ખ્રિસ્તી સાચો ખ્રિસ્તી બને, મુસલમાન સાચો મુસલમાન બને તો એ બધા માનવધર્મ પાળનારા હશે. આ વ્યાખ્યાનમાળા આવા માનવ-ધર્મીઓ સર્જવામાં પોતાનો યથાશકિત ફાળો આપતી રહે!

**ગૌરીપ્રસાદ ચુ. ઝાલા**

# પંચાયત રાજ્યની સ્થાપના

તા. ૬-૮-૬૨ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સૌરાષ્ટ્રના અગ્રગણ્ય કાર્યકર્તા અને ભારત ભરમાં રાજ્યે રાજ્યે અસ્તિત્વમાં આવી રહેલ, પંચાયત રાજ્યના મુખ્ય પ્રણેતા શ્રી બળવન્તરાય ગોપાલજી મહેતાએ 'પંચાયત રાજ્યની સ્થાપના' એ વિષય ઉપર સંઘના કાર્યાલયમાં વ્યાખ્યાન આપ્યું હતું. શ્રોતા-ભાઈબહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઈ માડણ ભુજપુરીઆએ શ્રી બળવંતભાઈને હાર્દિક આવકાર આપ્યો હતો અને તેમની સાથેના વર્ષો જૂના સંબંધને લગતાં કેટલાંક સ્મરણો રજૂ કરીને જણાવ્યું હતું કે, "સંઘના નિમંત્રણને માન આપીને શ્રી બળવંતભાઈએ સંઘના ગૌરવમાં વધારો કર્યો છે." શ્રી બળવંતભાઈએ સંઘના સભ્યોને મળવાની આ રીતે તક ઊભી કરવા બદલ સંઘના કાર્યવાહકોનો આભાર માન્યા બાદ પ્રસ્તુત વિષય ઉપર લગભગ એક કલાક સુધી વિવેચન કરીને પંચાયત રાજ્યની યોજના વિશે સમજૂતી આપી હતી. તેમના વિવેચનનો ટૂંક સાર નીચે મુજબ હતો:

પંચાયત એ ભારતના પ્રજાજીવનમાં ઓતપ્રોત થયેલી વસ્તુ હતી. આ પંચાયતની ઝાંખી આપણે પૂર્વકાળના ગણ—રાજ્યોની રચનામાં થાય છે. ત્યાર બાદ ભારતમાં રાજ્યસત્તાઓની અનેક ઉથલપાથલ થઈ; મુસલમાન અને મરાઠા સત્તાધીશોના રાજ્ય સ્થપાયા અને વિલીન થયાં; પણ ગામડાંઓનું જીવન આ પંચાયતની વ્યવસ્થાના કારણે હતું એ મુજબ એક સરખું ચાલુ રહ્યું. દેશમાં અનેક ઝંઝાવાતો આવ્યા અને ગયા, પણ ગામડાંની સ્થાયી પરિસ્થિતિમાં કશો ફેર ન પડયો.

પણ અંગ્રેજો આ દેશમાં આવ્યા, કેન્દ્રપ્રધાન રાજ્યનીજ ભારત ભરમાં તેમણે સ્થાપના કરી અને ગામડાંનો સરકાર સાથેનો વ્યવહાર ગામડાંની પંચાયતો મારફત આજ સુધી ચાલતો હતો તે તોડીને ખેડૂત સાથે મહેસૂલ ઉઘરાવવાને લગતો સીધો સંબંધ બાંધ્યો અને રૈયતવારી પદ્ધતિ અમલમાં મૂકવામાં આવી. પંચાયતો સર્વત્ર નાબૂદ કરવામાં આવી. તેની જગ્યાએ સ્થાનિક સ્વરાજ્યની યોજના આવી, પણ આ સ્થાનિક સ્વરાજ્ય પંચાયતની સરખામણીમાં ફિક્કું સ્થાનિક સ્વરાજ્ય હતું અને સરકારનું તે ઉપર અનેક પ્રકારનું નિયંત્રણ હતું.

કાળક્રમે દેશમાં આઝાદી આવી. એમ છતાં પણ શરૂઆતમાં તો વારસામાં મળેલી રાજ્યવ્યવસ્થા અને તંત્રરચના હતી તે એમ ને એમ ચાલુ રહી. સમય જતાં રાજ્યસત્તાના વિકેન્દ્રીકરણ ઉપર વધારે ભાર મૂકાતો ચાલ્યો અને આ વિકેન્દ્રીકરણની વિચારણામાંથી આ પંચાયત રાજ્યનો વિચાર આગળ આવ્યો. આ સંબંધમાં પૂરો વિચાર અને તપાસ કરવા માટે કેન્દ્ર સરકાર તરફથી એક કમિટી નીમવામાં આવી; જે કમિટીને, તમે બધા જાણો છો તેમ, મારા નામ સાથે જોડવામાં આવી છે. આ કમિટીએ જે ભલામણો કરી તેનો મુખ્ય ઝોક ગામડાંનાં એકમો ઉભાં કરવાં અને તેના આંતરિક જીવનની ઘણીખરી બાબતો અંગે વહીવટ કરવાની તેને સત્તા આપવી અને આ સત્તાના સંચાલન માટે તે તે ગામડામાં વસુલ થતી મહેસૂલની આવક તેને સુપ્રત કરવી—આ રીતે ગામડે ગામડે ગામના લોકોનું સ્વાયત્ત શાસન સ્થાપવું— આ પ્રકારનો હતો. આ રીતે ઊભી કરવામાં આવેલી પંચાયતોમાંથી તાલુકા પંચાયતો અને આ તાલુકા પંચાયતોમાંથી જિલ્લા પરિષદો ઊભી કરવી. આવી રચના પ્રસ્તુત કમિટીના રીપોર્ટમાં સૂચવવામાં આવી હતી, અને આ ભલામણોના આધારે આંધ્ર, રાજસ્થાન, આસામ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પંચાયત કાયદો ઘડવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં જે કાયદો કરવામાં આવ્યો છે તેમાં જિલ્લો મુખ્ય સ્થાને છે; ગુજરાતમાં જે કાયદો કરવામાં આવ્યો છે તેમાં તાલુકાને મુખ્ય સ્થાન આપવામાં આવ્યું છે. મહારાષ્ટ્રમાં આ કાયદાનો અમલ, આગામી ઑગષ્ટની ૧૫ મી તારીખથી શરૂ થવાનો છે* અને ગુજરાતમાં આવતા જાન્યુઆરી માસથી શરૂ થવાનો

* આ વ્યાખ્યાન ઑગસ્ટની ૧૫ મી તારીખ પહેલાં આપવામાં આવ્યું હતું. પંચાયતી કાયદાનો મહારાષ્ટ્રમાં દોઢ માસથી અમલ શરૂ થઈ ચૂકયો છે—**તંત્રી**

છે. આ પંચાયતી રાજ્ય ચાલી શકે એ માટે ગામ, તાલુકો તથા જિલ્લાને લગતી અનેક તળપદી બાબતો સંબંધમાં જરૂરી સત્તાઓ આપવામાં આવી છે, જરૂરી સાધનો પૂરાં પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે, તે તે પ્રદેશના વિસ્તારની જમીન મહેસૂલ તેને સુપ્રત કરવામાં આવી છે અને એ ઉપરાંત રાજ્ય તરફથી આર્થિક પૂરવણી કરવાની ગોઠવણ પણ એને લગતા કાનૂનમાં અન્તર્ગત કરવામાં આવી છે.

આપણે ત્યાં લોકશાહીની ૧૯૪૭ની ઑગષ્ટની ૧૫ મી તારીખે સ્થાપના કરવામાં આવી છે, એમ છતાં રાજ્ય નોકરશાહીનું ચાલતું હતું. પંચાયતી રાજ્યની સ્થાપનાથી આજે તે તે પ્રદેશોમાં ખરા અર્થમાં લોકોનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે. પહેલાં સર્વ સત્તા કેન્દ્રમાં પૂર્ણપણે હતી અને તેમાંથી અમુક સત્તાઓ કેન્દ્ર નીચેના રાજ્યોને સુપ્રત કરવામાં આવી હતી. અને તેમાંથી અમુક થોડી સત્તાઓ નીચેના સ્તર સુધી ગળાઈને પહોંચતી હતી. પંચાયતી રાજ્યની સ્થાપના વડે કેન્દ્રસ્થ સત્તાનું ઘણા મોટા પાયા ઉપર વિકેન્દ્રીકરણ થાય છે, એટલું જ નહિ પણ, સૌ પ્રથમ ગામડાંઓના એકમમાં સર્વ સત્તા કેન્દ્રિત થાય છે અને એમાંથી ઉત્તરોત્તર તાલુકાઓને અને એથી ઉપર આવેલા જિલ્લાઓમાં ક્રમશઃ અમુક અમુક સત્તાઓનું વિતરણ કરવામાં આવે છે. આનો અર્થ એ છે કે દરેક ગામડાંની પોતાની વ્યકિતગત બાબતોને ગામડાંઓ સંભાળે, ગામડાઓના અમુક જૂથને સર્વ સાધારણ હોય એવી બાબતો તે ગામડાંઓના જૂથનો બનેલો તાલુકો સંભાળે અને આવા અનેક તાલુકાઓને સર્વ સાધારણ એવી બાબતોનું તે તાલુકાઓના જૂથ રૂપ બનેલો જિલ્લો સંભાળે. આમ પહેલાં ઉપર કેન્દ્રિત થયેલી સત્તા ગળાઈ ગળાઈને અંશતઃ નીચે આવતી હતી. હવે નીચેની સત્તા જરૂર મુજબ ઉપરના સ્તરને સોંપાતી જાય છે.

ભારતનો ઘણો મોટો ભાગ ગામડાંઓનો બનેલો છે. આ ગામડાંઓમાં ૬૦ ટકા ભાગનાં ગામડાં ૫૦૦ થી ઓછી વસ્તીનાં છે. કોઈ પણ પંચાયત રચવા માટે ગામડાંનું sizeable unit—પ્રમાણસરનું એકમ—જોઈએ. મોટી વસ્તીવાળું એક ગામડું સ્વતઃ આવું એક એકમ બની શકે છે, જ્યારે નાની વસ્તીનાં બે પાંચ કે તેથી વધારે ગામડાંઓનું એકમ કરીને આવાં sizeable units—પ્રમાણસરનાં એકમો—રચવાનાં રહે છે. આવાં દરેક એકમની પુખ્તવયના મતાધિકારના ધોરણે ગ્રામ પંચાયત ઉભી કરવી અને તેના સરપંચની નિમણૂંક કરવી. આવાં કેટલાંક એકમોનો એક તાલુકો કરવો અને આ એકમોના સરપંચોની તાલુકા પંચાયત સમિતિ ઊભી કરવી; અને આમાંથી જિલ્લા પંચાયત પરિષદ ઊભી કરવી. તે જિલ્લા પરિષદના અડધા સભ્યો તાલુકા પંચાયત પરિષદના સરપંચો હોય અને અડધા સભ્યોની તાલુકા વાર ચૂંટણી થાય—આ પ્રકારની પંચાયત રાજ્યની રચના, જે બે રાજ્યોમાં સર્વગ્રાહી પંચાયત કાયદો કરવામાં આવ્યો છે, તેમાં વિચારવામાં આવી છે. આ પંચાયતો, ખાસ કરીને ગ્રામ પંચાયતો પક્ષીય રાજકારણથી મુકત રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે, પણ આ હેતુ કેટલે દરજ્જે સિદ્ધ થાય છે એ હવે અનુભવથી જોવાનું રહે છે.

આજે જ્યારે ગામડાંની પ્રજા કેળવણીમાં ખૂબ જ પછાત છે, વહીવટી કેળવણી તો લગભગ નહિવત્ છે, એવા સંયોગોમાં પંચાયત રાજ્યને સફળ થવા આડે અનેક ભયસ્થાનો રહેલાં છે. પણ જો પ્રજાને પાયામાંથી આગળ લઈ જવી હોય તો આ ભયસ્થાનોનું જોખમ ખેડવું જ રહ્યું. આ કામ ખરેખર ક્રાંતિકારી છે; પંચાયત રાજ્યની સફળતા સાથે ગ્રામ્યપ્રજાના ઉત્થાનનો પ્રશ્ન સંકળાયલો છે. આ પંચાયતને સફળ અને સાર્થક બનાવવા માટે પ્રજાને બહોળા પ્રમાણમાં કેળવણી આપવાની રહેશે; વહીવટી કેળવણી અપાય અને ગ્રામસેવકો તૈયાર થાય એ માટે વહીવટી તાલીમનાં પણ અનેક કેન્દ્રો ખોલવાં પડશે. આ પ્રસંગે શહેરમાં વસતા મિત્રોને મારી પ્રાર્થના છે કે, તમારામાંથી જો કોઈ ધંધા વ્યવસાયથી નિવૃત્ત થવા માંગતું હોય તો તેઓ શહેરી જીવન છોડીને ગામડાંઓમાં આવીને વસે, અને પોતાના જ્ઞાન અને અનુભવનો ગામડાંને લાભ આપે. આ કામ ઘણું મોટું છે, પાયાની ક્રાંતિ સર્જનારૂં છે, પણ સહેલું નથી. આ માટે અનેક શકિતઓના સહકારની જરૂર રહેશે. આને સફળ બનાવવા માટે રાજ્યે પણ પોતાનાં આજ સુધીનાં વલણો બદલવાં પડશે અને ગામડાંઓને સત્તાનિર્ભર બનાવવા માટે અનેક પ્રકારની અનુકૂળતા કરી આપવી પડશે. આપણને આઝાદી મળી; ઔદ્યોગિક ક્રાંતિને અનુલક્ષીને પંચવર્ષીય યોજનાઓ ઘડાતી ચાલી; સાથે સાથે ગામડાંના જીવનને ઔદ્યોગિક નવરચના સાથે તાલબદ્ધ બનાવવા માટે પંચાયત રાજ્યને પૂરા અર્થમાં સફળ અને સદ્ધર બનાવવાની જરૂર ઉભી થઈ છે. પંચાયત રાજ્યની સ્થાપનાના આ મહત્ત્વને આપણે યથાસ્વરૂપે સમજીએ અને તેને આપણાથી બને તેટલો સાથ આપીએ."

આ પ્રમાણે શ્રી બળવંતભાઈનું વ્યાખ્યાન પૂરું થયા બાદ સંઘના મંત્રી શ્રી પરમાનંદભાઈએ શ્રી બળવન્તભાઈનો આભાર માનતાં જણાવ્યું કે, "હું ઘણા વખતથી ઈચ્છતો હતો કે, મારા વર્ષોજૂના મિત્ર બળવંતભાઈ આપણી વચ્ચે આવે અને એમના જ્ઞાન અને અનુભવનો લાભ આપે. એ ઈચ્છા આજે સફળ થયેલી જોતાં હું ખૂબ આનંદ અને સંતોષ અનુભવું છું, કૉલેજનો એક અધ્યાપક અમુક વિષય ઉપર વ્યાખ્યાન આપે અને વિદ્યાર્થીઓ તેને એકધ્યાનથી સાંભળે અને ઝીલે એવો આજે આપણને અનુભવ થયો છે અને એક કલાકના તેમના વિવેચનથી જે વિષય સંબંધમાં આપણે ઘણું ઓછું જાણીએ છીએ તે વિષયનું આપણને આજે સ્પષ્ટ દર્શન થયું છે અને પંચાયત રાજ્યની સ્થાપના એ કેટલું મોટું ક્રાંતિકારી પગલું છે અને તેને સફળ બનાવવા માટે કેટલા ભગીરથ પ્રયત્નની જરૂર છે એનો આપણને ખ્યાલ આવ્યો છે. આવી રીતે તેઓ અવાર-નવાર આપણી વચ્ચે આવે અને એક યા બીજા વિષય ઉપર વાર્તાલાપ આપતા રહે એવી તેમને આપણા સંઘ તરફથી વિનંતિ કરું છું અને આજના વ્યાખ્યાન માટે તેમનો આપણા સંઘ તરફથી અંતઃકરણપૂર્વક આભાર માનું છું."

ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

## અહિંસા સામે હિંસાનો કોઇ વિકલ્પ હોઇ જ ન શકે

કોણ જાણે કેમ, પણ માણસોને હિંસા કરવી ગમે છે—પછી તે એકમેકની હોય, અથવા તો ગાઢ જંગલમાં વિચરતાં નિર્દોષ, ચકચકિત આંખોવાળાં હરણની હોય, અથવા તો ઢોરને ઉપાડી જતા વાઘની હોય. રસ્તા ઉપર સર્પ ચાલ્યો જતો હોય તો તેની ઉપર ઈરાદાપૂર્વક મોટર પસાર કરીને તેને કચડી નાખવામાં આવે છે. જંગલમાં પશુને છેતરનારું પાંજરું ગોઠવવામાં આવે છે અને શિયાળ અથવા વરૂ તેમાં સપડાઈ જાય છે. કોઈ છોકરો ચીં ચીં કરતી ચકલીને ગલોલ કે પીસ્તોલ ચલાવીને મારી નાંખે છે અને તેની આસપાસના વડીલો કદિ પણ દયાનો ઉદ્‌ગાર સરખો કાઢતા નથી કે તેને જરા પણ ઠપકો આપતા નથી. કહેવાતી રમત-ગમત કે મનોરંજન માટે, ખોરાક માટે, પોતાના દેશ માટે, કે શાંતિ જાળવવા માટે-આવા કોઈ પણ હેતુથી આચરવામાં આવતી એક યા બીજા પ્રકારની હિંસામાં કોઈ ફરક નથી. તેને એક યા બીજી રીતે વાજબી ઠરાવવામાં આવે છે, એ તેનો કોઈ જવાબ નથી. જવાબ તો એકજ હોઈ શકે; મારો નહિ, હિંસા ન કરો. પશ્ચિમમાં આપણે એમ વિચારીએ છીએ કે પશુઓનું અસ્તિત્ત્વ આપણા ઉદરપૂરણાર્થે છે, અથવા તો તેને મારવામાં રહેલા આનંદ માટે છે, અથવા તો ફર (સુંવાળા વાળવાળાં ચામડાં) માટે છે. પૂર્વમાં સૈકાઓથી એમ શિખવવામાં આવ્યું છે અને દરેક મા-બાપ પોતાના બાળકોને આ જ વાતનું કહેતા આવ્યા છે કે, મારો નહિ, દયાળુ બનો, કરુણા દાખવો. અહિ પશ્ચિમમાં પશુ કે પક્ષીઓનો આહાર કરવો તે સહજ સાધારણ બાબત લેખાય છે. તેને ચર્ચનો—ધર્મસંસ્થાનો—ટેકો છે અને તેની વિનાસંકોચે જાહેરાતો કરવામાં આવે છે. ત્યાં પૂર્વના દેશમાં એમ નથી, અને વિચારવંત પુરુષો, ધર્મપરાયણ માનવીઓ પરંપરા તેમ જ સંસ્કૃતિને સ્વીકારીને એવી હિંસા કદિ કરતા નથી. પણ આ પૂર્વ-પશ્ચિમનો ભેદ હવે એકદમ ઓસરતો ચાલ્યો છે. અહિ એટલે કે પશ્ચિમમાં, આપણે હંમેશાં ઈશ્વરને કે દેશને આગળ કરીને હિંસા આચરી રહ્યા હતા, પણ હવે એમ સર્વત્ર બનતું ચાલ્યું છે. હિંસા ફેલાતી જાય છે, જોતજોતામાં પુરાણી સંસ્કૃતિ અને સભ્યતાના સંસ્કારો નાબુદ થઈ રહ્યા છે, નિર્મૂળ બની રહ્યા છે અને વિનાશનાં સાધનો વ્યવસ્થિત રીતે અને નિષ્ઠુરતા વડે પૂરી સંભાળપૂર્વક વિકસાવવામાં અને વધારે ને વધારે કાતિલ બનાવવામાં આવે છે.

અનુવાદક : **પરમાનંદ** મૂળ અંગ્રેજી: **જે. કૃષ્ણમૂર્તિ**

# મારા જીવનનાં કેટલાંક સ્મરણો—૫

## કુટુંબસેવા અને સંસ્કારઘડતર

**सेवाधर्मो परमगहनो योगीनामप्यगम्य :** સેવાધર્મ એ મહાન ધર્મ છે, જે ધર્મયોગીઓને પણ દુર્લભ છે. ભગવાન્ મહાવીર પણ એમ જ કહે છે કે **'गोयमा ! जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडिवज्जइ'**

'હે ગૌતમ ! જે ગ્લાનની—બીમારની સેવા કરે છે એ મારી જ સેવા કરે છે.' આમ સેવાનું મહત્ત્વ હોવા છતાં કુટુંબની—માતાપિતાની—સેવા એ તો સેવાધર્મનો પાયો છે. આ વૃત્તિને કારણે ત્યાગી—સંન્યાસી હોવા છતાં પણ આદ્ય શંકરાચાર્ય અને હેમચંદ્રાચાર્ય માતાના અંતકાળે એમની સેવામાં ઉપસ્થિત થયા હતા, કારણ કે કુટુંબસેવા એ સેવા તો છે જ, સાથે જેમની આપણા પર જવાબદારી છે—ઉપકાર છે, એમનું ઋણ અદા કરવાની ફરજ પણ બને છે. આ દૃષ્ટિબિંદુએ મારું શરીર ઠીક રહેતું હોઈ પત્નીની સેવા લેવાનો મને બહુ અલ્પ અવકાશ મળ્યો છે. પણ આજના યુગધર્મને અનુરૂપ એની સેવા કરવાનું મને પૂરું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એક વાર એનો પગ સડતો હતો, ત્યારે વજનદાર લાકડાની મોટી બાબાગાડીમાં બેસાડી હું એને દવાખાને હાંકી જતો. છ માસના પ્રયત્ન પછી ડૉકટરે કહ્યું કે પગ જ આખો સડી ગયો છે. જલદી નડિયાદ જઈ કપાવી નાખો; નહિ તો બાઈ નહી બચે. આથી અમે પિતા—પુત્ર ખૂબ મૂંઝાયા. પણ એવામાં પિતાના સ્નેહી વૈદ્યરાજ જટાશંકરભાઈએ પોતાનો અમુક પ્રયોગ અજમાવવા બહુ આગ્રહ કર્યો અને તેના પરિણામે સદ્ભાગ્યે ફકત ૨૦ દિવસમાં જ પગ સાજા પગ જેવો સુંદર બની ગયો. બીજી વાર કેડનું હાડકું ભાંગેલુ ત્યારે ચાર મહિના એ પ્લાસ્ટરમાં રહેલી. આ બધો સમય એના મળમૂત્ર નાખવા, ટબ સાફ કરવાં વગેરે અનેક પ્રકારની સેવા કરી મેં મારી જાતને અહોભાગ્ય માની છે. મહાત્માજીએ સ્વચ્છતાના પાઠ ભણાવેલા એટલે એમાં તો શરમ નહોતી, પણ 'બૈરાનું આવું કામ તમારે કરવું પડે છે?' સાંભળી શરૂ શરૂમાં શરમ અનુભવાતી. પણ પછી ભાન થયું કે યુગોથી સ્ત્રીજાતિને આપણે કચડીને ગુલામડી બનાવી દીધી છે એ સંસ્કારને કારણે આપણું સ્વમાન આડું આવે છે. પછી સમજાયું કે દુનિયા ગમે તે કહે. સ્ત્રી પુરુષ બંને એક જ પેઢીના સમાન ભાગીદાર છે. એથી જો એની સેવા લેવાનો આપણો અધિકાર હોય તો એને આપણી સેવા લેવાનો પણ એટલો જ અધિકાર છે. પત્નીની સેવા કરતાં કરતાં આ સમાન અધિકારનું ભાન થયું.

પિતાની સેવા તો ચાલતી જ. મૃત્યુના છેલ્લા વર્ષે એમનું આખું શરીર કળતું. આથી રોજ રાત્રે ૯ થી ૧૧ સુધી એમના શરીરની ચંપી કરતો. ક્યારેક પીડા વધે તો રાત્રે ૧—૨ વાગે પણ જગાડે. પરોઢિયે ૪ વાગ્યાથી તો તાપ કરીને એમની પાસે જ બેસી રહેવું પડતું. આમ છેલ્લું એક વર્ષ કદી એક રાત પણ સીધી કે પૂરી ઉંઘ લીધી જ નથી. વચમાં કડકડતી ઠંડીમાં ઝાડા શરૂ થયેલા. કપડાં ઘડિયે ઘડિયે બગડી જાય. ૧૦—૧૨ ધોતિયાં, પંચિયા રાખેલાં. શરીર સાફ કરું, લુગડાં સાફ કરું ને ધોતિયાં સાફ કરી ધોઈ ફરી સૂકવી નાખું અને તે પણ રાત્રે કડકડતી ઠંડીમાં. પત્ની ત્યારે વિદાય થયેલી. ચિ. ભારતી નાની બાલિકા. માતા વૃદ્ધ અને પૂરું દેખે નહીં. ઘરમાં કોઈ બીજું બૈરૂં નહીં. છતાં ઉજાગરા કરીને પણ એમની જે સેવા કરી છે એથી આજ પણ પિતાના એ આશીર્વાદે જ મારો આત્મા કર્તવ્યધર્મ બજાવ્યાનો સંતોષ પામી શાંતિ ભોગવી રહ્યો છે એમ હું માનું છું. કારણ કે મારા બે ત્રણ મિત્રો જે સુખી અને વસ્તારી હતા છતાં માતાને મારવાને પાપે એટલા બધા દુઃખી થઈ સાફ થઈ ગયા કે આજે એમના કુટુંબોને તાળાં લાગી ગયાં છે. માતા પિતાના જેમને આશીર્વાદ પ્રાપ્ત થતા નથી એમને કદી પણ શાંતિ મળતી જ નથી.

પિતા અત્યંત ઉદાર રાજા કર્ણ જેવા, એથી એમનો આત્મા મારી કરકસરિયા વૃત્તિને કારણે કંઈક નારાજ રહેતો. પણ વારસામાં આવેલું મામાનું ઘર રૂા. ૩,૦૦૦ માં વેચી મેં પત્ની પાછળ અડધા ખર્ચ્યા, અડધા પિતા પાછળ. પાછળથી દેવું કરીને પણ મેં માંગી વસ્તુ તરતજ હાજર કરેલી. એથી મરતાં પહેલાં એ મિત્રો સમક્ષ આશીર્વાદ દેતા ગયા કે 'મારો બબો હવે ઉદાર બની ગયો છે, એને આવો નહોતો ધાર્યો.' મારું લાડકવાયું નામ 'બબો' હોઈ મને જૂની પેઢીઓ એ જ નામે બોલાવતી. 'રતિલાલ' નામથી ઘણા મને ઓળખતા પણ નહી. 'બબો' કહેનારી હવે ૨—૩ વ્યકિતઓ જ બચી છે. આમ અંતકાળે પિતાના આશીર્વાદ મેળવવા માટે મારી જાતને હું પરમ ભાગ્યશાળી માનું છું.

**મારૂં સંસ્કાર ઘડતર:—** મારામાં જે કાંઈ સારું તત્ત્વ છે, એ સંસ્કારોનું બીજ મને મારી દાદીમાના કરુણ—વાત્સલ્યભર્યા અશ્રુઓમાંથી પ્રાપ્ત થયું છે. મારા જીવનનું ઘડતર એ મારી દાદીમાને જ આભારી છે. માતા ધાર્મિક સંસ્કારવાળી, ધર્મકથાઓનો એની પાસે ભંડાર, પણ સ્વભાવ અત્યંત ભોળો. એથી કોઈ એને ગણે જ નહીં. હું અને મારી મોટી બેન 'સમુ' પણ એને પજવતા. હતો તો હું એક ગર્ભશ્રીમંત. મારો જન્મ થયો ત્યારે ૭૫,૦૦૦ રૂા. રોકડા ઘરની તિજોરીમાં પડયા હતા. માતા અત્યંત સ્વરૂપવતી હતી. સ્વભાવે શાંત અને આંતરલક્ષી મૂળથી જ. પિતા ભારે તેજસ્વી હતા. લાગવગ મોટી. ગામ આખામાં એમની હાક વાગે. પૈસા પણ સારા, એટલે હું સહુ કોઈના લાડને અધિકારી બન્યો હોઈ ખૂબજ લાડકોડમાં ઉછરેલો. જુદા જુદા માણસો મને રોજ ફેરવે. દાદા ભકિતવિજયજી યતિ વૈદકમાં ભારે ખ્યાતિ પામેલા અને ધનિક પણ પૂરા. જેથી એઓ રોજ મારા ગજવાં મેવાથી ભરી દેતાં. હું એમનો ભારે લાડકો હતો. કંઇક બીમારી હોય ને તેમનો શિષ્ય યતિ રાયચંદજી મને કડવી દવા આપે તો એની ગંધ કાઢી નાખે. કારણ કે એ કડવી—મીઠી બન્ને પ્રકારની દવાઓ બનાવતા. શાળા ત્યારે રોજની સવારની હોઈ દાદીમા જગાડી દાતણ કરાવે ને માતા શીરો—પાપડ તૈયાર કરી ખવડાવે ને પછી વિદાય કરે. અમારા ઘરના જૂના નોકર વડિલ શ્રી મોહનભાઈ ભાવસાર જે આજે ૮૭ વર્ષના હોઈ હજુ જીવંત છે, એ વળી શાળામાં આવી રોજ બદામ—સાકર ખાવા આપી જાય. આમ મેં ૧૦ વર્ષ સુધી વૈભવ અને લાડસુખ અનુભવ્યાં. પણ પછી આર્થિક સ્થિતિ બગડતી બગડતી દરિદ્રાવસ્થાએ પહોંચી, પિતાએ મુડી બધી સટ્ટામાં સાફ કરી નાખી હતી, જેથી એ મુંબઈ જવા ઉપડયા ને રાત્રે માતાના આશીર્વાદ લેવા આવ્યા. રાતના ૧૦ આસપાસ થયા હશે. ઘરની સ્થિતિ જોઈ માતા—પુત્ર રડી પડયાં. આમ માતા—પુત્રને જીંદગીમાં પ્રથમ વાર મેં રડતાં જોયાં. રાણો પ્રતાપ હતો તો ભારતનો વીર યોદ્ધો, પુત્રોને પોતાની જ સગી આંખ સામે મરતા જોવા છતાં એનું હૈયું નહોતું ભાંગ્યું. પણ એ જ પ્રતાપ દીકરીના હાથમાંથી વધ્યો ઘટયો રોટલાનો ટુકડો છીનવાઈ જતાં રડી પડયો હતો અને અકબરનું શરણું શોધવા તત્પર બન્યો હતો. તેમ પિતા પણ ભારે મર્દ હતા, પણ પોતાના સંતાનોની ઘોર દરિદ્રાવસ્થા જોઈ એ રડી પડયા હતા. આ પ્રસંગે મારા હૈયામાં એક તુમુલ યુદ્ધ મચ્યું હતું, પણ

છેવટે તો હું રહ્યો એક બાળક. એકાદ બે દિવસ પછી એ બધું હું ભૂલી ગયો હતો.

બીજા છોકરાઓની દેખાદેખીથી મેં એક વાર સરસ કોટ અને દોરીવાળા બૂટ બનાવી દેવા માટે દાદીમાને પજવ્યા. ઘરમાં દરિદ્રાવસ્થા પૂરબહારમાં ખીલી રહી હતી. એથી દાદીમા શું જવાબ દે? એથી એમણે મને ખોળામાં બેસાડી મારા મુખ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવતાં જણાવ્યું કે 'બેટા! હવે આપણી પાસે પૈસા ક્યાં છે? પૈસા આવશે એટલે હું બધુંય કરાવી દઈશ, પણ આપણે એવી ટેવો જ ના પાડવી જોઈએ અને તું તો ડાહ્યો છે. જો ને કંઈ માણસો ગરીબ છે. એમના છોકરાં કંઈ એવો કજીયો કરે છે? માટે હોય એનાથી ચલાવી લઈએ. એથી બીજાને ત્યાં જઈએ તોય ભારરૂપ ન બનવાથી વહાલા લાગીએ. ઉપરથી કોઈનું કામ પણ કરી છૂટીએ. માટે જેટલી ટેવો વધુ પાડીએ એટલા આપણે જ હેરાન થઈએ છીએ.' પોતાના સુંદર અને લાડકોડમાં ઉછરેલા લાડકવાયા બાળકની આ માગણી પૂરી ન કરવા બદલ દાદીમાના હૈયામાં ભારે વલોપાત ચાલી રહ્યો હતો. એ વ્યથા પરાકાષ્ટાએ પહોંચતાં એમની આંખોમાંથી ટપક ટપક આંસુ ખરવા લાગ્યાં અને પોતાના પૌત્રના દેહને પલાળી નાખી એ રડી પડયા. આ જોઈ હું પણ માતામહીને વળગી પડી—એમની છાતીમાં માથું ભરાવી રડી પડયો. મારી માતામહીના અશ્રુમાં એટલી વ્યથા હતી—એટલી તાકાત હતી—કે એમના એક એક અશ્રુએ મારા પર લાગેલા મોહમાયાના સંસ્કારકવચોને એક પછી એક ભેદી નાખ્યા. હું એથી સ્વચ્છ બન્યો. મોહ મારો ઊડી ગયો. એથી મેં જણાવ્યું કે "મા, મા, રડશો નહીં. હવે એ વસ્તુઓ હું કદી નહી માંગું.' પણ મારા એ ઉત્તરમાં પુત્રની દીનતા, ઓશિયાળાપણું અને લાચારી જોઈ એ વધુ રડયા અને મને પણ ખૂબ રડાવ્યો. 'અરેરે! ઊડીને આંખે વળગે એવા મારા બાળકનું, હે ભગવાન! તેં આટલું સુખ પણ ઝૂંટવી લીધું? એની પવિત્ર શાંત મૂર્તિ જોઈ મારા હૈયામાં જરાયે કરૂણા નથી પ્રગટતી?' એવી પ્રાર્થના કરતાં ગદગદ કંઠે એ મારા મુખ પર વાત્સલ્યભર્યો હાથ ફેરવી રહ્યા હતા. એ હાથે મારામાં કોઈ અગમ્ય તત્વનો સંચાર થયો હોય એમ મેં અનુભવ્યું. એથી ભગવાને ભલે કદાચ એમની પ્રાર્થના નહીં સાંભળી હોય, પણ મારા અંતરાત્માએ તો સાંભળી. મારો અંતરાત્મા એથી વહેલો જાગી ગયો અને એ દિવસથી માતાને જરાયે ઓછું ન આવે એ ખાતર મેં કોટ—બુટનો તો મોહ છોડયો, પણ એ દિવસથી કદી પાઈ પૈસો કે કોઈ ખાવાની ચીજની પણ મેં માંગણી નથી કરી. ઉલટું દાદીમાને મારે ખાતર સહેજ પણ ચિંતા કે ઉદાસીનતા ન સ્પર્શી જાય—એ માટે હું હંમેશા પ્રસન્નચિત્ત અને આનંદમાં રહેવા લાગ્યો અને જે હોય તેથી ચલાવી લેતો. પિતાના મિત્રો ક્યારેક આપી જતા તો ક્યારેક દાદીમા મેળવી મને આપતા ત્યારે જ હું ખાતો. આ કારણે મનના સંયમની સાધના કંઈક વહેલી શરૂ થઈ.

આમ ૧૦ વર્ષ સુધી હું લાડકોડમાં ઉછર્યો હતો. પણ મારી માતામહીને કારણે વર્ષોના એ વૈભવ સંસ્કાર ખરી પડયા ને સાદું જીવન જીવવાનો અને હોય તેથી ચલાવી લેવાનો મારા જીવનનો એક મૂળગત સ્વભાવ જ થઈ પડયો હોય તેમ મારા જીવનમાં મોટું પરિવર્તન આવી ગયું. ને ત્યારથી આજ સુધી સાદું જીવન જ હું જીવતો રહ્યો છું. મારું સમગ્ર જીવન આર્થિક સંકડામણમાં વીત્યું હોઈ, દાદીમાએ નાખેલા એ સંસ્કારોને કારણે હું અનેક ઉપાધિઓમાંથી બચી શકયો છું. આજે મારા જીવનમાં જે કંઈ સારૂં તત્ત્વ છે એમાં મારી માતામહીનો જ મોટો હાથ છે, અને મારી માતામહી પણ એક સામાન્ય સન્નારી નહોતાં, પણ અત્યંત બુદ્ધિશાળી અને ડહાપણનો ભંડાર હતાં. ગામમાંથી અનેક વડીલો એમની પાસે બેસવા અને સલાહ લેવા આવ્યા કરતા. મારા પૂ. ગુરૂદેવ પંડિતજી જટાશંકર મોતીરામ જેમની પાસે ૧૪ વર્ષની ઉંમર સુધીમાં મેં સંસ્કૃત—ભાંડારકરની બે બુકો અને પાંચ સંસ્કૃત કાવ્યો કરેલાં, એ મારે ત્યાં મારી એ દાદીમાને—નાની બાઈને એક વાર મળવા આવ્યા વિના રહેતા જ નહીં.

પિતા બે વર્ષ મુંબઈ રહ્યા. એમણે ત્યાં જે દુ:ખ વેઠયું છે એની યાદ આજે પણ મને અતિ નમ્ર અને ઈશ્વરેચ્છાને અધીન બનવાની પ્રેરણા આપ્યા કરે છે. બે વર્ષમાં પહેલીજ વાર એક મિત્ર પાસેથી રૂા. પાંચ ઉછીના લઈ મારે માટે હલવો તથા ધોતી જોટો એક મિત્ર સાથે મોકલ્યો તો અમારા જેવા કમભાગીના પાપે એ ભાઈનો ટ્રંક જ ઉપડી ગયો. આ બનાવે મારી કર્મસિધ્ધાંત પરની ઊંડી શ્રદ્ધાનું બીજ નાખ્યું.

વિરમગામ ભણવા ગયો ત્યારે દાદીમાનાં કહેવાથી પિતાએ મને એક સરસ કોટ અને દોરીવાળા બૂટ સીવડાવી આપ્યા. પાંચ વર્ષ પછી ઈચ્છા પૂરી થતી હતી, જેથી કોટ—બુટ સામું જોઈ રહ્યો- ઘડીભર દિલ નાચી ઉઠયું. પણ એ બુટ—કોટ માટે દાદીમાએ કેટલો વલોપાત કર્યો હતો—કેટલા આંસુ સાર્યાં હતાં—એની સ્મૃતિથી મારો મોહ ઉતરી ગયો. એથી એનું આકર્ષણ તો ન થયું તે ન જ થયું, ઉલટો કંઈક તિરસ્કાર છૂટયો. આથી શાળામાં હું ઘણી વાર કોટ—બૂટ વિના જ જતો. એ યુગના નિયમ પ્રમાણે મારા પૂ. ગુરૂદેવ શ્રી વાડીલાલ પરશોત્તમ જે આજે હજુ હયાત છે એઓશ્રી મને શાળામાંથી કાઢી મૂકતા. હું ચર્ચામાં ઊતરતો. પરિણામે મેં ઘેરથી અંગરખું મંગાવી પહેરવા માંડયું ને આમ આખી હાઈસ્કૂલમાં હું એક વિચિત્ર પ્રાણી દેખાવા લાગ્યો.

આજથી ૧૩ વર્ષ પહેલાં મારા ચિ. વાડીલાલના લગ્નપ્રસંગે સહુના આગ્રહથી કોટ સીવડાવવો પડેલો. પણ એક જ કલાક પહેરી કાઢી નાખેલો, જે આજ પણ એ જ સ્થિતિમાં મારા કબાટમાં સચવાઈ રહ્યો છે. બૂટ તો ભણવા ગયો ત્યાર પછી કદી પહેર્યા જ નથી. દાદીમાએ સાદાઈથી રહેવાનો જે મંત્ર ફૂંક્યો હતો એને પરિણામે સાદાઈ મારો જીવનસ્વભાવ બની ગયો છે. પથારીમાં કંથા ગોદડી જ મને ફાવે. મારી ચિ. પૌત્રી પ્રતિભા પૂછે કે 'દાદા! તમે ગાદલામાં કેમ સૂઈ જતા નથી?' તો હું કહું કે 'ગાદલામાંથી મને પડી જવાની બીક લાગે છે.'

જ્યારે જ્યારે મુંબઈ—અમદાવાદથી પાછો ફરૂં ત્યારે વિદ્યાર્થીઓ પૂછે કે 'ગુરુદેવ! કઈ—કઈ ફિલ્મો જોઈ? કઈ કઈ હોટેલોની મુલાકાત લીધી?' જવાબ આપું કે 'માળું એ તો યાદ જ ન આવ્યું.' પાસે હાલ તો ગજવામાં પૈસા છે, છતાં નથી કદી મુંબઈની મિઠાઈ કે નવી નવી જાતના ફ્રૂટ-મેવા ખાવાની ઈચ્છા થઈ. સારાભાઈ રોજ આગ્રહ કરીને ચીકૂ ખવડાવે છે ને તમે જીંદગીમાં પ્રથમવાર 'સેન્ડવીચ' ખવડાવ્યું. સવારે દૂધ—ચાહ કશું લેતો નથી. ફકત બે વાર ભાણામાં જે આવે એથી જ સંતોષ માની લઉં છું.

આ સંસ્કારઘડતરને કારણે જીવન સાદું, પોશાક સાદો 'બાર મહિને બે ખાદીનાં ધોતયિાં, ત્રણેક ખમીસ અને ૨—૩ ટોપીઓ એ જ મારો પરિગ્રહ. મોટે ભાગે પગમાં ચંપલ પણ ન હોય. નથી સીવડાવ્યાં કદી કોટ—બંડી કે નથી પહેર્યાં કદી ઈસ્ત્રીવાળાં કપડાં. મરણ હો કે પરણ, ગામ હો કે પરગામ, હોળી હોય કે દીવાળી—બસ એક જ જાતનો પોશાક અને તે પણ ઘણી વાર સાંધેલો અથવા થીંગડાંવાળો. મુંબઈ આવ્યો ત્યારે મિત્રોના આગ્રહથી મારા પુત્ર ચિ. બાબુએ ગમે ત્યાંથી ખાદી મેળવી બે ખમીસ અને બે ટોપી ઊભાં ઊભાં સીવડાવી દીધાં હતાં. નથી વાપરી કદી બેટરી (ટૉર્ચ), નથી પહેરી ઘડિયાળ કે નથી વાપરી—૧૯૫૯ની સાલ સુધી સાળાએ ભેટ આપી ત્યાં સુધી—ઈન્ડીપેન. ત્યાં સુધીનું મારૂં બધું જ લખાણ હોલ્ડરથી જ લખાયેલું છે. પૂના તત્વજ્ઞાન વિદ્યાપીઠવાળા રોજ લખે કે તમારો એક સુંદર ફોટો

મોકલો, પણ શું મોકલું? જીંદગીમાં આજ લગી ફોટો કદી પડાવ્યો હોય ત્યારે ને!

મારી દાદીમા મારી ૧૭ વર્ષની ઉમરે ગુજરી ગયાં. સેવામાં ખડે પગે હાજર હતો, પણ રાત્રે કંઈક ઠીક લાગવાથી પિતાના કહેવાથી સૂઈ ગયો. રાત્રે ૧ વાગે દાદીમા ધબાઈ ગયા. ઉજાગરાથી માંદો પડે એમ ધારી મને ન જગાડયો. અંતકાળે દાદીમાનો મેળાપ નહી કરાવવા બદલ હું ખૂબ રડયો. રડયો તો ખરો પણ જીંદગીમાં પ્રથમ વાર મારા પિતા ને હું સામસામાં એકઠા થઈ ગયા. પિતા અત્યંત પ્રભાવશાળી. તેજ એમનું સહન ન થાય. ન કદી એમની સાથે બોલું, ન કદી પત્રવ્યવહાર કરૂં. ભાણે બેઠા હોય તો ભાગી જાઉં. પણ આજ અમે એકમેક સામસામા થઈ ગયા અને પિતાએ પણ જીંદગીમાં પહેલી અને છેલ્લી વાર મને બાથમાં લઈ ખૂબ આશ્વાસન આપ્યું. પિતાના સ્નેહનો આમ પ્રથમ અનુભવ થયો. બાકી ન તો કદી એમની સાથે બોલું. કામ હોય તો દાદીમા પાસે દોડી જઉં અને તેમના મરણ બાદ મોહનભાઈ કે મોટો થયા પછી મારા ચિ. બાબુ દ્વારા પૂછાવતો, છતાં સ્નેહ અત્યંત તીવ્ર. રાત્રે ઉઘાડા પગે બહાર ગયો હોઉં, સહેજ ઢીલો હોઉં કે કંઈ ઉદાસીનતા દેખાય તો અડધા થઈ જાય ને મારા પુત્ર—પુત્રીઓ મારફત ઘડિયે ઘડિયે મારી તપાસ લે.

મારા અનુભવોમાં છેલ્લે આજના પ્રમુખ શ્રી લીલાવતી બહેનને કારણે મારા ૨૦ વર્ષના જુના નોકર ભાઈ ફૂલચંદ ભાવસારનુ સ્મરણ થાય છે. જીવનનાં પાછલાં વર્ષો રૂા. ૬ ના માસિક પગારથી એણે મુનિશ્રી ન્યાયવિજયજી પાસે ગાળેલાં. ત્યારે એની જીભે ઘણી વાર શ્રી લીલાવતી બહેનનું જ નામરટણ ચાલ્યા કરતું. એ અત્યંત પવિત્ર અને સરળમૂર્તિ આત્મા હતો. વફાદાર પણ પૂરો. સ્વભાવે શીતળતાનો અવતાર. મારો સાખપાડોશી હોઈ એ મારી બાજુના ઢાળિયામાં પડી રહેતો. એના અંતિમ દિવસોમાં શરીર એનું ખૂબ કળતું. પણ ગરીબનું કોણ હોય? હું એનું શરીર દાબવાનું કહું, પણ એ 'તમારી પાસે?' કહી ઈન્કાર કરે. છેવટે મેં એને ખૂબ સમજાવી એની અનુમતિ લીધી. આ કારણે એવા પવિત્ર આત્માની સેવા કરવા બદલ હું મારી જાતને ધન્ય માનું છું. વ્યવહારદષ્ટિએ સેવક—સેવ્યના ભેદભાવો ભલે હોય, પણ વિશ્વદષ્ટિએ તો આપણે સહુ સમાન જ છીએ એવો વિચાર આવ્યા વિના નથી આપણે દબાયેલાઓની સેવા કરી શકતા કે નથી ચડેલાઓની સેવા લઈ શકતા. પરિણામે ભેદભાવની ખાઈઓ અંતકાળે પણ પૂરાતી નથી અને આપણે એમ વહેંચાયેલા રહીને જ રસ્તે પડીએ છીએ.

આમ મારા સ્વભાવની જે બાજુઓ હું સમજ્યો છું એ મેં કહી બતાવી છે. આમ છતાં મારામાં જે કંઈ ઉણપો હોય એ શોધી બતાવવાનું કામ તો મિત્રોનું જ ગણાય, કે જેથી મારું અંતરાવલોકન કરી એ ઉહાપોહને દૂર કરવા હું પ્રયત્ન કરી શકું.

મુંબઈનું પ્રવૃત્તિશીલ જીવન હોવા છતાં સમયનો ભોગ આપી અહીં આવવાની આપ ભાઈબહેનોએ જે તસ્દી લીધી છે, સાથે મને શાંતિથી સાંભળ્યો છે એ માટે હું આપનો આભાર માનું છું. સાથે જેમની કૃપાથી આપની સમક્ષ ઊભા રહેવાનો અને બોલવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે એવા શ્રી પરમાનંદભાઈનો તો હું ભારે ઋણી બન્યો છું. ઉપરાંત ૩૨ વર્ષથી જેમનું નામ અવારનવાર સાંભળવા મળેલું એવા પ્રમુખશ્રી લીલાવતીબહેનનાં દર્શન કરવા માટે હું મારી જાતને ભાગ્યશાળી માનું છું, આમ મારા જીવનમાં જે જે કંઈ નાના મોટા અનુભવો થયા, એમાંથી જેટજેટલા સ્મૃતિએ ચડયા એ આપની સમક્ષ રજૂ કર્યા છે. એ આશાએ કે એમાંથી આપણે કંઈક મેળવવા યોગ્ય હોય તે મેળવી જીવનવિકાસમાં એનો ઉપયોગ કરી શકીએ. છેવટે તો આપણે સહુ સાધકો જ હોઈ એક સાધકની દ્રષ્ટિએ જ મેં મારા અનુભવો રજુ કર્યા છે. છેલ્લે ફરી વાર સર્વનો આભાર માની ફરી પ્રસંગે મળવાની આશા સાથે બેસી જવાની હું રજા માગું છું.

સમાપ્ત

રતિલાલ મફાભાઈ શાહ

## કોસબાડ-બોરડી પર્યટન

આગામી શરદ્પૂર્ણિમાના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો તથા તેમના કુટુંબીજનો માટે મુંબઈથી આશરે ૧૨૫ માઈલ દૂર આવેલા કોસબાડ—હીલ તથા બોરડી જવા આવવાનું તા. ૧૩ મી તથા ૧૪ મી ઑકટોબર એમ બે દિવસનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ માટે પર્યટનમાં જોડાવા ઈચ્છનાર સભ્યે વ્યકિત દીઠ રૂા. ૧૮ અને દશ વર્ષ નીચેનાં બાળકોના રૂા. ૧૨ આપવાના રહેશે. આ પર્યટન માટે નકકી કરવામાં આવેલી સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસ પાયધુની પોલીસ સ્ટેશન ઉપરથી તા. ૧૩ મી ઑકટોબરના રોજ બપોરના સાડાબાર વાગ્યે ઉપડશે અને રોયલ ઓપેરા હાઉસ નજીકમાં, દાદર ખોરદાદ સર્કલના બસ સ્ટોપ આગળ, કીંગસર્કલ પહેલા જૈન મંદિર આગળ ઉભી રહેશે, અને બીજે દિવસે સાંજના પાછી ફરશે. પર્યટનમાં જોડાનાર ભાઈ-બહેનોએ લોટો, ટોર્ચ અને જરૂરી બેડીંગ સાથે લેવાનાં રહેશે. આ પર્યટન પરિમિત સંખ્યા માટે યોજાયલું હોઈને તા. ૯મી સાંજના પાંચ સુધી પર્યટનમાં જોડાવા ઈચ્છનાર સભ્યોએ સંઘના કાર્યાલયમાં નિયત દર મુજબની રકમ ભરી જવાની રહે છે.

મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

## સાભાર સ્વીકાર

**કંટક છાયો પંથ: ચાર ભાગ:** લેખક: શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ, પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, કિંમત કુલ ચાર ભાગ રૂા. ૨૦.

* * *

**બાપુના પત્રો શ્રી છગનલાલ જોશીને:** સંપાદક: શ્રી છગનલાલ જોશી; પ્રકાશક: શ્રી નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ ૪, કિંમત રૂા. ૪.

* * *

**અક્ષર આરાધના:** (શ્રી કરસનદાસ માણેકની કૃતિઓનો પ્રતિનિધિભૂત સંચય) સંપાદકો: શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષી, અનંતરાય મ. રાવળ, અમૃતલાલ ભ. યાજ્ઞિક, પ્રકાશક: શ્રી કરસનદાસ માણેક ષષ્ટિપૂર્તિ સન્માનસમારંભ સમિતિ: કિંમત રૂા. ૬

* * *

**સજી લે શૃંગાર: તે વિશ્વ સંહિતા મંડળ:** લેખક: શ્રી વાઘજી ગોવિંદજી દેસાઈ, પ્રકાશક: શ્રી વિક્રમ દેસાઈ, ૧૪, ગણેશવાડી, પૂના ૪. કિંમત રૂા. ૧.૪૦.

* * *

**જૈન ધર્મનો પ્રાણ:** (પં. સુખલાલજીના જૈન ધર્મ અંગેનાં કેટલાંક લખાણોનો સંગ્રહ), સંપાદકો: પંડિત દલસુખભાઈ માલવણિયા અને શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ; પ્રકાશક: શ્રી રસિકલાલ ડાહ્યાભાઈ કોરા, ૪૮, ગોવાલિયા ટેંક રોડ, મુંબઈ ૨૬, પ્રાપ્તિ સ્થાન: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; કિંમત રૂા. ૨.

* * *

**ચિત્રાંગદા:** એક મૌલિક રસદર્શન: લેખક: પ્રાધ્યાપક બાલચન્દ્ર પરીખ, પ્રકાશક: શ્રી. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ, કિંમત રૂા. ૨.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન 'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑકટોબર ૧૬, ૧૯૬૨, મંગળવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## સર્પદંશ અને મંત્રશકિત વિષે પૂજ્ય કેદારનાથજી સાથેની ચર્ચાવિચારણા

(શ્રી કેદારનાથજી એક સતત ચિંતનશીલ સંતપુરુષ છે. સ્વ. કિશોરલાલ ઘ. મશરૂવાળા તેમના વિષે ગુરુભાવ દાખવતા—આ પ્રકારની તેમની ખ્યાતિથી અનેક ભાઈ બહેનો વર્ષોથી તેમના પ્રત્યે આકર્ષાતાં રહ્યાં છે અને અંગત સમસ્યાઓનું સમાધાન શોધતાં રહ્યાં છે. "વિવેક અને સાધના" એ તેમની મૌલિક વિચારસરણી રજૂ કરતું અને અનેકને માર્ગદર્શન—જીવનદર્શન—આપતું બહુ જાણીતું પુસ્તક છે. આ પુસ્તક વાંચતાં, શુદ્ધ બૌદ્ધિક ભૂમિકા ઉપર તેમના સમગ્ર ચિંતનનું નિર્માણ થયેલું છે—આવી છાપ સામાન્ય વાંચકના ચિત્ત ઉપર ઉઠે છે. તેમના વિષે બીજી એક એવી માન્યતા પ્રવર્તે છે કે, સર્પ કરડયો હોય એવા કોઈ પણ માનવીને તેઓ મંત્રશકિત વડે દંશમુકત—વિષમુકત—કરી શકે છે. વિજ્ઞાનના યુગમાં જલ્દીથી સ્વીકાર્ય ન બને એવી તેમના વિષેની આ માન્યતાએ તેમની નજીકના અમુક મિત્રોમાં ખૂબ ચર્ચા ઊભી કરી અને આ બાબતનું કેદારનાથજી પાસેથી સમાધાન મેળવવા તેમણે પ્રયત્નો કર્યા. તેમની સાથેની ચર્ચાવિચારણામાં માતુશ્રી મીઠીબાઈ કૉલેજના આચાર્ય શ્રી અમૃતલાલ ભ. યાજ્ઞિકે મુખ્ય ભાગ લીધો હતો. તેમણે આ ચર્ચાવિચારણાને શબ્દબદ્ધ કરીને તથા શ્રી. કેદારનાથજી પાસે અનુમત કરાવીને તા. ૯-૧૦-'૬૨ ના 'જન સંદેશ'માં પ્રગટ કરેલ છે. 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ચિંતન—મનનમાં ઉપયોગી થશે એમ સમજીને 'જનસંદેશ'માંનો એ લેખ નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. **તંત્રી**)

એકવાર મંત્રશકિત ઈત્યાદિની વાતચીત કરતાં શ્રી કાંતિભાઈ મોદી પાસેથી જાણ્યું કે, શ્રી કેદારનાથજી સર્પદંશના ઝેરને ઉતારવાની મંત્રશકિત ધરાવે છે. કોણ જાણે કેમ પણ આ પ્રકારની શકિતને હું એક પ્રકારનો વહેમ માનતો આવ્યો હોવાથી શ્રી. કેદારનાથજી મંત્રતંત્રમાં માને એ વસ્તુ જ મને ગળે ઊતરતી નહોતી. કિશોરલાલ મશરૂવાલાએ શ્રી. કેદારનાથજીના માર્ગદર્શન દ્વારા જ પોતાની વિચારધારાને વિવેકબુદ્ધિની કસોટીમાંથી પસાર કરીને પરિશુદ્ધ કરી હતી; શ્રી. નાથજીની જીવનદ્રષ્ટિનો ઝોક વિવેકબુદ્ધિને નિર્મળ કરી જીવનશુદ્ધિ પ્રાપ્ત કરવા તરફ રહ્યો છે. આવા વ્યકિતત્વવાળા શ્રી. નાથજી મંત્રતંત્રમાં શી રીતે માને એ જોવા-વિચારવા હું ખૂબ ઉત્સુક બન્યો હતો. શ્રી નાથજી સાથે આ અંગે વાતચીત કરવા માટે મુલાકાત યોજી આપવાની મેં શ્રી કાંતિભાઈને વિનંતિ કરી ને તે અનુસાર જૂહુ ઉપર એક શાંત સ્થળે અમારી મુલાકાત ગોઠવવામાં આવી. તે વખતે શ્રી. કાંતિભાઈ તથા શ્રી. રતુભાઈ કોઠારી પણ હાજર હતા.

મેં શ્રી. નાથજીને કહ્યું : "આપ સર્પદંશના ઝેરને ઉતારવાનો મંત્ર જાણો છો અને આપે ઘણા લોકોને સર્પદંશનું ઝેર મંત્રથી ઉતાર્યું છે એમ મેં શ્રી કાંતિભાઈ પાસેથી જાણ્યું છે તે અંગે મારે આપને પ્રશ્ન પૂછવા છે."

શ્રી. નાથજીએ ગંભીરતાપૂર્વક કહ્યું : "તમારે પૂછવું હોય તે પૂછી શકો છો."

### ભૌતિક ઝેર મંત્રશકિતથી કઈ રીતે દૂર થાય?

મેં કહ્યું : "સાપ જેને કરડે તેના શરીરમાં સાપનું ઝેર દાખલ થાય એ ભૌતિક વસ્તુ છે, સ્થૂળ વસ્તુ છે. મંત્રશકિત એ શબ્દ-શકિત છે. એવા શબ્દોનું ઉચ્ચારણ કરવાથી સર્પદંશનું ઝેર એ શરીરમાંથી કઈ રીતે બહાર નીકળે? ટૂંકામાં, શરીરમાં પ્રવેશેલું ભૌતિક ઝેર મંત્રશકિતથી કઈ રીતે દૂર થાય? અને બીજો પ્રશ્ન: જો મંત્રશકિતથી સર્પનું ઝેર કાઢી શકાતું હોય તો તેનો ઉપયોગ આપ માનવ કલ્યાણાર્થે કેમ ન કરો? જે કોઈ સર્પદંશના ઝેરથી પીડાતું હોય તેને આપ કેમ મુકત ન કરો? આપ આ મંત્ર જાણો છો તેમ શા માટે જાહેર ન કરવું? અને આપ આ મંત્ર બીજાને શા માટે ન શીખવો?

મારા પ્રશ્નો શ્રી. નાથજીએ ખૂબ ગંભીરતાથી સાંભળ્યા અને પછી કહ્યું : "હવે તમારે બીજું કશું પૂછવું છે?" મેં કહ્યું : "ના, મારે જે કાંઈ પૂછવાનું છે તે મારા આ બે પ્રશ્નમાં આવી જાય છે. પણ મારે વધુ સ્પષ્ટતાપૂર્વક મારું દ્રષ્ટિબિંદુ રજૂ કરવું જોઈએ. જે વસ્તુ વિવેકબુદ્ધિને ગળે ન ઊતરે તેમાં મને વિશ્વાસ બેસતો નથી. એટલે મારા પ્રશ્નની પાછળ થોડી અશ્રદ્ધાવૃત્તિ રહી છે એ મારે કબૂલ કરવું જોઈએ. હું જ્યારે પહેલાં એટલે કે, ૧૯૪૦ ના અરસામાં માટુંગામાં રહેતો ત્યારનો એક પ્રસંગ-એક અનુભવ રજૂ કરું છું. મારા એક શિક્ષિત મિત્ર હતા. તે મને કહેતા 'મારી પત્નીના શરીરમાં અંબા માતાજી પ્રવેશ કરે છે.' મને એમાં શ્રદ્ધા ન હોવાથી મેં ટોળમાં કહ્યું : 'માતાજી આવે ત્યારે એમના દર્શન કરાને હું પણ પવિત્ર બનું એમ ઈચ્છું છું, મને કહેજો ને?" એ વિશ્વાસુ મિત્રે મારા ટોળને ન સમજતાં ગંભીર રીતે મને એવે વખતે બોલાવવાનું વચન આપ્યું. એ દંપતી મારે ત્યાં અવારનવાર આવતાં અને અમારો સંબંધ મીઠો હતો. એકાદ મહિના પછી એક દિવસે રાત્રે આઠ-સાડાઆઠ વાગે એ મિત્ર આવ્યા, અને માતાજી 'પધાર્યા' હોવાથી દર્શનનો લાભ તમને પણ મળે તે માટે તમને તેડવા આવ્યો છું એમ કહ્યું. હું ગયો. તેમનાં પત્નીનું મુખ જુદું જ લાગ્યું. બધાં લોકો 'જે અંબે, જે અંબે' કરતાં હતાં. 'માતાજી' નૃત્ય કરતાં હોય તે રીતે બધાને કંકુના ચાંદલા કરતાં હતાં. હું એમને પગે લાગ્યો. મને ચાંદલો કર્યો. પછી માતાજીએ મને કહ્યું : 'તમારે કાંઈ પૂછવું છે?' મેં કહ્યું, 'હા'. માતાજીએ પ્રશ્ન પૂછવાની અનુમતિ આપી એટલે મેં પૂછ્યું : "કાલિદાસ, ભવભૂતિ અને ભાસ કયારે જન્મ્યા હતા તે આપ કહેશો?" માતાજીએ ગુસ્સે થઈ કહ્યું : "તમે મશ્કરી કરી રહ્યા છો, આવા તે પ્રશ્ન હોય?" મેં કહ્યું : 'આપ વિશ્વજનની છો, ત્રિકાળજ્ઞાની છો તો જો આપ આનો જવાબ આપો તો અમારા ઘણા વિદ્વાનોની મહેનત બચી જાય.'

બધા ભકતજનોએ હું અશ્રદ્ધાળુ હોવાનો આરોપ મૂકી ચાલી જવા કહ્યું અને હું ચાલી નીકળ્યો. મારી મનોવૃત્તિ કયા પ્રકારની છે એ દર્શાવવા મેં આપને આ કિસ્સો કહ્યો છે."

શ્રી નાથજીએ મને સાંભળ્યા પછી કહ્યું: "તમારા કહેવાની મતલબ હું સમજું છું. બુદ્ધિનું કાર્ય, કાર્ય—કારણને સમજાવવું એ છે એટલે તમે બુદ્ધિ દ્વારા મંત્રશકિતથી શરીરમાંનું ઝેર કઈ રીતે ઊતરે છે તે જાણવા માગો છો. અને હું બુદ્ધિગમ્ય રીતે તમને આ સમજાવું તેમ ઈચ્છો છો..." હું તરત જ બોલી ઊઠયો: "જી હા, મારી એ જ ઈચ્છા છે."

**ચમત્કાર વિષેનું દષ્ટિબિંદુ**

શ્રી નાથજી અત્યંત ગંભીરતાપૂર્વક બોલ્યા: "હું નાનો હતો ત્યારે માનવકલ્યાણની દ્રષ્ટિથી હું મારા ગુરુ પાસેથી સર્પદંશનાં ઝેરને દૂર કરવાનો મંત્ર શીખ્યો હતો. ચમત્કાર વિશેનું મારું દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ કરી દઉં. મને ચમત્કારમાં રસ નથી; એની મારે મન ખાસ કિંમત નથી. જે કોઈ શકિતનો ઉપયોગ માનવકલ્યાણ માટે ન થાય તે શકિત મારી દ્રષ્ટિએ નિરર્થક છે. જો કોઈ પાણીનું દૂધ બનાવી શકે તો તે દૂધનો ઉપયોગ સામાજિક જરૂરિયાત માટે ન થઈ શકે તો એવી ચમત્કારી શકિતની કશી કિંમત નથી; એ તો માત્ર નકામા જાદુઈ ખેલ કે યુકિતબાજી કહેવાય. તેમાં રસ લેવો એ પણ અપરસ લીધો ગણાય એમ હું માનું છું.

"હું સર્પ—ઝેર ઉતારવાનો મંત્ર શીખ્યો તે માનવજાતિને ઉપયોગી થઈ પડાય એ દૃષ્ટિએ. એ મંત્રની સિદ્ધિ માટે મારે ઘણા કડક નિયમોનું પાલન કરવું પડે છે. પણ મંત્રબળથી સર્પનું ઝેર ઉતારી શકું છું એ ચોક્કસ. સર્પનું ઝેર ઉતારવાની મારી પદ્ધતિ આવી છે: સર્પ જે માણસને કરડયો હોય તે માણસને પ્રથમ તો થાંભલા કે એવી કોઈ વસ્તુ સાથે બાંધવાનો હોય છે. તેમ ન કરીએ તો એ માણસ મારા જેવા મંત્ર ઉતારનારને કરડે અને ઉતારનાર મરી જાય. કડક બાંધ્યા પછી મંત્રેલા દાણા એના ઉપર નાખવાથી એ સર્પ એ માણસના શરીરમાં પ્રવેશે છે અને એને કરડવાનું કારણ પૂછું છું. મારા ઉપર પગ પડયો હતો અથવા મને હેરાન કરતો હતો વગેરે કારણો સર્પ કહે..." નાથજીને વચ્ચે અટકાવીને મેં પૂછયું: "સર્પની કઈ ભાષા હોય? સર્પ સંસ્કૃત, હિંદી, ગુજરાતી, અંગ્રેજી, ફ્રેન્ચ... વગેરેમાં વાત કરે?" શ્રી નાથજીએ તરત જ કહ્યું: "એ તો શરીરમાં સર્પનું ચિત્ત પ્રવેશેલું હોય છે. એટલે સર્પચિત્ત જે શરીરમાં પ્રવેશ્યું હોય તે શરીરધારીની ભાષા બોલે છે. ભાષા તો સંજ્ઞા છે એટલે શરીરધારી ચિત્તની ભાષામાં સર્પચિત્ત વ્યકત થાય." મેં મૌન રાખ્યું.

**કોબ્રા જલ્દી માની જાય છે.**

શ્રી. નાથજીએ કહ્યું: "પછી એ સર્પને સમજાવીને ઊતરવાનું કહું એટલે સર્પ માને અને તે ચાલ્યો જાય એટલે શરીર ઝેરમુકત બની જાય. કોબ્રા જલદીથી માની જાય છે; સાતળો. લિરસો ફુરસો નામે ઓળખાતો સર્પ જલદી નથી ઉતરતો. મેં આવા અનેક સર્પોને ઉતાર્યા છે."

મેં કહ્યું: "નાથજી, મોટા ભાગના સર્પો ઝેર વગરના હોય છે એટલે ઝેર વિનાનો સાપ કરડયો હોય તે દંશભ્રમ ઊભો કરી થોડી વાર પછી ઝેરમુકત બની જતો હશે તેથી સાપ ઉતરી ગયો હોય તેમ તો નહિ બનતું હોય?'

શ્રી. નાથજી હસીને બોલ્યા: "ઝેરી સર્પ કરડયો છે તેની ખાત્રી થયા પછી જ મંત્રવિધિ કરું છું. સર્પ કરડયો હોય એ માણસ આવે ત્યારે તેને મીઠું; મરચું વગેરે ખવરાવું અને પછી તેને તેમાંથી કશો સ્વાદ ન આવે એટલે કે મીઠું ખારું ન લાગે, મરચું તીખું ન લાગે ત્યારે તેને ઝેર ચડયું છે એમ સમજું. પછી જ મંત્રવિધિ શરૂ થાય."

"તો પછી આનો બૌદ્ધિક ખુલાસો શો?" મેં પૂછયું.

શ્રી નાથજીએ કહ્યું: "જે પ્રકારનો તમે બૌદ્ધિક ખુલાસો માગો છો તે મારી પાસે નથી. આ બધી વસ્તુ શાબ્દિક બુદ્ધિથી સમજવી જોઈએ એ ખરું. કદાચ હું નાનપણથી રાષ્ટ્રીયતા તરફ ન વળ્યો હોત તો મેં આ બધી મંત્રવિદ્યા વગેરેને બૌદ્ધિક રીતે સમજવા પ્રયત્ન કર્યો હોત. પણ મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે બધી જ વસ્તુઓ બુદ્ધિ દ્વારા સમજી શકાતી નથી, એટલું જ નહિ પણ બુદ્ધિ મર્યાદિત શકિત છે. એની કેટલીક શકિતઓ બુદ્ધિ ન કળી શકે તેવી પણ હોઈ શકે છે. આ વસ્તુ તમે સ્વીકારો તો જ મંત્રવિદ્યાનું કશુંક સમાધાન થઈ શકે...

**શબ્દમાં પણ કંઈક અધિક શકિત હોય છે.**

મેં પૂ. નાથજીને આ વિશે વધુ સ્પષ્ટતા કરવાની વિનંતિ કરી ત્યારે પૂ. નાથજીએ મંત્રશકિત ઉપર ભાષ્ય કરતાં કહ્યું: "શબ્દમાં પણ કાંઈક અધિક શકિત હોય છે. ઉદાહરણ તરીકે કોઈ સાધારણ વ્યકિત હુકમ કરે કે, 'ફાયર' (ગોળીબાર કરો,) તો તેની કશી અસર જોવામાં નહિ આવે. પણ યોગ્ય લશ્કરી અમલદાર તે જ શબ્દોનું ઉચ્ચારણ કરી હુકમ કરે તો તરત જ બંદુકમાંથી ગોળીઓ છૂટવા લાગે. આ ઉપરથી અધિકાર પરત્વે શબ્દોમાં કાંઈક વિવક્ષિત શકિત હોય છે તે સમજી શકાશે.

"તે જ પ્રમાણે ધાતુની ગોળીઓ આપણે હાથે ફેંકીશું તો તેનું વેધક કે સંહારક પરિણામ જોવા નહિ મળે, પણ તે જ ગોળીઓ બંદૂક જેવા સાધન-યંત્રમાંથી છોડવામાં આવે તો તેની વીંધવાની અને વિનાશ કરવાની શકિત તરત વ્યકત થશે.

"આ બે ઉદાહરણો ઉપરથી 'શબ્દ' એ કેવળ 'શબ્દ' નથી અને 'ગોળી' કેવળ ગોળી નથી. આ જેમ ભૌતિક સ્થૂળ બાબતમાં શકિતનો આવિર્ભાવ થાય છે, તેવી જ શકિત સૂક્ષ્મ મનતરંગની બાબતમાં પણ પ્રગટ થાય તેવો ખૂબ સંભવ છે. આ ઉપરથી સ્પષ્ટ થઈ શકે કે 'મંત્ર' એ કેવળ શબ્દ નથી, પણ તેમાં કશુંક સામર્થ્ય હોવું જોઈએ એમ કહેવું પડશે."

પછી શ્રી નાથજીએ મનની ગૂઢ શકિતનું વિવરણ કરતાં કહ્યું: "તમારે સવારે પાંચ વાગ્યાની ગાડીમાં જવું છે. તમે રોજ અતૂટ નિદ્રા લઈ શકો છો, આમ છતાં ચાર વાગે ઊઠવું હોય તો બરાબર ચારેક વાગ્યે ઊઠી જાઓ છો. આ આપણા બધાનો અનુભવ છે. આનો શો બૌદ્ધિક ખુલાસો આપશો? સંકલ્પબળ છે તે બુદ્ધિ ન કળી શકે તેવી રીતે કાર્ય કરે છે એમ કહેવું રહ્યું."

**મારું સંકલ્પબળ બીજા ઉપર શી રીતે અસર કરે?**

મેં કહ્યું: "પણ આવું સંકલ્પબળ આપણા પોતાના ચિત્ત ઉપર અસર કરી શકે. મારું સંકલ્પબળ બીજા ઉપર શી રીતે અસર કરે?"

શ્રી નાથજીએ કહ્યું: "કેમ, કોઈ પ્રબળ સંકલ્પવાળો માણસ બીજા માણસોને અસર નથી કરી શકતો? ગાંધીજીના સંકલ્પબળે કેટલા બધા માણસોના ચિત્તમાં રાષ્ટ્રભકિત કે રાષ્ટ્રિય જુસ્સો જાગ્રત કર્યો હતો? હિટલર- મુસોલિનીએ એમના દેશના માણસોને કયાં ગાંડા નહોતા બનાવ્યા? માનવ મન કે ચિત્ત એ ગૂઢ વસ્તુ છે. તેમાં અકલ્પ્ય શકિત છે. દીવાસળી સળગાવવી કે બટન દબાવીને વીજળીથી બત્તી કરવી એ કાર્યો જેમ અમુક ચોક્કસ ક્રિયા કરવાથી નિશ્ચિતપણે થાય છે તે જ પ્રમાણે મંત્રશકિતથી કોઈ પણ ચોક્કસ પરિણામો નિશ્ચિતપણે થાય છે જ. કારણ કે તેમની પાછળ નિસર્ગની અને ચિત્તની શકિતઓના ધર્મો જાણીને કરેલી શાસ્ત્રીય યોજના છે... મનની શકિત વિકસાવીને તે બધી શકિત જો શુદ્ધ સંકલ્પમાં કેન્દ્રિત કરી શકાય અને તે સંકલ્પની દઢતા; તીવ્રતા અને એકાગ્રતા વધારીને વિશ્વશકિતની સાથે સમરસ થવાનું જો માણસ સિદ્ધ કરી શકે તો તેનામાં કંઈક વિશેષ શકિત સંચરવા માંડે છે અને તે શકિતની મદદથી કેટલીક મુશ્કેલ બાબત પણ સહેજે સિદ્ધ થઈ શકે છે. આમાં કશી અદ્‌ભૂતતા નથી, એમાં ચમત્કાર નથી. અનેક કુદરતી ધર્મો પ્રમાણે માનવી મનનો પણ એ એક ધર્મ છે. વિદ્યુત વગેરે

સૃષ્ટિના ધર્મો જેમ અમુક સંજોગોમાં પ્રગટ થાય છે, તે જ પ્રમાણે માનવી મનનો આ ધર્મ પણ યોગ્ય પરિસ્થિતિમાં યોગ્ય પ્રયત્નથી પ્રગટ થાય છે એમ હું માનું છું..."

"પણ, નાથજી, આપનું વક્તવ્ય સુતાર્કિક લાગે છે, પણ બૌદ્ધિક સંતોષ નથી આપતું." કહી મેં મારું દ્રષ્ટિબિંદુ સ્પષ્ટ કરવા માંડયું. "માનવીમનના ધર્મો કયા ?—એ જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી આપનું વક્તવ્ય ગૂઢ રહે છે. મનની કોઈ શકિત હોઈ શકે કે જે બીજાના શરીરમાંથી સ્થૂળ ઝેર પણ કાઢી શકે? આ વસ્તુ નથી સમજાતી."

**બુદ્ધિ ન સમજી શકે તેવી શકિત હોઈ શકે છે.**

શ્રી નાથજીએ કહ્યું : "બૌદ્ધિક રીતે આ વસ્તુને હું સમજાવી શકું તેમ નથી એ તો મેં તમને પહેલાં જ કહ્યું છે. બુદ્ધિ ન સમજી શકે તેવી શકિત હોઈ શકે છે તે માન્યા સિવાય આ બાબત નહિ સમજી શકાય. બુદ્ધિ સમજે કે ન સમજે પણ આવી વસ્તુઓ બને છે તે હકીકત છે. એક વાર સાબરમતી આશ્રમમાં કોઈ એક જણને સર્પ કરડયો હતો. ગાંધીજી આવા મંત્રોની શકિતમાં નહોતા માનતા. તેથી જેને સર્પ કરડયો હતો તેના દંશનો ભાગ કાપીને તેને પોટાસ પરમેગનેટ લગાડતા હતા. ત્યાં મગનલાલ ગાંધીએ ગાંધીજીને કહ્યું કે, કેદારનાથજી મંત્રથી સર્પનું ઝેર ઉતારી શકે છે તો તેમને બોલાવીએ તો? ગાંધીજીએ મને બોલાવ્યો અને મેં એ માણસને સર્પદંશથી ચડેલું ઝેર ઉતાર્યું. ત્યારથી મારા આહાર-વિહારના નિયમપાલન પ્રત્યે ગાંધીજી સમભાવ રાખતા અને હું આશ્રમમાં હોઉં ત્યારે તેનું ચુસ્ત પાલન થાય તેવી સૂચના તેમણે આપેલી. અત્યાર સુધીમાં સર્પદંશના કિસ્સાઓ મેં જેટલા હાથમાં લીધા હતા તેમાં નિષ્ફળતા કયાંય મળી નથી, એટલું જ નહિ પણ આધાશીશી, વીંછીનો ડંખ, એકાંતરિયો તાવ કે કમરની લચક પણ મંત્રશકિત દ્વારા ઉતારી શકું છું એ પણ મારે સ્પષ્ટ કહેવું જોઈએ.' કાર્યકારણને સમજાવવાનું કાર્ય બુદ્ધિનું છે તે દ્રષ્ટિએ બુદ્ધિને સંતોષ થાય તેવો ખુલાસો હું આપી શકું તેમ નથી. બૌદ્ધિક ખુલાસો શોધવામાં મને રસ હતો પણ તે બની શકયું નથી. મને તે મળ્યો નથી, પણ તેથી હકીકતમાં ફરક પડતો નથી.

**માનવી કલ્યાણ અર્થે જ ઉપયોગ કરવાનો હોય**

હાફકીન ઈન્સ્ટીટયુટવાળા ડૉ. દેવરસ મને મળ્યા હતા. હું સર્પઝેર મંત્રવિદ્યા દ્વારા ઉતારી શકું છું તેમ સાંભળીને તેઓ મારી પાસે આવ્યા હતા. તે કહેવા લાગ્યા: "આપ જો સર્પદંશનું ઝેર મંત્ર દ્વારા ઉતારી શકતા હો, તો અમારો ઝેરી સાપ કરડાવીને માણસ તમારી પાસે લાવું તેનું ઝેર ઉતારી આપો."

મેં ડૉ. દેવરસને કહ્યું : "આમ કરવાની મને મારા ગુરુની આજ્ઞા નથી. સ્વાભાવિક દુ:ખ કે આફત નિવારણ માટે મંત્રવિદ્યાનો ઉપયોગ કરવો એમ મને મારા ગુરુએ કહ્યું છે. પ્રદર્શન અર્થે આનો ઉપયોગ કરવાનો ન હોય; આવો ચમત્કાર બતાવીને લોકોની મુગ્ધ પ્રશંસા મેળવવાની ન હોય; માનવી કલ્યાણ અર્થે જ આવી શકિતનો ઉપયોગ કરવાનો હોય એવી મારી મનોવૃત્તિ છે.

કોઈએ માથું દુ:ખતું હોય તો તે ઉતારવાની દવા શોધી હોય તો એ દવાનું પારખું કરવા માટે માથું પરાણે દુખાડવું એ કેવી બેહૂદી વાત છે! કોઈએ હાડકું બેસાડી આપે તેવી કુશળતા પ્રાપ્ત કરી હોય તો તેની કુશળતાની પરીક્ષા કરવા માટે હાડકું ભાંગવું તેના જેવી વાત છે. કોઈને ઝેરી સર્પ કરડયો હોય તો જરૂર તમે એને મારી પાસે મોકલો. અગાઉ કહ્યું છે તેમ આ મંત્રવિદ્યા શીખવા પાછળનો મારો પ્રેરક હેતુ તો માનવી દુ:ખનિવારણનો હતો, એટલે કોઈને સર્પદંશ થયો હોય તો તેને મદદ કરવાની મારી માનવફરજ છે અને તેમ કરવામાં હું આનંદ અનુભવું છું."

શ્રી. નાથજીની વિચારસરણી હું બરાબર સમજી શકતો હતો. તેમનું દ્રષ્ટિબિંદુ પણ માનવી ગૌરવને ઉચિત હતું, પણ બુદ્ધિને વાત સમજાતી નહોતી. બુદ્ધિની શકિત મર્યાદિત છે અને એ મર્યાદિત શકિત ન સમજી શકે તેવી શકિત હોય છે એમ સ્વીકારવાથી જ આ વસ્તુ સમજાઈ શકે તેમ છે. એટલે પછી નાથજીને મેં બીજો પ્રશ્ન પૂછયો "તો આપ સર્પદંશના કિસ્સાઓ અમે લાવીએ તો તેનો ઉપચાર કરવા તૈયાર છો ને? અમે આ વસ્તુને જાહેર કરીએ?"

**સર્પદંશના કિસ્સાઓ વખતે મને બોલાવી શકો છો**

"સર્પદંશનો કિસ્સો બન્યો હોય તો બીજું બધું કામ છોડીને તરત એને જ હાથમાં લેવો જોઈએ એ તો મારી ફરજ છે. તેમાં પૂછવાનું શું હોય? લોકો આ બાબત વિશે જાણે તો મને હરકત નથી. મૂળે તો, માનવકલ્યાણની દ્રષ્ટિથી જ મેં આ મંત્રસાધના કરી હતી ને? એટલે કોઈ પણ માણસના દુ:ખમાં હું ઉપયોગી થઈ શકું તો તેમ કરવું મારું કર્તવ્ય છે. તમે ખુશીથી સર્પદંશના કિસ્સાઓ વખતે મને બોલાવી શકો છો." નાથજીએ કહ્યું.

મેં છેલ્લો પ્રશ્ન પૂછયો : "તો આપની વિદ્યા કોઈ સુપાત્રને આપી જાઓ ખરા? આપે આવો વિચાર કર્યો છે ખરો? માનવ-કલ્યાણની વિદ્યા બીજાને આપવી જોઈએ એ ખુલ્લી હકીકત છે. તો એ વિશે આપનું શું મંતવ્ય છે?"

શ્રી નાથજીએ કહ્યું : "આ મંત્રવિદ્યાની સિદ્ધિ માટે કડક નિયમપાલન જાળવવા પડે છે એટલે એ વિદ્યા આપી શકાય તેવા માણસો ઓછા મળે. હું યોગ્ય માણસ મળે અને કડક નિયમોનું આજીવન પાલન કરવા તૈયાર હોય તો જરૂર આ વિદ્યા આપવા ઈચ્છું છું. અંતે તો આવી વિદ્યાનો વિનિયોગ માનવકલ્યાણ અર્થે જ થવો જોઈએ." પછી શ્રી નાથજીએ કહ્યું :"આ બાબતની ચર્ચા મેં 'વિવેક અને સાધના' નામના મારા પુસ્તકમાં કરી છે. તેમાંથી 'વ્યકત - અવ્યકત વિચાર' અને 'મન : શકિતની શોધ' એ પ્રકરણો વાંચી જવા મારો આગ્રહ છે."

શ્રી. નાથજી સાથેની આ વાતચીત પછી આ બાબત વિષે ઘણા વિચાર મારા મનમાં ઘોળાયા કરે છે. શ્રી. નાથજીએ કહેલાં પ્રકરણો હું ચીવટપૂર્વક વાંચી ગયો. આ વિષે શ્રી. નાથજીની મૌલિક વિચારણા અને દ્રષ્ટિબિંદુ જોઈને નવી દ્રષ્ટિ પણ પ્રાપ્ત થઈ છે, પણ તેથી તો બૌદ્ધિક સંતોષ થાય તેવી જ રીતે આ ગૂઢ શકિતને જાણવાની જિજ્ઞાસા વિશેષ વધી છે અને આ ગૂઢ શકિતને માત્ર વહેમ તરીકે ન ગણી કાઢવી જોઈએ તેવી પ્રતિતી માટે પણ બુદ્ધિ આ દિશામાં ઊંડો વિચાર કરી રહી છે. મારા જેવા વિચાર કરનારાઓ સાથે સહભાગી બનવા માટે આટલા વિસ્તારપૂર્વક આ બધું લખ્યું છે.

**અમૃતલાલ યાજ્ઞિક**

## તંત્રી નોંધ

આ પ્રશ્ન ઉપર કાંઈ પણ ટીકા-ટીપ્પણ કરતાં મારી સમજણ અને અનુભવની મર્યાદાના કારણે હું ખૂબ સંકોચ અનુભવું છું. પૂ. નાથજી (પરિચિત વર્તુલોમાં શ્રી. કેદારનાથજીને 'નાથજી' એવા ટૂંકા નામથી ઓળખવામાં આવે છે.) સાથે મને ઘણાં વર્ષોનો સંબંધ છે. એક પવિત્ર પુરુષ તરીકે, એટલું જ નહિ પણ, એક સ્વતંત્ર અને નિડર વિચારક તરીકે તેમના વિષે મને ખૂબ આદર રહ્યો છે. તેમની સાથે અનેક બાબતો તેમજ અનેક ઘટનાઓ અંગે ચર્ચા કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. તેમની વિચારણા સામાન્ય રીતે વિશદ તર્ક અને બુદ્ધિની ભૂમિકા ઉપર ચાલતી હોય છે અને તેથી મેં તેમનાથી અનેક વાર બૌદ્ધિક હૂંફ અનુભવી છે.

આમ છતાં એમ કોઈ ન માને કે તેમની સાથે બધી જ બાબતમાં હંમેશાં મળતા થવાનું બન્યું છે. તેમનું પુસ્તક 'વિવેક અને સાધના' મેં વાંચ્યું છે. તેમાં જણાવેલા કોઈ કોઈ વિચારો સાથે સંમતિ ન અનુભવતાં તે વિષે તેમની સાથે મેં ચર્ચા પણ કરી છે. આમ છતાં અનેક વિષયોને આવરી લેતો એ ગ્રન્થ એટલી

ઝીણવટથી મેં વાંચ્યો નથી તેમ જ તેમાં નિરૂપવામાં આવેલા બધા વિચારોની મેં તેમની સાથે ચર્ચા કરી નથી.

સર્પદંશ અને તે દૂર કરનારી તેમની મંત્રશકિતથી હું સાવ અજાણ નહોતો, પણ જ્યાં મંત્રશકિતની વાત આવી ત્યાં પછી બૌદ્ધિક ચર્ચાને અવકાશ રહેતો નથી—પછી તો એ કેવળ શ્રદ્ધાનો જ વિષય બને છે—એમ સમજીને આ બાબત મેં તેમની સાથે આજ સુધીમાં છેડી નહોતી. એમ છતાં એ બાબતની મારા મનમાં ખટક તો હતી જ. મારી કલ્પનાના નાથજી સાથે આ બાબતનો મારા મનથી મેળ બેસતો નહોતો.

સદ્‌ભાગ્યે આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક અને અન્ય મિત્રોએ નાથજી સમક્ષ બૌદ્ધિક સમાધાનની અપેક્ષાએ આ પ્રશ્ન ઉપસ્થિત કર્યો અને તેના પરિણામે આ બાબતમાં નાથજીને શું કહેવાનું છે તે ઉપર આપેલા લેખ દ્વારા આપણને જાણવા મળ્યું. આ ચર્ચાની વિચિત્રતા એવી છે કે, તેમાં રજૂ કરવામાં આવેલી હકીકત—એટલે કે કોઈ પણ સર્પદષ્ટ માનવીને નાથજી મંત્રશકિતથી દંશમુકત—વિષમુકત—કરી શકે છે--આ હકીકતનો ઈન્કાર થઈ શકે તેમ નથી. અલબત્ત, મારા કમભાગ્યે આ હજુ મારા પ્રત્યક્ષ અનુભવનો વિષય બનેલ નથી. એમ છતાં પણ હકીકતપક્ષે નાથજી જે કહે છે, તેને હું સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારૂં છું. આમ છતાં તેઓ આ સંબંધે જે ખુલાસો કરે છે તેથી મન પૂરું સમાધાન અનુભવતું નથી, એટલું જ નહિ પણ, ખુલાસો બુદ્ધિને મૂંઝવતા બીજા અનેક નવા પ્રશ્નો ઊભા કરે છે, જેનો કોઈ ઉકેલ દેખાતો નથી. પ્રસ્તુત ચર્ચા દરમિયાન તેમણે જે અનેક વિધાનો કર્યાં છે તેની અહિં એટલા માટે આલોચના કરું છું કે, તે વાંચીને તેઓ આ બાબત ઉપર હજુ પણ વિશેષ પ્રકાશ નાંખે. એ પાછળ કોઈ વાદ-વિવાદની વૃત્તિ નથી.

ચર્ચાની શરૂઆતમાં તેઓ ચમત્કાર વિષે જણાવે છે કે, "મને ચમત્કારમાં રસ નથી, એની મારે મન ખાસ કિંમત નથી." એમ છતાં, તેઓ જે મંત્ર વડે સર્પદંશ દૂર કરી રહ્યા છે તે એક પ્રકારનો ચમત્કાર જ છે. સામાન્ય માનવી જે ઘટનાનો કાર્યકારણનો સંબંધ જોડીને બૌદ્ધિક રીતે ખુલાસો કરી ન શકે તેનું નામ 'ચમત્કાર' છે. આવો ચમત્કાર કરવાની શકિતનો ઉપયોગ કોઈ સ્વાર્થ સાધવાના હેતુથી કરે, કોઈ અન્ય લોકોને પ્રભાવિત કરવાના હેતુથી કરે, કોઈ જન-કલ્યાણના હેતુથી કરે—આ જુદી વાત છે. પણ મંત્રશકિત વડે સર્પવિષનું અપહરણ એ સામાન્ય માનવીની દ્રષ્ટિએ એક ચમત્કાર જ છે. ચમત્કાર આખરે સાપેક્ષ અનુભવ છે. અજ્ઞાનીને મન જે ચમત્કાર હોય છે તે જ્ઞાનીને મન સ્વાભાવિક એટલે કે કારણ--કાર્યના નિયમને આધીન એવી ઘટના હોય છે.

બીજા કોઈ સામાન્ય મંત્રધારી એમ કહે કે, "આનો મારી પાસે કોઈ બૌદ્ધિક ખુલાસો નથી. મને તો મંત્ર મળ્યો છે અને એના ઉપયોગથી લોકોને સાજા કરું છું." તો તેની પાસેથી આપણે વધારે અપેક્ષા ન રાખત. પણ દરેક વસ્તુ અને વિચારનું બને તેટલું બૌદ્ધિક વિશ્લેષણ એ જેમના જીવનનો મુખ્ય વ્યવસાય રહ્યો છે તેવા નાથજી જ્યારે એમ કહે કે, "જે પ્રકારનો તમે બૌદ્ધિક ખુલાસો માંગો છો, તે મારી પાસે નથી. આ બધી વસ્તુ શોધક બુદ્ધિથી સમજવી જોઈએ એ ખરું. કદાચ હું નાનપણથી રાષ્ટ્રીયતા તરફ ન વળ્યો હોત તો મેં આ મંત્રવિદ્યા વગેરેને બૌદ્ધિક રીતે સમજવા પ્રયત્ન કર્યો હોત. પણ મારે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે, બધી જ વસ્તુઓ બુદ્ધિ દ્વારા સમજી શકાતી નથી, એટલું જ નહિ પણ, બુદ્ધિ મર્યાદિત શકિત છે. એની કેટલીક શકિત બુદ્ધિ ન જાણી શકે તેવી પણ હોઈ શકે છે. આ વસ્તુઓ તમે સ્વીકારો તો જ મંત્રવિદ્યાનું કશું સમાધાન થઈ શકે," —નાથજી જેવી વ્યકિત જ્યારે આમ કહે ત્યારે, ચિત્ત એક પ્રકારની ઊંડી નિરાશા અનુભવે છે. તેઓ જીવનના કોઈ એક તબક્કે રાષ્ટ્રીયતા તરફ વળ્યા, એ તબક્કો આવ્યો અને ગયો, પણ સર્પવિષનિવારણ મંત્રશકિતનો ઉપયોગ તે પહેલાં, તે પછી અને ત્યાર બાદ ચાલુ જ હતો. એમ છતાં તેનાં ઊંડાણમાં ઉતરવાનો તેમણે કદિ પણ પ્રયત્ન ન કર્યો અને આખરે એમ માની લીધું કે, બીજી અનેક બાબતો માફક આ બાબત બુદ્ધિથી સમજી શકાય તેવી નથી--આ વૈચારિક પ્રક્રિયા તર્કશુદ્ધ લાગતી નથી.

'ફાયર' અને 'ગોળી'નાં ઉદાહરણે મંત્રને લગતા ખ્યાલ સાથે બંધબેસતાં નથી મંત્રનું જે શાબ્દિક રૂપ હોય છે તેમાં કાનામાત્રાનો પણ ફેરફાર થઈ શકે નહિ—એટલે કે કાના માત્રાનો પણ ફેરફાર કરવામાં આવે તો તે મંત્ર અસરકારક બની ન શકે—આવો મંત્ર વિષે આપણો ખ્યાલ રહેલો છે. જ્યારે 'ફાયર'ને બદલે 'ગોળી છોડો' એમ બોલવામાં આવે તો પણ તે જ પરિણામ આવે છે. વળી, ફાયર કે ગોળીનો શબ્દોચ્ચાર અને તેના પરિણામ વચ્ચે આપણે કાર્ય-કારણના નિયમનો સંબંધ બૌદ્ધિક રીતે જોડી શકીએ છીએ, જ્યારે મંત્ર અને તેના પરિણામને આ રીતે આપણે જોડી શકતા નથી.

જેને સર્પ કરડયો હોય તેના ઉપર મંત્રપ્રયોગ શરૂ કર્યા પહેલાં તેને બાંધવામાં આવે તેનો હેતુ તો સમજાય છે. પણ તેના ઉપર મંત્રેલા દાણા નાખવા, એમ કરવાથી સર્પ એ માણસના શરીરમાં પ્રવેશે, અને કરડવાનું કારણ પૂછવામાં આવે, એ માણસ સર્પવતી જવાબ આપે, એટલે કે, સર્પ એ માનવીની ભાષામાં બોલે—આ બધું શું અને કેમ બને તે સામાન્ય માનવીની સમજમાં ઉતરે તેવું નથી. સર્પ બીજા પ્રાણી જેવું એક પ્રાણી છે. તેનામાં કોઈ વિશિષ્ટ ચેતના માની લેવાનું કોઈ કારણ નથી. જેમ હડકાયું કૂતરું માણસને કરડે અને તેના મોઢાનું ઝેર માણસના શરીરમાં દાખલ થાય તેવી જ આ વિષદંશની પ્રક્રિયા છે. સર્પનો જીવ અન્યના શરીરમાં કેવી રીતે દાખલ થતો હશે? વળી એમ કરે ત્યારે તે પોતાનો દેહ છોડતો હશે અને અન્યત્ર દાખલ થતો હશે કે ત્યાં ચાલુ રહીને અહીં દાખલ થતો હશે? સર્પનું ચિત્ત અને માણસની ભાષા—આ બેનું શું રીતે અનુસંધાન થતું હશે? આ બધી બાબતોનો આપણી બુદ્ધિ ઉકેલ માગે છે. આનો નાથજીએ જે કાંઈ શકય હોય તે ખુલાસો કરવો ઘટે. નહિ તો પછી તેઓ કહે અને આપણે શ્રદ્ધાપૂર્વક સ્વીકારીએ એ સિવાય આજે તો આપણી પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો નથી.

બુદ્ધિગમ્ય નહિ એવી અનેક બાબતોનો અને અનુભૂતિઓનો તેમની "વિવેક અને સાધના" માં નાથજી ઈન્કાર કરે છે—આવી છાપ એ પુસ્તક વાંચતાં મારા જેવા અનેક ઉપર પડેલી છે. આ ઈન્કાર સાથે ગૂઢ એવી મંત્રશકિતનો સ્વીકાર સુસંગત લાગતો નથી. આ ઉપરથી હું એટલું જ નમ્ર ભાવે સૂચવવા માંગું છું કે, કાં તો આ અસંગતિનો તેઓ ખુલાસો કરે અથવા તો તેમણે કરેલા વ્યાપક ઈન્કારોનું પુન: સંશોધન કરે.

**પરમાનંદ**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સર્પદંશ અને મંત્ર શકિત વિષે પૂજ્ય કેદારનાથજી સાથેની ચર્ચા વિચારણા. | અમૃતલાલ યાજ્ઞિક | ૧૧૧ |
| ગાંધીજી સાથે મહાસતી ઉજજવળકુમારીનો વાર્તાલાપ | ઉજજવલકુમારી | ૧૧૫ |
| યૂરોપની કોમનવેલ્થ મારકેટ | મનુભાઈ મહેતા | ૧૧૮ |
| કોરી પાટી કે બાલદીક્ષા? | પ્રબોધ ચોકસી | ૧૧૯ |
| ઉદાત્ત જીવનદષ્ટિનો નમૂનો | પરમાનંદ | ૧૨૧ |
| ઉમેરો (કાવ્ય) | ગીતા પરીખ | ૧૨૧ |
| એકત્વ (કાવ્ય) | ગીતા પરીખ | ૧૨૧ |

# ગાંધીજી સાથે મહાસતી ઉજ્જવલકુમારીનો વાર્તાલાપ

(હિંદુ—મુસલમાન સમસ્યાના ઉકેલ અંગે ઑલ ઈન્ડિયા મોસ્લેમ લીગના પ્રમુખ કાયદે આઝમ ઝીણા સાથે વાટાઘાટ કરવા માટે ગાંધીજી આજથી ૧૮ વર્ષ પહેલાં એટલે કે, ૧૯૪૪ના સપ્ટેમ્બર માસ દરમિયાન મુંબઈ ખાતે પધારેલ. એ દિવસોમાં મહાસતી ઉજ્જવલકુમારી પણ મુંબઈ ખાતે જ ચાતુર્માસ કરી રહ્યા હતા. એ દિવસોમાં સ્વામી આનંદ મહાસતીજીને અવાર-નવાર મળતા. તેમની મારફત ગાંધીજી સવારના ફરવા નીકળે ત્યારે મહાસતીજી તેમની સાથે ફરે અને ચર્ચાવાર્તાલાપ કરે એવી ગોઠવણ કરવામાં આવી હતી. આ રીતે સતત ૧૯ દિવસ સુધી આ બન્નેનું મળવાનું ચાલુ રહ્યું હતું. આ શુભ મિલન દરમિયાન ધાર્મિક, સામાજિક, રાજકીય અનેક વિષયોની બન્ને વચ્ચે ચર્ચા થઈ હતી. આ વાર્તાલાપ દ્વારા ગાંધીજીના ઊંડા વાત્સલ્યનો અને મહાસતીજીના ઉદાત્ત વ્યકિતત્વનો આપણને મીઠો પરિચય થાય છે. **પરમાનંદ**)

મેં સાભળ્યું હતું કે, મહાત્માજીમાં વાત કરવાની એવી કલા છે કે, તદ્દન અપરિચિત વ્યકિતને પણ થોડી મિનિટની વાતમાં જ તેઓ લાંબા સમયથી પરિચિત હોય એવું લાગે. અને એ વાતનો મને પણ સાક્ષાત્ અનુભવ થયો.

વાર્તાલાપની શરૂઆતમાં જ એમણે મને પહેલો પ્રશ્ન કર્યો. "અહીં મારી પાસે આવવામાં ઠગાયા હો એવું તો તમને નથી લાગતું ને ?"

"ના, નથી ઠગાઈ." મેં કહ્યું.

"લોકો મને જૈન કહે છે." તેઓ બોલ્યા.

"હા, હું પણ આપને જૈન જ માનું છું. જગતના બે અબજ મનુષ્યોની અપેક્ષાએ આપનામાં હું જૈનત્વની છાપ વિશેષ જોઉં છું. મારી દૃષ્ટિએ આપ મહાવીરના સિદ્ધાંતની વિશેષ નજીક છો." મેં કહ્યું.

"લોકો કહેશે તમારા ઉપર ગાંધીની છાપ પડી છે."

"ભલે લોક એમ કહે. મને એમાં કંઈ ખોટું લાગવાનું નથી. કેમકે, ગાંધીની છાપ એટલે સત્ય અને અહિંસાની છાપ. એ તો હું ઈચ્છું જ છું. એને માટે જ આ વેશ ધારણ કર્યો છે. ભગવાન મહાવીરની આજ્ઞા પણ સત્ય અને અહિંસાનું પાલન કરવાની છે."

"એ તો હું અને તમે માની લઈએ. લોકો થોડા માનવાના છે?" ગાંધીજીએ કહ્યું.

થોડીવાર રહીને એમણે આગળ વાત શરૂ કરી, "આ સ્વામીજી તમારાં બહુ વખાણ કરતા હતા, પણ હું એમ જલ્દી સ્વીકારી લઉં તેમ નથી. હું તો તમારી પરીક્ષા કરીશ, અને તમે મારી પણ કરજો."

"સ્વામીજી સાધુ પુરુષ છે. ભર્તૃહરિના "परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम्" કથનાનુસાર એઓ તો બીજાના ગુણ કહેતા રહેવાના છે."

"ના, ભૂલશો નહિં. એનું નામ સ્વામી છે, પણ એ સાધુ નથી. શું તમે એને સાધુ માનો છો? એ તો ઠગ છે ઠગ, અને એક મોટા ક્રાંતિકારી પણ." થોડી વાર મૌન રહીને પછી એમણે કહ્યું, "હું અહીંઆ છું ત્યાં સુધી મને તમારો સમાગમ કરવો ગમશે, હું તમારો વધારે ને વધારે પરિચય સાધીશ. જ્યાં સુધી અહીં છું ત્યાં સુધી દરરોજ આ સમય તમને આપવા બંધાઉં છું. પણ તમે સ્વતંત્ર છો."

આમ અમારી પહેલા દિવસની મુલાકાત પૂરી થઈ, અને પછી તો દરરોજ કોઈ ને કોઈ વિષય ચર્ચાતો રહ્યો. એક દિવસ મેં કહ્યું, "મહાત્માજી ! હમણાં તો દુનિયામાં હિંસાનું જ સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હોય એવું લાગે છે."

ગાંધીજી બોલી ઊઠયા, "ના, એમ બની શકે નહિં. દુનિયામાં હંમેશાં અહિંસા જ રાજ્ય કરે છે. જો હિંસાનું રાજ્ય હોત તો તો માનવજાતિનો કયારનો ય વિનાશ થઈ ચૂકયો હોત. પરંતુ આજે તો માનવજાતિ વધારે વિકસિત થઈ છે. એ અહિંસાના સામ્રાજ્યનું પ્રતીક છે."

"આપ અહિંસાનું જે ભવ્ય સ્વપ્ન નિહાળી રહ્યા છો તેનું સ્વરૂપ કેવું હશે?"

હું અહિંસાની શકિતનો પ્રત્યક્ષ અનુભવ કરવા ચાહું છું. જેમ હિંસાનું ફળ પ્રત્યક્ષ દેખાય છે તેમ. આંગળી ઉપર ચપ્પુ ચલાવ્યું કે તે કપાય જ. તેમ અહિંસાનું ફળ પણ પ્રત્યક્ષ દેખાવું જોઈએ. મને એમાં શ્રદ્ધા છે, પણ તેને માટે અખૂટ ધીરજ જોઈએ. શંકરાચાર્યે કહ્યું છે કે, ઘાસના તણખલાની અણી ઉપર જળ-બિંદુ લઈ સમુદ્ર ખાલી કરવામાં જેટલી શ્રદ્ધા જોઈએ તેના કરતાં પણ હજારગણી શ્રદ્ધા અહિંસાનો સાક્ષાત્કાર કરવામાં જોઈએ. ઉપનિષદોમાં જે ઈશ્વરના ગુણની ગાથાઓ ગાઈ છે તે અહિંસાની જ છે એમ હું માનું છું. ઈશ્વરમાં આપણે જે સર્વશકિતઓનું આરોપણ કરીએ છીએ તે બધી શકિત અહિંસામાં રહેલી છે. "मूकं करोति वाचालं, पंगुं लङ्घयते गिरिम्" એ શ્લોક તમે જાણતા જ હશો. એનો પણ હું એ જ અર્થ કરું છું."

બીજે એક દિવસે મેં પ્રશ્ન પૂછયો, "આપ યુદ્ધમાં શ્રદ્ધા રાખતા બીજા દેશોને પણ અહિંસાથી લડવાનું કહો છો. પરંતુ, હજારો વર્ષ પહેલાં પાંડવ કૌરવ વચ્ચે મહાભારત યુદ્ધ થયું તે વખતે તેઓએ અહિંસાનો ઉપયોગ કેમ નહીં કર્યો હોય ?"

એમણે કહ્યું, "યુદ્ધમાં જ વિશ્વાસ ધરાવતા લોકોને આજે હું અહિંસાનો ઉપદેશ એટલા માટે આપું છું કે, હિંસાથી કયારે પણ વિજય પ્રાપ્ત થતો નથી. કયારેક બાહ્ય દૃષ્ટિએ વિજય પ્રાપ્ત થયો દેખાતો હોય પણ એ વિજય નારિયેળ કે સોપારીના ખાલી ફોફા જેવો હશે. હિંસાથી હિંસાની જ વૃદ્ધિ થાય. એનાથી વેર વધે અને પરંપરાગત ફળ પણ હિંસામાં જ પરિણમે. હવે આપે જે કૌરવ-પાંડવના યુદ્ધની વાત કરી તેનો જો વિચાર કરીએ તો મને તો તેમાંથી પણ અહિંસાનો જ સંદેશો સંભળાય છે. એ એક ખરેખરો ઐતિહાસિક બનાવ છે કે નહિ તે શોધવાનું આપણું કામ નથી. આપણે તો એને ઐતિહાસિક સમજીને જ આગળ ચાલીએ. પાંડવોનો પક્ષ ન્યાયયુકત હોવા છતાં તે હિંસાથી કલંકિત હતો. પરિણામે વિજય મેળવવા છતાં એમને આત્મ—સમાધાન કયાં મળ્યું? યુદ્ધના અંતે ધર્મરાજના હૃદયમાં પરિતાપ જ છવાયો હતો. એનાથી સિદ્ધ થાય છે કે સાચો વિજય પ્રાપ્ત કરવા અને આત્મશાંતિ મેળવવા માટે અહિંસા જ એક માત્ર આરાધ્ય સાધન છે. મને તો અહિંસા રત્નોની ખાણ લાગે છે. એમાં જેટલું ઊંડું ઉતરી શકાય તેટલું ઊંડું ઊતરવું જોઈએ. હિન્દુસ્તાનમાં રડીખડી કયાંક કયાંક અહિંસા રહી છે. બીજા દેશોમાં તો એટલી યે નથી રહી. સહનશીલતાનો ગુણ સ્ત્રીઓમાં સ્વાભાવિક હોય છે, એટલે તે અહિંસાનું પાલન વધારે કરી શકે. તેમાંયે જૈનોએ તો અહિંસાનો ઈજારો લીધો છે. તમે એક સાધ્વી અને પાછાં જૈન છો, એટલે તમારી પાસેથી હું અહિંસાના પ્રચારની જેટલી આશા રાખું છું તે ઓછી જ ગણાશે."

એક દિવસ મેં નવો પ્રશ્ન ઉપસ્થિત કર્યો. મેં કહ્યું, "આજે સમાજના એક વર્ગમાં એવી માન્યતા પ્રવર્તે છે કે સેવા કરવી, દાન આપવું કે બીજી કોઈ એવી સારી પ્રવૃત્તિ કરવી તે પુણ્યની કારણભૂત હોવાથી બંધનકર્તા છે, માટે ત્યાજ્ય છે. માત્ર આત્મ-ગુણોમાં રમણ કરવું એ જ ધર્મ છે. એ વિચારધારા વિષે આપ શું ધારો છો?"

ગાંધીજીએ કહ્યું, "આ વિચારધારા બોલવામાં અને કલ્પના કરવામાં સાચી અને સુંદર લાગે છે, પણ અમલમાં મૂકવાયોગ્ય નથી. એને વ્યવહારમાં મૂકતા પહેલાં ફેંકી દેવા જેવી છે. મનુષ્ય કોઈ પણ પ્રકારની સ્થૂલ કે સૂક્ષ્મ, બાહ્ય કે અભ્યન્તર પ્રવૃત્તિ

કર્યા વગર વધારે સમય સુધી રહી શકે નહિ. એટલે મનુષ્યે સ્વાર્થ-વૃત્તિને ત્યાગી અનાસક્ત રહી જળકમળવત્ નિર્લેપપણે જન-કલ્યાણ રૂપ શુભ પ્રવૃત્તિઓ આચરવી જોઈએ. એમ કરવાથી એ બંધનમુક્ત રહી શકે છે, પરંતુ એનાથી વિપરીત નિષ્ક્રિય રહેવાથી તો મન શયતાનનું કારખાનું બની જાય."

મેં બીજો પ્રશ્ન પૂછયો, "માની લો કે, હિન્દુસ્તાનને સ્વરાજ મળી જાય, પણ દેશમાં જ્યાં સુધી શોષક વર્ગનું અસ્તિત્વ છે, ત્યાં સુધી વિષમ સ્થિતિ દૂર થવાની નથી. એટલે જો આ શોષક વર્ગ કાયમ રહેવાનો હોય તો એવા સ્વરાજ્યથી શું લાભ થવાનો છે? વળી કાળા બજારીઓ ગરીબ જનતા ઉપર કેવો જૂલ્મ ગુજારી રહ્યા છે? આ લોકોની સંગ્રહવૃત્તિ જો ટળે નહિ તો વિષમ સ્થિતિ દૂર થાય ખરી?"

"મારૂં તો એવું માનવું છે કે શોષક વર્ગ છે ત્યાં સુધી સ્વરાજ્ય મળવાનું જ નથી."

"પણ આજ તો સમાજમાં ગરીબ પણ પ્રમાણિક માણસ કરતાં શોષક શ્રીમંતનાં વધારે માન સન્માન છે. એટલે જાણ્યે-અજાણ્યે તેમને પ્રોત્સાહન મળે છે. પરિણામે તેઓને પોતે કંઈ ખોટું કરી રહ્યા છે એવી પ્રતિતી થતી નથી. ."

"હા, એ વાત સાચી છે. પણ આ એક એવું ચક્ર રચાઈ ગયું છે કે એમાંથી નીકળી શકાતું નથી. એમાં તમે પણ છો અને હું પણ છું. અહિંસાની દૃષ્ટિએ આ પ્રશ્ન કેવી રીતે હલ કરવો એ એક કોયડો જ છે."

એક દિવસ મહાત્માજી આવે તે પહેલાં બિરલાજી આવી ગયા. તેઓ પણ આ વાર્તાલાપના સમયે દરરોજ ઉપસ્થિત રહેતા હતા. એમણે મને પ્રશ્ન કર્યો, "સતીજી! ધન ખરાબ છે કે ધનવાન?"

એટલામાં ગાંધીજી આવતા દેખાયા એટલે મેં કહ્યું, "જુઓ, મહાત્માજી આવે છે. આપણે એમને જ પૂછીએ." પછી બાપુ તરફ ફરી મેં કહ્યું, "બાપુજી! બિરલાજી પૂછે છે કે ધન ખરાબ કે ધનવાન? મને તો લાગે છે કે ધન ખરાબ નથી તેમ ધનવાન પણ ખરાબ નથી. ખરાબ છે ધનવાનોમાં રહેલી શોષણવૃત્તિ."

ગાંધીજીએ બિરલાજીને કહ્યું, "સાધ્વીજી કહે છે તે ઠીક છે. સોના-ચાંદીના ટુકડા ખરાબ નથી, પણ તેના ઉપરનો માલિકી હક્ક કે એને માટે કરવામાં આવતું ગરીબોનું શોષણ એ બૂરી ચીજ છે."

બિરલાજી આહાર વહોરાવતાં બોલ્યા, "આપ કહો છો કે મેં પાપ સંગ્રહિત કર્યું છે, તો આ જ આપને ભિક્ષા આપીને એ પાપની થોડી વહેંચણી કરી લઉં છું." અને બધાં હસી પડયા.

એક વખતે સ્વામી આનંદે બાપુને કહ્યું, "બાપુ આ સાધ્વીને પ્રાર્થનામાં આવવા માટે હું રોજ આગ્રહ કરું છું. પણ પુરુષોનો સ્પર્શ થઈ જાય એ ડરથી એ આવતાં નથી."

ગાંધીજી કહે, "પુરુષને સ્પર્શ ન કરવો એ એક લોકાચાર છે. જે આચાર પોતાની ને સમાજની પ્રગતિનો રોધક ન હોય તે બધા આચારનું પાલન કરવું યોગ્ય ગણાય, પણ જે નિર્માલ્ય આચારથી સમાજની પ્રગતિને બદલે પતન થતું હોય અને પોતાનો વિકાસ પણ રૂંધાતો હોય, એવા આચાર તજી દેવા જોઈએ. પુરુષનો સ્પર્શ ન કરવો એ લોકાચારના પાલનમાં કોઈનું અહિત થતું નથી, એટલે એ લોકાચાર ભલે પળાતો. પણ જે રૂઢિ માણસને આળસુ અને એશ-આરામી બનાવી દેતી હોય એ રૂઢિઓનો નાશ કરવો ઘટે. કેમ કે આળસમાં મને હિંસાનું પ્રતિબિંબ દેખાય છે."

મેં કહ્યું, "હા, અમારા પ્રશ્નવ્યાકરણસૂત્રમાં પણ આળસને હિંસામાં ગણાવી છે."

આ વાર્તાલાપના સમયમાં જ રેંટિયા—બારસનો દિવસ આવી ગયો. તે દિવસે જતાં વેંત મેં ગાંધીજીને કહ્યું, "આજ તો આપની વર્ષગાંઠ છે." ગાંધીજી, "હા, એમ કહેવાય છે."

મેં શુભેચ્છા દર્શાવતા કહ્યું: "જગતમાં ચારે બાજુ હિંસા વ્યાપી રહી છે. હિંસાની જ્વાલાએ માનવતા નષ્ટ કરી દીધી છે. મહાવીર અને અન્ય પુરુષો દ્વારા ઉપદેશાયેલી અહિંસાનું આજે દર્શન પણ દુર્લભ થઈ ગયું છે. એવા સમયમાં અહિંસાના પૂજારી અહિંસાના દિવ્ય પ્રકાશથી જગતને પ્રકાશિત કરે એવી હું અભિલાષા સેવું છું. માનવહૃદયના ખૂણે ખૂણે અહિંસાનો પ્રકાશ પહોંચે અને એની રગેરગમાં લોહીના ટીપેટીપામાં અહિંસાની વીજળી પ્રસરી જાય એવી શુભ ભાવના આજે મનમાં સહજ જાગૃત થઈ જાય છે."

ગાંધીજી હસ્યા અને કહ્યું, "હું પણ સવાસો વર્ષ જીવવા ચાહું છું. પણ જો ઈશ્વરને ન રુચે તો મને વચમાંથી પણ ઉઠાવી લે. માલવિયાજીએ મારી સો વર્ષની ઉંમર ઈચ્છીને મારાં પચ્ચીસ વર્ષ કાપી લીધા. મેં એ માટે એમને લખ્યું પણ હતું."

ચર્ચામાં એક દિવસ મેં પૂછયું, "ટૉલ્સ્ટૉયની નીતિ અહિંસક લડાઈની હતી, તો પણ રશિયાની ક્રાંતિ વખતે ભયંકર હિંસા ત્યાં આચરાઈ. ક્રાંતિકારીઓએ સત્તાધિકારીઓને જીવતા બાળી મૂકયા. એમ કેમ?"

જવાબમાં ગાંધીજીએ કહ્યું, "હા, ક્રાંતિ હિંસક હતી, અને ટૉલ્સ્ટૉયની નીતિ પૂર્ણ અહિંસક. પણ મારે આજે એમ કહેવું પડે છે કે, એમની અહિંસા અપૂર્ણ હતી, એટલે એવું પરિણામ આવ્યું. મને ડર છે કે મારા ગયા પછી અહીં પણ હિંસા થવાની છે. જો તમે ડાયરી લખતાં હો તો મારું આ વાકય જરૂર લખી લેજો. આ તો સાપ ગયા ને લીસોટા રહી ગયા એવી વાત છે. લેનીન વગેરેએ હિંસક ક્રાંતિ કરી તો એનું પરિણામ પણ હિંસામાં જ આવ્યું. સ્ટેલીને પણ અઠ્ઠાવીસસો જેટલા લેનીન—તરફી આગેવાનોને મારી નાંખ્યા. એટલા માટે જ શુભનિષ્ઠાથી પણ આચરેલી હિંસાને હું અનિષ્ટકારી માનું છું."

એક વખતે સહેજ રમુજમાં મેં કહ્યું, "બાપુજી, મી. ઝીણા જે મંત્રણા ચલાવી રહ્યા છે તેથી દેશનું કંઈ હિત થાય કે ન થાય, પણ તે આપણી મુલાકાતો વધારે લંબાવવાનું નિમિત્ત તો થઈ જ રહે છે."

"હા, એટલા માટે તમારે એને એક આભારપત્ર લખી મોકલવો જોઈએ. સાથે એમ પણ લખજો કે, ગાંધીને ફરીને મંત્રણા કરવા જલ્દી બોલાવજો. જેથી અમારી મંત્રણાઓ પણ આગળ ચાલે."

મેં કહ્યું, "હું તો એમ ઈચ્છું કે જો એ મંત્રણામાંથી કંઈક સફળતા પ્રાપ્ત થવાની હોય, દેશનું કંઈક હિત સધાતું હોય તો જરૂર એ વધારે લંબાય, અને આપનું અહીં રહેવાનું વધારે થાય."

ગાંધીજીએ રમુજ કરી, "હું વધારે વખત અહીં રહું એમ તમે ઈચ્છો છો એટલી જ વાત છે ને? આવી સ્વાર્થી સાધ્વી મેં કોઈ જોઈ નથી."

જ્યારે ગાંધી—ઝીણા પત્ર-વ્યવહાર એક પત્રકારે પ્રસિદ્ધ કર્યો ત્યારે બાપુએ કહ્યું કે: "આ પત્રકારે હોંશિયારી તો કરી, પણ દેશનું હિત નથી કર્યું. સંભવ છે હજી પણ કંઈ વચલો માર્ગ સૂઝી આવે. એ તો ઠીક, પણ મારે તો મી૦ ઝીણાની ઉદારતાની વાત કરવી છે. મેં જ્યારે એને આ પત્ર-વ્યવહાર પ્રગટ થયાની વાત કરી ત્યારે તેઓ પોતાના માણસ ઉપર જરાયે ક્રોધિત ન થયા. કેમકે એ મારી તરફથી પ્રગટ થયો ન હતો, એમનામાંનો જ કોઈ માણસ હતો તેની એમને જાણ થઈ ગઈ હતી. છતાં એમણે પોતાનું મન તદ્દન સ્વસ્થ રાખ્યું, એમના દુર્ગુણ હું ઘણાયે જાણું છું, પણ એમનામાં આવા ગુણો પણ હતા."

જ્યારે ગાંધી—ઝીણા ચર્ચા ચાલી રહી હતી ત્યારે મને પણ પાકિસ્તાનવિષયક પ્રશ્ન મૂંઝવી રહ્યો હતો. એટલે મેં મહાત્માજીને પૂછયું, 'મહાત્માજી! પહેલાં આપણા દેશમાં એકતા માટે ભૌગોલિક દૃષ્ટિએ કયારે જોવાતું હતું? કેવળ સાંસ્કૃતિક એકતાનો વિચાર થતો હતો." "ના," એઓ બોલ્યા, "ભૌગોલિક એકતા તો પહે-લેથી જ વિદ્યમાન હતી, પણ સંસ્કૃતિ પછીથી રચાઈ. ત્રણ બાજુ

સંમુદ્ર અને ચોથી બાજુએ આવેલા હિમાલયે આપણી ભૌગોલિક એકતા રચી જ દીધી હતી. કેટલાક ભૂસ્તરશાસ્ત્રીઓ તો એમ પણ કહે છે કે હજારો વર્ષ પહેલાં હિમાલયના સ્થાને મોટો ખાડો હતો. પરંતુ એ બહુ પુરાણી વાત છે. સર્વ પ્રથમ જ્યારે આર્યપ્રજા અહીં આવીને વસી ત્યારે તેણે સંસ્કૃતિ રચી. આ પ્રમાણે પ્રથમ ભૌગોલિક એકતાનો અને પછી સાંસ્કૃતિક એકતાનો આવીર્ભાવ થયો છે."

"પણ તે વખતે 'આ મારો દેશ' એવી ભાવના કયાં હતી? તે વખતે તો 'વસુધૈવ કુટુંબિકમ' ની ધાર્મિક ભાવના ફેલાયેલી હતી." મેં કહ્યું.

'આ મારો દેશ' એવી ભૌગોલિક એકતાની ભાવના તો અંગ્રેજો આવ્યા પછી જાગ્રત થઈ છે." તેમણે કહ્યું.

"પરંતુ પાકીસ્તાનનો વિચાર આ એકતાનો ભંગ કરવાવાળો છે."

"હા, પણ મોટું કુટુંબ હોય અને સંપત્તિની વહેંચણી કરી લે તો તેમાં કંઈ ખોટું નથી. પરસ્પર કડવાશ વધી જાય પછી છૂટા પડવું તેના કરતાં એકબીજા પ્રત્યે પ્રેમભાવ હોય ત્યાં જ જુદા થઈ જવું વધારે સારું છે. જો પ્રેમભાવ હશે તો વાર તહેવારે પણ કયારેક પરસ્પરને મળવાના પ્રસંગ આવશે અને વળી જો એ સંપત્તિ કોઈ ત્રીજી જ વ્યકિત પાસે પડી હોય અને જુદા થવાથી તે મળી શકતી હોય તો તે મેળવવા માટે પણ જુદા થવું હિતકર છે."

મારી આંખોના ઉપચાર માટે પણ એક દિવસ એમણે પાશ્ચાત્ય ગ્રન્થોનો સાર અને પોતાના અનુભવનો સાર નીચેના શબ્દોમાં મને સમજાવ્યો.

"આપણું શરીર પૃથ્વી, અપ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતોનું બનેલું છે. એટલે જ્યારે એમાં કંઈ ખરાબી થાય ત્યારે એ પાંચ ભૂતો દ્વારા જ તેને દૂર કરી શકાય. એને પ્રાકૃતિક ઉપચારો કહે છે. "પૃથ્વી" એટલે માટીનો પ્રયોગ. પેટ, માથું કે અન્ય અવયવમાં દુઃખાવો થતો હોય કે ગુમડાં કે રસી થયાં હોય તો તેના ઉપર માટીના પાટા બાંધવાથી ઘણી વાર ફાયદો થઈ જાય છે. "અપ્" એટલે પાણીનો પ્રયોગ. કટિસ્નાન કરવાથી પેટની ગરમી દૂર થાય છે, લોહી વિશુદ્ધ બને છે અને એ શુદ્ધ લોહી આખા શરીરમાં ફરવાથી રોગ દૂર થાય છે. "તેજ" એટલે કિરણ-ચિકિત્સા. સૂર્યનાં કિરણો પણ બહુ કિંમતી છે. તેનાથી ઘણા રોગો મટી જાય છે. શુદ્ધ વાયુની ઉપયોગીતા સૌ કોઈ જાણે છે. રાત્રે ખુલ્લા આકાશ નીચે સૂવાથી ચન્દ્ર અને તારામાંથી ઝરતા રસાયણોનો લાભ મળી શકે છે. આ પ્રમાણે એ પાંચ તત્ત્વોનો ઉપયોગ એ પ્રાકૃતિક ઉપચાર છે."

અને પછી મહાઆરંભી, ખર્ચાળ અને પરિણામે ઘણું ખરું નુકસાન કરનારી એવી આજની એલોપથીના ઉપચારોથી બચવા માટે અલ્પારંભી અને સીધા સાદા ઉપચારોનો પ્રચાર કરવાની એમણે મને ભલામણ કરી.

જ્યારે તેઓ અમદાવાદમાં હતા ત્યારે કાંકરિયા તળાવનું પાણી સૂકાઈ જવાથી કેટલાક જૈનો ત્યાં માછલાંને પાણી પાવા જતા હતા. તેની વાત એક દિવસ તેમણે મને કરી અને કહ્યું, "કયારેક દયાધર્મી લોકોને હું કીડીઓને લોટ નાખવા જતા જોઉં છું. બીજી તરફ જોઉં છું તો માછલાંને પાણી પાવા જતા આ લોકો પોતાની બાજુમાં જ રહેતો પાડોશી ભૂખ્યો છે કે બિમાર છે તે તરફ જોતા જ નથી. તેઓ સટ્ટો અને વ્યાજખોરી વગેરે ધંધા દ્વારા માણસનું લોહી પીવામાં જરાયે પાછું વાળીને જોતા નથી. કીડીને લોટ ખવરાવનારાઓ ગરીબ વિધવાએ થાપણ મૂકેલી મૂડીને અજગરની જેમ હડપ કરી જાય છે. આ બધું જોઈને મને થાય છે કે, શું જૈનોની અહિંસા આવી છે?"

મેં કહ્યું: "મહાવીરની અહિંસા એવી નથી. એ તો અહિંસાનું વિકૃત સ્વરૂપ છે. ધનલોભી માણસોની ધનલાલસાને આંચ ન આવે, પોતાની સ્વાર્થવૃત્તિમાં ઊણપ ન આવે, પોતાને કંઈ સહન કરવું ન પડે, અને સાથે ધર્મકાર્ય કરવાનો સંતોષ મળે એવા લોકોએ આવો સહેલો ધર્મ શોધી કાઢયો છે. વસ્તુત: એ મહાવીરનો માર્ગ નથી. જૈનશાસ્ત્રમાં એક રાજપુત્રની કથા આવે છે. ભગવાન મહાવીરના શિષ્ય ગૌતમ સ્વામી મૃગાલોઢિયા નામે એક રાજપુત્રને જોવા ગયા હતા. ગોળ પત્થર જેવું એનું શરીર હતું. આંખ, કાન અને નાકની જગ્યાએ માત્ર નાનાં છિદ્ર હતાં. આખા શરીરમાંથી દુર્ગંધ નીકળતી હતી અને લોહી તથા પરૂ ચાલ્યા જતાં હતાં. તેને જે ખોરાક આપવામાં આવતો તે પણ લોહી અને પરૂના રૂપમાં થઈ જતો. તેને એક ભોંયરામાં રાખવામાં આવ્યો હતો. તેને જોઈ આવ્યા પછી ગૌતમે ભગવાનને પૂછયું: "ભગવાન! આ જીવે એવું શું પાપ કર્યું હશે?" ભગવાને કહ્યું, "ગૌતમ! એ રાજપુત્ર પૂર્વભવમાં એક જમીનદાર હતો. તે વખતે તેણે ખેડૂતો પાસેથી અમર્યાદ મહેસૂલ વસૂલ કરી હતી. હરેક રીતે ગરીબોનું શોષણ કરતો હતો. તેનું એને આ ફળ મળ્યું છે."

ગૌતમે પૂછયું, "તો પછી એ રાજપુત્ર શી રીતે થયો?" ભગવાને જવાબ આપ્યો, "તે આ પ્રમાણે શોષણ કરતો હતો, પણ બાહ્ય આચાર વિચાર તે બરાબર પાળતો હતો. એટલે તે રાજાને ઘેર જન્મ પામ્યો છે. આ કથા ઉપરથી સમજાય છે કે ભગવાન મહાવીરે સૂક્ષ્મ જીવોની હિંસા કરતાં આવા શોષણને અધિક પાપમય અને હિંસાજનક નિર્દેશ્યું છે."

ગાંધીજીએ કહ્યું, "મેં 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય' નામે એક જૈન ગ્રન્થ વાંચ્યો છે. એમાં મનુષ્ય સિવાયના બીજા બધા પ્રાણીની હિંસા બાબત લખ્યું છે, પણ મનુષ્યની અહિંસા બાબત તેમાં મને કંઈ વાંચવા મળ્યું નહિ."

મેં કહ્યું, "મેં એ ગ્રન્થ વાંચ્યો છે ખરો, પણ હમણાં મને તે વિષે કંઈ યાદ નથી. પણ મનુષ્યની અહિંસા બાબત અન્ય જૈન ગ્રન્થોમાં અનેક સ્થળે સુંદર વિવેચન કરવામાં આવ્યું છે. એક જગ્યાએ એમ પણ કહ્યું છે કે એક સામાન્ય મનુષ્ય કરતાં કોઈ પ્રજાપાલક, કુટુંબપાલક, સાધુ કે જ્ઞાનીની હિંસા કરવામાં વધારે પાપ છે. આ ઉપરથી આપ જોઈ શકશો કે જૈન ગ્રન્થોમાં માનવ હિંસાની ઉપેક્ષા કરવામાં આવી નથી."

ગાંધીજીએ પૂછયું, "તો શું હું કહું છું એવો અહિંસાનો અર્થ જૈન શાસ્ત્રોમાંથી પણ નીકળે છે?"

"હા, આપની ઘણીખરી વાતોનો શ્રાવકના પહેલા વ્રતમાં જ સમાસ થઈ જાય છે. પહેલા વ્રતમાં ન કરવા યોગ્ય પાંચ કામ ગણાવ્યાં છે. (૧) ગાઢ બંધન બાંધવા નહિ, (૨) વધ કરવો કે કરાવવો નહિ. (૩) અંગોપાંગ છેદવા નહિ, (૪) અધિક ભાર ભરવો નહિ, (૫) અને ખાનપાનમાં અંતરાય કરવો નહિ.

"સત્તા કે સંપત્તિના બળથી કોઈને બાંધી રાખવું, ગુલામ બનાવવો, કોઈ ગરીબ નોકરને ચોક્કસ સમયની મર્યાદા માટે ફરજીયાત રોકી રાખવો—એ બધાં ગાઢ બંધનમાં આવે. વધનો અર્થ કોઈના પ્રાણ લેવા એ તો છે જ, પણ કોઈની આજીવિકાનું સાધન તોડી નાંખવું એને પણ વધ માનવામાં આવ્યો છે. જે વ્યાપાર કે મિલો અને કારખાનાંઓ ઊભાં કરવાથી ઘણા મનુષ્ય કામ-ધંધાથી બેકાર બનતા હોય અને એ પ્રમાણે એની આજીવિકાનું સાધન તૂટતું હોય તો તે પણ વધ છે. ત્રીજી વાત અંગોપાંગ ન છેદવાની છે. આજે ધન એ પણ માણસોને પોતાના અંગોપાંગ સમાન છે. એટલે મજૂરને મહેનતાણું ઓછું આપવું, નોકરોનો પગાર કાપી લેવો તે પણ અંગોપાંગ છેદવા બરાબર છે. ચોથો નિષેધ અતિભાર ન ભરવો એ છે. બે નોકરનું કામ એકની પાસે કરાવવું, શકિત હોવા છતાં

પોતાનું કામ બીજા પાસે કરાવવું, તેમ જ પરાવલંબી જીવન જીવવા વગેરેનો એમાં સમાવેશ થાય છે. ખાનપાનમાં અંતરાય ન નાખવો એ પાંચમો નિષેધ છે. જરૂરિયાત કરતાં વધારેનો સંગ્રહ કરવાથી બીજાઓને ધન, ધાન્ય, મકાન વગેરે જીવનનિર્વાહનાં સાધનોની તંગી અનુભવવી પડે. એટલે તેનો નિષેધ આ પાંચમા કામમાં આવી જાય છે. આ પ્રમાણે આ પાંચ નિષેધ દ્વારા શાસ્ત્રકારોએ અહિંસા-વ્રતનું પાલન કરવા માટે શ્રાવકના પાંચ આચાર વર્ણવ્યા છે. આજનો માનવસમાજ આ વાતોનું આંશિક રૂપે પણ પાલન કરવા લાગે તો ઘણી સમસ્યાનો આપોઆપ ઉકેલ આવી જાય."

આ અમારી છેલ્લી મુલાકાત હતી. એટલે ગાંધીજીએ કહ્યું, "હવે તો ઈશ્વરેચ્છા હશે ત્યારે ફરીને મળશું. પણ તમે તો ઈશ્વરમાં માનતા નથી ને?"

"અમે ઈશ્વરને કર્તા રૂપે નથી માનતા, પણ આપ તો સત્યને જ ઈશ્વર કહો છો ને! અમારા શાસ્ત્રમાં પણ, " "सच्चं खलु भयवं" સત્યને જ ભગવાન કહ્યા છે. આ દૃષ્ટિએ આપ અને હું એકમત થઈ શકશું."

"ત્યારે તો એમ કહેવું ઠીક રહેશે કે, જ્યારે સત્યેશ્વર ઈચ્છશે ત્યારે ફરી મળશું."

"હા, સત્યનારાયણ શબ્દ તો બહુ પ્રાચીન અને પ્રચલિત શબ્દ છે. એનો પ્રયોગ કરવાથી બેમાંથી કોઈને બાધા નહિં આવે."

**મહાસતી ઉજજવલકુમારી**

## યુરોપની કોમન માર્કેટ—યુરોપની મજીયારી બજાર

(તા. ૧-૮-૬૨ તથા તા. ૧૫-૮-૬૨ના અંકોમાં આ મથાળા નીચે બે નોંધો પ્રગટ થઈ છે. ત્યાર બાદ બનેલી ઘટનાઓ લક્ષમાં રાખીને લખાયલી આ નોંધ તેની પૂરક નોંધરૂપે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી.)

યુરોપની મજીયારી બજારનું કોકડું બ્રિટિશ રાષ્ટ્રજૂથના વડા પ્રધાનોની પરિષદ મળી ગયા પછી થોડું ઘણું પણ ઉકેલાવાની કેટલાય નિરીક્ષકો આશા રાખતા હતા (આ લેખકને એવી કોઈ આશા નહોતી). પરંતુ હજી સુધી તો એ આશા ફળીભૂત થવાનાં કોઈ ચિહ્નો દેખાતાં નથી. કોકડું કેટલું ગૂંચવાયેલું છે એ તો એ હકીકત ઉપરથી જ જણાય છે કે એક દિવસ અખબારોમાં આશા-સ્પદ તરીકે વર્ણવાતા સમાચારો આવે છે તો બીજે દિવસે એ સમાચારોનો છેદ ઉડાડી દેતા અન્ય સમાચારો આવે છે. છેલ્લામાં છેલ્લા સમાચારો એ છે કે, ભારત, પાકીસ્તાન તથા સિલોનના નિકાસ વેપાર અંગે કોઈ પણ પ્રકારની વિશિષ્ટ બાંહેધરી આપવાની મજી-યારી બજારના છ રાષ્ટ્રોએ ના પાડી છે. આ ના પાડવા પાછળ આર્થિક કરતાં રાજ્યદ્વારી કારણો વિશેષ છે એમ બ્રિટિશ નિરીક્ષકો માનતા હોવાનું જણાય છે અને જો આવું જ હશે તો હવે પછી ભવિષ્યમાં પણ ભારત, પાકીસ્તાન તથા સિલોન માટે કોઈ વિશિષ્ટ સગવડો આપવાની વાત મજીયારી બજારનાં રાષ્ટ્રો વિચારવા તૈયાર થાય એ ઝાઝું શકય નથી લાગતું.

મજીયારી બજાર અંગે છેલ્લી નોંધ લખાઈ તે પછીની મુખ્ય ઘટના એ હતી કે ભારત, પાકીસ્તાન તથા સિલોન સાથે મજીયારી બજારના દેશો સાથેના નિકાસ વેપાર અંગેના ખાસ વેપારી કરારો થઈ રહે નહિ ત્યાં સુધી, બ્રિટન ખાતે આ ત્રણ દેશોની જે નિકાસ થાય છે તેમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન થવા દેવું નહિ, બ્રિટને પણ, પોતાને પક્ષે આ માગણીને ટેકો આપ્યો હતો અને એ માગણી મજીયારી બજારના છ દેશો સમક્ષ રજૂ કરી હતી. આ ઉપરાંત નાઈજીરીયા, ઘાના અને ટાંગાનિકાએ મજીયારી બજાર સાથેના સંબંધોનો અસ્વીકાર કરીને વિશિષ્ટ વેપારી કરારો માટેની જે માગણી કરી છે, ન્યુઝીલેન્ડે વિશિષ્ટ વેપારી કરાર માટે જે માગણી કરી છે અને કેનેડા તથા ઑસ્ટ્રેલિયાએ જે મંતવ્યો રજૂ કર્યાં છે એ બધાં પણ બ્રિટને મજીયારી બજારના દેશો સમક્ષ રજૂ કર્યાં છે. આ બધાં મંતવ્યોના ધૂમાડામાંથી જો કોઈ વસ્તુ સ્પષ્ટ થતી હોય તો તે એક જ છે અને તે એ કે હજી બ્રિટનના મજીયારી બજારમાંના પ્રવેશ અંગે રાષ્ટ્રજૂથના સભ્યોમાંથી સૌ કોઈને સંતોષે એવું નિરાકરણ મળ્યું નથી અને મળવાનો સંભવ નથી. બ્રિટન મજીયારી બજારમાં પ્રવેશશે એ લગભગ ચોક્કસ છે અને પરિણામે કોઈ પણ સંતોષકારક ઉકેલની ગેરહાજરીમાં રાષ્ટ્રજૂથના સંબંધો પણ ઢીલા પડશે એ પણ ચોક્કસ છે.

ભારત પાકીસ્તાનમાંથી કાપડની જે નિકાસ થાય છે તે જ સંતોષકારક ઉકેલના માર્ગમાં નડી રહી છે એ ચોક્કસ છે. ફ્રાંસની વલણ આ બાબતમાં ભારત પાકીસ્તાન પ્રત્યે સમાધાનભરી છે, પરંતુ પશ્ચિમજર્મનીની વલણ સમાધાનભરી નથી એમ કહેવાય છે અને મજીયારી બજારના દેશોમાં પશ્ચિમ જર્મનીનું આજે જે બળ છે તે જોતાં તો અંતે એનું જ કહ્યું થશે એમ ધારી લેવામાં કશું ખોટું નથી.

મજીયારી બજારના દેશોએ ભારત, પાકિસ્તાન, સિલોન તથા અન્ય વિકાસ પામી રહેલા દેશોનાં અર્થકારણને લાભદાયી થાય એવી જ નીતિ અખત્યાર કરવાની એક કરતાં વધારે વાર જાહેરાત કરેલી છે. છતાં વિકાસને પોષે એવી પહેલી જ વાત સ્વીકારવાની એ લોકો આનાકાની કરે છે એ એક પ્રકારની વિચિત્રતા છે. મજીયારી બજારનું અર્થકારણ એ કેવળ આર્થિક જ નહિ પરંતુ રાજદ્વારી બાબતો સાથે કેટલું સંકળાયેલું છે એનો નિર્દેશ આ વસ્તુ કરતી નથી શું?

બાકી એક વસ્ત તો સ્પષ્ટ છે. હવે આખી દુનિયાના વેપા-રનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. એમાં લેંકેશાયર કાપડના વેપારને વળગી રહે કે બીજો કોઈ પ્રદેશ બીજા કોઈ પ્રકારના વેપારને વળગી રહે એવું ચાલી શકવાનું નથી. લેંકેશાયરમાં જો કપાસ પાકતો નહિ હોય તો તેણે કાપડના વેપારનો મોહ છોડી દેવો જોઈએ. એ જ પ્રમાણે બીજા દેશોએ કરવું જોઈએ. એમ થશે તો જ વિકાસ પામી રહેલા દેશોના અર્થકારણને સાચી સહાય થઈ શકશે.

**મનુભાઈ મહેતા**

# સંઘ સમાચાર

## 'પૃથ્વીની પ્રદક્ષિણા'

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયા તાજેતરમાં તેમણે કરેલી પૃથ્વીની પ્રદક્ષિણા ઉપર તા. ૨૨—૧૦—૬૨ સોમવારના રોજ સાંજના ૬—૧૫ વાગ્યે સંઘનાં કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) જાહેર વ્યાખ્યાન આપશે.

## કોસબાડ પર્યટન

ચાલુ ઑકટોબર માસની ૧૩ મી તથા ૧૪ મી તારીખ માટે સંઘ તરફથી ગોઠવવામાં આવેલા પર્યટનમાં કેટલીક અંગત અગવડોના કારણે સંઘના સભ્યો પૂરતી સંખ્યામાં જોડાઈ શકે તેમ ન હોવાથી મુલતવી રાખવામાં આવ્યું હતું. આ પર્યટન આગામી નવેંબર માસની ૧૦ મી તથા ૧૧ મીના રોજ એ જ સ્થળ માટે ગોઠવવાનું વિચારવામાં આવ્યું છે. આ સંબંધમાં જરૂરી પ્રબંધ નક્કી કરીને સભ્યોને વખતસર જણાવવામાં આવશે.

## નૌકાવિહાર

આગામી નવેંબર માસની ૮ મી તારીખે (કાર્તીક શુદ ૧૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી રાત્રીના ૮ થી ૧૧ નૌકા વિહાર ગોઠવવામાં આવ્યો છે. આ માટે 'શોભના' સ્ટીમર નક્કી કરવામાં આવેલ છે, જે ઉપર જણાવેલ સમયે એપોલો બંદરથી ઉપડશે અને ત્યાં જ પાછી ફરશે. આમાં સંઘના સભ્યો તથા તેમનાં કુટુંબીજનો વ્યકિતદીઠ રૂા. ૨—૫૦ આપીને જોડાઈ શકશે. આ નૌકાવિહાર પરિમિત સંખ્યા માટે હોઈને જોડાવા ઈચ્છતા સભ્યોને સંઘના કાર્યાલયમાંથી સત્વર પ્રવેશપત્રો મેળવી લેવા વિનંતિ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ☆ 'કોરી પાટી' કે બાલદીક્ષા? ☆

('ભૂમિપુત્ર'માંથી સાભાર ઉદ્ધૃત)

ગોવાની સાથે સાથે દમણ અને દીવ પણ મુકત થયા. કેટલાક સર્વોદયના મિત્રોને આમાં રસ પડયો. એક મિત્રે દીવની પદયાત્રા કરી. એમને લાગ્યું કે, "અહીં 'કોરી પાટી' છે, ચૂંટણીઓવાળી પંચાયતો આવી નથી, ભારતીય ગણતંત્રમાં સર્વોદયના આદર્શની દ્રષ્ટિએ જે અનેક દોષો છે તેનાથી હજી આ પ્રદેશ મુકત છે, તો ચાલો અહીં સર્વોદયના આદર્શોનો નમૂનો ખડો કરીએ." આવો મારી ભાષામાં એમની ઈચ્છાઓનો સાર છે. એમણે ગ્રામસ્વરાજ્ય મંડળનું વિગતવાર બંધારણ ઘડયું અને એમની ગેરહાજરીમાં દીવના મિત્રોએ તે પસાર કર્યું ને મંડળ રચ્યું. પક્ષોને દીવમાં ન પડવાની વિનંતિ પણ કરાઈ છે અને બહુમતી-લઘુમતીવાળી ચૂંટણીઓ દીવની પંચાયતોને માથે ન લાદવાની વિનંતિ સરકારને થઈ હશે કે થશે. મંડળનું બંધારણ સર્વસંમતિપૂર્વક જ સઘળું કરવાની ખેવના ધરાવે છે.

આને અંગે તે મિત્રે મારો અભિપ્રાય પૂછયો. એમને મેં નીચે પ્રમાણે લખ્યું:

"તમે શ્રી દર્શકનું 'દીપનિર્વાણ' વાંચ્યું છે કે? ઈતિહાસમાં સામ્રાજ્યની વ્યાપ્તિ અમુક તબક્કે આવશ્યક બની જતી હોય છે. તે વખતે વિકેન્દ્રિત સત્તાઓના દીપનિર્વાણ પામે છે. ભારતમાં આજે અશોક પછીનું સહુથી મોટું સામ્રાજ્ય અને તે પણ અભૂતપૂર્વ સત્તાઓ ધરાવતું, સંગઠિત થઈ રહ્યું છે. તેમાં તમે કલ્પો છો તેવા ગ્રામસ્વરાજ્યના વેર-વિખેર ટાપુઓ, તે સામ્રાજ્યની દયાદ્રષ્ટિ વિના તો, સંભવિત નથી. માટે પ્રયત્ન કરો તો કડવાશ વિના નિષ્ફળતા વેઠવાની તૈયારી સાથે કરજો. તમે તે કદાચે કરી શકો, દીવના મિત્રો કરી શકે કે કેમ તે વિચારી લેજો.

"મને લાગે છે કે આવો આદર્શનો ટાપુ 'કોરી પાટી'નો લાભ લઈને રચી નાંખવો એ આજે હવે એક મોહ ગણાશે. આદર્શની કલ્પનાને સ્થિર કરવા માટે તેવું કરી શકાય ખરું. (પ્રવાહથી તદ્દન વિરુદ્ધનો નિષ્ફળ પ્રયત્ન પણ કરવો ઘટે.) પણ કલ્પના તો ઠીક ઠીક સ્પષ્ટ છે જ ને તેની વધુ વિગતો બોલી, લખીને સ્પષ્ટ થઈ શકે તેમ છે. માટે નમૂનો નિર્વાચ્ય છે. નમૂનાવાદ તો ઉલટાનો કેન્દ્ર સરકારને શરણે લઈ જશે. (જે નથી ઈચ્છતા તે થશે.)

"અત્યારે તો ગ્રામ પરિસ્થિતિને આદર્શ પ્રત્યે લઈ જવાના માર્ગો શોધવાનો ને અજમાવવાનો સમય છે. એનાં પગલાં સો ટકા આદર્શને મૂર્ત કરતાં નહીં હોય, કારણ તેમાં આજની પરિસ્થિતિનો મોટો અંશ મિશ્ર થયેલો હશે.

—"આ મારી દ્રષ્ટિએ વૈજ્ઞાનિક ને શકય પદ્ધતિ છે. તમને તેમ ન યે લાગે ..."

આ જવાબ લખતી વખતે મને ચારેક વર્ષ પહેલાંનો એક પ્રસંગ સાંભરી આવ્યો. ગ્રામદાનનો સંદેશો લઈને એક નાનકડી ટુકડી, ઉત્તર ગુજરાતમાં મુખ્યત્વે, પદયાત્રા પર નીકળી હતી. થોડા વખત પછી ટુકડીના નાયકે 'સપ્તમી સભા'માં હેવાલ આપતાં કહ્યું કે, અમુક અમુક પ્રદેશના ગામોમાં હજી સરકારી શિક્ષણ પહોંચ્યું નથી, બહારની નઠારી અસરો પહોંચી નથી, માટે તે પ્રદેશ આપણા વિચારોના ફેલાવા માટે અને અમલ માટે ખૂબ જ અનુકૂળ છે.

તે વખતે મેં એ મિત્રને અને બીજા સહવિચાર કરનારા મિત્રોને આવી ધારણામાં, મારી દ્રષ્ટિએ, જે ભૂલ રહેલી છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો. મેં તે વખતે વાપરેલી ઉપમા મને યાદ આવે છે. મેં કહેલું કે, બાલદીક્ષામાં જેવો ભ્રમ ને વંચના છે તેવો જ કંઈક આમાં રહેલો છે. "બાળક છે, નિર્દોષ છે, સંસારનાં પાપ વળગ્યાં નથી, માટે અત્યારથી જ તેને બ્રહ્મચર્ય, તપ વગેરેમાં યોજી દો જેથી એનું જીવન સુધરી જાય ને અન્યોને માટે તારણહાર બને." આવી પ્રેરણા બાલદીક્ષા આપનારના દિલમાં કામ કરતી હોય છે. બાલદીક્ષાનાં નઠારાં પરિણામો અને કરુણ નિષ્ફળતાઓ જાણીતાં જ છે. બાળક આજે બાળક છે, કાલે યુવક બને છે, એની ભૂખો જાગે છે અને એ જુએ છે કે, એને તો પહેલેથી જ દીક્ષાનાં બંધનોમાં બાંધી દેવામાં આવ્યો છે. એવું થાય છે ત્યારે પછી જો એનામાં ઈમાનદારી અને નિર્ભયતાના ગુણો હોય તો એ પોતાના સહજ સ્વધર્મ પ્રમાણે વ્યવહારમાં લાગે છે. જો હિંમત નથી હોતી તો અનેક વિકૃતિઓનો છાનો શિકાર થઈ પડે છે અને જે પંથમાં દીક્ષિત હોય છે તે પંથને જ અંદરથી સડો લગાડે છે ને પોલો કરે છે. કવચિત્ એમ પણ બને કે જે બાળકને દીક્ષા અપાઈ હોય તેના સહજ પ્રારબ્ધ કર્મો ને ગુણો ને વૃત્તિઓ તેના પંથ સાથે ઘણા મળતા આવતા નીકળે. અને તો એ બાળક તેજસ્વી આચાર્ય તરીકે પોતાનું જીવન ઉજાળે છે ને અનેકના માર્ગ અજવાળે પણ છે. પરંતુ તેવા એકાદ—બે અકસ્માત લાભને ખાતર બાલદીક્ષાના પ્રકારને એકંદરે આપણે ઈચ્છનીય નથી માન્યો.

આધુનિકતા એ જુવાની જેવી છે. એની બહાર જેમના જીવનમાં હજી આવી નથી તેવાં ગામોને સર્વોદયના પંથે દીક્ષિત કરી દેવાં હોય તો તે પ્રમાણમાં બાલદીક્ષા જેટલું જ સહેલું છે અને તેનાં સારાં ફળો પણ તેટલી જ સહેલાઈથી સડી જાય તેમ છે.

આધુનિકતાની હવા કાયમને માટે એવાં ગામોને અડે જ નહીં એવા બખ્તરની વ્યવસ્થા કદી થતી નથી. સિદ્ધાર્થનો, આથી ઊંધો, દાખલો પ્રસિદ્ધ છે. દુનિયાની ખરેખરી હાલતથી એનો બાપ એને કેટલો વખત અજ્ઞાન રાખી શકયો? તેથી ઊલટો દાખલો ઋષ્યશૃંગ મુનિનો છે. આજે જે ગ્રામપ્રજાને આધુનિકતાના ગુણ-દોષો વિશે પૂરતી માહિતી કે અનુભવ નથી તે સર્વોદયના અમુક-તમુક સ્વરૂપો કબૂલી લે અને અમલમાં પણ મૂકી દે, તો તેથી સંતોષ માનવાનું કશું કારણ નથી. આવતી કાલે તેમના જીવનમાં આધુનિકતા એના પૂરેપૂરા ગુણ-દોષો સહિત હાજર થયા વિના રહેવાની નથી. ત્યારે તે ગ્રામ પ્રજા પોતાના સ્વભાવ ને સ્વધર્મ મુજબ જ વર્તી શકવાની છે. માટે મને તો લાગે છે કે, શ્રીકૃષ્ણની પદ્ધતિ જ વધુ સંગીન ને વૈજ્ઞાનિક છે. અર્જુન યુદ્ધથી વિષાદ પામીને પોતાના સ્વભાવમાં જડાયેલો ક્ષાત્રધર્મ ભૂલી શસ્ત્રો હેઠાં મૂકીને વૈરાગનો પ્રજ્ઞાવાદ બોલવા મંડયો. ત્યારે એમણે એને કહ્યું કે તું સ્થિતપ્રજ્ઞનાં, ભકતનાં, સંન્યાસીનાં બધાં લક્ષણો જાણી લે અને આ સૃષ્ટિનું રહસ્ય પણ સમજી લે, પરંતુ લડાઈથી નાસ નહીં, કારણ તારા સ્વભાવમાં તે આજે તો પડેલી છે અને તે તારી પ્રકૃતિ તને, તું જ્યાં હોઈશ ત્યાં લડાઈમાં ઉતારશે. માટે બધું જાણીને તે જ્ઞાનને આધારે આસકિત છોડીને તને જે કંઈ સહજ સ્વધર્મ મળ્યો છે તે પ્રમાણેનાં કર્મ કર્યે જા. એ પ્રકારનો કર્મયોગ જ સ્વધર્મનો ગુણોત્કર્ષ કરે છે, એવા અનુભવસિદ્ધ સિદ્ધાંતને આધારે જ આપણા પ્રાચીન ઋષિમુનિઓએ બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ ને અંતે સંન્યસ્તાશ્રમની ક્રમિક યોજના કરી હતી. પણ તેવી યોજનાઓનું પણ ચુસ્તીથી નાડું પકડી શકાય નહીં, કારણ વ્યકિતએ વ્યકિતએ પ્રારબ્ધ કર્મો ને સહજ સ્વધર્મો જુદા હોય છે, તેથી શંકરાચાર્યે ગૃહસ્થાશ્રમના કર્મો ત્યજીને પોતાનો કિશોરવયમાં જ સંન્યાસ લેવાનો અધિકાર

નાતબહાર મૂકાવા છતાં, બજાવ્યો અને એમ કરીને કર્મકાંડ કરતા જ્ઞાન ચડિયાતું છે એ પ્રતિપાદન કર્યું.

મોક્ષ કે મુકિત સમજ્યા વિનાના કે બીજાને સમજાયેલા સિદ્ધાંત પ્રમાણે મૂઢ વર્તન કરવા—કરાવવાથી હાથ લાગે નહીં. અંદરથી ઊગેલા જ્ઞાન વિના આસકિતઓ બળે નહીં અને તે વિના બહારના દોષોનો મૂકાબલો કરવાની તાકાત આવે નહીં. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.' પણ વૈરાગ્ય ન ઊગે જ્ઞાન વિના અને જ્ઞાન ન આવે જાતે વેઠયા વિના.

આવું અધ્યાત્મ અને વિજ્ઞાન બંનેનું તાત્પર્ય મને જણાયું છે. તેથી ગુરુ, દીક્ષા, સેનાપતિ, ઝડપી ગ્રામદાનો, પછાત વિસ્તારમાં પહેલી ક્રાંતિ, વગેરે શીરા જેવી સરળ વાતોની સામે મારો મત વખતોવખત મૂકતો આવ્યો છું. પરિસ્થિતિ જ્યાં સહુથી વધુ ભીષણ અને અંધકારગ્રસ્ત હશે ત્યાં જ માનવીય ક્રાંતિનો ઉદય થાય એ વધુ સંભવિત છે. ચાંદરણાથી ઊજળી ને સહેલી લાગતી દિશામાં સૂર્ય ઊગે નહીં. માટે જ્યાં ખેતી ને ખેડૂત વધુ વેપારી બન્યા છે, લોક વધુ લોભી—ભોગી ને આધુનિકતાને ચાળે ચડેલાં છે, ત્યાંથી ભાગીને પછાત ને બાલ્યાવસ્થામાં પડેલા પ્રદેશોમાં ચમત્કાર સર્જવા જવું એ સમય ગાળવાનું ને સહેલો સંતોષ ગાંઠે કરવાનું સાધન મને જણાયું છે.

આપણે તો આણુયુગને અનુભવે વિશ્વાસ હોવો જોઈએ કે, પરિસ્થિતિને વિજ્ઞાન પકાવી રહ્યું છે ને તેને અંતે માનવીય ક્રાંતિ જ આવી શકે. બાળક યુવાન થાય ત્યારે તેની વાસના જાગે, તેનું મિથ્યાપણું તેને ઉપદેશથી નહીં પણ જાત—અનુભવે જ અંદરથી સમજાઈ શકે. યયાતિને જે જ્ઞાન થયેલું કે કામાગ્નિ ભોગોથી શમતો નથી ઊલટો વધે છે, તે જ્ઞાન કોઈના કહેવાથી થયેલું? ના, પોતાનું આખું આયુષ્ય ભોગો ભોગવ્યા પછી દીકરાનું આયુષ્ય ઉછીનું લઈને ભોગો ભોગવ્યા ને તેને અંતે તેની અંદર જે મૂલ્ય પડેલું હતું તે પ્રકાશી ઊઠયું. તેના આત્માની ઉપર જે પડળો ચડેલાં હતાં તે એના જાતે કામાગ્નિમાં બળ્યા વિના ભસ્મ થાત નહીં. સારાં—માઠાં તમામ કર્મો શુદ્ધ જ્ઞાનની ઉપરના પ્રારબ્ધના પડોને બાળવાનું કાર્ય કરતાં હોય છે, તેથી તો કર્મયોગ, કેવળ યોગીને માટે નહીં પણ, સંસારી જીવમાત્રને માટે કહેવાયો છે. પ્રારબ્ધ કર્મોને ભોગવવાં જ રહ્યાં, તેમાંથી નાસીને મુકિતની લાલચે, અન્યતર કોઈ મહાત્માના મોક્ષની છત્રછાયામાં જઈને ભરાયા, તો ત્યાંય એ કર્મો, (આપણી અંદર જ પડેલાં હોઈને) આપણો પીછો છોડે તેમ નથી. આપણે એને શું ભોગવતાં હતાં—એ જ આપણને ભોગવતાં હોય છે. આપણે મન આપણે ભોગ કરીએ છીએ, હકીકતે આપણે આપણા સંચિતનો ભોગ થઈ પડતાં હોઈએ છીએ. માટે નાસ-ભાગ કર્યા વિના ઋજુબુદ્ધિથી ને નિખાલસતાથી સંત-મહાત્માઓના દાખલા ને અનુભવ-વચનો ધ્યાનમાં રાખીને, આપણાં સ્વકીય કર્મોનો, જાતે જાતની જવાબદારીએ ભોગ કરવો (કે થવું) એમાં સ્વધર્મનિષ્ઠા અર્થાત સત્યનિષ્ઠા રહેલી છે. એ જ માર્ગ વૈજ્ઞાનિક અને વ્યાવહારિક પણ છે—વ્યકિતને માટે તેમ જ સમષ્ટિને માટે આમાં કોઈ ટૂંકા રસ્તા (શૉર્ટકટ) હોઈ શકે નહીં, એમ માનું છું. કોઈને ગુરુ કરીને તેમના સોના જેવા સ્વધર્મ મુજબ પણ, આપણો હલકા પિત્તળ જેવો સ્વધર્મ છોડીને, વર્તવા ગયા તો મોરપિછ ખોસેલા કાગડા જેવા હાલ થાય. આમ બીજા જીવ વતી જીવવાનો (substitute living) નો અર્થ આપણા પોતાના સ્વધર્મના કે કર્મના ચક્રને મોકૂફ રાખવાથી વિશેષ નથી. એ ચક્રના ઠરેલા આંટા, જીવની ઉત્ક્રાંતિ માટેનાં જરૂરી ભોગો, જ્યારે તે 'પ્રતિનિધિક જીવન' પૂરું થાય પછી કે તે દરમ્યાન વેઠવા જ રહે છે.

આ વસ્તુ જેમ વ્યકિતગત ક્રાંતિ (ઉર્ફે મુકિત કે ગુણોત્કર્ષ) માટે લાગુ પડે છે, તેમ સમૂહગત ક્રાંતિ કે સમાજગત ક્રાંતિને પણ લાગુ પડે છે, જરાક વધારે જ લાગુ પડે છે, કારણ વ્યકિતમાં અમુક લચીલાપણું હોય છે, સમૂહમાં તેટલું નથી હોતું.

સમૂહ (ગામ) પોતે કરેલાં કામો તેમ જ એ પોતે જે વિશાળ સમૂહના ભાગ રૂપ છે તે રાષ્ટ્ર કે વિશ્વમાં થયેલાં કામોના સરવાળે જે એકંદર દશા ઊભી થઈ હોય છે તેમાં જીવે છે. એ ઐતિહાસિક અવસ્થા તે એનાં પ્રારબ્ધ કર્મ કે સંચિત છે, નસીબ છે. આ પ્રારબ્ધ વ્યકિતની બાબતમાં ચોકખું દેખાતું નથી માટે ઘણા તેને માનતા નથી, પણ સમાજને માટે તો તેને ઈતિહાસરૂપે બધા જ સમજદાર માણસો જુએ છે ને માને છે. તે ઈતિહાસે ઘડેલી હાલતને વર્તમાન ઈતિહાસના જંગી વિરાટ બળો રોજ-રોજ બદલતા હોય છે.

મનુષ્યનો પુરુષાર્થ આવા સંદર્ભમાં થાય છે. એના વ્યકિતગત કે સમૂહગત શરીર—બળનું આમાં કયાં લેખું હોય? પણ મનુષ્ય જોઈ શકે છે, જાણી શકે છે, આગળનું કલ્પી શકે છે. આ જ્ઞાનશકિત તેને ઈતિહાસના પ્રવાહમાંની અનુકૂળતા—પ્રતિકૂળતા દેખાડે છે અને ખરે ટાંકણે એના નાનકડા કામ દ્વારા એ તોતિંગ પ્રવાહને પોતાના લાભમાં થોડેઘણે અંશે વાળવાની બુદ્ધિ આપે છે. માનવીનો પુરુષાર્થ ક્રાંતિને લાવી શકતો નથી, પણ આવતી ક્રાંતિને જોઈ શકે છે, તેને જોઈને વખતસર બંધો બાંધીને! નહેરો ખોદીને પોતાના આદર્શનાં ખેતરોને સીંચી શકે છે. યોગસૂત્ર **जात्यंतर** (એક જાતિમાંથી બીજી જાતિમાં થતું ગુણાત્મક પરિવર્તન) કેવી રીતે થાય છે તે વર્ણવે છે. તે સામાજિક ક્રાંતિ વિશે (સમાજના સ્થિત્યંતર વિશે—પરિસ્થિતિપરિવર્તન વિશે) તેટલું જ લાગુ પડે છે. **जात्यंतर परिणाम: प्रकृत्यापूरात्**—પરિવર્તન પ્રકૃતિમાં (ઈતિહાસની વારસાગત હાલતમાં) આવતાં પૂરમાંથી નીપજે છે. ને તેમાં **निमित्तं अप्रयोजकम्** —મનુષ્ય જે નિમિત્ત છે તે તેને યોજનારો કે લાવનારો નથી હોતો. તો પછી નિમિત્તે—ક્રાંતિ ઈચ્છનારે—શું કરવાનું હોય છે? તો પતંજલિ કહે છે: **वरणभेदाच्च प्रकृतीनां कृषीजलवत्।** પ્રકૃતિના જળ-પુરની અને ખેતરની વચ્ચે પ્રકૃતિના જ માટીનાં આવરણો-પડો-અંતરાય થઈને પડેલાં હોય છે તેને મનુષ્ય ભેદે છે, —ખેડૂત જેમ નદી અને ખેતર વચ્ચેની જમીન પરથી માટી ખસેડીને નીક બનાવીને પાણીને પોતાના ખેતરમાં વાળી લાવે તેમ. આ વૈજ્ઞાનિક ક્રાંતિની પ્રક્રિયા છે. આ ક્રાંતિકારીની ભૂમિકા છે. ક્રાંતિ કરાતી નથી, જોવાય છે ને અમુક અંશે દોરી શકાય છે.

માટે જ્યાં 'કોરી પાટી' જોઈ ત્યાં ચાર અક્ષર ચીતરીને 'કર્તા' બનવાની ઈચ્છા એ બાલિશતામાં ખપે. હકીકતે 'કોરી પાટી' એ તો ઝાંઝવાં છે. દુનિયામાં હવે ક્યાંય પાટી કોરી રહી જ નથી. મહમ્મદને અરબસ્તાનમાં મળેલી તેટલી 'કોરી પાટી' પણ આજે આફ્રિકાને ખૂણે પણ નહીં મળે, દીવ-દમણમાં તો ખેર નથી જ. કોરાપુટ કે આસામમાં પણ 'કોરી પાટી' નથી. સહેલાઈથી લખાય છે તે સહેલાઈથી ભૂંસાય છે. પાયા ખોદીએ ત્યારે જો જમીન ભરભર ખોદાઈ આવે તો રાજી થવું કે વિચારમાં પડવું? ઝટપટ ખોદાઈ જાય તે તો રેતી, તેમાં પાયા નાંખીને મહેલ ચણવો એ જીવતા દટાઈ મરવાનો કે બીજાને દાટી મારવાનો રસ્તો થયો. છેક કઠણ કાળમીંઢની ભોંય હાથ લાગે ત્યાં મહેનત કરીને પાયા ખોદવા પડશે ને આવતી કાલના સમાજનું ખાતમુહૂર્ત કરવું પડશે. જ્યાં જ્યાં સહેલાઈથી લોકોએ ગ્રામદાન કરી આપ્યાં છે, સર્વસંમતિ સ્વીકારી લીધી છે, પક્ષરહિતતા અપનાવી લીધી છે, ત્યાં ક્રમે ક્રમે આદર્શવાદીઓનો ભ્રમ ભાંગવાનો છે. કારણ, એવા આણુવિકસિત લોકો કાયમ બાલ્યાવસ્થામાં રહેવાના નથી. વિજ્ઞાને એકાકાર કરવા માંડેલી દુનિયામાં તે જીવવાનાં છે ને વયમાં આવવાનાં છે.

* પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન *

# સંઘ તથા વાચનાલય-પુસ્તકાલયને થયેલો અર્થલાભ

૩૦૦ શ્રી ચીમનલાલ પી. શાહ
૨૫૧ શ્રી હીરાબહેન દીપચંદ સંઘવી
૨૫૦ શ્રી મહેન્દ્ર દીપચંદ સંઘવી
૨૫૧ શ્રી ખીમજી માડણ ભુજપુરીઆ
૨૫૧ શ્રી રમણીકલાલ મણિલાલ શાહ
૨૫૧ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
૨૫૦ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૦૦ શ્રી રસિકલાલ મોહનલાલ ઝવેરી
૨૦૦ શ્રી દામજીભાઈ વેલજી શાહ
૨૦૦ શ્રી વીરચંદ પાનાચંદની કું.
૨૦૦ શ્રી લીલાધર પાસુ શાહ
૨૦૦ શ્રી રતીલાલ ઉજમશી શાહ
૨૦૦ શ્રી તારાચંદ ધનજીભાઈ
૨૦૦ શ્રી નવલમલ કુંદનમલ ફીરોદિયા
૧૫૧ શ્રી જયંતિલાલ ફત્તેહચંદ શાહ
૧૫૦ શ્રી નરેન્દ્ર ગુપ્તા.
૧૨૫ શ્રી લલિતાબહેન લાલભાઈ શાહ
૧૦૧ શ્રી જયન્તીલાલ રતનચંદ
૧૦૧ શ્રી રતિલાલ નરસીદાસ મહેતા
૧૦૧ શ્રી મફતલાલ ભીખાચંદ શાહ
૧૦૧ શ્રી ધીરજલાલ મોરારજી અજમેરા
૧૦૧ શ્રી કેશવલાલ તલકચંદ
૧૦૧ શ્રી નીતમલાલ દીપચંદ
૧૦૧ શ્રી ચુનીલાલ કામદાર
૧૦૧ શ્રી શાદીલાલ જૈન
૧૦૧ ડૉ. જે. એમ. લાખાણી
૧૦૦ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી
૧૦૦ શ્રી એક બહેન તરફથી
૧૦૦ શ્રી મહાસુખલાલ ભાઈચંદ
૧૦૦ શ્રી અમૃતલાલ જેઠાલાલ શાહ
૧૦૦ શ્રી મધુરીબહેન અમૃતલાલ શાહ
૧૦૦ શ્રી પ્રદિપભાઈ અમૃતલાલ શાહ
૧૦૦ શ્રી શીરિષભાઈ અમૃતલાલ શાહ
૧૦૦ શ્રી કોકીલાબહેન પ્રદિપ શાહ
૧૦૦ શ્રી દુર્લભજી ઉમેદચંદ પરીખ
૧૦૦ શ્રી ઝવેરચંદ પાનાચંદ મહેતા
૫૧ શ્રી ખેતસી માલસી સાવલા
૫૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૧ શ્રી રમણલાલ લાલભાઈ લાકડાવાલા
૫૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫૧ શ્રી એસ. એમ. ધાહની કું.
૫૧ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
૫૧ શ્રી પ્રવિણચંદ્ર મંગળદાસ
૫૧ શ્રી ચિનુભાઈ નાથાલાલ શાહ
૫૧ શ્રી અંબાલાલ ચતુરભાઈ શાહ
૫૧ શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ
૫૧ શ્રી નરસી કોરસીની કું.
૫૧ શ્રી શીવલાલ કે. મહેતા
૫૧ શ્રી ચંપકલાલ ચુનિલાલ દાદભાવાળા
૫૧ શ્રી પ્રવિણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૧ શ્રી અંબાલાલ ચતુરભાઈ
૫૧ શ્રી ધીરજલાલ અજમેરા

૫૧ શ્રી સેવન્તીલાલ ખેમચંદ
૫૧ શ્રી ચંચળબહેન ટી. જી. શાહ
૫૧ શ્રી ન્યુ ઈન્ડીયા લીથો વર્કસ
૫૧ શ્રી સુરજબહેન કોઠારી
૫૧ શ્રી ભગવાનદાસ પોપટલાલ શાહ
૫૧ શ્રી મુગટલાલ કે. શાહ
૫૧ શ્રી અમૃતલાલ કેશવલાલ
૫૦ શ્રી જસુમતિબહેન મનુભાઈ કાપડિયા
૫૦ શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા
૫૦ શ્રી મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦ શ્રી હર્ષદભાઈ કાપડિયા
૩૧ શ્રી કાન્તાબહેન કસ્તુરચંદ ઝવેરી
૩૧ શ્રી મંગળદાસ ગોપાળદાસ પારેખ
૨૫ શ્રી સુશીલાબહેન કોઠારી
૨૫ શ્રી મેનાબહેન નરોત્તમદાસ
૨૫ શ્રી મણિબહેન સવચંદ કાપડિયા
૨૫ શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા
૨૫ શ્રી મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૫ શ્રી લીલાવતીબહેન દેવીદાસ
૨૫ શ્રી વેણીબહેન કાપડિયા
૨૫ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
૨૫ શ્રી ચંદુલાલ સાંકળચંદ શાહ
૨૫ શ્રી મણિબહેન શીવલાલ શાહ
૨૫ શ્રી નંદલાલ છગનલાલ
૨૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫ શ્રી લવણપ્રસાદ ફુલચંદ શાહ
૨૫ શ્રી દેવકાબહેન ઝવેરી
૨૫ શ્રી કાન્તીલાલ નથુભાઈ પારેખ
૨૫ શ્રી સુનિતાબહેન શેઠ
૨૫ શ્રી ચંદુલાલ કેશવલાલ
૨૫ શ્રી તારાબહેન ચીમનલાલ શ્રોફ
૨૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫ શ્રી હીમતલાલ લાડકચંદ વોરા
૨૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫ શ્રી મણિલાલ બી. નાણાવટી
૨૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫ શ્રી જયન્તિલાલ પી. શાહ
૨૫ શ્રી મહેન્દ્ર શાન્તિલાલ શાહ
૨૫ શ્રી નાનજીભાઈ વજપાળ શાહ
૨૫ શ્રી એક બહેન તરફથી
૨૧ શ્રી બાબુભાઈ જે. શાહ
૨૦ શ્રી જેચંદ એમ. શાહ
૧૯ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૫ શ્રી બાબુલાલ કેશવલાલ
૧૧ શ્રી સુખલાલ મનસુખલાલ મહેતા
૧૧ શ્રી હિંમતલાલ કે. મણિયાર
૧૧ શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહ
૧૧ શ્રી લીના જીતેન્દ્ર શેઠ
૧૧ શ્રી કાન્તીલાલ મોદી
૧૧ શ્રી પી. એચ. કામદાર
૧૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી

૧૧ શ્રી કાન્તિલાલ છોટાલાલ
૧૧ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૧૧ શ્રી રમણિકલાલ વાડીલાલની કું.
૧૧ શ્રી મણિબહેન મોહનલાલ કુંવરજી
૧૧ શ્રી નગીનદાસ છબીલદાસ શાહ
૧૧ શ્રી ખુશાલચંદ સાંકળચંદ
૧૧ શ્રી રમેશચંદ્ર ચીમનલાલ શાહ
૧૧ શ્રી જયંતિલાલ કાળીદાસ
૧૧ શ્રી લીલાબહેન શાહ
૧૧ શ્રી જોરમલ મંગળજી
૧૧ શ્રી નવનીતલાલ ચંદુલાલ
૧૧ શ્રી રમણભાઈ પટ્ટણી
૧૧ શ્રી શાહ એન્ડ શાહ
૧૦ શ્રી મુનિ શુભવિજયજી
૧૦ શ્રી શાન્તાબહેન રતિલાલ પાટડીઆ
૫ શ્રી દીપચંદ કેશરીમલ
૫ શ્રી વલ્લભદાસ નાનજી સચદે
૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૫ શ્રી એક બહેન તરફથી
૫ શ્રી કસ્તુરીબહેન મૈશેરી
૫ શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી
૫ શ્રી સેવન્તીલાલ મણિલાલ
૫ શ્રી સીતાબહેન ગાંધી
૫ શ્રી પ્રેમજી ધારસી સંગોઈ
૫ શ્રી કેશવલાલ નગીનદાસ (માણસા)
૫ શ્રી શાન્તિલાલ હરજીવનદાસ શાહ
૨ શ્રી એક સદ્‌ગૃહસ્થ
૨ શ્રી પ્રભુદાસ મોહનલાલ
૨ શ્રી બે સદ્‌ગૃહસ્થ

૮૦૩૫-૦૦
૪૨૯.૧૭ ઝોળીમાં તથા પેટીમાં આવ્યા

૮૪૬૪-૧૭

## વાચનાલય-પુસ્તકાલય

૧૦૧ ધી જીન સ્ટોર્સ કું.
૧૦૧ ધી મીલ સ્ટોર્સ કું.
૧૦૧ ધી બોમ્બે ટુલ્સ સપ્લાઈ એજન્સી
૧૦૧ ધી કાન્તિલાલ ભોગીલાલની કું.
૧૦૧ ધી શાહ પટેલ એન્ડ કું.
૧૦૧ ધી મોતીલાલ કલ્યાણદાસ એન્ડ કું.
૧૦૧ ધી ચંદુલાલ ટી. પરીખ લી.
૧૦૧ શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા
૧૦૧ ધી શિશિર એન્ડ કું.
૨૫ શ્રી મોહનલાલ નગીનદાસ જરીવાલા
૨૫ શ્રી રાયચંદ હીરાચંદ ઝવેરી

૭૫૮-૦૦

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજીસ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

ટેલીસ્ટાર પરથી પરાવર્તિત થયેલાં ટેલિવિઝન પર તેઓ અમેરિકા ને રશિયા, અને યૂરોપ ને આફ્રિકાના લોકોનાં જીવન ને રંગરાગ જોવાના છે અને જાણેઅજાણે તેમાંથી સારું ખોટું ગ્રહણ કરવાના છે. આ દુનિયામાં, સારી કે ખોટી, પણ એકસરખી સંસ્કૃતિ પ્રસરતી હવે અટકે તેમ નથી, અટકાવાય તેમ નથી. અટકાવવાનો એક ઉપાય છે ખરો—આણુયુદ્ધથી વૈજ્ઞાનિક વિશ્વનો સર્વનાશ કરવો ને નહીં તો ઈચ્છવો !

પ્રજાની પ્રાથમિક અવસ્થા, બાળકની જેમ, નિર્દોષ ને અજ્ઞાન સામ્યની હોય છે. પછી તેમાં સ્વાર્થ ને પાપ પ્રવેશે છે ને તેની મૂડીવાદી અવસ્થા આવે છે, જેને યુવાવસ્થા સાથે સરખાવી શકાય. તે મૂડીવાદી ગધાપચીસીના અનુભવોથી પાકટ થઈને સમાજ, સમાજવાદી કે સર્વોદયી અવસ્થા સમજપૂર્વક સ્વીકારે છે ને પોતાના પેટામાં નવી પેઢીઓના યૌવનના કામક્રોધના ધમપછાડા માટે પૂરતો વ્યવસ્થિત અવકાશ રાખે છે, જેને ગૃહસ્થાશ્રમ સાથે સરખાવી શકાય.

આપણે શુદ્ધ સામ્યના આદર્શના ઉપાસક હોઈને બાલ્યાવસ્થાના કે પ્રાથમિક અવસ્થાના નિર્દોષ સામ્યથી મોહાઈ જઈએ છીએ ને ભૂલી જઈએ છીએ કે જ્ઞાનથી તપીને, બળીઝળીને વૃદ્ધ થયેલી સામ્યાવસ્થા આ નથી. એટલે બાલદીક્ષા આપી બેસીએ છીએ. (લઈ પણ બેસીએ છીએ !)

આદર્શવાદીઓની યાત્રાને માર્ગે કાયમ આ માયાવી મહેલ આવે છે. અનેક 'યુટોપિયન' (સ્વપ્નવાદી) નમૂનાઓ ૧૮ મી—૧૯ મી સદીમાં આવી રીતે રચાયા છે ને ધૂળભેગા થઈ ગયા છે. તે બધાનો ઈતિહાસ વાંચવો જ પૂરતો છે, તેમના નમૂનાવાદનું અનુકરણ કરવું જરૂરી નથી. એમના આદર્શો અત્યંત સુંદર ને ઉત્તુંગ હતા. પણ તેમણે પોતાની આસપાસની એકંદર પરિસ્થિતિ પર ધ્યાન ન આપ્યું, પરિસ્થિતિને ટાળીને એકાદ ખૂણે કિલ્લો બાંધીને 'આદર્શ ગ્રામ' 'નવી વસાહત', 'ફેલાન્જ' વગેરે અનેક જાતના સામ્યપ્રધાન જીવનના પ્રયોગો કર્યા. લગભગ અનિવાર્યપણે એકેએક પ્રયોગ પડી ભાંગ્યો. ઉપરથી કારણ દરેકનું લગભગ એક જ દેખાયું : શિષ્યો અંદરોઅંદર આદર્શના અમલ વિષે ઝઘડી પડયા, ગોટાળા થયા ઈત્યાદિ. અંદરખાનેનું કારણ એ હતું કે સમગ્ર પરિસ્થિતિની અવગણના કરીને એમણે પોતાનું એક સંકીર્ણ, આગવું ને વ્યાવર્તક (exclusive) સ્વર્ગ રચવાનો પ્રયત્ન કર્યો, સાંકડી વ્યકિતગત જેવી મુકિત ઈચ્છી, બહારની પરિસ્થિતિની આડકતરી અસર હેઠળ શિષ્યો ઝઘડયા ને પ્રયોગ સમાપ્ત થયો.

નમૂનાવાદ એ આદર્શનો અવૈજ્ઞાનિક વિનિયોગ છે, **short circuit** છે. એમાં એક પ્રકારની અધીરાઈ છે : "હમણાં ને હમણાં આદર્શને મૂર્ત કરી નાંખીએ." અધીરાઈનાં ફળ કડવાં આવે કે ખાટાં આવે. આદર્શ ખોટા નથી હોતા, પ્રયોગ ખોટા હોય છે.

અપૂર્ણ

**પ્રબોધ ચોકસી**

## ઉમેરો

(છંદ: મિશ્ર)

દામ્પત્યના આપણ સ્નેહસૂર,
રેલાઈ જાતા હલકે મધુર,
ઘૂંટાઈ ઘૂંટાઈ અપૂર્વ રાગે
ઓહો થયા આખી હવા જમાવે
તેવા ——અનન્ય
ગૂંજી જયહિં વત્સલતા સુધન્ય !

**ગીતા પરીખ**

## ઉદાત્ત જીવનદૃષ્ટિનો નમૂનો

તા. ૧-૧૧-૫૯ ના ઈલસ્ટ્રેટેડ વીકલીમાં **conquest of unhappiness**—એ મથાળાના પં. શિવશર્માના લેખમાં કોઈનું પણ ધ્યાન ખેંચે એવી એક અસાધારણ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઘટના અમેરિકાના એક બહુ મોટા શ્રીમાન વ્યાપારીને લગતી હતી. તેણે એક ગરીબ યુવાનને આગળ વધવામાં ખૂબ મદદ કરેલી, અને પોતાની પેઢીમાં બહુ ઊંચા અધિકારપદે તેની નિમણુંક કરેલી. આ રીતે તે યુવાન તે શ્રીમાનના એક કુટુંબી જેવો બની ગયો હતો. આ યુવાન ખૂબ રૂપાળો હતો અને તેની રીતભાત ખૂબ મોહક હતી. પોતાની આ મોહકતાનો લાભ લઈને તે યુવાને તે શ્રીમાનની પત્નીને પોતા તરફ આકર્ષી અને બન્ને વચ્ચે આડા વ્યવહારની શરૂઆત થઈ, અને પેલા શ્રીમાને તેના માટે જે કાંઈ કર્યું હતું તે બધું ભૂલી જઈને પેલો યુવાન આ બાઈને ભગાડીને અન્યત્ર નાસી ગયો.

આ વ્યાપારીને તે બન્નેના ઠામઠેકાણાની ખબર પડતાં તેણે પોતાની પત્નીને લખી જણાવ્યું કે "જો હું એ જુવાન છોકરાને બંદૂકથી મારી નાંખુ છું તો તે તારી નજરમાં એક બહાદુર શહીદ જેવો લાગવાનો. જો હું તેને પકડાવું છું અને અદાલતમાં ઘસડું છું તો એક જડ અને સહાનુભૂતિવિનાના સમાજે જે મહોબતને છિન્નભિન્ન કરી નાંખી છે એવી મહોબતના કારણે ઉભી થયેલી વ્યથાની તું ભોગ બનવાની. આમ વિચાર કરીને તે નાલાયક પ્રેમી સાથે તને રહેવા—જીવવા દેવાનું હું વધારે પસંદ કરું છું—એ ખ્યાલથી કે જે દુષ્ટ માણસ તેના ઉપકારક ઉપર પીઠ પાછળનો ઘા કરી શકયો છે તેનાં અનિષ્ઠ તત્વોને તું નજીકથી નિહાળી શકે."

તે પત્રમાં તેણે ઉમેર્યું કે "મારી સાથેનો તારો બધો સંબંધ ખલ્લાસ થઈ ગયો છે એમ તારે માની લેવાનું કોઈ કારણ નથી. તું જયારે ઈચ્છે ત્યારે પાછી આવી શકે છે, કારણ કે તેની એક જ ભૂલ, પછી ભલેને તે ઘણી ગંભીર અને અત્યન્ત બેવકૂફી ભરેલી હોય, તેનું પરિણામ જેનો કોઈ ઉપાય જ ન હોય એવી છેવટની કઢંગી પરિસ્થિતિ નિર્માણ કરવામાં આવવું જોઈએ એ હું માનતો નથી".

એમ કહેવાની જરૂર નથી કે આ કાગળે અસ્વાભાવિક અને કઢંગા મેળવાળા વ્યામોહ સામે પ્રતિકૂળ કટોકટી બહુ જલ્દિથી ઊભી કરી અને પેલી સ્ત્રી વધારે શાણી અને સ્વસ્થ બનીને, અને આધ્યાત્મિક રીતે એક અદ્‌ભૂત સંસ્કાર પામીને પોતાના ધણીને ત્યાં પાછી ફરી. આવું શુભ પરિણામ નીપજવામાં તેના ધણીની અપાર ઉદારતા, ક્ષમાશીલતા, અહંમુકતતા જવાબદાર હતી એમાં કોઈ શક નથી.

**પરમાનંદ**

## એકત્વ

(શિખરિણી —સોનેટ)

ફર્યાં બન્ને સાથે ગિરિવરમહિં ને વનવને
નિહાળી સંગાથે કુસુમકુસુમે રંગઝરણી,
તર્યાં હોડીમાંહે રજતઝરતી ચાંદની મહિં
અને સૂરે સૂરે નભ રણઝણાવ્યું લયભર્યું.

સજાવ્યું સંગાથે ગૃહ લલિત કો કાવ્ય સરખું.,
વળી પંખી—નીડે કલરવ મધુરોય રણકયો;
સહુ કામેકાજે પરસપરને પૂરક થઈ
ગૂંથ્યા તાણાવાણાસમ જીવનના તંતુ સઘળા.

ખુલેલી પાંખોએ ગગન પણ માણેલ સરખાં,
બીડેલી આંખોએ સ્વપન પણ ન્યાળેલ સરખાં.

પરંતુ એકત્વે નહિ નિજનું અસ્તિત્ત્વ વિસર્યાં
અમે જેવું ભૂલ્યાં તિમિર ભીંસતી રાત્રિમહિં એ
બિમારીમાં તાવે ધખત શિશુ—શય્યાસમીપમાં
બચાવી લીધી,જે ક્ષણ લય થતી જયોત કુમળી !*

૩૦-૫-૧૯૬૨

**ગીતા પરીખ**

* ગંભીર બિમારીમાંથી પોતાના બાળકને જીવતું બચાવી લીધું તે ક્ષણે અનુભવેલું એકત્વ કંઈ ઓર જ છે !

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૬૨, ગુરૂવાર | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮ | છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા.

## 'શ્રેયસ્ પાછળ મારી દૃષ્ટિ'

(અમદાવાદ શિક્ષણનું એક અતિ મહત્ત્વનું કેન્દ્ર છે. ત્યાં બે તો વિદ્યાપીઠો છે, ભાતભાતની કૉલેજો છે, અનેક હાઈસ્કૂલો અને પ્રાથમિક શાળાઓ છે, તેમ જ લગભગ લતે લતે બાળમંદિર છે. વળી વિવિધ પ્રકારના શૈક્ષણિક પ્રયોગોનું અમદવાદ એક ધામ છે. આવી અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં 'શ્રેયસ્' નામની શૈક્ષણિક સંસ્થા તેની અનેક વિશેષતાઓના કારણે એક જુદી જ ભાત પાડે છે. આ સંસ્થાનું સંચાલન શ્રી. લીનાબહેન મંગળદાસ કરી રહ્યાં છે. ઈ. સ. ૧૯૪૭માં બહુ જ નાના પાયા ઉપર તેની તેમણે શરૂઆત કરી અને સમયના વહેણ સાથે તેમાં નવા નવા વિભાગો ઉમેરાતા ગયા અને આજે અમદાવાદ શહેરની ઉત્તર સીમા ઉપર સારા એવા ક્ષેત્રફળને આવરી લેતું એવું 'શ્રેયસ્'નું એક 'કેમ્પસ'—કેન્દ્ર—ઊભું કરવામાં આવ્યું છે અને તેમાં એકમેકની પૂરક એવી અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. 'શ્રેયસ્'ને એક સ્પેશિયલ એકસપેરીમેન્ટસ સ્કૂલ તરીકે ઈ. સ. ૧૯૫૧ માં અને બહુલક્ષી શાળા તરીકે ઈ. સ. ૧૯૬૦ માં માન્ય કરવામાં આવી છે. સહશિક્ષણને પ્રારંભથી અપનાવતી આવેલી આ સંસ્થામાં આશરે ૩૦૦ વિદ્યાર્થિઓ ભણે છે. અદ્યતન વિપુલ શિક્ષણ—સામગ્રી વડે આ સંસ્થા સુસંપન્ન છે. વળી આ સંસ્થાના અનુસંધાનમાં એક છાત્રાલય પણ ઘણા વર્ષો પહેલાં ત્યાં ઊભું કરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદ બહારના વિદ્યાર્થીઓ વસે છે અને ભણે છે. આજે પૂર્વ આફ્રિકાના ૪૦ ગુજરાતી વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરે છે, વિજ્ઞાન—વિનયન મહાવિદ્યાલય તેમ જ કલાતીર્થની અનુક્રમે ૧૯૫૫ અને ૧૯૬૦માં 'શ્રેયસ્'ના છત્ર નીચે સ્થાપના કરવામાં આવી છે. 'શ્રેયસ્'ની આવી અનેક પ્રવૃત્તિઓ છે.

આ નવા કેમ્પસની શરૂઆત લગભગ દોઢ વર્ષ પહેલાં કરવામાં આવી છે. તે પહેલાં 'શ્રેયસ્'ની સમગ્ર પ્રવૃત્તિ શાહીબાગના એક વિભાગમાં ચાલતી હતી. તે દરમિયાન માત્ર કુતુહલથી પ્રેરાઈને એ સંસ્થાનું કાર્ય જોવા સમજવા માટે હું બે વખત એ સંસ્થાની મુલાકાતે ગયો હતો અને લીનાબહેનની સાથે ફરીને મેં બને તેટલું સમજવા પ્રયત્ન કર્યો હતો અને તેથી હું ખૂબ પ્રભાવિત બન્યો હતો. આ સંસ્થા વિષે મુંબઈમાં વસતાં ભાઈ-બહેનો મોટા ભાગે અજાણ છે, તો તેમને આ સંસ્થાનો પરિચય થાય એ હેતુથી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત કરવામાં આવતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે છેલ્લાં કેટલાંક વર્ષોથી લીનાબહેનને હું નિમંત્રણ આપતો રહ્યો હતો. સદભાગ્યે છેલ્લી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેમણે વ્યાખ્યાન આપવાનું સ્વીકાર્યું અને 'શ્રેયસ્' પાછળ રહેલી તેમની દ્રષ્ટિની વિગતવાર સમજુતી આપી. પોતાને જે કહેવાનું હતું તે તેઓ વ્યવસ્થિત રીતે લખી તૈયાર કરીને આવ્યાં હતાં. એ જ લખાણને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધિ આપતાં મને ઘણો આનંદ થાય છે. આ લખાણ વાંચતાં 'શ્રેયસ્'ના ઉદભવથી માંડીને આજ સુધીના તેના વિકાસની ઝાંખી પ્રબુદ્ધ જીવનના વાંચકોને થશે, એટલું જ નહિ પણ, એ પાછળ અભિવ્યકત થતાં લીનાબહેનનાં સતત ક્રિયાશીલ વ્યકિતત્વનો તેમ જ તેમના ભવ્ય પુરુષાર્થનો પણ ખ્યાલ આવશે. પિતૃગૃહે તેમ જ શ્વશુરગૃહે લક્ષ્મીદેવીની પૂરી કૃપા હોવા છતાં અને ભોગવૈભવ પૂરા સુલભ હોવા છતાં તે તરફ ન ઢળતાં શિક્ષણવ્યવસાયની કેવળ એક જ તમન્નાને વરેલું અને પોતાનો સર્વ સમય અને શકિત લગભગ તે પ્રવૃત્તિને અર્પિત થયેલ હોય એ પ્રકારનું તેમનું આજનું જીવન છે. આવી એક વિશિષ્ટ અને વિરલ વ્યકિતની ગુજરાતી—ભાષાભાષી ભાઈબહેનોને પીછાન થવી જરૂરી છે. આ હેતુ પણ આ લેખની પ્રસિદ્ધિ દ્વારા અમુક અંશે સધાશે એમ વિચારીને હું સવિશેષ સંતોષ અનુભવું છું. **પરમાનંદ**)

આ પર્યુષણનું પવિત્ર પર્વ છે. એનું જૈનોમાં માહાત્મ્ય છે. પર્યુષણનો અર્થ ઉપાસના, પૂજા, સેવા પણ આપેલો છે. જિ એટલે જીતવું. જિ પરથી જિન. જિન પરથી જૈન. જૈનનો અર્થ જે વિજય પામ્યો છે તે. આ બે શબ્દો એક માનવ સમૂહ કે સંપ્રદાયને જ લાગુ નથી પડતા, પણ તેના વ્યાપક અર્થમાં સહુને સ્પર્શી શકે છે. હું માનું છું કે, શ્રી પરમાનન્દભાઈ અને મુંબઈ જૈન યુવક સંઘ આ બે શબ્દોને તેના વ્યાપક અર્થમાં ઘટાવવા યત્નશીલ રહ્યા છે અને તેથી જ આ વ્યાખ્યાનમાળાને તેમણે એક ઉદાર સ્વરુપ આપ્યું છે અને તેનો મહિમા વધાર્યો છે.

વર્ષાકાલમાં જ્યારે વ્યવહાર ઓછો થઈ જવા પામે ત્યારે જિજ્ઞાસુઓનો સમૂહ એક સ્થાને એકઠો મળી વિચારવિનિમય કરે એ પર્યુષણના પર્વનો હેતુ છે. એમ કરીને અનુભવજન્ય જ્ઞાનની આપ--લે દ્વારા મનુષ્ય પોતાને જીતે--સાચો જૈન બને.

શ્રી પરમાનન્દભાઈ જૂદાં જૂદાં ક્ષેત્રોમાં રહેલી વ્યકિતઓને વ્યાખ્યાનમાળા માટે બોલાવે છે. ઘણાં વર્ષો થયાં તેમણે મને પણ આમંત્રણ આપ્યું હતું, પણ આજ લગી મારાથી આવવાનું બની શક્યું નહોતું. વર્ષો થયાં શિક્ષણ, સાહિત્ય અને કલાની પ્રવૃત્તિમાં હું પરોવાયેલી રહી છું. એમાંથી નીકળવું જ મુશ્કેલ લાગ્યું છે. એમ શા માટે તે જણાવું.

મારા સ્વાધ્યાયખંડની બારી પર એક ચકલી મેં જોઈ હતી. ને મને એક આદર્શ મૂર્તિ લાગી છે. મારી ડાયરીમાં તેનું વર્ણન મળી આવે છે.

**"એ મારી બારીએ બેઠી હતી**
**એક નાની ચલ્લી :**
**લતા ડાળે એને માળે.**

**એની ડોક ન તો હાલતી હતી,**
**ન એની આંખે મટકું હતું,**
**પાંખ એની બિડાયેલ**
**ચાંચ એની બન્ધ હતી**
**એ સેવતી હતી એનાં અંડને.**

**પણ એના બચ્ચાંની બની રહેશે**
**ડોલતી ડોક ને મટકતી આંખ**
**પ્રસારિત પાંખ ને ચાંચે ગાન.**

એ એનાં બચ્ચાં
એનાં સર્જન સારું,
એકનિષ્ઠ—એકાંતભાવે
ચલ્લી બેઠી હતી નિશ્ચલ."

જે સર્જનના કાર્યમાં રોકાય છે તેણે આ ચકલી જેવું બનવાનું રહે છે. સર્જનના જતનમાં એની બધી વ્યર્થ હીલચાલ મટી જાય છે. સદા જાગૃત રહેવાં છતાં એનું મુખ બંધ રહે છે. એ એના એકનિષ્ઠાવાળા-એકાન્ત સેવનને લઈને એનાં સર્જનમાં ગતિ, જાગૃતિ, ઉડ્ડયન અને માધુર્ય આવે જ છે.

આવા સર્જન માટે ચલ્લી જેવી ચાહના જોઈએ—એક ઊંડી વૃત્તિ દરેક મનુષ્યમાં છે જે ચાહનાની છે. માણસ ચાહે છે—બસ ચાહે છે—તેમાં તેની સ્વરક્ષણ અને અમરત્વની તાલાવેલી સંતોષાય છે. ચાહના માટે પાત્રની જરૂર છે. વર્ષો સુધી તે બહુ પાત્રો શોધે છે, પણ દરેકમાંથી તે અમૂલ જલ ઢોળાઈ જાય છે. દુ:ખથી હૃદય ફાટી જવા લાગે છે. તેમાંથી પહેલાં કરતાં પણ અધિક સલીલ નીકળવા લાગે છે. ત્યાં કોક વાર મનુષ્યને જડી જાય છે એક અતલ પ્રેમનું પાત્ર. તેમાં તેનો સ્નેહસરિતાનો પ્રવાહ વળે છે, તો જલ ઠલવાતાં, પાત્ર વિશાળ થતું જાય છે. જલ ઝીલાતું જાય છે—મનુષ્યની યાતના ટળે છે.

કોઈ વાર એકના પ્રેમમાંથી અનેકાકારમાં—એક વ્યકિતમાંથી સમષ્ટિમાં—લઈ જતો પ્રેમાનુભવ થાય છે.

આવા એક પ્રેમાનુભવની હું આપને વાત કરીશ. એ વાત મારી ડાયરીમાંથી મળે છે.

હું આગળ વધુ તે પહેલાં એક વાત જણાવી દઉં:

કામ મારો વ્યવસાય હોવાથી વ્યાખ્યાન આપવાનો મને અભ્યાસ નથી. આ મારા હાથમાં રહેલાં કાગળો જ પૂરવાર કરશે. એથી આ મારી રજુઆત આપને સહન કરી લેવી જોઈશે. વળી બીજી બાબત પણ જણાવી દઉં.

મારાં આજના વ્યાખ્યાનનું શિર્ષક શ્રી પરમાનન્દભાઈએ સૂચવ્યું હતું. 'શ્રેયસ્ પાછળ મારી દષ્ટિ' એમાં જે 'મારી' એ શબ્દનો ઉપયોગ થયો છે તેમાં ઘણી બધી અંગત બાબતો આવી જાય છે, જેમાં પ્રથમ તો મારી ડાયરી અને કેટલાક અંગત પ્રસંગોનો ઉલ્લેખ અનિવાર્ય બને છે. આમ કરવામાં મારાથી કાંઈ ઔચિત્યનો ભંગ થતો હોય તો આપ મને ક્ષમા કરશો!

સને ૧૯૨૮ માં તેર વર્ષ પૂરા થયાં હતાં તે વખે મારી ડાયરીમાંથી મળી આવે છે:

"જનાવર પર થતું ઘાતકીપણું, સ્ત્રીઓને ગુલામ જેવી રીતે રાખવાપણું, અને બાળકો માટે સ્કૂલો (મારે) સારી રીતે જોવાં. જો બને તો રંગભૂમિ સુધારવી. બાળકો પર જોરજુલમે પડતો બોજો બંધ કરવો."

સન ૧૯૨૯, ૧૪ વર્ષ પૂરાં:

"મને બાળકો બહુ જ ગમે છે. બાળકો પર મને ઘણું વહાલ આવે છે. તેથી તેમને માટે મારું તન, મન અને ધન અર્પી કાંઈક કરીશ. જ્યાં સુધી પ્રજાનું મૂળ જ સુધારવામાં નહીં આવે ત્યાં સુધી તેની ઉન્નતિ માટેના બધાં ફાંફાં નકામાં છે...બાળકો માટે જે ખાસ જરૂરી ચીજો છે તે તેમને માટે સ્કૂલો, સચિત્ર સુન્દર ચોપડીઓ અને છાપાંઓ, તેમને યોગ્ય વાર્તાઓ અને કવિતાઓ છે. એમાંની બને તેટલી ચીજો કરવા પ્રયત્ન કરીશ. તેમાં પ્રભુ મને મદદ અર્પો!"

સન ૧૯૩૦, ૧૫ વર્ષ પૂરાં:

હમણાં તો કોલેજમાં નહીં જવાનો વિચાર છે. હાલની ભણવાની પદ્ધતિ તેમજ પરીક્ષા લેવાની રીત જડમૂળથી જ ખોટી છે. તેમાં ફાયદા થવાને બદલે ઘણા ગેરફાયદા જોઉં છું.

"મારે મારા દિવસ કેવી રીતે પસાર કરવા?... અમારું ગામડું, અનાથાશ્રમ, અમારી કન્યાશાળા, મીલની મોન્ટેસરી સ્કૂલ વગેરેમાં કામ કરવાનો તેમજ સેવા કરવાનો ઘણો અવકાશ છે. નાનાં બાળકોની નિશાળમાં કામ કરવું એ મને બહુ જ ગમે."

આ ડાયરી લખી ત્યારે ઢીંગલીઓના એક નગરની રચના મને બહુ ગમતી. મને પશુપક્ષી ઉછેરવાં ગમતાં. ઉપરાંત મને મારાં નાનાં પાંચ ભાઈબહેનોને સંભાળવા અને ઘર રાખવું ગમતું. મારા અભ્યાસ સાથે હું બાળમંડળ ચલાવતી અને બાલમાસિક, નાટક, મેળા, ઉત્સવોની પ્રવૃત્તિ યોજતી. આવી હતી મારી બાલોર્મિઓ. એ દરમ્યાન અમદાવાદમાં ગાંધીજીનું સાંનિધ્ય મળ્યું. તે આશ્રમમાં રહેતા, કામ કરતા. ત્યાંનું જીવન, આશ્રમનાં બાળકો, ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના—આ સર્વ મેં જોયું હતું. એ આવ્યા તે પહેલાં કવિ શ્રી રવીન્દ્રનાથ પણ અમારા પરોણા બની ઘેર આવતા. તેમની સાથે દીનબંધુ એન્ડ્રુઝ, પીઅરસન અને ક્ષિતિમોહન સેન આવતા. તેમનાં દર્શને અમે સમય સમય પર શાન્તિનિકેતન પણ ગયાં હતાં. અને ચિત્રકાર શ્રી નન્દલાલ બસુ અને અબનીન્દ્રનાથ અને એમના ભાઈઓને અમે મળ્યાં હતાં. આ સર્વનો ઊંડો પ્રભાવ અનુભવ્યો હતો. મારા જન્મ પહેલાં અમારા ઘરની શાળા માટે શ્રી કરુણાશંકર ભટ્ટ અમારાં કુટુંમ્બમાં જોડાયા હતા. તેમની સાથે એક શિક્ષકસમૂહ હતો. અનેક કવિઓ અને વિદ્વાનો ઘેર આવતા. એવી રીતે નરસિંહરાવ દિવેટિયા. નાનાલાલ, આનન્દશંકર ધ્રુવ, કેશવ હર્ષદ ધ્રુવ, મુનિશ્રી જિનવિજયજી, રસિકલાલ પરીખ, પં. સુખલાલજી, શ્રી ગિજુભાઈ બધેકા, શ્રી નાનાભાઈ ભટ્ટ, વિષ્ણુ દિગંબરનો પરિચય થયેલો. મારાં માતાપિતા આ સહુનું આતિથ્ય કરતાં, પણ એક બાળક તરીકે એમની જ્ઞાનચર્ચા - જ્ઞાનચર્યા સાંભળવા—નિહાળવાનું સતત સુખ અમને ઉપલબ્ધ થતું. મારી માતા પાસેથી મેડમ મૉન્ટેસોરીનું નામ સદા સાંભળવા મળતું. શિક્ષણની પ્રવૃત્તિમાં સર્વ કુટુમ્બીજનો એક યા બીજી રીતે પરોવાએલાં હતાં. બે પેઢીથી જાણે એ મુખ્ય વ્યવસાય હોય અને વ્યાપાર તથા ઘરકામ એ ગૌણ વ્યવસાય હોય એવું લાગતું. બાળકો, સ્ત્રીઓ અને દલિત વર્ગોના શિક્ષણ, ઉચ્ચ અભ્યાસ અને સંશોધનના કાર્યમાં એક પછી એક કુટુમ્બના સભ્યો ખેંચાતા જ જતા હતા. એ અરસામાં મેં પણ શહેરના એક બાલમંદિરમાં નૃત્ય અને કલાના શિક્ષક તરીકે નિયમિત થોડો સમય જવા માંડ્યું હતું, દરમ્યાન મારાં લગ્ન પછી મેં મેડમ મૉન્ટેસોરી અને શિક્ષણનાં પુસ્તકોનો અભ્યાસ શરુ કર્યો. રુસો, રસ્કીન, ટૉલસ્ટૉય, વિવેકાનન્દ, રવીન્દ્રનાથ, ગાંધીજી, બર્ટ્રાન્ડ રસલ, જહૉન ડ્યુઈ, કૃષ્ણમૂર્તિ, મિસીસ બેસેન્ટ ઈત્યાદિનાં. મેડમ મોન્ટેસોરી હિન્દમાં આવ્યાં ત્યારે મારા દોઢ વર્ષનાં બાળકને લઈ તેમની પાસે અદિયાર હું ગઈ. મારે જાણવું હતું એક મા તરીકે મારા બાળકના યોગ્ય ઉછેર અને શિક્ષણ વિશે. આ મારો પ્રશ્ન હતો તેવો જ અનેક બીજા માવતરનો પણ હશે. મેં કોઈ જાતની યુનિવર્સિટીની ઉપાધિ પ્રાપ્ત કરી નહોતી. મેં શિક્ષક તરીકેની તાલીમ લીધી નહોતી. આ કાર્યમાં મને કેટલી આવડત અથવા નિષ્ઠા હતી એ બાબતની મને ખબર નહોતી. તેથી અદિયારથી પાછા આવી મેં એક ઓસરીમાં અને અમારા રહેવાના ખંડમાં થોડાં સાધનો ગોઠવ્યાં અને બાળક સાથે પ્રવૃત્તિ શરુ કરી. શાળા બહારના સમયમાં સવાર - સાંજ અમારી પ્રવૃત્તિમાં થોડા મિત્રો અને સંબંધીના બીજાં પણ બાળકો આવી ભળતાં. એમની સાથે ચિત્ર, નૃત્ય, સંગીત અને રમતગમતની પ્રવૃત્તિ યોજી. આ બાળકોને માટે પુસ્તકો, સાધનો જોઈએ તે અમે તૈયાર તો લાવ્યા, પણ તે અમે જાતે પણ મોટા પ્રમાણમાં બનાવવા માંડયાં. એક ઓસરીમાંથી અમારા કાર્યનો વિસ્તાર એક આખા મકાનમાં ફેલાવા પામ્યો અને અમે ૧૨ થી ૧૬ જણ બાળોપયોગી પ્રવૃત્તિ અને સાધનો રચવામાં રોકાયાં. એજ

સમયમાં એક પ્રસૂતિગૃહમાં પણ કામ કરવાની તક મળી. ૧૯૪૨ ની ચળવળને લઈને સારા ગુજરાતમાં સારવાર મંડળદ્વારા તબીબી રાહતનું કાર્ય કર્યું અને એલીસબ્રીજ વિસ્તારમાં ઝુંપડામાં રહેતા ચમાર, મોચી, ઢેડ, વાઘરી અને રબારી કોમમાં સામાજિક પ્રવૃત્તિ આદરી. બાળકોને નવડાવવાનું, દૂધ આપવાનું, તેમને શાળામાં ભણાવવાનું, પ્રૌઢ શિક્ષણનું પણ કામ કર્યું.

હંમેશાં એ નાનપણની તાલાવેલી ઉપર ઉપસી આવતી હતી. બાળકોનું કામ કરવું છે,-પણ હજી છૂટું છૂટું કામ થતું હતું. ડૉ. એરુન્ડેલે એક વાર મને પૂછયું, "તું શું કરે છે?" મેં કહ્યું, "I have not found myself" અનુભવ મળતો હતો, કાંઈક સૂઝ-આવડત આવતી જતી હતી, પણ કોઈ ચોકકસ દિશાએ કાર્યનું મંડાણ થઈ શકયું નહોતું.

એલીસબ્રીજ વિસ્તારમાં તે દિવસોમાં unfit for human habitation જેવા ઝુંપડાના લતાને ઓળંગી એક વાર મારા નાના ત્રણ વર્ષના બાળક સાથે મેં એક સુન્દર ટેકરી જોઈ. એના પર લીમડાનાં ઝાડ હતાં. આ તે વખતના ડાયરીનાં પાનાં છે. એમાં બાળકોની શાળાનું સ્વપ્ન પ્રગટ થાય છે.

**વાતાવરણ**

શાન્ત, સુન્દર અને કુદરતી
ખેતરો, ખૂબ છાયાવાળાં વૃક્ષો,
વાડીઓ અને ચરાણવાળું વિશાલ સ્થાન,
જ્યાં પક્ષીઓ, હરણો અને સસલાં છુટાં ફરતાં હોય.
બને તો ઉંચી નીચી ભૂમિ હોય—ટેકરાઓવાળી—
નદી, કુવા અને નહેરો હોય—
લપસણી, હિંચકા,, ટેકરા, રેતી,
તરવાનો હોજ, રમવાનું ચોગાન, sea-saw વગેરે

એક મોટા ઝુપડાંમાં બાલવિકાસનાં સાધનો હોય. આમાં તેમને માટે ઈન્દ્રિય અને બુદ્ધિવિકાસનાં સાધનો મુખ્યત્વે હોય - મિનારો, દટ્ટા, સીડી, આકૃતિઓ વ. આ ઝુંપડીની તદન લગોલગ એક બીજું જરા ન્હાનું ઝુંપડું, જ્યાં માટી કામ સાથે ચાકડા પર ઘડા, વ. બનાવવાનું, કોતરકામ, બુકબાઈન્ડિંગ, કડિયાકામ, નેતરકામ, વણાટ, સુથારી, ચિત્ર, રંગોળી, શીવણ-ગુંથણ વ. પણ કરાતું હોય.

જરાક જ દૂર એકાન્તમાં સંગીતશાળા, જ્યાં તંતુવાદ્યો સાથે ગાન અને નૃત્ય પણ ચાલતું હોય, ત્યાં કોઈ વાર નાટયપ્રયોગો માટે પણ કેળવણી અપાય. અહીં અગરબત્તી અને પુષ્પો હોય અને આ શાળાને કોઈ વાર ખુલ્લી રંગભૂમિમાં પલટાવી શકાય તેવી વ્યવસ્થા પણ હોય. (open-air theatre જેવું)

બીજું એક ઝુંપડું. તેમાં મુખ્યત્વે ત્રણ વિભાગ જેવું પડી જતું હોય-અહીં હાથ-મ્હોં ધોવાની, તૈયાર થવાની અને જાજરુએ જવાની વ્યવસ્થા હોય —

તથા એક વિભાગમાં બાળકો નિર્ભયપણે રાંધી શકે તેવી સગવડ હોય તથા એક પરસાળ જેવું જ્યાં તેઓ નાસ્તો લે તથા આરામ લે.

તથા એક નાનકડો ખંડ જ્યાં ડોલો, સાવરણી, ડસ્ટર, વ. સફાઈનાં સાધનો રાખી શકાય.તે વસ્તુ બાળકો વાપરી શકે તેવી હોવી જોઈએ.

**બાળકો**

વધારેમાં વધારે દસ બાળકો:

શરુઆત ૧-૧ા થી ૩ વર્ષ સુધીનાં બાળકોથી કરવી. પછી જેમ તેઓ મોટાં થતાં જાય તેમ ઉપરની મર્યાદા એક વર્ષ આગળ વધારવી.

બાળકોની પસંદગી તેમની તથા તેમના માતાપિતાની માનસિક અને શારીરિક સ્વસ્થતા પરથી કરવી. તેઓના ઘરનું વાતાવરણ સહાનુભૂતવાળું અને અનુકૂળ તથા બાલજીવનમાં રસ લે તેવું હોય તો જ તે બાળકને લેવું. જેમને આ પ્રયોગમાં અને તેના સંચાલકોમાં શ્રદ્ધા હોય તે જ અહીં આવે. જે અહીં બાળકને ઓછામાં ઓછું સાત વર્ષ સુધી રાખવા ખુશી હોય. અનિવાર્ય સંજોગો સિવાય બાળકને ઉઠાડી ન લે.

વિના ભેદ સહુને આવકારવા. આમાં વર્ગભેદ કે એવા કોઈ ભેદને લીધે કોઈને ન લેવા તેવું ન કરવું — આદર્શનું ઐકય એજ પસંદગીનું ધ્યેય હોય.

ફી પણ નકકી ન કરવી - માતાપિતા પોતાની સ્થિતિ પ્રમાણે જે ફાળો આપી શકે તે લેવો - ન પણ આપી શકે તો પણ ચાલે -

**સંચાલકો**

બધાને (શિક્ષકો તેમજ માતાપિતાને) એકરુપ કરે તેવી ચેતના આપનાર પ્રાણરુપ એક વ્યકિત.
સાધનોનો ઉપયોગ જાણનાર એક આચાર્ય
સંગીતાચાર્ય
હાથકામ અને ચિત્ર જાણનાર આચાર્ય કે આચાર્યો
નૃત્ય માટે
તંતુવાદ્યો માટે
તાલ માટે
રમત - ગમતો અને બાગ વ. માટે.

આ બધાએ વારંવાર મળવું - માતપિતાને મળવું વ.

**ભાષા**

શિક્ષકે બાળક સાથે એક જ ભાષા બોલવી.

આ પ્રમાણે પ્રથમ પ્રયોગ કર્યા પછી લાગે કે આ પ્રયોગોનો કાંઈ હેતુ છે તો તેનો આગળ વિકાસ કરવો, સમય વધારવો વ.

સાત વર્ષ આ લખાણને વીતી ગયાં. ૧૯૪૬ માં મારી એક નાનકડી બાળકીનું અવસાન થયું. 'કલ્પના' નામે મારા એક સ્મૃતિચિન્તનના શબ્દોમાં કહું તો:

"દરેક માતૃત્વમાં રહેલું વાત્સલ્ય—માતૃભાવ—એક મહાશકિતનો અંશ! પ્રથમ વિશેષ પ્રેમપાત્રમાં તે પરિમિત, પણ કોઈ વાર તે પ્રેમપાત્ર ફૂટી જતાં એ માતૃસ્નેહનો અપરિમિત પ્રવાહવર્ષાકાળમાં ભાગીરથીના મહાપ્રવાહ જેવો આ મરુભૂમિ પર વિસ્તરે છે - અને સૂકાં અસ્થિને પણ પ્રાણવન્ત કરે છે. એક બાળકનાં મૃત્યુથી—એ પ્રેમપાત્રનાં ફૂટી જવાથી માતૃસ્નેહનો પ્રવાહ સૂકાઈ ન ગયો, પણ તેની વિપુલતાનું દર્શન થયું—ઝાંખી થઈ."

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું. અમે યુરોપ - અમેરિકાના પ્રવાસે ગયાં. આ પ્રવાસમાં શકય એટલી શાળાઓ, શિક્ષણપદ્ધતિઓ અને શિક્ષણ સાધનો જોવામાં મેં મારો સમય વીતાવ્યો અને પાછાં ફરીને તરત જ ૧૯૪૭ માં 'શ્રેયસ્'ની સ્થાપનાનો યોગ પ્રાપ્ત થયો. ૧૯૪૭ ના ઑગસ્ટમાં આપણને આઝાદી મળી તે પછી નવેંબરમાં 'શ્રેયસ્'ની સ્થાપના થઈ. તેથી તેને એક સ્વતંત્ર પ્રજાનાં બાળકોની શાળા ગણી શકાય. "Help me to help myself"—એ મૅડમ મૉન્ટેસોરીના સૂત્ર અનુસાર બાળકો માટે કલ્યાણકારી—સ્વાસ્થ્ય બક્ષનારું—વાતાવરણ રચવાની અમારી ભાવના હતી. 'એક બાળક, એક શિક્ષક, એક વૃક્ષ' હોય તો શિક્ષણના કાર્ય માટે આ પૂરતું છે એ સૂત્ર સાથે ગમે તેમ થાય તોય હવે કાર્ય આદરવું જ છે એવો નિર્ણય લીધો. શાહીબાગ વિસ્તારમાં સો વર્ષ પુરાણું ઘર મળી ગયું. ખજૂરી અને લીમડાંની ઘટાઓ હતી. વીસ બાળકો હતાં ૬ થી ૧૦ વર્ષનાં અને અમે છ કાર્યકરો હતાં. મનોરમાબેન સારાભાઈ સાથી હતાં. મૅડમ મૉન્ટેસોરીનું દૂર દૂરથી પણ માર્ગદર્શન હતું. એક વર્ષ વહી ગયું. આ બાળકોનાં નાનાં ભાંડું આવ્યાં. એક માતા, એક નાનું બોડકાં માથાંનું શિશુ લઈ પૂછવા લાગી, "હવે આ નાનાંનું શું?" અને એક એવાં બાળકથી શિશુમન્દિર પણ શરુ થયું. આ બાળકો મોટાં થતાં ચાલ્યાં તેમ કિશોરવિભાગ શરુ થયો. શાળાનું વાતાવરણ કુદરતી, મુકત, અને શિસ્તબધ્ધ અને ઉદ્યમી હતું. સવારે ૭ા થી સાંજના મોડે સુધી અમે સાથે ભણતાં, રમતાં જમતાં, આરામ પણ કરતાં, પ્રવાસે જતાં, ઉત્સવો કરતાં. શાળામાં સંખ્યા વધતી ચાલી, પણ બહુ જ ધીમે ધીમે.

કિશોર વિભાગને ખાસ પ્રયોગશાળા તરીકે શ્રી ખેરસાહેબના ઉત્સાહને લઈને માન્યતા મળી. બાળકો એસ. એસ. સી. ની પરીક્ષામાં પણ જવા લાગ્યાં. પરીક્ષાનાં પરિણામો પણ ઘણાં સારાં હતાં.

આ હતો બાળક, શિક્ષક અને માવતરનો એક ત્રિવેણીસંગમ.

એમાં કબીરના શબ્દો યાદ આવતા હતા.

अहद मुसाफिर पहुना आया
धरो मंगल थाल ।
घर आँगन की कदर मयी है
राह हुआ गुलसार ।
कोनसी सेवा करी हो तुमको
कोन करी हौं पूजा ।
पंथ पंथी घर एक ही है जी
भाव मिटा अब दूजा ।

અને શાળાના બંધારણમાં એક સૂત્ર દિલે જડ્યું હતું

"નકશા હુકૂમ ઈમારત ચલે, વૃક્ષ ચલે નીજ લીલા."

અર્થાત્ જે જડ પદાર્થ છે એને મનુષ્ય પોતાની બુદ્ધિ પ્રમાણે ગોઠવી શકે છે, પણ જે પ્રાણવન્ત છે તે અન્તર્ગત નિયમોને અનુસરીને વિકાસ પામે છે. આ નિયમમાં મનુષ્ય બુદ્ધિથી ડખલ કરે છે તો તે વિકાસને અવરોધક બને છે. માળીની જેમ તે લાલનપાલન કરી શકે, પણ કડીયાની જેમ આકાર ન આપી શકે. શિશુ, બાલ, કિશોર ઈત્યાદિ જૂદી જૂદી અવસ્થામાંથી બાળક પસાર થઈ વિકાસ સાધે છે એ યાદ રાખી, શિક્ષક અને માવતર યોગ્ય સહવાસ અને પ્રવૃત્તિ દ્વારા તેને આબોહવા અને ભૂમિકા આપી શકે. પણ એથી અધિક કાંઈ કરવા જાય તો વિકાસમાં વિકૃતિ પેદા થાય છે.

શિક્ષણપ્રથા અને પરીક્ષા માટે મને મારા માસ્તરના શબ્દો યાદ આવતા:

"ભાડભૂંજા અનાજનાં ફૂલ (ધાણી) કરવા ધાનને ભૂંજી નાખે છે. તે ધાન ખાવા જેવું ઉપયોગી અને ફૂલ જેવું દેખાવમાં હોઈને સુંદર લાગે છે, પણ તેવાં શેકેલાં અનાજમાં અંકુર બળી ગયા હોય છે. તે ફરી ઊગવા અસમર્થ હોય છે. શિક્ષણ-શિક્ષણશાસ્ત્રીઓ અને આપણો સમાજ આજે ભાડભૂંજાનું કાર્ય કરી રહ્યા છે." દરેક વસ્તુની પરખ સોનાના કસોટી—પથ્થર પર કરવાનો નિયમ રાખનાર ચોકસી નીલકમલની કળીને પણ તે પથ્થર પર ઘસીને તેની કસોટી કરવા જાય તો કમળની કસોટી થાય ખરી.?'

એથી કરીને શ્રેયસ્‌માં ધોરણ અને પરીક્ષાનું મહત્વ ૧૨ વર્ષની વય પહેલાં અપાતું નથી. સમય સમય પરના વ્યકિતગત અહેવાલની યોજના દ્વારા બાળકની પ્રગતિ માપી શકાય તેવી એક પદ્ધતિ અમે અપનાવી છે. આવી પદ્ધતિમાં બાળકોને દંડ કે શિક્ષા તો હોઈ જ ક્યાંથી શકે?

"કોઈ ખાંસી ખાય તો 'ખાંસી કેમ ખાય છે?' કોઈને ઓરી નીકળ્યાં હોય તો 'કેમ ઓરી નીકળ્યાં?' તેમ કહી આપણે તેને ધમકાવીને શિક્ષા કરતાં નથી. વ્યાધિ (શારીરિક દરદ) માટે આપણે જેવું ધૈર્ય રાખી, હમદર્દીથી ઈલાજ કરીએ છીએ તેમ આધિ (માનસિક દરદ) માટે પણ કરવું ઘટે છે. અધીરાઈથી બળ વાપરવાથી દરદ ઉલટું જડ નાખી વધે છે. પોતાનું પ્રતિબિમ્બ કદરૂપું દેખી, કોઈ માણસ ચિડાઈ જઈને હથોડા વતી દર્પણને તોડી નાખે તો આપણે તેને મૂર્ખ કહીશું. બાળક ઘણે અંશે આપણું-માબાપ, સમાજ અને વાતાવરણનું પ્રતિબિમ્બ છે. તેને દંડવાને બદલે આપણે આપણી શકલ સુધારીએ."

જ્યાં ઈનામ છે ત્યાં દંડ હોવો જ જોઈએ. જ્યાં તુલના અને સ્પર્ધા છે ત્યાં બન્ધુત્વને ટાંચ આવે જ છે. દરેકે યથાશકિત પ્રયત્ન કરવો- પોતાનું સર્વસ્વ આપી કરી મીટવું - એ કરણીને ઉત્તેજન આપવું, તે માટે વાતાવરણ તૈયાર કરવું, એ શિક્ષકનું કામ છે. પરિણામ કોઈ વાર દેખાય યા ન પણ દેખાય, તેથી દેખાય એવા પરિણામને ઈનામ આપવા કે દંડવા એ માનવનો દ્રોહ કરવા બરાબર છે.

લીના મંગળદાસ.

[ અપૂર્ણ ]

# 'કોરી પાટી' કે 'બાલ દીક્ષા'

(ગતાંકથી ચાલુ)

વૈજ્ઞાનિક પ્રયોગોમાં શું શું હોવું જ જોઈએ?

સૌથી પહેલી ધીરજ જોઈએ, સમગ્રતા છોડીને એકાદ અધૂરા એકમમાં ક્રાંતિ કરી નાંખવાની અધીરાઈ ન ચાલે. તો પહેલી (સમગ્રતા) પ્રહ્‌લાદવૃત્તિ.

પ્રહ્‌લાદે ભગવાનને જવાબ આપેલો તે આબાદ લાગુ પડે છે. ભગવાને મોક્ષ આપવા કહ્યું તો પ્રહ્‌લાદ સંસારના જીવો તરફ આંગળી ચીંધીને કહે છે: "नैतान् विहाय कृपणान् मुमुक्षुरेक":—આ બધા દીનહીન જીવોને છોડીને મારે એકલાને મુકત થવું નથી. મોટે ભાગે ક્રાંતિના ભકતો જ નમૂનાવાદી અધીરાઈમાં 'એકલપેટા મોક્ષ' માં ફસાતા હોય છે. તેમણે ક્રાંતિમાં ભકતશ્રેષ્ટ પ્રહ્‌લાદનીવૃત્તિ લાગુ પાડી જોવી ઘટે અને સમજવું જોઈએ કે, "મારા ગામમાં ક્રાંતિ કે મારા વિસ્તારમાં ક્રાંતિ" એ નથી ઈષ્ટ કે નથી શકય. હકીકતે અસમગ્ર ક્રાંતિ ટકતી જ નથી.

આલ્ડસ હકસ્લીએ હમણાં જ એક 'યુટોપિયા' કાલ્પનિક દેશની કથા બહાર પાડી છે — 'ધ આઈલેન્ડ' નામે. પાલા નામના દુનિયાથી કપાયેલા ટાપુ પર પૂર્વ-પશ્ચિમના આદર્શોના સમન્વયને આધારે એક વિશિષ્ટ સંસ્કૃતિને ફાલવાની તક બે--ચાર પેઢી પર્યંત મળી છે ને તે એક ખબરપત્રીની આંખે આપણને લેખક દેખાડે છે. એમાં આપણને ગમે - ન - ગમે તેવાં અનેક હકસ્લી—મૂલ્યોનો વિનિયોગ જોવા મળે છે. પણ અંતે એ સંસ્કૃતિનું શું થાય છે.? હકસ્લીની નજરે એ સૌથી શ્રેષ્ઠ પ્રકારની સમાજરચના છે. પણ હકસ્લી એના આદર્શમાં ઘેલો નથી. એમ હોત તો અંતે એ ટાપુની સંસ્કૃતિને એ વિશ્વમાં વ્યાપી જતી ચીતરત. પણ એણે તો એ સ્વપ્નબેટની શ્રેષ્ઠતા દર્શાવીને છેવટે એને આધુનિક સ્વાર્થી જગતની બંદૂકો વડે મહાત થઈ જતો બતાવીને ચોપડી પૂરી કરી છે. 'પાલા' શ્રેષ્ઠ હોય કે 'રામરાજ્ય' શ્રેષ્ઠ હોય તે તો નીવડે વખાણ, પણ તેનાં મૂલ્યો આખા વિશ્વમાં કે પછી કમ-સે-કમ એક શકિતશાળી રાષ્ટ્રીય એકમ પૂરતાં તો ફેલાઈ જઈ શકે તેમ જો ન હોય તો તેનું અસ્તિત્વ સાગરપેટા ઈતિહાસના લાપરવા ઉદરમાં સમાઈ જવાનું છે, જેમ અનેક સમાઈ ગયાં છે.

માટે આદર્શની—મૂલ્યોની, સ્વરૂપોની નહીં—સ્પષ્ટતાની સાથે સાથે વર્તમાન જીવનમાં તે મૂલ્યોને પૂરતા પ્રમાણમાં ભેળવીને તેમાંથી પ્રગટતાં મિશ્રફળોને આવકારવાની ને તેમાંથી આગળ વધવાની ધીરજ, દષ્ટિ ને વૈજ્ઞાનિકતા જોઈએ.

આજે મૂડીવાદી સમાજમાં નફો છે, વ્યાજ છે, પક્ષો છે, મતભેદો છે. જાદૂઈ લાકડીથી એ રાતોરાત જાય નહીં. ગયેલાં દેખાય તો તરત જ નવે રૂપે દેખાવાનાં. એ દરેકમાં અનિષ્ટ અસ્તિત્વમાં આવ્યું તેની જે-તે વખતની અમુક ખાસ જરૂરિયાતો હતી ને તેમાંથી કેટલીક જરૂરિયાત હજી પણ રહે તેવી છે. માટે ધૈર્યપૂર્વક નફા, વ્યાજ, પક્ષ, કામ - આદિ સામાજિક સંસ્થાઓમાં આપણાં મૂલ્યોનાં ઈંજેકશન આપીને તેમનાં કેવાં કેવાં નવાં રૂપો આ પેઢીમાં લાવી શકાય તેમ છે, તેને માટે સમાજની વિવિધ શકિતઓ - મતદારો, મજૂરો, રાજ્યકર્તાઓ, વિચારકો, લેખકો વગેરે—ને કેટલા પ્રમાણમાં સક્રિય કરી શકાય તેમ છે અને વિશ્વના વિશાળતર સંયોગોમાં કેટલું થઈ શકે તેમ છે, કેટલું નથી થઈ શકે તેમ, તે બધાનો કયાસ કાઢવો જોઈએ ને તેને આધારે ક્રાંતિકારી કાર્યક્રમો મૂકવા જોઈએ.

કાર્યક્રમમાં ઈષ્ટ સ્વરૂપનું ચિત્ર હોય ખરું, પણ ચિત્રકારને તે ચિત્ર જ નીપજે તેવો આગ્રહ ન હોવો જોઈએ. ગાંધીજીએ સ્વરાજ્યનું પોતાનું ચિત્ર મૂકેલું—'હિંદ સ્વરાજ્ય' માં - તેમના કાર્યક્રમોથી સ્વરાજ્ય આવ્યું, પણ ચિત્ર ગાંધીજીનું ન આવ્યું, અંગ્રેજોનું આવ્યું! પણ તેથી સ્વરાજ્ય આવ્યું તે ખોટું થયું એમ તો નહીં જ કહી શકાય. રાજકીય સ્વરાજ્ય આવ્યું છે તો દેશનું ભાવિ ઘડવાની તક મળી છે. આર્થિક સ્વરાજ્યનું પણ કંઈક આવું જ થઈ શકે તેમ છે. વિકેન્દ્રિત

અર્થરચનાના સુંદર સ્વપ્નથી પ્રેરાઈને આપણે ભલે દોડીએ, પણ કદાચ ઉદ્યોગોની ઉપર જનતાના (સરકારના નહિ, જનતાના) સ્વામીત્વથી આર્થિક સ્વરાજ્યના આંદોલનનું પહેલું પર્વ હાલ તરત પૂરું થાય તેમ બને. ઉદ્યોગોમાં મજૂરોની પંચાયતો અને ગ્રામ—ને—નગર પંચાયતો ભાગીદાર બને એટલું આ પેઢીમાં જ સિદ્ધ થઈ શકે તેવું છે, એ ઉદ્યોગો નાનાં નાનાં માનવીય એકમોમાં વહેંચાઈ જાય તે પહેલાં બે બાબતો પાકવી જરૂરી છે-(૧) જનતાને અને મજૂરોને સર્વસાધારણ રીતે સમજાઈ જાય કે એકજથ્થે મોટા ઉદ્યોગ કરતાં નાનાં ને મધ્યમ કદનાં ઘટકો આર્થિક, સામાજિક, રાજકીય અને આરોગ્યની દષ્ટિએ વધુ સારાં છે. (૨) વીજળી જેવી શકિતનો પૂરતો વિકાસ થાય અને, તેનાથી વરાળયુગમાં પરાણે કેન્દ્રિત થયેલા ઉદ્યોગોને, ક્ષમતા જાળવી રાખીને વિકેન્દ્રિત કરવાનું 'ટેકનિકલી' પણ વધુ ને વધુ શકય બનતું જાય. વિકેન્દ્રિત રચના જો 'ટેકનિકલી' સુલભ બની જાય છે તો તેમાં કેન્દ્રિત કરતાં આર્થિક, સામાજિક વગેરે દષ્ટિએ બીજા કેટલાક ચડિયાતા ગુણો તો પડેલા જ છે. માટે આર્થિક ક્ષેત્રે સહુથી પહેલી જરૂરિયાત એ છે કે ઉદ્યોગો જેમને માટે છે તે જનતા અને ઉદ્યોગો જેમને હાથે ચાલે છે તે શ્રમિકો, તેમની માલિકી ઉદ્યોગપતિઓની સાથોસાથ નોંધાઈ જાય. માટે વિકેન્દ્રિત ગ્રામોદ્યોગોના ઈષ્ટ ચિત્રની ઉપાસના કરતાં કરતાં સરકારી - ખાનગી કેન્દ્રિત ઉદ્યોગોમાં જનતાની ભાગીદારીની સિદ્ધ થઈ શકે તેવી શકયતાને જતી કરવા દઈ શકાય નહીં.

'કોરી પાટી' જેવા કોઈ દીવમાં, કે કોઈ ગ્રામદાની ગામમાં ખાદી, ઘાણી વગેરેનાં બે - પાંચ કેન્દ્રો કે બસો - પાંચસો કેન્દ્રો ખોલીને ચલાવી શકીએ તો તે ફકત કેન્દ્રિત સરકારોની ને શહેરી ખાદી ભવનોની મહેરબાની મારફતે. તેનાથી આર્થિક સ્વરાજ્ય કે ગ્રામસ્વરાજ્ય તે પ્રદેશમાં કે દેશમાં આવે—બાવે નહીં. વધુમાં વધુ જે સિદ્ધિ ગાંઠે બંધાય તે એ કે જો નસીબદાર હોય ને વેળાસર મરી જાય તો તે સઘન પ્રયોગ કરનારો કાર્યકર્તા ભ્રમ - નિરાસ થવાને બદલે સંતોષનો શ્વાસ લઈ શકે ને સમસ્ત દેશ તેના ઝળહળતા ગાંધીવાદી પ્રયોગનો ધડો નથી લેતો તે બદલ તેની, સ્વભાવાનુસાર કડવી કે મીઠી ટીકા જરીક કરી લે.

રાજનીતિને ક્ષેત્રે પણ વૈજ્ઞાનિકતાની આ જ કઠોર કસોટી લાગશે. પક્ષોના દુર્ગુણ તો દોઢસો વરસથી ગધેરે ગવાય છે, નવી નવાઈના સર્વોદયને જ કાંઈ નથી સૂઝેલા. પણ જેનો ચડિયાતો વિકલ્પ નથી મળતો તે વસ્તુ ઈતિહાસમાંથી વિલાતી નથી. પક્ષ-પદ્ધતિનો લોકશાહી વિકલ્પ સર્વોદયે હજી મૂકયો નથી. 'સર્વ સંમતિ'નો પ્રયોગ સર્વોદયના પોતાના જ વર્તુળોમાં યશસ્વી થયો છે એમ છાતી ઠોકીને કહી શકાય તેમ નથી. વડોદરાના રંગપુર વિસ્તારમાં થયો તે મતદાર મંડળનો પ્રયોગ તો અનેક પક્ષો ઉપરાંત એક વધુ ઉમેદવાર ઊભો કરવામાં પરિણમ્યો. 'નિષ્પક્ષ પક્ષ'વાળી શ્રી મગનભાઈ પ્ર. દેસાઈની ટીકા દૂર દષ્ટિવાળી સાબીત થઈ. સર્વસંમતિ નાનાં મંડળોમાં ચાલે છે તે વાત ખોટી નથી, પણ આજે રાજકીય સ્થિતિ જે છે તે છે. એ નથી એમ ધારીને 'કોરી પાટી' કલ્પીને, અથવા દીવમાં કોંગ્રેસ સરકારની રહેમથી મેળવીને, કાંઈ નિષ્પક્ષ લોકનીતિ સિદ્ધ થઈ શકે નહીં. પક્ષોનો આધાર મહદઅંશે સ્વાર્થોનો કેન્દ્રિત સરવાળો હોય છે. સ્વાર્થો વિકેન્દ્રિત અને સ્થાનિક બને, સમાજ પ્રત્યક્ષ બને, ત્યારે 'બે આંખની શરમ, 'સામાજિક લજ્જા', 'સહાનુભૂતિ ને સમજ' વગેરે માનવીય તત્ત્વો કામ કરતાં થાય છે. ગ્રામ પંચાયતો, જિલ્લા પંચાયતો વગેરે બને છે તે પક્ષોના નિરાકરણ માટે ઉપયોગી થવાનું છે. સ્થાનિક જાગૃતિ અને પક્ષો દ્વારા એકહથ્થુ થતી સત્તા — એ બે સાથે સાથે જઈ શકે તેમ નથી. પંચાયતો પાસે આજે પોતાનાં આગવાં હિત નથી, સ્વતંત્ર આર્થિક જીવન સાવ નજીવું છે, પંચાયતો પેટ્રોલ, કાપડ, વિજળી વગેરેમાં શેરો ધરાવતી થાય, પોતાના ઉદ્યોગો ચલાવતી થાય, તે પછી તેમાં કેન્દ્રિય ને રાષ્ટ્રીય પક્ષોની વાસ્તવિકતા આજના જેવી રહી જ નહીં શકે. મતભેદો જરૂર થશે, દાળની ફાડ તો પડશે, પણ તે સ્થાનિક પ્રશ્નો પર. અને તેમાં જડવત 'સર્વ સંમતિ'નો મંત્ર જપવાને બદલે ઉભયસંમત લવાદીનો ગાંધીમાર્ગ અજમાવવો પડશે. જ્યાં મતગણતરી કરવી પડે ત્યાં બહુમતના ચુકાદાને લવાદના ચુકાદા જેવો પવિત્ર માનવાની શિસ્ત કેળવવી પડશે.

રાજકીય ક્ષેત્રે વૈજ્ઞાનિક સર્વોદય એક બીજું આંદોલન પણ કરશે. મતાધિકારની સાથે સાથે પ્રત્યેક નાગરિકે પ્રશ્નાધિકાર મેળવવો પડશે. દરેક ધારાસભ્યે, પાર્લમેન્ટના સભ્યે, સરકારી અમલદારે અને ઉદ્યોગપતિએ કે વેપારીએ કોઈ પણ પ્રશ્નનો જાહેર ખુલાસો આપીને પોતાની 'જવાબદારી' સાબિત કરવી પડશે. આ રીતે જનતાને જવાબ આપવાની પરંપરા ખડી થતાં પક્ષોની કેન્દ્રિય પકડ આજની રીતે શકય નહીં રહે. 'સંવિભાગ' (અર્થાત ઉદ્યોગદાન) અને 'પ્રશ્નાધિકાર' પછી જે રાષ્ટ્રીય પક્ષો હશે તેમાં આંતરિક લોકશાહી અને ઉદારતા પુષ્કળ હશે, કારણ તેમનું મુખ્ય ઐતિહાસિક કાર્ય તે વખતે વિચારોની મુખ્ય ધારાઓને સામૂહિક રીતે સંયોજવાનું ને અભિવ્યકત કરવા પૂરતું હશે, આજની જેમ વિચારોને અને વ્યકિતઓને એકી લાકડીએ હાંકવાનું, 'શિસ્તભંગના પગલાં' ભરવાનું તેને માટે શકય તો નહીં જ રહે, તેને જરૂરી પણ નહીં લાગે.

દરમિયાન સર્વોદય 'નિર્વૈર ચૂંટણી'નો પ્રયત્ન કરવો જોઈએ. પક્ષો હોય, ચૂંટણી 'રમે', છતાં વેર ન વધે, આનંદ વધે, જ્ઞાન વધે તેવી રીતની નિર્વૈર ચૂંટણીઓને સર્વોદય શકય બનાવી શકે તો એનાથી લોકશાહીના પાયા નહેરુ પછી પણ મજબુત બને. આની વિગતવાર છણાવટ અહીં નહીં કરીએ.

☆

કોઈ પણ અનિષ્ટ દેખાય કે તરત 'આ નહીં જોઈએ,' 'દૂધથી દાઝયા' તો કે 'જેટલું સફેદ તેટલું નહીં પીએ,' 'શ્યામરંગ સમીપે ન જાવું' એ બધી બાળ - બુદ્ધિની અને કવિના - જગતમાં રમ્ય લાગતી વૃત્તિઓ છે. વાસ્તવિક જગતના દોષો એટલી સીધી,પ્રત્યક્ષ ને એકદમ પ્રત્યાઘાત પામીને સામે પાટલે જઈને બેસતી પદ્ધતિથી દૂર થાય તેવા સરળ નથી રહ્યા. વિજ્ઞાનયુગના સામાજિક પ્રશ્નો જટિલ છે. 'અણુબોંબ' થી વિશ્વસંહાર થઈ જાય તેમ છે,' 'એમ? તો એમાં શું? નાંખી દો દરિયામાં!' બહુ જ સહેલી ને 'ચટ રોટી પટ દાલ' જેવી માનવતાભરી વાતો છે. પણ તે બેજવાબદાર માનવતા છે. રાષ્ટ્રોમાં અને રાષ્ટ્રસમૂહોનાં ધૂંસરાં જેમની કાંધે ધારાં પાડે છે તે ધૂરંધરોની સામેના નરદમ પ્રશ્નો પ્રત્યેની બેતમા બુદ્ધિમાંથી આવા સસ્તા જવાબો અળશિયાની જેમ ફુટી નીકળે છે. જવાહરને કેમ જાણે શાંતિ ઓછી વહાલી હશે તે સેના રાખતા હશે? આવી બાલિશ બેજવાબદારી દાખવવાથી કંઈ કોકડાં ઉકલતાં નથી. ઊલટી એક પ્રકારની બેવડી નીતિ કામે લાગે છે. "હું રાષ્ટ્રપતિ છું, દેશનો સરસેનાપતિ છું, જવાબદારી માથે વહું છું. તો તો શું થાય, સેના વિખેરવાનું મારાથી નહીં બને." "હું રાષ્ટ્રપતિ નથી, સેના ગાંધી-સિદ્ધાંતથી વિરુદ્ધ છે, સેના વિખેરી નાંખો!" અત્યંત ઈમાનદાર માણસને મોંએથી પરિસ્થિતિવશ નીકળી પડેલા આ વ્યવહાર અને સિદ્ધાંતનો વદતોવ્યાઘાત છે. સિદ્ધાંત તરીકે એમાં પરિસ્થિતિ પરાંગ-મુખતા છે, વ્યવહાર તરીકે, આદર્શ વિશે વિવશતા છે.

પરંતુ પૂજ્ય રાજેન્દ્રબાબુના આ મહાન ઉદાહરણનાં બંને ઊલટાસૂલટી પાસાં મળીને એક જ જરૂરિયાત વ્યકત કરે છે: આદર્શને વૈજ્ઞાનિક બનાવ્યા વિના, વ્યવહારિક બનાવ્યા વિના હવે ચાલે તેમ નથી. કારણ પરિસ્થિતિની પકડમાં હોઈને આપણે અપંગ છીએ અને આદર્શ વિના અંધ છીએ. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ વિના તો અસ્તિત્વ શકય જ નથી, પણ આકાશમાં ઊડયા વિના અસ્તિત્વની સાર્થકતા જ નથી. માટે ગુરુત્વાકર્ષણના નિયમોને આધારે જ અવકાશયાત્રાનું વિજ્ઞાન રચવું રહે છે. ગુરુત્વાકર્ષણ જયાં ન હોય તેવી 'કોરી પાટી'ની ખોજ સમયનો બગાડો છે. વાર્તાકારોએ 'કોરી પાટી' ઓ કલ્પીને આદર્શનાં સ્વપ્નો ચીતર્યાં છે ને ચીતરશે, પણ ક્રાંતિકારીઓએ તો એ ચિત્રોની પ્રેરણા લઈ ઈતિહાસના કાલ-પ્રવાહને નમ્રભાવે સેવવો પડશે.

આદર્શનાં કેસરિયાં પણ કદીક કરવાં પડે, તેની 'ના' નથી. પણ દષ્ટિને અભાવે કે વીરતાને અભાવે અકાળે કેસરિયાં કરવાથી આદર્શ અમર ન બને, હાસ્યાસ્પદ જ બને.

'અધ્યાત્મ સાથે વિજ્ઞાનનાં લગ્ન' એ સૂત્રોચ્ચારનો વિષય નથી. એક એક મૂલ્યને વર્તમાન સમગ્ર જીવનની વાસ્તવિકતામાં વાવીને તેમનો વંશ ઉત્તરોત્તર સુધારવાનો વિષય છે.

સમાપ્ત **પ્રબોધ ચોકસી**

# ઉચ્ચ શિક્ષણનું માધ્યમ

(ઉચ્ચ શિક્ષણના માધ્યમ અંગે તા. ૨૧-૯-'૬૨ ના રોજ દિલ્હીની સુપ્રિમ કોર્ટે એક અતિ મહત્ત્વનો ચૂકાદો આપ્યો હતો અને તેનો સંક્ષિપ્ત સાર એ સમયના દૈનિક પત્રોમાં પ્રગટ થયો હતો. એ વાંચતાં પ્રસ્તુત ચુકાદો શું કહેવા માંગે છે તે સ્પષ્ટ થતું નહોતું. આ માટે આખા ચૂકાદાની મૂળ નકલ પ્રાપ્ત થવી જરૂરી હતી. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે એ મૂળ નકલ મેળવીને તેમ જ જોઈ તપાસીને પ્રબુદ્ધ જીવનના વાચકો પ્રસ્તુત ચૂકાદાનું હાર્દ સમજી શકે તે હેતુથી ખૂબ શ્રમ લઈને એક નોંધ તૈયાર કરી આપી છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ નોંધમાં ભારતની ભિન્ન ભિન્ન યુનિવર્સિટિઓના શિક્ષણ માધ્યમ અંગે આપણા રાજ્યબંધારણમાં શું જોગવાઈ કરવામાં આવી છે, અને આ સંબંધમાં ભિન્ન ભિન્ન રાજ્યોને અને કેન્દ્રને કયા કયા પ્રકારની સત્તા આપવામાં આવી છે તેનું ખૂબ ઝીણવટભર્યું વિવરણ કરવામાં આવ્યું છે, અને તેથી સામાન્ય વાંચકોને આ નોંધ પ્રથમ વાંચને સમજવામાં મુશ્કેલી પડે એવો સંભવ છે. આ ચર્ચાના અનુસંધાનમાં હવે પછીના લેખમાં શ્રી ચીમનભાઈ 'ઉચ્ચ શિક્ષણનું માધ્યમ' એ પ્રશ્ન કે જેણે આખા દેશમાં એક મોટી મૂંઝવણ ઉભી કરી છે તે ઉપર પોતાના વિચારો રજૂ કરવા ધારે છે. **તંત્રી**)

ઉચ્ચ શિક્ષણના માધ્યમ સંબંધે છેલ્લાં પંદર વર્ષથી તીવ્ર મત ભેદ, લગભગ અરાજકતા પ્રવર્તે છે. તેમાં હમણાં ગુજરાત યુનિવર્સિટી સંબંધે વરિષ્ઠ અદાલતનો ચૂકાદો આવ્યો છે. પણ તેથી આ મતભેદ કે અરાજકતા ઓછી થવામાં કાંઈ મદદ થાય તેમ જણાતું નથી. તે કેસની હકીકતો ટાંકવામાં આવી છે.

શ્રીકાંત કાશીનાથ નામનો વિદ્યાર્થી જેની માતૃભાષા મરાઠી છે, તેણે માધ્યમિક શિક્ષણ મરાઠી દ્વારા લીધેલું અને S. S. C.ની પરીક્ષા મરાઠીમાં આપેલી. પછી અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રથમ વર્ષમાં અંગ્રેજી મારફત શિક્ષણ લીધું. ઈન્ટરમાં પણ અંગ્રેજી મારફત અપાતા શિક્ષણના વર્ગમાં તેને દાખલ થવું હતું, પણ કૉલેજના પ્રિન્સિપાલે દાખલ ન કર્યો, કારણ કે, ગુજરાત યુનિવર્સિટીના ઠરાવ મુજબ જે વિદ્યાર્થીએ માધ્યમિક શિક્ષણ અંગ્રેજીમાં લીધું હોય અને કૉલેજના પ્રથમ વર્ષમાં પણ અંગ્રેજી મારફત શિક્ષણ લીધું હોય તેને જ ઈન્ટરમાં અંગ્રેજી મારફત શિક્ષણ અપાતા વર્ગમાં દાખલ કરી શકાય. પ્રિન્સિપાલ આ વિદ્યાર્થીને આવા વર્ગમાં યુનિવર્સિટી રજા આપે તો દાખલ કરવા તૈયાર હતા. યુનિવર્સિટીએ અંગ્રેજી મારફત શિક્ષણ લેવાતા વર્ગમાં દાખલ થવાની આ વિદ્યાર્થીને રજા ન આપી, પણ અંગ્રેજીમાં પરીક્ષા આપવાની છૂટ આપી.

યુનિવર્સિટીએ શિક્ષણનું માધ્યમ અને પરીક્ષાની ભાષા બન્ને નક્કી કરવાના હોય છે. ગુજરાત યુનિવર્સિટીની નીતિ અંગ્રેજીને સ્થાને ગુજરાતી અથવા હિંદીને શિક્ષણ અને પરીક્ષાનું માધ્યમ બનાવવાની હોવાથી, આ ફેરફાર બને તેટલા ટૂંકા સમયમાં થાય તે માટે તેણે નિયમો ઘડયા છે અને ઉત્તરોત્તર શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજીને હઠાવી, ગુજરાતી અથવા હિંદીને દાખલ કરવાની નીતિ સ્વીકારી છે.

ગુજરાત યુનિવર્સિટીના આ હૂકમ સામે શ્રીકાંતના પિતા કાશીનાથ રંગનાથ મઘોલકરે ગુજરાત હાઈકૉર્ટને અરજી કરી, આ હૂકમ ગેરકાયદેસર છે તેમ જાહેર કરવા દાદ માગી અને શ્રીકાંતને અંગ્રેજી મારફત શિક્ષણ અપાતા ઈન્ટરના વર્ગમાં દાખલ કરવા યુનિવર્સિટી અને કૉલેજના પ્રિન્સીપાલને હૂકમ કરવા વિનંતિ કરી.

ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો ગુજરાત યુનિવર્સિટીને અધિકાર છે કે નહીં તે મુખ્ય મુદ્દો આ કેસમાં હતો.

ગુજરાત હાઈકૉર્ટે નીચે મુજબ ચૂકાદો આપ્યો.

(૧) ગુજરાત યુનિવર્સિટી એકટ મુજબ પોતાની સાથે સંલગ્ન, (affiliated) કૉલેજો માટે શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો ગુજરાત યુનિવર્સિટીને અધિકાર નથી.

(૨) આવો અધિકાર હોય તો પણ ગુજરાતી અથવા હિંદી જ શિક્ષણનું માધ્યમ હોવું જોઈએ અને અંગ્રેજી નહિ એવું ઠરાવવાનો યુનિવર્સિટીને અધિકાર નથી.

(૩) ગુજરાત યુનિવર્સિટી એકટ આવો અધિકાર આપે છે એમ માનીએ તો તે એકટ તેટલે દરજજે ગેરકાયદેસર છે, કારણ કે, બંધારણ મુજબ ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો અધિકાર સંસદને જ છે અને રાજ્યવિધાનસભાને નહિ.

(૪) ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં અંગ્રેજી મારફત શિક્ષણ ન આપવું પણ ગુજરાતી અથવા હિંદી મારફત જ શિક્ષણ આપવું એવો કાયદો બંધારણની વિરુદ્ધ ગણાય, કારણ કે, બંધારણ મુજબ લઘુમતી કોમને પોતાની ભાષા અને સંસ્કૃતિ જાળવી રાખવાનો (conserve) અને પોતાની પસંદગીની શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેનો વહીવટ કરવાનો, મૂળભૂત અધિકાર છે અને તે અધિકારની વિરુદ્ધ શિક્ષણનું કોઈ એક જ માધ્યમ કાયદાથી લાદી શકાય નહિ.

એટલે ગુજરાત હાઈકૉર્ટના ચૂકાદા મુજબ ગુજરાત યુનિવર્સિટીનો ઠરાવ દરેક દૃષ્ટિથી ગેરકાયદેસર છે અને તે રદ બાતલ સમજવો.

આ ચૂકાદા સામે યુનિવર્સિટીએ સુપ્રિમ કૉર્ટને અપીલ કરી જે અપીલ છ જજોએ સાંભળી. તેમાં પાંચ જજો એકમત થયા અને એક જજનો મત વિરુદ્ધ પડયો.

પાંચ જજોએ એમ ઠરાવ્યું કે, ગુજરાત યુનિવર્સિટી એકટ મુજબ ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો યુનિવર્સિટીને અધિકાર છે, પણ ગુજરાતી અથવા હિન્દી જ માધ્યમ હોવું જોઈએ અને અંગ્રેજી નહિ એવું નક્કી કરવાનો અધિકાર નથી. ઉચ્ચશિક્ષણનું માધ્યમ ગુજરાતી અથવા હિંદી જ હોઈ શકે અને અંગ્રેજી નહિ એવું નક્કી કરવાનો અધિકાર રાજ્ય વિધાનસભાને છે કે નહિ તે સંબંધે પાંચ જજોએ એમ ઠરાવ્યું કે, તેમનો ઉપરનો ચૂકાદો જોતાં, આ પ્રશ્ન સંબંધે અભિપ્રાય આપવાની જરૂર રહેતી નથી; છતાં ગુજરાત હાઈકૉર્ટે તે સંબંધે ચૂકાદો આપ્યો છે અને ગુજરાત રાજ્ય વિધાનસભાને ભવિષ્યમાં નવો કાયદો કરવો હોય તો તેમાં કાંઈક માર્ગદર્શક થાય તે માટે, યુનિવર્સિટી અને રાજ્યના વકીલોની વિનંતિથી કાંઈક અભિપ્રાય આપ્યો છે. આ અભિપ્રાય સ્પષ્ટ નથી. તે સંબંધે નીચે વિચારીશું. ગુજરાતી અથવા હિન્દી જ શિક્ષણનું માધ્યમ હોવું જોઈએ અને અંગ્રેજી નહિ—એવો કાયદો રાજ્યવિધાનસભા કરે તો લઘુમતી કોમના મૂળભૂત હક્કોને તે બાધિત થાય કે નહિ તે સંબંધે સુપ્રીમકૉર્ટે કાંઈ ચૂકાદો આપ્યો નથી, કારણ કે તે કૉર્ટના મત મુજબ એવો ચૂકાદો આપવા માટે જે હકીકતો જોઈએ તે આ કેસમાં રજૂ થઈ નથી.

એક જજ શ્રી સુબારાવ, જેમણે જુદો અભિપ્રાય આપ્યો, તેમણે એમ કહ્યું છે કે, ગુજરાત યુનિવર્સિટી એકટ મુજબ ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો અધિકાર યુનિવર્સિટીને છે અને ગુજરાતી અથવા હિંદી જ માધ્યમ હોવું જોઈએ અને અંગ્રેજી નહિ એવો નિર્ણય કરવાનો અધિકાર પણ યુનિવર્સિટીને છે.

સામાન્ય જનતાને કદાચ આશ્ચર્ય થાય કે કાયદાના અર્થ કરવામાં નામદાર જજો વચ્ચે આવો તીવ્ર મતભેદ કેમ થતો હશે? દાખલા તરીકે ગુજરાત હાઈકૉર્ટે દરેક મુદ્દા ઉપર ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ ચૂકાદો આપ્યો. જસ્ટીસ સુબારાવે દરેક મુદ્દા ઉપર યુનિવર્સિટીની તરફેણમાં ચૂકાદો આપ્યો. બીજા પાંચ જજોએ એક જ મુદ્દા ઉપર યુનિવર્સિટી વિરુદ્ધ ચૂકાદો આપ્યો અને બીજા મુદ્દાઓ ભવિષ્ય માટે ઉભા રહ્યા અને જે અભિપ્રાય આપ્યો છે તે પણ એક નિર્દેશરૂપ છે, છેવટનો નહિ. છેવટનો અભિપ્રાય તો નવો કાયદો થાય તેનું સ્વરૂપ જોઈને આપી શકાય.

આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. કાયદો જ્યાં સ્પષ્ટ હોય છે ત્યાં અર્થ કરવામાં કાંઈ મુસીબત પડતી નથી. પણ બધા કાયદાઓ સ્પષ્ટ હોતા નથી, તેની ખામીને કારણે અથવા દરેક પરિસ્થિતિને લક્ષમાં લઈ પૂર્ણ સ્પષ્ટતા કરવાની શકયતા ન હોવાથી કેટલાક કાયદાઓમાં ઈરાદાપૂર્વક અમુક સંજોગોમાં નિર્ણય કરવાની સત્તા કૉર્ટને આપેલી હોય છે. એક રીતે કૉર્ટે કાયદાનો

અર્થ કરી અમલ કરવાનો હોય છે અને નીતિ નક્કી કરવાનું કામ કૉર્ટનું નહિ પણ વિધાનસભા કે સંસદનું છે. છતાં કાયદાનો અર્થ કરવામાં કેટલેક દરજ્જે કૉર્ટો નીતિ પણ ઘડે છે. જ્યાં અસ્પષ્ટતા હોય ત્યાં પણ આમ તો કાયદા ઘડનારાઓનો ઈરાદો નક્કી કરવાનું કૉર્ટ કામ કરે છે એમ કહેવાય. પણ એ ઈરાદો સ્પષ્ટ નથી તેથી જ મુસીબત ઉભી થાય છે અને છેવટ અર્થ કરનારનો અભિપ્રાય શું છે તેનો પડઘો તેના ચૂકાદામાં પડયા વિના રહેતો નથી.

આ કેસની હકીકત જ લઈએ. ગુજરાત હાઈકૉર્ટનો ચૂકાદો કેટલેક દરજ્જે તર્કશુદ્ધ છે તેમ લાગે છે. જસ્ટીસ સુબારાવનો ચૂકાદો તેથી પણ વિશેષ તર્કશુદ્ધ છે અને ગુજરાત હાઈ-કૉર્ટની લગભગ બધી દલીલોનો સચોટ રીતે તેમણે જવાબ આપ્યો છે તેમ કહી શકાય. બીજા પાંચ જજોનો ચૂકાદો એટલો તર્કશુદ્ધ અથવા સચોટ છે તેમ મને લાગતું નથી. પણ અંતે તો આ વિષયમાં કાયદાની દૃષ્ટિએ અને નીતિની (Policy) દૃષ્ટિએ પ્રમાણિક મતભેદને પૂર્ણ અવકાશ છે.

કાયદાની દૃષ્ટિએ જોઈએ તો ગુજરાત હાઈકૉર્ટે એમ ઠરાવ્યું કે પોતાની સાથે સંલગ્ન એવી કૉલેજો માટે શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો રાજ્ય વિધાનસભાને અને યુનિવર્સિટીને અધિકાર નથી. કયા કયા વિષયો સંબંધે રાજ્ય વિધાન સભા જ કાયદા કરી શકે, કયા વિષયો સંબંધે સંસદ જ કાયદા કરી શકે અને કયા વિષયો સંબંધે બન્ને કાયદાઓ કરી શકે તે વિષે બંધારણમાં પ્રબંધ છે, વિષયોની સૂચિ આપી છે, પણ તેથી દરેક વિષય આવી જતો નથી. આ જ વિષય લઈએ તો શિક્ષણ વિષે કાયદા કરવાનો અધિકાર રાજ્ય વિધાનસભાને છે, પણ તેમાં કેટલાંક અપવાદ છે. કેટલીક શિક્ષણસંસ્થાઓ અને શિક્ષણના કેટલાંક વિષયો સંબંધે કાયદા કરવાનો સંસંદને અધિકાર જ છે. આ બન્નેનો પરસ્પર મેળ કરવો સ્હેલું નથી. શિક્ષણના માધ્યમ વિષે કોણ કાયદો કરી શકે તેને લગતો સ્પષ્ટ ઉલ્લેખ કયાંય નથી. શિક્ષણ (Education) અને અમુક શિક્ષણસંસ્થાઓનો ઉલ્લેખ છે. તેનું માધ્યમ કોણ નક્કી કરે? ગુજરાત હાઈકૉર્ટે કહ્યું કે, ઉચ્ચશિક્ષણનું માધ્યમ સંસદ જ નક્કી કરી શકે. જસ્ટીસ સુબારાવે કહ્યું કે, શિક્ષણનો વિષય રાજ્ય વિધાનસભાનો હોવાથી રાજ્ય—વિધાનસભા જ નક્કી કરી શકે, કારણ કે, શિક્ષણના વિષયમાં શિક્ષણનું માધ્મય આવી જાય છે. બીજા પાંચ જજોએ કહ્યું કે, રાજ્ય વિધાન સભા ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરી શકે છે, પણ તે ગુજરાતી અથવા હિંદી જ હોવું જોઈએ અને અંગ્રેજી નહિ તેમ નક્કી કરવાનો અધિકાર છે કે નહિ તે અત્યારે નિશ્ચિત ન કહેવાય. અમુક સંજોગો ઉપર આધાર રાખે છે.

રાજ્ય વિધાનસભાને જે જે વિષયો સંબંધી કાયદા કરવાનો હક્ક છે તેમાં એક વિષય નીચે મુજબ છે:

"Education including universities, subject to the provisions of entries 63, 64, 65 and 66 of list I and entry 25 of list III."

સંસદને જ જે વિષયો સંબંધે કાયદો કરવાનો હક્કછે તેમાં એક વિષય નીચે મુજબ છે:

"Co-ordination and determination of standards in institutions for higher education or research and scientific and practicalinstitutions

આ બન્ને શિક્ષણને લગતા વિષયો છે. એકમાં રાજ્ય વિધાન-સભાને જ અધિકાર છે, બીજામાં સંસદ ને જ. સંસદને અધિકાર છે તેમાં "Co-ordination and determination of stan dards for higher education" બે શબ્દોનો શું અર્થ કરવો તેના ઉપર આધાર છે. તેમાં ઉચ્ચશિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો અધિકાર આવે કે નહિ? જસ્ટીસ સુબારાવે કહ્યું છે કે, ન આવે; ગુજરાત હાઈ કૉર્ટે કહ્યું છે કે તેમાં જ આવે અને રાજ્ય વિધાનસભાના વિષયમાં ન આવે. સુપ્રિમ કૉર્ટના બીજાં પાંચ જજોએ કહ્યું છે કે અમુક સંજોગોમાં બન્નેમાં આવે. દા. ત. ગુજરાતી અથવા હિંદી જ શિક્ષણનું માધ્યમ હોવું જોઈએ એવો કાયદો એવા સંજોગોમાં કરવામાં આવે કે જ્યારે પ્રાદેશિક ભાષામાં પાઠ્ય પુસ્તકો પૂરતા પ્રમાણમાં ન હોય, યોગ્ય શિક્ષકો ન હોય, વિદ્યાર્થીઓ પ્રાદેશિક ભાષામાં આવા વિષયો સમજી શકે તેમ ન હોય, જે બધાને કારણે શિક્ષણનું ધોરણ નીચું જાય, તો તેવો કાયદો કરવાનો રાજ્ય વિધાનસભાને અધિકાર નથી કારણ કે, ઉચ્ચ શિક્ષણનું ધોરણ જાળવી રાખવાને લગતો કાયદો સંસદ જ કરી શકે. કોઈ રાજ્ય વિધાનસભા પૂરતી તપાસ કરી એમ જાહેર કરે કે ઉપર જણાવેલ બધા સંજોગો સાનુકુળ છે અને પછી પ્રાદેશિક ભાષાને જ ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકારે તો કદાચ તે કાયદો તેની સત્તામર્યાદામાં ગણાય. જસ્ટીસ સુબારાવે કહ્યું છે કે, ઉચ્ચશિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો અધિકાર જો રાજ્ય વિધાન-સભા અને તે પ્રદેશની યુનિવર્સિટીને હોય—અને તે હકીકત બીજા પાંચ જજોએ પણ સ્વીકારી છે—તો એક અથવા બીજી ભાષા માધ્યમ રાખવી તે નિર્ણય કરવાનો પણ તેને જ અધિકાર છે. શિક્ષણ વિષયે કાયદો કરવાનો અધિકાર હોય અને માધ્યમ—જે શિક્ષણનું અગત્યનું અંગ છે—તેને વિષે નિર્ણય કરવાનો અધિકાર નહોય તેવું બને નહિ. તેથી co-ordination and determination of standards in institutions for higher education એ શબ્દોમાં ઉચ્ચ શિક્ષણનું માધ્યમ નક્કી કરવાનો અધિકાર આવે જ નહિ.

જ્યાં આવી અસ્પષ્ટતા હોય ત્યાં, અર્થ કરવામાં ,બીજા ઘણાં સંજોગો અવ્યક્તપણે નિમિત્ત બને. જેમને એમ લાગે કે પ્રાદેશિક ભાષાઓને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવવાથી, રાષ્ટ્રની એકતા જોખમાશે, અંગ્રેજીને કાઢી નાખવાથી દુનિયા સાથેના વ્યવહારમાં ખલેલ પડશે, વિશાળ જ્ઞાનથી વંચિત રહીશું, વિદ્યાર્થી-ઓનું ભવિષ્ય જોખમાશે, શિક્ષણનું ધોરણ ઉતરી જશે, વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સમગ્ર દેશમાં હેરફેર અશક્ય બનશે અને બીજા ઘણાં અનિષ્ટ પેદા થશે, તેમનું વલણ સ્વાભાવિક રીતે, પ્રાદેશિક ભાષાઓનેજ ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનતી અટકાવવાનું જ રહે, બીજી બાજુએ જેમને અંગ્રેજી મારફત શિક્ષણ લેવું ગુલામીની નિશાની સમાન લાગતું હોય, માતૃભાષાદ્વારા જ શિક્ષણ ઉત્તમ રીતે આપી શકાય તેમ લાગતું હોય, પ્રાદેશિક ભાષાઓનો વિકાસ આ જ રીતે થાય, અને બીજી રીતે રૂંધાશે તેમ લાગતું હોય, તેમનું વલણ સ્વા-ભાવિક રીતે પ્રાદેશિક ભાષાઓને માધ્યમ બનાવવાનું રહેવાનું.

તેવી જ સ્થિતિ લઘુમતીઓના મૂળભૂત હક્કોનો અર્થ કરવામાં અને તેનો અમલ કરવામાં રહે છે. લઘુમતી કોમને પોતાની ભાષા અને સંસ્કૃતિનું જતન કરવાનો અને પોતાની પસંદગીની શિક્ષણસંસ્થાઓ સ્થાપવાનો અને ચલાવવાનો અધિકાર છે. આ અધિકારનો અર્થ શું એ છે કે, કોઈ પણ રાજ્ય એક જ ભાષાને ઉચ્ચ શિક્ષણનું માધ્યમ બનાવી ન જ શકે? અમદાવાદમાં તામીલ, ભાષા બોલતાં ૫૦ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ લેવા ઈચ્છે તો શું ગુજરાત યુનિવર્સિટીએ શું તામીલ મારફત શિક્ષણ આપવું અને પરીક્ષાઓ લેવી ફરજીઆત છે? બીજી રીતે મુંબઈ, કલકત્તા, મદ્રાસ, જેવા વિશાળ પચરંગી શહેરો કે જ્યાં બીજી કોમના લોકો મોટી સંખ્યામાં વસે છે, ત્યાં શું એક જ ભાષાને ઉચ્ચશિક્ષણના માધ્યમ તરીકે રાખી થકાય? આ સંબંધે ગુજરાત હાઈકૉર્ટનો ચૂકાદો નબળો લાગે છે. ત્યાં મરાઠી ભાષાના એક વિદ્યાર્થીના પિતાએ અરજી કરી હતી. છતાં સેન્ટ ઝેવિયર્સ કૉલેજ કેથોલિક કોમની કૉલેજ છે, કેથોલિક કોમને પોતાની ભાષા અને સંસ્કૃતિનું જતન કરવાનો તથા પોતાની પસંદગીની સંસ્થાઓ ચલાવ-વાનો અધિકાર છે, માટે, ગુજરાત યુનિવર્સિટી પ્રાદેશિક ભાષાને શિક્ષણમાધ્યમ તરીકે રાખી શકતી નથી એવો નિર્ણય વધારે પડતો લાગે છે. કેટલા કેથોલિક અમદાવાદમાં છે, કોની એવી માગણી છે, તેમની શું ભાષા અને સંસ્કૃતિ છે એવી કોઈ હકીકત ગુજરાત હાઈકૉર્ટ સમક્ષ રજુ થઈ ન હતી. તેથી સુપ્રિમ કૉર્ટે વ્યાજબી રીતે આ પ્રશ્ન ઉપર કોઈ નિર્ણય આપ્યો નથી. પણ આ પ્રશ્ન ઉભો રહે છે જ, અમદાવાદ માટે નહિ તો રાષ્ટ્ર માટે તો જરૂર. લઘુમતીઓના આ મૂળભૂત હક્કોનો શું અર્થ કરીશું અને કેવી રીતે તેનો અમલ કરીશું તે મહત્ત્વનો પ્રશ્ન છે.

ઉચ્ચ શિક્ષણના માધ્યમનો પ્રશ્ન માત્ર કાયદાનો જ નથી. આનો નિર્ણય ઉચ્ચ કક્ષાએ વિના વિલંબે થાય તે અત્યંત જરૂરનું છે.

આ સંબંધે આવતા અંકે વિશેષ વિચારીશું

અપૂર્ણ

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## ચીની આક્રમણ અંગે

# ભારતની પ્રજાને નહેરુની તાકીદની હાકલ

(તા. ૨૨-૧૦-'૬૨ની રાત્રિએ ભારતના મહાઅમાત્ય પંડિત જવાહરલાલ નહેરુએ તાજેતરમાં ભારતની ઉત્તર પૂર્વ—સરહદ ઉપર ચીને શરૂ કરેલા જંગી આક્રમણ અંગે ઓલ ઈન્ડિયા રેડીઓ ઉપરથી ભારતની પ્રજાને ઉદ્દેશીને કરેલી હાકલનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આ હાકલમાં ઊંડું દર્દ છે અને આજની વાસ્તવિક પરિસ્થિતિ અને તેના અનુસંધાનમાં આપણા અંગે સ્પષ્ટ અને સચોટ માર્ગદર્શન કરાવવામાં આવ્યું છે. આ ચીની આક્રમણ અંગે અપેક્ષિત એવી કશી પણ તંત્રીનોંધ નહિ જોતાં 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો કદાચ આશ્ચર્ય અનુભવશે. કોઈ મહાન દુર્દૈવને સૂચવતી આ એકાએક નિર્માણ થયેલી ઘટનાનો સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં વિચાર કરતાં ચિત્ત એક પ્રકારની સ્તબ્ધતા અનુભવે છે. વળી અહિંસાને કેન્દ્રમાં રાખીને જીવનનો વિચાર કરવાનો પ્રયત્ન કરનાર સૌ કોઈ માટે કર્તવ્યાકર્તવ્યની એક ભારે વિકટ ગુંચ પેદા થઈ છે. આ સંયોગોમાં શું લખવું, શું સૂચવવું એ સૂઝતું નથી. તેથી ભારતના મહાઅમાત્ય પંડિત નહેરુએ તા. ૨૨—૧૦—૬૨ના રોજ ભારતના પ્રજાજનો જોગ કરેલી તાકીદની હાકલને આ અંકમાં યોગ્ય આકારમાં પ્રસિદ્ધિ આપીને સંતોષ માન્યો છે. પરમાનંદ)

**સાથીઓ, મિત્રો અને વ્હાલા દેશબંધુઓ !**

બહુ લાંબા ગાળા બાદ તમારી સમક્ષ રેડીઓ મારફત બોલી રહ્યો છું. મને લાગે છે કે, ચીની સૈન્યોના ચાલુ અને બેશરમ આક્રમણના કારણે આપણા સીમા પ્રદેશ ઉપર જે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે તે વિષે મારે તમને બે શબ્દ જરૂર કહેવા જ જોઈએ.

આ એક એવી સ્થિતિ ઊભી થઈ છે કે તેનો આપણે મક્કમ રીતે અને અસરકારક રીતે સામનો કર્યા સિવાય છૂટકો જ નથી. આ દેશમાં વસતા આપણે સૌ ભાઈ-બહેનો સુલેહશાંતિને વરેલા માનવીઓ છીએ અને સુલેહશાંતિની રીત-રસમથી ટેવાયેલા છીએ. લડાઈની રીતરસમ અને જરૂરિયાતોને પહોંચી વળવું એ આપણા અનુભવની બહારનો વિષય છે. (We are men and women of peace in this country, conditioned by the ways of peace. We are unused to the necessities of war.) આવા આપણા ઘડતરને લીધે, જ્યારે આજથી પાંચ વર્ષ અગાઉ લડાઈમાંના આપણા પ્રદેશ ઉપર આક્રમણ કરવામાં આવ્યું ત્યારે પણ, આપણે સુલેહશાંતિ અને સમાધાનની નીતિને અનુસરવાનો પ્રયત્ન કર્યો હતો. સુલેહશાંતિભરી વાટાઘાટો વડે સ્વમાનભર્યા સમાધાન માટે આપણે કંઈ કંઈ માર્ગો વિચાર્યા તેમ જ અજમાવ્યા હતા. આખી દુનિયા સાથેના વ્યવહારમાં પણ આ જ આપણી નીતિ રહી હતી, અને આપણા દેશમાં પણ એ જ નીતિનો અમલ કરવાનો આપણે પ્રયત્ન સેવ્યો હતો. આજના આ યુગમાં યુદ્ધનું સ્વરૂપ કેવું ભયંકર હોય છે તે આપણે જાણીએ છીએ અને આ દુનિયાને યુદ્ધનો ભોગ બનતી અટકાવવા માટે આપણે બને તેટલું કરી છૂટયા છીએ.

આમ છતાં પણ આપણો પોતાનો સીમાપ્રદેશ કે જ્યાં એક ભારે શક્તિશાળી અને નિષ્ઠુર પ્રતિપક્ષીએ, શાંતિની કે શાંતિપૂર્ણ પદ્ધતિની કશી પણ દરકાર કર્યા સિવાય. આપણને સતત ધમકીઓ આપ્યા કરી છે, એટલું જ નહીં પણ, એ ધમકીઓને અમલમાં પણ મૂકી દીધી છે—આ સીમાપ્રદેશને લાગેવળગે છે ત્યાં સુધી આપણા આ બધા પ્રયત્નો નિષ્ફળતાને પામ્યા છે. તો પછી એ સમય હવે આવી લાગ્યો છે કે જ્યારે આપણા લોકોની આઝાદીને અને આપણા દેશની સ્વાધીનતાને જોખમાવી રહેલા આ ભયસ્થાનને તેના સંપૂર્ણ વાસ્તવિક સ્વરૂપમાં આપણે બરોબર સમજી લઈએ. જો કે, સૈકાઓ સુધી પરદેશી હકુમત સહન કર્યા બાદ, આટલું બધું બલીદાન અને ભોગ આપીને, આપણા લોકોએ જે સ્વાધીનતા હાંસલ કરી છે તેને આ દુનિયાની કોઈ પણ સત્તા છીનવી લઈ શકે તેમ છે જ નહિ, એમ છતાં પણ, આમ હું એટલા માટે કહું છું કે, આપણા દેશની સ્વતંત્રતા અને સ્વાધીનતાને મજબૂત —સુનિશ્ચળ—બનાવવા માટે આપણે પૂરી કમર કસવી જોઈએ અને આપણે આઝાદ થયા ત્યાર બાદ જે સૌથી મોટામાં મોટી આફત આપણી સામે આવીને ઊભી રહી છે તેનો આપણે પૂરી દૃઢતાપૂર્વક સામના કરવો જોઈએ. આપણે જીતવાના છીએ એ વિષે મારા મનમાં જરા પણ શંકા છે જ નહિ. આપણા લોકોની અને આપણી માતૃભૂમિની સ્વાધીનતા આગળ બીજું સર્વ કાંઈ આપણે ગૌણ ગણવું જોઈએ અને જરૂર પડે તો આ અસાધારણ કટોકટીનો સામનો કરવા માટે બીજા સર્વ કાંઈનો ભોગ આપવા માટે પણ આપણે તૈયાર રહેવું જોઈએ.

છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન આ ચીનાઓ જે પ્રકારનું ચાલુ આક્રમણ કરતા રહ્યા છે અને ભાષણો, દલીલો અને વારંવાર ઉચ્ચારાયેલાં એકનાં એક જૂઠ્ઠાણાંઓ મારફત અને આપણા દેશ વિરુદ્ધ કેવળ ભાંડણ અને બદબોઈથી ભરેલા પ્રચાર મારફત પોતાના આક્રમણને તેઓ જે રીતે વ્યાજબી ઠરાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેનો લાંબો ઈતિહાસ હું તમને અત્યારે સંભળાવવા ઈચ્છતો નથી, પણ ઈતિહાસમાં એવા દાખલા બહુ ઓછા મળશે કે, જ્યાં એક દેશે એટલે કે આપણા ભારતે ચીનીસરકાર અને ચીની પ્રજા સાથે, ચાલુ રીતરસમની બહાર જઈને પણ મિત્રભાવ દાખવવાનો અને સહકાર સાધવાનો પ્રયત્ન કર્યો હોય, અને બીજી બાજુએ અન્ય દેશે એટલે કે ચીની સરકારે ભલાઈનો બદલો બુરાઈથી આપ્યો હોય અને આક્રમણ કરવાની અને આપણી પવિત્ર ભૂમિ ઉપર હુમલો કરવાની હદ સુધી જે ગયેલ હોય. કોઈ પણ સ્વમાન ધરાવતો દેશ—અને ખસુસ કરીને આઝાદીને વરેલું ભારત તો—ગમે તે પરિણામ આવે તો પણ નમતું આપી શકે જ નહિ.

લડાખના સીમાવિભાગમાં પાંચ વર્ષથી ચીનાઓનું આક્રમણ ચાલી રહ્યું હતું. પણ નેફા(north-east frontier area -ભારતનો ઈશાન દિશાનો વિભાગ)માં આવેલો આપણો બીજો સીમાપ્રદેશ આ આક્રમણથી લગભગ મુક્ત હતો. હવે જ્યારે આપણે ચીની સત્તાધીશો સાથે આ તંગદિલી હળવી કરવાના ઉપાયોની અને માર્ગોની ચર્ચા કરી રહ્યા હતા અને આ બાબતનો વિચાર કરવા માટે જ્યારે બન્ને દેશના પ્રતિનિધિઓ એકઠા થવાનો કાંઈક સંભવ હતો એવામાં નેફાની સીમા-ઉપર એક નવા જ આક્રમણનો પ્રારંભ થયો. છે. આ નવું આક્રમણ સપ્ટેમ્બરની આઠમી તારીખે શરૂ થયું છે. તંગદિલી હળવી કરવાનો આ કોઈ વિચિત્ર માર્ગ છે. આપણી સાથેના આચારવ્યવહારની ચીની સરકારની આ કોઈ અનોખી રીત છે. નેફા વિભાગમાં ચીન સાથેની આપણી સહરદ બહુ જાણીતી છે અને કંઈ વર્ષોથી સુનિશ્ચિત છે. તેને કેટલીક વાર 'મેકમોહન લાઈન'ના નામથી ઓળખવામાં આવે છે. પણ ટીબેટને ભારતથી જુદી પાડતી આ રેખા વચ્ચે વહેતા જળપ્રવાહની બન્ને બાજુએ આવેલી પર્વતધારો વડે નિશ્ચિત થયેલી છે. આ રેખાને 'મેકમોહન લાઈન'ના નામથી ઓળખવામાં આવી તેના ઘણા સમય પહેલાં ઈતિહાસ, પરંપરા અને કરારનામાઓથી આ રેખાને આપણી સરહદ તરીકે સ્વીકારવામાં આવી છે. જો કે મેકમોહન લાઈનને ચીનાઓએ illegal ગેરકાયદેસર હોવાનું જણાવ્યું છે, એમ છતાં, આ રેખાને સરહદ તરીકે તેમણે અનેકવાર સ્વીકારી છે.

ચીનાઓએ ઘણા લાંબા વખતથી આપણી હકુમત અને વહીવટ નીચે રહેલો નેફાનો મોટો ભાગ, તેમના નકશા મુજબ, પોતાનો મુલક હોવાનો દાવો કર્યો છે, એમ છતાં પણ, આજની ચીની હકુમત બાર વર્ષ પહેલાં સ્થાપિત થઈ હતી અને તે પહેલાં ટીબેટની રાજ્યસત્તાએ આપણી હકુમતનો કદિ પણ વિરોધ કર્યો નહોતો, જે

નકશાઓ ચીનાઓ રજૂ કરતા હતા તે નકશાઓ બહુ જરીપુરાણા છે અને આજની વાસ્તવિકતા સાથે તેનો જરા પણ મેળ નથી એમ તેમણે જ અનેકવાર કબૂલ કર્યું છે. આમ છતાં પણ આ સરહદનો પ્રદેશ જ્યાં ઘણા સમયથી કશી ઉપાધિ, અગવડ કે લડાઈ જેવું કશું પણ થવા પામ્યું નહોતું અને જ્યાં લાંબા વખતથી શાંતિ સ્થપાયેલી હતી ત્યાં તેમણે આજે આક્રમણ શરૂ કર્યું છે અને તે પણ ઘણી મોટી સંખ્યામાં અને હુમલો કરવાની મોટા પાયાની તૈયારીઓ સાથે.

આ સરહદ ઉપર આપણા લશ્કરને પીછેહઠ કરવી પડી છે અને આપણને પ્રતિકૂળ એવી પરિસ્થિતિ ત્યાં ઉભી થઈ છે. આથી હું ખૂબ દુ:ખ અને ગ્લાનિ અનુભવું છું. આપણા સૈનિકો ઉપર ઘણી મોટી સંખ્યાના ચીની લશ્કરે ભારે લશ્કરી સરંજામ અને દારૂગોળા વડે હુમલો કરીને તેમને પાછા હઠવાની ફરજ પાડી છે. આ આપણા લશ્કરી અધિકારીઓ અને સૈનિકો કે જેમણે ભારે બહાદુરીપૂર્વક આ ચીની લશ્કરી દળોનો સામનો કર્યો છે તેમને હું મારા ખરા દિલની અંજલિ આપું છું. આ પ્રદેશમાં હજુ પણ કદાચ આપણે પાછા હઠવું પડે. પણ એક બાબત ચોક્કસ છે કે આ સંઘર્ષનું છેવટનું પરિણામ આપણા વિજયમાં જ આવવાનું છે. જ્યારે ભારત જેવો દેશ પોતાની સ્વતંત્રતા અને દેશની સુરક્ષા માટે લડતો હોય ત્યારે બીજું કોઈ પરિણામ આવી શકે જ નહિ.

આપણે એક બળવાન અને નિષ્ઠુર દિલના પ્રતિપક્ષીઓનો સામનો કરવાનો છે. આમ હોવાથી આ પરિસ્થિતિને પૂરી રીતે અને વિશ્વાસપૂર્વક પહોંચી વળવા માટે આપણી શકિત અને તાકાતને પૂર્ણ રીતે સંગઠિત કરવાની છે. આ અથડામણ લાંબો સમય સુધી પણ ચાલે એવો સંભવ છે. આ માટે માનસિક રીતે તેમ જ બીજી રીતે પણ આપણે આપણી જાતને તૈયાર કરવી ઘટે છે. આપણને આપણી જાતમાં પૂરો વિશ્વાસ હોવો જોઈએ અને મને ખાત્રી છે કે આપણી શ્રદ્ધા અને તૈયારી પૂરી કામયાબ નીવડવાની છે. બીજું કોઈ પરિણામ કલ્પી શકાતું જ નથી. આ આક્રમણકારના પંજામાંથી આપણા દેશને મુકત કરવા માટે આપણામાં અચળ શ્રદ્ધા અને સુદ્રઢ નિશ્ચય પ્રગટે એવી મારી પ્રાર્થના છે.

તો પછી આ સંબંધમાં આપણું કર્તવ્ય શું છે? આપણે આપણી છાતીને વજ્ર જેવી કઠણ બનાવવી જોઈએ અને પ્રજાની શકિત અને સાધનસામગ્રીને એક જ ધ્યેય તરફ કેન્દ્રિત કરવી જોઈએ. સુલેહશાંતિના સમયમાં ધીમી ગતિએ આપણે કામ કરતા હતા તેના બદલે જલ્દિ પરિણામ આવે તેવી કાર્યપદ્ધતિઓ આપણે અખત્યાર કરવી જોઈએ. આપણી હસ્તકનાં બધાં સાધનો અને ઉપાયોને કામે લગાડીને આપણી લશ્કરી તાકાત ખૂબ વધારવી જોઈએ.

પણ એકલી લશ્કરી તાકાત આપણા માટે પૂરતી લેખાવી ન ઘટે. આ તાકાતને પ્રજાની ઔદ્યોગિક તાકાતનો પૂરો ટેકો હોવો જોઈએ અને આપણું ઉત્પાદન જરૂરિયાત મુજબ ખૂબ વધારવું જોઈએ. ઉત્પાદન વધારવામાં આડે આવે એવી હડતાળો કે બીજી કોઈ રીતનું અવલંબન નહિ લેવા કામદારોને હું અનુરોધ કરૂં છું. આ ઉત્પાદનવૃદ્ધિને માત્ર કારખાનાં સાથે જ નહિ, પણ ખેતી સાથે એટલો જ સંબંધ છે. જ્યારે રાષ્ટ્ર આફતમાં સપડાયેલ હોય ત્યારે કોઈ પણ રાષ્ટ્રવિરોધી કે સમાજવિરોધી પ્રવૃત્તિ સાંખી શકાય નહિ. આપણો ગમે તે વ્યવસાય હોય, આપણે સર્વેએ ઘણો મોટો બોજો ઉઠાવવાનો છે આઝાદીની કિંમત પૂરા પ્રમાણમાં ચૂકવવાની છે, અને આપણા લોકોની અને આપણી માતૃભૂમિની સ્વાધીનતાની રક્ષા માટે આપવી પડતી કોઈ પણ કિંમત વધારે ગણાવી ન ઘટે. હું ઊંડા દિલથી શ્રદ્ધા રાખું છું અને માનું છું કે દેશના બધા પક્ષો અને મંડળો આ કટોકટીની ઘડીએ એકત્ર થશે અને પોતપોતાના વિવાદો અને દલીલો કે જેને આજે કોઈ સ્થાન નથી તેને બાજુએ મૂકશે અને જેઓ આપણી સ્વતંત્રતા અને સ્વાધીનતાને જોખમાવી રહ્યા છે તેમની સામે એકરૂપતાભર્યું નક્કર રાષ્ટ્રીય સંગઠન રજૂ કરશે.

આપણા માથે બહુ ભારે બોજો પડવાનો છે. રાષ્ટ્રીય રક્ષણને લગતા વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે અને તેને લગતા ઉત્પાદન અંગે જોઈતું નાણું પૂરું પાડવા માટે આપણે બને તેટલી બચત કરીને બોન્ડઝ—સરકારી કાગળિયાં—ખરીદવાં પડશે, ચીજોના ભાવમાં કોઈ પણ વધારો થતો અટકાવવો પડશે, અને જેઓ રાષ્ટ્રની આવી મુશ્કેલીઓના વખતે નફો કરવાને પ્રવૃત્ત થાય તેઓ રાષ્ટ્રવિરોધી છે અને પ્રજાહિતને ભારે હાનિ પહોંચાડે છે—આ વિષે આપણે પૂરા સભાન અને જાગૃત બનવું પડશે.

આપણે ત્રીજી પંચવર્ષીય યોજનાની મધ્યમાં છીએ. આ યોજનાને છોડી દેવાનો કે તેમાંની કોઈ અગત્યની બાબતને હળવી કરવાનો કોઈ સવાલ જ હોઈ ન શકે. આજની નવી જરૂરિયાતો સાથે તેનો અહિં કે તહિં મેળ સાધવાનો જરૂર રહેશે, પણ આ યોજનાની મુખ્ય મુખ્ય બાબતોને આપણે વળગી રહેવું પડશે અને પાર પાડવાની રહેશે, કારણ કે આ રીતે જ આપણે આપણા દેશને માત્ર આ કટોકટી પૂરતો જ નહિ પણ, હવે પછીનાં વર્ષો માટે પૂરી તાકાતવાળો બનાવી શકીશું.

બીજી પણ અનેક બાબતો છે કે જે આપણા લોકો કરી શકે તેમ છે અને તેમાંની કેટલીક હું આગળ ઉપર જણાવતો રહીશ. પણ આપણા માટે મુખ્ય બાબત તો પ્રજાજનોમાં આઝાદી વિષેની નિષ્ઠાને બને તેટલી પરિપકવ કરવાની અને એ દિશાએ બને તેટલું કાર્ય કરી છૂટવાની છે. આને કોઈ મુદતનો બાધ લાગતો જ નથી. આપણને વિજય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આ ઝગડાને આપણે ચાલુ રાખવાનો જ છે, કારણ કે આ આક્રમણને કે અન્યના શાસનને આપણે કોઈ પણ સંયોગમાં આધીન બનીએ એ શકય જ નથી.

આપણે કોઈ પણ પ્રકારની ગભરામણથી મુકત રહેવું જોઈએ, કારણ કે કોઈ પણ સંયોગમાં આવી ગભરામણ નુકસાન જ કરે છે અને આજે તે માટે કોઈ કારણ પણ નથી. આપણને એક મહાન સંગઠિત પ્રજાનું પીઠબળ છે. આ કારણે આપણે પ્રસન્નતા અનુભવીએ અને આપણી સ્વાધીનતાની રક્ષા કરવી અને ભારતની પવિત્ર ભૂમિ ઉપર આક્રમણ કરનાર સૌ કોઈને પાછા હઠાવવા — આ આજનું મહાન કાર્ય સાધવા પાછળ પ્રજાની વિરાટ અને સંગઠિત તાકાતને પૂરી કામે લગાડીએ. આપણે આ કટોકટીનો હળવા દિલથી સામનો ન કરીએ, પણ આપણા યુદ્ધની સચ્ચાઈમાં અને તેના પરિણામમાં પૂરી શ્રદ્ધાપૂર્વક, મજબૂત છાતીથી અને પૂરી ગંભીરતાથી આજની કટોકટીનો આપણે સામનો કરવા કટિબદ્ધ બનીએ.

વાતાવરણમાં ઉડતી આવતી જે તે વાતોમાં કદિ માનતા નહિ. નબળા હૈયાના લોકો જે કહે તે સાંભળતા નહિ. આપણ સર્વની કસોટીનો આ સમય છે અને વજ્ર જેવી છાતીએ આપણે કામ લેવાનું છે. ઘણી વખત આવી બાબતને આપણે હળવા હૈયે વિચારતા હોઈએ છીએ અને આપણી આઝાદીને કોઈ અડી શકવાનું નથી એમ માનીને ચાલતા હોઈએ છીએ. પણ આઝાદી એમ જળવાતી નથી. તેને ટકાવવા માટે સતત જાગૃતિ, બળ અને તપસ્યા અત્યંત જરૂરી છે.

આજે યુદ્ધ આપણા ઉપર લાદવામાં આવ્યું છે. તે મહાન યુદ્ધમાં, તમે ગમે તે ધર્મ, પક્ષ કે વર્તુળના હો, તમને મારા સાથી-બિરાદર બનવાનું હું આમંત્રણ આપું છું. મને આપણા લોકોમાં, આપણા ધર્મકાર્યમાં અને આપણા દેશના ભાવીમાં પૂરી શ્રદ્ધા છે. સંભવ છે કે, આપણે આ રીતે કસોટીમાંથી પાર ઉતરીએ અને પૂરા ખડતલ બનીએ એવી આપણા વિષે ભાવીની કદાચ અપેક્ષા હોય.

આપણે તટસ્થતા — non-alignment —ની નીતિને અનુસરતા રહ્યા છીએ અને સર્વ રાષ્ટ્રો સાથે મૈત્રી કેળવવાનો આપણે હંમેશાં પ્રયત્ન સેવ્યો છે. આ નીતિમાં હું સંપૂર્ણપણે માનું છું અને આ નીતિને આપણે હવે પછી પણ અનુસરવાના છીએ. આજની મુશ્કેલીના કારણે પણ આપણા પાયાના સિદ્ધાંતોનો આપણે ત્યાગ કરવાના નથી. ઉલટું એ નીતિને વળગી રહેવાથી જ આપણે આ મુશ્કેલીનો વધારે અસરકારક ઉકેલ સાધી શકીશું એમ હું માનું છું.

તમને સર્વને મારા અંતરની શુભેચ્છા છે અને ભવિષ્યમાં આપણા માથે ગમે તે વીતે તો પણ તમારું મસ્તક હંમેશાં ઊંચું રાખો અને આપણા દેશ માટે જે મહાન ભાવીનું દર્શન આપણે ચિંતવી રહ્યા છીએ તેમાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ ધરાવતા રહો એવી મારી તમારા વિષે અપેક્ષા છે. જય હિંદ!

અનુવાદક: પરમાનંદ મૂળ અંગ્રેજી : જવાહરલાલ નહેરુ

# સાધુઘેલાપણું છોડો અને વાસ્તવિકતાને પીછાણો!

(સ્વ૦ વાડીલાલ મોતીલાલ શાહ આશરે અડધી સદી પહેલાના એક પ્રખર વિચારક, વકતા અને લેખક હતા. તેમની લેખિનીએ એ સમયની યુવાન પ્રજાને મંત્રમુગ્ધ કરી હતી. તેમની ભાષામાં એક પ્રકારની આગ ઝરતી હતી. તેમની લેખનશૈલીના નમૂનારૂપ નીચેનો લેખ શ્રી ત્રિભુવન વીરજીભાઈ હેમાણી તરફથી મળ્યો છે. "જૈન હિતેચ્છુ' નામનું એક માસિક શ્રી. વા. મો. શાહ કાઢતા હતા. તેમાં પ્રગટ થયેલા તેમના ઢગલાબંધ લેખોનું સંકલન કરીને અને વિષયવાર વિભાજન કરીને શ્રી. હેમાણી જુદા જુદા વિભાગમાં લેખસંગ્રહો પ્રસિદ્ધ કરી રહ્યા છે. આજ સુધીમાં તેમણે છ કે સાત સંગ્રહો બહાર પાડયા છે. આ લેખ સાધુઘેલછાથી મૂઢ બનેલા એ સમયના સમાજને વિચારજડતાની ચૂડથી મુકત થવા અને વાસ્તવિકતા વિષે પૂરા સભાન બનવા પડકાર કરે છે. આજે પણ એ પડકારનું એટલું જ મહત્ત્વ છે. **તંત્રી**)

બંધુઓ, કાં તો શાસ્ત્રને માનો અગર તો જમાનાને માનો, માત્ર અંધશ્રદ્ધાને વળગી રહેશો તો હજી યે વધારે દુ:ખી થશો. શાસ્ત્રને માનવા હોય તો વધારે નહિ તો ફકત દશવૈકાલિક કે આચારાંગ બેમાંનું એક સૂત્ર વાંચી જાઓ, (બહુ મોટું નથી; સહેલું સમજાય તેવું છે; અને ગુજરાતી ભાષાંતર છપાયલું મળી શકે છે.) અને પછી તે શાસ્ત્રોમાં ભગવાને જે સાધુધર્મ વર્ણવ્યો છે તેનો અર્ધો પણ ભાગ જેઓ પાળતા હોય તેને ખુશીથી માનો; પરંતુ જેઓ જૂઠ, ક્રોધ, ખટપટ, માન અને નિંદાથી ભરપૂર કૃત્યો કરતા હોય, જેનામાં એક સામાન્ય મિથ્યાત્વી જેટલી પણ સરળતા કે પ્રમાણિકતા કે નમ્રતા ન દેખાતી હોય, તેવાને તો દૂરથી નવગજના નમસ્કાર કરો. જો જમાનાને જ માનવો હોય, તો આ કે પેલા કોઈ પણ સાધુના પક્ષકાર ન બનતાં દેશની પ્રગતિનું અંગ બનો અને ફુરસદે કોઈ પણ ધર્મના સાધુનો ઉપદેશ સાંભળો. (તેમાંથી સ્વીકારવાયોગ્ય લાગે તે ગુપચુપ સ્વીકારો અને છોડવાયોગ્ય લાગે તે ગૂપ-ચૂપ છોડી દો.) જૈનધર્મના શાસ્ત્રો અને ગ્રન્થો ઘેર બેઠાં વાંચી એકાંતમાં તે ઉપર મનન કરશો તો સાધુઓના વ્યાખ્યાન કરતાં વધારે લાભ મેળવી શકશો. × × × × × અફસોસની વાત એટલી જ છે કે કેટલાક ભણ્યા-ગણ્યા માણસો પણ માત્ર એક વાર પક્ષ પકડયો તેટલા ખાતર દાંભિકોના ટેકામાં રહે છે અને સમાજમાં કલહનો અખાત વિસ્તારતા જાય છે. જેઓ જાગતાં પથારીમાં લઘુશંકા કરે તેમને કાંઈ સલાહ આપવી વ્યર્થ છે. ભણેલાઓ, દેશની સ્થિતિ તો જરા જુઓ; આખી દુનિયાને માથે જીવવા-મરવાનો સવાલ આવી પડયો છે; હિંદ પણ કેટલું ચિંતામાં છે. હિંદને જીવવું જ હોય તો આવા ધર્મના ઢોંગોને એક અભરાઈ ઉપર મૂકી સમાજસુધારણા, કેળવણી અને વ્યાપારહુન્નર તરફ જ પોતાનું સઘળું લક્ષ આપવું જોઈએ છે. જોગટાઓ તો તમારી પાસે માગીને પણ પેટ ભરશે, પણ તમે શું કરશો તેનો કોઈ વિચાર કરશો? તેમના નચાવ્યા નાચી લડાઈટંટા અને ખર્ચો કરી શા માટે દેશને વધારે નિર્બળ અને નિર્માલ્ય કરો છો? મોક્ષસુંદરીને વરવી છે તે તો તેમને છે; અને તે જાનનું ખરચ તમારે માથે છે! અરે, ભોળાઓ! શું કરવા હાથમાં દીવો લઈ કૂવામાં પડો છો? મહારાજો પાછળ ગાંડાઘેલા થઈ ફરવામાં અને પાછળ પાછળ દર્શન માટે ભટકવામાં (અને કોઈ કોઈ વખત તો છોકરા માટે દોરા ધાગા કરવામાં) શું કરવા નાહક તમારા પૈસા, શરીર અને સમયની સાથે તમારા આત્માને પણ ડૂબાવો છો? તેઓ સારા હશે તો તેનો લાભ તેમને છે; ખોટા હશે તો તેથી ગેરલાભ પ્રથમ તમને (અને પછી—અને તે પણ બીજા ભવમાં—તેમને) છે. માટે તમે તમારું સંભાળો અને સાધુઘેલા થવાને બદલે દેશઘેલા બનો. અકેક સાધુની માનતામાં કે તેના માનમાં લાણીપ્રભાવના કે જમણ કરવામાં કે તેના કહેવાથી કોઈ ટીપ ભરી આપવામાં તમે હજારો રૂપિયા દર વર્ષે ખર્ચો છો, પણ કેળવણીના ફેલાવામાં કે, 'હોમ—રુલ લીગ'માં કે સમાજ—સુધારણામાં કોઈ દિવસ રાતી પાઈ ખરચો છો? અને એ તમારા પાખંડી—માનભૂખ્યા—ગુરુઓએ તમને એવે રસ્તે ખરચવાની સલાહ પણ કોઈ દિવસ આપી છે? ઓ ભોળાઓ! તેઓ તમને કોઈ દિવસ એવી સલાહ આપવાના નથી; તમે મૂર્ખા રહો એમાં જ તેમનું હિત છે, તમે બુદ્ધિશાળી અને દેશદાઝવાળા થાઓ એમાં તો એમને નુકસાન છે. પેશાબ ખુલ્લી જમીન પર કરવો કે પાત્રમાં કરવો એ બાબતના નિર્ણય કરવામાં તમે નાહક વખત ન ગુમાવો; તે કામ 'નવરા ભીખમંગા'ને માટે 'રિઝર્વ' રહેવા દો. તમારી આસપાસ બત્રીશ કરોડ દેશબંધુઓમાં શું દશા[1] ચાલી રહી છે તે તરફ તમારું ધ્યાન રોકતાં શીખો. જે દેશમાં પેટને માટે સ્ત્રીઓ વેશ્યા બની રહી છે, અનાથો મુસલમાન અને ખ્રિસ્તી થવા લાગ્યા છે, એક રોટલીના ચાર ભાગ પડે છે, દૂધ પીતા બાળકનાં લગ્ન થાય છે, જે દેશમાં રળનાર એક અને ખાનાર દશ છે અને તેમાં ધંધાનોકરીના કસ રહ્યા નથી, જે દેશમાં પચાસ લાખ ભિખમંગા ધંધો કરવામાં જ પાપ માની તમારા પેટ ઉપર લાત મારી મિષ્ટાન્ન પામે છે અને વળી, તમને અંદરોઅંદર લડાવી મારે છે, જે દેશમાં જન્મવું એ અકસ્માત, જીવવું એ અકસ્માત અને મરવું એ પણ અકસ્માત થઈ પડયું છે. અરે ઓ અંધા ભાઈઓ! ઓ મોક્ષના મોહથી અંધા બનાવાયેલા ભોળાઓ! આ દેશ તરફ જરા તો નજર કરો, જરા તો સાધુ; અપાસરા, દેરા અને કથા-ગ્રન્થોને છોડી આસપાસની નક્કર અને સ્થૂલ હકીકતો, બનાવો અને ચીજો તરફ નજર કરો. તમને મોક્ષના વાયદા આપનારને પ્રથમ પોતે તો સ્વાર્થ, માન, ક્રોધ, પ્રપંચથી મુકિત મેળવવા દો, **પછી** તમે તેમનું સાંભળવા નવરા થજો. ત્યાં સુધી તમે તમારા દેશમાં, તમારા સમાજમાં—તમારા ઘરમાં બળી રહેલી આગ જોવા અને બનતા પ્રયત્ને તેને બૂઝવવા તરફ ધ્યાન આપો. મોક્ષ કોઈનું આપ્યું અપાતું નથી; અને જેને અહીં સ્વાર્થ અને માયા-કપટમાંથી મુકિત મળી **નથી** તેને **આકાશમાં** પણ મોક્ષ મળી શકવાનું નથી તેની ખાત્રી રાખો. મોક્ષ ખરેખર જોઈતું હોય તો માત્ર **તત્વજ્ઞાનનાં** પુસ્તકો ફૂરસદે એકાંતમાં થોડે થોડે વાંચો, કોઈ કોઈ વખત બંધબારણે અને એકાગ્ર ચિત્તે સામયિક વ્રત આદરી આત્માના ચિંતવનમાં લાગો, અને **જેમ બને તેમ** દેશમાંથી અજ્ઞાનતા અને **સામાજિક સડા દૂર કરવાના** કામમાં **તમારા પૈસા અને સમય અને લાગવગનો ભોગ આપો** એથી **તમને અહીં** તો જરૂર મુકિત મળશે; અને અહીંની મુકિત **ત્યાંની** મુકિતનો **નમૂનો** છે. **અહીં** મુકિત ન મળે તેને **ત્યાં** પણ મુકિત નથી જ.

ભારતવાસીઓ! આંખો ખોલો અને દેરાં—અપાસરા—મઠ—જોગી—જતિમાં લાગ્યા રહેવાને બદલે વધતા જતા **આ ગજબ** તરફ નજર કરો. તમારે ઘણું કરવાનું છે. સંથારા કરવા પાલવે તેમ હવે રહ્યું નથી. તમારા ૧૦૦ ભાઈઓમાંથી પ્રાથમિક શિક્ષણ પણ ૨૮ને જ મળે છે, ૧૦૦ બહેનોમાંથી માત્ર ૪ને જ મળે છે. અજ્ઞાનતાની કાંઈ હદ! અને આ અજ્ઞાનીઓ પછી ફલાણો ધર્મ સાચો ને ફલાણો ધર્મ જૂઠો કહી 'પરીક્ષક' બને છે! ............... ઓ ત્રાહિ! ત્રાહિ!

**વા. મો. શાહ**

*(૧) બત્રીશ કરોડ ભારતવાસીઓ પૈકી ૧૦ કરોડ તો ભૂખે મરે છે એમ ગ્રીઅર્સન નામનો અંગ્રેજ ગણત્રી કરીને કહે છે. છેલ્લાં ૧૦ વર્ષમાં ભૂખથી ૯૦ લાખ અને પ્લેગથી ૧૦ લાખ હિંદીઓ મરણ પામ્યા. કેટલાક લોકોને એક જાતનો પથ્થર ભાંગીને તેનો લોટ ખાવો પડે છે અને થોડા વખતમાં મરવું પડે છે. આવા ભયંકર ભૂખમરા વચ્ચે 'નીતિ' પાળવી પણ મુશ્કેલ છે તો મોક્ષની ચર્ચાઓમાં સમય ગુમાવવો એ મૂર્ખતા નથી તો શું? ચોથો આરો આજે રહ્યો નથી, કે જે વખતે ૨૦—૨૦ હજાર માણસો એક સાથે સાધુ બની શકતા અને તેમને આહાર પણ મળી રહેતો. રશિયા જેવા પછાતમાં પછાત દેશના લોકોની સરેરાશ આવક મહિને રૂા. ૧૪ છે, અમેરિકનની રૂા. ૫૦ છે, સ્કોટલેન્ડના માણસની રૂા. ૬રાા છે, જ્યારે આજે ભારતવર્ષના પ્રત્યેક મનુષ્યની સરેરાશ આમદાની મહિને રૂા. ૧—૬—૦ છે, અને નાનામાં નાના ગામડામાં અને હદપારની કરકસરથી રહેનાર ખેડૂતને પણ મહિને ચાર રૂપિયાનું ખર્ચ આવે છે. આ ખાડો કેવી રીતે પૂરાશે? પેટાજ્ઞાતિઓ અને ધર્મપંથોનાં ધાંધલ છોડી તમે કયા સંજોગો વચ્ચે આવી પડયા છો તેનો જરા વિચાર કરો, નહિ તો તમારા ઘણા લાડથી ઉછરેલા છોકરાઓને અન્ન ને દાંતનું વૈર થશે, વંશ જ નહિ રહે તો તમારી પેટાજ્ઞાતિઓ અને ધર્મપન્થો કયાંથી રહેવાના હતા? રહેશે માત્ર તમારા પેટ પર લાત મારીને ખાનારા રાતામાતા 'મોક્ષના ઈજારદારો'! **વા. મો. શાહ**

# દીપમંગલ

(નવેમ્બર ૨૮ મી દીવાળીના રોજ—બપોરના ભાગમાં ઓલ-ઈંડીઆ રેડીઓ—અમદાવાદ મથકેથી પ્રસારિત સંગીતરૂપક તે સંસ્થાની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

ગાન

ગાયક વૃન્દ : આ તારલિયાની ટુકડી રમવા
ઉતરી આવી ધરતી પર,
આ ટમટમ થાતી દીપકમાળા—
હસી ઉઠ્યું અવનિ—અંતર.
આ અમાસના અંધારા સંગે
તેજ દીપનાં ગરબો લે,
આ આભ—ધરાના મિલન—ઉત્સવે
ચેતન જગનું હિલ્લોળે.
આ મઘમઘતા માનવ—હૈયામાં
આશાની કળીઓ ખૂલે,
આ લહરાતાં જન-મહેરામણમાં
લહર-લહર હરખે ઝૂલે.
આ વ્યથા-હતાશા ત્યજી દઈને
ઉલ્લાસે અમ ઉર રણકે,
આ શ્યામલ શ્યામસમા અંધારે
રંગભરી રાધા ઝળકે.

પ્રવકતા : દીપાવલિના ઉલ્લાસે આખો જનમહેરામણ હેલે ચઢયો છે. શરદના સ્વચ્છ આકાશમાં રૂના પોલ જેવી સફેદ વાદળીઓ તરી રહી છે. હવાની મધુર શીતલતા અંગે-અંગને આહ્લાદ આપે છે. ધરણીને ખોળે હરિયાળાં ખેતર ઝૂલી રહ્યાં છે. જગતના તાત સમો કિસાન એને ડૂંડે ડૂંડે અનાજની અંજલિ ધરી રહ્યો છે. મહિનાઓની મહેનતની પૂર્ણાહુતિનું આ પર્વ એને કેટલો આનંદ દે છે? જુઓને ...

છંદ મિશ્રોપજાતિ :

ગાયક વૃન્દ : આવે બધા ખેડૂત ખેતરેથી,
નિરાંતની મોજ મધુર માણવા,
કૈં માસની મહેનતની ધુણીમાં
કાયા ધખાવી—અવ શાંતિ પામવા.
વૈશાખના તાપ અને પ્રચંડ
આષાઢની હેલી મહિં અથાક
નીચોવીને જીવન આખું વાવ્યાં
તે પાક—તે ધાન—અનાજ તે જ
લણી લઈને જન—આંગણામાં
લાવે બધા ખેડૂત ખેતરેથી.
આ માત્ર એના શ્રમનું ન દાન,
આયુષ્યની કિંતુ અમૂલ્ય લ્હાણ!

પ્રવકતા : પ્રકૃતિનો આ આનંદ માનવ મનમાં પણ પ્રતિબિંબિત થાય છે. ગૃહઆંગણે રંગરંગની રંગોળીઓ પૂરતી પેલી કિશોરીઓ, જુઓને, એના હૃદયભાવોને પણ આલેખી દે છે? અને પેલી દીવડાં પ્રગટાવતી મુગ્ધાઓ એમનાં ગાતાં હૈયાને કેમ મૂંગું રાખી શકે?

ગાન

ગાયક વૃન્દ : મ્હેક મ્હેક ઉર થાય પરાગ
પાંખડિયે બંધાયે શેં ?
સૂરધાર ભીતર રણઝણતી
મૌન ધર્યે રૂંધાયે શેં ?... મ્હેક૦
દીપાવલિનાં તેજ—ઝરણ આ
તિમિરે અવરોધાયે શેં ?
રંગોળીમાં ચિત્ર હૃદયનું
અંકાતું રોકાયે શેં ?...... મ્હેક૦
મધુર મૂંઝારે હૈયું થડકે
પાલવમાં સંતાયે શેં ?
પ્રણય—જ્વાળ ચઢે અણુઅણુએ
મન જલધિ ઢંકાયે શેં ?...... મ્હેક૦

પ્રવકતા : અને પેલા સરવર કાંઠે ગાન તાનમાં મસ્ત બનેલા જુવાનિયાઓ! શો હિલ્લોળ છે એમના ભાવનો ? —

ગાન

ગાયક વૃન્દ : સરવરિયાં છલકાયે
ઉરનાં સરવરિયાં છલકાયે,
ઝીલે જરી તવ સ્નેહ—ઝરમરો
ત્યાં તો પુલકિત થાયે......ઉરનાં...૦
બુન્દ બુન્દમાં સિંધુ પામતું
થનગનથન મન નાચે,
છોળે છોળે જળ હિલ્લોળે
એક થતાં શાં રાચે ?
મૃદુ ઝંકારે જલતરંગ અવ
નવ મલ્લહાર જ ગાય...... ઉરનાં...૦
લહર-લહર નર્તનઘેલી થઈ
ક્યાંય ન નિજમાં માયે,
અભિનવ તાને મસ્ત છકેલી
જગભરમાં રેલાયે,
તૃપ્તિ તૃપ્તિ છે, નહિ કો રટણા,
પ્રસન્નતા ઉભરાયે......... ઉરનાં...૦

પ્રવકતા : નિરાશાના અંધારાને પણ ઝળહળાવે એવાં આનંદનાં અજવાળાં સર્વત્ર ફેલાયાં છે. પેલાં ખિલખિલ કરતાં ભૂલકાંઓ! ફૂલઝરનાં તેજફૂલોમાં એમનાં ચમકતાં હાસ્ય પણ વેરાઈ રહ્યાં છે.

ગાયક વૃંદ : છંદ——અનુષ્ટુપ

**પૃથ્વીને આંગણે આવ્યા ખેલવા કંઈ તારલા,**
**દીવડે દીવડે એના ઝીલાયાં તેજ હાસ્યનાં.**
**લવિંગિયાની લૂમે ને કોઠી, દાડમ, ચાંદલે,**
**હસી ઉઠે શિશુ—હૈયાં, નાચે, કૂદે પલે પલે.**
**રૂપિયો દૂધથી ધોયો જોઈ ચાંદ છૂપાય છે, *૧**
**લક્ષ્મીનાં પગલાં કાજે માગે રેશમ છા'ય છે. *૨**
**કાળાશ રાત્રિની ઘેરી વિલાયે રોશની થકી,**
**હૈયાનું તિમિરે એવું લોપાયે પ્રેમ જ્યોતથી. *૩**
**નવી હિસાબ—પોથીએ કંકુ—અક્ષત સોહતા,**
**આગામી વર્ષનાં કેવાં આશા—અંકૂર ઓપતા! *૪**
**કાર્યની પરિતૃપ્તિએ, ખેત લીલાં ઝૂલ્યાં કરે, *૫**
**વાદળી ભારથી મુક્ત શરદ—આભમાં તરે.**
**ગત વર્ષ તણાં કર્મો—આવતા વર્ષનાં ફલ *૬**
**—બન્નેને જોડતું પર્વ દીપાવલિનું મંગલ!**

પ્રવકતા : અને થયો નવા વર્ષનો પ્રારંભ! ગયા વર્ષના વિધવિધ અનુભવો બાદ ઉગ્યું નવલ પ્રભાત...ઉગ્યું નવલ પ્રભાત!

ગાન

ગાયક વૃન્દ : ઉષા તણી કુમ કુમ પગલીએ
ઉગ્યું નવલ પ્રભાત,
અવ વિતી અંધારી રાત—
નવ આશા—નવલા આનંદે
ભૂલો વ્યથાની વાત!
અવ વિતી અંધારી રાત!

ટીપ્પણ : *૧ ધનતેરસનું લક્ષ્મીપૂજન, *૨ છવાય છે, *૩ કાળી ચૌદશે કલેશ—કંકાસ કાઢવાનો રિવાજ, *૪ દિવાળીનું ચોપડાપૂજન, *૫ ખેતીનું કામ પૂરું થયાનું પર્વ, *૬ નૂતન વર્ષનો આરંભ.

વર્ષ વર્ષની ફુલ-માળામાં
પુષ્પ નવું ગુંથાય,
કોમલ એનાં દલ ખૂલ્યાં ત્યાં
દશે દિશા મ્હેકાય !
વિરાટના બાગે સૌરભનાં
છલકે સમદર સાત ... ... અવ વિતી૦
સંઘર્ષોનાં મંથન અંતે
હવે લિધો નવનીત,
રૂંધાયેલા સૂરથકી અવ
નવું જાગતું ગીત;
શમે હવે માનવ—જીવનનાં
પ્રચંડ ઝંઝાવાત——— ... અવ વિતી૦
ઉષા તણી કુમ કુમ પગલીએ
ઉગ્યું નવલ પ્રભાત,
અભિનંદન હો વિશ્વ સકલને :
બનો હૃદય ઉદાત્ત :
અવ ઉગ્યું નવલ પ્રભાત.

ગીતા પરીખ

## મિલન વેળા

(પૃથ્વી)

**બહુ સમય બાદ આપણ મળ્યાં તદા, હે પ્રિયે!**
**ભરેલ મનમાં કંઈ મધુર વાતું હૈયાતણી**
**ઘણા વખતથી તને કહું કહું (થતી'તી) બધી**
**અહો ઉમટી ઓષ્ઠ પે મિલનવેળ ઉત્કંઠ થૈ ...**
**... ... છતાંય થયું શું?**
**અરે મિલન—નંદમાં વિસરી જાતને આપણે**
**સગાં, સ્વજન, મિત્ર, દેશ, જગલોક, સૃષ્ટિતણી**
**અનેકવિધ વાતથી હૃદયતોષ માણી રહ્યાં !**
**પ્રિયે, જગત આપણમહિં વણાયું છે કેટલું ?**

**ગીતા પરીખ**

## 'રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય રાજકીય પરિસ્થિતિ'

**ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૫-૧૧-૬૨ સોમવારના રોજ સાંજના ૬-૧૫ વાગે સંઘના કાર્યાલયમાં (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ આજની રાષ્ટ્રીય તેમજ આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. આ વિષયમાં રસ લેતાં ભાઈ—બહેનોને આમંત્રણ છે અને વખતસર હાજર રહેવા વિનંતિ છે.

**મંત્રીઓ:, મુંબઈ જૈન યુવક સંઘ**

## આનંદલક્ષી કાર્યક્રમો મુલતવી

તા. ૮ મી ગુરુવારના રોજ રાત્રિના ૮ થી ૧૧ સુધી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી નૌકાવિહાર યોજવામાં આવ્યો હતો અને તે માટે 'શોભના' સ્ટીમર નકકી કરવામાં આવી હતી. વળી તા. ૧૦ તથા ૧૧મીના રોજ સંઘ તરફથી કોસબાડ પર્યટન ગોઠવવાની ધારણા હતી. આજના તીવ્ર ગમગીનીભર્યા વાતાવરણમાં આવા સામૂહિક આનંદલક્ષી કાર્યક્રમો અસ્થાને અને ઔચિત્યવિરોધી લાગવાથી આ બન્ને કાર્યક્રમો મુલતવી રાખવામાં આવ્યા છે. મંત્રી, મુંબઈ જૈન યુવક સંઘ

## સર્પદંશનિવારક મંત્રશકિત વિષે વધુ વિચારણા

'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં આ વિષયને લગતી આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિકે પૂજ્ય કેદારનાથજી સાથે ચલાવેલી ચર્ચા વિચારણા પ્રગટ કરવામાં આવી છે અને તેના અનુસંધાનમાં 'તંત્રી નોંધ' એ મથાળા નીચે મેં જે કેટલાક મુદ્દાઓ રજુ કર્યા છે તેના સંદર્ભમાં બીજા એક બે મુદ્દાઓ ઉમેરવાનું મન થાય છે—એ આશાએ કે, પૂજ્ય નાથજી આ અને આને મળતા બીજા મુદ્દાઓ ધ્યાનમાં લઈને આ ગૂઢ પ્રશ્ન ઉપર જરૂર વિશેષ પ્રકાશ પાડશે.

પહેલો મુદ્દો એ છે કે, પ્રસ્તુત મંત્ર સાથે કોઈ દેવ-દેવીનું જોડાણ છે કે નહિ? સાધારણ રીતે આ મંત્રો તેમજ દોરા—ધાગા સાથે કોઈ દેવ-દેવીનું નામ જોડાયેલું હોય છે અને એ દેવ-દેવીની કૃપાથી જ પ્રસ્તુત મંત્ર કે દોરાધાગાનું ઈષ્ટ પરિણામ આવે છે—આવી માન્યતા ચોતરફ પ્રસરેલી માલુમ પડે છે. વળી આ મંત્ર સાથે કોઈ દેવદેવી જોડાયેલ હોય તો તે દેવ-દેવીના સ્વરૂપ વિષે કોઈ વિશેષ પ્રકાશ મળી શકે ખરો ?

બીજો મુદ્દો એ છે કે, "વિવેક અને સાધના"માં પુનર્ભવ યા તો પુનર્જન્મને લગતી માન્યતાનો ઈનકાર કરવામાં આવ્યો છે અને સ્વભાવથી મર્ત્ય એવા માનવીના મનમાં અમર બનવાની યા હોવાની ઝંખનામાંથી આ કલ્પના ઉભી થઈ છે એ પ્રકારની વિચારણા તેમણે રજૂ કરી છે, પરિણામે તેમના અભિપ્રાય મુજબ પંચમહાભૂતના અમુક સંયોગોમાંથી જીવપણાની ચેતના ઊભી થાય છે. અને એ સંયોગોનો લય થવા સાથે આ ચેતના વિસર્જિત થાય છે. આ ઉપરથી સહેજે એમ ફલિત થાય છે કે, દેહવયમિ અને દેહપર્યામિ એવું હુંપણાનું—સજીવપણાની ચેતનાનું સ્વરૂપ છે. આ પ્રશ્નની વિશેષ ચર્ચા અહીં અપ્રસ્તુત છે.

પણ, સર્પઝેર ઉતારવાની પ્રક્રિયા સમજાવતાં નાથજી એમ જણાવે છે કે, જે આદમીને સર્પ કરડયો હોય તેના ઉપર મંત્રેલા દાણા નાખવાથી સર્પ એટલે કે સર્પનો જીવ એ માણસના શરીરમાં પ્રવેશે છે. આનો અર્થ એમ થાય કે, સર્પનો જીવ સર્પના દેહથી જુદો છે અને તે અન્યત્ર જઈ આવી શકે છે. સર્પનો જીવ જો તેના દેહથી જુદો હોય તો માણસનો જીવ પણ તેના દેહથી જુદો હોવો ઘટે અને તો પછી દેહના વિલય સાથે જીવનો વિલય થઈ જાય છે—આમ કહેવું કે વિચારવું સયુકિતક લાગતું નથી. આમ જીવનું અસ્તિત્ત્વ ચાલુ રહેતું હોય તો તે પોતાના અસ્તિત્વની અભિવ્યકિત માટે બીજો દેહ ધારણ કરતો હોવો જોઈએ એમ વિચારવાની આપણને ફરજ પડે છે અને તો પછી પુનર્ભવ કે પુનર્જન્મનો ઈનકાર ટકી શકતો નથી. મનમાં ઊભી થતી આવી વિચાર યા તર્કની પરંપરાનો પણ પૂ, નાથજી પાસે ખુલાસો યાચું છું.

પરમાનંદ

## વિષયસુચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| 'શ્રેયસ્' પાછળ મારી દષ્ટિ | લીના મંગળદાસ | ૧૨૩ |
| 'કોરી પાટી' કે 'બાલ દીક્ષા' | પ્રબોધ ચોકસી | ૧૨૬ |
| ઉચ્ચ શિક્ષણનું માધ્યમ | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૨૮ |
| ભારતની પ્રજાને નહેરૂની હાકલ | જવાહરલાલ નહેરૂ | ૧૩૦ |
| સાધુઘેલાપણું છોડો અને વાસ્તવિકતાને પીછાણો. | વા. મો. શાહ | ૧૩૨ |
| દીપમંગલ | ગીતા પરીખ | ૧૩૩ |
| મિલન—વેળા | ગીતા પરીખ | ૧૩૪ |
| સર્પદંશ નિવારક મંત્રશકિત વિષે વધુ વિચારણા | પરમાનંદ | ૧૩૪ |


માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૬૨, શુક્રવાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા.

## સરહદી આક્રમણની આલોચના

(તા. ૫-૧૧-૬૨ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે 'રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ,' એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં શ્રી ચીમનભાઈનો આશય ભારતની ઉત્તર સરહદ ઉપર ચીને કરેલા મોટા પાયાનું આક્રમણ અને કયુબા પ્રકરણ એ બે મુદ્દાઓને વિસ્તારથી ચર્ચવાનો હતો, પણ પહેલા મુદ્દા ઉપર બોલતાં લગભગ સવા કલાક પસાર થયો, એટલે બીજા મુદ્દા ઉપર બોલવાનું મુલતવી રાખવું પડયું હતું. ચીની આક્રમણ અંગે તેમણે જે કહ્યું તેની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવે છે. તંત્રી)

આજે હું ચીની આક્રમણ સંબંધે કાંઈક કહેવા ઈચ્છું છું. ખાસ નવું કાંઈ કહેવા જેવું નથી. પણ આ વિશે મને જે લાગે છે તે ટૂંકમાં કહીશ.

આપણા દેશ ઉપરની આ આફત અણધારી અને અસાધારણ છે. લડાખમાંના ચીની પગપેસારા કરતાં નેફા વિસ્તારની સ્થિતિ સાવ જુદી છે. લડાખમાં સરહદી ઝઘડો હતો. નેફામાં મોટા પાયા ઉપરનું આક્રમણ છે. લડાખનાં કરતાં આ આક્રમણનું સ્વરૂપ અને પ્રમાણ તદ્દન જુદા પ્રકારના છે.

ભારત સરકાર જે રીતે તૈયારી કરી રહી છે તે જોતાં તેને સંપૂર્ણ અને લાંબા યુદ્ધના સામના માટેની તૈયારી લેખી શકાય. ભારત જેવા લોકશાહી દેશમાં કટોકટીની પરિસ્થિતિની જાહેરાતનો અર્થ એ જ છે કે, બંધારણપૂર્વક લોકશાહી પદ્ધતિએ પરિસ્થિતિને પહોંચી નહિ વળાય એમ લાગ્યું હોય ત્યારે જ આ પગલું લેવું પડયું હશે.

આ આક્રમણે બતાવ્યું છે કે, આપણે તેને માટે બીલકુલ તૈયાર ન હતા. આપણે કદાચ વધારે પડતા વિશ્વાસમાં રહ્યા, આપણી રાજદ્વારી ગણતરી ખોટી પડી, આપણે કદાચ ગફલતમાં રહ્યા, અને ચીને આપણને દગો દીધો, આપણું બધું વલણ શાંતિ માટેનું છે, આપણું માનસ યુદ્ધથી ટેવાયેલ નથી, આવાં અનેક કારણો આપણી તૈયારીના અભાવ વિષે આપી શકાય. આ માટે જવાબદારીની ચર્ચામાં સમય ગુમાવવાનો આ પ્રસંગ નથી. હકીકતમાં અત્યારે એમ જણાય છે કે ચીને મોટી તૈયારી કરી, ઈરાદાપૂર્વક આ આક્રમણ કર્યું છે અને હવે આ કોઈ સરહદી ઝઘડો રહ્યો નથી. તેને પહોંચી વળવા આપણી સર્વ શકિત સંગ્રહિત કરી, લાંબા ગાળાની તૈયારી કરવાનું રહ્યું. આ આક્રમણથી આપણી પ્રજાને ભારે આઘાત થયો છે. કારણ કે બીજા બધા દેશો કરતાં ચીન સાથેના મૈત્રી સંબંધો જાળવી રાખવાના ભારતે સૌથી વધુ અને સતત પ્રયાસો કર્યા છે. એશિયાના બે મહાન દેશો વચ્ચે મૈત્રી સંબંધ રહે તે જોવા આપણે સદા ઉત્સુક રહ્યા છીએ. પ્રથમ ચીન - ભારત સંધિ થઈ ત્યારે ભારતે તિબેટ પરનું ચીનનું સાર્વભૌમત્વ સ્વીકાર્યું અને તેમાં આપણે અને ચીને પંચશીલના સિદ્ધાન્તો સ્વીકાર્યા. ત્યારથી આપણે ચીનને હંમેશાં સહાય કરતા આવ્યા છીએ. કોરિયાના યુદ્ધ પ્રસંગે ચીને ઉત્તર કોરિયામાંથી લશ્કર ઉતાર્યું ત્યારે યુનોના લશ્કરને ૩૮ મી રેખાંશથી આગળ વધતું અટકાવવામાં ચીનને આપણે નૈતિક સાથ આપ્યો. યુનોમાં ચીનને સ્થાન અપાવવા અને ચાંગ-કાઈ-શેકના પ્રતિનિધિને દૂર કરાવવાના આપણે સતત પ્રયાસો કરતાં રહ્યા છીએ. આપણે કહ્યું છે કે ટાઈવાન ચીનનું અંગ છે અને ચીનને સોંપી દેવું જોઈએ.

તેથી આપણને આશ્ચર્ય થાય છે કે, ચીનની મૈત્રી માટે આપણે આટલા બધા પ્રયત્નો કર્યા અને બીજા કેટલાય દેશોની ખફગી વહોરી તો પણ ચીને ભારત પર આક્રમણ કેમ કર્યું? ચીનને તેમાં શું લાભ છે? આ એક કોયડો છે. તેનું સાચું રહસ્ય પામવું સહેલું નથી. સામ્યવાદી દેશોના વર્તનના કારણો સમજવા મુશ્કેલ છે. આને માટે ત્રણ ચાર કારણો કલ્પી શકાય.

પહેલું અને સૌથી વધુ હળવું કારણ કહેવું હોય તો એ લાગે છે કે નેફા વિસ્તારમાં ઘૂસી આવી થોડો પ્રદેશ કબજે કરી, પછી લડાખ વિસ્તારમાં કબજે કરેલો પ્રદેશ ચીનનો છે એવું ભારત સ્વીકારે તો નેફા વિસ્તારના બદલામાં સોદાગીરી કરવી અને લડાખ વિસ્તાર મેળવવો.

બીજું કારણ એ હોઈ શકે કે ભારત એશિયાનાં રાષ્ટ્રોની નેતાગીરીમાં ચીનનું હરીફ છે. એશિયાના દેશોમાં સામ્યવાદનો ફેલાવો કરવાની ચીનની નેમ છે, પણ લોકશાહી પદ્ધતિએ પ્રગતિ સાધી રહેલ ભારત, ચીનની આ નેમમાં આડખીલી રૂપ છે. લોકશાહી ભારતને એશિયાના દેશોની નેતાગીરી ન મળે તે માટે તેને નબળું પાડવું જોઈએ એમ ચીન માનતું હશે. તે પુરવાર કરવા માંગતું હશે કે ભારત ચીન સામે ટકી શકે તેમ નથી. લોકશાહી પદ્ધતિએ અને શાન્તિના માર્ગે દેશની આબાદી હાંસલ કરી શકાય તથા સામાજિક અને આર્થિક સમાનતાના પાયા ઉપર સમાજરચના થઈ શકે તો સામ્યવાદ પ્રત્યે લોકોનું આકર્ષણ ન રહે. ભારત આ દિશામાં સારી પ્રગતિ કરી રહેલ છે. તેથી ભારતની પંચવર્ષીય યોજનાઓની સિદ્ધિનાં જે ફળ મેળવે તેનાથી તેને વંચિત કરવાની પણ ચીનની નેમ હોઈ શકે. ચીનની આર્થિક હાલત ભારત કરતાં કાંઈ વિશેષ સદ્ધર નથી, કદાચ વધારે ખરાબ છે. પણ ચીનમાં સરમુખત્યારશાહી પ્રવર્તે છે અને તેના નેતાઓને યુદ્ધ દ્વારા પોતાની શકિતનું પ્રદર્શન કરવા જતાં, કરોડો માનવીઓની ખુવારી થાય તો તેની તેમને કોઈ પરવા નથી અને તેમ કરવા બદલ તેમને કોઈ રોકટોક કરનાર નથી. ચીન માને છે કે, સાચી આર્થિક અને સામાજિક સમાનતા લોકશાહીને માર્ગે હાંસલ કરવી શકય નથી, સામ્યવાદ દ્વારા જ એમ થઈ શકે. જો ભારત લોકશાહી દ્વારા એ સિદ્ધ કરી શકે તો આન્તરરાષ્ટ્રીય સામ્યવાદને એશિયા - આફ્રિકામાં જબ્બર ફટકો પડે.

ત્રીજું કારણ ચીન - રશિયાના મતભેદોને લગતું હોઈ શકે. ૪૫ વર્ષોથી સામ્યવાદ દ્વારા રશિયાએ એટલી આર્થિક સદ્ધરતા પ્રાપ્ત કરી છે કે, આજે તે અમેરિકા સાથે સ્પર્ધા કરી શકે છે. તેથી રશિયાના વર્તમાન નેતાઓનું આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પરત્વેનું વલણ ચીનના નેતાઓ કરતાં જુદું છે. બન્નેનું ધ્યેય એક જ છે કે, સમસ્ત જગતમાં સામ્યવાદની સ્થાપના કરવી. પણ રશિયાના ક્રુશ્ચેવ માને છે કે, સામ્યવાદના પ્રચાર માટે યુદ્ધ અનિવાર્ય નથી. ઘૂસણખોરી, સતત પ્રચાર, ધાકધમકી, પછાત દેશોને આર્થિક અને

બીજી સહાય વિગેરે અનેક રીતે સામ્યવાદનો ફેલાવો થઈ શકે છે. યુદ્ધની વિનાશકતાથી રશિયા સંપૂર્ણ રીતે વાકેફ છે. તેથી દેખીતી રીતે શાન્તિમય સહઅસ્તિત્વની જરૂરિયાત તે સ્વીકારે છે અને પાશ્ચાત્ય દેશો સાથે, દેખીતી રીતે સમાધાનભર્યું વલણ રાખે છે. ચીનને આ બધું સ્વીકાર્ય નથી, ચીનને યુદ્ધ અનિવાર્ય લાગે છે. ચીનને સામ્યવાદી થયે તેર જ વરસ થયાં છે, તેની આર્થિક સ્થિતિ સારી નથી. ક્રાન્તિના શરૂઆતના વર્ષોમાં રશિયાની જે સ્થિતિ હતી તેવી સ્થિતિ હાલ ચીનની છે.

પશ્ચિમી રાષ્ટ્રો અને દુનિયાના બીજા દેશો સાથે રશિયા સમાધાન અથવા મૈત્રીભર્યું વલણ દાખવે તે ચીનને પોષાય તેમ નથી. બીજા સામ્યવાદી દેશો કરતાં, ચીનની વિશિષ્ટતા એ છે કે એ એક મોટો દેશ છે, મોટી વસ્તીવાળો દેશ છે. સામ્યવાદી દેશોના મોટા ભાઈ તરીકેનું સ્થાન ભલે રશિયાનું હોય, પણ ચીન પણ કાંઈ નાનું નથી. અને તેનો નેતા માઓ - ત્સે - તુંગ પણ કંઈ નાનોસૂનો નેતા નથી. રશિયાને તેના હાલના વલણથી પાછું વાળવું હોય તો ચીને એક એવું પગલું લેવું જોઈએ કે રશિયાને પસંદગીનો અવકાશ જ ન રહે. રશિયાના મિત્ર ભારત ઉપરનું આક્રમણ એક એવું પગલું છે. ચીનના એક પ્રકારના ભયના લીધે કહો કે સામ્યવાદી સગાઈને લીધે કહો, પણ રશિયાને જાહેર કરવું પડયું છે કે, ચીન અમારો ભાઈ છે, ભારત માત્ર મિત્ર છે. ભાઈ અને મિત્રનો તફાવત તો સહેજે સમજી શકાય તેવો છે.

રશિયાની આ જાહેરાતથી ભારતને ભારે આઘાત પહોંચ્યો છે. ભારતને આવી કલ્પના નહોતી. પણ સામ્યવાદીઓનો એ વણલખ્યો સિદ્ધાન્ત છે કે આન્તરરાષ્ટ્રીય સામ્યવાદનો પ્રશ્ન આવે ત્યારે, સામ્યવાદી સિવાય કોઈ તેમનો ભાઈ નથી, કોઈ તેમનો મિત્ર નથી. રશિયાની આ જાહેરાતથી મને નવાઈ થઈ નથી. રશિયા આવા પ્રસંગે ચીનથી જુદું પડે તો આન્તરરાષ્ટ્રીય સામ્યવાદની ઘોર ખોદાય. બનવા જોગ છે કે, ભારત સાથે સમાધાન કરી લેવા માટે રશિયા ચીન પર દબાણ લાવે. પણ તેની મર્યાદા છે.

ક્રુશ્ચેવે સ્ટેલિનને ઉતારી પાડવાની કોશિષ કરી ત્યારથી બંને દેશો વચ્ચે વિચારસરણીના મતભેદો પ્રવર્તી રહ્યા છે. રશિયા તટસ્થ દેશો સાથે મૈત્રીભર્યું વલણ રાખે તો ચીન અટૂલું પડી જાય તે ચીનને પરવડે તેમ નથી. એટલે રશિયાને ઉઘાડી રીતે પોતાનો જ પક્ષ લેવાની ફરજ પડે તે માટે ભારત પરનું તેનું આ આક્રમણ એક ગણતરીપૂર્વકનું પગલું હોઈ શકે.

એક બીજી પણ હકીકત છે. કેટલાક લોકો એમ માને છે કે, ચીનના આ આક્રમણને સામ્યવાદનું પરિણામ લેખવું ન જોઈએ પણ ચીની સામ્રાજ્યવાદી માનસનું લક્ષણ ગણવું જોઈએ. ચીનનું સામ્રાજ્ય સદીઓથી વિશાળ રહ્યું છે, વધતી જતી વસ્તીને કારણે ચીન પોતાનો વિસ્તાર વધારતું રહ્યું છે અને આ આક્રમણ પણ તે પ્રકારનું છે. મને લાગે છે કે, આ માન્યતા બરાબર નથી. આ આક્રમણ ચીનના સામ્રાજ્યવાદી માનસનું લક્ષણ ગણવા કરતાં, સામ્યવાદના સામ્રાજ્યવાદી માનસનું લક્ષણ ગણવું વધારે યોગ્ય થશે. Communist Imperialism —સામ્યવાદી સામ્રાજ્યવાદ—ને હજી આપણે પૂરો પીછાણ્યો નથી. સંભવ છે કે, આ કારણ આગળ ધરવામાં, રશિયાને બને ત્યાં સુધી નારાજ ન કરવાની આપણી એક વૃત્તિ હોય.

આ આક્રમણમાં ચીન કયાં સુધી જશે તે કહેવું મુશ્કેલ છે. ચીનમાં સરમુખત્યારી છે. ચીનના રાજકર્તાઓને કોઈ પગલું ભરતાં પહેલાં પ્રજાની મંજુરી લેવી પડતી નથી. તેઓ વિદેશનીતિ અંગે અણધાર્યા અને આશ્ચર્યકારક નિર્ણયો વિનાવિલંબે લઈ શકે છે. લોકશાહીમાં એ શકય નથી કારણ કે તેમાં પ્રજામતની અવગણના થઈ શકતી નથી.

ભારતનો આત્મા જાગૃત થયો છે. જનતાનો આવો અભૂતપૂર્વ સહકાર ચીનની કલ્પનામાં નહિ હોય. પશ્ચિમી દેશોએ ભારતને બીનશરતે સહાય આપવા માંડી છે, અને ભારતે પશ્ચિમી દેશો પાસેથી શસ્ત્રો મેળવવા શરૂ કર્યા છે. તેની ગણતરી ખોટી પડે તો ચીન પોતાની નીતિમાં પલટો લે તે અસંભવ નથી.

આ બધા સંજોગોને કારણે, એ અશકય નથી કે, ભારતની માગણી મુજબ, ચીન આઠમી સપ્ટેમ્બર અગાઉની પરિસ્થિતિ સ્વીકારી, વાટાઘાટ શરૂ કરે. બીજી શકયતા એ છે કે, ચીન પોતાના નકશાઓમાં બતાવ્યા મુજબના પ્રદેશો કબજે કરીને બેસી જાય. તો ભારતે તેમને હાંકી કાઢવા માટે તેમના પર હલ્લો કરવો પડે અને ત્યારે ચીન પોતાના વિસ્તાર પર ભારતે આક્રમણ કર્યું છે એવા બહાના હેઠળ યુદ્ધ વિસ્તારે અને તો એ યુદ્ધ કયાં જઈને અટકે તે કહી શકાય નહિ. યુદ્ધ વિસ્તરે તો જાનમાલની ખુવારીનું માપ ન રહે. એવી શકયતા માટે તૈયાર થવા આપણે જયાંથી પણ શસ્ત્રો અને બીજી મદદ મળી શકતાં હોય ત્યાંથી પશ્ચિમી દેશોમાંથી - મેળવવાં અનિવાર્ય થઈ પડે. લોકશાહી અને સામ્યવાદ વચ્ચેનું યુદ્ધ શું ભારતની ભૂમિ ઉપર લડાવાનું નિર્માણ થયું હશે?

આપણે તટસ્થતાની નીતિને વળગી રહેવા ઈચ્છીએ તો પણ તે ધરમૂળની પુનર્વિચારણા માગે છે. તટસ્થતાનું પરિણામ એ આવતું હોય કે, જે સૌનું મિત્ર તેનો કોઈ મિત્ર નહિ તો એ નીત્તિ સફળ ન ગણાય. જો આપણે સૌના મિત્ર હોઈએ તો સૌ આપણા મિત્ર હોવા જોઈએ; પણ જો તેમ ન બની શકે તો એ નીતિ વ્યવહારુ નથી એમ સિદ્ધ થાય. આજના બે વિરાટ સત્તાજૂથો વચ્ચે તટસ્થ દેશોનું ત્રીજું બળ ઉત્પન્ન કરવાનો આપણો પ્રયત્ન હતો, એ પ્રયત્ન નિષ્ફળ જાય તો જગતની શાન્તિ માટે તે ભયજનક છે. પણ તટસ્થતાના વિચિત્ર પરિણામોની અવગણના પણ ન થાય.

સ્પેનના આંતરવિગ્રહ સમયે ફાસીસ્ટ દેશોએ ફ્રાન્કોને ઉઘાડી મદદ કરી. બ્રીટન અને બીજા લોકશાહી દેશોએ તટસ્થ રહેવાનો દાવો કર્યો. પરિણામે પ્રગતિશીલ બળોની હાર થઈ. વર્તમાન સંજોગોમાં બ્રીટન, અમેરિકા અને ફ્રાન્સ વગેરે તટસ્થ રહે અને ભારતને કોઈ મદદ ન કરે તો શું પરિણામ આવે? નક્રુમાની આ જ માગણી છે. મતલબમાં ન્યાય જેને પક્ષે હોય તેને મદદ કરવી અનિવાર્ય છે. ત્યાં તટસ્થતા અન્યાયને મદદ કરવારૂપ થાય.

સામ્યવાદ, સામ્યવાદી દેશો અને સામ્યવાદી પક્ષો પ્રત્યેનું આપણું વલણ પલટાશે તે સ્પષ્ટ છે. હવે તેમનો વિશ્વાસ અશકય છે. પણ તે સાથે સાવધાનીની પણ જરૂર છે. આપણા દેશના સામ્યવાદ-વિરોધી બળો આ આક્રમણનો સામનો કરવા એકત્રિત થયા છે. પણ આપણને તે બળો જુદી દિશામાં ઘસડી ન જાય તે પણ જોવાનું છે. એક મોટો વર્ગ આ દેશમાં એવો છે જે સમાજવાદનો કટ્ટર વિરોધી છે. જનસંઘ, હિન્દુ મહાસભા, સ્વતંત્રપક્ષ, ખાનગી ઉદ્યોગ અને મુડીવાદના હીમાયતીઓ અને બીજા જમણી પાંખના બળો આ તકનો લાભ લઈ દેશને સમાજવાદના ધ્યેયથી દૂર ધકેલવા પ્રયત્ન કરે તો નવાઈ નહિ. આ વર્ગ આપણે અમેરિકા અને બીજા પશ્ચિમી દેશોના જૂથના અંગ બનીએ તે જોવા ઈંતેજાર છે. તેમના વર્તમાનપત્રો આ દિશાનો સખત પ્રચાર કરી રહ્યા છે. આ વર્ગ ઈચ્છે છે કે, પંચવર્ષીય યોજના આપણે છોડી દઈએ. સમાજવાદના ધ્યેયથી વિચલિત થઈશું તો આ આક્રમણને સફળ રીતે પહોંચી વળીશું, તો પણ આપણી હાર થઈ છે એમ થશે.

એ સ્પષ્ટ છે કે, ચીનનું આ આક્રમણ ભારતના ઈતિહાસમાં નવું પાનું ઊઘાડે છે, એટલું જ નહિ પણ જગતના ઈતિહાસમાં અને આંતરરાષ્ટ્રિય રાજકરણમાં નવું પ્રકરણ શરૂ કરશે. તટસ્થતાની નીતિને વળગી રહેવાનો આપણે ગમે તેટલો પ્રયત્ન કરીએ તો પણ એ નીતિમાં પલટો અથવા તેનું નવું સ્વરૂપ અનિવાર્ય છે અને એનાં પરિણામો કલ્પવા મુશ્કેલ છે.

ચીનના આ આક્રમણથી સૌથી વધુ આઘાત કોઈને થયો હોય તો શ્રી નહેરુને છે. સ્વતંત્રતા પછીના ૧૧ વર્ષોમાં પંચવર્ષીય યોજનાઓથી અને બીજી રીતે દેશને સમૃદ્ધ અને સબળ બનાવવાના તેમના સ્વપ્નો થંભી જાય છે. તેમની વિદેશનીતિ નિષ્ફળ ગઈ હોય તેવું લાગે. તેમના પ્રવચનોમાં નિખાલસતા છે તે સાથે ઊંડું દર્દ છે. પણ આવી આપત્તિને પહોંચીવળવાનું તેમનામાં ખમીર છે. દેશનો અદ્‌ભૂત સાથ તેમને બળ આપે છે અને તેથી દેશ સામે ઊભી થયેલી અસાધારણ કટોકટીને તેઓ જરૂર પહોંચી વળશે અને દેશને આ નવી ભીંસમાંથી ઉગારી લેવાને તેઓ સર્વ પ્રકારે સમર્થ નીવડશે એમાં કોઈ શક નથી.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# 'શ્રેયસ્ પાછળ મારી દૃષ્ટિ'

(ગતાંકથી ચાલુ)

મારી ડાયરીમાંની એક નોંધ વાંચું:

"જ્યારે દૃષ્ટિમાં કામ વધારે મહત્વનું બને છે ત્યારે તે લાલસા બની રહે છે, કરનાર પર દમન થાય છે અને કામ કટાઈ કાળું બની જતું દેખાય છે. પણ જ્યારે દૃષ્ટિમાં કરનારનું મહત્વ વધે છે ત્યારે તે પ્રેમ બની રહે છે, કરનાર રસે રોળાય છે અને કામ સોનાં જેવું શોભે છે."

બીજા એક પાના પરથી મળી આવે છે:

**"કાર્યની સિદ્ધિ છે**
**કરનારની તાકાતને**
**સ્વીકારવામાં**
**—કરી શકે તેટલું કરે**
**એવો ઉત્સાહ**
**એને**
**આપવામાં."**

૧૯૩૪ ની મારી પ્રવાસડાયરીનાં પાનાં વાંચી સંભળાવું: "અમે ગાડામાં બેઠાં. ડચકારા બોલાવી, ગાળો દેતા ગાડાવાળા બળદનાં પૂછડાં મરડતા હતા. ગાડા સાથે ઘસાઈ ઘસાઈને બળદનો પાછલો ભાગ છોલાઈ ગયો હતો અને તેમાંથી લોહી નીકળતું હતું. જોઈએ તે કરતાં ગાડામાં વધારે ભાર હતો, તેથી બીચારાં મૂંગાં ઢોર તેને મહાપરાણે રેતીમાં ખેંચતાં હતાં. ઉંદર જેવા તે બળદ કદમાં નાના, દુબળા અને નબળા હતા. ગાડાવાળા ધોકણિયા મારી મારીને તેમને હાંકતા હતા. આખા રણમાં ચીલાવાળો એક જ રસ્તો હતો. ચીલામાં જ ગાડું ચાલે તે જાણે ગાડાવાળાનું ધ્યેય હતું. ચીલામાંથી બળદને તેઓ લગીર પણ ડગવા દેતા નહોતા.

"આપણા લોકમાં એવી માન્યતા છે કે, ગાયને વાછરડો આવે ત્યારે ગાય આંસુ સારે છે. બળદનું જીવતર જોઈને કોને આંસુ ન આવે?

"આ સમયે લગભગ સવારના અગિયાર વાગ્યા હતા. મને તે ઘડીએ શાળામાં જતાં બાળકો અને શિક્ષકો યાદ આવ્યાં. બરોબર આ સમયે જ અનેક છોકરાઓએ જગતના અનેક દેશોની શાળાઓમાં ભણતર શરુ કર્યું હશે! બિચારાં તે બાળકોની સ્થિતિ આ દુખિયારા બળદ સરખી નહોતી શું? ગજા ઉપરાંતનો ભાર તેઓને ખેંચવાનો હતો. ભાર ખેંચવાનો હતો, એટલું જ નહીં પણ, જેમ બને તેમ જલદી ખેંચવાનો હતો. જેવાં બળદો તેવાં જ બાળકો દુબળાં, દબાયેલાં, અણવિકસેલાં! બળદોને જેવો માર પડતો હતો. તેવો જ માર શારીરિક અને માનસિક બાળકોને પણ પડતો હશે! ગાડાવાળાની આજીવિકાનો આધાર બળદ ઉપર તેમ શિક્ષકની આજીવિકાનો આધાર બાળક પર હતો. લુખ્ખા રણમાં અંકાયેલા માર્ગને ચીલે ચીલે બળદને હંકાવું જ પડે છે તેમ બાળકને પણ હંકાવાનું જ રહ્યું.

"બળદો અને બાળકો—બન્નેનો વિચાર કરતાં મેં મારા મનમાં આંસુ સાર્યાં."

મને ઘણીવાર લાગ્યું છે કે, આ યુગમાં ગુલામી ગઈ એમ આપણે માનીએ છીએ તે એક ભ્રાન્તિ છે, કારણ કે મોટામાં મોટી ગુલામી તો આજે આપણાં બાળકો અને યુવકો વેઠી રહ્યાં છે. માવતર અને સમાજની કેટલી મહત્ત્વાકાંક્ષા? કેટલી ઉતાવળ? આટલું તો ભણવું જોઈએ, ડિગ્રી જોઈએ જ—પરણવા અથવા કમાવા માટે તે જરુરી છે. સ્કોરીંગ સબજેક્ટ જેવા વિષયો આ દબાણમાં હયાતીમાં આવ્યા છે. હર વર્ષ ચોરીઓ થાય છે, લાંચો અપાય છે, બાળકો નાસી જાય છે, આત્મહત્યા થાય છે. કોઈ યુગમાં આવી જોરજુલ્મી કે ગુલામી હતી? બોજો, ચિન્તા, અસલામતી, ભયથી આપણે આપણાં બાળકોને કચડી રહ્યાં છીએ. આનો કોઈ ઉપાય આપણે કર્યો છે?

બાળકો સાથે પરિણામ માટે આપણી કેટલી બધી ઉતાવળ હોય છે? અહીં મારી ડાયરીની બીજી નોંધ વાંચું:

અલમોડાના પ્રવાસે એક બાગના શોખીન મિત્ર હતા. તેમણે મને કહ્યું:

"હું રસાયણ દ્રવ્યો લાવ્યો,
જેથી મારાં ઝાડ જલદી ફૂલે ફાળે,
અને મેં એ રસાયણ ભારોભાર
રેડયું અને ધરા ફાટફાટ થઈ રહી.
એકદમ હર્યાંભર્યાં પાંદડાં પર મોટી
કળીઓ બેઠી, પણ કળીઓ કદી ખીલી જ
નહીં અને ફળફૂલ આવ્યાં જ નહીં.
અને તે પછી પાંચ પાંચ વર્ષ થયાં
આ ધરા વેરાન પડી છે.
અને આ દેવદારનું ઝાડ જુઓ—
હજી મારા ઘૂંટણ લગી જ આવે છે:
પાંચ વર્ષનું છે અને એમ ધીરે
ઊગતું એ હવે એકદમ ઊગવા લાગશે.
અને સેંકડો વર્ષની આવરદા ભોગવતું
પ્રચંડ બનશે...."

આજે બિનસર જતાં અમારો સાથી આમ બોલ્યે જતો હતો. મારે મૌન હતું, પણ મન મૌન નહોતું. તે કહેતું હતું—તમે જો માનવનાં બાળકો સાથે કામ કરો છો તો કયી રીત અજમાવશો? કુદરતની ખામોશી તમારામાં છે?

'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકમાં જહૉન રસ્કિને પણ કહ્યું છે: "... આપણને એવા આદર્શોની જરૂર છે કે, જ્યાં દુનિયામાં આગળ વધાશે કે કેમ તે દૈવ પર છોડીને મનુષ્ય પોતે આ જગતમાં સુખી બનવાનો નિશ્ચય કરે અને તે કારણે તે વધારે દોલતની નહિ, પણ સાદા સરળ આનન્દની, અધિક આબાદીની નહિ પણ શ્રેયસ (ધન્યતા) ની ખોજમાં રહે; સર્વોપરી પરિગ્રહ દ્રવ્યનો નહિ પણ આત્મનિષ્ઠાનો કરે, અને શાન્તિની ખોજમાં રત રહી, નિરુપદ્રવી સ્વમાન સાધવામાં તે ગૌરવ માને. આનું જ્ઞાન સમાજમાં ઘેર ઘેર પેદા કરવામાં શાળા એક સચોટ સાધન બની શકે છે. સમાજના એક સામૂહિક યત્નથી મહાન માનવ શક્તિને મુક્ત કરી શકાય, જે વિદ્યુત કે અણુશક્તિથી ક્યાં યે મહાન છે. કમનસીબે એની કેટલી અવહેલના થઈ છે? એને ગણકારવાનું ભાન પણ આપણે ખોઈ બેઠાં છીએ. એ માનવશક્તિ સારી રીતે યોજવાના અભાવે મોટા પૂર કે ઉત્પાત જેવી બની વિશ્વનો હ્રાસ પણ કરી શકે છે."

તો પ્રશ્ન થાય છે આપણે શું કરી શકીએ? આપણે દરેક આ કાર્યને કોઈને કોઈ રીતે સહારો આપી શકીએ. આપણે આપણું જીવન આ કાર્યને આપીએ ... આખું જીવન નહીં તો રોજ થોડા કલાક તો ખરાજ. એક ભાઈ કે બેન તરીકે, માતા કે પિતા તરીકે, પડોશી તરીકે, આ બાળક રુપે ઊભેલા માનવને પ્રેમથી, આદરથી, આપણાં અવલોકન, અનુભવ અને જ્ઞાનજનિત કોઈ વિદ્યા - કોઈ વ્યવસાય - કોઈ પ્રવૃત્તિ - કોઈ રમત - કોઈ ગમ્મતનો લાભ આપી શકીએ. **આમાં એક ચાકરનો ભાવ છે.**

માણસ ચાહે વેપારી હોય, એન્જિનિયર, ડૉકટર, કલાકાર, શિક્ષક કે ભક્ત, માતા કે પિતા, પણ એના વલણને બાળક યોગ્ય ઘાટ આપશે. તેની જે ખાસ રુચિ છે તે બાળકની પ્રવૃત્તિમાં ભળી શાન્તિ અને સુખનો અનુભવ કરાવશે.

આ બાળકો જે સવારથી સાંજ સુધી 'શ્રેયસ્'માં રહે છે તેમાંનાં કોઈ છે અઢીથી પાંચ વર્ષનાં શિશુઓ, છ થી દસ વર્ષનાં બાલ,

અગિયારથી પન્દર વર્ષના કિશોર અને તેમની સાથેનાં અમે. સંઘ-ભાવનાથી અમે પોતાની સફાઈ, ભોજન ઈત્યાદિની જરુરિયાતો જાતે જ પૂરી પાડીએ છીએ. અમારું દઢ માનવું છે કે, જો યાંત્રિક પ્રગતિ (Technical progress) ભારતવર્ષમાં આપણે પ્રાપ્ત કરવી હોય તો આપણે ભણતર સાથે શરીરશ્રમ યોજવો જ જોઈશે.

માણસ વિલક્ષણ હોઈ તેને જ્યાં બહુ શ્રમ પડે ત્યાં શ્રમ ઓછો કરવા તે નવા નવા નુસખા શોધી કાઢે છે. એ તેની વૃત્તિને લઈને તે સંશોધક બને છે. શ્રમજીવી પ્રજામાં જ સંશોધકો પાકી શકે - બીજે નહિ.

યુરોપમાં આજે વૈજ્ઞાનિક, ઔદ્યોગિક, હુન્નર સંબંધી પ્રગતિ કૂદકે ને ભૂસકે આગળ ધપતી દેખાય છે. ત્યાં રૉકેટ અને હવાઈ જહાજોથી માંડી બીજાં જેવાં કે વાળવા, વલોવવા અને શાક કાપવાનાં યંત્રો પણ બન્યાં છે. તેથી ઉલટું ભારતમાં પથ્થર-યુગનો માનવી જે સાધનો વાપરતો હતો તે જ સાધનો હજી મોટા ભાગનાં ઘરોમાં તેમજ અન્યત્ર જોવા મળે છે. તે કામ બહુ જ ધીમું, બહુ જ મુશ્કેલ, બહુ જ શ્રમ પડે તેવું, કંટાળાભર્યું, ગંદું - કપડાં અને હાથ પગ બગાડે તેવું—લાગે છે. એ કામ બીજા કરે છે, ત્યાં સુધી આપણને કાંઈ પડી નથી. તે કામ ઘરની સ્ત્રીઓ, નોકરો, મજૂરો કરે છે. તે ભલે વૈતરું કરે.

જેઓને આ પરિસ્થિતિ ખૂંચે છે તેઓ વિદેશથી સાંચા ઉપાડી લાવે છે. મોટે ભાગે આપણા સાંચા, આપણાં વાહનો—એ પરદેશથી આવે છે. નહિ તો આપણે તેમના નકશા, પેટન્ટ અને નિષ્ણાતોને લઈ આવી તે ચીજોની નકલ કરીએ છીએ. તે નકલો ઘણી વાર આપણને પરવડતી નથી અને સદતી નથી, બંધબેસતી પણ આવતી નથી. સ્વાશ્રય દ્વારા યાંત્રિક પ્રગતિ અને સંઘભાવના અને તે દ્વારા મૈત્રી, સમતા, માનવતા, નિરોગીપણું, સ્વચ્છતા, વ્યવસ્થા, કરકસર, ચીવટ, સાદાઈના ગુણો પણ ખીલે છે.

મનુષ્ય સંઘકાર્ય દ્વારા જે લાગણી અને વિચારનું ઐક્ય પ્રાપ્ત કરે છે, તેમાં સાચી ધાર્મિકતા રહેલી છે. શાળાનું આ સંઘજીવન એ ધાર્મિકતામાં પરિણમે છે.

આ જે વિચારો અમે અમલમાં મૂક્યા તેને મારા પ્રવાસો દરમ્યાન ભારતની વિશિષ્ટ સંસ્થાઓ અને જાપાન, યુરોપ અને અમેરિકામાં થતા પ્રયોગોના દર્શને સાક્ષી પૂરી.

સંઘભાવનાને પોષક જેમ આ પરિશ્રમ છે તેમ અન્ય કેટલીક પ્રવૃત્તિઓ પણ છે. સવારે પ્રથમ જેને 'એક હય' અમે કહીએ છીએ, ત્યારે સહુએ ભેગા થવું, સાથે ગાવું, મૌનમાં થોડીક ક્ષણો ગાળવી અને કોઈ પ્રેરક વિચારોનું શ્રવણ કરવું.

સમૂહવાચનમાં રોજ કોઈ મનનીય પુસ્તકનું શ્રવણ કરવું. આશ્ચર્ય થશે કે, રોજ ફક્ત પાંચ કે દસ મિનિટ પણ આવું વાચન કરીએ તો કેટકેટલા અણમૂલા ગ્રંથો એક વર્ષમાં વાંચી શકાય છે.

સમૂહભોજન: રોજ એક પરિવારની જેમ સાથે બેસી જમવું.

પ્રવાસ અને પર્યટણ: આમાં એકમેક સાથે રહેવાનો અને એક જ યાત્રામાં સાથે મજલ કરવાનો લાભ થાય છે.

ઋતુઓ અને ખાસ પર્વોને ઉત્સવ રુપે સાથે ઉજવવાનો. વર્ષા શરદ, વસન્ત, હોળી, મહાન પુરુષોની સંવત્સરિઓમાં અને રાષ્ટ્રીય-દિનમાં સાથે સુશોભન કરવું, ગાવું, નાચવું, રમવું - મળવું - જમવું.

બીજું એક સબળ સાધન છે નાટક અને મેળાનું. દરેક માણસ ચિતારો, નટ અથવા નૃત્યકાર કે ગવૈયો નથી થવાનો, પણ આનંદનો આવિષ્કાર એ દરેક માટે સ્વભાવજન્ય છે. આપણા પૂર્વજો તે જાણતા અને તેથી મેળાઓનું માહાત્મ્ય હતું. રેડીઓ, સીનેમા કે ટેલીવિઝનના કાર્યક્રમમાં માનવ નિષ્ક્રિય બની જવાનો ડર છે. પણ આવા મેળા-ઓમાં દરેકને સક્રિય બનવાનું રહે છે. મેળા - નાટક દ્વારા 'શ્રેયસ્'માં કોઈ તમાશો કરવાનો કે ફાળો ભેગો કરવાનો હેતુ હોતો નથી. બીજાંનું મનોરંજન થાય એ તો એક પરિણામ છે, પણ હેતુ નથી. નાનાં મોટાં દરેકની શક્તિ, આવડત, રુચિ પ્રમાણે એક ધ્યેય માટે પ્રયત્ન આદરવો. થોડા સમયમાં એવા સમૂહ પ્રયત્નથી એક પ્રયોગ સિદ્ધ કરવો—એમાં સુમેળ, વિશ્વાસ અને આનંદ, સંતોષ પ્રાપ્ત થાય છે.

વળી આજે આપણા દેશમાં એક સૌથી વધારે જરુરત હોય તો તે સુગ્રથિત નાના નાના એકમોની - જૂથોની છે. છૂટી વ્યક્તિઓ સારી હોય છે, પણ વ્યક્તિસમૂહમાં ગેરવ્યવસ્થા અને ગેરવર્તાવ માલુમ પડે છે, અને પરિણામે વ્યક્તિ કચડાઈ જાય છે, અને ત્રાસ અનુ-ભવે છે. નાની નાની ભારીઓમાં બન્ધાઈ જવું અને એ રીતે સમગ્રરુપે સુદઢ, સુયોજિત થવું - સમૂહબળ વધારી વ્યક્તિએ સુસંપન્ન બનવું—આ માટે ચાર કે આઠ આઠના જૂથોમાં સુસજ્જ બની આખા સમાજના અંગ પ્રત્યાંગોને બળવાન કરવા એ તરફ અમે પ્રયત્ન કરતા આવ્યા છીએ.

સામાજિક વ્યવસ્થા માટે આ રીત ઉપયોગી છે, પણ અભ્યાસ-ની દષ્ટિએ પણ તે સચોટ બને છે. હારબંધ એક શિક્ષકની સામે બેસી તેમનું અનુકરણ કરવું એના બદલે નાનાં મોટાં વર્તુલોમાં બેસી પરસ્પર મંત્રણાથી કાર્ય કરવું એ આદર્શ રાખીએ તો વર્ગની રચના, સાધનો, રાચરચીલું, શિક્ષકનું કાર્ય અને રીતિ પરિ-વર્તન પામે છે, અને તેથી શાળાના હાર્દ સાથે બાહ્યરુપ પણ પલટાઈ જવા પામે જે.

કરાવવાપણું ટળી કરવાપણું બને ત્યારે 'જીવન દ્વારા જીવનનું શિક્ષણ' એ ગાંધીજીની વ્યાખ્યા અમલમાં આવે છે. પોતે બોલવાને બદલે વાતાવરણ બોલવા લાગે છે. અને ભણવાના, મનોરંજનના અને આરામના કલાકો જૂદા નથી થઈ જતા. આ એક આદર્શ છે. હું એમ કહેવા નથી માંગતી કે અમે તેને સિદ્ધ કરી શકયાં છીએ, પણ એ માર્ગે અમારૂં પ્રયાણ છે.

લિંગભેદ—છોકરા અને છોકરી—સ્ત્રી અને પુરુષમાં જુદાપણું - એ છેલ્લા થોડા સૈકાઓથી બહુ વિષમ રુપે પ્રગટ થાય છે. હવે આપણે એવા એક ભાવિ તરફ પ્રયાણ કરીએ છીએ કે આ ભેદ નાબૂદ થવો જોઈએ. એ ભેદ વિના 'હું માનવ છું' એ ભાવનાથી બાળકો - છોકરા કે છોકરીઓ—સાથે મળીને સ્વાસ્થ્ય બક્ષનારી પ્રવૃત્તિમાં પરોવાય તેમાં સહુનું કલ્યાણ છે. આથી સહશિક્ષણ એ એક શિક્ષણનું અગત્યનું પાસું બને છે. અને આમાં કોઈ ભય કે નિરાશા અમને લાગ્યાં નથી. બલ્કે પન્દર વર્ષના અનુભવ પછી તેમાં અમારો વિશ્વાસ વધ્યો છે.

આજકાલ ભાષાઓએ એક અવનવું જ પ્રકરણ ઊભું કરી દીધું છે. નાનું બાળક તો એક સાથે અનેક ભાષા ઝીલીને પોતાનો વ્યવહાર સંભાળી લે છે. ભાષાની સમૃદ્ધિ હોય તો તે સાચે જ એક કિંમતી વારસો છે. અને જ્યાં વાતાવરણમાંથી બાળક અનેક ભાષાઓ ઝીલવા ભાગ્યશાળી બન્યું હોય ત્યાં તેને તેમાંથી વંચિત કરવું ન ઘટે. ભાષા ભૂત અને વર્તમાન યુગને જોડનાર - મનુષ્યને સાંકળનાર-એક પુલ છે. બહુ ભાષાઓ આવડે તો જાત જાતના લોકો સાથેનો વ્યવહાર સુગમ બને છે. હિન્દી, મરાઠી, બંગાળી, ગુજરાતી કે કે અંગ્રેજી - ફ્રેન્ચ, સંસ્કૃત પણ કેમ નહીં - આ બાબતો બાળક પર લાદી શકાતી નથી, પણ તેને સંસ્કારરુપે અનેક ભાષાઓ શીખી લેવાનો લાભ હોય તો તે હિતકારી છે.

આવો એક લાભ 'શ્રેયસ્'માં પ્રાપ્ય છે. ત્યાં કઈ ભાષા નહીં બોલાતી હોય? આંધ્ર, કેરલ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, પંજાબ, સિન્ધ, ઉત્તર પ્રદેશ, બંગાળા ઈત્યાદિ ભારતભરના શિક્ષકો અને બાળકો ત્યાં ભેગાં રહે છે, અને અમે એકબીજાને સમજી લઈએ છીએ. ઉપરાન્ત પરદેશથી ફ્રેન્ચ, કેનેડિયન, અંગ્રેજ લોકો પણ આવે છે. અને દૂધમાં સાકરની જેમ ભળી જાય છે.

'શ્રેયસ્'માં દિનશાળા ઉપરાંત નિવાસશાળાનાં બાળકો પણ છે. અંગ્રેજી અને ગુજરાતી માધ્યમને લઈને આફ્રિકા એડન તરફથી

અને ભારતના જૂદા જૂદા રાજ્યોમાંથી બાળકો અને બાલિકાઓ આવે છે. પાંચ વર્ષથી છેક સોળેક વર્ષનાં એક જ શાળામાં નાની મોટી વયનાં ભાઈબહેનોનાં કુટુમ્બસમૂહો આવી વસે છે અને પૂર્વ પ્રાથમિકથી માધ્યમિક શિક્ષણ એક સળંગ વાતાવરણમાં મેળવી શકે છે. વળી 'શ્રેયસ્' બહુલક્ષી શાળા હોવાથી ભાષાઓ, વિજ્ઞાન, ઉદ્યોગ અને લલિતકલાના અંગ પ્રત્યંગોમાં બાળકને રુચિ પ્રમાણે આગળ વધવાની તક મળે છે.

આ વર્ષથી એક માનસશાસ્ત્રી શિક્ષકની નિમણુંક કરીને શાળાના પ્રશ્નોને બાળક, માતાપિતા અને શિક્ષકના સંપર્ક દ્વારા હલ કરવાની તથા વ્યવસાયદર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે.

અહિં એક ખાસ યોજના જે અમે વિચારી રહ્યાં છીએ તેનો ઉલ્લેખ કરવો મને ગમશે. હાલ ત્રણસો બાળકોમાંથી સાઠ બાળકોને છાત્રવૃત્તિ મળે છે. તેમ છતાં હવે એક એવી યોજના અમે વિચારીએ છીએ કે જેમાં માતાપિતા અને ઘરવિહોણાં તેજસ્વી બાળકો માટે શ્રેયસમાં જ એક ઘર અમે બનાવી શકીએ. આ બાળકો સ્વયંનિર્વાહ કરી શકે ત્યાં સુધી એટલે આશરે અઢાર વર્ષનાં થાય ત્યાં સુધી શ્રેયસમાં જ ઉછરશે. દરેક બાળકને ઉત્તમમાં ઉત્તમ શૈક્ષણિક તકો મળશે. તે વિજ્ઞાનની હો, લલિતકલા, ઉદ્યોગ કે **humanities**-વિનયનની. ઈંગ્લાન્ડમાં ડૉ. બર્નાડોના બાલગૃહો જેવી આ યોજના ગણી શકાય. આઠ-દસ બાળકો કોઈ એક પ્રૌઢ વ્યકિતની રાહબરી નીચે એક ઘરમાં રહે, ત્યાં પોતાના ખાવા રહેવાની સગવડ સહકારથી કરી લે, વસ્ત્ર, ખાદ્યપદાર્થ અને પુસ્તકો 'શ્રેયસ્' પૂરાં પાડે, પણ તેનું આયોજન તેમણે જાતે કરવાનું રહે. રજાઓ તેઓ કોઈ ઉત્પાદક વ્યવસાયમાં વીતાવે. અમારો અંદાજ છે કે દરેક બાળક દીઠ અમને વર્ષે આશરે નવસો રૂપીઆ ખર્ચ આવશે.

અહીં એક બાબત ખાસ ધ્યાન પર લાવવા ઈચ્છું છું કે, જીવનકાળના શરુઆતના અઢાર વર્ષને જો બરોબર સંભાળી લેવામાં આવે તો મનુષ્યની ઘણી ખરી સમસ્યાઓને ટાળી શકાય. આથી આ જીવનનો પહેલો તબક્કો ખૂબ વિચારપૂર્વકની યોજના અને વ્યવસ્થા માંગી લે છે. આજે સોળ વર્ષની વયે આપણાં બાળકો યુનિવર્સિટીઓમાં ચાલી જાય છે. તેને બદલે શાળાનાં વર્ષોને વધારીને તેમને સંગીન કરવા જોઈએ. અને તેથી અમે **higher secondary**ની હિમાયત વર્ષોથી કરતાં આવ્યાં છીએ અને એનો અમલ પણ કરવા માંડયો છે.

૧૯૪૭ના ઑગસ્ટમાં આઝાદી મળી, પણ ૧૯૪૭ પછી ખરેખર શું થવા પામ્યું? પોલાદના કારખાનાં થયાં. મોટર, એરોપ્લેન અને યંત્રોનાં પણ વિજ્ઞાનની પ્રયોગશાળાઓ થઈ. મોટા બન્ધો બન્ધાયા. પણ બીજી બાજુ માનવને તૈયાર કરનારી શિક્ષણયોજનાઓ વિસરાઈ ગઈ, છેલ્લું સ્થાન પણ તેને ન મળ્યું. માણસોની દરેક ક્ષેત્રમાં જરુર વધવા લાગી, પણ માણસો તૈયાર થયા નહીં. આજે પહેલાના તૈયાર થયેલાં મનુષ્યો હજી જવાબદારીનું વહન કરી રહ્યા છે, પણ હવે પાંચ કે દસ વર્ષમાં જ બીજી હરોળના અભાવે—બીનતૈયારીને લીધે—આપણો મોખરો તૂટી પડવાનો છે. વારંવાર શાળા - મહાશાળામાં તોફાનો થવાના-ગોળીબારના-સમાચારો આપણે સાંભળીએ છીએ. આ વર્ષે એક મહિનામાં આશરે બસો જેટલા ટ્રેન અકસ્માત થવા પામ્યા છે: તેમાંથી અર્ધા ઉપરના કર્મચારીઓની બેદરકારીથી થવા પામ્યા છે. આ બતાવે છે કે આપણા માણસો કામ માટે તૈયાર નથી. આવા બીનકેળવાયેલ માણસો એન્જિનિઅર થશે, ડૉકટર થશે, શિક્ષક થશે, માબાપ થશે, સામાજિક અને રાજકીય કાર્યકરો—નેતાઓ થશે. ટ્રેનના અકસ્માત તો નરી આંખે જોઈ શકાય તેવા છે, પણ ડૉકટર, શિક્ષક કે માબાપ કે સામાજિક અને રાજકીય કાર્યકરો દ્વારા થયેલ અકસ્માતોની ઈજા કેટલી પેઢીને ભોગવવાની રહેશે? ૧૫ વર્ષ ગયાં, પણ હવે તો ભૂલ્યા ત્યાંથી ફરીને ગણીએ.

વળી હજાર વર્ષની ગુલામીની જડતાના થર હજી આપણે ખંખેરી શકયાં નથી. "આ મારો દેશ છે—આ મારા લોકો છે—આ મારું કામ છે—આમાં મારી ઉન્નતિ છે." એ યાદ રહેતું નથી. બલ્કે આપણે હમેશ હાથ લંબાવી બીજાની સામે જોઈએ છીએ, તે નથી કરતો - તે દોષિત છે - એમ બબડાટ સાથે નિન્દા કરીએ છીએ. કામ કરવાની પણ દાનત નથી. ગમે તે બહાને કામ બન્ધ કરી બેસી જઈએ છીએ. આ બધાં દરદોનું ઓસડ ઉત્તમ શાળામાંથી મેળવી શકાય. કેળવણીનો વણઉકેલાયેલો, વજનદાર પ્રશ્ન મુદત પર છોડી શકાય તેમ નથી. ગામડાંઓની કેળવણીનો વિચાર અતિ મહત્વનો હોવા છતાં, શહેરોની કેળવણી વિસારે ન મૂકી શકાય. હજી આખા દેશનું સંચાલન શહેરીઓ કરે છે. એ શહેરીઓ ગંદકી અને હાડમારીમાં નાનાં ઘરો અને ઘીચશાળાઓમાં ઊછેરે છે. આ ભૂમિકા ઊછરતા નાગરિકો માટે લેશભર અનુરૂપ કે હિતાવહ ન જ લેખી શકાય. સૌથી પહેલી જરૂરત ચોખ્ખી હવાને ગણીએ. બીજી મોકળી જગા, ત્રીજી યુકતાહાર, ચોથી ઉમ્મરને યોગ્ય નિયમિત દિનચર્યા, પાંચમી પ્રવૃત્તિ, છઠ્ઠી યોગ્ય દેખરેખ નીચે નાનાં - મોટાંનો સહવાસ અને સાતમી સલામતી. આજનાં ઘરો અને લતાઓ સાંકડાં છે. અગિયાર વાગ્યાના શાળાના વખતની પ્રથાને લઈને સવારનાં કિંમતી સમયમાં બાળકો મોડાં ઊઠે છે, રખડે છે અથવા શાળાની બહારના સમયમાં ખાનગી રીતે ભણે છે. જમીને તરત જ શાળામાં જવા દોડે છે. જયારે આરામ લેવો જોઈએ ત્યારે ભણે છે. સાંજે પણ રમવાનાં મેદાનોના અભાવે માબાપના દબાણ નીચે ભણે છે. અથવા ફરી રસ્તાઓ પર રખડે છે. કુમારો પત્તાં, પાનબીડી, રેસ્ટોરાં, અને સિનેમાના શોખીન બની બેસે છે. ચારે બાજૂથી જકડાયેલી, નઠોરતા અને ભીંસમાં ઊછરતી પ્રજા બેત્રણ પેઢીમાં કેવી નીપજશે તે કલ્પવું કઠિન નથી. આ પ્રજાને માટે તેમનાં માવતર, શિક્ષકો, સમાજ પોતે કાંઈક કરે, પણ બાળકોનું વર્તમાન અને ભાવિ વહેતું ના મૂકે.

સારી દિનશાળા **Day-school** બાળકની જરૂરતો પૂરી પાડી શકે. આથી માબાપ અને ભાઈભાંડુની હુંફ અને સંપર્ક મળવા છતાં તેના વિકાસ માટે ઘર જે સગવડ આપી શકતું નથી તે શાળા પૂરી પાડે છે. આવી શાળાઓ દેશભરમાં ઠેર ઠેર ન હોવાથી તેમજ કૌટુમ્બિક સંજોગોને લઈને કેટલાંક બાળકો ઘરથી દૂર ઉછરે એવી આવશ્યકતા ઊભી થાય તો દિનશાળા સાથે છાત્રગૃહ ઉપયોગી બને છે.

અહીં મારે જણાવવું જોઈએ કે કેળવણીના આ સર્વ પ્રયત્નો સામે પ્રવાહે તરવા જેવા જ હોય છે. તેનો પ્રતિકાર થવાથી આપણી નિષ્ઠાની પૂરી કસોટી કરી લેવામાં આવે છે. લોકપ્રિયતા અને સફળતાને પાને આવા પ્રયત્નો ચઢી શકતા નથી. વિચાર અને મૂલ્યાંકનોની ક્રાન્તિ એ દુ:સહ્ય હોય છે. પણ જે સાચું લાગે તેને વળગી રહેનાર માટે 'એકલો જાને' એ જ મંત્ર સાચો લાગે છે.

આ સર્વનો સાર તો એ છે કે

- બાળક એ સર્વોપરિ ધન છે.
- આપણે સહુ તેનું જતન કરવામાં કોઈને કોઈ રીતે આપણો ફાળો આપીએ.
- તેમ કરવા માટે સામૂહિક વ્યવસ્થિત યોજના જોઈએ.

હવે પાછી મારા ટેકરી પરના સ્વપ્નની વાત પર આવું. જૂના માટીનાં ઘરમાં 'શ્રેયસ્' દસ વર્ષ ચાલ્યું. એક ઝાડ નીચે એક જૂની બસના ખોખામાં હું બેસતી. પછી એક સ્થાયી જગ્યા શોધવાનો વિચાર થયો. એટલે હું દસ માઈલના ઘેરાવામાં અમદાવાદની

આસપાસ ઘૂમી વળી, અને પાછી તે ટેકરી પર આવી. ઝાડ બધાં કપાઈ ગયાં હતાં. ટેકરીને જોઈ હું નિરાશ થઈ ગઈ, પણ પછી થયું કે, ઝાડ તો પાછાં ઉગશે, પણ ટેકરી નહીં બને. એટલે એ ૭૬ એકરની જમીન પર 'શ્રેયસ્'નું નવનિર્માણ થયું.

ગયા વર્ષે અમે તેમાં 'શ્રેયસ્' ખસેડયું. ત્યાં રમ્ય આલ્હાદક વાતાવરણ છે. સતત કોઈ સાગર મધ્યે બેટમાં હોઈએ તેવો પવન વાય છે. હવે તો સેંકડો ઝાડ ઊગ્યાં છે જે છાંયડો આપતાં થઈ ગયાં છે. ત્યાં રમતનાં મેદાનો સંગીત - નૃત્ય - નાટય કલાનાં ભવનો, ઉદ્યોગ શાળાઓ, ખૂલ્લી વિશાળ નાટયભૂમિ, વિજ્ઞાનભવન શિશુ - બાલ - કિશોર શાળાઓ, પુસ્તકાલય, ભોજન અને સભાગૃહ રસોઈઘર, બાલ અને કાર્યકર નિવાસની રચના થઈ ચૂકી છે. ત્યાં ખુલ્લી ઊંચી શાન્ત જગ્યાઓ પણ છે. આમાં વહેલી સવારે અને મોડી સાંજ સુધી અમારાં બાળકો અને કાર્યકરો સિવાય અન્ય શહેરમાંથી ગૃહિણીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સંગીત, નૃત્ય, કલાના વિષયો કલાતીર્થમાં શીખવા આવે છે.

આ જે નાનો અખતરો હતો તે 'શ્રેયસ્ પ્રતિષ્ઠાન ચેરીટી ટ્રસ્ટ'માં પરિણમ્યો છે. આ સંસ્થાનો ઉદ્દેશ શૈક્ષણિક, સામાજિક, કલા અને સાહિત્ય અંગેની પ્રવૃત્તિઓને વેગ આપવાનો છે. ઉપરાન્ત 'શ્રેયસ્'માં પુસ્તક પ્રકાશનનું પણ કાર્ય ચાલે છે. તે દ્વારા સાહિત્ય અને શિક્ષણ-સંબંધી અનેક પુસ્તકો પ્રકટ કરવામાં આવ્યાં છે.

મને થાય છે કે આ ભૂમિ હવે એક 'બૃહદ્ શ્રેયસ્'ની બની રહો! ગયે વર્ષે કલકત્તા અને મુંબઈથી કુલ અઢીસો બાળકો અને દિલ્હીથી ૫૦ કલાકારો 'શ્રેયસ્'માં રહેવા આવ્યાં હતાં. આ સ્થાન એક ગ્રામ જેવું હોઈ દેશવિદેશનાં બાળકોની મિલનભોમ બની રહો! તેમાં વિધવિધ સર્જક પ્રવૃત્તિઓ માટે બાળકોને ઉદ્દેશીને ખાસ ખાસ મકાનો અને સાધનો રચવામાં આવ્યાં છે. તો તેનો લાભ મોટા બાલસમૂહો કેમ ન લે?

હવે તમે પૂછશો કે તમે પન્દર વર્ષથી કાર્ય છોડી નીકળતાં નહોતા તો હવે અહીં કેવી રીતે આવી શકયાં? વર્ષોથી વિધવિધ વ્યકિતઓ દ્વારા 'શ્રેયસ્'ના કાર્યને વેગ મળતો આવ્યો છે. એ ઋણનો ભાર વધી જવા લાગ્યો છે અને તેથી થાય છે કે, હવે જો એ ભાર ઓછો કરવો હોય તો મારે પણ મને કોઈ બોલાવે તો આનાકાની ન કરવી, અને અનુભવ અને મન્તવ્યોની આપલે કરીને મારે ઋણમુકત બનવું. આજે તેમ કરવા માટે શ્રી પરમાનન્દભાઈ દ્વારા મુંબઈ જૈન યુવક સંઘે મને તક આપી છે તે માટે હું ઋણી છું. આમ ફરી મને ઋણબન્ધન થાય છે તે ભૂલીશ નહીં.

હવે અમારું આ એક નવું ગીત છે તે કહી સંભળાવું.

**આ ટેકરી**
**એક વહાણ**
**એક સફર**
**પવન તોફાન**
**ખલાસીએ ધરવી હાથ**
**સફર અફર નવા દેશ ભણી**
**વહાણે જવું જ**
**નવા દેશે જ**
**કિનારો છે જ**
**તોફાન પવન પણ.**

**તા. ૧-૯-૬૨, મુંબઈ.** **લીના મંગળદાસ**

# યુદ્ધપરિસ્થિતિ અને અહિંસાનિષ્ઠા

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે અવાર-નવાર નાના મોટા સંઘર્ષો અને તેમાંથી પરિણમતાં નાના પાયા ઉપરનાં યુદ્ધો નિર્માણ થયા કરતાં હતાં. એમ છતાં આઝાદી મળ્યા બાદ આપણે એક પછી એક યોજાતી રહેતી પંચવર્ષીય યોજનાનો સ્વસ્થપણે અમલ કરીને દેશના આર્થિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રે પ્રગતિ સાધ્યે જતા હતા. આઝાદીના જન્મ સાથે ઊભા થયેલા પાકીસ્તાન સાથેનો આપણો સંઘર્ષ ચાલુ હતો અને કાશ્મીર બાજુએ અમુક લશ્કરી જમાવટ આપણે ટકાવી રાખવી પડતી હતી. આ સિવાય ભારતની બીજી કોઈ સરહદના રક્ષણ માટે આપણને કોઈ ખાસ ચિન્તા નહોતી. લડાખ બાજુએ છેલ્લાં ચાર પાંચ વર્ષ દરમિયાન આપણી હકુમતના પ્રદેશ ઉપર ચીને નાના પાયા ઉપરનું આક્રમણ શરૂ કર્યું હતું અને લડાખના પ્રદેશ ઉપર ધીમે ધીમે પોતાનો કાબુ જમાવવા માંડયો હતો. આમ છતાં આ એક પ્રકારનો અનિશ્ચિત સરહદનો ઝગડો હતો અને આખરે વાટાઘાટોથી પતી જશે એવી આશા આપણે સેવતા હતા.

આમ પ્રમાણમાં સ્વસ્થ અને સુરક્ષિત મનોદશામાં આપણું જીવન વહ્યે જતું હતું અને ઔદ્યોગિક પ્રગતિનાં નવાં અને નવાં સીમાચિહ્નો આપણે સર કર્યે જતા હતા અને તે દ્વારા એક પ્રકારનો આત્મસંતોષ અનુભવતા હતા. આન્તરરાષ્ટ્રીય ક્ષેત્રે આપણી નીતિ તટસ્થતાની અને શાન્તિલક્ષી રહી હતી. કોઈ દેશ ઉપર આક્રમણ કરવું કે કોઈનો પ્રદેશ પચાવી પાડવો—આવી કોઈ મહત્ત્વાકાંક્ષા આપણા ચિત્તને સ્વપ્ને પણ કદિ સ્પર્શી નહોતી. 'मित्ति मे सव्व भूएसु, वैहं मज्झ न केणई' । આ ભાવનાને આપણી રાજનીતિ—વિદેશનીતિ—અન્તરથી વહેલી હતી. અને તેથી આપણી સામે કોઈ પણ દેશ આંગળી સરખી પણ ઊંચી ન જ કરે એવા વિશ્વાસ ઉપર આપણું આન્તર - બાહ્ય જીવન નિર્ભર હતું.

આવા સ્વસ્થતાપૂર્ણ જીવન વચ્ચે આપણામાંના કેટલાક અહિંસાનું વ્યાકરણ રચી રહ્યા હતા; શાસનમુકત સમાજરચના ઊભી કરવાના મનોરથ સેવી રહ્યા હતા; સત્તાગત કેન્દ્રીકરણના સ્થાને વિકેન્દ્રિત રાજ્યરચના નિર્માણ કરવા તરફ પગલાં માંડી રહ્યાં હતાં; સર્વોદયનું - સત્યાગ્રહનું - સૂત્રાત્મક ભાષ્ય રચી રહ્યા હતા; અહિંસામૂલક આર્થિક ક્રાન્તિ સાકાર બનાવવા તરફ પોતાના ચિન્તનને એકાગ્ર કરી રહ્યા હતા; રાજનીતિ વિરૂદ્ધ લોકનીતિનું એક નવું જ તર્કશાસ્ત્ર વિકસાવી રહ્યા હતા; શાન્તિસેનાને લગતો આકાશી કલ્પનાવિહાર ચલાવી રહ્યા હતા. એક પ્રકારની તંદ્રાને અધીન એવું કાંઈક આપણા જીવનનું સ્વરૂપ હતું.

આવી આપણી સુખચેનભરી જીવનલીલા નિહાળીને જાણે કે કાળ આપણને હસતો હોય એમ આપણી ઉત્તર સરહદ ઉપરના નેફા વિભાગમાં ચીને એકાએક ભયંકર આક્રમણ શરૂ કર્યું અને આપણે સફાળા જાગી ઉઠયા. આ આક્રમણના સામનાનો પ્રશ્ન એના વિકાળ સ્વરૂપમાં આપણી સામે આવીને ઊભો રહ્યો. સુખમાં સૂતેલા કોઈ ગામડા ઉપર માણસખાઉ વાઘ—વરૂનું ટોળું તૂટી પડે એવું અચાનક, નિષ્ઠુર અને ભયાનક આ ચીની આક્રમણ શરૂ થયું. તેમાં કોઈ ન્યાય કે નીતિ નહોતી એમ વ્યાજબીપણાનો કોઈ અંશ નહોતો. આ પ્રકારના આક્રમણનો બને તેટલો સામનો કરવા સિવાય આપણી પાસે બીજો કોઈ વિકલ્પ જ ન હોય એવી સ્થિતિમાં આપણે મુકાઈ ગયા. સ્વત્વ અને સ્વાતંત્ર્યની રક્ષાનો વિચાર આજે પણ આપણને એ જ દિશા તરફ ખેંચી રહ્યો છે.

આમ આપણી સામે હિંસા પોતાનું વિકાળ મોં ફાડીને આવી રહી છે. અને તે સામે હિંસક પ્રતિકાર સિવાય જાણે કે બીજો કોઈ ઉપાય જ ન હોય એવું અનિવાર્યપણું સૌ કોઈના ચિત્ત ઉપર

અસવાર થઈ રહ્યું છે. અને તેથી ચીની આક્રમક દળો સામે શસ્ત્ર-સજાવટ અને લશ્કરી પ્રતિકાર તરફ જ આપણ સર્વનું ધ્યાન કેન્દ્રિત થાય એ સ્વાભાવિક છે. વળી ઉપર જે દૃષ્ટાન્ત આપવામાં આવ્યું તે મુજબ કોઈ ગામડા ઉપર હિંસક પશુઓનું આક્રમણ થાય ત્યારે એ પશુઓનો સંહાર કરીને ગામડાને બચાવવું એ જેમ ગામમાં વસતા લોકોનું અનિવાર્ય કર્તવ્ય બની જાય—આ પ્રકારની જ કાંઈક પરિસ્થિતિ સર્વથા અકારણ, અણકલ્પ્યા અને મોટા પાયા ઉપરના ચીની આક્રમણ અંગે આપણા માટે ઊભી થઈ છે. અહિં અહિંસક પ્રતિકારને કોઈ અવકાશ જ નથી એમ લગભગ આપણામાંના સર્વને ભાસે છે. અહિંસાલક્ષી વિચારણા કરતા આપણા મહાજનો એક પ્રકારની સ્તબ્ધતા અનુભવતા દેખાય છે. અહિંસક સમાજરચનાની કાલ્પનિક ઈમારતો જાણે કે ગંજીપાના મહેલની માફક એક આંચકે કડડભૂસ થઈને પડી ભાંગતી હોય એમ ભાસે છે. આ સામુદાયિક હિંસક પ્રતિકારના બદલામાં સામુદાયિક અહિંસક પ્રતિકારની કોઈ વ્યવહારૂ કલ્પના અત્યારે થઈ જ શકતી નથી. અને એવી કોઈ કલ્પના શક્ય હોય તો પણ બન્ને પ્રકારના સામુદાયિક પ્રતિકારો એક સાથે ચાલી શકે કેમ એ પણ એક સવાલ છે. આવી વિચિત્ર પરિસ્થિતિમાં અહિંસાનિષ્ઠ વ્યકિતએ શું કરવું એ સહજમાં ન ઉકેલાય એવો કોયડો લાગે છે.

આજની આ પરિસ્થિતિનો આપણે જરા વિગતથી વિચાર કરીએ. આપણે આ ચીની આક્રમણને દૈત્યોના કે દીપડાના આક્રમણ સાથે સરખાવીએ છીએ અને તેનો શસ્ત્રો દ્વારા નિકાલ કરવો જોઈએ એમ સહજ સાદી બુદ્ધિથી આપણે કહી નાખીએ છીએ. પણ આપણે સમજવું જોઈએ કે દૈત્યો કે દીપડાના આક્રમણના સ્વરૂપમાં અને ચીની આક્રમણના સ્વરૂપમાં અમુક ફરક રહેલો છે. આપણી કલ્પનાના દૈત્યોમાં કે દીપડાઓમાં દયા કે માનવતાનો સંપૂર્ણ અભાવ છે એમ આપણે માની લીધેલું હોય છે, જ્યારે ચીની આક્રમણકારોનું વાસ્તવિક સ્વરૂપ કાંઈક જુદા જ પ્રકારનું છે. ચીનની બાબતમાં ચીનના સર્વોપરિ રાજ્યશાસકો નિર્ણય લે છે કે ભારતની ઉત્તર સરહદ ઉપર જંગી હુમલો કરીને બને તેટલો પ્રદેશ કબજે કરવો અને એ મુજબ ચીની સૈન્યને આદેશ આપવામાં આવે છે. ચીની સૈનિકને અંગત રીતે ભારત સાથે કોઈ વેરઝેર નથી. એ સૈનિક આપણા સૈનિક જેવો જ એક માનવી છે અને તેના દિલમાં આપણી જેવા જ દયા, માયા અને પ્રેમના કુણા ભાવો છે. એમ છતાં તે સૈન્યનો એક અંગ છે. અને સેનાપતિ હુકમ આપે એ મુજબ એ સૈનિકોએ આગળ વધવાનું છે. યુદ્ધનું આયોજન કરનાર ચીની રાજ્યશાસકો રાક્ષસી સ્વરૂપ ધારણ કરી રહ્યા છે, અને આ સૈનિકો તેમના હંકાર્યા એક યંત્ર માફક સંહારનું તાંડવ સરજી રહ્યા છે. એક સ્થળે એકઠું થયેલું ચીની સૈન્ય દૂર ઉભેલા ભારતીય સૈન્ય ઉપર ગોળીઓ છોડે છે, પણ કોણ કોને મારે છે તે કોઈની નજરે દેખાતું નથી અને વ્યકિતગત રીતે એકને અન્ય સામે કોઈ પણ પ્રકારનો વૈરભાવ છે જ નહિ. આવી જ સ્થિતિ ભારતીય સૈનિકોની છે. ચીની સૈનિક સામે તેના દિલમાં કશું પણ વૈરવૈમનસ્ય ન હોવા છતાં, રાષ્ટ્રરક્ષણનો સામુદાયિક ધર્મ તેને ગોળી ચલાવવાની ફરજ પાડે છે. યુદ્ધનું કોઈ સ્વરૂપજ એવું છે કે, બન્ને પક્ષના સૈનિકને પોતાના અન્તરમાં રહેલી માનવતાને દબાવીને—રૂંધીને—જાણે કે ફરજિયાત નિષ્ઠુર બનવું પડે છે અને એકમેકની સંહારપ્રવૃતિમાં સામેલ થવું પડે છે.

હવે પોતાના દિલમાં ઉગેલી માનવતા, કરૂણા જે માનવી દાબી શકતો નથી, રૂંધી શકતો નથી એવો માનવી અન્ય પક્ષનો કોઈ ભલો ભોળો માનવી—પછી ભલેને તે પ્રતિપક્ષનો સૈનિક હોય તો પણ—તેની ઉપર ગોળી છોડી જ કેમ શકાય એવો વસવસો અનુભવે છે. આજના સંયોગમાં હુમલાખોર ચીની સૈન્યના હિંસક પ્રતિકાર સવાય બીજો કોઈ વિકલ્પ જ નથી એમ આપણી વાસ્વલક્ષી બુદ્ધિ કહે છે, એમ છતાં વ્યકિતગત રીતે નિર્દોષ એવા માનવીની કતલ થઈ નજ શકે એમ આપણું ભાવનાલક્ષી કરુણાકોમળ હૃદય કહે છે. આવી આજની પરિસ્થિતિના સંદર્ભમાં ઉપસ્થિત થતી કર્તવ્યાકર્તવ્યની મુંઝવણ અંગે અહિંસાની દૃષ્ટિ આગળ રાખીને વિચારતા આપણા દેશના મહાનુભાવો જે કાંઈ કહે છે, બોલે છે, તે સમજવા વિચારવા હું પ્રયત્ન કરૂં છું, પણ હજું સધી કોઈ સ્પષ્ટ માર્ગદર્શન મળતું નથી.

એક બીજો પણ વિચાર આવે છે. આજ સુધીનો આપણો અનુભવ કંઈક એમ કહે છે કે, અહિંસક પ્રતિકારની સફળતાને એક મર્યાદા છે. જ્યાં કાનૂની રાજયવ્યવસ્થા હોય ત્યાં જ અહિંસક પ્રતિકાર કામયાબ નીવડવા સંભવ છે—જેવી રીતે આપણે બંધારણપુર:સરની સુસ્થાપિત અંગ્રેજી રાજયવ્યવસ્થા સામે અહિંસક પ્રતિકાર યોજી શકયા અને અમલી તેમજ સફળ બનાવી શકયા, પણ જ્યાં જંગલનો કાયદો પ્રવર્તે છે—જેવી સ્થિતિ ચીની આક્રમણે આપણી સરહદ ઉપર એકાએક હુમલો કરીને પેદા કરી છે—ત્યાં અહિંસક પ્રતિકારને કોઈ અવકાશ જ નથી. દૈત્યને તો મારીને જ હઠાવવો રહ્યો. સંભવ છે કે આવી વિચારણા આપણી પરંપરાગત વૈચારિક પ્રક્રિયાનું પરિણામ હોય. સંભવ છે કે રાજદ્વારી ક્ષેત્રે પરદેશી હકુમતને હાંકી કાઢવા માટે યોજાયેલ અહિંસક પ્રતિકારનું કામયાબપણું સિદ્ધ કરવા માટે આપણી વચ્ચે જેમ ગાંધીજી ઉતરી આવ્યા તેમ આન્તરરાષ્ટ્રીય સંઘર્ષના પ્રસંગે અહિંસક પ્રતિકારનું આયોજન સુઝાડનાર બીજા કોઈ ગાંધીનું આગમન અપેક્ષિત હોય. પણ આજની પરિસ્થિતિમાં આપણા પૂરતું એટલું સ્વીકાર્યા સિવાય ચાલે તેમ નથી કે અદ્યતન ચીની આક્રમણ સામે અહિંસક પ્રતિકારની કોઈ વિચારણા કે યોજના આપણા અહિંસાનિષ્ટ ચિન્તકોની કલ્પનામાં હજુ સુધી કોઈ સ્પષ્ટ આકાર લઈ શકી હોય એમ દેખાતું નથી.

એક મિત્ર સૂચવે છે કે, આપણે જેને અહિંસાનિષ્ઠા કહીએ છીએ તે ખરી અહિંસાનિષ્ઠા જ નથી, પણ આપણી બુદ્ધિમાં તરવરતું ઉપરછલ્લું સ્ફુરણ છે, અથવા તો અમુક પ્રકારના ઉછેર અને વાતાવરણના કારણે કેળવાયેલો માનસિક અધ્યાસ છે. આપણે લોહી રેડાતું જોઈ શકતા નથી, આપણે કોઈને મારી શકતા નથી કે કોઈ સામે હાથ ઉગામી શકતા નથી, અને આપણી આ અશકિતને આપણે ધાર્મિકતાનું—અહિંસકતાનું—રૂપ આપીએ છીએ. ખરો અહિંસક તે જ છે કે જે મારી શકે છે, છતાં મારતો નથી અને પોતાના માર્ગે જતાં આસપાસ લોહીની નદીઓ વહે તો પણ તે જરા પણ કંપાયમાન થતો નથી. વજ્રાદપિ કઠોરાણિ મૃદુનિ કુસુમાદપિ—આવો તેમના ચિત્તનો મહિમા છે. આવી પ્રાણવાન અહિંસા આપણામાં છે જ નહિ અને તેથી આજની ખુનખાર લડાઈમાં અહિંસાના ધોરણે આપણને આપણું કર્તવ્ય સુઝતું નથી. આપણું આ બાબતનું ચિન્તન પરિણામલક્ષી છે, જ્યારે જે નિષ્ઠા પરિણામ—નિરપેક્ષ હોય તે જ સાચી નિષ્ઠા કહેવાય. અને જેનામાં સાચી નિષ્ઠા હોય તેને પોતાનું કર્તવ્ય સૂઝી જ રહે છે. અહિંસા વિષે આપણામાંના લગભગ કોઈનામાં કદાચ આવી આત્યન્તિક અહિંસાનિષ્ઠા ન હોય એ બનવાજોગ છે. પણ આ સાથે એની પણ ના કહી શકાય તેમ નથી કે, ધાર્મિક સંસ્કારોના પરિણામે તેમ જ ગાંધીજી તથા વિનોબાજીના સહવાસ અને શિક્ષણના પરિણામે આપણામાંના અનેકનાં ચિત્ત અહિંસાની ભાવના વડે પ્રભાવિત બન્યાં છે, અહિંસાભિમુખ બન્યાં છે. આ રીતે આપણામાંના કેટલાકમાં આજ સુધી કેળવાયલું અહિંસાલક્ષી વલણ એક બાજુ સશસ્ત્ર પ્રતિકારનું અવલંબન લેવા દેતું નથી અને બીજી બાજુએ નિ:શસ્ત્ર પ્રતિકારનો કોઈ વ્યવહારૂ માર્ગ પૂરો પાડતું નથી.

આમ છતાં પણ પોતાને અહિંસાનિષ્ઠ લેખતી કોઈ પણ વ્યકિત

આવી કટોકટીમાં નિષ્ક્રિય બનીને બેસી રહી શકે જ નહિ. તેણે કંઈક તો કરવું જ રહ્યું. જ્યાં સુધી સામુદાયિક અહિંસક પ્રતિકારનો કોઈ પ્રકાર નજર સામે આવીને ઊભો ન રહે ત્યાં સુધી અહિંસાનિષ્ઠ વ્યકિત ભલે યુદ્ધમાં સક્રિય સહકાર ન આપે, પણ ઘાયલોની સેવાસુશ્રૂષામાં પોતાની જાતને રોકી શકે છે, જાન ગુમાવેલા સૈનિકોના કુટુંબોને રાહત પહોંચાડી શકે છે, દેશમાં શાન્તિ જાળવવાના અનેક પ્રયત્નોમાં સાથ આપી શકે છે. આમ પોતાની અહિંસાનિષ્ઠાને વાંધો ન આવે અને એમ છતાં આજે સ્વીકારાયલા સામુદાયિક સશસ્ત્ર પ્રતિકારના પ્રયત્નને બાધા ન પહોંચે એવી અનેક રીતે અહિંસાધર્મી આજની કટોકટીના સંદર્ભમાં ઉપયોગી બની શકે છે.

બાકી અહિંસાના અંચળા નીચે જે કશું જ કરવાની ના કહે છે કશું જ ઘસાવાનો ઈનકાર કરે છે, આજે જે કાંઈ ચાલી રહ્યું છે તે વિષે ઉદાસીનતા—કર્તવ્યશૂન્યતા—દાખવે છે તે સાચી અહિંસાનો દ્રોહ કરે છે, કાયરતાને ઉત્તેજે છે, દેશના શત્રુને સાથ આપે છે. આના કરતાં ચીની આક્રમણ સામે હિંસક પ્રતિકાર અખત્યાર કરીને પોતાના જાનમાલને જે કોઈ જોખમાવે છે તે અનેકગણા ધન્યવાદને પાત્ર છે. એ સમજી લેવાની જરૂર છે કે, આ દેશમાં કાયરને કોઈ સ્થાન હોવું ન ઘટે. વીર બનો! વીરતાને અપનાવો! વીરતા દાખવવાનો એક પ્રકાર છે શસ્ત્રયુદ્ધમાં સાથ આપવાનો; બીજો પ્રકાર છે પોતાની અહિંસાનિષ્ઠા જાળવીને યુદ્ધના પરિણામરૂપ અનેક પ્રકારના આતંકોના ભોગ બનતા લોકોને શકય તેટલી રાહત પહોંચાડવાનો. જેની જેવી પ્રકૃતિ તેણે તે પ્રકારનો માર્ગ અપનાવીને રાષ્ટ્ર ઉપર આવી પડેલી આફતનો સામનો કરવામાં પોતાની સર્વ શકિતઓનો ભોગ આપવો—આ છે આજનો આપણો અનિવાર્ય અનુપેક્ષણીય ધર્મ.

પરમાનંદ

# પ્રકીર્ણ નોંધ

## નહેરુની વ્યથા

તા. ૯-૧૧-૬૨ના રોજ ન્યુ દિલ્હી ખાતે રાજ્યસભામાં ચીની આક્રમણનું વિગતવાર વિશ્લેષણ કરતાં ભારતના મહાઅમાત્ય નહેરુએ નીચેના મર્મસ્પર્શી ઉદ્‌ગારો કાઢયા હતા. આજે ચીન સાથે લગભગ અનિવાર્ય જેવા ભાસતા યુદ્ધના પ્રજામાનસ ઉપર પડનારા પ્રત્યાઘાતો અંગે મહામના શ્રી નહેરુના દિલની વ્યથા અને વ્યાકુળતા આ શબ્દોમાં પ્રગટ થાય છે:—

"આપણા લોકો કોઈ કોઈ વાર તોફાને ચઢી જાય છે અને હિંસક બની જાય છે, એમ છતાં પણ તેમના ચિત્તની પાર્શ્વભૂમિકામાં 'that gentle training'—પુરાણી નમ્રતાપોષક તાલીમ-ના સંસ્કાર પડેલા જ છે. લડાઈની ઉદ્દામ પરિસ્થિતિના કારણે રખેને આપણે રાક્ષસી વૃત્તિ ધરાવતી પ્રજામાં પલટાઈ ન જઈએ—આ ખ્યાલ મને ખૂબ ભડકાવે છે. જો એમ થાય તો તેનું પરિણામ ભારતના આત્માને નીતિભ્રષ્ટ નીતિલિકલ બનાવવામાં આવવાનું. આ એક ભારે નુકસાનકારક બાબત છે. હું આશા રાખું છું કે, આપણે સર્વ આ બાબતથી જરૂર ચેતતા રહીશું.

"જે પ્રકારનું યુદ્ધ આજે ચાલી રહ્યું છે તેમાં ભારતને ધાર્યા મુજબની સફળતા મળે—અને એ ચોકકસ મળવાની જ છે—તો પણ આપણું લશ્કર પેકીંગના દરવાજા સુધી પહોંચી જશે એવો વિચાર સરખો પણ આપણે કરી શકતા નથી. આ પ્રકારનું યુદ્ધ ચાલ્યા જ કરવાનું છે અને બન્ને દેશનું લોહી ચુસાતું રહેવાનું છે અને પરિણામે બન્ને દેશો વધારે ને વધારે નિષ્ઠુર-ઘાતકી બનવાના છે. ભવિષ્યમાં જે કદિ પણ બનવાનું શકય ન હોય એવી વાહિયાત વાતો કરવી આપણને શોભતી નથી."

## આખરે રામે સીતાનો ત્યાગ કર્યો ખરો!

આખરે શ્રી કૃષ્ણમેનન ભારતના કેન્દ્રીય પ્રધાનમંડળમાંથી છૂટા થયા. મહા અમાત્ય નહેરુએ તેમને છૂટા કર્યા. તેઓ મુંબઈ ખાતે છેલ્લી સામાન્ય ચૂંટણીમાં આચાર્ય કિરપલાણીજી સામે ઊભા રહ્યા ત્યારથી તેમની સામે વિરોધી પ્રચારની શરૂઆત થઈ હતી. આમ છતાં નહેરુનું તેમને અસાધારણ પીઠબળ હોઈને તેઓ ઘણી મોટી બહુમતીથી લોકસભામાં ચૂંટાઈ આવ્યા હતા અને નહેરુએ તેમની પુનઃ સંરક્ષણ-પ્રધાન તરીકે નિમણૂંક કરી હતી. ત્યાર બાદ ભારતની ઈશાન સરહદ ઉપર ચીને મોટા પાયા ઉપરનો હુમલો કર્યો અને આવા કોઈ હુમલા માટે બીલકુલ તૈયાર નહિ એવા આપણા સૈન્યને ભારે ખુવારી સાથે પાછા હઠવું પડયું. આ કમનસીબ ઘટનાએ શ્રી કૃષ્ણમેનન સામે પ્રચંડ વિરોધી આંદોલન ઊભું કર્યું અને એ બળવાન લોકમતને આધીન બનીને નહેરુએ પોતાની અત્યન્ત અનિચ્છા હોવા છતાં શ્રી કૃષ્ણમેનનને છૂટા કર્યા.

શ્રી કૃષ્ણમેનન વિષે નહેરુને અસાધારણ પક્ષપાત હતો. બીજી બાજુએ કૃષ્ણમેનની રાષ્ટ્રનિષ્ઠા વિષે અનેક લોકો શંકાશીલ હતા. અનેક બાજુના ચાલુ દબાણ છતાં નહેરુ કૃષ્ણમેનનને મકકમપણે વળગી રહ્યા હતા. આમ છતાં યુદ્ધની કટોકટી અને લોકમતનું વધતું જતું દબાણ—આ બન્ને બાબતોને ધ્યાનમાં લઈને નહેરુએ કૃષ્ણમેનનનો જે ત્યાગ કર્યો તેને રામે કરેલા સીતાના ત્યાગ સાથે સરખાવી શકાય તેમ છે. રામની સીતા પ્રત્યે એ જ પ્રેમનિષ્ઠા હતી અને લોકમતના પ્રતિનિધિરૂપ ધોબીના વચનોમાં સીતા વિષેના તર્કવિતર્કનું એ જ વિચિત્ર વાતાવરણ હતું. નહેરુ એક સાચા democrat - લોકશાહીના મર્મને વરેલી મહાજન છે, આખરે પ્રજાગણને ન જ જોઈએ તે મને ન ખપે આવી તેમની પ્રતિજ્ઞા છે—આ બાબત તેમણે આવાં અનેક પગલાંઓ વડે પૂરા અર્થમાં પુરવાર કરી આપી છે અને એ કારણે તેમના પ્રતિ આપણું મસ્તક આદર વડે નમે છે.

## આગામી સર્વોદય સંમેલનમાં વિનોબાજીની હાજરી અત્યન્ત જરૂરી છે

આગામી તા. ૨૩, ૨૪, તથા ૨૫ મીના રોજ વેડછી ખાતે સર્વોદય સંમેલન ભરાવાનું છે. આજની કટોકટીમાં આ સંમેલનનું અસાધારણ મહત્ત્વ છે અને તેથી આ સંમેલનના સૂત્રધાર પૂજ્ય રવિશંકર મહારાજ પૂજ્ય વિનોબાજીને આ સંમેલનમાં હાજરી આપવા અને અહિંસાને પડકારતી આજની વિષમ પરિસ્થિતિમાં શું કરવું અને શું ન કરવું એ અંગે પાર વિનાની મુંઝવણ અનુભવતા સહકાર્યકરોને પ્રત્યક્ષ હાજર રહીને માર્ગદર્શન આપવા પત્ર ઉપર પત્ર લખીને વિનંતિ કરી રહ્યા છે. અલબત્ત, આ માટે તેમણે થોડા સમય માટે પદયાત્રાનો ત્યાગ કરવો પડે અને વેડછી આવી પહોંચવા માટે રેલ્વે ટ્રેનનો યા વિમાનનો આશ્રય લેવો પડે. સંભવિત છે કે, વર્ષોથી ચાલી રહેલી પદયાત્રા છોડીને તેઓ વેડછી આવી પહોંચવાને કદાચ જલ્દી તૈયાર ન થાય. આજથી લગભગ બે વર્ષ પહેલાં શ્રી નહેરુ અને એ વખતના રાષ્ટ્રપતિ રાજેન્દ્ર બાબુના આગ્રહને માન આપીને તેમણે પદયાત્રાનો નિયત કાર્યક્રમ બદલીને આસામ તરફ મોઢું તો વાળ્યું હતું. એ વખતે આસામની પરિસ્થિતિ આસામી અને બંગાળી વચ્ચેના તીવ્ર સંઘર્ષના પરિણામે ખૂબ કથળેલી હતી અને વિનોબાજી ત્યાં વિના વિલંબે પહોંચી જાય એ અત્યન્ત આવશ્યક હતું, અને એ પ્રકારનો બધી બાજુએથી આગ્રહ થઈ રહ્યો હતો. એમ છતાં તેઓ પદયાત્રા મોકુફ કરી શકયા નહોતા. આ વખતે પણ તેમનું વેડછી ખાતે આગમન અત્યન્ત આવશ્યક છે અને એમ છતાં તેઓ પદયાત્રા મોકુફ રાખવાનો વિચાર કરશે કે કેમ તે એક સવાલ છે. આવી પરિસ્થિતિમાં તેમને આપણ સર્વનો આગ્રહપૂર્વક અનુરોધ હો કે તેઓ વેડછી ખાતે સમયસર ઉપસ્થિત થાય, એટલું જ નહિ પણ, આજે દેશ આખામાં જ્યાં ત્યાં શાન્તિ 'જોખમાવાની' શકયતા વધતી જાય છે, એટલું જ નહિ પણ, આપણા દેશમાંથી જાણે કે અહિંસા પણ વિદાય લઈ રહી છે એવા કટોકટીના સમયે તેઓ પદયાત્રાનો ત્યાગ કરીને ચાલુ

વાહનવ્યવહારનો ઉપયોગ કરતા થાય અને ગાંધીજી માફક દેશના એક ખૂણેથી બીજા ખૂણે ઘૂમતા થાય અને જ્યાં જ્યાં તેમની જરૂર પડે ત્યાં ત્યાં તેઓ સત્વર સુલભ બને.

**'જૈન ધર્મનો પ્રાણ'**

શ્રી જગમોહનદાસ કોરા સ્મારક પુસ્તકમાળા તરફથી 'ચાર તીર્થંકર', 'ધૂપ સુગંધ' અને 'પદ્મપરાગ' એમ ત્રણ પુસ્તકો પ્રગટ થયાં હતાં. તાજેતરમાં એ પુસ્તકમાળા તરફથી 'જૈન ધર્મનો પ્રાણ' એ નામનું ચોથું પુસ્તક પ્રગટ થયું છે. આ પુસ્તકની અંદર જૈન ધર્મના હાર્દનો પરિચય આપતા પંડિત સુખલાલજીએ લખેલા અને આગળ ઉપર પ્રગટ થયેલા અમુક લેખો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આ પુસ્તકનું સંપાદન અધ્યાપક દલસુખભાઈ માલવણિયા અને શ્રી રતિલાલ દીપચંદ દેસાઈએ સંપાદન કર્યું છે. તેની કિંમત રૂ. ૨ રાખવામાં આવી છે. અને મુંબઈ ખાતે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલય (૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ મુંબઈ - ૩) માંથી આ પુસ્તક મળી શકશે.

પંડિત સુખલાલજીના બે ભાગમાં ગુજરાતી લેખો અને એક ભાગમાં હિન્દી લેખો--એમ 'દર્શન અને ચિન્તન' એ નામના ત્રણ ભાગમાં પ્રગટ થયા છે. આ દળદાર ત્રણ વિભાગમાંથી ચૂંટીને વિશિષ્ટ મહત્વવાળા લેખો આ પુસ્તકમાં તારવવામાં આવ્યા છે. એટલે જેને જૈન ધર્મની ટૂંકાણમાં તાત્ત્વિક સમજણ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તેના માટે આ પુસ્તકની ખાસ ભલામણ કરવામાં આવે છે. પુસ્તકનો ઉઠાવ પણ સુન્દર અને આકર્ષક છે. આવા અતિ ઉપયોગી અને કિંમતી પ્રકાશન માટે પ્રસ્તુત પુસ્તકમાળાના આયોજક શ્રી કાન્તિલાલ ડાહ્યાભાઈ કોરાને ધન્યવાદ ઘટે છે. આ સ્મારક પુસ્તકમાળા તેમના સ્વર્ગસ્થ નાના ભાઈ શ્રી જગમોહનદાસના સ્મરણ-માં તેમણે શરૂ કરી છે અને તેનું પ્રત્યેક પ્રકાશન લોકપ્રિય બનતું રહ્યું છે.

અહીં જણાવતાં આનંદ થાય છે કે, આ પુસ્તકની કિંમત રૂા. ૨ છે, પણ મુંબઈ જૈન યુવક સંઘના સભ્યને આ પુસ્તક રૂા. ૧-૫૦ માં સંઘના કાર્યાલયમાંથી મળી શકશે. ધાર્મિક સાહિત્યના પ્રેમી સૌ કોઈ બાઈ બહેનોએ આ પુસ્તક વસાવવા તેમ જ પ્રચારવા જેવું છે.

**સૌજન્યમૂર્તિ સ્વ. મણિભાઈ**

જૈન સમાજના એક જાણીતા કાર્યકર શ્રીમાન મણિલાલ મોહનલાલ ઝવેરીનું ૬૬ વર્ષની ઉમ્મરે આશરે વીશ દિવસની હૃદય-રોગની બિમારીના પરિણામે તા. ૩૧-૧૦-૬૨ના રોજ અવસાન થતાં આપણને એક ઉત્તમ કોટિના માનવી રત્નની ખોટ પડી છે. તેઓ મૂળ પાટણના વતની. વર્ષોથી મુંબઈમાં વસેલા અને હીરાની જાણીતી વેપારી પેઢી મેસર્સ હેમચંદ મોહનલાલના એક વખતના ભાગીદાર હતા. તેઓ અનેક જૈન સંસ્થાઓ સાથે જોડાયેલા હતા. તેમના અવસાનથી એક ઉજજવલ અને યશસ્વી જીવન કારકીર્દિનો અન્ત આવ્યો છે.

સ્વ. મણિભાઈના વ્યકિતત્વમાં અનેક ગુણોનો વિરલ સુયોગ હતો. શ્રીમાન હોવા છતાં અભિમાન, અહંકાર કે આપબડાઈનો તેમનામાં અંશ સરખો નહોતો. ઉદાર, સેવાભિમુખ અને શીલ-સંપન્ન તેમનું જીવન હતું. જૈન ધર્મમાં તેમને ઊંડી શ્રદ્ધા હતી. સ્ફટિક જેવું નિર્મળ તેમનું હૃદય હતું. તેઓ એક સાચા, પાપભીરૂ, શુદ્ધ દિલના શ્રાવક હતા. સરળતા અને નમ્રતા, જિજ્ઞાસા અને નિખાલસતા તેમને સહજપણે વરેલી હતી. સંપૂર્ણ અર્થમાં તેઓ એક સૌજ્યન્યમૂર્તિ હતા. તેમના પરિચયમાં આવનાર સૌ કોઈના દિલ ઉપર કંઈ કાળ સુધી ન ભૂંસાય એવાં મીઠાં સ્મરણોની ઊંડી છાપ તેઓ મૂકી ગયા છે. તેમની પાછળ રહેલા બહોળા કુટુંબ-પરિવાર પ્રત્યે અનેક મિત્રો—સંબંધીજનો ઊંડી સહાનુભૂતિ અનુ-ભવી રહ્યા છે. તેમના એક સ્નેહપાત્ર મિત્ર તરીકે તેમના પરલોકગમન અંગે હું ઊંડી ખિન્નતા અનુભવું છે, અને તેમના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ પ્રાર્થું છું.

**પરમાનંદ.**

# આજની ઘડીએ આપણું કર્તવ્ય

તમે જાણતા હશો કે આપણો દેશ અત્યારે ગંભીર પરિસ્થિતિમાં છે. ચીનનું આક્રમણ ભારત પેર થઈ રહ્યું છે અને ભારત કહે છે કે બચાવ માટે લડવું અનિવાર્ય છે. બંને દેશો વચ્ચે લડાઈ ચાલી રહી છે. ચીન કહે છે કે અમારા પ્રદેશ પર ભારતનું આક્રમણ થયું છે. આવી રીતે આક્ષેપ--પ્રતિઆક્ષેપ થઈ રહ્યા છે. કોના-કયા આક્ષેપમાં કેટલું તથ્ય છે, કેટલું નહીં એનો નિર્ણય સામાન્ય નાગરિક નથી કરી શકતો. એટલે વાસ્તે બેઉ દેશના લોકો પોત-પોતાની સરકાર તરફથી જે જાણકારી મળે છે એને જ માનશે. પરંતુ એક વાત મારી સમજમાં નથી આવતી કે ભારતે એક બહુ મોટો પ્રસ્તાવ રજૂ કરેલો તે કેમ સ્વીકારવામાં નથી આવ્યો? પંડિતજીએ એમ સૂચવ્યું હતું કે બંને દેશોનો દાવો જે પ્રદેશ પર છે એટલા પ્રદેશમાંથી બીજાનો કબજો ઊઠાવી લેવામાં આવે અને બંને પોતપોતાનો દાવો રજૂ કરે, ત્યારબાદ વાટાઘાટો ચાલે, લવાદનો પ્રયોગ કરવામાં આવે અને ફેંસલો કરાય. હું સમજુ છું કે આ સૂચન બિલકુલ નિર્મળ છે.

જો આ સૂચનનો સ્વીકાર કરવામાં નથી આવતો તો મારા જેવા તટસ્થ માણસના ચિત્ત પર પણ અસર થાય છે. ભારત પર આ લડાઈ લાદવામાં આવી રહી છે અને આવી રીતે આક્રમણ થતું રહે તો કોઈ દેશ સહન ન કરી શકે, બલ્કે સહન કરવાથી દેશ આગળ ન વધી શકે.

યુદ્ધનો જમાનો વીતી ચૂકયો છે. છતાં યે પોતપોતાના નાના--નાના દૃષ્ટિકોણ (નજરિયા) રાખે છે. એ દ્રષ્ટિને છોડવા માટે લોકો તૈયાર નથી થતા અને લડાઈઓ ફાટી નીકળે છે. આનાં બહુ ભયાનક પરિણામ આવી શકે છે. તેથી હું પરમેશ્વરને પ્રાર્થના કરીશ કે પંડિત નહેરૂ તરફથી આ જે પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે તે સ્વીકારવાની સદ્‌બુદ્ધિ ભગવાન ચીનને આપે. પછી બેઉ સરકારની વાત સાંભળીને લવાદ તરફથી જે ફેંસલો થાય તેને માન્ય કરવાનો નિર્ણય થઈ જાય. આના કરતાં વધુ સારો ઉપાય બીજો નથી હોઈ શકતો. અને છતાં યે બીજો કોઈ ઉપાય સૂચવવો હોય તો તે સૂચવાય અને તેના પર વિચારણા થાય. પરંતુ લડાઈ તો બંધ થવી જોઈએ. ખેર, પરમેશ્વર જે બુદ્ધિ આપશે તે થશે. એની દૃષ્ટિ શી હશે તે આપણે નથી સમજી શકતા. એની કરૂણા અપાર છે. ઉપર ઉપરથી આપણને જુદું દર્શન થાય છે. અંદર કરૂણા છુપાયેલી રહે છે, તે તો આપણે નથી ઓળખી શકતા. પરંતુ આપણે વિચારવું જોઈએ કે આ ઘડીએ આપણું કર્તવ્ય શું છે? લશ્કર તો ત્યાં પહોંચી ગયું છે. તેનું ત્યાં જે ચાલવાનું હશે તે ચાલશે. પરંતુ આવી હાલતમાં જનતાનું કર્તવ્ય શું છે? મારી દૃષ્ટિએ બે-ત્રણ પ્રકારનાં કર્તવ્ય છે:

એક તો એ કે બધી જાતના ભેદ મટી જવા જોઈએ. આખું રાષ્ટ્ર એકદિલ થઈ ગયું, એવું થવું જોઈએ.

બીજી વાત એ કે ધૈર્ય ન છોડવું જોઈએ. હિંમત રાખવી જોઈએ. આ બે વાત તુરત થવી જોઈએ.

અને ત્રીજી વાત જે લાંબા ગાળાની છે અને સહુએ કરવાની છે તે એ કે ગામડે ગામડું મજબૂત બનાવવું જોઈએ. એક એક ગામ એક એક પરિવાર જેવું બનવું જોઈએ. સહુએ નક્કી કરવું જોઈએ કે અમારા ગામની યોજના અમે બનાવીશું. અમારા ગામમાં કોઈ ભૂખ્યું નહીં રહે, બેકાર નહીં રહે, દુ:ખી નહીં રહે. કોઈ દુ:ખી હશે તો એના દુ:ખમાં અમે સહુ ભાગ પડાવીશું. આમ થશે તો કેવળ લડાઈની દૃષ્ટિએ જ લાભ નહીં થાય—તે તો જાણે થશે જ--પણ તે ઉપરાંત દેશ બહુ મજબૂત

બનશે, અને તેનો કાયમને સારૂ લાભ મળશે. અને આવી રીતે આપણા દ્વારા પ્રાપ્ત કરાયેલું તે સાચું સ્વરાજ્ય હશે.

અત્યારે ભારતને 'સ્વરાજ્ય' મળ્યું છે ખરૂં, પણ એના આનંદની અનુભૂતિ નથી થતી. જેમ સૂર્યોદય થાય તો તે માત્ર કલકત્તા કે દિલ્હીમાં જ નથી થતો, પણ તેનું દર્શન ગામેગામ અને ઘરે-ઘર થાય છે અને નાનું બાળક પણ જાણે છે કે સૂર્યોદય થયો. એવી જ રીતે સ્વરાજ્યના સુખની અનુભૂતિ પણ ગામેગામના બાળકને થવી જોઈએ.

સ્વરાજ્યમાં એક ઉષ્ણતા છે, એનો એક પ્રકાશ છે. એ પ્રકાશ ને એ ઉષ્ણતાનો અનુભવ દરેકને થવો જોઈએ. અમે સ્વતંત્ર છીએ, આઝાદ છીએ, અમારા પર કોઈ જુલમ નથી કરી શકતું અને અમે કોઈ પર જુલમ નથી કરતા, અમારો સહયોગી સમાજ છે, અમારામાં ઊંચ-નીચના ભેદ નથી, જમીન પર સહુનો અધિકાર છે, જે ખેડે તેને જમીન મળવી જોઈએ— આમ થશે તો ચીન જેવા દેશનો શાંતિપૂર્વક પ્રતિકાર કરી શકીશું. એને માટે નિર્ભયતા જોઈએ, પૂર્ણ પ્રેમ ને સહયોગ જોઈએ. ત્યારે અહિંસાની શકિત પાંગરી શકે છે.

ઓછામાં ઓછું આપણે એટલું કરીએ કે ભારતમાં કયાંય અશાંતિ ન થાય. અશાંતિનાં જે કારણો હોય તેના પર વિચારણા કરીને તેનું નિરાકરણ કરીએ. ગામના પ્રશ્નો ગામમાં ઉકેલીએ. આવું થાય છે ત્યારે દેશની નૈતિક શકિત પણ જન્મે છે અને લશ્કરી શકિત પણ જન્મે છે. જો હિંસાથી લડવું હોય તો આખા દેશની સહાનુભૂતિ હોવી જોઈએ. જો અહિંસાથી લડવું હોય તો પણ આખા દેશની સહાનુભૂતિ હોવી જોઈએ. આખા દેશની સહાનુભૂતિ મેળવીને હિંસાને સમર્પણ કરવાની જરૂર નથી. અહિંસાને સમર્પણ કરી શકીએ છીએ. ભારતનો દરેક નાગરિક અંતઃશકિત વધારે, દેશનું ઉત્પાદન વધારવામાં પોતાનો ફાળો આપે અને ગરીબોમાં એનું વિતરણ કરવામાં સહયોગ આપે.

વિચારીએ છીએ ત્યારે આ એક વિરાટ રૂપ લાગે છે. પરંતુ દરેક ચીજનું એક વિરાટ રૂપ હોય છે અને એક નાનું રૂપ હોય છે. ભગવાને ગીતાના અગિયારમાં અધ્યાયમાં એક વિરાટ રૂપ બતાવ્યું છે. ભગવાનનું આવડું વિરાટ રૂપ જોઈને અર્જુન ગભરાઈ ગયો. આ જેમ વિરાટ રૂપ છે તેમ જ એક નાનું રૂપ હોય છે, જે નાના રૂપમાં ભકતને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. આવી જ રીતે આખાયે દેશમાં શાંતિ સ્થપાય તે વિરાટ રૂપ છે. તેનું જ એક નાનું રૂપ પણ છે તે એ કે ગામે-ગામ શકિત નિર્માણ થાય. ભકતને માટે નાનું રૂપ અનુકૂળ થાય છે.

હમણાં રાજાજી અમેરિકા ગયા હતા અને ઢેબરભાઈ રશિયા ગયા હતા. તેઓ ત્યાં વાતો કરીને આવ્યા. હવે આ વચ્ચે વચ્ચે વાતચીતનો પ્રયત્ન ચાલે છે. પણ શબ્દમાં શકિત ત્યારે આવે છે જ્યારે પોતાને ત્યાં એનો અમલ થાય છે. ભારત દેશમાં જો આપણે એનો અમલ કરીએ અને એકેએક ગામનું અહિંસક ઢબે નિર્માણ કરવાની કોશિષ કરીએ તો આ થઈ શકે છે અને તે કઠિન નથી.

**વિનોબા**

# જ્ઞાનતપસ્વી પુણ્યવિજયજીનો પાવન પરિચય

(સંશોધનાચાર્ય મુનિશ્રી પુણ્યવિજયજીએ કાર્તિક શુદ પાચમ—તા. ૨-૧૧-'૬૨ ના રોજ ૬૭ વર્ષ પૂરાં કરીને ૬૮ માં વર્ષમાં પ્રવેશ કર્યો. દીક્ષાની દ્રષ્ટિએ તેમણે ૫૪ વર્ષ પૂરાં કર્યા. આ વખતનું ચાતુર્માસ તેમણે પોતાની જન્મભૂમિ કપડવંજમાં કર્યું હતું. આ અવસરનો લાભ લઈને કપડવંજના જૈન સંઘ તરફથી મુનિશ્રી પુણ્યવિજયજીના સન્માનાર્થે ચાલુ નવેમ્બર માસની તા. ૨, ૩ તથા ૪ એ મુજબ ત્રણ દિવસનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને લગતા મુખ્ય સન્માનસમારંભ (તા. ૪-૧૧-'૬૨) નું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ સ્વીકાર્યું હતું અને શેઠ કસ્તુરભાઈ લાલભાઈએ અતિથિવિશેષ તરીકે આ સમારંભમાં ભાગ લીધો હતો. આ મુનિવરના આજ સુધીના જીવનનો નીચેના લેખમાં પ્રેરક પરિચય આપવામાં આવ્યો છે. **તંત્રી**)

સાધના વગર સિદ્ધિ નથી અને સાચી સાધના કયારેય એળે જતી નથી. પૂજ્ય મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ આવા જ એક જીવનસાધક જ્ઞાનતપસ્વી છે; અને આજે, ૬૮ વર્ષની ઉંમરે પણ, પૂર્ણ ઉત્સાહ, પૂર્ણ એકાગ્રતા અને પૂર્ણ નિષ્ઠાપૂર્વક એમનું એ તપ ચાલી રહ્યું છે.

જૈન સાહિત્યના તેઓ ઊંડા મર્મજ્ઞ વિદ્વાન છે, અને આગમ-સાહિત્યના અને પ્રાકૃત ભાષાના તો તેઓ નિષ્ણાત છે. સંસ્કૃત ભાષાનો એમનો અભ્યાસ પણ ખૂબ ઊંડો અને વ્યાપક છે. તેમ જ બ્રાહ્મણ સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યને પણ એમણે પોતાના અભ્યાસના વર્તુલમાંથી અળગું નથી રાખ્યું. પ્રાચીન ગુજરાતી અને રાજસ્થાની ભાષાના પણ તેઓ જ્ઞાતા છે.

પ્રાચીન ભાષા અને સાહિત્યનું સંશોધન એ એમનો પ્રિયમાં પ્રિય વિષય છે. પ્રાચીન જૈન સાહિત્યના સંશોધનમાં તો તેઓ સિદ્ધહસ્ત વિદ્વાન છે. ગમે ત્યાંથી સત્યનો સ્વીકાર કરવા તેઓ હંમેશાં તત્પર રહે છે. સત્યના સાચા શોધકને શોભતી ઐતિહાસિક અને તુલનાત્મક દ્રષ્ટિ એ મુનિવર્ય શ્રી પુણ્યવિજયજીની વિદ્વત્તાની વિરલ વિશેષતા છે. વસુદેવહિંડી, બૃહત્કલ્પભાષ્ય, અંગવિજ્જા જેવા અતિકઠિન પ્રાચીન ગ્રન્થોના સંશોધનમાં એમની આ વિશેષતાનાં દર્શન થાય છે.

ઈતિહાસ કે પ્રાચીન સાહિત્યના સંશોધનનું કામ એ તો ધૂળધોયાના ધંધા જેવું અતિ શ્રમસાધ્ય કાર્ય છે; અને એમાં સંશોધકની ધીરજની પૂરેપૂરી કસોટી થાય છે. અને કયારેક તો સત્ય શોધવા માટે, નાના સરખા ઉંદરને ખોળી કાઢવા માટે જાણે આખો ડુંગર ખોદી કાઢીએ, એટલો બધો પરિશ્રમ કરવો પડે છે; અને તે છતાં એમાંથી ધાર્યું સત્ય ન સાંપડે તો પણ ધીરજ અને સત્ય-શોધનની વૃત્તિને ટકાવી રાખવી પડે છે; સત્યના શોધકને નિરાશ થવું તો પાલવે જ નહીં.

પોતાના સંશોધનકાર્યમાં મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ આવા જ ધીરજવાન અને અદમ્ય ઉત્સાહી વિદ્વાન છે. પ્રાચીન સાહિત્યની એકાદ પંકિત કે એકાદ શબ્દને શુદ્ધ કરવામાં કલાકો સુધી ચિંતન—મનન—સંશોધન કરતાં તેઓ કયારેય કંટાળતા નથી. કયારેક તેઓ આવા જ કોઈ સંશોધનમાં મગ્ન હોય ત્યારે કોઈ વ્યકિત એમની પાસે જઈને ખડી હોય તોપણ મિનિટો સુધી એમનું ધ્યાન એ તરફ જતું જ નથી—એવી જાણે ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા ત્યાં જામી જાય છે. પ્રમાદ કે આળસ તો એમને સ્પર્શતાં જ નથી; અને કલાકો સુધી ઉજાગરા વેઠીને અને આરામને અળગો કરીને તેઓ પોતાના સંશોધનકાર્યમાં મગ્ન રહે છે. આવી અજબ છે આ મુનિશ્રીની સત્યને શોધવાની તાલાવેલી !

ભારતીય પ્રાચીન લિપિઓના તેઓ નિષ્ણાત જ્ઞાતા છે. કઠણમાં કઠણ કે બે-ઢબ રીતે લખાયેલી પ્રાચીન હસ્તપ્રતોને તેઓ સરળતાપૂર્વક ઉકેલી શકે છે. ભારતીય વિદ્યાના ખજાના-સમી પ્રાચીન હસ્તપ્રતો એ તો મહારાજશ્રીને મન શ્વાસ અને પ્રાણ-સમી પ્રિય છે. એમાં જૈન—જૈનતરનો કોઈ ભેદ તેઓ જાણતા નથી. જ્ઞાન તો વહેતી ગંગા છે, એને બંધિયાર કરવા જતાં એ ગંધાતું ખાબોચિયું બની જાય છે. મહારાજશ્રી આ સત્યને બરાબર સમજે છે; એમનું જીવન અને કાર્ય આ સત્યનું જીવંત ઉદાહરણ છે. તેથી જ

આવી હસ્તપ્રતોનાં તીર્થધામ સમા ગુજરાત—રાજસ્થાનના સંખ્યાબંધ જ્ઞાનભંડારોનો મહારાજશ્રીએ પુષ્કળ પરિશ્રમ લઈને ઉદ્ધાર કર્યો છે, અને એમને સૈકાઓ સુધીને માટે સુરક્ષિત બનાવ્યા છે. પ્રાચીન હસ્તલિખિત પ્રતો અને જ્ઞાનભંડારોનો ઉદ્ધાર તેમ જ એની સાચવણી, એ પણ એક સ્વતંત્ર શાસ્ત્ર કે કલા છે; અને એમાં મહારાજશ્રી સંપૂર્ણ નિપુણતા ધરાવે છે. એક ભકતની ભકિતપરાયણતાથી તેઓ પ્રાચીન જ્ઞાનભંડારોનો ઉદ્ધાર કરે છે; અને એક માતાની મમતાથી પ્રાચીન હસ્તપ્રતોની માવજત કરે છે. એમના પ્રયત્નને લીધે ભારતીય સાહિત્યના સંખ્યાબંધ મહત્ત્વના ગ્રન્થોની અતિ વિરલ હસ્તપ્રતો મળી શકી છે, તેમ જ સુરક્ષિત થઈ શકી છે.

પ્રાચીન હસ્તપ્રતોને પારખવાની એમની દૃષ્ટિ એટલી વેધક છે કે કોઈ હસ્તપ્રતમાં એનો લેખનસંવત ન લખ્યો હોય તો પણ એની લિપિના મરોડ ઉપરથી એ પ્રત કયા સૈકામાં લખાઈ હોવી જોઈએ એનો નિર્ણય તેઓ સહજ રીતે કરી શકે છે. એ જ રીતે પ્રાચીન હસ્તપ્રતોમાંથી તેમ જ બીજી ચિત્રકલાનું પણ તેઓ યથાર્થ મૂલ્યાંકન કરી જાણે છે, અને પુરાતત્ત્વની વસ્તુઓમાં પણ તેઓ ઊંડો રસ ધરાવે છે.

પ્રાચીન ગ્રન્થોનું આધુનિક વૈજ્ઞાનિક સંશોધનપદ્ધતિ પ્રમાણે સંશોધન કરવાની દૃષ્ટિ, ગ્રન્થભંડારો અને હસ્તપ્રતોની વિપુલ માહિતી, હસ્તપ્રતોને ઉકેલવાની અને પારખવાની અતિવિરલ બુદ્ધિ અને વિદ્વાનોને સહાયરૂપ થવાની તત્પરતા વગેરે વિશેષતાઓને લીધે મહારાજશ્રી ભારતીય વિદ્યાના ક્ષેત્રમાં કામ કરતા દેશ-વિદેશના જૈન-જૈનેતર અનેક વિદ્વાનોનું પૂછયા ઠેકાણું બની ગયા છે. એમની આવી વિવિધ વિષયસ્પર્શી વિદ્વતાને લીધે જ તેઓની ગુજરાત સાહિત્ય પરિષદના અમદાવાદમાં ભરાયેલા અધિવેશનના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકે તેમજ ઑલ ઈન્ડિયા ઑરિયેન્ટલ કૉન્ફરન્સના ગયા વર્ષે કાશ્મીરમાં મળેલ અધિવેશનના પ્રાકૃત જૈન વિભાગના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી. અને જૈન-જૈનેતર પ્રાકૃત સાહિત્યના પ્રકાશન માટે આપણા નિવૃત્ત રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીના સહકારથી સ્થપાયેલા પ્રાકૃત ટેક્ષ્ટ સૌસાયટીના કેન્દ્રસ્થાને પણ મુનિશ્રી પુણ્યવિજયજી જ બિરાજે છે.

મહારાજશ્રીએ પોતાના ૫૪ વર્ષ જેટલા લાંબા દીક્ષાકાળ દરમ્યાન દેશના જુદા જુદા ભાગોમાં પાદવિહાર કરતાં કરતાં સંખ્યાબંધ ગ્રંથભંડારોનું નિરીક્ષણ કર્યું અને અનેક સ્થાનોમાં બિસ્માર હાલતમાં પડેલી અસંખ્ય હસ્તપ્રતોમાંથી પસંદ કરીને ભેટ તરીકે કે જૈન સંઘની સહાયથી હજારો હસ્તલિખિત પ્રતો પોતાના ગ્રંથસંગ્રહમાં એકત્ર કરી હતી. આ હસ્તપ્રતોમાં પ્રાચીન તાડપત્રની તેમજ કાગળની પણ હસ્તપ્રતો હતી; અને કેટલીક તો અતિવિરલ કે અન્યત્ર અલભ્ય ગણી શકાય એવી સચિત્ર પ્રતો પણ હતી. ઉપરાંત ભારતીય વિદ્યાને લગતા દેશ-વિદેશમાં પ્રગટ થયેલા મહત્ત્વના હજારો ગ્રંથ પણ તેઓએ વસાવ્યા હતા. મહારાજશ્રીના આ ગ્રંથસંગ્રહનું મૂલ્ય આંકી શકાય એવું નથી. પણ મહારાજશ્રીને મન ગ્રંથસંગ્રહનું સાચું મૂલ્ય એનો સંગ્રહ કરી રાખવામાં નહીં પણ એનો મુકતમને ઉપયોગ કરવા-કરાવવામાં જ છે. એટલે એમણે પોતાનો આ હજારો ગ્રંથોનો અમૂલ્ય સંગ્રહ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ અને એમના કુટુંબની ઉદાર સખાવતથી અમદાવાદમાં સ્થપાયેલા શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરને ભેટ આપી દીધો; અને એ રીતે પોતાના આ ગ્રંથસંગ્રહનો ઉપયોગ સૌ કોઈને માટે સરળ બનાવી દીધો. મહારાજશ્રીનું આ પગલું જેમ એમના સાધુજીવનની નિર્મળતા અને નિર્લોભતાનું સૂચક છે, તેમ બીજા ગ્રંથસંગ્રાહકોને પ્રેરણા આપે એવું છે. આ સંસ્થા, પુનાની ભાંડારકર ઓરીયેન્ટલ રીસર્ચ ઈન્સ્ટીટયૂટની જેમ, ભારતની પ્રાચીન વિદ્યાઓના સંશોધનકાર્યને આગળ વધારનારી તેમજ એ ક્ષેત્રના નવા વિદ્વાનો તૈયાર કરનારી, ગુજરાતની એક નમૂનેદાર વિદ્યાસંસ્થા થવાની છે.

° ° ° °

મહારાજશ્રીનું મૂળ વતન કપડવંજ. એમના પિતાશ્રીનું નામ ડાહ્યાભાઈ; એમનાં માતુશ્રીનું નામ માણેકબહેન, અને એમનું પોતાનું નામ મણિલાલ. એમનો જન્મ વિ. સં. ૧૯૫૨ ના કારતક સુદિ પાંચમ (જ્ઞાનપંચમી કે લાભપાંચમ) ના દિવસે થયેલો. માણેકબહેનને પાંચ સંતાન થયેલાં એમાં આ છેલ્લું સંતાન જ ઉછરેલ. અને તે પણ જાણે કાળના મોંમા કોળિયો થતાં બચી ગયું હોય એ રીતે. મણિલાલ હજુ બે-ચાર મહિનાના જ થયા હતા, અને ઘોડિયે ઝૂલતા હતા, એ વખતે એક દિવસ એમને ઘરમાં મૂકીને માણેકબહેન નદીએ કપડાં ધોવા ગયેલાં. પાછળ એકાએક મહોલ્લામાં આગ લાગી અને એમાં માણેકબહેનનું ઘર પણ ઝડપાઈ ગયું. એ બૂમરાણ સાંભળીને એક વોહરા ગૃહસ્થ ત્યાં દોડી આવ્યા. એમણે બાળકના રોવાનો અવાજ સાંભળ્યો, અને ઘરમાંથી એ બાળકને લઈને પોતાને ઘેર મૂકી આવ્યા. આ બાજુ નદી કિનારે માણેકબહેનને આગની ખબર પડી તો એ તો હાંફળાંફાંફળાં આવી પહોંચ્યાં. જોયું તો ઘર બળી ગયેલું. એમને થયું કે ઘરનો એકનો એક વંશવેલો પણ આગે ભરખી લીધો! એના દુઃખનો પાર ન રહ્યો.

પેલા વોરા ગૃહસ્થ માનતા હતા કે હમણાં આ બાળકનાં મા-બાપ આવીને લઈ જશે; પણ સાંજ સુધી કોઈ ન આવ્યું! એ એક નેકદિલ વહોરા ગૃહસ્થ હતા, અને એને એ ખ્યાલ હતો કે આ બાળક કોઈ હિંદુનું બાળક હતું, એટલે એણે એ બાળકને હિંદુના ઘરનું પાણી મંગાવીને પાયું અને બકરીનું દૂધ પીવરાવ્યું. રાત થઈ તો પણ એ બાળકને માટે કોઈ ન આવ્યું. એટલે બીજે દિવસે સવારે ઘેર ઘેર તપાસ કરી. આખરે માણેકબહેનને પોતાનો દીકરો સાજોસારો મળી ગયો. એના આનંદનો પાર ન રહ્યો! મણિલાલને જાણે રામનાં રખવાળાં મળ્યાં!

૨૭ વર્ષની ઉંમરે માણેકબહેન વિધવા થયાં! આખી જિંદગી ધર્મનું પાલન કરવામાં અને ધર્મની વાણી સાંભળવામાં ગાળેલી એટલે એમના મનમાં વૈરાગ્ય જાગ્યો, અને એ સંસારનો ત્યાગ કરવા તૈયાર થયાં. પણ વચમાં એક અવરોધ હતો. ચૌદ વર્ષનાં મણિલાલનું શું કરવું? એને કોને ભરોસે સોંપવો? મણિલાલે એક નિશ્ચય કર્યો; બા કરે કેમ કરવું. માને પણ થયું: હું સંસારનો ત્યાગ કરૂં તો મારા પુત્રને સંસારમાં શા માટે રાખું? છેવટે બન્નેએ દીક્ષા લેવાનું નકકી કર્યું. વિ. સં. ૧૯૬૫ ના માહવદિ પાંચમના દિવસે મણિલાલે છાણી ગામમાં મુનિવર્ય શ્રી ચતુરવિજયજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી; એ જ મુનિશ્રી પુણ્ય વિજયજી. ત્યાર પછી બે દિવસે જ માણેકબહેને પાલીતાણામાં દીક્ષા લીધી. એમનું નામ સાધ્વીજી શ્રી રત્નશ્રીજી. એ બડભાગી સાધ્વીમાતા અત્યારે પણ હયાત છે; અને એમની આંખોનાં તેજ ઓઝલ થયેલ હોવાથી ૮૩ વર્ષની ઉંમરે અમદાવાદમાં વૃદ્ધવાસ કરીને પોતાની સંયમયાત્રાનું પાલન કરે છે.

° ° ° °

મુનિશ્રી પુણ્યવિજયજીના દાદાગુરૂ પ્રવર્તક શ્રી કાંતિવિજયજી ભારે ગુણિયલ, ઉદાર, સમભાવી, દીર્ઘદૃષ્ટિ અને પ્રતાપી પુરૂષ હતા; અને મહારાજશ્રીના ગુરુ ચતુરવિજયજી મહારાજ પણ ઉદાર, વ્યવહારદક્ષ અને સતત સાહિત્યસેવી વિદ્વાન હતા. આવા દાદાગુરુ અને ગુરુ પાસેથી મળેલ સંસ્કારિતા અને જ્ઞાનોપાસનાના વારસાને મુનિશ્રી પુણ્યવિજયજીએ સવાયો કરીને શોભાવ્યો છે.

મહારાજશ્રીની ઉદારતાને જાણે કોઈ અવધિ નથી. કોઈનું પણ કામ કરી છૂટવામાં તેઓ સદા આનંદ અનુભવે છે. કોઈ પણ

(૨૨)



શાસ્ત્રીય કે જ્ઞાનને લગતો એકાદ પ્રશ્ન પૂછીએ તો જાણે એમની જ્ઞાનની ગંગા વહેવા લાગે છે. વિદ્વાનોને માટે તેમ જ સૌ કોઈ જિજ્ઞાસુઓને માટે એમનાં દ્વાર સદા અભંગ છે. પંથ, ફિરકો કે સંપ્રદાયની વાડાબંધી એમને કદી સ્પર્શતી જ નથી. વિદ્યાનાં આદાન-પ્રદાન તો સદા મોકળાં જ હોવાં જોઈએ એમ તેઓ માને છે અને એ રીતે જ વર્તે છે. અને તેથી જ તેઓ ભારતીય વિદ્યાની કોઈ પણ શાખાના અભ્યાસીઓમાં ખૂબ આદરપાત્ર બન્યા છે.

કોઈની નિંદા-કુથલીમાં તેઓ કદી પડતા નથી. જેઓ એમને વિરોધી લેખતા હોય એમના માટે પણ એમના મનમાં વાત્સલ્ય કે આદરનો ઝરો વહેતો હોય છે. અહિંસાનો આધાર માનવહૃદય ઉપરની અવિચળ આસ્થા છે; અને એ આસ્થા કેવળ પ્રેમ, વાત્સલ્ય કે કરુણારૂપે જ અભિવ્યકત થાય છે. મહારાજશ્રીનું જીવન આવી આસ્થાના નમૂના રૂપ છે; અને તેથી તેઓ સાચા અર્થમાં ધર્મગુરુ બન્યા છે.

તેઓ વૈરાગ્યવ્રતને વરેલા છે, છતાં એમનામાં ઉદાસીનતા કે કઠોરતા પ્રવેશી શકી નથી. જ્યારે જુઓ ત્યારે તેઓ પ્રસન્નવદન જ હોય છે. અને એમની આ પ્રસન્નતા જ એમને કાર્યના ગજા ઉપરાંતના ભાર વચ્ચે પણ સ્વસ્થ અને પ્રસન્ન રાખે છે. વિષાદ તો જાણે એમને સ્પર્શી શકતો જ નથી. એમના ત્યાગમાં લેશ પણ દંભને અવકાશ નથી; અને નામના કે કીર્તિની લાલસાથી તેઓ અલિપ્ત છે. અને આટલા મોટા વિદ્વાન હોવા છતાં, ગર્વ, મોટાઈ કે અભિમાનનો એમનામાં છાંટો સરખો નથી! નમ્રતા, સરળતા, અને સહૃદયતાના, ગુણોથી મહારાજશ્રીનું જીવન સવિશેષ સુરભિત બન્યું છે. આવા જ્ઞાનતપસ્વીને પ્રણામ કરીએ, અને એમના જન્મ દિન નિમિત્તે એમને તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ્ય પ્રાર્થીએ!

**રતિલાલ દીપચંદ દેસાઈ**

## 'नया कलेवर धरो हंसला!'

("શકિત-દળ" નામની મુંબઈની એક જાણીતી સ્ત્રીસંસ્થા છે. બહેન પૂર્ણિમા પકવાસા તેનાં મુખ્ય સંચાલિકા છે. આ સંસ્થા તરફથી 'શકિત-દલ' નામની એક માસિક પત્રિકા પ્રગટ કરવામાં આવે છે. તેમાં નૂતન વર્ષાભિનંદન નિમિત્તે લખાયેલા એ હિંદી લેખનો નીચે અનુવાદ આપવામાં આવે છે. —તંત્રી)

આ એક કાવ્યપંકિત છે. તેનો અર્થ સ્પષ્ટ છે કે, જે કાંઈ પુરાણું છે, જે કાંઈ વાસી છે તેનો પરિત્યાગ કરીને નવીન અને ચેતનનું ગ્રહણ કરો! દિવાળી અને નૂતન વર્ષના નિમિત્તે આપણ સર્વ આપણાં ઘરબાર ધોઈ ધપટીને સાફ કરીએ છીએ; કોઈ પણ ઠેકાણે મેલ-રહેવા દેતા નથી; આ રીતે કપડાંને પણ ધોવડાવીને સફેદ ઉજળાં બનાવીએ છીએ અને નવાં નવાં કપડાં શીવડાવીએ છીએ; ઘરના આંગણાને સુંદર રંગ-બેરંગી, નયનમનોહર, અને કલાત્મક રંગોળીઓ વડે સુશોભિત કરીએ છીએ; મળવા માટે આવેલા અતિથિઓનું સ્મિત તથા આનંદપૂર્વક સ્વાગત કરીએ છીએ; અને સ્વયં આપણું મન પણ પ્રસન્ન અને આનંદિત રાખીએ છીએ. આ બધું માત્ર આ દિવસો દરમિયાન જ કેમ? 'નયા કલેવર ધરો હંસલા!' આપણી પુરાણી અને જર્જરિત ચીજોને આપણે ભૂલવા માંગીએ છીએ, છોડવા ચાહીએ છીએ, અને નવી સ્ફૂતિદાયક ચીજોને ગ્રહણ કરવા માંગીએ છીએ. આપણે પોતે આપણું પુરાણું 'કલેવર'—સ્વરૂપ—બદલવા ચાહીએ છીએ અને નવું સ્વરૂપ ધારણ કરવા ઈચ્છીએ છીએ.

આ બાબત પ્રકૃતિ આપણને કેવી સરળતાથી શિખવે છે? પ્રકૃતિ આપણી માતા છે. તે પ્રતિવર્ષ, પ્રતિદિન, પ્રતિઘડી, આપણને કંઈ ને કંઈ શિખવતી જ હોય છે, પરંતુ તેની શિક્ષા-દીક્ષા સમજવા માટે હૃદયની સરળતા અને આર્દ્રતા જોઈએ. આજે આપણે પ્રકૃતિથી કેટલા વિમુખ બની રહ્યા છીએ? પ્રભાતકાલીન પક્ષિઓનાં ગાન સાંભળીને, બગીચામાં ખીલેલાં પુષ્પો જોઈને, લીલા ઘાસ ઉપર ચમકતાં ઝાકળ-બિંદુઓ નિહાળીને, આપણું હૃદય પ્રસન્નતાથી શા માટે ઉભરાઈ જતું નથી? નૃત્ય કરતી સમુદ્રની લહરિઓ આપણા મનમાં કેમ ઉત્સાહ જાગૃત કરતી નથી?

પ્રભાતમાં ફૂલ ખીલે છે. કળી એક પ્રફુલ્લ પૂર્ણ—વિકસિત પુષ્પનો આકાર ધારણ કરે છે. પરમેશ્વરે એના માથે જવાબદારી નાખી કે, "તું તારું સૌન્દર્ય અને તારી સુગંધ વડે ચારે બાજુ આનંદ અને પ્રસન્નતા ફેલાવતું રહે—ભલે માનવી એની કદર ન કરે, ભલે તારી તરફ એ નજર પણ ન કરે." પુષ્પ પોતાની મર્યાદિત સીમામાં આ કાર્ય સુચારૂ રૂપમાં સંપન્ન કરે છે, અને કાર્યની સમાપ્તિ થવાની સાથે આ જગતમાંથી વિદાય લે છે. કેવી મૂક કર્તવ્ય-પરાયણતા! ન કોઈ પ્રતિ રાગ, ન દ્વેષ, ન પોતાનાં રૂપ સુગંધનો અહંકાર. આ એક ફૂલના જીવન ઉપર જો આપણે વિચાર કરીએ તો આપણે કેટલું બધું શિખી શકીએ તેમ છીએ?

વૃક્ષ, છોડ, વેલ પોતાનાં પાંદડાં પુરાણાં થતાં ખેરવી નાખે છે; તેનો ત્યાગ કરે છે. કોઈ પણ ઝાડ કે વેલ ઉપર કોઈ પાંદડું સડવા લાગે છે, અથવા તો પીળું પડવા માંડે છે તો તે વધારેમાં વધારે એકાદ દિવસ ત્યાં ટકી શકે છે. પછી તો તેને ખરવું જ રહ્યું. તેને ખેરવવાનું વૃક્ષ કે વેલ અનિવાર્ય સમજે છે, કારણ કે તેને ખેરવવાથી જ નવા પાંદડાને ઉગવાની જગ્યા થાય છે. થોડાં જ સમયમાં ત્યાં નવું, તાજું, સુકુમાર, તંદુરસ્ત પાદડું ઉગે છે. આ રીતે વૃક્ષ પોતાનાં કેટલાંયે પાંદડાંઓનો ત્યાગ કરતું રહે છે, પરંતુ વર્ષમાં એક વાર તે સર્વ પુરાણાં પાંદડાંઓનો ત્યાગ કરીને નવાં પાંદડાંઓનું સ્વાગત કરે છે. ભલેને થોડાં દિવસ તે લુખું—સૂકું કદરૂપું દેખાય—ત્યાગનો માર્ગ જ કઠણ છે,—જ્યારે નવી કુંપળો અને હસતાં હસતાં સુકુમાર પાંદડાંઓ તેની ઉપર આવી જાય છે ત્યારે તે આનંદથી નાચી ઉઠે છે. ત્યાગની પછી તે સાચી હાર્દિક પ્રસન્નતાનો અનુભવ કરે છે.

આપણે પણ એ રીતે નિર્બંધ અને મુકત પ્રસન્નતાનો અનુભવ કરી શકીએ છીએ, જો આપણે અગણિત પુરાણા વિચારોનો ત્યાગ કરવાનું શિખી લઈએ તો. આપણું મગજ બેકાર અને ગલત વિચારોથી એટલું બધું ભરેલું રહે છે કે, નવા, તાજા, તંદુરસ્ત વિચારોને તેમાં દાખલ થવાની જગ્યા જ રહેતી નથી. પણ જો આપણે વૃક્ષોની માફક નિશ્ચય કરીએ કે, વર્ષમાં એક વાર નૂતન વર્ષના અવસર ઉપર અન્ય પુરાણી મેલી વસ્તુઓના ત્યાગની સાથે સાથે પુરાણા તેમ જ મેલા વિચારોનો પણ ત્યાગ કરવો છે, તો આપણામાં નૂતન વર્ષમાં વાસ્તવિક નૂતન પ્રકાશનું આગમન થશે, અને આપણે સાચા આનંદનો અને અદ્‌ભુત ચિતશાંતિનો અનુભવ કરી શકીશું.

અનુવાદક: **તરુણાબહેન શાહ,** મૂળ હિંદી: **પૂર્ણિમા પકવાસા.**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| સરહદી આક્રમણની આલોચના | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૩૫ |
| 'શ્રેયસ્ પાછળ મારી દષ્ટિ | લીના મંગળદાસ | ૧૩૭ |
| યુદ્ધપરિસ્થિતિ અને અહિંસાનિષ્ઠા | પરમાનંદ | ૧૪૦ |
| **પ્રકીર્ણ નોંધ:** નહેરુની વ્યથા, આખરે રામે સીતાનો ત્યાગ કર્યો, આગામી સર્વોદય સંમેલનમાં વિનોબાજીની હાજરી અત્યન્ત જરૂરી છે, જૈન ધર્મનો પ્રાણ, સૌજન્યમૂર્તિ સ્વ. મણિભાઈ. | પરમાનંદ | ૧૪૨ |
| આજની ઘડીએ આપણું કર્તવ્ય, | વિનોબા ભાવે | ૧૪૩ |
| જ્ઞાનતપસ્વી પુણ્યવિજયજીનો પાવન પરિચય | રતિલાલ દીપચંદ દેસાઈ | ૧૪૪ |
| નયા કલેવર ધરો હંસલા | પૂર્ણિમા પકવાસા | ૧૪૫ |


માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજીસ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪ : અંક ૧૫

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૬૨, શનિવાર

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮

છૂટક નકલ : ૨૦ નયા પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા.

## ❋ અહિંસક પ્રતિકાર ❋

[આજે ઘણાને પ્રશ્ન થાય છે કે, ગાંધીજી આજની પરિસ્થિતિમાં શું કરત અથવા તો તેમની અહિંસાલક્ષી વિચારણાના ધોરણે આપણને શું કરવાનું કહેત. આ પ્રશ્નનો ગાંધીજીએ લખેલા નીચેના લેખમાંથી આપણને ઉત્તર મળે છે. 'પ્રબુદ્ધ જીવન'ના ગયા અંકમાં પ્રગટ થયેલ 'યુદ્ધ પરિસ્થિતિ અને અહિંસાનિષ્ટા' એ મથાળા નીચેની મારી નોંધમાં જણાવ્યું છે તે મુજબ તેમનામાં આત્યન્તિક અહિંસા-નિષ્ઠા હતી અને તેથી આજની પરિસ્થિતિમાં પણ તેમને આવું જ કાંઈક જરૂર સૂઝયું હોત અને આપણને સૂઝાડયું હોત. એવી આત્યંતિક અહિંસા-નિષ્ઠાની નેતાગીરીના અભાવે અને આજની આત્યંતિક અસાધારણ કટોકટીના સમયે ભારત સરકારે અપનાવેલ હિંસાત્મક પ્રતિકાર સિવાય આપણને બીજો કોઈ વિકલ્પ સૂઝતો નથી અને તેનું સમર્થન કરવું એ જ આપણે માટે અનિવાર્ય ધર્મ થઈ પડે છે. **પરમાનંદ**]

"ધારી લ્યો કે સ્વતંત્ર હિંદ, રાષ્ટ્રની નીતિના સાધન તરીકે સત્યાગ્રહ અને અહિંસા અપનાવે છે, તો પછી બીજા કોઈ રાજ્યના સંભવિત આક્રમણ સામે તે પોતાનો બચાવ કેવી રીતે કરશે? ચડાઈ કરનાર સામે કેવા પ્રકારનો સામનો કરી શકાય અને કરવામાં આવશે? સરહદ પર હુમલો કરનારાં સૈન્યનો મુકાબલો કરવાને હિંદ શું પગલાં ભરશે? કે પછી હુમલો કરનારા આખા દેશનો કબજો લે ત્યાં સુધી કાંઈ પણ પગલું ભરવાનું તે મોકુફ રાખશે?"

મારા જવાબો કેવળ કાલ્પનિક જ હોઈ શકે એ ઉઘાડું છે. હિંદ પોતાની રાષ્ટ્રીય નીતિ તરીકે સત્યાગ્રહ અને અહિંસા અપનાવશે એવું ચોકકસપણે કહી શકાય તેમ નથી. પણ આપણે માની લઈએ કે તે એમ કરશે. આપણે એમ ધારી લઈએ કે હિંદી લશ્કરની હસ્તી નથી, સંરક્ષણ માટેની કશી કિલ્લેબંધી નથી, બંદૂકો નથી, તોપો નથી, દારૂગોળો નથી, એરોપ્લેન નથી, ટેંકો નથી, અને આપણે ધારી લઈએ કે હિંદ એકલું જ પોતાના પગ પર ઊભું છે અને નીરોના આધુનિક અવતાર સમું બળવાન અને જબરદસ્ત લશ્કર તેના પર હુમલો કરે છે. પછી શું થશે?

હિંદ આ રીતે પોતાનું રક્ષણ કરશે. હિંદના સ્વતંત્ર રાજ્યના પ્રતિનિધિઓ ચડાઈ કરનારાઓનો કશો સામનો કર્યા વિના અંદર આવવા દેશે. પરંતુ હુમલો કરનાર તથા તેના લશ્કરને સરહદ પર તેઓ કહેશે કે, હિંદની પ્રજા કોઈ પણ કાર્ય કે વ્યવસાયમાં સહકાર આપવાનો ઈન્કાર કરશે. તેમને ચાહે તે ધમકી આપવામાં આવે કે શિક્ષા કરવામાં આવે તો યે, તેઓ તેમની ઈચ્છાને તાબે થવાનો ઈન્કાર કરશે.

એ થયો સત્યાગ્રહ યા સવિનયભંગ. એ હિંદનું સંરક્ષણ છે. તમને કદાચ એમ લાગશે કે નિષ્ઠુર અને રીઢો થઈ ગયેલો હુમલાખોર આવાં પગલાંઓને હસી કાઢશે. તેનો સામનો કરનાર સૈન્યો પર લોખંડી હથિયારો, તોપો તથા એરોપ્લેનો વડે તેણે જીત મેળવી છે. તો પછી એ નિઃશસ્ત્ર સૈન્યો પર તો તે રમતવાતમાં જીત મેળવશે! પણ હિંદ તો કરોડોની વસતિ ધરાવનાર દેશ છે અને તેઓ નિષ્ક્રિય બનીને ઊભા રહે તો આખો દેશ નિષ્ક્રિય બની જાય છે. એમાંથી કશું જ નીપજે નહિ, બધું જ વૃથા નીવડે. હુમલાખોરને થોડા જ વખતમાં સમજાશે કે સત્યાગ્રહ સાચે જ એક અતિશય સબળ હથિયાર છે.

અને હિંદ સંરક્ષણ માટે બીજું પણ પગલું ભરી શકે છે. અહિંસક સામનો કરવાની તાલીમ પામેલા હિંદના લોકો નિઃશસ્ત્ર બનીને હુમલાખોરની તોપો માટે ખોરાક તરીકે પોતાની જાત અર્પણ કરશે. તેઓ હુમલાખોરને કહેશે કે, તાબે થવા કરતાં મરણને ભેટવાનું અમે બહેતર ગણીએ છીએ. આ વીરોચિત શબ્દો બીજા દેશોમાં ઉચ્ચારાયા છે. હિંદમાં તો તેના સાચા અર્થમાં અને વિશાળ માનવ-સમુદાયને મુખેથી એક અવાજે ઉચ્ચારાશે. હુમલાખોરની ગોળીઓ સામે હિંદના લોકો લાખોની સંખ્યામાં છાતી આગળ ધરશે અને એક ભીષણ દશ્ય બનશે - તે સર્વોત્કૃષ્ટ નૈતિક કક્ષાનું હશે અને તેમાં ભાગ લેનારાઓને ઉન્નત કરનારું હશે.

સંરક્ષણ યા બચાવની આ ફિલ્સુફીના મૂળમાં એ માન્યતા રહેલી છે કે, આધુનિક જમાનાનાં નીરોમાં પણ હૃદય હોય છે. કોઈ પણ પ્રકારના હિંસક વિરોધ વિના, સ્ત્રી તથા પુરુષોની અંત વિનાની પંકિતઓ બસ મૃત્યુને જ ભેટે એ દૃશ્ય—કે જે તેણે કે તેના સૈનિકોએ અગાઉ કદી પણ જોયું નહોતું—આખરે તેના પર અસર કર્યા વિના રહે જ નહિ. એની અસર ખુદ નીરો પર ન થાય તો યે, તેના સૈનિકો પર તો થવાની જ. યુદ્ધની ઉત્તેજનામાં માણસો વરસો સુધી એક બીજાને હણી શકે; તેમને માટે તો એ મરવાનો કે મારવાનો જ પ્રસંગ હોય છે. પરંતુ તમે જેમને મારી નાખો તેમને હાથે મરવાનું તમારે માટે જોખમ જ ન હોય, તો અરક્ષિત અને અવિરોધી લોકોની તમે સદાકાળ હત્યા કરી ન શકો. પોતાની જાત પર જ ઘૃણા લાવીને બંદૂક તમારે નીચે મૂકયે જ છૂટકો.

આ રીતે આક્રમણ કરનાર નવાં શસ્ત્રો દ્વારા, શાંતિમય શસ્ત્રો દ્વારા, સત્યાગ્રહ અને અહિંસાનાં શસ્ત્રો સામે આખરે ખસૂસ હારવાનો જ.

વહેવારુ દૃષ્ટિથી જોતાં આક્રમણ કરનારનો બળથી સામનો કરવામાં આવે તેના કરતાં આ રીતે જાનની વધારે હાનિ ઘણું કરીને નહિ થાય. હોલેન્ડ, બેલ્જીયમ અને ફ્રાંસમાં કેટલાં માણસો મરાયાં હતાં? હુમલો કરનાર સૈન્યો સામે જો લાખો માણસો શાંતપણે ખડા થયાં હોત તો એ સૈન્યો ઠંડે કલેજે કતલ કરી શકત? હું નથી ધારતો.

મેં કંઈ અશકય ચિત્ર આલેખ્યું નથી. મેં કહ્યું છે તે પ્રકારના અહિંસક સામનાના વ્યકિતગત દાખલાઓથી ઈતિહાસ ભરેલો છે. ખ્રિસ્તી ધર્મના ઈતિહાસમાં પોતાની શ્રદ્ધાને ખાતર દુઃખનો એક પોકાર સરખો પણ કર્યા વિના અને બળપૂર્વક સામનો કર્યા વિના શહીદ બનનારાઓના સંખ્યાબંધ દાખલાઓ મળી આવે છે. બધા જ ધર્મના ઈતિહાસમાં આવાં દ્રષ્ટાંતો મળી આવે છે.

અહિંસક સામનો કરવામાં સ્ત્રી તથા પુરૂષોનું જૂથ એક વ્યકિતની પેઠે કાંઈ કરી ન શકે એમ કહેવા કે વિચારવા માટે કશું પ્રમાણ નથી. સાચે જ, માનવજાતનો એકંદર અનુભવ તો એવો છે કે, માણસો કોઈ ને કોઈ રીતે પોતાની જીવનયાત્રા ચાલુ રાખે છે. એ હકીકત પરથી હું એવું અનુમાન તારવું છું કે માનવ-જાત ઉપર તત્વતઃ પ્રેમના કાયદાની આણ વર્તે છે. કેમકે, એ મૂળભૂત કાયદો દ્વેષનો કાયદો હોત તો માનવજાતનો કેટલાયે યુગો પહેલાં સર્વથા નાશ થઈ ચૂકયો ન હોત?

હા, હિંદ જો અહિંસાનો માર્ગ અપનાવે તો તે પોતાનું સંરક્ષણ કરી શકે છે અને વિજયી પણ થઈ શકે છે.

"સ્વરાજ્ય ધર્મ'માંથી સાભાર ઉધ્ધૃત" — ગાંધીજી

# ચીન–ભારત સંઘર્ષ સંબંધી નિવેદન

(ગત નવેંબર માસની ૨૩ તથા ૨૪ મીના રોજ વેડછી ખાતે અખિલ ભારતીય સર્વોદય સંમેલન ભરવામાં આવ્યું હતું. તેની પહેલાં અને તેના સંદર્ભમાં અખિલ ભારત સર્વસેવા સંઘની તા. ૧૭ મી નવેંબરથી તા. ૨૧ મી નવેંબર સુધી મળેલી બેઠકમાં કલાકોના કલાકો સુધી ચાલેલી ચર્ચા, મંત્રણા તથા વાટાઘાટો બાદ નકકી કરવામાં આવેલ નિવેદન પછીના દિવસોમાં મળેલ સર્વોદય સંમેલનના અધિવેશનમાં રજુ કરવામાં તેમ જ અનુમત કરવામાં આવ્યું હતું. આ નિવેદન મૂળ હિન્દીમાં છે, તેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. આ નિવેદન અંગે તેમ જ સર્વોદય સંમેલનની આલોચના રૂપે કહેવાનું જે કાંઈ પ્રાપ્ત થાય છે તે હવે પછીના અંકમાં રજુ કરવામાં આવશે.—તંત્રી.)

(૧) ચીન - ભારત સંઘર્ષે સંસારની સામે એક ગંભીર સમસ્યા પેદા કરી છે. વિશ્વશાંતિ અને 'જય જગત'ની ભાવનામાં વિશ્વાસ રાખવાવાળી વ્યકિત માટે તો આ પરિસ્થિતિ એક મોટી કસોટીસમાન છે. અમે માનીએ છીએ કે, આ સંઘર્ષ ભારત ઉપર ચીન મારફત લાદવામાં આવ્યું છે; કારણ કે ભારત હંમેશાં શાન્તિમય ઉપાયો વડે પોતાના સીમાવિવાદોનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરી રહ્યું હતું. જ્યારે એક પક્ષ શાન્તિમય તેમ જ કાનૂની ઉપાયો વડે સમસ્યાનો ઉકેલ લાવવાને તૈયાર હોય ત્યારે બીજી બાજુ શસ્ત્રપ્રયોગ દ્વારા વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે અથવા તો અન્ય ઉપર પોતાનો નિર્ણય લાદવાનો વર્તાવ કરે એ સ્પષ્ટ આક્રમણ જ કહેવાય. આ કારણે ભારત પ્રત્યે અમારી પૂર્ણ સહાનુભૂતિ છે. અમે આશા રાખીએ છીએ કે, આજની સંકટ—કાલીન પરિસ્થિતિમાં પણ ભારત પોતાની નિર્વૈર વૃત્તિ કાયમ રાખશે, કારણ કે વૈરથી વૈરનું કદિ પણ પ્રશમન થતું નથી.

(૨) નિર્વૈય વૃત્તિનું લક્ષણ એ છે કે, વાતચીત, પંચ ફેંસલો વગેરે માટેનું દ્વાર સદા ખુલ્લું રહે, બન્ને દેશોની પ્રતિષ્ઠા સુરક્ષિત રહેવા સાથે નિર્ણય ઉપર આવવાની તૈયારી રહે, સંઘર્ષની પરિસ્થિતિ હોવા છતાં પણ બન્ને દેશોની જનતાની વચ્ચે કોઈ દ્વેષ ન રહે, તથા દેશમાં યુદ્ધ - જ્વર પેદા ન થાય, તથા ભારતમાં રહેવાવાળા ચીની પ્રતિ તથા ચીનમાં રહેવાવાળા ભારતીઓ પ્રતિ સહૃદયતાપૂર્ણ વર્તાવ બની રહે.

(૩) આ પ્રસંગની ગંભીરતા તેમ જ અમારી શકિતની મર્યાદા ધ્યાનમાં રાખવા સાથે અમે અહિંસા તેમ જ શાન્તિમાં અમારી નિષ્ટા ફરીથી જાહેર કરીએ છીએ. શસ્ત્રો વડે તેમ જ યુદ્ધ વડે, ખાસ કરીને આજના આણવિક યુગમાં, કોઈનું પણ ભલું થઈ શકતું જ નથી; કોઈ સમસ્યા ઉકેલી શકાતી નથી. આમ હોવાથી અહિંસામાં વિશ્વાસ રાખવાવાળી વ્યકિત અથવા તો શાન્તિ—સૈનિક પ્રત્યક્ષ યુદ્ધમાં સામેલ થશે નહિ. તે અવિરત એવો પ્રયત્ન કરતો રહે કે, જેથી યુદ્ધનો શિઘ્રમાં શિઘ્ર અન્ત આવે—આ તેનું પરમ કર્તવ્ય હશે. યુદ્ધની અવિલંબ સમાપ્તિ માત્ર ભારત કે ચીનના હિત માટે જ નહિ, પણ સંપૂર્ણ માનવજાતિના હિત માટે આવશ્યક છે. આ દિશા તરફનો અમારો પ્રયત્ન આવી વ્યાપક ભૂમિકા ઉપર રહેવાનો.

(૪) આ માટે અમારો ચીનને પણ આગ્રહપૂર્વક અનુરોધ છે કે, તે યુદ્ધની સત્વર સમાપ્તિ માટે સર્વ સંભાવ્ય શાન્તિમય ઉપાયોની શોધ તેમ જ અવલંબન કરે. અમને વિશ્વાસ છે કે, ચીનની સર્વ શાન્તિનિષ્ટ વ્યકિતઓ પણ યુદ્ધને અનર્થકારક લેખીને આ પ્રયત્નોનાં અગ્રેસર બનશે.

(૫) આ સંદર્ભમાં આ બાબત સ્વીકારવી પડશે કે આ સમસ્યાનું સમાધાન કરવા માટે દેશમાં આવશ્યક અહિંસક શકિત હજુ વિકસિત થઈ શકી નથી. આમ છતાં પણ, આ બાબત અંગે નિરાશ બનવાનું કોઈ કારણ નથી. સંભવિત છે કે, આ વિપત્તિના પ્રસંગમાંથી જ ભારતની જનતામાં અહિંસાની અમોઘ શકિત પ્રગટ થાય. દેશની રક્ષા માટે આજે જનતામાં જે ત્યાગ તથા બલિદાનની અપૂર્વ ભાવના જાગી ઉઠી છે તેનું અમે અનુમોદન કરીએ છીએ. અમને શ્રદ્ધા છે કે, આગળ ચાલતાં આ ભાવનાનો વિકાસ વીરોની અહિંસામાં પરિણત થઈ શકે તેમ છે. અહિંસામાં વિશ્વાસ રાખવાવાળી કોઈ પણ વ્યકિત આવી સંકટગ્રસ્ત પરિસ્થિતિમાં નિષ્ક્રિય નહિ બને, ઉલટું અહિંસક સામર્થ્ય તથા અહિંસક પ્રતિકારની ક્ષમતા વધારવામાં પોતાની પૂરી શકિત સંલગ્ન કરશે. અહિંસક પ્રતિકાર કોઈ પક્ષ વિશેષના વિજય માટે નહિ, પણ સત્ય અને બંધુત્વની સ્થાપના માટે જ હોઈ શકે છે. આ માટે અહિંસક પ્રતિકાર હંમેશા સંઘર્ષની ભૂમિકાથી ઉપર ઉઠીને જ થઈ શકે છે.

(૬) અહિંસક પ્રતિકારનો વિચાર આવવા સાથે જ યુદ્ધક્ષેત્ર ઉપર જઈને આક્રમણનો મુકાબલો કરવાની કલ્પના આવે છે. એ હર્ષ અને અભિનન્દનનો વિષય છે કે, દેશમાં આજે કેટલાયે શાન્તિસૈનિકોએ આ પ્રકારના કાર્યક્રમ માટે પોતાના પ્રાણ સુદ્ધાં અર્પણ કરવાની ઉત્કટતા પ્રગટ કરી છે. કિન્તુ આજના સંયોગમાં આ કાર્યક્રમ અંગે ગંભીર વિચારણાની આવશ્યકતા છે.

(૭) ભારતનાં સીમાવર્તી ક્ષેત્રોમાં વસતી જનતામાં અહિંસક પ્રતિકારનું સામર્થ્ય પેદા કરવું, એ અમારું એક મહત્વનું કામ રહેશે. આ ક્ષેત્રોમાં, જ્યાં જ્યાં અનુકૂળતા હોય ત્યાં ત્યાં શાન્તિસૈનિક ગામ ગામના લોકોને ગ્રામ—સ્વાવલંબન માટે તથા આક્રમણકારી સાથે અસહયોગ કરવા માટે પ્રેરિત કરશે. આવશ્યકતા ઊભી થતાં આ પ્રયત્નમાં શાન્તિસૈનિક પોતાના પ્રાણ અર્પણ કરવાની તૈયારી રાખશે અને લોકોને પણ એમ કરવા માટે પ્રોત્સાહિત કરશે.

(૮) પણ એટલું જ મહત્વપૂર્ણ અને એથી પણ અતિવિશેષ વ્યાપક કાર્યક્રમ આર્થિક તેમ જ સામાજિક ક્રાન્તિ દ્વારા દેશની શકિતને વધારવાનું છે; રાષ્ટ્રની ઐકયતાનું તથા જનતાના નીતિ—ધૈર્ય —(Marale)—નું સંરક્ષણ એ સૌથી વધારે મહત્ત્વનું કાર્ય છે. આ માટે રાષ્ટ્રના આર્થિક તેમ જ સામાજિક આધાર તથા વ્યવહારમાં ન્યાય અને સમત્વનાં નવાં મૂલ્યોની સ્થાપના કરીને તેને મજબૂત બનાવવું પડશે. સદ્ભાગ્યથી આ દિશામાં અહિંસા કાંઈક પ્રગતિ કરી ચૂકી છે. વિનોબાના ગ્રામદાનના - ગ્રામસ્વરાજ્યના - આન્દોલને દેશની સામે એક એવો કાર્યક્રમ ઉપસ્થિત કર્યો છે કે, જેમાં માનવીય મૂલ્ય, વૈજ્ઞાનિકતા તથા સંરક્ષણની ત્રિવિધ શકિત નિહિત છે. આજની પરિસ્થિતિમાં ગામડે ગામડે સ્થપાયલી પંચાયતો દ્વારા આપણા સંરક્ષણના કાર્યક્રમના ધોરણ ઉપર એવો દઢ સંકલ્પ કરવો ઘટે કે જેથી આપણા ગામમાં કોઈ બેકાર કે નિરાશ્રિત ન રહે, ભૂમિહીનોને યથાસંભવ ભૂદાન કરીને તેમને ગ્રામપરિવારમાં સામેલ કરવામાં આવે, ઉત્પાદનના દરેક સાધનનો સમુચિત ઉપયોગ કરવામાં આવે, કોઈ પ્રકારની સામાજિક તેમજ આર્થિક જબરદસ્તી ન થાય, ગામના ઝગડા ગામમાં જ પતાવી દેવામાં આવે, ધાર્મિક તથા અન્ય લઘુમતીઓને સુરક્ષિત બનાવવામાં આવે, અને ગામનું રક્ષણ ગામના લોકો પોતે કરે. આ રીતે શહેરોમાં પણ આર્થિક તેમ જ સામાજિક સમતાની દૃષ્ટિથી ત્યાંની પરિસ્થિતિ અનુસાર આવશ્યક એવો કાર્યક્રમ વિચારવો તથા અમલી બનાવવો ઘટે.

(૯) એ કહેવાની જરૂર નથી કે, આ મહાન કાર્યની પરિપૂર્તિ માટે દેશની સમગ્ર અહિંસક શકિત એકત્રિત તથા સંયોજિત કરવી જોઈશે. સંકટ તથા કસોટીના આ અવસર ઉપર વિશ્વમૈત્રીની ભાવનાને ટકાવી રાખવા સાથે રાષ્ટ્રીય એકાત્મતાનું નિર્માણ કરવું તથા અહિંસક પ્રતિકારની ક્ષમતા વધારવી—આ પ્રકારના વિવિધ કાર્યમાં સહયોગ દેવા માટે અહિંસામાં વિશ્વાસ રાખવાવાળી સમસ્ત સંસ્થાઓ, પ્રવૃત્તિઓ તથા વ્યકિતઓને આવાહન કરવામાં આવે છે.

(૧૦) એ સદ્ભાગ્યનો વિષય છે કે, આજે સંસારમાં એવી અનેક મનીષી વ્યકિતઓ, સંસ્થાઓ તથા સમુદાય મોજુદ છે કે, જેમણે પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ શાન્તિનું પ્રતિપાદન ભારે વીરતાપૂર્વક પોતાની વાણી તેમજ વર્તન દ્વારા કર્યું છે. આવી સર્વ વ્યકિતઓને, સંસ્થાઓને, સમુદાયને તથા અખિલ માનવસમાજના અન્તરાત્માને આ કસોટીની ઘડીમાં અમે આવાહન કરીએ છીએ અને તેઓ આ સંઘર્ષને ત્વરિત સમાપ્ત કરવામાં પોતાની સર્વ શકિતઓને અવિલંબપણે કેન્દ્રિત કરશે એવો વિશ્વાસ અમે વ્યકત કરીએ છીએ.

# નહેરુનું પ્રજાજનોજોગું ભવ્ય ઉદ્‌બોધન

(ભારતની લોકસભામાં નવેમ્બર માસની નવમી તારીખથી ચૌદમી તારીખ સુધી ભારતની સરહદ ઉપર તાજેતરમાં ચીને કરેલા ભીષણ આક્રમણે ઊભી કરેલી પરિસ્થિતિ અંગે ખૂબ ચર્ચા થઈ હતી અને છેવટે ઓકટોબરની ૨૬મી તારીખે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરતી રાષ્ટ્રપતિની ઉદ્‌ઘોષણાને અનુમત કરતો એક ઠરાવ અને યુદ્ધ ગમે તેટલું લાંબુ ચાલે અને ગમે તેટલું વિકટ રૂપ ધારણ કરે તો પણ ભારતની પવિત્ર ભૂમિ ઉપરથી આક્રમક લોકોને હાંકી કાઢવાનો ભારતની પ્રજાનો દ્રઢ નિરધાર જાહેર કરતો બીજો ઠરાવ—આમ આ બે પ્રસ્તાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા. આ ચર્ચાનો તા. ૧૪મી એકટોબરના રોજ ઉપસંહાર કરતાં ભારતના મહાઅમાત્ય નહેરુએ એક અત્યંત પ્રેરક અને સંવેદનપૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું. એમાંનો એ ભાગ કે જેમાં આ યુદ્ધને પહોંચી વળવા માટે આપણે સંપૂર્ણપણે નિષ્ઠુર બનવાની જરૂર છે એવી એક સભ્યની સૂચનાનો જવાબ આપતાં બળવાનપણું અને નિષ્ઠુરતા વચ્ચે રહેલો ભેદ તેમ જ ચીની પ્રજા અને ચીની સરકાર વચ્ચે રહેલો ભેદ સમજાવતાં નહેરુએ યુદ્ધમાં સંડોવાયેલી ભારતની પ્રજાને ગાંધીવિચારપ્રભાવિત એવું એક ઉદાત્ત માર્ગ-દર્શન કરાવ્યું હતું, તે ભાગનો નીચે અનુવાદ આપવામાં આવે છે. આ વ્યાખ્યાન દૈનિક છાપા વાંચનારાઓએ જરૂર વાંચ્યું હશે, એમ છતાં પણ, એ વ્યાખ્યાનમાંનો આ ભાગ દીવાદાંડી જેવો પથપ્રદર્શક હોઈને પ્રબુદ્ધ જીવનના વાંચકો સ્વસ્થ ચિત્તથી વાંચે, વિચારે અને અંતરમાં ઉતારે એ હેતુથી તેનો ભાવવાહી અનુવાદ અહીં આપવો ઉચિત અને જરૂરી લાગ્યો છે. **પરમાનંદ**)

મને એમ લાગ્યા કરે છે કે, આપણી સામે ચીની સરકારે જે પગલું ભર્યું છે—અલબત્ત, આપણે આ અંગે તીવ્ર રોપ અનુભવીએ છીએ તો પણ—આ પગલા માટે ચીની સરકારનો આભાર માનતો એક પારીગ્રાફ આજના ઠરાવમાં ઉમેરવાની કંઈ જોગવાઈ વિચારવામાં આવી હોત તો બહુ સારું થાત, કારણ કે આ આક્રમક પગલાએ ભારતની આંખો સામેનું આવરણ એકાએક ખસેડી નાંખ્યું છે, વાસ્તવિકતાનું અણકલ્પ્યું કોઈક નવું દર્શન કરાવ્યું છે અને તે સાથે છેલ્લાં ત્રણ કે ચાર અઠવાડિયા દરમિયાન ભારતની એ ધીરગંભીર મુખમુદ્રાનું—તાકાતપૂર્ણ છતાં સ્વસ્થ અને સુનિશ્ચલ—એ પ્રાચીન અને પુરાણી છતાં યુવાન અને પ્રાણવાન એવી ભવ્ય મુખાકૃતિનું-આપણને દર્શન કરાવ્યું છે. આ રીતે અતિ કિંમતી એવી એ અનુભૂતિના અને એ સંવેદનના ભાગીદાર બનવાનું વિરલ સદ-ભાગ્ય આપણ સર્વને પ્રાપ્ત થયું છે. ભવિષ્યમાં ગમે તે થવાનું હોય, એ બળવાન સંવેદનની ભરતી જે, હું ફરી ફરીને કહું છું કે, આપણે ગમે તે પક્ષના કે વર્તુળના હોઈએ તો પણ આજે આપણા સર્વના સીધા અનુભવનો વિષય બની છે તે આપણે કદિ પણ ભુલી શકીએ તેમ નથી. જે કોઈ માનવી આ બાબતોનો વિચાર કરશે તેને જરૂર માલુમ પડશે અને હું આશા રાખું છું કે બીજા દેશોને માલુમ પડશે અને હું આશા રાખું છું કે, ચીની સરકારને પણ માલુમ પડશે—કારણ કે એ એટલું બધું સુસ્પષ્ટ છે—કે, જે દેશ કટોકટીની ઘડીએ આવું સામુદાયીક સંવેદન અનુભવે તે દેશને કોઈ કદી દબાવી કે હરાવી શકે જ નહિ. ખરી રીતે પશ્ચિમના ઘણા દેશો, અને હું આશા રાખું છું કે, પૂર્વના પણ ઘણા દેશો આજે આ બાબત બરોબર સમજી શકયા છે. લાગણીઓની આવી આશ્ચર્યજનક ભરતી આવે અને આપણી અનેક ત્રુટિઓ અને ભિન્ન ભિન્ન પક્ષોના બધા ઝઘડાઓ જે એક વખત ભારે ચિન્તા કરાવનારા લાગતા હતા તે સર્વ એકાએક અર્થ—વિનાના મહત્વવિનાના—બની જાય અને આજની કટોકટીને કેમ પહોંચી વળવું—આજના હુમલાનો કેમ સામનો કરવો અને તેને કેમ પાછો હઠાવવો—માત્ર આ એક જ બાબત આગળ મતમતાન્તરની લાગણીઓ સાવ અલોપ થઈ જાય - આ જોઈને સૌ કોઈ ભારે વિસ્મય અનુભવી રહ્યા છે. આપણે જે કાંઈ ભૂલ કરી હોય તેને વ્યાજબી ઠરાવવા કે તેનો કોઈ હું બચાવ કરવા માગતો નથી, પણ મને લાગે છે કે, આપણામાંના કેટલાક સભ્યોએ અનેક આક્ષેપો કરીને કોઈ એક યા અન્ય પ્રધાનને નહિ, પણ સમગ્રપણે આપણા સશસ્ત્ર દળોને ભારે અન્યાય કર્યો છે અને તેથી આ વ્યાખ્યાન દરમિયાન કેટલીક હકીકતો રજુ કરીને તે સભ્યોના મનની અને દિલની હું સાફસૂફી કરવા માગું છું.

ખરી વાત એમ છે કે, આપણું સમગ્ર માનસ શાન્તિલક્ષી અભિગમ વડે સદા શાસિત થતું રહ્યું છે. એનો અર્થ એમ નથી કે આપણે લડાઈનો કે આપણી સીમાનું રક્ષણ કરવાનો કદિ કોઈ વિચાર જ કર્યો નહોતો. આ વિચાર તો, જરૂર આપણા મનમાં હંમેશાં હતો જ. પણ અમુક જ રીતે વિચારવાને અને વર્તવાને ટેવાયલાં હોવું—આપણી એક પ્રજાકીય ખાસિયતનો વિષય છે. મને કહેતાં આનંદ થાય છે કે, આજે પણ આપણે તે જ ખાસિયતને વળગી રહ્યા છીએ.

મારા મિત્ર શ્રી ફ્રાન્ક એન્થનીએ સૂચના કરી કે ચીની આક્રમણને પહોંચી વળવા માટે ભારતે લોહીતરસ્યા થવું જોઈએ, ઘાતકીપણું—નિષ્ઠુરતા—કેળવવી જોઈએ, અને 'જવાહરલાલે પણ brutalised—નિષ્ઠુર—બનવું જોઈશે જ.' આના જવાબમાં જણાવવાનું કે હું આશા રાખું છું કે, આપણી પ્રજા કદિ પણ ઘાતકી બનશે નહિ. મારા માટે તેમ બનવાનો એથી પણ ઓછો સંભવ છે. આપણે ત્યાં એક વિચિત્ર ખ્યાલ બંધાયલો છે કે, બળવાન બનવું હોય તો નિષ્ઠુર બનવું જ જોઈએ, હું એ ખ્યાલનો સદન્તર અસ્વીકાર કરું છું. આપણી તાકાતને ઘણી બાબતો સાથે સંબંધ છે. નિષ્ઠુરતા એક એવી બાબત છે કે જેને આપણે ચોકકસ પ્રકારનાં આન્દોલનો અને હીલચાલો સાથે સાંકળતા રહ્યા છીએ અને એ પ્રકારનાં આંદોલનો અને હીલચાલોનો આપણે હંમેશાં વિરોધ કરતાં આવ્યા છીએ. અનાદાર કરતા આવ્યા છીએ. નિષ્ઠુર બનતાં અથવા તો નિષ્ઠુરપણે વિચાર કરતાં આપણે આપણા આત્માને ખોઈ બેસવાનું જોખમ રહે છે અને આમ બને તો આને હું એક ભયંકર હાનિ લેખું. હું આશા રાખું છું કે ભારતના ભાગે યુદ્ધનું સંચાલન આવે અને તેના સર્વ પરિણામોનો તેને ભોગ બનવું પડે તો પણ, ભારત જે મુખ્યત્વે કરીને વિનમ્ર, શાન્તિચાહક દેશ છે તે પોતાની એ શાન્તિપ્રિય મનોદશાનું સંભાળપૂર્વક જતન કરશે. બળવાન હોવું અને ઘાતકી હોવું—એ બેમાં ચોકકસ પ્રકારનો તફાવત છે. આના સંદર્ભમાં જે સમય દરમિયાન ગાંધીજી આઝાદી માટેના સંગ્રામનું સંચાલન કરતા હતા એ લાંબી મુદતના ઈતિહાસનો દાખલો આપવાની મને જરૂર લાગતી નથી, કારણકે તમે એ બધું જાણો છો. કોઈ પણ માણસ એમ કહી શકે તેમ નથી કે ગાંધીજી ક્રુર હતા, નિષ્ઠુર હતા. તેઓ નમ્રતા અને સમભાવના સત્વરૂપ હતા. કોઈ એમ કહી નહી શકે કે ગાંધીજી નબળા હતા. ભારતે તેમ જ અન્ય દેશોએ પેદા કરેલી અનેક પ્રાણવાન વ્યકિતઓમાં તેઓ સૌથી વધારે પ્રાણવાન, બળવાન, તાકાતવાન વ્યકિત હતા. બળની પરાકાષ્ટા. આત્મ-ભોગની ચરમ્‌સિમા અને એમ છતાં વાણીમાં અદ્‌ભૂત નમ્રતા અને પ્રતિપક્ષીઓ અને શત્રુઓ પ્રત્યે પણ એક પ્રકારનો મૈત્રીભર્યો અભિગમ—ગાંધીજી આ સર્વનું એક વિચિત્ર અજોડ મિશ્રણ હતા.

આપણામાંના જેમનું નસીબ તેમની નીચે કામ કરવાનું હતું તેમણે તેમની પાસેથી એ શિક્ષણનું પાન કર્યું હતું, જે તેમણે આખા જગતને આપ્યું હતું અને જે વ્યકિતએ જેટલાં પ્રમાણમાં તે શિક્ષણને પચાવ્યું હતું તે વ્યકિત તેટલા અંશમાં મહાન અને બળવાન બની હતી. ... તો આ ઉપરથી હું એ બાબત ઉપર ભાર મૂકવા માગું છું કે, હું ઘાતકી - જંગલી brutal—થવા માંગતો નથી. ઠંડા યુદ્ધ કે ગરમ યુદ્ધના તે અંશની મને લેશમાત્ર અપેક્ષા નથી કે જેથી તિરસ્કાર પેદા થાય, એક આખી પ્રજા પ્રત્યે અણગમો કેળવાય અને જાણેકે સામાન્ય માનવી કરતાં તે ઉતરતી કોટિની—નિકૃષ્ટ પ્રકારની હોય એ પ્રમાણે તેમની તરફ આપણે જોતાં થઈએ. પહેલા વિશ્વ-યુદ્ધ દરમિયાન જર્મન પ્રજા સામે જે પ્રચંડ આન્દોલન ચલાવવામાં આવ્યું હતું, સમગ્ર જર્મન પ્રજાને 'હુણ' અને એવા અણઘટતા શબ્દોથી ભાંડવામાં આવતી હતી તે બાબતની તમને યાદ આપું છું. જર્મનોનો પક્ષ લઈને અત્યારે હું બોલવા બેઠો નથી, પણ મને લાગે છે કે, પહેલા વિશ્વયુદ્ધ દરમિયાન તેમ જ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તેમની સામે ચલાવવામાં આવેલો આ પ્રકારનો ભાંડણ-પ્રચાર અત્યન્ત અનુચિત હતો. મને લાગે છે કે, એક આખા રાષ્ટ્ર સામે, એક આખી પ્રજા સામે આવો એકધારો પ્રચાર ભારે આઘાત અને જુગુપ્સા પેદા કરે તેવો હતો. મને શક નથી કે જર્મનીમાં પણ પશ્ચિમી રાજ્યો સામે આ જ પ્રકારનો પ્રચાર જોસભેર ચાલી રહ્યો હતો.

તો પછી આજની આપણી પરિસ્થિતિના સંદર્ભમાં પ્રારંભથી જ હું એમ કહેવા ઈચ્છું છું કે ચીની પ્રજાને વખોડવાની આવી કોઈ વૃત્તિ આપણામાં પેદા થવી ન ઘટે. અને આવી કોઈ વૃત્તિ આપણા વર્તનમાં દેખા દે તો તેને તરત જ દબાવી દેવી ઘટે. ચીની પ્રજા સામે આપણા દિલમાં કશું જ દુ:ખ કે ડંખ નથી. અલબત્ત, તેની સરકારે જે પ્રકારનું આપણી સામે વર્તન ચલાવ્યું છે તેનું આપણને ભારે દુ:ખ છે. આપણને લાગે છે કે, તેની સરકારે આપણી પ્રત્યે કેવળ દ્રોહભર્યો વર્તાવ કર્યો છે. ચીની સરકારે પોતાની પ્રજા સાથેના

વ્યવહારમાં પણ એવું ઘણું કર્યું છે કે જે આપણને ડંખે છે, પણ આ બાબતમાં આપણે નિરૂપાય છીએ.

આ જે હો તે હો, એક દેશની પ્રજા - વિશેષ કરીને જેનું ક્ષેત્રફળ અતિ વિસ્તીર્ણ છે અને જેનો ઈતિહાસ અનેક ગૌરવગાથાઓ વડે મહાન છે એવા દેશના લોકો અને તેમની સરકાર—એ બે વચ્ચે રહેલો તફાવત આપણે ધ્યાનમાં રાખવો જોઈએ અને ચીની સરકાર સામેના આપણા રોષને અને દિલની કડવાશને ચીની પ્રજા તરફ ફેલાવા દેવી ન જોઈએ. આપણે ચીની પ્રજા, ચીની સરકાર અને ચીનમાં જે કાંઈ છે તે બધાંની ખીચડી કરવી ન જોઈએ. આ કારણને લીધે, જાણે કે ચીની આક્રમણના પ્રતીક હોય એવી રીતે દિલ્હીમાં કે અન્યત્ર ચીની દુકાનદારો તેમ જ હોટેલવાળાઓ ઉપર જે આપણા લોકોએ હુમલા કર્યા છે અને તેમને રંજાડયા છે તેને હું બીલકુલ પસંદ કરતો નથી. કેટલાક લોકો આ બાબતમાં અન્યથા વિચારતા હોય છે, પણ જેઓ એમ વિચારે છે તેઓ યોગ્ય કરતા નથી. એમ કરવાથી આપણે ઘાતકી બનીએ છીએ અને અન્યત્ર બદનામ થઈએ છીએ.

તો પછી ચીની પ્રજા અને ચીની સરકાર વચ્ચેનો આ ભેદ આપણે બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે, કારણકે આ ભેદની ઉપેક્ષા કરવાથી આપણી તાકાતમાં કોઈ વધારો થતો નથી, ઉલટું આપણી તાકાતનો ખોટી દિશાએ ઉપયોગ થવાથી તેમાં ઘટાડો થાય છે, આપણે નબળા બનીએ છીએ. આજના વખતમાં યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે બે મોટી સત્તાઓના સંઘર્ષ દરમિયાન—પોતાની સમગ્ર તાકાતને જાળવી રાખવી—સંગઠિત કરવી—વેરવિખેર થવા ન દેવી—એ અત્યંત આવશ્યક બને છે. એક પ્રજાની સમગ્ર તાકાત બીજી પ્રજાની સમગ્ર તાકાત સામે ટકી રહે છે કે ભાંગી પડે છે તેના ઉપર જ આખરી જયપરાજયનો આધાર છે. આપણામાંના દરેકે બરાબર સમજી લેવું ઘટે છે કે, આજે સવાલ અહિં કે તહિં અમુક શસ્ત્રો સુલભ હોવા યા ન હોવાનો નથી, પણ પ્રજાની સમગ્ર તાકાતને સંગઠિત કરવાનો અને નાની નાની બાબતોમાં તેને વેડફી નાખવામાં નહિ પણ ચોકકસ હેતુ સિદ્ધ કરવા પાછળ તેને યોજનાપૂર્વક કેન્દ્રિત કરવાને લગતો છે. આ બરોબર ધ્યાનમાં રાખીને આપણે આગળ વધવાનું છે.

**અનુવાદક: પરમાનંદ** **મૂળ અંગ્રેજી: જવાહરલાલ નહેરૂ**

# જનરલ કરીઅપ્પાની 'બાળપોથી'

[પૂજ્ય ગાંધીજીનું અવસાન થયું તે પહેલાના થોડા સમય દરમિયાન એ વખતના સરસેનાપતિ જનરલ કરીઅપ્પા અને ગાંધીજી વચ્ચે થયેલા વાર્તાલાપની નીચે આપેલી વિગતો આજની પરિસ્થિતિના સંદર્ભમાં સવિશેષ પ્રસ્તુત અને પ્રેરક લાગે છે અને એ 'બાળપોથી' ઘડવા પૂરતા બાપુજી જીવતા ન રહ્યા એ વિચાર દિલમાં ઊંડી વ્યથા પેદા કરે છે. **પરમાનંદ**]

જનરલ કરીઅપ્પા એક વાર ઈંગ્લાંડમાં બોલી ગયેલા, "ભારતની અત્યારની પરિસ્થિતિમાં અહિંસા તદ્દન બિનઉપયોગી છે. કેવળ મજબૂત સેના જ ભારતને દુનિયાનું એક મહાન રાષ્ટ્ર બનાવી શકશે."

ગાંધીજીએ 'હરિજન'માં એમની ખબર લઈ નાખી: "જનરલ કરીઅપ્પા કરતાં યે મોટા જનરલોએ પણ નિખાલસતાથી એટલું કબૂલ કરવાનાં શાણપણ ને નમ્રતા દાખવ્યાં છે કે અહિંસાના મહાન પરિબળની શકિત ને અસરકારકતા અંગે કાંઈ કહેવાનો એમને અધિકાર નથી. મારે બુલંદપણે જાહેર કરવું જોઈએ કે આજના આણુયુગમાં હિંસાના બધા જ કરતૂકોને પહોંચીવળવા માટે કેવળ પરિશુદ્ધ અહિંસાનું પરિબળ જ શકિતમાન છે. લશ્કરી શાસ્ત્રની બેહાલ નાદારી આપણે જોઈ જ રહ્યા છીએ. શેરબજારમાં સટ્ટો ખેલીને પાયમલ થઈ ગયેલો માણસ જ ઊઠીને શું એ સટ્ટાના ગુણગાન ગાશે.?"

પાછળથી કરીઅપ્પાએ કહ્યું તેમ લશ્કરી ભાષામાં આ "એક રૅાકેટ' હતું! પણ એમણે એ ખેલદિલીથી લીધું. ભારતમાં આવીને પૂર્વ વિભાગની જવાબદારી સ્વીકારતી વેળાએ તેઓ ગાંધીજીને મળવા આવ્યા. આ બંનેની તે પહેલી જ મુલાકાત હતી. તે દિવસે ગાંધીજીનો મૌનવાર હતો. ગાંધીજીએ એમને ખુરશી આપી પણ કરીઅપ્પા આદરપૂર્વક નીચે જમીન પર જ બેઠા.

"હું તમારા આશીર્વાદ લેવા આવ્યો છું."

ગાંધીજીએ ચબરખી પર લખી દીધું: "ગયે મહિને અહિંસા અંગેના તમારા કથન પર મેં 'હરિજન'માં લખ્યું છે તે જોયું કે?"

જનરલ હસતાં હસતાં કહે, "હા, મારા જેવા નાચીજ માણસના મંતવ્યની મહાત્માએ નોંધ લીધી તેને હું મારૂં સન્માન જ ગણું છું...અમારી સૈનિકોની બહુ નિંદા થાય છે. તમારા જેવા પણ કદાચ એમ માનતા હશે કે, અમે બહુ હિંસક માણસો છીએ, પણ ખરેખર તેમ નથી. દુનિયામાં યુદ્ધને જો કોઈ વધુમાં વધુ ધિક્કારતું હોય તો તે અમે ધિક્કારીએ છીએ. અને એ પણ યુદ્ધના ભયને કારણે નહીં પરંતુ અમારા અનુભવમાંથી નીપજેલા જ્ઞાનને કારણે કે, આંતરરાષ્ટ્રીય ઝઘડાઓના ઉકેલ માટે યુદ્ધનો રસ્તો બિલકુલ નિરર્થક છે. અમને લાગે છે કે, એક યુદ્ધ બીજા યુદ્ધને જન્મ આપે છે. ઈતિહાસે અમને આ પદાર્થપાઠ આપ્યો છે.

"લોકશાહી દેશમાં સૈનિકો યુદ્ધ શરૂ કરતા નથી. સરકારો જયારે ઝઘડાનો સંતોષકારક ઉકેલ નથી મેળવી શકતી ત્યારે યુદ્ધ જાહેર કરે છે. અમે માત્ર સરકારના અને એ રીતે પ્રજાના હુકમોનો અમલ કરીએ છીએ. લોકશાહીમાં પ્રજાને જો યુદ્ધ ન ગમતું હોય તો તે માટે અમને નહિ, પોતે જેને સત્તાસ્થાને બેસાડી છે તે સરકારને દોષ દેવો જોઈએ.

ગાંધીજીએ ફરી લખી દીધું: "આપણે ફરી મળીએ ત્યાર આ અંગે વધુ ચર્ચા કરવાની મારી ઈચ્છા છે."

બે દિવસ પછી તેઓ ફરી મળ્યા તે દિવસે પણ જનરલ જોડા ઊતારીને ઓરડામાં આવ્યા હતા.

અહિંસા અંગે વાતચીત કરતાં કહેવા લાગ્યાં: "હું તમને એમ કહેવા આવ્યો છું કે, તમારા બધા આદર્શો અમે પાળીએ છીએ—માનવતા પ્રત્યેનો પ્રેમ ને વફાદારી, શિસ્ત ને સંયમ, દેશસેવામાં નિઃસ્વાર્થતા, શ્રમ માટે આદર ને અહિંસા......આપણું લશ્કર હોય તો તે સારું જ હોવું જોઈએ. હું એમને મારી રીતે અહિંસાનું મૂલ્ય સમજાવું છું. પણ હું એમને આખો વખત અહિંસા વિશે જ કહ્યા કરું તો એમને સારા સૈનિક તરીકે તૈયાર કરવાની મારી ફરજમાંથી હું ચુકું. મને કાંઈ માર્ગદર્શન ન આપો ? આ બે વાતનો મારે કેમ મેળ બેસાડવો? આ બાબતમાં હું બાળક છું. મને 'બાળપોથી'ન ઘડી આપો?"

ગાંધીજી હસવા માંડયા. પળવાર થંભીને જનરલ સામે જોઈને કહે, "હા, તમે સહુ બાળકો છો. હું પણ છું તો બાળક જ પણ તમારા કરતા જરા મોટો, કેમ કે આ બાબત પર મેં તમારા સહુ કરતાં વધુ ચિંતન કર્યું છે. તમે સેના માટે અહિંસાનું કશુંક ચોક્કસ સ્વરૂપ બતાવવાની મારી પાસે માગણી કરો છો... હજુ હું જવાબની ખોજમાં ફંફોળી રહ્યો છું. હું શોધી કાઢીશ અને કો'ક દિવસ તમને જરૂર આપીશ.

છૂટા પડતી વખતે ગાંધીજીએ ફરી કહ્યું, "આ અંગે હું ગંભીરતાપૂર્વક વિચારીશ અને થોડા વખતમાં તમને જણાવીશ. આપણે વારંવાર મળતા રહીશું તે મને ગમશે, કે જેથી આ અગત્યની બાબત અંગે વધુ ચર્ચા કરી શકીએ."

જનરલ, ગાંધીજીને છેલ્લા ૧૮ જાન્યુઆરીએ મળ્યા. તેઓ કાશ્મીર મોરચે જઈ રહ્યા હતા. ત્યારે ગાંધીજીએ કહેલું, "હું આશા રાખું છું કે, કાશ્મીરનો પ્રશ્ન તમે અહિંસક રીતે ઉકેલશો. પાછા ફરો ત્યારે મળજો."

જનરલ ગાંધીજી પાસેથી 'બાળપોથી' મેળવવા આતુર હતા. પણ કાશ્મીરથી તેઓ ૩૦ મી એ બપોરે જ પાછા ફર્યા અને એમના નસીબમાં બીજે દિવસે રાજઘાટ પર ગાંધીજીના અવશેષો જોવાનું જ રહ્યું.

('The Last Phase' પરથી) **પ્યારેલાલજી**

## વિષયસૂચિ


| | | પૃષ્ઠ |
|---|---|---|
| અહિંસક પ્રતિકાર | ગાંધીજી | ૧૪૭ |
| ચીન—ભારત સંઘર્ષ સંબંધી નિવેદન | | ૧૪૮ |
| નહેરુનું પ્રજાજનો જોગું ભવ્ય ઉદ્બોધન | જવાહરલાલ નહેરૂ | ૧૪૯ |
| જનરલ કરીઅપ્પાની 'બાળપોથી' | પ્યારેલાલજી | ૧૫૦ |
| મંત્રશકિતની મીમાંસા? | કાકા કાલેલકર | ૧૫૧ |
| 'પુણ્યવિજયજી સાથેની મારી પરિચયકથા' | પંડિત સુખલાલજી | ૧૫૨ |

# ☆ મંત્રશકિતની મીમાંસા? ☆

શ્રી પરમાનંદભાઈએ "પ્રબુદ્ધ જીવન'માં એક ચર્ચા છેડી છે. અથવા આચાર્ય અમૃતલાલ યાજ્ઞિકે પૂજ્ય કેદારનાથજી સાથે જે ચર્ચા—વિચારણા કરી તે 'પ્રબુદ્ધ જીવન" માં ઉતારી એના ઉપર તંત્રીની નોંધ લખી છે.

આમાં સંતોષની—અને સાથે સાથે આશ્ચર્યની) વાત—એ છે કે નાથજી, ભાઈ યાજ્ઞિક અને પરમાનંદભાઈ—ત્રણે બુદ્ધિવાદી અથવા બુદ્ધિપ્રધાન વિચારસરણીના પ્રતિનિધિ ગણાય છે. અને છતાં ત્રણેયની ભૂમિકા જુદી છે. પણ બુદ્ધિવાદ એટલે શું? દુનિયામાં જે બનાવ બને છે તેમના તરફ ભોળી નજરે ન જોતાં, અને જે વસ્તુ હકીકત તરીકે રજૂ થઈ છે તે ખરેખર હકીકત છે કે નહીં એની તપાસ કરવાની ચીવટ રાખવાનો સ્વભાવ. માણસ પ્રથમ પૂરી સાવચેતીપૂર્વક નિરીક્ષણ કરે છે. એટલેથી સંતોષ ન થાય ત્યારે બધી બાજુએથી પરીક્ષણ કરે છે. એટલાથીય સંતોષ ન થાય ત્યારે મેળવેલું જ્ઞાન અને કાઢેલાં અનુમાનો કેટલે દરજ્જે સાચાં છે એની ખાત્રી કરી લેવા માટે, તેમ જ રહસ્યનો ઉકેલ આણવાની દૃષ્ટિએ વધુ હકીકતો જાણવાની જરૂર હોય ત્યારે, તે માટે જાતજાતના પ્રયોગો કરે છે. અને આવી નિરીક્ષણ-પરીક્ષણ પ્રયોગની પ્રવૃત્તિ ચલાવતી વખતે માણસ જે અનુમાનો બાંધે છે તે અનુમાનો કાઢવામાં ભૂલ તો નથી થતી? એવી શંકા ઉઠાવીને અનુમાન કાઢવાની કળાને કુશળ અને વિશુદ્ધ કરે છે. બુદ્ધિવાદમાં આ બધું આવી જાય છે.

બુદ્ધિવાદી કોઈ કાળે કહેતો નથી કે, શોધખોળ કરવાના અને અનુમાનો કાઢવાના-કરવાના મારા ભૌતિક કે બૌદ્ધિક ઓજારો પૂરે પૂરા સમર્થ છે, એમાં સુધારાને અવકાશ નથી. બુદ્ધિવાદી એમ પણ કહી ન શકે કે, આજના મારા બુદ્ધિના પ્રયોગોમાં જે બીના બંધબેસે નહીં તે બીનાનો જ હું ઈન્કાર કરીશ. વસ્તુસ્થિતિ, ઘટના, બીના, તથ્ય કે સત્યના નિર્વિવાદ અનુભવનો ઈનકાર કરવાથી બુદ્ધિવાદી બુદ્ધિનો ઉપાસક મટે છે. સાચી વસ્તુનો ઉકેલ જો આપણે ન આપી શકતા હોઈએ તો ઉકેલ અમને જડયો નથી એમ કહેવામાં પ્રામાણિકતા છે. કોઈને એક ઉકેલ જડે, બીજાને તે સમાધાનકારક ન લાગે એમ બને, પણ એ ગૌણ વસ્તુ છે.

જેના શબ્દ પર આપણે પૂરેપૂરો વિશ્વાસ રાખી શકીએ એવા માણસને ન્યાયશાસ્ત્રમાં આપ્ત પુરુષ કહે છે. નાથજી એવા એક આપ્તપુરુષ છે. એમણે જેવું જાણ્યું હોય, માન્યું હોય કે અનુભવ્યું હોય તેવું જ, કશો રંગ ચઢાવ્યા વિના, તેઓ કહેવાના. એમનો પોતાનો સત્ય ઉપરાંતનો બીજો કોઈ આગ્રહ હોઈ ન શકે એટલું આપણે નિશ્ચિંતપણે માની શકીએ. માણસમાત્રની મર્યાદા એમને વળગેલી હોઈ તેઓ નિરીક્ષણમાં કે અનુમાન કાઢવામાં ભૂલ ન જ કરી શકે અને અનુભવ-ગ્રહણમાં પણ એકાંગી ન જ થઈ શકે એમ આપણાથી ન કહેવાય.

છેક નાનપણમાં, બેલગામથી સાવંતવાડી જતાં, દાનોલી મુકામે રાત્રે મારી માને એક સરપ કરડયો હતો, અને એક માંત્રિકે એનું ઝેર ઉતાર્યું હતું. તે વખતે ચોક્કસ નિરીક્ષણ કરવાની કે અનુમાન પર આવવાની મારી ઉંમર ન હતી. ત્યાર પછી કોઈએ મંત્રથી ઝેર ઉતાર્યાનો દાખલો મારા દેખતાં બન્યો નથી. છતાં મારાં મનમાં નાથજીની મંત્રશકિત વિષે શંકા નથી.

એમની એ શકિત બુદ્ધિગમ્ય કરવા માટે નાથજી જે દલીલો વાપરે છે અથવા ઉપમાઓ યોજે છે તેને હું મહત્ત્વ આપતો નથી. કોઈ માણસને ખાસ સાપ કરડાવી, એનું ઝેર નાથજી કેમ ઉતારે છે એ જોવાનો કોઈ પ્રયોગ કરવા માંગે તો નાથજી એ આહ્વાન સ્વીકારવા તૈયાર નથી એ હું સમજી શકું છું, પણ આજના વિજ્ઞાનને એવા હિંમતવાળા પ્રયોગો કર્યા વિના સખ ન વળે એ પણ આપણે સમજવું જ જોઈએ. મંત્રશકિતના શાસ્ત્રનું ક્ષેત્ર માનસિક છે. એને ભાવનાત્મક અને આધ્યાત્મિક પણ ગણી શકાય. એની પોતાની મર્યાદાઓ અથવા અટળ નિયમો હોય તો તે માન્યે જ છૂટકો. પણ મારા જેવાને એ કેવળ માનીને સંતોષ નહીં થાય. હું તો એનાં કારણો પણ શોધું અને એ કારણોની યથાર્થતા ગળે ઉતરે ત્યારે જ જંપુ, અને જે મંત્રશકિતથી માણસના મૂલ્યવાન પ્રાણ બચી શકે તે શકિતનો ઉપયોગ બધા દેશોના વધારેમાં વધારે લોકોને અવશ્ય મળી શકે એવી ગોઠવણ કર્યા વગર મારાથી ન જ રહેવાવું જોઈએ. શ્રી યાજ્ઞિક કે પરમાનંદભાઈ જેવા બુદ્ધિવાદીઓ આજની પોતાની માનસિક તૈયારીને જોરે દલીલો કરે અને પોતાનો અસંતોષ જાહેર કરી વિરામ પામે એ બરાબર નથી. અને મંત્રશકિતને બુદ્ધિગમ્ય કરાવવાનો બોજો નાથજી પર ઢોળે એ પણ બરાબર નથી. અને નાથજીએ પણ "ગુરુએ મૂકેલી શરતોનો આજન્મ સ્વીકાર કરનાર માણસને મંત્રની દીક્ષા આપીશ." એમ કહી અથવા "ચમત્કારમાં મને રસ નથી" એમ પોતાની મનોવૃત્તિ જાહેર કરી શાંત ન થવું જોઈએ. એમના જેવા પ્રખર વિચારકથી એક ગૂઢ શકિતનો ઈનકાર પણ ન થઈ શકે અને એનો એમને ઉકેલ પણ ન જડે એવી સ્થિતિનો લાભ લઈ શ્રદ્ધાજડ લોકો દુનિયાભરના બધા વહેમોનો બચાવ કરવાનો પ્રયત્ન કરવાના. અને બુદ્ધિવાદી લોકોની સત્યજિજ્ઞાસાને અપમાનિત, અપ્રતિષ્ઠિત અને બુઠ્ઠી કરવાના. શેકસપિયરનું એક પાત્ર કહી છૂટે છે, "There are more things in heaven and earth then are dreamt of in your philosophy." આટલી વાત સ્વીકારી બુદ્ધિને સૂવાડી જ દેવી હોય તો તો આપણે વિવેક અને સાધનાને આગળ ન જ લઈ જઈ શકીએ. નિરીક્ષણ, પરીક્ષણ, પ્રયોગ અને નવરચના દ્વારા ચમત્કારનું ક્ષેત્ર ઓછું કરતાં જવું અને ગૂઢ ગણાતી બધી શકિતઓ બુદ્ધિનાં ક્ષેત્રમાં આવી શકે એટલે સુધી બુદ્ધિના સર્વ પ્રકારના ઓજારો તીક્ષ્ણ કરવા, એને માટે પ્રયોગશાળાઓ સ્થાપવી અને પ્રયોગવીરોની જમાત વધારવી એ આજનું યુગકાર્ય છે.

ભૌતિક વિદ્યાઓ અદ્ભુત રીતે આગળ વધતી જાય છે, એમનું ક્ષેત્ર વધતું જાય છે, એમના ઓજારો વધુ ને વધુ સૂક્ષ્મ થતા જાય છે અને એમના એ પ્રખર આગ્રહને વશ થઈ પ્રકૃતિદેવી પોતાના રહસ્યો એમની આગળ ખુલ્લાં કરતી જાય છે. હવે તો ધીરે ધીરે ભૌતિક શાસ્ત્રો માનસક્ષેત્રમાં અને અધ્યાત્મ-ક્ષેત્રમાં પણ ડોકીયું કરવા લાગ્યા છે. એવે વખતે આપણા તાર્કિક બુદ્ધિવાદીઓ જો થોડીક ચર્ચા કરીને બેસી જાય તો એવું બૌદ્ધિક જાડય અને બૌદ્ધિક આલસ્ય ક્ષમાને પાત્ર નથી, એટલું તો આપણે જરૂર કહીએ.

પશ્ચિમના કે અહીંના જે લોકો, માણસ ઉપર નહીં પણ પશુઓ ઉપર જાતજાતના પ્રયોગો કરે છે, તેમને આપણે ધાર્મિક લોકો વખોડીએ છીએ, આપણે કહીએ છીએ કે પશુઓને પકડી એમના ઉપર જબરદસ્તી પ્રયોગ કરવાનો આપણને નૈતિક અધિકાર નથી. હિંમત હોય તો માણસો સ્વેચ્છાએ પોતાના પર પ્રયોગ કરી કરાવી જુએ.

આમ આપણે નૈતિક ભૂમિકા ઉપર આરૂઢ થઈને વાંદરા કૂતરા અને સસલા ઉંદર પર પ્રયોગ કરનારને વખોડીએ છીએ પણ એમણે મેળવેલા જ્ઞાનનો અથવા એમણે શોધી કાઢેલી દવાઓનો ઉપયોગ જરૂર કરીએ છીએ.

મારી ખાત્રી છે કે, પશ્ચિમના કોઈ પ્રયોગવીરને શૂર ચઢે તો તે નાથજીને પૂછવા નહીં બેસે કે કોઈ માણસને સર્પ કરડાવીને તમારી પાસે લઈ આવીએ તો એનું ઝેર ઉતારી આપશો?' જેને ફાંસીની સજા થઈ છે અને જેને અમુક દિવસે નિશ્ચિતપણે મરવાનું છે જ એવા કોઈ માણસને સરકાર પાસેથી મેળવી, એને ઝેરી નાગ કરડાવશે અને આ બધી બીનાની જાણ કરાવ્યા વગર એ માણસને નાથજી પાસે લઈ આવશે. પછી ભલે પેલો નાગ માણસના શરીરમાં પ્રવેશ કરી પોતે કેમ કરડયો એની વિગત નાથજીને સંભળાવે. એક વાર મંત્રથી સાપનું ઝેર ઉતર્યાનો પ્રત્યક્ષ દાખલો જોયા પછી એ, એ મંત્રવિદ્યા પાછળ પ્રયોગવીરની ધગશથી પડશે. સાપના ઝેર સામેનો મંત્ર જેણે સહુથી પ્રથમ મેળવ્યો તેણે તો આખા જીવનની સાધનાને અંતે એ મેળવ્યો હશે. એની ધગશ અને પશ્ચિમના વિજ્ઞાનવીરોની ધગશ જ્યાં સુધી આપણે કેળવીએ નહીં ત્યાં સુધી આપણો બુદ્ધિવાદ નિર્વીર્ય જ રહેવાનો, અને વહેમી લોકો મંત્રવિદ્યાના સામર્થ્યના દાખલા આગળ કરી, વહેમોની આખી તિરસ્કરણીય સૃષ્ટિનો બચાવ કરવાના.

સંતોના ભકતો અને શ્રાવકો જેમ સંત થઈ શકતા નથી તેમ જ પ્રયોગવીર, વિજ્ઞાનવાદી, બુદ્ધિપરાયણ, માનવહિતકર્તાના કેવળ પ્રશંસકો જો બુદ્ધિવાદી જમાતની સદસ્યતા ન મેળવી શકે તો તકરાર કરવાનું કારણ નથી. બૌદ્ધિક સુસ્તી (**Intellectual Lethargy**) ગમે ત્યાં હો, અક્ષમ્ય છે.

કાકા કાલેલકર

# 'પૂણ્યવિજયજી સાથેની મારી પરિચયકથા'

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં તા. ૨-૧૧-૧૯૬૨ના રોજ કપડવંજ ખાતે ત્યાંના જૈન સંઘ તરફથી યોજવામાં આવેલ મુનિશ્રી પુણ્યવિજયજીના સન્માન સમારંભનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સન્માન સમારંભના પ્રમુખસ્થાનેથી અપાયેલા પ્રવચનમાં પંડિત સુખલાલજીએ મુનિશ્રી પૂણ્યવિજયજી સાથેના પોતાના વર્ષોજૂના સંબંધનાં અનેક સ્મરણો રજૂ કર્યાં છે તેમ જ જૈન સાધુસંસ્થામાં આજ સુધી પોષાતી આવેલી અધ્યયનપરંપરાને કેમ જાળવીરાખવી અને આજના નવોદિત વિચારપ્રવાહો સાથે કેવી રીતે સંવાદી બનાવવી એ વિષે કેટલાંક ઉપયોગી તેમ જ વ્યવહારૂ સૂચનો કર્યાં છે. આ મહત્ત્વપૂર્ણ પ્રવચનનો અડધો ભાગ નીચે આપવામાં આવે છે અને બાકીનો ભાગ હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે—તંત્રી.)

**સન્માન્ય મુનિમંડળ, શ્રી સંઘ અને અન્ય સજજનો,**

હું ધારું છું કે, અત્યારે અહીં ઉપસ્થિત બધા સમજદાર સજજનોનાં મન ઉપર ઉત્તર સરહદની ઘટનાથી જરા ભારે હશે જ. મારું મન પણ એ ભાર તળે જ છે. છતાં આજે વિદ્વદ્વર્ય મુનિશ્રી પુણ્યવિજયજીની ૬૮ મી જન્મતિથિના ઉત્સવ પ્રસંગે, એમના જ જન્મસ્થાનમાં મળવાનો જે મારા જેવાને વિરલ યોગ લાધ્યો છે, તેનો ઉલ્લાસ પેલા ભારને કાંઈક હળવો પણ કરી રહેલ છે.

મહારાજશ્રી સાથેની મારી પરિચયકથા ૪૮ વર્ષો જેટલી લાંબી છે. આટલા લાંબા કાળમાં પણ અમારો સંબંધ સતત સચવાઈ રહ્યો છે; અને તે સંબંધ માત્ર બાહ્ય મિલન પૂરતો નહીં, પણ એક-બીજાના આત્માને સ્પર્શવા જેટલો આંતરિક પણ રહ્યો છે. તેથી આજને પ્રસંગે કહેવું હોય તો ઘણું કહી અને લખી શકાય તેમ છે. તેમ જ એ વસ્તુ શ્રોતાઓને એક તરફથી આહ્લાદ આપનારી અને બીજી બાજુથી પ્રેરણા આપનારી પણ છે. છતાં અત્યારે તો સંક્ષેપમાં જ કહેવું યોગ્ય લેખાય.

જ્યારે હું 'સંક્ષેપ' શબ્દ વાપરૂં છું ત્યારે મુખ્ય વસ્તુના હાર્દનો સંક્ષેપ નહીં; એટલે અત્યારે એ મુખ્ય વસ્તુના હાર્દને ત્રણ ભાગમાં વહેંચી યથાસંભવ ટૂંકમાં કહેવાનો ઈરાદો છે.

પહેલો ભાગ એમના માનસિક ઘડતર યા જન્મસિદ્ધ સંસ્કાર-સમૃદ્ધિને લગતો છે. બીજો ભાગ એમના વિદ્યાપ્રવૃત્તિનાં જુદા જુદાં પાસાના વિકાસને લગતો છે. અને ત્રીજો ભાગ હજારો વર્ષની ભારતીય સંસ્કારસમૃદ્ધિની રક્ષામાં એમણે આપેલા ફાળાને લગતો છે.

### જન્મસિદ્ધ સંસ્કારસમૃદ્ધિ

મેં અમુક અનુભવ થયા પછી ૧૯૧૩ માં નકકી કર્યું કે મારે હવે પછી સાધુ - સાધ્વીઓને સામે ચાલી ભણાવવાં જવું નહીં. આ નિશ્ચય પાછળ મારી દૃષ્ટિ એટલી જ હતી કે તેમને યથાશકિત ભણાવવા એ ઈષ્ટ છે, પણ તે મારી શરતે. એમની શરતે ભણાવવા જવામાં મને વિચારસ્વાતંત્ર્ય તેમજ અસાંપ્રદાયિક દષ્ટિમાં કાંઈક ક્ષતિ પહોંચતી જણાઈ. એટલે જ એ નિશ્ચયમાં એ પણ ઉમેરી દીધું કે જે સાધુ કે સાધ્વી સાચે જ જિજ્ઞાસાની દૃષ્ટિએ, હું હોઉં ત્યાં આવે તો બીજાં કામ ગૌણ કરીને પણ એમને અવશ્ય શીખવવું. આ નિશ્ચય પછી હું મારી ઢબે એક ખૂણે રહી કામ કરતો હતો. દરમ્યાન ૧૯૧૪ ના ઉનાળામાં આગ્રાથી મુંબઈ જવાનું બન્યું. પ્રસિદ્ધ જર્મન સ્કૉલર ડૉ. હર્મન યાકોબી ભારતમાંથી વિદાય લઈ રહ્યા હતા. એમણે એ વિદાયસમારંભમાં એક વાત કહી, જે તરફ મારું સવિશેષ ધ્યાન ગયું. તેમણે કહ્યું: હું અનેક જૈન મુનિઓને મળ્યો, પણ પાટણમાં પ્રવર્તક શ્રી કાંતિવિજયજીથી હું ખાસ પ્રભાવિત થયો છું. એમના આ સારગર્ભિત ટુંકકથને મારામાં એક સ્મરણ તાજું કર્યું. કાશીના અભ્યાસકાળ દરમ્યાન ૧૯૦૫ ની આસપાસ મારા ન્યાયશાસ્ત્રના એક દાક્ષિણાત્ય અધ્યાપક શ્રી અંબાદત્ત શાસ્ત્રીજીએ મને કહેલું કે, સુખલાલ તમે જ્યારે ગુજરાતમાં જાઓ ત્યારે એક કાંતિવિજયજી નામના સાધુ છે તેમને જરૂર મળજો. વધુમાં શાસ્ત્રીજીએ એમ પણ કહ્યું કે, હું ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે રહ્યો છું અને મેં અનેક પદવીધારી મુનિઓને પણ ભણાવ્યા છે, પરંતુ એ કાંતિવિજયજી મુનિ સૌથી નિરાળા. એમણે મરું મના હરી લીધેલું. આમ પ્રવર્તક શ્રી કાંતિવિજયજીને મળવાની આકાંક્ષા ૧૯૧૪ માં પ્રગટી. અચાનક ૧૯૧૫ ના પ્રારંભમાં એ યોગ લાધ્યો. હું એમને પાટણમાં મળ્યો, અને થોડી વાતચીત દરમ્યાન જ મારો પહેલાંનો નિશ્ચય ગળી ગયો. મેં એમના કથનને આવકાર્યું અને પાટણમાં મુનિશ્રી પુણ્યવિજયજીને શીખવવાની દૃષ્ટિએ જવાની હા પાડી. લગભગ બે વર્ષ તો અમે સતત સાથે રહ્યા. પાટણ અને વડોદરા મળી એ બે વર્ષ વીત્યાં. એટલા ગાળા દરમ્યાન મહારાજશ્રી પુણ્યવિજયજીના સ્વભાવની મારા મન ઉપર જે છાપ પડી તે છાપ આજ સુધીમાં ઉત્તરોત્તર વધારે ને વધારે સ્પષ્ટ થતી ગઈ, અને સાચી પણ ઠરતી ગઈ. તે છાપનો સાર એ છે કે, તેમના માનસિક બંધારણ કે સહજ સંસ્કારમાં જે કેટલાંક વિરલ તત્ત્વો છે તે તેમની મહત્તાનો પાયો છે.

આ સંસ્કારોમાં એમની નિખાલસવૃત્તિ એટલે કે પોતે હોય તેવા દેખાવાની અને અન્યથા નહીં બોલવાની વૃત્તિ એ એક છે. આચાર્ય હરિભદ્રે ધર્મના મૂળ પાયા લેખે જે નિર્દંભતા કહી છે તે નિર્દંભતા મહારાજશ્રીમાં મેં સતત જોઈ છે. એમનો બીજો, ધ્યાન ખેંચે એવો સંસ્કાર અજાતશત્રુતાનો છે. પંથ, ગણ, ગચ્છ આદિના વિવાદો કે અથડામણીઓ એમને સ્પર્શ કરતાં હોય એમ મેં જોયું નથી; ઉલ્ટું એ તો અનેકવાર જોયું છે કે, વિરોધી થઈ બેઠેલા ગૃહસ્થો કે સાધુઓની સમક્ષ પણ તેઓ પોતાનું સમત્ત્વ સાચવી તેમને યથાયોગ્ય માન આપતા આવ્યા છે. ગમે તે ગચ્છ કે ગણના સાધુઓ પણ એમની સાથે તદ્દન આત્મીયતાથી રહેતા મેં જોયા છે અને એમની ઉદારતા અનેકમુખી છે. આ સદ્ગુણો એમને હંમેશા પ્રસન્નવદન રાખે છે.

### વિદ્યાપ્રવૃત્તિના જુદા જુદા પાસા

મહારાજશ્રીએ મારી પાસે શીખવાનું શરૂ કર્યું તે પહેલાં તેઓએ સંસ્કૃત - પ્રાકૃત ભાષાનો પરિચય ઠીક ઠીક કરી લીધેલો. મેં તો સાહિત્ય અને અલંકારશાસ્ત્રથી શરૂઆત કરેલી, પણ એમની વિશેષતા મેં એ જોઈ કે તેઓ તિલકમંજરી કે કાવ્યાનુશાસન કે બીજું જે કાંઈ શીખતા હોય ત્યારે સાથે જ તે તે ગ્રંથને લગતી કાગળ કે તાડપત્રની પ્રતિઓ રાખતા અને નોંધવાનું હોય તે નોંધતા જતા. મને તે વખતે ઘણી વાર મનમાં થતું કે આ અધ્યનના સતત પ્રવાહમાં વચ્ચે આવી પ્રતિઓ મેળવતાં જવાની ખલેલ પહોંચાડે તેવી માથાકૂટ શા માટે કરતા હશે? પણ હું કાંઈ કહેતો નહીં, અને અધીરો પણ થતો નહીં. થોડા જ દિવસોમાં મને સમજાયું કે, એ પ્રક્રિયા બહુ મહત્વની છે, અને આ વારસો એમને એમના સ્વર્ગવાસી ગુરુ મુનિશ્રી ચતુરવિજયજી તરફથી મળેલો છે, જેમને અમે બધાં 'ગુરુજી' કહેતા.

ગુરૂજી પોતે વાંચતા હોય કે બીજાને વંચાવતા હોય, ત્યારે તે તે વિષયના પ્રાચીન - અર્વાચીન હસ્તલિખિત કે મુદ્રિત ગ્રંથોનો તેમની પાસે ઢગલો પડયો હોય. એવાંથી પાઠભેદ લિપ્યંતર અને બીજી અનેક મહત્ત્વની હકીકતો તેઓ નોંધતા જાય. આ વારસો મહા-રાજશ્રીને પણ મળ્યો હતો. એનો વિકાસ એમણે કેટલી દિશામાં અને કેટલી રીતે કર્યો એ જ મારે અત્રે સંક્ષેપમાં જણાવવું છે.

ભણતાં જવું, અને તે તે વિષયની પોથીઓ મેળવતા જવું, એ બેવડા કામથી તેમની દૃષ્ટિ અનેક રીતે ખૂલી. પ્રાચીન પોથીઓ

વાંચે એટલે જુદા જુદા વળાંકની લિપિઓનો અભ્યાસ વધે. એમનો એ અભ્યાસ આજે તો એટલો બધો પરિપકવ થયેલો છે કે કોઈ પણ હસ્તલિખિત પ્રતિની અટપટી લિપિ માટે અમારા જેવા જિજ્ઞાસુઓ એમનો આશ્રય શોધે છે. આ લિપિજ્ઞાને તેમને જાતે નકલ કરવાની પ્રવૃત્તિ તરફ પ્રેર્યા. નેવારી અને શારદા જેવી લિપિઓના અનેક પ્રાચીન ગ્રંથો જૈન ભંડારોમાં મળી આવે છે. આ ગ્રંથો ઉપર કામ કરવું હોય ત્યારે મહારાજશ્રીનો ટેકો ઘણો જ કિંમતી નીવડે છે. વસ્તુપાળના એક વંશજે બૌદ્ધ 'હેતુબિંદુ' નામક તર્કગ્રંથની નકલ કરેલી. એ તાડપત્રીય પુસ્તકની લિપિ અમારાથી ઠીક ઠીક વાંચી ન શકાઈ. પણ મહારાજશ્રીએ તેમનો ખાસ વિષય ન હોવા છતાં, એ અતિ પ્રાચીન ગ્રંથને વાંચી, પોતાને હાથે સુંદર અક્ષરોમાં નકલ કરી મને આપી, જેને આધારે એ ગ્રંથ ગાયકવાડ ઓરિએન્ટલ સિરીજમાં છપાયો છે; અને મહારાજશ્રીની એ હસ્તનકલ એમના સ્મારક રૂપે ગુજરાત વિદ્યાપીઠના સંગ્રહમાં આજે વિદ્યમાન છે.

પુસ્તક સંપાદક માટે એક પ્રશ્ન પ્રેસકોપીનો છે. એ કોપી જો સારી અને તદ્દન શુદ્ધ હોય તો પ્રેસને અને સંપાદકને મૂંઝવણ ઓછી, અને શુદ્ધિ વધારે સચવાય. આ બાબતમાં આપણા દેશના સંપાદકોનું ગાડું રગશિયું ચાલતું. મહારાજશ્રીને જિજ્ઞાસા થઈ અને તેમણે પ્રો. યાકોબી પાસેથી તેમને હાથે કરેલી એક પ્રેસકોપી જોવા ખાતર મંગાવી. અને તે પછી એમણે તે અનુભવનો લાભ લઈ એ દિશામાં આગળ વિકાસ કર્યો.

તાડપત્ર અને કાગળની પોથીઓ વાંચતાં અને તેનું સંપાદન કરતાં અનેક વિષયોનું ઐતિહાસિક અને તુલનાત્મક જ્ઞાન વધે છે મહારાજશ્રીએ આ દિશામાં જેવી તેવી પ્રગતિ નથી સાધી. પોથી આવે એટલે તે શેના પર લખાઈ છે, તાડપત્ર, ભોજપત્ર, હાથીદાંત કાગળ કે કાપડ ઉપર? - ઈત્યાદિ જાણવું પડે છે. તેની લિપિ, તેનો લેખનકાળ, તેના રચયિતા, અને લખનારા, લખવામાં મદદ કરનારા ગૃહસ્થ સ્ત્રી કે પુરુષો, લખવાનું અને સંગ્રહનું સ્થાન, તેની શ્યાહી અને રીત ઈત્યાદિ પણ જાણવું પડે છે. તે ઉપરાંત તે ગ્રંથની ભાષા અને એના વિષયનો ઊંડો અભ્યાસ કરવો પડે છે. આ બધું કરવા જતાં એક ગ્રંથના સંપાદનમાં સાચો સંપાદક અનેક વિષયનો જ્ઞાતા બની જાય છે.

મહારાજશ્રીએ પ્રાકૃતમાં, સંસ્કૃતમાં, જૂની ગુજરાતીમાં લખાયેલ અનેક ગ્રંથોનું સંપાદન કર્યું છે, એટલે આ બધી બાબતમાં વિશેષજ્ઞ બની ગયા છે. એમણે સ્વતંત્રપણે અને પોતાના ગુરુજી સાથે મળીને નાના મોટા ગ્રંથોનું જે સંપાદન કર્યું છે, અને જે રીતે કર્યું છે, તે તેમની વિશેષજ્ઞતાનો પુરાવો છે.

એમણે જ્યારે બૃહત્કલ્પ ભાષ્યના છ ભાગનું તેમ જ અંગવિજ્જા જેવા પ્રાકૃત ગ્રંથનું સંપાદન કર્યું ત્યારે એ સંપાદનોની પરિશિષ્ટ તેમ જ પ્રસ્તાવનાગત વિશેષતાઓ જોઈ વિદ્વાનોનું ધ્યાન એમના તરફ સવિશેષ આકર્ષાયું. અને આ જ આકર્ષણે તેમને ગુજરાત સાહિત્ય પરિષદના ઈ. સ. ૧૯૫૯ માં અમદાવાદમાં મળેલ ૨૦ મા અધિવેશનના ઈતિહાસ વિભાગના અધ્યક્ષ તરીકેનું તેમ જ અખિલ ભારતીય પ્રાચ્યવિદ્યા પરિષદના કાશ્મીરમાં ૧૯૬૧ની સાલમાં મળેલ અધિવેશનમાં પ્રાકૃત અને જૈન વિભાગના પ્રમુખ તરીકેનું સ્થાન અપાવ્યું.

એમનો 'ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા' નામે લખાયેલો લેખ તેમ જ કાશ્મીર અધિવેશનના પ્રાકૃત અને જૈન વિભાગના પ્રમુખ તરીકેનું એમનું વક્તવ્ય એ એમની આ દિશાની સિદ્ધિના એક સૂચકમાત્ર સ્તંભો છે. આ પ્રવૃત્તિને પરિણામે જ એમને પ્રાચીન ચિત્રકળાના મૂલ્યાંકનની શક્તિ પણ લાધી છે.

**સંસ્કારસમૃદ્ધિની રક્ષામાં ફાળો અને ઉદારતા**

પ્રવર્તક શ્રી કાંતિવિજયજીએ પાટણ જેવાં જ્ઞાનભંડારોથી સમૃદ્ધ સ્થાનોમાં આખી જિંદગી વિતાવી અને એ બંધ જેવા ભંડારોને ખુલ્લા કરાવ્યા; એની બધી જ વિરલ પ્રતિઓની નકલો કરાવી; એ દ્વારા નવા લહિયાઓ પણ તૈયાર કર્યા. ગુરુજી આ પ્રવૃત્તિમાં સાથે હતા. એમણે એક પગલું આગળ ભર્યું. જે જે ભંડારો અવાવરુ પડયા હોય, જેનાં વેષ્ટનો કે પટારા પેટીઓ નકામાં થયાં હોય, અને જે મકાનો ભંડારની રક્ષા કરે તેવાં ન હોય તે બધાંનું સંસ્કરણ એમણે કર્યું અને કરાવ્યું. આ સાથે તેમણે અનેક સંસ્થાઓ મારફત નાના - મોટાં ગ્રંથોનું સંપાદન પણ શરૂ કર્યું. આ દાદાગુરુ અને ગુરુજીની પ્રવૃત્તિના સાક્ષી મહારાજશ્રી પુણ્યવિજયજી. તે વખતે ઉંમર નાની, શિક્ષણ પ્રાથમિક અને અનુભવ તો નહીં જ, છતાં એમણે એ કામમાં ઊંડો રસ લીધો અને ક્રમે ક્રમે જાણે એ જ કામને વર્યા હોય એ રીતે તેઓ આગળ વધ્યા. કોઈ પૂછે કે મુનિશ્રી પુણ્યવિજયજીના હાથે કેટલા ભંડારો વ્યવસ્થિત થયા છે, કેટલાની યાદીઓ તૈયાર થઈ છે, કેટલા ભંડારો માટે મકાનો કબાટ અને વેષ્ટન આદિની વ્યવસ્થા થઈ છે અને એમણે કેટલાં પુસ્તકોની નકલો કરી - કરાવી છે, તેમજ કેટલાં અપૂર્વ કહી શકાય એવાં પુસ્તકો મેળવ્યાં છે અને તદ્દન નાશના મુખમાં પડેલા કે નદીદરિયાને શરણે જતાં પુસ્તકોને જીવિત રાખ્યાં છે, તો આનો જવાબ અતિ ટૂંકમાં પણ આ છે કે, એમણે પાટણના અનેક ભંડારોને આધુનિક દૃષ્ટિએ ઉપયોગી થાય એવું સ્વરૂપ આપ્યું છે. લીંબડી, ભાવનગર, જામનગર પાલીતાણા, અમદાવાદ, વડોદરા, સૂરત, ખંભાત, જેસલમેર બિકાનેર આદિ અનેક પ્રસિદ્ધ સ્થાનોના પ્રસિદ્ધ - અપ્રસિદ્ધ ભંડારોનો કાયાકલ્પ કર્યો છે. અનેક ભંડારોની યાદીઓ તૈયાર કરી છે, અને છપાવી પણ છે. આ બધું કામ કરવામાં એમનો આજ લગીનો ઉત્સાહ જેવો ને તેવો છે. આ ઉત્સાહ અને તેમની જાગૃતિને કારણે તેમની આસપાસ એક નાનકડું પણ સારું એવું સહાયક મંડળ પણ રચાયું છે.

એમની વિદ્યાવિકાસની પ્રવૃત્તિ અને ભંડારોદ્ધારની પ્રવૃત્તિને કારણે એમના તરફ દેશ વિદેશના અનેક પ્રખ્યાત વિદ્વાનોનું અને સંશોધકોનું ધ્યાન ગયું છે અને મહારાજશ્રીની જે ઉદારતાનો મેં પહેલાં નિર્દેશ કર્યો છે તે ઉદારતાએ તેમને મોટા મોટા વિદ્વાનોના દિલમાં માનભર્યું સ્થાન અપાવ્યું છે. એકવાર ડૉ. વાસુદેવશરણજીએ અમદાવાદમાં કહેલું કે, હું મુનિશ્રીને જાણતો ય ન હતો અને મેં અમુક પોથી મંગાવી તો એમણે તરત મોકલી આપી. આ અનુભવ માત્ર ડૉ. અગ્રવાલજીનો જ નથી, પણ વિદ્યા અને સંશોધનના ક્ષેત્રમાં કામ કરનાર બધાયનો છે.

ગુજરાત વિદ્યાપીઠમાં હતો ત્યારે અને હિંદુ યુનિવર્સિટીમાં હતો ત્યારે ય મારે અનેક ગ્રંથોના સંપાદન વખતે મહારાજશ્રી દ્વારા અનેકવિધ પ્રતિઓ મંગાવવાનો પ્રસંગ આવતો; એટલું જ નહીં પણ, તે બધી પ્રતિઓની મેળવણી કરવાનો પ્રસંગ પણ આવતો, ત્યારે ય મહારાજશ્રી તે તે પ્રતિઓ નિઃસંકોચ મોકલે અને તેઓ જ્યાં હોય ત્યાં હું મારા સાથીઓ સાથે જાઉં એટલે તેઓ બીજું કામ છોડી પ્રતિઓની મેળવણી જેવા વૈતરાના કામમાં પણ જોડય. આ એમની ઉદારતાનો એક નમૂનો.

**આગમિક સાહિત્યના નિષ્ણાત**

મહારાજશ્રી કોઈ મોટા દાર્શનિક કે આધુનિક વિદ્યાઓના નિષ્ણાત ભલે ન હોય, પણ તેઓ જે વિષયના નિષ્ણાત છે, તે વિષય અનેક દૃષ્ટિએ મહત્વનો છે. આ વિષય એટલે જૈન આગમિક સાહિત્ય. આગમિક સાહિત્યમાં માત્ર જૈન મૂળ આગમોનો જ સમાસ નથી થતો, પણ એમાં એ આગમો ઉપર ઉત્તરકાળમાં પ્રાકૃત - સંસ્કૃતમાં રચાયેલ સમગ્ર વ્યાખ્યાઓનો પણ સમાસ થાય છે. આ વિષયમાં તેઓશ્રી નિષ્ણાત છે એમ કહું છું ત્યારે તેનો અર્થ આધુનિક દૃષ્ટિએ ઘણો વિશાળ છે. આગમો અને પંચાગી જાણનાર જૈન પરંપરામાં ઈતર મુનિઓ પણ છે, અને તેઓ કુશળ પણ છે, છતાં મહારાજશ્રીની

વિશેષતા તે સાહિત્યને લગતા ઈતિહાસના જ્ઞાનમાં રહેલી છે. માત્ર પ્રાચીન માન્યતાને અનુસરીને તેઓ આગમ - સાહિત્ય કે તેના પ્રશ્નો વિષે વિચાર નથી કરતા, પણ તેઓની દૃષ્ટિ પ્રાપ્ય થતી ઐતિહાસિક સામગ્રીને આધારે ઘડાયેલી છે. આથી તેઓના ઐતિહાસિક નિર્ણયો વિદ્વાનોમાં આદર પામતા જાય છે. અને આ સાહિત્યનો લેખનકાળ શરૂ થયો ત્યારથી માંડી આજસુધીમાં તેની જે સૈકાવાર લિખિત પ્રતિઓ મળી છે તેનું વિકાસચિત્ર એમની નજર સામે તરતું હોય તેમ લાગે છે. કોઈ એમને અમુક ગ્રંથ કે તેની પ્રતિ વિષે પૂછે તો એના ઉત્તરમાં એમના મુખેથી અનેક ભંડારોમાં મળી આવતી અને તારતમ્ય ધરાવતી પ્રતિઓની વંશાવળી સાંભળવા મળે! સંશોધક વિદ્વાનોને માટે તો આ એક વહેતો જ્ઞાનનો ઝરો જ કહેવાય.

આવી એમની શક્તિ જોઈ એનો લાભ સાર્વજનિક રીતે મેળવવાની દૃષ્ટિએ પ્રાકૃત ટેક્ષ્ટ સોસાયટીની સ્થાપના થઈ. એ સોસાયટીના સંરક્ષકપદનું સ્થાન પહેલેથી જ માજી રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદજીએ સ્વીકાર્યું. અને અત્યારે પણ તેઓ એ સોસાયટી દ્વારા થતા કામમાં પૂરતો રસ લે છે. ડૉ. રાધાકુમુદ મુખર્જી, ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ અને ભારતના માજી નાણામંત્રી શ્રી ચિંતામણરાવ દેશમુખ વગેરે સોસાયટીના કામમાં સંકલિત છે અને ભારતના જુદા જુદા રાજ્યો આ સોસાયટીના કાર્યમાં આર્થિક સહકાર પણ આપતા રહ્યા છે. આ સોસાયટી દ્વારા થતા સંશોધનો - સંપાદનો જુદા જુદા વિદ્વાનો દ્વારા થાય છે, છતાં એના કેન્દ્રસ્થાને સૌની દૃષ્ટિમાં મહારાજશ્રી પુણ્યવિજયજી છે.

### વિરલ ગ્રંથસંગ્રહ અને અનાસક્તિ

સંશોધન—સંપાદન અને ભંડારોદ્ધારની લાંબી કારકિર્દી દરમ્યાન એમણે અનેક વિષયોના અનેક ગ્રંથોનો સંગ્રહ પણ કર્યો. આ સંગ્રહ અનેક દૃષ્ટિએ વિરલ કહી શકાય તેવો છે. તેમાં તાડપત્ર અને કાગળની હજારો પ્રતિઓ તો છે જ, પણ એની એક વિશેષતા એ છે કે, અન્યત્ર દુર્લભ હોય તેવા નમૂનાઓની પ્રતિઓ જ વધારે પ્રમાણમાં સંગ્રહાયેલી છે. આ લિખિત સામગ્રીમાં માત્ર જૈન ગ્રંથો જ નથી, પણ એમાં બૌદ્ધ, વૈદિક, પૌરાણિક આદિ પરંપરાઓનું પુષ્કળ સાહિત્ય પણ છે અને તે પણ વિશેષ પ્રાચીન અને વિશેષ શુદ્ધિવાળું. એમના સંગ્રહિત પુસ્તકોનું વિષયવૈવિધ્ય પણ જેવું તેવું નથી. એમાં જ્યોતિષ હશે તો વૈદક પણ હશે; સામુદ્રિક હશે તો કામજ્ઞાન અને શકુનશાસ્ત્ર પણ હશે; કાવ્ય, નાટક, અલંકાર હશે તો પશુપક્ષીના લક્ષણગ્રંથો પણ હશે. એમણે પોતાના વિહાર દરમ્યાન જે સારામાં સારું મળ્યું તે બધું સંગ્રહિત કર્યું. અને આ ઉપરાંત એમણે મુદ્રિત પુસ્તકોનો પણ એક વિશાળ સંગ્રહ કર્યો. એ સંગ્રહ પણ સમગ્ર ભારતીય વાઙ્મયને સ્પર્શ કરે તેવો વિવિધ છે. આ એમની જ્ઞાનમૂડી, પણ એમાં એમનું અનાસક્તપણું એટલું બધું કે કોઈ એનો ઉપયોગ કરવા ઈચ્છે ત્યારે સંગ્રહનાં બધાં બારણાં ખુલ્લાં; એટલું જ નહીં પણ, દેશવિદેશના વિદ્વાનો મંગાવે ત્યારે તેઓશ્રી મંગાવનારને માથે ખર્ચ ન પડે એવી કુનેહથી તે સામગ્રી તેને મોકલાવે. એમની આ ઉદારતાને લીધે જ વિદ્વાનો એમની પાસેથી કાંઈ પણ મંગાવવામાં સંકોચ અનુભવતા નથી. મહારાજશ્રીના સંગ્રહની એક નોંધપાત્ર બીજી વિશેષતા અનેકવિધ સચિત્ર પોથીઓમાં તેમજ બીજી ઐતિહાસિક કહી શકાય એવી સામગ્રીના સંચયમાં પણ છે.

### વિશેષ વિકાસ

મહારાજશ્રીનો વધારે વાસ પાટણમાં રહેતો. એમના દાદાગુરુ અને ગુરુજી ત્યાં હતા. ભંડારો ત્યાં અનેક હતા. એ બધાં કારણે એમનાં ઘણાં ચોમાસા પાટણમાં થયેલાં. પાટણનો અમુક ધનવાન અને વિદ્યારસિક વર્ગ તેમની પ્રવૃત્તિમાં વધારે રસ લેતો. તેથી તે લોકોનું વલણ એવું હતું કે, મહારાજશ્રી પાટણમાં જ હંમેશા રહે, અને શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરને કેન્દ્રમાં રાખી ખેડવી હોય તેટલી બધી પ્રવૃત્તિ ખેડે. તાજેતરમાં સ્વર્ગવાસી બનેલા પાટણના જાણીતા સદ્ગૃહસ્થ શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીએ મને અનેકવાર કહેલું કે તમે મહારાજશ્રીને કહો કે તેઓ પાટણમાં જ સ્થિર રહે; અમે વાર્ષિક અમુક હજાર રૂપિયાનો નિયત ખર્ચ કરી શકાય એવી ગોઠવણ કરીશું, એટલે સંશોધનપ્રવૃત્તિ ચાલ્યા કરશે. મેં તેમને કહ્યું કે, મહારાજશ્રી ત્યાં રહેતાં હોય તો હું પોતે તેમને ના ન પાડું, પણ હું ત્યાં રહેવાની સલાહ મારા થકી તો ન જ આપું. પાટણ ઐતિહાસિક સ્થાન છે; ભૂતકાળની જૈન ગૌરવગાથાના પ્રતીક સમું છે; પણ અત્યારે જે જાતના જ્ઞાનની અને જે કક્ષાના વિદ્વાનોના સહવાસની જરૂરિયાત છે, તે ધ્યાનમાં લઈએ તો તે માટે ગુજરાતમાં બે સ્થાનો ગણાવી શકાય; એક વડોદરા અને બીજું અમદાવાદ. મહારાજશ્રી આવાં સ્થાનોમાં આવે, રહે અને કામ કરે તો તેમની પ્રવૃત્તિનો લાભ અનેક લોકોને મળે, અને તેમને જે જાણવાની જરૂર છે, જે સમાગમની જરૂર છે, તે બધું આવાં સ્થાનોમાં જ સુલભ છે, હું મહારાજશ્રીને અનેકવાર કહેતો કે, એકવાર પ્રયોગ ખાતર પણ વડોદરા અને અમદાવાદમાં રહી જુઓ તો ત્યાંના વાતાવરણનો અને ઉચ્ચકક્ષાના વિવિધ વિષયોના વિદ્વાનોનો ખ્યાલ આવશે. એમણે એ સાહસ ખેડ્યું.- વડોદરામાં રહ્યા; અમદાવાદ આવ્યા. બન્ને સ્થાનોના વિશ્વવિદ્યાલયના વાતાવરણથી અને ત્યાં કામ કરતા પ્રાધ્યાપકોના પરિચયથી તેમની દ્રષ્ટિમાં ઘણો ફેર પડેલો મને ભાસ્યો છે. આથી જ જ્યારે અમદાવાદમાં ૧૯૫૩ માં અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદનું અધિવેશન ભરાયું ત્યારે મહારાજશ્રીને દેશવિદેશના અનેક પ્રખ્યાત વિદ્વાનોને મળવાનો યોગ લાધ્યો, અને એ વિદ્વાનો બીજી રીતે મહારાજશ્રીનો પ્રત્યક્ષ પરિચય ભાગ્યે જ સાધી શકત તે પરિચય અમદાવાદમાં એમને અનાયાસે લાધ્યો. આથી વિદ્યાપરંપરાને જે મોટો લાભ થયો તેનું એક દ્રષ્ટાંત તે વખતે અમદાવાદના ટાઉનહૉલમાં ગોઠવાયેલું વિશિષ્ટ પ્રદર્શન હતું. એ પ્રદર્શનમાં એટલી બધી વિવિધ જ્ઞાન-સાહિત્યસામગ્રી રજૂ થયેલી, અને તે એવી રીતે ગોઠવાયેલી કે, તે વખતે વિદ્વાનો-અવિદ્વાનો બધાને જ માટે એક આકર્ષક મેળો બની ગયેલો. આ પ્રદર્શન ગોઠવતી વખતે મહારાજશ્રી અને તેમના સહાયક વર્તુલે જે કામગીરી બજાવેલી તેનો હું સાક્ષી છું. એક મહિના લગી રાત અને દિવસ તેમણે ઉજાગરા કરેલા.

આ પ્રદર્શનની છાપ લોકમાનસ ઉપર એટલી ઊંડી બેઠી કે ત્યારબાદ હવે જ્યારે કોઈ ધર્મ કે વિદ્યાસમારંભ યોજાય છે ત્યારે દરેકને આવું પ્રદર્શન ગોઠવવાની લાલચ થઈ આવે છે. અને આવાં પ્રદર્શનો ગોઠવવા ઈચ્છે તેમને મહારાજશ્રીએ સંચિત સામગ્રી તરફ મીટ માંડવી પડે છે. કપડવંજમાં ગોઠવાયેલું પ્રદર્શન પણ એ જ પરંપરાનો ફણગો છે એમ કહી શકાય.

### લા. દ. વિદ્યામંદિર એક જ્ઞાનપ્રથા

મહારાજશ્રી અમદાવાદમાં આવી પોતાની રોજની પ્રવૃત્તિ તો કર્યે જ જતા. અચાનક જેસલમેરના ભંડારોનું કામ તેમને ભાગે આવ્યું. ત્યાંની કામગીરી બજાવી તેઓ પાછા અમદાવાદમાં જ પધાર્યા; અને અમદાવાદમાં એક નવી સંસ્થાનો જન્મ થયો. આ સંસ્થા એટલે લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર. આનાં બીજ તો કસ્તુરભાઈના મનમાં રોપાયેલાં, પણ તે સાકાર થયા એમના મિત્ર અને પરિચિત વિદ્વાનોની મદદથી. આમાં મહારાજશ્રી પુણ્યવિજયજીની ઉદારતાનો હિસ્સો ખાસ મહત્ત્વનો ગણાય. એમણે અત્યાર લગીમાં જે મૂલ્યવાન જ્ઞાનસંગ્રહ કરેલો તે જુદે જુદે સ્થળે સચવાયેલ હતો. એ બધો સંગ્રહ એમણે ઉક્ત વિદ્યામંદિરમાં મૂકી સૌના ઉપયોગ માટેનાં બધાં દ્વારો નિર્મમપણે ખુલ્લાં કરી દીધાં; અને બીજા જે કોઈ સંગ્રહ કે ભંડાર ધરાવનાર હોય તે બધાને માટે એક રાજમાર્ગ તૈયાર કર્યો. આ રાજમાર્ગ એટલે સંગ્રહની અને ભંડારની વૈયક્તિક માલિકી છોડી એની વધારેમાં વધારે સારસંભાળ લઈ શકાય અને દુનિયાના બીજા સંગ્રહોનો જે રીતે છૂટથી ઉપયોગ કરી શકાય છે તે રીતે આવા સ્થાનમાં રખાયેલાં સંગ્રહોનો પણ છૂટથી ઉપયોગ કરી શકાય એવી વ્યવસ્થા. હવે તો આ મંદિરમાં બીજા પણ કેટલાંક નાના મોટાં સંગ્રહો આવ્યા છે, અને કોઈ પણ દેશ કે વિદેશના વિદ્વાનને માટે પ્રાચીન ભારતની સંસ્કૃતિના અધ્યયન કે લેખન માટેની એક જ્ઞાનપ્રાપ્તની ગરજ સારે એ રીતે એનો વિકાસ થઈ રહ્યો છે.

અપૂર્ણ

**પંડિત સુખલાલજી**

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.

REGD. No. B-4266
વાર્ષિક લવાજમ રૂા. ૪

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૨૪: અંક ૧૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧૬, ૧૯૬૨, રવિવાર
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર

આફ્રિકા માટે શિલિંગ ૮
છૂટક નકલ: ૨૦ નયા પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા.

## સર્વોદય સંમેલનની ફલશ્રુતિ

(વેડછી ખાતે તાજેતરમાં ભરાયેલ સર્વોદય સંમેલને અનુમત કરેલ નિવેદન પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં એક શ્રોતા તરીકે ભાગ લેવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું અને ઉપર જણાવેલ નિવેદન અંગે થયેલાં પ્રવચનો સાંભળવાની તક મને સાંપડી હતી. એ નિવેદન અને પ્રવચનો અંગે મારા ચિત્ત ઉપર પડેલા પ્રત્યાઘાતો શબ્દબદ્ધ કરીને ગતાંકમાં જ મારે પ્રગટ કરવા જોઈતા હતા, પણ સંમેલન પૂરું થયા બાદ એક દિવસ બારડોલી ગયો અને પછી થોડા દિવસ અમદાવાદ રહ્યો તે દરમિયાન ચિત્તને એકાગ્ર કરીને લખવાનો અવકાશ મળ્યો નહિ. પરિણામે એને લગતી આલોચના તૈયાર કરવામાં તેમ જ પ્રગટ કરવામાં એક પખવાડિયું મોડું થયું છે. —**પરમાનંદ**)

આપણે સર્વોદય સંમેલને મંજૂર કરેલા નિવેદનનો પ્રથમ વિચાર કરીએ. એમ જણાવવામાં આવે છે કે પ્રસ્તુત નિવેદનનો ઘણોખરો ભાગ સંમેલન મળતાં પહેલાં શ્રી જયપ્રકાશજી, સિદ્ધરાજજી, પૂર્ણચંદ્રજી, દાદા ધર્માધિકારી, નારાયણ દેસાઈ વગેરે આગેવાન કાર્યકર્તાઓએ પૂ. વિનોબાજી જ્યાં વિચરતા હતા ત્યાં તેમની હાજરીમાં અને તેમના માર્ગદર્શન અનુસાર તૈયાર કર્યો હતો. અલબત્ત, સર્વ સેવા સંઘના કાર્યકરોની સંમેલન પહેલાં ભરાયેલી બેઠકોમાં થયેલી લાંબી ચર્ચાના પરિણામે આ નિવેદનમાં અહિંતહીં જ્યાં ત્યાં સામાન્ય ફેરફારો કરવામાં આવ્યા હશે. એમ છતાં આ નિવેદન વિનોબાજીના માનસ અને વલણને મોટા ભાગે વ્યકત કરે છે એમ માનવામાં આપણે ભૂલ કરતા નથી એમ આપણે વિનાસંકોચ કહી શકીએ.

આ નિવેદન દશ મુદ્દાઓમાં અથવા તો દશ પારીગ્રાફમાં વહેંચાયલું છે. તેમાંનો શરૂઆતનો કેટલોક ભાગ જાણે કે કોઈ કવેકર્સની મંડળી અથવા તો ભારત બહારના સર્વોદય વિચારકોનું કોઈ એક મંડળ ચીન અને ભારતને ઉદ્દેશીને કહેતું હોય એવા ભાવનો અનુભવ કરાવે છે. દા. ત. આ નિવેદનનો પહેલો પારીગ્રાફ જ આપણે વિચારીએ.

તેમાં જણાવવામાં આવ્યું છે કે:—

ચીન—ભારત સંઘર્ષે દુનિયાની આગળ એક ગંભીર સમસ્યા પેદા કરી છે. વિશ્વશાંતિ અને 'જય જગત'ની ભાવનામાં વિશ્વાસ ધરાવતી વ્યકિત માટે તો આ પરિસ્થિતિ એક કસોટીની જ છે. અમે માનીએ છીએ કે, આ સંઘર્ષ ભારત ઉપર ચીન દ્વારા લાદવામાં આવ્યો છે, કારણ કે, ભારત હંમેશાં શાંતિમય અને કાનૂની ઉપાયો વડે પોતાના સીમા-વિવાદોનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરી રહ્યું હતું. જ્યારે એક પક્ષ શાંતિમય અને કાનૂની ઉપાયો વડે સમસ્યાનો ઉકેલ લાવવાને તૈયાર હોય ત્યારે બીજો પક્ષ શસ્ત્રપ્રયોગ દ્વારા વિવાદનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કરે એ સ્પષ્ટ આક્રમણ જ કહેવાય. આ કારણે ભારત પ્રત્યે અમારી પૂર્ણ સહાનુભૂતિ છે. અમે આશા રાખીએ છીએ કે, આજની સંકટકાલીન પરિસ્થિતિમાં પણ ભારત પોતાની નિર્વૈરવૃત્તિ કાયમ રાખશે, કારણ કે, વૈરથી વૈરનું કદિ પણ પ્રશમન થતું નથી."

આ બધા વાકયોનો અને તે પછી આવતા કેટલાક વિધાનોનો Tone - ભાવ - Patronising - મુરબ્બીવટ દાખવતો હોય- ઊંચે આસને બેઠેલા લોકોત્તર પુરુષોનું કોઈ એક જૂથ નીચેના માનવીસમુદાયને ઉદ્દેશીને બોલતું હોય એવો કાંઈક લાગે છે. એમાં પણ "આ કારણે ભારત પ્રત્યે અમારી પૂર્ણ સહાનુભૂતિ છે." આ શબ્દો આજના આતંકગ્રસ્ત ભારતને ખૂબ ખૂંચે તેવા છે. કુટુંબ ઉપર અણધારી મોટી આફત આવે ત્યારે બાજુએ રહેતો કોઈ પડોશી તે કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ દાખવે તે સમજી શકાય તેવું છે, પણ કુટુંબમાંની કોઈ એક વ્યકિત આવા ટાણે આવી પરિભાષા વાપરે તો આપણને આશ્ચર્ય થયા વિના ન રહે. તે તો અન્ય કુટુંબીઓના આંસુમાં આંસુ મીલાવે અને ઊંડા સંવેદનપૂર્વકની આત્મીયતા દાખવે. ઉપરની પરિભાષા આત્મીયતાની લાગતી નથી.

વળી આના સંદર્ભમાં 'જય જગત્'ની ભાવનાનો નિવેદનના ઉપરના ભાગમાં જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે 'જય જગત્'નું Slogan—સામુદાયિક પોકાર—શું એમ સૂચવે છે કે આવી ઉદ્ઘોષણા કરનાર માટે હવે આ દેશ મારો છે અને આ દેશ અન્યનો છે તેવો કોઈ ભેદભાવ રહ્યો નથી? તેને મન ચીન અને ભારત બન્ને સરખાં છે? દુર્જન તેમ જ સજજન બન્ને સરખાં છે?

આ ચર્ચાના અનુસંધાનમાં 'જય જગત્' ના પોકારના ઔચિત્ય-અનૌચિત્ય વિષે મનમાં સ્વતંત્ર રીતે પ્રશ્ન ઊભો થાય છે. જ્યારે કોઈ ઘટકનો જય પોકરવામાં આવે છે ત્યારે તેવા કોઈ સમકક્ષાના ઘટકોના સંદર્ભમાં અથવા તો વધારે વ્યાપક કક્ષાના ઘટકના અનુસંધાનમાં જય પોકારવામાં આવે છે. જેમ કે 'જય હિંદ' એમ આપણે જ્યારે બોલીએ છીએ ત્યારે હિન્દ એ અન્ય દેશોની અપેક્ષાએ આપણો પોતાનો દેશ છે અને તેનો અન્ય દેશોની અપેક્ષાએ સવિશેષ જય થાઓ, ઉત્કર્ષ થાઓ એવો ભાવ આપણે વ્યકત કરીએ છીએ. આમ હિંદને આપણે અલગ દેશોથી તારવીએ છીએ અને તેને પ્રાધાન્ય આપીએ છીએ. 'જય જગત્' માં જગત્‌ને અન્ય કોઈ વિશાળ વધારે વ્યાપક સમષ્ટિથી તારવવાપણું છે જ નહિ અને તેથી 'જય જગત્' એ પ્રકારના પોકારનો કોઈ અર્થ જ નથી, સિવાય કે 'જય જગત્'થી આપણે એમ સૂચવવા માગતા હોઈએ કે હવે આ દેશ મારો અને આ દેશ અન્યનો એવો ભેદભાવ આપણા મનમાં રહ્યો નથી. આવી રીતે વિચારનાર વ્યકિત કોઈપણ દેશની આફત વખતે સહાનુભૂતિ જ દાખવી શકે, આત્મીયતા દાખવી ન જ શકે. આવો ભાવ પ્રસ્તુત નિવેદનના શરૂઆતના વિભાગોમાંથી ઊઠે છે અને જેઓ આપણામાંના છે તેઓ આવી કટો-

કટીના વખતે આત્મીયતા દાખવવાના બદલે સહાનુભૂતિ દાખવે તો તેવી સહાનુભૂતિ હુંફ આપવાને બદલે જૂદાપણાની—અલગ-પણાની ભાવનાને પ્રેરે છે. અને આવી સહાનુભૂતિ દાખવનારા તમે તે કોણ એવો હુંકાર આપણી સ્વત્વલક્ષી બુદ્ધિમાંથી ઊઠે છે.

આ નિવેદનમાં એ બાબત નિખાલસપણે સ્વીકારવામાં આવી છે કે આ સમસ્યાનું સમાધાન કરવા માટે દેશમાં આવશ્યક અહિંસક શકિત હજુ વિકસિત થઈ નથી. વળી દેશની રક્ષા માટે આજે જનતામાં જે ત્યાગ તથા બલિદાનની અપૂર્વ ભાવના જાગી ઊઠી છે તેનું અનુમોદન પણ કરવામાં આવ્યું છે. આનો અર્થ એ થયો કે આજે આપણી પાસે સશસ્ત્ર સામુદાયિક પ્રતિકાર સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. તો આ વાસ્તવિકતાને લક્ષમાં લઈને આ જ બાબતના સંદર્ભમાં સશસ્ત્ર પ્રતિકાર કરતા સંખ્યાબંધ યુવાન સૈનિકોનાં જે બલિદાન અપાઈ રહ્યાં છે તેમને આ નિવેદનમાં ભાવ-ભરી અંજલિ આપવી જોઈતી હતી. નિવેદનમાં રહેલી આ ઊણપ જરૂર ખૂંચે તેવી છે.

અહિંસાનિષ્ટ વ્યકિત માટે આ નિવેદનમાં સૂચવવામાં આવ્યું છે કે "અહિંસામાં વિશ્વાસ રાખવાવાળી વ્યકિત અથવા તો શાંતિ—સૈનિક પ્રત્યક્ષ યુદ્ધમાં સામેલ થશે નહિ"—આ મર્યાદા બરોબર છે, યથોચિત છે. તેમના કાર્ય અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે "રાષ્ટ્રની એકતા અને જનતાના નીતિધૈર્યનું—Morale-નું સંરક્ષણ એ સૌથી વધારે મહત્વનું કાર્ય છે. આ માટે રાષ્ટ્રના આર્થિક તેમ જ સામાજિક આધાર તથા વ્યવહારમાં ન્યાય અને સમત્વનાં નવાં મૂલ્યોની સ્થાપના કરીને તેને મજબૂત બનાવવું પડશે. આજની પરિસ્થિતિમાં ગામડે ગામડે સ્થપાયેલી પંચાયતો દ્વારા આપણા સંરક્ષણના ધોરણ ઉપર એવો દ્રઢ સંકલ્પ કરવો ઘટે કે જેથી આપણા ગામમાં કોઈ બેકાર કે નિરાશ્રિત ન રહે, ભૂમિહીનોને યથાસંભવ ભૂદાન કરીને તેમને ગ્રામપરિવારમાં સામેલ કરવામાં આવે, કોઈ પ્રકારની સામાજિક તેમ જ આર્થિક જબરદસ્તી ન થાય, ગામના ઝઘડા ગામમાં જ પતાવી દેવામાં આવે, ધાર્મિક તથા અન્ય લઘુમતીઓને સુરક્ષિત બનાવવામાં આવે, અને ગામનું રક્ષણ ગામના લોકો પોતે કરે. આ રીતે શહેરોમાં પણ આર્થિક તેમ જ સામાજિક સમતાની દ્રષ્ટિથી ત્યાંની પરિસ્થિતિ અનુસાર આવશ્યક એવો કાર્યક્રમ વિચારવો તથા અમલી બનાવવો ઘટે." આ માર્ગદર્શન અત્યન્ત મહત્વનું છે અને આ જવાબદારી માત્ર સર્વોદય કાર્યકર્તાઓની જ નહિ પણ સશસ્ત્ર પ્રતિકાર સાથે સીધી રીતે નહિ જોડાયેલા સર્વ કોઈ અગ્રેસર ભારત-વાસીઓની છે.

સર્વ સેવા સંઘ અને તેના ઉપક્રમે યોજાતાં સર્વોદય સંમેલનો અહિંસાને વરેલાં છે અને તેથી તે જે કાંઈ માર્ગદર્શન આપે તે અહિંસાની વિચારણા સાથે સંવાદી હોવું જોઈએ, આવી અપેક્ષા અને આગ્રહ તેના અગ્રણીઓને હોય તે સ્વાભાવિક છે. આમ છતાં આ અપેક્ષા અને આગ્રહ જો અહિંસાના શાસ્ત્રાર્થમાં પરિણમે અને નાની મોટી બધી બાબતોને અહિંસાના ત્રાજવે તોળી તોળીને કર્તવ્યા-કર્તવ્યનો નિર્ણય કરવાની વૃત્તિ સેવવામાં આવે તો આજની કટો-કટીમાં ભારત સરકારે તેમ જ પ્રજાગણના અનેક જૂથોએ સાથે મળીને આજની ભીષણ જવાબદારીઓને પહોંચી વળવાની જે અસાધારણ આવશ્યકતા ઊભી થઈ છે તેમાં સર્વોદય કાર્યકરો ઉણા પડશે એવી ભીતિ ચિત્ત અનુભવે છે. આ માટે આજની વાસ્તવિક-તાનો આપણ સર્વને પૂરો ખ્યાલ હોવાની જરૂર છે. ચીને આપણા દેશ ઉપર સશસ્ત્ર હુમલો કર્યો છે અને ઉત્તર સરહદનો કેટલોક પ્રદેશ પોતાને કબજે કર્યો છે. ભારત સરકારે આ હુમલાનો સશસ્ત્ર પ્રતિકાર કર્યો છે અને પ્રજાનો ઘણો મોટો સમુદાય પૂરા દિલથી ભારત સર-કારની સાથે છે.

આજે મહત્વનો પ્રશ્ન સંગઠિત પ્રતિકારનો છે. હિંસા-અહિંસા પ્રમાણમાં ગૌણ સ્થાને છે. અલબત્ત, આનો અર્થ એ નથી કે અહિંસામાં વિશ્વાસ ધરાવનારે રાષ્ટ્રના સર્વ પ્રતિકાર પ્રયત્નોમાં સાથ જ આપવો જોઈએ. આ માટે પ્રસ્તુત નિવેદનમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ અહિંસામાં વિશ્વાસ રાખવાવાળી વ્યકિત પ્રત્યક્ષ યુદ્ધમાં સામેલ ન જ થઈ શકે. પણ આ ઉપરાંત ભારત સરકારની તેમ જ પ્રજાસમુદાયની એવી અનેક પ્રવૃત્તિઓ હશે કે જે પ્રત્યક્ષ યુદ્ધની એક યા બીજી રીતે પૂરક હશે. અહિંસાની સુક્ષ્મ વિચારણાને વશ થઈને આ પ્રવૃત્તિઓનો જો વિચાર કરવામાં આવશે તો તેમાંથી જૈનોના ભક્ષ્યાભક્ષ્ય જેવી અથવા તો વૈષ્ણવોની મરજાદ જેવી આભડછેટ ઊભી થશે અને સર્વોદયલક્ષી કાર્યકરો માટે પ્રતિકારની દિશાએ કર્તવ્યશૂન્યતા જ અવશેષ રહેશે. આ બાબત અંગે કાકાસાહેબ કાલેલકરે સર્વોદય સંમેલનના અધિવેશનમાં એ મતલબનું જણાવેલું કે "પ્રકૃતિએ મને જેવો ઘડયો છે તેવો હું પ્રતિપક્ષના કોઈ સૈનિક સામે ગોળી ચલાવી નહિ શકું, પણ કોઈ પણ ભારતીય સૈનિકના પટામાં કારતુસો ભરવાનું કામ મને સોંપવામાં આવશે તો તે હું જરૂર કશા પણ સંકોચ વિના કરીશ." આવું ધોરણ અહિંસાલક્ષી વિચારણા ધરાવતા આપણ સર્વ કોઈએ ધારણ કરવાનું રહેશે અને એ રીતે પ્રતિકારને લગતી અનેક પ્રવૃત્તિઓમાં પૂરા મનથી સાથ અને સહકાર આપવાનું રહેશે. આ બાબત તરફ ધ્યાન ખેંચવાનું કારણ એ છે કે સર્વ સેવા સંઘના કાર્યકરોમાં જે ચર્ચાવિચારણા ચાલી રહી હતી તેનો તેમ જ ત્યાર બાદ સર્વોદય સંમેલનમાં જે પ્રવચનો થયાં હતાં તેમાંના કેટલાકનો ઝોક પ્રતિકારને મહત્ત્વ આપ-વાને બદલે અહિંસાના ઝીણવટભર્યા શાસ્ત્રાર્થને વધારે મહત્વ આપતો માલૂમ પડયો હતો અને તેથી જ સર્વોદય સંમેલનમાં બોલતાં સુરતવાળા પ્રજાસમાજવાદી આગેવાન શ્રી ઈશ્વરભાઈ દેસાઈએ ચેતવણી આપી હતી કે આજની પરિસ્થિતિનો વિચાર કરતાં કરતાં રખેને આપણે અહિંસાના પ્રજ્ઞાવાદમાં લપસી ન પડીએ અને સમ-યોચિત કર્તવ્યના પક્ષથી વિચલિત બની ન બેસીએ.

પ્રસ્તુત સંમેલનમાં શાંતિસૈનિકનું દેશભરમાં જૂથ જમાવ-વાની બાબત ઉપર ખૂબ ભાર મુકવામાં આવ્યો હતો અને આ જૂથ—જમાવટની જવાબદારી શ્રી. જયપ્રકાશ નારાયણે લીધી હતી. અને આ શાંતિસૈનિકોની યાદીમાં કાકાસાહેબ કાલેલકરે પોતાનું નામ સૌથી પહેલું અને સંમેલનના પ્રમુખ શ્રી આર્યનાયકમજીએ બીજું નામ નોંધાવ્યું હતું. શાંતિસૈનિકની વાત આપણે છેલ્લાં દશ વર્ષથી રટતા રહ્યા છીએ અને એમ છતાં એ દિશાએ બહુ જ ઓછી-નગણ્યવત્ પ્રગતિ સાધી શકાઈ છે. આશા રાખીએ, આજની કટોકટીની તીવ્રતા આ દિશાએ આપણને વધારે ઉત્કટ, વધારે સજાગ, વધારે કાર્યપરાયણ બનાવશે અને આજે જયારે યુદ્ધ-પરિસ્થિતિ દરમિયાન આખા દેશમાં સ્થળે સ્થળે શાંતિ જોખમાવાની શક્યતા વધી રહી છે ત્યારે દેશભરની જરૂરિયાતોને પહોંચી વળે એવું શાંતિસૈનિકોને લગતું વ્યવસ્થિત તંત્ર વખતસર ઊભું જઈ જશે અને તે તંત્ર સંપૂર્ણપણે સક્રિય બનીને ભારત સરકારને શાંતિ-સુરક્ષાની બાબતમાં નિશ્ચિત બનાવશે.

સર્વોદય સંમેલનની આલોચના પૂરી કરતાં પહેલાં એક બાબતનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. પૂજય રવિશંકર મહારાજ, જયપ્રકાશજી વગેરે અનેક આગેવાન સર્વોદય કાર્યકરોનો ખૂબ આગ્રહ હોવા છતાં પૂ. વિનોબાજી આ સંમેલનમાં ઉપસ્થિત ન થયા તે ન જ થયા. આ બાબતનું લગભગ સૌ કોઈના દિલમાં દુ:ખ અને અસંતોષ હતા. આ પ્રસંગ ઉપર તેમના પ્રત્યક્ષ માર્ગ-દર્શનની ખૂબ જરૂર હતી. તેઓ આવ્યા હોત તો તેમને પણ ભારત ભરમાંથી આવેલા અનેક સર્વોદય કાર્યકરો સાથેના સહચિન્તનનો લાભ મળ્યો હોત. તેમનું માર્ગદર્શન જેટલું આપણા માટે જરૂરી હતું તેટલું જ મિત્રો અને સાથીઓ સાથેના સહચિન્તનની તેમને જરૂર હતી. કમનસીબે પદયાત્રાના આ વળગાડથી, ગાંધીજી જેટલું તેમના વિષે આપણે સાન્નિધ્ય અને સામિપ્ય અનુભવતા નથી અને એ રીતે તેમની ઉપયોગીતાથી દેશ ઘણા મોટા પ્રમાણમાં વંચિત રહે છે. તેમના માનસને ઓળખવામાં-પરખવામાં આપણે અસામર્થ્ય અનુભવીએ છીએ. આને દેશનું હું એક કમનસીબ લેખું છું.

આ સંમેલન બીનજરૂરી હોવાનું કેટલાક મિત્રોએ માન્યું છે, કલ્પ્યું છે, મને એમ નથી લાગતું. મને ઊલટું એમ લાગે છે કે આ સંમેલન સમયસરનું અને જરૂરી હતું. ચીને ભારત ઉપર યુદ્ધ-લક્ષી આક્રમણ કરીને અનેક પ્રસ્થાપિત મૂલ્યોનો ફરી વખત આપ-ણને વિચાર કરતા કરી મૂકયા છે. આમાંનું એક મૂલ્ય અહિંસાને લગતું છે. ચીનનું આક્રમણ એ આપણી અહિંસાની ભાવનાને પડકાર છે. આવે વખતે અહિંસામાં વિશ્વાસ ધરાવતા લોકો એકઠા થઈને વિચારવિનિમય ન કરે અને આજના સંદર્ભમાં અહિંસાને સંવાદી એવો કાર્યક્રમ ન વિચારે તો કયારે વિચારે? આ દ્રષ્ટિએ આવું મિલન જરૂરી હતું અને, પરિણામ જોતાં મને લાગે છે કે, સંપૂર્ણપણે સફળ થયું હતું.

# ચીન-ભારત સંઘર્ષ અંગે

## વિદ્યાર્થી આલમને માર્ગદર્શક બનતું નિવેદન

(નીચે પ્રગટ કરવામાં આવતા નિવેદન સંબંધી શ્રી. ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના આચાર્ય શ્રી ઝીણાભાઈ રતનજી દેસાઈ જણાવે છે કે, "ચીને ભારત પર કરેલા આક્રમણથી ભારતમાં જે પરિસ્થિતિ સરજાઈ છે તેના વિદ્યાવિહારમાં ભણતાં વિદ્યાર્થી--વિદ્યાર્થિનીઓ અને કાર્યકર્તાઓ ઉપર જે પ્રત્યાઘાત પડયા છે તેનો કાંઈક ખ્યાલ આપતું આ નિવેદન તા. ૧૫-૧૧-'૬૨ ના રોજ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રી હિતેન્દ્ર દેસાઈને વિદ્યાવિહારના પહેલા યુદ્ધ ફાળા તરીકે રૂા. ૧૨૧૬૦-૫૨ની થેલી અર્પણ કરતી વખતે વિદ્યાવિહારનાં સૌ વતી વિદ્યાલયના મહામંત્રી ચિ. હર્ષદ છાયાએ કર્યું હતું." આશા રાખીએ કે આ તેજસ્વી નિવેદન દેશભરના વિદ્યાર્થીઓ માટે પ્રેરક, પ્રોત્સાહક અને માર્ગદર્શક બનશે.--**પરમાનંદ**)

**પૂજ્ય હિતેન્દ્રભાઈ, વડીલો, બહેનો અને ભાઈઓ,**

આપણા દેશ પર એક ભીષણ આક્રમણ થયું છે. તેના પ્રતિકારમાં ભારતની વિરાટ જનતા એક પ્રચંડ આઘાત સાથે જાગી ઊઠી છે. એ સંજોગોમાં એ નિષ્ઠુર આક્રમણનો સામનો કરવાની અમે અહીં જે તાલીમ લઈ રહ્યા છીએ તેની થોડીક વિગત આપની સમક્ષ રજૂ કરવાની અમને જે તક મળી છે તેને અમે અમારું સદ્ભાગ્ય લેખીએ છીએ.

### આપણા અજેય ગઢ

આખા વિશ્વને ભયભીત કરી મૂકતી નૅપોલિયનની પ્રચંડ તાકાત સામે ઈંગ્લેન્ડે વૉટર્લુના મેદાનમાં જે પરાક્રમ કરી નૅપોલિયનને હાર આપી હતી તે અંગે અંગ્રેજ પ્રજા એમ કહેતી આવી છે કે વૉટર્લુની લડાઈ વૉટર્લુની રણભૂમિ પર નહિ પણ ઈટન અને હૅરોનાં રમત-ગમતનાં મેદાનોમાં જીતાઈ હતી. અમને પણ વિશ્વાસ છે કે હિમાલયનાં તોતિંગ શિખરોના હિમ પ્રપાતો, ભીષણ વનો ને ઊંડી કંદરાઓના ઝંઝાવાતોમાં ખેલાતા આક્રમકો સામેના યુદ્ધ વખતે ભારતની પ્રત્યેક શાળા-મહાશાળા ભારતની સંરક્ષાના અજેય ગઢ જેવી બની ગઈ હતી એવું ભવિષ્યનો ઈતિહાસ નોંધશે.

### પાંચ પાયાની જવાબદારી

સત્યાગ્રહની લડત વખતે આપણી ભાષાને ગૌરવવંતી કરતી જે અમર પંકિતઓ આપણને આપણા રાષ્ટ્રશાયર મેઘાણીભાઈ પાસેથી લાધી હતી તે પ્રતિપળ એક પ્રાણવાન મંત્રની જેમ અમારા અંતરમાં ગુંજ્યા કરે છે કે

**'નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે—**
**ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.'**

સ્વાધીનતાથી જે અનેક આશીર્વાદ પ્રાપ્ત થાય છે તે પૈકી **અન્ન, વસ્ત્ર,** રહેઠાણ, સલામતી અને સંસ્કાર મુખ્ય છે. એ પાંચ જો પ્રજાના મૂળભૂત અધિકાર છે તો રાષ્ટ્રની એ પાયાની જવાબદારીઓ પણ છે. એ જવાબદારી અદા કરવામાં રાષ્ટ્ર પાંગળું બને એટલે આઝાદી ખતરામાં આવી પડે. આજ સુધીના આપણા એક મિત્ર અને પડોશી એવા ચીન દેશની સરકારે જે આક્રમણ કર્યું છે તે આ જવાબદારી અદા કરવાની આપણી રાષ્ટ્ર—શકિતને તોડી નાખી આપણને પાંગળા કરવા માટે છે. એવું પાંગળાપણું પ્રજા અનુભવે એ જ પરાધીનતા. એવું બનવા પામે નહિ એ કારણે આપણે વજ્ર જેવા કઠોર બની એ વિદેશી આક્રમણની પીઠ તોડવી છે. **સાચે જ.**

**જીવે મા માવડી તે કાજ મરવાની ઘડી છે—**
**ફીકર શી છે અમો પર તાત! તારી આંખડી છે!**

જગતપિતા પરમેશ્વરની અમીમય આંખમાંથી વરસતા આશીર્વાદ આપણી ઉપર ઊતરી રહ્યા છે અને એ છે આપણી તાકાત. એ તાકાતે અમને જે માર્ગ સુઝાડયો છે ને જેના પર અમે ચાલવાની શરૂઆત જ કરી છે તેની થોડીક વિગત આજના આપણા માનવંતા અતિથિ સમક્ષ વિદ્યાવિહારના અમ સૌ વતી હું રજૂ કરું છું.

### સંસ્કાર રક્ષા

મારે તેની તલવારના જંગલના કાયદામાંથી માણસે ભાઈચારાથી રહેતાં શીખવાની શરૂઆત કરી એ સંસ્કૃતિની દિશામાંનું માનવજાતનું એક મોટું પગરણ હતું. એણે જે મૂલ્યો નીપજાવ્યાં છે તેને આપણે માનવજાતના પવિત્ર અધિકાર તરીકે ઓળખીએ છીએ. એ અધિકારમાં વાણી સ્વાતંત્ર્ય, વિચાર સ્વાતંત્ર્ય, ધર્મ સ્વાતંત્ર્ય આદિ બહુ-મૂલ્ય હકોનો સમાસ થાય છે. યુદ્ધની પરિસ્થિતિ જ્યારે સર્જાય છે ત્યારે એ હકોની રક્ષા કરવા માટે ઝઝૂમતા લોકો પણ ઘણી વાર સામાના પશુબળથી અકળાઈ અવળે માર્ગે ચઢી જાય છે. આ સામે સાવધ રહી આઝાદીની રક્ષામાં અડીખમ યોદ્ધાઓની જેમ અમારે ઝઝૂમવું છે. ભગવાને ગીતામાં અર્જુનને આપેલા વિગતજ્વર બની લડવાના આદર્શને અમે અનુસરવા મથીએ છીએ, અને એથી ગમે તેવા કપરા સંજોગો કેમ ન હો, '**विद्या विनयेन शोभते** --- એ વિદ્યાર્થી માટેના આદર્શને અમે કદી પણ નીચો પડવા દઈશું નહિ. અમારા અંતરમાં પરદેશી આક્રમણ સામે જે પ્રચંડ રોષ ભભૂકે છે તે રોષને અમે કોઈ પણ મનુષ્ય તરફના ધિક્કારમાં પલટાવા દઈશું નહિ-અને એથી જ ચીનની સરકારે જે જંગલી વર્તાવ કર્યો છે તે માટે ચીનની જનતાને અમે દોષિત લેખીશું નહિ. અમે માનીએ છીએ કે ચીનની રાજસત્તા કબજે કરી બેઠેલી ટોળકીએ ચીનની પ્રજાની સ્વાધીનતા છીનવી લીધેલી છે અને એથી આપણા પૂજ્ય જવાહરલાલે ચીન પરના જાપાની આક્રમણ વખતે જે હમદર્દી ચીન માટે દાખવી હતી તેવી જ હમદર્દી ચીનની જનતા માટે અમારા અંતરમાં છે. એથી ચીની આક્રમણને મારી હઠાવવાના આપણા પ્રયત્નમાં અમને એક મોટો આનંદ છે કે આપણે કેવળ ભારતની ચાલીસ કરોડની જનતાની આઝાદી માટે જ નહિ પણ ચીનની સીત્તેર કરોડની વસતિ સહિત એશિયા અને આખી દુનિયાની અબજોની જનતાની આઝાદી માટે પણ સંગ્રામ ખેડી રહ્યા છીએ.

### રાષ્ટ્ર ગીતો'

આપણી એ લડતમાં સંસ્કાર—સાધના અને સંસ્કાર વિસ્તારના એક અંગ તરીકે અમે સ્વાધીનતાની તમન્ના ને ખુમારીને પ્રદીપ્ત કરતાં ગીતો શીખી અન્યને શીખવાડીશું. એ ગીતો પૈકી થોડાંક આપે અહીં સાંભળ્યાં. દર પંદર દિવસે આવું અકેક નવું ગીત સમૂહગત રીતે અમે શીખી રહ્યા છીએ. આ રીતે એ અમારાં બે ત્રણ હજાર વિદ્યાર્થી--વિદ્યાર્થિનીઓનાં ઘરમાં જ નહિ પણ મહોલ્લાઓમાં પણ પહોંચે અને ત્યાંથી આપણા વિરાટ લોકસમુદાયના હૈયાના તારને ઝણઝણાવતાં આપણી રાષ્ટ્રીય ચેતનાને વધુ ખમીરવંતી બનાવે એવી અમારી ઝંખના છે. આમાં જેમને સંગીતની કુદરતી બક્ષિસ મળેલી છે એવાં અમારાં ભાઈ બહેનો જ્યાં જ્યાં એમની સેવાની જરૂર પડે ત્યાં એવી સેવા આપવા તત્પર છે.

### ચિત્રો અને આલેખો

એ જ પ્રમાણે અમારામાં કેટલાક કલાના વિદ્યાર્થીઓ છે. યુદ્ધના નકશા, આલેખો ને વીરત્વના પ્રસંગોને આલેખતાં ચિત્રો સ્વાધીનતાની રક્ષા માટેની લડતમાં કેવો કીમતી ફાળો આપી શકે છે એ સુવિદિત છે. એ દિશામાં અમે જે નમ્ર શરૂઆત કરી છે તેના થોડાંક નમૂના અહીં અમે મૂકયાં છે. આવાં અસંખ્ય ચિત્રો તૈયાર કરી જ્યાં જ્યાં એવાં ચિત્રોની જરૂર જણાય ત્યાં અમારાથી બને તે તાકાતથી પહોંચી જવા અમે તત્પર છીએ, અને પૂજ્ય હિતેન્દ્રભાઈ મારફત અમારી એ સેવા આપણા મુખ્ય મંત્રીશ્રીને ચરણે અમે ધરીએ છીએ.

### વાતાવરણની સ્વચ્છતા

ખોટી અફવાઓ, પરનિંદા આદિ સંસ્કારવિઘાતક પ્રવૃત્તિઓનો સામનો કરવો એ શાંતિદળમાં પણ એક નાગરિક ધર્મ છે. યુદ્ધકાળમાં તો એ વિશેષ ધર્મ થઈ પડે છે. આ ધર્મનું બરોબર પાલન થાય એવો આગ્રહ જ્યાં હોઈએ ત્યાં અમારે રાખવો એવો સંકલ્પ કેળવવા અમે મથીએ છીએ. એની શરૂઆત સ્વાભાવિક રીતે જ પોતપોતાનાં ઘરમાંથી થાય. જ્યાં જ્યાં અમે હોઈએ ત્યાં આ પ્રકારનું સ્વચ્છ વાતાવરણ સર્જવામાં અમે સતત પ્રયત્નશીલ રહીશું; ને એમ કરતાં આદર અને વિનય છોડીશું નહિ.

### સલામતી

જાનમાલની રક્ષા અને સલામતીની બાંહેધરી રાષ્ટ્રની અતિ મહત્ત્વની જવાબદારી છે. પરદેશી આક્રમક એ જવાબદારી અદા

કરવાની રાષ્ટ્રની શકિત તોડવા મથતો હોય છે. એની એ નેમમાં એને નિષ્ફળ કરવો એ શત્રુને પરાજિત કરવા બરોબર છે. આબાલ-વૃદ્ધ સૌ પોતપોતાની રક્ષા કરી લેવાની તાકાત કેળવે અને દેશની અંદર કાયદા અને શાંતિનું પૂરેપૂરું જતન થાય તેમાં પોતાનો ફાળો આપે તો યુદ્ધમાં જીત નિશ્ચિત બને. એવો ફાળો આપવાની સખત તાલીમ લેવી અમે શરૂ કરી છે. અમારામાંથી લગભગ પાંચસો વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓ સવારે છથી સાડા છ અને તેથી પણ વધુ મોટી સંખ્યા સાંજે અડધો કલાક આ રીતની તાલીમ લે છે. એ તાલીમ અમને એ માટેની ખાસ તાલીમ લઈ રહેલા અમારા વ્યાયામ વિદ્યાભવનના ૬૦ તાલીમાર્થીઓ આપે છે. અમારી સંસ્થા સિવાયનાં જે કોઈ ભાઈ-બહેનોને આવી તાલીમ લેવી હોય તેવાં લગભગ એક હજાર જેટલાં ભાઈ-બહેનોને માટે પ્રબંધ કરવા અમારી સંસ્થા તત્પર છે. એક દીવામાંથી અનેક દીવા પ્રગટે તે ન્યાયે આ પ્રકારની તાલીમ પામેલા ભાઈ બહેનો બીજાં અનેકને એવી તાલીમ આપી શકશે ને એમ જોતજોતામાં એક પ્રચંડ રાષ્ટ્રશકિતનું નવનિર્માણ આપણે કરી શકીશું. અમારામાંથી જે ઉપલી કક્ષાના છે ને જે તાલીમાર્થીઓ તથા ખાસ વિષયની તાલીમ લેનારા છે, તે પૈકી ઘણા રાઈફલ ટ્રેનીંગ લેવા તત્પર છે. અમને જો એવી તક આપવામાં આવે તો અમારી સંસ્થામાં એનું તાલીમ કેન્દ્ર શરૂ થઈ શકે એ માટેની ઘટતી અનુ-કૂળતા કરી આપવા અમારી સંસ્થા તૈયાર છે એવું જાહેર કરવાનું મને જણાવવામાં આવ્યું છે.

### દેશ માટે રોજ અડધો કલાક

સંસ્કાર અને સંરક્ષણની જેમ અન્ન, વસ્ત્ર ને રહેઠાણ પ્રજા-જીવનની ધોરી નસ લેખાય. આક્રમક એ નસોને કાપી નાખવા મથતો હોય છે. કેવળ સરકાર પર જે પ્રજા આધાર રાખતી હોય છે તે પ્રજા એની આ નસો કપાતાં પડી ભાંગે છે, એથી સ્વાધીનતાની લડત વખતે ગાંધીજીએ સ્વાવલંબનના જે પાઠ આપણને શીખવેલા ને આપણી એ તાલીમ જે છેલ્લાં થોડાંક વર્ષ દરમિયાન ભુલાવા માંડી હતી તેને તાજી કરવાની વેળા હવે આવી પહોંચી છે. ગાંધીજીની પ્રેરણાનાં ઝરણાં ફરીથી પૂરવેગથી વહેતાં થાય એવી શકિત આપણામાં છે, ને અમે એ દિશામાં અમારાથી બનતું આરંભી દીધું છે. કોઈ પણ વસ્તુનો બગાડ ન થાય એ પણ સર્જનનો એક પ્રકાર છે. આથી યુદ્ધ શરૂ થયું તે દિવસથી સભાનપણે અમે સૌ અન્નનો, વસ્ત્રનો કે આપણી કોઈ મિલકતનો બગાડ ન થાય તે માટે પૂરી કાળજી રાખવા મથીએ છીએ. જમી રહેતાં થાળી તદ્દન ચોખ્ખી બનેલી હોય, કપડાં પૂરી કાળજીથી વપરાય ને આપણી જાહેર મિલકત જેવી કે બસો, શાળાનું ફર્નિચર, દીવાલ વગેરે આપણે હાથે બગડે નહિ તેની કાળજી અમે રાખીએ છીએ. આ ઉપરાંત દરરોજ અર્ધાથી એક કલાક સમય કોઈક ઉત્પાદક શ્રમ માટે આપવા અમારામાંથી દરેક તત્પર છે. આ બાબતની પહેલ અમારા ગુરુજનોએ દરરોજ રાષ્ટ્રના કામમાં અડધો કલાક આપવાના સંકલ્પથી કરી છે, અને તેમની પ્રેરણા હેઠળ એ સંકલ્પમાં રહેલી આપણી રાષ્ટ્રીય પુરુષાર્થ માટેની અખૂટ તાકાતની અમને કંઈક ઝાંખી થવા માંડી છે. એનો એક સાદો દાખલો રજૂ કરી આ મુદ્દો સ્પષ્ટ કરું. અમારી સંસ્થામાં નાનાં મોટાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અને કાર્યકર્તાઓ મળી લગભગ ત્રણ હજાર જેટલી સંખ્યા છે. જો દરેક રોજ સરેરાશ અડધો કલાક ઉત્પાદનના કામમાં આપે તો આઠ કલાકના કામ પછી અણ-ઘડ મજૂરીઆને પણ મળી શકે તેનાથી પણ ઓછી એવી ૮૦ નયા પૈસાની મજૂરી લેખે દરેક જણ પાંચ નયા પૈસા જેટલું દેશનું ઉત્પા-દન વધારી શકે. એ મુજબ અમારા ત્રણ હજાર જણા રોજ અડધો કલાક કામ કરી દરરોજ ૧૫૦૦૦ નયા પૈસા એટલે રૂા. ૧૫૦ નું એટલે કે માસિક રૂા. સાડાચાર હજારનું વરસે દહાડે લગભગ અર્ધા લાખનું ઉત્પાદન કરી શકે. આ જેવી તેવી રકમ નથી. એ ધોરણે યુદ્ધકાળના ધર્મ તરીકે આપણે દરેક રોજનો અડધો કલાક દેશને આપીએ તો અપંગ, માંદાં, બાળકો વગેરેને બાદ કરતાં આપણા દેશના ત્રીસ કરોડ માણસો વરસ દિવસે છ અબજ રૂા. જેટલો દેશના ધનમાં ઉમેરો કરી શકે! આવો કાર્યક્રમ દેશ કેમ ઉપાડી શકે એ માટેની એક પ્રયોગશાળા તરીકે અમે અમારી સંસ્થા મારફત અમારી જાતને આપણા મુખ્ય મંત્રીશ્રીને ચરણે ધરી અમને રોજના અડધા કલાક જેટલા ઉત્પાદક કામની સગવડ મેળવી આપવા પ્રાર્થના કરીએ છીએ. જે કામમાં મોંઘાં સાધનોની જરૂર ન પડે એવાં દોરડાં ગૂંથવાં, સ્વેટર, મફલર વગેરે બનાવવાં, સૂતરનું ઉત્પાદન કરવું, ફૂડ પેકેટ બનાવવાં, રમકડાં બનાવવાં, વસ્તુઓ ઉપર સુશોભન કરવાં જેવી પ્રવૃત્તિઓમાં અમારા જેવા વિદ્યાર્થીઓ ખુશીથી મોટો ફાળો આપી શકે. એ માટે પાયાની વસ્તુ આયોજનની છે. અમે આ દિશામાં હજુ બહુ આછીપાતળી શરૂઆત કરી શકયા છીએ. પણ એક રાષ્ટ્રવ્યાપી પ્રચંડ આંદોલન ઊભું થાય તો પૂજ્ય જવાહર-લાલજી એમના પ્રત્યેક વ્યાખ્યાનમાં વધુ ને વધુ ઉત્પાદનની ઉપયો-ગિતા ઉપર જે ભાર મૂકતા રહ્યા છે તે વાત સહેલાઈથી અમલમાં મુકાય.

### કચરામાંથી ધન

"ઝાઝા હાથ રળિયામણાં" એ કહેવતનો આપણા જીવનમાં ચમત્કારભર્યો સાક્ષાત્કાર કરવાનો અણમોલ મોકો આ યુદ્ધે આપણને સર્જી આપ્યો છે. એનું બીજું એક નાનકડું ઉદાહરણ આપું. આપણા ઘરોમાં કેટલી બધી પસ્તી વેડફાઈ જતી હોય છે! એ બધી જો બચાવી લેવાય તો અમારા જેવા વિદ્યાર્થીઓમાંથી કેટલાક આવું એક નાનકડું કામ ઉપાડી લઈ પસ્તી એકઠી કરી યુદ્ધકાળ માટે તેનો ઉપયોગ કરીએ તો આજે વેડફાઈ જતી ઘણી દોલત બચી જાય. એથી ગઈ કાલે અમે નક્કી કર્યું છે કે, અઠવાડિયે એક દિવસ આવી પસ્તી ઉઘરાવીને અહીં ભેગી કરી તેની આવક યુદ્ધફાળામાં આપવી. એ મુજબ અમારામાંથી જો હજારેક જણ દર અઠવાડિયે દશેક તોલા જેટલી પસ્તી લાવી શકીએ તો મહિને એક હજાર રતલ જેટલી એટલે કે ૨૫ મણ જેટલી પસ્તી થાય, જેના ૪૦૦ થી ૫૦૦ રૂપિયા ઉપજે. દેશમાં થતો બગાડ અટકાવવાના એક પ્રતીક રૂપ આ પ્રવૃત્તિ બને. એમાં નવું ઉત્પાદન દેખીતી રીતે કદાચ નહીં થતું હોય તો પણ બગાડ અટકે એ ઉત્પાદનનો એક પ્રકાર જ છે.

### દર અઠવાડિયે યુદ્ધફાળો

ઝાઝા હાથ રળિયામણાંનું બીજું એક આનંદજનક પ્રમાણ વર્ષોથી અમને મળતું રહ્યું છે. દર મંગળવારે અમે સ્વેચ્છાથી નાનકડો ફાળો ઉઘરાવી અમારામાંના ઘણાં ગરીબ એવાં ચાલીસ ભાઈ-બહેનોને બપોરનો નાસ્તો આપતા હતા. હવે અમે એ પ્રવૃત્તિને વેગ આપી દર મંગળવારે સ્વેચ્છાપૂર્વક યુદ્ધફાળો ઉઘરાવવાનું ઠરાવ્યું છે. એમાં અમારી એક મહત્ત્વકાંક્ષા એ છે કે અમે આવી જે કંઈ મદદ કરી શકીએ તે અમારી સાચી કમાણીની હોય તો વધુ સારું એમાં અમને અમારા ગુરુજનો ને વડીલોની દોરવણી જોઈએ છે.

### અમારા ફાળાનો પહેલો હપ્તો

અંતમાં દેશમાં જે ત્યાગનું મહાપર્વ ઊજવાઈ રહ્યું છે તેમાં અમે પણ અમારા નમ્ર અર્ઘ્ય તરીકે રૂા. ૧૨,૧૬૦—૫૨ નયા પૈસા જેવી રકમ કેવળ અમારી સંસ્થાના વિદ્યાર્થીઓ અને કાર્યકર્તાઓ પાસેથી એકઠી કરી શકયા છીએ. એમાં ખાસ નોંધપાત્ર એ છે કે, અમારા છાત્રાલયમાં રહેતા ગામડાના ને મોટે ભાગે અત્યંત ગરીબ સ્થિતિના એવા વિદ્યાર્થીઓએ આપેલા ફાળાની સરેરાશ અમારા વ્યકિતગત ફાળામાં સૌથી મોટી છે. અમારા એ ૧૪૦ વિદ્યાર્થીઓએ લગભગ ૮૦૦ રૂા. જેવડી મોટી રકમ માથા દીઠ લગભગ રૂા. ૬ ની સરેરાશે આપી છે. એમાં રૂા. ૧૦૦ જેટલી રકમ એક દિવસનું મિષ્ટાન્ન જતું કરી તેમણે એકઠી કરી હતી. આ જ પ્રમાણે કલાવિદ્યાલય, તાલીમ વિદ્યાલય, પોલીટેકનિક, વ્યાયામ વિદ્યાભવન, બાલવિદ્યાલય આદિ અમારી બધી સંસ્થાનાં વિદ્યાર્થી—વિદ્યાર્થિનીઓએ બહુ ઉમ-ળકાથી આ ફાળામાં પોતાનો હિસ્સો નોંધાવ્યો છે. વિદ્યાવિહારના બધા કાર્યકર્તાઓએ દર મહિને પોતાના પગારમાંથી એક દિવસનો મોંઘવારી વગેરે ભથ્થા સહિતનો પગાર આપવાનું નક્કી કરી શરૂ આતના ફાળા તરીકે પહેલા ત્રણ મહિનાના ત્રણ દિવસનો સામટો ફાળો આપ્યો છે. અને પટાવાળાઓએ પણ પૂરા ઉમળકાથી પોતાનો ફાળો આપ્યો છે.

### સ્વાવલંબી તાલીમ

અંતમાં એક અભિલાષા વ્યકત કરવાની રજા લઉં. યુદ્ધે આપણામાં જે કંઈ ઉત્તમ છે, જે સત્ત્વશીલ છે તેને પડકાર કર્યો, છે, ત્યારે આપણી પ્રત્યેક શિક્ષણસંસ્થા, સ્વાવલંબન શીખવાની એક મોટી પ્રયોગશાળા બની જાય ને એમાં તૈયાર થતા વિદ્યાર્થીઓ ભારતનાં લાખો ગામડાંઓની સ્વાવલંબી બનવાની લડતમાં આદર્શ સ્વયં-સેવકો બની દેશની રક્ષાની સાચી ઢાલ બની જાય એવી પ્રેરણા આપણને આપણા રાષ્ટ્રનેતાઓ પાસેથી સતત મળતી રહો ને આપણી આઝાદી યાવદ્ચંદ્ર દિવાકરૌ એની પૂર્ણકળાએ ઝળહળતી રહો! જયહિંદ

# ધાર્મિક તથા સામાજિક જીવન કયે રસ્તે?

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં કાકાસાહેબ કાલેલકરે આપેલ વ્યાખ્યાનની નીચે નોંધ પ્રગટ કરવામાં આવે છે.)

ગંભીરપણે વિચાર કરી આ વિષય મેં પસંદ કર્યો છે. આજકાલ બધા જ લોકો રાજદ્વારી જીવનની ચર્ચા કરે છે. રાજદ્વારી નેતાઓ અને ઉમેદવારો આખો વખત સમાજનું ધ્યાન ખેંચે છે અને રાજદ્વારી આદર્શોનાં જ બણગાં ફુંકે છે અને અંદરઅંદરના પોતાના ઝઘડા સમાજ ઉપર લાદે છે.

આજનો જમાનો અર્થવ્યવસ્થાને સર્વોપરી ગણે છે. દરેક સવાલનો ઉકેલ અર્થવ્યવસ્થામાં શોધે છે અને રાજદ્વારી મતભેદો પણ અર્થવ્યવસ્થાના જુદા જુદા આદર્શોના કારણે જ પેદા થાય છે. આ રીતે રાજકારણ અને અર્થકારણ પ્રજાનું ધ્યાન એટલું બધું ખેંચે છે કે, ધર્મજીવન અને સામાજિક જીવનનો વિચાર કરવાની નવરાશ જ કોઈની પાસે હોતી નથી. લોકો આગળ એ બેનું મહત્ત્વ પણ ઘણું ઓછું થયું છે. સામાજિક સવાલોનું નિરાકરણ પણ અર્થવ્યવસ્થા મારફતે જ મેળવવાનું આજના સમાજનું વલણ છે.

અને હું તો માનું છું કે, જો આપણે આપણા ધાર્મિક જીવનમાં નવજાગૃત્તિ નહિ આણીએ અને ધર્મવિચારોમાં ક્રાંતિ નહિ કરીએ તો આપણું રાષ્ટ્રજીવન પણ નીચે ઊતરતું જશે. અને તેજસ્વી અને ઉન્નતિકર ધર્મવિચારો લોકોમાં રૂઢ કર્યા વગર આપણે સમાજમાં નવજીવન આણી શકવાના નથી.

અને જ્યારે આપણા સામાજિક જીવનનો વિચાર કરૂં છું ત્યારે મને લાગે છે કે, આપણું સામાજિક જીવન અને આપણા સામાજિક આદર્શો ખરેખર ધર્મના ઉચ્ચ સિદ્ધાંતોને અનુસરીને ખીલેલા નથી જ. ચાર વર્ણ અને અનેક જ્ઞાતિઓ આપણા ધાર્મિક આદર્શોને અનુસરે છે એમ આપણે માનીએ છીએ, હજારો વર્ષથી માનતા આવ્યા છીએ. આપણાં ધર્મગ્રંથોમાં વર્ણવ્યવસ્થાનો પુરસ્કાર છે એ ખરું, પણ આપણી વર્ણવ્યવસ્થા આપણાં સર્વોચ્ચ ધર્મઆદર્શોને પોષક છે કે કેમ એ આપણે કયાં તપાસ્યું છે?

અને જ્ઞાતિવ્યવસ્થા તો ધર્માનુકૂળ છે એમ આપણે રૂઢિને લીધે જ માનીએ છીએ, એની અંદર કેટલો બધો ગોટાળો છે એ કોઈએ જોયું જ નથી.

આપણો સમાજ ક્ષીણવીર્ય થયો છે એ તો બધા જુએ છે. આપણે છેલ્લાં સો વર્ષમાં ઘણી પ્રગતિ કરી છે, છતાં આપણું સામાજિક જીવન જેટલું પરાક્રમપૂર્ણ થવું જોઈએ તેટલું થયું નથી. અને આપણા ધર્મજીવનનો પ્રભાવ દુનિયા પર પડવો જોઈએ તેટલો પડતો જ નથી. માટે આપણે આપણું ધર્મજીવન અને સામાજિક જીવન—બન્ને આમૂલાગ્ર તપાસવાં જોઈએ.

આપણી રૂઢીઓમાં અને સામાજિક જીવનમાં જે દોષો છે તે દૂર કરવાનો પ્રયત્ન આપણે કરીએ છીએ અને તે વધુ ને વધુ કરવો જોઈએ એમાં શક નથી, પણ મારે ખાસ કહેવું છે તે એ છે કે, આપણા સમાજમાન્ય ધાર્મિક અને સામાજિક આદર્શો પણ મૌલિક ઢબે તપાસવા જોઈએ અને એમાં ક્રાંતિ કરવી જોઈએ.

એમ તો આપણાં સમાજમાં ધાર્મિક સુધારા કરવા માટે આપણે ત્યાં અનેક પંથો જન્મ્યા, ધર્મસુધારકોએ જબરદસ્ત પ્રયત્નો કર્યા, સમાજસુધારાનાં આંદોલનો પણ થયાં અને છતાં સમાજમાં રૂઢિઓનું જોર એટલું ને એટલું જ છે. આપણાં દેશમાં ઈતિહાસવિધાતાએ અનેક ધર્મો આણીને છોડયાં. આપણે એમની સામે ન લડયા પણ તે આપણી સામે લડયા. એમણે અહીં રાજ્ય મેળવ્યું અને અનુયાયીઓ પણ મેળવ્યા. 'તમે પણ અહીં જીવો અને અમે પણ જીવીશું.' એ નીતિ આપણે એમના પ્રત્યે અખત્યાર કરી. ખરેખર એ નીતિ આખી દુનિયાએ સ્વીકારવા જેવી છે, પણ એ બધાનું ધર્મજીવન અને સામાજિક જીવન પરસ્પર ઓતપ્રોત ન થાય એ નહિ ચાલે. જેટલાં ધર્મો તેટલાં રાષ્ટ્રો, જેટલી જ્ઞાતિઓ તેટલાં રાષ્ટ્રો, જેટલાં વર્ણો તેટલાં સમાજો, એવી 'અલિપ્તતા' માનવજીવનને અનુકૂળ નથી. જે નવા ધર્મો આવે, નવા વંશો Races—આપણે ત્યાં આવીને વસે તેમને શરૂઆતમાં જરૂર કહીએ કે સ્વતંત્રપણે અમારા પડોશમાં તમે રહી શકો છો, પણ ધીરે ધીરે ઓતપ્રોત થવાની બધાની તૈયારી તો હોવી જોઈએ. મતભેદો તો રહેવાના જ, પણ દરેક મતભેદ પાછળ વાડા ઊભા કરીશું તો માનવતાનું સમગ્ર જીવન ખીલવી શકીશું નહિ.

આપણે ત્યાં જે ધર્મો આવીને વસ્યા છે તે જો સમાજમાં ફૂટ જ પાડતા હોય, ધર્મોને કારણે જો સમાજમાં અળગાપણું જ કેળવાતું હોય તો આપણે ત્યાં અનેક ધર્મોનું હોવાપણું શાપ જ ગણવો પડશે. આપણે ત્યાં બધા વંશો Races અને દુનિયાનાં બધા ધર્મો આવી વસ્યાં છે તે પશુસંગ્રહાલયની પેઠે અલગ અલગ પાંજરામાં રહેવા માટે નહિ, પણ પરસ્પરના સંપર્ક દ્વારા ઓતપ્રોત થવા માટે ભેગા થયા છે. આપણે બધા ધર્મોનું આદરયુક્ત અધ્યયન કરીએ બધા ધર્મો વિષે આદર કેળવીએ, એકબીજાનાં ઉત્સવોમાં ભળીએ, બધા ધર્મો સાચા છે એ શ્રદ્ધા કેળવીએ, આદાનપ્રદાન કરીએ અને એ રીતે બધા ધર્મોનું એક ધર્મકુટુંબ અથવા ધર્મપરિવાર સ્થાપન કરીએ એ આપણું સાંસ્કૃતિક મિશન છે એનો આપણે હૃદયથી સ્વીકાર કરવો જોઈએ.

નિરામિષાહારી લોકો માંસાહાર કરવા પ્રવૃત્ત ન થાય. શરાબ ન પીનારા શરાબ પીવાનું શરૂ ન કરે, અને છતાં આપણને કુનેહપૂર્વક બધા સાથે ભળતા આવડવું જોઈએ. આને માટે આપણે ત્યાં જડ ઘાલીને બેઠેલી અનેક રૂઢિઓ છોડી દેવી પડશે. કોની સાથે બેસીને ખાઈએ છીએ, કોને હાથે રાંધેલું ખાઈએ છીએ એની કડાકૂટ આપણે છોડી દેવી જોઈશે. હું તો કહું છું, ગમે તે જીવતા માણસને હાથે રાંધેલું ખાવા હું તૈયાર છું, પણ મને અનુકૂળ હોય એવો જ ખોરાક હું લઈશ. માંસાહારી અને અન્નાહારી એક પંકિતમાં બેસીને ખાય, એક ટેબલે બેસીને જમે એમાં કોઈને કશો વાંધો હેવો ન જોઈએ. મારે માટે રાંધનારા ચીના હોય કે જાપાની, આફ્રિકી હોય કે યુરોપી, મને એમાં કશો વાંધો ન હોવો જોઈએ. બધાં ધર્મોના લોકો સાથે બેસીને પ્રાર્થના કરે, બધા ધર્મગ્રંથો આદર સાથે વાંચે, એની ટેવ આપણને હોવી જોઈએ. દાર્શનિક મતભેદો ગમે તેટલા તીવ્ર હોય એથી શું? કોઈનું એઠું ન ખાઈએ પણ કોઈની સાથે બેસવામાં વાંધો શો? આપણી રૂઢિઓમાં જે અતડાપણું છે, ભિન્નનાતના લોકો વિષે અને ભિન્નધર્મના લોકો વિષે આપણામાં જે ઉતરતાપણાનો ખ્યાલ હોય છે તે ધર્માનુકૂળ નથી, તે અસામાજિક છે, માણસાઈને હણનાર છે એમ સમજી એ સ્વભાવ આપણે છોડી દેવો જોઈએ.

જે રીવાજ આપણો નથી તેને વિષે પણ આપણા મનમાં સહિષ્ણુતા હોવી જોઈએ. ઘણી વાર કાળે કરીને આપણે એની સુંદરતા સમજી શકવાનાં છીએ.

આપણે ત્યાં દ્વૈત, અદ્વૈત, શાકત, વૈષ્ણવ, જૈન, બૌદ્ધ, એવા ઘણા ભેદો છે, છતાં આપણે એકબીજા સાથે ઉત્તમ રીતે ભળી શકીએ છીએ, તે જ પ્રમાણે ફારસી, યહુદી, મુસલમાન, ઈસાઈ, આફ્રિકી અને યુરોપીઅન—બધા સાથે ભળવાની આપણને ઈંતેજારી હોવી જોઈએ. ધર્મભેદને કારણે સમાજભેદ શા માટે હોય?

હું જાણુ છું કે, મુસલમાનોએ અને ઈસાઈ લોકોએ આપણને પોતાના ધરમમાં દાખલ થવાનો આગ્રહ કર્યો અને આપણા સમાજના કકડા કરવાનો પ્રયત્ન કર્યો, એ વાત જૂની થઈ, પણ આપણે ભિન્ન સમાજ શા માટે થઈએ?

આપણે હવે તો સમજવું જોઈએ કે આપણી સંસ્કૃતિનું મિશન એક વિશાળ ધર્મકુટુંબ સ્થાપવાનું છે.

એક રીતે જોતાં સનાતન સમાજનો એ સ્વભાવ છે. સનાતન ધર્મમાં શૈવ, શાકત, વૈષ્ણવ, આર્યસમાજી, બ્રાહ્મણો બધાનો જ સમાસ થાય છે. ન્યાતો ત્રણસો હોય કે ત્રણ હજાર, બધી મળીને હિદુસમાજ બને છે એ વસ્તુ નાનીસુની નથી. એ જ વસ્તુ હવે વ્યાપક કરીને બધા ધર્મો આપણા સમાજની અંદર સુખેથી રહી શકે એવી ગોઠવણ આપણે કરવી જોઈએ. સનાતન સમાજની ઉદારતા બીજા સમાજમાં શરૂઆતમાં ન હોય પણ ધીરે ધીરે એ કેળવાશે જ.

આપણે ચાર વર્ણનાં ગુણગાન ઘણા સાંભળ્યા, ઘણાં ગાયા. જૂના વખતમાં એ ચાર વર્ણ પાડીને આપણે અમુક પ્રગતિ સાધી હશે, પણ આજે વર્ણવ્યવસ્થા નિષ્પ્રાણ થઈ છે. જ્ઞાતિવ્યવસ્થા આગળ વર્ણવ્યવસ્થા ભુલાઈ ગઈ છે. બ્રાહ્મણ, વાણીઆ, આદિ વર્ણોમાં અસંખ્ય ન્યાતો છે, પણ વર્ણવ્યવસ્થામાં મુખ્ય દોષ એ છે કે દરેક વર્ણમાં માનવતાનો વિકાસ એકાંગી થાય છે. બ્રાહ્મણ ભલે પોતાને સર્વોચ્ચ માને, પણ માનવતાનાં બધાં ગુણો એણે કેળવેલાં નથી હોતા. બ્રાહ્મણની તપસ્યા, સંતોષ અને જ્ઞાનોપાસના, તેમ જ નિષ્કામ-

ભાવે તમામ માનવજાતની સેવા કરવાની વૃત્તિ એ ગુણો કેવળ બ્રાહ્મણોમાં જ કેમ હોય? એ ગુણો ઓછાવત્તા પ્રમાણમાં દરેક માણસમાં હોવા જ જોઈએ.

અને જે કોઈ આ દેશમાં જન્મ્યો છે, અહીં રહી જે આજીવિકા મેળવે છે, પતિ અને પિતા થવાનો અથવા થયો છે, એણે દેશના રક્ષણાર્થે તૈયાર રહેવું જ જોઈએ. અહિંસાધર્મને સર્વોપરી માનતો હશે તો શાન્તિસેનાની કેળવણી લેશે, જુની રૂઢિને વશ થઈ યુદ્ધ અનિવાર્ય છે એમ માનતો હશે તો ફોજી તાલીમ લેશે, પણ દેશના રક્ષણની જુમ્મેદારીમાંથી એ કોઈ છટકી નહિ શકે. રક્ષણનું કામ એકલા ક્ષત્રિયોનું ન જ હોય. નિર્ભય થઈને પોતાનું બલિદાન આપવાની અને તેમ કરતાં પહેલાં બધાં કષ્ટો સહન કરવાની તૈયારી માણસ માત્રની હોવી જોઈએ અને નમ્ર થઈ પોતાને ભાગે આવેલું સેવાકાર્ય કરવાની અને પોતાની મર્યાદા ઓળખી મહત્ત્વકાંક્ષા મર્યાદિત રાખવાની શુદ્રની વૃત્તિ પણ દરેકમાં હોવી જોઈએ.

પછી ચાતુર્વર્ણ્ય ક્યાં રહ્યું? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, ચારેનો સ્વભાવ અને ચારેની કેળવણી દરેક દેશવાસીમાં ખીલેલી હોવી જોઈએ.

લોકો માને છે કે, ચાર વર્ણ અને ચાર આશ્રમ એ હિંદુ ધર્મનો પાયો છે. એ માન્યતા હવે છોડી દેવી જોઈએ. આ માન્યતાને કારણે હિંદુધર્મ ઝાંખો પડયો, એનો પુરુષાર્થ ઓછો થયો, સર્વાંગીણ ઉન્નતિ હણાઈ.

અને એ' વર્ણભેદ અને જાતિભેદના કારણે જ ભારતના મુસલમાનો અને ઈસાઈઓ, હિંદુસમાજબાહ્ય એવી કટ્ટર ન્યાતો જ થઈ બેઠા. બાકીની બધી ન્યાતો ગમે તેટલી સંકુચિત હોય, પોતાને વિરાટ સમાજનું ઘટક માને છે, જ્યારે મુસલમાન અને ઈસાઈ સમાજોએ ન્યાતજાતની સંકુચિતતા તો કેળવી જ છે, પણ વિરાટ સમાજની અંદર રહેવાને બદલે એનાથી બહાર અને એના હરીફ હોય નહીં, એવી વૃત્તિ કેળવી અને તેથી એમની દેશભકિતમાં પણ અમુક જાતની ઉણપ આવી. વિરાટ સમાજનાં દોષો પણ પોતાના જ છે એમ ન માનતાં, જમાઈ જેમ સાસરા પાસેથી પૂજા અને પ્રતિષ્ઠા માગે છે તેમ વિરાટ સમાજ પાસેથી વિશેષ હકકો માગતા ફરે છે. ઉદારતા બતાવવાની; જવાબદારી બહુમતિની, અમારી નહિ એવી ભૂમિકા ઉપર તેઓ ચાલે છે. દ્વૈતવાદી અને અદ્વૈતવાદી, આવી રીતે એકબીજા સાથે વર્તતા નથી. એ ઉપરથી મુસલમાનોએ, અને ઈસાઈઓએ બોધ લેવો જોઈતો હતો; પણ અંગ્રેજોએ તેમ થવા ન દીધું.

હવે સમજ્યા હશો કે, "ધાર્મિક જીવન કયે રસ્તે?" એ મારા પ્રશ્નનો અર્થ શો હતો?

સામાજિક જીવનમાં પણ આપણે આદર્શભેદને કારણે ઉચ્ચનીચ ભાવ સેવ્યો અને પરિણામે સમાજના ટુકડા કર્યા. જેઓ પોતાને શ્રેષ્ઠ માને તેઓ પણ બગડયા અને જેમને પોતા માટે જન્મપરત્વે હલકાપણું સ્વીકારવું પડયું તેઓ પણ બગડયા.

આમાં વધારેમાં વધારે પડતું વેઠવું પડયું છે સ્રીજાતીને. અને એ શ્રાપ નડવાથી જ, આપણો આખો સમાજ અન્યાયસહિષ્ણુ અને પામર બન્યો છે. આપણે અસ્પૃશ્યતા ઊભી કરી અને માનવતાનો દ્રોહ કર્યો. આપણે આદિવાસીઓની સેવા કરવાની જવાબદારી છોડી દીધી. પરિણામે રાષ્ટ્રજીવનને લકવો થયો. આપણે જ્ઞાન, કૌશલ્ય અને હુન્નરનો પ્રચાર બધા વર્ણોમાં અને બધી ન્યાતોમાં સમાનભાવે ન કર્યો તેથી, આપણો સમાજ પાંગળો બન્યો.

અને આપણો સનાતન સમાજ તો હંમેશાં પ્રગતિની બાબતમાં એક બે ડગલાં પાછળ જ રહ્યો છે. કાળભગવાન જ્યાં સુધી પ્રગતિ કરવાનું સૂચવે છે. તેથી બે ચાર ડગલાં પાછળ રહેવામાં જ એ સમાજ પોતાની ધર્મનિષ્ટા અને સલામતી રહી છે એમ માનતો આવ્યો છે. પરિણામે કાળભગવાન છુટે હાથે જે પ્રસાદ બધાને આપે છે તે સનાતની લોકોના હાથમાં પહોંચતો નથી. સનાતની સમાજ પ્રગતિ જરૂર કરે છે. સમજીને અથવા લાચારીથી આગળ દોડે છે ખરો, પણ હંમેશાં એક મંજિલ પાછળ રહે છે. મનુભગવાનના સમયનો સનાતની આજે ક્યાંય જોવાને ન મળે. આજનો સનાતનીસમાજ મનુસ્મૃતિ પ્રમાણે ચાલતો નથી, ચાલવામાં માનતો નથી. એનું કહેવું એટલું જ છે કે, આ દોડમાં ભાગ જરૂર લઈશું પણ અમે હંમેશાં પાંચ પચાસ વર્ષ પછાત રહેવાનાં, એમાં જ અમે શાણપણ માનીએ છીએ.

આપણી સમાજવ્યવસ્થા, ન્યાતજાત-બન્ને રોટીબેટી વ્યવહારઉપર જ અવલંબેલી છે. એ બન્ને વ્યવસ્થા કાલગ્રસ્ત થયેલી હોવાથી ગંધાય છે અને અનેક સામાજિક રોગો પેદા કરે છે.

આપણો આહાર નિષ્પાપ હોવો જોઈએ. આપણી સાંસ્કૃતિક લેવલ આપણે સાચવવી જોઈએ. જ્યાં છીએ ત્યાંથી ઉપર ચઢવાનો પ્રયત્ન કરીએ, નીચે ઉતરીએ નહિ. પણ આપણને બધા સાથે સમાનભાવે ભળતાં આવડવું જોઈએ.

અને બીજી એક વસ્તુ —

આજે ઘણાં લોકો ન્યાતજાતને છોડતાં નથી, એનું એક વ્યવહારુ કારણ એ છે કે, સંકટપ્રસંગે ન્યાતજાત જેમ આપણને મદદ કરે છે, ઉઘાડા થવા દેતી નથી, ઢાંકી દે છે તેમ રાષ્ટ્રીયતા તેટલી ઉદાર થઈ નથી. રાષ્ટ્રીયતાવાળા અને જાહેરજીવનમાં આગળપડતો ભાગ લેવાવાળા અને આજે સમાજ સત્તાવાદનો પુરસ્કાર કરવાવાળા નીતિ, કાનૂન અને સમાન હકકની વાતો કરે છે, પણ માણસાઈ ધારણ કરી સંકટપ્રસંગે મદદ કરવામાં માનતા નથી. તેથી મુશ્કેલીમાં સપડાએલ માનવીને છેવટે ન્યાતની જ મદદ લેવી પડે છે. જે લોકોએ સ્વરાજ્ય ખાતર અને રાષ્ટ્રીય એકતા ખાતર સ્વાર્થત્યાગ કર્યો, ન્યાતને અને કુટુંબને તરછોડયું, રાષ્ટ્રીય સંસ્થામાં જોડાયા, તેઓ જ્યારે જેલમાં ગયા ત્યારે તેમને મદદ પહોંચાડી ન્યાતવાળાઓએ જ. જે લોકો ફાંસીએ ગયા તેમના બૈરાં છોકરાંઓને અંતે આશ્રય લેવો પડયો કુટુંબ અને ન્યાતનો જ.

અને ન્યાતવાળાઓ એ જોતાં નથી કે જાહેર સેવા કરતી વખતે અથવા રાજકાજ ચલાવતી વખતે જો આપણે પોતાની ન્યાત પ્રત્યે જ પક્ષપાત કરીશું તો બીજી ન્યાતોમાં રાષ્ટ્રીયતા આવવાની નથી.

કૉંગ્રેસની સ્થાપના વખતે જે રાષ્ટ્રીયતાનો પ્રચાર થયો હતો તે મોટે ભાગે ઉપરની ન્યાતોમાં જ. તેમણે સામાન્ય ન્યાતોના લોકોનો અનાદર કર્યો. પરિણામે દક્ષિણમાં બ્રાહ્મણેત્તર પક્ષ જાગ્યો, જેણે લાંબા વખત સુધી કૉંગ્રેસી રાષ્ટ્રીયતા સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો.

એ જ પ્રમાણે હિંદુઓએ મુસલમાન, ઈસાઈ વગેરે લોકો સાથે ભળવામાં સંકોચ કર્યો તેથી, અને બીજા અનેક કારણસર મુસલમાનો અને ઈસાઈઓ રાષ્ટ્રીયતાનો સ્વીકાર કરતાં અટક્યાં. (મુખ્ય કારણ એ હતું, કે તેઓ રાજ્યકર્તાનાં ધર્મનાં, એટલે એમને જે અન્યાયમુલક લાભો મળતા તે છોડીને રાષ્ટ્રીયતામાં આવવું એમને પસંદ ન હતું.) આજે હિંદુઓ, ઈસાઈ અને મુસલમાન લોકોની ઉપેક્ષા કરે છે એ જાતની તકરાર એમની સામે છે. તેથી જે લોકો રાષ્ટ્રીયતા ખાતર હિંદુઓના ભોગે પણ મુસલમાનો અને ઈસાઈઓ પ્રત્યે પક્ષપાત કરે છે અને એમને આગળ આણે છે તેટલા જ સાચા રાષ્ટ્રવાદી છે એમ મનાય છે.

આવાં બધાં કારણોને લીધે આપણું રાષ્ટ્રીય ભાવનાત્મક ઐક્ય સધાતું નથી, મજબૂત થતું નથી.

દેશમાં રાષ્ટ્રીયતા જગાવી, ભાવનાત્મક ઐક્ય વધારેમાં વધારે સાધ્યું ગાંધીજીએ. એમની એ દીર્ઘદષ્ટિ, ઉદારતા અને કુનેહ ધારણ કરીને જો આપણે આપણા ધાર્મિકજીવનમાં તેમ જ સામાજિક જીવનમાં ક્રાંતિ કરીશું તો આખો દેશ સમર્થ, પરાક્રમી અને તેજસ્વી થશે, અને દુનિયાની ઉત્તમ સેવા કરી શકાશે.

કાકા કાલેલકર

## સભ્યોને નમ્ર વિજ્ઞપ્તિ

**ચાલુ સાલ સંવત ૨૦૧૯ના વર્ષનું બહુ થોડા સભ્યોનું લવાજમ વસુલ આવ્યું છે, તો બાકીના સભ્યોને—વર્ષની આખરને બદલે વર્ષની શરૂઆતમાં જ—પોતપોતાનું લવાજમ રૂપિયા પાંચ સંઘના કાર્યાલયમાં મોકલી આપવા આથી વિનંતિ કરવામાં આવે છે.**

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# 卐 યુદ્ધવિરામ 卐

[શ્રી. સંયુકત જૈન વિદ્યાર્થીગૃહના શિવ તથા પ્રિન્સેસસ્ટ્રીટ—એમ બન્ને હૅાસ્ટેલોના વિદ્યાર્થીઓ સમક્ષ સાયનના સંસ્થાના મકાનના હૅાલમાં, સંસ્થાના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે તા. ૯-૧૨-૬૨ રવિવારના રોજ 'યુદ્ધવિરામ' એ વિષય ઉપર પ્રવચન આપ્યું હતું.

શ્રી. ચીમનભાઈના આ વિષય અંગેના વિચારો જાણવા માટે પ્રબુદ્ધ જીવનના વાચકો હંમેશાં આતુર હોય છે, અને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા.૫—૧૨—૬૨ના રોજ "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ" એ વિષય ઉપર તેમણે આપેલ વ્યાખ્યાન, જે તા. ૧૬-૧૨-૬૨ના પ્રબુદ્ધ જીવનના અંકમાં પ્રગટ કરવામાં આવ્યું હતું, તેની પૂરવણીરૂપ આ વ્યાખ્યાન છે. તેની સંક્ષિપ્ત નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. **તંત્રી**]

ચીને આજે જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધું છે. તેણે આપણા પર મોટા પાયા પર આક્રમણ કર્યું; આક્રમણમાં તે ઘણે દરજ્જે સફળ પણ થયું, છતાં યે તેણે એકપક્ષીય યુદ્ધવિરામની એકાએક જાહેરાત કરી દીધી અને પોતાનું લશ્કર પાછું ખેંચી લેવાની એકપક્ષી શરૂઆત પણ કરી દીધી, તેથી દુનિયાએ અને આપણે આશ્ચર્ય અનુભવ્યું છે. ચીનના ભારત પરના મોટા પાયા પરના આક્રમણથી જેટલું આશ્ચર્ય થયું છે તેટલું જ, બલ્કે તેથી પણ વધુ આશ્ચર્ય તેની એકપક્ષી યુદ્ધવિરામની અને લશ્કર પાછું હઠાવી લેવાની જાહેરાતથી થયું છે. દુનિયાના રાજકીય નિરીક્ષકો અને અભ્યાસીઓ આ વસ્તુના કારણો શોધવામાં પડયા છે.

સામ્યવાદી દેશના વર્તનના કારણો જાણવા મુશ્કેલ હોય છે. ચીનના આ વલણ માટે પણ વિવિધ કારણો રજૂ થાય છે. તે દરેકમાં સત્યનો કંઈક અંશ હશે, પણ સંપૂર્ણપણે તેના કારણો કોઈ જાણી શકયા છે, એમ કહેવાય નહિ. લોકશાહી દેશના વર્તનના કારણો જાણવા મુશ્કેલ હોતા નથી, કારણ કે તેવા દેશના નેતાઓએ કોઈ પણ જાતના વલણ કે વર્તન માટે પોતાના સહકાર્યકરો સાથે ચર્ચા કરવી પડે છે, તેની જાહેર રીતે પણ ચર્ચા થાય છે, છાપાઓમાં આવી બાબતો પ્રગટ થાય છે; પાર્લામેન્ટમાં કે એસેમ્બ્લીમાં આ વલણ કે વર્તન માટે કારણો રજૂ કરવા પડે છે અને તેની વાસ્તવિકતા બતાવી આપવી પડે છે. લોકશાહી દેશોને આવી બધી વિધિઓમાંથી પસાર થવું પડે છે, જ્યારે સામ્યવાદી દેશોને આવી કોઈ વિધિની જરૂર પડતી નથી; તેના નેતાઓને કોઈ કારણો પોતાની પ્રજાને જણાવવા પડતા નથી. તેઓ જે કારણો પ્રજા કે વિશ્વ સમક્ષ રજુ કરે છે તે કારણો માત્ર પ્રચારની દષ્ટિએ જ રજુ થયેલાં હોય છે. વિશ્વમત પોતાની તરફ કેમ વળે તે દષ્ટિએ તે કારણો રજુ થયેલા હોય છે. આ કારણે સામ્યવાદી દેશના કોઈ વલણ કે વર્તન માટેના તેના સાચા કારણો શોધી કાઢવામાં રાજદ્વારી નિરીક્ષકોને વધુ મહેનત કરવી પડે છે, વધુ ઊંડા ઉતરવું પડે છે.

આ પ્રશ્નને બે બાજુ છે. એક પ્રશ્ન એ છે કે ચીને આવું આક્રમણ શા માટે કર્યું? આ પ્રશ્નની ચર્ચા મેં શ્રી મુંબઈ યુવક સંઘમાં કરી હતી અને તે અંગેના મારા વિચારો પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ ગયા છે, એટલે તે પ્રશ્નની ચર્ચામાં આ તકે વધુ નહિ ઉતરૂં. યુદ્ધવિરામની જાહેરાત તે વ્યાખ્યાન અપાયા બાદ થઈ છે, એટલે આ યુદ્ધવિરામ કેમ થયું? તેના પરિણામો શું? તે અંગે હું મારા વિચારો રજુ કરીશ. એક વાત તો સ્પષ્ટ છે કે જે કારણોસર તેણે યુદ્ધ જાહેર કર્યું હતું—તે કારણોસર કે તેની પૂર્તિમાં કેટલેક દરજ્જે આ યુદ્ધબંધીની જાહેરાત કરવામાં આવી છે એમ માનવું જોઈએ. આ યુદ્ધવિરામની જાહેરાતના ૪-૫ સંભવિત કારણો જણાય છે.

૧. ચીને આટલો પ્રદેશ કબ્જે કર્યા પછી હવે તેણે આગળ વધવું હોય તો તેની મોટા પાયા પરની તૈયારી જોઈએ. યુદ્ધ માટેની મોટા પાયા પરની તૈયારી સાથે Supply line—પુરવઠો પહોંચાડવાનો માર્ગ તૈયાર કરવો જોઈએ. આ કાર્ય તેને હજારો ફૂટની ઊંચાઈએથી કરવાનું છે, અને પુરવઠો ઠેઠ આસામ સુધી પહોંચાડવો પડે તેમ છે. અત્યારે શિયાળો ચાલી રહ્યો છે ત્યારે આ કાર્ય ઘણું મુશ્કેલ છે. અલબત, ચીને મોટા પાયા પર આક્રમણ શરૂ કર્યું, ત્યારે તેને આ મુશ્કેલીની કલ્પના હશે જ; એટલે યુદ્ધવિરામ માટે આ એક કારણ ખરું, પરન્તુ તે કારણ યુદ્ધવિરામ માટેનું મુખ્ય કારણ ગણાવી શકાય નહિ.

૨. યુદ્ધવિરામ માટેનું બીજુ એક કારણ વધારે સબળ ગણી શકાય. પોતાના આક્રમણનો ભારત એક અવાજે સામનો કરશે, ભારતની પ્રજા પોતાના મતભેદો ભૂલીને એક અને અખંડ બની જશે, ભારતની પ્રજા ગમે તેટલો ભોગ આપવો પડે તો પણ તે આપવાની તત્પરતા દર્શાવશે તે તેની કલ્પનામાં નહિ હોય. આ બાબતમાં ચીનની રાજદ્વારી ગણતરી Political assessment ખોટી પડી છે. તેમને એવા અહેવાલો મળ્યા હશે કે, "કૅાંગ્રેસ નબળી પડી ગઈ છે, કૅાંગ્રેસમાં અને પ્રજામાં અંદરોઅંદરના તિવ્ર મતભેદો પ્રવર્તે છે; કેટલેક ઠેકાણે સામ્યવાદીઓનું જોર પણ સારા પ્રમાણમાં છે, આવાં સંજોગોમાં ચીન આક્રમણ કરશે તો ભારત સરકાર સામનો કરી શકશે નહિ; પ્રજા ભોગ આપવા તત્પર નહિ બને; અને પરિણામે ભારત સરકાર ચીની સરકાર સાથે તડજોડ કરીને સમાધાન કરવા પ્રયત્ન કરશે. પરન્તુ ભારતમાં તેની કલ્પના કરતાં કે તેને મળેલી માહિતી કરતાં તદ્દન ઊલટું બન્યું. તેથી ચીને ફરી વિચારવું રહ્યું.

૩. આપણે તટસ્થતાની નીતિ સ્વીકારી છે; એટલે ચીને એમ પણ માન્યું હશે કે, વિદેશો પાસેથી આપણે લશ્કરી સહાય માગીશું જ નહિ અથવા માગીશું તો પણ આટલા મોટા પ્રમાણમાં લશ્કરી સહાય બીનશરતે અને તુરતમાં મળશે એવી તેની કલ્પના ન હોય. બીજી બાજુ, ભારતની લશ્કરી તૈયારી બિલ્કુલ ન હતી. આ સંજોગોમાં ભારતને સમાધાન કરવાની ફરજ પડશે.

તેની આ ગણતરીમાં પણ ચીનને નિષ્ફળતા સાંપડી છે. આપણે બીજા દેશો પાસેથી લશ્કરી સહાય માગી. પાશ્ચાત્ય દેશોએ આ સહાય ઉદારતાપૂર્વક અને કોઈ પણ જાતની શરત વિના આપી; એટલું જ નહિ પણ ભારત પોતાની તટસ્થતાની નીતિને વળગી રહે તેમાં તેમને કોઈ જાતનો વાંધો નથી એમ પશ્ચિમી લોકશાહી દેશોએ જાહેર કર્યું.

૪. ચીને એકાએક યુદ્ધવિરામની જાહેરાત [illegible] કારણ જોઈએ. સામ્યવાદી દેશ [illegible] અમુક અંશે કરી શકે, [illegible] એટલે જ્યારે તેણે [illegible] ટેકો છે અને તેઓ ચીની [illegible] મતને પોતાના તરફ વાળવા માટે ચીને આ જાહેરાત કરી હોય. વિશ્વના દેશો—અને ખાસ કરીને તટસ્થ દેશોને ભ્રમમાં નાખવા માટેની આ જાહેરાત હોય તેમ લાગે છે; કેમકે યુદ્ધવિરામની જાહેરાત બાદ, પેકીંગે પ્રચારનો વેગ વધારી દીધો છે અને તટસ્થ દેશોના મનમાં એ ઠસાવવા પ્રયત્ન કરી રહ્યું છે કે ૮ મી સપ્ટેમ્બર ૧૯૬૨ વખતે જે ખરેખર અંકુશ હેઠળની હરોળ હતી તેથી પણ ૨૦ કિલોમીટર દૂર તેઓ ખસી રહ્યા છે, આમ છતાં પણ જો ભારત અમારી દરખાસ્ત સ્વીકારશે નહિ તો આક્રમણની જવાબદારી ભારતની રહેશે. વિશ્વમતને પોતાના તરફ આકર્ષવાની ચીનની આ એક રાજકીય ચાલ હોય તેમ તેનાં પ્રચાર પરથી માનવાને પૂરતું કારણ છે.

૫. યુદ્ધ વખતે જે વેગ (ટેમ્પો) જામવો જોઈએ—બધી શકિત આક્રમણને મારી હઠાવવા માટે કેન્દ્રિત થવી જોઈએ તે વેગ ભારતમાં જામેલ છે. સરકારે સોનું, લોહી અને સૈનિકોની માગણી કરી છે. મોટા પ્રમાણમાં પ્રજાજનો ઉલટભેર આપી રહ્યા છે. આ પ્રકારે

ભારતમાં જે વિરાટ શકિત જાગી છે તે તોડી પાડવા માટે પણ ચીને યુદ્ધવિરામની જાહેરાત કરી હોય તે પણ એક કારણ ગણી શકાય.

યુદ્ધવિરામની જાહેરાતથી લોકોનો ઉત્સાહ મંદ પડી જશે, જનતા એમ વિચારતી થઈ જશે કે ચીન મેકમોહન લાઈનથી પાછળ હઠી જશે, ત્યારે આપણે યુદ્ધ શા માટે ચાલુ રાખવું? જનતાનો પુરુષાર્થ મંદ પાડવા માટે (Demoralisation) આ પગલું ભરાયું હોય તેમ પણ કહી શકાય.

**ચીની આક્રમણના ધ્યેયો અને તેની મહદ્ અંશે પૂર્તિ**

૬. યુદ્ધવિરામ પાછળના કારણો બરાબર સમજવા માટે, ચીને ભારત પર આક્રમણ શા માટે કર્યું તે પણ ધ્યાનમાં લેવું પડશે.

(અ) ભારત સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ, વેગપૂર્વક આર્થિક વિકાસ સાધી રહ્યું હતું, આ વિકાસ લોકશાહી ઢબે સાધી શકાયો હતો તે ચીનને ખૂંચતું હતું. સામ્યવાદી દેશોની એ માન્યતા છે કે લોકશાહી ધોરણે વેગપૂર્વકની પ્રગતિ અને સમાજવાદ શક્ય નથી. સામ્યવાદી ધોરણે જ આર્થિક વિકાસ સાધી શકાય અને સામાજિક તથા આર્થિક અસમાનતા દૂર કરી શકાય. ભારતની લોકશાહી ધોરણે વેગપૂર્વક થઈ રહેલ પ્રગતિથી તેની માન્યતા ઉપર જબ્બર ફટકો પડી રહ્યો હતો, એટલે ભારતની આર્થિક પ્રગતિમાં રૂકાવટ કરવાનું ચીનના આક્રમણ પાછળનું એક કારણ હોઈ શકે.

ચીને એ ગણતરી રાખી હશે કે યુદ્ધ થતાં ભારતની આર્થિક પ્રગતિ રૂંધાઈ જશે, એટલું જ નહિ, પરંતુ યુદ્ધવિરામ થયા બાદ પણ ભારતને કાયમને માટે મોટું લશ્કરી ખર્ચ ચાલુ રાખવું પડશે, એટલે તેનો આર્થિક વિકાસ મોટા ભાગે રૂંધાઈ જશે.

(બ) ચીની આક્રમણ પાછળ બીજું કારણ એશિયાઈ રાષ્ટ્રોમાં ભારત નહિ, પણ ચીન જ મોટો દેશ છે એમ બતાવવાનું હોઈ શકે. ભારત પર આક્રમણ કરીને, ચીન ધાર્યો પ્રદેશ મેળવે તો પૂરવાર થાય કે એશિયાભરમાં ચીન દેશ જ બળવાન દેશ છે. ભારત પાછું પડે તો એશિયાના બીજા દેશો ચીનથી ભયભીત બને. આ પણ એક કારણ ચીની આક્રમણ પાછળ રહેલું છે.

(ક) સામ્યવાદી નીતિ અંગે ચીન અને રશિયા વચ્ચે ઘર્ષણ રહ્યા કરે છે. રશિયા શાંતિમય સહઅસ્તિત્વમાં માને છે. આ માન્યતાને કારણે રશિયા પશ્ચિમના લોકશાહી દેશો સાથે સમાધાનપૂર્વક રહેવાની નીતિ અપનાવી રહ્યું છે. ભારત સાથે રશિયા મૈત્રીભર્યા સંબંધો રાખી રહ્યું છે, એટલું જ નહિ પરંતુ બીજા અણવિકસીત તટસ્થ દેશોને રશિયા, આર્થિક મદદ મોટા પાયા પર આપી રહ્યું છે, ચીનની નીતિ જુદી છે. [illegible] છે કે જગતમાં સામ્યવાદના ફેલાવા માટે યુદ્ધ [illegible] સાથે સહઅસ્તિત્વ શક્ય નથી. [illegible] રશિયા વચ્ચે હરીફાઈ [illegible] બીજાના વિરોધી બને તે [illegible]

[illegible] પરિણામે, રશિયાને કહેવું પડયું છે કે ભારત સાથે [illegible] સારા સંબંધો હોય, છતાં રશિયા ભારતનું મિત્ર છે, પરંતુ ચીન તેનો બંધુ છે.

ચીનના ધ્યેય મુજબનું લડાખમાં સમાધાન થતું નહોતું, ૪—૫ વરસથી સરહદી ઝઘડો ચાલી રહ્યો હતો, તેને સરહદી ઝગડો માનીને, આપણે તે તરફ કેટલીક ઉપેક્ષા સેવતા હતા અને ચીન તેથી આગળ નહિ વધે તેમ માનતા હતા, પરંતુ આપણી આ માન્યતા ખોટી પડી છે અને તેણે મોટા પાયા પર આક્રમણ કરીને ધાર્યો પ્રદેશ મેળવી લીધો છે, એટલું જ નહિ પણ તેણે એકાએક લડાઈ બંધ કરીને, જગતમાં સારા દેખાવાનો માર્ગ શોધી કાઢયો છે. આ એક મોટો રાજકીય દાવ છે. તે કહે છે કે અમોએ લડાઈ બંધ કરી એટલું જ નહિ પરંતુ નેફા વિસ્તારમાંથી તો મેકમોહન લાઈનથી પણ પાછા હઠી જવા માગીએ છીએ. લડાખ વિસ્તારની સરહદ વાંધાભરી છે અને અમારી માન્યતા મુજબની જે સરહદ છે ત્યાં સુધી જ અમે રહેવા માગીએ છીએ.

ભારતની પ્રજાના અને વિશ્વના દેશોના વલણમાં પલ્ટો આણવા માટેનો ચીનનો આ મોટામાં મોટો રાજકીય દાવ છે.

ટૂંકામાં ચીને જે કારણોસર આક્રમણ કર્યું હતું તેમાં તેને મહદ અંશે દેખીતી સફળતા મળી છે અને તેથી જ તેણે ધાર્યું કર્યા, બાદ યુદ્ધવિરામ જાહેર કર્યો છે.

હવે પ્રશ્ન એ છે કે, આનું પરિણામ શું આવશે? આપણે કહીએ છીએ કે ચીને ૮ મી સપ્ટેમ્બર ૧૯૬૨ સમયે જે સ્થિતિ હતી તે ફરી પ્રસ્થાપિત કરવી જોઈએ. ચીન ૭ મી નવેમ્બર ૧૯૫૯ સમયની જે સ્થિતિ હતી તે પ્રસ્થાપિત કરવાની વાત કરે છે. ચીને આપણી દરખાસ્તો નામંજુર કરી છે, આપણે ચીનની દરખાસ્ત નામંજુર કરી છે. પછી હવે સમાધાનને અવકાશ છે? કે યુદ્ધ થશે? સમાધાનમાં બે-પાંચ હજાર માઈલના પ્રદેશનો પ્રશ્ન નથી, પણ પ્રશ્ન એ છે કે, સમાધાન થશે તો ચીની શરતો મુજબનું હશે કે, આપણે કહ્યા મુજબનું હશે? ચીન તો એમ સાબીત કરવા માગે છે કે, We could declare a war, we could win a war, we could cease a war and we could dictate.

આ પરિસ્થિતિમાં શું કરવું તે આપણા માટે એક ગંભીર કોયડો બની જવા પામ્યો છે. આવેશમાં આવીને આપણે કોઈ પણ જાતનો નિર્ણય કરી ન શકીયે.

આપણા નિર્ણયનો આધાર ચીને આપણી દરખાસ્તો નામંજુર કર્યા પછી, શું પરિસ્થિતિ ઉદ્ભવે છે તે પર છે. ચીન હવે શું કરે છે, વિશ્વમત શું થાય છે, કોલંબો પરિષદનું શું પરિણામ આવે છે, આપણે કેટલી લશ્કરી તાકાત ઊભી કરી શકીએ તેમ છીએ, આ બધા પર આપણો નિર્ણય નિર્ભર છે. સ્વમાનહીન કોઈ સમાધાન પ્રજા સ્વીકારશે નહિ.

મને એમ લાગે છે કે, હાલતુરત પરિસ્થિતિ stand still-સ્થગિત-રહેશે. ચીન લડાખમાં કબજો રાખી રહે, પરંતુ આપણે તેનો કબજો માન્ય રાખીશું નહિ. કાશ્મીરમાં બન્યું તેમ આ એક સળગતો પ્રશ્ન જ રહે.

ચીને એકપક્ષી બીનશરતી યુદ્ધવિરામ અને લશ્કર પાછું ખેંચી લેવાનું જાહેર કર્યું છે. તેમાં આપણી અનુમતીની જરૂર રહેતી નથી. હવે પછી ચીન શું કરે છે તે જોવાનું રહેશે. આપણે કોઈ પણ સંજોગો માટે પૂરતી તૈયારી કરવી પડશે તે દેખીતું છે. ટૂંક સમયમાં વળતો હુમલો કરી લડાખના પ્રદેશનો કબજો મેળવી શકીએ તેવી સંભાવના નથી. ચીનને માટે પણ આ પરિસ્થિતિ પ્રતિકૂળ નથી. પોતાને હાલ તુરત જોઈતું તેણે મેળવ્યું છે. પણ આ પરિસ્થિતિ બહું લાંબો સમય ચાલી શકે નહિ. એમ સંભવિત નથી કે ચીન કદાચ ૮ મી સપ્ટેમ્બર ૧૯૬૨ ની અથવા તેના જેવી સ્થિતિ પર જવાનું કબુલ કરે. તો વાટાઘાટ શક્ય બને. બીજા દબાણથી પણ બન્ને પક્ષોને કોઈ સમાધાનના માર્ગ પર આવવું પડે એમ બને.

આ આક્રમણ અને યુદ્ધવિરામના તાત્કાલિક પરિણામ જે આવે તે, પરન્તુ તેના દૂરગામી પરિણામો ઘણા મોટા અને વ્યાપક હશે. હિન્દુસ્તાનના ઈતિહાસમાં અને કદાચ દુનિયાના ઈતિહાસમાં આ બનાવથી નવું પ્રકરણ ઉમેરાશે. આપણી આંતરરાષ્ટ્રીય તેમ જ રાષ્ટ્રીય નીતિ પુનર્વિચારણા માગશે. એ હકીકત સ્પષ્ટ છે, ચીનનો હવે આપણે વિશ્વાસ ન જ કરી શકીએ. પરિણામે સરહદના રક્ષણ માટે કાયમી પૂરતી તૈયારી રાખવી પડે. લશ્કરી ખર્ચ ઘણો વધી પડે અને આર્થિક વિકાસ માટે રૂકાવટ થાય. તટસ્થતાની નીતિ ક્યાં સુધી ચાલે? આટલો મોટો લશ્કરી ખર્ચ આપણે ઉપાડી શકીએ?

આપણી પ્રજાના મોટા ભાગના મનમાં એમ લાગવા માંડશે કે, તટસ્થતાની નીતિ હવે ચાલી શકશે નહિ, માટે પશ્ચિમના લોકશાહી દેશો સાથે ભારતે જોડાયા સિવાય ચાલે તેમ નથી. તેથી લશ્કરી બોજો ઓછો થશે અને ભારતને આર્થિક સહાય મોટા પ્રમાણમાં મળશે. આ જાતનો જોરશોરથી પ્રચાર થઈ રહ્યો છે.

આવા વિચારો પેદા કરવામાં ચીનના આક્રમણે જેટલો ભાગ ભજવ્યો છે, તેટલો પશ્ચિમના દેશોએ પણ ભજવ્યો છે.

પશ્ચિમના દેશોએ આપણને કટોકટીના સમયે જોઈતી બધી મદદ ઉદારતાપૂર્વક અને બીનશરતી કરી. તેઓ ધારત તો મદદ આપતી વખતે શરતો કરી શકત; મ્હેણાં મારી શકત, પરન્તુ તેઓએ તેમ કર્યા વિના આપણને મદદ કરી, એટલું જ નહિ પરન્તુ તેમણે તાજેતરમાં જાહેર કર્યું છે કે, ભારતને રશિયા તરફથી 'મીગ' વિમાનો મળશે તો પણ અમારી સહાયનો સ્રોત જેમનો તેમ ચાલુ રહેશે. આ પણ એક મહાન રાજદ્વારી કુનેહ કહી શકાય.

તેમની આ ઉદાર સહાયે દેશના મોટા ભાગના પ્રજામતને તેમના તરફ વાળ્યો છે. આજે જાહેર મત એવો થતો જાય છે કે જે દેશોએ આપણને ઉદારતાપૂર્વક સહાય આપી તેની અવગણના કેમ થઈ શકે? ભારતમાં કેટલાક રાજકીય વર્ગો તો પહેલેથી જ કહેતા આવ્યા છે કે, આપણી તટસ્થતાની નીતિ ખોટી છે અને આપણે પશ્ચિમના લોકશાહી દેશો સાથે ભળી જવું જોઈએ. આ વર્ગો અત્યારે ઢોલનગારા વગાડીને, પોતાના કથનની વાસ્તવિકતા દર્શાવવા પ્રયત્ન કરી રહ્યા છે. આ વર્ગ ભારતની તટસ્થતાની નીતિની ટીકા કરવા સાથે વડા પ્રધાનની ટીકા કરવા અને તેમની વિરૂદ્ધ પ્રચાર કરવા લાગી ગયો છે.

એ વાત ખરી છે કે, શ્રી નહેરુ અને તેમની સરકાર વધારે પડતા વિશ્વાસમાં રહ્યાં અને તેથી ગફલતમાં રહ્યાં. તેમને અને પ્રજાને મોટો આઘાત થયો. આ આઘાતમાંથી હજી આપણે મુક્ત થયા નથી. સ્થિરચિત્તે વિચાર કરવાની સ્થિતિમાં નથી. આવી પડેલી પરિસ્થિતિના પરિણામોનું પૂરું મૂલ્યાંકન કરવાની અને નવી નીતિ ઘડવાની ભૂમિકા હજી સર્જાઈ નથી. ઉતાવળથી અને ગભરાઈને, સ્વાર્થી પ્રચારનો ભોગ બનીને, બીજે છેડે જવાની જરૂર નથી.

હું એમ માનું છું કે, તટસ્થતાની નીતિ ભારતને માટે અને દુનિયા માટે હીતાવહ છે. અલબત, ચીની આક્રમણ બાદ તેના સ્વરૂપમાં અને અમલમાં ફેરફાર થશે અને થવો જ જોઈએ, પણ તટસ્થતાની નીતિને સર્વથા તિલાંજલી આપવી એ ભારતના અને જગતના હિતમાં નથી.

શ્રી નહેરુએ કહ્યું છે કે, ચીન પરત્વે તો આપણે હવે તટસ્થ રહી શકીએ જ નહિ. તટસ્થ નીતિ એટલે શું? ટૂંકામાં કહીએ તો દુનિયામાં અત્યારે જે બે જૂથો Blocks છે, તે બેમાંથી એકેમાં ન જોડાતા ,બન્ને જૂથો સાથે મૈત્રીભર્યા સંબંધો રાખવા પ્રયત્ન કરવો. બુનિયાદી રીતે આ નીતિ સાચી છે. પણ તટસ્થતાનો અર્થ એમ થતો હોય કે, મૈત્રીભર્યા સંબંધો રાખવા માટે, કોઈ દેશ ખોટું કરે તોપણ તેને કાંઈ કહેવાય નહિ અને સહી લેવું, તો તે સાચી નીતિ નથી. જ્યાં અન્યાય થતો હોય, અત્યાચાર થતો હોય, જગતની શાન્તિને જોખમાવે તેવું વર્તન થતું હોય, ત્યાં મુંગા ન રહેવાય. હંગરી અને તિબેટમાં આપણે આવું જ કાંઈક કર્યું. આપણી તટસ્થતાની નીતિની આજ સુધી એક છાપ એવી રહી છે કે, તે સાચી રીતે તટસ્થ ન હતી પણ સામ્યવાદી દેશો તરફ વધારે ઝુકતી હતી. તેથી આ નીતિનું સ્વરૂપ નવેસરથી વિચારવાનું રહે છે.

હું એમ માનું છું કે, આપણે સાચી તટસ્થ નીતિ અખત્યાર કરીયે તેમાં પશ્ચિમનાં દેશો વાંધો નહિ લે. બલ્કે એવી નીતિ તેમનાં પણ હીતમાં છે. રશિયા અને બીજા સામ્યવાદી દેશો સાથે આપણે મૈત્રીભર્યું વલણ રાખીયે તે જગતશાન્તિ માટે લાભદાયક છે. આપણી આવી નીતિથી નારાજ થઈ પશ્ચિમી દેશો આપણને મદદ નહિ કરે તેમ માનવાને કોઈ કારણ નથી. બલ્કે આવી નીતિ માટે આપણને તેમની સહાનુભૂતિ રહેશે. આપણને આ દેશો મદદ કરે છે તેમાં તેમનો પણ સ્વાર્થ છે. Enlightened Self-interest. તે સ્વાર્થની સિદ્ધિમાં આપણે ફાળો આપી શકીએ ત્યાં સુધી આપણી કિંમત છે. આપણી સ્વતંત્રતા ગુમાવી બેસીશું તો એ કિંમત રહેવાની નથી. રશિયા અને ચીન વચ્ચે વધતાં જતાં મતભેદોમાં, રશિયા સાથે મૈત્રીભર્યું વલણ રાખવાથી, ચીન દબાશે. રશિયાને ફરજીઆત ચીનની મદદે જવું પડે અથવા તે બન્ને વધારે નજીક આવે તેવા પગલાં લેવામાં શાણપણ નથી.

તટસ્થતાની નીતિ નિષ્ફળ જાય તો આફ્રિકા-એશિયાના તટસ્થ દેશોને એક અથવા બીજા બ્લોકસમાં જોડાઈ જવું પડે. તેમ બને તો વિશ્વશાંતિ માટે પરિસ્થિતિ ભયરૂપ બને. બેમાંથી એક જૂથમાં જોડાવાનો પ્રશ્ન આવે ત્યારે બધા દેશો પશ્ચિમી જૂથમાં જોડાય તેમ નહિ બને; અમુક સામ્યવાદી જૂથમાં જોડાય અગર ધકેલાય તેમ પણ બને. આથી વિશ્વશાંતિની આશા, નિરાશામાં ફેરવાઈ જવા પામે.

તટસ્થતાની નીતિ ભારત માટે અને વિશ્વશાંતિ માટે જરૂરી છે. ભારતના જે લોકો તટસ્થતાની નીતિને તિલાંજલી આપવાનું કહે છે તે પોતાના સ્વાર્થની દષ્ટિએ અગર તો પોતાના પક્ષનો વિચાર કરીને કહે છે, એમ મને લાગે છે. સામ્યવાદી દેશો કરતાં પશ્ચિમનાં દેશોની આપણે વધારે નજીક છીએ એ ખરું છે, પણ તે દેશોના ગુલામ થવામાં તેમનું અથવા આપણું કોઈનું હીત નથી. તટસ્થતાની નીતિના સ્વરૂપમાં ફેરફાર કરવો પડશે એટલું જ કહેવું અત્યારે પર્યાપ્ત થશે. આ સ્વરૂપ કેવા પ્રકારનું હશે તેનું સ્પષ્ટ ચિત્ર અત્યારે નક્કી થઈ શકે તેમ નથી. પલટાતી પરિસ્થિતિ ઉપર તેનો આધાર છે.

રાષ્ટ્રીય નીતિનો આધાર કેટલેક દરજજે આપણી વિદેશનીતિ ઉપર છે. બન્નેં પરસ્પર સંકળાયેલ છે. આપણે સમાજવાદી સમાજ-રચનાનું ધ્યેય સ્વીકાર્યું છે. તેના પરિણામ રૂપ આયોજન, આર્થિક અસમાનતા દૂર કરવાના સઘળાં ઉપાયો અને પગલાં, જાહેર ક્ષેત્ર Public Sector નો વિકાસ, ઉત્પાદનના સાધનોનો અંકુશ, વિગેરે. ત્રીજી પંચવર્ષીય યોજના પણ આ જ ધ્યેયની સિદ્ધિનું અંગ છે. આ ધ્યેય મુજબ આપણે પબ્લીક સેકટર અને પ્રાઈવેટ સેકટર બંને માન્ય રાખેલ છે. ભવિષ્યમાં આપણા મૂળભૂત ધ્યેય મુજબ આ બંને ક્ષેત્રો ચાલુ રહેશે, પરન્તુ તેના પ્રમાણમાં ફેર પડી જશે. પબ્લીક સેકટરનું પ્રમાણ અમુક બાબતમાં વધશે અને પ્રાઈવેટ સેકટરનું પ્રમાણ ઓછું થશે.

જેઓ આપણી તટસ્થતાની નીતિ છોડાવવાના હીમાયતી છે તેઓ લાલચ બતાવે છે કે, પશ્ચિમી જૂથ સાથે જોડાઈ જવાથી આપણી સલામતી વધશે, લશ્કરી ખર્ચનો બોજો ઓછો થશે અને પરિણામે આર્થિક વિકાસની શકયતા વધશે. આ ભ્રમમાં નાખનારી દલીલ છે. તેમનું સાચું લક્ષ્ય—રાજાજી સ્પષ્ટ કહે છે તેમ — દેશને સમાજવાદના ધ્યેયથી દૂર લઈ જવાનું છે. પંચવર્ષીય યોજના છોડી દેવી પડે તેમાં તેઓ રાજી છે. એ ખરું છે કે, વર્તમાન પરિસ્થિતિમાં દુર્ભાગ્યે આ યોજનાના કેટલાક અંગો જતા કરવા પડશે. પણ સમાજવાદના ધ્યેયથી વિચલિત થશું તો ચીની આક્રમણને હઠાવીશું તો પણ આપણી હાર જ થઈ છે એમ થશે. જનતાનો સાથ ગુમાવી બેસીશું. અને તેમના હીતનો દ્રોહ કર્યા બરાબર થશે.

ચીની આક્રમણે આપણને ભારે આઘાત પહોંચાડયો છે. સ્વતંત્રતા પછીની આપણા માટે આ મોટી કટોકટી છે. તેના દૂરગામી પરિણામો વ્યાપક છે. આ સંજોગોનો, આ આઘાતથી ગભરાઈને કે ખોટા પ્રચારના ભોગ બનીને, મૂળ ધ્યેયને વિસરવું ન જોઈએ.

સંપાદક: એમ્. જે. દેસાઈ ચીમનલાલ ચકુભાઈ શાહ

## "પૂણ્યવિજયજી સાથેની મારી પરિચયકથા"

ગયા અંકમાં આ મથાળા નીચે પ્રગટ થયેલ પંડિત સુખલાલજીના વકતવ્યનો બીજો હપ્તો સ્થળસંકોચને કારણે આ અંકમાં આપી શકાયો નથી, તે આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.—તંત્રી

## વિષયસૂચિ


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| સર્વોદય સંમેલનની ફલ-શ્રુતિ | પરમાનંદ | ૧૫૫ |
| ચીન—ભારત સંઘર્ષ અંગે વિદ્યાર્થી આલમને માર્ગદર્શક બનતું નિવેદન | હર્ષદ છાયા | ૧૫૭ |
| ધાર્મિક તથા સામાજિક જીવન કયે રસ્તે? | કાકા કાલેલકર | ૧૫૯ |
| યુદ્ધ વિરામ. | ચીમનલાલ ચકુભાઈ શાહ | ૧૬૧ |
| પ્રકીર્ણ નોંધ: પ્રમાણભંગની પરાકાષ્ટા, ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલનો દશાબ્દિ મહોત્સવ, આજે પણ સંઘ નીકળી શકે છે? સ્વર્ગવાસી બનેલા મહાત્મા ભગવાનદીનજી, પૃથ્વીની પ્રદક્ષિણા, શૂન્યતા-નિવારણ અંગે. | પરમાનંદ | ૧૬૪ |

# ❈ પ્રકીર્ણ નોંધ ❈

## પ્રમાણભંગની પરાકાષ્ટા

આપણા વર્તમાન જાહેર જીવનમાં જે નવા નવા રંગ પ્રગટ થતા જાય છે તે રંગો તટસ્થ રીતે જોનારને વિસ્મય તેમ જ વિનોદનો અનુભવ કરાવે છે. પહેલાના વખતમાં કોઈ સભા ભરવાની હોય કે સમારંભ યોજવાનો હોય તો સંસ્થાની દ્રષ્ટિએ સવિશેષ સન્માન કરવા યોગ્ય એવી કોઈ વ્યકિતની પ્રમુખ તરીકે પસંદગી કરવામાં આવતી અને તેના પ્રમુખપણા નીચે એ સભા કે સમારંભનું કાર્ય આટોપવામાં આવતું. આવી જ રીતે જ્યારે કોઈ સંસ્થા તરફથી જાહેર ભોજનસમારંભ યોજવામાં આવતો ત્યારે સંસ્થાના વર્તુળ બહારની એવી કોઈ વિશેષ વ્યકિતને આવા ભોજનસમારંભના 'અતિથિવિશેષ' તરીકે નિમંત્રવાની પ્રથા પ્રચલિત હતી. હવે તો કોઈ પણ જાહેર સભા કે સમારંભમાં—જેને ભોજન સાથે કશો પણ સંબંધ હોતો નથી—કોઈ એક વિશેષ વ્યકિતને પ્રમુખ તરીકે અને બીજી એક વિશેષ વ્યકિતને અતિથિવિશેષ તરીકે નિયુક્ત કરવાની પ્રથા આજકાલ લગભગ સર્વસામાન્ય થઈ પડી છે. આમ એક સાથે બે વ્યકિતનું એક જ સભા કે સમારંભમાં સન્માન કર્યાનો સંતોષ અનુભવવામાં આવે છે.

પહેલાના વખતમાં કોઈ જાહેર સંસ્થાનું મકાન ખુલ્લું મૂકવાનું હોય ત્યારે તે અંગે ઉદ્‌ઘાટન સમારંભ ગોઠવવામાં આવતો. પણ કોઈએ તૈયાર કરેલા ગ્રન્થનો—પછી તે પાછળ ગમે તેટલાં વર્ષની મહેનત અને જ્ઞાનોપાસના હોય તો પણ—પ્રકાશનસમારંભ યોજવાની કલ્પના સરખી પણ આવતી નહોતી. એવા ઘણાયે મહત્વપૂર્ણ ગ્રન્થો પ્રગટ થઈ ગયા કે જેને આવી કોઈ જાહેરાતનો સુયોગ સાંપડયો નહોતો.

આજે આવા પ્રકાશનસમારંભો યોજાતા અવારનવાર સાંભળવામાં આવે છે અને આ પ્રકાશન સમારંભને કદિ કદિ પ્રસ્તુત પુસ્તકના ઉદ્‌ઘાટન સમારંભ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આવા પ્રકાશન સમારંભનો સામાન્ય વિધિ એવો હોય છે કે પ્રમુખ તરીકે પસંદ કરવામાં આવેલી કોઈ વિશિષ્ટ વ્યકિત આ માટે યોજાયલી સભામાં ઉપસ્થિત થાય, લેખક તથા તેના પુસ્તકનો પરિચય આપવામાં આવે, પ્રમુખ—વ્યકિત પ્રસ્તુત પુસ્તકને પ્રકાશિત થયેલું જાહેર કરે, લેખક માટે સ્તુતિના બે શબ્દો બોલાય, અને લેખકનું એ રીતે સન્માન કરવામાં આવે.

પણ તાજેતરમાં મુંબઈ ખાતે એક પુસ્તકનો પ્રકાશન-સમારંભ જે રીતે ગોઠવવામાં આવ્યો અને તેને લગતો પ્રકાશન-વિધિ જે વિસ્તૃત ક્રિયાકાંડપૂર્વક યોજવામાં આવ્યો તે તો આજ સુધીના સર્વ પ્રકાશનસમારંભોને ઝાંખા પાડે અને તે સર્વને અનેક રીતે વટાવી જાય તેવો હોઈને તેની નોંધ લેવાનું સહેજે મન થાય છે.

આ પુસ્તકનું નામ છે "વીર વચનામૃત.' તેના સંપાદક છે શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. આ પુસ્તક શ્રી ધીરજલાલના-બાર મહિનાના પરિશ્રમનું પરિણામ છે. તેનું પ્રકાશક છે જૈન સાહિત્ય પ્રકાશન મંદિર. આ સંસ્થા કોઈ જાહેર પ્રકાશન સંસ્થા નથી, પણ શ્રી ધીરજલાલ ટોકરશી શાહની પોતાની માલેકીની સંસ્થા છે. આ પુસ્તકની અંદર જૈન આગમોમાંથી વીણીકાઢેલી-ભગવાન મહાવીરે ઉચ્ચારેલી ૧૦૦૮ ગાથાઓ, તેનો અર્થ અને વિવેચન છે અને તે સાથે ભગવાન મહાવીરનું સંક્ષિપ્ત ચરિત્ર છે. આ પુસ્તક મુંબઈના શ્રેષ્ટીવર્ય શ્રી માણેકલાલ ચુનીલાલ શાહને અર્પણ કરવામાં આવ્યું છે, અને આ પુસ્તકમાં તેમની તથા તેમનાં પત્નીની છબી મૂકવામાં આવી છે અને જૈન સમાજના વિશેષત: શ્વે. મૂ. જૈન સમુદાયના આગેવાન લેખાતા ૩૨ શ્રીમાનોની—એક એક પાના ઉપર એક એક શ્રીમાનની—ભાવભરી વંદના જાહેર-ખબરની રીતે આ પુસ્તકના શરૂઆતના ભાગમાં સંકલિત કરવામાં આવી છે અને સાથે સાથે ભારતના રાજકીય આગેવાનોના સંદેશાઓ તેમ જ કેટલાક વિદ્વાનો, કવિઓ તથા તત્વજ્ઞોએ ભગવાન મહાવીરને આપેલી અંજલિઓ પણ આ પુસ્તકમાં અન્તર્ગત કરવામાં આવી છે. ૫૪૦ પાનાનું આ પુસ્તક છે અને રૂા. ૬ તેની કિંમત રાખવામાં આવી છે. પુસ્તકનો ઉઠાવ અને કદ ૪૦૦—૫૦૦ પાનાની નવલકથા જેવો તદ્દન સામાન્ય પ્રકારનો છે.

આ પુસ્તકનો પ્રકાશનસમારોહ ગત નવેમ્બર માસની આઠમી તારીખે સવારના નવ વાગ્યે ભાયખલા ખાતે આવેલા જૈન મંદિરના રંગમંડપમાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુંબઈમાં વસતા શ્વે. મૂ. સંપ્રદાયના સર્વ આચાર્યો, મુનિવરો અને સાધ્વીજીઓ ઉપસ્થિત થયાં હતાં અને શ્વે. મૂ. વિભાગના ઘણાખરા આગેવાનોએ તેમ જ સંખ્યાબંધ ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. તેનો સાડાત્રણ કલાક સુધી ચાલે તેવો જે વિરાટ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તેની વિગતો નીચે મુજબ હતી :—

(૧) મંગળાચરણ: આચાર્યશ્રી વિજયઅમૃતસૂરિ.

(૨) આમંત્રણપત્રિકાનું વાંચન: સભાસંચાલક શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા.

(૩) શ્રી મહાવીરસ્તુતિ: પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી તથા અંગ્રેજી.

(૪) સ્વાગતનું ભાષણ: આ પ્રસંગ માટે ખાસ યોજાયલી સ્વાગત સમિતિના અધ્યક્ષ શ્રી જયંતીલાલ રતનચંદ શાહ.

(૫) સંદેશાઓનું વાંચન: શ્રી પ્રાણજીવન હરગોવિંદ ગાંધી.

(૬) ગ્રન્થપ્રકાશ અંગે—

(ક) પ્રતિષ્ઠાપનવિધિ: પંન્યાસ. ધુરંધરવિજયજી ગણી

(ખ) પ્રકાશનની વિનતિ: શ્રી ફતેચંદ ઝવેરભાઈ

(ગ) પ્રકાશન: શેઠ કાંતિલાલ ઈશ્વરલાલ

(ઘ) ગ્રન્થપૂજન: ચાર શ્રીમાનો અને ધીરજાલલ ટોકશી શાહ

(ઙ) ગ્રન્થ અને ગ્રન્થકારનું અભિવાદન: પંડિત નરેન્દ્રચંદ્ર શર્મા અને પંડિત રુદ્રદેવ ત્રિપાઠી

(૭) ગ્રન્થ સમર્પણવિધિ અંગે—

(ક) પ્રાસંગિક પ્રવચન : શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ

(ખ) સમર્પણ પત્રિકાનું વાંચન : શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

(ગ) સમર્પણક્રિયા : શ્રી મેઘજી પેથરાજ શાહ

(ઘ) સમર્પણસ્વીકાર: શેઠ માણેકલાલ ચુનીલાલ શાહ

(૮) આ પ્રસંગ ઉપર ખાસ તૈયાર કરવામાં આવેલ મહાવીરચિત્ર સમર્પણ અંગે—

(ક) ચિત્રસમર્પણ માટે વિનંતિ: શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

(ખ) ચિત્ર સ્વીકાર માટે વિનતિ: શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ

(ગ) ચિત્રસ્વીકાર: શ્રી મેઘજી પેથરાજ શાહ

(૯) આચાર્યમુનિવરોનાં પ્રવચનો:
આચાર્ય વિજયલક્ષ્મણસૂરિ, આચાર્ય વિજયધર્મસૂરિ તથા મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

(૧૦) ઉપસંહાર: આચાર્ય વિજયઅમૃતસૂરિ

(૧૧) આભારનિવેદન: શ્રી પોપટલાલ રામચંદ્ર શાહ

આ સમારંભના અનુસંધાનમાં બપોરના ભાગમાં સાધુસંમેલન તથા રાત્રિના ભાગમાં કવિસંમેલન યોજવામાં આવ્યું હતું.

મહાવીર વાણીનો આવો સંગ્રહ કાંઈ પહેલવહેલો પ્રગટ થતો નથી. પંડિત બેચરદાસ જીવરાજ દોશીએ વર્ષો પહેલાં 'મહાવીર

વાણી' એ નામનો ગ્રંથ પ્રગટ કર્યો છે અને તે પાછળ પંડિત બેચરદાસની જીવનભરની શાસ્ત્રોપાસના છે. અલબત્ત, આ ગ્રંથ સારી રીતે આદરને પાત્ર બનેલ છે, તેમ છતાં પંડિત બેચરદાસને આજે કોઈ ઓળખતું પણ નથી.

આ રીતે વિચારતાં પોતાના પુસ્તકની અને તે પણ કેવળ બાર મહિનાના પરિશ્રમના પરિણામ રૂપ એવા પુસ્તકની જાહેરાત અંગે આવો ભવ્ય સમારોહ ઊભો કરવા બદલ શ્રી ધીરજલાલ ટોકરશી શાહને અથવા જૈન સમાજમાં જે લાડકા નામથી તેઓ ઓળખાય છે એવા ધીરૂભાઈને અવશ્ય ધન્યવાદ ઘટે છે. ધીરૂભાઈ શતાવધાની પંડિત તો છે જ, પણ સાથે સાથે એક મહાન જાદુગર છે. કુશળ માછીમાર પોતાની જાળમાં જેમ અનેક મત્સ્યોને ખેંચે તેમ પ્રકાશનવિધિના અનુસંધાનમાં વિવિધ પ્રકારના ક્રિયાકાંડનાં નિમિત્તો ઊભા કરીને જૈન સમાજના કુશળ બાહોશ લેખાતા ધનાઢ્ય આગેવાનોને તેમ જ આચાર્યમુનિવરોને પ્રશંસકવૃન્દના આકારમાં તેઓ એકઠા કરી શક્યા—એક રાશે જોતરી શક્યા—એ કાંઈ નાનીસૂની કરામત નથી. આ શ્રીમાનોએ પ્રસિદ્ધ થઈ રહેલા પુસ્તકનું લગભગ મોં માથું જોયા સિવાય જ શ્રી ધીરૂભાઈ ઉપર ધન્યવાદનો વરસાદ વરસાવ્યો. કોઈએ એમ પણ કહ્યું કે આ પુસ્તકનો દુનિયાની સર્વ ભાષાઓમાં અનુવાદ થવો જોઈએ—અને આચાર્ય મહારાજોએ આ શ્રીમાનોના મસ્તક ઉપર તેમ જ સમારોહના વરરાજા જેવા શ્રી ધીરૂભાઈના મસ્તક ઉપર વાસક્ષેપના છંટકાવપૂર્વક આશીર્વાદોનો વરસાદ વરસાવ્યો અને એક સાધારણ કોટિના પુસ્તકનું દેવમૂર્તિ માફક મંત્રોચ્ચાર વડે, જાણે કે આકાશમાંથી કોઈ આગમગ્રન્થ ઉતરી આવ્યો હોય એ રીતે પ્રતિષ્ઠાપન કર્યું--આ બધું એ કુશળ કરામતનું જ પરિણામ કહેવાયને?

આજે યાદ આવે છે કે, થોડાં વર્ષો પહેલાં શ્રી ધીરૂભાઈએ ૫૦ વર્ષ વટાવીને ૫૧માં વર્ષમાં પ્રવેશ કરેલો. પોતાના આ વનપ્રવેશને ઊજવવા અંગે શ્રી ધીરૂભાઈએ પ્રવૃત્તિ હાથ ધરેલી અને કેટલાય વિદ્વાનો, વિચારકો અને પ્રશંસકોની તે અંગે સહીઓ એકઠી કરેલી, પણ તે વખતના પ્રતિકૂળ વાતાવરણે તેમની તે મુરાદ બર આવવા દીધી નહોતી. પણ એમ હારી જાય એવા ધીરૂભાઈ નથી. આજે આ સમારોહ કે જેની બધી માંડણી તેમણે પોતે એકલા હાથે જ કરી હતી એમ લગભગ કહી શકાય—એવા ભવ્યતાની પણ પરાકોટિનું દર્શન કરાવતા આ સમારોહ દ્વારા તેમના નામ અને કામની—તેમનું મન ભરાય એવી ઉજવણી થઈ શકી છે. વળી આ સમારોહ પ્રસંગે પ્રસ્તુત પુસ્તકની પ્રગટ કરવામાં આવેલી ૨,૦૦૦ નકલમાંથી ૧૮૦૦ નકલનાં નામ નોંધાઈ જતાં તેમના ભીષ્મ પ્રયત્નનું નક્કર ફળ પણ તેમને મળી ચુકયું છે.

આ બધી રંગલીલા તટસ્થપણે જોનારને પ્રશ્ન થયા વિના ન રહે કે, જૈન સમાજના આગેવાનોમાં કોઈ પ્રમાણબુદ્ધિ છે કે નહિ? કે ધર્મના નામે કોઈના દોરવાયા, 'આ શું છે, શા માટે છે' એનો બહુ લાંબો વિચાર કર્યા સિવાય, આંખો મીંચીને દોરાવામાં—ઘસડાવામાં જ માને છે?

જૈન સમાજ મોટા ભાગે વૈશ્યસમાજ છે. વૈશ્યોની પ્રકૃતિમાં વિચક્ષણતા અને બધીરતા એવા બે પરસ્પરવિરોધી ગુણો એક સાથે વસતા જોવામાં આવે છે. કોઈ પ્રસંગે તેઓ અદ્‌ભુત વિચક્ષણતાનો પરિચય કરાવે છે. આ આખા સમારોહે તેમનામાં રહેલી બધીરતાનું-પ્રમાણભંગની પરાકાષ્ઠાનું—અદ્‌ભુત દર્શન કરાવ્યું છે.

## ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલનો દશાબ્દિ મહોત્સવ

ગયા નવેમ્બર માસ દરમિયાન મુંબઈ ખાતે ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલનો દશાબ્દિ મહોત્સવ ઊજવાઈ ગયો અને તેના સંદર્ભમાં નાણાવટી કુટુંબ દ્વારા કેટલાંક વર્ષોથી સંચાલિત શિક્ષણ-સંસ્થા 'સરલા સર્જન' દ્વારા તૈયાર કરવામાં આવેલ 'અક્ષય લક્ષ્મી' નામની નાટિકા, બિરલા માતુશ્રી સભાગારમાં નવેમ્બર માસની તા. ૬, ૭, અને ૮ના રોજ-એમ ઉત્તરોત્તર ત્રણ દિવસ ભજવવામાં આવી અને આ પ્રસંગે થયેલા દાનો, ટિકિટ વેચાણ અને જાહેરખબરો દ્વારા રૂા. ૫,૫૧,૦૦૦ ની પ્રસ્તુત હૉસ્પિટલને આવક થઈ, જે માટે આ હૉસ્પિટલના મુખ્ય સંચાલક શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી તેમ જ તેને લગતી કમિટીના અન્ય સભ્યોને અનેક ધન્યવાદ ઘટે છે.

આ હૉસ્પીટલ આજથી દશ વર્ષ પહેલાં શ્રી નાણાવટી ચૅરીટી ટ્રસ્ટ દ્વારા વીલેપારલે ખાતે ઊભું કરવામાં આવ્યું હતું. જ્યારે ૫૦ બિછાનાની જોગવાઈ કરવામાં આવી હતી. તેનો વિકાસ થતાં થતાં આજે આ હૉસ્પીટલમાં ૨૫૦ બિછાનાની જોગવાઈ કરવામાં આવી છે અને મુંબઈના પશ્ચિમ વિભાગના પરાંઓમાં વસતી પ્રજા માટે આ હૉસ્પિટલ એક મહાન આશીર્વાદ સમાન પુરવાર થયું છે. આ હૉસ્પિટલની કાર્યવાહીને લગતા રીપોર્ટ ઉપરથી માલુમ પડે છે કે, આ હૉસ્પિટલમાં છેલ્લાં દશ વર્ષ દરમિયાન ૪૭૫૦૩૫ દર્દીઓની સારવાર કરવામાં આવી છે, જેમાં ૨૨,૬૪૯ અકસ્માતને લગતા કેસો હાથ ધરવામાં આવ્યા છે, અને ૨૦,૮૨૨ ઑપરેશન કરવામાં આવ્યાં છે. આ હૉસ્પીટલ અંગે ૨૫૦૦૦ ચોરસ વાર જમીન ઉપર વિશાળ બાંધકામ કરવામાં આવ્યું છે અને અત્યાર સુધીમાં આ હૉસ્પિટલ પાછળ ૪૦ લાખ રૂપિયા જેટલી રકમ ખર્ચવામાં આવી છે. વળી છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન ચાર એરકન્ડીશન્ડ ઑપરેશન થિયેટરો બાંધવામાં આવ્યાં છે. હૉસ્પીટલના વધતા જતા ખર્ચને પહોંચી વળવા માટે રૂપિયા પાંચ લાખની ઊણપ હતી, જે ઊણપ આ દશાબ્દિ મહોત્સવ પ્રસંગે એકઠા કરવામાં આવેલ ભંડોળ દ્વારા દૂર કરવામાં આવી છે. આ હૉસ્પિટલમાં ચોવીશે કલાક ચાલતો કેઝ્યુઆલીટી વૉર્ડ છે અને નવું ઍક્સ-રે યુનીટ ખરીદવા પાછળ દોઢ લાખની રકમ ખર્ચવામાં આવી છે. હાલમાં નવા વર્ષથી ૫૦ ફ્રી અને ૫૦ અર્ધ—ફ્રી એમ સો બિછાનાની જોગવાઈ કરવામાં આવી છે.

પ્રસ્તુત સમારોહ પ્રસંગે ભજવવામાં આવેલ 'અક્ષયલક્ષ્મી' નાટિકા જૈન ધર્મ સાહિત્યમાં બહુ જાણીતી એવી શાલિભદ્રની કથા ઉપરથી તૈયાર કરવામાં આવી હતી. આજ સુધીમાં જૈન ધર્મની બીજી અનેક કથાઓ રંગભૂમિ ઉપર રજૂ કરવામાં આવી છે અને લોકાદર પામી છે, પણ આ શાલિભદ્રની કથા હજુ સુધી આ રીતે રંગભૂમિ ઉપર રજૂ કરવામાં આવી નહોતી. આ નાટિકાના આયોજન માટે સૌ. સરલાબહેન રતિલાલ નાણાવટીને ધન્યવાદ ઘટે છે. આ રીતે રંગભૂમિ ઉપર રજૂ થતી જૈન કથાઓ અત્યન્ત લોકપ્રિય બનતી રહી છે અને હજુ પણ બીજી અનેક ધર્મકથાઓને આ રીતે બહાર લાવવાની જરૂર છે. એક વખત આ સામે સ્થિતિચુસ્ત જૈન સમાજમાં ખૂબ વિરોધ હતો. હવે આવી રીતે જૈન કથાઓ રંગભૂમિ ઉપર રજૂ થતા જૈન સમાજ ગૌરવ અનુભવવા લાગ્યો છે.

આ બદલાયલા વહેણને ઉત્તેજન આપવું અને જૈન તીર્થંકરોના ચરિત્રને રંગભૂમિ પર ઉતારીને વિશાળ જનતાને જૈન તીર્થંકરોની ચરિત્રભવ્યતાથી પરિચિત કરવી એ અતિ આવશ્યક અને ઈચ્છવાયોગ્ય છે.

## આજે પણ 'સંઘ' નિકળી શકે છે?

આજે જ્યારે દેશમાં ઊભી થએલી યુદ્ધપરિસ્થિતિના પરિણામે ધાર્મિક તેમ જ સામાજિક અવસરોને અનુલક્ષીને યોજાતા ઉત્સવો, જમણવારો અને સમારંભો—આ બધું લગભગ સ્થગિત થયા જેવું બન્યું છે ત્યારે કપડવંજ મુકામેથી આ જાણીતા શ્રીમાન જૈન ગૃહસ્થ

આશરે એક હજાર યાત્રિકોને કેશરિયાજી જવાનો પગપાળા સંઘ કાઢે છે અને તેમાં જાણીતા અનેક જૈન મુનિવરો જોડાય છે. આ સંઘ, કરવામાં આવેલી જાહેરાત મુજબ ચાલુ માસની ૧૪મી તારીખે કપડવંજથી રવાના થઈ ચુક્યો હશે. સામાન્ય સમય)સંયોગમાં આવાજ આનંદ અને ઉત્સવલક્ષી સંઘો કાઢવામાં આવે તો - તે પાછળ બહુ મોટા પ્રમાણમાં દ્રવ્યવ્યય થતો હોવા છતાં - તેનો કદાચ વિરોધ કરવામા ન આવે. પણ ભારતના ઈતિહાસમાં અભૂતપૂર્વ એવું મહાસંકટ ભારત ઉપર ઉતરી આવ્યું હોય, તેનાં ભયંકર પરિણામો-નું સ્વરૂપ કલ્પનાતીત જેવું લાગતું હોય ત્યારે પણ આવો સંઘ કાઢવાનો વિચાર આવે એ મનોદશા ન સમજી શકાય એવી છે. આનો અર્થ એ થયો કે, સંઘ કાઢનાર અને તેમાં જોડાનાર ભાઈ બહેનો આજે દેશમાં જે કાંઈ બની રહ્યું છે તે વિષે એક પ્રકારની ઉદાસીનતા અનુભવે છે અને દેશમાં ગમે તે થાય—અમે તો અમારા ધાર્મિક સમારંભો ઊજવવાના—આવો ભારતની જનતાને પડકાર કરે છે. આમ કરીને સંઘના આયોજકો અને સહાયકો આમપ્રજાની ખફગી વહોરે છે, એટલું જ નહિ, પણ જે ધર્મ અને સમાજ સાથે આ સંઘ સંકળાયેલો છે તે ધર્મ અને સમાજને વગોવવાની તક પણ આમપ્રજાને પૂરી પાડે છે. આ અત્યન્ત દુઃખદ છે.

### સ્વર્ગવાસી બનેલા મહાત્મા ભગવાનદીનજી

ગયા નવેંબર માસની ચોથી તારીખે ૮૦ વર્ષની ઉમ્મરે મહાત્મા ભગવાનદીનજીનું નાગપુર ખાતે અવસાન થયું. તેમના અવસાનથી માત્ર ભારતે જ નહિ પણ દુનિયાએ એક ઉચ્ચ કોટિનો સાધુપુરુષ ગુમાવ્યો છે. તેઓ જન્મથી દિગંબર જૈન હતા, પણ કોઈ પણ પ્રકારના સંપ્રદાયવાદથી તેઓ સર્વથા મુક્ત હતા— પૂરા અર્થમાં તેઓ રાષ્ટ્રવાદી હતા. ક્રાન્તિલક્ષી તેમની સમગ્ર વિચારણા હતી. ૨૬ વર્ષની ઉમ્મરે તેમણે ઘર—પત્ની—પરિવારનો ત્યાગ કર્યો હતો. તેમણે કોઈ સંપ્રદાય સાથે સંબંધ ધરાવતા સન્યાસની દીક્ષા લીધી નહોતી પણ તેમનું આખું જીવન સાચા સન્યાસને અને સેવાને ત્યાગને અને સાહિત્યોપાસનાને સમર્પિત હતું. તેમની દૃષ્ટિ ઉદ્દામ-વાદી હતી. જૂનવાણીપણાના તેઓ કટ્ટર વિરોધી હતા. પોતાના વિચારોને તેઓ મક્કમપણે વળગી રહેતા. તેમણે પારવિનાનું લખ્યું છે અને કેટલાં યે ગ્રન્થોનું તેમના હાથે સર્જન થયું છે. સત્યના તેઓ એક સાચા જીવનભરના ઉપાસક હતા. તેઓ સાચા અર્થમાં એક મહાત્મા હતા.

થોડાંએક વર્ષ પહેલાં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ વ્યાખ્યાન આપવા પધારેલા ત્યારે તેમની સાથે થોડો પ્રત્યક્ષ પરિચય સાધવાની તક મળેલી. તેમની શ્વેત દાઢીથી ભવ્ય લાગતી મુખાકૃતિ આજે પણ ચિત્ત ઉપર જડાયલી પડી છે. તેમનામાં પૂર્વકાળના મહર્ષિની અથવા તો સોક્રેટીસ કે પ્લેટોની પ્રતિભાની ઝાંખી થતી હતી. સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્ય-કાર શ્રી જૈનેન્દ્રકુમારના તેઓ મામા થાય. તે બન્ને વચ્ચે પુત્રપિતા જેવો સંબંધ હતો. જૈનેન્દ્રકુમારને સાહિત્યના માર્ગે વાળનાર અને ઢાળનાર ભગવાનદીનજી હતા. આવી એક સાધુસન્તની જીવન-જ્યોત બુઝાતાં તેમના વિચારો તેમ જ લખાણોથી પ્રભાવિત એવું એક અતિ વિશાળ વર્તુલ ઊંડી ગ્લાનિ અનુભવે એ સ્વાભાવિક છે. જેમણે સમગ્ર જીવનને સત્યોપાસના વડે ચરિતાર્થ કર્યું છે એવા આ મહાત્મા ભગવાનદીનજીને આપણા અન્તરના વંદના હો!

### 'પૃથ્વીની પ્રદક્ષિણા'

તા. ૨૨-૧૦-૬૨ ના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં શ્રી નવલમલ કુંદનમલ ફિરોદિયાએ 'પૃથ્વીની પ્રદક્ષિણા' એ વિષય ઉપર એક વ્યાખ્યાન આપ્યું હતું. તેઓ તેમના પત્ની સાથે ૧૮-૬-૬૨ ના રોજ પૃથ્વીના મુખ્ય મુખ્ય દેશોના પ્રવાસે નીકળ્યા હતા. શરૂઆતમાં તેઓ ઈજિપ્ત—કેરો ગયા, ત્યાંથી ઈટાલી, સ્વીટ્ઝર્લેન્ડ થઈને પશ્ચિમ જર્મની ગયા. પૂર્વ જર્મનીમાં પણ થોડું ફર્યા; રશિયા જવા પ્રયત્ન કર્યો પણ મોસ્કોમાં રહેવાની ગોઠવણ થઈ શકી નહિ, એટલે રશિયા જવાનો વિચાર પડતો મૂકીને સ્કેન્ડીનેવિયા ગયા. ત્યાંથી ડેન્માર્ક, બેલ્જિયમ, તથા ફ્રાન્સ પતાવીને અમેરિકા - ન્યૂયોર્ક ગયા. ત્યાંના કેટલાક શહેરોમાં ફરીને જાપાન આવ્યા અને ત્યાંથી હોંગકોંગ થઈને ભારત ખાતે તા. ૧૧-૯-૬૨ ના રોજ પાછા ફર્યા. આ રીતે લગભગ અઢી મહિનાના ગાળામાં તેમણે પૃથ્વી ફરતું ચક્કર લગાવ્યું. આ પ્રવાસ દરમિયાન જુદા જુદા દેશો અને શહેરોમાં થયેલા અનુભવો, જોવાલાયક સ્થળોનાં વર્ણનો, જુદી જુદી પ્રજાની ખાસિયતોની વિગતો તેમણે સુન્દર રીતે રજૂ કરીને શ્રોતા-ઓને આનંદપ્રભાવિત કર્યા. સાથે સાથે આજની દુનિયાની પરિ-સ્થિતિનું પણ તેમણે બોધપ્રદ નિરૂપણ કર્યું. વળી દેશ દેશના વ્યાપાર-ઉદ્યોગની પરિસ્થિતિ અંગે પણ તેમણે સારી સમજૂતી આપી અને આ રીતે અમો સાંભળનારાઓએ તેમની સાથે તેમના દોઢેક કલાકના વ્યાખ્યાન દરમિયાન પૃથ્વી ફરતો કલ્પનાવિહાર કરવાનો આનંદ માણ્યો.

આવું પ્રેરક, રસપ્રદ અને માહિતીપૂર્ણ વ્યાખ્યાન આપવા માટે શ્રી નવલભાઈનો આભાર માનવામાં આવ્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

### શૂન્યતા—નિવારણ અંગે

તા. ૧૬-૭-૬૨ના પ્રબુદ્ધ જીવનમાં શૂન્યતા અથવા તો એકલવાયાપણાના નિવારણ અંગે બે નોંધો પ્રગટ કરવામાં આવી હતી તે લક્ષમાં રાખીને એક નિકટવર્તી મિત્રે પોતાના એક પત્રમાં નીચે મુજબ ચર્ચા કરી હતી:--

"તા. ૧૬-૭-૬૨ ના પ્રબુદ્ધ જીવનમાં ગિરિલાલ જૈનના 'સભ્ય દેશોમાં વધતી જતી શૂન્યતાની--એકલવાયાપણાની--બિમારી' એ મથાળાના લેખ ઉપરની તમારી અંગત નોંધ બહુ ગમી. વૃદ્ધાવસ્થામાં વાચનલેખન પણ પરિમિત થતું જાય છે અને બાકીના વખતમાં શું કરવું એ તો મોટો પ્રશ્ન થઈ પડે છે. મને યાદ છે કે રિયાસતકાર સરદેસાઈ ઘણું જીવ્યા. કામસેટ (પૂના—લોણાવલા પાસે) ગામમાં રહેતા અને છેવટ સુધી ઈતિહાસસંશોધનનું કાર્ય કરતા હતા. ઘડપણમાં ઊંઘ તો બહુ ઓછી જ એટલે રાતમાં ચાર—પાંચ કલાક ઉંઘ લીધા પછી રાત કેમ વીતે તે માટે અસ્થિર થતા અને બાકીની રાત તેમને બિહામણી લાગતી. આપણે હજી એ અવસ્થાએ પહોંચ્યા નથી. બાકી જે વખતે બીજું કશું કરી શકીએ નહિ તે વખતે કંઈક સર્જક 'હૉબી' હોય તો બહુ સમાધાન મળે છે. કાંતવામાં એ સમાધાન મળે છે કારણ, સાથે સાથે મહાત્માજીનું જીવન—તેમનાં સ્મરણો—બધા ખ્યાલ સામે આવે છે અને જાણે આપણે તેમની સાથેના પ્રસંગો ફરીથી જીવતા હોઈએ એમ લાગે છે તે રીતે 'સત્સંગ' પણ સહેજે મળે છે. આપણા ઘણાખરા ધર્મોમાં માળાજપની પ્રથા છે. એ પણ એકલવાયાપણાની forlornness—ચાલુ જીવનપ્રવાહથી સાવ છૂટા પડી ગયા હોવાની લાગણી—નો નિરાસ કરવામાં એક સમર્થ સાધન છે એ પણ અનુભવની વાત છે. જપ કરતાં શરૂ-આતમાં તો મન અહીં તહીં દોડધામ કરે છે. પછી નામમાં શમી જાય છે અને ભગવાનનું નામ રટતાં રટતાં એક અદ્ભુત શાન્તિ અનુભવે છે. નામસ્મરણ પણ કલાકો સુધી થઈ શકે નહિ. તથાપિ જપ કર્યા બાદ એક શાન્તિનો નીશો આવે છે જે ઘણા સમય સુધી ટકે છે."

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ; મુદ્રક પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૪૫-૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ.